ગ્રાળ-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૧૫

૮
માનવવિદ્યા શાખા

વિશ્વ દર્શન-૨
[અદ્યતન ઇતિહાસ]

SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
શીલવૃત્તફલં

A PROJECT SUBMITTED FOR THE DEGREE OF

POST GRADUATE
IN
LIBRARY NETWORKING & DIGITAL TECHNOLOGY

AT SARDAR PATEL UNIVERSITY
2010-2011

DIGITIZATION OF JYAN GANGOTRY GRANTH SHRENI - 15
V.8 MANAV VIDYASHAKHA: VISHVA DARSHAN-2
[ADHYATAN ITHIHAS]

SUBMITTED BY:
POONAM GANGANI

GUIDE :
Prof. (Dr.) U.A. THAKER

DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE
SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120

MAY 2011

કિ વર્ડ	અંગ્રેજી	પાન નંબર
અઉન્ગ – એટલી કરાર	Aunga - aṭali karāra	૭૭
અગ્નિ એશિયા	Agni aśiyā	૬૩
અઝીઝ, અબ્દુલ બાદશાહ	Ajhijha, abdula bādaśāha	૧૩૩
અતાંસી, નૂરેદ્દીન	Atānsi, nuredina	૧૬૧
અદૌલા, સિરિલ	Adaulā, sirila	૨૮૫
અફઘાની, જમાલ-અલ-દીન	Aphaghāni, jamāla-ala-dina	૧૫૩
અફાઈવોન્ગ, નાઈબુન્ગ	Aphāivonga, nāibunga	૧૦૬,૧૦૭
અબુબકર, ખલીફા	Abubakara, khaliphā	૧૩૧
અબ્બાસ, ફરહાત	Abbās, pharahāta	૨૧૩,૨૧૭,૨૨૦,૨૨૨
અરીફ, જનરલ અબ્દુલ સલમ	Aripha, janarala abdula salama	૧૪૯,૨૭૫
અલડ્યુસ	Aladyusa	૧૭
અલરિયાશી, ઈસ્કન્દર	Alariyāśi, īskandara	૨૬૧
અલી, શાસ્ત્રોમિદજોજો	Ali, śāstromidjojo	૯૦,૯૧
અહમદ શાહ, સુલતાન	Ahamadaśāha, sulatāna	૧૪૦
અંક્રાહ, લેફ. જનરલ	Ankrāha, lepha. janarala	૨૩૩
આઈઝનહોવર	Aāijhanahovara	૨૪,૩૮,૫૮ ૧૪૩,૨૬૦,૨૬૫
આઝીકીવે, ડો. નામદી	Aājhikive, dô. nāmadi	૨૨૭,૨૩૭
આચમપોંગ, કર્નલ	Aācamponga, karanala	૨૩૪
અસ્સદ, હફીઝ	Assada, haphijha	૧૬૧
ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનિઝેશન	Īnṭarneśanala lebara orgenijheśana	૬
ઈમેન્યુલ વિકટર, રાજા	Imenyula vikaṭara, rājā	૨૪
ઈથિયોપિયન	Ithiyopiyana	૧૭૧
ઈલિઝાબેથ, રાણી	Ilijhābetha, rāṇi	૧૭૯
ઈલ્લાહ, અબ્દુલ	Illāha, abdula	૧૪૬,૧૪૭
ઈસ્ક્રા	Iskrā	૨૬૮
ઈસ્મત	Ismata	૧૩૫
ઈસ્માઈલ, અબ્દુલ કાદર	Ismāila, abdul kādara	૨૭૨
ઉજમ્મા	Ujammā	૨૪૯
ઉન્ટુંગ, લેક. કર્નલ	Unṭunga, lepha. karnala	૯૭
ઉમરી અર્શદ – અલ	Umari arśada - ala	૨૭૩
ઉરબી હુસ્ની અલ	Urabi husni ala	૨૬૭
ઉસ્માન, તુર્ક સરદાર	Usmāna, turka saradāra	૧૩૨
ઉંગપાખોર્ન, ડો.	Umgapākhona, dô.	૧૧૨

એઘબાલ, મનોચહર	Eghabāla, manocahara	૧૪૪
એડનોર, કોનરાડ	Eḍanora, konarāḍa	૩૩,૪૫
એડૂસી, કોબ્રો	Eḍusi, kobro	૨૩૧
એડજાઈ, એક્કો	Eḍajāi, aeko	૨૨૭
એડ્રીસ, ડો.	Eḍrisa, dô.	૨૦૩
એરહાર્ડ	Erhārda	૪૫
એરીમ, નિહાત	Erima, nihāta	૧૩૭
એહમદ, ઐત	Ehamada, aita	૨૨૨
ઓતમ, ભિખ્ખુ	otama, bhikhku	૭૩
ઓપન હેમર, હેરી	opanahemara, heri	૨૦૦
ઓબોટે, મિલ્ટન	oboṭe, milṭana	૨૩૮
ઓરવેલ, જયોર્જ	ôravela, jyorja	૧૨૪
ઓરાન	orāna	૨૧૯
કડાલી, કેમેન્ટ	kaḍāli, kementa	૧૯૫
કન્ફ્યુશિયસ	Kanphayuśiyasa	૧૧૫
કલઝાકા, ડો. પિક્ષલે	Kalajhākā, dô. pikṣale	૧૯૨
કાદર, જાનોસ	Kādara, jānosa	૪૦
કાદિર, અબ્દુલ	kādira, abdula	૨૧૨
કાદિર, મહંમદ	Kādira, mahmmada	૨૨૦,૨૨૧
કાસમ, અબ્દુલ કરીમ	Kāsama, abdula karima	૧૪૭,૧૫૦ ૨૭૧,૨૭૪-૭૯
કાસાવુબુ	Kāsāvubu	૪૨,૨૮૪
કાળા ખમીસધારી	kāḷā Khamisadhāri	૧૭
કિઆનો	Kiāno	૨૯૪
કિચનર, લોર્ડ	Kicanara, lorḍa	૧૫૩
કિતિકાચોન, જનરલ થાનોમ	Kittikācona, janarala thānoma	૧૦૮
કિસિન્જર	kisinjara	૧૨૯,૧૩૦,૧૬૨
કી, માર્શલ	ki, mārśala	૧૨૧
કીટા	kiṭā	૨૩૯
કુચિકખાન	kucikakhāna	૧૪૦
કુર્દિશ કેમોક્રેટિક પક્ષ	kurdiśa ḍemokreṭik pakṣa	૧૪૯
કુબ્બા, ઈબ્રાહીમ	kubbā, Ibrāhima	૨૭૪
કુબ્લાઈખાન	Kublāikhāna	૧૩૨
કેનેડી	Keneḍi	૪૪,૪૫,૫૪

કેન્યાટા	Kenyāṭā	૨૯૧
કેબી	Kebi	૨૦૫
કેરીન્સ્કી	Kerenski	૮,૨૬૮
કેર્દફોલ, જનરલ સૈયદ	Kerda Phola, janarala saiyada	૧૧૧
કેલોગ	Keloga	૭
કેસ્ટ્રો	Kestṛo	૫૪
કૈસર	Kaisara	૧૦
કોટ, પ્રો. બી. બી.	Koṭ, Pro. bi. bi.	૧૯૮
કોન્ડા	Konḍā	૨૮૯
કોન્સ્ટન્ટાઈન પ્લાન	Konsṭnṭāina plāna	૨૧૭
કોમાન, ડો. થાનાત	Komāna, dô. thānāta	૧૦૯,૧૧૦
કોમ્પ્રેડર	Kompreḍara	૧૨૫
કોમિન્ટાંગ	Kominṯanga	૯
કોસિજિન	Kosijina	૩૭,૫૦
ક્રૂગર, પોલ	Krugara, pola	૧૯૧
કવોક, ન્ગુયેન આઈ	Kvoka, nguyena āi	૧૧૮
ખાલીદ, અમીર	Khālida, amira	૨૧૨
ખીએમ, ત્રાન વાન	Khiema, trāna vāna	૧૨૧
ખ્રુશ્વૉફ, નિકિતા	Khrushropha, nikitā	૩૭,૩૯,૪૨
ગદાફી	Gadāphi	૧૬૦,૧૬૨
ગામા, વાસ્કો દ	Gāmā, vāsko da	૧૭૭,૧૮૬
ગાર્વે, મારકયૂઝ	Gārve, mārakyujha	૨૨૭
ગાલોન, થુપાનકકા	Gālona, thupānakkā	૭૧
ગાંધીજી	Gāndhiji	૪૯,૫૦
ગિઝેન્ગા	Gighengā	૨૮૪,૨૮૫
ગુન્ટર	Gunṭara	૯૯
ગુયેન, જનરલ ખાન્હ	Guyena, janarala Khānha	૧૨૭
ગુર્સેલ, જનરલ	Gursela, janarala	૧૩૬,૧૩૭
ગોમા	Gomā	૧૫૯
ગોમુલ્કા	Goulkā	૩૨,૩૯
ગોલ્ડ કોસ્ટ	Golḍa Kosṭa	૨૨૫
ગ્યી, સર જોસેફ	Gyi sara josepha	૭૧
ગ્રાફ, સર વિલિયર	Grāpha, sara viliyara	૨૦૦
ચક્રી	cakri	૧૦૩

ચર્ચિલ, વિન્સ્ટન	Carcila, vinsṭana	૨૨,૩૫
ચર્નિક	Carnika	૫૨
ચંઘીઝખાન	Canghijhakhāna	૮,૧૩૨
ચારુસેથિયન,	Cārusethiyana, janarala	૧૦૯,૧૧૧
ચાંગ કાઈ-શેક	cānga kāi - śeka	૯,૨૪,૭૯
ચિત, સાયા	cita, sāyā	૭૪
ચી, હોઆન્ગ વાન	ci, hoānga vāna	૧૨૫
ચીસીઝા, ડો. ડુન્ડુઝુ	cisijhā, dô. dundujhu	૧૬૮, ૨૩૮
ચેન પો-ટા	cena po-ṭā	૫૫
ચેમ્બરલેન	cemaralena	૧૪,૧૫
છીબા, લલ્લુ	chibā, lallu	૨૦૭
જબર સલીલ	jabara salila	૨૭૩,૨૭૪
જયકલ, લિયાન્સ	jayakala, liyānsa	૧૧૦
જિયાઉદ્દીન	Jiyāudina	૧૪૦,૧૪૧
જિસસ	jisasa	૨૬૧
જીઆપ, વો ન્ગુયેન	jiāpa, vo nguyena	૧૨૦
જીલાની, રશીદઅલી	jilāni, raśidaali	૧૪૬,૨૭૩
જુઆન્ડા	juānḍā	૯૨,૯૩
જેમિસન	jemisana	૧૯૧
જોન્સન	jonsana	૫૮,૧૦૯
જોન્ગે, જનરલ	jonge, janarala	૮૭
જોહેન્ડ	johenḍa	૨૧૯
ઝવાન્ડીલે	jhavāndile	૨૦૭
ઝાહેદી, જનરલ ફઝુલોલ્લાહ	jhāhedi, janarala phajhulollāha	૧૪૩,૨૬૦
ઝિયેમ, ન્ગો દિન્હ	jhiyema, ngo, dinha	૧૨૦,૧૨૧
ઝુકોવ, માર્શલ	jhukova, mārśala	૩૭
ટબમેન	Ṭabamena	૨૩૭
ટીટો, માર્શલ	Ṭiṭo, mārśala	૩૦,૩૧,૩૨
ટોમિલ્સન, એફ. આર.	Ṭomilsana, epha. āra.	૧૯૫
ટોમ્બો, ઓલિવર	Ṭombo, ôlivara	૨૦૨,૨૦૫
ટયુરોક, બેન્જામિન	Ṭyuroka, benjamina	૨૦૭
ટ્રુમાન	Ṭrumāna	૩૦
ડલેસ, જોન ફોસ્ટર	Ḍalesa, jona phostara	૨૫૭
ડેવાઝ યોજના	Ḍevājh yojanā	૫
ડંકાહ, ડો. જોસેફ	Ḍankāha, dô. josepha	૨૨૭

ડીંગજી	Ḍingaji	૨૦૭
ડોલ્ફિયુસ	Ḍolphiyusa	૧૫
ડ્રુમાન્ડ, સર એરિક	Ḍrumānaḍa, sara erika	૬
તરુણ તુર્કો	Tarun turkō	૫
તાલેબ, જનરલ	Tāleba, janarala	૧૫૧
તિમ્મન, અબુ	Timmana, ebu	૨૭૨
તીન્હ, હા	Tinha, hā	૧૧૮
તુન, થાન	Tuna, thāna	૭૪
તૈમૂર, લંગ	Taumura, langa	૧૩૨
ત્રોત્સ્કી	Trotski	૯,૧૦
ત્શોમ્બે	Tśombe	૪૨,૨૮૪
થાં, ઉ	Thām, u	૪૨,૬૦
થામરોન્ગ, લુઆંગ	Thāmaronga, luānga	૧૦૭
થિયુ, જનરલ	Thiyu, janarala	૧૨૧
થેઈન, સો	Theina, so	૭૧
થો	Tho	૧૨૯,૧૩૦
દ ગોલ	Da gola	૨૨
દયાન, મોશે	Dayāna, mośe	૧૬૨
દલાલ, સાસુન	Dalāla, sāsuna	૨૭૩
દાઈ, બાઓ	Dāi, bāo	૧૧૯,૧૨૦,૧૨૧
દાઉદ	Dāuda	૧૫૧
દાદુ ડો. યુસુફ	Dādu, dô. yusufa	૨૦૨,૨૦૪
દિમિરલ	Dimirala	૧૩૭
દીન, જનરલ નિઝામ અદ	Dina, janarala nijhāma ada	૨૬૫
દીન્દેલ, માર્શલ	Dindela, marśala	૮૬
દુક, તુ	Duka, tu	૧૧૬
દુબોઈ, ડબલ્યુ. ઈ.	Duboi, dablyu. i.	૧૬૬
દુબ્ચેક	Dubcek	૪૯,૫૦,૫૧,૫૨
દેત, બોવોર	Deta, bovora	૧૦૫
દેબાત, આલ્ફાન્ઝો માસામ્બા	Debāta, ālphanjho māsāmbā	૨૮૫
દોન, ત્રાન વાન	Dona, trāna vāna	૧૨૧
દોબ્રિનિન	Dobrinina	૧૬૨
નકુમા, કવામ	Nakrumā, Kvāma	૧૬૬,૨૦૭
નગીબ	Nagiba	૧૫૬,૨૭૦

નયેફ, જનરલ અબ્દેલ રઝાક	Nayepha, janarala abdela rajhāka	૧૫૧
નહાસ, મુસ્તફા અલ	Nahāsa, mustaphā ala	૧૫૫,૧૫૬
નાઈકર, ડો. જી. એ.	Nāikara, dô. ji, e.	૨૦૪
નાઈજર, પોલ	Nāijara, pola	૧૬૬
નાજ, ઈમ્રે	Nāja, imre	૩૨
નાયડુ, ઈન્દ્રસ	Nāyadu, indrasa	૨૦૭
નારાયણ, જયપ્રકાશ	Nārāyana, jayaprakāsa	૭૭
નાસર, કર્નલ ગમાલ અબ્દુલ	Nāsara, Karnala gamāla, abdula	૩૯,૪૦
નાસ્તીર	Nāstira	૯૦,૯૧,૯૨
નાસુશેન	Nāsusena	૯૨,૯૩
નિકોલસ, ઝાર	Nikolasa, jhara	૮
નિકસન	Nikasana	૫૫
નિત્શે	Nitśe	૭૩
નુમેરી, ગફર	Numeri, gaphara	૧૬૦
નૂર, અબુલ	Nura, abula	૧૫૮
નેપોલિયન	Nepoliyana	૮૬,૨૧૧
નેશનલ બ્લોક	Neśanal bloka	૨૬૧
નેહરુ, જવાહરલાલ	Neharu, javānarlāla	૩૯,૭૯
નોર્થ આફ્રિકન સ્ટાર	Northa āphrikana sṭāra	૨૧૩
નોલ, લોન જનરલ	Nola, lona janarala	૧૧૧
ન્ગાઉલી, મારિયેન મેજર	Ngauli, māriyena mejara	૨૮૫
ન્યામોયા	Nyāmoyā	૨૮૮
ન્યેરેરે, પ્રેસિ. જુલિયસ	Nyerere, presi. juliyasa	૨૩૮
ન્હુ	Nhu	૧૨૧
પર્સી	Parsi	૧૪૫
પહેલવી, મહમદ રિઝાખાન (શાહ)	Pahelavi, mahamad rijhākhāna (śhāha)	૧૪૧
પહેલવી, રિઝાખાન (શાહ)	Pahelavi, rijhākhāna (śhāha)	૧૪૦,૧૪૧
પામદત	Pāmadata	૭૩
પાલચ, જોન	Pālaca, jona	૫૧
પાશા, કમાલ	Pāśā, Kamāla	૧૩૪,૧૩૫
પાશા, ઝગલૂલ	Pāśā, jhagalula	૧૫૩,૧૫૪,૧૫૫
પાશા, દાઉદ	Pāśā, dauda	૧૪૫
પિશવરી જાફર	piśavari japhara	૧૪૨,૨૫૭
પીપલ્સ રેઝિસ્ટન્સ ફોર્સ	Pipalsa rejhiṣtansa phorsa	૪૮

પે, ઉ-બા	Pe, u-ba	૭૧,૭૨
પેટન, એલન	Peṭana, elana	૨૦૦
પેડમોર, જોર્જ	Pedamora, jorja	૧૬૬
પે, હ્રા	Pe, hṛa	૭૪
પો, લો કવેઈ	Po, lo Kavei	૧૨૦
પ્રપોજન, સેની	Prapojana, seni	૧૦૬
પ્રિસ્ટોરિયસ, પ્રો.વી.એલ.	Priṣṭoriyasa, pro.vi.ela.	૧૯૮
ફતેમી, હુસેન	Phatemi, husena	૨૫૯,૨૬૦
ફવઝી મહમૂદ	Phavajhi, mahamuda	૧૫૮,૧૫૯
ફાઓ	phāo	૧૦૭,૦૮
ફાનો મયોન્ગ, પ્રિદી	phāno, mayonga, pridi	૧૦૬,૧૦૭
ફાસીવાદી પક્ષ	Phāsivādi Pakṣa	૧૬
ફારૂક, રાજા	Phāruka, rājā	૧૫૫,૧૫૬
ફિશર, જોર્જ	Phisara, jorja	૨૨૭
ફેન, સિયન મેકસ્ટેઈન	Phena, siyan meksṭeina	૫૭
ફેયક	Pheyaka	૧૫૯
ફૈઝલ, રાજા (ઈજિપ્ત)	Phaijhala, rājā (ejiptạ̄)	૧૪૫
ફૈઝલ, શાહ (અરેબિયા)	Phaijhala, śāna (arebiya)	૧૬૨
ફોર લાસ્ટિંગ પીસ	Phora lāsṭinga pisa	૩૨
ફૌદ, રાજા	Phauda, rājā	૧૫૫
ફાર્નો, ફાર્ન્સિસ	Phārnko, phārnsisa	૧૪,૧૮
બકદાશ, ખલિદ	Bakdāśa, khalida	૨૬૧
બઝઝ અબ્દુલ રહેમાન	Bajhajha, abdul rahemāna	૧૫૦
બૂઝૂર્વા ક્રાન્તિ	Bujharvā krānti	૨૭૫
બરઝાની મુસ્તફા, મુલ્લા	Barajhāni mustaphā, mullā	૧૪૯
બ્લેક ફલેગ	Bleka phlega	૧૧૬
બર્ક, એડમંડ	Bark, eḍamanḍa	૧૮૨
બર્નાર્ડ	Barnāḍa	૨૧૧
બાનોમયોન્ગ, પ્રિદી	Bānomyonga, pridi	૧૦૫
બાન્દા, ડો. હેસ્ટિંગ્સ	Bāndā, dô. hesṭingasa	૨૮૮
બાસન	Bāsana	૧૯૮
બારૂચ યોજના	Bārūca yojanā	૩૪
બિઝરી, અફીક, કર્નલ	Bijhari, aphika, Karnala	૨૬૫
બ્લિત્ઝક્રીગ	Blitjhakriga	૨૨

બિસ્માર્ક	Bismarka	૨૯૫
બિહારી, મુહમદ કામિલ	Bihāri, muhamada kāmila	૨૬૯
બુલ્ગાનિન	Bulgānina	૩૭
બુશિયા, ડો.	Buśiya, dô.	૨૨૯,૨૩૦
બેન ખેડા, યુસુફ	Bena Khedā, yusupha	૨૧૬
બેન બેલા, મહંમદ	Bena belā, mahammada	૨૧૬
બેનિસ	Benisa	૩૨
બેરિયા, લેવેન્ટાઈન	Beriya, laventạain	૩૭,૩૮
બેરેરે, એલ. એમ.	Berere, ela. ema.	૨૯૩
બેહાઈન, પાદરી	Behāin, pādari	૧૧૬
બોથા, એમ. સી.	Bothā, ema. Si.	૧૯૧,૧૯૨
બોથા, બી. ડબલ્યુ	Bothā, bi. ḍabalyu	૨૦૩
બોમેદીન, કર્નલ	Bomedina, Karnala	૧૬૨
બોલ્શેવિક	Bolśevika	૮
બોર્ન	Borna	૨૨૯
બ્રેસ્ટલિતોવ્સ્કના કરાર	Brestalitovskana karāra	૯
બ્રાન્ટ, વીલી	Branṭa, vili	૪૫
બ્રાહિલી	Brahili	૨૧૭
બ્રિયાંડ	Briyāndạa	૭
બ્રેઝનેવ	Brejhaneva	૩૭,૫૦
બ્લાઈડન, એડવર્ડ	Blāiḍana, eḍavarḍa	૧૬૩
બ્લુમ	Bluma	૨૬૧
ભૂમિબોલ, રાજા	Bhumibola, rājā	૧૧૨
મન્સૂર	Mansura	૧૪૪
મરાયસ, પ્રો.	marāyasa	૧૯૮
મલાન, ડો. ડેનિયલ	Mlān, dô. ḍeniyala	૧૯૩
મસારિક, જોન	Masārika, jona	૩૨
મસેન્ડો, એન્ડ્રયુ	masenḍo, enḍrayu	૨૦૭
મહદવી	Mahadavi	૨૭૬,૨૭૭
મહમદ, હજરત પયંગબર	Mahamada, hajarata payangabara	૧૩૧
મહમદ, બીજો	Mahamada, bijo	૧૩૩
મહમદઅલી, સૂબો	Mahamadaali, subo	૧૩૩
મહર, અહમદ	Mahara, ahamada	૧૫૫
મહેતા, અશોક	Mahetā, aśoka	૭૭

માઉન્ગ	Māunga	૭૪
માઉન્ગ લે	Māunga le	૭૨
માઉન્ટબેટન, લોર્ડ	Māuntabetana, lorda	૨૪
માઓ ત્સે-તુંગ	Māo tse-tung	૫૩,૫૫
માનોપકર્ણ, પ્યા	Manopakrana, pyā	૧૦૫
માન્ગ, મીન્હ	Mānga, minha	૧૧૬
માર્ક્સ, કાર્લ	Mākrsa, Kārla	૨૫૪
માર્ટિનિક, એઈમ ચેઝારે ઓફ	Māṭinika, eima cejhāre opha	૧૬૩
માર્શલ	Mārśala	૩૦,૩૧,૩૨
માલેન્કોવ	Mālenkova	૩૭,૩૯
મિદાત પાશા	Midāta pāśā	૧૪૫
મિન્હ, કીમદવાગ વાન	Minha, kimadavāga vān	૧૨૧
મિન્હ, હો-ચી	Minha, ho-ci	૫૭
મિસ્ત્રી, અઝીઝ અલી અલ	Mistri, ajhijha ali ala	૧૪૫
મિસાઈલ કટોકટી	Misāila kaṭokaṭi	૩૦૭
મીર, ગોલ્ડા	Mira, goldā	૧૬૨
મુલુલે	Mulule	૨૮૫
મુસોલિની	Musolini	૮,૧૪
મુહીદ્દીન, ખાલિદ, મેજર	Muhidina, khālida, mejara	૨૭૮
મૂસા, મુસ્તફા	Musā, mustaphā	૨૬૯
મૂસો	Muso	૮૯
મેક આર્થર	Meka ārthara	૨૪
મેકલિલન	Mekalilana	૪૭
મેકયાવેલી	Mekiyāveli	૧૨૪
મેકેરિયાસ, કાર્ડિનલ	Mekeriyāsa, kārdinala	૫૬
મેઝિની	Mejhini	૧૭
મેઝેરના, અહમદ	Mejheranā, ahamada	૨૧૬
મેન્ડેટ	Menḍeṭa	૬
મેન્ડેલા, નેલ્સન	Menḍelā, nelsana	૨૦૨
મેન્ડેરિઝ	Menderijha	૧૩૬
મો, ડો. બા	Mo, dô. ba	૭૨,૭૩,૭૪,૭૫
મોગ્યો, બા	Mogyo, bā	૭૪,૭૫
મોન્ટગોમરી, જનરલ	Monṭagomari, janaral	૨૧
મોબુ તુ	Mobu tu	૪૨

મોલોતોવ	Molotova	૨૫૬,૨૫૭
મોલ્ટે, ડોનલ્ડ	Molṭe, ḍonalda	૨૦૦
મોક્ષેન, જનરલ રશીદ	Mokṣena, janarala raśida	૧૫૧
મોસાદ્દીક, મોહમદ	Mosādika, mohamada	૧૪૨,૧૪૩
મ્યુનિખ કરાર	Myunikha karāra	૧૯
યઝબાક, યુસુફ ઈબ્રાહીમ	Yajhabāka, yusupha ebrahima	૨૬૧
યુસુફ, અબુ સૈફ	Yusupha, abu saipha	૨૭૧
યોઉલો, ફુલબર્ટ	Youlo, Phulabarṭa	૨૮૫
યોર્ન, ડો. અલ્બર્ટ	Yorna, dô. albarṭạ	૧૬૭
રઝોક	Rajhoka	૧૫૨
રદમનેશ, ડો.	Radamanesa, dô.	૨૫૯
રફલ્સ, ગવર્નર	Raphalsa, gavarnara	૮૬
રશીદ, મહમદ	Raśida, mahamada	૧૪૫
રાકોસી	Rakosi	૩૯,૪૦
રાસ્પુતિન, ગ્રેગરી	Rāsputina, gregari	૮
રિબેન ટ્રોપ	Ribenaṭropa	૨૫૬
રિબેન્ટ્રોપ–મોલેટોવ કરાર	Ribenṭropa-moletov karāra	૨૫
રિવેરા, પ્રાઈમો દી'	Riverā, prāemo di	૧૮
રિશવરી, જાફર	Riśavari, jāphara	૧૪૨
રીઆદ, મોહંમદ	Riāda, mohammada	૧૫૯
રુચરવોંગ, જનરલ પ્રાસેર્ત	Rucaravonga, janarala Prāserta	૧૧૧
રૂઝવેલ્ટ	Rujhaveltạ	૨૫,૨૬
રોજર્સ, વિલિયમ	Rojars, viliyama	૧૫૯,૧૬૦
રોડ્ઝ, સિસિલ જાન	Rodajha, sisila jāna	૧૯૧
રોબર્ટસન	Robarṭasana	૨૭
રોમેલ	Romela	૨૩
રોય, એમ. એન.	Roya, ema. ena.	૭૩
લાઈ, ચાઉ એન.	Lāe, cau. ena.	૩૭
લિન પિયાઓ	Lina piyāo	૫૫
લિયાન્ગ, કાઓ	Liyānga, kāo	૨૮૭,૨૮૮
લિયોપોલ્ડ, રાજા	Liyopolda, rājā	૧૮૪
લિવિંગ્સ્ટન, ડેવિડ	Livingsṭana, ḍeviḍa	૧૭૯
લીગ ઓફ નેશન્સ	Lig of neśansa	૪
લુથુલી, આલ્બર્ટ	Luthuli, ālbarṭa	૨૦૨

લુમુમ્બા, પેટ્રિસ	Lumumba, peṭrisa	૪૨
લેગમ, કોલિન	Legama, kolina	૧૬૭
લેનિન	Lenina	૯,૧૦
લેન્ડિગ રાઈટ્સ	Lendiga rāiṭasa	૨૮૧
લોકર્નો કરાર, કેલોગ-બ્રિયાંડ	Lokarno karāra, keloga-briyānda	૭
લોન્ગ, પાદરી ગીઆ (બેહાઈન)	Longa padari giā (behāena)	૧૧૬
લ્યુડેન ડોર્ફ	Lyudena ḍorpha	૩
વફદ	Vafada	૧૫૪
વર્સાઈની સન્ધિ	Varsāini sandhi	૧૨
વાન	Vāna	૨૦૫
વિટો	Viṭo	૬
વિલિયમ્સ, એચ. સિલ્વિસ્ટર	Viliyamsa, eca. silviṣṭara	૧૬૬
વિલોપા	Vilopā	૯૧
વિલ્બરફોર્સ, વિલિયમ	Vilbaraphorsa, viliyama	૧૭૯
વિલ્સન, પ્રેસિ.	Vilsana, presi.	૪૮
વિશઝિન્સ્કી, કાર્ડિનલ	Viśajhinski, kārdinala	૫૦
વીન, ને (માઉન્ગ)	Vina, Ne (māunga)	૭૨,૭૬
વેરવુડ, હેન્ડ્રિક	Veravuḍa, hendṛika	૧૯૫
વોટસન કમિશન	Voṭasana kamiśana	૧૮૨,૨૮
વોલ્ટર	Volṭara	૨૦૫
વોર્સ્ટર, ડો. બાલ્થાઝાર	Vostara, dô. bālthājhāra	૨૦૨,૨૦૩
શરફ, સમી	Śarapha, sami	૧૫૯
શરીફ, અઝીર્સ	Śaripha, ajhirsa	૧૫૨
શવ્વાફ, કર્નલ અબુલ વહબ	Śavvapha, karnala abula vahaba	૧૪૮
શહરીર	Śaharira	૮૭,૮૯
શિયાલી ફૌદ-અશ	Śiyāli phaud - asu	૨૬૧
શુકર,લબીબ	Śukara, labiba	૧૫૯
શુમેન	Śumena	૩૧
શુસ્તર, મોર્ગન	Śustara, morgana	૧૪૦
શો, બર્નાર્ડ	Śo, barnāda	૭૩
શ્વે, સાયા	Sve, sāyā	૭૪
સઈદ (સૈદ) જનરલ નૂરી અલ	Saeda (saida) janaral nuri ala	૧૪૬,૧૪૭,૧૪૮
સમરઈ, કર્નલ મહદી	Samarae, karnala mahadi	૧૫૧
સરાજ, કર્નલ	Sarāja, karnala	૨૬૫

સરીફુદ્દીન	Sariphudina	૮૯
સર્લો	Sarlo	૨૧૯
સાદત, અન્વર	Sādata, anvara	૧૫૮
સાન, અઉન્ગ	Sāna, aunga	૭૨
સાન, સાયા	Sāna, sāyā	૭૧,૭૨,૭૩
સાબ્રી, અલી	Sābri, ali	૧૫૮
સારિત	Sarita	૧૦૭
સાલાઝાર	Sālājhāra	૨૩૯
સિદીકી, ઈસ્માઈલ	Sidiki, esmāela	૨૬૯
સિદ્દીકી, જનરલ (ઈરાક)	Siddiki, janarala (eraka)	૧૪૬
સિદ્દીકી (ઈજિપ્ત)	Siddiki (ejipta)	૧૫૫
સિપોલી લો ઓપરેશન	Sipoli lo opareśana	૨૦૫
સિવારા ક્રિસ, સેનાપતિ	Sivārā, krisa, senapati	૧૧૨
સિસ્કો, જોસેફ	sisko, josepha	૧૬૨
સીસુલુ	sisulu	૨૦૫
સુ, ઉ	Su, u	૭૧
સુકર્ણો	Sukarno	૮૭,૧૦૦
સુઝમન, હેલન	Sujhamana, helana	૧૯૯
સુઝુકી	Sujhuki	૭૪,૭૫
સુલતાન, જોગજાકાર્તાના	Sulatana, Jogajākārtānā	૯૮
સુલેમાન	Sulemāna	૨૭૩
સુહાર્તો, જનરલ	Suhārto, janarala	૯૭,૯૮,૯૯
સૂઉ, ફાન	Suu, phāna	૧૨૧
સેઈન, બા	Seena, bā	૭૨,૭૩,૭૪
સેકુ તોરે	Seku tore	૨૪૯
સેન, સુન યાત	Sena, suna yāta	૯
સેન્યા	Senyā	૧૧૨
સેલાસી, હેલ	Selasi, hela	૧૮
સૈફી, હુસેન	Sauphi, husena	૧૫૮
સો, થાકિન	So, thakina	૭૪
સોન્ગ્રામ, ફિબુન	Songrama, Phibuna	૧૦૬
સોબુકવે, રોબર્ટ	Sobukve, robarṭa	૨૦૨
સ્ટીલવેલ	Stilavela	૨૪
સ્ટેઈન, માર્ટિન	Sṭeina, mārṭina	૨૦૦

સ્ટ્રેચી	Sṭreci	૭૩
સ્તાલિન	Stālina	૧૦
સ્મટ્સ, જનરલ	Smaṭasa, janarala	૧૯૧
સ્વેનચેઈન	Svenaceina	૭૯
સ્વોબોદા	Svobodā	૪૯
હજજ, મિસાલી	Hajja, misāli	૨૧૩
હદીદ, મુહમ્મદ	Hadida, muhammada	૨૭૨
હાટા	Hāṭā	૮૭
હિટલર, એડોલ્ફ	Hiṭalara, edolpha	૮,૧૦
હુઆંગ, ત્રાનવાન	Huānga, trānavāna	૧૨૧
હુસેન, અલ્લા	Husena, allā	૧૪૩
હેઈન, બા	Heina, bā	૭૪
હયાકલ	Hayākala	૧૫૯
હોકિન્સ, જોન	Hokinsa, jona	૧૭૭
હોફેટ બોઈગી	Hopheṭa, boigi	૨૦૩

સંયોજક : રમેશ સુમંત મહેતા

મુખ્ય સંપાદક : ભોગીલાલ ગાંધી

સહસંપાદક : બંસીધર ગાંધી • પ્રકાશ ન. શાહ

તંત્રીમંડળ

શ્રી રમેશ સુમત મહેતા . શ્રી ઈશ્વરભાઈ પટેલ . શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ
શ્રી ઉમાશંકર જોશી . શ્રી એચ. એમ. પટેલ . શ્રી રવિશંકર રાવળ
શ્રી બી. સી. પટેલ . શ્રી હરિહર પ્રા. ભટ્ટ . શ્રી વી. એચ. ભણોત
શ્રી યશવંત શુકલ . શ્રી નીરુભાઈ દેસાઈ . શ્રી વિજયગુપ્ત મૌર્ય
શ્રી પી. સી. વૈદ્ય . શ્રી ભોગીલાલ સાંડેસરા . શ્રી જશભાઈ કા. પટેલ
શ્રી અંબુભાઈ પટેલ . શ્રી જે. જી. ચૌહાણ . શ્રી રમણભાઈ પટેલ
શ્રી દિલાવરસિંહ જાડેજા

પરામર્શકો

પંડિત સુખલાલજી . શ્રી રસિકલાલ છો. પરીખ . શ્રી કાકાસાહેબ કાલેલકર
શ્રી રામપ્રસાદ બક્ષી . શ્રી અનંતરાય રાવળ . શ્રી ગગનવિહારી મહેતા
શ્રી ચંદ્રવદન મહેતા . શ્રી હંસાબહેન મહેતા . શ્રી બાપાલાલ વૈદ્ય
શ્રી ઉમાશંકર જોશી . પ્રો. ફીરોજ કા. દાવર . શ્રી હરિનારાયણ આચાર્ય
શ્રી સી. એન. વકીલ . ડૉ. શાંતિલાલ મહેતા . પ્રો. ડી. ટી. લાકડાવાળા
શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી . પ્રો. એમ. એલ. દાંતવાળા . શ્રી બચુભાઈ રાવત

૫

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

વિશ્વ દર્શન : ૨

[અદ્યતન ઇતિહાસ]

નગીનદાસ સંઘવી : જયન્તિ પટેલ : હસમુખ પંડ્યા
રમેશ મ. ભટ્ટ : ભોગીલાલ ગાંધી : દેવવ્રત પાઠક

સરદાર પટેલ યુનિવર્સિટી–વલ્લભવિદ્યાનગર

લેખન

નગીનદાસ સંઘવી (અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, મીઠીબાઈ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મુંબઈ)
જયન્તિ પટેલ (વ્યાખ્યાતા, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ. સમાજવિદ્યા ભવન, અમદાવાદ)
હસમુખ પંડ્યા (અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)
રમેશ મ. ભટ્ટ (પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)
ભોગીલાલ ગાંધી (મુખ્ય સંપાદક, જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી, વડોદરા)
દેવવ્રત પાઠક (નિયામક, ગુજરાત યુનિ. સમાજવિદ્યા ભવન, અમદાવાદ)

યોજનાદાન : હરિઃ ॐ આશ્રમ, નડિયાદ
શ્રી ભાસ્કરભાઈ ડાહ્યાભાઈ પટેલ(વડોદરા)ના શ્રેયાર્થે

અનુદાન : શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

પ્રકાશન : માર્ચ ૧૯૭૪

પહેલી આવૃત્તિ : પ્રત ૩૦૦૦

કિંમત : ૩. ૩૦-૦૦ (Rs. 30-00)

પ્રકાશક : કાન્તિભાઈ અમીન, રજિસ્ટ્રાર, સરદાર યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (INDIA)
મુદ્રક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪

નિવેદન

સ્વરાજ્ય આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે, ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેકનૉલૉજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમ્યાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે, અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના અને વિજ્ઞાનવિદ્યા શાખાના મળીને કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજકક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્યો અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિત કલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રના વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ — જેવી કે,

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો, પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવીના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધન વૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી; પરંતુ બાહ્ય વિશૃંખલતા ઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જનપ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો

થાય, ઓળખતો થાય, અને આસ્વાદતો થાય એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે, એ રહસ્ય અવગત કરવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવી છે. એક બાજુ, યુવકો ને નાગરિકોની કક્ષા, તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઈતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયો ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટેય કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોયે ગંગોત્રીનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો હેતુ છે.

અમારા પ્રયાસમાં પૂજ્ય શ્રી મોટા તેમ જ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો ને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંત:કરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં આની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિ: ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું છે. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમ જ સભ્ય લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોના તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્ત સ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડયો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે સંપાદક શ્રી ભોગીલાલ ગાંધી તથા સહસંપાદકો શ્રી બંસીધર ગાંધી અને શ્રી પ્રકાશ ન. શાહનો આભાર માનું છું.

રમેશ સુમંત મહેતા
ઉપકુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભવિદ્યાનગર

સંપાદકીય

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો આ પંદરમો ગ્રંથ છે – માનવવિદ્યા શાખાનો આઠમો. પૃથ્વીના આ ગ્રહ ઉપર માનવી જન્મ્યો ત્યારથી તેણે જે બહુમુખી વિકાસ સાધ્યો છે તેનાં કેટલાંક મહત્ત્વનાં ઐતિહાસિક પાસાં 'વિશ્વદર્શન'ના ઇતિહાસ-ગ્રંથો દ્વારા રજૂ કરવાનું વિચાર્યું છે. આ ઇતિહાસનો અર્વાચીન યુગ (અઢારમી સદીથી અદ્યતન) એટલાં બધાં વિવિધ પાસાં અને ઘટનાઓથી સભર છે કે તેના આલેખન અને અર્થઘટનને એક-બે ગ્રંથમાં સમાવવાનું શક્ય નથી. આ શ્રેણીના બારમા ગ્રંથ('વિશ્વ દર્શન-૧')માં વિશ્વની પ્રશિષ્ટ અને લૅટિન અમેરિકી ક્રાન્તિઓ આલેખી હતી. એના અનુસંધાનમાં તૈયાર કરાયેલા આ ગ્રંથમાં વીસમી સદીનો રાજકીય ઇતિહાસ કેન્દ્રમાં છે.

આ યુગના અંતમાં યુરોપીય સામ્રાજ્યોનું ઓજસ ઓસર્યું છે; એશિયા (અગ્નિ એશિયા અને પશ્ચિમ એશિયા) તથા આફ્રિકાનાં નવોદિત સ્વતંત્ર રાષ્ટ્રોની તાસીર ઉઠાવ પામી છે. ભાવિ વિશ્વના ઘડતરમાં આ નવોદિત રાષ્ટ્રોની મજલ નિર્ણાયક બનવાની અભીપ્સા સેવાય છે. જોકે, પુરાણી સંસ્થાનવાદી સત્તાઓ તે રૂપે વિલીન થતાં એ રાષ્ટ્રોની પ્રજાઓ નિસ્તેજ, નિર્માલ્ય બની ગઈ છે અથવા અગાઉની પદદલિત સાંસ્થાનિક પ્રજાઓ સ્વતંત્ર બનતાં જ ઓજસવંતી પણ બની ગઈ છે એમ માનવું યથાર્થ નથી. પશ્ચિમી રાષ્ટ્રોની સદીઓની સિદ્ધિઓ એળે જવાની નથી અને પૂર્વનાં નવાં કે પુનર્જન્મ પામેલાં રાષ્ટ્રોની આગવી અસ્મિતા એકાએક પ્રસ્થાપિત થવાની નથી. એ પહેલાં તો એમણે અપાર યાતનાઓ અને આકરી કસોટીઓમાંથી પાર ઊતરવાનું છે.

પશ્ચિમી એશિયાનાં અને આફ્રિકાનાં આ નવાં રાષ્ટ્રોને અંદરનાં અને બહારનાં સત્તાકાંક્ષી વ્યૂહને કારણે ડગલે ને પગલે કેવી ભીંસ અને ગૂંગળામણમાં અટવાવાનું રહે છે એ જાણ્યા પછી, એવા કોઈ રાહે ભારત તો ઢસડાઈ નહીં જાય ને? – એવી પૃચ્છા, તકેદારી પૂરતીય, આપણા દિલમાં સફાળી જાગી ઊઠે તો નવાઈ નહીં.

અપેક્ષા તો એ છે કે સમૃદ્ધ પશ્ચિમનાં જ્ઞાન-વિજ્ઞાનનો અને અલ્પવિકસિત પૂર્વની પ્રચંડ પ્રશક્યતાઓનો સમન્વય જેટલો વહેલો સધાય એટલો સમસ્ત માનવજાતના કલ્યાણનો પંથ સરળ બને. પરંતુ, એ પૂર્વે અગાઉની સંસ્થાનવાદી સત્તાઓની રહીસહી લાલસા અને તેમના તાબામાંથી મુક્ત બનેલી પ્રજાઓનો તેમને માટેનો વિદ્વેષ બંને ઓગળી જવાં જોઈશે. ઉપરાંત એક નવા પરિબળનો વિચાર કરવો રહ્યો, જેના વિના ચિત્ર અધૂરું રહે છે.

ચિત્ર પૂરું કરવા તો પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન જે એક નવું વૈશ્વિક પરિબળ ઊભું થયું અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જેણે એનું કાઠું દેખાડી યુદ્ધોત્તર કાળમાં પોતાનો પ્રભાવ, અગાઉની કોઈ પણ સંસ્થાનવાદી મહાસત્તાનેય આંટે એવો વિસ્તાર્યો, એ વૈશ્વિક સામ્યવાદની આંતરરાષ્ટ્રીય ચાલનાનું આલેખન અનિવાર્ય ગણાય. અંતે એક નવું પાસું લક્ષ બહાર ન જાય એ પણ જરૂરી

છે. જગતની બે સવાઈ મહાસત્તાઓ (અમેરિકા અને સોવિયેત રશિયા) — પરસ્પરવિરોધી સંઘર્ષાત્મક અભિગમો છતાં — પોતપોતાનાં અસ્તિત્વ અને વિકાસની રાષ્ટ્રીય ગરજની મારી, કેવી રીતે–કેવી રીતની નિકટતા સાધી રહી છે એ વીસમી સદીના અંતિમ તબક્કાની રૂપરેખા ભાવિના આણસારા સમી મહત્ત્વની છે.

આમ, આ ગ્રંથમાં આરંભે (ખંડ ૧) બે વિશ્વયુદ્ધો દરમ્યાનના અને યુદ્ધોત્તર યુરોપની ઊડતી ઝલક વેગવંતી શૈલીએ આલેખાઈ છે. એ પછી (ખંડ ૨–૩) એશિયા-આફ્રિકાના નવોદિત દેશોના ઘડતરકાળની મથામણ છે. તે પછી (ખંડ ૪) એક અવનવા પરિબળ તરીકે આંતરરાષ્ટ્રીય સામ્યવાદની ચાલનાનું — પશ્ચિમ એશિયા અને આફ્રિકાના સંદર્ભમાં — આલેખન છે. અંતે (ખંડ ૫) ઓગણીસમી સદીમાં ઉદય પામેલા સંસ્થાનવાદથી શરૂ કરીને ગઈ કાલ સુધીના અત્યંત જટિલ બની રહેલા વૈશ્વિક રાજકારણના મહત્ત્વના આંકોડા રજૂ કર્યા છે.

આ ઉપરાંત, અદ્યતન ઇતિહાસની એક અતિજટિલ સમસ્યા(અરબ-ઇઝરાયલ સંઘર્ષ)ની તથા માયલાઈ, બિયાફ્રા, મોઝામ્બિકમાં થઈ છે તેવી કરપીણ ઘટનાઓની નોંધ, તેમ જ ઇતિહાસને સમજવામાં ઉપકારક બને એ પ્રકારના નકશાઓ, માહિતી અને ચિત્રો પ્રસ્તુત છે. આ ગ્રંથનાં જે પ્રકરણો ઘણા સમય અગાઉ લખાયેલાં તેમને પૂર્તિ દ્વારા અદ્યતન (ડિસેમ્બર ૧૯૭૩ સુધી) બનાવવાનો પ્રયાસ પણ કર્યો છે.

ગુજરાતી ભાષામાં યુરોપીય ઇતિહાસનાં કેટલાંક પાઠ્યપુસ્તકો પ્રગટ થયાં છે. આફ્રિકી-એશિયાઈ દેશો અંગે કેટલીક પુસ્તિકાઓ પ્રાપ્ય છે. ગુજરાતી સામયિકોમાં પણ આ પ્રદેશો વિશે કેટલીક માહિતી પીરસાતી રહી છે. પરંતુ સમગ્ર પ્રદેશનાં રાજકીય સ્થિત્યંતરોની સળંગ અને દૃષ્ટિ-પૂર્ણ માહિતી અને આલોચના ભાગ્યે જ જોવા મળે છે. આ ગ્રંથ એ ખોટ પૂરવાનો મર્યાદિત પ્રયાસ છે.

વિદ્યાવ્યાસંગ જેમના હાડમાં છે તેવા શ્રી સતીશ કાલેલકરનો પ્રવેશક આ ગ્રંથને પ્રાપ્ત થયો છે એ આનંદની વાત છે — ખાસ તો એટલા માટે કે પશ્ચિમના ભારતીય દૂતાવાસોમાં વરસો સુધી એમણે સક્રિય કામગીરી બજાવી છે, ૧૯૫૪-૫૬ દરમ્યાન તો તેઓ કમ્બોડિયા માટેના આંતરરાષ્ટ્રીય પંચના ઉપાધ્યક્ષપદે પણ રહી ચૂકયા છે. આમ, એમને યુરોપીય-એશિયાઈ રાજકારણનો સીધો સંપર્ક રહ્યો છે.

અમને આશા છે કે શ્રી સતીશ કાલેલકરે આ ગ્રંથના પ્રવેશકને અંતે માનવજાતના ભાવિ માટેની જે શુભેચ્છા પ્રગટ કરી છે તથા આ ગ્રંથ માટેની જે આત્મીયતા પ્રગટ કરી છે તે સાર્થક ઠરશે.

જાન્યુઆરી ૧૪, ૧૯૭૪

પ્રવેશક :

ઐતિહાસિક અભ્યાસની દૃષ્ટિ

સતીશ કાલેલકર

'રખડી રઝળીને કાગડા-કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહીં ફરું' એવી ભીષ્મ-પ્રતિજ્ઞા કરીને દાંડીકૂચનો પ્રારંભ કરનાર ગાંધીજીએ જ્યારે આખા દેશને એક ક્રાન્તિની જ્વાળામાં યા-હોમ કરીને પડવાની પ્રેરણા આપી ત્યારે, એમણે પોતાને હસ્તે સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠે પણ કુલપતિ અને પ્રાધ્યાપકોથી માંડીને તે વિદ્યાર્થીઓ અને અદનામાં અદના કાર્યકર્તા સુધી બધાને એ અદ્‌ભુત અહિંસક યુદ્ધમાં ભરતી થઈ 'આખરી ફેંસલા'માં પોતાનું બલિદાન આપવાની તૈયારી સાથે ઝંપલાવવાનો આદેશ આપીને પોતાની આગવી અસ્મિતાનું દેશને દર્શન કરાવ્યું હતું. 'રાડ પડે રજપૂત છૂપે નહીં' એ ઉક્તિને કોઈએ સાર્થ કરી બતાવી હોય તો તે રાષ્ટ્રીય શિક્ષણ દ્વારા ક્રાન્તિકારી મનોવૃત્તિ કેળવીને સરફરોશીની તમન્ના ધરાવતા ગૂજરાત વિદ્યાપીઠના જૂથે.

'મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે; હસી મૃત્યુમુખે ધસવાનું જ દે; ધસી મૃત્યુમુખે હસવાનું જ દે. પ્રભુ જીવન દે, નવજીવન દે' . . . એ તત્ત્વજ્ઞાનથી પ્રેરાયેલા એ વિદ્યાપીઠવૃન્દની બલિદાનની તત્પરતા જોઈને જ મગરૂબી અનુભવતા ગાંધીજીના મુખમાંથી આ વાક્ય સરી પડ્યું હતું: 'વિદ્યાપીઠ ઉપર જે કાંઈ પૈસા ખરચાયા છે તે બધા ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે દેશને પાછા મળી ગયા છે.'

પોતે વિદ્વાન નથી એવું અનેક વાર નમ્ર નિવેદન કરનાર ગાંધીજીએ જેટલા વિદ્વાનોની પરંપરા દેશને ચરણે ધરી તેનો હિંદના ઇતિહાસમાં તો જોટો નથી જ. રાષ્ટ્રીય પુરુત્થાનના કાળમાં ગૂજરાત વિદ્યાપીઠે જે અદ્વિતીય ફાળો લગભગ બધાં જ ક્ષેત્રોમાં આપ્યો તે જેટલું આશ્ચર્ય ઉપજાવે છે તેથી પણ વધારે આશ્ચર્ય સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં વિદ્યાપીઠના જૂના જોગીઓએ જીવનનાં અનેક ક્ષેત્રોમાં આપેલા ફાળાથી ઊપજે છે. શિક્ષણ, સાહિત્ય, કલા, રાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, ગ્રામોદ્ધાર, હરિજન-આદિવાસીઓની ઉન્નતિ — ગુજરાતમાં રાષ્ટ્રીય પુનરુત્થાન અને પ્રગતિની એક પણ એવી પ્રવૃત્તિ નહીં હોય કે જેના પાયાનું કામ અથવા ચણતરનું કામ કરવામાં ગૂજરાત વિદ્યાપીઠના કોઈ ઓલિયાનો પણ હાથ ન હોય.

જ્ઞાનગંગોત્રીની આખી યોજનામાં પણ એ જ ગૂજરાત વિદ્યાપીઠના અનેક કાર્યકર્તાઓનો મૌલિક ફાળો આપણી નજરે ચડે છે. ગ્રંથો માટે યોજનાદાનનો હરિ: ૐ કરવાની જવાબદારી ઉપાડી લેનાર પૂ. મોટાથી માંડીને તે પરામર્શકોમાં કે તંત્રીમંડળમાં પણ જ્યાં ત્યાં વિદ્યાપીઠની જ સુવાસ વર્તાય છે. ને એ બધાની ઓથે ટાઢ, તડકો કે બીજી અગવડોની પરવા કર્યા વગર સુકલકડી, દેહે સતત અથાક પરિશ્રમ કરતા દેખાય છે, અનેક વર્ષોથી જ્ઞાનસત્ર માટેની ધૂણી ધખાવીને બેઠેલા પેલી વિદ્યાપીઠના જ એક જૂના જોગી, ભોગીલાલ ગાંધી. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે વિદ્વાન લોકોને યોજના કેમ કરવી તેનું ભાન નથી હોતું અને ઉત્કૃષ્ટ યોજકો હંમેશા વિદ્વાન હોય છે એમ નથી હોતું. શ્રી ભોગીલાલ ગાંધી આમાં અપવાદ છે. એઓ એમની

વિદ્વત્તા માટે જેટલા પંકાયેલા છે, તેટલા જ એમના યોજના-કૌશલ્ય માટે જાણીતા થયા છે. સોનામાં સુગંધ ભળી છે. એટલે જ્ઞાનગંગોત્રીનો એમણે શરૂ કરેલો પ્રવાહ અખંડ વહેતો રહેશે, બધાની જ્ઞાનપિપાસા છિપાવશે, અને પ્રજાનું સામાન્ય જ્ઞાન વધુ ઊંડું કરીને એને પુનિત કરશે એ વિશે શંકા નથી.

આધુનિક યુગમાં સંપૂર્ણ સર્વાંગીણ જ્ઞાન પ્રાપ્ત કરવું એ વ્યક્તિ માટે અશક્ય છે. જ્ઞાન-ભંડાર એટલો વિપુલ અને વિશાળ થયો છે કે બધા જ વિષયોમાં ઊંડું અવગાહન કરવું એ વ્યક્તિના એક અવતારમાં અશક્યપ્રાય છે. પરિણામે, દિવસે દિવસે, હવે માત્ર એક જ વિષયના નિષ્ણાત બનવાની આકાંક્ષા સેવી શકાય છે. બીજી બાજુએ, સામાન્ય જ્ઞાનની પણ ઊંડાઈ ઓછી થતી જાય છે. 'કેટલો વિશાળ જ્ઞાનભંડાર છે ને કેટલું ઓછું જ્ઞાન પ્રાપ્ત થયું છે', 'કેટલું બધું સિદ્ધ કરવાનું છે, ને કેટલું પર્યાપ્ત પ્રાપ્ત કરી શક્યા છીએ' એવી નિરાશાજનક ભાવના સતત સતાવ્યા કરતી હોય છે. આવી પરિસ્થિતિમાં જ્ઞાનગંગોત્રી જેવી ગ્રંથશ્રેણી મનમાં શ્રદ્ધા પ્રેરે છે કે, વ્યવસ્થિત યોજના કરવામાં આવે તો જ્ઞાનપિપાસાને છિપાવવી અશક્ય નથી. જ્ઞાનનો જે જાતનો નિચોડ વિદ્વાન પ્રાધ્યાપકોના અને બીજા નિષ્ણાતોના સહકારથી જ્ઞાનગંગોત્રી દ્વારા પ્રજાને પીરસાઈ રહ્યો છે તે જોતાં વિશ્વાસ ઊપજે છે કે શિક્ષિતોને વધુ સુશિક્ષિત કરવાનું અને સામાન્ય જનતાને વધુ શિક્ષિત નહીં તો વધુ ઉત્સુક અથવા ઉત્કંઠિત બનાવવાનું કાર્ય તો એ શ્રેણી જરૂર કરશે.

વર્તમાન યુગની સમસ્યાઓનું જ જ્યાં પૂરતું આકલન થઈ શકતું નથી (સમસ્યાઓના ઉકેલની વાત તો બાજુએ જ રહી), ત્યાં જાગતિક ઈતિહાસના અભ્યાસની ઝંઝટમાં પડવાની આવશ્યકતા ખરી? આપણા પોતાના દેશના ઈતિહાસનો સઘન અભ્યાસ કરી આપણી પોતાની સમસ્યાઓના ઉકેલનો વિચાર કરીએ અને બહુ તો આપણા વર્તમાન યુગને સમજવાનો પ્રયત્ન કરીએ તો તે બસ નથી? વિશાળ જ્ઞાનપ્રાપ્તિની આકાંક્ષાને જ ધ્યેય બનાવવી એ વ્યવહારુ છે?

ઉત્તર એ છે કે જ્ઞાનપ્રાપ્તિની વાત બાજુએ મૂકીએ તોપણ માનવીના એક નર્યા સ્વાર્થ માટે થઈને પણ ઈતિહાસના ઊંડા અને વિશ્વને આવરતા અભ્યાસની આજે જેટલી અગત્ય છે એટલી કયારેય ન હતી. છેલ્લાં પાંચસો વર્ષમાં આખો ભૂ-ગોલ અને એના ઉપરનું વાતાવરણનું વલય (અને હવે તો એ વલયથી પણ પર જઈને અવકાશ) માનવીની જીવનવ્યવસ્થામાં અજાયબ ભાગ ભજવી રહ્યાં છે. દુનિયા દિવસે દિવસે નાની થતી જાય છે. વેગયુક્ત પ્રવાસની અનેક જાતની સુવિધાથી અને નવા નવા ચમત્કાર દેખાડતા ત્વરિત સંપર્ક સાધવાના વ્યવહાર-વ્યવસ્થાથી ભૌગોલિક અવરોધ ધીરે ધીરે ઓછો થતો જાય છે અને ઈચ્છે કે ન ઈચ્છે, દુનિયાના બધા દેશો અને બધી પ્રજાઓ એકબીજાની નજીક આવતાં જાય છે. અનેક મહાભારતો લડીને, લોહીની નદીઓમાં લાખોનો નરસંહાર પ્રત્યક્ષ જોયા પછી, માનવીને એટલું તો ભાન થયું છે કે આ કાંઈ સાચો ઉપાય નથી.

યંત્રોદ્યોગશાસ્ત્રમાં થયેલી પ્રગતિથી માણસે ભૌગોલિક અંતર તો જાણે નષ્ટ કર્યું છે, પણ એ જ પ્રગતિના ફલસ્વરૂપ એણે એવાં ભયંકર શસ્ત્રાસ્ત્રો પ્રાપ્ત કર્યાં છે કે આજે એ આખી માનવજાતને નષ્ટ કરી શકવાની શક્તિ ધરાવે છે. કમનસીબે, આ 'પ્રગતિ'ના કાળ દરમ્યાન રાજકીય દૃષ્ટિએ એકત્ર આવીને શાન્તિમાં સહજીવન ગાળવાનું ધ્યેય કેમ હાંસલ કરવું એ આપણે શીખ્યા નથી. એક માનવકુટુમ્બના સભ્યો હોવા છતાં, જુદી જુદી પ્રજાઓ એકબીજીને પૂરતી ઓળખતી નથી, એકબીજીનો પૂર્વ-ઈતિહાસ જાણતી નથી, એકબીજીને સમજતી નથી, અને

પૂર્વગ્રહથી બાંધેલા નિર્ણયોને વળગી રહે છે. આ પરિસ્થિતિ બદલવા માટે અને માનવસમાજનું અસ્તિત્વ ટકી રહે તે માટે આજે જરૂર છે ઈતિહાસના વ્યવસ્થિત અભ્યાસની; આખરે માનવ-જાતિએ સંપીને વાસ્તવ્ય તો કરવાનું છે ભગવાને આપેલી એકમાત્ર દુનિયામાં. એ જીવન જો સુસહ્ય અને ભર્યુંભર્યું બનાવવું હોય તો એનો પાયો શાન્તિ અને પ્રેમ જ હોઈ શકે; કારણ કે માનવ સમક્ષ બે જ વિકલ્પ છે: સંપીને, સદ્‌ભાવપૂર્વક, શાન્તિ અને પ્રેમના પાયા ઉપર વસુધૈવ કુટુમ્બકમ્ કરીને માનવનું અસ્તિત્વ ચાલુ રાખવાનો અથવા તો ભયાનક શસ્ત્રાસ્ત્રોથી સામાજિક આત્મહત્યા કરી માનવજાતને નામશેષ કરવાનો.

ઈતિહાસના અભ્યાસને ફાળે મહત્ત્વનો ભાગ ભજવવાનો આવે છે તે એટલા માટે કે માનવ-જાતને પોતે સુસંસ્કૃત થઈ ત્યારથી અનુભવમાંથી ઉત્પન્ન થયેલા (પાછળથી સૂઝેલા) ડહાપણને દૂરદૃષ્ટિમાં ફેરવવાની કળા ઠીક ઠીક પ્રાપ્ત થઈ છે. પણ પાછલા અનુભવથી ડહાપણ પ્રાપ્ત કરી માનવજાતનું અસ્તિત્વ ચાલુ રહે તેટલા સારુ આત્મસંરક્ષણના ઉપાયો શોધવા એ એકમાત્ર કારણ ઈતિહાસના અભ્યાસ માટે નથી. જિજ્ઞાસા અથવા ઉત્કંઠા પણ આપણને ઈતિહાસના અભ્યાસ તરફ વાળી શકે છે; કારણ કે, જિજ્ઞાસા અને ઉત્કંઠા એ સુસંસ્કૃત માનવીની એક ખાસ વૃત્તિ છે. સંપૂર્ણપણે સુરક્ષિત થઈ જઈશું ત્યારે પણ વિશ્વના ઈતિહાસનો અભ્યાસ કરી આખી માનવ સંસ્કૃતિને વધુ ને વધુ સમજવાની આપણી જિજ્ઞાસા કદી શમવાની નથી.

ઈતિહાસના આદર્શ અભ્યાસ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાની અત્યંત જરૂર છે. મળી શકે એટલી, ઝીણી ઝીણી વિગતો પણ ભેગી કરવી અને એની ઊંડી ચકાસણી કરવી એ પણ ઈતિ-હાસના અભ્યાસનું જ એક અંગ છે. પણ મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને વિજ્ઞાનશાસ્ત્રી-ઓને આપેલી સલાહ ઈતિહાસના અભ્યાસીઓએ પણ યાદ રાખવા જેવી છે. એણે કહ્યું હતું: 'વિગતોની સરાણ ઉપર નાક રાખીને સતત કામ કર્યે જતા વૈજ્ઞાનિકોએ કોઈ મોટી શોધ કરી હોય કે સર્વતોમુખી દિવ્ય દૃષ્ટિ મેળવી હોય એવું જાણમાં નથી.' માત્ર વિગતમાં જ ભરાઈ ન પડેલી વિશાળ દૃષ્ટિ જ જ્ઞાનનું યથાર્થ દર્શન કરી શકે છે. સત્યના કે વાસ્તવિકતાના એકતરફી અથવા આંશિક દર્શન કરતાં સમગ્ર દૃશ્યને આવરી લેતું વિહંગાવલોકન જ વધુ સચોટ પ્રતિબિમ્બ પાડી શકે છે. આના સંદર્ભમાં અંગ્રેજીમાં પ્રચલિત એવી એક ઉક્તિ યાદ રાખવા જેવી છે: 'ઝાડ એટલા બધા અવરોધ ઉત્પન્ન કરે છે કે આખું જંગલ જોઈ શકાતું નથી!'

ઈતિહાસના અભ્યાસ અંગે પોતાનું અનુભવજન્ય અને વૈશિષ્ટયપૂર્ણ તત્ત્વજ્ઞાન ધરાવતા આંતર-રાષ્ટ્રીય કીર્તિના આર્નોલ્ડ ટૉઈન્બીએ તો સ્પષ્ટ કહ્યું છે: 'જુદાં જુદાં રાષ્ટ્રોના (સ્વતંત્ર રાષ્ટ્રો તરીકેના) અભ્યાસને ઈતિહાસનો અભ્યાસ માનવાની આજકાલના જમાનાની ટેવ હું વખોડી કાઢું છું. એ બધાં રાષ્ટ્રો તો ટુકડાઓ છે, એક ઘણી મોટી વસ્તુના — માનવ સંસ્કૃતિના'. ઈતિહાસ એટલે કાંઈ એક પછી એક બની ગયેલી વિગતોને ખડકીને કરવામાં આવેલો ઢગલો નથી; વિગતોનું વર્ણન અને સંગ્રહ જ નથી. આદર્શ ઈતિહાસકારના અભ્યાસનો સાચો વિષય છે સંપૂર્ણ માનવજીવન અને એનો વિકાસ. એ ત્યારે જ થઈ શકે કે જ્યારે ઈતિહાસકાર વાસ્તવિકતાને વિશાળ દૃષ્ટિએ પ્રતિબિમ્બિત કરવાની કળા હસ્તગત કરે. ભૂતકાળનો અભ્યાસ કરીને વર્તમાનને સમજવો અને એ રીતે ભવિષ્યની થોડીઘણી ઝાંખી કરવી એ છે ઈતિહાસકારનો ઉદ્દેશ. પણ એ પ્રયત્નમાં આખી માનવજાતિનું, માનવ-સંસ્કૃતિનું, આકલન કરી લેવાની દૃષ્ટિ હશે તો જ એ પ્રયત્નમાંથી ઈતિહાસના આદર્શ અભ્યાસનું નિર્માણ થઈ શકશે.

આવા આદર્શો સાથે ઈતિહાસનું અનુશીલન કરવું, એનું વિવરણ કરવું અને એક વિશાળ દૃષ્ટિથી એનું ચિત્રણ કરવું એ સહજસાધ્ય વસ્તુ નથી. એમાંય અદ્યતન ઈતિહાસનો અભ્યાસ એ તો કપરું કામ છે. એક તરફથી વિગતો 'હજી હમણાં જ બનેલી', તાજી, સ્મૃતિશેષ ન થયેલી હોવાથી એક જાતની સુવિધા હોય છે; તો બીજી તરફથી દિક્કાલમાં આપણે અદ્યતન ઈતિહાસની એટલા નજીક હોઈએ છીએ કે પૂર્વગ્રહોનો સંપૂર્ણ અભાવ, સંપૂર્ણ નિષ્પક્ષતા અને અને સંપૂર્ણ તાટસ્થ્ય દુરારાધ્ય બની જાય છે.

૧૯૧૪થી ૧૯૭૨ના ઈતિહાસનું વિહંગમ દૃષ્ટિએ અવલોકન કરીએ તો બે વસ્તુઓ ખાસ ધ્યાન ખેંચે છે એમ મને લાગે છે. ગુલામીમાં સબડતાં કે વસાહત તરીકેના દરજ્જામાં સહેજ જ વધુ સહ્ય એવું જીવન જીવતાં બધાં જ રાષ્ટ્રો (પોર્ટુગાલના અંગોલા અને મોઝામ્બિક સિવાય) આ અરસામાં સ્વાયત્તતા પામ્યાં અને સ્વતંત્ર થયાં એ સાચું. વિયેટનામ, ઈન્ડોનેશિયા ઈત્યાદિ રાષ્ટ્રોનો સ્વાતંત્ર્ય માટેનો મરણિયો સંગ્રામ જેટલો રોમાંચ ઊભાં કરે એવો હતો એવો જ સંગ્રામ આફ્રિકાના દેશોમાં કરવામાં આવ્યો હતો અને એનાં પાનાં પણ ઈતિહાસને ઝળહળતો કરે છે એ પણ સાચું. પણ આ અરસામાં જે બે વસ્તુઓ ઊડીને આંખે વળગે એવી છે, તેમાંથી એક તો છે નૂતન સંસ્થાનવાદનો ઉદય; અને બીજી વસ્તુ છે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા (યુનો) સ્થાપીને સાંપીને રહેવા સિવાય માણસજાત પાસે બીજો આરો નથી એનું ભાન.

છેલ્લાં લગભગ સાઠ વર્ષના ગાળામાં એક તરફથી ઊંડી જડ ઘાલી બેઠેલી સામ્રાજ્યશાહીઓનો અસ્ત આપણને જોવા મળે છે, તો બીજી તરફથી અમુક રાજકીય વિચારપ્રણાલી માનવજાતિની બધી સમસ્યાઓ દૂર કરી દુનિયામાં સુવર્ણયુગ લાવવાની શક્તિ ધરાવે છે એવા દૃઢ વિશ્વાસવાળી એ મતપ્રણાલીના પ્રણેતાઓ દ્વારા કરવામાં આવતો નૂતન સંસ્થાનવાદનો ઉદય આપણને દેખાય છે. બે વિશ્વયુદ્ધોની વચ્ચે જે દેશો વસાહતો તરીકે, તદ્દન ગુલામ તરીકે જીવન જીવી જીવી રહ્યા હતા, અને જેમણે મીટ માંડી હતી ૧૯૧૭ની રૂસી ક્રાન્તિએ ચીંધેલા માર્ગ તરફ અને રશિયાએ શીખવેલા સામ્યવાદના તત્ત્વજ્ઞાન તરફ, એ જ રાષ્ટ્રોએ જ્યારે જોયું કે જે અભૂતપૂર્વ તત્ત્વજ્ઞાનને આપણે સંપૂર્ણ અને આદર્શ રાજકીય તત્ત્વજ્ઞાન માન્યું હતું તેના પ્રણેતાઓ પણ એક જુદી જાતની સામ્રાજ્યશાહીની સ્થાપના માટે જે કાંઈ અન્યાય, આક્રમણ, અત્યાચાર આચરવા પડે અને અનીતિકર માર્ગો લેવા પડે તે માટે એટલા જ કટિબદ્ધ છે કે જેટલા જૂના સામ્રાજ્યવાદીઓ હતા, ત્યારે એ નવોદિત રાષ્ટ્રોને ભારે આઘાત લાગ્યો. એમનું તો મીઠું જ અલૂણું થઈ ગયું!

"પશ્ચિમી સામ્રાજ્યવાદીઓની હીન કારવાઈઓથી ત્રાસી ઊઠેલી પ્રજાઓ પોતાની રાષ્ટ્રીય મુક્તિ બાદ પ્રગતિ-આબાદી માટે જે મહાન આદર્શ (માર્કર્સવાદ) અને ભવ્ય પ્રયોગ (સોવિયેત રશિયા) પ્રતિ શ્રદ્ધાથી ઝૂકેલી, એમને માટે આ આખો વ્યવહાર આઘાતજનક બની રહ્યો, પશ્ચિમી સત્તાઓ સામેનો ન્યાયી, ધ્યેયનિષ્ઠ વિકલ્પ મિથ્યા 'મિથ' પુરવાર થયો."—આ આઘાત આપતી પરિસ્થિતિએ માનવજાતને કાંઈ શીખવ્યું હોય તો તે એ કે હવે બધાં રાષ્ટ્રોએ પોતપોતાના ઐતિહાસિક અનુભવો ઉપર આધારેલું અને પોતાની અસ્મિતાનું દર્શન કરાવતું આગવું તત્ત્વજ્ઞાન દૃષ્ટિ સમક્ષ રાખી પોતાનું રાજકારણ, અર્થકારણ અને સમાજકારણ પ્રસ્થાપિત કરવાનું છે.

'વિશ્વશાન્તિનો આદર્શ સિદ્ધ કરવા માટે, શસ્ત્રસરંજામની દોડ થામવા માટે, આન્તરરાષ્ટ્રીય પ્રશ્નોની શાન્તિમય પતાવટનું કાયમી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટે અને સામૂહિક સલામતીની

જોગવાઈ દ્વારા નાનકડાં રાષ્ટ્રોને નિર્ભર બનાવવા માટે' પ્રથમ મહાયુદ્ધના અંત પછી એક રાષ્ટ્ર-સંઘ(લીગ ઑફ નેશન્સ)ની સ્થાપના કરવામાં આવી હતી. પણ આ સ્થાપના કરનાર 'મહાન' રાષ્ટ્રોની સ્વાર્થપરાયણતાથી અને પરસ્પર વિશ્વાસના અભાવથી રાષ્ટ્રસંઘ ધારેલું કાર્ય કદી કરી શકયો નહીં. અને એના કફનમાં છેલ્લા ખીલા ઠોકાયા ચીન ઉપર આક્રમણ કરીને (૧૯૨૪-૩૧) અને ઍબિસીનિયાને પાદાક્રાન્ત કરીને (૧૯૩૬).

બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં પહેલાં જ રૂઝવેલ્ટ, ચર્ચિલ અને સ્તાલિનની ચર્ચાઓના ફલસ્વરૂપ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સ્થાપના કરવામાં આવી. રાષ્ટ્રસંઘના વિશ્વશાન્તિ અને સલામતીના આદર્શ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના બંધારણમાં એક નવીન વસ્તુ એ હતી કે જે આર્થિક અસમાન-તાને લીધે રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે સંઘર્ષો પેદા થાય છે તેનું નિરાકરણ કરવાની આવશ્યકતાનો સ્વીકાર હવે કરવામાં આવ્યો હતો. એટલે આર્થિક, સામાજિક અને માનવીય હિતની બીજી આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનો ઉકેલ આંતરરાષ્ટ્રીય સહકારથી લાવવો એવો નવીન આદર્શ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવ્યો.

યુદ્ધ શરૂ થતાં પહેલાં જ તેને અટકાવવાની આવશ્યકતા તો જાણે હવે સર્વમાન્ય થઈ છે. એ પણ સ્વીકારવામાં આવ્યું છે કે શાન્તિની સ્થાપના અને સૌ માટે સમૃદ્ધ જીવન શકય કરવું એ બે વસ્તુઓ રાષ્ટ્રસંસ્થાનું મુખ્ય કાર્ય છે. પણ વિશ્વશાન્તિના કાર્યમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થા હજી જોઈએ તેટલી પ્રગતિ કરી શકી નથી. કાયમ ટકી રહી શકે એવી શાન્તિની સ્થાપના કરવી અને સુરક્ષિતતા બધાં જ રાષ્ટ્રો માટે છે, માત્ર મહાન સત્તાઓ માટે નહીં, એવી ભાવના ઉત્પન્ન કરવી એ છે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું મુખ્ય ધ્યેય. પણ આ ધ્યેય સિદ્ધ કરવાનું અવલંબે છે રાષ્ટ્રસંસ્થાનાં મહાન રાષ્ટ્રોના ઐકય ઉપર, જે વસ્તુ વિટોના અધિકાર દ્વારા એના ચાર્ટરમાં જ સ્પષ્ટ કરવામાં આવી છે. એ ઐકય અસાધ્ય નહીં તોય દુ:સાધ્ય તો છે જ એવો અત્યાર સુધીનો અનુભવ છે.

જાગતિક સમાજની સંઘટનાનો અર્થ જ એ છે કે નૈતિક અને રાજકીય નિર્ણયો કરતી વખતે રાષ્ટ્રીય દૃષ્ટિ બાજુએ મૂકી આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ કેળવવામાં આવે અને રાષ્ટ્રનિષ્ઠા કે રાષ્ટ્ર માટેની વફાદારીની જગ્યાએ માનવ તરફની વફાદારીને અત્યુચ્ચ, કેન્દ્રીય સ્થાન આપવામાં આવે.

ગમે તેટલી અપૂર્ણ હોય તોય સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને માનવજાતની એક અત્યંત જરૂરી એવી સંસ્થા તરીકે અસ્તિત્વમાં લાવવામાં આવી છે અને આજના યુગમાં એ એવી એકમાત્ર સંસ્થા છે કે જે દુનિયાના અનેક મતોનું સચોટ પ્રતિબિમ્બ પાડી શકે અને એમ કરીને જાગતિક મતોની આપલે અને ચર્ચા દ્વારા આખી માનવજાતને વિશ્વવ્યાપી ન્યાય પહોંચાડી શકે. આપણે એ સંઘટના માટે 'शिवास्ते सन्तु पन्थानः' એવી શુભેચ્છા વ્યક્ત કરીએ.

જ્ઞાનગંગોત્રીના આ 'વિશ્વ દર્શન – ૨(અદ્યતન ઈતિહાસ)'માં જે છ વિદ્વાનોએ એકવીસ પ્રકરણોમાં અદ્યતન ઈતિહાસને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે તે જ્ઞાનગંગોત્રીની પ્રણાલી અને પ્રતિભાને શોભે એવો જ થયો છે.

'નિશાત'
દાદાસાહેબનાં પગલાં
અમદાવાદ–૯
જાન્યુઆરી ૧૨, ૧૯૭૪

અનુક્રમણિકા

સતીશ કાલેલકર

પ્રવેશક : ઐતિહાસિક અભ્યાસની દૃષ્ટિ : vii

ખંડ ૧ : યુરોપ

નગીનદાસ સંઘવી

યુરોપ – વિશ્વયુદ્ધોની વચ્ચે ૧ : ૩

બીજું વિશ્વયુદ્ધ ૨ : ૨૧

યુદ્ધોત્તર યુરોપ – ૧ ૩ : ૨૭

યુદ્ધોત્તર યુરોપ – ૨ ૪ : ૪૧

ખંડ ૨ : એશિયા

જયન્તિ પટેલ

અગ્નિ એશિયા (ભૂમિકા) ૫ : ૬૧

બ્રહ્મદેશ ૬ : ૬૭

ઈન્ડોનેશિયા ૭ : ૮૫

થાઈલૅન્ડ (સિયામ) ૮ : ૧૦૧

વિયેટનામ ૯ : ૧૧૪

હસમુખ પંડ્યા

તુર્કસ્તાન ૧૦ : ૧૩૩

ઈરાન ૧૧ : ૧૩૯

ઈરાક ૧૨ : ૧૪૫

ઈજિપ્ત ૧૩ : ૧૫૩

ખંડ ૩ : આફ્રિકા

રમેશ મ. ભટ્ટ

આફ્રિકી વ્યક્તિત્વ ૧૪ : ૧૬૩

આફ્રિકા – પૂર્વરંગ ૧૫ : ૧૭૫

દક્ષિણ આફ્રિકા – રંગદ્વેષી શાહીવાદ ૧૬ : ૧૮૬

અલ્જીરિયા – સશસ્ત્ર સંગ્રામનો રાહ ૧૭ : ૨૧૧

ઘાના – બંધારણીય ક્રાન્તિ છતાં ૧૮ : ૨૨૫

આફ્રિકી ક્રાન્તિ – દિશાઓ, સ્વરૂપો ૧૯ : ૨૪૧

ખંડ ૪

ભોગીલાલ ગાંધી

સામ્યવાદ – નવું પરિબળ ૨૦ : ૨૫૩

ખંડ ૫

દેવવ્રત પાઠક

ઉપસંહાર ૨૧ : ૨૯૫

પુરવણી અને સૂચિ : ૩૧૩

અરબ-ઇઝરાયલ સંઘર્ષ; ઇઝરાયલ; પુરવણી

આફ્રિકા, હિન્દીઓ અને નવો જાતિવાદ; ગિની બસાઉ; પાપુઆ ન્યૂ ગિની; મોઝામ્બિક; માયલાઈ; બિયાફ્રા; કમ્બોડિયા.

૧૯૧૪થી....

સૈનિકજીવન (પ્રથમ વિશ્વયુદ્ધ) ૦ સામ્યવાદી લેનિન ૦ ફાસીવાદી મુસોલિની ૦ નાઝી હિટલર

"All the News That's Fit to Print."

The New York Times.

THE WEATHER

VOL. LXIII NO 20,644. NEW YORK, MONDAY AUGUST 3, 1914—SIXTEEN PAGES ONE CENT

RUSSIA INVADES GERMANY; GERMANY INVADES FRANCE, BUT DOES NOT DECLARE WAR; ENGLAND'S DECISION TODAY; BELGIUM MENACED, LUXEMBURG AND SWITZERLAND INVADED; GERMAN MARKSMEN SHOOT DOWN A FRENCH AEROPLANE

ફ્રેન્ચ જનરલ ફોશ અને જર્મન પ્રધાન એર્ઝબર્ગર : સુલેહ પર સહી-સિક્કા (ફોશનું રેલવે કેરેજ, સવારના ૫, નવેમ્બર ૧૧, ૧૯૧૮)

"All the News That's Fit to Print."

The New York Times.

THE WEATHER

VOL. LXVIII ..NO. 22,204. NEW YORK, MONDAY NOVEMBER 11, 1918. TWENTY FOUR PAGES. TWO CENTS

ARMISTICE SIGNED, END OF THE WAR! BERLIN SEIZED BY REVOLUTIONISTS; NEW CHANCELLOR BEGS FOR ORDER; OUSTED KAISER FLEES TO HOLLAND

૧ : યુરોપ–વિશ્વયુદ્ધોની વચ્ચે

'શાન્તિકાળ રાષ્ટ્રો માટે આવનતિનો કાળ છે.'

– લ્યુડેનડૉર્ફ

આન્તરરાષ્ટ્રીય રાજકારણના ધોરણે ઓગણીસમી સદીનો અન્ત ૧૯૧૪માં આવ્યો. વીસમી સદીના પ્રારમ્ભકાળે ફાટી નીકળેલાં બે વિશ્વયુદ્ધોએ એવી ગતિશીલ દુનિયાનું સર્જન કર્યું છે કે જેમાં અનિશ્ચિતતા સિવાય બીજું કશું નિશ્ચિત નથી. 'ઋષિનું કુળ અને નદીનું મૂળ શોધવું નહીં' તેવી કહેવતમાં ઉમેરો કરીએ તો કોઈએ લડાઈનાં કારણ શોધવા નહીં. ભૂતકાળની પ્રદીર્ઘ પાર્શ્વભૂમિમાં અદૃષ્ટ મૂળિયાં ફેલાવીને નીપજતી લડાઈઓનાં સર્વસંમત કારણો કદી જડતાં નથી. સામ્રાજ્યલાલસા સન્તોષવા માટે બ્રિટન-ફ્રાન્સ-જર્મની જેવી મહાસત્તાઓ વચ્ચેની શસ્ત્રસજ્જતા માટેની અને જૂથો જમાવવાની હરીફાઈ, યુરોપીય રાજકારણમાં પોતાનો એકડો દાખલ કરાવવા માટે આડીઅવળી સોગઠીઓ ફેરવી રહેલા નવોદિત જર્મનીની પ્રવૃત્તિઓ; પૂર્વ યુરોપમાં રાષ્ટ્રવાદી ભાવનાના ફેલાવાને કારણે વિશિષ્ટ અસ્મિતા અનુભવતી અરસપરસ આડીઅવળી ગૂંથાઈને પથરાઈ પડેલી ભાષાકીય અને સાંસ્કૃતિક લઘુમતીઓનો આઝાદી માટેનો આક્રોશ; આ આવેશનો લાભ ઉઠાવીને બાલ્કન પ્રદેશમાં પગદંડો જમાવવા માટે રૂસી ઝારશાહીના ખટપટી કાવાદાવા; રૂસી કાવતરાખોરીથી નામશેષ બની જવાના ભયને કારણે પરસ્પરનું આર્થિક તેમ જ ધાર્મિક વૈમનસ્ય વિસારે પાડીને એકજૂથ બની ગયેલાં તુર્કી અને ઑસ્ટ્રિયા-હંગેરીનાં પરમ્પરાગત પ્રચંડ સામ્રાજ્યોની કારવાઈ — આ બધાં પરિબળોએ વિશ્વવિગ્રહ જગાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે; પણ આ બધાંની પૂરી છણાવટ અહીં અસ્થાને છે; કારણ કે આપણને યુદ્ધનાં કારણો સાથે નહીં પણ પરિણામો જોડે નિસબત છે.

જર્મની-ઑસ્ટ્રિયા-તુર્કી અને સામા પક્ષે બ્રિટન-ફ્રાન્સ-રશિયા-બેલ્જિયમ-ઇટાલી-જપાન વચ્ચેનો ભયંકર સંઘર્ષ શરૂ થયા બાદ પૂરાં અઢી વરસે જર્મનીએ મારેલા મરણતોલ ફટકાને પરિણામે રશિયાનું સડેલું તન્ત્ર તૂટી પડ્યું (માર્ચ ૧૯૧૭); પણ આ મહાવિજયનો લાભ જર્મની કે તેના મિત્રો ઉઠાવી શકયા નહીં. જર્મન સબમરીનોના બેફામ અને ખતરનાક હલ્લાઓથી વાજ આવી ગયેલું અમેરિકા અખાડામાં ઊતરી આવ્યું અને છ-આઠ માસ બાદ યુદ્ધનાં વળતાં પાણી શરૂ થયાં.

૧૯૧૮ના નવેમ્બરની અગિયારમી તારીખે આ માનવસર્જિત પ્રલયનો અન્ત આવ્યો અને યુરોપના લોકો નિરાંતનો શ્વાસ ખેંચી જખમોની મલમપટ્ટી કરવામાં પડ્યા. ખુવારીના ચોક્કસ આંકડા માંડવા માટે દુનિયા આખી વરસો સુધી ચક્કર ખાતી રહી અને છતાં છેવટ સુધી આ હિસાબનો પાકો તાળો તો મળ્યો નહીં. યુદ્ધની ભૌતિક તારાજીનો અન્દાજ આપી શકાય છે, પણ તેમાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા કરોડો લોકોએ ભોગવેલી માનસિક યાતના, સમાજજીવન

છિન્નભિન્ન થઈ જવાથી લાખો વ્યક્તિઓનાં જીવતરની કૌટુમ્બિક અને નૈતિક પાયમાલી, ચોતરફ ફાટી નીકળેલો ગુનાખોરી અને બેજવાબદારી; આદર્શો, અપેક્ષાઓ અને સંસ્કારલક્ષી ભાવનાઓનો સમૂળો ઉચ્છેદ—આ બધી અચિન્ત્ય નુકસાનીનો હિસાબ માંડવો પણ શી રીતે?

આ મહાસંહારમાં પંચાશી લાખ નવલોહિયા સૈનિકો હણાયા. ઘવાયેલાઓની સંખ્યા બે કરોડ ઉપર છે, અને તેમાં ઘણા લોકો તો અપંગ થઈને એવા રિબાયા કે પોતાનો છુટકારો કરી આપનાર મોત તેમને વધારે મીઠું લાગ્યું હોત. માલ-મિલકતની તારાજીનો પાકો કયાસ કાઢવો અશકય છે, પણ તેનો આશરે આંકડો ૨૯૪ અબજ રૂપિયા મંડાયો છે. યુદ્ધમાં વપરાયેલી સામગ્રી અને તેના વિનાશનો કુલ ખર્ચ ૧૪૯૦ અબજથી વધુ રૂપિયા જેટલો આકારવામાં આવે છે. જર્મની અને તેનાં સાથી-રાજ્યોએ સવા બે કરોડથી વધુ સૈનિકોને મેદાનમાં ઉતાર્યા, તેની સામે વિજેતાઓની સેનામાં આશરે સવા ચાર કરોડ લોકો હતા. લડાઈથી વેગળાં રહેલાં તટસ્થ રાજ્યોએ પણ સ્વ-રક્ષણની તકેદારી પાછળ ૧૪૦૦ કરોડ રૂપિયા ખર્ચવા પડયા. લશ્કરી અને બિનલશ્કરી તારાજીનો કુલ આંકડો આશરે ૨૭૦૪ અબજનો માંડવામાં આવ્યો છે. ખગોળશાસ્ત્રમાં શોભે તેવા આ ગંજાવર આંકડા માણસનું મન પૂરી રીતે પકડી શકે તેમ નથી. પણ આ રકમ આર્થિક વિકાસ પાછળ ખર્ચ-વામાં આવી હોત તો આખી દુનિયામાં આજે ગરીબીનું નામનિશાન રહ્યું ન હોત.

યુદ્ધનો કાયદેસર અન્ત આણવા માટે કરવામાં આવેલા પાંચ આન્તરરાષ્ટ્રીય કરારો, શાશ્વત વિશ્વશાન્તિનું સ્વપ્ન સિદ્ધ કરવા માટે સ્થપાયેલ રાષ્ટ્રસંઘ (લીગ ઑફ નેશન્સ) અને વિશ્વયુદ્ધની આકસ્મિક આડપેદાશ જેવી રૂસી ક્રાન્તિ—વિશ્વવિગ્રહના સમુદ્રમન્થનમાં ઉપર તરી આવેલાં આ સૌથી મહત્ત્વનાં અને દૂરગામી પરિણામો છે. શાન્તિકરારની જોગવાઈઓ અને રાષ્ટ્રસંઘ(લીગ)ના ઉદ્દેશો પરપસ્પર વિરોધી પરિબળ છે. નવસમાજના ઘડતરનું સ્વપ્ન સેવતી રૂસી ક્રાન્તિ કેવો આકાર લેશે તેનો સ્પષ્ટ ખ્યાલ કોઈને આવી શકે તેમ ન હતો.

વિશ્વ-રાજકારણની લગામ આદર્શઘેલા સ્વપ્નદ્રષ્ટાઓ નહીં પણ નક્કર સ્વાર્થસાધનામાં અક પગલું પણ ચૂકે નહીં તેવા ખંધા રાજપુરુષોના હાથમાં છે તે હકીકત શાન્તિકરારોએ સાબિત કરી આપી. અમેરિકન પ્રમુખ વિલ્સને રજૂ કરેલા ન્યાય, ઉદારતા અને સમભાવના આદર્શોનું ઉચ્ચારણ કરતા ચૌદ સિદ્ધાન્તો અભરાઈએ ચડાવીને અથવા તેનો સાનુકૂળ અર્થ ઘટાવીને લશ્કરી વિજયનો પૂરો કસ કાઢવામાં આવ્યો અને પરાજિત રાષ્ટ્રને બને તેટલાં નિચોવી કાઢવામાં આવ્યાં. જર્મનીને ચોતરફથી કાપી, કાંતરી, ખાતરીને તેના સરહદી પ્રદેશો પાડોશી રાષ્ટ્રોને સોંપાયા. આઠમા ભાગનો પ્રદેશ અને તેમાં વસતા સાઠ લાખ જર્મનો અન્ય રાષ્ટ્રોના તાબેદાર બન્યા અને તેમાંથી વીસ લાખ જેટલા લોકોને લઘુમતી તરીકે જીવવાનું થયું. સામ્રાજ્ય ગુમાવવાથી જર્મની ૨૩૩·૧ લાખ ચોરસ કિલોમીટર અને દોઢ કરોડ પ્રજાજનો ખોઈ બેઠું. તેનાં તમામ વ્યાપારી જહાજો જપ્ત કરી લેવામાં આવ્યાં. રુહર પ્રદેશનો કબજો પરદેશીઓએ લીધો. જર્મનીમા પન્દર વરસ વિદેશી સેના રાખવાનું નક્કી થયું અને તેને લાખ કરતાં વધારે માણસની સેના રાખવાની મનાઈ ફરમાવવામાં આવી. રાઈન પ્રદેશ શસ્ત્ર-વિહીન કરવામાં આવ્યો. જર્મનીમાં ઠેરઠેર બંધાયેલા કોટકિલ્લાઓ જમીનદોસ્ત થયા. વિજેતા રાષ્ટ્રોએ ભોગવેલી તારાજીના વળતર પેટે જર્મનીએ ૧૪૦ અબજ રૂપિયા ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું. જર્મનીની છઠ્ઠા ભાગની ઉત્પાદનશક્તિ હણી લેવામાં આવી હોવાથી આ ગંજાવર રકમની ચુકવણી

જર્મનીના ગજબહારનું કામ હતું. તેની વસૂલાત માટેની રામાયણ બાર વરસ ચાલી. સંખ્યાબંધ પરિષદો, મન્ત્રણાઓ અને સમ્મેલનો ભરાયાં, ડેવાઝ યોજના, યંગ યોજના, હુવર યોજના જેવા અનેક પ્રયોગો થયા. જર્મનીએ પડતાંઆખડતાં છઠ્ઠા ભાગની રકમ ચૂકવી પણ તે માટેના મરણિયા પ્રયાસોને પરિણામે તેનું અર્થતન્ત્ર કથળી પડયું અને મોંઘવારીએ માઝા મૂકી. ૧૯૨૪માં જર્મનીમાં બૂટની જોડી પાંચસો રૂપિયે વેચાતી અને કૉફીનો કપ પીવામાં ખિસ્સું ખાલી થઈ જતું. આ કાતિલ મોંઘવારીના ભયંકર ખપ્પરમાં બાંધી આવકવાળો મધ્યમ વર્ગ છૂંદાઈ ગયો અને સમાજનાં તમામ નૈતિક મૂલ્યો સળગીને સફાચટ થઈ ગયાં. ૧૯૩૩માં સત્તા પર આવેલા નાઝી પક્ષે આ દેણું ચૂકવવાનો સાફ નનૈયો ભણીને જર્મન પ્રજાનો અહોભાવ મેળવી લીધો. નાઝીવાદની ભૂતાવળ પૂરાં બાર વરસ પોતાનું તાંડવ જમાવી શકી તે આ કરારને ઘડનારા સ્વાર્થાન્ધ રાજપુરુષોના કરતૂતનું આડકતરું પરિણામ છે.

ઑસ્ટ્રિયા-હંગેરીનું મહારાજ્ય છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યું. હંગેરી, પોલૅન્ડ, ચેકો-સ્લોવાકિયા, યુગોસ્લાવિયા જેવાં રાષ્ટ્રો સ્થપાયાં. ઑસ્ટ્રિયાના દક્ષિણ પ્રદેશનો મોટો ટુકડો કાપીને ઇટાલીને સોંપી દેવામાં આવ્યો. તેનાં તમામ બન્દરો ઝૂંટવાઈ ગયાં. પરદેશમાં રોકેલી મૂડી જપ્ત કરી લેવામાં આવી. તમામ બિન-જર્મન પ્રજા ગુમાવી બેસનાર ઑસ્ટ્રિયા, પોર્ટુગલ કરતાં પણ નાનું રાજ્ય બની ગયું અને તેના પ્રભાવનો કાયમી અસ્ત થયો. હંગેરી તેમ જ બલ્ગેરિયા પાસેથી પણ પ્રદેશ પડાવી લેવામાં આવ્યા. તુર્કીના સુલતાનની ધાર્મિક તથા રાજકીય ખિલાફત નષ્ટ કરીને પશ્ચિમ એશિયાઈ પ્રદેશોનો વહીવટી કબજો બ્રિટન તથા ફ્રાન્સને સોંપાયો. 'તરુણ તુર્કો' પક્ષના અગ્રણી મુસ્તફા કમાલ પાશાએ તલવારની અણીએ તુર્કીને ઉગારી લીધું, પણ સામ્રાજ્ય તો ગયું તે ગયું જ.

આ ખુન્નસભર્યા શાન્તિકરારોના કારણે યુરોપમાં નવી યાદવાસ્થળીનાં મૂળ નંખાયાં. પરાજિત રાષ્ટ્રોને નુકસાન કરતાં નામોશી વધારે ભોગવવી પડી અને તીવ્ર યાતના ભોગવી રહેલા જર્મનીના દરેક પ્રજાજનમાં આખી દુનિયા સામે વેર વાળવાનું ઝનૂન જાગ્યું. મધ્ય યુરોપનું અર્થતન્ત્ર કથળ્યું અને તેના પરિણામે આખા યુરોપનું અને પાછળથી આખા જગતનું વ્યાપારી જીવન ડામાડોળ થઈ ગયું.

રાષ્ટ્રસંઘ

વિશ્વશાન્તિનો આદર્શ સિદ્ધ કરવા માટે, શસ્ત્રસરંજામની હોડ થામવા માટે, આન્તરરાષ્ટ્રીય પ્રશ્નોની શાન્તિમય પતાવટનું કાયમી વ્યવસ્થાતન્ત્ર ઊભું કરવા માટે અને સામૂહિક સલામતીની જોગવાઈ દ્વારા નાનકડાં રાષ્ટ્રોને નિર્ભય બનાવવા માટે પૅરિસ શાન્તિ પરિષદે રાષ્ટ્રસંઘનું બન્ધારણ ઘડી કાઢયું અને તેનો શાન્તિકરારમાં સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૨૦માં સ્થપાયેલ આ સંઘમાં આન્તરિક રાજકારણની ખટપટના કારણે અમેરિકા જોડાયું નહીં અને તેમાં જોડાવા માટે અત્યન્ત આતુરતા દાખવનાર રશિયા તરફ આભડછેટ દાખવી તેને બાકાત રાખવામાં આવ્યું.

રાષ્ટ્રસંઘના મુખ્ય મથક જિનીવામાં દર વરસે એક વખત મળતી સામાન્ય સભામાં દરેક સભાસદને સમાન હક હતા. રોજબરોજનું કામ સંભાળનાર અને મુખ્ય સત્તાકેન્દ્ર સમી લીગ કાઉન્સિલ — કારોબારી સમિતિમાં બ્રિટન, ફ્રાન્સ, ઇટાલી અને જપાન, એ ચાર મહાસત્તાઓ ઉપરાંત



"All the News That's Fit to Print."

The New York Times.

THE WEATHER

VOL. LXXII No. 24 000 ... NEW YORK, FRIDAY NOVEMBER 9 1923 TWO CENTS

BAVARIA IN REVOLT, PROCLAIMS LUDENDORFF DICTATOR; ITS MONARCHIST FORCES REPORTED MARCHING ON BERLIN; CAPITAL CRIES TREASON AND MASSES TROOPS FOR DEFENSE

BY LEDDS AVIATOR: CAPT. AMUNDSEN, ON FLIGHT TO POLE

H. S. HERSHEY GIVES $60,000,000 TRUST FOR AN ORPHANAGE

EBERT SURGEONS PEEVE: Asks Support in Crisis, When 'Crazed Persons'

BEER STARTS IN BEER HALL: Meeting Stampeded by Irruption of the Hit-

સામાન્ય સભાએ ચૂંટેલાં ચાર અન્ય રાજ્યોનો સમાવેશ થતો હતો. ઍસેમ્બ્લી અને કાઉન્સિલના તમામ નિર્ણયો સર્વાનુમતે કરવામાં આવતા હોવાથી તમામ રાજ્યોના હાથમાં નકારનો અધિકાર (વિટો) હતો. રાષ્ટ્રસંઘનું મહામન્ત્રીપદ સર એરિક ડ્રુમાન્ડે તેર વરસ (૧૯૨૦–૩૩) સંભાળ્યું અને પછીનાં ત્રણ વરસમાં તો રાષ્ટ્રસંઘ મરણપથારીએ હતો. આન્તરરાષ્ટ્રીય ઝઘડાઓની પતાવટ માટે હેગમાં સ્થપાયેલી વિશ્વ અદાલત રાષ્ટ્રસંઘે અપનાવી લીધી (૧૯૨૧). તેમાં કામ બજાવવા માટે પન્દર ન્યાયાધીશોને રાષ્ટ્રસંઘની સામાન્ય સભા નવ વરસ માટે ચૂંટી કાઢતી હતી. પક્ષકારોની સંમતિથી ખટલા ચલાવનાર આ અદાલતે આજની ઘડી સુધી અખંડ પ્રવૃત્તિ ચલાવી છે અને તેના ચુકાદા માથે ચડાવવાની કબૂલાત સંખ્યાબન્ધ રાજ્યોએ આપી છે. રૂસી ક્રાન્તિના કારણે કામગાર પ્રશ્નો તરફ સૌનું ધ્યાન ખેંચાયું હતું. મજૂર-માલિક સમ્બન્ધો અને મજૂર કલ્યાણનાં કાર્ય અંગેનાં ધારાધોરણો ઘડી કાઢનાર આન્તરરાષ્ટ્રીય મજૂર તન્ત્ર — ઇન્ટરનેશનલ લેબર ઑર્ગેનિઝેશન (આઈ. એલ. ઓ.) રાષ્ટ્રસંઘના અંગ તરીકે સ્થપાયું અને ૧૯૪૫માં યુનો(સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા)એ તેને અપનાવી લઈને તેનું સાતત્ય જાળવી રાખ્યું છે. સામ્રાજ્યો માટેના સંઘર્ષ સમા વિશ્વયુદ્ધમાં જૂનાં સામ્રાજ્યવાદી રાષ્ટ્રોનો વિજય થયો હોવાથી તેમને જરા પણ આંચ આવે નહીં તે રીતે પરાજિત રાષ્ટ્રોનાં સામ્રાજ્યોનું વિસર્જન કરવામાં આવ્યું અને તેમનાં એશિયાઈ-આફ્રિકી સંસ્થાનોનો વહીવટ સ્વાતન્ત્ર્ય-પ્રાપ્તિ માટેની તાલીમ આપવાના ઓઠા તળે બ્રિટન-ફ્રાન્સ-ઈટાલીને સોંપી દેવામાં આવ્યો. આ જવાબદારી અર્થાત્ 'મૅન્ડેટ' સંભાળનાર રાષ્ટ્રોને સિદ્ધાન્ત કરતાં સ્વાર્થમાં વધારે રસ હોવાથી ઈરાન-ના એકમાત્ર અપવાદ સિવાય બીજા કોઈ દેશને આઝાદી આપવામાં આવી નહીં.

વિશ્વશાન્તિની જાળવણી કરવી, આન્તરરાષ્ટ્રીય ઝઘડાઓનું સમાધાન કરવું અને નિ:શસ્ત્રીકરણ સાધવું એવા અત્યન્ત મહત્ત્વના અને અત્યન્ત વિકટ કાર્ય માટે રાષ્ટ્રસંઘ દ્વારા પૂરા એક દાયકા સુધી જાતજાતના અખતરા કરવામાં આવ્યા. પણ તમામ રાષ્ટ્રોની સ્વાર્થપરાયણતા અને પરસ્પર અવિશ્વાસના કારણે કશું નક્કર પરિણામ આવ્યું નહીં. રાષ્ટ્રસંઘના સભાસદોએ સામૂહિક સંરક્ષણની ભાવના કેળવવી, આક્રમણખોર સામે વ્યાપારી બહિષ્કાર, આર્થિક નાકાબંધી અને અનિવાર્ય થઈ પડે ત્યારે લશ્કરી કારવાઈ પણ કરવી, સ્વરક્ષણ સિવાય અન્ય કોઈ પણ સંજોગોમાં યુદ્ધે ચડવું નહીં અને અરસપરસ સમજૂતી સાધીને ક્રમશ: શસ્ત્રસંન્યાસ કર્યે જવો — આ બધા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે અનેક પરિષદોમાં અને સીધી રીતે, ખુલ્લા મંચ પરથી અને ખાનગી ખૂણે લાંબી અટપટી વાટા-ઘાટો ચાલી, દસ્તાવેજોનો મોટો ખડકલો તૈયાર થયો અને અનેક સન્ધિકરાર પર સહી-સિક્કાઓ



લૉકર્નો કરાર પર દસ્તખત
ઑક્ટોબર ૧૬, ૧૯૨૫

થયા. આ શાન્તિપ્રયાસોમાં લૉકર્નો કરાર (૧૯૨૫) અને કેલોગ-બ્રિયાંડ પૅક્ટ અથવા પૅરિસની સન્ધિ એ બે સૌથી મહત્ત્વનાં સીમાચિહ્નો છે. સામૂહિક સલામતી અને સધ્ધરતા માટેની સાત સન્ધિઓ પર બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઇટાલી એ ચાર યુરોપીય મહાસત્તાઓના પ્રતિનિધિઓએ લૉકર્નો(સ્વિત્ઝર્લૅન્ડ)માં એકઠા મળીને સહી કરી. પરિસ્થિતિ યથાવત્ જાળવવો. અને જોરતલબીથી કશા પ્રાદેશિક ફેરફાર કરવા નહીં તેવું જાહેર કરતા આ કરારમાં પાછળથી બીજાં રાજ્યો પણ જોડાયાં. યુરોપમાં પ્રવર્તતી તંગદિલી દૂર થઈ. ધૂંધવાટ ઘટ્યો અને અવિશ્વાસનો ઓથાર થોડો ઓછો થયો તેથી આ કરારોને 'યુદ્ધકાળનો અન્ત લાવીને શાન્તિકાળની શરૂઆત કરનારી સીમારેખા' તરીકે ઓળખવામાં આવે છે. આ કરારમાં અમેરિકાને સામેલ કરવા માટે ફ્રાન્સ ખૂબ આતુર હતું. લાંબી વાટાઘાટો બાદ પૅરિસમાં અમેરિકા અને ફ્રાન્સના વિદેશપ્રધાનો-(કેલોગ અને બ્રિયાંડે)એ યુદ્ધનો સર્વથા અને સર્વત્ર પરિત્યાગ કરવાની ઘોષણા કરી. કેવળ સિદ્ધાન્તોની આ ધર્મઘોષણામાં કોઈ રાજ્યે કશી જવાબદારી ઉઠાવવાની ન હોવાથી તમામ સાર્વભૌમ (કુલ તેસઠ) રાજ્યો તેમાં જોડાયાં. રાષ્ટ્રસંઘમાં સામૂહિક સલામતીની જોગવાઈ હોવા છતાં સભાસદ રાજ્યો પોતપોતાની સગવડ અનુસાર જૂથો રચી રહ્યાં હતાં. આવાં તમામ સંરક્ષણ-જૂથોને આવરી લેનાર સામૂહિક સંરક્ષણનો ખરડો તૈયાર કરવામાં આવ્યો ત્યારે ફ્રાન્સ સિવાય બીજું કોઈ મહા-રાજ્ય તેમાં સામેલ થયું નહીં. નિ:શસ્ત્રીકરણ અંગે સૌ વાતો કરતાં રહ્યાં. નવ મહારાષ્ટ્રોની પરિષદ વૉશિંગ્ટનમાં બોલાવીને અમેરિકાએ નૌકાદળોમાં ઘટાડો કરાવ્યો (૧૯૨૧–૨૨) પણ બીજે કશે કશું નક્કર કાર્ય કર્યું નહીં. નિ:શસ્ત્રીકરણ પરિષદ બોલાવવા માટે રાષ્ટ્રસંઘે ચાર વરસ (૧૯૨૬–૩૦) સુધી ભગીરથ પ્રયાસો કર્યા, તૈયારીઓ થઈ અને છેવટે ૧૯૩૨માં પરિષદ મળી. પણ તે વાંઝણી નીવડી, કારણ કે જર્મનીએ તેમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો, અમેરિકા-રશિયા તો રાષ્ટ્રસંઘમાં હતાં જ નહીં, ફ્રાન્સ શસ્ત્રો છોડવા તૈયાર ન હતું, જ્યારે જપાન રાષ્ટ્રસંઘમાંથી ખસી ગયું હતું.

આન્તરરાષ્ટ્રીય રાજકારણમાં કોઈ પણ રાષ્ટ્ર પોતાનો સ્વાર્થ ન હોય ત્યાં સુધી પારકી પંચાતમાં પડતું નથી. ચીન-જપાન સંઘર્ષ(૧૯૨૪–૩૧)માં રાષ્ટ્રસંઘ કશું જ કરી શકયો નહીં અને દાંડાઈ

કરી રહેલું જપાન ૧૯૩૧માં સંઘમાંથી ખસી ગયું. ઑબિસીનિયા પર આક્રમણ કરનાર ઇટાલી ૧૯૩૬માં જપાનના પગલે ચાલ્યું. હિટલરે રાષ્ટ્રસંઘની કશી તમા રાખી નહીં અને તેનાં લોહિયાળ પગલાં સામે રાષ્ટ્રસંઘનું કંઈ ચાલ્યું નહીં. સ્પેનના આન્તરવિગ્રહમાં મુસોલિની-હિટલરની ખુલ્લી દખલગીરી રાષ્ટ્રસંઘે સાંખી લેવી પડી. ૧૯૩૯માં બાલ્ટિક કિનારાનાં રાજ્યોને ચૂંથીને રશિયાએ ફિન-લૅન્ડને ફટકો માર્યો ત્યારે પણ રાષ્ટ્રસંઘે મૌન સેવ્યું. છેવટે ૧૯૩૯ની અધવચ્ચે યુરોપની ક્ષિતિજે યુદ્ધનાં ભેંકાર ઓળા ઊતરવા લાગ્યા હતા ત્યારે રાષ્ટ્રસંઘ ચુપચાપ ઓગળી ગયો. માનવજાતની સૌથી મોટી અને સૌથી જૂની સમસ્યા—યુદ્ધ—ને ઉકેલવામાં રાષ્ટ્રસંઘને મળેલી નિષ્ફળતા બહુ દુ:ખ-દાયી નથી; કારણ કે સમસ્યા જ અતિવિકટ છે. પણ આન્તરરાષ્ટ્રીય ખટપટોનું નિવારણ કરવા માટે સ્થપાયેલો આ રાષ્ટ્રસંઘ જાતે જ આવી ખટપટોનું સાધન બન્યો તે સૌથી વધારે દારુણ અને કરુણ હકીકત છે.

રશિયા

રૂસી ક્રાન્તિ વીસમી સદીનો શકવર્તી બનાવ છે. ચંઘીઝખાને સ્થાપેલું અને જપાનથી હંગેરી સુધી પથરાઈને પડેલું વિરાટકાય મોંગોલ સામ્રાજ્ય પડી ભાંગ્યું ત્યારે તેના બે ટુકડા થયા તે ચીન અને રશિયા. આર્થિક, શૈક્ષણિક, સામાજિક, રાજકીય એમ બધી રીતે યુરોપભરમાં સૌથી પછાત એવા રશિયાનો છેલ્લો સમ્રાટ (ઝાર) નિકોલસ ૧૮૯૨માં ગાદીએ બેઠો. આ માયકાંગલા ઝારને ચાર દીકરી પર દીકરો આવ્યો (૧૯૦૪) તે હેમોફિલિયા(રક્તઝરણ)નો રોગી હતો. દવા-દારૂ નકામાં નીવડ્યા બાદ ભૂવાજતિનો આશરો લેનાર ઝારકુટુમ્બ ગ્રેગરી રાસ્પુતિન નામના અર્ધ-પાગલ અને પૂરા શેતાનની ચુંગાલમાં ફસાઈ પડ્યું. રશિયામાં લોકશાહીનું નામનિશાન ન હતું. કાવતરાંખોરોની ખુનામરકી અને ધાંધલને કચડી નાખવા માટે અક્કલહીણા ઝારે બેફામ જુલમખોરી ચલાવી. ૧૮૯૩થી લેનિને મજૂરવર્ગમાં માર્કર્સવાદી વિચારસરણી પ્રસરાવવા માંડી. ૧૮૯૮માં સ્થપા-યેલા સોશિયલ ડેમોક્રેટિક પક્ષમાં ભંગાણ પડ્યું ત્યારે બહુમતી (બૉલ્શેવિક) જૂથ લેનિનના પડખે રહ્યું. દુષ્કાળ, ભ્રષ્ટાચાર અને વહીવટી અન્ધાધૂંધીમાં ભીંસાઈ રહેલું રશિયા જપાન સામે નાક કપાવીને હાર્યું (૧૯૦૫) ત્યારે દેશભરમાં હડતાળો, તોફાનો અને ખુનામરકીનો જુવાળ ચડ્યો. ઝારને અરજ ગુજારવા ઊમટેલાં ટોળાં પર કરવામાં આવેલા ઘાતકી ગોળીબારમાં સેંકડો મર્યા અને હજારો ઘવાયા (જાન્યુઆરી ૧૯૦૫). આ બનાવોથી ગભરાઈ ઊઠેલા ઝારે લોકશાહીના પ્રથમ પગથિયારૂપ પાર્લા-મેન્ટ (દુમા) સ્થાપી પણ ક્રાન્તિનો જુવાળ શમી ગયા બાદ ધીમે ધીમે તેને માત્ર શોભાના ગાંઠિયા જેવી બનાવી દીધી.

વિશ્વયુદ્ધમાં રશિયાએ પન્દર લાખની સેના ઉતારી, પણ ચોમેર અવ્યવસ્થાનું જોર જામ્યું હતું. ઝાર તો માત્ર રમકડું હતો અને ખરી સત્તા રાસ્પુતિનના હાથમાં હતી. ઊંડે સુધી ગયેલા જર્મનોએ ઉપરાછાપરી મારેલા ફટકાઓને પરિણામે હતાશા, ભૂખમરા અને ઠંડીથી ઠીંગરાઈ ગયેલા રશિયામાં ઠેરઠેર રોટી માટેનાં રમખાણો ફાટી નીકળ્યાં (માર્ચ ૧૯૧૭), લશ્કર લોકો જોડે મળી ગયું, ઝારે ગાદીત્યાગ કર્યો. કેરેન્સ્કીની નવી સ્થપાયેલી સરકારે લડાઈ ચાલુ રાખી ત્યારે યુદ્ધના ઉગ્ર વિરોધી બૉલ્શેવિક પક્ષના અગ્રણી લેનિને તેની સામે 'શાન્તિ અને રોટી' એવા સૂત્ર સાથે ઉગ્ર જેહાદ જગાવી. ઑક્ટોબર (૧૯૧૭) ક્રાન્તિના પરિણામે સર્વસત્તાધીશ બનેલા લેનિને રૂસી સમાજની સમ્પૂર્ણ

કાયાપલટ કરી નાખે તેવી સમૂળી ક્રાન્તિની દિશામાં ઝડપભેર મક્કમ પગલાં ભરવા માંડ્યાં. જર્મની જોડે બ્રેસ્ટલિતોવ્સ્કના કરાર (માર્ચ ૧૯૧૮) કરીને તેણે બાલ્કન પ્રદેશ પરથી તમામ રૂસી હકદાવા ઉઠાવી લીધા, યુક્રેન, જાર્જિયા, ફિનલૅન્ડને મુક્તિ આપવામાં આવી, જર્મનીએ પોલૅન્ડ, ઈસ્તોનિયા, લેટેવિયા, લિથ્યુનિયા પડાવી લીધાં. રશિયાએ ૩૧.૦૮ લાખ ચોરસ કિલોમીટર પ્રદેશ અને છ કરોડ પ્રજાજનો ગુમાવ્યા. રાષ્ટ્રના નવસર્જન માટે આ 'અશ્લીલ' સન્ધિ સ્વીકારી લઈને લેનિને 'પ્રદેશના સાટામાં સમય ખરીદી લીધો.' રૂસી કચેરીએ તમામ ગુપ્ત દસ્તાવેજો બહાર પાડી દીધા અને ઝારના વખતનું પરદેશી દેવું ચૂકવવાનો સાફ ઈનકાર કર્યો. વિશ્વયુદ્ધ પૂરું થયા પછી પણ બ્રિટન અને ફ્રાન્સની મદદ લઈ પોલૅન્ડે રશિયા પર ચડાઈ કરીને તેનો કેટલોક પ્રદેશ પડાવી લીધો (૧૯૨૧).

રશિયામાં ચોતરફ અન્ધાધૂંધી ફેલાયેલી હતી અને ઠેકઠેકાણે બળવાખોરી અને આન્તરવિગ્રહની આગ ભભૂકતી હતી. લેનિને સખત હાથે કામ લીધું, જાસૂસી તન્ત્ર સર્વવ્યાપી બનાવવામાં આવ્યું. ત્રૉત્સ્કીએ ઊભી કરેલી ક્રાન્તિસેનાએ ટ્રૂઢિચુસ્તો અને પરદેશીઓના ટેકાથી લડી રહેલાં વિવિધ વિદ્રોહી જૂથોને બેરહમીથી રહેંસી નાખ્યાં. ખેડૂતોને જમીન અને મજૂરોને કારખાનાં સોંપી દેવામાં આવ્યાં. તમામ ઉદ્યોગો અને વ્યાપારધંધાનું રાષ્ટ્રીયકરણ થયું પણ તેના વળતર પેટે માલિકોને એક પણ પાઈ ચૂકવવામાં આવી નહીં. મિલકતનો વારસો આપવો ગેરકાયદેસર ઠર્યો, રાજ્ય બિનસામ્પ્રદાયિક બન્યું. અને ન્યાયકાર્ય લોકપંચાયતોને સોંપાયું. તમામ કરવેરા નાબૂદ કરીને અનાજની મફત વહેંચણી શરૂ કરવામાં આવી, ટપાલ અને વાહનવહેવાર ફ્રોગટિયાં બન્યાં, ઘરભાડું નાબૂદ થયું અને લગ્ન-પ્રથામાં થયેલા જબરદસ્ત ફેરફારોથી સ્ત્રીઓને સમ્પૂર્ણ સ્વાધીનતા પ્રાપ્ત થઈ.

આ પ્રયોગ કંઈ લાંબો ચાલ્યો નહીં. ૧૯૨૧માં 'નવી આર્થિક નીતિ' (ન્યૂ ઈકનૉમિક પૉલિસી – એન. ઈ. પી.) અપનાવી લેવામાં આવી અને અર્થતન્ત્રમાં મોકાના સ્થાન પર કબજો જમાવીને બાકીનું બધું છોડી દેવામાં આવ્યું. જબરદસ્ત કારખાનાં અને વિશાળ ખેતરો સ્થાપવામાં આવ્યાં અને વધારેમાં વધારે કાર્ય બજાવવું તેને ક્રાન્તિકારોની ફરજ સમજવામાં આવી. ધીમે ધીમે આર્થિક માળખું સ્થિર થવા લાગ્યું અને ૧૯૨૭ સુધીમાં સમાજવાદી અર્થવ્યવસ્થા અને આપખુદ રાજકીય તન્ત્રની જડ રશિયામાં જામી ગઈ.

રૂસી ક્રાન્તિથી નુકસાની ભોગવતાં અને ભયભીત થયેલાં યુરોપીય મૂડીવાદી રાષ્ટ્રોએ રશિયાને અછૂત ગણીને હડધૂત કરવા માંડ્યું. પણ જગતના ઉદ્દામવાદીઓ અને રાષ્ટ્રવાદીઓમાં રશિયા આદર-પાત્ર બન્યું. 'પૅરિસ પહોંચવાનો રૂસી રાજમાર્ગ પેકિંગ અને કલકત્તા થઈને જાય છે' તેવું સમજ-નાર લેનિને યુરોપને સીધું કરવા એશિયામાં પગ જમાવ્યો. તેણે ઈરાનનું દેવું માફ કર્યું. તુર્કી અને અફઘાનિસ્તાન જોડે દોસ્તી બાંધી. જપાનની ધાકથી દુનિયા આખીમાં જેની બાંય પકડવા કોઈ તૈયાર ન હતું તેવા ચીની લોકનેતા સુન યાત-સેનના સાથી બનીને રશિયાએ ચીની રાષ્ટ્રવાદી પક્ષ-(કૉમિન્ટાંગ)ની પુનઃરચના કરવામાં, ચાંગ કાઈ-શેકને લશ્કરી તાલીમ આપવામાં અને વામ્પોઆ લશ્કરી અકાદમી ઊભી કરવામાં ઉદાર મદદ આપીને ચીની પ્રજાનું દિલ જીતી લીધું (૧૯૨૨–૨૪). ક્રાન્તિકારી પ્રવૃત્તિઓને સર્વત્ર ઉત્તેજન આપવાનું ખુલ્લંખુલ્લા જાહેર કરીને રશિયાએ તમામ મૂડીવાદી સરકારોનું શત્રુત્વ અને તમામ પદદલિત પ્રજાના આદરભાવ પ્રાપ્ત કરી લીધાં. એમ કહેવાય છે કે ૧૯૨૮માં દુનિયાનો હરકોઈ બુદ્ધિશાળી અને લોકનિષ્ઠ માનવી અડધોપડધો સામ્યવાદી હતો.

ગોળીબારના હુમલામાંથી લેનિન બચ્યો (૧૯૧૮), પણ તેની તબિયત લથડી રહી હતી. અવાર-નવાર પક્ષઘાતના હુમલા થવા લાગ્યા અને ૧૯૨૪માં તેનું અવસાન થયું. ઠંડીનો પારો શૂન્યથી પણ નીચે ઊતરી ગયો હોવા છતાં લેનિનને આખરી સલામી આપવા દેશપરદેશના પંચોતેર લાખ માણસો દિવસરાત કતાર લગાડીને ઊભા રહ્યા એ તેની લોકપ્રિયતાનો પુરાવો છે. હતાશા અને અન્ધાધૂંધીની ગર્તામાંથી રશિયાને બેઠું કરીને નવસમાજની દિશામાં ચાલતું કરનાર અને જગતને ઉચ્ચતર સમાજ-વ્યવસ્થાની ઝાંખી કરાવનાર લેનિન વિશ્વની સર્વોચ્ચ વિભૂતિઓમાં સન્માન્ય સ્થાન ભોગવે છે.

લેનિનના મરણ પછી ત્રણ દાયકા સુધી રશિયામાં એકહથ્થુ સર્વોચ્ચ સત્તા ભોગવનાર સ્તાલિન-ની શક્તિ કે દેશભક્તિ વિશે બેમત નથી. પણ તેની નિષ્ઠુરતા, તોછડાઈ, સત્તાલાલસા અને લોહી-તરસ્યું ગાંડપણ પણ હવે જગજાહેર છે. છતાં રશિયાના ઘડતરમાં તેણે નોંધાવેલા ફાળો અભૂતપૂર્વ છે. રશિયાનું રાજકીય અને વહીવટી ઘડતર, સમાજવાદી સમાજરચનાનું નક્કર વ્યવહારુ સ્વરૂપ અને આર્થિક તેમ જ લશ્કરી ક્ષેત્રે રશિયાએ સાધેલો અકલ્પ્ય વિકાસ તે સ્તાલિનની અવિસ્મરણીય સિદ્ધિઓ છે. ૧૯૧૭માં બૉલ્શેવિક પક્ષની સર્વોચ્ચ કારોબારી પૉલિટબ્યુરોના સાત સભાસદોમાં તેનો સમાવેશ થયો હતો. ૧૯૨૨માં સ્તાલિન પક્ષનો મહામન્ત્રી બન્યો અને વીસ વરસ સુધી સતત આ સ્થાને બેસીને તેણે સત્તાની લગામ સંભાળી. પોતાના મુખ્ય હરીફ ત્રૉત્સ્કીને હાંકી કાઢ્યા બાદ તેણે તેનું ખૂન કરાવ્યું (૧૯૩૨) અને લગભગ તમામ ક્રાન્તિકારી સાથીઓની વીણી વીણીને હત્યા કરાવી (૧૯૩૫–૩૬). દેશના આર્થિક વિકાસ માટે પંચવર્ષીય આયોજનનાં ખ્યાલ ઘડી કાઢીને તેણે આ યોજનાઓનો અત્યન્ત સખતાઈથી અમલ કર્યો અને માત્ર દસ વરસ(૧૯૨૮–૧૯૩૮)માં રશિયાને મહાસત્તાઓની હરોળમાં બેસાડ્યું. વિશ્વક્રાન્તિનો પોપટપાઠ ભણવા છતાં સ્તાલિને દુનિયા-ભરના સામ્યવાદી પક્ષો અને ઉદ્દામવાદીઓનો રૂસી વિદેશનીતિનાં પ્યાદાં તરીકે જ ઉપયોગ કર્યો. મૂડીવાદી મહાસત્તાઓ જોડે સમ્બન્ધ બાંધવા અને રાષ્ટ્રસંઘના સભાસદ બનવા માટે અનેક ફાંફાં માર્યા બાદ છેક ૧૯૩૪–૩૫માં રશિયાને સફળતા મળી. નાઝી આક્રમણખોરીથી મૂડીવાદી રાષ્ટ્રો વાજ આવી ગયાં હતાં : પણ પ્રબળ બનેલું જર્મની સામ્યવાદને સાફ કરી નાખશે, અથવા કંઈ નહીં તો રશિયાને ખાળી રાખશે તેવી ગણતરીએ તેઓ તેનાં તોફાન ચુપચાપ સહન કરી રહ્યાં હતાં, કારણ કે નાઝી-વાદ કરતાં સામ્યવાદથી તેઓ વધારે ગભરાતા હતા. હિટલરના આક્રમણનો ભોગ બનેલા ચેકો-સ્લોવાકિયાની કટોકટી (૧૯૩૮) વખતે મદદરૂપ બનવાની રૂસી દરખાસ્ત પર કોઈએ ધ્યાન આપ્યું નહીં; કારણ કે એ બહાને બાલ્કન પ્રદેશમાં ઘૂસવાની તેની દાનત સૌ જાણતા હતા. છેવટે પોતાના કટ્ટર દુશ્મન ફાસીવાદી જર્મની જોડે મૈત્રીકરાર કરીને વીસ-બાવીસ વરસ અગાઉ પોતે ગુમાવેલા પ્રદેશ ફરી પાછો હડપ કરી લેવાની ભૂમિકા રશિયાએ બાંધી લીધી.

જર્મની

યુરોપના અધિપતિ થવા જતાં પરાજયની ખાઈમાં ગબડી પડેલા જર્મનીની હાલાકીનો પાર ન હતો. ૧૯૧૮માં જર્મન પ્રજા તૂટી પડી, નૌકાદળમાં બળવો થયો, કૈસર જર્મની છોડીને ભાગ્યો અને લશ્કરે હથિયાર હેઠાં મૂકયાં. ઉગ્ર અસન્તોષ હોવા છતાં સ્વીકારી લેવા પડેલા વર્સાઈના કરારની નામોશીનું કલંક ભૂંસી નાખવા પ્રત્યેક જર્મને પોતાના મનમાં ગાંઠ વાળી અને લડાઈ પછીના દાયકાના અનુભવે આ વૈરાગ્નિ વધારે ભભૂકી ઊઠ્યો.

હિટલર અને સાથીઓ : હિમલર (આગલી હરોળમાં ડાબેથી પહેલો), હિટલર (તે પછી એક છોડીને) ગોરિંગ (છેક છેડે), ગોબેલ્સ (હિટલરના ખભા પાછળ)

૧૯૧૮ : માજી કૉર્પોરલ હિટલર દ્વારા જર્મન રાષ્ટ્રવાદી સમાજવાદી મજદૂર પક્ષ(નાઝી પાર્ટી)ની સ્થાપના. **જાન્યુઆરી ૧૯૩૩ :** હિટલર જર્મનીના ચાન્સેલર પદે આરૂઢ. **૧૯૩૬ :** રોમ-બર્લિન ધરી; રાઇનલેન્ડ પર પુનઃ જર્મન અધિકાર અને એનું પુનઃ શસ્ત્રીકરણ; જર્મન સજ્જતા માટેની ચતુર્વર્ષીય યોજનાનાં ગોરિંગની દોરવણી હેઠળ મંડાણ. **ઑક્ટોબર ૧૯૩૭ :** ચેકોસ્લોવાકિયામાં સુડેટન જર્મન હિલચાલની શરૂઆત. **માર્ચ ૧૯૩૮ :** ઑસ્ટ્રિયા પર જર્મન આક્રમણ અને અધિકાર. **સપ્ટેમ્બર ૧૯૩૮ :** મ્યુનિખ સમજૂતી–હિટલરનું તુષ્ટીકરણ. **માર્ચ ૧૯૩૯ :** ચેકોસ્લોવાકિયા પર જર્મન અધિકાર. **ઑગસ્ટ ૧૯૩૯ :** નાઝી સોવિયેત બિન-આક્રમણ કરાર. **સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ :** પોલેન્ડ પર જર્મન આક્રમણ.

જર્મન પ્રજાસત્તાકની સ્થાપના થઈ, લોકશાહી બન્ધારણ ઘડાયું (૧૯૧૯), પણ અર્થતન્ત્ર ડામાડોળ હતું અને દેશભરમાં ચોતરફ હડતાળો, તોફાનોનો પવન ફૂંકાઈ રહ્યો હતો. મજૂર આગેવાનો—સમાજવાદીઓ, સામ્યવાદીઓ અને રૂઢિચુસ્તોનો ટેકો લેનાર રાષ્ટ્રવાદીઓ લોકશાહી તન્ત્રને ઉથલાવવા સતત પ્રયાસ કરી રહ્યા હતા. પ્રજાસત્તાક જેમતેમ ટકી રહ્યું: પણ મધ્યમ વર્ગના લોકો વ્યર્થ તોફાનો અને ક્રાન્તિ અંગેની બાંગોથી કંટાળી ગયા, પ્રજાને પ્રેરણા આપી શકે અને કટોકટી સામે લડવા માટે ઊભી કરી શકે તેવી નૈતિક અથવા બૌદ્ધિક શક્તિ ધરાવતો કોઈ લોકશાહીવાદી નેતા આ દોઢ દાયકા દરમ્યાન જોવા ન મળ્યો. ૧૯૨૦થી ૧૯૩૩ સુધીમાં આઠ આઠ વખત ચૂંટણીઓ યોજવી પડી તે રાજકીય અસ્થિરતાનો આંક દર્શાવે છે. વાજબી માગણીઓને ઠોકરે મારીને વિજેતાઓએ જર્મનીનાં આત્યન્તિક પરિબળોને પોષણ આપ્યું અને વર્સાઈના ઝેરી બીજમાંથી નાઝીવાદનું વિષફળ પાકયું. યુદ્ધનું દેવું ચૂકવવા માટેની પ્રજાસત્તાકની પ્રામાણિક મથામણને પરિણામે જર્મન અર્થતન્ત્રનું સત્યાનાશ વળી ગયું અને જર્મન પ્રજાને ભયંકર ત્રાસ ભોગવવો પડયો. આ કાળે ઉદારતા દાખવીને વિજેતા રાષ્ટ્રોએ થોડી રાહત આપી હોત તો કદાચ જર્મનીમાં લોકશાહી વધારે દૃઢ થઈ હોત. ફ્રાન્સની જોહુકમી સામે રુહરની પ્રજાના શાન્ત સત્યાગ્રહને જર્મન સરકારે ટેકો આપ્યો. વિખૂટા પડેલા જર્મન બાન્ધવો અને પ્રદેશો પાછા મેળવવા તે જર્મનીનો પ્રાણપ્રશ્ન બન્યો અને શસ્ત્રબળના પ્રયોગ સિવાય તેનો બીજો ઉકેલ નથી તેવું તમામ જર્મનો ચુસ્તપણે માનતા થયા.

ત્રીસેક વરસનો એડોલ્ફ હિટલર આ કાળે ભૂખમરો ભોગવતો ભોગવતો ક્રાન્તિના પાઠ ભણી રહ્યો હતો. તે જર્મન કામગાર પક્ષનો નેતા બની ગયો. ૧૯૨૦માં આ પક્ષનું નામ બદલીને 'રાષ્ટ્રીય સમાજવાદી' (નાઝી) પક્ષ રાખવામાં આવ્યું. ઉદ્દામ સમાજવાદી કાર્યક્રમ અને ઉગ્રપન્થી રાષ્ટ્રવાદના આદર્શ સમ્મિલિત કરી લેનાર આ પક્ષે જબરદસ્ત ઝુમ્બેશ ઉપાડી. દેશની પીઠમાં ખંજર હુલાવનાર યહૂદીઓ અને રાષ્ટ્રદ્રોહી સામ્યવાદીઓનાં કારસ્તાનથી જ જર્મની હાર્યું અને પાયમાલ થયું તેવી પોતાની દૃઢ માન્યતા હિટલરે અદ્‌ભુત વકતૃત્વશક્તિના જોરે ચોમેર ફેલાવી. યહૂદીઓનો નાશ, સામ્યવાદીઓની સફાઈ અને વર્સાઈ કરાર પાળવાનો સાફ નકાર—એ નાઝી કાર્યક્રમના મુખ્ય મુદ્દાઓ હતા. પ્રચાર અને ગુંડાગીરીનો જોડાજોડ ઉપયોગ કરીને હિટલરે ખૂબ જોર જમાવ્યું. ૧૯૩૨-ની આખરમાં તેણે ઉઠાવેલો બળવો નિષ્ફળ ગયો અને તેને પાંચ વરસની સજા થઈ. પણ આઠ-દસ માસમાં જ તેનો છુટકારો થયો. હિટલરે અખૂટ ધીરજ અને અપ્રતિમ કુશળતાથી નાઝી પક્ષનું એવું સંગઠન કર્યું કે ૧૯૩૦ની ચૂંટણીમાં નાઝી પક્ષ ઝળકી ઊઠયો. ૧૯૩૩માં હિટલર જર્મનીનો વડો પ્રધાન—ચાન્સેલર—નિમાયો. રિશ્ટાગના મકાનને લગાડવામાં આવેલી આગનો દોષ સામ્યવાદીઓના શિરે ઢોળી દઈને હિટલરે તેમના આગેવાનોને જેલભેગા કરી દીધા અને તોફાનો, હુલ્લડોનો ભય બતાવીને કટોકટીમાં કાયદા ઘડવાની એકહથ્થુ સત્તા મેળવી લીધી. વિરોધ પક્ષોને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યા અને પ્રજાસત્તાક રગદોળીને હિટલર સર્વોચ્ચ નેતા—ફ્યુરર—થઈ બેઠો. તેણે ઉદ્યોગોને ઉત્તેજન આપ્યું, બેકારી નામશેષ કરી, રાષ્ટ્રીય આવકમાં જબરદસ્ત ઉમેરો કર્યો અને જર્મનીમાં સર્વત્ર આબાદી દેખાવા લાગી.

સત્તા પર આવ્યા બાદ એક ક્ષણ પણ ગુમાવ્યા વગર હિટલરે શસ્ત્રસજ્જ થવા માટે દોટ મૂકી. વર્સાઈની સન્ધિ તેણે ફગાવી દીધી, નિ:શસ્ત્રીકરણ પરિષદમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો,

કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં યહૂદીઓ



'હું ભગવાન ઈશુને કામે જ યહૂદી સામેની લડત ચલાવી રહ્યો છું' (એક નાઝી સૂત્ર).

જર્મની રાષ્ટ્રસંઘમાંથી ખસી ગયું (૧૯૩૩), લશ્કર પાંચગણું કરવામાં આવ્યું (૧૯૩૪), લશ્કરી તાલીમ ફરજિયાત બનાવીને હિટલરે વીસ લાખની સેના અને યુરોપભરમાં સૌથી મોટું અને સૌથી અદ્યતન વિમાનીદળ ઊભું કર્યું (૧૯૩૮). ફ્રાન્સ અને રશિયા વચ્ચેની સન્ધિ(૧૯૩૫)ના પરિણામે લૉકર્નો કરાર વ્યર્થ બન્યો હોવાનું જાહેર કરીને શાન્તિ અને સમાધાનની વાતો કરતાં કરતાં રાઈન પ્રદેશનું લશ્કરીકરણ કરી નાખ્યું (૧૯૩૬), ઈટાલીના મુસોલિની જોડે દોસ્તી બાંધી (૧૯૩૬), પોતાના ટેકેદાર સેનાપતિ ફ્રાન્કોને સ્પેનમાં સત્તાધીશ બનાવ્યો અને જપાન જોડે સામ્યવાદ વિરોધી કરાર કરીને સત્તાની ધરીનું ઘડતર કર્યું (૧૯૩૮). બ્રિટન અને ફ્રાન્સ સામ્યવાદ તથા નાઝીવાદ એ બન્નેથી ગભરાતાં હતાં, પણ બેમાંથી કયો દુશ્મન વધારે ખતરનાક છે તે સમ્બન્ધે તેમની વચ્ચે મતભેદ હતો. પોતાની સરહદે આવેલું જર્મની શક્તિશાળી બને તેથી ફ્રાન્સને ઘણી ગભરામણ થતી હતી, પણ સામ્યવાદ સામે સર્વાંગી જેહાદ ઉઠાવવાની બાંગ પોકારતા જર્મની પ્રત્યે બ્રિટનને ઘણી કૂણી લાગણી હતી. વળી આ બન્ને રાષ્ટ્રોમાં લોકશાહી પ્રત્યેની નિષ્ઠા કરતાં મૂડીવાદી ભાવના ઘણી વધારે પ્રબળ હતી તેનો હિટલરે પૂરો લાભ ઉઠાવ્યો.

હિટલરનું ખરું સ્વરૂપ ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યું. સમસ્ત જર્મન પ્રજા ફરી પાછી રાષ્ટ્ર-રૂપે સંગઠિત થાય, ઘરના ઘાતકી અને રાષ્ટ્રદ્રોહી યહૂદીઓને ઠાર મારવામાં આવે, રૂસી ખાંધિયા સમા સામ્યવાદીઓને સાફ કરી નાખવામાં આવે તો માનવશ્રેષ્ઠ આર્ય — જર્મન — પ્રજા જગતનું આધિપત્ય સહેજે પ્રાપ્ત કરે અને જરૂરી મોકળાશ (લિબેનસ્રોમ) જેટલો પ્રદેશ સહેજે પ્રાપ્ત કરે તેવો ઉગ્ર અને ઝેરી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો હતો. યહૂદીઓના હકો અને માલમિલકત છીનવી લેવામાં આવ્યાં. ઘણા નાસી છૂટયા પણ બાકી રહ્યા તેમની ઠંડે કલેજે, વ્યવસ્થિત પદ્ધતિએ અને વૈજ્ઞાનિક સાધનસામગ્રી દ્વારા જે અમાનુષી કતલ ચલાવવામાં આવી તેના જેવી ક્રૂરતાનો બીજો કોઈ નમૂનો માનવઇતિહાસના લોહીનીંગળતા ચોપડે પણ નોંધાયો નથી. દુનિયા આખીમાં ખળભળાટ થઈ રહ્યો. લોહીતરસ્યા હિટલરને છૂટો મૂકવામાં આવશે તો યુરોપમાં ફરી વખત લોહીની

ચેમ્બરલેન અને મુસોલિની : મ્યુનિખ

નદીઓ ધોધમાર વહેશે તેવી ચેતવણી જાણકારોએ ઉચ્ચારી; પણ દોર હાથમાંથી છૂટી ગયો હતો. લોકશાહી રાષ્ટ્રો લશ્કરી સજાવટમાં પાછળ પડી ગયાં હતાં. સામ્યવાદી ભૂતાવળથી ગભરાતાં મૂડીવાદી રાષ્ટ્રોએ હિટલરને પમ્પાળવાનું ચાલુ જ રાખ્યું અને જર્મનીના આંતરિક પ્રશ્નોમાં દખલગીરી કરી શકાય નહીં તેવા બહાના તળે ચુપચાપ તાસીરો જોયા કીધો.

જર્મનીનો આન્તરિક પ્રશ્ન આંખના પલકારામાં આન્તરરાષ્ટ્રીય પ્રશ્ન બની ગયો. ટચૂકડું ઑસ્ટ્રિયા વડા પ્રધાન ડોલ્ફિયુસના ખૂન (૧૯૩૪) પછી જર્મનીની શેહ તળે જીવતું હતું. ૧૯૩૮ના માર્ચમાં જર્મન સેના ઑસ્ટ્રિયામાં ઘૂસી ગઈ. ૧૯૧૮માં સ્થપાયેલું ચેકોસ્લોવાકિયા સંખ્યાબન્ધ ભાષાકીય અને કોમી લઘુમતીઓથી ઊભરાતું હતું અને તેની રાષ્ટ્રીય એકાત્મતાનું નામનિશાન ન હતું. જર્મન અસ્મિતાની ખુમારી ઉગ્ર બનવા લાગી ત્યારે સુડેટનવાસી જર્મનોએ હિટલરની ચડવણી અને ટેકાથી પ્રાદેશિક સ્વાયત્તતા સિદ્ધ કરી લીધી. ૧૯૩૮માં આ સુડેટન જર્મનોએ જર્મનીમાં ભળી જવાની બાંગ પોકારી અને હિટલરે તેમને આવકાર આપ્યો. ચેકોસ્લોવાકિયાને ભાંગી નાખીને બાલ્કન પ્રદેશની સમતુલા ખોરવી નાખનારી આ માગણીને કારણે યુરોપ કટોકટીને આરે આવી ઊભું (સપ્ટેમ્બર ૧૯૩૮). સામે હિટલરની સેના હુંકાર ભણવા લાગી. બ્રિટન-ફ્રાન્સ આ ફેરફારના ઉગ્ર વિરોધી હોવા છતાં તાબડતોબ યુદ્ધમાં ઝમ્પલાવી શકે તેટલા સજ્જ ન હતા. વાટાઘાટો ચાલી. મ્યુનિખમાં મહાસત્તાઓ વચ્ચે ચેકોસ્લોવાકિયાને વધેરી નાખવાની સમજૂતી થઈ. 'આખરી માગણી' રૂપે સુડેટન પ્રદેશ જર્મનીને સોંપાયો અને કાયમી શાન્તિ તથા સ્થિરતા જાળવવાનું હિટલરે વચન આપ્યું. પણ તાબડતોબ આગળ ધૂસીને તેણે બોહેમિયા અને મોરેવિયાના પ્રાન્તો પણ કબજે કરી લીધા (માર્ચ ૧૯૩૯). પોલેન્ડ અને હંગેરી બાકીનો પ્રદેશ પચાવી બેઠા. ચેકોસ્લોવાકિયા નકશામાંથી ભૂંસાઈ ગયું.

'આખરી માગણી' સન્તોષાઈ કે તરત જ હિટલરે નવી માગણી રજૂ કરી. પોલેન્ડના જર્મન બહુમતી ધરાવતા સ્વાયત્ત શહેર ડાન્ઝીગનો કબજો અને ત્યાં પહોંચવા માટે પોલેન્ડને ચીરતી પ્રદેશ-પટ્ટી (કૉરિડોર) માગ્યાં. હિટલરની ચીલઝડપથી ચોંકી ઊઠેલા બ્રિટન-ફ્રાન્સે પોલેન્ડને પ્રાદેશિક સુરક્ષાનું વચન આપ્યું અને રશિયા જોડે મૈત્રીકરારની વાટાઘાટો શરૂ કરી (૧૯૩૯). પોલેન્ડના પૂર્વ પ્રદેશ સોંપી દેવાની રૂસી માગણી તેમનાથી સન્તોષી શકાય તેમ ન હતું. કારણ કે પછી તો પોલેન્ડની

ચેમ્બરલેન : મ્યુનિખ તુષ્ટીકરણ પછી પાછા ફરતાં

રક્ષા કરવાપણું રહેતું ન હતું. પોલેન્ડ ઉપરાંત આખા બાલ્કન પ્રદેશ અને બાલ્ટિક કાંઠાના વિસ્તારમાં છૂટો દોર આપવાની લાલચ દેખાડીને હિટલરે રશિયા જોડે મૈત્રીકરાર કરી લીધા અને તરત જ પોલેન્ડ પર હલ્લો કર્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું (સપ્ટેમ્બર ૧૯૩૯).

ઇટાલી

વિજેતા રાષ્ટ્રોનું સાથી હોવા છતાં લૂંટમાં મળેલા ભાગના પ્રમાણ બાબત નારાજ ઈટાલી અસ્થિર, નિર્બળ, ભ્રષ્ટ સરકારોની પરંપરાથી પીડાઈ રહ્યું હતું. ઓજસ્વી અને આગેવાન પત્રકાર બેનિટો મુસોલિનીએ પુરાતન રોમન સામ્રાજ્યની યાદ તાજી કરાવે તેવા સમૃદ્ધ, સમર્થ અને સશક્ત ઈટાલીનું નવનિર્માણ કરે એવી ઉગ્ર રાષ્ટ્રભક્ત વિચારધારા — ફાસીવાદ —નું ઘડતર કર્યું અને રાષ્ટ્રવાદી 'ફાસીવાદી પક્ષ' સ્થાપ્યો. વિરોધીઓને ગાળ દેવા માટે વપરાતી 'ફાસીવાદી' સંજ્ઞા રાજકીય શબ્દકોશમાં અશ્લીલ ગણાય છે. આ વિચારસરણીમાં સન્નિષ્ઠ અને સમતોલ વિચારકોની લગભગ સર્વસંમત માન્યતાઓને આઘાત પહોંચાડે તેવું ઘણું હોવા છતાં ઉગ્ર રાષ્ટ્રવાદીઓને તે રુચે તેવી છે. રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે તાકાત અને જોરતલબીની ઉપાસનાનો આગ્રહ સેવતો ફાસીવાદ દયા-માયા, ન્યાયનીતિના ખ્યાલોને નિર્માલ્યતાની નિશાની લેખે છે. એકજૂટ, જોમવન્ત, વિરાટ રાષ્ટ્રનું ઘડતર કરનારી યુદ્ધસેવી સરકારના તમામ હુકમોનું મૂંગે મોંએ પાલન કરવાની એકમાત્ર ફરજ બજાવનાર નાગરિકોએ પોતાના હકો અને જરૂરિયાતો ભૂલી જવાં જોઈએ. 'રાજ્યથી પર કશું નહીં, રાજ્યની વિરુદ્ધ કશું નહીં અને તમામનો સમાવેશ રાજ્યમાં' એવો મન્ત્ર સેવનાર ફાસીવાદીઓ 'એક રાષ્ટ્ર, એક ધ્વજ, એક પક્ષ, એક નેતા'માં શ્રદ્ધા ધરાવે છે. લોકશાહીને તેઓ કાયર, દુર્બળ, લુચ્ચાઓનું તન્ત્ર ગણાવે છે. કુદરતમાં સર્વત્ર સમાનતાનો અભાવ હોવાથી લોકશાહીનો મૂળભૂત પાયો જ ખોટો છે, લોકોનું સાર્વભૌમત્વ હડહડતું જુઠ્ઠાણું છે અને ચૂંટણીઓ, ભ્રષ્ટાચાર ફેલાવતી ફરેબી જાળ હોવાનું તેઓ માને છે. લોકશાહી તો સંગઠિત અને સ્વાર્થપરાયણ સમૂહોની ઝઘડાબાજી ઢાંકી રાખવા માટેનું રૂડુંરૂપાળું અને દુષ્ટ આવરણ છે તેવું જાહેર કરનાર ફાસીવાદીઓ પોતાનાં રાષ્ટ્ર અને સમાજને સર્વશ્રેષ્ઠ સમજે છે અને તમામ લઘુમતીઓનું નિકન્દન કાઢી નાખીને ઝનૂની રાષ્ટ્રવાદમાં રાષ્ટ્રને એકરસ બનાવી દેવા ઝંખે છે. જોરતલબીથી સામ્રાજ્ય સ્થાપવું અને રાષ્ટ્રની શાન વધારવી એ તેમનો પ્રધાન ઉદ્દેશ છે અને રાષ્ટ્ર માટે ગમે તેટલો ત્યાગ કે યાતના આવી પડે તો તેઓ અચકાતા નથી. શિસ્ત, પવિત્રતા અને શૌર્ય એ તેમનાં સૂત્રો છે અને શ્રદ્ધા, આજ્ઞાપાલન અને સંઘર્ષ એ તેમના મન્ત્રો છે. પરમ્પરાના ઉપાસક ફાસીવાદીઓ રૂઢિચુસ્તતામાં રાચે છે. આન્તરરાષ્ટ્રીયત્વમાં શ્રદ્ધા હોવાને કારણે રૂસી કઠપૂતળી બની ગયેલા સામ્યવાદીઓ પ્રત્યે ફાસીવાદીઓ ઉગ્ર નફરત ધરાવતા હતા. અંગત નફા-નુકસાન માટે રાષ્ટ્રનો દ્રોહ કરનાર મૂડીવાદીઓનું પણ લોહી ચૂસી જવા માટે તેઓ તત્પર હતા. વિરોધીઓને ખતમ કરવા માટે ગમે તે પગલાં ભરવામાં તેમને કશો સંકોચ ન હતો.

આ ફાસીવાદી વિચારધારાનું ઘડતર અને પ્રાથમિક પ્રસારણકાર્ય મુસોલિનીએ કર્યું હોવા છતાં પછાત અને દુર્બળ ઈટાલી તેનો પૂરો અમલ કરી શકયું નહીં. આ વિચારધારા અપનાવી લઈને વ્યાપક ધોરણે તેનો કાર્યક્ષમ પ્રયોગ કરી બતાવવાનું માન હિટલરના ફાળે જાય છે. ફાસીવાદ અને નાઝીવાદની વિચારસરણીમાં અને કાર્યપ્રણાલીમાં કશો જ તફાવત નથી. નિર્ઘૃણ અને નીતિવિહોણા જર્મન સામ્યવાદી અભિગમ જોડે આંધળા અને નિર્દયી રાષ્ટ્રવાદનું ઝનૂન ભળવાથી નીપજેલી આ

જુગુપ્સાપ્રેરક વિચારધારા ચોમેર બદનામ થઈ હોવા છતાં 'નામ-રૂપ જૂજવાં' ધારણ કરીને જગતના તમામ દેશોમાં, ઓછાવધતા અંશે, ખુલ્લી રીતે કે ખૂણેખાંચરે પથરાઈ પડેલી દેખાય છે.

દાવાનળની માફક ફેલાઈ ગયેલી આ વિચારધારા અને ફાસી પક્ષના સ્વયંસેવકોના 'કાળા ખમીસધારી' દળની ગુંડાગીરીને કારણે મુસોલિની ઇટાલીનો સર્વોચ્ચ લોકનેતા બની ગયો અને તેણે બળજબરીથી રાજસત્તાનો કબજો લેવાની તૈયારી કરી પણ ૧૯૨૧માં તેને સામે ચાલીને વડા પ્રધાનનું પદ સોંપાયું અને થોડા વખતમાં તે 'અલડયુસ' (નેતાજી) બની બેઠો. તેણે વહીવટી તન્ત્ર સુધાર્યું, બેકારી અને ભ્રષ્ટાચારમાં ઘટાડો કર્યો અને સાઠ વરસથી રૂસણું લઈને બેઠેલા પોપ જોડે સન્ધિ કરી(૧૯૨૯)ને કૅથલિક પન્થ પાસેથી માન્યતા મેળવી. મુસોલિનીએ લશ્કરી ઉદ્યોગો અને બાંધકામનો જંગી કાર્યક્રમ હાથ ધર્યો. તેણે વર્તમાનપત્રોનું મુખ સીવી લીધું (૧૯૨૪–૨૫) અને ફિલ્મ, રેડિયો જેવાં તમામ પ્રચાર-સાધનોનેય પકડમાં લીધાં. મજૂર સંઘો પરથી સામ્યવાદીઓની પકડ તોડી નાખવામાં આવી, વિરોધ પક્ષો વિખેરી નાખવામાં આવ્યા અને તમામ ટીકાકારોની હત્યા કરવામાં આવી. દેશભરમાં આતંક છવાઈ રહ્યો અને ચોમેર ચુપકીદી ફેલાઈ ગઈ (૧૯૨૫–૨૭). લોકશાહી રાષ્ટ્રવાદના ઉદ્‌ગાતા મૅઝિનીના મુલકમાં જ રાષ્ટ્રવાદીઓના હાથે લોકશાહીની સૌથી પહેલી હત્યા થઈ.

રોમનું વિશ્વ-સામ્રાજ્ય ફરી સ્થાપવાનું સ્વપ્ન સેવનાર મુસોલિનીએ યુગોસ્લાવિયા જોડે સન્ધિ કરીને ફ્યૂમના બન્દર પ્રદેશની વહેંચણી કરી લીધી અને આલ્બેનિયાને આક્રાન્ત બનાવી દીધું. શાન્તિકરારની રૂએ ઇટાલીને આફ્રિકામાં લિબયા અને સોમાલીલૅન્ડના કેટલાક પ્રદેશો મળ્યા હતા (૧૯૨૦); પણ રાષ્ટ્રસંઘનો મૅન્ડેટ મેળવીને આ બન્ને પર પૂરો કબજો જમાવી બેસવાની તેની મુરાદ બર આવી નહીં. આ બન્ને પ્રદેશને સાંકળી લેનાર ઍબિસીનિયા પર મુસોલિનીની નજર બગડી હતી; પણ તેને લાંબો વખત સુધી રાહ જોવી પડી. નાઝી પક્ષ સત્તામાં આવવાથી બાવરા બની ગયેલા ફ્રાન્સે ચોમેર ટેકેદારો શોધવા માંડયા. ઇટાલી જોડે સરહદ અંગેનો ઝઘડો પતાવવા ઉપરાન્ત



હેલ સેલાસી : રાષ્ટ્રસંઘ સમક્ષ

લિબયા અને ઇરીટ્રિયામાં ૧,૧૬,૫૫૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર તેને મળી જાય તેવી ગોઠવણ ફ્રાન્સે કબૂલ રાખી (૧૯૩૪). ફ્રાન્સ પોતાની સામે પડશે નહીં તેની ખાતરી કરીને મુસોલિનીએ ઍબિસીનિયા પર હલ્લો કર્યો (૧૯૩૫). રાષ્ટ્રસંઘની ઓથ મેળવવા આતુર બનેલા ઍબિસીનિયાના યુવાન સમ્રાટ હેલ સેલાસીએ ગૌરવભેર પોતાની માગણી રજૂ કરતાં કહ્યું કે 'આ આક્રમણથી કેવળ ઍબિસીનિયા સામે જ નહીં પણ ખુદ રાષ્ટ્રસંઘના પોતાના અસ્તિત્વ સામે તોળાઈ રહેલ જોખમ'નો જગતે સામનો કરવો જોઈએ. જપાનના દાખલાથી ચેતેલા રાષ્ટ્રસંઘે ઇટાલીને આક્રમણખોર ઠરાવીને તેની સામે આર્થિક નાકાબન્ધી જાહેર કરી પણ જેમના વગર ઇટાલીનો શ્વાસ રૂંધાઈ જાય તેવાં પેટ્રોલ અને કોલસો આ નાકાબન્ધીમાંથી બાકાત રાખવામાં આવ્યાં! ઇટાલીએ ઍબિસીનિયા કબજે કરીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું (૧૯૩૬). સ્પેનના આન્તરવિગ્રહમાં સીધી ઉઘાડી દખલગીરી કરીને મુસો-. લિનીએ સેનાપતિ ફ્રાન્કોને ટેકો આપ્યો (૧૯૩૬) અને રાષ્ટ્રસંઘમાંથી રાજીનામું આપ્યું (૧૯૩૭). હિટલર જોડે ગાઢ સંબંધો બાંધીને મુસોલિનીએ તેનાં તમામ પગલાંને ટેકો આપ્યો. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે શરૂઆતમાં આઠ-દસ મહિના તટસ્થતા જાળવ્યા બાદ ફ્રાન્સના પતન સમયે (મે-જૂન ૧૯૪૦) ઇટાલી અખાડામાં ઊતર્યું, પણ ઉપરાછાપરી પરાજય પામીને ત્રણ વરસમાં જ લડાઈમાંથી ખસી ગયું.

સ્પેન અને ફ્રાન્સ

૧૯૨૩માં સ્થપાયેલી પ્રાઇમો દી' રિવેરાની સરમુખત્યારી ઉથલાવી પાડીને ૧૯૩૧માં સ્થપાયેલા કામગાર લોકશાહી ગણતન્ત્રે પાંચ વરસના ટૂંકા ગાળામાં નોંધપાત્ર કાર્ય કરી બતાવ્યું. સમાજવાદી અભિગમ ધરાવતા આ ગણતન્ત્રે કૅથલિક પન્થની મિલકતો ખાલસા કરીને બિનસામ્પ્ર-દાયિક રાજ્ય સ્થાપ્યું, કામગાર કલ્યાણના અનેક કાયદા ઘડાયા અને મજૂરોને વહીવટમાં ભાગીદારી મળી. નવું બંધારણ ઘડાયું (૧૯૩૬) અને સ્ત્રીઓને મતાધિકાર મળ્યો. પણ લોકશાહીનાં મૂળ સ્પેનમાં જામ્યાં નહીં; કારણ કે રૂઢિચુસ્તો તેની સામે જેહાદે ચડ્યા હતા અને અવારનવાર બળવા થયા કરતા હતા. છેવટે ૧૯૩૬ના જુલાઈમાં સ્પેનમાં જબરદસ્ત આન્તરવિગ્રહ ફાટી નીકળ્યો અને જાણે વિશ્વયુદ્ધનો રિયાઝ થયો. એક બાજુએ ઇટાલી અને જર્મની આવી ઊભાં અને ગણતન્ત્રની સહાયે રશિયા અને પ્રગતિશીલ બુદ્ધિજીવીઓ ઊતર્યા. ફ્રાન્સ અને બ્રિટન તટસ્થ રહ્યાં. લગભગ ત્રણ વરસ જંગ ખેલાયા બાદ નાઝીઓ અને ફાસીવાદીઓએ સૈનિકો અને સરંજામ પૂરા પાડીને કરેલી સક્રિય મદદના પરિણામે સેનાપતિ ફ્રાન્સિસ્કો ફ્રાન્કોએ પાટનગર માદ્રિદ કબજે કરી લીધું. ગણતન્ત્રી જૂથોને ધીમે ધીમે કચરી કાઢવામાં આવ્યાં. ફ્રાન્કોએ સ્થાપેલી સરમુખત્યારી આજે પાંત્રીસ વરસથી દુનિયા ઊલટપાલટ થઈ ગઈ હોવા છતાં જેમની તેમ ટકી રહી છે.

રાષ્ટ્રસંઘ અને સામૂહિક સલામતીની જોગવાઈઓ સરમુખત્યારોને અંકુશમાં રાખી શકે તેટલાં કામિયાબ ન નીવડ્યાં, કારણ કે ખુદ વિજેતા રાજ્યોને પણ પોતે ઊભાં કરેલાં તન્ત્રમાં વિશ્વાસ ન હતો. જર્મનીની પ્રચંડ તાકાતનો આ પૂર્વે બે વખત (૧૮૭૦, ૧૯૧૬) પરચો દેખીને હેબતાઈ ગયેલા ફ્રાન્સને કોઈ રીતે જમ્પ વળતો ન હતો. વિશ્વયુદ્ધનો સૌથી વધુ ઉગ્ર તાપ તેણે સહન કર્યો હતો. પંચાશી લાખની તેની સેનામાંથી એકસઠ લાખ (લગભગ તોંતેર ટકા) સૈનિકો હણાયા, ઘવાયા કે ગુમ થયા, અને તેની એક ચતુર્થાંશ જેટલી ઉત્પાદનશક્તિ નષ્ટ થઈ હતી. અનેક વિકટ

સમસ્યાઓ, માનવબળની કમીના અને સાધનોની ટાંચાઈના કારણે ફ્રાન્સને અસ્થિરતા, ઊથલપાથલ, રાજકીય આન્ધાધૂંધી, ભ્રષ્ટાચાર અને કામગાર અસન્તોષના રાજરોગ લાગુ પડયા હતા. આ બધાંને કારણે તેના ઉત્પાદનને જબરદસ્ત ફટકા પડયા કરતા હતા. જર્મનીના બળમાં કે પ્રભાવમાં ચોખા-ભાર પણ ઉમેરો થાય તો ફ્રાન્સને ફફડાટ થવા માંડતો. જર્મનીના ટુકડા પાડી નાખવાની, આન્તર-રાષ્ટ્રીય ક્ષેત્રે જર્મનીને વિખૂટું પાડી દેવાની અને તેને કાયમ માટે ખંડિયું બનાવી દેવાની ફ્રાન્સની ઉત્કટ ઇચ્છા પાર પડે તેમ ન હતું. વિશ્વશાન્તિ માટે નિ:શસ્ત્રીકરણ અત્યન્ત જરૂરી હોવા છતાં જર્મનીનો સતત ભય સેવનાર ફ્રાન્સ હથિયાર હેઠાં મૂકવાની કે ઓછાં કરવાની વાત કાને ધરવા પણ તૈયાર ન હતું. જર્મનીને અંકુશમાં રાખી શકે તેવા રશિયા જોડે ફ્રાન્સને સૈકાજૂની દોસ્તી હતી; પણ સામ્યવાદથી સુગાઈ ઊઠેલા ફ્રાન્સના માન્ધાતાઓ ઊલટા પોલેન્ડની પડખે જઈ બેઠા (૧૯૨૧) અને રશિયા પરના તેના આક્રમણને ઉત્તેજન આપવા લાગ્યા. જર્મની અને રશિયારૂપી ઘંટીનાં પડ વચ્ચે ભીંસાઈ રહેલાં ચેકોસ્લોવાકિયા, રુમાનિયા અને યુગોસ્લાવિયાએ સંરક્ષણ કરાર કરીને ટચૂકડો મૈત્રી સંધ (લિટલ ઑન્ટોન્ટ) ઊભો કર્યો, ત્યારે પહેલાં આડકતરી રીતે (૧૯૨૪) અને પછીથી સીધી રીતે (૧૯૨૭) ફ્રાન્સે તેને ટેકો આપ્યો. નાઝી સત્તા સ્થપાયાના ગભરાટમાં ફ્રાન્સે સરહદી પ્રશ્નોની પતાવટ કરીને અને આફ્રિકામાં કેટલોક પ્રદેશ જતો કરીને ઇટાલીને રીઝવવાની કોશિશ કરી (૧૯૩૪). પણ આડાંઅવળાં ફાંફાં મારવાને કારણે ફ્રાન્સને કોઈ મજબૂત રાષ્ટ્રની પાકી દોસ્તી સાંપડી નહીં અને છેવટે બધો આણગમો બાજુએ મૂકીને તેને રશિયા જોડે મૈત્રીકરાર કરવા પડયા (૧૯૩૫). હિટલરના પહેલા પગલાથી જ તેને નાથવા માટે ફ્રાન્સ થનગની રહ્યું હતું, પણ ઇંગ્લંડ-નો દૃષ્ટિભેદ, અમેરિકાનો અલગતાવાદ અને પોતાની આર્થિક તથા લશ્કરી નબળાઈના કારણે તેને મન મારીને મ્યૂનિખ કરારમાં સામેલ થવાની ફરજ પડી. પાડોશી રાજ્યોની નબળાઈ પારખી જઈને હિટલરે પૂરો લાભ ઉઠાવ્યો અને તેની ગણતરી સો ટકા સાચી હતી તે હકીકત લડાઈ આવી પડી ત્યારે પુરવાર થઈ.



(૧) ચર્ચિલ, રૂઝવેલ્ટ અને સ્તાલિન – યાલ્ટા, ફેબ્રુઆરી ૧૯૪૫; (૨) જનરલ આઇઝનહોવર, જર્મન શરણાગતિ પર સહીસિક્કા પછી સોવિયેત જનરલ સાથે, મે ૧૯૪૫; (૩) ઍટલી, ટ્રુમાન અને સ્તાલિન – પોટ્સડામ, જુલાઈ-ઑગસ્ટ ૧૯૪૫.

૨ : બીજું વિશ્વયુદ્ધ

'યુદ્ધ અત્યન્ત કંટાળાજનક, હિચકારો અને ગન્દો ધન્ધો છે, જેમાં નથી કાંઈ પરાક્રમ કે નથી કશો ત્યાગ.'

— જનરલ મૉન્ટગોમરી

યુદ્ધની કથા અને કવિતા રોમાંચક અને રસભર્યાં હોય છે. પણ તેનો ઇતિહાસ હમેશાં જુગુપ્સા-પ્રેરક અને જુઠ્ઠાડો હોય છે. યુદ્ધમાં સૌથી પહેલો અને સૌથી વ્યાપક ભોગ સત્યનો લેવાય છે, પ્રસંગોની યથાતથ માહિતી મેળવવી લગભગ અશકય હોય છે અને જે કાંઈ જાણવા મળે તે એટલું બીભત્સ હોય છે કે સંવેદનશીલ માણસને કમકમાટી છૂટયા સિવાય રહે નહીં.

ઈ. સ. ૧૯૧૪–૧૯૧૮ના યુરોપીય મહાવિગ્રહને વિશ્વયુદ્ધ કહેવામાં ઔચિત્ય કરતાં રૂઢિનું પ્રાબલ્ય વધારે છે. આ યુદ્ધ મુખ્યત્વે યુરોપીય રાષ્ટ્રો વચ્ચે જ લડાયું અને તેમાં કુલ મળીને કેવળ ૧૬ રાષ્ટ્રો જ પક્ષકારો તરીકે જોડાયાં. જપાન શરૂઆતમાં બે પગલાં ભરીને પછી આખર સુધી ચુપચાપ બેઠું. અમેરિકા છેલ્લી ઘડીએ જોડાયું અને લડાઈ પછી વહેલું વહેલું ખસી જઈને ઘરને ખૂણે ભરાઈ બેઠું. આ લડાઈના તમામ જંગ યુરોપની તળભૂમિ ઉપર જામ્યા હતા. પણ ૧૯૩૯માં શરૂ થયેલું મહાયુદ્ધ સાચા અર્થમાં વિશ્વયુદ્ધ છે. કારણ કે, પૃથ્વીના પાંચેય ખંડનાં મળીને કુલ ૪૭ રાજ્યો તેમાં સક્રિય રીતે જોડાયાં. યુરોપ, એશિયા અને આફ્રિકા એ ત્રણેય મહાખંડોનાં જળ, થળ, અમ્બરમાં અને દરિયાના તળિયે ધમસાણ જામ્યાં અને ચોથા ખંડ ઑસ્ટ્રેલિયાના પાદર સુધી યુદ્ધની આગ ફેલાઈ. પાંચમા ખંડનું સાગરપારનું લાંબું અંતર અને આખાય ખંડમાં યુનાઈટેડ સ્ટેટ્સનો અનોખો પ્રભાવ એ બે કારણસર કેવળ અમેરિકા ખંડ જ યુદ્ધની સીધી ઝાળથી બચ્યો. આ યુદ્ધની ઊથલપાથલે આખી દુનિયાને એક છેડાથી બીજા છેડા સુધી હલબલાવી નાખી.

આ યુદ્ધ કાંઈ અચાનક આવી પડયું નહોતું. અર્ધા દાયકાથી દુનિયા આખી કાન માંડીને તેનાં પગલાં સાંભળી રહી હતી. વર્સાઈના કરારનાં ચિરાડિયાં કરવા માટે ઊકળી રહેલા જર્મનો અને ઇટાલિયનોનો ઉગ્ર, વિકૃત, પ્રક્ષુબ્ધ રાષ્ટ્રવાદ, ગુમાવેલા પ્રદેશ પુનઃ પ્રાપ્ત કરવાની અને વિશ્વ-રાજકારણમાં મોખરાનું સ્થાન મેળવી લેવાની રશિયાની તીવ્ર ઇન્તેજારી, પોતાનું સામ્રાજ્ય અને પ્રભાવ ગુમાવી બેસવા કરતાં લડી નાખવા કટિબદ્ધ થયેલા ઇંગ્લાંડ અને ફ્રાન્સ, યુરોપીય માન્ધાતાઓ અંદર-અંદર બાખડતા હોય તેનો લાભ ઉઠાવીને તેમનાં એશિયાઈ સામ્રાજ્યો હડપ કરી જવા ટાંપી રહેલું જપાન, યુરોપ-એશિયામાં ઝડપભેર કથળી રહેલી સત્તા-સમતુલાથી બેચેન બનેલું અમેરિકા — વિશ્વ-યુદ્ધનાં આ તમામ પક્ષકારો અને પરિબળો ૧૯૩૯ની સાલ શરૂ થઈ એ પહેલાંય સામસામાં ગોઠવાઈ ચૂકયાં હતાં. પણ લડાઈ બધી જગાઓએ સામટી શરૂ થઈ નથી અથવા સતત ચાલી નથી. પહેલો ભડકો ઊઠયા બાદ યુરોપમાં છ મહિના શાન્તિ રહી અને હિટલરની એડી તળે ચંપાયા

બાદ પશ્ચિમ યુરોપમાં ત્રણ વર્ષ સુધી સૂમસામ શાન્તિ પથરાઈ રહી. રશિયાની લડાઈ બે વર્ષ પછી શરૂ થઈ. ઇટાલી લડાઈમાં મોડું ઊતર્યું અને વહેલું ભાંગી પડ્યું. જપાન અને અમેરિકા છેક ૧૯૪૨માં અખાડામાં ઊતર્યાં. પણ ૧૯૩૯થી ૧૯૪૫ સુધીનાં છ વર્ષ વિશ્વયુદ્ધનાં ગણાય છે, કારણ કે એ ગાળા દરમ્યાન યુદ્ધનો એકચક્રી પ્રભાવ આખી દુનિયા પર પથરાયો હતો.

પહેલો ઘા હિટલરે માર્યો. ૧૯૩૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખે, વહેલી સવારે જર્મન સેના ચોતરફથી પોલૅન્ડમાં ઘૂસી ગઈ અને સામી બાજુ રૂસી સેના ઊતરી આવી. બ્રિટન અને ફ્રાન્સ આંગળી પણ ઊંચી કરી શકે તે પહેલાં તો પોલૅન્ડ સાફ થઈ ગયું. પોલૅન્ડને ભરખીને હિટલરે શાન્તિદૂતનું મહોરું પહેરી લીધું અને કેવળ શાન્તિ અને સમાધાનની દરખાસ્તો સાત મહિના સુધી રજૂ કર્યા કીધી. આ અરસામાં રશિયાએ ઈસ્તોનિયા, લેટેવિયા, લિથ્યુનિયાને ભીંસી નાખ્યાં અને ફિનલૅન્ડ પાસેથી લેંગો બન્દર તથા તેની આસપાસનો પ્રદેશ ત્રીસ વરસના પટ્ટેથી માગી લીધાં.

બ્રિટન, ફ્રાન્સ લડી નાખવા મક્કમ છે તેવી ખાતરી થઈ ગયા બાદ હિટલરે હાથ ઉઠાવ્યો. વિમાનો, ટૅન્કો, બખ્તરિયા ગાડીઓની પાન્ઝર ટુકડીઓના અવનવા જાદુખેલ ચાલુ થયા અને અભૂતપૂર્વ વીજળી યુદ્ધ — બ્લિત્ઝક્રીગ — ખેલાયું. યુરોપમાં જાણે પ્રલયકાળ આવ્યો અને ભયંકર વાવાઝોડાની સાથોસાથ ચોમેર લાવારસ રેલાઈ રહ્યો. ૧૯૪૦ના એપ્રિલમાં નૉર્વે પર હલ્લો થયો, ડેનમાર્ક ઝડપાયું. દોઢ મહિને હૉલૅન્ડ પડ્યું. બે અઠવાડિયાં પછી બેલ્જિયમ ખતમ થયું. બિચારું લગ્ઝમબર્ગ કયારે છૂંદાઈ ગયું તેની કોઈને ખબર પણ પડી નહીં. સતત, સખત ફટકા ખાઈ રહેલી અંગ્રેજ સેના પ્રદેશ, સાધનસરંજામ અને આબરૂ ગુમાવીને ડંકર્કમાંથી માંડ ભાગી છૂટીને હાંફની હાંફની ઘરભેગી થઈ ગઈ (જૂન ૧૯૪૦) અને ફ્રાન્સ પર મોતનું ચક્કર તોળાઈ રહ્યું. અભેદ્ય ગણાતી મૅજિનો હરોળને બાજુમાંથી તારવીને જર્મન સેનાએ જૂનની ચૌદમી તારીખે પૅરિસમાં વિજયપ્રવેશ કર્યો અને કેસરિયાં કરનાર દ ગૉલના મુઠ્ઠીભર મરણિયા વીરનરો સિવાય ફ્રાન્સના આખા લશ્કરે અને સરકારે શરણાગતિ સ્વીકારી લીધી. જર્મનીનો સ્વસ્તિક મઠ્ઠયો ધ્વજ પશ્ચિમ યુરોપના ગગનમાં એકલો લહેરાઈ રહ્યો.

યુરોપ ખંડમાંથી બ્રિટનના પગ ઊખડી ગયા, પણ ભીંતસરસું થઈ ગયા છતાં તે ભોંય પડ્યું નહીં. આ જીવલેણ કટોકટી ટાંકણે બ્રિટનની ભડવીર પ્રજાને પડકારીને રણમેદાનમાં ઊભી કરી દેનાર વાઘમુખો ચર્ચિલ મોખરે આવીને ઊભો. 'વિજયની ખાતરી નથી; આંસુ, પસીનો અને લોહી વહાવવા સિવાય બીજી કોઈ આશા નથી;' છતાં 'ભૂમંડળમાં, મહાસાગરની છાતી પર, તેના પેટાળમાં યુદ્ધ અને ઊંચા આકાશમાં સર્વત્ર યુદ્ધ, ઈશ્વરે આપેલી તાકાતનું છેલ્લું બુન્દ નિચોવાઈ જાય ત્યાં સુધી યુદ્ધ' એવો લલકાર કરીને તેણે અંગ્રેજોને સાબદા કર્યા. પગ ભાંગી ગયા હતા છતાં માથું ટટ્ટાર કરીને ઊભેલા બ્રિટન પર જર્મન વિમાનોનાં ધાડાં મોત વરસાવી રહ્યાં. માભોમ કાજે માથું હાથમાં લઈને ઝઝનાર મુઠ્ઠીભર બ્રિટિશ વિમાનીઓના અપ્રતિમ વીરત્વના કારણે જર્મનોના હાથ લેંદા પડ્યા અને ચાર મહિનાને અન્તે તેમણે પોતાનો હલ્લો સંકેલી લેવો પડ્યો (ઑકટોબર ૧૯૪૦). 'માનવ ઇતિહાસમાં કદી આટલો મોટો સમુદાય આટલા મુઠ્ઠીભર લોકોનો આટલો ઋણી બન્યો નથી.' એવા અદ્‌ભુત અંજલિવાક્યથી ચર્ચિલે તેમને બિરદાવ્યા છે.

મુસોલિનીએ લડાઈમાં ઝંપલાવીને સોમાલીલૅન્ડ તથા ઇજિપ્ત પર હલ્લો કર્યો. આલ્બેનિયામાં થઈને ઇટાલીની સેના ગ્રીસ તરફ ચાલી (ઑકટોબર ૧૯૪૦). પણ ઇટાલી ભાંગેલ ભેરુ નીવડ્યું.

લિબયામાં તેની સેનાએ હથિયાર નમાવ્યાં (ફેબ્રુઆરી ૧૯૪૧) અને ગ્રીસમાં પણ માર ખાધો. સેનાપતિ રોમેલને આફ્રિકા મોકલીને જર્મનીએ યુદ્ધની લગામ સંભાળી લીધી અને તોબ્રુકને ઘેરો ઘાલ્યો. જર્મન સેનાએ યુગોસ્લાવિયાને છૂંદી નાખીને ગ્રીસને ફટકો માર્યો (એપ્રિલ ૧૯૪૧) અને બરાબર પચીસમે દિવસે ગ્રીસ ધૂળ ચાટતું થયું. ક્રીટનો ટાપુ દસ દિવસમાં કબજે આવ્યો (મે ૧૯૪૧). દુનિયા આખીનો શ્વાસ થમ્ભી ગયો હતો. જનોઈવાઢ વેતરાઈ જવા છતાં બ્રિટન તલવાર મ્યાન કરવા તૈયાર ન હતું. અને નાઝીઓનું પ્રલયપૂર ફ્રાન્સના દરિયાકાંઠે ધૂધવતું થમ્ભી ગયું હતું.

હિટલરે શી ગણતરી કરી હશે તે અકળ કોયડો છે. પણ ૧૯૪૧ના જૂનની બાવીસમી તારીખે એકાએક મોરચો ઘુમાવીને તે રશિયા પર ત્રાટકી પડયો. લેનિનગ્રાદને ઘેરો ઘાલીને, કીવ-રાસ્તોવ જેવાં શહેરોને જમીનદોસ્ત કરીને, લાખો કેદીઓને પકડી લઈને ધસમસી રહેલી જર્મન સેના મૉસ્કોથી કેવળ ૪૦·૨૨૫ કિલોમીટરના અંતરે આવીને અટકી પડી (ડિસેમ્બર ૧૯૪૧). બ્રિટને જોર દાખવીને લિબયામાં રોમેલને પાછો હડસેલ્યો અને તોબ્રુકને ઘેરામાંથી છોડાવ્યું. પણ રોમેલના બાવડાં સાબૂત હતાં. ૧૯૪૨ના જાન્યુઆરીમાં પાછી ગુલાંટ મારીને તેણે બ્રિટનની સેનાને ભિડાવી અને છ મહિનામાં તો ફરી પાછી ઈજિપ્તની સરહદમાં ખોસી ઘાલી.

બરોબરિયા વચ્ચે જામેલા આ જંગનો નિકાલ આવતાં વખત જશે એમ લાગતું હતું. એશિયાનું મેદાન મોકળું પડયું હતું. નધણિયાતા પ્રદેશ પર ટાંપી બેઠેલા જપાને જર્મની, ઇટાલી જોડે મૈત્રી-કરાર કર્યા. પર્લ હાર્બર પણ એકાએક જબરદસ્ત હલ્લો કરીને તેણે અમેરિકી કાફલાને એક ફટકે પાંગળો બનાવી દીધો (ડિસેમ્બર ૧૯૪૧). વિયેટનામમાં થાણું નાખીને તેણે મલાયા, બર્મા, ઇન્ડો-નેશિયા અને ફિલિપાઇન્સ કબજે કરી લીધાં. પૅસિફિક મહાસાગરમાંથી તમામ અમેરિકી થાણાં સાફ થયાં અને ઑસ્ટ્રેલિયાના પતનની ઘડીઓ ગણાવા લાગી. પણ ૧૯૪૨ની અધવચ્ચે મિડવે ટાપુના નૌકાજંગમાં જપાની કાફલો તારાજ થવાથી તેની વિજયયાત્રાનું જોમ તૂટી ગયું. જપાની હલ્લાને કારણે અમેરિકાએ પૂરા જોશથી યુદ્ધમાં ઝંપલાવ્યું અને તેની વિરાટ ઉત્પાદનશક્તિનો ધોધ બ્રિટન અને રશિયામાં ઠલવાવા લાગ્યો. યુદ્ધમાં ઊતરવા થનગની રહેલી તેની બેસુમાર સેના સજ્જ થવા લાગી અને બ્રિટનની વિમાની સેનાએ યુરોપમાં બૉમ્બવર્ષા શરૂ કરી.

મૉસ્કોના પાદરમાં થમ્ભી ગયેલી જર્મન સેનાએ પડખાભર ઘૂમીને દક્ષિણ બાજુએ ચાલવા માંડયું (મે ૧૯૪૨). ખાર્કોવ પ્રદેશમાં ભયંકર જંગ ખેલાયો. જુલાઈમાં સેબેસ્તોપલ પડયું અને જર્મનો ડૉન નદીને કાંઠે આવીને ઊભા. કૉકેસસનો તેલ વિસ્તાર અને સ્તાલિનગ્રાદ શહેર, એવો બેપાંખિયો હલ્લો ચડાવીને ધસતી જર્મન સેના ઑગસ્ટમાં કૉકેસસ પ્રદેશમાં પહોંચી અને સોળમી તારીખે જર્મનો સ્તાલિનગ્રાદનાં પરાંઓમાં ઘૂસી આવ્યા. પણ રૂસી સેનાએ પગ ખોડી દઈને કેસરિયાં કર્યાં. વિશ્વયુદ્ધનો સૌથી વધારે ખૂનખાર અને જીવસટોસટનો જંગ સ્તાલિનગ્રાદની શેરીઓમાં ખેલાયો (ઑગસ્ટ–નવેમ્બર ૧૯૪૨). ડિસેમ્બર સુધીમાં જર્મનીની છઠ્ઠી સેના આખી ગારદ થઈ ગઈ અને જર્મનોએ પારોઠનાં પગલાં ભરવા માંડયાં (જાન્યુઆરી ૧૯૪૩). ફેબ્રુઆરીમાં આ વિસ્તારની જર્મન સેનાનાં હથિયાર છોડાવીને રૂસી ફોજે ખાર્કોવ, કીવ કબજે કરી લીધાં અને જુલાઈ માસમાં આખા રૂસી મોરચા પરથી જર્મનો ખસવા લાગ્યા. ઓટ શરૂ થઈ.

ઉત્તર આફ્રિકાના મોરચે અલ-અલામીન સુધી ધસી આવેલી જર્મન-ઈટાલિયન ફોજને ખાળીને અંગ્રેજોએ જોર જમાવ્યું (જુલાઈ ૧૯૪૨) અને એકાદ વરસમાં દુશ્મનોને સાફ કરી નાખ્યા. બે નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ ૧૯૪૩ની શરૂઆતમાં અમેરિકી સેનાએ ટયુનિસમાં ઊતરીને આખું ટયુનિશિયા કબજે કર્યું (મે ૧૯૪૩). ઈટાલીના અંગૂઠા સમા સિસિલી પર ચડાઈ કરવામાં આવી (જુલાઈ ૧૯૪૩) અને ત્યાંથી અંગ્રેજ-અમેરિકી સેના ઈટાલીમાં કૂદી પડી. પરાજયનું વિકરાળ મુખ દેખીને થથરી ઊઠેલા રાજા વિકટર ઈમેન્યુએલે મુસોલિનીને પદભ્રષ્ટ કર્યો અને જેલમાં પૂર્યો. સપ્ટેમ્બર માસમાં ઈટાલીએ શરણાગતિ સ્વીકારી.

ઈટાલી કબજામાંથી જાય તો દુશ્મન છાતી પર ચડી બેસે તેવું જાણનાર જર્મનીએ મોકાનાં સ્થાનો કબજે કર્યાં, મુસોલિનીને જેલમાંથી છોડાવીને તેના હાથે સરકારની સ્થાપના કરાવી અને ચડાઈ લઈને મારમાર આવતી અંગ્રેજ-અમેરિકી સેનાનો વેગ મન્દ પાડી દીધો. પણ આ તો જર્મનીનાં છેલ્લાં ડચકાં હતાં. ૧૯૪૩ના અંત ભાગે રૂસી મોરચે અને ઈટાલીમાં પણ જર્મનોની પીછેહઠ સતત ચાલુ જ રહી. અંગ્રેજ-અમેરિકી વિમાનોએ તેને રોજ રોજ બૉમ્બવર્ષાનો સ્વાદ ચખાડવા માંડયો, જર્મનોની એડી તળે ત્રાસ ભોગવતાં યુરોપીય રાષ્ટ્રોમાં ભૂગર્ભ પ્રવૃત્તિના સળવળાટના કારણે વાહન-વહેવાર અને સંદેશાવિનિમયમાં રુકાવટ વધવા લાગી. ૧૯૪૪ની શરૂઆતમાં રૂસી ફોજે એકાએક લેનિનગ્રાદ મોરચે ધસારો કર્યો અને ફેબ્રુઆરીમાં યુક્રેઈન કબજે કરીને પોલેન્ડ ઝડપી લીધું (મે ૧૯૪૪). જૂન માસમાં ત્રીજો મોરચો ખૂલ્યો. આઈઝનહોવરની સેનાએ નૉર્મન્ડીમાં ઉતરાણ કર્યું. ત્રણ બાજુથી ભીંસાતી જર્મન સેનાની વીરતામાં અને યાતના સહેવામાં અવધિ આવી રહી. ૧૯૪૫માં યુદ્ધનાં કાળ-જડબાં બંધ થવા લાગ્યાં. બન્ને બાજુથી ધસી રહેલી વિજયી ફોજોએ હાથ મિલાવ્યા (એપ્રિલ ૧૯૪૫) અને બર્લિન શહેરમાં રૂસી, અમેરિકી, અંગ્રેજ ઝંડા ફરકી રહ્યા. હિટલરે આપઘાત કર્યો અને મે માસની સાતમી તારીખે જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી લીધી.

યુરોપીય મોરચાને પ્રાધાન્ય અપાયા છતાં એશિયાઈ મોરચે જપાન સામે પણ પગલાં ભરાઈ રહ્યાં હતાં. ૧૯૪૨ના ઑગસ્ટથી વળતો હલ્લો શરૂ કરીને મૅકઆર્થરે એક પછી એક ટાપુઓ પડાવી લેવા માંડયા. ૧૯૪૪માં અમેરિકી સેના ફિલિપાઈન્સમાં ઊતરી. બર્મા-મલાયામાંથી તેમનો પગ ઉખેડી નાખવાની કારવાઈનું સંચાલન સરસેનાપતિ લૉર્ડ માઉન્ટબૅટનના હાથમાં હતું અને અમેરિકી સેનાપતિ સ્ટીલવેલની સલાહ અનુસાર ચાંગ કાઈ-શેક અને માઓ ત્સે-તુંગની સહકારી સેનાએ આખા ચીની મોરચે સળવળાટ કરવા માંડયો. ઓકિનાવા પડયું. ઝનૂન અને બલિદાન માટે વિખ્યાત જપાની પ્રજા સહેલાઈથી શરણે આવશે નહીં અને હજુ દોઢ બે વરસ લડાઈ ચાલશે તેવી નિષ્ણા-તોની ગણતરી ઊંધી વાળનાર પહેલા પરમાણુ બૉમ્બે નાગાસાકી અને હિરોશિમામાં પોતાની અકલ્પ્ય વિસ્ફોટ-શક્તિનો પરચો બતાવ્યો. જપાને શરણાગતિ સ્વીકારી લીધી (ઑગસ્ટ ૧૯૪૫). વિશ્વ-યુદ્ધનો અંત આવ્યો.

રાજરમતનું યુદ્ધ

લડાઈના મોરચે જીવનમરણનો જુગાર ખેલતા સૈનિકો તો કેવળ પ્યાદાં હોય છે, અને વ્યૂહની ચાલ ગોઠવતા અફસરોની આંગળી તેમને રમાડે, જિવાડે, મરાવે છે. આ લશ્કરી અધિકારીઓ પણ રાજરમતની કઠપૂતળીઓ છે. કેવળ હિત-સ્વાર્થની ગણતરી માંડીને ચાલનાર રાજપુરુષોના નિર્ણય

અનુસાર યુદ્ધના રંગરાગ અને દુશ્મન-દોસ્તોમાં અદલાબદલી થયા કરે છે. સૌ સ્વાર્થના સગા હોવાથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં દોસ્તી કે દુશ્મનાવટ કશું જ કાયમી હોતું નથી. ખાંડાંના ખેલ શરૂ થાય ત્યારે આ રાજરમત બંધ થતી નથી. પણ ઊલટી વધારે ઘેરી અને ઘાતક બની જાય છે, કારણ કે તેમાં રાષ્ટ્રોના જીવનમરણના પ્રશ્ન સંડોવાય છે.

વિશ્વયુદ્ધની રાજરમત વિશ્વયુદ્ધની પહેલાં શરૂ થઈ. રશિયાની મૈત્રી માટે હોડ બકનાર હરીફોમાં સૌથી મોટી બાજી લગાવીને હિટલરે રશિયા જોડે રિબેન્ટ્રૉપ-મૉલેટોવ કરાર કર્યા (ઑગસ્ટ ૧૯૩૯) અને બાલ્કનમાં ગમે તેમ કરવાની તેને છૂટ આપીને પોતાની પીઠ પાકી કરી લીધી. પોતાની પ્રચંડ લશ્કરી તાકાતથી તેણે પશ્ચિમ યુરોપનાં તમામ રાષ્ટ્રોને ભાંગી નાખ્યાં પણ બ્રિટન વીસ માઈલની તોફાની દરિયાઈ ખાડીના કારણે બચી ગયું અને ચાર ખંડમાં પથરાયેલા તેના સામ્રાજ્યને તોડી પાડવાનું કામ હિટલર માટે અશકય હતું. પોતાની જવાંમર્દીથી દાંતમાં આંગળાં નંખાવનાર ઇંગ્લંડને અમેરિકાની હૂંફ મળવા લાગી. તટસ્થ રહેવા છતાં અમેરિકા બ્રિટનને અનેક રીતે મદદરૂપ થઈ પડયું અને શસ્ત્રસરંજામનો પુરવઠો બ્રિટનને પહોંચતો રહ્યો. રોકડાં નાણાં ચૂકવીને માલ જાતે ઉપાડી લઈ જવા—કૅશ ઍન્ડ કૅરી—ની ગોઠવણ અશકય થઈ પડયા બાદ બ્રિટનનાં નૌકા-મથકો અને થાણાંઓ પટ્ટેથી રાખીને અમેરિકાએ તેના બદલામાં વિનાશિકાઓ તેમ જ શસ્ત્રસરંજામનું ધિરાણ કરવા માંડયું. આર્થિક તથા લશ્કરી વાટાઘાટો માટે મળેલા ચર્ચિલ-રૂઝવેલ્ટે આટલાંટિક ખત-પત્ર દ્વારા ભાવિ દુનિયાના ઘડતર માટે ઉદાત્ત સિદ્ધાંતોની જાહેરાત કરી (૧૯૪૦); કારણ કે આ વખતે સિદ્ધાન્તો સિવાય બીજું કંઈ બોલી શકાય તેવી સ્થિતિ ન હતી. હિટલરે રશિયા પર અને જપાને પર્લ હાર્બર પર તૂટી પડીને અમેરિકાને સક્રિય થવાની ફરજ પાડી.

પ્રદેશલોભી સ્તાલિને બાલ્કન પ્રદેશમાં વધારે ને વધારે માગણીઓ કરવા માંડી અને તકવાદી રાજનીતિના પરિણામે રશિયાને ભયંકર વમળમાં હડસેલી દીધું. અમેરિકા તરફથી છૂટે હાથે મળેલી અઢળક સામગ્રી અને રૂસી પ્રજાએ દાખવેલું અપ્રતિમ ખમીર એ બે વાતમાં ચોખાભાર પણ કમીના રહી હોત તો રશિયા ભાંગી પડયું હોત. રશિયાએ વારંવાર કરેલો મિત્રદ્રોહ, તેણે દેખાડી દીધેલી ઉગ્ર પ્રદેશભૂખ અને સામ્યવાદ પ્રત્યેની સૂગ—આ બધાં કારણસર ઇંગ્લંડ-અમેરિકા રશિયાને તર-છોડશે અને તેને એકલું અટૂલું મરવા દેશે એવી હિટલરની ગણતરી ખોટી ઠરી, તેણે કરેલો યહૂદી સંહાર તેને નડયો, ભૂતકાળ અંગે આંખ આડા કાન કરીને બ્રિટન-અમેરિકાએ રશિયા તરફ દોસ્તી-ભર્યો હાથ લંબાવ્યો અને બધી તત્ત્વચર્ચા અભરાઈએ ચડાવીને સ્તાલિને 'મૂડીવાદી-સામ્રાજ્યવાદી સેતાનો' જોડે સહકાર સાધ્યો. અમેરિકાનું મુખ્ય નિશાન જપાન હતું અને જર્મની કરતાં અનેકગણો કીમતી પ્રદેશ તેના પેટમાં જઈ પડયો હોવા છતાં વિશ્વયુદ્ધના વ્યૂહમાં તેનું સ્થાન ગૌણ ઠરાવીને અમેરિકા-બ્રિટન-રશિયાએ યુરોપમાં જ પોતાનું ધ્યાન અને બળ કેન્દ્રિત કર્યાં અને બીજો મોરચો ટાળવા માટે સ્તાલિને જપાન સામે છેક છેલ્લી ઘડી સુધી લડાઈ પણ જાહેર કરી નહીં. અમેરિકી સામગ્રીના ગંજ રશિયામાં ખડકાવા લાગ્યા. રશિયા પર તૂટી પડેલા જર્મનોનું બળ અને ધ્યાન બીજે ખેંચવા માટે અમેરિકા-બ્રિટને આફ્રિકામાં બીજો મોરચો ખોલવાના પ્રયાસો સતત ચાલુ રાખ્યા. યુરોપ પર બૉમ્બવર્ષાનું પ્રમાણ વધતું જ રહ્યું અને પરાજિત રાષ્ટ્રોમાં ચાલતી ભૂગર્ભ પ્રવૃત્તિને પૂરા જોશથી ઉત્તેજન આપવામાં આવ્યું. સ્તાલિનગ્રાદમાંથી રૂસી ફોજે જર્મનોને ખદેડવા

માંડયા તે અરસામાં અંગ્રેજ-અમેરિકી સેનાએ ઇટાલીની નબળી કડી તોડી નાખી. આખું ઇટાલી કબજે આવ્યું હોત તો લડાઈ ઘણી વહેલી પૂરી થઈ ગઈ હોત, અને યુરોપની યુદ્ધોત્તર રાજકીય પરિસ્થિતિ પણ જુદા ઘાટે ઘડાઈ હોત, કારણ કે મધ્ય અને પૂર્વ યુરોપમાં રૂસી પ્રભાવ આટલો ફેલાયો ન હોત. પણ જર્મનોએ પૂરા જોશથી મોરચો સંભાળી લીધો અને ઇટાલીની ભૂગોળ એવી છે કે દક્ષિણમાંથી ઉત્તર તરફ જવું મુશ્કેલ બની જાય. જર્મન સેનાને પોતાના પ્રદેશમાંથી ભગાડીને રૂસી લશ્કર બાલ્કન પ્રદેશમાં પથરાવા લાગ્યું હતું ત્યારે જર્મનોને ભિડાવવાના અને બની શકે તેટલો પ્રદેશ રૂસી કબજા તળે જતો ખાળવાના બેવડા હેતુપુરસ્સર નૉર્મન્ડીમાં ત્રીજો મોરચો ખોલીને ઇંગ્લંડ-અમેરિકા અને મુક્ત ફ્રાન્સનાં દળોએ જર્મન પરાજયમાં પોતાનો ફાળો નોંધાવ્યો.

યુદ્ધના વ્યૂહ ગોઠવવા અને અગત્યના નિર્ણયો તાબડતોબ ગુપ્ત રીતે સર્વસંમતિથી કરી લેવા માટે મુખ્ય રાષ્ટ્રોના સર્વોચ્ચ નેતાઓની પરિષદો યુદ્ધ દરમિયાન અવારનવાર મળતી હતી. તેમાં કેરો, તહેરાન, યાલ્ટા અને પોટ્સડામની પરિષદો રાજકીય દૃષ્ટિએ મહત્ત્વની ગણાય છે. ભાવિ દુનિયાનો રાજકીય નકશો દોરી કાઢવા માટે વિજયવંત રાષ્ટ્રો વચ્ચે ચાલેલી આંતરિક ખેંચતાણનાં પરિણામો યુદ્ધોત્તર કાળમાં જ સ્પષ્ટ બન્યાં અને આંતરરાષ્ટ્રીય રાજકારણ તેમનાં રંગે રંગાઈ રહ્યું.

બીજા વિશ્વયુદ્ધનો ખર્ચ

૧,૩૮૪,૯૦૦,૦૦૦,૦૦૦ ડૉલર

આટલી રકમમાં તો —

- યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન, બેલ્જિયમ અને પોર્ટુગલના પ્રત્યેક કુટુંબને ૨૦,૦૦૦ ડૉલરનું એક એક ઘર મળી રહેત...

- યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન અને સોવિયેત રશિયાનાં બે લાખની વસ્તીવાળાં તમામ નગરોને ૧ કરોડ ડૉલરનું પુસ્તકાલય બાંધી આપી શકાત...

- – અને એ દરેક નગરને ૫ કરોડ ડૉલરના ખર્ચે એક એક યુનિવર્સિટી સુલભ કરી શકાઈ હોત...

- યુનાઇટેડ સ્ટેટસ અને બ્રિટનના પ્રત્યેક કુટુંબને ૨૫૦૦ ડૉલરની કિંમતની કાર પૂરી પાડી શકાઈ હોત...

- ૫૦,૦૦૦ શિક્ષકો અને એટલી જ પરિચારિકાઓને સો વરસ સુધી વાર્ષિક ૬૦૦૦ ડૉલરના ઠરમાયાથી નવાજી શકાત...

- યુનાઇટેડ સ્ટેટસના ૧૭થી ૨૧ વર્ષના તમામ યુવકોને વિનામૂલ્યે વ્યાવસાયિક પ્રશિક્ષણની સુવિધા (હાઈસ્કૂલ દીઠ ૯,૦૦૦ ડૉલરના ખર્ચે) સાંપડી રહેત...



યુરોપ : નાટોમાં જોડાયેલા દેશો

(ટપકાંવાળા વિસ્તારો)

૧ ઍન્ડોરા ૨ લિચેન્સ્ટાઇન ૩ લક્ઝમબર્ગ ૪ મોનાકો ૫ સાન મારિનો ૬ વૅટિકન

૩ : યુદ્ધોત્તર યુરોપ – ૧

'ખંડિત સાર્વભૌમત્વ અને મર્યાદિત સ્વાધીનતા ધરાવતાં અનેક રાજ્યોના આ વિશ્વમાં સત્તા, સલામતી, સંપત્તિ, મોભા કે મહત્ત્વની પરિશોધથી ઘડાયેલ આંતરરાષ્ટ્રીય રાજકારણની સતત ઊપસતી જતી ભાત જે મર્યાદા અને માળખું પેદા કરે છે તેના ચોકઠામાં રહીને જ દરેક વ્યક્તિ અને સમાજે સ્થાનિક ધોરણે પોતાના જીવનની રચના–પુનઃરચના કર્યા કરવી પડે છે.'

— રૉબર્ટસન

૧૯૩૯થી ૧૯૪૫નાં વરસો દરમ્યાન સુડતાલીસ રાજ્યો વચ્ચે જામેલા સર્વાંગી અને સર્વ-વ્યાપી બીજા વિશ્વયુદ્ધે સર્જેલી ખુવારીનો અંદાજ પણ હજુ સુધી લગાવી શકાયો નથી. કુલ મળીને દોઢેક કરોડ સૈનિકો હણાયા. તેમાં સૌથી મોટી ખુવારી રશિયાની છે. તેના પંચોતેર લાખ સૈનિકો હણાયા. ચીને બાવીસ લાખ અને જર્મનીએ અઠ્ઠાવીસ લાખને દફનાવ્યા. ટચૂકડા જપાને પણ આ હોળીમાં પંદર લાખ નવલોહિયાઓ હોમ્યા. આ લશ્કરી ખુવારી કરતાં બિનલશ્કરી ખુવારી અનેકગણી વધારે છે. એક ગણતરી એવી છે કે આ લડાઈમાં કુલ અઢી કરોડ માણસો મરાયા અને પાંચેક કરોડ જેટલા માણસો જીવનભર પાંગળા બન્યા. માલસામાનની તારાજી અને શસ્ત્ર-સામગ્રીના કુલ ખર્ચનો સરવાળો કોઈ બાંધી શકયું નથી અને ઘણાં રાજ્યોએ યુદ્ધ અંગે થયેલાં દેવાં ચૂકવ્યાં નથી.

યુદ્ધોત્તર જગતની કથા એકમેકને આવરી લેતા ત્રણ તબક્કામાં વહેંચાયેલી છે (૧૯૪૫–૫૫; ૧૯૫૬–૬૪; ૧૯૬૪–૭૨). ખરું પૂછો તો યુદ્ધોત્તર જગતનો પાયો તો લડાઈ ચાલતી હતી ત્યારે જ નંખાઈ રહ્યો હતો અને પરસ્પરવિરોધી દિશામાં પ્રવૃત્તિ ચાલી રહી હતી. ન્યાયી ધોરણે જગતમાં એકતા અને શાંતિ સ્થાપવાનું સ્વપ્ન સાકાર કરનાર વ્યવસ્થાતંત્ર ઊભું કરવાની શરૂઆત ડમ્બાર્ટન ઑક્સમાં મળેલી પરિષદ(સપ્ટેમ્બર ૧૯૪૪)થી થઈ અને સાન ફ્રાન્સિસ્કોમાં આખરી ખતપત્રનો સ્વીકાર થયો (જૂન ૨૬, ૧૯૪૫). જર્મની સામે જંગે ચડેલાં રાજ્યોને શાન્તિચાહક ગણાવીને 'શાન્તિપ્રિય રાષ્ટ્રો'ની સંયુક્ત રાષ્ટ્રસંસ્થા (યુ. એન. ઓ.) સ્થપાઈ. પુરાણા રાષ્ટ્રસંઘના પાયા પર ચણવામાં આવેલા આ નવા તંત્રના ખતપત્રમાં નવી દુનિયાની ઝાંખી નથી. સમાન મતાધિકાર ધરાવતાં નાનાંમોટાં તમામ સભાસદ રાષ્ટ્રો(અત્યારે જુલાઈ ૧૯૭૩માં ૧૩૨)ની સામાન્ય સભા વરસે એક વાર મળે છે અને તેમાં બધા નિર્ણયો બેતૃતીયાંશ બહુમતીએ લેવાય છે. રોજબરોજનું કાર્ય સંભાળનાર અને યુદ્ધ અંગેના પ્રશ્નો સાંભળનાર સલામતી સમિતિના સભ્યોની સંખ્યા અગિયારમાંથી વધારીને પંદરની કરવામાં આવી છે (જૂન ૧૯૬૫); અને તેના પાંચ કાયમી સભાસદો — અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન—ને વિટોની

સત્તા આપવામાં આવી છે. બ્રિટન અને ફ્રાન્સના ઉગ્ર વિરોધ છતાં અમેરિકા–રશિયાના અત્યંત આગ્રહને પરિણામે સામ્રાજ્યોની વિસર્જન-પ્રક્રિયાની ચોકી રાખનાર ટ્રસ્ટીશિપ કાઉન્સિલ સ્થપાઈ. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું આ એક જ અંગ એવું છે કે જેના કાર્યની લગભગ પરિસમાપ્તિ થઈ ચૂકી છે. પોર્ટુગાલના એંગોલા-મોઝામ્બિક સિવાય દુનિયામાં બીજે કશે સંસ્થાનો રહ્યાં નથી. બિનરાજકીય પ્રશ્નો હાથ ધરવા માટે આર્થિક સામાજિક સમિતિ (ઇકોનૉમિક ઍન્ડ સોશિયલ કાઉન્સિલ) નીમવામાં આવી છે. આ બધાં મુખ્ય અંગોનું કામ બજાવવા માટે સ્થપાયેલી પેટા સમિતિઓ, તંત્રો, જૂથોની સંખ્યા ખૂબ મોટી છે અને તેમાં યુનેસ્કો, વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન (ડબલ્યુ. એચ. ઓ.), યુનિસેફ જેવી મહત્ત્વની સંસ્થાઓનો સમાવેશ થાય છે. વળી ભૂતકાળમાં સ્થપાયેલાં મજૂર તંત્ર (આઈ. એલ. ઓ.) અને આંતરરાષ્ટ્રીય અદાલતને યુનોનાં અંગ બનાવી લેવામાં આવ્યાં. યુનો માટે સ્વતંત્ર સૈન્ય ઊભું કરવાની ખતપત્રમાં જોગવાઈ છે. સભ્ય રાષ્ટ્રો પાસેથી ઉછીનાં લીધેલાં દળોએ યુનોની શાન્તિસેના તરીકે પશ્ચિમ એશિયા, સાઇપ્રસ અને કૉંગોમાં ફરજ બજાવી હતી; અને કોરિયામાં તો યુનોના નામનો અને ધ્વજનો બહોળા ધોરણે ઉપયોગ પણ થયો હતો. યુનો માટે કાયમી સેના ઊભી કરવાની ખ્રુશ્ચૉફની ૧૯૬૩ની દરખાસ્તનું કશું પરિણામ આવ્યું નથી. જોકે, સંયુક્ત રાષ્ટ્રસંસ્થા અપેક્ષા પ્રમાણે કામ બજાવી શકી નથી. છતાં ઐક્ય, ન્યાય અને શાંતિના પ્રતીકસમો તેનો ઝંડો હજુ પણ ફરફરી રહ્યો છે.

એક બાજુ વિશ્વસંસ્થાનું ઘડતર થઈ રહ્યું હતું ત્યારે બીજી બાજુ રાજરમતના દાવ ખેલાઈ રહ્યા હતા. યુદ્ધ આથમવા લાગ્યું હતું, દુશ્મનના પતનની આખરી ઘડીઓ ગણાઈ રહી હતી. પરમાણુ-વિસ્ફોટની તડામાર તૈયારીઓ ચાલતી હતી ત્યારે યાલ્ટા અને પોટ્સડામમાં મળેલી સર્વોચ્ચ નેતા (રૂઝવેલ્ટ-ચર્ચિલ-સ્તાલિન) પરિષદમાં ભાવિ દુનિયાનો નકશો દોરવા અને તેમાં વધારેમાં વધારે લાભ ખાટી જવા માટે વિજેતા રાષ્ટ્રો વચ્ચે ખેંચતાણ શરૂ થઈ ગઈ હતી. લાંબા, વિનાશકારી યુદ્ધે પેદા કરેલી દુનિયાનાં રૂપ, રંગ, આકાર અંગે અંધારામાં અટવાઈ રહેલા રાજપુરુષોએ નવી દુનિયાનું રેખાંકન પણ જૂના માપદંડે જ કરેલું હોવાથી તેમણે ઘડી કાઢેલું માળખું, તેમણે રાખેલી અપેક્ષાઓ અને તેમણે કરેલી ગોઠવણો કડડભૂસ કરતી ભાંગી પડી. છતાં આ પરિષદના નિર્ણયોએ યુદ્ધોત્તર યુરોપનું રાજકારણ ઘડવામાં જબરદસ્ત ફાળો આપ્યો છે.

પૂર્વ યુરોપ રૂસી પ્રભાવક્ષેત્રમાં હોઈને તેમાં અમેરિકા-બ્રિટનની રૂસવિરોધી દખલગીરી ન હોવી જોઈએ તેવું સર્વાનુમતે કબૂલ રાખવામાં આવ્યું. પશ્ચિમ યુરોપમાં પોતે દખલ નહીં કરે તેવું રશિયાએ સામેથી સ્વીકારી લીધું. જર્મનીના વિભાજનને યાલ્ટામાં મંજૂરી આપવામાં આવી અને તારાજ થયેલાં રૂસી કારખાનાં ફરી બાંધવા માટેની સરંજામસામગ્રી પરાજિત રાષ્ટ્રો પાસેથી પડાવી લેવાની રૂસી દરખાસ્તનો કોઈએ વિરોધ કર્યો નહીં. જર્મનીને ચૂંથી નાખીને તેની તમામ ઉદ્યોગ-શક્તિ હણી લેવાની અમેરિકી નાણામંત્રી હેન્રી મૉર્ગેન્થોએ તૈયાર કરેલી યોજના પર ચર્ચિલ-રૂઝવેલ્ટની સહી થયા બાદ પાછળથી તે પડતી મૂકવામાં આવી. જર્મની અને તેના પાટનગર બર્લિનના નાનામોટા ચાર ટુકડાઓ કરીને વિજેતા રાષ્ટ્રોના લશ્કરી કબજા તળે રાખવાના કોલકરાર થયા. પરંતુ, જર્મની જોડે કરાર કરવા મળેલી મૉસ્કો પરિષદ નિષ્ફળ ગઈ (૧૯૪૭). બ્રિટન-અમેરિકાના લશ્કરી ક્ષેત્રોના એકીકરણ સામે વિરોધ નોંધાવીને રશિયાએ પૂર્વ જર્મનીનો કબજો છોડવાનો સાફ ઇનકાર કર્યો.

વિશ્વયુદ્ધમાં અમેરિકા વધારે સમૃદ્ધ અને વધારે શક્તિશાળી બન્યું. યુદ્ધની સીધી ઝાળમાંથી બચી ગયેલા તેના ઉદ્યોગતંત્રનું અને ખેતીવાડીનું ઉત્પાદન બમણા કરતાં પણ વધી ગયું. અનાજ અને સામગ્રીનો જથ્થો એટલો વધી પડ્યો કે તેને પરદેશ ચડાવવામાં ન આવે તો અમેરિકામાં ઊભા રહેવાની જગા ન મળે. ઉપરાંત તેણે પેદા કરેલી (૧૯૪૫માં પરમાણુ બૉમ્બ સહિત) અકલ્પ્ય સંહારક શક્તિથી આખું જગત થરથર કાંપતું હતું. યુદ્ધોત્તર કાળના આરંભે ૧૯૫૨ સુધી પરમાણુ શસ્ત્રો કેવળ તેની એકલાની જ પાસે હતાં. આર્થિક, લશ્કરી અને ટેકનોલૉજિકલ ક્ષેત્રોમાં પણ અમેરિકા જગતભરને ધ્રુજાવતી મહાસત્તા બની ગયું હતું.

બીજી બાજુ, રશિયાએ યુદ્ધ દરમિયાન (૧૯૪૧–૧૯૪૪) પોતાનું ખમીર બતાવી આપ્યું હતું. જર્મન ધાડાંને નેસ્તનાબૂદ કર્યાં હતાં. વળી જર્મન કબજા તળે ન આવેલા તેના વિસ્તીર્ણ પ્રદેશોમાં કારખાનાંઓ તો ધમધમી રહ્યાં હતાં. યુદ્ધ પૂરું થતાં જ સ્તાલિને પોતાની પકડ વધારે સખત બનાવી અને લોકોની હાડમારી પ્રત્યે દુર્લક્ષ કરીને, ભારે ઉદ્યોગો તથા લશ્કરી કારખાનાંઓનો પુનઃ વિકાસ કરવા માંડ્યો. જર્મની અને મંચુરિયામાંથી યંત્રસામગ્રી લૂંટી લાવીનેય રૂસી કારખાનાં ઊભાં થયાં. જર્મની પ્રત્યે લાગણી દાખવનારા લોકો સામે અત્યંત ખુન્નસભર્યો બદલો લેવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય કાયદો અભરાઈ પર ચડાવીને તેણે યુદ્ધકેદીઓને અટકાયતમાં રાખ્યા એટલું જ નહીં પણ તેમની પાસે મહેનત-મજૂરી કરાવી. તે જ રીતે તેણે લશ્કર વિખેર્યું નહીં અને હાથમાં આવેલો પ્રદેશ પણ છોડ્યો નહીં. પૂર્વ યુરોપ પર ભીંસ વધારીને તમામ રાજ્યોમાં કઠપૂતળી સરકારો ઊભી કરી [વિશ્વ દર્શન–૧ (ક્રાન્તિ), પૃ. ૨૨૪–૨૪૦].યુગોસ્લાવિયા અને આલ્બેનિયામાં તો સામ્યવાદીઓના હાથમાં જ સત્તા હતી; પણ પોલેન્ડ, ચેકોસ્લોવાકિયા અને હંગેરીમાં સામ્યવાદી પક્ષો નબળા હોવા છતાં સરકારી તંત્રમાં તેમનો પ્રવેશ કરાવીને બે વરસમાં તમામ બિનસામ્યવાદી આગેવાનોને અને પક્ષોને સ્તાલિને સાફ કરી નાખ્યા, તુર્કી સામે દમદાટી શરૂ કરી અને ગ્રીસમાં 'અયોગ્ય સરકાર'ને ઉથલાવી પાડવા માટે ગેરીલા દળોને છોડી મૂક્યાં. આમ, પૂર્વ યુરોપમાં ખંડિયાં રાજ્યો ઊભાં કરીને સમગ્ર પ્રદેશનું રૂસીકરણ અને સામ્યવાદીકરણ કરી નાખવામાં આવ્યું; અને યુરોપ વચ્ચે લોખંડી પડદો પાડી દઈને પૂર્વ અને પશ્ચિમ યુરોપ વચ્ચેના તમામ વ્યાપારી, રાજકીય તથા સાંસ્કૃતિક વ્યવહાર કાપી નાખવામાં આવ્યા.. ૧૯૪૬ના જુલાઈ માસમાં મળેલી શાંતિ પરિષદમાં પરાજિત રાષ્ટ્રો જોડેના વર્તાવ અંગે અમેરિકા, ઇંગ્લંડ અને રશિયા વચ્ચે જાહેરમાં તડાતડી થઈ. નવેમ્બરમાં રુમાનિયા, હંગેરી, બલ્ગેરિયા તથા ફિનલેન્ડ જોડે થયેલા શાંતિ કરાર અનુસાર આ બધાં રાષ્ટ્રોની સરહદમાં રશિયાને અનુકૂળ થઈ પડે તેવા ફેરફાર કરવામાં આવ્યા અને તેમની પાસેથી વસૂલ લેવાયેલા દંડની રકમનો મોટો ભાગ રશિયા માટે ફાળવવામાં આવ્યો.

યુરોપ તદ્દન ભાંગી પડ્યું હતું. પરમાણુ શસ્ત્રોથી તથા અમેરિકા-રશિયા વચ્ચેની તંગદિલીથી બેચેન બની ગયેલા અને દેવામાં ડૂબી ગયેલા યુરોપની અવનતિ એટલી હદે પહોંચી ગઈ હતી કે વિશ્વ પર તેણે જમાવેલો પ્રભાવ ટકાવી રાખવો અશક્ય હતો. યુરોપની બેતૃતીયાંશ ઉત્પાદનશક્તિ નષ્ટ થઈ ગઈ હતી અને સાધનસામગ્રીના બેફામ વિનાશના કારણે તેને ફરી બેઠું કરવાનું કાર્ય અત્યંત વિકટ હતું. ૧૯૪૭ના કાતિલ શિયાળામાં યુરોપે ભોગવેલા ભૂખમરા અને હાડમારીની આજે તો કલ્પના પણ કરી શકાતી નથી. લાખો હેક્ટારમાં થયેલું ઘઉંનું વાવેતર ઠંડીમાં સમૂળું બળી ગયું

અને પૂર્વ યુરોપમાંથી અનાજ મોકલવાનો રશિયાએ સાફ નનૈયો ભણ્યો. કોલસા અને વીજળીની સખત તંગી હતી. પોતાનાં સામ્રાજ્યોમાંથી સામગ્રી અને સમૃદ્ધિ ચૂસી લાવવા અને પચાવવા જેટલી તાકાત પણ યુરોપમાં રહી ન હતી. લડાઈ દરમિયાન તેનાં એશિયાઈ સામ્રાજ્યો (હિન્દી ચીન, બ્રહ્મદેશ, ફિલિપાઈન્સ વગેરે) પર પ્રભુત્વ સ્થાપીને જપાને યુરોપની પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી હતી અને સંસ્થાનોને આછીપાતળી આઝાદીનો સ્વાદ ચખાડ્યો હતો.

લડાઈ પૂરી થતાં બ્રિટને પોતાનો પગદંડો જમાવવાની પૂરી કોશિશ કરી અને ફ્રાન્સ તથા હૉલેન્ડની સત્તા ફરી સ્થાપવા માટે સક્રિય સહાનુભૂતિ દાખવી. પણ પાકેલાં ફળ ઝાડ પરથી આપોઆપ ખરી પડે તેમ સંસ્થાનો આઝાદ થવાં લાગ્યાં. ચાર સદી જૂનો સંસ્થાનવાદ એશિયામાંથી મરી પરવાર્યો. શાણપણ વાપરીને બ્રિટન ખસી ગયું (૧૯૪૭–૪૮). સત્તા ટકાવવા માટે હૉલેન્ડે થોડાં ઝાવાં નાખ્યાં. ફ્રાંસે વધારે ફાંફાં માર્યાં અને માર પણ વધારે ખાધો. સામ્રાજ્ય વિરોધી પરંપરામાં પોષાયેલા અને સંસ્થાનોની આઝાદી ઝંખતા અમેરિકા માટે સામ્રાજ્યના વિસર્જનની આ પ્રક્રિયા મોટી શિરોવેદના સમી થઈ પડી, કારણ કે બ્રિટન, ફ્રાંસ, હૉલેન્ડ, બેલ્જિયમ એ સામ્રાજ્યવાદી રાષ્ટ્રો અમેરિકાનાં મિત્રરાજ્યો હતાં અને વિદ્રોહી સંસ્થાનો તરફ અમેરિકાની કૂણી લાગણીના કારણે ખૂબ નારાજ થયાં હતાં.

ચોમેર પથરાયેલાં કંગાળ, ભૂખ્યાં, દુર્બળ રાષ્ટ્રો વચ્ચે સામસામે આવી ઊભેલા અમેરિકા અને રશિયા વચ્ચેની યુદ્ધકાળની દોસ્તી તો લડાઈ પૂરી થતાં પહેલાં જ આથમી ગઈ. હિટલરનો ઓથાર દૂર થતાં જ મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચેનો જૂનો ગજગ્રાહ ફરી શરૂ થયો. મેદાન સાફ હતું અને મુખ્ય હરીફો માત્ર બે જ હતા. તેથી આ સંઘર્ષ વધારે ઉગ્ર અને કાતિલ બન્યો. બંને મહાસત્તાઓ શરૂઆતમાં સંભાળી સંભાળીને પગલાં મૂકતી હોવાથી પ્રગટપણે જંગ જામ્યો નહીં એટલું જ; બાકી, બંને મહાસત્તાઓ પકડ જમાવવા અને સામા પક્ષને નબળો પાડવાના તમામ પ્રયાસોમાં ગળાબૂડ હતી.

સામ્યવાદના સીમિતીકરણ(કન્ટેનમેન્ટ)ની નીતિ જાહેર કરીને અમેરિકાએ સામ્યવાદી ભીંસ અનુભવતાં રાષ્ટ્રોને લશ્કરી સહાય આપવાનો 'ટ્રુમાન સિદ્ધાંત' અપનાવી લીધો. તે અનુસાર તુર્કીને ટેકો આપવામાં આવ્યો, ગેરીલા દળોના હલ્લાથી ગૂંગળાઈ રહેલા ગ્રીસમાં, યુનોને બાજુએ હડસેલીને, અમેરિકાએ લશ્કરી સામગ્રી તથા આર્થિક સહાય આપવા માંડી. ૧૯૪૯ની અધવચમાં આ ગેરીલાઓ વેરવિખેર થઈને આજુબાજુના સામ્યવાદી દેશોમાં સંતાઈ બેઠા. ટીટો જોડે રશિયાને ઝઘડો થયા બાદ (૧૯૪૯–૫૦) ગેરીલાઓ સાફ થઈ ગયા અને ગ્રીસ કાયમ માટે બચી ગયું.

કંગાલિયતના ખપ્પરમાં જઈ પડેલા યુરોપને ફરી પગભર કરવા માટે અમેરિકી વિદેશમંત્રી માર્શલે, 'યુરોપિયન રિકવરી પ્રોગ્રામ'ની જાહેરાત કરી (જૂન ૫, ૧૯૪૭). અમેરિકાનું આર્થિક પ્રભુત્વ સ્થાપે તેવી આ યોજનાનો રશિયાએ શરૂઆતથી જ વિરોધ કર્યો અને તેમાં ભાગ લેવા સામે પોતાનાં ખંડિયાં રાજ્યોને ચેતવણી આપી. આથી પૅરિસ પરિષદમાં નવ રાજ્યો — રશિયા, પોલેન્ડ, ચેકોસ્લોવાકિયા, હંગેરી, રુમાનિયા, યુગોસ્લાવિયા, બલ્ગેરિયા અને આલ્બેનિયા — ગેરહાજર રહ્યાં. બાકીના યુરોપને સધ્ધર કરવાની ચાર વર્ષની યોજના પાર પાડવા માટે અમેરિકાએ ૧૯,૦૦,૦૦,૦૦,૦૦૦

(૧૯૦૦ કરોડ) ડૉલર આપવા કબૂલ્યું. 'આધુનિક યુગના સૌથી મહાન રચનાત્મક પગલા' તરીકે વધાવી લેવામાં આવેલી આ માર્શલ યોજનાના અમલ માટે ઑર્ગેનિઝેશન ઑફ યુરોપિયન ઇકોનૉમિક કો-ઑપરેશન (ઓ.ઈ.ઈ.સી.) અને યુરોપિયન પેમેન્ટ્સ યુનિયન (ઈ.પી.યુ.) જેવાં સંગઠનો સ્થાપવામાં આવતાં યુરોપની સર્વાંગી એકતાના આંદોલનનાં મૂળ નંખાયાં. આ યોજનાનાં પરિણામો ઝડપભેર જણાયાં. ત્રણ વરસમાં યુરોપનું ઔદ્યોગિક ઉત્પાદન દોઢું થઈ ગયું અને અનાજની પેદાશ લડાઈ અગાઉ હતી તેના કરતાં વધી પડી. કોરિયાની લડાઈનું વિઘ્ન વચ્ચે નડ્યું ન હોત તો ૧૯૫૨માં યુરોપની આર્થિક સ્વાયત્તતા પૂરેપૂરી સિદ્ધ થઈ ગઈ હોત, પરંતુ આ યોજનાનું સૌથી ખરાબ પરિણામ એ આવ્યું કે સદીઓથી પરસ્પર સંકળાયેલું યુરોપીય અર્થતંત્ર અનુક્રમે રૂસી ને અમેરિકી પ્રભુત્વવાળા પૂર્વ-પશ્ચિમ વિભાગોમાં વહેંચાઈ ગયું. પશ્ચિમ યુરોપના આર્થિક ઐક્યનું બીજું મહત્ત્વપૂર્ણ પગલું ફ્રાંસે રજૂ કરેલી 'શુમેન યોજના' છે. ફ્રાન્સ, ઇટાલી, જર્મની, બેલ્જિયમ, હૉલેન્ડ, લગ્ઝમબર્ગ એ છ પાડોશી રાજ્યોમાં કોલસા અને પોલાદના પાયાના ઉદ્યોગો પર રાષ્ટ્રીય અંકુશ નાબૂદ કરીને તેનું આંતરરાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને વહીવટી સત્તા 'યુરોપિયન કોલ ઍન્ડ સ્ટીલ કૉમ્યુનિટી'ને સોંપી દેવામાં આવી. ૧૯૫૦ પછીના દાયકામાં આ પ્રયોગમાંથી યુરોપીય જકાતી સંઘ સ્થપાયો અને અધિરાષ્ટ્રીય (સુપ્રાનેશનલ) સત્તાકેન્દ્રોનો અભિનવ અખતરો શરૂ થયો.

બંને જૂથની બરાબર વચ્ચે મોકાનું સ્થાન ધરાવતા અને પોતાની ઔદ્યોગિક તેમ જ લશ્કરી તાકાતથી યુરોપને બેંશી વરસથી ધ્રૂજાવી રહેલા જર્મનીને પોતાના જૂથમાં ખેંચવા માટે રશિયા અને અમેરિકા મથામણ કરી રહ્યાં હતાં. મૉસ્કો પરિષદ(૧૯૪૭)માં જર્મની માટે મધ્યસ્થ સત્તા સ્થાપવાની રૂસી દરખાસ્ત ફ્રાન્સના ઉગ્ર વિરોધના કારણે નકારવામાં આવી. જર્મની પર વિજેતા રાષ્ટ્રોનો કબજો રાખવો, તેને શસ્ત્રવિહીન બનાવવું પણ ઔદ્યોગિક વિકાસની છૂટ આપવી તેવો ઠરાવ થયો. ફ્રાન્સ અને ઇંગ્લાંડે શરૂઆતમાં થોડી માથાકૂટ કરી જોયા બાદ મહાસત્તાનો પાઠ ભજવવાનો અભરખો છોડી દઈને ઘરઆંગણાના પ્રશ્નોમાં ધ્યાન પરોવ્યું. રાજકારણી અસ્થિરતા અને આર્થિક ભીડમાં ફસાઈ પડેલાં ફ્રાન્સ અને ઇટાલીમાં સામ્યવાદી પક્ષોએ મોટા પાયા પર હડતાલો, તોફાનો અને ભાંગફોડનું આયોજન કરવાથી અંધાધૂંધી વધી પડી હતી. આ પરિસ્થિતિમાંથી ઊગરવા માટે અમેરિકી સહાયની અનિવાર્ય જરૂરિયાત સમજીને પશ્ચિમ યુરોપનાં રાજ્યોએ તેની જોડે વધારે ને વધારે સહકાર સાધવા માંડ્યો. આ જૂથ પ્રમાણમાં સ્વૈચ્છિક પાયા પર બંધાયું હોવાથી શરૂઆતના દાયકા દરમિયાન તેમાં આંતરિક ઘર્ષણનું પ્રમાણ નહીંવત્ રહ્યું.

અમેરિકા પાસે સમૃદ્ધિની રેલમછેલ હતી અને તેના પ્રભાવક્ષેત્રમાં વધારે વિકસિત રાજ્યોનો સમાવેશ થતો હતો. રશિયા પાસે જૂથ જમાવવા માટે નાણાં ન હોવાથી (કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનો તેનો આંક અમેરિકા કરતાં અડધો પણ ન હતો અને હજુ આજે પણ આ આંકડો અમેરિકાના બેતૃતીયાંશ જેટલો જ છે) તેને દમદાટી પર વધારે આધાર રાખવો પડ્યો છે. તેથી છેક શરૂઆતથી તે આજની ઘડી સુધી તેનાં ખંડિયાં રાજ્યોમાં અવારનવાર રૂસ વિરોધી ધાંધલ થયા કરે છે. યુદ્ધકાળ દરમિયાન પશ્ચિમી સાથીઓને આસાએશ આપવા માટે સામ્યવાદી પક્ષોના વિશ્વસંઘ(કૉમિન્ટર્ન)નું વિસર્જન કરવામાં આવ્યું હતું (મે ૧૯૪૩). સને ૧૯૪૭ની બેલગ્રેડ પરિષદમાં આ સંઘને નવા સ્વરૂપે (કૉમિન્ફૉર્મ) ફરી સજીવન કરવામાં આવ્યો અને સામ્યવાદીઓને



યુગોસ્લાવિયાએ ટીટોની રાહબરી હેઠળ સોવિયેત જૂથથી સ્વતંત્ર નીતિ અખત્યાર કરવા માંડી. યુગોસ્લાવ પ્રચારતંત્રે ટીટોને લેનિન-સ્તાલિનથી પણ ઊંચેરો ચિતરવા માંડ્યો.

વર્ગવિહીન સમાજને સ્થાને 'નવા વર્ગ'ના ઉદયથી વ્યથિત–અને એથી પદભ્રષ્ટ – યુગોસ્લાવ રાજપુરુષ ને ચિન્તક મિલોવાન જિલાસ

યુદ્ધોત્તર જર્મની

પૂર્વ જર્મનીનો સોશ્યલિસ્ટ સરમુખત્યાર
(ઈ. સ. ૧૯૪૫–૧૯૭૧)

વૉલ્ટર ઉલ્બ્રિખ્ત

રૂસી નાકાબંધી → વખતની
બિનાત માટે પુરવઠો પહોંચાડવાનો પ્રયાસ
૧૯૪૮

બર્લિનના ઉત્તર પશ્ચિમની નાકાબંધી

પ. જર્મનીનો ચાન્સેલર →
(ઈ. સ. ૧૯૪૯–૧૯૬૩)

કોનરાડ ઍડનોર

વિલી બ્રાન્ટ

← પશ્ચિમ જર્મનીનો ચાન્સેલર
(ઈ. સ. ૧૯૬૯–)

જર્મન આર્થિક ચમત્કારનો →
શિલ્પી; પ. જર્મનીનો નાણા પ્રધાન (ઈ. સ. ૧૯૪૯–૧૯૬૬ ચાન્સેલર (૧૯૬૩–૬૬)

લુડવિગ ઍરહાર્ડ

તેઓ વેગળા ફેંકાઈ ગયા અને લોકમતથી વિમુખ બનવાને કારણે મોટી પંચાતમાં ફસાઈ પડ્યા. ઇંગ્લંડમાં સામ્યવાદી પક્ષ નામશેષ હતો પણ ફ્રાન્સ, ઇટાલી અને જર્મનીમાં તેનું બળ સારું હતું. ફ્રાન્સમાં સામ્યવાદી પક્ષનો નેતા મૉરિસ થોરાઝ સંરક્ષણ પ્રધાન હતો અને ઇટાલીમાં સામ્યવાદી પક્ષ પ્રચંડ સંખ્યાબળ ધરાવતો હતો. આ બંને દેશોમાં સામ્યવાદીઓની હકાલપટ્ટી પછી તેમણે હડતાળો અને તોફાનોનો આશરો લીધો. હડતાળો તૂટી પડી અને તોફાનો કચરી નાખવામાં આવ્યાં. ડિસેમ્બર ૧૯૪૭માં ઇટાલીનું નવું ગણતાંત્રિક બંધારણ અમલમાં આવ્યા બાદ ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષે ચૂંટણીમાં જ્વલંત ફતેહ મેળવીને સામ્યવાદી પક્ષને નબળો પાડી દીધો. ફ્રાન્સના બહુપક્ષીય અને અસ્થિર રાજકારણની ડામાડોળ હાલતમાં સરકારો ઉથલાવી પાડવામાં સામ્યવાદી પક્ષે સક્રિય ભાગ ભજવ્યો. હિન્દી ચીન અને અલ્જીરિયાના વિદ્રોહને જોરશોરથી ટેકો આપીને તેણે પોતાની આંતરરાષ્ટ્રીય નિષ્ઠા સાબિત કરી આપી પણ ફ્રાન્સના રાષ્ટ્રજનોનો ટેકો ગુમાવ્યો.

વિભાજિત જર્મનીમાં એકતા માટેની ઝંખના ઘણી પ્રબળ હતી. પણ તે માટેની મંત્રણાઓ શીતયુદ્ધના કારણે ઠીંગરાઈ ગઈ. જર્મનીમાં સામ્યવાદીઓનું બળ ઓછું હતું પણ તેનો મોટા ભાગનો પ્રદેશ રૂસી કબજા તળે હતો અને તેનું પાટનગર બર્લિન ચોતરફ રૂસી ક્ષેત્રથી વીંટળાયેલું હતું. જર્મન પ્રજાનું દિલ જીતી લેવા અને પોતાનાં નાનકડાં ક્ષેત્રોને સુદૃઢ કરવા અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સે પહેલું કદમ ઉઠાવ્યું અને પોતપોતાનાં લશ્કરી ક્ષેત્રો સંમિલિત કરી દેતાં જર્મની તથા બર્લિનના ચાર ચાર વિભાગોને બદલે હવે માત્ર બે જ વિભાગો — પૂર્વ અને પશ્ચિમ જર્મની, પૂર્વ અને પશ્ચિમ બર્લિન — રહ્યા. વળતો ફટકો મારવા અને બર્લિનને ગૂંગળાવી દઈને પોતાના કબજામાં ઝડપી લેવા માટે રશિયાએ પોતાના વિસ્તારમાંથી બર્લિન પહોંચવાના રસ્તા બંધ કરી દઈને આ શહેરની નાકાબંધી શરૂ કરી (જૂન ૨૪, ૧૯૪૮). શહેરમાં મહિનો દોઢ મહિનો ચાલે તેટલો ખોરાક અને કોલસો ભરી લેવા છતાં જબરદસ્ત કટોકટી ઊભી થઈ; કારણ કે આ શહેરની રોજિંદી જરૂરિયાત ૪૫૦૦ ટન જેટલા માલસામાનની હતી. આ પુરવઠો વિમાન માર્ગે પહોંચાડવાનો નવતર પ્રયોગ શરૂ થયો. શરૂઆતમાં તો આ કાર્ય માંડ માંડ પૂરું થતું પણ પરિસ્થિતિ સતત સુધરતી ગઈ. ડિસેમ્બરથી જરૂરિયાત કરતાં પુરવઠો વધવા લાગ્યો અને ૧૯૪૮ના માર્ચ-એપ્રિલમાં વિમાન માર્ગે દરરોજ ૮૦૦૦ ટન માલ બર્લિનમાં ઠલવાવા લાગ્યો. મે માસની ચોથી તારીખે રશિયાએ હાથ ઊંચા કરી લીધા. બીજે અઠવાડિયે (લગભગ અગિયાર મહિને) નાકાબંધી ઉઠાવી લેવામાં આવી. પણ તેથી કંઈ આ પ્રશ્ન પત્યો નહીં. બર્લિન જોડેના વાહનવ્યવહારમાં ઓછીવધતી આડખીલી નાખવાનો પ્રયોગ ચાલુ રહ્યો અને છેક ૧૯૭૧ સુધી બર્લિન અંગે પરસ્પર ધમકી અને ચેતવણી સતત અપાયા કરતી. બીજી બાજુ ૧૯૪૮માં પશ્ચિમ જર્મનીનું સ્વતંત્ર રાજ્ય સ્થપાયું અને ૧૯૪૯ના મે માસની પાંચમી તારીખથી તેનું નવું બંધારણ અમલમાં મુકાયું. કોનરાડ એડનૉરની રાહબરી તળે ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષે જબરદસ્ત ફતેહ મેળવીને જર્મનીમાં લોકશાહી શાસનના શ્રીગણેશ બેસાડ્યા.

મહાસત્તાઓ વચ્ચેના ગજગ્રાહને કારણે નિ:શસ્ત્રીકરણમાં થઈ રહેલી પ્રગતિ અને લશ્કરી તાકાતની સમતુલા પર જગતનું ધ્યાન ચોંટ્યું હતું. અણુશસ્ત્રોથી તમામ રાજ્યો થરથરી રહ્યાં હતાં. અમેરિકાના હાથમાં બૉમ્બ હતા : પણ ધારેલા સ્થળે બૉમ્બ ફેંકવા માટે બૉમ્બર વિમાનો પર આધાર રાખવો પડે. આ વિમાનોએ જેટલું લાંબું અંતર કાપવાનું હોય તેટલું તેમને તોડી પાડવાનું કામ

વધારે સહેલું બને. તેથી રશિયાની ચોતરફ, બની શકે તેટલી નજીકમાં, પોતાનાં લશ્કરી થાણાં ઊભાં કરવા અમેરિકા જહેમત ઉઠાવી રહ્યું હતું; જ્યારે આ થાણાં બને તેટલાં દૂર રહે તે જોવાનો રશિયાનો ઉદ્દેશ હતો.

આણ્વિવિભાજનની પ્રક્રિયા રશિયા વહેલેમોડે અવશ્ય જાણી લેશે એવી ખાતરી થવાથી અમેરિકાએ સામે ચાલીને પરમાણુ બૉમ્બનું રહસ્ય પ્રગટ કરવાની તૈયારી બતાવી પણ યુનોમાં રજૂ થયેલી 'બારૂચ યોજના' જોડે સંકળાયેલી તપાસણી-ચકાસણી માટેની શરતો રશિયાએ નાકબૂલ કરી. ૧૯૪૬થી શરૂ થયેલી આ વાટાઘાટો ત્રણ વરસ ચાલતી રહી પણ તેનું કશું ફળ નીપજ્યું નહીં. છેવટે ૧૯૪૯ના સપ્ટેમ્બરની ૨૩મી તારીખે રશિયાએ આણ્વિવિસ્ફોટ કરી લીધા બાદ આ ક્ષેત્રમાં બંને મહાસત્તાઓ ઝડપભેર તુલ્યબળ બનવા લાગી. સંખ્યા અને ચાલુ સરંજામની બાબતમાં રશિયા ઘણું ચડિયાતું હતું. તેની નખશિખ શસ્ત્રસજ્જ સેના ૩૦થી ૫૦ લાખની હોવાનું અંદાજવામાં આવતું હતું.

યુરોપીય રાષ્ટ્રોને પોતાના સંરક્ષણનો પ્રશ્ન વધારે ને વધારે સતાવવા લાગ્યો, કારણ કે અમેરિકા અને રશિયા વચ્ચે આવેલો પોતાનો પ્રદેશ હવે પછીની પરમાણુ યાદવાસ્થળીનું ક્ષેત્ર બનશે તેવા ભયથી યુરોપનાં રાજ્યો ફફડી રહ્યાં હતાં. યુદ્ધક્ષેત્રથી ઘણા લાંબા અંતરે આવેલા મહાસાગર પારના અમેરિકા પર સીધો ફટકો પડવાનું જોખમ આ કાળે ન હતું અને યુરોપમાંથી અમેરિકાની ઘણીખરી ફોજો ખસી ગઈ હતી. અમેરિકા ઉપેક્ષા કરે તો રશિયા સામે ઊભા રહેવાનું પોતાનું ગજું નથી એ હકીકત પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો સારી પેઠે સમજતાં હતાં. યુરોપની તળભૂમિ પર ભાવિ યુદ્ધના મોખરે પોતાની સેનાને રાખીને સીધા જોખમમાં ઝંપલાવવાની અમેરિકાએ તૈયારી દર્શાવી ત્યારે આટલાન્ટિક મહાસાગરના કાંઠે આવેલાં અગિયાર રાષ્ટ્રો(અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઇટાલી, બેલ્જિયમ, હૉલેન્ડ, નૉર્વે, પોર્ટુગાલ, આઇસલૅન્ડ, ડેનમાર્ક અને લગ્ઝમબર્ગ)એ 'ઉત્તર આટલાન્ટિક કરાર સંઘ' (નાટો) સ્થાપ્યો (મે ૪, ૧૯૪૯). અઢી વરસ પછી ગ્રીસ અને તુર્કી તેમાં જોડાતાં નાટોનું પૂંછડું છેક રશિયાના આંગણા સુધી લંબાયું. આના જવાબ રૂપે વૉર્સો કરાર દ્વારા રશિયાએ પોતાના જૂથનાં રાજ્યોની સંરક્ષણવ્યવસ્થા એકતંત્રમાં સાંકળી લીધી (મે ૧૪, ૧૯૫૩

અમેરિકાની આર્થિક અને લશ્કરી સહાય વાંછતાં યુરોપીય રાષ્ટ્રોને અમેરિકાનાં ખાંધિયાં બન્યાં સિવાય છૂટકો ન હતો. આ બાબતમાં બ્રિટન, ફ્રાન્સ જેવાં સમર્થ રાજ્યોના મનમાં ઘણો કચવાટ હતો. યુરોપની એકતા આ પરિસ્થિતિનો એકમાત્ર ઉકેલ છે તેમ સમજીને સદીઓ જૂનાં વેરઝેર તથા પૂર્વગ્રહો વિસારે પાડીને આખા પશ્ચિમ યુરોપનું સમૂહતંત્ર ઊભું કરવાની પ્રવૃત્તિ પાંગરવા લાગી. માર્શલ યોજના અને નાટોના કારણે પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો આર્થિક, વ્યાપારી અને લશ્કરી બાબતમાં એકજૂથ બની રહ્યાં હતાં. બેલ્જિયમ, હૉલેન્ડ અને લગ્ઝમબર્ગે જકાત સંઘ સ્થાપ્યો અને ૧૯૪૯ના મે માસમાં કાઉન્સિલ ઑફ યુરોપની સ્થાપના થઈ અને તેમાં રૂસી જૂથ સિવાયનાં ઘણાંખરાં — તેર રાજ્યો જોડાયાં. આમ, યુરોપની એકાત્મતા સિદ્ધ કરવા માટેનું પ્રયાણ શરૂ થયું.

શીતયુદ્ધના કારણે શરૂઆતનાં પાંચ વરસ (ઈ. સ. ૧૯૪૫–૫૦) યુનો બિલકુલ નાકામિયાબ રહ્યું હતું. રાષ્ટ્રસંઘની સેના ઊભી થઈ શકી નહીં, નિ:શસ્ત્રીકરણ અંગેની વાટાઘાટો વાંઝણી નીવડી, એશિયાઈ સામ્રાજ્યોનું વિસર્જન થયું, રશિયા-અમેરિકાએ જૂથ જમાવ્યાં. યુરોપમાં આર્થિક આંધી ફૂંકાઈ, માર્શલ યોજના ઘડાઈ અને નાટોની સ્થાપના થઈ. બર્લિનની કટોકટી જાગી અને ગ્રીસમાં ગેરીલા કટોકટી શમી ગઈ, પશ્ચિમ જર્મનીની સ્થાપના થઈ અને પૂર્વ યુરોપમાં સંખ્યાબંધ સરકારો

ડગુમગુ થઈ ગઈ — પણ આ બધામાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ કશો ભાગ ભજવ્યો નહીં અને કોઈએ તેનો ભાવ પણ પૂછ્યો નહીં.

૧૯૫૦ પછીનાં પાંચ વરસ

૧૯૫૦ પછીનાં પાંચ વરસમાં દુનિયાએ નવા યુગમાં પ્રવેશ કર્યો અને અનેક નવતર કટોકટીઓ અનુભવી. ૧૯૫૨ના નવેમ્બરમાં અમેરિકાએ અને ત્યાર પછી દસ જ માસના અંતરે રશિયાએ કરેલા હાઇડ્રોજન બૉમ્બના વિસ્ફોટના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણની તરાહ એવી ધૂંધળી બની ગઈ કે કોઈ મહાવિચક્ષણ રાજપુરુષ પણ તેનું આકલન કરી શકે નહીં. પરમાણુ બૉમ્બ કરતાં અઢીસોથી હજારગણી સંહારક શક્તિ ધરાવતા હાઇડ્રોજન બૉમ્બથી આખું વાયુમંડળ દૂષિત થાય; તેમાંથી ઊડેલી વિષાણુરજ જેના પર પડે તેને તો રિબાવી રિબાવીને મારે, પણ તેની ભાવિ પેઢીને પણ પાંગળી, વિકૃત અને અલ્પાયુષી બનાવી મૂકે. હવાના ઝોક પ્રમાણે ધૂમરાતી આ રજ દુશ્મન પર પડે તેમ કયારેક ખુદ ફેંકનાર રાષ્ટ્ર પર પણ પથરાય. આ શસ્ત્ર સામે કશું સંરક્ષણ નથી. આ બ્રહ્માસ્ત્રનો સામસામો ઉપયોગ થાય તો દુનિયા આખીમાં રાખના ઢગલા સિવાય કંઈ રહે નહીં અને માનવજાતની જોડે પશુપંખી, ઝાડપાનનો પણ સંહાર થઈ જાય. આમ આ પ્રલયકારી શસ્ત્ર ધરાવનાર રાષ્ટ્ર પણ તેનો ઉપયોગ કરી શકે તેમ ન હોવાથી વિશ્વશાન્તિ જાળવ્યા સિવાય હવે બીજો કોઈ માર્ગ જ રહ્યો નહીં. ચર્ચિલની પ્રભાવી ભાષા વાપરીએ તો 'પરમાણુ શસ્ત્રો અત્યંત વિઘાતક હોવા છતાં તે માનવ અંકુશથી પર જઈ શકે તેવાં ન હતાં. પણ હવે . . . આપણી સામેની પ્રલયકારી સ્થિતિનો અંદાજ પણ કાઢી શકાય તેમ નથી. . . . આપણે ઇતિહાસના એવા તબક્કે આવીને ઊભા છીએ કે આપણી સલામતી ત્રાસની કૂખે જન્મેલું ખડતલ બચ્ચું છે અને માનવ અસ્તિત્વ, સર્વનાશનું સહોદર બન્યું છે.'

હાઇડ્રોજન બૉમ્બ તૈયાર કરવાની રૂસી પદ્ધતિ અમેરિકા કરતાં ચડિયાતી હતી. એટલું જ નહીં પણ આ બૉમ્બને દૂર દૂર ધારેલા સ્થળે ફેંકવા માટેનાં રૉકેટો પણ રશિયાએ બનાવવા માંડ્યાં. સ્વયંસંચાલિત શસ્ત્રો અને વિમાનોનો યુગ શરૂ થયો. ૧૯૬૧ના સપ્ટેમ્બરમાં જાણવા મળ્યું કે રશિયાનું આંતરખંડીય પ્રક્ષેપાસ્ત્ર (ઇન્ટરકૉન્ટિનન્ટલ બેલિસ્ટિક મિસાઇલ) બાર હજાર કિલોમીટર દૂર ધારેલું શસ્ત્ર ફેંકી શકે છે, અને ખ્રુશ્ચૉફે બડાઈ મારતાં કહેલું તેમ અવકાશમાં ઊડતી માખીને પણ આંટી શકે છે. બીજા મહિને રશિયાએ ૫૦ મેગાટનનો બૉમ્બ ફોડ્યો અને આના કરતાં બમણો બૉમ્બ બનાવવાની પોતાની શક્તિ જાહેર કરી. જપાન પર ફેંકાયેલા પરમાણુ બૉમ્બ કરતાં આ બૉમ્બ પાંચ હજારગણો વિઘાતક હતો.

અમેરિકા પ્રક્ષેપાસ્ત્રોની બાબતમાં સહેજ પાછળ પડી ગયું હતું પણ ૧૯૬૩–૬૪માં ખૂબ જ જહેમત ઉઠાવીને તે પણ સાથે આવીને ઊભું. દુશ્મનની જોડાજોડ, પોતાનો પણ નિરપેક્ષ ભાવે કોળિયો કરી જનાર 'લોકક્ષયકૃત્પ્રવૃદ્ધ' સાક્ષાત્ કાળમૂર્તિ સમાં આ શસ્ત્રો-અસ્ત્રોના ખ્યાલથી રાજકારણી અને લશ્કરી આગેવાનોનાં કઠણ કાળજાં પણ ધડધડ કંપી ઊઠ્યાં અને સત્તાસંઘર્ષનું સ્વરૂપ અને તેનાં સાધનો બદલાઈ ગયાં, કારણ કે આ શસ્ત્રોથી હવે લડી શકાય એમ રહ્યું ન હતું. શસ્ત્રો કેવળ ડરામણી-દબામણી દ્વારા પ્રતિષ્ઠા તેમ જ પ્રભુત્વ પ્રાપ્ત કરવાનાં સાધનો (ડિટેરન્ટ) થઈ પડ્યાં

હતાં. વળી પરમાણુ શસ્ત્રનો ફેલાવો થવા લાગ્યો. બ્રિટન (૧૯૫૨ અને ૧૯૫૭), ફ્રાન્સ (૧૯૬૦ અને ૧૯૬૩) અને ચીને (૧૯૬૪ અને ૧૯૬૭) અનુક્રમે પરમાણુ યુગમાં અને હાઈડ્રોજન યુગમાં પ્રવેશ કર્યો. સર્વાંગી યુદ્ધ અશક્ય બની ગયું અને સામાન્ય શસ્ત્રોના ઉપયોગથી ખેલી શકાય એવાં મર્યાદિત યુદ્ધોનો જમાનો શરૂ થયો. વળી હાઈડ્રોજન શસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રોના કારણે સૈન્યો, સાથીઓ, લશ્કરી થાણાં, અડ્ડાઓનું મહત્ત્વ શૂન્યવત્ થઈ ગયું.

આ બધું તો હજ ભાવિના ગર્ભમાં હતું. મહાસત્તાઓ વચ્ચે ચાલી રહેલા તીવ્ર શીતયુદ્ધમાંથી ગરમાગરમ લડાઈ ફાટી નીકળી અને ૧૯૫૦ના જૂન માસમાં એશિયાના પૂર્વ છેડે આવેલા કોરિયા—ઊગતા સૂર્યના પ્રદેશ—માં યુદ્ધ શરૂ થયું. ચીલાચાલુ શસ્ત્રોથી લડાયેલું આ યુદ્ધ કોરિયા પૂરતું મર્યાદિત રહ્યા છતાં આંતરરાષ્ટ્રીય રાજકારણ પર અને યુરોપીય સમતુલા પર તેની ખૂબ ઊંડી અસર થયેલી છે. ઍબિસીનિયાના વિગ્રહે (૧૯૩૬) રાષ્ટ્રસંઘની નિર્માલ્યતા છતી કરી હતી તેમ કોરિયાના વિગ્રહે યુનોનાં નાકામિયાબી સાબિત કરી આપી અને કટોકટીના પ્રસંગે દરેક રાજ્યે સામૂહિક સલામતી માટે વિશ્વસંસ્થા પર નહીં પણ પોતાની અને પોતાના સાથીઓની તાકાત પર જ આધાર રાખવો પડશે તે સિદ્ધ કરી આપ્યું. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સલામતી સમિતિમાં રશિયાની કામચલાઉ ગેરહાજરીનો લાભ ઉઠાવીને અમેરિકાએ યુનોના નામ અને ધ્વજનો ઉપયોગ કર્યો; પણ આ સેના અને આ જંગ અમેરિકાનાં છે એ બાબતમાં શરૂથી આખર સુધી તલમાત્ર પણ શંકા ન હતી. આ લડાઈની ભરતીઓટ બે વરસ ચાલી અને ત્યાર પછીનાં ત્રણ વરસ વાટાઘાટમાં ગયાં.

યુરોપને લાગેવળગે છે ત્યાં સુધી નાટો માટેની અમેરિકી સેના અને સામગ્રી કોરિયામાં ખેંચાવા લાગી. અમેરિકાને જર્મન લશ્કર અને જપાની સહકારની જરૂરિયાત જણાવા લાગી. આ બંને રાષ્ટ્રો પરની લશ્કરી પકડ હળવી બની અને તેમને ભાતભાતની છૂટછાટો મળવા લાગી. પશ્ચિમ જર્મની ફરી શસ્ત્રસજ્જ થવા લાગ્યું અને તેને પૂર્ણ આઝાદી આપવામાં આવી (મે ૧૯૫૩). ઈટાલીનું મહત્ત્વ પણ વધવા લાગ્યું. અમેરિકાની આર્થિક સહાય ઓછી થવાને કારણે યુરોપને આર્થિક સંકડામણ ભોગવવી પડી અને અમેરિકાની જબ્બર ખરીદીના કારણે ફુગાવો થયો. બીજી બાજુએ ઔદ્યોગિક માલસામાનની તીવ્ર માગને કારણે યુરોપનું અર્થતંત્ર ઝડપભેર સમૃદ્ધ થવા લાગ્યું. યુરોપીય રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં સ્વતંત્ર ભાગ ભજવી શકે તેટલાં ટટ્ટાર થવા લાગ્યાં. નાટોના સભાસદો કોરિયામાં વગર લેવાદેવાએ પોતાનાં સૈન્યનું લોહી રેડવા બાબત આનાકાની કરવા લાગ્યાં. જર્મનીનું વધતું જતું બળ અને તેના પરનો લશ્કરી કબજો ઉઠાવી લેવાનો અમેરિકાનો નિર્ણય ફ્રાન્સને ચિંતાતુર બનાવી રહ્યો.

ત્રણ દાયકાથી રશિયાના એકચક્રી અધિનાયક અને સમસ્ત વિશ્વના સામ્યવાદીઓના આરાધ્યદેવ સમા રહસ્યમૂર્તિ સ્તાલિનનું ૧૯૫૩ની શરૂઆતમાં અવસાન થયું. ભક્તો અને દુશ્મનો તેના તરફ આદર અને ભયની સંમિશ્ર લાગણીઓ અનુભવતા હતા. રશિયાના અને સામ્યવાદી વિચારસરણીના વિકાસમાં સ્તાલિને જબરદસ્ત ફાળો આપ્યો છે અને વિઘાતક અવરોધો પણ ઊભા કર્યા છે. તેની ગાદી કબજે કરી લેવા માટે અનુગામીઓ વચ્ચે જાગેલા ધમસાણને લીધે સામ્યવાદી જૂથની પરિસ્થિતિ ઘણી ડામાડોળ બની ગઈ અને હજુ આજ સુધી કોઈ આગેવાન એક દાયકો પણ સત્તાસ્થાને ટકી શક્યો નથી. સ્તાલિનના મરણ પછી તાબડતોબ સત્તાની લગામ પકડી

લેનાર ગુપ્તચર પોલીસ ખાતાના વડા લેવેન્ટાઈન બેરિયાની ખુદ તેના સાથીઓએ જ હત્યા કરી (જુલાઈ ૧૯૫૩). માલેન્કોવે બે વરસ સત્તા ભોગવ્યા બાદ ૧૯૫૫માં તેને ઉથલાવી પાડીને બુલ્ગાનિન-ખ્રુશ્ચૉફની જોડીએ સત્તા કબજે કરી લીધી.

રૂસી સામ્યવાદી પક્ષના વીસમા અધિવેશન(૧૯૫૬)માં સ્તાલિનનાં દુષ્કૃત્યો અને મૂર્ખાઈઓ ઉઘાડાં પડીને ખ્રુશ્ચૉફે સ્તાલિનનું ચારિત્ર્યખંડન કર્યું અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નવી પ્રણાલીઓ અપનાવી લેવાનો માર્ગ મોકળો કર્યો. ૧૯૫૮માં બુલ્ગાનિનને બાજુએ ખસેડી દઈને ખ્રુશ્ચૉફે છ વરસ સુધી એકહથ્થુ સત્તાનો ઉપયોગ કર્યો અને જગતના — ખાસ કરીને યુરોપના — રાજકારણનો ચહેરો-મહોરો બદલી નાખ્યો. તેના સાથી બ્રેઝનેવે ૧૯૬૪ના ઑક્ટોબરમાં ખ્રુશ્ચૉફને નિવૃત્ત કરી કાઢયો. તેની સામેના ૨૯ આક્ષેપોની યાદી જાહેર કરવામાં આવી ત્યારે ખ્રુશ્ચૉફની ઉંમર ૭૦ વરસની હતી. બ્રેઝનેવ-કોસિજિનની જોડી અત્યારે સત્તા ભોગવી રહી છે, પણ નીતિરીતિની બાબતમાં ખ્રુશ્ચૉફે દોરી આપેલી રેખાથી તેઓ જરા પણ ચાતર્યા નથી. ચાઉ એન-લાઈએ ૧૯૬૮માં કહેલું તેમ આજે રશિયામાં ખ્રુશ્ચૉફવિહોણો ખ્રુશ્ચૉફવાદ પ્રવર્તે છે. માત્ર બે બાબતમાં ફેરફાર થયો છે : ઉદ્યોગોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને સ્તાલિનની અવહેલના અટકી ગઈ છે. ઈ. સ. ૧૯૬૧માં ખ્રુશ્ચૉફે સ્તાલિનનું શબ લેનિનની નિકટવર્તી કબરમાંથી કાઢીને જુદું દટાવ્યું હતું અને સ્તાલિનગ્રાદ શહેરનું નામ ફેરવીને વોલ્ગાગ્રાદ રખાવ્યું હતું. સ્તાલિનના પ્રશંસક માર્શલ ઝુકોવને તરછોડવામાં આવ્યો હતો. પણ ૧૯૬૫માં ફરી વખત તેનું બહુમાન કરવામાં આવ્યું અને બ્રેઝનેવ સહિત તમામ આગેવાનોએ ફરી વખત સ્તાલિનના ગુણ ગાવા માંડયા છે.

આ વર્ષો દરમ્યાન સત્તાસંઘર્ષમાં અટવાયેલા રૂસી આગેવાનોના આંતરરાષ્ટ્રીય પ્રભાવમાં ઘટાડો થયો. રશિયામાં સરમુખત્યારશાહીની પકડ થોડી હળવી થઈ, રોજિંદા વપરાશની ચીજોનું ઉત્પાદન વધારવામાં આવ્યું, ખેતીવાડીને ઉત્તેજન મળવા લાગ્યું, આર્થિક વિકાસને પ્રાધાન્ય આપીને લશ્કરી તાકાતને ગૌણ સ્થાન આપવામાં આવ્યું અને સાથી રાષ્ટ્રો-જોડેનો વર્તાવ વધારે સલૂકાઈભર્યો બનાવ્યો. રશિયામાં અને ખંડિયાં રાજ્યોમાં સત્તાસ્થાને બેઠેલા સ્તાલિન-ભક્તોને તેની ભૂલો અને પાપકૃત્યોના ભાગીદાર ગણાવીને હાંકી કાઢવામાં આવ્યા. રશિયાની જોહુકમી અને ઔદ્યોગિક હાડમારીઓથી કંટાળેલા મજૂરોએ પૂર્વ જર્મની અને ચેકોસ્લોવાકિયામાં હુલ્લડબાજી કરી. પણ આ તોફાનો ગંભીર સ્વરૂપ પકડે તે પહેલાં કચરાઈ ગયાં.

નવા જમાનાનાં એંધાણ પારખીને રશિયાએ જૂથબાજી તજવા માંડી. ગ્રીસ, ઈઝરાયલ અને તુર્કી જોડે તેણે વ્યાપારી સંબંધો બાંધ્યા. ૧૯૫૫—૫૯નાં ચાર વરસમાં બિનસામ્યવાદી રાષ્ટ્રો જોડેનો તેનો વેપાર બમણો થયો. રશિયાએ તટસ્થ નવોદિત રાષ્ટ્રના બિનસામ્યવાદી આગેવાનો જોડે સંપર્ક સ્થાપ્યો અને યુરોપમાં તંગદિલી ઘટાડવાનો સંનિષ્ઠ પ્રયાસ આદર્યો. દસ વરસથી રશિયામાં સબડી રહેલા યુદ્ધકેદીઓ પાછા મોકલી આપવા, જર્મનીની પૂર્વ સરહદ ફેરવી આપવી અને સમગ્ર જર્મની માટે મધ્યસ્થ તંત્ર સ્થાપવું તેવી અત્યંત આકર્ષક શરતો રજૂ કરીને રશિયાએ જર્મનોને લલચાવ્યા. એકતા ઝંખી રહેલા જર્મનીની અત્યંત તીવ્ર ઇચ્છા હોવા છતાં પશ્ચિમી જૂથે આ દરખાસ્ત ફગાવી દીધી ત્યારે પૂર્વ જર્મનીનું સ્વતંત્ર રાજ્ય સ્થાપીને રશિયાએ લશ્કરી કબજો ઉઠાવી લીધો (સપ્ટેમ્બર ૧૯૫૫). ઑસ્ટ્રિયાએ કાયમી તટસ્થતા પાળવી અને દસ વરસ સુધી રશિયાને તેલ પૂરું પાડવું

તેવી શરતે રોકડો દંડ લઈને રશિયાએ ઑસ્ટ્રિયા જોડે સન્ધિ કરી (૧૯૫૫) અને પોતાનું લશ્કર પાછું ખેંચી લીધું (૧૯૫૬). ફિનલૅન્ડમાંથી લશ્કર પાછું બોલાવી લેવામાં આવ્યું અને પટ્ટે લેવાયેલા પ્રદેશનું ખત રદ કરવામાં આવ્યું (૧૯૫૬). પણ ફિનલૅન્ડમાં સામ્યવાદી પ્રધાનમંડળનો આગ્રહ ખ્રુશ્ચૉફે છેઃ ૧૯૬૧ સુધી સેવ્યો. કૉમિન્ફૉર્મ એ પૂર્વે વિખેરી નાખવામાં આવ્યું હતું (એપ્રિલ ૧૯૫૬). પૂર્વ યુરોપનાં રાજ્યોમાંથી રશિયાએ પોતાનાં લશ્કરી થાણાં ઉઠાવી લીધાં અને નાટોનું વિસર્જન થાય તો વૉર્સો લશ્કરી જૂથ વિખેરી નાખવાની તૈયારી સુધ્ધાં બતાવી.

આ બધાં પગલાં ખરેખર હિંમતભર્યાં હતાં. પણ ટીટો જોડે સુમેળ સાધવાનું ખ્રુશ્ચૉફનું પગલું સૌથી વધારે મહત્ત્વનું અને સૌથી વધારે સાહસિક હતું. ટીટો જોડેના અણબનાવોનો અપજશ બેરિયા પર ઢોળી દઈને રૂસી આગેવાનોએ લળી લળીને ટીટોની માફી માગી અને સમાજવાદી સમાજરચના અનેક માર્ગે તેમ જ વિકેન્દ્રિત પદ્ધતિએ પણ કરી શકાય એવા બહુકેન્દ્રવાદ(પૉલિસેન્ટરિઝમ)ના મંતવ્યનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી લીધો.

૧૯૫૦ પછીનાં વરસો પશ્ચિમ યુરોપ માટે વધતી જતી સમૃદ્ધિ અને સુખાકારીનાં છે. ઉત્પાદન અને રોજગારીમાં સતત વધારો થયે જ જતો હતો અને ૧૯૪૮ની સરખામણીએ ૧૯૫૫માં ઉત્પાદનનો આંક લગભગ બમણો થયો. લશ્કરી ખર્ચ અને જવાબદારીમાંથી મુક્ત રહેલા જર્મનીએ આર્થિક ક્ષેત્રે અભૂતપૂર્વ અને અદ્‌ભુત પ્રગતિ સાધી; પણ અલ્જીરિયા અને હિન્દી-ચીનના સંઘર્ષોના બોજથી દીંગરાઈ ગયેલું ફ્રાન્સ પાછળ પડવા લાગ્યું અને બ્રિટનનો વિકાસ પણ મંદ ગતિએ થયો.

૧૯૫૦થી ૧૯૫૫નાં પાંચ વરસ દરમ્યાન યુનોએ આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે અણમોલ સેવા બજાવી હોવા છતાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હજુ પણ તેનો કશો જ ગજ વાગતો ન હતો. રશિયાએ વિટોનો વારંવાર ઉપયોગ કરીને તેનો પ્રભાવ કુંઠિત કરી નાખ્યો હતો. ૧૯૫૩માં દાગ હેમરશૂલ્ડ મહામંત્રી બન્યા બાદ પોતાની પ્રવૃત્તિ અને પ્રભાવથી તેણે રાષ્ટ્રસંઘની અને પોતાની અંગત પ્રતિષ્ઠામાં ઉમેરો કરવાની શરૂઆત કરી. ૧૯૫૨માં નિઃશસ્ત્રીકરણ પંચ નિમાયું હતું પણ લંબાણપૂર્વક ચાલેલી વાટાઘાટો નિરર્થક નીવડી. જે કામ શુભેચ્છાથી થયું નહીં તે ભયથી થયું. યુદ્ધનો ઓથાર ઘેરો બનવા લાગ્યો. સમૃદ્ધિનો ફેલાવો અને વધારો થયો, અને નાનકડાં રાજ્યોનું મહત્ત્વ વધવા લાગ્યું તેમ તેમ બંને જૂથોમાં કચવાટ વધવા લાગ્યો અને જૂથબાજી તૂટવા લાગી.

ઉષ્મા-પરમાણુ કેન્દ્રીય (થરમૉ-ન્યૂક્લિયર) શસ્ત્રોએ પેદા કરેલી અકલ્પ્ય પરિસ્થિતિના કારણે બંને મહાસત્તાઓ પોતાના વલણ અંગે ફેરવિચાર કરવા લાગી. રશિયા, અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સના સર્વોચ્ચ આગેવાનો વચ્ચે સીધી શિખરમંત્રણા યોજવાની ચર્ચિલની દરખાસ્ત આઇઝનહોવરે ટાળી નાખી (૧૯૫૩). પણ ત્યાર પછીના દાયકામાં આવી શિખરમંત્રણા ત્રણ વખત યોજવામાં આવી. ૧૯૫૫ની પહેલી શિખર મંત્રણાનું કશું નક્કર પરિણામ આવ્યું નહીં. પણ પોતાની પ્રચંડ સંહારક શક્તિનો ઉપયોગ કરવામાં પહેલ ન કરવાનું અમેરિકા અને રશિયાએ જાહેરમાં વચન આપ્યું. વિશ્વમાં મૈત્રીભાવનો ઉદય થઈ રહ્યો હોવાનું સૌએ અનુભવ્યું. સંઘર્ષના સ્થાને સ્પર્ધા અને લશ્કરી હિલચાલના બદલે વ્યાપારી સંબંધોનું મહત્ત્વ વધવાની આશા બંધાઈ. હિન્દી-ચીનનો પ્રશ્ન ઊકલી જવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. અને બિનજોડાણવાદને વરેલાં નવોદિત એશિયાઈ રાષ્ટ્રોએ પણ બાન્ડુંગ પરિષદમાં (૧૯૫૫) શાન્તિભાવનાનો પડઘો પાડ્યો.

મહાસત્તાઓ વચ્ચે તંગદિલી ઘટવા લાગી તેમ તેમ બંને જૂથોમાં સળવળાટ થવા લાગ્યો. ખ્રુશ્ચૉફની ઉદાર અને સમજદાર રાજનીતિએ સામ્યવાદી જૂથનાં ખંડિયાં રાજ્યોના આગેવાનોની સ્થિતિ કફોડી કરી મૂકી. સામ્રાજ્યશાહી-મૂડીવાદી તરીકે અત્યાર સુધી વગોવાયેલાં રાષ્ટ્રો જોડે દોસ્તી, પોતપોતાના મુલકમાં સામ્યવાદીઓને સાફ કરી નાખનાર સુકર્ણ, નાસર અને નેહરુ જેવા ચુસ્ત રાષ્ટ્રવાદી લોકનેતાઓ જોડે ઉષ્માભરી મૈત્રી, સામ્યવાદના દ્રોહી ગણાયેલા દુષ્ટ ટીટો જોડે સમાધાન, સામ્યવાદની સ્થાપનાની એકમાત્ર પદ્ધતિના સ્થાને માર્ગભેદનો સ્વીકાર અને ખુદ રશિયામાં હળવાં બની રહેલાં રાજકીય તથા આર્થિક નિયંત્રણો – આ બધાં કારણસર પૂર્વ યુરોપમાં હલચલ મચી ગઈ હતી. ૧૯૫૬ના ફેબ્રુઆરીમાં ખ્રુશ્ચૉફે ખુદ સ્તાલિન પર સીધો હુમલો કરીને ખંડિયાં રાજ્યોના આગેવાનોને મૂંઝવણમાં નાખી દીધા, કારણ કે તેમાંથી ઘણાખરા સ્તાલિનવાદીઓ હતા અને એ ધોરણે જ સત્તાસ્થાને બેઠેલા હતા. ટીટો હરહંમેશ તેમની ટીકા કરતો રહ્યો હતો અને સામેથી સ્તાલિનવાદીઓએ પણ પોતાના વિરોધીઓને ટીટોવાદી ગણાવીને બદનામ કર્યા હતા, પદભ્રષ્ટ કર્યા હતા અને જેલમાં ખોસી દીધા હતા. પણ હવે તો ખુદ રૂસી આગેવાનો જ ટીટોના ચરણે નમવા ચાલ્યા હતા. સ્તાલિનના ખંડનની સાથોસાથ ખ્રુશ્ચૉફે વ્યક્તિપૂજાની પણ સખત ઝાટકણી કાઢી હતી અને એકહથ્થુ સત્તા કબજે કરી બેઠેલા માંધાતાઓને અકળાવી મૂકયા હતા.

માલેન્કોવના મિત્ર તરીકે ઈમ્રે નાજે હંગેરીમાં સત્તા ઝડપી લીધી હતી. સરમુખત્યારી કડપ હળવો બનાવીને, રાષ્ટ્રીય સામ્યવાદની હિમાયત કરીને તેમ જ અનેક સુધારણા કરીને તેણે લોકચાહના મેળવી હતી. ૧૯૫૫માં માલેન્કોવનું પતન થયું અને નાજને હડસેલીને ચુસ્ત સ્તાલિનવાદી રાકોસીએ ફરી સત્તા કબજે કરી લીધી. ૧૯૫૬માં સ્તાલિનવાદના ખંડન બાદ રાકોસીએ રાજીનામું આપવું પડયું અને પાટનગર બુડાપેસ્ટમાં લોકોનાં ટોળાં નાજનો જયજયકાર કરતાં ઘૂમવા લાગ્યાં.

ટીટોવાદી ગણાઈને જેલમાં ટિપાઈ ગયેલા પોલૅન્ડના ગોમુલ્કાને મુક્ત કરીને ફરી પક્ષમાં પ્રવેશ આપવામાં આવ્યો અને પક્ષની કારોબારી સમિતિમાં તેની વરણી થઈ (ઑગસ્ટ ૧૯૫૬). સર્વાંગી સુધારણા માટેના તેના આગ્રહથી ચોંકી ઊઠેલા ખ્રુશ્ચૉફે દરમ્યાનગીરીની ધમકી આપ્યા છતાં ગોમુલ્કા સામ્યવાદી પક્ષના મહામંત્રી તરીકે ચૂંટાઈ આવ્યો (ઑકટોબર ૨૧, ૧૯૫૬) અને એ રીતે પોલૅન્ડમાં રૂસી પ્રભાવની ખુલ્લી અવગણના થઈ.

આ બનાવે હંગેરીની હોળીમાં તેલ રેડતાં ભડકો થઈ ઊઠયો. રાકોસીને નસિયત કરવી, નાજને સત્તાસ્થાને બેસાડવો અને રૂસી ફોજને બહાર વળાવી દેવી તેવાં સૂત્રો પોકારતાં ટોળાં બુડાપેસ્ટમાં તોફાને ચડયાં (ઑકટોબર ૨૩, ૧૯૫૬). પોલીસના ગોળીબારથી મામલો વીફર્યો અને હુલ્લડબાજીમાંથી બળવો ફાટી નીકળ્યો. હંગેરીનું લશ્કર પણ લોકો જોડે મળી ગયું. નાજની સત્તા સ્થપાઈ, પણ રૂસી લશ્કરની દખલગીરીના કારણે ચોમેર અંધાધૂંધી ફેલાઈ ગઈ. 'હંગેરી બંધ'નું એલાન થયું અને નિઃશસ્ત્ર પ્રજાજનો રૂસી ટૅન્કો સામે ઊભા રહીને પ્રતિકાર કરવા લાગ્યા. નાજે પ્રધાનમંડળમાં બિનસામ્યવાદીઓને પણ લીધા, વૉર્સો કરારમાંથી ખસી જવાની માગણી કરી.

ચારે તરફ ધમાલ થઈ પડી. ખ્રુશ્ચૉફે સીધી વાટાઘાટો કરવાનું કબૂલ કર્યું અને સોવિયેત આગેવાનો હંગેરી આવી પહોંચ્યા. રૂસી સૈન્ય ખસેડી લેવાની માગણી કબૂલ રાખવામાં આવી અને હંગેરીએ વૉર્સો કરારમાંથી રીતસર રાજીનામું આપ્યું. પણ રૂસી લશ્કરે હંગેરીને ભરડો લઈને તેને

ચોમેરથી વિખૂટું પાડી દીધું અને વાટાઘાટ કરવા આવેલા હંગેરીના પ્રતિનિધિઓની ધરપકડ કરી. દેશમાં ઘૂસી રહેલાં રૂસી સૈન્ય સામે લોકોએ ખુલ્લી છાતીએ બહાદુરીભર્યો અને વિફળ સંઘર્ષ ચલાવ્યો. યુગોસ્લાવ રાજદૂતની કચેરીમાં આશરો લઈ બેઠેલા ઈમ્રે નાજને સલામતીનું વચન આપીને બહાર કાઢયા બાદ તેની હત્યા કરવામાં આવી (હત્યા કરાયાની સત્તાવાર જાહેરાત : જૂન ૧૯૫૮). વીસ હજાર નિરાશ્રિતો ભાગી છૂટયા. જાનોસ કાદર વડો પ્રધાન બન્યો અને ૧૯૬૫માં નિવૃત્ત થતાં સુધી ટકી રહ્યો. ૧૯૬૨માં રાકોસી અને તેના સાથીઓને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા અને ચીની સહાયથી સરકાર ઉથલાવી પાડવાનું કાવતરું કરનાર અમલદારોનો વિદ્રોહ છૂંદી કાઢવામાં આવ્યો. ૧૯૫૬ના વિદ્રોહના આગેવાનોની દસ વરસ બાદ મોટા પાયા પર ધરપકડ કરી લેવામાં આવી, પણ આર્થિક સુધારણા પણ સાથોસાથ દાખલ કરી લેવામાં આવી (૧૯૬૬).

પશ્ચિમ યુરોપને આ આખોય તમાસો ચુપચાપ જોઈ લેવો પડયો; કારણ કે આ રાષ્ટ્રો પણ કટોકટીમાં અટવાઈ પડયાં હતાં. સુએઝની નહેરનું રાષ્ટ્રીયકરણ કરીને પોતાની સંચાલનસત્તા નાબૂદ કરનાર નાસર પર બ્રિટન અને ફ્રાન્સ ખીજે બળતા હતા. તેમણે ઈઝરાયલ જોડે કાવતરું કરીને ઈજિપ્તની ભૂમિ પર સેના ઉતારી (૧૯૫૬). આરબ લશ્કરો ભાંગી પડયાં અને ભાગ્યાં. આક્રમણ-ખોરોનો સર્વત્ર વિજય થયો. પણ સુએઝનું સુરસુરિયું ઊંધું ફાટયું. રશિયા અને અમેરિકા ઈજિપ્તના પડખે જઈને ઊભા રહ્યા. વિજેતા રાષ્ટ્રોને રાજકીય ક્ષેત્રે સખત લપડાક ખાવી પડી અને લશ્કરો પાછાં ખેંચી લેવાં પડયાં. આરબ-ઈઝરાયલી દળો વચ્ચે યુનોની શાંતિસેનાના છ હજાર સૈનિકો ભારતની સરદારી તળે રણમેદાનનો પહેરો ભરવા લાગ્યા. અત્યંત રોષે ભરાયેલા બ્રિટન અને ફ્રાન્સે અમેરિકા સામે બખાળા કાઢવા માંડયા અને તેના જૂથમાંથી ખસી જવા સુધીની વાતો થવા લાગી.

૪ : યુદ્ધોત્તર યુરોપ – ૨

બંને જૂથોમાં આંતરિક ચડભડાટના કારણે યુરોપના અને વિશ્વના રાજકારણમાં પલટો શરૂ થયો (૧૯૫૫–૫૬). નવાં શસ્ત્રો, નવા આગેવાનો, નવાં રાષ્ટ્રો, નવા હિતસંબધોના કારણે દ્વિધ્રુવી વિશ્વનું વિસર્જન થઈને તેના સ્થાને બહુકેન્દ્રીય જગતમાં સ્પર્ધાયુક્ત સહઅસ્તિત્વ —કૉમ્પિટિટિવ કોએગ્ઝિસ્ટન્સ — ની ભાત ઊપસવા લાગી હતી (૧૯૫૬–૧૯૬૪). યુદ્ધની, વિદ્રોહની, રમખાણોની આગ અવારનવાર ભભૂકી ઊઠતી હતી અને વિશ્વ જાણે વિનાશના આરે આવીને ઊભું હોય તેમ જણાતું હતું. રાજપુરુષો બ્રિન્કમૅનશિપની — કૂદી પડવાની — વાતો કરતા હતા પણ આખરી પગલું કદી ભરાયું નહીં, કારણ કે તે ભરી શકાય તેમ ન હતું. નવી સ્થપાઈ રહેલી આ સત્તા-સમતુલા ઘણી વધારે સંકુલ હતી. તેનું સ્પષ્ટ સ્વરૂપ પ્રગટ થવામાં લગભગ દાયકો નીકળી ગયો. દ્વિધ્રુવી ધોરણે કરવામાં આવતું આંતરરાષ્ટ્રીય રાજકારણનું વિશ્લેષણ વધારે ને વધારે અવાસ્તવિક બનવા લાગ્યું. હાઈડ્રોજન બૉમ્બ અને આંતરખંડીય પ્રક્ષેપાસ્ત્રોના કારણે દુનિયાનો કોઈ ખૂણો સલામત રહ્યો નહીં અને લશ્કરી થાણાં વ્યર્થ બની જવાથી એકબીજાને ભરડો દેવાનું કામ બંને મહાસત્તાઓ છોડવા લાગી. આ બ્રહ્માસ્ત્રયુદ્ધમાં કોઈ કોઈનું રક્ષણ કરી શકે જ નહીં એ હકીકત સ્પષ્ટ થવા લાગી, તેમ તેમ સમૃદ્ધ બની રહેલાં યુરોપીય રાષ્ટ્રોએ અમેરિકાના આશ્રિત બની રહેવાનો ઇનકાર કરીને આત્મરક્ષાર્થે શસ્ત્રો સર્જવા માંડ્યાં. પરમાણુ શસ્ત્રો અને ભાતભાતનાં રૉકેટો પેદા કરવાની હરીફાઈ જામી પડી. બ્રિટને હાઈડ્રોજન બૉમ્બ ફોડ્યો (૧૯૫૭). ફ્રાન્સે ૧૯૬૦માં પરમાણુ બૉમ્બ અને ૧૯૬૩માં હાઈડ્રોજન બૉમ્બ બનાવ્યો. જર્મન નિષ્ણાતો ઇજિપ્તને રૉકેટો બનાવવામાં મદદ કરવા લાગ્યા. રશિયાએ અવકાશમાં સ્પુતનિક છોડ્યું (ઑક્ટોબર ૪, ૧૯૫૭) અને ત્યાર બાદ ઉપરાછાપરી વધારે ને વધારે વજનના ઉપગ્રહો છોડીને અવકાશ વિજ્ઞાનમાં પોતાની સરસાઈ સિદ્ધ કરી બતાવી. ૧૯૬૫માં રશિયાએ અંદાજે ૧૨,૦૦૦ કિલોગ્રામ વજનનો ઉપગ્રહ અવકાશમાં તરતો મૂક્યો; પણ ૧૯૬૬માં અમેરિકા, રશિયા કરતાં આગળ નીકળી ગયું.

યુરોપીય સામ્રાજ્યના વિસર્જનની પ્રક્રિયા આફ્રિકામાં ઝડપભેર પ્રસરી અને યુનોમાં એશિયાઈ-આફ્રિકી રાજ્યોની ભીડ જામવા લાગી. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સ્થપાઈ ત્યારે કુલ ૪૯ સભાસદોમાં એશિયા-આફ્રિકામાંથી માત્ર ૧૧ રાજ્યો હતાં. ૧૯૬૦ સુધીમાં સભ્યસંખ્યા વધીને ૮૪ની થઈ પણ ૧૯૭૩ના જુલાઈ માસમાં ૧૩૨ સભાસદો છે. અને તેમાં ૨૯ યુરોપીય, ૨૫ અમેરિકી ૩૪ એશિયાઈ અને ૪૧ આફ્રિકી દેશોના છે. સંખ્યાબળના કારણે એશિયાઈ-આફ્રિકી રાજ્યોનો અવાજ ગાજતો થયો પણ સ્વવિકાસ માટે યુરોપ-અમેરિકા સામે મીટ માંડ્યા સિવાય તેમનો છૂટકો ન હતો. કડવા સંસ્થાનવાદી ભૂતકાળને કારણે તેમને પશ્ચિમી રાજ્યો પ્રત્યે અણગમો હતો અને બીજી બાજુથી રૂસી ભીંસનો પણ તેમને ભય લાગતો હતો. આવી અનિશ્ચિત મનોદશાને કારણે મોટા ભાગનાં

નવોદિત રાષ્ટ્રોએ બિનજોડાણવાદ અપનાવી લીધો અને સ્થાનિક, પ્રાદેશિક તથા ખંડીય જૂથો રચવા માંડ્યાં. આ રાજ્યો આર્થિક અને લશ્કરી દૃષ્ટિએ નબળાં હોવા છતાં રાજકીય ક્ષેત્રે ખુમારીવાળાં અને તીવ્ર સંવેદનાશીલ હતાં. તેમના ઉદ્‌ભવના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અનેક સ્તર અને વિવિધ પરિમાણ ધરાવતી સત્તા-સમતુલાઓ ઉદ્‌ભવી. પણ તેમની નબળાઈના કારણે વિશ્વ-રાજકારણનો નિર્ણાયક દોર હજુ સુધી યુરોપ-અમેરિકાના હાથમાંથી ખસ્યો નથી અને છેલ્લાં દસ વરસથી રાજકીય અને વ્યાપારી ક્ષેત્રે યુરોપ વધારે વજનદાર બનતું ગયું છે.

આફ્રિકાનાં બે રાજ્યોએ યુરોપને હાલકડોલક કરી નાખ્યું. કૉંગોને સ્વાધીનતા તો મળી પણ કાસાવુબુ, લુમુમ્બા, ત્શોમ્બે અને મોબુતુ જેવા મહત્ત્વાકાંક્ષી અને બેસમજ આગેવાનો વચ્ચેની ખેંચતાણે ઊગીને ઊભા થતા રાષ્ટ્રને ચૂંથી નાખ્યું. અંધાધૂંધીનો લાભ લઈને બેલ્જિયમે લશ્કરી દખલગીરી કરી. અમેરિકાએ તેને ટેકો આપ્યો. દાગ હેમરશૂલ્ડે પ્રશ્ન ઉપાડી લઈને બેલ્જિયમને ખસી જવાની ફરજ પાડી અને આ પ્રદેશમાં શાંતિસેના મોકલાવી. પોતાના ખાંધિયા લુમુમ્બાના પતન(સપ્ટેમ્બર ૧૯૬૦)થી ખીજવાયેલા રશિયાએ હામરશુલ્ડને ભાંડવા માંડ્યું. તેની મુદત વધારવામાં આવી ત્યારે તેને સ્વીકૃતિ આપવાનો ઇનકાર કર્યો (ફેબ્રુઆરી ૧૯૬૧) અને યુનોના સચિવાલયની પુનઃરચના કરીને બંને સત્તાજૂથોના એક એક અને ત્રીજો તટસ્થ દેશોમાંથી એમ મહામંત્રીઓની ત્રિમૂર્તિ(ટ્રોઇકા)નો એક આગ્રહ સેવવા માંડ્યો (જુલાઈ ૧૯૬૧). આવું કંઈ બની શકયું નહીં પણ યુનો કેવળ પશ્ચિમી સત્તાજૂથનું રમકડું છે તેવા ખ્રુશ્ચૉફે શરૂ કરેલા પ્રચારનું શુભ પરિણામ એ આવ્યું કે રોડિશિયામાં થયેલા વિમાની અકસ્માતમાં હામરશુલ્ડનું અવસાન (સપ્ટેમ્બર ૧૯૬૧) થયા બાદ પહેલી જ વખત વિશ્વ-સંસ્થાના મુખ્ય મંત્રીનું પદ એશિયાવાસી ઉ થાંને મળ્યું (નવેમ્બર ૧૯૬૧).

યુરોપને હચમચાવી નાખ્યું અલ્જીરિયાએ. મોટી સંખ્યામાં અલ્જીરિયા જઈ વસેલા ફ્રેન્ચ વસાહતીઓના કારણે ફ્રાન્સ આ સંસ્થાનને પૂર્ણ સ્વરાજ સિવાય બીજું બધું જ આપવા તૈયાર હતું, પણ અલ્જીરિયાવાસીઓને આઝાદીથી ઓછું કંઈ જ ખપતું ન હતું. ૧૯૪૪થી સરાણે ચડેલા આ સવાલનો કશો ઉકેલ આવતો ન હતો. ફ્રાન્સ ચોમેરથી થપ્પડો ખાઈ રહ્યું હતું. ૧૯૫૪માં હિન્દી-ચીન હાથથી ગયું, ૧૯૫૬માં સુએઝનો ધબડકો વળ્યો અને અલ્જીરિયામાં પરિસ્થિતિ સતત વણસી રહી હતી. ચારથી પાંચ લાખની ફ્રેન્ચ સેના કામે ચડી હોવા છતાં ગેરીલાઓનું પૂછડું હાથમાં આવતું ન હતું. દ ગોલના પ્રશંસક સેનાધિકારીઓ રાજકીય નેતાગીરીથી ત્રાસી ઊઠ્યા હતા. એમણે અલ્જીરિયામાં બળવો ઉઠાવ્યો. કૉર્સિકા કબજે કરી લીધું અને ફ્રાન્સમાં હવાઈ સેના ઉતારવાની ધમકી આપી. તેમની માગણી મુજબ દ ગોલને વડા પ્રધાન બનાવીને છ માસ સુધી તમામ સત્તા સોંપી દેવામાં આવી (૧૯૫૮). ફ્રાન્સનું ચોથું ગણતંત્ર ભાંગી પડ્યું; લગભગ પ્રમુખશાહી કહી શકાય તેવું બંધારણ ધરાવનાર પાંચમા ગણતંત્રના પ્રમુખ તરીકે દ ગોલની ચૂંટણી થઈ (ડિસેમ્બર ૧૯૫૦). અને તેમણે એક દાયકો સત્તા ભોગવી. આ ખમીરવંત, ચુસ્ત રાષ્ટ્રવાદી આગેવાનનો પ્રભાવ યુરોપભરમાં પથરાયો અને વરસો સુધી દ ગોલ યુરોપીય રાજકારણના સ્તંભ બની રહ્યા. અલ્જીરિયાને તમામ પ્રકારની છૂટછાટ આપવાનું કબૂલવા (ડિસેમ્બર ૧૯૬૦) છતાં પરિણામ શૂન્ય છે તે જોઈને તેમણે સને ૧૯૬૪થી સંપૂર્ણ આઝાદી આપવાનું કબૂલ કરી લીધું

(માર્ચ ૧૯૬૨). આ નીતિના વિરોધી અફસરોનો વિદ્રોહ કચરી નાખવામાં આવ્યો. વરસો સુધી ખુનામરકી ફેલાવીને અલ્જીરિયાવાસીઓ તથા ફ્રેન્ચોના જાનમાલની બેફામ તારાજી કરનાર ગુપ્ત ત્રાસવાદી મંડળનો પણ અંત આણવામાં આવ્યો (૧૯૬૩). ફ્રાન્સને સમર્થ મહાસત્તા બનાવવા ઝંખતા દ ગોલે યુરોપમાં પથરાયેલા અમેરિકી પ્રભાવનો સામનો કરવા માટે દેશને સજ્જ કરવા માંડયો અને સ્વતંત્ર પરમાણુશક્તિ ધરાવવાનો આગ્રહ સેવ્યો. આ નીતિથી અસ્વસ્થ બનેલું અમેરિકા અત્યંત ગુસ્સે થયું (૧૯૬૧–૬૨). પણ તેણે પોલેરિસ અસ્ત્રો આપવા માટે ધરેલી લાલચ દ ગોલે નકારી કાઢી અને ૧૯૬૩માં પરમાણુ બૉમ્બ બનાવ્યો. નાટો સેના પર ફ્રાન્સ-બ્રિટન-અમેરિકાના ત્રિમુખી અંકુશની તેની દરખાસ્તનો અમેરિકાએ અસ્વીકાર કર્યો ત્યારે તેણે બંને મહાસત્તાઓથી સ્વાધીન બનવાની નીતિ જાહેર કરી (સપ્ટેમ્બર ૧૯૬૩) અને પોતપોતાનો સ્વાર્થ સાધવા માટે અમેરિકા તથા રશિયા યુરોપને પરમાણુ યુદ્ધનું રણાંગણ બનાવી રહ્યા છે તેવી ટીકા જાહેરમાં કરવા માંડી. નાટો દળમાંથી ફ્રેન્ચ સેના પાછી ખેંચી લેવાની જાહેરાત કરવામાં આવી (૧૯૬૩). તેણે અમેરિકાને નોટિસ આપી કે ૧૯૬૯ સુધીમાં ફ્રેન્ચ સૈન્યોને છૂટાં કરીને નાટોનું સર્વોચ્ચ કાર્યાલય તેમ જ અન્ય થાણાંઓ ફ્રાન્સમાંથી ઉઠાવી લેવાં. યુરોપીય રાષ્ટ્રસંઘ (કૉન્ફેડરેશન ઑફ યુરોપ) સ્થાપવાની તેની દરખાસ્ત જર્મની અને ઇટાલીના વિરોધને કારણે પડતી મૂકવામાં આવી. અમેરિકાની દોસ્તી છતાં પોતાનું સ્વત્વ જાળવી રાખવા મથતા ફ્રાંસે સામ્યવાદી જૂથના આગેવાન રશિયા અને ચીન જોડે સંપર્ક સાધ્યો (૧૯૬૩–૬૪) અને પૂર્વ યુરોપનાં રાષ્ટ્રો જોડે સાંસ્કૃતિક-વ્યાપારી સંબંધો બાંધવાની કોશિશ કરવા માંડી. દ ગોલે જાતે જર્મની, હંગેરી, પોલેન્ડ અને રશિયાની મુલાકાત લીધી અને લગભગ તમામ બાલ્કન રાજ્યો જોડે કરાર કર્યા. અમેરિકાની મૂડીથી ખરીદાઈ રહેલી ફ્રાન્સની વ્યાપારી પેઢીઓની ફેરબદલી તેમણે અટકાવી અને ૧૯૬૫માં અમેરિકાના આર્થિક પ્રભાવને પડકાર્યો. બહારની કોઈ પણ સત્તાની દખલગીરી ન હોય તેવું પરમાણુ શસ્ત્રથી સજ્જ યુરોપીય દળ ઊભું કરવાનો અનુરોધ કરીને તેણે જર્મનીને નાટોમાંથી ખસી જવા માટે સમજાવવા માંડયું (૧૯૬૬) અને પોલેન્ડને રશિયા સામે મક્કમપણે ઊભા રહેવાની સલાહ આપી. અમેરિકી પ્રભાવથી યુરોપને મુક્ત કરવું હોય તો ફ્રાન્સ અને જર્મનીએ મૈત્રીસંગઠન બાંધવું પડશે તેવું જાહેર કરીને તેણે જર્મની જોડે કરાર કર્યા (જુલાઈ ૧૯૬૭) અને સદીઓ જૂનું શત્રુત્વ છોડીને જર્મન ઐક્યને ટેકો આપ્યો. અમેરિકાને વચ્ચે લાવ્યા વગર યુરોપીય સંરક્ષણનો પ્રશ્ન ઉકેલી નાખવાનો આગ્રહ સેવતા રશિયાએ નાટો અને વૉર્સો બંને લશ્કરી જૂથો વિખેરી નાખવાની દરખાસ્ત રજૂ કર્યા બાદ દ ગોલે રશિયા જોડે સહકાર સાધવા માંડયો. દ ગોલના સ્વતંત્ર વલણ અને શબ્દપ્રહારથી ચિડાયેલા જૉન્સને 'આટલાંટિક બિરાદરી અને યુરોપીય એકતાનું સ્વપ્ન છિન્નભિન્ન કરી નાખનાર અને તે માટેની આશા પણ છૂંદી નાખનાર સંકુચિત રાષ્ટ્રવાદ' સામે સાવધાન રહેવાની યુરોપીય રાષ્ટ્રોને ચેતવણી આપી, પણ દ ગોલે તેની કશી તમા રાખી નહીં.

દ ગોલને કોઈ ન પહોંચ્યું પણ પોતાનું પેટ પહોંચ્યું. ૧૯૬૮માં યુરોપભરમાં વિદ્યાર્થીઓ તોફાને ચડયા હતા તેમ ફ્રાન્સમાં પણ તોફાનો શરૂ થયાં. ત્રીસ હજાર વિદ્યાર્થીઓએ પોલીસો પર હુમલો કરીને સૉરબૉં યુનિવર્સિટી કબજે કરી લીધી (મે ૧૯૬૮). તેમના ટેકામાં તોફાને ચડેલા મજૂરોએ પોતપોતાનાં કારખાનાં કબજે કરી લીધાં. ચોમેર ફેલાયેલાં આ તોફાનો અને હડતાળોથી અંધાધૂંધી ફેલાઈ અને ફ્રાન્સનું ડગુમગુ થઈ રહેલું અર્થતંત્ર સંપૂર્ણત: ભાંગી પડયું. વ્યવસ્થા અને

કાયદા-પાલનના ચુસ્ત આગ્રહી દ ગોલે આ તોફાનો સામે સખત હાથે કામ લેવા માંડયું અને નવી ચૂંટણીઓ યોજવા માટે ધારાસભા વિખેરી નાખી. એક બાજુએ વિદ્યાર્થીઓ અને મજૂરો તથા બીજી બાજુએ પોલીસ વચ્ચે સશસ્ત્ર ઝપાઝપી થઈ અને પૅરિસની ગલીએ ગલીએ તોફાનો ફાટી નીકળ્યાં. દોઢ બે મહિના બાદ પોલીસે સૉરબૉ યુનિવર્સિટીનો કબજો લઈ બેઠેલા વિદ્યાર્થીઓને હાંકી કાઢયા. તમામ હુલ્લડબાજી છૂંદી નાખવાનો આદેશ આપીને દ ગોલે સાથોસાથ શૈક્ષણિક તથા આર્થિક સુધારણા કરવા માંડી. અર્થતંત્રને ફરી સધ્ધર કરવા માટે તેણે સખત કરકસર કરવા માંડી. છતાં ગંભીર આર્થિક કટોકટી ફ્રાન્સ સામે મોં ફાડીને ઊભી રહી. દ ગોલને જાકારો મળ્યો અને અધૂરા સત્રે તેણે રાજીનામું આપ્યું (એપ્રિલ ૧૯૬૯).

જર્મન પ્રશ્ન

બંને જૂથોની સરહદે ઊભેલા જર્મની અને બર્લિનનો પ્રશ્ન યુરોપીય રાજકારણનો મધ્યવર્તી પ્રશ્ન છે અને ખ્રુશ્ચૉફે આ સવાલને પકડીને વારંવાર નાનીમોટી કટોકટીઓ ઊભી કર્યા કરી છે.

પશ્ચિમ જર્મની અને બર્લિન શહેરનો પશ્ચિમ વિસ્તાર સમૃદ્ધિ અને પ્રવૃત્તિથી ધમધમી રહ્યાં હતાં. સામ્યવાદી પ્રદેશના પ્રજાજનો માટે પશ્ચિમ બર્લિન સરખાવવા લાયક નમૂનો અને પલાયનદ્વાર બની ગયું હતું. ભાગેડુઓ બર્લિન આવીને તેના પશ્ચિમ વિસ્તારમાં ઘૂસી જતા અને ત્યાંથી લોકશાહી રાષ્ટ્રોમાં ચાલ્યા જવાનું કામ આસાન હતું. સુશિક્ષિત જર્મનોના બહિર્ગમનના કારણે સામ્યવાદી જર્મનીને મોટી ખોટ ખમવી પડતી હતી અને ધોધમાર વહી રહેલા આ પ્રવાહને ખાળવાના રસ્તા શોધાઈ રહ્યા હતા. છ માસમાં જર્મની જોડે શાંતિ કરાર કરવામાં નહીં આવે તો પૂર્વ જર્મનીને તમામ સત્તા સોંપીને પોતે ખસી જશે અને બર્લિન પહોંચવાના માર્ગો જર્મન લોકશાહી ગણતંત્રના અંકુશ તળે આવશે તેવી મુદતબંધ ચેતવણી ખ્રુશ્ચૉફે પશ્ચિમની સત્તાઓને આપી (નવેમ્બર ૧૯૫૮). વિમાન માર્ગે બર્લિન શહેરને પુરવઠો પહોંચાડવાનું કામ મુશ્કેલ હોવાથી ખ્રુશ્ચૉફની ધમકી ખરેખર ગંભીર હતી. વિજેતા તરીકેના હકને છોડીને પૂર્વ જર્મની જોડે સમજૂતી કરવાની અમેરિકા-બ્રિટન-ફ્રાન્સની તૈયારી ન હતી અને પોતાના હકની જાળવણી માટે ગમે તે પગલાં ભરવાની તેમણે ચેતવણી આપી. સામસામી ગાળાગાળ અને ખાનગી ખૂણે વાટાઘાટોમાં મુદત વીતી ગઈ છતાં ખ્રુશ્ચૉફે કશું નક્કર પગલું ભર્યું નહીં. સંયુક્ત જર્મની જોડે શક્ય ન હોય તો બંને જર્મન રાજ્યો જોડે અલગ અલગ શાંતિ કરાર કરવા, બર્લિનને 'મુક્ત શહેર' જાહેર કરીને તમામ રાષ્ટ્રોનાં લશ્કર ખસેડી લેવાં અને તેના બદલે યુનોની શાંતિ સેના રાખવી, તેવી ખ્રુશ્ચૉફની દરખાસ્ત પર લાંબી ચર્ચા ચાલ્યા બાદ અમેરિકાએ તેનો અસ્વીકાર કર્યો (૧૯૬૧). કેનેડી-ખ્રુશ્ચૉફની શિખરમંત્રણા-(૧૯૬૧)માં પણ કશું નિરાકરણ શોધાયું નહીં. પોતાના પ્રદેશમાંથી બર્લિન સુધી અવરજવર કરવાના માર્ગ પર અંકુશ રાખવાનો હક પૂર્વ જર્મનીએ જાહેર કર્યો અને વિમાની વ્યવહાર પર નિયંત્રણો મૂકયાં. બ્રિટન-ફ્રાન્સ-અમેરિકાએ વિજેતા તરીકેના હકનું પુનરુચ્ચારણ કર્યું. કેનેડીએ જરૂર પડે તો લડી લેવાની તૈયારી દર્શાવી (જુલાઈ ૧૯૬૧). પોતાની વાત મંજૂર રાખવામાં ન આવે તો ગમે તે પરિણામ માટે તૈયાર રહેવાની ખ્રુશ્ચૉફે ચેતવણી આપી અને બર્લિન શહેરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારો વચ્ચેની અવરજવર તદ્દન બંધ પાડી દેવા માટે તેમ જ તારની વાડમાંથી ભાગી છૂટતા નિરાશ્રિતોને ખાળવા માટે રાતોરાત દીવાલ ચણી લેવામાં આવી (ઑગસ્ટ ૧૩, ૧૯૬૧). બર્લિનની નાકાબંધી

ફરી થશે તેવો ભય સેવાવા લાગ્યો. બર્લિનની નાકાબંધી 'આક્રમણખોર કૃત્ય' ગણાશે અને તેનાં 'ગંભીર પરિણામો'ની જવાબદારી રશિયાની ગણાશે તેવું અમેરિકાએ જાહેર કર્યું. વિજેતા રાષ્ટ્રો વચ્ચેની સમજૂતી વ્યર્થ બની ગઈ છે, પૂર્વ જર્મની સાર્વભૌમ રાજ્ય છે અને ગમે તે કરવા હકદાર છે તેવું જાહેર કરીને ખ્રુશ્ચૉફે બર્લિન અંગે 'મહાભયંકર' શસ્ત્રોનો ઉપયોગ કરવાની તૈયારી દાખવી. ફ્રાન્સ અને પશ્ચિમ જર્મનીએ સેના સાબદી કરી. આખું પૂર્વ જર્મની ખૂંદીને ૧,૫૦૦ અમેરિકન સૈનિકો બર્લિન પહોંચ્યા. સામી બાજુથી ૫૦,૦૦૦ રૂસી અને ૧૦,૦૦૦ પોલિશ સૈનિકો પૂર્વ જર્મની-માં આવી ઊભા અને ખુદ બર્લિન શહેરમાં ૩૦–૪૦ રૂસી ટૅન્કો ઘૂમવા લાગી. બર્લિનમાં સૈનિકો અને ટૅન્કો સામસામે ડાચાં ફાડીને ઊભાં રહ્યાં (ઑક્ટોબર ૧૯૬૧) અને પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ થશે તેવું કેનેડીએ કહ્યું.

પણ આખરી જંગ માટે કોઈ તૈયાર ન હતું અને ખાનગી ખૂણે મન્ત્રણાઓ ચાલવા માંડી. આ મન્ત્રણાઓ છ-સાત માસ લંબાઈ કારણ કે કેનેડીએ કહ્યું તેમ ગ્રોમિકો એક સફરજન આપીને આખી વાડી પડાવી લેવા માગતો હતો. પણ બર્લિનનો મામલો ઠંડો પડી ગયો. લશ્કરો અને ટૅન્કો પાછાં ખેંચાયાં અને ૧૯૬૨ના મે માસમાં બંને બાજુના સેનાપતિઓએ મુક્ત અવરજવર કરવાના એકબીજાના હક કબૂલ રાખ્યા. બર્લિનનો પ્રશ્ન તાત્પૂરતો શમી ગયો. પશ્ચિમ જર્મનીએ બર્લિનનો પાટનગર તરીકે ઉપયોગ કરવા માંડ્યો અને ૧૯૬૯માં જર્મન પાર્લમેન્ટની બેઠક બર્લિનમાં બોલાવી. રશિયા અને પૂર્વ જર્મનીએ તેમાં બને તેટલા અવરોધો પહોંચાડ્યા. રશિયાની ગમ્ભીર ચેતવણીના કારણે બીજી વખત આવી બેઠક બોલાવવામાં આવી નથી. ૧૯૬૮માં પ્રમુખની ચૂંટણીનું કેન્દ્ર બર્લિનમાં રાખવાનું નક્કી થયું ત્યારે પૂર્વ જર્મનીએ અવરજવરના મુખ્ય માર્ગો બંધ કરી દીધા (જૂન ૧૯૬૮). નાનકડી કટોકટી જામી પડી, પણ બર્લિન સુધી મુક્ત અવરજવર ગોઠવી આપવાની જવાબદારી રશિયાની છે તેવું પશ્ચિમી રાજ્યોએ મક્કમ અવાજે કહ્યું અને ચૂંટણીઓ થઈ.

વધતી જતી સમૃદ્ધિ અને તાકાતના કારણે પશ્ચિમ જર્મનીની રાજનીતિમાં જબરદસ્ત પલટો આવી રહ્યો હતો. સદીઓ જૂના દુશ્મન ફ્રાન્સ જોડે સહકાર અને મૈત્રીના કરાર કરવામાં આવ્યા (જાન્યુઆરી ૧૯૬૩) અને દ ગોલના શબ્દોમાં કહીએ તો ફ્રાન્સ માટે, જર્મની માટે, આખા યુરોપ માટે અને તેથી સમગ્ર જગત માટે નૂતન ભાવિના નિર્માણનો માર્ગ મોકળો કરવામાં આવ્યો. જર્મન ઐક્ય સામેનો વિરોધ ફ્રાન્સે પાછો ખેંચી લીધો (નવેમ્બર ૧૯૬૪). બર્લિન અંગે બંને જર્મન રાજ્યો-એ સીધી વાટાઘાટો કરવી અને યુરોપ પ્રત્યે નવો અભિગમ (ઑસ્ટોપોલિટિક્સ) અપનાવી લેવો તેવી દરખાસ્ત બર્લિનના અગ્રણી રાજપુરુષ વિલી બ્રાન્ટે રજૂ કરી. આ વાટાઘાટો ૧૯૬૪ના જૂનમાં શરૂ થઈ, પણ તેમાં અનેક વાંધાવચકા પડ્યા. સામ્યવાદી રાષ્ટ્રો અને બાલ્કન રાજ્યો જોડે વ્યાપારી અને મૈત્રી કરાર કરવા માટે પશ્ચિમ જર્મનીએ ચર્ચાઓ શરૂ કરી અને ચીનમાં પોલાદનું કારખાનું નાખી આપવાનું સ્વીકાર્યું (માર્ચ ૧૯૬૬). રશિયા 'શાંતિપ્રિય રાષ્ટ્ર' હોવાનું એડનૉરે જાહેર કર્યું અને તેમના અનુગામી એરહાર્ડે તેનું પુનરુચ્ચારણ કર્યું. યુગોસ્લાવિયા તેમ જ રુમાનિયા જોડે રાજદ્વારી અને ચેકોસ્લોવાકિયા જોડે વ્યાપારી કરાર થયા (૧૯૬૬–૬૭). દોઢ બે વરસ ચર્ચા ચલાવ્યા બાદ પોલૅન્ડ સાથેની પોતાને ખૂંચતી ઑડર-નિશે સરહદ રેખા પણ જર્મનીએ સ્વીકારી લીધી (નવેમ્બર ૧૯૭૦). બંને જર્મનીમાંથી પરદેશી સેના હટી જવા લાગી. રશિયાએ શરૂઆત કર્યા બાદ

અમેરિકાએ ૩૧,૦૦૦ સૈનિકો ખસેડયા અને ફ્રાન્સે પોતાની તમામ ફોજ ખેંચી લીધી (જાન્યુઆરી ૧૯૬૮). એકતા માટે તમામ જર્મનો ઉપર તળે થઈ રહ્યા હતા અને તે માટે ભાતભાતની દરખાસ્તોની સામસામી ફેંકાફેંક લાંબો વખત ચાલતી રહી. પણ છેવટે બંને જર્મન રાજ્યોએ કશી પૂર્વ શર્ત વગર મળવાનું સ્વીકાર્યું (જાન્યુઆરી ૧૯૭૦). બર્લિન અંગે ચર્ચા કરવા માટે ચાર વિજેતા રાજ્યો — અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ — ની પરિષદ અગિયાર વરસ પછી મળી (નવેમ્બર ૧૯૭૦) અને બર્લિન શહેરમાં મુક્ત અવરજવરની જોગવાઈ કરતા ખરડા પર સહીસિક્કાઓ થયા (સપ્ટેમ્બર ૧૯૭૧) બાદ તેનો અમલ બંને જર્મન રાજ્યોને સોંપાયો અને તેમના વચ્ચે વાહનવહેવાર અંગેની પહેલી સન્ધિ કરવામાં આવી (મે ૧૯૭૨). બર્લિન શહેરના બંને વિભાગો વચ્ચે ટેલિફોન વહેવાર ૧૯૭૧થી શરૂ થઈ ગયો હતો અને જૂન ૧૯૭૨થી અવરજવર પણ શરૂ થઈ.

જર્મનીની વધતી જતી લશ્કરી તાકાત (અત્યારે તેની સેના ચારથી છ લાખની ગણાય છે) અને જર્મન રાજકારણમાં રૂઢિચુસ્ત રાષ્ટ્રઝનૂની પક્ષ — નૅશનલ ડેમોક્રેટિક પાર્ટી—ના વધતા જતા પ્રભાવના કારણે આ રાષ્ટ્રમાં લશ્કરશાહી અને નાઝીવાદ ફરી જોર પકડી રહ્યો હોવાની આશંકા રૂસી આગેવાનોએ વારંવાર વ્યક્ત કરી છે (૧૯૬૬–૬૯). ૧૯૬૯માં ચાન્સેલર પદે ચૂંટાઈ આવ્યા બાદ વિલી બ્રાન્ટે હિંમતભર્યું કદમ ઉઠાવીને પોતાની પૂર્વીય નીતિ(ઑસ્ટોપોલિટિક્સ)નો અમલ શરૂ કર્યો. પૂર્વ યુરોપની વિદ્યમાન સરહદો જર્મની માટે નામોશીભરી હોવા છતાં એ તમામની અનુલ્લંઘ્યતા સ્વીકારી લઈને તેણે રશિયા જોડે બિન-આક્રમણના કરાર કર્યા. તેનું આડકતરું શુભ પરિણામ એ આવ્યું કે મધ્ય યુરોપમાંથી તંગદિલી અને સૈન્યબળ ઘટાડવા માટે રશિયાએ પશ્ચિમી રાષ્ટ્રોને સીધી અને ચોખ્ખી વિનન્તી કરી (મે ૧૯૭૧). અને વૉર્સો સંઘની આ દરખાસ્તના જવાબમાં સામટો અને સમતોલ ઘટાડો કરવા માટે નાટોએ તૈયારી દર્શાવી. એ વાટાઘાટો વિયેનામાં શરૂ થઈ (જાન્યુઆરી ૧૯૭૩).

આર્થિક પ્રવાહો

યુરોપીય મજિયારું બજાર

વિશ્વયુદ્ધ પછી નિસ્તેજ અને નિષ્પ્રાણ બનેલા યુરોપમાં અમેરિકાની પ્રચંડ સહાયથી નવચેતન પ્રગટયું હતું. યુરોપ સશક્ત, સમૃદ્ધ અને આવેગશાળી બન્યું. લશ્કરી દૃષ્ટિએ અમેરિકા અને રશિયાની સરખામણીએ યુરોપનાં નાનકડાં રાજ્યો ઘણાં પછાત હતાં; પણ મહાસત્તાઓ પોતાની અમાપ સંહારક શક્તિનો ઉપયોગ કરી શકે તેમ ન હોવાની તેમનો ઓથાર યુરોપીય રાષ્ટ્રોનાં મનમાંથી સતત ઘટતો ગયો. સામ્રાજ્યોનો બોજો ફગાવી દઈને હળવા ફૂલ બની ગયેલા યુરોપનો આર્થિક વિકાસ ઝડપભેર થઈ રહ્યો હતો. પણ અમેરિકી મૂડીના રોકાણથી ગભરાયેલાં અને અરસપરસના વ્યાપારમાં મુકાયેલા અવરોધોથી અકળાયેલાં યુરોપીય રાષ્ટ્રોમાં આર્થિક ઐકય માટે ચાલી રહેલી અનેકવિધ પ્રવૃત્તિઓના પરિણામે ૧૯૫૭ના માર્ચની ૨૫મી તારીખે રોમમાં મળેલી પરિષદમાં ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, ઇટાલી, બેલ્જિયમ, લગ્ઝમબર્ગ અને હૉલેન્ડ એ છ રાષ્ટ્રોએ યુરોપીય આર્થિક સમાજ — યુરોપિયન ઇકોનૉમિક કૉમ્યુનિટી (ઈ. ઈ. સી.) અને યુરોપીય પરમાણુ સમાજ — યુરોપિયન ઍટમિક કૉમ્યુનિટી — સ્થાપવાના કરાર પર સહીસિક્કા કર્યા. આ રાજ્યો વચ્ચે જકાત સંઘ સ્થાપવાની ચર્ચા તો છેક ૧૯૫૬થી ચાલતી હતી. પણ મર્યાદિત જકાત સંઘને બદલે યુરોપમાં મજિયારું બજાર કૉમન

માર્કેટ) સ્થાપવું, માલની હેરફેર તદ્દન મુક્ત બનાવી દેવી, બહારનાં રાષ્ટ્રો જોડેના આર્થિક વ્યવહારોનું સામૂહિક નિયન્ત્રણ કરવું અને માલસામાનનાં ઉત્પાદન તથા વેચાણ માટે સમાન નીતિરીતિ રાખવી તેવા નિર્ણયો કબૂલ રાખવામાં આવ્યા. મન્જિયારા બજાર દ્વારા આર્થિક અને નાટો દ્વારા લશ્કરી એકતા સ્થાપી શકાય તો છેવટે તેમાંથી રાજકીય ઐક્ય પ્રગટ થશે અને પશ્ચિમ યુરોપ અમેરિકા તેમ જ રશિયાના પ્રભાવથી મુક્ત બનીને તેમનું સમોવડ બનશે તેવી આશા સેવવામાં આવતી હતી. મન્જિયારા બજારનાં સભાસદ રાષ્ટ્રોએ પહેલે પગથિયે પરસ્પર વ્યાપારમાં દસ ટકા જકાત કાપી નાખી (૧૯૫૮) અને ત્રણ વરસમાં અર્ધી કરી નાખી. ધીમે ધીમે તમામ પ્રકારનાં બંધનો અને અવરોધો દૂર કરવામાં આવ્યાં. સભાસદ રાષ્ટ્રો વચ્ચેના અને વિદેશી વ્યાપારમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો; માલનું ઉત્પાદન, રોજગારી અને સમૃદ્ધિ કૂદકે ને ભૂસકે વધવા લાગ્યાં અને ૧૯૬૧ના જુલાઈમાં રાજકીય સહકાર તથા વિચારવિનિમયની જોગવાઈ અંગે વિચારણા ચાલવા લાગી. આ મન્જિયારા બજારમાંથી વેગળાં રહેલાં બ્રિટન, ડેનમાર્ક, ઑસ્ટ્રિયા, નૉર્વે, પોર્ટુગાલ, સ્વીડન, સ્વિત્ઝર્લૅન્ડ એ સાત રાષ્ટ્રોએ પોતાનો મુક્ત વ્યાપારી સંઘ (યુરોપિયન ફ્રી ટ્રેડ ઍસોસિયેશન) સ્થાપ્યો પણ વેરવિખેર પથરાયેલાં આ રાષ્ટ્રોનો સંઘ કંઈ દ્વારકાએ પહોંચે તેવું લાગતું ન હતું. બંને સંઘો વચ્ચે સમાધાન કરાવીને તેમને જોડી દેવાના અમેરિકન પ્રયાસો નિષ્ફળ નીવડ્યા (૧૯૬૦). ૧૯૬૧ની આખરમાં આ બધાં રાષ્ટ્રો પોતપોતાની શરતોએ મન્જિયારા બજારમાં જોડાવા આતુર હતાં. બ્રિટનને કૉમનવેલ્થ છોડવું ન હતું, ઑસ્ટ્રિયાને પોતાની તટસ્થતા જાળવવી હતી, નૉર્વે મચ્છીમારીના હક સોંપવા તૈયાર ન હતું. સ્વીડન અને સ્વિત્ઝર્લૅન્ડ સભાસદપદની પૂરી જવાબદારી લીધા વગર માત્ર 'ઍસોશિયેટ' થવા માગતાં હતાં. 'મન્જિયારું બજાર આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં માલની મુક્ત હેરફેરમાં આડખીલી નાખવા માટે સ્થપાયેલો અકુદરતી સંઘ છે,' તેવું જાહેર કરીને ખ્રુશ્ચૉફે સામ્યવાદી જૂથનાં યુરોપીય રાષ્ટ્રો પાસે આર્થિક સહકાર પરિષદ(કૉન્ફરન્સ ફૉર ઇકોનૉમિક કો-ઑપરેશન)ની સ્થાપના કરાવી.

બ્રિટને મન્જિયારા બજારમાં જોડાવા માટે અરજી કરી (૧૯૬૧). તેનો બેઉ બાજુથી વિરોધ થયો. પોતાની વ્યાપારી સવલતો ગુમાવવી પડશે તેવું સમજીને ઑસ્ટ્રેલિયા, કૅનેડા, ન્યૂઝીલૅન્ડ, નાઇજીરિયા અને ટાંગાનિકાએ સ્પષ્ટ ચેતવણી આપી કે બ્રિટન મન્જિયારા બજારમાં જોડાશે તો કૉમનવેલ્થનું વિસર્જન થશે (સપ્ટેમ્બર ૧૯૬૨). બ્રિટને આ ચેતવણી ગણકારી નહીં; કારણ કે તેને યુરોપથી અળગા રહેવું પોસાય તેમ ન હતું. બીજી તરફ કૉમનવેલ્થનું વિસર્જન ન થાય ત્યાં સુધી બ્રિટિશ જોડાણ અંગે ચર્ચા પણ કરવાનો દ ગોલે વિરોધ કર્યો અને સોળ-સત્તર મહિનાની લાંબી વાટાઘાટો પછી બ્રિટનને પોતાની અરજી પાછી ખેંચી લેવી પડી (મે ૧૯૬૩). દ ગોલ યુરોપમાં એકલા ફ્રાન્સનું આધિપત્ય સ્થાપવા ઇચ્છે છે તેવું વડાપ્રધાન મૅકમિલને કરેલું હેત્વારોપણ ગેરવાજબી હતું. યુરોપીય આર્થિક સમાજનું રાજકીય અને લશ્કરી રૂપાન્તર કરીને જગતની ત્રીજી મહાસત્તારૂપે તેને ઘડવાની દ ગોલની ખ્વાહિશ સુપ્રસિદ્ધ હતી, છતાં કૉમનવેલ્થ અને મન્જિયારું બજાર એમ બંને બાજુનો વ્યાપારી લાભ ખાટવાની બ્રિટનની અપેક્ષા દેખીતી રીતે જ ખોટી ગણાય.

અમેરિકા જોડેના વ્યાપારી સમ્બન્ધો એ મન્જિયારા બજાર સામે ૧૯૬૩માં આવી પડેલો મહા-પ્રશ્ન હતો. પોતાની જોડે સમાન ધોરણે ભાગીદારી કરી શકે તેવા 'એકાત્મ' યુરોપને કૅનેડીએ પોતાનો

ટેકો જાહેર કર્યો, છતાં પોતાની ખેતપેદાશની યુરોપમાં થતી નિકાસમાં ઘટાડો થાય તે અમેરિકાને પોસાય તેમ ન હતું. યુરોપીય આર્થિક સમાજે અમેરિકા જોડે વ્યાપારી કરાર કર્યા (જાન્યુઆરી ૧૯૬૨) બાદ પોતાના ખેતી ઉત્પાદનને ઉત્તેજન આપવા માટે અમેરિકી માલ પર મોટી જકાત નાખવાની સંરક્ષક નીતિ અપનાવી હતી. આ જકાત ઘટાડવામાં ન આવે તો આર્થિક સહાય બંધ કરી દેવાની અમેરિકી ધમકીની સદંતર અવગણના કરવામાં આવી (જૂન ૧૯૬૩). અમેરિકાએ વળતો ફટકો માર્યો; યુરોપના ઔદ્યોગિક માલની આયાત પર નિયંત્રણો મુકાયાં (ઑગસ્ટ ૧૯૬૩) અને ૧૯૬૪થી તેના પર ભારે જકાત નાખવામાં આવી.

આર્થિક દૃષ્ટિએ સ્વાયત્ત બની રહેલા યુરોપમાં ઐક્ય સ્થાપવાનાં પગલાં ઝડપભેર ભરવામાં આવી રહ્યાં હતાં. મજિયારા બજારનાં રાષ્ટ્રોની વિમાની વાહતુક સંયુક્ત બનાવી દેવામાં આવી (જૂન ૧૯૬૪). યુરોપિયન કોલ ઍન્ડ સ્ટીલ કૉમ્યુનિટી તેમ જ યુરોપિયન ઍટમિક કૉમ્યુનિટીને સમાવી લેવામાં આવ્યાં (એપ્રિલ ૧૯૬૫). ખેતીવાડી અંગે સમાન નીતિ ઘડવામાં આવી (નવેમ્બર ૧૯૬૪). ૧૯૬૭થી આન્તરિક જકાત સદંતર નાબૂદ કરવાનો નિર્ણય લેવાયો અને મજિયારા બજારની રાજકીય સંઘટનાની રૂપરેખાની છણાવટ શરૂ થઈ (માર્ચ ૧૯૬૫). પૂર્વ યુરોપીય રાષ્ટ્રો જોડેના વ્યાપારને ઉત્તેજન આપવાનો અને સમાન વિદેશનીતિ અપનાવવાના ઠરાવ થયા (૧૯૭૦) અને પછાત રાષ્ટ્રોમાં પ્રભાવ ફેલાવવાના આશયથી તેમનો માલ વગર જકાતે આયાત કરવાની નીતિ જાહેર કરવામાં આવી (માર્ચ ૧૯૭૧).

વધતી જતી સમૃદ્ધિની વહેંચણી અંગે મજૂરવર્ગમાં ફેલાયેલા અસંતોષના કારણે શરૂ થયેલાં તોફાનો અને હડતાળો તથા આર્થિક અસમતુલાને કારણે યુરોપભરમાં આર્થિક આંધીનો વાવંટોળ ચડ્યો. બ્રિટનની તો ખાસ અવદશા બેઠી હતી. ભયંકર બેકારી પ્રવર્તતી હતી છતાં ભાવો અને મજૂરી સતત વધ્યે જ જતાં હતાં. આ બંનેના દર બાંધી લેવા પડ્યા (સપ્ટેમ્બર ૧૯૬૬). નાણાંને અભાવે તેણે નાટોમાંથી સેના પાછી ખેંચી લીધી અને પૂર્વ એશિયામાંથી લશ્કરી થાણાં ઉઠાવીને ખસી જવાનો નિર્ણય કરવો પડ્યો. અમેરિકાના આર્થિક દાસત્વથી તે કંટાળ્યું હતું અને મજિયારા બજારમાં જોડાયા સિવાય છૂટકો નથી તેની તેને પાકી ખાતરી થઈ હતી. 'અમેરિકાના આર્થિક વર્ચસ્વથી મુક્ત યુરોપ'ના ખ્યાલને આવકારતાં વડા પ્રધાન વિલ્સને 'અમેરિકા જોડે સમાન કક્ષાએ ઊભું રહી શકે તેટલી તાકાત અને સત્તા ધરાવતા યુરોપના ઘડતર'ને ટેકો આપ્યો (નવેમ્બર ૧૯૬૬). મજિયારા બજારમાં પ્રવેશ મેળવવા માટે બ્રિટને ફરી અરજી કરી (માર્ચ ૧૯૬૭). ફ્રાન્સ સિવાય બાકીનાં પાંચેય રાષ્ટ્રો તેને આવકારવા તૈયાર હતાં પણ દ ગોલ જેનું નામ તે એકનો બે ન થયો. બ્રિટન અને મજિયારું બજાર પરસ્પર વિસંગત (ઇનકૉમ્પૅટિબલ) છે તેવું જાહેર કરીને દ ગોલે એ બાબતની ચર્ચા પણ કરવાની અનિચ્છા દર્શાવી. છતાં, અન્ય સભાસદોએ તેનો આગ્રહ સેવ્યો ત્યારે તેણે બ્રિટન સભાસદની લાયકાત ધરાવતું નથી એ ધોરણે રીતસર વિટો વાપર્યો (ડિસેમ્બર ૧૯૬૭).

યુરોપનું અને તેથી જગતનું અર્થકારણ ચગડોળે ચડ્યું હતું (૧૯૬૭) અને બાવીસ રાષ્ટ્રોને અવમૂલ્યન કરવું પડ્યું. બ્રિટનની દશા કફોડી થઈ હતી અને કેન્યા, યુગાન્ડામાંથી ધસી રહેલા એશિયાઈ નિરાશ્રિતોના પ્રવાહને કારણે પરિસ્થિતિ સતત વણસી રહી હતી (૧૯૬૮). બ્રિટનને સભાસદ બનાવવાના ઇટાલી અને જર્મનીના પ્રયાસો ફ્રાન્સે ફરી વિફળ બનાવ્યા (સપ્ટેમ્બર ૧૯૬૮). પણ

ટ્રિગ્વે લી
(ઈ. સ. ૧૯૪૬–૧૯૫૩)

દાગ હામરશૂલ્ડ
(ઈ. સ. ૧૯૫૩–૧૯૬૧)

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રીઓ

ઉ થાં
(ઈ. સ. ૧૯૬૧–૧૯૭૧)

કૂર્ટ વાલ્ડહેમ
(ઈ. સ. ૧૯૭૨–)

રૂસીઓ પાછા જાઓ!
બુડાપેસ્ટની દીવાલો પરનું લખાણ : ૧૯૫૬

રૂસીઓ પાછા જાઓ
પ્રાહાની દીવાલો પરનું લખાણ : ૧૯૬૮.



ઇમ્રે નાજ
હંગેરીનો વડો પ્રધાન
(ઈ. સ. ૧૯૫૩–૫૫, ૧૯૫૬)

એલેક્ઝાંડર દુબ્ચેક
ચેક સામ્યવાદી પક્ષનો મહામંત્રી
(ઈ. સ. ૧૯૬૮–૬૯)

આર્થિક કટોકટીની ઝાળ ફ્રાન્સને પણ લાગી હતી અને પોતાના ચલણની સધ્ધરતા જાળવી રાખવા તેને ઉગ્ર પગલાં ભરવાં પડ્યાં. વિદ્યાર્થીઓ અને કામગારોનાં ચોમેર ફાટી નીકળેલાં તોફાનો અને તમામ પ્રવૃત્તિ બંધ પાડી દેનાર બાવીસ દિવસની હડતાળના કારણે ફ્રાન્સનું અર્થતન્ત્ર ખોટકાઈ પડ્યું. આ કટોકટીના પરિણામે ૧૯૬૯ના એપ્રિલમાં દ ગોલને રાજીનામું આપવાની ફરજ પડી.

ફ્રાન્સનો વિરોધ અવગણીને બ્રિટનને અને તેની જોડાજોડ આયર્લૅન્ડ, ડેનમાર્ક અને નૉર્વેને પણ મજિયારા બજારમાં પ્રવેશ આપવામાં આવ્યો (મે ૧૯૭૧). ૧૯૭૨ના આરંભે બ્રસેલ્સ કરાર અનુસાર સભાસદ રાષ્ટ્રોની સંખ્યા દસની થઈ છે. છ મહિના બાદ મુક્ત વ્યાપાર સંઘને અને મજિયારા બજારને સંમિલિત કરી નાખવામાં આવ્યાં (જુલાઈ ૧૯૭૨). પણ મચ્છીમારીના હક અંગે વાંધો પડવાથી, નૉર્વે સંઘમાંથી ખસી ગયું.

અત્યંત સુવિકસિત અને સમૃદ્ધ અર્થતન્ત્રવાળાં અને ત્રીસ કરોડની વસ્તી ધરાવતાં બાર રાષ્ટ્રોનો આ આર્થિક સમાજ સ્થાપીને યુરોપ પોતે અમેરિકા અને રશિયાની બરોબરી કરી શકે તેવી મહાસત્તા બન્યું અને પ્રમુખ નિક્સને સિત્તેર પછીના દાયકાની પાંચ મહાસત્તાઓ(અમેરિકા, રશિયા, પશ્ચિમ યુરોપ, જપાન, ચીન)માં તેનો સમાવેશ કર્યો (ફેબ્રુઆરી ૧૯૭૩).

પૂર્વ યુરોપ

રૂસી પ્રભાવને પડકાર

પશ્ચિમ યુરોપમાંથી અમેરિકાનો પ્રભાવ નામશેષ થવા લાગ્યો હતો, તેમ બાલ્કન પ્રદેશોમાં પણ ઘણાં રાષ્ટ્રોએ રૂસી પ્રભાવ સામે ફેણ ઊંચી કરવા માંડી; તેમાં સૌથી લાંબી અને સૌથી રોમાંચક કથા ચેકોસ્લોવાકિયાની છે. સત્યાગ્રહશાસ્ત્રના પ્રણેતા ગાંધીજીએ ભારત પર આક્રમણ તોળાઈ રહ્યું હતું (૧૯૪૧–૪૨) ત્યારે આક્રમણ અને દખલગીરી સામે પ્રતિકારના જે માર્ગ સૂચવ્યા હતા તેનો જાણ્યે-અજાણ્યે પણ પ્રયોગ કરી બતાવવાનું સદ્‌ભાગ્ય ચેકોસ્લોવાકિયાને પ્રાપ્ત થયું. ૧૯૬૫ના ડિસેમ્બરથી પક્ષના સ્વાતંત્ર્યવાદી આગેવાનોએ આર્થિક ક્ષેત્રે છૂટછાટ આપવા માંડી હતી. પણ રંગ જામ્યો તે તો ૧૯૬૭ની આખરથી. 'બુદ્ધિજીવીઓને નાઝી પદ્ધતિએ ત્રાસ આપવામાં આવે છે' એવા જાહેરનામા પર ત્રણસો ચેક લેખકો, કલાકારો, વિજ્ઞાનશાસ્ત્રીઓએ સહી કર્યા (સપ્ટેમ્બર ૧૯૬૭) બાદ જામેલા ખળભળાટના પરિણામે ૧૯૬૮ના જાન્યુઆરીથી દુબ્ચેક પક્ષના મહામંત્રી બન્યા અને સ્વોબોદા રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા. સ્વાતંત્ર્યવાદી કાર્યક્રમ શરૂ થયો. પક્ષમાંથી રૂઢિચુસ્તોની હકાલપટ્ટી કરવામાં આવી (માર્ચ ૧૯૬૮), મૂડીવાદી રાષ્ટ્રો પાસેથી ધિરાણ માગવામાં આવ્યું, પૂરેપૂરું અખબારી તથા વાણીસ્વાતંત્ર્ય આપવાની જાહેરાત થઈ (એપ્રિલ ૧૯૬૮) અને ઉદ્યોગતંત્ર પશ્ચિમી પદ્ધતિએ ગોઠવવા લાગ્યું. પ્રધાનમંડળમાં અનેક બુદ્ધિજીવીઓને લેવામાં આવ્યા અને સ્તાલિન-ભક્તોની વગોવણી શરૂ થઈ. રશિયાએ અનાજનો પુરવઠો અટકાવ્યો પણ ત્રાસ ભોગવવા છતાં લોકોએ દુબ્ચેકને વધાવી લીધો. તેમને મૉસ્કોમાં હાજર થવાનું કહેણ આવ્યું ત્યારે દખલગીરી ન કરવાની ચેક રેડિયોએ રશિયાને વિનંતી કરી. ચેક સરકારે ઝડપભેર સ્વાતંત્ર્યવાદી પગલાં ભરવા માંડ્યાં. અખબારી સ્વાતંત્ર્ય તથા સભાસ્વાતંત્ર્ય આપવામાં આવ્યું. સમવાયતન્ત્ર સ્થાપવાની જાહેરાત થઈ અને આર્થિક તન્ત્રો હરીફાઈ અને સ્વાતંત્ર્યના ધોરણે કામ કરવાં લાગ્યાં.

ભડકી ઊઠેલાં પૂર્વ જર્મની અને પોલૅન્ડે સુધારણાની ઝાટકણી કાઢી અને રૂસી ફોજો ચેકોસ્લોવાકિયાની સરહદ નજીક સરકવા લાગી. કોસિજિન જાતે પ્રાહા (પ્રાગ) દોડી આવ્યો અને રૂસી સૈનિકો તથા ટૅન્કો દેશમાં ઘૂસ્યાં (જૂન ૧૯૬૮). આ ગોઠવણ તાત્પૂરતી હોવાની રશિયાએ ખાતરી આપી અને રૂસી લશ્કરની ઉપેક્ષા કરીને ચેક સુધારકોએ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી. રશિયા, પોલૅન્ડ, પૂર્વ જર્મની, હંગેરી તથા બલ્ગેરિયાના પ્રતિનિધિઓ જોડે ચર્ચા કરવા ચેક આગેવાનાને આમંત્રવામાં આવ્યા (જુલાઈ ૧૯૬૮), પણ તેમણે રશિયા ઉપરાંતનાં બીજાં રાષ્ટ્રોને નિમન્ત્રી સામૂહિક ધોરણે વાટાઘાટો ચલાવવા સામે સાફ નકાર ભણ્યો અને રૂસી ફોજનું રોકાણ લંબાયું. પંદર દિવસમાં વાટાઘાટો શરૂ કરવી જ પડશે તેવું વૉર્સો જૂથે જાહેર કર્યું. બ્રેઝનેવે ચેક આગેવાનોને આમન્ત્રણ આપ્યું. ચેક સામ્યવાદી પક્ષની મધ્યસ્થ સમિતિએ આ આમંત્રણ ફગાવી દીધું. રૂસી ફોજે ખસી જવાની ના કહી અને ઊલટું વધારાની રૂસી ફોજ ચેકોસ્લોવાકિયા તરફ ચાલવા માંડી. વૉર્સો જૂથનું એક લશ્કરી થાણું ચેકોસ્લોવાકિયામાં રાખવાની માગણી કરવામાં આવી. 'સ્વાતંત્ર્યવાદી સુધારણા આંતરિક પ્રશ્ન છે અને તે વૉર્સો જૂથ માટે કોઈ પણ રીતે જોખમકારક નથી' તેવી દલીલ કરીને દુબ્ચેકે નમતું જોખવાનો ઇનકાર કર્યો. પણ છેવટે ચેક આગેવાનોએ સોવિયેત સરહદ નજીકની ચેક હદમાં કોસાઇસ ખાતે મન્ત્રણા માટે હાજર થવું પડયું. રૂસી અખબારો સુધારવાદી (રિફૉર્મિસ્ટ) પ્રવૃત્તિને વખોડી રહ્યાં હતાં અને અમેરિકા આ ઉશ્કેરણી કરી રહ્યું છે તેવા આક્ષેપો થઈ રહ્યા હતા. પણ રુમાનિયા અને યુગોસ્લાવિયાએ સુધારવાદીઓને ટેકો આપ્યો. પશ્ચિમી રાષ્ટ્રોએ રૂસી દખલગીરી વખોડી કાઢી પણ તેનો સામનો કરવાનો કોઈ સલામત માર્ગ નથી તેમ કહ્યું. બાદ, બ્રાતિસ્લાવામાં વૉર્સો જૂથ જોડે લાંબી વાટાઘાટો બાદ અખબારો પર અંકુશ રાખવાનું કબૂલ કરવામાં આવ્યું (ઑગસ્ટ ૧૯૬૮) અને ઘણીખરી રૂસી ફોજ પાછી ખેંચી લેવામાં આવી.

પણ સુધારવાદી પ્રવૃત્તિ ચાલુ જ રહી એટલે રૂસ-તરફી લોકોને ત્રાસ આપવામાં આવે છે તેવા બહાના તળે રૂસ, પોલૅન્ડ, હંગેરી, બલ્ગેરિયા અને પૂર્વ જર્મનીની સમ્મિશ્ર સેના ચેકોસ્લોવાકિયામાં ઑગસ્ટની એકવીસમીએ ફરી વખત ઘૂસી ત્યારે સત્યાગ્રહી અસહકારનો અને શાંત પ્રતિકારનો એવો અદ્‌ભુત નમૂનો જોવા મળ્યો કે ગાંધીજી જીવતા હોત તો ચેકોસ્લોવાકિયા જઈ બેઠા હોત. પરદેશી સેનાનો પ્રતિકાર ન કરવાની શિખામણ, જૂજ અપવાદ બાદ કરતાં લોકોએ પાળી, દુબ્ચેક અને તેના સાથીઓની ધરપકડ થઈ. સામ્યવાદી પક્ષનું સંચાલન રૂસ-તરફી આગેવાનોને સોંપાયું ત્યારે સામ્યવાદીઓએ બીજું જૂથ સ્થાપીને રૂસી પગલાનો નિષેધ કર્યો. આખા ચેકોસ્લોવાકિયામાંથી કોઈ પણ વ્યક્તિ રૂસ-તરફી સરકાર રચવા માટે તૈયાર જ ન થઈ અને છેવટે રશિયાએ લશ્કરી રાજ સ્થાપ્યું. 'ત્રેવીસમી તારીખે ચેકોસ્લોવાકિયા બંધ'ની સ્વયંભૂ જાહેરાત થઈ પણ ચેક આગેવાનોની વિનન્તીને માન આપીને કેવળ એક કલાક 'બંધ' પાળવામાં આવ્યો. સ્વોબોદા મૉસ્કો પહોંચ્યો. દુબ્ચેક અને તેના સાથીઓને પણ બોલાવવા પડયા. રાબેતા મુજબની પરિસ્થિતિ સ્થાપવી અને પરદેશી ફોજ પાછી ખેંચી લેવી — જોકે રૂસી સેનાની બે ડિવિઝન ચેકોસ્લોવાકિયામાં કાયમ રહે તેવી સમજૂતી થઈ. પણ ચેક પાર્લમેન્ટે તમામ પરદેશી સેના હટાવી લેવાની મક્કમ માગણી કરી અને ફોજી દખલગીરી કોઈ રીતે વાજબી ઠરાવી શકાય તેમ નથી તેવું ચેક વિદેશી પ્રધાને જાહેરમાં કહ્યું. સલામતી સમિતિમાં આ પ્રશ્નની ચર્ચા થઈ ત્યારે ચેક પ્રતિનિધિએ રૂસી પગલું વખોડી કાઢયું. વૉર્સો સંધની લગભગ છ લાખની સેના રાષ્ટ્રભરમાં પથરાઈ પડી હતી અને ઠેર ઠેર રૂસી સલાહ-

કારોને બેસાડી દેવામાં આવ્યા હતા. 'ચેક લોકો સ્વાતંત્ર્યની મોહજાળમાં ફસાઈને સમાજવાદના શત્રુ બની ગયા છે અને ક્રાન્તિવિરોધી દળોને નાથવાં જોઈએ અને નાથી લઈશું' તેવા હુંકાર રૂસી અખબારોમાં સંભળાતા હતા, છતાં દેશભરમાં જબરદસ્ત ટોળાંઓએ શાંત સભા-સરઘસો યોજ્યાં અને રૂસી તાબેદારીમાંથી છૂટવાના ઠરાવ કર્યા. દુબ્ચેક અને સ્વોબોદાએ પ્રજાને સબૂરી અને શાણપણ ધરવાનો અનુરોધ કર્યો. સામ્યવાદવિરોધી જૂથો વિખેરી નાખવામાં આવ્યાં. થોડા લેખકોની ધરપકડ થઈ, વાણીસ્વાતંત્ર્ય પર અંકુશ મૂકતો કાયદો થયો, પોલીસને વધારે સત્તા આપવામાં આવી અને અખબારી સ્વાતંત્ર્ય પર નિયન્ત્રણતન્ત્ર (સેન્સરશિપ) ગોઠવાયું. રૂસ-વિરોધી આગેવાનો નિવૃત્ત થવા લાગ્યા, પણ સામ્યવાદી પક્ષની કારોબારીમાં માત્ર બે રૂસ-તરફી આગેવાનો ચૂંટાયા અને દુબ્ચેકની તેના સ્થાને ફરી વરણી કરવામાં આવી. કાયદા થયા હતા પણ લોકોને કશો ત્રાસ પડ્યો નહીં; કારણ કે તેમનો અમલ થયો નહીં. 'આપણા દેશબાંધવો, કામગારો, ખેડૂતો, કલાકારો, વિજ્ઞાન-શાસ્ત્રીઓ, યુવાનો અને વૃદ્ધોની સલામતી તેમ જ સ્વાતંત્ર્યની રક્ષા કરવાની જવાબદારી અંગે સરકાર પૂરેપૂરી સજાગ છે' તેવી જાહેરાત કરવામાં આવી. શાંતિ સ્થપાઈ અને નવા કાયદા થયા એટલે પ્રાહા શહેરમાં ઘૂમતી ટૅન્કો પાછી ખેંચી લેવામાં આવી અને વૉર્સો સંધની સેનાએ ચાલ્યા જવાનું કબૂલ કરી લીધું (સપ્ટેમ્બર ૧૯૬૮).

પણ ચેક સરકાર સ્વાતંત્ર્ય વિરોધી કાયદાઓનો વાસ્તવમાં અમલ જ કરતી ન હતી એટલે રૂસ અને ચેકોસ્લોવાકિયા વચ્ચે તંગદિલી વધતી રહી. મૉસ્કોમાં ફરી મંત્રણા યોજાઈ. વાણીસ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્યને છૂંદી નાખતા કાયદાઓનો અમલ રૂસી સૈન્યો પાછાં ખેંચાય તે અગાઉ કરવાની ખાતરી દુબ્ચેકે આપવી પડી (ઑક્ટોબર ૧૯૬૮). સંયમ જાળવવા માટે આગેવાનોએ જનતાને અનુરોધ કર્યો હોવા છતાં રૂસી દખલગીરી અને લશ્કરી કબજા સામે દેશભરમાં પ્રચંડ સભા-સરઘસો યોજાયાં અને તેમાં રૂસ-તરફી ચેક આગેવાનોને ભાંડવામાં આવ્યા. ટોળાના હાથમાં સપડાઈ ગયેલા રૂસી સલાહકારોને ચેક પોલીસે માંડ ઉગારી લીધા. આવાં તોફાનનાં ગંભીર પરિ-ણામોનો ચર્નિકે ઉલ્લેખ કર્યો. 'માનવતાવાદી સમાજવાદ' અને 'રૂસી કબજાની કઠોર વાસ્તવિકતા' વચ્ચે સુમેળ સાધવાનું દુબ્ચેકે જાહેરમાં વચન આપ્યું (નવેમ્બર ૧૯૬૮). વિદ્યાર્થીઓ, ખબરપત્રીઓ અને કામગારો પર અનેક નવાં નિયન્ત્રણો મુકાયાં અને તેના વિરોધમાં ઠેર ઠેર શાંત હડતાળ પાડવામાં આવી. રૂસ-વિરોધી વલણ દાખવવામાં આવે તો લોકશાહીનો નાશ કરનાર દમનકારી પગલાં ભર્યાં સિવાય ચાલશે નહીં, તેવી દુબ્ચેકે ચેતવણી આપી. આ અંધાધૂંધીના કારણે ચેક અર્થતંત્ર ખોટકાઈ પડ્યું (ડિસેમ્બર ૧૯૬૮) અને રૂસી ટૅન્કો ફરી પાછી ચેકોસ્લોવાકિયામાં ઘૂમવા લાગી. ચેક સામ્ય-વાદી પક્ષે સ્વાતંત્ર્યવાદ છોડવો પડ્યો (જાન્યુઆરી ૧૯૬૯). અખબારો પર નવા અંકુશો નંખાયા. વાણીસ્વાતંત્ર્યનો લોપ થયો. વિદ્યાર્થીઓ અને કામગારોએ લડત ઉપાડી લીધી અને રૂસી કબજા તથા આક્રમણખોરીનાં 'નામોશીભર્યાં પરિણામો' નિવારવાની ચવવળ શરૂ થઈ. રૂસી જોહુકમીના વિરોધમાં જૉન પાલચ નામના યુવાને જાહેરમાં અગ્નિસ્નાન કર્યું (જાન્યુઆરી ૧૯૬૯) અને તેની 'મૂક' સ્મશાનયાત્રામાં પાંચ લાખ લોકો જોડાયા. પણ 'અત્યારે કશા સુધારા કરી શકાય તેમ નથી' તેવી જાહેરાત કરીને ચર્નિકે સ્વાતંત્ર્યવાદી આંદોલનની પરિસમાપ્તિ કરી. ૧૨૦ પત્રકારોને બરતરફ કરવામાં આવ્યા. 'દેશ સામે ગમ્ભીર કટોકટી ઊભી થઈ હોવાથી' સુધારપ્રવૃત્તિ અટકાવી દેવાનું દુબ્ચેકે પણ કબૂલ કર્યું (ફેબ્રુઆરી ૧૯૬૯) અને 'રૂસ-વિરોધી તોફાનો ચાલુ રહેશે તો

અત્યંત દુ:ખદ પરિણામ આવશે' તેવી ચેતવણી આપી. ચેક લશ્કરને આક્રમક સેના સાથે સહકાર કરવો પડ્યો. દુબ્ચેકને એપ્રિલમાં મહામંત્રીનું પદ છોડવું પડ્યું અને તેના અનુગામી હુસાકે ક્રાન્તિ-વિરોધીઓ સામે કોરડો વીંઝવા માંડ્યો. વાણીસ્વાતંત્ર્ય અને અખબારો સામેના અંકુશો વધારે ને વધારે કઠોર બનતા ગયા, અનેક છાપાં બંધ કરી દેવામાં આવ્યાં. અનેક વિદ્યાર્થી મંડળો ગેર-કાયદેસર જાહેર થયાં અને રાષ્ટ્રીય વિદ્યાર્થી પરિષદ વિખેરી નાખવામાં આવી (જૂન ૧૯૬૯). સ્વાતંત્ર્યવાદીઓને બધાં સ્થાનેથી હાંકી કાઢીને તોડી નાખવામાં આવ્યા. રૂસી આક્રમણની સંવત્સરીના દિવસે 'સમાજવાદવિરોધી કાવતરાંખોરો'ના વીસ હજારના શાન્ત ટોળાને પોલીસ તથા લશ્કરે મળીને વિખેરી નાખ્યું. દુબ્ચેકે બધા હોદ્દા ગુમાવ્યા અને તેને આત્મશોધનની સલાહ આપવામાં આવી! બે મહિના સુધી સફાઈ ચાલી. ૭૩ ધારાસભ્યોને કાઢી મૂકવામાં આવ્યા. અનેક પત્રકારોએ કામધંધો ગુમાવ્યો. દુબ્ચેક સહિત સંખ્યાબંધ સામ્યવાદીઓને પક્ષમાંથી કાઢી મૂકવામાં આવ્યા (ફેબ્રુઆરી–જૂન ૧૯૭૦). છ મહિના બાદ ચર્નિકની પણ આવી જ દશા થઈ. સમવાયતંત્ર નાબૂદ થયું, દેશભરમાં પકડાપકડી થઈ રહી અને રૂસી આગેવાનો વારંવાર તપાસણી માટે પ્રાહામાં ચક્કર લગાવતા રહ્યા. દુબ્ચેકના અનેક સાથીઓ, મિત્રો પર મુકદ્દમા મંડાયા (જુલાઈ–ઑગસ્ટ ૧૯૭૨). આ આખી ઘટના અંગે વિશ્વના સામ્યવાદી પક્ષોએ વિવિધ વલણો દાખવ્યાં છે. રુમાનિયા અને યુગોસ્લાવિયાએ રશિયાનો વિરોધ કર્યો, પૂર્વ જર્મનીમાં અનેક સામ્યવાદી આગેવાનોએ રશિયાની આકરી ટીકા કરી અને ઇટાલીના સામ્યવાદી પક્ષે રૂસી દખલગીરી વખોડી કાઢી.

૧૯૬૧થી પોલૅન્ડની સામ્યવાદી સરકાર અને રોમન કૅથલિક સંપ્રદાયના અગ્રણી કાર્ડિનલ વિશઝિન્સ્કી વચ્ચે થયેલી અથડામણમાં ઊંચાનીચા અનેક પલટા આવ્યા. ધર્મપ્રચાર અને કૅથલિક શાળાઓ પર મૂકેલાં કડક નિયંત્રણો સરકારે છેવટે ઉઠાવી લેવાં પડ્યાં (૧૯૬૬). જોકે વિશઝિન્સ્કીની ધરપકડ કરીને તેને બે વરસની સજા ફટકારવામાં આવી. પણ ગોમુલ્કાનું પતન થયું. આર્થિક કટોકટીમાંથી આસમાને ચડવા લાગેલા ભાવો સામે પોલૅન્ડભરમાં જબરદસ્ત તોફાનો ફાટી નીકળ્યાં અને તેને કાબૂમાં લેવા માટે લશ્કર બોલાવવું પડ્યું (ડિસેમ્બર ૧૯૭૦). ઉગ્ર અસંતોષને ઠારવા માટે સરકારી તંત્રમાંથી, સામ્યવાદી પક્ષમાંથી અને મજૂર સંઘોમાંથી અનેક વ્યક્તિઓની રવાનગી થઈ તેમાં ગોમુલ્કા પણ ઊથલી પડ્યા. સરકાર અને કૅથલિક સંપ્રદાય વચ્ચે દાયકાજૂના ઝઘડાની પતાવટ થઈ અને તમામ દેવળોનો વહીવટ ફરી પાછો ધાર્મિક આગેવાનોને સોંપી દેવામાં આવ્યો (એપ્રિલ ૧૯૭૧).

દરિયામાં રહીને મગરમચ્છ જોડે વેર બાંધવાનો મુશ્કેલ પ્રયોગ કરી રહેલા યુગોસ્લાવિયામાં રશિયા જોડે સમાધાન (૧૯૫૬) થયા બાદ તંગદિલી ઓછી થવા લાગી અને સામ્યવાદી રાષ્ટ્રો જોડે તેના સંબંધો ક્રમેક્રમે સુધરવા લાગ્યા (૧૯૬૧–૬૨). સામ્યવાદી વિચારસરણીમાં ગળાડૂબ રહ્યા છતાં પોતાનું આગવું વ્યક્તિત્વ જાળવી રાખવાનો ચુસ્ત આગ્રહ સેવનાર યુગોસ્લાવિયા અને તેનાં પડોશી રાષ્ટ્રોના સમ્બન્ધમાં સતત એવી ભરતીઓટ આવ્યા કરી છે કે તેનું વર્ણન કરીએ તો એકની એક વાત તારીખો બદલાવીને કહેતા હોઈએ તેવો ભાસ થાય. ૧૯૬૩થી ૭૩ સુધીના દાયકામાં સામ્યવાદી પક્ષમાં અવારનવાર સાફસૂફી કરીને ટીટોએ પોતાના વિરોધીઓને ઠેકાણે પાડ્યા છે અને ૧૯૭૨ની આખરમાં ક્રોશિયા પ્રાન્તમાં ત્રાસવાદીઓએ મોટા પાયા પર કરેલી મારફાડ પણ અત્યારે તો કચરાઈ ગયેલી જણાય છે. ૧૯૬૩માં માર્શલ ટીટોને યુગોસ્લાવિયાના આજીવન પ્રમુખ બનાવવામાં

આવ્યા છે અને પોતાના ગુરુ તથા દુશ્મન સ્તાલિનની માફક તેઓ ત્રણ દાયકાથી સત્તા ભોગવી રહ્યા છે. જોકે સૌથી વધારે લાંબી સત્તા તો સ્પેનના જનરલ ફ્રાન્કોએ ભોગવી ગણાય (૧૯૩૬–૧૯૭૩).

રશિયા અને રુમાનિયા વચ્ચે લાંબા વખતથી ચાલતો ગુપ્ત સંઘર્ષ સાઠ પછીના દાયકામાં છતો થવા લાગ્યો, કારણ કે ૧૯૬૩ પછી સામ્યવાદી જથની પકડમાંથી મુક્તિ મેળવવા રુમાનિયાએ ધમપછાડા શરૂ કર્યા. ૧૯૪૦માં રશિયાને સોંપી દેવા પડેલા બેસારબિયા અને બુકોવિનાના પ્રદેશો પાછા મેળવવાની માગણી રુમાનિયાએ કરી (મે ૧૯૬૬) અને બન્ને મહાસત્તાઓની જૂથબાજી વખોડીને બન્ને જૂથોના વિસર્જનની હિમાયત કરી. બાલ્કન પ્રદેશનાં રૂસી થાણાં સામે તથા વૉર્સો સંઘમાં પોતાનો ફાળો આપવા સામે સ્પષ્ટ અને જોરદાર વિરોધ નોંધાવ્યો (૧૯૬૬–૬૭). પતાવટ માટેના રૂસી પ્રયાસો નિષ્ફળ ગયા (ડિસેમ્બર ૧૯૬૭) બાદ વૉર્સો સંઘનાં રાષ્ટ્રોએ કરેલી જહેમત પણ નકામી ગઈ (માર્ચ ૧૯૬૮) અને રશિયા જોડેના સંબંધો સતત બગડતા ચાલ્યા. આંતરિક બાબતોમાં કોઈની દખલગીરી સાંખી લેવામાં આવશે નહીં અને ચેકોસ્લોવાકિયાની માફક બહારની ફોજો ઘૂસે તો તેના સીધો અને સખત સામનો કરવામાં આવશે તેવી રુમાનિયાએ જાહેરાત કરી (ફેબ્રુઆરી ૧૯૬૯), પણ આ ઝઘડો અન્તિમ કક્ષાએ પહોંચ્યા પૂર્વે શરૂ થયેલી રશિયા અને રુમાનિયા વચ્ચેની વાટાઘાટોના પરિણામે મૈત્રી કરાર કરવામાં આવ્યા (જુલાઈ ૧૯૭૦). રૂસ અને ચીન વચ્ચેના ઝઘડાઓનો રુમાનિયાએ પૂરો લાભ ઉઠાવ્યો અને બંને જોડે સારા સંબંધો બાંધ્યા.

રશિયા વિ૦ ચીન

૧૯૬૦ પછીનો દોઢ દાયકો બેઉ મહાસત્તાઓ વચ્ચે ચાલતી જૂથબાજીનો નહીં પણ જૂથોની અંદરઅંદર ચાલી રહેલા સંઘર્ષનો છે. પણ તેમાં ચીન અને રશિયા વચ્ચેની અથડામણ અનેક દૃષ્ટિએ વિશ્વના અને યુરોપના રાજકારણનું ઘડતર કરનાર મહત્ત્વના પરિબળ સમી બની ગઈ છે. ચીન અને રશિયા બંને સરમુખત્યારી રાષ્ટ્રો હોવાથી અને મિત્રરાજ્યો હોવાનો બાહ્ય દેખાવ કરતાં હોવાથી આ ઝઘડો ક્યારે અને કેવી રીતે શરૂ થયો, તેનાં ખરેખરાં કારણો કયાં છે તે ચોક્કસપણે કહેવું અને કળવું મુશ્કેલ છે. પણ આ ઝઘડો હવે એવી પરાકાષ્ઠાએ પહોંચ્યો છે કે આ બંને રાજ્યો વચ્ચે હવે બોલ્યાવહેવાર પણ રહ્યો નથી. સ્તાલિનના હાથે ઉપેક્ષા અને અપમાન ભોગવનાર ચીની નેતાઓને તેના પ્રત્યે કશો સ્નેહ કે આદરભાવ હતો નહીં પણ તેની સર્વસત્તાવાદી વ્યક્તિપૂજાની પરિપાટી માઓ દ્વારા ચીનમાં ચાલુ હતી. તેથી ખ્રુશ્ચૉફે ઉઘાડી પાડેલી સ્તાલિનશાહી રસ્મની વિગતોથી માઓ નારાજ હતો (૧૯૫૬); છતાં હંગેરી અને પોલૅન્ડના રશિયા સામેના વિદ્રોહનું દમન કરવામાં તેણે રશિયાને ઘણી મદદ કરી હતી (૧૯૫૭). ખ્રુશ્ચૉફનું સમાધાનકારી અને શાન્તિપ્રધાન વલણ અને વૈચારિક જથબાજીને બદલે આર્થિક અને રાજકીય ગણતરીને આપવામાં આવેલું મહત્ત્વ ચીનને રુચ્યાં નહીં. પશ્ચિમી જૂથ જોડેના સમ્બન્ધો સુધારવાની સતત જહેમત કરી રહેલ ખ્રુશ્ચૉફ સામ્યવાદી જૂથની નેતાગીરી રશિયાના હાથમાં રહે તેની પૂરી તકેદારી રાખી રહ્યો હતો. પણ ચીન આ નેતાગીરીમાં સરખા હિસ્સાની અપેક્ષા રાખી રહ્યું હતું અને રૂસ પાસેથી આર્થિક તથા તાન્ત્રિક બાબતોમાં સહાય મેળવીને ઝડપભેર ઔદ્યોગિક વિકાસ સાધી રહ્યું હતું. ધાર્યા પ્રમાણે અને બધી જરૂરિયાત સંતોષાય તેટલી મદદ રશિયા પાસેથી મળતી નથી તેનો કચવાટ તેના મનમાં હતો જ.

ભારતને મળતી રૂસી મદદ અને મૈત્રી તેને આંખના કણાની માફક ખટકતી હતી. અક ફાળે આર્થિક વિકાસ સાધી લેવા માટેનો ચીની હનુમાન કૂદકો (ગ્રેટ લીપ ફૉરવર્ડ) નિષ્ફળ ગયો. ચીનના અર્થ-તંત્રમાં ઊભી થયેલી આ કટોકટી નિવારવામાં રશિયા સહાયભૂત થઈ શકયું નહીં અથવા થયું નહીં.

ચીન અને રશિયા વચ્ચેની લાંબી અચોક્કસ સરહદના કારણે બંને રાજ્યો વચ્ચેનું વૈમનસ્ય વધવા લાગ્યું અને ૧૯૫૯–૬૦માં ઝઘડો એટલો તીવ્ર બન્યો કે રશિયાએ આર્થિક સહાય અટકાવી દીધી અને રૂસી તંત્રજ્ઞો(ટેકનિશિયનો)ને પાછા બોલાવી લીધા. ચીનનો વિકાસ કાર્યક્રમ અસ્તવ્યસ્ત થઈ ગયો. ૮૧ સામ્યવાદી પક્ષોના મૉસ્કો અધિવેશન(નવેમ્બર ૧૯૬૦)માં શાંતિમય સહઅસ્તિત્વની રૂસી નીતિને ટેકો આપ્યો છતાં ચીને ઉગ્ર અને આત્યંતિક નીતિ સ્વીકારવાનો અનુરોધ કર્યો હતો અને યુદ્ધ ટાળવાની ઇચ્છાને નબળાઈ લેખાવી હતી. રશિયાનું ઘણું મોટું કરજ ચીન પાછું વાળી શકયું નથી. ૧૯૬૧–૬૨માં ચીનમાં ભયંકર દુષ્કાળ પડયો ત્યારે રશિયા તરફથી ખાસ કશી મદદ મળી નહીં. 'કહે વહુને અને સંભળાવે સાસુને' તેમ રશિયા અને ચીને આડકતરી રીતે આક્ષેપબાજી શરૂ કરી. ચીને યુગોસ્લાવિયાના ફેરવાદી વલણને અને રશિયાએ આલ્બેનિયાની સિદ્ધાંતજડતાને બેફામપણે ઉતારી પાડયાં. બંને રાષ્ટ્રો વચ્ચેની તંગદિલીમાં ખૂબ ઉમેરો થયો (જાન્યુઆરી ૧૯૬૨).

સામ્યવાદી ન હોય તેવાં રાષ્ટ્રો જોડે પણ શાંતિમય સહઅસ્તિત્વ અંગે રૂસી સામ્યવાદી પક્ષે કરેલા ઠરાવે અને સિદ્ધાંતભેદ છતાં યુગોસ્લાવિયા દોસ્ત હોવાની ખ્રુશ્ચૉફની જાહેરાતે બળતામાં ઘી હોમ્યું. સરહદનો પ્રશ્ન ઉગ્ર બની ગયો હતો અને ૧૯૬૨માં પાંચ હજાર વખત (!) રેખાભંગ કરવા માટે રશિયાએ ચીનને ધમકાવ્યું. સામ્યવાદની કંઠી બાંધનાર ક્યૂબાના કેસ્ટ્રો જોડે કરાર કરીને બહાદુરીભરી ડંફાસો માર્યા બાદ કેનેડીની ધમકી સામે ખ્રુશ્ચૉફે પારોઠનાં પગલાં ભર્યા. ચીન-ભારત સંઘર્ષ ચાલુ હોવા છતાં રશિયાએ ભારતને અપાતી મદદ અટકાવી નહીં અને ચીનનો પક્ષ પણ લીધો નહીં. ચીની અને રૂસી અખબારો સામસામા રાષ્ટ્રોના આગેવાનોને ભાંડવા લાગ્યાં અને બંને દેશો વચ્ચેના સંબંધો કટોકટીના તબક્કે પહોંચી ગયાનું ચાઉ એન-લાઈએ કબૂલ કર્યું. ચીન જોડે સમાધાન માટેની તૈયારી દર્શાવ્યા છતાં સામ્યવાદના પ્રસાર માટે યુદ્ધનો આશરો લેવાની વાત ખ્રુશ્ચૉફે સાફ નકારી કાઢી — એટલું જ નહીં, એ ખ્યાલ શુદ્ધ પાગલપણું છે તેમ સ્પષ્ટ કહ્યું (જાન્યુઆરી ૧૯૬૩). સામ્યવાદી વિશ્વસંઘમાં તડ પડી ગઈ. આલ્બેનિયા સિવાયના તમામ યુરોપીય સામ્યવાદી પક્ષો રશિયાની બાજુએ અને ભારત સિવાયના તમામ એશિયાઈ સામ્યવાદી પક્ષો ચીનની તરફેણમાં હોવાથી આ સંઘર્ષ કેટલેક અંશે યુરોપીય-એશિયાઈ સંઘર્ષ જેવો દેખાવા લાગ્યો. જૂન માસમાં રૂસી અને ચીની પ્રતિનિધિઓ વૈચારિક મતભેદના નિરાકરણ માટે મળ્યા. પણ ચર્ચાપરિષદ ભાંગી પડી. ચીન રૂસી નેતાગીરીને ઉથલાવી પાડવાનું કાવતરું કરે છે તેવો ખુલ્લો આક્ષેપ ખ્રુશ્ચૉફે મૂકયો; તો મૂડીવાદીઓની દોસ્તી શોધનાર અને ચીનને અપાતી મદદ અટકાવી દેનાર ઢોંગી ખ્રુશ્ચૉફ સામ્યવાદી જૂથનો વિશ્વાસઘાત કરનાર દગલબાજ છે તેવું ચીને કહ્યું (ડિસેમ્બર ૧૯૬૩). રૂસી ફેરવાદની ઝાટકણી કાઢી રહેલા ચીને વિશ્વ પર પ્રભુત્વ જમાવવા માટે રશિયા અમેરિકા જોડે મળીને કાવતરું કરતું હોવાનો આરોપ મૂકયો. દુનિયાના ઇતિહાસમાં ખ્રુશ્ચૉફને 'સૌથી મોટો પૂંછડી પટપટાવનાર' (ધ ગ્રેટેસ્ટ કેપિટ્યુલેશનિસ્ટ ઇન હિસ્ટરી) જાહેર કરીને ચીને રૂસી નેતાગીરી ફગાવી દેવાનો ખુલ્લં-ખુલ્લા અનુરોધ કર્યો (માર્ચ ૧૯૬૪). સરહદી ઝઘડાની પતાવટ માટે વાટાઘાટો ચાલી રહી હોવા

છતાં આક્ષેપબાજી ચરમ સીમાએ પહોંચી ગઈ હતી. રુમાનિયા અને યુગોસ્લાવિયાએ પતાવટ માટે કરેલા પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. ચીન જોડેનો આણબનાવ ખ્રુશ્ચૉફના પતનનાં અનેક કારણોમાં એક અત્યંત મહત્ત્વનું કારણ હતું; પણ નવી નેતાગીરી જોડે પણ ચીનનો ઝઘડો તો ચાલુ જ રહ્યો. 'રશિયાના નવા નેતા ખ્રુશ્ચૉફ કરતાં ચાર આંગળ ચડે તેવા છે; તેઓ ખ્રુશ્ચોફી સુધારવાદનો જરીપુરાણો સામાન વેચી રહ્યા છે અને ચીનના હિતશત્રુઓ છે, તેવું ચાઉ એન-લાઈએ જાહેરમાં કહ્યું (માર્ચ ૧૯૬૫). માર્કર્સવાદ અને સામ્યવાદી આંતરરાષ્ટ્રીયતાનો દ્રોહ કરતી નીતિ અપનાવી લેનારું રશિયા અમેરિકાનું દોસ્ત બન્યું હોવાથી પોતાના પર આક્રમણ થવાનો ડર ચીની નેતાઓ વ્યક્ત કરવા લાગ્યા (નવેમ્બર ૧૯૬૫). રૂસી નેતાઓએ પોતાની પ્રજાને ચીની આક્રમણ સામે સજાગ રહેવાની ચેતવણી આપીને ચીની સરહદે લશ્કરી જમાવટ કરવા માંડી (જુલાઈ ૧૯૬૬). પેકિંગમાં રૂસી રાજદૂતની કચેરી સામે રમખાણ મચાવીને ચીનાઓએ ખૂબ ભાંગફોડ કરી અને રશિયા તથા ચીને પોતપોતાના રાજદૂતો પાછા બોલાવી લીધા (૧૯૬૭). લિન પિયાઓએ રૂસી નેતાઓને 'શાન્તિના ધુતારા' (પીસ-સ્વિન્ડલર્સ) કહ્યા (ઑક્ટોબર ૧૯૬૬). બંને રાષ્ટ્રો એકબીજાને માર્કર્સવાદ-લેનિન-વાદના શત્રુ અને સામ્યવાદી આંદોલનમાં ફૂટ પાડનાર કહેવા લાગ્યાં. ચીની અખબારોમાં રૂસી નેતાઓનો સુધારવાદી સુવ્વર (રિવિઝનિસ્ટ સ્વાઈન્સ) તરીકે ઉલ્લેખ થવા લાગ્યો.

ચીનમાં આ કાળે સાંસ્કૃતિક ક્રાન્તિએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું. લશ્કરે દરમિયાનગીરી કરી હતી. ખૂણે ખૂણે ચાલી રહેલાં હુલ્લડો અને તોફાનોના કારણે ચોમેર અંધાધૂંધી ફેલાઈ હતી. છતાં ચીને રૂસી સરહદ પર સેના ખડકવા માંડી અને દરમિયાનમાં રૂસી યુદ્ધનૌકા 'સ્વિસ્ર્ક'ની અટકાયત કરવામાં આવી. રશિયાએ વ્યાપારી સંબંધો તોડી નાખવાની અને ગંભીર પરિણામોની ધમકી આપી (૧૯૬૮). ૧૯૬૯ની શરૂઆતમાં અને તે પછી યુસ્તરી નદીના પટમાં આવેલા ટચૂકડા ટાપુના કબજા માટે રૂસી અને ચીની લશ્કરો વચ્ચે અવારનવાર અથડામણ થતી રહી. સિક્યાંગમાં રૂસી આક્રમણની જાહેરાત ચીને કરી અને આમુર નદીના કાંઠે પણ બંને રાજ્યોનાં લશ્કરો અફળાયાં (જૂન ૧૯૬૯). સરહદ અંગે વાટાઘાટો તૂટકછૂટક ચાલી રહી હતી અને ૧૯૭૦ના જૂન માસમાં વાટાઘાટો સ્થગિત થઈ ગઈ. છતાં ત્રણ વરસના ગાળા બાદ બંને દેશોના એલચીઓ પોતપોતાને ત્યાં આવી પહોંચ્યા. ચીને એક બાજુ મૂડીવાદી રાષ્ટ્રો જોડે વ્યાપારી અને આર્થિક સંબંધો બાંધવાની કોશિશ કરવા માંડી અને બીજી બાજુ રૂસી નેતાઓ સામે વિકૃત પ્રચાર શરૂ કર્યો. માઓનું ખૂન કરવા માટે લિન પિયાઓ અને ચેન પો-ટા જોડે મળીને રશિયનોએ કાવતરું ઘડી કાઢ્યું હોવાનો વજૂદ વગરનો આક્ષેપ પણ મુકાયો.

ચીન જોડે સંબંધો સુધારવા માટેના નિકસનના પ્રયાસો સામે રશિયાએ એવી શંકાશીલ નજરે જોવા માંડ્યું કે ચીનની મૈત્રી મેળવવા માટે પોતે રૂસી દોસ્તીમાં કશી જ ઊણપ આવવા દેશે નહીં તેવું નિકસનને જાહેર કરવું પડ્યું. ચીની-રૂસી સરહદી ઝઘડાની પતાવટનાં કોઈ ચિહ્ન હજુ દેખાતાં નથી અને ચીન તથા રશિયાની મોટા ભાગની સેના આ સરહદ પર સામસામે છાતી કાઢીને ઊભી છે. આ બંને વચ્ચે ઝપાઝપી થતી હોવાના ખબરો ૧૯૭૨ના ડિસેમ્બર સુધી અવારનવાર આવ્યા કરતા હતા. પણ ૧૯૭૩ની શરૂઆતથી આ સળવળતી સરહદ શાન્ત પડવા લાગી છે.

યુરોપમાં પ્રસંગોપાત્ત ઊભી થતી નાનીમોટી કટોકટીઓમાં સાઇપ્રસ, ગ્રીસ, બેલ્જિયમ અને આયર્લૅન્ડના પ્રસંગો મહત્ત્વના છે. સાઇપ્રસનો નાનકડો ટાપુ બ્રિટનના કબજામાંથી છૂટ્યો ત્યારથી

તેને ગ્રીસમાં જોડી દેવા ઇચ્છતા બહુસંખ્ય ગ્રીકો અને આ પગલાનો ઉગ્ર વિરોધ કરનાર લઘુમતી તુર્કો વચ્ચે સતત તંગદિલી ચાલ્યા જ કરી છે. લઘુમતીઓના હક પર તરાપ મારવાના કાર્ડિનલ મેકેરિયાસે કરેલા પ્રયાસોને પરિણામે આ બે કોમ વચ્ચે મોટા પાયા પર હુલ્લડબાજી ફાટી નીકળી અને ગ્રીક તથા તુર્ક સૈનિકોએ સામસામે ઝુકાવ્યું હોવાથી આંતરવિગ્રહ શરૂ થયો. ૧૯૬૪ના સપ્ટેમ્બરમાં પરિસ્થિતિ એવી ગંભીર બની કે ગ્રીસ અને તુર્કી સામસામાં આથડી પડશે અને આંતરવિગ્રહમાંથી આંતરરાષ્ટ્રીય વિગ્રહ ફાટી નીકળશે તેવો ડર લાગવા માંડયો. શાંતિ જાળવવા માટે સાઈપ્રસમાં ઊતરેલી યુનોની શાન્તિસેનાએ છ-આઠ માસને બદલે છ વરસ રોકાઈ જવું પડયું અને છેવટે ૧૯૭૧ના ડિસેમ્બરમાં કંઈક શાન્તિ સ્થપાઈ છે. પણ ગ્રીક આતંકવાદી જૂથોએ ત્રાસવાદી નીતિ અખત્યાર કરતાં હજુ આજ સુધી સાઇપ્રસમાં સાચી શાન્તિ સ્થાપી શકાઈ નથી.

ગ્રીસમાંથી ગેરીલા દળો કચરાઈ ગયાં બાદ મામલો થાળે પડી ગયો જણાતો હતો પણ ચરુ અંદરથી ઊકળી રહ્યો હતો. રૂઢિચુસ્ત લશ્કરી અફસરોને બરતરફ કરવાના પ્રધાનમંડળના નિર્ણયના કારણે કટોકટી ઊભી થઈ અને ૧૯૬૭ના એપ્રિલમાં લશ્કરી આગેવાનોએ સત્તા કબજે કરી લીધી. ઉદ્દામવાદી પક્ષો અને જૂથો વિખેરી નાખવામાં આવ્યાં, બંધારણ અભરાઈ પર ચડાવીને સરમુખત્યારી શાસન સ્થપાયું. ઉદ્દામવાદીઓએ જબરદસ્ત વિરોધ નોંધાવ્યો. લશ્કરી આગેવાનોની સત્તા તોડવા માટે રાજાએ ઉઠાવેલો વિદ્રોહ નિષ્ફળ ગયો (ડિસેમ્બર ૧૯૬૭) અને રાજાને દેશ છોડીને ભાગવાની ફરજ પડી. લોકોએ કરેલાં નિદર્શનો કચડી નાખવામાં આવ્યાં. નવું બંધારણ અમલમાં આવ્યું (મે ૧૯૬૮). છતાં દમન અને જોરતલબીનો કોરડો વીંઝાતો જ રહ્યો અને હજુ આજે પણ લશ્કરી સત્તાધીશોની પકડ ગ્રીસમાંથી દૂર થઈ નથી.

ભાષાવાદ અને કોમવાદ કેવળ પછાત પ્રજાઓમાં જ જોવા મળતાં લક્ષણો છે તેવા ભ્રમમાં રાચતા લોકોની આંખ ખૂલી જાય તેવાં રમખાણો બેલ્જિયમ અને આયર્લેન્ડમાં થયાં છે. ટપાલની ટિકિટ જેટલા ટચૂકડા બેલ્જિયમમાં વલંદા (ડચ) અને ફ્લેમિંગ એવાં બે ભાષાકીય જૂથો વચ્ચેના ઘર્ષણમાંથી ચોમેર હુલ્લડો ફાટી નીકળ્યાં (ફેબ્રુઆરી ૧૯૬૮). પ્રધાનમંડળ ઊથલી પડયું અને માંડ માંડ સ્થપાયેલા નવા પ્રધાનમંડળમાં બંને ભાષાકીય જૂથોનો સમાન ભાવે સમાવેશ કરી શકાય તેટલા માટે પ્રધાનોની સંખ્યા વધારવામાં આવી. છતાં ભાષાવાદની ભૂતાવળને કારણે ૧૯૭૨ના નવેમ્બરમાં ફરી પાછી કટોકટી ઊભી થઈ.

પણ આયર્લેન્ડનાં તોફાનો અને ખુનામરકી આનાથી કયાંય ચડી જાય તેવાં છે. આયર્લેન્ડનો આઝાદી જંગ આપણા સ્વાતંત્ર્યવીરો માટે ખૂબ પ્રેરણાદાયી બન્યો હતો. ૧૯૨૨માં થયેલા ભાગલા મુજબ ઉત્તર આયર્લેન્ડ ઈંગ્લાંડના હાથમાં રહ્યું. આ પ્રદેશમાં પ્રોટેસ્ટંટ સંપ્રદાય પાળનાર બ્રિટિશ વસાહતીઓની બહુમતી છે, જ્યારે લઘુમતીનું સ્થાન ધરાવતા મૂળ આયરવાસીઓ કૅથલિક સંપ્રદાય પાળે છે. બંને કોમ વચ્ચે અવાનવાર ઉફાળે ચડી આવતાં છમકલાં હમેશાં ધાર્મિક રૂપ પકડી લે છે. ૧૯૬૯ના જાન્યુઆરીથી જે ભયંકર હુલ્લડો ફાટી નીકળ્યાં છે અને છેક આજ સુધી ચાલુ રહ્યાં છે તેની સરખામણી કરી શકાય તેવાં તોફાનો ભૂતકાળમાં થયાં નથી. સમાન હકની માગણી કરનાર કૅથલિકોએ આઇરિશ ગણતંત્ર સેના (આઈ. આર. એ.) નામનું ગેરીલા દળ ઊભું કર્યું. પોતાના મહોલ્લામાં પ્રૉટેસ્ટંટો કે પોલીસો પગ મૂકી શકે નહીં તેવી પરિસ્થિતિ ઊભી કરી અને છેક ૧૯૭૨ના

ફેબ્રુઆરી સુધી ભાતભાતનાં તોફાનો કરીને હોળી સળગતી રાખી. સ્થાનિક સરકાર નિષ્ફળ નીવડી તેથી બ્રિટને વહીવટ સંભાળ લીધો (માર્ચ ૧૯૭૨) અને છએક માસની શાન્તિ બાદ ફરી પાછાં તોફાનો શરૂ થયાં. ધર્મઝનૂની આંતરવિગ્રહમાં બંને પક્ષોએ ઘણાં હલકાં કૃત્યો કર્યાં. આઇરિશ પ્રજાસત્તાકમાં જોડાવા સંબંધે કરવામાં આવેલી જનમત ગણનામાં પ્રૉટેસ્ટંટ બહુમતીએ આ ઠરાવ ઉડાવી દીધો (ઑકટોબર ૧૯૭૨). પાટનગર બેલફાસ્ટની ગલીકૂંચીઓમાં ફરી જંગ જામ્યો. ત્રાસવાદી સેનાને સાફ કરી નાખવા માટે એકલા બેલફાસ્ટ શહેરમાં એકવીસ હજારની બ્રિટિશ ફોજ આજે એક વરસથી માથાં પછાડે છે અને હવે કૅથલિક વિસ્તારની સફાઈ ચાલી રહી છે. લશ્કરી દમનના વિરોધમાં કૅથલિક આગેવાન સિયન મેકસ્ટેઈન ફૈને અઠ્ઠાવન દિવસના ઉપવાસ ખેંચ્યા છે (જાન્યુઆરી ૧૯૭૩).

યુરોપીય રાજકારણના મહાકેન્દ્ર રશિયામાં પગ જમાવ્યા બાદ ખ્રુશ્ચૉફે સૌથી પહેલાં તો રૂસી અર્થતંત્રની નબળી કડી સમાન ખેતીવાડી પર લક્ષ આપવા માંડયું (૧૯૫૭–૫૮). અને ખેતીવાડીની ઉપેક્ષા તથા અવ્યવસ્થાની ઝાટકણી કાઢી (૧૯૬૦–૬૧). પક્ષ અને રાજ્યતંત્રમાં ખાસ ખેતીવાડી વિભાગો શરૂ થયા (નવેમ્બર ૧૯૬૨). ખ્રુશ્ચૉફે ખેતીવાડીના ક્ષેત્રમાં દૂરગામી સુધારા દાખલ કરવાનો નિર્ણય જાહેર કર્યો (ફેબ્રુઆરી ૧૯૬૪). સરમુખત્યારી કડપ ઓછો થવાનો લાભ ઉઠાવીને વધારે પડતી ટીકાખોરીમાં રાચતા બુદ્ધિજીવીઓ અને કલાકારોને અવારનવાર ચેતવણી આપવા છતાં ખ્રુશ્ચૉફે તેમના માટે વધારે ને વધારે છૂટછાટો મૂકવા માંડી (૧૯૬૨–૬૩). પશ્ચિમી જૂથ જોડેના સંબંધો સુધારીને વિશ્વશાન્તિ જાળવી રાખવા ખ્રુશ્ચૉફે અથાક પ્રયાસ કર્યા. પૂર્વ જર્મની જોડે કરાર કરતી વખતે પણ તેમણે બર્લિનમાં વિજેતા રાજ્યોના હકની યથાવત્ જાળવણી કરી (જૂન ૧૯૬૪) અને ફ્રાન્સ, અમેરિકા, જર્મની, ઇટાલી જોડે વ્યાપારી સંબંધો ખૂબ વધાર્યા.

આ ખ્રુશ્ચૉફી નીતિ તેના અનુગામીઓએ પણ ચાલુ રાખી છે. પણ ખ્રુશ્ચૉફના ગયા બાદ ઘડવામાં આવેલી પંચવર્ષીય યોજના(મે ૧૯૬૬)માં ફરી પાછું ઉદ્યોગોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. કરવેરા ઘટાડવામાં આવ્યા. મજૂરીના દર વધાર્યા અને ખેતીવાડીને ગૌણ સ્થાન આપવામાં આવ્યું. છતાં રોજિંદી વપરાશની ચીજોના ઉત્પાદન પર ખ્રુશ્ચૉફે મૂકેલો ભાર ચાલુ રહ્યો. ખ્રુશ્ચૉફે ઢીલી કરવા માંડેલી સરમુખત્યારશાહી ફરી સજ્જડ બની. બ્રેઝનેવે બુદ્ધિજીવીઓને સાવધાન રહેવા ચેતવણી આપી (૧૯૬૮) એટલું જ નહીં પણ રાજવિરોધી કૃત્યોનો આરોપ મૂકીને ૧૭ કલાકારો અને લેખકોને લાંબા કારાવાસની સજા ફટકારવામાં આવી. ૧૯૬૯–૭૦માં માલનું ઉત્પાદન ઘટવાના કારણે રશિયામાં આર્થિક કટોકટી ઊભી થઈ અને રખડુંપાણું, શરાબની લત અને આળસ માટે રૂસી મજૂરોને તેમના સર્વોચ્ચ આગેવાનોએ ઝાટકયા (એપ્રિલ ૧૯૭૦).

બહુધ્રુવી રાજકારણની દિશામાં

દ્વિધ્રુવી રાજકારણના વિસર્જનની પ્રક્રિયા અમેરિકા-રૂસી સંબંધમાં જેટલી સ્પષ્ટ દેખાય છે, તેવી બીજે કશે દેખાતી નથી. બંને મહાસત્તાઓ નરમ પડવા લાગી તેમાં પલટાઈ રહેલી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપરાંત બીજું મુખ્ય સમાન કારણ એ હતું કે, બંનેને એશિયા નડવા લાગ્યું હતું. ૧૯૫૭–૫૮થી શરૂ થયેલો રૂસી-ચીની ઝઘડો પરાકાષ્ઠાએ પહોંચ્યો (૧૯૬૩–૬૪) ત્યારે ૧૯૫૬થી વિયેટનામમાં ઊતરેલું અમેરિકા પણ પૂરેપૂરું કળણમાં ફસાઈ ચૂકયું હતું (૧૯૬૪–૬૫). હો ચી મિન્હની ખમીરવંત નેતાગીરીના પ્રતાપે ટટ્ટાર ઊભેલા આ નગણ્ય, પછાત દેશે અમેરિકાના દાંત ખાટા કરી

નાખ્યા અને તેણે પોતાનાં લશ્કર, સાધનસામગ્રી ને સંપત્તિ ઉપરાંત પોતાની પ્રતિષ્ઠા હોમી દેવા છતાં આ યુદ્ધમાંથી નાક કપાવીને પાછા હઠવું પડયું છે. નાટો અને વૉર્સો સંધ વચ્ચેના સંબંધો અમેરિકા અને રશિયા વચ્ચેના પલટાઈ રહેલા સંબંધોની પારાશીશી છે.

જાસૂસી વિમાન યુ ટુ(યુ-૨)ના કારણે ખ્રુશ્ચૉફે આઈઝેનહોવર જોડેની મુલાકાત બગાડી હતી; પણ નવા વરાયેલા પ્રમુખ કેનેડીને મળવા માટે તેણે આ પ્રશ્ન જતો કરવાની તૈયારી દર્શાવી અને વિયેનામાં બંને મહારથીઓ મળ્યા. પૂર્વ યુરોપનાં સામ્યવાદી રાષ્ટ્રો જોડે આર્થિક સહાય અને વ્યાપારી વિનિમય માટે કેનેડીની ઉત્કંઠા જાણીતી છે. તેમના અનુગામી જૉન્સને પણ સામ્યવાદી રાષ્ટ્રો જોડેના સંબંધોમાં શાણપણભર્યો વ્યવહારુ અભિગમ અપનાવવાની નીતિ જાહેર કરી (૧૯૬૪) અને તેના અમલ માટે સખત જહેમત ઉઠાવવા માંડી (૧૯૬૫).

નાટો માટે અણુશસ્ત્રોથી સજ્જ બહુરાષ્ટ્રીય સેના અંગે લાંબો વખત વિચારણા ચાલ્યા બાદ આ પ્રકારનું નૌકાદળ ઊભું કરવાનો નિર્ણય લેવાયો (ઑક્ટોબર ૧૯૬૩). પણ ખૂંખાર ચીનને ખાળવા માટે રશિયા જોડે સહકાર કરવાની નીતિ અમેરિકા અપનાવી રહ્યું હતું (૧૯૬૩–૬૪). નાટોને પરમાણુ શસ્ત્રોથી સજ્જ કરવાના આખરી નિર્ણય (ડિસેમ્બર ૧૯૬૪) પર વિચારણા કરવા માટે વૉર્સો સંધની બેઠક મળી ત્યારે રશિયાએ બધી મદદ આપવાનું સ્વીકાર્યું (ઑગસ્ટ ૧૯૬૫). પણ સાથોસાથ બ્રેઝનેવે બંને લશ્કરી સંધ વચ્ચે અનાક્રમણના કરારની દરખાસ્ત રજૂ કરી. છતાં ૧૯૬૫ના નવેમ્બરમાં અમેરિકાએ નાટોને ૭૦૦૦ પરમાણુ બૉમ્બ સોંપ્યા અને તેના પ્રત્યાઘાત રૂપે વૉર્સો સંધને વધારે તાકાતવાન બનાવવાની જાહેરાત રશિયાએ કરી (મે ૧૯૬૬). પણ પરસ્પર વ્યાપાર અને સહકાર માટે બંને મહાસત્તાઓ ઉત્સુક હોવાથી બંને લશ્કરી સંધો ૧૯૬૬ના ઉત્તરાર્ધમાં સારા સંબંધો કેળવવા લાગ્યા. સમગ્ર યુરોપ માટે સંયુક્ત સંરક્ષણ પરિષદ બોલાવવાની વૉર્સો સંધની દરખાસ્ત (નવેમ્બર ૧૯૬૯) અમેરિકાના ઉગ્ર વિરોધ છતાં નાટોએ બહુમતીથી આવકારી. આ પરિષદ હેલસિન્કીમાં ૧૯૭૩ના જુલાઈમાં મળી. મધ્ય યુરોપમાંથી બંને જૂથે સમતોલ અને સમાંતર સૈન્ય ઘટાડો કરવાની સૂચના પર ચર્ચા ચલાવવાનું નાટોએ કબૂલ કર્યું (મે ૧૯૭૦) અને ૧૯૭૨માં રશિયાની મુલાકાત લઈને નિક્સને અંતરીક્ષવિજ્ઞાનના ક્ષેત્રમાં સહકાર માટે અને વ્યાપારી સંબંધો વધારવા અંગે કરાર કર્યો.

સંહારક શસ્ત્રો વધારે ધારદાર, પ્રભાવી અને ખર્ચાળ થવા લાગ્યાં ત્યારે આ સંરક્ષણ ખર્ચ નાનાં રાજ્યો તો ઠીક, પણ મોટાં રાજ્યોને પણ ભારે પડવા લાગ્યો. નવાં શસ્ત્રો અને અસ્ત્રોના કારણે નિ:શસ્ત્રીકરણની સમસ્યા અતિ જોખમી બની ગઈ અને શસ્ત્રસંન્યાસ માટેની ઉત્કંઠા સર્વત્ર વધવા લાગી. પણ આ કાર્ય માટેની આંતરરાષ્ટ્રીય વાટાઘાટો, પ્રચાર અને ગાળાગાળીનું સાધન બની જવાને કારણે વાંઝણી નીવડી. તપાસણી સામેના ઉગ્ર રૂસી વિરોધના કારણે અણુધડાકા પ્રતિબંધક કરાર અંગે એકમતી સાધી શકાઈ નહીં અને ત્રણ વરસ દરમિયાન મળેલી ૩૫૩ બેઠકોમાં થયેલી લાંબી છણાવટ સંપૂર્ણત: નિષ્ફળ નીવડી (૧૯૬૧). આ પ્રતિબંધ માટે તટસ્થ રાજ્યોએ અને રાષ્ટ્ર-સંસ્થાએ કરેલા અનેક ઠરાવો, સૂચનાઓ અને વિનંતીઓ નકામાં નીવડયાં. બ્રિટન, અમેરિકા તેમ જ રશિયાએ પ્રયોગો ચાલુ રાખ્યા. ૧૯૬૧ના મે માસથી આ પ્રશ્ન અંગે અમેરિકા, રશિયા વચ્ચેની સીધી વાટાઘાટોના પરિણામે ડિસેમ્બરમાં બંને મહાસત્તાઓએ સાર્વત્રિક અને સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણની

ચર્ચા માટે અઢાર રાજ્યોની પરિષદ બોલાવવાની રાષ્ટ્રસંસ્થાને વિનંતી કરતો સંયુક્ત ઠરાવ રજૂ કર્યો. ફ્રાન્સે તેમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો. બાકીનાં સત્તર રાજ્યોની નિ:શસ્ત્રીકરણ પરિષદ જિનીવામાં મળી (માર્ચ ૧૯૬૨). આ મંત્રણાઓમાં મહિનાઓ સુધી ભંગાણ પડી જતું અને પ્રગતિ એટલી મંદ હતી કે 'સમયનો બગાડ થાય છે' તેવું જાહેર કહીને ૧૯૬૩ના એપ્રિલથી અમેરિકા ને રશિયાએ સીધી વાટાઘાટો કરવા માંડી અને પાછળથી બ્રિટન તેમાં જોડાયું. આ ત્રણ મહારાજ્યોની મંત્રણાઓને પરિણામે આણુધડાકા ખુલ્લામાં કરવા પર આંશિક પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પણ ભૂગર્ભ પ્રયોગોની છૂટ રાખવામાં આવી (જુલાઈ ૧૯૬૩). ફ્રાન્સે આ પ્રતિબંધ નાકબૂલ કર્યો અને ચીને આ કરારને 'બનાવટી શાંતિ' સ્થાપવા માટેની 'જબરી છેતરપિંડી' લેખાવી. પણ આ પ્રતિબંધ કરાર પર કુલ એકસો બે રાજ્યોએ સહી કરી. આણુસામગ્રીનું ઉત્પાદન ઘટાડવા અંગે અમેરિકા-રશિયા વચ્ચે થયેલી સમજૂતી (એપ્રિલ ૧૯૬૪) બ્રિટને કબૂલ રાખી. દસ મહિનાની લાંબી રજા ભોગવ્યા બાદ નિ:શસ્ત્રીકરણ પરિષદ ફરી શરૂ થઈ (જુલાઈ ૧૯૬૫). છેવટે ચાર વરસની ચર્ચાઓ બાદ ૧૯૬૬ના ઑક્ટોબરમાં ન્યૂક્લિયર શસ્ત્રોનો ફેલાવો ખાળવા અંગે (નૉન-પ્રોલિફરેશન ઑફ ન્યૂક્લિયર વેપન્સ) રશિયા અને અમેરિકા વચ્ચે એકમતી સ્થપાઈ. ૧૯૬૮ના જાન્યુઆરીમાં આ કરારનો મુસદ્દો નિ:શસ્ત્રીકરણ પરિષદ સમક્ષ રશિયા-અમેરિકાએ રજૂ કર્યો અને પરમાણુ શસ્ત્રો ધરાવતાં ન હોય તેવાં રાજ્યો માટે સંરક્ષણ છત્રી ધરવાનું બ્રિટન-રશિયા-અમેરિકાએ વચન આપ્યું. ભારત જેવા અનેક રાષ્ટ્રોના વિરોધ છતાં આ મુસદ્દો રાષ્ટ્રસંઘની ખાસ બેઠક બોલાવીને ચર્ચવામાં આવ્યો અને પરમાણુ યુગની શરૂઆત થયા બાદ નિ:શસ્ત્રીકરણ સિદ્ધ કરવાની દિશામાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ પગલા તરીકે વર્ણવવામાં આવેલા આ કરારને બહાલી આપવામાં આવી. સલામતી સમિતિએ પરમાણુશસ્ત્રોથી વંચિત રાષ્ટ્રોના સંરક્ષણની જવાબદારી સ્વીકારી (જૂન ૧૯૬૮). વરસ પૂરું થયા અગાઉ ૮૩ રાજ્યોએ આ કરારને મંજૂર રાખ્યા.

શસ્ત્રસંન્યાસની દિશામાં આગળ કદમ ઉઠાવવા માટેની વાટાઘાટો ચાલતી રહી. ૧૯૬૯ના માર્ચમાં ફરી મળેલી સત્તર રાષ્ટ્રોની પરિષદમાં બીજાં નવ રાજ્યોનો ઉમેરો કરવામાં આવ્યો. મહાશસ્ત્રો મર્યાદિત કરવા અંગેની વાતચીતો (સ્ટ્રૅટેજિક આર્મ્સ લિમિટેશન ટૉક્સ-સાલ્ટ) અમેરિકા અને રશિયા વચ્ચે શરૂ થઈ (નવેમ્બર ૧૯૬૯) અને છેક હજી સુધી (જૂન ૧૯૭૩) ચાલી રહી છે. દૂરના અંતરીક્ષનો લશ્કરી ઉપયોગ ન કરવાના કરાર ૬૨ રાજ્યોએ કબૂલ રાખ્યા (જાન્યુઆરી ૧૯૬૭). દરિયાકાંઠાથી ૧૯·૨ કિ. મી. દૂરના મહાસાગરમાં પરમાણુ શસ્ત્રોની બિછાયત પર પ્રતિબંધ મૂકતા કરાર ઉપર ૬૩ રાજ્યોએ સહી કરી (ફેબ્રુઆરી ૧૯૭૧). જૈવિક (બાયોલૉજિકલ) શસ્ત્રોની મનાઈ ફરમાવતી સન્ધિમાં ૭૦ રાજ્યો જોડાયાં (એપ્રિલ ૧૯૭૨). પણ રાસાયણિક શસ્ત્રો અંગે નિ:શસ્ત્રીકરણ પરિષદને સંપૂર્ણ નિષ્ફળતા મળી.

એકંદરે બહુધ્રુવી બની રહેલા વિશ્વ-રાજકારણમાં દરેક રાષ્ટ્ર પોતાનું હિત જાળવવા માટે વ્યક્તિગત સમતુલા સ્થાપવાનો પ્રયાસ કરવા લાગ્યું અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું મહત્ત્વ પ્રમાણમાં વધવા લાગ્યું (૧૯૬૨–૭૨).

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સિદ્ધિઓ બહુ જ્વલંત કે જોમદાર નથી. પણ વિસ્ફોટક વિશ્વમાં રાષ્ટ્રસંસ્થા ત્રણ દાયકા સુધી ટકી રહી છે અને વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું નથી એ સિદ્ધિ કંઈ નાનીસૂની

નથી. ૧૯૬૧થી મહામંત્રીનું પદ કામચલાઉ સંભાળી રહેલા ઉ થાં એક વરસ બાદ આ પદે નિમાયા અને દસ વરસ સુધી આ હોદ્દા પર રહ્યા. તેમના કાર્યકાળની શરૂઆતમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થા ગંભીર આર્થિક સંકડામણ ભોગવી રહી હતી; કારણ કે ફ્રાન્સ, રશિયા અને બીજાં અગિયાર રાષ્ટ્રો પોતાનો ફાળો ચૂકવતાં ન હતાં. ખતપત્રની ઓગણીસમી કલમ અનુસાર જે રાજ્યો પાસેથી બે વરસના લવાજમ કરતાં વધારે રકમ લેણી નીકળતી હોય તેમના મતાધિકાર નષ્ટ થાય છે. ૧૯૬૫ના ફેબ્રુઆરીમાં આ પરિસ્થિતિ ઊભી થઈ પણ કલમ બાબત આંખ આડા કાન કરવામાં આવ્યા. સખત નાણાભીડના કારણે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની પ્રવૃત્તિમાં ઘણી ઓટ આવી ગઈ અને તેના તરફ બધાં રાષ્ટ્રો દુર્લક્ષ કરે છે તેવી ફરિયાદ ઉ થાંને કરવી પડી (મે ૧૯૬૬). છતાં વિશ્વના લોકમતનો પડઘો પાડવાનું કામ મહામંત્રીએ હમેશાં બજાવ્યું. ૧૯૭૨માં ઉ થાંના રાજીનામા બાદ કર્ટ વાઈલ્ડહૈમ મહામંત્રી બન્યા.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં સભાસદોનો સતત ઉમેરો થઈ રહ્યો છે ત્યારે બે ઊલટા દાખલા નોંધપાત્ર ગણાવા જોઈએ. ઈરિયનના પ્રશ્ન અંગે રાષ્ટ્રસંસ્થાના વલણથી નારાજ થયેલા ઇન્ડોનેશિયા-એ યુનોમાંથી રાજીનામું આપ્યું (જાન્યુઆરી ૧૯૬૫) અને ૧૯૭૦ના ઑક્ટોબરમાં દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિના ઓળખપત્રો નકારી કાઢીને તેને આડકતરી રીતે બહાર હાંકી કાઢવામાં આવ્યું.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું માળખું




ભારત
ચીન
બ્રહ્મદેશ
લાઓસ
ઉ. વિયેટનામ
તાઈવાન
હૈનાન
થાઈલેન્ડ
કંબોડિયા
દ. વિયેટનામ
દક્ષિણ ચીન સમુદ્ર
ફિલિપાઇન્સ
મલાયા
મલેશિયા
સારાવાક
બોર્નિયો
જાવા

અગ્નિ એશિયા



અગ્નિ એશિયા

(હિન્દી-ચીન જૂથ)

૫ : અગ્નિ એશિયા (ભૂમિકા)

અગ્નિ એશિયા એ શબ્દપ્રયોગમાં જ બે વ્યંજના છે: એક તો, એશિયાના અગ્નિ ખૂણે આવેલા પ્રદેશો. ખૂણામાં ધકેલાઈ ગયેલા પ્રદેશો સામાન્ય રીતે ખળભળતા રાજકારણના કેન્દ્રથી પણ દૂર રહેતા હોય છે. પરંતુ આ શબ્દોમાં રહેલો 'અગ્નિ' શબ્દ પણ સાર્થક છે. હકીકતમાં છેલ્લી સદીમાં આ પ્રદેશો ખરેખર ઊકળતા જ્વાળામુખી જેવા બની રહ્યા છે. ક્રાન્તિકારી પરિવર્તનો દ્વારા વિકસતા સમાજોની હરોળમાં આવવા માટેના આ પ્રજાઓના અજંપાને કારણે આ વિસ્તારના સંઘર્ષો સમગ્ર વિશ્વના રાજકારણને વમળે ચડાવી રહ્યા છે. ક્રાન્તિ તો આફ્રિકા અને લૅટિન અમેરિકામાં છાશવારે થાય છે. પરંતુ ક્રાન્તિ કર્યા પછી થોડાએક ઉચ્ચ વર્ગના લોકોમાં સત્તા અને લાભોની વહેંચણી કરવાથી જ અગ્નિ એશિયાનો પ્રશ્ન પતી જતો નથી. સમગ્ર સમાજ અને રાજકારણની ભાત બદલવાની તથા પ્રજાને તેમાં સહભાગી બનાવવાની એપણા આખીયે સમસ્યાને વિશિષ્ટ પહેલ પાડી આપે છે.

આ પ્રદેશની ક્રાન્તિઓને સ્વાતંત્ર્ય માટેની લડતના આધારે બે વિભાગોમાં વહેંચી શકાય: એક, સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે સશસ્ત્ર સંઘર્ષ (દા. ત. વિયેટનામ, ઈન્ડોનેશિયા). બે, પ્રમાણમાં શાંતિમય અને બંધારણીય માર્ગે સ્વાતંત્ર્યપ્રાપ્તિ. (દા. ત. ફિલિપાઇન્સ, મલયેશિયા, બ્રહ્મદેશ).

સ્વાતંત્ર્ય પછી રાજકીય વ્યવસ્થાએ ધરેલા આકારને આધારે પણ તેમનું વિભાગીકરણ થઈ શકે. જેમ કે, (અ) સ્વાતંત્ર્ય માત્ર વિદેશી શાસનધુરામાંથી મુક્તિ પૂરતું જ મર્યાદિત હોય. સ્વાધીનતા પછી પ્રણાલિકાગત રાજાશાહી ક્રમશ: બંધારણીય વ્યવસ્થા તરફ આગળ વધી રહી હોય; પરંતુ પ્રજાસત્તાકની તત્કાળ સ્થાપના ના થઈ હોય (દા. ત. થાઈલૅન્ડ, લાઓસ, કમ્બોડિયા — જ્યાં તાજેતરમાં સૈન્ય દ્વારા સત્તા હસ્તગત કરાઈ છે — મલયેશિયા). (બ) એક રાષ્ટ્રના સર્જન માટેનો સંગ્રામ સ્વાતંત્ર્ય પછી ચાલુ હોય (દા. ત. લાઓસ, વિયેટનામ). (ક) સ્વાતંત્ર્ય પછી સ્થપાયેલી વ્યવસ્થાને ઉથલાવીને સૈન્યે નેતૃત્વ ધારણ કર્યું હોય (દા. ત. ઈન્ડોનેશિયા, કમ્બોડિયા). અહીં એ લક્ષમાં રાખવું જોઈએ કે સૈન્ય દ્વારા થયેલા કૂ દે તાની પાર્શ્વભૂમિકા અલગ છે. બ્રહ્મદેશમાં સંસદીય લોકશાહીને હટાવીને, ઈન્ડોનેશિયામાં સંસદીય લોકશાહીને વિકૃત કરી સરમુખત્યાર બની રહેલા પ્રમુખ સુકર્ણો અને તેમની સાથે મળી ગયેલા સામ્યવાદીઓનાં કાવતરાંને નષ્ટ કરીને અને કમ્બોડિયામાં તાજ છોડીને સંસદીય પક્ષપ્રથાના રાજકારણમાં ઝુકાવી સત્તાધીશ બનેલા સામ્યવાદી ચીન-તરફી રાજવીને દૂર કરીને સૈન્યે સત્તા કબજે કરી છે.

અગ્નિ એશિયાની ક્રાન્તિઓના સ્વરૂપ બાબત કેટલીક મૂળભૂત સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે. દરેક રાજ્યપલટો ક્રાન્તિ નથી. આ પરિવર્તન કયા હેતુથી થાય છે તે ચાવીરૂપ મુદ્દો છે. અલબત્ત,

તે હેતુ સંપૂર્ણ સિદ્ધ થાય છે અથવા નેતાઓ પ્રજાની મૂળભૂત અપેક્ષાઓને સદા વફાદાર રહે છે તેવું પણ નથી. સાથે સાથે ક્રાન્તિ એટલે માત્ર સુધારણા જ નહીં. ક્રાન્તિમાં પરિવર્તન મૂળભૂત, સર્વગ્રાહી અને ઝડપી હોય છે. તે બે યુગો વચ્ચેની સાંધ પૂરવા માટેનો — જરૂર પડે સ્વીકૃત પ્રણાલીની ઉપરવટ જઈને કરવામાં આવેલો પ્રયાસ છે. ફ્રેન્ચ અને રૂસી ક્રાન્તિની વાત કરીએ છીએ ત્યારે આપણે તેને એક રાજકીય બનાવ તરીકે લક્ષમાં લેવા ઉપરાંત તેણે ગતિશીલ કરેલાં, વિમુક્ત કરેલાં પરિબળોને પણ લક્ષમાં લઈએ છીએ. દરેક ક્રાન્તિ ભૂતકાળની ક્રાન્તિથી ઉપરના પગથિયે જવાનો પ્રયાસ હોય છે. આ દૃષ્ટિએ ક્રાન્તિ એક સળંગ પ્રક્રિયાનું સોપાન છે. પશ્ચિમી રાષ્ટ્રોએ આ ક્રાન્તિ કકડે કકડે કરી છે. પહેલો તબક્કો હતો રિનેસાંસનો — પુનરુત્થાનનો, જ્યારે માનવી અને તેની વિચાર-શક્તિને વિમુક્ત કરાયાં; તેના પગલે આવેલી આર્થિક ક્રાન્તિએ માનવીને જીવનસમૃદ્ધિનું નવું પરિમાણ બક્ષ્યું. ફ્રેન્ચ ક્રાન્તિએ રાષ્ટ્રીયતા અને લોકશાહીનાં પરિબળોને રમતાં મૂકયાં ત્યારે રૂસી ક્રાન્તિએ સામાજિક ન્યાય અને સમાનતાના આદર્શો પ્રત્યે વિસ્ફોટક રીતે આંગળી ચીંધી. અમેરિકાએ રાજકીય સ્વાધીન-તાના સંગ્રામ પછી મળેલા અવકાશમાં એકાદ આંતરવિગ્રહ પછી આ દિશામાં નિરાંતે પગરણ માંડયાં છે. એશિયામાં આ બધા જ તબક્કા અને પરિબળો એકસાથે હલચલ મચાવી રહ્યાં છે. એશિયા સમય, સંજોગો અને પરિવર્તન ત્રણેયમાં એકસાથે આગળ ધપવા મથી રહ્યું છે. સદ્‌ભાગ્યે તેને મદદકર્તા એક દાર્શનિક ભૂમિકા સર્જાઈ છે. હમણાં સુધી માનવામાં આવતું હતું કે પરિવર્તન અને પ્રગતિની ગતિ મંદ અને કૃત્રિમ છે. માનવસમાજને તેના ઔકાશાસ્ત્રીય (ઈકૉ-લૉજિકલ) સંદર્ભમાં જ આગળ વધવાનું રહે છે. તેમાં સ્વૈચ્છિક અને સચેત પ્રયાસોને અવકાશ નથી. પરંતુ આ પેઢી સમક્ષ માનવીની અપ્રતિમ શક્તિનો ખ્યાલ એકાએક છતો થયો છે. ઈતિહાસની લગામમાંથી છૂટીને હેતુલક્ષી આયોજન અને રાજ્યસત્તાના બળ દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય જીવનનાં પરિબળોનું નિર્માણ કરી શકાય એમ છે — આ નવા આશાવાદે એશિયાના નેતા-ઓને પ્રગલ્ભ પ્રયોગો કરવા પ્રેર્યા છે; કે પછી તાત્કાલિક પરિણામોને અભાવે કે નિષ્ફળતામાંથી હતાશા, ઉદાસીનતા કે લશ્કરી ઉકેલ તરફ પણ ધકેલ્યા છે. એ સમજાયું છે કે પરિવર્તન માટે કોઈ અલ્લાદીની ચિરાગ નથી. રાષ્ટ્ર-ઘડતરની પ્રક્રિયા અતિશય કપરી અને દીર્ઘ છે. તે ત્યાગ માગી લે છે. એશિયાની ક્રાન્તિઓ આમ શિશુક આશાવાદ અને ઔદાસીન્ય વચ્ચે ભીંસાતી રહી છે. ક્રાન્તિના પ્રવાહને બંધારણીય માર્ગ દ્વારા પરિવર્તનના માર્ગે વાળવાની મોટી સમસ્યા છે. આ પરિસ્થિતિ માટે અનેક પરિબળો જવાબદાર છે.

> એક તો, ઉપર જોયું તેમ સમય અને તબક્કાઓની કટોકટી અને પ્રજાની ઝડપી પરિ-વર્તન માટેની અપેક્ષા; બીજું, તેમનો ભૌગોલિક અને સાંસ્કૃતિક વારસો; ત્રીજું, સામાજિક અને આર્થિક માળખું; ચોથું, રાજ્યના વેશ (રોલ) અંગેની સમજ, પાંચમું, વિશ્વસત્તાઓની દરમ્યાનગીરી; છઠું, લોકશાહી વ્યવસ્થાના અનુભવનો અને પ્રથાનો અભાવ તથા સૈન્યનું આગળ પડતું સ્થાન.

ભૌગોલિક પરિબળની વાત કરતાં અગાઉ એક સ્પષ્ટતા કરવી જોઈએ કે આ બધા પ્રદેશોને આપણે સાથે લઈએ છીએ પરંતુ તેમાં પારાવાર વૈવિધ્ય છે. અગ્નિ એશિયા શબ્દ નકશા ઉપરના ભૌગોલિક વિસ્તારોનો નિર્દેશ કરે છે. બાકી ભૂસ્તરરચના, ઈતિહાસ, પ્રજાઓ, તેમની જીવનપ્રણાલી,

ધર્મ વગેરે બાબતમાં ઘણા તફાવત છે. આર્થિક પછાતપણું, ચીનનો ઓથાર, સંસ્થાનવાદનો અનુભવ, ઉષ્ણ કટિબંધનું હવામાન જેવી બાબતોમાં સામ્ય છે. આમ છતાં આપણે ભૂલવું જોઈએ નહીં કે 'અગ્નિ એશિયા' શબ્દ બીજા વિશ્વયુદ્ધને અંતે ચલણમાં આવ્યો છે. નકશા સામે જોતાં જ તેના બે ભાગ તો દેખાય છે—એક તો એશિયાની મૂળભૂમિ સાથે જોડાયેલા દ્વીપકલ્પના પ્રદેશો. એમાં બ્રહ્મદેશ, થાઈલૅન્ડ, મલયેશિયા, કમ્બોડિયા, લાઓસ અને વિયેટનામ સમાઈ જાય છે. બીજો, ઇન્ડોનેશિયા અને ફિલિપાઇન્સ દ્વીપસમૂહ. આ બે દ્વીપ-રાષ્ટ્રો વિદેશી ચીનાઓની સમસ્યા સંબંધમાં કંઈક સમાન દૃષ્ટિકોણ ધરાવે છે; સામ્યવાદી પ્રેરિત ગેરીલા ચળવળને નાકામિયાબ બનાવવા બાબતમાં સમાન અનુભવ ધરાવે છે; અને તેમની વસ્તીમાં જાતિજૂથની દૃષ્ટિએ પણ સામ્ય છે. બાકી, ઇન્ડોનેશિયામાં ઇસ્લામ અને ફિલિપાઇન્સમાં ખ્રિસ્તી ધર્મ છે. સંસ્થાનવાદ સામે ઇન્ડોનેશિયાને કાતિલ સંગ્રામ ખેલવો પડ્યો છે અને આજે ત્યાં સૈનિક શાસન છે; જ્યારે ફિલિપાઇન્સને સ્વાતંત્ર્યને માર્ગે જવામાં, ત્યાર પછી પગભર થવામાં અમેરિકાની સહાય મળી છે અને ત્યાં સંસદીય લોકશાહી પ્રવર્તે છે. આ દ્વીપ-રાષ્ટ્રો સાથે મલયેશિયા અને સિંગાપોરને પણ ગાઢ સંપર્ક રહ્યો છે. આમાંથી આ બધા વિસ્તારો માટેના શિથિલ એકમની રચના માટેનો 'મેફ્લિન્ડો' જેવો ખ્યાલ પણ ઉદ્‌ભવ્યો છે. તદુપરાંત તેઓ હિંદ અને ચીન વચ્ચેના પ્રાણાલિકાગત વેપારી જળમાર્ગ ઉપર આવેલા હોવાથી વધુ જીવંત જણાય છે. હિંદ અને ચીનની સંસ્કૃતિની અસર તેમણે (ફિલિપાઇન્સ સિવાય) ઠીક ઠીક પ્રમાણમાં ઝીલી છે અને તેઓ વિશ્વપ્રવાહથી સાવ અલગ નથી પડી ગયાં.

આ રાષ્ટ્રો એકબીજાની નજીક હોવા છતાં ડુંગરો, સાંકડી ખાડીઓ અને ધૂધવતા હિંદી મહાસાગરને કારણે એકંદરે આગવું વ્યક્તિત્વ જાળવી શક્યાં છે. વિશાળ સામ્રાજ્યો સ્થાપવાના ત્રણેક પ્રયાસો થયા છે, પરંતુ તે કાયમી નીવડ્યા નથી. પરિણામે આ આખાયે પ્રદેશમાં જુદી જુદી પ્રજાઓ પોતાની રીતે જીવતી રહી છે. દ્વીપકલ્પના પ્રદેશોમાં બૌદ્ધ ધર્મ અને હિંદી પદ્ધતિની ખૂબ અસર પડી છે. તેમ છતાં લાઓસ અને વિયેટનામ ચીનની અસર નીચે રહ્યાં છે અને તેમાં વસેલી જાતિઓ ચીનમાંથી સ્થળાંતર કરીને આવેલી છે. પરિણામે વિવિધ જાતિઓ, તેમની વચ્ચેના હિતસંઘર્ષ અને લઘુમતી જૂથો આ વિસ્તારમાં એક મહત્ત્વના પ્રશ્નરૂપ રહ્યાં છે.

બૌદ્ધ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ દ્વારા પ્રબોધાયેલા સમાનતાના આદર્શને કારણે આ પ્રદેશમાં સામાજિક ભેદભાવની સમસ્યા નથી. અલબત્ત, સ્ત્રીઓ વિશેની સામંતયુગી અવજ્ઞા દેખાય છે.

હિંદમાંથી આવેલા ચક્રવર્તી રાજાશાહીના ખ્યાલો અને ચીનમાંથી મળેલી મેન્ડેરિન પ્રથાએ વાસ્તવમાં સામંતવર્ગનું સર્જન અને પોષણ કર્યું છે. (મેન્ડેરિન પ્રથામાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી વ્યક્તિઓને હોદ્દા અપાતા. પરંતુ પરીક્ષામાં બેસવા માટેની આવડત, અવકાશ અને ધન મોટે ભાગે ઉચ્ચવર્ગનાં ફરજંદોને જ સુલભ હતાં. પરીક્ષકો પણ તે જ વર્ગમાંથી આવતા.)

અન્ય વિસ્તારોમાં વિશાળ નદીઓ—બ્રહ્મદેશમાં ઇરાવદી, છેક ઉત્તર ચીનમાંથી નીકળી લાઓસ ને કમ્બોડિયામાં થઈ વિયેટનામમાં જતી મેકોંગ, કમ્બોડિયાની કાઓ ફ્યા તથા વિયેટનામની રેડ નદી—વ્યવહાર માટે ઉપકારક છે, પરંતુ તેમાં સળંગ વ્યવહાર શક્ય નથી. પરિણામે વ્યવહારમાર્ગો મહદ અંશે પ્રાથમિક હોવાથી રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચેના સંબંધો તેમ જ રાષ્ટ્રની અંદરના વિવિધ એકમો વચ્ચેના સંબંધો ખૂબ પ્રાથમિક રહ્યા છે અને એકતા માટે બાધક નીવડ્યા છે.

ઉષ્ણ કટિબંધનાં જંગલોની એક ખાસિયત છે કે જંગલ સાફ થતાં જમીન ભારે વર્ષાથી ધોવાઈ કસહીન થઈ જાય છે. પરિણામે નદીના કાંપ અને સિંચાઈવાળા વિસ્તારોમાં સમૃદ્ધિ અને વસ્તી કેન્દ્રિત થાય છે. આથી વૈભવશાળી રાજ્યો નદીના ખીણપ્રદેશમાં જ વિસ્તર્યાં છે. ઉપરાંત ગરમ ભેજવાળી હવાથી રોગો, જીવાત, નબળાં અને ઓછું વળતર આપતાં ઢોર તેમની દરિદ્રતામાં વધારો કરે છે. આ કુદરતી પરિવેશને બદલવા જેટલો ઉચ્ચ આર્થિક સ્તર તેઓએ હજી વિકસાવવાનો છે. પ્રવર્તમાન ક્રાન્તિઓ આ વિષચક્રમાંથી બહાર નીકળવાની અપેક્ષાનું પ્રતિબિંબ પાડે છે.

વિશેષમાં ડાંગર, રબર, કૉફી, ખનીજો વગેરે આ પ્રદેશની અગત્યની નિકાસો મુખ્યત્વે કાચા માલની નિકાસો છે. વિશ્વના બજારમાં તેના ભાવની વધઘટ ઉપર તેમની સમૃદ્ધિ નિર્ભર છે. પરિણામે આયાતની આવકમાં ઘટાડો અને તૈયાર માલની મોંઘી ચુકવણી તેમના આર્થિક પાસાને હમેશાં ઉધાર બાજુએ રાખે છે. આયાત-નિકાસના આંકડા, ઔદ્યોગિક સંકુલો અને તેના ફળસ્વરૂપ નગરોની ગેરહાજરી, ઉદ્યોગીકરણની પ્રવૃત્તિમાં રોકાયેલી વ્યક્તિઓની ઓછી સંખ્યા વગેરે તેમના આર્થિક પછાતપણા અને આધુનીકરણની મંદ પ્રક્રિયાનાં સૂચક છે. આમાંથી જ રાજકીય ચળવળની એક વિશિષ્ટ બાજુ ઊપસે છે. ઉદ્યોગીકરણના અભાવે સંગઠિત મજૂર જૂથોની ગેર-હાજરી હોવાથી સામ્યવાદીઓને કૃષક ગેરીલા ચળવળો ઉપર આધાર રાખવો પડે છે. જોકે તેને મલાયામાં યોજાયેલ પુન:વસવાટના કે પછી જમીનની પુન:વહેંચણીના ફિલિપાઈન્સમાં અપનાવાયેલ કીમિયા દ્વારા નષ્ટ કરી શકાય છે. બાકી અન્ય સ્થળોએ દરિદ્ર ખેડૂતો સામ્યવાદના ટેકેદારો રહ્યા છે. ખેતી ઉપર નિર્ભર પ્રજાનો, એશિયાનો સૌથી ઊંચો આંક દક્ષિણ વિયેટનામ (૮૨ ટકા) અને થાઈલૅન્ડ-(૮૬ ટકા)માં છે. ખેતીની ઓછી આવક છતાં આ રાષ્ટ્રોની માથાદીઠ આવકનું પ્રમાણ હિંદ કરતાં ઊંચું છે (મલાયામાં પાંચગણું, થાઈલૅન્ડ ને ફિલિપાઈન્સમાં ત્રણગણું). અહીં હિંદના જેટલી આર્થિક અસમાનતા નથી અને સામાજિક સમાનતાની જૂની પ્રણાલી છે. પરંતુ ખેતી બહારની આવક અમુક વર્ગો પૂરતી મર્યાદિત રહે છે, તેથી અસમાનતા છે. આ દેશોને સારા પ્રમાણમાં વિદેશી સહાય મળે છે. તેને જો કલ્યાણ પ્રવૃત્તિમાં વાપરવામાં આવે તો આ ખાઈ ઘટે. પરંતુ એક હકીકત છે કે જમીન ઉપર ભારે દબાણ છે. આ પ્રદેશમાં ભૂમિ અને માણસ વચ્ચેનું પ્રમાણ (રેશિયો) વધુ છે અને ખેતી-ઉત્પાદનની પદ્ધતિ પણ નફાકારક નથી. વધુમાં વસ્તી વધતી જતી હોવાથી ઔદ્યોગિક વિકાસ સાથે ખૂલતી રોજગારીની તકો આ દબાણને હળવું કરવામાં મદદકર્તા નીવડતી નથી. આથી હજી થોડાં વર્ષો સુધી આ વસ્તીને કૃષિક્ષેત્રે જ સમાવવાની રહે છે જે દરિદ્રતામાં વધારો કરે છે. પરિણામે, ઉદ્યોગીકરણ, વસ્તીનિયંત્રણ, ખેતપેદાશમાં સુધારો એ ત્રણેય મોરચે આ રાષ્ટ્રોને લડવાનું છે. ખેતી ઉપરની નિર્ભરતા અને એથીયે વિશેષ તો ઝડપી ઉદ્યોગીકરણની અક્ષમતા આધુનીકરણ માટે રુકાવટ ઊભી કરે છે. આ વસ્તુ રાજકીય સ્થિરતા માટે ચિંતાજનક છે. સંસદીય લોકશાહી અને કલ્યાણ રાજ્યના આદર્શવાળો અને આર્થિક સમાનતા ધરાવતો વિકાસશીલ સમાજ શાંતિ અને સ્થિરતાની પૂર્વ-જરૂરિયાત છે. આ સંજોગોમાં રાજ્ય દ્વારા આયોજન, હેતુપૂર્વકનો આર્થિક વિકાસ અને સમાન વહેંચણી માટેની માગ તીવ્ર બને છે.

રાજ્યના કાર્ય બાબતની આ માગ રાજ્યના વેશ અંગેની પ્રજાની અપેક્ષા સાથે સંકળાયેલી છે. રાજ્ય માબાપ અર્થાત્ પોષક અને રક્ષક છે તેવા રૂઢિગત ખ્યાલો સાથે વર્તમાન કલ્યાણ-

રાજ્યનો ખ્યાલ કંઈક અંશે મેળમાં છે. પરંતુ આથી રાજ્યને અતિશય મહત્ત્વ મળે છે અને તેની દરમિયાનગીરી તથા વ્યાપ વધે છે. આમાં રાજ્ય સમગ્રતાવાદી — સર્વસત્તાવાદી બનવાનો તથા એક-હથ્થુ સત્તા ઝંખતા નેતાઓને મોકળું મેદાન મળી જવાનો ભય રહેલો છે. સામાન્ય રીતે થાઈલૅન્ડ સિવાયના દરેક રાષ્ટ્રને સ્વાધીનતા માટે લડત આપવી પડી હોવાથી રાજકારણ અને રાજપુરુષો પ્રજાજીવનમાં મોખરાના સ્થાને છે. કેળવાયેલી વ્યક્તિઓની અલ્પસંખ્યા અને તેમાંના મોટા ભાગની રાજકીય ચળવળમાં સામેલગીરી હોવાથી પણ આમ બન્યું છે. બીજી બાજુ રાજકારણીઓ સત્તા મળતાં સગાંસંબંધી સાથે તેના લાભ વહેંચી ખાવામાં માને છે (જૂની રૂઢિ એવી છે કે સમૃદ્ધ વ્યક્તિ પોતાની કોમની વ્યક્તિઓને પણ તેમાંથી લાભ આપે). આમાંથી રાજકીય બડેખાંઓ(બૉસિઝ)નો એક વર્ગ સર્જાયો છે. તેઓ ચૂંટણીમાં મતદાન ઉપર કાબૂ ધરાવતા હોય છે અને સત્તાધારી જૂથ તરફથી લાભો મળવાની શક્યતા હોવાથી સતત શાસક પક્ષની પડખે ઊભા રહેવાનું પસંદ કરે છે. પરિણામે વૈચારિક કરતાં હિતલક્ષી વફાદારીઓ તથા વિરોધ પક્ષનું ગૌણ સ્થાન આ દેશોના રાજકારણનું એક નોંધપાત્ર લક્ષણ બની રહે છે. ઉપરાંત રાજપુરુષ દોરદમામ રાખે તેવી સામંતશાહી પ્રણાલી સામે પ્રમાણિકતા બરાબર સાદાઈનું સમીકરણ પણ લોકોને આકર્ષે છે. અનુક્રમે સુકર્ણો અને હો ચી મિન્હ આ બે વિરોધી લાગણીઓનાં પ્રતીક છે.

સ્વાતંત્ર્યની લડત દરમિયાન આ પ્રજાઓમાં એવો ભ્રમ પણ જન્મ્યો હતો કે સ્વાધીનતા સમૃદ્ધિ માટેના ઈલમની લાકડી છે. તેમ ન થતાં નેતાઓ પ્રત્યે અવિશ્વાસ કે કોઈ એકાદ વર્ગ કે જૂથને કારણે આ સિદ્ધિ મળી શકી નથી તેવી માન્યતા પણ દેખા દે છે. સ્વાધીનતાની લડતે તેમનામાં જાગૃતિ આણી છે, પરંતુ હજી શક્યાશક્યની સમજ ઘડાઈ નથી. આ જાગૃતિ મોટાં સરઘસો અને દેખાવોમાં વ્યક્ત થાય છે પરંતુ સ્થાયી નથી હોતી. કોઈએક હેતુ કે પગલા માટે સરકારને દેખાવો દ્વારા ફરજ પાડી શકાય છે તેવી માન્યતા તેની પાછળ કામ કરે છે. બંધારણ, ચૂંટણી, પ્રચાર-લેખો કે સમજાવટ નહીં પરંતુ દેખાવો જ માગણીઓ પ્રાપ્ત કરવાનું સાધન છે, તે માન્યતા એ હકીકતની સાક્ષીરૂપ છે કે પ્રવર્તમાન શાસનપ્રણાલી હજુ લોકોમાં સ્વીકૃતિ પામી નથી અને પ્રજા તેની સાથે તદ્રૂપ થઈ શકી નથી.

બીજા વિશ્વયુદ્ધ પછીના મહાસત્તાઓના રાજકારણે પણ સ્થાનિક પરિસ્થિતિને ગૂંચવવામાં મોટો ફાળો આપ્યો છે. સામ્યવાદી ચીનના ઉદય પછી આ ગૂંચ વધુ જટિલ બની છે. કોરિયા અને વિયેટનામમાં સામ્યવાદી આગેકૂચ જોઈ રશિયાની વગ રોકવા અમેરિકાએ આ વિસ્તારમાં મોટા પાયા ઉપર દરમિયાનગીરી શરૂ કરી. ચીનની સામ્યવાદ માટેની ઝુંબેશને કારણે ચોંકેલાં અગ્નિ એશિયાઈ રાષ્ટ્રો સરળતાથી અમેરિકી સહાયને આવકારવા લાગ્યાં અને અમેરિકાએ તેમના રક્ષક અને પોષક તરીકેની જવાબદારી ઉપાડી. આ રાષ્ટ્રોની સ્થિરતા અને વિકાસ માટેનો અમેરિકી રસ સરળતાથી સ્થાનિક બાબતોમાં દરમિયાનગીરી સુધી પહોંચી ગયો. વધુમાં ચીન અને રૂસ વચ્ચે વિખ-વાદ ઊભો થતાં બેને બદલે ત્રણ મહાસત્તાઓની સ્પર્ધા શરૂ થઈ. એક બાજુએ સામ્યવાદની બે પાંખો અને તેની પાછળ ઊભેલાં રૂસ અને ચીન — જેમણે સામ્યવાદી ચળવળમાં ગૂંચ ઊભી કરવામાં અને ભાગલા પાડવામાં પણ ભાગ ભજવ્યો; તો બીજી બાજુએ લોકશાહી અને સ્થિરતાને નામે પ્રત્યાઘાતી અને રૂઢિચુસ્ત સરકારોને ટકાવી રાખતું અમેરિકા એ બંને આ રાષ્ટ્રોની સ્વાભાવિક પ્રગતિમાં આજે તો અવરોધ બનીને ઊભાં છે.

આ ઝઘડામાં સહજ રીતે સૈન્ય સંડોવાય જ. વધુમાં, સશસ્ત્ર સ્વાતંત્ર્યસંગ્રામ કે એકતા માટેના સંઘર્ષને કારણે પણ સૈન્યને મહત્ત્વ મળેલું હતું; વળી જેનો આ વિસ્તારના દરેક રાષ્ટ્રે સ્વાદ ચાખ્યો હતો તે જપાની આક્રમણને કારણે સૈન્યને રાષ્ટ્રીય લડત અને રાજકારણમાં પ્રવેશવાની તક મળી હતી. સ્વાધીનતા પછી રાજપુરુષો અને પક્ષોની સત્તા માટેની ખેંચ અને સિદ્ધિનું ઠેલાતું જતું સ્વપ્ન પ્રજાને લશ્કરની શિસ્ત અને કાર્યક્ષમતા તરફ ઢળવામાં સહાયભૂત બન્યાં. પરિણામે છેલ્લા દસકામાં ઠેરઠેર લશ્કરી નેતાગીરીનું પ્રભુત્વ વધ્યું છે. બ્રહ્મદેશમાં ને વીન, ઇન્ડોનેશિયામાં સુહાર્તો, કમ્બોડિયામાં લોન નોલ, દક્ષિણ વિયેટનામમાં થિયુ વગેરેનાં શાસન એના ઉદાહરણરૂપ છે. લાઓસ અને થાઈલૅન્ડમાં પણ નીતિના ઘડતરમાં સૈન્ય નિર્ણાયક ભાગ ભજવે છે. આ દૃષ્ટિએ જોતાં અગ્નિ એશિયા સર્વસાધારણ ક્ષેત્રે લશ્કરની કામગીરીથી અને રાજકારણમાં લશ્કરના પ્રભુત્વથી ટેવાતું જાય છે. ઉચ્ચ કેળવણી પામેલા નિષ્ણાત લશ્કરી અધિકારીઓ, જેઓ રાજકારણથી પણ રંગાયા હતા, તેમને સ્વાભાવિક રીતે જ પોતાના આદર્શો મુજબ સમાજને આકાર આપવાની હોંશ રહી છે. પ્રજામાં લોકશાહી પ્રણાલીનો અભાવ કે લોકશાહી વ્યવસ્થાનો અપૂરતો અનુભવ અને તેની જટિલતા તથા રુશવતખોરીથી સર્જાયેલો અણગમો પણ આમાં કારણભૂત છે.

૬ : બ્રહ્મદેશ

પૂર્વભૂમિકા

પૂર્વ એશિયાની મધ્યમાં આવેલો બ્રહ્મદેશ, તેને સાંકળતા ભૂમિપ્રદેશોની સરહદો ડુંગરાળ હોવાથી પોતાના વિખ્યાત સાખ-પાડોશીઓ ચીન અને હિંદની પ્રત્યક્ષ રાજકીય દરમિયાનગીરીથી મહદ અંશે મુક્ત રહ્યો છે. આજે તેની વાયવ્ય સરહદે હિંદ અને બાંગ્લા દેશ, ઉત્તર અને ઈશાનમાં ચીન, પૂર્વમાં લાઓસ અને અગ્નિ તથા દક્ષિણમાં થાઈલૅન્ડના પ્રદેશો છે. પશ્ચિમનો વિશાળ દરિયાકાંઠો અરબી સમુદ્ર દ્વારા તેને હિંદ સાથે સાંકળે છે.

છિન્દવીન-ઈરાવદી અને સાલવીન તેની મુખ્ય નદીઓ છે. પરંતુ સંસ્કૃતિ અને ઈતિહાસની દૃષ્ટિએ ઈરાવદીનો ખીણપ્રદેશ જ મહત્ત્વનો છે. વિશાળ દરિયાકાંઠો હોવા છતાં તેનાં પુરાતન નગરો અને વેપાર આ નદીકાંઠે જ વિકસ્યાં હતાં. રંગૂન અને મોલમીન જેવાં બંદરો તો છેલ્લી સદીની બીના છે. આ હકીકત બ્રહ્મદેશની આંતરમુખતા દર્શાવે છે. પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ અને આર્થિક તથા રાજકીય પ્રવૃત્તિનું કેન્દ્ર પણ આ નદી દ્વારા સર્જાતી ઉત્તર-દક્ષિણ ધરીમાં જ આવેલું છે. ડુંગરાળ તથા ખીણપ્રદેશના ભૂસ્તરીય વિભાજને બ્રહ્મદેશમાં બે અલગ સાંસ્કૃતિક ઢબને આકાર આપ્યો છે. ડુંગરપ્રદેશની કાચીન, ચીન અને કારેન જાતિઓ ડુંગરોના ઢોળાવ ઉપર નાના તથા સ્વાવલંબી વસવાટોને કારણે પ્રમાણમાં સ્વાયત્ત અને સરળ રાજ્યવ્યવસ્થા, પ્રાથમિક પ્રકારનો ધર્મ અને શિકાર તથા ફરતી ખેતીપદ્ધતિ ધરાવે છે, જ્યારે મધ્યના ખીણ — સપાટ — પ્રદેશમાં સામ્રાજ્ય-ની સંકુલ રચના, કલાકારીગરી, ભાષા તથા ધર્મનો વિકાસ જોવા મળે છે અને અન્ય સંસ્કૃતિઓ સાથેનો સંપર્ક અને અસરો પણ આ પ્રદેશમાં જ ઝિલાયાં છે. આ પ્રદેશમાં વસતી બર્મન, મોન, શાન, આરાકાની તથા નદીના મુખપ્રદેશ(ડેલ્ટા)માં વસતી કારેન જાતિઓ ડાંગરની ખેતીને કારણે આર્થિક રીતે પણ સમૃદ્ધ છે, તેમ જ ઉદ્યોગો પણ આ પ્રદેશમાં વિકસ્યા છે. આ બે પ્રથાઓ વચ્ચેની ભિન્નતા બ્રહ્મદેશના રાજકારણમાં અવારનવાર સંઘર્ષની રેખા દોરી જાય છે.

ઈરાવદી ખીણપ્રદેશની બર્મન, દક્ષિણની મોન (તાલાંઇંગ), ઉત્તર, મધ્ય અને પૂર્વ વિસ્તારો-માં પથરાયેલી શાન અને પશ્ચિમની આરાકાની જાતિ વચ્ચેના પ્રભુત્વના સંઘર્ષે બ્રહ્મદેશનો ઈતિહાસ ઘડ્યો છે. ત્યાં વસનારા કયારેક પડોશના ચીન કે થાઈલૅન્ડ સાથે પણ સંઘર્ષમાં આવ્યા છે. આ સંઘર્ષ દરમિયાન ત્રણ વાર બ્રહ્મદેશને એક છત્ર નીચે આણવામાં આવ્યું હતું.

પ્રથમ વાર અગિયારમી સદીમાં બ્રહ્મદેશના સુવર્ણ યુગ ગણાતા પેગન વંશ નીચે. બસો વર્ષના તેના અમલ દરમિયાન હિંદી સંસ્કૃતિની અસર અહીં ઝિલાઈ હતી. અનેકવિધ ક્ષેત્રોમાં પ્રગતિના

સાક્ષીરૂપ ભવ્ય નગરોના અવશેષો આજે પણ ત્યાં જોવા મળે છે. ૧૨૮૭માં કુબ્લાઈખાનનાં સૈન્યોએ તેનો અંત આણ્યો.

ત્યાર પછી સોળમી સદીમાં આધુનિક બ્રહ્મદેશની સરહદોને આવરી લેતું બર્મન જાતિનું સામ્રાજ્ય વિકસ્યું. શાન જાતિને પરાજિત કર્યા પછી થાઈલૅન્ડ સાથેના અનિર્ણાયક સંગ્રામમાં આ સામ્રાજ્ય નિર્બળ પડ્યું અને લુપ્ત થઈ ગયું.

અઢારમી સદીમાં બર્મન રાજાઓની ઉત્તર પ્રદેશની એક શાખાના રાજાએ આરાકાનીઓને પરાજિત કરી સુદૃઢ શાસન સ્થાપ્યું. આસામ, મણિપુર અને થાઈલૅન્ડ સાથેની લડાઈઓ, ચીનનાં સૈન્યોનો ચાર ચાર વખત સામનો કરી તેમની સામે વિજય મેળવ્યા બાદ, છેવટે હિંદમાંના બ્રિટિશ સામ્રાજ્ય સાથેની અથડામણ તેના પતનનું નિમિત્ત બની. આધુનિક શસ્ત્રાસ્ત્રથી સજ્જ બ્રિટિશ સૈન્યો અને તેમણે અજમાવેલી કુટિલ રાજનીતિનો તે શિકાર બન્યું. ૧૮૨૬, ૧૮૫૨ અને ૧૮૮૫-ના સંગ્રામોને અંતે બ્રહ્મદેશ બ્રિટિશ આધિપત્ય નીચે ચાલ્યું ગયું. તેમાંય છેલ્લા બર્મીઝ યુદ્ધમાં એક બ્રિટિશ વેપારી પેઢી અને બ્રહ્મદેશના રાજા વચ્ચેના સંબંધોનું સાવ અર્થહીન બહાનું આગળ કરી બ્રિટિશરોએ બ્રહ્મદેશ ઉપર યુદ્ધો ઠોકી બેસાડીને અને તેની નિર્બળતાનો લાભ લઈને આચરેલ રાજનૈતિક 'બ્લૅક મેઈલિંગ' જાહેર છે. પરિણામે બ્રહ્મદેશના રાજાને હિંદમાં કારાવાસ મળ્યો અને ૧લી જાન્યુઆરી, ૧૮૮૬ના રોજ બ્રહ્મદેશ બ્રિટિશ સામ્રાજ્યના ભાગરૂપ બની ગયું.

ત્યાંના રાજકારણમાં, આ તબક્કે એક હકીકતનો નિર્દેશ કરવો જોઈએ કે, રાજાના ચક્રવર્તી-પદનો ખ્યાલ, ટોળીવડા તથા કુલના વડા જેવો ખ્યાલ અને બૌદ્ધ ધર્મપ્રેરિત સુધારક અને કરુણા-મય રાજાનો ખ્યાલ એમ ત્રણ વિચારો એકબીજા સાથે સંઘર્ષમાં આવતા રહ્યા છે. વધુમાં રાજા પ્રત્યેની વફાદારી બાબતમાં પણ બે પરિબળો નિર્ણાયક રહ્યાં છે : (૧) રાજા પોતાની ટોળી કે સંપ્ર-દાયનો છે કે નહીં? રાજા સાથે લોહી-સંબંધ ધરાવતા બર્મન, તેમ જ એકસરખો ધર્મ પાળતા તાઈ મોન રાજાને કાયમ વફાદાર રહ્યા. (૨) રાજા શક્તિશાળી છે કે નહીં? દા. ત. ઇંગ્લંડ અને બ્રહ્મદેશ વચ્ચેના પ્રથમ યુદ્ધમાં શાન અને કાચીન દળો બ્રહ્મદેશને પડખે રહીને લડ્યાં. બીજા યુદ્ધમાં શાન અને કાચીન તટસ્થ રહ્યાં, જ્યારે આરાકાની, મોન અને કારેન બ્રિટિશ પક્ષે ગયાં અને છેલ્લા (ઈ. સ. ૧૮૮૫) યુદ્ધમાં શાન અને કાચીને રાજા થીબો વિરુદ્ધ ખુલ્લો બળવો કર્યો હતો.

યુદ્ધોની હારમાળા અને રાજ્યપલટા છતાં બ્રહ્મદેશમાં અસ્થિરતા અને અરાજકતા ન હતી. સામંતો, રાજાઓ અને વારસદારો વચ્ચેના સંગ્રામો રાજમહેલ પૂરતા મર્યાદિત હતા. સ્થાનિક વહીવટે સ્થિરતામાં ફાળો આપ્યો છે. લોકોની સામંતો પ્રત્યેની વફાદારીમાં પણ સાતત્ય રહ્યું છે. સામંતો કર લેતા અને ન્યાય ચૂકવતા. વ્યવસ્થિત અદાલતો કે ન્યાયતંત્ર ન હતું. પરંતુ ચુકાદામાં ભગવાન બુદ્ધના ઉપદેશ, મનુસ્મૃતિના અનુવાદની સહાય લેવાતી. પરંતુ મહદ અંશે સ્થાનિક રિવાજો ઉપર આધાર રાખવામાં આવતો. ખેતીની જમીન શાહી માલિકીની ગણાતી, પરંતુ કોઈ સ્વ-પરિશ્રમથી પડતર જમીનને ખેતી યોગ્ય બનાવે તો તે તેની ગણાતી. પરંતુ ખેત-ઉત્પન્ન નજીવું હતું. કર ભર્યા પછી બહુ ઓછી બચત રહેતી. મોટા ભાગની પ્રજા કેવળ નિર્વાહક-અર્થકારણ (સબસિસ્ટન્સ ઇકૉનૉમી) નીચે જીવતી હતી. આમાં ખપ પૂરતું મળે. પરિણામે વિનિમય કે વ્યવહાર નહીં, બચત નહીં, વેપાર નહીં. આ પ્રથાની પ્રાથમિક સરળતાને કારણે સંકુલ કાયદા

કે ન્યાય અને વહીવટી વ્યવસ્થાની પણ આવશ્યકતા પડતી નથી. માર્ગવ્યવહાર કે સંકુલ રાજકીય વ્યવસ્થા નથી હોતી. સામ્રાજ્યો માત્ર બળનાં પ્રતીક હોય છે; વ્યવસ્થા, સંસ્કૃતિ, રાજકીય ઐક્ય, રાષ્ટ્રીયતા કે આર્થિક કેન્દ્રીકરણનાં નહીં.

સ્થિરતા જાળવવામાં બૌદ્ધ ધર્મનો પણ નોંધપાત્ર ફાળો છે. સમગ્ર રાષ્ટ્રમાં, સત્તાધીશ બર્મન જાતિ અને તેના આધિપત્ય નીચેની પ્રજાનો એક જ ધર્મ સ્થિરતાપોષક હતાં. બૌદ્ધ સંઘ દ્વારા જ્ઞાનની જ્યોત શિક્ષણ દ્વારા સતત જલતી રહી. આથી સામાન્ય ખેડૂતને પણ અક્ષરજ્ઞાન હતું. દરેક પુરુષને જીવનનાં અમુક વર્ષ સંઘના સભ્ય તરીકે વિતાવવાં પડતાં હોવાથી પ્રજા અને સંઘ વચ્ચે જીવંત સંબંધ રહ્યો અને સમાજમાં એકસૂત્રતા જળવાઈ રહી. બૌદ્ધ ધર્મ પણ વર્તમાનને બદલે ભવિષ્ય ઉપર ભાર મૂકતો હોવાથી લોકો રાજકીય પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન હતા. ધાર્મિક સાદાઈ, અને સ્વાવલંબન દ્વારા આત્મકેન્દ્રી વૃત્તિ વિકસી જેથી એકંદરે સામાજિક સ્થિરતાને લાભ થયો. બૌદ્ધ સંઘની નૈતિક તંદુરસ્તી માટે રાજ્ય દ્વારા નિયુક્ત પંચ, ભિખ્ખુઓનું ચુસ્ત અપરિગ્રહ વ્રત અને બ્રહ્મચર્ય તેમના શીલ માટે સન્માન પ્રેરતું. પરિણામે સંઘ અને ધર્મમાં લોકોની શ્રદ્ધા કાયમ રહી. ધાર્મિક એકતા જળવાઈ રહી. ધર્મનો રાજકારણમાં હસ્તક્ષેપ ન હતો તેથી તે યુરોપના ખ્રિસ્તી ધર્મસંઘ માફક વિસંવાદનું પરિબળ ન બન્યો. બૌદ્ધ ધર્મની વાસ્તવિકતાને અવગણી, પવિત્ર જીવન દ્વારા આગામી જન્મમાં શ્રેષ્ઠ જીવન મેળવવાની હૈયાધારણથી પોષાયેલી પલાયનવૃત્તિએ પણ બ્રહ્મદેશના પ્રજાજીવનમાં ગણનાપાત્ર ફાળો આપ્યો. આમાંથી જ બ્રહ્મદેશની રૂઢિચુસ્ત જડતા, પરિવર્તન અને વિદેશો પ્રત્યેની ઉદાસીનતાથી ઉદ્‌ભવેલું અગતિશીલ સમાજજીવન, સામંતશાહી યુગનું રાજકારણ અને પ્રાથમિક કક્ષાનું આર્થિક માળખું બ્રહ્મદેશના ઝડપી પતનનું કારણ બન્યાં.

આ સ્થિતિમાં માત્ર નેવું વર્ષના ગાળામાં બ્રહ્મદેશને બ્રિટિશ શાસન, જપાની આક્રમણ, પ્રજાસત્તાકની રચના, કારેન બળવાખોરો સાથેનો સંઘર્ષ, લશ્કરી શાસન, સંસદીય લોકશાહી અને ફરી લશ્કરી શાસનની ઝડપી ઘટમાળમાંથી પસાર થવું પડયું છે (હકીકતમાં ૧૮૭૮માં થીબો હત્યાકાંડમાંથી બચેલા ખ્યીનમાન વંશના એક યુવરાજે બ્રિટિશરો, જપાનીઓ, પ્રજાસત્તાક સરકાર અને કારેન બળવાખોરોને માંડલેનો કબજો લેતાં નજરે નિહાળ્યા હતા).

શરૂમાં બ્રહ્મદેશને હિંદ સાથે જોડી દેવામાં આવ્યો હતો, પરંતુ બંને વચ્ચે ઇતિહાસ, સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસના તબક્કા અંગે ભેદ હોવાથી બ્રહ્મદેશમાં સામાજિક અવ્યવસ્થા સર્જાઈ; વહીવટી તંત્રમાં થોડીક કૃત્રિમતા તથા સાતત્યનો અભાવ ઉદ્‌ભવ્યો. વળી નવી વ્યવસ્થામાં કેટલાક સરહદી વિસ્તારોને અલગ પાડી દેવામાં આવ્યા હતા. આથી તેઓ રાષ્ટ્રીય પ્રવાહથી અલગ પડયા અને શાન, કારેન તથા કાચીન જૂથોમાં અલગતાનાં બીજ રોપાયાં. જ્યારે બાકીના વિસ્તારોમાં એકતા અને રાષ્ટ્રીયતાને ઘડનારાં પરિબળોને ઉત્તેજન મળ્યું. બ્રિટિશ શાસને, વિશેષમાં, રાજાશાહીની નાબૂદી, સામંતશાહીને સ્થાને નિયુક્ત અમલદાર-તંત્ર, વેપારી ધોરણે ખેત-ઉત્પાદન દ્વારા મુખપ્રદેશમાં ડાંગરનું બહોળું ઉત્પાદન, તેની સાથે જ ઉત્તરમાંથી મજૂરો તથા હિંદમાંથી વેપારીઓનું આગમન અને વેપારી પ્રથાને અનુરૂપ, સામંતો પ્રત્યેની વફાદારીથી મુક્ત વર્ગ, જમીનની માલિકી અને વેચાણ ભાડું, નાણાતંત્ર, વ્યાજ, ધિરાણ જેવાં વેપારી સંસ્કૃતિનાં પરિબળો દાખલ થયાં.

રાજાશાહીની નાબૂદી સાથે બૌદ્ધ સંઘ ઉપર નિયંત્રણ રાખતી સમિતિ અદૃશ્ય થઈ ગઈ જેથી સંઘમાં કેટલાંક દૂષણો પ્રવેશ્યાં. ખ્રિસ્તી ધર્મ અને મિશનરીઓના આગમન સાથે ધાર્મિક ભેદ ઊભો થયો. નવી શિક્ષણપદ્ધતિ આવતાં બૌદ્ધ સંઘ દ્વારા અપાતા શિક્ષણની માગ ઘટી અને પ્રજા ઉપરનું તેનું વર્ચસ્વ નબળું પડ્યું. બીજી બાજુ નવા અમલદારો અને તેમના શાસનથી લોકો ટેવાયેલા નહોતા, સામંતો પ્રત્યેની વફાદારી ચાલુ હતી. આથી નવી વ્યવસ્થા હજી પ્રજામાં સ્વીકૃતિ પામી નહોતી. વ્યક્તિને બદલે સ્થાન અને કાયદા પ્રત્યેની આજ્ઞાધારકતા હજી તેમણે શીખવાની હતી. વધુમાં હિંદી વેપારીઓનું આગમન અને તેમની વેપારની આવડતને કારણે આર્થિક જીવન ઉપર તેમની પકડ વધી હતી. આથી બર્મી પ્રજામાં પરાયાપણાની અને અસંતોષની લાગણી જન્મી. સામાજિક વિચ્છિન્નતા, અન્ય જાતિઓ પ્રત્યેની ઈર્ષા અને આશંકાથી ઉદ્‌ભવેલી તંગદિલી છેલ્લા સૈકામાં ઘણી વાર વિસ્ફોટક બની છે.

બ્રિટિશરોએ વહીવટી હેતુથી બ્રહ્મદેશને હિંદ સાથે જોડી દીધું હતું. છતાં રાજકીય સુધારા કે વિકાસમાં તેને હિંદ સાથે સાંકળી લેવામાં આવ્યું નહીં. વહીવટમાં ઉપરની કક્ષાએ નામના સુધારા કરાયા, પણ હિંદને સ્વ-શાસન આપવાની ૧૯૧૭ની જાહેરાતમાંથી બ્રહ્મદેશને બાકાત રાખવામાં આવ્યું હતું અને આંદોલન થયા પછી ૧૯૨૩માં દ્વિમુખી શાસન પદ્ધતિ અપાઈ. આમ હિંદની સાથે તેની મુક્તિલડત વિકસતી રહી, હિંદી પ્રજાના પ્રયાસોમાંથી બ્રહ્મદેશના નેતાઓએ પ્રેરણા લીધી. પરંતુ વાસ્તવમાં બ્રહ્મદેશનો મુક્તિસંગ્રામ વધુ કપરો, હિંસક અને મુશ્કેલ હતો.

લોકલડતનાં મંડાણ

સ્વાધીનતા માટેની લડતના પ્રથમ સોપાન પ્રસંગે લોક-લડતનું ક્રાંતિકારી પરિમાણ બ્રહ્મદેશના રાજકારણમાં દાખલ થતું હતું. સામંત કે રાજાના વફાદાર સૈનિકને બદલે રાષ્ટ્રના નાગરિક તરીકેનું સ્થાન પ્રજાએ અપનાવ્યું હતું. પ્રજાકીય રાજ્યવ્યવસ્થા, રાષ્ટ્રીયતા, ઉપરાંત સામાજિક તથા આર્થિક ક્ષેત્રે આધુનિક પદ્ધતિ સાથે તેમને તાલ બેસાડવાનો હતો. નવી નેતાગીરી અને લોકશાહીના આદર્શો તેમને ઘડવાના હતા. આ નવી લડતના આગેવાનો જૂના સામંતો કે બહારવટિયા નહીં પરંતુ વિદ્યાર્થીઓ હતા.

પ્રથમ તો, બૌદ્ધ સંઘ ઉપરનું નિયમન દૂર થતાં જન્મેલી અનીતિ અને અશિસ્તને નિવારવા તથા ધર્મસ્થાનકોની રક્ષા માટે ૧૯૦૬માં બૌદ્ધ યુવક સંઘ (યંગમેન્સ બુદ્ધિસ્ટ ઑસોસિયેશન — વાય. એમ. બી. એ.) રચાયો હતો. પરંતુ ૧૯૧૭ની સ્વશાસન માટેની માગના આંદોલને તેનું બિન-ધાર્મિક અને રાજકીય સંગઠન બ્રાહ્મી સંઘોની મહાસમિતિ(જનરલ કાઉન્સિલ ઑફ બર્મીઝ ઑસોશિયેશન્સ)માં રૂપાંતર થયું. ૧૯૨૦માં નવી શિક્ષણ યોજનાના વિરોધમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડી અને બ્રહ્મદેશના રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવનારું પરિબળ — વિદ્યાર્થીઓ તેમાં પ્રવેશ્યા. રાષ્ટ્રીય શાળાઓ શરૂ થઈ. તેને આદર્શ શિક્ષકો પણ મળ્યા, પરંતુ પદવી નોકરીની દૃષ્ટિએ મહત્ત્વની નહીં હોવાથી તેમ જ આર્થિક સંકડામણને કારણે આ પ્રવૃત્તિ કરમાઈ ગઈ. છતાં આ સમયથી અસહકારની લડતના આ દિવસને રાષ્ટ્રીય દિન તરીકે ઊજવવામાં આવે છે. વડીલ વર્ગ હજી સભાઓમાં 'ગૉડ સેવ ધ કિંગ' ગાતો. બ્રિટિશરો સાથે તેઓ સલૂકાઈથી વર્તતા. સુધારાની માગના સમર્થનમાં

બ્રિટન મોકલેલા તેમના પ્રતિનિધિમંડળને નન્નો મળતાં યુવાન ભિખ્ખુઓના ટેકાથી મહાસમિતિને રાષ્ટ્રવ્યાપી સ્વરૂપ અપાયું. સ્ત્રીઓનું વુન્થાનુ નામનું સંગઠન રચાયું. અલબત્ત સભામાં હજી રાજાના દીર્ઘાયુષ માટે પ્રાર્થના થતી હતી; પરંતુ હવે તે ભગવાન બુદ્ધને સંબોધીને થતી હતી.

આ વખતે મહાસમિતિના પ્રમુખ હતા ધનિક યુવાન ઉ ચિત હ્લાઇંગ. પ્રમુખપદ શોભાવવા તે અણિશુદ્ધ અંગ્રેજી પોશાકમાં આવતા. માથે સોનેરી છત્ર ધરવામાં આવતું અને સ્ત્રીઓ પોતાના વાળ બિછાવી તેમને માટે કુમાશભર્યો માર્ગ બનાવતી. લોકો તેમને થામાદ — બેતાજ બાદશાહના નામથી બિરદાવતા. દ્વિમુખી પદ્ધતિ બાબતમાં તેમની અને 'થુરિયા' ('સૂર્ય') પત્રના તંત્રી ઉ-બા-પેના નેતૃત્વ નીચેના વીસ સભ્યો વચ્ચે મતભેદ પડ્યો. હ્લાઇંગે ભિખ્ખુઓના સહકારથી દ્વિમુખી પદ્ધતિ સામે બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. જ્યારે પે સહકાર કરવાના મતના હતા. વીસ-જૂથ તરીકે ઓળખાતું આ સહકાર કરનાર મવાળ જૂથ હોદ્દા પાછળ હતું. કવિ હ્લાઇંગે તેમની ઠેકડી કરતાં કહ્યું હતું, આમાં 'હાડકાં કરતાં કૂતરાં' વધુ છે. હ્લાઇંગ અને સો થેઈને અસહકારથી આગળ વધી નાકરની લડતનું એલાન આપ્યું પરંતુ ભિખ્ખુઓને સોના વિચારો ખૂબ ક્રાન્તિકારી જણાતાં ઉ સુ નામના બીજા એક નેતાને તેઓ આગળ ધરવા લાગ્યા. પરિણામે મહાસમિતિમાં હ્લાઇંગ, થેઈન અને ઉ સુનાં જૂથ, હોમરૂલ પક્ષ, સ્વરાજ્ય પક્ષ, લોકપક્ષ, પ્રગતિશીલ પક્ષ અને પેનું વીસ-જૂથ જેવાં અનેક જૂથો હતાં. આમાંથી મોટા ભાગનાની પ્રવૃત્તિ સરકારી હોદ્દા આસપાસ કેન્દ્રિત થયેલી હતી, પરંતુ દ્વિમુખી પદ્ધતિ લોકોમાં જ અળખામણી બની હતી. થેઈનનું ના-કરનું સૂત્ર લોકોને ગમી ગયું હતું. જનતા નવા રાજાની રાહ જોઈ રહી હતી અને જ્યોતિષીઓ તેની આગાહી કરતા હતા. અનેક દંભી પયગમ્બરો છતાં લોકોને હજી શ્રદ્ધા હતી.

થેઈનના જૂથમાં સાયા સાન નામનો એક વૈદ્ય ખેડૂત નેતા હતો. ૨૮ ઑક્ટોબર, ૧૯૩૦ના રોજ તેણે ઇન્સીન જિલ્લાના એક પેગોડામાં તાજપોષી કરાવી પોતાને બ્રહ્મદેશના ઈશ્વરદત્ત રાજા તરીકે જાહેર કર્યો. તેણે થુપાનક્કા ગાલોન નામ ધારણ કરી પોતાના સૈન્યને ગાલોન (ગરુડ-નાગ-વિજેતા) સૈન્ય જાહેર કર્યું. આ વખતે બ્રહ્મદેશના કાર્યકારી ગવર્નર સર જોસેફ ગ્રી હતા. તલવાર-ભાલા જેવાં પ્રાથમિક શસ્ત્રો અને મંત્રશક્તિમાં શ્રદ્ધાથી પ્રેરાયેલા આ ગરુડ સૈન્યે રંગૂનથી ૧૨૦ કિ. મી.ના અંતરે આવી થરાવદી ખાતેની બેએક પોલીસ ચોકીઓ લૂંટી. સરકારે તેમની સામે હિંદથી બોલાવેલી મરાઠા-ડોગરા રેજિમેન્ટ, વિમાનો અને આધુનિક શસ્ત્રોથી સજ્જ સૈન્ય ખડક્યું. બળવાખોરો તેની સામે ટકી શકે તેમ ન હતા. સરકારે પોલીસ ચોકીઓ ઉપર બળવાખોરોનાં કપાયેલાં માથાં ટિંગાડી ત્રાસ અને બીજી બાજુ સમજાવટ દ્વારા તેને પહોંચી વળવાની કોશિશ કરી. સાયા સાનના માથા માટે પાંચ હજારનું ઇનામ જાહેર થયું. ઘાયલ અને બીમાર સાયા સાન ચીન નાસી જતાં શાન ટેકરીઓમાંથી કેદ પકડાયો. બેડીઓમાં જકડાયેલા સાયા સાનને ૨જી ઑગસ્ટ '૩૧ ના રોજ થરાવદી લાવી ન્યાયનું નાટક ભજવી, તેના સાથીઓ સાથે તા. ૨૮ નવેમ્બર, '૩૧ના રોજ ફાંસી અપાઈ. બ્રિટિશ હકૂમત સામેનો આ બળવો દબાવતાં બે વર્ષ ગયાં. પરંતુ રાષ્ટ્રભરમાં તેના ટેકેદારો પથરાયેલા પડ્યા હતા.

સાયા સાનનો બળવો દબાઈ ગયો, નેતાઓને ફાંસી અપાઈ; પરંતુ રાષ્ટ્રવાદનો અગ્નિ જ્વલંત બન્યો. લોકોને એ પણ સમજાયું કે બ્રિટન સામે શસ્ત્રોથી લડીને સ્વાધીનતા નહીં મળે.

સાયા સાનના બચાવના વકીલ હતા ડૉ. બા મો અને ઉ સો. તેમણે રાજકારણમાં પ્રવેશવાની આ તક ઝડપી લીધી. સાયા સાન વિશે એક પુસ્તક પણ લખાયું. તેની રૉયલ્ટીની આવકનો ઉપયોગ ઉદ્દામવાદી પુસ્તકો ખરીદીને એક ગ્રંથાલય સ્થાપવામાં થયો અને નવી નેતાગીરીને આ પુસ્તકોએ દૃષ્ટિ અને પ્રેરણા આપી. જનરલ ને વીને ૧૯૬૨માં કૃષિદિનની સભા સમક્ષ બોલતાં આ બળવા વિશે કહ્યું હતું કે, 'બળવો કોઈ એકાદ બનાવ કે નાનો પ્રતિકાર ન હતો, તે ક્રાન્તિકારી હેતુ ધરાવતો હતો. તે મૂર્ખામીભર્યો લાગે પરંતુ ... મંદી, કરવેરા, શોષણ સામે ખેડૂતોને પ્રતિકાર કરવા સિવાય કોઈ માર્ગ રહ્યો ન હતો. તે ખેડૂતોની ક્રાન્તિ હતી.' આમ છતાં આ બળવાનાં સાધનો મંત્રતંત્ર તથા પ્રણાલિકાગત અપીલ અને શ્રદ્ધા હતાં. તેનો હેતુ રાજાશાહી સ્થાપવાનો હોઈ અમુક અંશે તે હિંદના ૧૮૫૭ના વિસ્ફોટ જેવો હતો. બ્રહ્મદેશમાં તેના ધ્વજધારી સૈનિકોને બદલે ખેડૂતો હતા. ખુદ ને વીને કબૂલ કર્યું કે બળવાની નબળાઈ મંત્ર, તંત્ર અને તાવીજોમાં હતી, જે તાકાત સર્જી શકતાં નથી. ગરુડ વિપ્લવના કેટલાક નેતાઓએ અનેક પત્નીઓ — રાણીઓ કર્યાના તથા બળજબરીથી કર ઉઘરાવ્યાના તેમ જ રુશવતખોરી આચર્યાના આક્ષેપો પણ થયા છે.

આ સમયગાળામાં બ્રહ્મદેશની પ્રજા પોતાના આગવા અસ્તિત્વને આકાર આપવા મથતી જણાય છે. હિંદી-બર્મી અને ચીના-બર્મી વચ્ચેનાં દંગલો, દોબામા અસી-અયોન્ગ (અમારો બ્રહ્મદેશ) સંઘની રચના, બ્રહ્મદેશના સાચા માલિકો બ્રહ્મદેશવાસીઓ છે તેવી ભાવનાને વાચા આપતું થાકિન (સ્વામી) આંદોલન તેના કેટલાક સૂચક આંક છે. હિંદ સાથેના રાજકીય સંબંધનો પ્રશ્ન પણ ચર્ચાવા લાગ્યો હતો. ૧૯૩૧ની ચૂંટણીમાં હિંદ સાથેનું જોડાણ હાલ પૂરતું ચાલુ રાખવું કે નહીં તે બાબત બે જૂથ પડ્યાં હતાં. ૪૨ બેઠકો અને સવા ચાર લાખ મતથી વિજયી થયેલા ડૉ. બા મોનું જૂથ તત્કાલ સંબંધ તોડવા માગતું ન હતું, જ્યારે ૨૯ બેઠકો અને અઢી લાખ મત મેળવનાર જૂથ તત્કાળ ભાગલાની હિમાયત કરતું હતું. આખરે ૧૯૩૫ના કાયદાથી બ્રહ્મદેશને અલગ વહીવટી તંત્ર મળ્યું. પરંતુ રાષ્ટ્રીયતા અને અસ્મિતાના ઘડતરના આ યુગમાં એકતાને બદલે વિવિધ પક્ષો અને જૂથો હતાં અને તેઓ પ્રજાજીવનના નક્કર પ્રશ્નોથી દૂર હતાં. આ હકીકત આવનારા આંતરસંઘર્ષની સાક્ષીરૂપ છે. આ સમયે વિદ્યાર્થી નેતાગીરીનો નવો ફાલ મોખરે આવી રહ્યો હતો. વિદેશી માલનો બહિષ્કાર, વિદેશી સિગારેટને બદલે દેશી ચિરૂટ, વિદેશી વાયલને બદલે દેશી પિન્ની અને બ્રહ્મદેશી પ્રથાઓનું નવેસરથી મૂલ્યાંકન જેવી પ્રવૃત્તિઓનું આકર્ષણ વધવા લાગ્યું હતું. આ હરોળમાં માથે મુંડન કરાવ્યું હોવાથી ગાંધી સેઈન તરીકે ઓળખાતા બા સેઈન, હિંદની મુલાકાતમાંથી પ્રેરણા લઈ દોબામાનું ભારતીય કૉંગ્રેસ જેવા સંગઠનમાં રૂપાંતર કરનાર લે માઉન્ગ, છટાદાર વક્તા કો નુ (પાછળથી વડા પ્રધાન ઉ નુ), બ્રહ્મદેશની મુક્તિલડતના નેતા અને પ્રથમ વડા પ્રધાન અઉન્ગ સાન, કો થાં (પાછળથી યુનોના મહામંત્રી ઉ થાં), વર્તમાન વડા પ્રધાન અને સેનાધ્યક્ષ જનરલ ને વીન એક કે બીજા વિદ્યાર્થી સંગઠનમાં મોખરે હતા. તેઓએ રંગૂન યુનિવર્સિટી વિદ્યાર્થી મંડળ (આર. યુ. એસ. યુ.) રચ્યું અને એકાદ વિદ્યાર્થી લડતને અંતે તે અખિલ બ્રહ્મદેશ વિદ્યાર્થી મંડળમાં પરિણમ્યું.

આ સમયે ૧૯૩૫ના કાયદા મુજબ રચાયેલી ધારાસભા માટે યોજાયેલી ચૂંટણીમાં પણ જૂથવાદ અને તકવાદનું ચિત્ર જોવા મળે છે. ઉ હ્લાઈંગ, ડૉ. બા મોનો સિન્યેથા (દરિદ્ર) પક્ષ, ઉ નુ વગેરે

વિદ્યાર્થી નેતાઓનો ફેબિયન પક્ષ, બા સેઈન સહિતના થાકિનોના નેતૃત્વવાળો કોમીન — કોચીન પક્ષ (દોબામાની સંસદીય પાંખ), ઉ બાપે અને વીસ-જૂથના બાકી રહેલા સભ્યોએ રચેલું ન્ગા-બ્વીન્ત સાઈન્ગ (પાંચ પુષ્પ) જૂથ. આ પુષ્પ જૂથમાં થીબો વંશના એક રાજકુમાર અને ભિખ્ખુ ઓત્તમનો ટેકો પણ લેવાયો હતો. ધારાસભાની ૧૩૨ બેઠકોમાંથી બિનકોમી યાદી ઉપરની ૯૨ બેઠકો માટે આ પક્ષો મેદાનમાં ઊતર્યા હતા. બાકીની બેઠકો કારેન, હિંદી, ઍંગ્લો-બર્મન, ગોરાઓ, વેપારી-ઉદ્યોગપતિ જેવાં હિતજૂથો, રંગૂન યુનિવર્સિટી અને હિંદી તથા બિનહિંદી મજૂરો માટે અનામત હતી. ચૂંટણીમાં ન્ગાબ્વીન્ત જૂથને ૪૬, ડૉ. બા મોના સિન્ધેથા પક્ષને ૧૬, અપક્ષને ૧૦ અને કોમીન પક્ષને ૩ તથા ફેબિયન પક્ષને ૧ બેઠક મળી હતી. પરંતુ ડૉ. બા મોએ ન્ગાબ્વીન્ત જૂથમાં ભંગાણ પાડી પોતાના નેતૃત્વ નીચે મિશ્ર સરકાર રચી. સહુ હોદ્દા પાછળ હતા. પરિણામે તળ બ્રહ્મદેશ-વાસીઓની બહુમતી છતાં જૂથબંધી અને સ્પર્ધાને કારણે બ્રિટિશ વેપારી હિતોએ નબળા જૂથને સત્તા ઉપર ટકાવી રાખી તેમનો લાભ લીધો. ડૉ. બા મોએ તો ચૂંટણીમાં એવું વચન આપ્યું હતું કે તેમને બહુમતી મળશે તોપણ તેઓ સરકાર નહીં રચે અને બંધારણને અંદરથી તોડી પાડશે. આ સોદાબાજીને લક્ષમાં રાખી ફ્રનિવાલે લખ્યું હતું, 'સંસદીય લોકશાહી વાસ્તવમાં રાજકીય રુશવતખોરીની તાલીમશાળા બની રહી.'

સંસદમાં આ ચિત્ર હતું જ્યારે મજૂર તથા વિદ્યાર્થી આલમમાં ઉગ્રતા આવી રહી હતી. થાકિન જૂથ મજૂરોમાં સક્રિય બન્યું હતું. હડતાળો પડતી હતી. માર્ક્સવાદી વિચારોનું આકર્ષણ વધવા લાગ્યું. હતું. સ્ટ્રૅચી, એમ. એન. રૉય, બર્નાર્ડ શૉ, નિત્શે, પામદત્ત અને સ્તાલિનનાં લખાણો રસપૂર્વક વંચાતાં હતાં. આ અજંપામાંથી યેનાંગયાંગના તેલક્ષેત્રના કામદારોએ એક અભૂતપૂર્વ હડતાળ પાડી રંગૂન જવા માટે ૬૪૦ કિ.મી.ની પગપાળા કૂચ આરંભી. દેશભરમાં વિદ્યુત સંચાર થયો. વિદ્યાર્થીઓએ તેને ટેકો આપ્યો. ધરપકડો અને જેલ છતાં લોકજુવાળ વધતો રહ્યો. સચિવાલય સમક્ષ દેખાવ કરતા વિદ્યાર્થીઓ ઉપર ઘોડા દાડાવી લાઠીઓ વીંઝાઈ. એક વિદ્યાર્થી શહીદ થયો. શહીદના માનમાં યોજાયેલી રેલીમાં બીજા સત્તર — સાત ભિખ્ખુ સહિત — શહીદ થયા. પ્રજાનો રોષ ફાટી નીકળ્યો. સંસદમાં ડૉ. બા મો સામે ઉ સોએ મૂકેલી અવિશ્વાસની દરખાસ્ત ૭૦ વિ૦ ૩૭ મતથી પસાર થઈ. બીજું પ્રધાનમંડળ રચાયું. પરંતુ લોકોને તેથી સંતોષ ન હતો. દોબામા પક્ષનાં તાકાત વધવા માંડી. પક્ષમાંથી બા સેઈનને દૂર કરવામાં આવ્યા પરંતુ હજી તેમાં હ્લાઈંગ અને સેઈન જથ વચ્ચે સ્પર્ધા ચાલુ હતી. આ તબક્કે નુ અને અઉન્ગ સાન દોબામામાં જોડાયા. ને વીન પણ સેઈન જૂથ સાથે હતા. આ યુવાનોએ ધીરે ધીરે નેતાગીરી પોતાના હાથમાં લીધી. નવી અને યુવાન નેતાગીરી મોખરે આવવા લાગી. આ યુવાનો પરંપરા અને પ્રાચીન ગૌરવ કરતાં સમાજ-વાદ અને આધુનિક જીવનપદ્ધતિ તરફ વધુ આકર્ષયેલા હતા. તેમનામાં રાષ્ટ્રપ્રેમ હતો. બૌદ્ધ ધર્મ પ્રત્યે નિષ્ઠા હતી. બ્રહ્મદેશ અંગે દિલમાં અભિમાન હતું. સાથે સાથે સમાનતાના પાયા ઉપર રચા-યેલા નૂતન સમાજ માટેની ઝંખના પણ હતી. વિદેશી શાસન સામે આક્રોશ હતો અને બ્રિટિશ વલણથી ઉદ્ભવેલી હતાશાના પ્રત્યાઘાત રૂપે ઉગ્ર લડત આપવાની તમન્ના હતી.

હિંદી રાષ્ટ્રીય ચળવળે આ યુવકોને ઠીક ઠીક આકર્ષ્યા હતા. અઉન્ગ અને નુ વગેરેએ તો કૉંગ્રેસના કાર્યક્રમને જ દોબામાના કાર્યક્રમ તરીકે અપનાવ્યો. ૧૯૩૯ના ઑક્ટોબરમાં ડૉ. બા મોના પ્રમુખપદ અને અઉન્ગના મંત્રીપદે ફ્રીડમ બ્લૉક રચાયો.

મુક્તિદળની રચના

ડૉ. બા મોએ ધારાસભામાંથી રાજીનામું આપ્યું અને મુક્તિસંગ્રામ હવે ધારાસભા બહાર ખેલાશે તેવી જાહેરાત કરી. બા સેઈન જૂથે સશસ્ત્ર બળવાની હાકલ કરી. બ્રિટિશ સરકારે બુઝુર્ગોને વચન આપી સમજાવી લેવાની ચાલ અજમાવી. અઉન્ગ સાન હિંદની મુલાકાત લઈ કૉંગ્રેસ નેતાઓને મળી ગયા. બીજું વિશ્વયુદ્ધ જોર પકડી રહ્યું હતું. દોબામાનું ઉદ્દામવાદી જાહેરનામું પણ આ તબક્કે પ્રગટ થયું. સરકારે સરહદ ઓળંગતા બા સેઈનની ધરપકડ કરી, અઉન્ગ સામે વૉરંટ નીકળ્યું. વડા પ્રધાન ઉ સોએ અનેકને જેલમાં ધકેલ્યા. રાષ્ટ્રવાદી ચળવળના આ તબક્કે બે જૂથો હતાં. બા સેઈન (ને વીન સહિત) જપાન સાથે હાથ મિલાવવા માગતા હતા, જ્યારે અઉન્ગ અને માર્કસવાદી બર્મા રેવોલ્યૂશનરી પક્ષ ચીન કે રશિયા સાથે સંબંધ બાંધવા ઉત્સુક હતા. થાકિન સો, થાન તુન, બા હેઈન, સાયા ચિત, સાયા શ્વે વગેરેનો મત પ્રથમ જપાન અને પછી બ્રિટિશરો સાથે લડી લેવાનો હતો. તેઓ બીજા વિશ્વયુદ્ધમાં ફાસિસ્ટ ધરી સાથે ભળેલા જપાનને શંકાની નજરે જોતા હતા. વૈચારિક આદર્શવાદથી પ્રેરાયેલી તેમની માન્યતા વ્યવહારુ હતી; કારણ કે પ્રતિકાર માટે શસ્ત્રો કયાંથી મેળવવાં તે પણ એક મહત્ત્વનો પ્રશ્ન હતો. બર્મી રેવોલ્યૂશનરી પક્ષે શરૂમાં અઉન્ગને મુક્તિદળની રચનામાં સારી સહાય આપી હતી. પહેલાં બ્રિટિશરો સાથે સંગ્રામ ખેલી પછી જપાન સાથે સંધિ કરવાની અઉન્ગની નેમ હતી. આ તબક્કે ડૉ. બા મો દ્વારા જપાન તરફથી સહાયની ઑફર આવી. શરૂમાં જપાન અઉન્ગના માર્કસવાદી વલણથી સાશંક હતું; પરંતુ ને વીન વગેરે સાથે તેઓ ભળતાં જપાન સાથે અઉન્ગ એવી સમજૂતી ઉપર આવ્યા કે જપાન પોતે બ્રહ્મદેશ ઉપર આક્રમણ નહીં કરે અને બળવાને સહાય આપશે. ગેરીલાઓ માટે જપાને હાઈનાન ટાપુમાં તાલીમની વ્યવસ્થા પૂરી પાડી. આ તાલીમમાં બા સેઈન અને અઉન્ગનાં જૂથ ખૂબ નજીક આવ્યાં. બીજી બાજુ વડા પ્રધાન ઉ સો બ્રિટન સાથે મંત્રણા કરી રહ્યા હતા. ચર્ચિલે તેમણે આપેલી ચિઠ્ઠી પ્રેમપૂર્વક સ્વીકારી પરંતુ કોઈ વચન ન આપ્યું. અમેરિકામાં પણ તેમને ઠંડો આવકાર મળ્યો. આથી તેમણે જપાન તરફ નજર દોડાવવા માંડી. પરંતુ તેઓ કોઈ નિર્ણય લે તે અગાઉ બ્રિટિશ સરકારને તેમની ચાલની ગંધ આવતાં લિસ્બનથી હૈફા જતાં તેમની ધરપકડ કરી યુગાન્ડામાં કેદ રાખ્યા. હાઈનાન ખાતે તાલીમ લેતા ૩૦ સ્વયંસેવકોના જૂથે બેંગકોકમાં આવી તા. ૨૬ ડિસેમ્બર, '૪૧ના રોજ મુક્તિદળની રચનાની જાહેરાત કરી. આ અગાઉ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પર્લ હાર્બર ઉપર જપાની હુમલો થઈ ચૂક્યો હતો અને અમેરિકાએ જપાન સામે પણ યુદ્ધ જાહેર કરી દીધું હતું.

મુક્તિદળના સેનાનીઓઅ નવાં નામ ધારણ કર્યાં : અઉન્ગ સાને તેઝા (શક્તિશાળી), માઉન્ગે ને વીન (સૂર્ય જેવો તેજસ્વી), ન્યા પેએ લેત (જમણો હાથ). દરેકે પોતાના નામ આગળ સેનાધ્યક્ષનો સૂચક બો શબ્દ મૂકયો હતો. અઉન્ગ સાન બોગ્યોકે (સર્વોચ્ચ સેનાધ્યક્ષ) બન્યા. પાછળથી અઉન્ગ સિવાય સહુ આ નામે જ જાણીતા થયા છે. જપાની એજન્ટ સુઝુકીને પણ બો મોગ્યોએ(વજા)નો ખિતાબ અપાયો હતો. બ્રહ્મદેશ અંગેની યોજના બાબત આ સમયે જપાનના નૌકાદળ અને ભૂમિદળ વચ્ચે મતભેદ હતો. સુઝુકી માત્ર આ ૩૦ સ્વયંસેવકોની સહાયથી જ બ્રહ્મદેશ પહોંચી લડી લેવા માગતો હતો. આખરે બેંગકોકમાં મુક્તિદળના રંગરૂટોની ભરતી માટે

કેન્દ્ર ખોલવામાં આવ્યું અને તેમને શસ્ત્રો અને તાલીમ અપાવા માંડી. બ્રહ્મદેશમાં બર્મા રેવોલ્યૂશનરી પક્ષ અને તેના નેતા બા હેઈન આ દરમિયાન લખાણો દ્વારા મુક્તિલડતને ખૂબ સહાય કરી રહ્યા હતા. પરંતુ રશિયાએ યુદ્ધમાં મિત્ર રાજ્યો સાથે હાથ મિલાવતાં તેમણે પોતાનું સુકાન ફેરવ્યું. આ તબક્કે અગ્નિ એશિયા ઉપરના જપાની આક્રમણની ચડતી હતી. જાવા તેમ જ સિંગાપોરનું પતન, પ્રિન્સ ઑફ વેલ્સ જેવાં યુદ્ધજહાજોનો નાશ, રંગૂન ઉપર બૉમ્બમારો યુરોપીય સત્તાઓના અસ્ત જેવો લાગતો હતો. બ્રિટિશ સરકાર બ્રહ્મદેશમાંથી પીછેહઠ કરવાની યોજનાને આકાર આપી રહી હતી. ને વીન તેમના સાથીઓ સાથે બ્રહ્મદેશમાં પ્રવેશી ચૂકયા હતા. '૪૨ના માર્ચની સાતમી તારીખે અઉન્ગ અને સુઝુકીએ મુક્તિદળના તથા જપાની સૈનિકો સાથે બ્રહ્મદેશની સરહદમાં પગ મૂકયો. મુક્તિદળમાં જોડાવા અનેક યુવાનો આગળ આવવા લાગ્યા; અને તા. ૧૦મી માર્ચે તો તેમણે રંગૂનમાં પ્રવેશ કર્યો. આ તબક્કે જપાની સૈન્યે દક્ષિણમાંથી આગળ વધી મોલમીનમાં લશ્કરી વહીવટ સ્થાપતાં જપાની હેતુ બાબત મુક્તિદળના નેતાઓમાં શંકા જન્મી. તેઓ પોતાના નેતૃત્વ નીચેની સ્વતંત્ર બ્રહ્મદેશી સરકાર ઇચ્છતા હતા. તેથી સ્વાભાવિક રીતે જ અસંતોષ ઉદ્‌ભવ્યો. ઓ મોગ્યોએએ અઉન્ગને એકપક્ષી સ્વતંત્રતા જાહેર કરી જરૂર પડયે જપાનીઓ સાથે લડી લેવા સલાહ આપી હતી.

અઉન્ગ આ દરમિયાન સેનાધ્યક્ષ તરીકે સૈન્યને આકાર આપવા સક્રિય બન્યા. જેલમાંથી ભાગી છૂટેલા ડૉ. બા મોને મુખ્ય વહીવટકર્તા નીમવામાં આવ્યા. મુક્તિદળે પ્રજાના રક્ષણ તથા કાયદો અને વ્યવસ્થાની જવાબદારી ઉપાડી લીધી. પરંતુ જપાની સૈનિકોના વર્તાવથી બ્રહ્મદેશની પ્રજાને લાગ્યું કે માત્ર અમલ બદલાયો છે, સ્વાધીનતા નથી મળી. વિશેષમાં બ્રિટિશરોને વફાદાર કારેન જાતિ અને મુક્તિદળો વચ્ચે સંઘર્ષ થયો અને તેને કોમી સ્વરૂપ મળી ગયું અને કારેન સામેના લશ્કરી પગલાથી આ ભેદભાવ વધુ ઊંડો થયો. મુક્તિદળની સંખ્યા વધીને ત્રણ હજાર ઉપર પહોંચી. નાગરિક અધિકારીઓએ પણ ઓછા પગાર છતાં હોંશપૂર્વક જવાબદારીઓ ઉપાડી લીધી. બીજી બાજુ જપાની સૈનિકોના વર્તાવ પ્રત્યેનો આણગમો વધતો જતો હતો. ઘણી વાર તેમની સાથે અથડામણો થઈ જતી. જપાની સૈન્યની ફાસિસ્ટ રીતરસમથી પ્રજાની આંખો ઊઘડવા લાગી. તેમની સામેનો પ્રતિકાર સંગઠિત થવા લાગ્યો. હિંદ જઈને બ્રિટિશરોને મળેલા થાકિન થેઈન પેના 'વૉટ હૅપન્ડ ઇન બર્મા' એ પુસ્તક દ્વારા બર્મી પ્રજાની જપાનીઓ સામેની લડત અને લાગણીની અંગ્રેજોને જાણ થતાં બ્રહ્મદેશની પ્રજા અને તના નેતાઓ પ્રત્યે કૂણી લાગણી ઉદ્‌ભવી. જપાન સામે પ્રતિકાર કરવા માટે થાકિન સો પ્રજાને જાગ્રત કરવા માંડયા હતા.

જપાનની છાયામાં

જપાનના શહેનશાહના આશીર્વાદ સાથે ડૉ. બા મો વડા પ્રધાન બન્યા. ઉ નુ વિદેશપ્રધાન, અઉન્ગ સાન યુદ્ધપ્રધાન અને ને વીન સરસેનાપતિ બન્યા. પરંતુ જપાની પદ્ધતિથી તેઓ કંટાળી ગયા હતા. આ સમયમાં મુક્તિદળને રાષ્ટ્રીય સેનાનો આકાર અપાતાં બર્મી ગૌરવ પોપાયું. પ્રથમ વાર રાષ્ટ્રની વિવિધ જાતિઓ એક ધ્વજ નીચે એકત્ર થઈ. પરંતુ હવે તેઓ સંપૂર્ણ સ્વતંત્રતા ઇચ્છતા હતા. પ્રજા સૈન્ય કે તેની એક પાંખ જેવી પૂર્વ એશિયાઈ યુવક લીગમાં ઊલટથી

ભાગ લેતી હતી. અઉન્ગ સાનમાં તેમને શ્રદ્ધા હતી. ત્રીસ વર્ષનો આ યુવાન નેતા પ્રજાનો લાડીલો વીર બની ચૂક્યો હતો. આખરે સો, અઉન્ગ અને ને વીન વગેરેની પ્રેરણાથી ફાસિસ્ટ વિરોધી લોક-મુક્તિ સંઘની રચના કરવામાં આવી. તારાંકિત રક્તિમ ધ્વજ નીચે એકત્ર થઈ, લોકશાહી દળોની સાથે રહીને જપાનીઓને હાંકી કાઢવાનું તેમણે એલાન કર્યું. પરંતુ બ્રિટિશરો હજી આ જૂથને સહાય કરતાં અચકાતા હતા. તેમને ડર હતો કે પછી બ્રહ્મદેશને તેઓ પોતાના પ્રભુત્વ નીચે રાખી શકશે નહીં. આમ છતાં બ્રહ્મદેશના રાષ્ટ્રીય સૈન્યે ૧૯૪૫ના માર્ચની ૨૭મીએ પ્રતિકારનું યુદ્ધ જાહેર કર્યું. એક બાજુ જપાની સૈન્ય સામે યુદ્ધ ચાલતું હતું. બીજી બાજુ મિત્ર રાજ્યો આ દળના દરજ્જા અને સ્વાતંત્ર્ય બાબત અવઢવમાં હતા. આખરે કેન્ડી ખાતેની મંત્રણા પછી રાષ્ટ્રભક્ત બર્મા દળના કેટલાક ભાગને બર્મા સૈન્યમાં ભેળવી દેવામાં આવ્યો. અઉન્ગે લશ્કરી કામ-ગીરીને બદલે રાજકીય જીવન પસંદ કર્યું. તેઓ એ.એફ.પી.એફ.એલ.ને મજબૂત કરવામાં પરોવાયા. બ્રિટન ફરી વાર પોતાના આર્થિક સામ્રાજ્યને સ્થાયી કરવા પ્રયત્નશીલ બન્યું. કારેન અને બર્મી વચ્ચેના ભેદોને તે પોષવા લાગ્યું. યુદ્ધથી તારાજ, ભૂખમરાથી પીડાતી, મૂળભૂત આવશ્યકતા-ઓ બાબત ભારે હાડમારીમાં સપડાયેલી બ્રહ્મદેશની પ્રજા સન્માનપૂર્વકનું જીવન ઝંખતી હતી ત્યારે નવા શાસક સ્મિત સિવાય કશું આપી શકે તેમ ન હતા. પોતે સ્વાતંત્ર્ય મેળવી શકે છે, શાસન ચલાવી શકે છે અને સ્વાધીનતા તેમની વાજબી માગણી છે એ હકીકતની પ્રજાને પ્રતીતિ થઈ ચૂકી હતી. અઉન્ગ સાનમાં તેમને એક કાબેલ, સર્વસ્વીકૃત, લોકહિતેચ્છુ અને વીર નેતા પ્રાપ્ત થઈ ચૂક્યો હતો. તેમની માગ તત્કાલ ચૂંટણી અને આત્મનિર્ણયના અધિકારની હતી.

કારોબારીની રચના બાબત ગવર્નર અને એ.એફ.પી.એફ.એલ. વચ્ચે મતભેદ ઊભો થયો. ગવર્નર પૂતળાં કારોબારી અને ધારાસમિતિ રચી શક્યા, પરંતુ પ્રજાને તે સ્વીકાર્ય ન હતી. અલબત્ત, એ.એફ.પી.એફ.એલ.માં પણ આ વખતે સંઘર્ષ ચાલતો હતો. સામ્યવાદીઓ તેના ઉપર કાબૂ જમાવવા તનતોડ પ્રયાસ કરતા હતા પરંતુ તેઓ નિષ્ફળ નીવડ્યા. અઉન્ગ સાનની લોકપ્રિયતા અદ્વિતીય હતી. અઉન્ગ સાને આ ગાળામાં મુક્તિદળના છૂટા થયેલા અને વેરવિખેર સૈનિકોને એકત્ર કરી લોક સ્વયંસેવક સંઘ(પી.વી.ઓ.)માં સંગઠિત કર્યા. આ સંગઠન એ.એફ.પી.એફ.એલ.ની લશ્કરી પાંખની ગરજ સારતું હતું. સંગઠન ઉપરના પ્રતિબંધ છતાં તેની પ્રવૃત્તિ અને તાલીમ ચાલુ હતાં. સરકારે તેમાંથી કેટલાકની ધરપકડ કરતાં દેખાવો યોજાયા અને ગોળીબારમાં કેટલાક માણસો માર્યા ગયા. અઉન્ગ સાનની પ્રતિભા તોડવા માટે સરકારે તેમની સામે એવો ખટલો ઊભો કર્યો કે યુદ્ધ દરમિયાન તેમણે કેટલાક બ્રિટિશ સૈનિકોની કતલ કરી હતી. પરંતુ આવા ખટલા સામે પ્રજ્વળી ઊઠનાર બળવાને પહોંચી વળવા સરકાર અસમર્થ જણાતાં તેમ જ આક્ષેપો વજૂદ વિનાના જણાતાં આ આખી કારવાઈ પડતી મુકાઈ. આ તબક્કે બ્રિટનમાં મજૂર સરકાર સત્તા ઉપર આવી અને વડા પ્રધાન ઍટલીએ ગવર્નર રેન્સનને એવી સૂચના સાથે બ્રહ્મદેશ મોકલ્યા કે તેમણે અઉન્ગ સાથે વાટાઘાટો કરી સત્તાબદલીની યોજના ઘડવી.

બ્રહ્મદેશનાં ડાબેરી જૂથોમાં આ વખતે તીવ્ર વિખવાદ જાગી ચૂક્યો હતો. સામ્યવાદી પક્ષમાં શ્વેત ધ્વજ અને રાતો ધ્વજ ધરાવતાં જૂથો રચાયાં હતાં. સામ્યવાદીઓ પોતાનો અલગ ચોકો રાખવા માગતા હતા. કેટલાક સમાજવાદીઓને દાખલ કરવા પણ તૈયાર ન હતા. આથી સમાજવાદી

જૂથે નવો પક્ષ રચ્યો. લોકશાહી સમાજવાદનો આદર્શ ધરાવતા આ પક્ષના નેતાઓ પર જયપ્રકાશ અને અશોક મહેતાના વિચારોની ગાઢ અસર હતી. સામ્યવાદીઓ અને પી.વી.ઓ. વચ્ચે અવારનવાર ઘર્ષણ થતું હતું. સ્વાતંત્ર્યની માગ એ.એફ.પી.એફ.એલ.ના નેતૃત્વ નીચે ઉગ્ર બની રહી હતી. તેમણે અનેક હડતાળો પડાવી અને આખરે અઉન્ગની નેતાગીરીમાં નવી કારોબારી રચાઈ (સપ્ટે. ૨૭, ૧૯૪૬). આમ શાંતિમય સત્તાબદલીની ભૂમિકા સ્થપાઈ છતાં સામ્યવાદીઓ તો અઉન્ગને દેશદ્રોહી (!) ગણતા હતા, તેમ જ ઘોષાલ સિદ્ધાંત અનુસાર સશસ્ત્ર ક્રાન્તિ માટે આગ્રહ સેવતા હતા. પરંતુ ડાબેરીઓમાં એકતા ન હતી. તેમના ઝઘડાની અસર પી.વી.ઓ. ઉપર પણ પડી અને તેમાં ભાગલા પડ્યા.

લંડન ખાતે '૪૭ના જાન્યુઆરીમાં 'અઉન્ગ–ઍટલી કરાર' દ્વારા બંધારણસભા અને આત્મનિર્ણયના હક બાબત સમજૂતી થઈ. અઉન્ગ સાનના એકતા માટેના પ્રયાસોને અંતે તા. ૧૨મી ફેબ્રુઆરીએ દેશભરમાંથી એકઠા મળેલા પ્રતિનિધિઓએ બ્રહ્મદેશનું એકમ રાજ્ય રચવાનો નિર્ણય લીધો. બંધારણ ઘડવાનું કામ હાથ ધરાયું અને અઉન્ગના નેતૃત્વ નીચે પરિસ્થિતિ થાળે પડતી જતી જણાતી હતી, ત્યાં તા. ૧૯ જુલાઈના રોજ ઉ સોએ મોકલેલા મશીનગનથી સજ્જ હત્યારાઓએ સચિવાલયના મંત્રણા ખંડમાં ધસી જઈ તેમના મંત્રીમંડળના છ સાથીઓની એકસામટી હત્યા કરી. પ્રજાને એકતા આપી શકે, પ્રજાને જેનામાં શ્રદ્ધા હતી, તેવા યુવાન અને પ્રામાણિક તથા સમાનતાના આદર્શથી પ્રેરાયેલા રાષ્ટ્રવાદી નેતાની આ હત્યાએ બ્રહ્મદેશના આગામી ઇતિહાસમાં અસ્થિરતા અને આંતરસંઘર્ષને માટે મેદાન મોકળું કર્યું. લોકશાહી અને રાષ્ટ્રીય વિકાસ માટેના પ્રયાસો પ્રારંભથી પાંગળા બની ગયા. હત્યાકાંડ સમયે ગેરહાજર હોવાથી બચી ગયેલા ઉ નુને ગવર્નરે સરકાર રચવા આમંત્રણ આપ્યું.

બીજી બાજુ સામ્યવાદીઓ ઘોષાલ સિદ્ધાંત અનુસાર (રણદિવે ઢબની) ત્રાસવાદી પ્રવૃત્તિ વધુ ઘેરી બનાવી રહ્યા હતા. આ તબક્કે સમાજવાદીઓ વિપુલ સંખ્યામાં એ.એફ.પી.એફ.એલ.માં જોડાયા. તેમનું જૂથ સૌથી વધુ વગદાર હતું. આ જોડાણે બ્રહ્મદેશને સામ્યવાદ તથા પ્રત્યાઘાતી સરમુખત્યારશાહીમાંથી ઉગારી લીધું. એ.એફ.પી.એફ.એલ.ને વૈચારિક પાયો, લોકશાહી સમાજવ્યવસ્થા માટેનો આદર્શ અને સંગઠન આપવામાં આ જોડાણે મહત્ત્વની સહાય કરી.

ત્રીજી મુશ્કેલી ભાગલાવાદી કારેન જાતિની માગ અંગેની હતી. તેમની વફાદારી બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે હતી અને તેમને ડર હતો કે નવી વ્યવસ્થામાં તેમના પ્રત્યે કિન્નાખોરી રખાશે અને તેઓ લઘુમતીમાં મુકાઈ જશે. તેમણે કૉમનવેલ્થ સાથે સંલગ્ન એવા અલગ સ્વતંત્ર રાષ્ટ્રની માગ ઉઠાવી.

સ્વાતંત્ર્ય અને આંતરસંઘર્ષ

આવા સંજોગોમાં જ્યોતિષીઓની સલાહ સ્વીકારીને '૪૮માં તા. ૬ઠ્ઠીને બદલે તા. ૪થી જાન્યુઆરીએ પરોઢિયે ૪–૨૦ વાગ્યે સ્વતંત્ર જાહેર થયેલા બ્રહ્મદેશમાં, માત્ર ૮૩ દિવસ પછી, તા. ૨૮મી માર્ચના રોજ સામ્યવાદીઓએ આરંભેલા બળવાથી દેશ આંતરસંઘર્ષમાં સપડાઈ ગયો.

બંધારણમાં અપાયેલા રાષ્ટ્રીયકરણ અને જમીનની પુનઃવહેંચણીના પ્રશ્નો હજી કાગળ ઉપર હતા. દેશના કેટલાક ટોળીનાયકો — રાજાઓની નાબૂદીનો પ્રશ્ન હાથ ધરાયો ન હતો. અઉન્ગ વગેરેની હત્યાથી ઊભાં થયેલાં વમળ હજી શમ્યાં ન હતાં, નવી સત્તા હજી સ્થિર અને પગભર થવા મથતી હતી. સત્તાવાંછુ નેતાઓ લોકોના અસંતોષનો લાભ લઈને વિવિધ અપેક્ષાઓને બહેકાવી રહ્યા હતા. ઠેરઠેર હડતાળો પડી રહી હતી. શાંતિ અને સમાધાન માટેની સરકારની ઑફરને અવગણીને સામ્યવાદીઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા.

અનેક નાની પોલીસ ચોકીઓનાં શસ્ત્રો લૂંટીને તેમણે સશસ્ત્ર બળવો શરૂ કર્યો. પી.વી.ઓ.નું શ્વેત પટ્ટી જૂથ સામ્યવાદીઓ સાથે ભળી ગયું. કારેન જાતિનાં કેટલાંક જૂથો પણ બળવામાં સામેલ થયાં. આથી સામ્યવાદીઓના હાથ મજબૂત બન્યા. સામ્યવાદીઓ પોતે કાયમી મથકો સ્થાપી શકયા નહીં, પરંતુ કારેન જૂથના બળવાખોર સૈનિકોને ઠીક ઠીક સફળતા મળી. કારેન અને સામ્યવાદીઓ મળી જતાં સરકાર માટે કફોડી હાલત સર્જાઈ. છેક રંગૂનના સીમાડા સુધી — રંગૂનના પરા ઈન્સીન સુધી — કાતિલ સંગ્રામ ખેલાયો. માંડલે બળવાખોરોના હાથમાં પડી ચૂકયું હતું.

સરકારપક્ષે આ સામે બેધારી લડત શરૂ કરી. શરૂમાં જ અમુક તત્ત્વોને પોતાના પક્ષે વાળવા પ્રચાર આરંભ્યો. સામ્યવાદીઓની નીતિરીતિને ખુલ્લી પાડવા ખુદ ઉ નુએ નાટક લખ્યું અને એ ઠેર ઠેર ભજવવામાં આવતું. વળી સવિશેષ ઉદ્દામ નીતિની જાહેરાત પણ કરવામાં આવી અને ને વીનને સૈન્યના વડા બનાવવામાં આવ્યા. ધીરે ધીરે સરકારી દળોએ બળવાખોરોને પાછા હઠાવ્યા. પી.વી.ઓ.નો સાથ મળતાં તેમ જ કેટલાક સૈનિકો સરકાર પક્ષે પાછા ફરતાં યુદ્ધનું પલ્લું સરકાર તરફ નમવા લાગ્યું. બીજી બાજુ સામ્યવાદીઓ અને કારેન બળવાખોરો તથા પી.વી.ઓ. આ લડત માટે સમાજવાદીઓને માથે દોષ ઢોળતા હતા અને તેમને શાંતિમાં આડખીલીરૂપ ગણતા હતા. અખબારોમાં પણ તેમના ઉપર ટીકાઓ થતી હતી તેમ જ તેમને જાતજાતના ભ્રષ્ટાચારમાં સંડોવવામાં આવતા હતા. આખરે '૪૯ના માર્ચના અંતમાં તેમણે સામૂહિક રાજીનામાં આપી નુને બળવાખોરો સાથે મળી પ્રધાનમંડળ રચવા જણાવ્યું, પરંતુ નુ બળવાખોરો સાથે લડી લેવાના મતના હતા. તેમણે ને વીનને નાયબ વડાપ્રધાન બનાવ્યા અને લડત ચાલુ રાખી. મે ૨૨, '૪૯ના રોજ ઈન્સીન સરકાર હસ્તક આવ્યું.

ને વીન બ્રિટન જઈ લોન અને શસ્ત્રો લઈ આવ્યા. જ્યારે ઉ નુ હિંદથી સારા પ્રમાણમાં હળવાં શસ્ત્રો અને પવિત્ર બોધિવૃક્ષનો રોપો લઈ આવ્યા. આ બંને ચીજોએ બળવાખોરો સામે સારી કામગીરી આપી. કારેન બળવાખોરો સાથે સમજૂતી માટે મંત્રણાઓ કરવામાં આવી તેમ જ સંસદમાં એક ઠરાવ દ્વારા કારેન રાજ્યની રચના કરવાનો નિર્ણય લેવાયો છતાં તેમને સંતોષ ના થયો. કારેન બળવાખોરો આ સમયે પશ્ચિમનાં રાષ્ટ્રો તેમ જ ચીનનાં કોમિંગ્ટાંગ દળોની સહાયની આશા છોડી સામ્યવાદી જૂથની સહાય મેળવવા કોશિશ કરતા હતા (૧૯૫૩–૬૦). પરંતુ આથી તો બળવાખોરોમાં જ મતભેદ ઉદ્‌ભવ્યા અને ૧૯૬૨–૬૪ના કારેન બળવાખોરોએ માર્ચ માસની તા. ૧૨મીએ ને વીનની ક્રાન્તિકારી સમિતિ સાથે સમાધાન કર્યું.

'બંધારણીય સૈનિક'નું શાસન

સ્વાતંત્ર્યના પરોઢથી શરૂ થયેલો આ સંઘર્ષકાળ (૧૯૪૮–૧૯૬૪) બ્રહ્મદેશના નેતાઓ માટે ખૂબ કપરો અને કસોટીનો હતો. હકીકતમાં સામ્યવાદીઓ અને કારેન બળવાખોરો સાથેના બે-

પાંખિયા અને એકધારા આંતરવિગ્રહથી સંસદીય લોકશાહી અને આર્થિક વિકાસનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. રાજપુરુષોની સત્તા માટેની ખેંચતાણ, ઠાલાં સૂત્રો, કુત્સિત સમાધાનો, રુશવતખોરી અને ટૂંકી દૃષ્ટિના રાજકારણમાં બ્રહ્મદેશનું પ્રજાજીવન ડહોળાઈ ગયું હતું. ચૂંટણીઓ સાથે રાજકીય બડેખાંઓનું વર્ચસ જામી ગયું હતું. જ્યારે સંઘર્ષને કારણે સૈન્ય, ને વીનના નેતૃત્વ નીચે, વધુ કાર્યક્ષમ અને સંગઠિત બની રહ્યું હતું. તેની તાકાત વધી રહી હતી. ૧૯૫૧–૫૨ની ચૂંટણીમાં એ.એફ.પી.એફ.એલ.ને સારી સફળતા મળી હતી. સૈન્ય તરફથી પણ તેમને ચૂંટણીમાં સહાય મળી હતી. પરંતુ એ.એફ.પી.એફ.એલ.માં સડો પ્રવેશી ચૂકયો હતો. હારેલા પ્રધાનોને એક કે બીજા માર્ગે સંસદમાં ઘુસાડવાથી તેમ જ સંસદની વાંઝણી કાર્યવાહીથી યુવાનોમાં હતાશા ફેલાતી જતી હતી. કોરિયાના યુદ્ધમાં ચીનને આક્રમક ગણવા સંબંધમાં મતભેદ પડતાં કેટલાક સમાજવાદીઓએ તેમાંથી છૂટા થઈને 'બર્મા વર્કર્સ ઍન્ડ પીઝન્ટ્સ પાર્ટી' (લાલ સમાજવાદી) પક્ષની રચના કરી. ઉદ્દામવાદી, માર્ક્સવાદી અને સામ્યવાદી વિચારસરણી પ્રત્યેના બુદ્ધિજીવી વર્ગના આકર્ષણનું આ સૂચક પ્રસ્થાન હતું.

એ.એફ.પી.એફ.એલ. દિનપ્રતિદિન જૂથવાદ અને વ્યક્તિગત સ્પર્ધાનો ભોગ બની રહ્યું હતું. લોકો તેનાથી વિમુખ બની રહ્યા હતા ત્યારે નુ આદર્શવાદી રંગદર્શી સ્વપ્નમાં નિમગ્ન હતા. ઉ નુના વ્યક્તિત્વ અને સૈન્યની સહાયથી ચૂંટણીમાં વિજય મળતો. પરંતુ પ્રશ્નો હવે ઉગ્ર બનીને સામે આવી રહ્યા હતા. બ્રહ્મદેશમાં આવેલાં ચાંગ કાઈ-શેકનાં (કોમિંગ્ટાંગ) દળો ચીન ઉપર અવાર-નવાર હલ્લા કરતાં હોવાથી આંતરરાષ્ટ્રીય સમસ્યા પેદા થઈ હતી. આર્થિક વિકાસની યોજનાઓ ડાંગરની નિકાસના હૂંડિયામણ ઉપર અવલંબિત હતી અને યુદ્ધને કારણે ખેતી બગડતાં પાક નિષ્ફળ જતા, ડાંગરના ભાવ બેસી જતા, તેમ જ ખેત-સુધારણા કે આંતરિક સાધનસંપત્તિને વિકસાવવાને બદલે પ્રતિષ્ઠાલક્ષી ઉદ્યોગો તરફ રોકાણો વાળવાને કારણે તેમ જ રુશવતખોરીને લીધે ફુગાવો, બેરોજગારી અને દરિદ્રતા વધતી હતી. સ્વાતંત્ર્ય વખતે લોકોને વચન અપાયું હતું કે દરેક કુટુંબને રહેવા ઘર, મોટર, રેડિયો અને માસિક ૮૦૦ કયાટની આવક હશે. આ વચન છેતરામણું સાબિત થયું. ઉ નુને પોતાના વ્યક્તિત્વમાં ખૂબ શ્રદ્ધા હતી. તેમણે માની લીધું હતું કે પ્રજા કાયમ તેમની સાથે છે. પ્રજા તેમના શબ્દજાદુથી મોહિત પણ હતી. પરિણામે તે રાષ્ટ્રના વિકાસને બદલે નેહરુ જેવી આંતરરાષ્ટ્રીય પ્રતિભા સર્જવા વિશ્વભરમાં શાંતિ અને સમજૂતીનો ઝંડો લઈને ફરવા લાગ્યા.

રાષ્ટ્રની અંદર પરિસ્થિતિ બગડતી જતી હતી. એ.એફ.પી.એફ.એલ.ની અંદર નુ સામે વિરોધ જાગી રહ્યો હતો. વ્યક્તિગત સ્પર્ધા ઉપરાંત સમાજવાદની નીતિ બાબત થતી ઢીલ, સમાજવાદીઓને દૂર કરવાની નુની નીતિથી ઊભા થયેલા મતભેદોમાંથી એ.એફ.પી.એફ.એલ.નું વિભાજન થયું અને એપ્રિલ ૧૯૫૮માં નુ-ટીન જૂથ 'કલીન એ.એફ.પી.એફ.એલ.' તરીકે અને સ્વેન્ચેઈન જૂથ 'સ્ટેબલ એ.એફ.પી.એફ.એલ.' તરીકે અલગ થયાં. ૧૯૫૮ના જૂનમાં સંસદમાં ઉ નુ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકાઈ. ઉ નુના જૂથમાં માત્ર ૫૦ સભ્યો હતા. તેથી તેમણે પોતાના ગઈ કાલ સુધીના 'લાલ વિરોધીઓ' એન.યુ.એફ. (નેશનલ યુનિટી ફ્રન્ટ : ૪૫ સભ્યો, સામ્યવાદી વર્ચસ) તથા ૬ આરાકાની સભ્યો (જેમાંના ત્રણને પ્રધાનપદ અને બેને સંસદીય સચિવનો હોદ્દો અપાયો) અને

બીજાં લઘુમતી જૂથોના મત મેળવી માત્ર આઠની બહુમતીથી સત્તા જાળવી રાખી. તેમના પોતાના એ.એફ.પી.એફ.એલ. પક્ષના ૧૦૦ મતો તેમની વિરુદ્ધ પડ્યા હતા.

પક્ષીય રાજકારણ, જૂથવાદ, તકવાદ અને વ્યક્તિગત સ્પર્ધાના આ ચિત્રની સાથે એ હકીકત-નો નિર્દેશ કરવો જોઈએ કે ફાસીવાદી વલણ સામેની લડતમાંથી જન્મેલા એ.એફ.પી.એફ.એલ. પક્ષમાં સિદ્ધાંતો અંગે સારા પ્રમાણમાં એકતા હતી. પરંતુ તે પક્ષ કરતાં અનેક જૂથોના બનેલા સંગઠન જેવો હતો. ઘણા સભ્યો પણ સીધા પક્ષના સભ્ય નહીં પરંતુ એક કે બીજા સંગઠન કે જૂથના સભ્ય હતા અને તે સંગઠન-જૂથ એ.એફ.પી.એફ.એલ. સાથે સંકળાયેલું હોવાથી તેના સભ્ય પણ ગણાતા. આમ પક્ષની કેન્દ્રીય નેતાગીરી પ્રત્યેની વફાદારી શૂન્યવત્ હતી. પરિણામે પક્ષો અને જૂથો વચ્ચેનો સંઘર્ષ મહદ અંશે વ્યક્તિગત અને સત્તા-લાભ માટેનો હતો. પરિસ્થિતિ ધીરે ધીરે કથળતી ચાલી. હિંસાખોરીના બનાવો, બળવાખોરોની વધેલી પ્રવૃત્તિ વગેરેથી વાજ આવેલા ઉ નુએ, આખરે ૧૯૫૮ના ઑક્ટોબરમાં સામે ચાલીને લશ્કરને સત્તા સોંપી. સંસદના ઠરાવ દ્વારા છ માસ પછી યોજનારી ચૂંટણી દરમિયાન વડા પ્રધાનપદ સંભાળવા માટે ને વીનને આમંત્રણ અપાયું.

ને વીને પોતાનું શાસન બંધારણની મર્યાદામાં રહી ચલાવ્યું. જરૂર જણાઈ ત્યારે તેમણે સંસદની સંમતિ પણ લીધી. 'ન્યૂ સ્ટેટ્સમને' તેમને યોગ્ય રીતે જ 'બંધારણીય સૈનિક' કહી બિરદાવ્યા હતા. રાજાઓના અધિકારોની નાબૂદી અને તેમના પ્રદેશોમાં લોકપ્રતિનિધિત્વવાળી સરકારોની સ્થાપના, ચીન સાથેના સરહદી ઝઘડાની પતાવટ, ગંદા વસવાટો, ચીજ-વસ્તુઓના ભાવોના નિયમન જેવા પ્રશ્નો તેમણે કુશળતાથી હાથ ધર્યા. છેવટે ૧૯૬૦માં ચૂંટણીઓ યોજીને સત્તાનાં સૂત્રો ફરી વાર રાજકારણી-ઓને સોંપી દીધાં.

ઉ નુ : નવી ચૂંટણી છતાં –

આ ચૂંટણીમાં ઉ નુનો પક્ષ બાવન ટકા મત અને ૨૦૧માંથી ૧૫૯ બેઠકો મેળવી ચૂંટાઈ આવ્યો; એન.યુ.એફ. પક્ષ સાવ ખતમ થઈ ગયો, જ્યારે વિરોધી સ્ટેબલ એ.એફ.પી.એફ.એલ. જૂથને ૩૧ ટકા મત અને ૪૨ બેઠકો મળી. (૧૯૫૬માં અવિભાજિત એ.એફ.પી.એફ.એલ.ને ૪૨ ટકા મત અને ૧૪૪ બેઠકો મળી હતી. આ તાસીર હિંદના કૉંગ્રેસ પક્ષના વિભાજન – ચૂંટણીમાં વિરોધી પક્ષોની દશા – સામ્યવાદીઓની નાબૂદી તથા નગણ્ય વિરોધ પક્ષને ખૂબ મળતી આવે છે.)

આ ચૂંટણીનું પૃથક્કરણ થોડુંક ધ્યાન માગી લે છે. ચૂંટણી દરમિયાન ઉ નુ સ્પષ્ટ રીતે સૈન્ય અને તેની કામગીરી અંગે ટીકા કરતા હતા. તેમના પક્ષને ઝળહળતી ફતેહ મળી. સામ્યવાદીઓ ભૂંસાઈ ગયા અને એ.એફ.પી.એફ.એલ.માંથી છૂટું પડેલું જૂથ નહીંવત્ બની ગયું. લોકોએ એક-પક્ષ-પ્રભાવ-પ્રથાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. સંભવત: લોકો સૈન્યની ઝડપથી કામ પૂરું પાડવા માટેની કડકાઈ અને અભદ્ર ઉતાવળમાંથી ઊભી થતી ઢબથી ક્ષુબ્ધ બન્યા હતા. ઉપરાંત પક્ષીય રાજકારણમાં જે નાના નેતાઓનો વર્ગ રચાય છે અને તેમનાં સ્થાપિત હિતો જળવાય છે તે પરિસ્થિતિ સૈન્યના તંત્રમાં નષ્ટ થઈ જતાં આ બડેખાંઓ પણ સૈન્ય વિરુદ્ધ થઈ ગયા હતા. ને વીન સતત લોકો સાથેના સંપર્ક, વિશ્વાસ તેમ જ સૈન્યમાં સાદાઈ, શિસ્ત, ન્યાયપાલન ઉપર ભાર મૂકતા હતા; પરંતુ લોકોના દિલમાં તેઓ વિશ્વાસ જગાવી શક્યા હોય તેમ આ પરિણામોથી

કહી શકાય નહીં. લોકમત વિશે લખતાં પીઢ રાજપુરુષ ડૉ. બા મોએ બ્રહ્મદેશના લોકમાનસમાં શાસક અને રાજ્યના કાર્ય વિશેની માન્યતાને સરસ રીતે રજૂ કરી છે:

> બ્રહ્મદેશનો પ્રજાજન સત્તાધારીના દુષ્ટ આચરણ વિશેની ગમે તેવી ખોટી વાતો પણ સરળતાથી સ્વીકારી લે છે. તે માને છે કે શાસકો દુષ્ટ હોય છે. આમ છતાં હજારો વર્ષથી તેની માન્યતા બંધાઈ ગઈ છે કે સરકારનું કામ તેમના ધર્મને ઉત્તેજન આપવાનું, વિશાળ પેગોડા બાંધવાનું, કર ઉઘરાવવાનું અને પછી મન ફાવે તેમ તેને વાપરવાનું છે. કાયદો તોડનારને તે સજા કરે, પરંતુ લોકોના જીવનમાં તેણે બીજી કોઈ દખલ કરવી જોઈએ નહીં. લોકોને પોતાની રીતે જીવવા દેવા જોઈએ. આ બાબતમાં ફેરફાર પ્રત્યે તે શંકાની નજરે જુએ છે અને તેમને ફાસીવાદી કે જુલમગાર માની લે છે. તેમને માટે ચૂંટણીમાં મુખ્ય મુદ્દો આર્થિક સુધારણા કે કાર્યક્ષમ વહીવટ કરતાં વિશેષ તો ધર્મ અને ધર્મરક્ષાનો જ રહ્યો.

ઉ નુએ ૪ એપ્રિલ, ૧૯૬૦ના રોજ સત્તા ગ્રહણ કરતાં લોકશાહી પ્રણાલીને દૃઢ કરવાનું, નિર્ણયની પ્રક્રિયામાં લોકોને વધુ પ્રમાણમાં ભાગીદાર બનાવવાનું તેમ જ વિવિધ પંચ અને સમિતિઓમાં વિરોધ પક્ષને સ્થાન આપવાનું શરૂ કર્યું. લોકો વાણીસ્વાતંત્ર્યનો છૂટથી પ્રયોગ કરી શકે તે માટે લંડનના હાઇડ પાર્કના અનુકરણમાં હિત્તિની કૉર્નર (જાહેર ભાષણ મેદાન) રચ્યો, તેમ જ બૌદ્ધ ધર્મને રાજ્યધર્મ બનાવવા છતાં અન્ય ધર્મના લોકોના હકોની રક્ષા થાય તે માટે ખાસ પંચની રચના કરી. કલીન એ.એફ.પી.એફ.એલ. પક્ષનું પુનઃગઠન કરી તેને ખ્યિદાંગ્સુ નામ અપાયું.

પરંતુ પક્ષીય લોકશાહીને પગલે સત્તાની ખેંચતાણ, રુશવતખોરી ફરી દેખાવા લાગ્યાં. બંધારણમાં એક એવી જોગવાઈ હતી કે શાન અને કાયાહ જાતિઓ દશ વર્ષ પછી તેમને યોગ્ય લાગે તો અલગ થઈ શકે છે. આ જોગવાઈનો લાભ લઈને આ જૂથોમાંનાં વિભાજક તત્ત્વો દબાણ લાવવા લાગ્યાં. ઉ નુને પોતાની બહુમતીમાં વિશ્વાસ હતો; જ્યારે સૈન્ય એક વાર સત્તાનો સ્વાદ ચાખી ચૂક્યું હતું અને તેને લાગતું હતું કે રાષ્ટ્રનું કલ્યાણ તે જ કરી શકે તેમ છે.

ને વીન : ક્રાન્તિકારી સમિતિનું શાસન

પરિણામે ૧૯૬૨ના માર્ચની ૨જીએ સવારે ને વીને વ્યવસ્થિત રીતે સૈન્યને રંગૂનમાં દાખલ કરી ઉ નુ વગેરે રાજપુરુષોની ધરપકડ કરી અને રેડિયો ઉપરથી પોતે સત્તાગ્રહણ કર્યાની જાહેરાત કરી. ક્યાંય કશો વિરોધ ન થયો. લોકો રોજબરોજની પોતાની પ્રવૃત્તિ કરતા રહ્યા, વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા રહ્યા અને ગંજાવર બહુમતીથી ચૂંટાયેલી સરકારને પદભ્રષ્ટ કરીને સૈન્ય સત્તાધીશ બન્યું. આ 'અહિંસક' સત્તાપલટો વાસ્તવમાં લોકોની ઉદાસીનતાના સાક્ષીરૂપ ગણાવી શકાય.

ને વીને ક્રાન્તિકારી સમિતિની રચના કરી. બ્રહ્મદેશના ઇતિહાસમાં આ એક નવો પ્રયોગ છે. પક્ષો, ચૂંટણી, નાગરિક વહીવટને દૂર કરાયાં છે; પરંતુ સમાજવાદ અને લોકકલ્યાણની વાત ચાલુ રાખવામાં આવી છે. વિકસતાં રાષ્ટ્રોની પ્રજામાં આ એક વિશિષ્ટતા દેખાય છે. સત્તાને સ્વાર્થના રાજકારણનું પ્યાદું બનાવી બિનકાર્યક્ષમતા અને અનિર્ણયને પોષતા રાજપુરુષોને સ્થાને કાર્યક્ષમ વહીવટની સ્થાપના અને ગરીબીની નાબૂદી માટે મક્કમ પગલાં લેવાની અભિલાષાને કારણે લોકો સરળતાથી મજબૂત નેતાગીરી કે સૈનિક શાસનનો ભોગ બને છે. લોકોને પરિણામ જોઈએ છે—

ઘણી વાર તો પરિણામની દિશામાં જઈ રહ્યા છીએ તેવી હૈયાધારણ પણ તેમને માટે પૂરતી છે. ચર્ચાઓ, વિવાદ અને આક્ષેપો તથા અસ્થિરતાથી ગૂંચવાયેલા નાગરિકને આવી હૈયાધારણ લશ્કરી અમલમાંથી મળી રહે છે. એક જ પક્ષ હોવો જોઈએ તેવો આગ્રહ પણ દ્વિધા ઊભી કરતા વિવાદોને નિવારવા માટેની કોશિશનું જ પરિણામ છે.

સમાજવાદનાં તેમનાં ધ્યેય સ્પષ્ટ છે. સમાજવાદની વ્યાખ્યા 'બર્માઝ વે ટુ સોશલિઝમ' નામના ધોપણાપત્રમાં કરાઈ છે અને તેને ચરિતાર્થ કરવા બર્મા સમાજવાદી પક્ષ રચવાની જાહેરાત કરાઈ છે. સમાજવાદના એમના ખ્યાલમાં ઉત્પાદન વધારી દરેકને રોજગારી પૂરી પાડવી એ મુખ્ય હેતુ છે. આ માટે ખેતી, ઉદ્યોગ, વિતરણ, વ્યવહાર તથા વિદેશવ્યાપારનું રાષ્ટ્રીયકરણ કરી સહકારી મંડળી કે સામૂહિક મંડળો હસ્તક તેમની માલિકી મૂકવાનો આશય વ્યક્ત કરાયો છે. સંક્રાન્તિકાળમાં ખાનગી મૂડી અને સાહસો હશે. અલબત્ત, છેવટે પણ સંપૂર્ણ સમાનતા નહીં હોય; પરંતુ પ્રજાના વિવિધ સ્તરોને મળનારા લાભો વચ્ચે મોટો ફરક નહીં હોય. આ હેતુને અનુલક્ષીને શિક્ષણનું આયોજન કરવામાં આવ્યું છે. તેને શ્રમ અને રોજી સાથે સાંકળવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણ માટે નિયંત્રણ છે. ખેતીના આધુનીકરણ અને વહીવટની પુનઃરચનાનાં પગલાં ભરાયાં છે, તેમ જ વેપારઉદ્યોગો ઉપર નિયંત્રણો મુકાયાં છે.

બંધારણનો જૂનો દસ્તાવેજ ચાલુ રખાયો છે. પરંતુ તેમાં પ્રમુખ અને વડા પ્રધાનની જગાએ ક્રાન્તિકારી સમિતિના અધ્યક્ષ એવો શાબ્દિક સુધારો કરી કારોબારી, ન્યાય તથા ધારા વિષયક સત્તા જનરલ ને વીનને હસ્તક મુકાઈ છે. અદાલતોની પુનઃરચના કરી ત્રણ સભ્યોમાંથી એક કાયદાનો નિષ્ણાત અને બીજા બે ક્રાન્તિકારી સમિતિના સભ્યો મુકાયા છે. પરિણામે ન્યાયતંત્રની તટસ્થતાનો કોઈ અર્થ નથી. સમગ્ર રાષ્ટ્ર માટે રૂસી ઢબથી એક જ અંદાજપત્ર ઘડાય છે તેમ જ પોલીસ તથા સલામતી દળોને પણ કેન્દ્રને આધીન રાખવામાં આવ્યાં છે. પરિણામે સમવાયી વ્યવસ્થા માત્ર નામશેષ બની રહે છે.

પક્ષોને દૂર કરી નેતાઓને કેદ કર્યા પછી શરૂમાં અખબારોને વાણીસ્વાતંત્ર્ય હતું. પરંતુ તેમની ટીકાઓથી ત્રાસીને કેટલાકને જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતા. ધર્મને રાજકારણથી અલગ કરીને સૈન્યે એક શ્રેષ્ઠ કામગીરી બજાવી છે. ઢોરોની કતલ ઉપરનો પ્રતિબંધ રદ કરી લઘુમતીના હકોની બાંયધરી અપાઈ છે અને રાજ્યના ધાર્મિક ખર્ચા ઉપર કાપ મુકાયો છે. બિનસાંપ્રદાયિક રાજ્યની દિશામાં કદમ ભરવા સાથે બ્રહ્મદેશનું નાગરિકત્વ માગનારને તે આપવા માટેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. આમ છતાં કેટલીક નૈતિક માન્યતાઓ બાબત તેણે ચોખલિયા વલણ અપનાવી જુગાર, ઘોડદોડ, ક્લબોમાં કેબેરે ડાન્સમાં નગ્નતાનાં પ્રદર્શન, તેમ જ નૃત્યસંગીતની અમુક પ્રકારની સ્પર્ધાઓ ઉપર નિયંત્રણ મૂક્યાં છે. (અલબત્ત, વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે કેટલીક સંસ્થાઓને આમાંથી બાકાત રાખવામાં આવી છે.)

નીતિમત્તાની આ અપેક્ષામાંથી શાસકોમાં પોતે જ સાચા હોવાની વૃત્તિ વિકસી છે. સૈન્ય પાસેથી કડક શિસ્ત, સાદાઈની અપેક્ષા, સામાજિક જવાબદારી અને નૈતિક વર્તનનો આગ્રહ સેવવામાં આવે છે તે જ રીતે સરકારી કર્મચારીઓ પ્રત્યે શંકાની નજરે જોવામાં આવે છે. કથળતાં શૈક્ષણિક ધોરણો તેમ જ શિક્ષણની સામાજિક નિરુપયોગિતા બાબત બુદ્ધિજીવીઓને તકસીરવાર

ગણવામાં આવે છે. અખબારો, પોલીસ, કામદારો વગેરેને આવાં નૈતિક સંભાષણો સાંભળાવવામાં આવે છે. આમાંથી જોઈ શકાય છે કે ક્રાન્તિકારી સમિતિની શૈલી નૈતિકતાવાદી, આદર્શવાદી, મુખત્યારવાદી અને છતાં સહિષ્ણુ છે. પ્રત્યક્ષ અને આત્મવિશ્વાસપૂર્ણ પદ્ધતિ તેની નેતાગીરીનાં ખાસ તત્ત્વો છે. આ નેતાગીરી ધાર્મિક-રાજકીય અને પૂર્વ-લશ્કરી વારસો તેમ જ વ્યાવસાયિક તાલીમનું સાયુજ્ય ધરાવે છે. લાંબા સમય સુધી તેઓ સત્તા ઉપર રહેશે તો તેમાં થોડાઘણા ફેરફારોની શકયતા છે; પરંતુ તેમની પાર્શ્વભૂમિકા જોતાં તેમાં કોઈ સંપૂર્ણ પરિવર્તન શકય નથી.

ક્રાન્તિકારી સમિતિ અને સૈન્ય અગાઉના અનુભવમાંથી એક બોધપાઠ શીખ્યાં છે કે પ્રજાનો વિશ્વાસ અને ટેકો મેળવવા માટે સૈન્ય સામે લોકોના મનમાં જે પૂર્વગ્રહ ઐતિહાસિક અનુભવમાંથી બંધાયો છે તે દૂર કરવો જરૂરી છે. પ્રજા સાથે સંપર્ક વધારીને આ દિશામાં તેઓ સક્રિય બન્યા છે. ઉપરાંત તેમના મોટા હરીફ રાજકીય પક્ષો હજી સક્રિય છે. ઉ નુ મુક્તિ બાદ વિદેશોમાં ફરીને લોકશાહીની પુનઃસ્થાપના માટે પ્રચાર કરી રહ્યા છે અને જરૂર પડયે સશસ્ત્ર સંઘર્ષ કરવા પણ ઉત્સુક છે. વિદેશી સહાય વિના તેમને સફળતા મળે તેમ નથી. પ્રજામાં પણ તેમને કેટલો આવકાર મળશે તે પ્રશ્ન છે. વધુમાં ને વીને એક જાહેરાત દ્વારા ૧૯૭૪માં ફરી લોકશાહી વ્યવસ્થાને સત્તાનાં સૂત્રો અપાશે તેમ જણાવીને આ વિરોધને નિર્બળ બનાવી દીધો છે. આ જાહેરાતમાંથી બે અર્થ નીકળી શકે : એક તો તેમણે ઊભી કરવા માંડેલી પક્ષપ્રથા અને તેમાં પ્રજાને સહભાગી કરવાની યોજનામાં સફળતા પ્રાપ્ત કર્યાનો તેમને વિશ્વાસ છે અને હવે પક્ષીય રાજકારણથી પ્રજાને અવળા પાટા બંધાવી શકાશે નહીં અથવા સૈનિક શાસનની મર્યાદા તેઓ સમજે છે. શાસન અને તેમાં પ્રજાની ભાગીદારી વિના સાચી સ્થિરતા દુર્લભ છે. સમગ્ર તંત્રનો બોજ લાંબા સમય સુધી ઉપાડવા તેઓ તૈયાર નથી.

અખબારો, વિદ્યાર્થીઓ પણ તેમના ટીકાકારો છે. પીઢ નેતાઓ અને નવો ઊગતો અગ્રવર્ગ સૈન્યની સત્તાની ઈજારાશાહી ચલાવી લેવા તૈયાર નથી. વધુમાં સમવાયી વ્યવસ્થામાં વિવિધ જાતિજૂથોને જે પ્રકારની સ્વાયત્તતા મળતી હતી તે લશ્કરી શાસનમાં શકય નહીં હોવાથી તેઓ પણ અસંતુષ્ટ છે. સૈન્ય આ સમસ્યા લોકકલ્યાણ પ્રવૃત્તિ વધારીને તથા નૂતન અગ્રવર્ગને ધીરે ધીરે સ્થાન આપીને, શિક્ષણ, વહીવટ તેમ જ પ્રચાર દ્વારા 'એક રાષ્ટ્ર'ની ભાવનાને દૃઢ બનાવીને ઉકેલવા માગે છે. પુરાણી વફાદારીઓને સ્થાને નૂતન રાષ્ટ્રીયતાનું ઘડતર કરવાની આ એક મોટી કામગીરી છે. વિદેશી લઘુમતીઓનો પ્રશ્ન પણ જટિલ છે. હિંદીઓ અલગ રહ્યા છે, તેમની વેપારી પ્રવૃત્તિ અને મજૂર ક્ષેત્રમાં સ્પર્ધાને કારણે તેઓ પ્રત્યે દ્વેષપૂર્વક જોવામાં આવે છે. ચીનાઓ શરૂમાં લગ્ન, પોશાક વગેરે દ્વારા બ્રહ્મદેશવાસીઓ સાથે ભળી ગયા હતા. પરંતુ તેમની સંખ્યા વધતાં તેમના સંબંધમાં પ્રજા સાશંક બની છે. આ પ્રજાઓને રાષ્ટ્રીય પ્રવાહમાં સામેલ કરવાની પણ એક સમસ્યા છે.

બ્રહ્મદેશમાં મૂળથી જ બળવા, ગેરીલા યુદ્ધો, આંતરસંઘર્ષ સારા પ્રમાણમાં છે. તેમાં પણ સૈનિક શાસન આવતાં લોકમત કે બંધારણીય માર્ગે પ્રશ્નો ઉકેલવાનો માર્ગ રૂંધાઈ જતાં સ્વાભાવિક રીતે જ બળ દ્વારા પ્રશ્નો ઉકેલવાની વૃત્તિ ઉદ્‌ભવે; કારણ કે લોકમતને માર્ગે જ પ્રશ્નો ઉકેલી શકાય તેવી પ્રથા સર્જવાનું, સૈનિક શાસનની પ્રકૃતિ જોતાં, અસંભવ છે.

આર્થિક ક્ષેત્રે પણ તકલીફો ઊભી થઈ હતી. ઉદ્યોગીકરણને બદલે ખેતી ઉપર વિશેષ ભાર મૂક્યો, પરંતુ તેની પેદાશ વિશ્વ-બજારમાં નિકાસ કરવા માટે હતી. ડાંગર તેમનો મુખ્ય પાક અને તેના બજારમાં મંદી તથા સ્પર્ધાને કારણે આવકો ઘટી, સામ્યવાદી રાષ્ટ્રો સાથે ડાંગરના બદલામાં અન્ય માલસામાનના વિનિમય કરવાની રીત નુકસાનકારક સાબિત થઈ અને માર્કેટિંગ બોર્ડ નિષ્ફળ નીવડ્યું. વધુમાં લોકો પોતાની આવકનું ઉત્પાદક રાહે રોકાણ કરવાને બદલે એને ઉત્સવો અને ઉજવણી પાછળ વેડફે છે તે વલણ પણ બદલવાનું રહે છે. રાષ્ટ્રના વિવિધ પ્રદેશોને સાંકળી લેતા સારા માર્ગો પણ બાંધવાના છે.

રૂસની માફક શિક્ષણને રોજગાર સાથે સાંકળી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ ઉપર નિયંત્રણ મૂકીને નવો પાયો રચવામાં આવી રહ્યો છે. ઉદ્યોગીકરણ હજી બાલ્યાવસ્થામાં હોવાથી ઉત્પાદકતા તથા રોજગારી વધારવી, વિકાસ માટેની મૂડી મેળવવી અને સાથે સમાજવાદને અનુરૂપ આર્થિક સમાનતા હાંસલ કરવી તેમ જ જીવનધોરણ ઊંચે લઈ જવું એ બધું વૈતરણી તરવા જેવી કપરી કસોટી રૂપ છે. આ કામ એકાદ દશકામાં કરવું અશકય છે. જનરલ ને વીનના શાસને હૂંડિયામણ ઉપર નિયંત્રણ, આયાત-નિકાસ ઉપર કાબૂ, ઉદ્યોગોનું પુનર્ગઠન તથા કાર્યક્ષમતામાં વધારો, વેપારનું રાષ્ટ્રીયકરણ અને તે દ્વારા મૂડી ઊભી કરવી, લોકોને જરૂરી ચીજો વાજબી ભાવે મળતી રહે અને નફો થોડાક જ માણસોનાં ગજવાંમાં ના જાય તે માટે સરકારી, સહકારી કે સામૂહિક જૂથોને આ વ્યવસ્થા સોંપી આવકોની વહેંચણી અને જીવનધોરણના આંકને કાબૂમાં રાખવાનાં પગલાં લીધાં છે. પરંતુ આ પ્રથામાં અમલદારશાહી ફાલવાનો ભય છે. લોકો પ્રત્યેની ફરજ અદા કરવાની તથા કાર્યક્ષમતા જાળવવાની સૈન્યની કડકાઈમાંથી કયાંક સર્વસત્તાવાદી સમાજ ઊભો ન થાય તે પણ જોવાનું રહે છે.

લશ્કરી શાસને આંતરરાષ્ટ્રીય બાબતોમાં ખૂબ સાવચેત નીતિ અપનાવી છે. આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં સંડોવાઈ વિશ્વનેતૃત્વના કોડ સેવવાને બદલે પોતાના સીમાડા અને રાષ્ટ્રીય ધ્યેયો ઉપર વિશેષ લક્ષ આપ્યું છે. મહાસત્તાઓ સંડોવાઈ હોય ત્યાં તે મૌન રાખવાનું પસંદ કરે છે. તટસ્થતા અને બિન-જોડાણની નીતિનું ચુસ્ત પાલન કરે છે, છતાં રાષ્ટ્રીય હિતમાં પાડોશીઓ સાથે મિત્રતા બાંધવા તે તત્પર છે.

ક્રાન્તિ અને પરિવર્તનના આ સંઘર્ષના અનુભવો પછી આજે બ્રહ્મદેશમાં સ્થિર, કાર્યક્ષમ સરકાર છે. પ્રજાને શાંતિ અને લક્ષ્ય તરફ થતી પ્રગતિ બાબત સંતોષ છે. પ્રજાસત્તાક વ્યવસ્થાની પુનઃસ્થાપના કરવાની જાહેરાતથી તેમણે એક-વ્યક્તિ-શાસનની મર્યાદાઓ વિશેની ચિંતાઓ ઉપર પૂર્ણવિરામ મૂકયું છે. ને વીનની ક્ષમતા, બોજો ઉપાડવાની શક્તિ, તેમની વિદાય કે સત્તાપલટા પછી સર્જનારી અસ્થિરતાને સ્થાને નવી વ્યવસ્થાનું સ્વરૂપ કેવું હશે, તેમાં લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડવા ઉપરાંત સત્તાની સાઠમારી, રુશવતખોરી તથા જૂથવાદ દૂર કરીને સ્થિર અને નક્કર પ્રગતિ માટેનો પાયો નંખાયો હશે કે ફરી પાછી પક્ષીય – સૈનિક – પક્ષીય – સૈનિક શાસનની ઘટમાળ ચાલ્યા કરશે? સત્તાનાં મૂળ કેટલા પ્રમાણમાં લોકોમાં, લોકોની ઇચ્છામાં, લોકોની સંમતિમાં રહેલાં છે તે જ આખરે તો સ્થિરતાનો પાયો છે. હિત અને સંમતિ બંનેનો મેળ બેસાડવાની સમસ્યા તે કેટલા અંશે ઉકેલી શકે તે જોવાનું રહે છે.

૭ : ઇન્ડોનેશિયા

પૂર્વભૂમિકા

ઇન્ડોનેશિયા — ડચ ઇન્ડીઝ, કે લોકહૈયે વસેલા જવા-સુમાત્રા, હિંદી મહાસાગરથી પ્રશાંત મહાસાગર સુધી છ હજાર ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલા આ ટાપુઓ ખૂબ છૂટાછવાયા છે. દરેક ટાપુનાં કદ, વસ્તી, ગીચતા, આર્થિક માળખું, રહેણીકરણી અને ધાર્મિક માન્યતાઓમાં પણ તફાવતો છે. આ ટાપુઓ વચ્ચેનો સાગર પ્રમાણમાં શાંત હોવાથી તેમની વચ્ચે તથા એશિયાની મુખ્ય ભૂમિના પ્રદેશો વચ્ચે અવરજવરમાં સરળતા છે. વિશેષમાં મોટા ભાગનો પ્રદેશ હિંદ અને ચીન વચ્ચેના વ્યવહારમાર્ગમાં આવેલો છે. પરિણામે એ બે દેશોની સંસ્કૃતિ સાથેનો તેમનો સંબંધતંતુ જળવાઈ રહ્યો. સાથે સાથે સામ્રાજ્યો સામે ટક્કર ઝીલવા અને જળમાર્ગ નિર્ભય રાખવા માટે તેમને શક્તિશાળી સૈન્ય અને નૌકાદળ નિભાવવાનાં રહે છે. એક સંગઠિત વિશાળ સામ્રાજ્ય સ્થાપવા માટેની જરૂરી કુશળતા અને ફળદ્રુપ પ્રદેશ જવામાં તેને સાંપડ્યો છે. આથી જ જવાને કેન્દ્રમાં રાખીને તેની સંસ્કૃતિએ આકાર લીધો છે.

ચારેક હજાર વર્ષ અગાઉ અગ્નિએશિયા અને ચીનમાંથી આવીને કેટલીક જાતિઓ અહીં સ્થાયી થઈ. ઈસ્વી સનના પ્રારંભમાં આ વિસ્તાર નૂતન પાષાણયુગ, કાંસ્યયુગ અને લોહયુગમાં પ્રવેશી ચૂક્યો હતો. ખેતી, પાલતુ ઢોર અને હિંદુ ધર્મ તથા સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ પણ થઈ ચૂક્યો હતો. પરંતુ સામ્રાજ્યરચનાનો પ્રયાસ આઠમી સદીની આસપાસમાં જોવા મળે છે: દક્ષિણ સુમાત્રાનું શ્રીવિજય સામ્રાજ્ય અને જવાનું શૈલેન્દ્ર. શ્રીવિજય સાગર સામ્રાજ્ય હતું. તેનું વર્ચસ કિનારાના પ્રદેશ પૂરતું મર્યાદિત હતું. તેની સમૃદ્ધિ અને શક્તિ વ્યાપારી માર્ગ ઉપર મોકળું સ્થાન, નૌકાદળ અને રાજ્યહસ્તકના વ્યાપાર ઉપર નિર્ભર હતી. પરંતુ તેણે કોઈ સંગઠિત વહીવટતંત્ર આપ્યું નથી. રાજકીય રચના એકંદરે પ્રાથમિક કક્ષાની કુળપ્રથા જેવી હતી. સમ્રાટ, હિંદી રાજાઓ માફક, માત્ર ચક્રવર્તીપદની ખંડણી લઈને સંતોષ માનતા. તેમણે એક રાષ્ટ્ર, તંત્ર કે જીવનપ્રણાલી સ્થાપવાની કોશિશ કરી જણાતી નથી. ચૌદમી સદીમાં પૂર્વ જવામાં રચાયેલા વિખ્યાત મજાપહિત સામ્રાજ્યનો ઇતિહાસ પણ આવો જ છે. તેની મહત્તા પણ લશ્કરી બળ ઉપર નિર્ભર હતી અને તે નિર્બળ બનતાં લુપ્ત થઈ ગયું.

હિંદુ ધર્મને પગલે આઠમી સદીમાં બૌદ્ધ ધર્મ આવ્યો. ત્યાર પછી લગભગ ચૌદમી સદીના અંતમાં ઇસ્લામનું આગમન થયું. ઇસ્લામની અસર પણ આ હિંદુ સામ્રાજ્યોના અંત માટે કારણભૂત હતી. અલબત્ત, આ પ્રદેશમાં ઇસ્લામ વેપારીઓ દ્વારા પ્રવેશ્યો હતો. તેનું આગમન બિનલશ્કરી હતું. પરંતુ ઇસ્લામમાં માનનારાં સ્થાનિક રાજ્યો રચાતાં અને તેમણે વેપારી તેમ જ ધાર્મિક

કારણોસર સ્વાયત્તતા પસંદ કરતાં, આ સામ્રાજ્ય નષ્ટ થયું. વળી ઇસ્લામના આગમન છતાં પ્રજાની મોટા ભાગની માન્યતાઓ અને રહેણીકરણીમાં ખાસ ફરક ના પડ્યો. કયાંક તો પ્રાથમિક ધર્મ પણ ચાલુ રહ્યો. ઇસ્લામ સાથે લેખિત કાનૂન, અને 'પાક-ઇસ્લામ' તથા રૂઢિગત માન્યતાઓ સાથે સાથે ઇસ્લામને પણ આવકારતા 'સિન્કેટિસ્ટ મુસ્લિમ' એવા બે પંથ પણ અસ્તિત્વમાં આવ્યા. આ બંને જૂથો વચ્ચે છેલ્લી સદીમાં ભારે ઘર્ષણ જન્મ્યું હતું.

ઇસ્લામ હજી ઠરીઠામ થાય ત્યાં તો, સોળમી સદીમાં યુરોપિયનોનું આગમન શરૂ થયું — પહેલાં પોર્ટુગીઝો અને પછી ડચ. તેમનો મૂળ હેતુ વેપાર હતો, પરંતુ વેપારી ઇજારો જાળવવા માટેના પ્રયાસોમાંથી લશ્કરી અને રાજકીય મહેચ્છાઓ આકાર પામી. ઉત્પાદન અને ભાવસપાટી જાળવવાના પ્રયાસોમાંથી આખરે આ પ્રદેશોના આર્થિક શોષણનો યુગ શરૂ થયો. લાભના પલ્લામાં નૂતન સંસ્કૃતિ સાથેનો સંસર્ગ, અર્થકારણ અને કૃષિ ક્ષેત્રે આધુનિક અભિગમો — કૉફી, રબર અને શેરડી જેવા નવા રોકડિયા પાક. વધુમાં આ સમય સાથે સસ્તી મજૂરી માટે બહોળા પ્રમાણમાં ચીનાઓની આયાત પણ સંકળાયેલી છે.

નેધરલૅન્ડ (ડચ ભૂમિ) નેપોલિયનના વર્ચસ નીચે જતાં ઇન્ડોનેશિયાના વહીવટકર્તા તરીકે આવેલા નેપોલિયનના માર્શલ દીન્દેલ તથા તેમના અનુગામી બ્રિટિશ ગવર્નર રફ્લ્સના શાસનમાં દાખલ કરાયેલી કરપદ્ધતિથી પ્રથમ વાર પ્રજાને વિદેશી શાસનનો પ્રત્યક્ષ સંપર્ક થયો. રસ્તા બંધાયા, વહીવટી તંત્ર પદ્ધતિસર ગોઠવાયું અને પછી ફરી નેધરલૅન્ડનું આધિપત્ય સ્થપાતાં ફરજિયાત રોકડિયા પાકની ખેતીની પ્રથાથી આ પ્રદેશના આર્થિક શોષણ દ્વારા નેધરલૅન્ડના ઉદ્યોગીકરણનો પાયો નંખાયો (૧૮૩૫–૭૭ દરમિયાન નેધરલૅન્ડ ઇન્ડિયા કંપનીએ ડચ ખજાનામાં ૮,૩૭૪ લાખ ગિલ્ડર આપ્યા હતા). આધુનિક ખેતી, રોકડિયા પાકની આવક અને પરિવહન સુધરતાં જાવામાં વસ્તી ગીચ થવા લાગી. સસ્તા મજૂરો અને શોષણ સામે કડક ટીકા થતાં ફરજિયાત ખેતી-પ્રથા રદ કરી ખાનગી ઠેકેદારોને આ જવાબદારી સોંપાઈ. પરંતુ તેનો લાભ આર્થિક રીતે સમૃદ્ધ અને વેપારી કુનેહવાળા ચીનાઓને મળ્યો. જ્યારે વહીવટી માળખામાં રૂઢિગત જમીનદારોનું વર્ચસ હતું.

૧૯૦૯માં વર્તમાન ઇન્ડોનેશિયા તરીકે ઓળખાતો સમગ્ર પ્રદેશ ડચ કાબૂ નીચે આવ્યો. અમલદારોને કેટલાંક ક્ષેત્રોમાં વિશાળ સત્તાઓ મળતાં સ્થાનિક વહીવટમાં તેમની દરમિયાનગીરી વધી. ૧૯૦૧થી રસ્તા, રેલવે, જળમાર્ગ, ખેતી, સિંચાઈ, આરોગ્ય, જંગલો વગેરેના વિકાસ માટે 'લોક-કલ્યાણલક્ષી' નીતિ શરૂ થઈ હતી. શિક્ષણ માટે શાળાઓ શરૂ કરાઈ હતી, જેથી પશ્ચિમી શિક્ષણ માટેનાં દ્વાર ખૂલ્યાં. આ અરસામાં રબર, જસત, ખનીજ તેલ વગેરે ઉદ્યોગોમાં બ્રિટિશ તથા અમેરિકી મૂડી આવતાં ઝડપી ઔદ્યોગિક વિકાસ શરૂ થયો હતો. સ્થાનિક વતનીઓ પણ નવાં સાહસોમાં જોડાવા લાગ્યા હતા. આમ નૂતન ખેતી, નૂતન શિક્ષણ, નવા ઉદ્યોગો અને વેપારી ક્ષેત્રોને કારણે આધુનીકરણની પ્રક્રિયાનો આરંભ થયો, પરંતુ વહીવટી માળખું પ્રથાગત હતું. પરિણામે આ બે વચ્ચેના વિરોધાભાસમાંથી ભીંસ ઊભી થવા માંડી. નિષ્ઠાવાન અમલદારો માટે હતાશાનો, તો નવોદિત અગ્રવર્ગ માટે અજંપાનો યુગ અહીંથી શરૂ થયો. નવોદિત શિક્ષિતો, વેપારીઓ, સમૃદ્ધ ખેડૂતોને પરાધીનતા સાલવા લાગી. જ્યારે ડચ સરકાર તેની સમૃદ્ધિ માટે ઇન્ડોનેશિયા ઉપર અવલંબિત હતી. વસાહતી ડચો પણ પોતાનાં હિતોની રક્ષા ઉપર ભાર મૂકતા હતા. આ સંઘર્ષમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રવાદના ઉદ્‌ભવનાં બીજ રહેલાં છે.

ઇન્ડોનેશિયાના રાષ્ટ્રીય ઉત્થાનમાં પ્રગતિવાદી અને રૂઢિચુસ્ત સંસ્થાઓના તાણાવાણા છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આર્થિક ઉન્નતિનાં લક્ષ્ય ધરાવતી બોદી ઓતોમો(=ઉમદા પ્રયાસ, સ્થા૦ ૧૯૦૮)ને બુદ્ધિજીવી નેતૃત્વ પ્રાપ્ત થયું હતું, પરંતુ આમજનતાને તે આકર્ષી શકયું નહીં. ડચ તથા ચીની વેપારીઓના વિરોધ રૂપે શિક્ષિત-વેપારી નેતૃત્વ નીચે રચાયેલ સરેકત ઇસ્લામ (સ્થા૦ ૧૯૧૨) સંગઠનમાં રાષ્ટ્રીય ભાવાવેશને કારણે હજારો સભ્ય નોંધાયા. પરંતુ તે જુનવાણી અને રૂઢિચુસ્ત હતું. આ સંગઠનની અંદર જ એક સામ્યવાદી જૂથ જામ્યું. પરિણામે સામ્યવાદી-બિનસામ્યવાદી વચ્ચે સંઘર્ષ શરૂ થતાં ૧૯૨૧માં સામ્યવાદીઓને સરેકતમાંથી દૂર કરવામાં આવ્યા. પરંતુ ડચ સરકારે આ રાષ્ટ્રીય પ્રવૃત્તિ ઉપર કરડી નજર કરી તેના ઉપર પ્રતિબંધ મૂકયો. તેમ જ ૧૯૨૬–૨૭માં પશ્ચિમ જાવા અને મધ્ય સુમાત્રામાં સામ્યવાદી-પ્રેરિત બળવાથી ચોંકેલી સરકારે કડક પગલાં લેતાં રાજકીય પ્રવૃત્તિ ઉપર કાપ મુકાયો. બીજી બાજુ ધાર્મિક અને સામાજિક કલ્યાણના હેતુથી રચાયેલ મહમ્મદીજાહ (તેનું નેતૃત્વ રાષ્ટ્રીય ભાવનાવાળા ને નગરવાસી શિક્ષિતોના હાથમાં હતું અને તેણે રાષ્ટ્રીય જાગૃતિમાં સારો ફાળો આપ્યો છે.) તથા નહદતુલ ઉલમા હતાં. પરંતુ સાચી રાષ્ટ્રવાદી અને સંસ્થાન-વાદવિરોધી લડતનો આરંભ ૧૯૨૭માં ઇન્ડોનેશિયાઈ રાષ્ટ્રવાદી પક્ષ(પી.એન.આઈ.)ની સ્થાપનાથી થયો ગણાય. યુવાન ઇજનેર સુકર્ણોના નેતૃત્વ નીચે બાન્ડુંગમાં એકઠા મળેલા યુવાનોનો આ પક્ષ ઝડપથી રાષ્ટ્રીય આંદોલનનો સૂત્રધાર બની ગયો. આ જૂથના નેતાઓ સુકર્ણો, હાટા, શહરીર વગેરે નેધરલૅન્ડથી શિક્ષણ લઈ પાછા ફર્યા હતા. હાટા અને શહરીરે યુવકોને તાલીમ આપવાની જવાબદારી ઉપાડી લીધી. ૧૯૩૩–૩૪ દરમિયાન સરકારે તેમાંના ઘણાને હદપાર કર્યા કે જેલ આપી. ડચ ગવર્નર જનરલ જોન્ગે તો માનતા હતા કે '૩૦૦ વર્ષથી અમે ચાબુક અને દંડાથી શાસન કરી રહ્યા છીએ અને બીજાં તેટલાં જ વર્ષો સુધી કરતા રહીશું.'

પત્રકારત્વ, સામાજિક કલ્યાણ, સહકારી પ્રવૃત્તિ, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં રાષ્ટ્રવાદીઓની વધતી જતી પકડને ડામવા માટે સરકારે શિક્ષણના વિસ્તારણ ઉપર કાપ મૂકયો ત્યારે પ્રતિકાર આંદોલન શરૂ કરવા ઉપરાંત મહમ્મદીજાહ અને તમામ સિસ્વ સંગઠનો દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપાડી લેવામાં આવી.

ડચ સરકારે ૧૯૧૮માં લોકસમિતિ રચી હતી જેમાં જાતિ-જૂથોના ધોરણે ચૂંટાયેલા – નિમાયેલા સભ્યો હતા. ૧૯૨૭માં તેને ધારાકીય સત્તા અપાઈ પરંતુ તેના ઉપર ગવર્નરનો 'વિટો' હતો; ૧૯૩૧માં તેમાં પૌરસ્ત્યોની બહુમતીનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હતો પરંતુ રાષ્ટ્રવાદીઓ તેને અર્થહીન ગણતા હતા અને તેમણે તેનો બહિષ્કાર કરેલો હતો. ડચ સરકારનું વલણ અક્કડ હતું અને જર્મન આક્રમણ પછી પણ તેણે ડચ બંધારણની અંદર રહીને પણ આ પ્રદેશોને સ્વશાસન આપવાની માગ ઠુકરાવી હતી. માત્ર એવી બાંયધરી અપાઈ કે યુદ્ધ પછી બંને વચ્ચેના સંબંધોનું પુનર્ગઠન કરાશે.

આવી ડચ નીતિને પરિણામે રાષ્ટ્રવાદી નેતાઓને માત્ર વિરોધી તરીકે જ કામ કરવું પડયું છે અને તેમને સરકારી કારોબાર ચલાવવાની વિધાયક તાલીમ નથી મળી. હતાશાને કારણે તેઓ ઉગ્ર સંઘર્ષ તરફ વધુ ઝૂકતા ગયા. પ્રાદેશિક અને સ્થાનિક કક્ષાએ પણ લોક-સહયોગ નામનો જ હતો. પ્રથાગત મુખીઓ વંશપરંપરાગત સ્થાન ભોગવતા અને તેમાં પણ 'લોકકલ્યાણલક્ષી' નીતિના ઓઠા

નીચે ખૂબ દરમિયાનગીરી હતી. સરકારી નોકરીઓમાં ઈન્ડોનેશિયનોનું સ્થાન નજીવું હતું (૧૯૪૦માં ઉચ્ચ હોદ્દાની ૩૦૩૯ જગાઓમાંથી માત્ર ૨૨૧ જગા પર ઈન્ડોનેશિયનો હતા.) સૈન્યમાં પણ મિન્હાસા અને અમ્બોન જેવા ખાસ ડચ-તરફી વિસ્તારોમાંથી જ ભરતી કરવામાં આવતી હતી અને લેફ્ટનન્ટ કરતાં ઊંચા હોદ્દા ઉપર ભાગ્યે જ કોઈ ઈન્ડોનેશિયન હતો.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૨માં જપાનના હાથે ડચ સૈન્યોનો ભૂંડો પરાજય થયો અને સાડા ત્રણ વર્ષ સુધી આ પ્રદેશ જપાનના કબજા નીચે રહ્યો. જપાની શાસને આ પ્રદેશમાં સમગ્ર ડચ વ્યવસ્થાતંત્રને ઉખેડી નાખી આમૂલ પરિવર્તન માટેના ઉદ્દીપક તરીકેની કામગીરી બજાવી. ગોરાઓની જાહેર નામોશી અને કેદ, અનેક ઉચ્ચ હોદ્દાઓ ઉપર ઈન્ડોનેશિયનોની બઢતી, સૈન્યમાં વિશાળ પાયા ઉપર યુવાનોની ભરતી અને તાલીમ, વ્યવહારના માધ્યમ તરીકે નૂતન મલય ભાષાનો પ્રયોગ આદિ ઈન્ડોનેશિયાની પ્રજાને એક નવી રાષ્ટ્રીયતા સિદ્ધ કર્યાનો સંતોષ આપતાં હતાં. શરૂથી જ સુકર્ણો, હાટા જેવા નેતાઓ તેમ જ સરેકત, મહમ્મદીજાહ, નહદતુલ જેવી સંસ્થાઓએ જપાનીઓ સાથે સહકાર કર્યો અને ત્રણ લાખ જેટલા ઈન્ડોનેશિયનોને વિદેશી ગ્રામછાવણીઓમાં ધકેલી મૂકવાની હદે જપાની દમન પછી ભ્રમનિરસન થયા બાદ પણ_વ્યવહારુ દૃષ્ટિથી તેમણે આ સહકાર ચાલુ રાખ્યો.

બીજી બાજુ, જપાન સાથે સંઘર્ષ કરવામાં માનતાં જૂથો—(રૂસી વલણને કારણે) ડાબેરી સુટોમો અને (ગોરાઓ સાથેની વફાદારીને કારણે) જમણેરી પેરિન્ડા—ભૂગર્ભમાં ચાલ્યાં ગયાં હતાં અને ગેરીલા યુદ્ધ આપતાં હતાં.

આ ભિન્નત્વ પણ સહકાર અને વિરોધમાં પડેલાં જૂથોના સંગઠનને મજબૂત કરવામાં નોંધપાત્ર સાબિત થયું છે. પ્રતિકાર કરનાર ડાબેરીઓ ઊંડાણના પ્રદેશોમાં તેમ જ કેટલાક શહેરી વિસ્તારોમાં વફાદાર સહાયકો મેળવી શકયા, જ્યારે સહકાર કરનાર રાષ્ટ્રવાદી અને ધાર્મિક જૂથો જપાનની સહાયથી વિવિધ શાખાઓ ખોલી સંગઠનને વધુ વ્યાપક અને મજબૂત બનાવી શકયા. જપાનની વિદાય પછી ડચ સરકાર સામેના પ્રતિકારમાં આ થાણાં અને વફાદારીઓ લાભકારક સાબિત થયાં તેમ જ સ્વાતંત્ર્ય પછીના સંઘર્ષમાં પણ તે ઉપકારક નીવડયાં. આ ગાળામાં જ મહમ્મદીજાહ અને નહદતુલને એક કરીને મસ્જૂમી જૂથ રચવામાં આવ્યું.

પીછેહઠની ઘડીઓમાં જપાને ઈન્ડોનેશિયાને સ્વતંત્રતા આપવાનું વચન આપ્યું અને ૧૯૪૫ના માર્ચમાં સુકર્ણો અને હાટાના અધ્યક્ષપદે તૈયારી સમિતિની રચના કરવામાં આવી. જપાનના પરાજય સાથે ડચ દળો પાછાં પ્રવેશવા લાગ્યાં. પરંતુ હવે રાષ્ટ્રવાદી નેતાઓ સ્વાધીનતા માટે મળેલી તકને છોડવા તૈયાર ન હતા.

પ્રજાસત્તાક: સુકર્ણોનો કરિશ્મા

એક બાજુ ૧૫ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ જપાને શરણાગતિ સ્વીકારી ત્યારે તા. ૧૭મીએ સુકર્ણો-હાટાએ ઈન્ડોનેશિયાઈ પ્રજાસત્તાકની જાહેરાત કરી. ત્રણ જ અઠવાડિયાંમાં બંધારણ રચી સુકર્ણોના પ્રમુખપદ અને હાટાના ઉપપ્રમુખપદ નીચે કેન્દ્રીય સમિતિની રચના કરવામાં આવી. લગભગ બધા જ રાજકીય પક્ષો અને ભૂગર્ભ પ્રતિકાર દળોનો તેમને ટેકો હતો.

ડૉ. સુકર્ણ (ઇન્ડોનેશિયા)

ડૉ. હાટા (ઇન્ડોનેશિયા)

શહરીર (ઇન્ડોનેશિયા)

ડૉ. સુબાન્દ્રિયો (ઇન્ડોનેશિયા)

અગ્નિ–એશિયાઈ નેતૃત્વ

સુહાર્તો (ઇન્ડોનેશિયા)

અઉન્ગ સાન (બ્રહ્મદેશ)

ઉ નૂ (બ્રહ્મદેશ)

ને વીન (બ્રહ્મદેશ)

સામ્યવાદી જૂથ
પશ્ચિમી સંરક્ષણ યોજના
નૉર્વે
ગ્રેટ બ્રિટન
ડેનમાર્ક
પોર્ટુગલ
સોવિયેત
ક્યૂબા
બ્રિટિશ ગિયાના
ગ્વાટેમાલા

૧૯૫૪માં સામ્યવાદી અને બિનસામ્યવાદી એ બંને સંરક્ષણ પ્રથાઓમાં તનાવ પ્રવર્તતો હતો. હિન્દી-ચીનમાં આંતર-ુ·ચાલી રહ્યો હતો. ત્યાં સામ્યવાદીઓ ને પશ્ચિમી સત્તાઓ સામસામે હતાં. બ્રિટિશ ગિયાના અને ગ્વાટેમાલાની મયની સરકારો સામ્યવાદીઓ સાથે મૈત્રીસંબંધ ધરાવતી હતી. રશિયાના ઉપગ્રહ જેવા કેટલાક દેશોમાં સામ્યવાદી સામે ઉગ્ર વિરોધ હતો. સ્પેન, લિબિયા અને પાકિસ્તાન પશ્ચિમ સાથે હવાઈ મથકના વપરાશની કે અન્ય પ્રકારની લશ્કરી જોગવાઈઓથી સંકળાયેલાં હતાં.

વિશ્વ : ૧૯૫૪

પ્રિન્સ સિહનૂક (કમ્બોડિયા)

પ્રિન્સ સોવાન્ના ફૂમા (લાઓસ)

લોન નોલ (કમ્બોડિયા)

રાજા ભૂમિબોલ (થાઈલેન્ડ)

અગ્નિ-એશિયાઈ નેતૃત્વ

બાઓ દાઈ (વિયેટનામ)

ન્ગો ડિન્હ જિયેમ (વિયેટનામ)

નાગ્યુયેન વાન થિયુ (વિયેટનામ)

માદામ બિન્હ (વિયેટનામ)

નેધરલૅન્ડ આ હકીકત સ્વીકારવા તૈયાર ન હતું. જપાને રચેલી આ સરકારને મિત્ર રાજ્યોની સહાયથી પોતે ઉખેડી મૂકશે તેવા ખ્યાલથી તેણે સૈન્યો મોકલ્યાં. પરંતુ તેની ગણના ભૂલભરેલી હતી. શસ્ત્રો કે સત્તા સોંપવા આનાકાની કરતાં જપાનીઓ સામે રાષ્ટ્રવાદી દળો જે મક્કમ સામનો કરતાં હતાં તેમાંથી જ રાષ્ટ્રવાદીઓનો આ નિર્ધાર જણાઈ આવે છે. પ્રજાનો તેમને ટેકો હતો. વધુમાં જપાનીઓ સાથેના સહકારની ટીલી ભૂંસી નાખવા માટે ભૂગર્ભ પ્રતિકાર ચલાવતા ઉદ્દામ-વાદી યુવાન નેતાઓ શહરીર અને સરીફુદ્દીનનો વિસ્તૃત કેન્દ્રીય સમિતિમાં સમાવેશ કરાયો. રાષ્ટ્રવાદી પક્ષ, મસ્જૂમી, ઉપરાંત શહરીરનો મજબૂત યુવક પાંખ ધરાવતો સમાજવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ અને બીજા અનેક પક્ષો રચાયા. વધુમાં સૈન્ય નિર્ણાયક પરિબળ બની ચૂકયું હતું. તે કોઈ પણ સંજોગોમાં ડચ સરકાર સાથે સમાધાન કરવા તૈયાર ન હતું. રાજકીય પક્ષોમાં પણ તેની સારી વગ હતી, અને ઘણા વિસ્તારો ઉપર તેનું શાસન હતું. શહરીર હજી કોઈ સમાધાનકારી ઉકેલ આવે તો તેની તરફેણમાં હતા. પરિણામે કેન્દ્રીય સરકાર, સૈન્ય અને ડચ સરકાર ત્રણે ઈન્ડોનેશિયામાં આધિપત્ય જમાવવા મથતાં હતાં. ડચ સરકાર અને રાષ્ટ્રવાદી સરકારના સાર્વભૌમત્વના દાવા સામ-સામે ટકરાતાં ઉઘાડો સંઘર્ષ અનિવાર્ય હતો. ૧૯૪૬માં કેટલાંક મુખ્ય નગરોમાં ડચ સરકારનું આધિ-પત્ય હતું અને તે ઈન્ડોનેશિયાનું વિભાજન કરી સ્વાયત્ત એકમો અને સ્વતંત્ર રાજ્યો રચવા મથતું હતું, જ્યારે બાકીના સમગ્ર પ્રદેશ ઉપર રાષ્ટ્રવાદીઓનું પ્રભુત્વ હતું. આખરે મિત્ર રાજ્યોના દબાણને વશ થઈ ડચ સરકારે રાષ્ટ્રવાદી સરકાર સાથે એક કરાર કરી પ્રજાસત્તાકને જાવા-સુમાત્રા પૂરતી હકીકતી સ્વીકૃતિ આપી અને બંનેએ સમવાયી સાર્વભૌમ ઈન્ડોનેશિયાની રચના કરવા સંમતિ દર્શાવી.

પરંતુ આ કરાર બંને પક્ષે ટીકાપાત્ર બન્યો અને તે વચગાળાના સમાધાન જેવો જ હતો. ડચ સૈન્યોએ ૧૯૪૭માં આક્રમણ કરી જાવા-સુમાત્રાના કેટલાક પ્રદેશો ઉપર કબજો જમાવતાં યુનોની સુરક્ષા સમિતિમાં હિંદ અને ઑસ્ટ્રેલિયા તરફથી વિરોધ નોંધાવવામાં આવ્યો. યુનોએ માત્ર યુદ્ધ-બંધીનો ઠરાવ કર્યો અને પ્રદેશો તો ડચ સરકાર હસ્તક જ રહ્યા. ડચ અને રાષ્ટ્રવાદીઓ વચ્ચે સુલેહ કરવા માટે યુનોએ રચેલી ત્રણ સભ્યોની શુભેચ્છા સમિતિના અધ્યક્ષ અમેરિકાના દબાણથી ડચ સરકારે રેનવીલે કરાર કર્યા. પરંતુ ઈન્ડોનેશિયન પ્રજાને તે સ્વીકાર્ય ન હતા. આ સંઘર્ષ દરમિયાન શહરીરના સ્થાને વડા પ્રધાનપદે આવેલા સમાજવાદી સામ્યવાદ-તરફી સરીફુદ્દીનના પ્રધાનમંડળનું કરાર પછી પતન થયું અને હાટાની આગેવાની નીચે મસ્જૂમી પ્રધાનમંડળ સત્તાસ્થાને આવ્યું. આ ગાળામાં રશિયાથી નાટકીય રીતે પાછા ફરેલા સામ્યવાદી નેતા મૂસોએ સામ્યવાદ-તરફી બળોને એક છત્ર નીચે આણ્યાં અને તેમની તાકાત વધવા લાગી.

૧૯૪૮ના સપ્ટેમ્બરમાં પૂર્વ જાવાના એક સામ્યવાદી જૂથે સુકર્ણો-હાટાની નેતાગીરી સામે એકાએક બળવો પોકાર્યો. કદાચ મૂસો હજી આવાં પગલાં માટે તૈયાર ન હતો, પરંતુ તેને આ પ્રયાસ-માં સામેલ થવું પડયું. એક માસ ચાલેલા આ બળવામાં મૂસો માર્યો ગયો અને સરીફુદ્દીન વગેરે નેતાઓને ફાંસી આપી સામ્યવાદી પ્રતિકારને કચડી નાખવામાં આવ્યો.

આ તબક્કે ડચ સૈન્યોએ વીજળિક હુમલો કરી પ્રજાસત્તાકની રાજધાની ઉપર કબજો જમાવ્યો તથા સુકર્ણો-હાટાને પકડીને એક ટાપુ ઉપર કેદ કર્યા. આ જ અરસામાં ચીનમાં સામ્યવાદીઓ વિજયી બની આગળ વધી રહ્યા હતા, જ્યારે અહીં ઈન્ડોનેશિયાનું નવજાત પ્રજાસત્તાક સામ્યવાદી-

ઓને જેર કરવા મથી રહ્યું હતું. એટલે વિશ્વમત — ખાસ તો લોકશાહી રાષ્ટ્રોનો પ્રજામત અને સરકારો પણ ઈન્ડોનેશિયાઈ પ્રજાસત્તાક પ્રત્યે સહાનુભૂતિ ધરાવતાં હતાં. યુનોની સુરક્ષા સમિતિએ ડચ-વિરોધી વલણ અપનાવ્યું. અમેરિકી કૉંગ્રેસે પણ ડચ વિરોધી વલણ અપનાવી પ્રમુખ ઉપર દબાણ આણ્યું અને ડચ સરકારને માર્શલ યોજના નીચે મળતી સહાય મોકૂફ રાખવાની ધમકી આપી. તે સાથે ઈન્ડોનેશિયામાં ઉગ્ર બનેલા ગેરીલા પ્રતિકારને કારણે આખરે ડચ સરકારે નમતું આપ્યું. પશ્ચિમ ઈરિયન સિવાયના પ્રદેશો ઉપર સાર્વભૌમ 'સમવાયી' ઈન્ડોનેશિયન સરકારને સર્વ સત્તા સોંપવાનું નક્કી કરવામાં આવ્યું. આ સમજૂતીમાં સમવાયી વ્યવસ્થા ઉપરાંત ઈન્ડોનેશિયાની પ્રજાને અણગમતી બીજી બે જોગવાઈઓ હતી: (૧) ડચ વેપારી હિતોની રક્ષા માટે રાષ્ટ્રવાદી સરકારે ૪૩,૦૦૦ લાખ ગિલ્ડરનું દેવું ભરપાઈ કરી આપવું. (૨) મહત્ત્વના નાણાકીય નિર્ણયોમાં ડચ સરકાર સાથે સલાહ કરવી. આમ છતાં, સુકર્ણો-હાટાની લોકપ્રિયતા તથા રાષ્ટ્રવાદી પક્ષ અને મસ્જૂમી જેવા મુખ્ય રાજકીય પક્ષોના ટેકાને કારણે તેની સ્વીકૃતિ સંભવિત બની. આખરે ૧૯૪૯ના ડિસેમ્બરની તા. ૨૬મીએ પ્રજાસત્તાકની સ્થાપના થઈ.

૧૯૪૯થી શરૂ થતો સ્વાતંત્ર્યોત્તર દશકો, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રઘડતરનો પ્રથમ તબક્કો, 'ઉદાર-મતવાદી લોકશાહી' તરીકે ઓળખાય છે. રાષ્ટ્રીય એકતાના સર્જન અને પક્ષીય લોકશાહીને પગભર કરવાના પ્રયાસો સાથે અગ્નિ એશિયાઈ રાષ્ટ્રોની ક્રાન્તિની, આ પ્રકરણના પ્રારંભે નિર્દેશેલ તાસીર મુજબના સંઘર્ષો આ સમયમાં દૃષ્ટિગોચર થાય છે.

રાષ્ટ્રીય અસ્મિતાની ઝંખનામાંથી ઉદ્‌ભવેલી એકતાની અપેક્ષાને લીધે ડચરચિત સમવાયી માળખું રદ કરીને એકતંત્રી (યુનિટરી) સરકાર રચાઈ. પરંતુ પક્ષો વચ્ચેની ખેંચતાણને કારણે આ ગાળામાં રાજકીય અસ્થિરતા વરતાતી રહી.

અનેક નાના પક્ષો, કોઈ પણ પક્ષની ચોખ્ખી બહુમતીના અભાવે આંતરિક ગોઠવણો, પક્ષની અંદરનાં વિવિધ જૂથો વચ્ચે સંઘર્ષ તેમ જ પ્રમુખ અને સૈન્ય દ્વારા એક કે બીજા પક્ષને ટેકો — આ બધાં કારણોસર પ્રધાનમંડળોનું પતન થતું રહ્યું. હાટા ઉપપ્રમુખ બનતાં નાસ્તીરનું પ્રધાનમંડળ અસ્તિત્વમાં આવ્યું. આ સમયે રાષ્ટ્રવાદી પક્ષ (૪૭ બેઠકો) અને મસ્જૂમી (૩૫ બેઠકો) વચ્ચે જોડાણ હતું. આ બંને પ્રધાનમંડળ મસ્જૂમી નેતૃત્વવાળાં હતાં. અન્ય પક્ષોમાં શહરીરનો સમાજવાદી પક્ષ અસરકર્તા હતો. ઉપરોક્ત બંને પક્ષોમાં સમાજવાદી વિચારસરણી પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા સભ્યો હતા, જેથી શહરીર આડકતરી અસર પાડી શકતા હતા. આ પછી રચાયેલા સુકીમાન અને વિલોપોનાં પ્રધાનમંડળ રાષ્ટ્રવાદી પક્ષના નેતૃત્વ નીચે હતાં. ૧૯૫૨માં વિલોપો પ્રધાનમંડળ પછી રચાયેલા અલી પ્રધાનમંડળ સુધીના આ ત્રણ વર્ષના ગાળામાં ચાર પ્રધાનમંડળ બદલાયાં; પરંતુ તેમણે અપનાવેલી નીતિમાં સમાનતા હોવાથી એકસૂત્રતા જળવાઈ રહી. ફુગાવાને કાબૂમાં રાખી આર્થિક વિકાસ કરવાની તેમ જ ઈન્ડોનેશિયાઈકરણની નીતિમાં સાવચેતીપૂર્વક આગળ વધવાની તેમની નેમ હતી. તે બિનજોડાણવાદી હતા, પશ્ચિમ વિરોધી નહીં. પરંતુ ૧૯૫૦થી જ પક્ષોનાં વિભાજન થયાં અને બંને છેડાના ઉગ્રમતવાદી પક્ષો આગળ આવવા લાગ્યા. ૧૯૫૨માં મસ્જૂમીમાંથી ૮ સંસદ સભ્યોએ અલગ પડી ઈસ્લામિક રૂઢિવાદી નહદતુલ ઉલ્મા પક્ષને પુનર્જીવિત કર્યો અને ૧૯૫૫ની ચૂંટણીમાં તે રાષ્ટ્રનો ત્રીજો મહત્ત્વનો પક્ષ બની ગયો. બીજી બાજુ, સામ્યવાદીઓ પણ

ફરી સંગઠિત બનવા લાગ્યા હતા. ત્રીજી બાજુ, અગ્રવર્ગમાં એકમતી ના'ટ થઈ ચૂકી હતી તેમ જ સૈન્યના એક જૂથે ૧૯૫૨ના ઑક્ટોબરમાં કરેલા બળવાથી આંતરવિગ્રહ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે ચૂંટણીઓમાં ધ્રુવીકરણની પ્રક્રિયા નજરે ચડતી હતી.

વિલોપોના પ્રધાનમંડળના પતન પછી મસ્જૂમી અને રાષ્ટ્રવાદી પક્ષ વચ્ચે ભંગાણ પડ્યું. પી.એન.આઈ., નહદતુલ ઉલમા, નાના રાષ્ટ્રવાદી પક્ષો અને સામ્યવાદી ટેકાવાળું અલી શાસ્ત્રો-મિદજોજો પ્રધાનમંડળ રચાયું; જ્યારે મસ્જૂમી, સમાજવાદી અને બે એક ખ્રિસ્તી પક્ષો સામી બાજુ રહ્યા હતા. અલીએ ઉદ્દામવાદી પગલાં લેવા માંડ્યાં. આથી અમલદારી તંત્રની બોલબાલા વધી, રુશવતખોરી વધી તેમ જ સરકારી રોકાણો વધતાં ફુગાવો પણ વધ્યો. હજી બિનજોડાણવાદની નીતિ ચાલુ હતી, અને ૧૯૫૫માં યોજાયેલી બાન્દુંગ પરિષદમાં સુકર્ણો-નેહરુ-ચાઉ દ્વારા થયેલા પંચશીલના સિદ્ધાન્તોમાં તે અભિવ્યક્ત થાય છે. આમ છતાં વિદેશનીતિમાં થોડોક ઉદ્દામવાદી ઝોક નજરે પડે છે. આ માટે ડચ સાથે હજી બાકી રહેલા પશ્ચિમ ઈરિયનના પ્રદેશ અંગેનો ઝઘડો પણ એક કારણ ગણાવી શકાય. બીજી બાજુ અલી પ્રધાનમંડળે સરકારી ખાતાંઓમાં પોતાના માણસો ગોઠવવા માંડ્યા. સૈન્યમાં પણ વડાપદે પોતાના માણસો મૂકવાની તેમણે કોશિશ કરી. પરંતુ સૈન્યે તેનો પ્રતિકાર કરતાં અલી પ્રધાનમંડળનું પતન થયું. મસ્જૂમી, સમાજવાદી અને ઉલમા પક્ષનું સંયુક્ત પ્રધાનમંડળ સત્તાસ્થાને આવતાં ફરી પહેલાંની નીતિ અપનાવવામાં આવી. ભાવો નીચા ગયા. પરંતુ વિદેશી સ્પર્ધા સામે ટકી રહેવાનું ઈન્ડોનેશિયાઈ વેપારીઓ માટે કપરું બન્યું અને નવા પ્રધાનમંડળે સનદી સેવામાં પોતાના માણસો મૂકવા માંડ્યા.

પરિણામે નીતિવિષયક મતભેદોને બદલે વ્યક્તિગત અને જૂથવાદી મતભેદો મોખરે આવ્યા, અમલદારી તંત્રની નિષ્ઠા ઘટી, સંસદમાં પક્ષો એકબીજાના કટ્ટર દ્વેષી બની ગયા. ચૂંટણીઓમાં પણ વૈચારિક મતભેદોને બદલે જાતિગત, ધાર્મિક તથા અન્ય સામાજિક વફાદારીઓનો સવિશેષ ઉપયોગ થવા લાગ્યો. વિભાજક પરિબળોની આ ખેંચતાણને કારણે – 'એક મજબૂત વ્યક્તિ', 'લશ્કરી શાસન', 'બીજી ક્રાન્તિ' અને 'મૌલિક ઈન્ડોનેશિયાઈ સ્વરૂપની લોકશાહી'ના વિચારોને આવકાર મળવા લાગ્યો. એકંદરે સમગ્ર રાજકીય માળખાના વાજબીપણા તથા કાર્યક્ષમતા બાબત શંકા ઉદ્ભવી.

ચૂંટણીને અંતે પક્ષોની સંખ્યા ઘટશે તેવી આશા સાચી પડી. ૨૬૦ના સભાગૃહમાં મસ્જૂમી (૫૭), રાષ્ટ્રવાદી પક્ષ (૫૬), ઉલમા (૪૫) અને સામ્યવાદીઓ (૩૯) મુખ્ય હતા. પરંતુ તેથી રાજકીય સોદાબાજીમાં કોઈ ફરક ન પડ્યો. અલીના નેતૃત્વ નીચે બિનસામ્યવાદી પક્ષોનું સંયુક્ત પ્રધાનમંડળ રચાયું, પરંતુ મસ્જૂમી સાથેના મતભેદો કટ્ટર બની ચૂક્યા હતા અને તેઓ રાજકીય પ્રથામાં પ્રજાનો વિશ્વાસ દૃઢ કરવામાં અસફળ રહ્યા. બીજી બાજુ ખુદ સૈન્ય જ મોટા પાયા ઉપરની દાણચોરીમાં સંડોવાયેલું હતું. સામ્યવાદ વિરોધી કર્નલ લ્યુબિસની હિલચાલ બળવત્તર બનતી જતી હતી, પ્રમુખ સુકર્ણો પક્ષપ્રથાની નવરચના કરી 'નિર્દેશિત લોકશાહી' (ગાઇડેડ ડેમોક્રસી) રચવા માટે હાકલ કરી રહ્યા હતા. આ તબક્કે ૧૯૫૬ના ડિસેમ્બરમાં, સુમાત્રાના ત્રણ પ્રાંતોમાં સ્થાનિક લશ્કરી એકમો દ્વારા રક્તવિહીન ક્રાન્તિ કરીને લશ્કરી અમલદારોના નેતૃત્વવાળી સમિતિઓ રચવામાં આવી. અલી પ્રધાનમંડળ સામે રુશવતખોરી, તુમારશાહી, અતિશય કેન્દ્રીકરણ, પ્રાદેશિક પક્ષપાત તથા સામ્યવાદીઓ પ્રત્યે અતિશય સહિષ્ણુ વલણનો આક્ષેપ મૂકી તેમની સત્તાને ફગાવી દેવામાં આવી.

સુમાત્રાના એક પ્રાંતમાં સરકાર આ બળવાને અંદરથી તોડી નાખવામાં સફળ બની, પરંતુ પ્રતિકારનો ચેપ અન્યત્ર પણ પ્રસર્યો. આ નવી રચનાને મસ્જૂમી તથા સમાજવાદી બળોનો ટેકો હતો, જે સંયુક્ત પ્રધાનમંડળમાં ઉદ્‌ભવેલા વિભાજનનું સૂચક છે. આ વિભાજનને જાતિવાદી બળોનો પણ ટેકો હતો. મસ્જૂમી જૂથ તરફથી ૧૯૫૬ના ડિસેમ્બરમાં ઉપપ્રમુખ તરીકે રાજીનામું આપનાર હાટા તથા સુકર્ણોની સંયુક્ત નેતાગીરીવાળા તંત્રની હિમાયત કરવામાં આવી હતી. હાટાને સામેલ કરવાની માગ પાછળ સામ્યવાદના પ્રતિકારની અને સુમાત્રાને પ્રતિનિધિત્વ આપવાની ઝંખના હતી. ચૂંટણીમાં મતદાનની તાસીર ઉપરથી જણાય છે કે રાષ્ટ્રવાદી સામ્યવાદી પક્ષ અને ઉપલા પક્ષના ૮૫ ટકા ટેકેદારો માત્ર મધ્ય અને પૂર્વ જાવામાં હતા. મસ્જૂમીના ૫૦ ટકા ટેકેદારો જાવા સિવાયના ટાપુઓમાં પથરાયેલા હતા અને જાવામાંથી તેને મળેલા મત મુખ્યત્વે જાતિવાદી ધોરણે હતા.

કેન્દ્ર સરકારની ઘટતી જતી વગ અને બળવા જેવી આ સ્થિતિના ઉકેલ માટે સુકર્ણોએ ફેબ્રુઆરી '૫૭માં 'નિર્દેશિત લોકશાહી' રચવાની જાહેરાત કરી. માર્ચમાં અલી પ્રધાનમંડળે રાજીનામું આપ્યું. કામદાર, ખેડૂત, વેપારી, સૈન્ય વગેરેનું વ્યાવસાયિક પ્રતિનિધિત્વ ધરાવતી ઉચ્ચ કક્ષાની સલાહકાર સમિતિ રચવામાં આવી. બિનપક્ષીય ઇજનેર જુઆન્ડાના નેતૃત્વ નીચે મસ્જૂમી અને સામ્યવાદી સિવાયના પક્ષોના પ્રતિનિધિત્વવાળા સંયુક્ત પ્રધાનમંડળની રચના કરવામાં આવી. સામ્યવાદીઓએ સુકર્ણોના આ પગલાને ટેકો આપ્યો અને ફળસ્વરૂપે રાષ્ટ્રીય સમિતિમાં સામ્યવાદીઓને સ્થાન મળ્યું.

કેન્દ્રની લશ્કરી પાંખને મજબૂત કરવા માટે સુકર્ણોએ રાષ્ટ્રભરમાં માર્શલ લૉ જાહેર કરી નાગરિક બાબતોમાં પણ સૈન્યને હસ્તક્ષેપ કરવાની સત્તા સોંપી. લોકોનું ધ્યાન બીજે ખેંચવા અને રાષ્ટ્રવાદી તમન્નાનો લાભ લેવા સુકર્ણોએ આ તબક્કે પશ્ચિમ ઈરિયનના પ્રશ્ન બાબત લશ્કરી પગલાં લેવાની ધમકી આપી, આ પ્રશ્ન અંગે ડચ સરકારને મંત્રણા કરવાની ફરજ પાડવા યુનોમાં નિષ્ફળ દરખાસ્ત મૂકવામાં આવી. આ સંજોગોમાં એક યુવાને સુકર્ણોના ખૂનનો પ્રયાસ કરતાં સુકર્ણો માટે સહાનુભૂતિ સર્જાઈ. લોકોનો રોષ ડચ માલિકીના બગીચા, બૅંકો, જહાજી કંપની અને કારખાનાં, દુકાનો અને પેઢીઓ ઉપર ઊતર્યો. આ કંપનીઓના કામદારોએ વહીવટ સ્વહસ્તક લઈ લીધો, સરકારે આંખ આડા કાન કર્યા. સૈન્યના વડા જનરલ નાસુશેને એક હુકમ બહાર પાડી તેનો વહીવટ સૈન્ય હસ્તક લઈ લીધો. એક વર્ષ બાદ આ મિલકતોનું વિધિસર રીતે રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

પરંતુ પ્રાદેશિક વિરોધ હજી શમ્યો ન હતો. બળવાખોર પ્રાદેશિક એકમોએ માજી વડા પ્રધાન નાત્સીરની આગેવાની નીચે એક પરિષદ યોજી સરકારને હાટાના કે પછી જોગજાકાર્તાના સુલતાનના નેતૃત્વ નીચે પ્રધાનમંડળ રચવા જણાવ્યું અને તેમ નહીં થાય તો બળવાખોર સરકાર રચાશે એવી ધમકી સાથે આખરીનામું આપ્યું. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૫૮ના રોજ તેમણે ઇન્ડોનેશિયન પ્રજાસત્તાકની ક્રાન્તિકારી સરકારની રચના કરી. અમેરિકાએ શરૂઆતમાં બળવાખોરોને શસ્ત્રસહાય આપી, પરંતુ સ્વીકૃતિ ના આપી. સૈન્યનો મોટો ભાગ 'થોભો અને જુઓ'ની નીતિમાં માનતો હતો. માર્ચ માસમાં કેન્દ્ર સરકારે બળવાખોરો સામે લશ્કરી પગલાં શરૂ કર્યાં. જુલાઈ સુધીમાં મોટા ભાગનાં નગરો કેન્દ્ર હસ્તક આવ્યાં. ગેરીલા પ્રતિકાર ચાલુ હતો છતાં કેન્દ્રની પ્રાદેશિક અખંડિતતા અને એક મજબૂત સાર્વભૌમ સરકાર સ્થાપવાની નેમ સફળ થઈ. વિજયને લીધે સૈન્યની પ્રતિષ્ઠા વધી. ડચ સંપત્તિના રાષ્ટ્રીયકરણને કારણે સુકર્ણોની લોકપ્રિયતા વધી; જ્યારે સંસદીય લોકશાહીની નિષ્ફળતા, ઉદારવાદી

યુગની રુશવતખોરી, રાજકીય પક્ષોની સત્તાખેંચ, જૂથવાદ વગેરે ઉપર ટીકાઓ કરી સુકર્ણોએ સામ્યવાદી સિવાયના તમામ રાજકીય પક્ષોની પ્રતિષ્ઠાને ઝાંખી પાડી. જોકે સૈન્ય સામ્યવાદીઓની બરાબર ખબર લેતું હતું. સંસદની બેઠકો મળતી હતી, પરંતુ રાષ્ટ્રીય સમિતિની કામગીરીને લીધે તે ગૌણ બની ચૂકી હતી. અખબારો અને રેડિયો પણ સુકર્ણોના વિચારોને વિશેષ મહત્ત્વ આપતાં હતાં. લોકોના દિલમાંથી ધીરે ધીરે સંસદીય લોકશાહી પ્રત્યેની શ્રદ્ધા હટવા લાગી. અલબત્ત, આર્થિક ક્ષેત્રે સ્થિતિ ખૂબ કથળી હતી અને આયાતોમાં ભારે કાપ મૂકવો પડ્યો હતો; પરંતુ લોકોને મુખત્યારશાહી નીચે સ્થાપેલી શાંતિ આવકારલાયક જણાતી હતી તથા આર્થિક પ્રશ્નો હવે હળવા બનશે તેવી શ્રદ્ધા હતી. આ તબક્કે બંધારણની પુનઃરચના માટે સૈન્ય દ્વારા આવેલી એક દરખાસ્તને, ચૂંટાયેલી બંધારણ-સભાની અનિચ્છા છતાં સુકર્ણોએ મંજૂરી બક્ષી (૫ જુલાઈ, ૧૯૫૯). ૧૯૪૫ના બંધારણ માફક બિનસાંપ્રદાયિક અને પ્રમુખશાહી વ્યવસ્થાની જાહેરાત કરી. સુકર્ણો પોતે જ પ્રમુખ તથા વડા પ્રધાન-પદે આરૂઢ થયા. પ્રધાનમંડળમાં કુલ ૩૭ પ્રધાનો હતા, જેમાં જુઆન્ડા પ્રથમ પ્રધાન હતા તથા જનરલ નાસુશેન સંરક્ષણ પ્રધાન તરીકે લેવાયા. તદુપરાંત સાત લશ્કરી અધિકારીઓ અને ત્રણ મુલકી અમલદારોને પણ ખાતાં સોંપાયાં.

રાષ્ટ્રીય સમિતિ સર્વોચ્ચ સલાહકાર સમિતિમાં રૂપાંતરિત થઈ. આયોજન માટે ખાસ સમિતિ રચી તેને 'ઇન્ડોનેશિયાઈ સમાજવાદ' માટેનો નકશો તૈયાર કરવાની જવાબદારી સોંપાઈ. કેન્દ્ર સરકારને વધુ સત્તા અપાઈ તેમ જ બધા પક્ષોને 'રાષ્ટ્રીય મોરચા'ની અંદર ભેળવી દેવામાં આવ્યા. રાજકીય નેતાઓની ધરપકડ તથા અખબારી નિયંત્રણો દ્વારા વિરોધને મૂંગો બનાવી દેવામાં આવ્યો. સંસદને સ્થાને નિયુક્ત સભ્યોની બનેલી 'ગોટોન્ગ રોજોન્ગ' (પરસ્પર સહાય) સભા ઊભી કરવામાં આવી. નવી જનસલાહ સમિતિએ આયોજન સમિતિની અષ્ટવર્ષીય વિકાસ-યોજનાને સ્વીકૃતિ આપી. જનરલ નાસુશેને બળવાખોરો પ્રત્યે ઉદાર વલણ અપનાવતાં લાખેક જેટલા બળવાખોરોએ શસ્ત્ર મૂકીને નવી સરકારને સ્વીકારી. જાવામાંની 'દારુલ ઇસ્લામ' ચળવળ ખતમ કરવામાં આવી. ડચ સરકાર સાથે પશ્ચિમ ઈરિયન બાબત સમાધાન કરવામાં આવ્યું તેમ જ વિદેશી સહાયનાં દ્વાર ખૂલ્યાં. પરંતુ હજી આર્થિક વિકાસના પ્રયાસો ફુગાવામાં તણાઈ જતા હતા.

રાષ્ટ્રઘડતરના પ્રથમ પગલા જેવી રાષ્ટ્રીય એકતા હાંસલ કર્યા પછી નવનિર્માણના તબક્કે આવી ઊભેલા ઇન્ડોનેશિયા માટે હવે જનતાની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવાનો પડકાર આવીને ઊભો હતો. ડચ હકૂમત, જાપાની કબજો, ડચ સામેનો પ્રતિકાર, આંતરિક બળવા અને પક્ષીય રાજકારણના જૂથવાદ જેવી ઘટનાઓએ જૂના સામાજિક માળાખાને કચારનુંયે હચમચાવી મૂકયું હતું. આમાંથી જ એક નવો અગ્રવર્ગ મોખરે આવી રહ્યો હતો. શિક્ષિતોના આ વર્ગનું નેતૃત્વ મુખ્યત્વે શિક્ષકો અને વિદ્યાર્થીઓના હાથમાં હતું. અનેક નવાં સંગઠનો રચાતાં હતાં. તેમની વફાદારી ક્રમશઃ જૂથને અતિક્રમી પ્રદેશ અથવા રાષ્ટ્ર તરફની નિષ્ઠા કે વિચારસરણી તરફ ઢળી રહી હતી.

ભાષાની એકતા અને શિક્ષણનો ફેલાવો આ નવનિર્માણમાં સહાયભૂત થતાં હતાં. રાજકીય પક્ષોએ પણ ગ્રામવિસ્તારો સુધી પહોંચી ગ્રામ અને નગર વચ્ચે સમજ વધારવામાં તથા રાજકીય ચેતનાના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. અનેક સંગઠનો દ્વારા જનતાનો મોટો વર્ગ

રાષ્ટ્રીય જીવનમાં સક્રિય બનવા લાગ્યો હતો. અલબત્ત, નેતાગીરીની સંકુચિત દૃષ્ટિ, રાજકીય જાગૃતિને કારણે પ્રજામાં વધી રહેલી અપેક્ષાઓ, જૂથવાદ અને પ્રાદેશિક હિતની ખેંચતાણને કારણે આ સંક્રાન્તિનો ગાળો હતાશાપ્રેરક વિખવાદનો યુગ પણ બની રહ્યો. પ્રજાકીય જાગૃતિ માત્ર સૂત્રોથી સંતોષી શકાય તેમ ન હતી. પ્રજા નક્કર પરિણામો ઉપર મીટ માંડીને બેઠી હતી. પક્ષોનાં મૂળ ઊંડાં ગયાં હતાં અને પ્રજા રાજકીય ભાગીદારીનું મહત્ત્વ સમજી ચૂકી હતી. આ સંજોગોમાં માત્ર કરિશ્માના જોરે ઊભી કરવામાં આવતી સુકર્ણોની મુખત્યારશાહી લાંબું ચાલી શકે તેમ ન હતી. 'નિર્દેશિત લોકશાહી'ના સમયમાં મસ્જૂમી અને સમાજવાદી પક્ષ પર પ્રતિબંધ હતા, પરંતુ આ પક્ષો ગામડાં સુધી ફેલાયેલા હતા અને તેના અનેક સક્રિય કાર્યકરો યુવક, મહિલા, સહકારી તેમ જ કામદાર પ્રવૃત્તિમાં પડેલા હતા. ટૂંકમાં, આ પક્ષ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતું વૈચારિક વફાદારી ધરાવતું એક વિશાળ જૂથ હતું. જોકે રાજકીય પક્ષો દ્વારા મળતા લાભ ઘટતાં તેના ઘણા ટેકેદારો નિષ્ક્રિય બની ગયા હતા અને હડતાળો ઉપર પ્રતિબંધ આવતાં કામદાર પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ હતી; જ્યારે મોરચામાંના પક્ષોની મુખ્ય પ્રવૃત્તિ સરકારની નીતિનો પ્રચાર કરવા પૂરતી મર્યાદિત હતી. મોરચા સાથે સહકાર કરતો સામ્યવાદી પક્ષ કામદાર પ્રવૃત્તિમાં મોખરે હતો. તેનાં મંડળોમાં ૨૫ લાખ જેટલા કામદારો જોડાયેલા હતા. રાજકીય પક્ષો અને મજૂર મંડળો ઉપરાંત ધાર્મિક તથા સાંસ્કૃતિક મંડળોની પ્રવૃત્તિ પણ એકાંગી બનાવી દેવામાં આવી હતી. સુકર્ણો પ્રત્યે વફાદારી જાહેર કરવાની તેમને ફરજ પાડવામાં આવી હતી. ઉપરાંત આર્થિક પ્રવૃત્તિ ઉપરનો સરકારનો કાબૂ પણ વિસ્તૃત બનતો જતો હતો. બીજી બાજુ કૃત્રિમ ભાવનિયંત્રણને કારણે કાળા બજારને પ્રોત્સાહન મળતું હતું. ગ્રામવિસ્તારોના વહીવટમાં સૈન્યને મનસ્વી ગણાવી શકાય તેવી સત્તાઓ હતી. અને ગ્રામપ્રજાને ફરજિયાત લશ્કરી તાલીમ અપાતી હતી. આમ 'નિર્દેશિત લોકશાહી'ના યુગમાં સરકારની સત્તાઓ અને સકંજો વિસ્તરતાં તેની પાસે લગભગ મુખત્યારશાહી સત્તાઓ હતી; પરંતુ નેતૃત્વ માટે સુકર્ણો અને સૈન્ય વચ્ચે પ્રચ્છન્ન સ્પર્ધા ચાલતી હતી તેમ જ સામ્યવાદીઓ પણ સમય આવ્યે સમગ્ર સત્તા સ્વહસ્તક લેવા ઉત્સુક હતા. બીજી બાજુ વૈવિધ્યસભર સમાજ, ઊંડાં મૂળ નાખી પડેલા પક્ષો, તથા પ્રજામાં ઘર કરી બેઠેલી સરકારની અતિશય સત્તાઓ તથા દરમિયાનગીરી પ્રત્યેની શંકાને કારણે આ વ્યવસ્થાનો પાયો નક્કર ન હતો.

અતિશય સરકારીકરણમાં મુલકી તથા લશ્કરી અમલદારોનું વર્ચસ વધવા લાગ્યું. અમલદારી તંત્રની ફાલવાની પ્રકૃતિ તથા શિક્ષિત બેકારોને સમાવવાની વૃત્તિને લીધે ધીરે ધીરે આ તંત્ર મહાકાય બની ગયું. ૧૯૫૩માં તેમની સંખ્યા ૬ લાખ હતી, જ્યારે હાલ લગભગ ૧૧ લાખની છે. વહીવટી ખર્ચ વધ્યો, પણ કાર્યક્ષમતા ઘટી. એક અભ્યાસીએ બતાવ્યું છે તેમ આ અમલદાર વર્ગની આસપાસ ઇન્ડોનેશિયાની મહાનગર સંસ્કૃતિ વિકસી. રાજકીય જીવનમાં સક્રિય બનવા માટે આ જૂથનું સભ્યપદ માપદંડ ગણાય છે. વિદ્યાર્થીઓ, વેપારીઓ આવાં જૂથોમાંથી એકાદ સાથે સંકળાઈને તેના ટેકેદાર બને છે. અલબત્ત, આ જૂથોનાં હિત આધુનિક સત્તા-વ્યવસ્થા સાથે સંકળાયેલાં હોય છે; પરંતુ તેઓ જૂના જાતિવાદી કે સાંસ્કૃતિક પરિવેશથી સંપૂર્ણતઃ મુક્ત થયાં નથી હોતાં. વિકસતાં રાષ્ટ્રોમાં આવી બેવડી વફાદારી કોઈ આગવી વિશિષ્ટતા ના ગણાય, પરંતુ આ વર્ગની અપેક્ષાઓ અને જનતાની અપેક્ષાઓ વચ્ચે જ્યારે વિશેષ અંતર પડે છે ત્યારે અસ્થિરતા અને ક્રાન્તિ માટેનું મેદાન મોકળું થાય છે. આમપ્રજા અને આ નૂતન વર્ગની અપેક્ષાઓ વચ્ચે

સેતુ રચવાની પ્રક્રિયા નૂતન રાષ્ટ્રોની મહત્ત્વની સમસ્યા છે. મુખત્યારશાહીમાં આ વર્ગ પ્રજા પ્રત્યેની જવાબદારી સરળતાથી ફગાવી દઈને સ્વહિતની બાજી ગોઠવી શકે છે. તેઓએ કોઈ પક્ષ દ્વારા બહુમત કે ચૂંટણી દ્વારા લોકમતની મંજૂરી મેળવવાની ઝંઝટમાંથી મુક્ત બની એક નેતાને જ સાધવાની કોશિશ કરવાની રહે છે. ઇન્ડોનેશિયામાં આ વર્ગનું આગવું રાજકારણ શરૂ થયું અને તેમાંનાં વિવિધ જૂથો હોદ્દા માટે શતરંજ ખેલવા લાગ્યાં. તેઓ સત્તા કબજે કરવાને બદલે સત્તાધીશને કબજે કરવાની ચાલ અજમાવતાં રહ્યાં.

સુકર્ણોનું પ્રત્યક્ષ પ્રતિસ્પર્ધી અને જાતે સત્તા કબજે કરે તેવું એકમાત્ર બળ હતું સૈન્ય. જપાન તથા નેધરલૅન્ડ સામેની ગેરીલા પ્રતિકાર પ્રવૃત્તિથી તેનો મોભો વધ્યો હતો. રાષ્ટ્રના પ્રશ્નોમાં બોલવાનો તેનો હક સ્વીકારાયો હતો. બળવાખોર જૂથોની ગેરીલા પ્રવૃત્તિ સામેની ચાલુ કારવાઈને કારણે સૈન્યનું સ્થાન ગણનાપાત્ર હતું. પરંતુ સૈન્યમાં પણ જાતિ, પ્રદેશ, વયજૂથ તથા વૈચારિક ભેદો પ્રવર્તમાન હતા. સામ્યવાદીઓ તેમાં પગપેસારો કરવાની તનતોડ કોશિશ કરતા હતા. તેમ જ સુકર્ણોનાં તરફદાર અને વિરોધી એવાં બે સ્પષ્ટ જૂથ હતાં. ટૂંકમાં સૈન્ય પણ રાજરમતમાંથી બાકાત ન હતું. આમ છતાં એકસરખી તાલીમ અને શિસ્તના લીધે તેમાં ઠીક ઠીક પ્રમાણમાં એકતા હતી.

આર્થિક ક્ષેત્રે પરિસ્થિતિ ચિંતાપ્રેરક હતી. માથાદીઠ આવકમાં વધારાને બદલે ઘટાડો થતો હતો. ખનીજસંપત્તિમાં વૈવિધ્ય હતું, પરંતુ તેનો જથ્થો મર્યાદિત હતો. ફળદ્રુપ જમીન ધરાવતા વિસ્તારોમાં વસ્તીની અતિશય ગીચતાને લીધે દરિદ્રતા વધી હતી. રાષ્ટ્રીયકરણ પછી વેપારમાં ઉધાર પાસું વધ્યું હતું, જ્યારે વધતી બેરોજગારી અને કલ્યાણરાજ્યની યોજનાઓને કારણે રાષ્ટ્રીય ખર્ચમાં વધારો થતો જતો હતો. ઉપરાંત જાવા તથા સુમાત્રા વચ્ચેના આર્થિક હિતવિરોધને કારણે સ્થિતિ સ્ફોટક બની હતી. જાવા મુખ્યત્વે અન્ન પેદા કરે છે, તેથી તેને તૈયાર માલની આયાત ઉપર આધાર રાખવો પડે છે, જ્યારે સુમાત્રાનાં ખનીજોની નિકાસ થાય છે. પરિણામે વિદેશ સાથેના વિનિમયદરો બાબતમાં બંનેનાં હિત એકબીજાનાં વિરોધી છે. આમાંથી જાવાવાસી અને બિનજાવાવાસી આર્થિક હિતો ટકરાતાં રહ્યાં છે.

પ્રારંભની સંસદીય વ્યવસ્થાની અનેક ક્ષતિઓ હતી. સુકર્ણોએ તેની 'પચાસ ટકા વત્તા એક લોકશાહી', 'પક્ષો, પક્ષો અને હજી વધુ પક્ષોનો રોગ', 'બહુમતશાહી' (મેજરોક્રસી) કહી ટીકા કરી હતી. લોકો પણ સંસદીય પ્રથાની ગૂંચો અને જૂથવાદ તથા મંદગતિથી ત્રાસ્યા હતા તેથી તેમને આ ટીકાઓ મનભાવતી હતી. પરંતુ વિકલ્પ રૂપે સુકર્ણો દ્વારા રજૂ થયેલી 'નિર્દેશિત લોકશાહી' વાસ્તવમાં પ્રમુખશાહી શાસન નીચેની એક-પક્ષ-પ્રથા હતી, જેમાં કોઈને ટીકા કરવાનો હક ન હતો. 'ઉદ્દામ ક્રાન્તિ' કે 'શોષણવિહીન સમાજરચના'ના મોટા શબ્દો વ્યવહારમાં ઉદ્યોગોની રાજ્યમાલિકી, ફુગાવો કે વેપારના ઇન્ડોનેશિયાઈકરણથી વિશેષ કશું ન હતા. આવકની અસમાનતા ઘટાડવા થયેલા પ્રયાસો પણ અર્ધદગ્ધ હતા, જેને પરિણામે વિકાસ રૂંધાયો અને લાભ મુખ્યત્વે અમલદાર વર્ગને થયો. સુકર્ણો દ્વારા રજૂ થયેલા 'આયોજિત અર્થકારણ, આયોજિત રાજકીય પ્રવૃત્તિ, આયોજિત સામાજિક પ્રવૃત્તિ, આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને આયોજિત બૌદ્ધિક પ્રવૃત્તિ'ના ખ્યાલ સામે ટીકા કરતા વ્યવહારવાદીઓને સુકર્ણોનો એક જ જવાબ હતો કે પ્રશ્નોના ઉકેલમાં

અમારે માત્ર 'થાગડથીગડ પ્રગતિ' નથી જોઈતી. તાત્કાલિક પરિણામો કે ઉકેલોને બદલે તેઓ નવેસરથી રચનાની વાતો કરતા હતા, પરંતુ આ બધાં સૂત્રો વ્યવહારમાં પોલા શબ્દો જ રહ્યા હતા. તેમના પંચશીલ, પંચમુખ કે રેસોપીમ(ક્રાન્તિ, સમાજવાદ અને રાષ્ટ્રીય નેતાગીરી)ના ખ્યાલો પણ માત્ર શબ્દવંટોળથી વિશેષ કંઈ સિદ્ધ કરી શકયા ન હતા.

પ્રજામાં સુકર્ણોનો કરિશ્મા છવાયેલો હતો અને તેઓ બધા પ્રશ્નો ઉપર ઢાંકણ દબાવીને બેઠા હતા. વિરોધી પક્ષો ઉપર પ્રતિબંધ, રાજકીય નેતાઓની ઘરબંધી, પ્રચુર સરકારી પ્રચાર, વાણી- અને વિચાર-સ્વાતંત્ર્ય ઉપર નિયંત્રણો અને ન્યાયતંત્રનું સરકારીકરણ જેવાં પગલાંથી વિરોધને ગૂંગળાવી દઈને તેઓ ઉદ્દામ ક્રાન્તિકારી આભા ઊભી કરી શકયા, પરંતુ તંત્ર આ નિયંત્રણો પળાવવા જેટલું કાર્યક્ષમ ન હતું. નિર્ણયની કક્ષાએ અમલદારશાહી, સૈન્ય, પ્રધાનમંડળ, પ્રાદેશિક સમિતિના લશ્કરી અધિપતિ, સૈન્યના નેતૃત્વ નીચેનાં વ્યવસાયી સંગઠનો, રાષ્ટ્રીય મોરચો વગેરેની ખેંચાખેંચીમાં ખૂબ ગૂંચવણો સર્જાઈ હતી. સૈન્ય અને સામ્યવાદીઓ વચ્ચે સત્તા માટેની અંદર-ખાનેથી ચાલતી સ્પર્ધા ક્રમશ: કાતિલ બનતી જતી હતી. બંને હરીફ જૂથો પોતાની તાકાત વધારવાની ચાલબાજીઓ રમી રહ્યાં હતાં. સૈન્ય પાસે સંગઠન, તાલીમ અને શસ્ત્રો તથા ઉપરાંત સૂઝવાળા નેતા હતા, જેઓ સામ્યવાદી-વિરોધીઓને રક્ષણ આપીને, મુલકી સંગઠનોમાં વર્ચસ જમાવીને તથા લોકસંપર્ક વધારીને અને જનતાની પ્રાદેશિક અપેક્ષાઓ સંતોષીને મજબૂત પીઠબળ સર્જી રહ્યા હતા. (ગ્રામવિસ્તારના વહીવટકર્તા તરીકે સૈન્ય તરફથી મોટે ભાગે સ્થાનિક વ્યક્તિ પસંદ થતી જે 'ગામનો છોકરો' હોવાથી મજબૂત વફાદારી મેળવી શકતો.)

બીજી બાજુ સામ્યવાદીઓ પોતાની રીતે સંગઠન જમાવી રહ્યા હતા. તેમની નેમ મજબૂત બની, અંદરખાનેથી રાષ્ટ્રીય મોરચામાં વર્ચસ જમાવતા જઈ; સૈન્યની એકાદ પાંખને પોતાની અસર નીચે લાવી તક મળતાં — ખાસ કરીને સુકર્ણોની વિદાય પછીના — અંધાધૂંધીના સમયમાં, સત્તા કબજે કરવાની હતી.

સામ્યવાદી નેતા ઐદિત સુકર્ણોને સાચવીને પોતાનાં મહોરાં ચલાવવાની ખાસ કાળજી રાખતા. સુકર્ણોની ચાલ સૈન્ય અને સામ્યવાદીઓ વચ્ચે સમતુલા જાળવી સિંહાસન ઉપર ટકી રહેવાની હતી. લોકશાહીનો દેખાવ ચાલુ રાખવા તથા સૈન્યને પાર્શ્વભૂમિકામાં રાખવા તેમણે રાષ્ટ્રવાદી પક્ષ, ઉલમા, સામ્યવાદી, બે ખ્રિસ્તી અને બે મુસ્લિમ, મુરબા (કામદાર પક્ષ) અને પાર્ટિન્ડો (સુકર્ણોપ્રેરિત અને સામ્યવાદી વર્ચસવાળું જૂથ) જેવા પક્ષો ઉપર પ્રતિબંધ મૂકયો ન હતો અને તેમને રાષ્ટ્રીય મોરચાના મહોરા નીચે કાનૂની સ્વીકૃતિ આપાઈ હતી. સૈન્યના જેવી શિસ્ત સામે સામ્યવાદીઓની સંગઠનશક્તિ અને વૈચારિક એકવાકયતાને કારણે તથા કામદારો ઉપરની અસરને કારણે સામ્યવાદીઓ સૈન્યની સામે ઝીંક ઝીલી શકે તેમ હતા. ઉપરાંત હોદ્દાઓની વહેંચણીમાં સુકર્ણો સામ્યવાદીઓ પ્રત્યે ખાસ કૂણું વલણ લેતા, સામ્યવાદીઓને રક્ષણ આપતા અને તેમના વિરોધીઓની ટીકા કરતા. આ સમયે સુકર્ણોનું સંમોહન પ્રજા ઉપર એટલું બધું છવાયેલું હતું કે કોઈની પણ તેમની સામે ઉઘાડે છોગ લડવાની તૈયારી ન હતી.

સામ્યવાદીઓ અને સૈન્ય વચ્ચેની સ્પર્ધામાં બે વસ્તુઓ મહત્ત્વની હતી. સૈન્ય પાસે શસ્ત્રો હતાં; સામ્યવાદીઓ પાસે લોકબળ. બંનેએ પોતાની આ ખામી દૂર કરવા પ્રયાસો શરૂ કર્યા. સુકર્ણોએ

સૈન્યની 'બંદૂકોની ઇજારાશાહી' દૂર કરવા કામદારો અને ખેડૂતોને હથિયારો આપી લોકસૈન્ય તૈયાર કરવાની ઝુંબેશ ઉપાડી. બીજી બાજુ, સૈન્યે સામ્યવાદ-વિરોધીઓને રક્ષણ આપી, મુલકી સંગઠનોમાં વર્ચસ જમાવીને તેમ જ લોકોના પ્રશ્નો ઉકેલવામાં સૈન્ય વધુ સહાયભૂત થાય છે, તેવી અસર જન્માવીને સારા પ્રમાણમાં લોકાદર મેળવવા માંડ્યો હતો.

ટૂંકમાં ૧૯૬૩–૬૫ના આ સમયગાળામાં સામ્યવાદીઓ અને સૈન્ય એવા બે ધ્રુવો સ્પષ્ટ થઈ ચૂક્યા હતા. ગમે ત્યારે ગમે તે પક્ષ તરફથી રાજપલટો કરીને સત્તા કબજે કરવામાં આવશે તેવા ભણકારા વાગતા હતા. તેની આડે માત્ર સુકર્ણો પ્રત્યેની લોકચાહના અને બંને જૂથોની સ્પર્ધા-માંથી પોતાનું કામ કાઢી લેવાની સુકર્ણોની આવડત હતાં. વાસ્તવમાં આ સ્પર્ધામાંથી ઉદ્‌ભવતા નિશ્ચિત સત્તાક્ષેત્રો વિનાના તરલ, અતંત્ર તંત્રમાં, ચતુરાઈભર્યા વ્યૂહ દ્વારા કાર્ય સાધવાની ફાવટ સુકર્ણોમાં હતી. તેઓ વિવિધ જૂથોને એકબીજા સામે ગોઠવીને નિયંત્રણ રાખી શકતા હતા. પરંતુ તે સાથે, તેમની સત્તા અને કાર્યક્ષમતા પણ આ જૂથોના સહકાર ઉપર નિર્ભર હતી. આમ જૂથોની આંતરિક સ્પર્ધા અને તેમાંથી સર્જાતી બિનકાર્યક્ષમતાથી સમગ્ર તંત્ર દોદળું બની ગયું. એક-વ્યક્તિ-કેન્દ્રી બની ગયું. સુકર્ણો પછી કોણ? એ પ્રશ્ન દરેક જૂથ માટે મૂંઝવણભર્યો અને ચિંતાપ્રેરક બની ગયો. આમાંથી સ્વાભાવિક રીતે જ બંને જૂથો વહેલી તકે બીજા અગાઉ, સત્તાધીશ બનવા ઉત્સુક હતાં.

આ તબક્કે સુકર્ણોની લોકચાહના મેળવવાની, ટકાવવાની તથા લોકોનું ધ્યાન બીજે દોરવાની કુનેહ પણ લક્ષમાં લેવી જોઈએ. રાષ્ટ્રની પ્રતિષ્ઠા વધારવા હિંદી મહાસાગરને 'ઇન્ડોનેશિયન મહા-સાગર' નામ આપવાની જાહેરાત, પશ્ચિમ ઈરિયન બાબત લશ્કરી પગલાં લેવાની ધમકી, રૂસ સાથે કરાર અને અમેરિકાની અવજ્ઞા, મલયેશિયા સાથે બોર્નિયોના પ્રદેશ બાબત ઝઘડો અને લડી લેવાના હુંકારા, સ્થાનિક ચીના તથા હિંદીઓ અંગે ટીકાઓ (એક ફૂટબૉલ મૅચમાં હિંદની ટીમ અંગે ઝઘડો પડતાં, દેખાવો અને દંગલ થતાં સુકર્ણોએ પણ ઉગ્ર ભાષા વાપરી હતી!) અને યુનોનું સભ્યપદ ફગાવી દેવાની જાહેરાત આ શૈલીની જ તાસીર છે.

પરંતુ આ બધાથી જનતાના રોજબરોજના પ્રશ્નો ઊકલતા ન હતા. પ્રજામાનસને સતત તંગદિલી અને કટોકટીની સ્થિતિમાં રાખવાથી પ્રજામાં તંત્રની અસ્થિરતાનો ડર પેદા થાય છે. આખરે તો તે શાંતિથી જીવવા માગે છે. વધુમાં લોકોની મુખ્ય જરૂરિયાત જેવા ચોખાના ભાવ ચારગણા થઈ જતાં લોકોમાં અસંતોષ પ્રગટ્યો હતો. તેવામાં સુકર્ણો માંદગીનો ભોગ બનતાં સામ્યવાદીઓને લાગ્યું કે જોઈતી તક આવી ગઈ છે, આ ક્ષણે સત્તા લેવામાં નહીં આવે તો વેળા ચૂકી જઈશું.

યોગાનુયોગ, આ સમયે, સુકર્ણોના અંગરક્ષક દળના વડા સામ્યવાદી-તરફી લે. કર્નલ ઉન્ટુંગ હતા. ૧૯૬૫ના સપ્ટેમ્બરની તા. ૩૦મીએ રાતના દરોડો પાડી તેમણે સૈન્યના છ જનરલોને પકડી કતલ કરી નાખ્યા. જ. નાસુશેન આમાંથી આકસ્મિક રીતે ઊગરી ગયા. ઉન્ટુંગના આ કાવતરામાં સુકર્ણો કે સામ્યવાદીઓનો કેટલો હાથ હતો તે આજે પણ વિવાદાસ્પદ છે. જ. સુહાર્તોની આગે-વાની નીચે સૈન્યે લગાવેલો વળતો ફટકો વધુ મક્કમ અને વ્યાપક હતો. સામ્યવાદીઓને દેશભરમાંથી વીણીને ખતમ કરી દેવામાં આવ્યા. સત્તાવાર આંકડા મુજબ ૮૭,૦૦૦, અન્ય અંદાજે મુજબ ૨,૦૦,૦૦૦ અને ઇન્ડોનેશિયાની એક યુનિવર્સિટીએ કરેલી મોજણીના 'ધ ઇકૉનૉમિસ્ટ'માં પ્રગટ થયેલા અહેવાલ અનુસાર ૮,૦૦,૦૦૦ વ્યક્તિઓની 'સાફસૂફી' કરવામાં આવી હતી. આ

હત્યાકાંડમાં પી.એન.આઈ. (રાષ્ટ્રવાદી પક્ષ) તેમ જ વિદ્યાર્થી સંઘે અગ્રભાગ ભજવ્યો. આ વિદ્યાર્થી સંઘ શરૂથી જ સામ્યવાદીઓ અને સુકર્ણોનો વિરોધી હતો. આમાંથી જણાય છે કે સુકર્ણોના શબ્દોથી કે રાષ્ટ્રગૌરવની વાતોથી યુવાનો છેતરાયા ન હતા. તેમનો સુકર્ણો શાસન સામેનો રોષ સૈન્યની કામગીરી માટે ટેકારૂપ બની ગયો. આમ છતાં હજી સુકર્ણોએ પરાજય સ્વીકારી લીધો ન હતો. સૈન્યમાં (મુખ્યત્વે જ. નાસુશેનના મનમાં) સુકર્ણો પ્રત્યેની લોકચાહના કે માનને કારણે ઉગ્ર પગલાં લેવા અંગે ખચકાટ હતો. હકીકતમાં વળતો બળવો સુકર્ણોના બચાવ માટે કરાયો છે તેવી જાહેરાત સતત કરવામાં આવતી હતી.

સુકર્ણોનું પતન : સુહાર્તોનો ઉદય

સુકર્ણો પ્રમુખ તરીકે ચાલુ જ હતા. તેમણે સામ્યવાદી પક્ષ ઉપર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો તેમ જ નવા પ્રધાનમંડળમાં પોતાના જ માણસો લીધા. પરંતુ લેફ્ટનન્ટ જનરલ સુહાર્તો અને વિદ્યાર્થીઓ આ વસ્તુ નિભાવી લેવા તૈયાર ન હતા. આખરે સુહાર્તોના દબાણથી સુકર્ણોને ફેરફાર કરવા પડ્યા. કાર્યકારી પ્રમુખ તરીકે સુહાર્તોને સ્વીકૃતિ અપાઈ. નવા પ્રધાનમંડળના ખંદર પ્રધાનોની ધરપકડ કરાઈ અને સામ્યવાદી પક્ષ ઉપર પ્રતિબંધ મુકાયો. નવા પ્રધાનમંડળમાં મસ્જૂમી-સમાજવાદી માગ મુજબ જોગજાકાર્તાના સુલતાનને લેવામાં આવ્યા. બીજા હતા બુદ્ધિજીવી વર્ગના આદમ મલિક. તેમને કોઈ પ્રજાકીય પીઠબળ નથી. આથી તે સૈન્ય ઉપર વધુ નિર્ભર છે. દેશના અર્થતંત્ર અને વિદેશનીતિને વધુ વ્યવહારુ પાયા ઉપર મૂકવામાં આવ્યાં. વિદેશ પ્રધાન મલિકે મલયેશિયા સાથે સારા સંબંધો બાંધી પરસ્પર સહાયના કરાર કરતાં સંઘર્ષ દૂર થયો અને અર્થતંત્ર ઉપરનું ભારણ ઘટ્યું. સિંગાપોર સાથે સંબંધ બાંધી ઇન્ડોનેશિયા માટે જરૂરી ઉત્પાદનની સવલતો તથા વેપારી લાભ મેળવ્યા. ઇન્ડોનેશિયાના મોટા લેણદાર અમેરિકા તથા જાપાન સાથે સારા સંબંધ કેળવી તેમની પાસેથી લેણાં ચૂકવવા અંગે નવી મુદત લીધી તથા વધુ સહાયનાં વચનો મેળવ્યાં. જેર થયેલા ઇન્ડોનેશિયાઈ સામ્યવાદીઓ હકીકતે ચીન-તરફી હોઈ એમને નાથનારી નવી સરકાર સાથે રૂસનું વલણ પણ સમભાવી રહ્યું. ઇન્ડોનેશિયાએ યુનોનું સભ્યપદ ફરીથી મેળવ્યું. પ્રજાને કંઈક રાહત જેવું જણાયું.

સુહાર્તોએ હજી આંતરિક ક્ષેત્રે વ્યવસ્થા સ્થાપવાનું, આર્થિક તંત્રને સ્થિર કરવાનું તથા લોકસંમતિ દ્વારા પ્રજાકીય સ્વીકૃતિનું પીઠબળ મેળવવાનું બાકી હતું. જૂનમાં મળેલી સંસદની બેઠકે તેમનાં બધાં પગલાંને ટેકો આપ્યો. ઉપરાંત, સુકર્ણોનાં બધાં બિરુદો રદ કર્યા; તેમનું આજીવન પ્રમુખપદ રદ કર્યું. તેમને નવા આદેશો આપવાની મનાઈ ફરમાવી. આમ છતાં વિદ્યાર્થી સંઘ તો તેમની સામે હજી વધુ ઉગ્ર પગલાંની માગ કરતો હતો.

આર્થિક ક્ષેત્રે પ્રવર્તતી અંધાધૂંધી દૂર કરતાં હજી સમય લાગશે. ઉપરાંત ઘણા આર્થિક એકમોના વડાપદે સૈન્યના માણસો હોઈ વર્તમાન વ્યવસ્થામાં સૈન્યનું પણ સ્થાપિત હિત છે. સૈન્યની જરૂરિયાતોને ઘટાડવી, સૈન્ય હસ્તકના ઉદ્યોગોમાંથી અધિકારીઓનાં સ્થાપિત હિતોને દૂર કરવાં — આ મોટા પ્રશ્નો છે. કારણ આવા ફેરફારો સામે સૈન્યમાંથી જ પ્રતિકાર ઊઠે. સૈન્યની અંદરની સુકર્ણો તરફી પાંખ, સુકર્ણોના મૃત્યુ પછી નબળી પડી છે. જ્યારે યુવાન જૂથ વધુ આક્રમક નીતિની હિમાયત કરે છે. વિદ્યાર્થી સંઘ પણ ગણનાપાત્ર પરિબળ છે. અલબત્ત, આજે સૈન્ય ઉપર સુહાર્તોનો

સંપૂર્ણ કાબૂ જણાય છે. ૧૯૬૯માં તેઓ એક હુકમ દ્વારા સૈન્યની વિવિધ પાંખોના વડાનાં પ્રધાન-પદાં ખૂંચવી લઈ સમગ્ર સૈન્યને પોતાના વર્ચસ નીચે મૂકી શકયા છે. પરંતુ તેથી અસંતોષ નાબૂદ નથી થઈ જતો. સામ્યવાદી પક્ષ ફરી ઊભો થઈ શકે તેમ છે. સૈન્યમાં લોકોને શ્રદ્ધા છે તેમ જ હવે કોઈ પણ વસ્તુને લોકો વ્યવહારમાં નાણી જોવાની અપેક્ષા રાખે છે. સુહાર્તો આર્થિક સધ્ધરતા, પ્રજાકીય પીઠબળ, લોકશ્રદ્ધા અને સૈન્યનાં સ્થાપિત હિતોની નાબૂદી હાંસલ કરવામાં કેટલી સફળતા મેળવી શકે છે તેના ઉપર જ આખરી ચુકાદો આપાશે.

સુહાર્તોએ ૧૯૭૧માં ચૂંટણીઓની જાહેરાત કરતાં પક્ષાપક્ષીથી દાઝેલી પ્રજા સંચિત બની હતી. વિદ્યાર્થી સંઘે તો સ્પષ્ટ રીતે કહ્યું કે 'આ પેલું જૂનું નાટક અને જૂના અભિનેતાઓ છે.' સુહાર્તો-એ પક્ષોની નવરચના માટે એક યોજના મૂકી જે સ્વીકારાતાં અંદરોઅંદરની સમજૂતીથી પક્ષોએ તેમની સંખ્યામાં ઘટાડો કર્યો છે. પરંતુ તેથી કંઈ આંતરિક જૂથબંધી દૂર થતી નથી.

ચૂંટણી સમયે આર્થિક ચિત્ર આશાસ્પદ જણાતું હતું. ફુગાવો ૬૦૦ ટકાથી ઘટીને ૧૦૦ ટકા સુધી નીચે આવ્યો હતો. ઔદ્યોગિક પ્રવૃત્તિથી વાતાવરણ ગુંજવા લાગ્યું હતું. જનરલ સિહા-નૂકને ખસેડી જનરલ લોન નોલે સત્તા કબજે કરતાં કંબોડિયામાં સરજાયેલી કટોકટી સમયે જાકાર્તા સરકારે સમજૂતી સાધવામાં સક્રિય ભાગ આપ્યો તે અગ્નિ એશિયામાં ઈન્ડોનેશિયાનાં સ્થાન અને મહત્ત્વને અનુરૂપ ભૂમિકા અદા કરવાની તેને તક મળી હોવાનું સૂચવે છે.

આમ છતાં, ચૂંટણીમાં સૈન્ય તરફથી જે રીતો અપનાવાઈ તે બતાવે છે કે લોકસંમતિ બાબત તેઓ સાશંક છે અથવા વિરોધીઓને ઊભા જ ન થવા દેવા તેવી અતિશય સાવચેતીની નીતિ અપનાવે છે. વાસ્તવમાં ચૂંટણી સંપૂર્ણ મુક્ત વાતાવરણમાં નથી થઈ. લગભગ ચોથા ભાગના ઉમેદ-વારોનાં ઉમેદવારીપત્રો જ ગેરલાયક ઠરાવવામાં આવ્યાં હતાં. ધર્મને નામે થતા તથા વિભાજન કરે તેવા પ્રચાર ઉપર પણ નિયંત્રણો હતાં. આથી ધર્મ કે મૌલવીના ટેકાવાળા પક્ષો નિર્બળ બન્યા. ઉપરાંત બળવામાં ભાગ લેવા બદલ ૨૦ લાખ વ્યક્તિઓનો મતાધિકાર ઝૂંટવી લેવામાં આવ્યો હતો અને બે મુખ્ય અખબારો ઉપર પ્રતિબંધ હતો. ચૂંટણીમાં સૈન્ય દ્વારા ઘડાયેલો સરકાર તરફી ગોલકર પક્ષ — જેમાં અનેક વ્યવસાયી જૂથોને ભેળવવામાં આવ્યાં હતાં તે ઉપરાંત બીજા નવ પક્ષો હતા. રાષ્ટ્રવાદી પક્ષમાંથી સુકર્ણોના પુત્ર ગુન્ટર ચૂંટણી લડી રહ્યા હતા.

પ્રમુખે પોતે ગોલકરની તરફેણમાં પ્રચાર કર્યો ન હતો તેમ જ સૈન્યને મતાધિકાર ન હતો. છતાં ગોલકર પક્ષની તરફેણમાં પલ્લું ઢાળવા ધમકીની પદ્ધતિ અજમાવાઈ હતી. એક રીતે આ ચૂંટણી સરકાર માટે લોકમતની મહોર સિવાય કશું ન હતી. સંસદે ૪૬૦ બેઠકોમાંથી ૩૦૦ સભ્યો ચૂંટવાના હતા. બાકીનામાંથી ૧૦૦ સરકારનિયુક્ત સભ્યો હતા. વળી સુહાર્તોની પ્રમુખપદની ચૂંટણી તો ૧૯૭૩માં થવાની હતી. આથી ગોલકરને માત્ર ૩૩ ટકા બેઠકો મળે તોપણ કોઈ વાંધો ન હતો. પરંતુ સરકાર સાશંક હતી. છેક ગ્રામવિસ્તાર સુધી હજી વિકાસનાં ફળ પહોંચ્યાં નથી અને પરિવર્તનની લાભદાયી અસરો જણાઈ નથી તેથી તેમ જ ફરી પક્ષાપક્ષી અને જૂથવાદ ફાલે નહીં તેવી કાળજીમાંથી આ પગલાં લેવાયાં હોય તેમ લાગે છે. પરંતુ પ્રજાને આ ચૂંટણીમાં બહુ રસ હોય તેમ લાગ્યું નહીં.

સૈન્યના શાસનની જમા બાજુએ એટલું કહેવું જોઈએ કે રુશવતખોરી અને સામ્યવાદીઓની નાબૂદી તથા રાજકીય સ્થિરતાથી વેપારી તથા બૌદ્ધિક વર્ગનો તેને સારો ટેકો સાંપડયો છે. સામાન્ય

ખેડૂતને પણ લાગે છે કે તેને પહેલાં કરતાં વધુ ખાતર મળે છે. આથી વધુ ફેરફારોની તેને ખબર નથી અથવા ચિંતા નથી. વિદેશી રોકાણો અને ઉદ્યોગો વધતાં રોજગારીની તકો વધી છે. આર્થિક પાસાં સમતોલ થવા લાગ્યાં છે. પરંતુ વિદેશીઓનું વધુ પડતું આગમન પ્રજાને રુચિકર નથી; કેમ કે સંસ્થાનવાદી યુગનો અનુભવ હજી તાજો છે. સૈન્ય ખાસ કરીને ધર્મ, સામ્યવાદ, જૂથવાદી વિભાજક પરિબળો, રાજકીય પક્ષોની સત્તાખેંચ અને તેના પરિણામરૂપ પ્રાદેશિક કે જાતિગત ખેંચાખેંચ અને આર્થિક અંધાધૂંધી ફરીથી જામે નહીં તે જોવા સચિંત છે. પરંતુ આ હેતુ સિદ્ધ કરવા સરકાર તરફથી લેવાતાં બધાં જ પગલાં પ્રશંસાયોગ્ય નથી. માત્ર ઈન્ડોનેશિયાની હાલની જરૂરિયાત જોતાં તેને સમભાવપૂર્વક સમજી શકાય. પરંતુ એક હકીકત છે કે સુહાર્તો બીજા સુકર્ણો બનવા ઉત્સુક નથી. તેમની પાસે સુકર્ણોનો કરિશ્મા નથી તેમ જ તેઓ નાગરિક અધિકારીઓને વધુ સત્તાઓ આપતા જાય છે. તેમની સમસ્યા નાગરિક શાસનનો નક્કર પાયો નાખવાની અને ઈન્ડોનેશિયા માટે તંદુરસ્ત રાજકીય પ્રણાલી સર્જવામાં પ્રજાને નેતૃત્વ આપવાની છે. રાજકીય પ્રથાના સાતત્ય માટે જરૂરી બીજી હરોળની નેતાગીરી અને લોકશાહી વ્યવસ્થા માટેના નાગરિક સંસ્કારો ઘડવામાં પ્રજાની સફળતા જ ભાવી વિકાસ માટેનો અચલ પાયો બની શકે.

૮ : થાઈલૅન્ડ (સિયામ)

પૂર્વભૂમિકા

થાઈલૅન્ડની સરહદો અગ્નિ એશિયાના દરેક રાષ્ટ્ર — વિયેટનામ સિવાય — સાથે સંકળાયેલી છે: ઉત્તર અને પૂર્વમાં લાઓસ, દક્ષિણ અને પૂર્વમાં કમ્બોડિયા, ઉત્તર અને પશ્ચિમમાં બ્રહ્મદેશ તથા અગ્નિકોણના હિંદી મહાસાગરમાં લટકતા છેડે મલયેશિયા અને સિયામના અખાતને સામે છેડે ઇન્ડોનેશિયા. મોટી પર્વતમાળાઓનો અભાવ, વિશાળ નદીઓ અને ફળદ્રુપ પ્રદેશના ખેંચાણને કારણે થાઈલૅન્ડ-કા ભૂમિપટ્ટી દ્વારા મલાયા, કમ્બોડિયા અને બ્રહ્મદેશની દક્ષિણના શાન વિસ્તારમાં હેરફેર થતી રહી છે. આમ છતાં આ દેશમાં બીજી કોઈ જાતિઓ આવી નથી તેથી તેનું ઐકય જળવાઈ રહ્યું છે. છેક ઉત્તરનો ઉચ્ચપ્રદેશ અને આ પ્રજાની લશ્કરી તાકાત તે માટે કારણરૂપ ગણી શકાય. આ વિસ્તારની પ્રજાની ભાષા થાઈ છે. તેનાં શાન, લાઓ અને સિયામ એવાં જૂથ છે. વાસ્તવમાં થાઈલૅન્ડનું જૂનું નામ ૧૯૩૯ સુધી અને પછી ૧૯૪૬થી ૪૯ સુધી સિયામ (શ્યામ) હતું. આમ, થાઈ શબ્દ થાઈલૅન્ડ, લાઓસ, ઉત્તર વિયેટનામ, નૈર્ઋત્ય ચીન અને ઈશાન બ્રહ્મદેશમાં વસતી એક સાંસ્કૃતિક જાતિનું અને ભાષાનું નામ છે (જોકે આ લખાણમાં થાઈ શબ્દ થાઈલૅન્ડ માટે વપરાયો છે). તેમને થાઈ, શાન, લાઓ વગેરે નામે ઓળખવામાં આવે છે. જ્યારે ચાઓ ફ્રાયા નદીના પ્રદેશમાં વસતા આ જૂથના લોકોને સિયામી નામે ઓળખવામાં આવે છે. ચાઓ ફ્રાયા ઉત્તરના ડુંગરાળ પ્રદેશમાંથી નીકળી મધ્યના સપાટ પ્રદેશમાં થઈને સિયામના અખાતને મળે છે. આ નદી થાઈલૅન્ડને પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગમાં વહેંચી નાખે છે.

રાજાશાહીના દોરદમામ તથા સામાજિક માનસ અને પ્રથાઓથી સભર થાઈલૅન્ડ હિંદી-ચીનની એક પ્રતિભાસંપન્ન અને ગૌરવશાળી પ્રાચીન સંસ્કૃતિનું વારસદાર છે. હીનયાન-થેરાવાદી બૌદ્ધ ધર્મને અપનાવ્યા છતાં સામ્રાજ્યો રચવા માટે સૈન્યોનો ઉપયોગ કરતાં આ પ્રદેશના રાજાઓ કદી ખચકાયા નથી. બ્રહ્મદેશમાં ઇરાવદી, દક્ષિણમાં સિંગાપોર અને મેકોંગ નદીના મુખપ્રદેશ તથા પૂર્વમાં ચીનની સીમા સુધી તેઓએ સૈન્યો મોકલ્યાં હતાં. મેકોંગ અને ચાઓ ફ્રાયા નદીના બહોળા જળથી સમૃદ્ધ બનેલી ડાંગરની ખેતી એંસી ટકા વસ્તીનો વ્યવસાય છે. પરંતુ ખેતપદ્ધતિ પણ જીવવા જેગું જ મેળવી લેવાની છે. જે થોડાઘણા ગણોતિયાઓ છે તેઓ પણ ખેડૂતો પ્રત્યેની ઉદાર નીતિને કારણે વાજબી મળતર પામે છે. ધીરધાર કરનારાઓની પકડ નહીંવત્ છે. ફળ, ભાજી અને નદીઓમાંથી મળતી માછલીઓને કારણે એકંદર માનવીનું જીવન સંતોષી છે. સામાન્ય રીતે વર્ષે દસેક લાખ મેટ્રિક ટન ડાંગરની નિકાસ થાય છે. વસ્તી અને જમીનનું પ્રમાણ લાભદાયી હોવાથી આર્થિક ભીંસની કોઈ તાત્કાલિક સમસ્યા નથી. પરંતુ વેપાર કે ઉદ્યોગોને અભાવે સમગ્ર સમાજ

આજે પણ ગ્રામ-અર્થતંત્ર પર જીવતો જણાય છે. આધુનીકરણનાં વલણો આ દેશમાં દૃષ્ટિગોચર થતાં નથી. કાચાં ખનીજો, ઈમારતી લાકડું વગેરેનો વેપાર બેત્રણ મુખ્ય નગરો પૂરતો મર્યાદિત છે. મેકોંગ અને ચાઓ ફ્રાયા નદીઓ ઉપરાંત થાઈલૅન્ડની સમૃદ્ધિનો બીજો આધાર અમેરિકા છે, જેની તેને ગંજાવર સહાય મળે છે. પરંતુ એ તો તે અમેરિકી નીતિનો પુરસ્કાર કરે ત્યાં સુધી!

સામંતયુગીન રાજકારણ, ખેતીપ્રધાન અર્થકારણ, ગ્રામસમાજ, ધાર્મિક સાંપ્રદાયિક દૃષ્ટિકોણ, મહાસત્તાની આંગળી પકડીને ચાલતી વિદેશનીતિ જેવાં બંધનોમાંથી બહાર નીકળીને આધુનિક લોકશાહી, વિકાસશીલ વ્યવસ્થા સર્જવા માટે થાઈલૅન્ડને ઘણો મોટો પંથ કાપવાનો છે. ત્યારે બીજી બાજુ, લોકોને રાજકારણમાંથી બાકાત રાખીને, પાડોશી ચીન સાથે દુશ્મનાવટ બાંધીને, દક્ષિણ સરહદે વસતા મુસ્લિમો પ્રત્યે અક્કડ સાંપ્રદાયિક વલણ અપનાવીને તેણે મુશ્કેલીઓ વહોરી લીધી છે.

વળી સમગ્ર રાષ્ટ્રની પ્રવૃત્તિનું અને સમૃદ્ધિનું કેન્દ્ર પાટનગરી બેંગકોકમાં હોઈને અન્ય પ્રદેશો અને બેંગકોક વચ્ચે ભારે અંતર રહ્યું છે. બેંગકોક ખૂબ આધુનિક છે. આથી રાષ્ટ્રની સામાન્ય અપેક્ષા, ઇચ્છા અને આકાંક્ષાથી બેંગકોક જેટલું દૂર થતું જાય છે, તેટલા પ્રમાણમાં બે પ્રદેશો વચ્ચેની સમજ અને સમાનતાની ભૂમિકા ઘસાતી જાય છે. ખેતી, વેપાર તથા ઉદ્યોગો વચ્ચેનો હિત-સંઘર્ષ પણ આગામી દસકામાં તીવ્ર બનવા સંભવ છે. બાકી આજે તો ખેડૂતો સુષુપ્ત છે અને રાષ્ટ્રના બનાવોમાં તેમને ઝાઝો રસ નથી. તેમની ઇચ્છા માત્ર 'શાંતિથી જીવવા દો' એટલી છે. સરકાર પાસેથી શાળા કે સારા રસ્તા મેળવવાથી વિશેષ તેમની અપેક્ષા નથી અને દુષ્કાળ કે તંગી વખતે સરકાર અનાજ પૂરું પાડે તો ભયો ભયો. શહેરી કામદારો પણ લગભગ ખેડૂતો જેવા છે. તેમની સંખ્યા જૂજ છે અને તેમાં પણ ચીની તથા થાઈ જૂથો અલગ છે.

ચીનાઓ પ્રમાણમાં સંગઠિત છે અને વેપારક્ષેત્રે સારું વર્ચસ ધરાવે છે. પાડોશી ચીનની મહત્ત્વાકાંક્ષા અને ચીનાઓની વસ્તી થાઈલૅન્ડની સરકાર માટે એક સમસ્યા છે. સરકાર અને થાઈ અગ્રવર્ગ ચીનાઓ બાબત સાશંક છે અને ચીનાઓનું વર્ચસ નાબૂદ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યા છે. ચીનના રાજકારણને પરિણામે આજે તો ચીનાઓ પણ બે દળોમાં વિભાજિત છે. પરંતુ, રાષ્ટ્રવાદી ચીન (તાઈવાન – ફૉર્મોસા)ને યુનોમાંથી દૂર કરાતાં અને સામ્યવાદી ચીનની તાકાત વધતાં, ધીરે ધીરે મોટા ભાગનો ચીની લોકમત સામ્યવાદી ચીન-તરફી થવાની વકી છે. આ ઉપરાંત સરકાર દક્ષિણના મલય મુસ્લિમો સાથે મેળ સાધવામાં સફળ નીવડી નથી તે પણ એક સમસ્યા છે.

જનસમાજ એકંદરે સ્થિર જણાય છે, જ્યારે ઉચ્ચ કક્ષાએ રાજકીય કાવાદાવા, હત્યા, રાજપલટાની અને પરિવર્તનોની હારમાળા દેખાય છે. રાજાશાહીને મર્યાદિત કરવામાં આવી છે. રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા છે. વાણીસ્વાતંત્ર્યના પ્રતીકરૂપ લંડનમાંના હાઈડ પાર્કની નકલમાં એક સેન્ટ્રલ પાર્ક પણ બેંગકોકમાં ખુલ્લો મુકાયો છે. પરંતુ, વાસ્તવમાં ત્યાંની સરકારની તાકાત જનતામાંથી નહીં પણ અમલદારી તંત્ર, સૈન્ય અને ઉમરાવ વર્ગમાંથી આવે છે. સામાન્ય જનતા માટે આજે પણ સરકાર — રાજકારણ એટલે કરવેરા અને પોલીસ એવો અર્થ છે. આથી જ ઉત્તર સરહદે ત્રાસવાદી ગેરીલા પ્રવૃત્તિઓનું જોર જામ્યું હતું. સરકારના પ્રતીકરૂપ પોલીસ કે શિક્ષકની હત્યા કરવી એ ક્રાન્તિ ગણાતી હતી! જોકે તાજેતરમાં સરકારે આ પ્રદેશોના વિકાસ, કેળવણી અને કલ્યાણપ્રવૃત્તિ માટે ખાસ યોજનાઓ હાથ ધરી છે.

થાઈલૅન્ડની સરહદ ક્યાંય ચીન સાથે જોડાયેલી નથી. છતાં ચીને થાઈલૅન્ડમાં ગેરીલા પ્રવૃત્તિ વિકસાવવા તેમ જ ત્રાસવાદીઓને સહાય કરવામાં કાયમ અગ્રભાગ ભજવ્યો છે. લાઓસમાં સામ્યવાદી પગપેસારા પછી થાઈલૅન્ડની ઉત્તર સરહદ ઉપર વાદળો ઘેરાયાં છે. આને કારણે પણ તેનું કોકડું વધુ ગૂંચવાયું છે.

સિયામી-થાઈ રાજાશાહીનો ઇતિહાસ જૂનો છે. સુખોથાઈ(સુખોદય)નું તેરમી-ચૌદમી સદીનું, તો અયુથ્થયા(અધ્યોયા)નું ચૌદમી-અઢારમી સદીનું સામ્રાજ્ય જાણીતું છે. ઈ. સ. ૧૭૬૭માં બ્રહ્મદેશે તેના પર આક્રમણ કર્યું અને સિયામી સાર્વભૌમત્વ નષ્ટ થયું. તે ઉપરાંત આંતરિક બળવા પણ શરૂ થઈ ગયા હતા. તે વખતના રાજા ખ્યા તક્ષિને એક બાજુ બ્રહ્મદેશી આક્રમકો સામે અને બીજી બાજુ આંતરિક વિદ્રોહીઓ સામે ઈ. સ. ૧૭૬૮થી ૧૭૭૬ દરમ્યાન ભારે ઝીંક લીધી. પરંતુ આ ગાળામાં તે નબળો પડતાં ૧૭૮૨માં તેના સેનાપતિ ચક્રીએ બંડ કરીને, તેની હત્યા કરીને, સત્તા છીનવી લીધી. આ ચક્રી રાજા રામ પહેલા તરીકે ગાદીએ આવ્યો. ત્યારથી તેના વંશના તમામ રાજાઓ રામ નામે ઓળખાય છે (આજે રામ નવમો રાજગાદી ઉપર છે). રાજા રામ પહેલા (ઈ. સ. ૧૭૮૨–૧૮૦૯) અને રામ બીજા(ઈ. સ. ૧૮૦૯–૨૧)ના શાસન દરમ્યાન બ્રહ્મદેશ અને હિન્દી-ચીન પ્રદેશો આંતરિક કલહોમાં સંડોવાયેલા હોઈને, બ્રહ્મદેશના આક્રમણનો ભય ટળ્યો; ઉપરાંત, હાલનાં કમ્બોડિયા અને વિયેટનામના પ્રદેશોમાં તેમણે પોતાનો પ્રભાવ વિસ્તાર્યો.

આ સમયખંડ દરમ્યાન સિયામી રાજાશાહીને લોકાદરનું તથા દૈવીપણાના ખ્યાલનું પીઠબળ હતું. રાજા સાર્વભૌમ હતો. પરંતુ તેના સામંતો, અમલદારી તંત્ર અને હરીફ રાજાઓને કારણે તથા ન્યાયના ખ્યાલથી તેના ઉપર કેટલીક મર્યાદાઓ હતી. રાજાને સહાય કરવા છ પ્રધાનોની પરિષદ હતી (ઉત્તર અને દક્ષિણના એક એક સામંત તથા મહેલ, રાજધાની, કૃષિ અને ખજાનાના પ્રધાનો). સામાન્ય પ્રજામાં બે વર્ગો હતા, માલિક ખેડૂત અને ગુલામો. ગુલામોની સંખ્યા કોઈક વાર ૩૩ ટકા જેટલી નોંધાઈ છે. ગુલામોની જિંદગી ખાસ જુદી ન હતી. માત્ર તેઓ યુદ્ધકેદી કે દેવાને કારણે કે ગુલામનાં સંતાન હોવાથી તેમના માલિક સાથે હાળી માફક બંધાયેલા હતા. બાકી જીવનધોરણમાં મોટો તફાવત ન હતો. ખેડૂતને પણ વેઠ આપવી પડતી. ખેડૂતો મુખ્યત્વે એકાદ ખાતાના વડાના આશ્રિતો હતા અને આ વડા સામંત માફક તેમની રક્ષા કરતા અને તેમાંથી જ પોતાનો તથા રાજાનો ભાગ મેળવતા. આમ, સમગ્ર રાષ્ટ્ર રાજાની મિલકત હતું અને રાજ્યની જાહેર કે ખાનગી મિલકત જેવા ભેદ ન હતા. વેપાર રાજ્યહસ્તક હતો—આયાતનિકાસ સહિત. એકંદરે રાજા સાર્વભૌમ હતો; માત્ર રાજા પાસે પરંપરાગત રીતે અપેક્ષિત સદ્‌ગુણો તેણે પાળવાના હતા. વિદેશસંબંધો રાજા હસ્તક હતા.

રામ ત્રીજાના સમય(ઈ. સ. ૧૮૨૪–૫૧)માં અંગ્રેજોનું આગમન થયું. તેમની સાથે મૈત્રી કરાર થતાં આર્થિક-વ્યાપારી સંબંધો વધ્યા હતા. વચગાળામાં એ સંબંધો ખૂબ કથળ્યા, છતાં, રામ ચોથાના આગમનથી પાછા સુધર્યા હતા. વળી બ્રહ્મદેશ સાથેના યુદ્ધ પછી સ્થપાયેલા નૂતન થાઈ સામ્રાજ્યના ત્રણ રાજવીઓના સમય દરમિયાન અપનાવવામાં આવેલી (રામ ચોથાથી રામ છઠ્ઠો: ઈ. સ. ૧૮૫૧ થી ૧૯૧૦) દૂરંદેશીભરી રાજનીતિ, થોડુંક સદ્‌ભાગ્ય અને થોડીક કુદરતી ભૌગો-

લિક સ્થિતિને કારણે થાઈલૅન્ડ સામ્રાજ્યવાદનો પ્રતિકાર કરી શકયું. સમય આવ્યે નમી પડવું અને છતાં જે બચે તેને પુનઃ સંગઠિત કરીને દૃઢ બનાવવાની તેની નીતિ મુત્સદ્દીગીરીના ઇતિહાસમાં નોંધપાત્ર બને એવી છે.

રામ ચોથો આધુનિક થાઈલૅન્ડનો પ્રથમ વિધાયક ગણાય છે. બૌદ્ધ સાધુપદ છોડીને તે ૧૮૫૧માં સત્તા ઉપર આવ્યો. યુરોપીય ભાષાઓ અને વિજ્ઞાનનો તેણે સારો અભ્યાસ કર્યો હતો. તેણે જોયું હતું કે યુરોપ સામે દ્વાર બંધ થઈ શકે તેમ નથી. વિવિધ યુરોપીય સત્તાઓ સાથે સંધિ કરારો કરી તેણે થાઈલૅન્ડને મુક્ત-વ્યાપાર-વિસ્તાર બનાવ્યો. પશ્ચિમી શિક્ષકોને પણ બોલાવવામાં આવ્યા. અંગ્રેજી ભાષા કુલીન વર્ગની ફૅશન બની. પરંતુ પ્રથાઓ હજી પુરાણી જ હતી. રામ પાંચમાના સમયમાં આ પરિવર્તન એક તબક્કો આગળ વધ્યું. તેણે પ્રણાલિકાગત અમલદારશાહી અને સામંતશાહી તથા રાજાશાહીની રીતભાતો અને પ્રતીકોવાળા સમાજની હાળી-ગુલામી પ્રથા રદ કરી, પગાર પ્રથા દાખલ કરી, દરબારી સલામીની સાષ્ટાંગ પદ્ધતિ દૂર કરી; કરવેરા દ્વારા નાણાતંત્રને બદલ્યું. સંદેશાવ્યવહાર તથા વહીવટી તંત્રમાં મૂળભૂત ફેરફારો કર્યા.

આ દરમિયાન, ઉત્તર મલાયાના ચાર વિસ્તારો બ્રિટિશરોને અને લાઓસના ત્રણ વિસ્તારો, તેમ જ કમ્બોડિયામાંના કેટલાક પ્રાંતો ફ્રેન્ચોને આપવા પડયા. પરંતુ રામ ચોથાએ થાઈલૅન્ડ ઉપરનું પોતાનું સાર્વભૌમત્વ ટકાવી રાખ્યું – બલ્કે, આ બે મહાસત્તાઓની સ્પર્ધાને લીધે થાઈલૅન્ડ મુક્ત રહી શકયું. બંનેએ થાઈલૅન્ડની તટસ્થતાને સ્વીકારી.

રામ પાંચમાના શાસન દરમ્યાન (ઈ. સ. ૧૮૬૮–૧૯૧૦) થાઈ રાજાશાહીનું દૈવી સ્વરૂપમાંથી મોભાદાર વહીવટી પ્રમુખપદમાં રૂપાંતર થયું. વહીવટનું કેન્દ્રીકરણ કરી તેને અદ્યતન બનાવવામાં આવ્યો. તેમ જ કાયદાઓની સંહિતા તૈયાર કરવામાં આવી. ધારાકીય તથા વહીવટી બાબતોમાં સલાહકાર સમિતિની રચના પણ કરવામાં આવી. રાજાની સત્તાઓ પણ કાયદા દ્વારા નિર્ધારિત કરવામાં આવી, જે બંધારણીય રાજાશાહીની દિશામાં પ્રથમ પ્રસ્થાન હતું. સમગ્ર રાષ્ટ્રને પ્રથમ વાર એકસમાન કાયદો અને વહીવટ મળ્યો. કાર્ય મુજબના ખાતાવાર પ્રધાનોની પણ નિમણૂકો કરવામાં આવી અને તેમને માટે પગારનું ધોરણ અપનાવવામાં આવ્યું. થાઈલૅન્ડની આ મહત્ત્વની રાજકીય ક્રાન્તિ હતી. રાજ્યની સ્વતંત્રતા જાળવીને આધુનિક ધોરણો મુજબ તેની પુનઃરચના કરવાનું ભગીરથ કાર્ય રામ પાંચમાએ સિદ્ધ કર્યું. તેના બે પુત્રો રામ છઠ્ઠા અને સાતમાએ આ ક્રાન્તિની જ્યોતને જલતી રાખી અને વધુ જ્વલંત બનાવી. વહીવટનું વ્યવસાયીકરણ, રાષ્ટ્રીય ચેતનાની જાગૃતિ, કાનૂની સમાનતા અને બંધારણીય પદ્ધતિ તેમના અમલ દરમિયાન વિકસ્યાં અને દૃઢ બન્યાં: કાયદાની સંહિતાને આખરી રૂપ આપવા સાથે પ્રાદેશિક સ્વશાસનનો પાયો નંખાયો. પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્ર-રાજ્યોની પડખે રહીને તેમણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ પોતાનો પગ ઠેરવ્યો. પરિણામે વર્સાઈની સંધિ અને તેના અનુસંધાનમાં મહાસત્તાઓ સાથે થયેલી નવી સંધિઓ દ્વારા કાનૂની અને નાણાકીય બંધનો તેઓ દૂર કરી શકયા.

લોકશાહીની દિશામાં

૧૯૨૫માં સત્તા ઉપર આવેલો રામ સાતમો પ્રમાણમાં નિર્બળ હતો. તેના સમયમાં સલાહકારોનું વર્ચસ વધ્યું. નાણાકીય તાણ, અવ્યવસ્થા અને મંદી પ્રવર્તતાં, સનંદી નોકરોના પગારોમાં

કાપકૂપો મુકાતાં અમલદારોને રાજાશાહી પ્રથા સામે પણ અસંતોષ હતો. પરિણામે સૈન્ય અને મુલકી સેવાના વચલા જૂથના અધિકારીઓએ કાયદાના એક પ્રોફેસર પ્રિદિ બાનોમયોન્ગના નેતૃત્વમાં ૧૯૩૨માં ક્રાન્તિ કરી. થાઈલૅન્ડને પ્રથમ વાર અર્ધસંસદીય બંધારણ મળ્યું. રાજાશાહી અનાદિ અને અનંત છે, રાજા સરમુખત્યાર, સાર્વભૌમ, ઈશ્વર છે તેવા રૂઢ ખ્યાલને આ ક્રાન્તિએ દૂર કર્યો. અલબત્ત, આ ક્રાન્તિને રાજપલટો કહેવો જોઈએ; કેમ કે, એના સત્તાધારીનો સ્વાંગ અને સંખ્યા બદલાયાં, પણ સત્તા લોકો પાસે પહોંચી નહીં. સત્તાનો હેતુ હજી પણ ઉદાર લોકહિતેચ્છુ પ્રવૃત્તિ પૂરતો મર્યાદિત હતો. જનતાને તેમાં સહભાગી બનાવવાની પ્રક્રિયા હજી શરૂ થઈ ન હતી. વાસ્તવમાં રાજકારણ જૂથો વચ્ચેના આંતરિક સંઘર્ષ પૂરતું મર્યાદિત રહ્યું. સંસદ નામની હતી અને મોટા ભાગની સત્તાઓ કારોબારીમાં કેન્દ્રિત થયેલી હતી.

સિયામી રાજાશાહી બાબત એક હકીકત નોંધવી જોઈએ કે તેણે પ્રાચીન થાઈ સમાજના બંધિયાર સ્વરૂપનું ગતિશીલ આધુનિક સમાજમાં રૂપાંતર કરવા માટેની પ્રક્રિયાને વેગ આપ્યો હતો અને તેને પરિણામે ખુદ અમર્યાદ રાજાશાહી અસંગત બની હતી. થાઈ રાજાઓની સૂઝ અને મુત્સદ્દીગીરી, રાષ્ટ્ર અને સમાજના વિકાસ તથા સ્વાતંત્ર્યને અગ્રતા આપવાની નીતિ, તેમને કોઈ પણ રાષ્ટ્રની જાગ્રત નેતાગીરીની હરોળમાં અગ્રસ્થાન અપાવે એવી છે.

૧૯૩૨ના જૂનની આ ક્રાન્તિ પછી રાજાએ બંધારણ મુજબ શાસન કરવાનું સ્વીકાર્યું. કામચલાઉ બંધારણ ઘડવામાં આવ્યું અને 'જનતા પક્ષ'ના નામે પ્રિદિની સરદારી નીચે ક્રાન્તિકારી જૂથે કામચલાઉ સંસદ રચી. રાજા તથા પક્ષને સ્વીકાર્ય સરકાર રચવામાં આવી, પરંતુ તેના પ્રથમ વડા પ્રધાન તરીકે રૂઢિચુસ્ત નેતા ખ્યા માનોપકર્ણને લેવામાં આવ્યા. આ નવા બંધારણમાં એકગૃહી ધારાસભા, તેને જવાબદાર તાજનું પ્રધાનમંડળ, (સંપૂર્ણ લોકશાહી સ્થપાતાં લગીના) વચગાળાના સમય માટે સંસદના અડધા સભ્યો સરકાર-નિયુક્ત વગેરે ગોઠવણો સ્વીકારી હતી. આ ગાળો ઓછામાં ઓછો દસ વર્ષનો કે અડધા જેટલા મતદારો ચોથા ધોરણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે ત્યાં સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

ત્યારથી કોણ શાસન કરે, તેમ જ શાસનાધિકાર કેવી રીતે નક્કી થાય, તે બાબત વિવિધ જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો રહ્યો. સૈન્ય અને મુલકી અમલદારો વચ્ચેની પ્રથમ અથડામણ આર્થિક કાર્યક્રમ ઉપર થઈ. ક્રાન્તિકારી જૂથે છ મુદ્દાનું જાહેરનામું બહાર પાડ્યું હતું. તેમાં રાજકારણ, કાયદો, ન્યાય અને વેપારમાં સ્વતંત્રતા અને સમાનતા, આંતરિક શાંતિ અને વ્યવસ્થા, આર્થિક આયોજન દ્વારા સર્વ માટે રોજગારી અને કલ્યાણ, વિશેષાધિકારોની સમાનતા અને તેને સુસંગત સ્વતંત્રતા અને શાંતિ તથા સૌ માટે શિક્ષણની જોગવાઈ મુખ્ય હતાં. પ્રિદિએ તે મુજબ વિગતવાર આર્થિક યોજના તૈયાર કરી, જેમાં જમીન સહિત દરેક ઉદ્યોગવ્યવસાયના રાષ્ટ્રીયકરણની યોજના હતી. સહુને રાજ્યના ચાકર બનાવી દેવાની આ યોજના સામે જોરદાર વિરોધ થયો. 'જનતા પક્ષ'માં ભંગાણ પડ્યું. વડા પ્રધાને સંસદ બરખાસ્ત કરી વટહુકમથી શાસન ચલાવવા માંડ્યું. પ્રિદિને વિદેશ જવા કહેવામાં આવ્યું અને સૈન્યે ફરી 'જનતા પક્ષ'ના નામે સત્તા હસ્તગત કરી. 'જનતા પક્ષ'ની સત્તા સામે બીજો પડકાર માજી રક્ષણ પ્રધાન કુમાર બોવોર દેતના નેતૃત્વ નીચે પ્રાદેશિક સૈન્ય અને મુલકી અમલદારોએ ઉઠાવેલા બંડ દ્વારા થયો હતો. બળવાખોરો પરાજિત થયા અને રાજ-

કુટુંબનું ગૌરવ નીચું ગયું. રાજકુટુંબના અનેક સભ્યો દેશપાર કરાયા. રાજા રામ સાતમાએ પણ દેશ અને ગાદીનો ત્યાગ કર્યો અને સોળ વર્ષના હજુ તો શાળાએ જતા કુમાર આનંદને તાજ અપાયો. સંસદની આ સત્તાની પુનઃસ્થાપનામાં મહત્ત્વાકાંક્ષી સેનાપતિ ફિબુન સોન્ગ્ગ્રામનો મુખ્ય હિસ્સો હતો.

૧૯૩૫માં પ્રિદિને પાછા બોલાવવામાં આવ્યા. નવી સંધિઓ દ્વારા થાઈલૅન્ડે સંપૂર્ણ સ્વાયત્તતા પ્રાપ્ત કરી. આ દરમિયાન એશિયામાં જપાનનો ઉદય આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિશિષ્ટ સંઘર્ષ જન્માવી રહ્યો હતો. થાઈલૅન્ડમાં આ ગાળામાં (૧૯૩૮માં) ફિબુન સોન્ગ્ગ્રામ વડા પ્રધાન બન્યા. તેમણે ઉગ્ર રાષ્ટ્રવાદને પોષ્યો, દેશભક્તિને પોરો ચડાવ્યો; દેશનું નામ સિયામ હતું તે બદલીને થાઈલૅન્ડ રાખ્યું. બીજી બાજુ ઇટાલી, જર્મની અને જપાનમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો ઉદય થયો હતો. જપાન વિજયી બનશે એવી ધારણાએ રાષ્ટ્રવાદી ફિબુને જપાન સાથે હાથ મિલાવી મિત્રરાજ્યો સામે યુદ્ધ જાહેર કર્યું. અલબત્ત, આમાં જપાનના વીજળિક વિજયો ઉપરાંત બ્રહ્મદેશ જવાનો માર્ગ આપવા કે યુદ્ધ આપવા જપાને કરેલી માગણી તેમ જ પ્રતિકાર માટે કોઈ સાધનસંપત્તિ કે તકનો અભાવ મુખ્ય કારણરૂપ હતાં. ઉપરાંત 'એશિયા એશિયાવાસીઓ માટે' એવો વિચાર પણ જોર કરી રહ્યો હતો.

આ વખતે જ યુવાન રાજવીના સંરક્ષક તરીકે પ્રિદિ ફાનોમયોન્ગ દેશબહાર ગયા અને ત્યાંથી તેમણે ચીનાઓ સાથે મળીને, વિદેશમાં શરૂ થયેલા સ્વાધીન થાઈ આંદોલનના સહકારમાં, જપાન સામેના ભૂગર્ભ પ્રતિકારની કામગીરી શરૂ કરી. માનવામાં આવે છે કે ફિબુન સોન્ગ્ગ્રામ પણ ભૂગર્ભ ચળવળ સાથે હાથ મિલાવવા માગતા હતા. તેમની આ બેવડી નીતિથી તેમણે જપાનીઓનો વિશ્વાસ ગુમાવ્યો અને મિત્રરાજ્યોને તે સ્વીકાર્ય ન હતા.

થાઈ મુત્સદ્દીગીરીએ ફરી પોતાની પ્રણાલિકાગત દૂરંદેશી બતાવી. સંસદીય માર્ગે ફિબુનને ઉથલાવીને પ્રિદિના સહકારથી નાઈ બુન્ગ અફાઈવોન્ગ સત્તા ઉપર આવ્યો, જેણે જપાનના પરાજય સુધી બિનજોડાણનું નાવ હંકાર્યું.

યુદ્ધને અંતે અમેરિકાને સ્વીકાર્ય સેની પ્રમોજને વડા પ્રધાન બનાવવામાં આવ્યા અને તેમણે સંધિ દ્વારા થાઈલૅન્ડને ફરી આંતરરાષ્ટ્રીય સમાજમાં સ્થાન અપાવ્યું. પરંતુ આ યુદ્ધથી જનતા પક્ષ ભાંગી પડ્યો હતો. ફિબુનની વિદાય, રાજકુટુંબના અનેક સભ્યોનું પુનરાગમન વગેરે કારણે ત્રણ રાજકીય જૂથો વચ્ચે ખેંચતાણ શરૂ થઈ હતી. ફિબુનને સૈન્યનો ટેકો હતો, પ્રિદિ ફાનોમયોન્ગને સંસદ અને મુલકી અમલદારોનો ટેકો હતો, અને અફાઈવોન્ગ તથા પ્રમોજનું નાનું પણ મોભાદાર જૂથ રૂઢિગત રાજાશાહીનો ટેકો ધરાવતું હતું.

બીજી બાજુ ફુગાવો, બ્રિટનને સસ્તા ભાવે ડાંગર આપવી પડતી હોવાથી આવકમાં થયેલો ઘટાડો, સરકારમાં વધતી જતી રુશવતખોરી, કાળાં બજાર તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફરી પોતાનો મોભો ઊભો કરવો તેમ જ જપાન સાથેના સહકારનું કલંક ભૂંસવું, પાડોશી રાષ્ટ્રો સાથે સંબંધો કેળવવા વગેરે મહત્ત્વના પ્રશ્નો ઊભા હતા.

૧૯૪૬માં નવું દ્વિગૃહી બંધારણ રચવામાં આવ્યું. નીચલું ગૃહ લોકમતથી ચૂંટાયેલા અને ઉપલું ગૃહ નીચલા ગૃહ દ્વારા ચૂંટાયેલા સભ્યોનું બનેલું હતું. સરકાર દ્વારા અડધા સભ્યો નિયુક્ત

કરવાની પ્રથા રદ કરવામાં આવી. પક્ષો પ્રથમ વાર મહત્ત્વના બન્યા. હવે, 'બંધારણ મોરચો' અને 'સહકાર મોરચો' બે મહત્ત્વનાં જૂથ હતાં, જેમણે જોડાણ કરીને પ્રિદિને ગંજાવર બહુમતી આપી. વિરોધી પક્ષ અફાઈવોન્ગના નેતૃત્વ નીચે લોકશાહી પક્ષમાં સંગઠિત થયો હતો. આ અરસામાં કુમાર આનંદને શય્યામાં જ ગોળીથી ઠાર કરવામાં આવતાં, તેમ જ સરકાર તે બાબતમાં કશી ચોખવટ ન કરી શકતાં, પ્રિદિ ઉપર વહેમ પડતાં, તેણે સ્વેચ્છાએ હોદ્દો છોડ્યો; પરંતુ લુઆંગ થામરોન્ગને પોતાના સ્થાને મૂકીને પડદા પાછળથી તે દોરીસંચાર કરતો રહ્યો. સૈન્યની અંદર કોઈ જૂથ ન રચાય તે માટે તેમ જ રુશવતખોરી ટાળવા લેવાયેલાં કડક પગલાંને કારણે સૈન્યના અધિકારીઓમાં અસંતોષ હતો જ. તેમણે સામ્યવાદ અને પ્રજાસત્તાકનો હાઉ ઊભો કરીને ફિબુનની સરદારીમાં, ૮ નવેમ્બર, ૧૯૪૭ના રોજ બળવો કરી સત્તા કબજે કરી. પ્રિદિ અને તેના સાથીઓ ચીનમાં ભાગી છૂટ્યા.

બળવાખોર નેતાઓને તેમને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મળનારા આવકાર બાબત શંકા હતી. આથી પ્રણાલિકાગત સાવચેતીને અનુસરીને બુન્ગ અફાઈવોન્ગના લોકશાહી પક્ષને સરકાર રચવાનું કહેવામાં આવ્યું. ૧૯૪૮માં નવી ચૂંટણીઓ થતાં તે પલટાતી બહુમતી છતાં સરકાર રચી શક્યા. સરકારને કાયદેસરતા અને સ્વીકૃતિની મહોર વાગતાં અફાઈવોન્ગ કંઈક કામ શરૂ કરે તે પહેલાં બે માસમાં જ બંદૂકની અણીએ તેમને હાંકી કાઢવામાં આવ્યા અને ફિબુન ફરી વડા પ્રધાન બન્યા. આ પછી ૧૯૫૧ સુધીનો ગાળો વિવિધ જૂથો વચ્ચેના સંઘર્ષનો અને અસ્થિરતાનો છે.

નવોદિત રાષ્ટ્રોની આ એક કપરી સમસ્યા છે; રૂઢિગત સત્તાધીશોને હઠાવ્યા પછી રાજકીય સત્તાધીશો દ્વારા પ્રાપ્ત થયેલી સ્થિરતાની સાથોસાથ વિકાસશીલ તત્ત્વો જળવાઈ રહે તેવું માળખું ઊભું કરવાની તેમની કોશિશને કપરી કસોટીઓમાંથી પસાર થવાનું રહે છે. સત્તા માટેના દાવાને સર્વસ્વીકાર્ય તંત્રની પ્રક્રિયામાંથી પસાર થઈને જ સ્વીકૃતિ મળી શકે અથવા ત્યાં સુધી ધીરજ ખમવી જોઈએ, તેવા લોકશાહી વલણનાં મૂળ હજી ત્યાં નંખાયાં હોતાં નથી. વળી, લોકશાહી છતાં લોકો પ્રત્યે અવજ્ઞાપૂર્વક જોવાની કુલીનશાહી લઢણ, ઝડપી વિકાસ માટે ઉગ્ર કાર્યક્રમની હિમાયત, રાજપુરુષોની ઢીલી તથા રુશવતખોર નીતિ પ્રત્યે સૈન્યની નારાજગી, રાજકારણની પક્ષાપક્ષીથી કંટાળેલા તંત્રવાહકો, લોકશાહી ચીલાને સુદૃઢ રાખતાં પ્રજાકીય મંડળોનો અભાવ : આવાં બધાં કારણો પણ મુશ્કેલીઓમાં ઉમેરો કરે છે.

૧૯૫૧ સુધી સંસદમાં લોકશાહી પક્ષની ઘણી બેઠકો હતી, પરંતુ તેઓ જાણતા હતા કે સંસદીય બહુમતી અસ્થિર છે. આ પછી ફાઓ–સારિત જૂથો વચ્ચે જોડાણ થયું અને ૩૦ નવેમ્બરની સવારે ૧૯૪૯ના બંધારણનો અંત લાવીને ૧૯૩૨ના બંધારણ તરફ પીછેહઠ કરી જવામાં આવી તેમ જ સામ્યવાદવિરોધી કાયદો ઘડવામાં આવ્યો. ફિબુને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પશ્ચિમી સત્તાઓનો સાથ લઈને ૧૯૫૪માં 'સીઆટો'ના મુખ્ય મથક તરીકે પોતાની રાજધાની બેંગકોકનો ઉપયોગ કરવા દઈને તેમ જ આંતરિક ક્ષેત્રે દમન માટે અવારનવાર સામ્યવાદનો હાઉ આગળ ધરીને, સ્થિરતા જાળવવા મથામણ કરી. પરંતુ ફિબુન-ફાઓ-સારિતનો ત્રિકોણ પણ લાંબા સમય સુધી સમતોલ રહેવા સર્જાયો ન હતો. ફાઓ અને સારિત ફિબુનના વારસા ઉપર ટાંપીને બેઠા હતા. ફાઓ પોલીસદળમાં અને સંસદમાં તથા સારિત સૈન્યમાં પોતાનું જૂથ મજબૂત કરતા રહ્યા.

૧૯૫૭માં ચૂંટણીની જાહેરાત થઈ. ફિબુનની અમેરિકા-બ્રિટનની મુલાકાત, નૂતન લોકશાહી યુગના મંડાણની જાહેરાત, નિયમિત અખબારી પરિષદો અને 'સેન્ટ્રલ પાર્ક'ની યોજના એ આ દરમ્યાનના નાટકમાં મહત્ત્વના અંકો છે. આમાં ફાઓ-સારિત જેવા મજબૂત હરીફોને પાછળ પાડવાની નેમ હોઈ શકે. પચીસ જેટલા રાજકીય પક્ષો સક્રિય બન્યા. સરકારના ટેકાવાળા સીરિ મનન્ગ્ખાસિલ પક્ષમાં મોટા ભાગની તાકાત એકઠી મળી. પક્ષના મહામંત્રી ફાઓ હતા. ફિબુનને ટેકો આપતો થમ્મથીપત પક્ષ અને સારિતને ટેકો આપતો રાષ્ટ્રીય લોકશાહી પક્ષ બીજાં નોંધપાત્ર જૂથો હતાં. અફાઈવોન્ગનો લોકશાહી પક્ષ પણ મેદાનમાં આવ્યો હતો. ઈશાન સરહદના વિસ્તારોમાં ઉદ્દામવાદી પક્ષો એકાદ બે સંસદ સભ્યોની આસપાસ કેન્દ્રિત થયા હતા. અખબારો અને સેન્ટ્રલ પાર્કમાં જોરદાર ચર્ચાઓ થવા લાગી. ચૂંટણીની હવા જામવા લાગી તેમ લોકમત ફિબુન અને ફાઓને પક્ષે ઢળતો હોવાનાં એંધાણ મળવા લાગ્યાં. ચૂંટણીમાં ગોલમાલ થઈ હોવાનો આક્ષેપ ચૂંટણી દિન અગાઉને દિવસે સારિતે મૂક્યો. સીરિ મનન્ગ્ખાસિલ પક્ષને સાંકડી બહુમતી મળી હતી. તેથી લોકોનો તેને પ્રચંડ ટેકો છે તેવા ભ્રમનું પણ નિરસન થયું.

ફિબુને કેટલીક તડજોડ પછી પ્રધાનમંડળ રચ્યું—પરંતુ સારિત અને તેના સાથીઓને પ્રધાનમંડળમાં મહત્ત્વના હોદ્દા આપવા પડયા. આખરે જનરલ સારિતે ખુલ્લો બળવો પોકાર્યો. ફિબુન નાસી છૂટયો અને ફાઓને પણ દેશપાર જવાની પરવાનગી અપાઈ. આ શાસને વળી સામ્યવાદીઓ અને અન્ય વિરોધીઓ પર દમન ગુજાર્યું. સૈન્યની દેખરેખ નીચે નવી ચૂંટણીઓ યોજાઈ. સારિતના ટેકાવાળા યુનિયનિસ્ટ પક્ષ સામે લોકશાહી અને સમાજવાદી મોરચો હતો. ચૂંટણી પછી 'રાષ્ટ્રીય સમાજવાદી પક્ષ' નામનું નવું જોડાણ અસ્તિત્વમાં આવ્યું. સારિત તબીબી સારવાર માટે વિદેશ જતાં તેના જમણા હાથ જેવો જનરલ થાનોમ કિત્તિકાચોન વડો પ્રધાન બન્યો. પરંતુ કથળતી નાણાકીય સ્થિતિ, સમતોલ અંદાજપત્ર આડે અમલદારી તંત્ર દ્વારા મુશ્કેલીઓ અને ટીકાઓને કારણે અવઢવમાં મુકાયેલી સરકારનું તંત્ર વેરવિખેર થઈ રહ્યું ત્યારે ઑકટોબર ૧૯૫૮માં સારિત અચાનક વિદેશથી પાછો ફર્યો અને 'રક્તહીન રાજ્યપલટા' દ્વારા સમગ્ર તંત્ર ફગાવી દઈ, તે પોતે જ લશ્કરી સરમુખત્યાર બન્યો.

જાન્યુઆરી ૧૯૫૯માં નવું 'વચગાળાનું બંધારણ' રચવામાં આવ્યું. સારિત વડો પ્રધાન બન્યો. નિયુક્ત સંસદને બંધારણ ઘડવાની તથા કાયદા ઘડવાની કામગીરી સોંપાઈ, પરંતુ તે કદી અમલી બની નહીં. બીજી બાજુ સરકારને વિશાળ સત્તાઓ હતી. રુશવતખોરો અને દેશદ્રોહીઓ સામે કડક પગલાંની જાહેરાત કરવામાં આવી.

આમ, એક બાજુ સરકારની કાર્યક્ષમતા વધી, બીજી બાજુ અગ્નિ એશિયાની સ્ફોટક સ્થિતિ અને વધતી જતી સામ્યવાદી પ્રવૃત્તિને કારણે તેની સામેનો પડકાર પણ વધુ ગંભીર બન્યો.

પૂર્તિ

દરમ્યાન, થાઈલૅન્ડની સરહદે આવેલા લાઓસમાં કૉમ્યુનિસ્ટ બળવાખોરોને વિજયો પ્રાપ્ત થતાં, થાઈ વિદેશપ્રધાને અમેરિકા સાથે સંરક્ષણનો કરાર કર્યો અને લાઓસની સ્થિતિ વધુ ગંભીર બનતાં અમેરિકી નૌકાસૈન્ય થાઈલૅન્ડમાં આવી પહોંચ્યું. બીજી બાજુ, વખત જતાં, વિયેટનામનું

યુદ્ધ વધુ ઉગ્ર બન્યું અને અમેરિકાએ થાઈલૅન્ડનો ઉપયોગ પોતાના ફોજી મથક તરીકે વધાર્યો. આથી ૧૯૬૫માં ચીનની પ્રેરણા નીચે 'થાઈ દેશાભિમાની મોરચો' ઊભો કરવામાં આવ્યો. એને લીધે થાઈલૅન્ડના ઈશાન પ્રદેશમાં કૉમ્યુનિસ્ટ ભય વધી પડ્યો. ૧૯૬૭માં એ પ્રદેશનો પૂરો કબજો ફોજને સુપરત થયો.

અંતે થાઈલૅન્ડના બુદ્ધિજીવીઓમાં એકધારા ૧૧ વરસના ફોજી શાસનનો થાક વરતાવા લાગ્યો. અમેરિકી શાસન પણ અકળાયું હતું. 'બંધારણ'ની આવશ્યકતા સંતોષવા ૧૯૬૮માં એક 'કાયમી બંધારણ'ની નવાજેશ કરવામાં આવી. એમાં રાજાશાહીનું સ્થાન તો કાયમ રહ્યું જ; પરંતુ, વડા પ્રધાનના પ્રમુખપદે એક પ્રધાનમંડળની રચના સ્વીકારવામાં આવી. વળી, રાજ્યસભા (સેનેટ) અને લોકસભા (રાષ્ટ્રસભા) એમ બે ધારાગૃહોની જોગવાઈ કરવામાં આવી – લોકસભામાં ૨૧૯ ચૂંટાયેલા સભ્યો અને રાજ્યસભામાં લોકસભાથી પોણા ભાગના સભ્યો, પરંતુ તે બધા નીમેલા. આ બંધારણ મુજબ ૧૯૬૯માં ચૂંટણી થઈ ત્યારે ૧૩ રાજકીય પક્ષોએ એકાએક દેખા દીધી. યુનાઈટેડ થાઈ પીપલ્સ પાર્ટી (યુ.ટી.પી.પી.), ડેમોક્રેટિક પાર્ટી, ડેમોક્રેટિક ફ્રન્ટ, ફાર્મર્સ પાર્ટી અને લેબર પાર્ટી વગેરે તેમાં મુખ્ય હતા.

૧૯૬૩થી સત્તામાં આવેલ વડા પ્રધાન ફીલ્ડ માર્શલ થાનોમ કિત્તિકાચોને તો અગાઉથી પેરવી કરી જ લીધી હતી. એક તો, યુ.ટી.પી.પી. વડા પ્રધાનનો પક્ષ હતો. ઉપરાંત સેનેટના ૧૬૪ સભ્યોમાંથી ૧૨૮ સભ્યોની પસંદગી વડા પ્રધાને કરી લીધી હતી, જેમાં મુખ્યત: ફોજ, નૌકાદળ, વિમાની દળ તથા પોલીસદળના અફસરો હતા. વળી, ચૂંટણીપદ્ધતિ અંગેનો કાનૂન નક્કી કરવાનું સેનેટ હસ્તક રાખ્યું. આ કાનૂનનો અમલ કરવાનું કાર્ય ગૃહપ્રધાન જનરલ પ્રોપત ચારુસેથિયનના હસ્તક હતું. આ જનરલ પોતે જ 'ફોજી હકૂમત' ચાલુ રાખવાની માગ કરનાર 'ફ્રી પીપલ્સ લીગ'નો નેતા હતો. આટલું પૂરતું ન હોય તેમ, ખુદ વડા પ્રધાને જાતે ૨,૫૦,૦૦૦ સરકારી કર્મચારીઓના મત માટે પ્રચાર કર્યો હતો. આમાંના જ મોટા ભાગનાને ચૂંટણી સંચાલનનું કાર્ય સોંપાયું હતું.

આ બધા છતાં, વડા પ્રધાનના પક્ષને માત્ર ૭૫, ડેમોક્રેટિકને ૫૭, બીજા પક્ષોને ૧૫ અને બિનપક્ષી ઉમેદવારોને ૭૨ બેઠકો પ્રાપ્ત થઈ. પરંતુ આ બિનપક્ષી ઉમેદવારોમાંથી ઘણા એવા હતા કે ચૂંટણીખર્ચ મળી જતાં વડા પ્રધાનની સાથે ભળી જાય!

૧૯૬૯ની આ ચૂંટણી પછીનો કાળ થાઈલૅન્ડ માટે ગંભીર કટોકટીનો બની રહ્યો હતો. થાઈલૅન્ડના ઉત્તર પ્રદેશમાંના બળવાએ જોર પકડ્યું હતું. બીજી બાજુ અમેરિકન સૈન્યો અગ્નિ એશિયામાંથી ખસેડી લેવાની પ્રેસિડેન્ટ જૉન્સનની નીતિના ભણકારા વાગી રહ્યા હતા. આ બંને કારણે થાઈલૅન્ડમાં પાર વિનાનો ફફડાટ જાગ્યો હતો. તેનો પ્રથમ પડઘો ત્યાંના વિદેશ પ્રધાન ડૉ. થાનાત કોમાનના વલણમાં પડ્યો. તેણે સામ્યવાદ વિરોધી ઝનૂની નીતિને સ્થાને લવચીક શૈલી અપનાવી: ચીન સાથેનો સંબંધ સુધારવો, વિયેટનામ અંગેની ફસામણીમાંથી પોતાનો હાથ હળવેથી બહાર કાઢી લેવો, અમેરિકાના સીધા હાથા તરીકેની કામગીરી ઓછી કરી નાખવી, અને અગ્નિ એશિયાના એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે બંધુરાષ્ટ્રો સાથે નવેસરથી સંબંધો બાંધવા વગેરે. વિયેટનામના વિગ્રહનો અંત લાવવાનો હેતુ બર લાવવા સારુ ડૉ. થાનાત દક્ષિણ વિયેટનામમાં સામ્યવાદીઓ, તટસ્થો અને સામ્યવાદ વિરોધી એમ ત્રણેની સંયુક્ત સરકારની સિફારસ (૧૯૬૨–૬૩માં લાઓસમાં

નિષ્ફળ નીવડેલો પ્રયોગ) કરવાય તૈયાર હતો. સાથોસાથ ફોજી અને આર્થિક સહાય માટે એકલા અમેરિકા ઉપર આધાર રાખવાને બદલે નવા સંબંધો બંધાતાં, નવી ગોઠવણો અંગે વિચારણા માટે તેણે સૂચવ્યું હતું. બીજી બાજુ ડેમોક્રેટિક પક્ષના નેતા મોમરાજવોન્ગ સેની પ્રમોજે દેશની આંતરિક સડાની સ્થિતિને ચાંગ કાઈ-શેકનાં છેલ્લાં વરસો દરમ્યાન(૧૯૪૬–૪૯)ના ચીન સાથે સરખાવી. પીપલ્સ પાર્ટીના નેતા લિયાન્સ જયકલે રાજ્યના અમલદારોને રાજકીય પક્ષોમાંથી હઠાવી દેવાની તથા વ્યાપારી પેઢીઓ સાથેના તેમના સંબંધો બંધ કરી દેવાની સલાહ આપી. કેટલાક અમલદારોએ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી અનેકે ભારપૂર્વક જણાવ્યું કે બંને ધારાગૃહોમાં પર્યાપ્ત ચર્ચા-વિચારણા થયા પૂર્વે નીતિ-નિર્ણયો લેવાની પ્રણાલી બંધ થવી જોઈએ.

વધુમાં, આર્થિક સ્થિતિ પણ બદલાઈ રહી હતી. ભ્રષ્ટતા, કિંમતોમાં વધારો, કૃષિ ઉત્પાદનમાં ઘટાડો, ઉત્તરના પ્રદેશમાં નીચા ભાવોને કારણે આવકમાં ઘટાડો, શહેરી અને ગ્રામપ્રદેશો વચ્ચે વધી રહેલું અંતર વગેરે પરિબળો પણ દેશની આંતરિક સમતુલા ડોલાવી રહ્યાં હતાં. ઉપરાંત વેપાર-ધંધામાં મળતા પગારોની સરખામણીએ સરકારી નોકરોને મળતા ઓછા પગારો, નવા શિક્ષિતોને વેપારો તથા સરકારી ખાતામાં સમાવી લેવાની વધતી જતી મુશ્કેલી પણ અસંતોષ પેદા કરી રહી હતી. સાથોસાથ નવાં શરૂ થયેલાં ટ્રેડ યુનિયનો અને વર્તમાનપત્રોને સ્વતંત્ર રીતે વર્તન કરવા દેવાની માગણી પણ જોર કરી રહી હતી.

ટૂંકમાં, ૧૯૬૯ના વરસમાં આખી ભૂમિકા બદલાઈ ગઈ હતી. આ છતાં ૧૯૭૧ના અધવચ સુધી તેની નીતિમાં કોઈ મોટા ફેરફારો થયાનું જણાતું નથી. બલ્કે, વિદેશનીતિ અંગે તો વડા પ્રધાન થાનોમ અને વિદેશ પ્રધાન થાનાત વચ્ચેનો ગજગ્રાહ ચાલતો રહ્યો હતો. પરિણામે, અત્યાર સુધી 'દુશ્મન' ગણવામાં આવેલા ચીન, ઉત્તર વિયેટનામ અને દક્ષિણ વિયેટનામી વિયેટકોંગ સાથેના, તથા પડોશના લાઓસ અને કમ્બોડિયા સાથેના, સંબંધોમાં રાહતને બદલે ગૂંચવાડો વધ્યો છે. તે જ રીતે, અમેરિકા સાથેના સંબંધો અંગે પણ ધૂંધળાપણું જ વધ્યું છે. ખૂબીની વાત તો એ છે કે વિદેશ પ્રધાન ડૉ. થાનાત અમેરિકાને થાઈલેન્ડમાંથી વહેલી તકે હઠી જવાનું સૂચવી રહ્યા હતા ત્યારે બીજી બાજુ પ્રે. નિક્સનના ખાસ વિદેશ સલાહકાર કિસિંજરને થાઈ વડા પ્રધાન એવું સૂચવી રહ્યા હતા કે દક્ષિણ વિયેટનામમાંથી એકદમ હઠી જવાનું ન કરશો; સામ્યવાદીઓ ઉપર ભરોસો રાખી શકાય એમ નથી. વળી, લાઓસ અને કમ્બોડિયામાં સામ્યવાદીઓની તાકાત વધતી જતી હોઈને અને થાઈલેન્ડના ઉત્તર પ્રદેશમાં પણ તેની આગ ફેલાઈ રહેલી હોઈને અમેરિકાએ ખસી જવાની કશી ઉતાવળ ન કરવી જોઈએ.

જોકે આ દરમ્યાન અમેરિકાએ છેલ્લા થોડાક સમયમાં થાઈલેન્ડમાંના પોતાના સૈન્યમાં ઘટાડો કર્યો જ હતો. ઉપરાંત, થાઈલેન્ડને અપાતી સહાયમાં પણ ઘટાડો કર્યો હતો. હવે પછી સૈન્યમાં અને નાણાંની સહાયમાં કશો ઘટાડો ન કરવા માટે વડા પ્રધાન દબાણ કરી રહ્યા હતા અને થાઈલેન્ડમાંનાં સ્થાપિત હિતો તો એવી જ ઇચ્છા સેવતાં રહ્યાં હતાં કે અમેરિકા વિયેટનામના યુદ્ધમાં હજી વધુ જલદ ઉપાયો યોજીને જીત મેળવી જાય, અને થાઈલેન્ડને સદાકાળ માટે અમેરિકાની સહાય મળતી રહે અને કિસિંજરે પણ સામેથી એવી ખાતરી આપી હતી કે તમારું હિત જાળવીને જ અમેરિકા એની હવે પછીની નીતિ અમલમાં મૂકશે. આમ, થાઈલેન્ડની સ્વતંત્ર વિદેશનીતિની વાતો વળી પાછળ ઠેલાતી ગઈ. . . .

ઘરની અંદરની — ખાસ કરીને ઈશાન પ્રદેશની — સામ્યવાદી બંડની સમસ્યાનો કોઈ તત્કાલ ઉકેલ શક્ય દેખાતો નથી. ૧૯૬૫માં 'ચાંપતા ઉપાયો' લેવાવાને કારણે 'રાહત' હતી. તે પણ ક્ષણજીવી નીવડી હતી. આ પછી બળવાખોરોને દબાવી દેવા ઘણા બધા નવા પ્રયાસો કર્યા હતા — જેમ કે, બંડખોરો સામેનો પ્રચાર, સૈન્ય ગ્રામવિસ્તારોમાં પહોંચી જઈ શકે તે માટે નવા રસ્તાઓ, જે ખેડૂતો બળવાખોરોના સકંજામાંથી નીકળીને સરકારી રક્ષણ નીચે આવવા તૈયાર હોય તેમને માટેની નવી વસાહતો, અને એ વસાહતો તથા પ્રદેશોની રક્ષા માટે સખત ચોકીપહેરો વગેરે. આ ઉપરાંત ૧૯૭૦માં 'કૉમ્યુનિસ્ટ સપ્રેશન ઑપરેશન કમાન્ડ' (સી.એસ.ઓ.સી.) નામની એક સંસ્થા પણ જનરલ સૈયદ કેર્દફોલની અધ્યક્ષતામાં રચવામાં આવી હતી. એનો હેતુ બંડખોરો સામેનાં પગલાંમાં ફોજી સૈનિકો અને નાગરિકો વચ્ચે સહકાર સાધવાનો હતો. પરંતુ, સરકારના અંદર અંદરના કલહને કારણે આ દિશામાં ખાસ પ્રગતિ થઈ શકી નહીં — નાયબ વડા પ્રધાન પ્રપાસ ચારુસેથિયન પોતે જ ફોજના સેનાપતિ હોઈને તેમને બીજા કોઈની દખલ પસંદ નહોતી. તેમણે પૂરી નિરાંત રાખીને જણાવી દીધું હતું કે ૧૦૦૦ જેટલા ગેરીલાઓને નાના વિસ્તારમાં આંતરીને ઊંડા ધકેલી દેવામાં આવ્યા છે, હવે કશી ચિંતા કરવાની જરૂર નથી.

પરંતુ ૧૯૭૧નું વરસ અગ્નિ એશિયાને ઊંચુંનીચું કરી મૂકે એવી ઘટનાનું બની રહ્યું. પ્રે. નિકસને ચીન સાથે મૈત્રી સાધવાનો ઇરાદો જાહેર કરી દઈને પોતાના અગ્નિ એશિયાઈ આશ્રિતોને અધ્ધરજીવ કરી દીધા. તે પ્રદેશોની સરકારોને શિરે ઓચિંતી આફત આવી પડી. મહામહેનતે ટકાવી રાખેલી આંતરિક સ્થિરતા તૂટવા લાગી. ૧૯૭૧ના સપ્ટેમ્બરમાં દક્ષિણ વિયેટનામમાં એકદમ ઉતાવળે પ્રમુખપદની ચૂંટણી પતાવી નાખવામાં આવી; ઑક્ટોબરમાં જનરલ લોન નોલે કમ્બોડિયાની સંસદ વિખેરી નાખી; અને થાઈલૅન્ડ પણ બેબાકળું બન્યું — નવેમ્બરની ૧૭મીએ 'કૂ' થયો!

આપણે અગાઉ જોઈ ગયા તેમ, ૧૯૬૮માં 'કાયમી બંધારણ' રચાયું હતું; ૧૯૬૯માં તેને અનુસરી ચૂંટણીઓ થઈ હતી. એ પછીનું શાસન પણ લોકશાહીની કસોટીએ કેવળ દેખાવ પૂરતું જ હતું. મોટા ભાગની સત્તા વડા પ્રધાન અને તેમના વિશ્વાસુ ફોજી સાથીઓના હાથમાં જ રહી હતી. આ નવા ફોજી 'કૂ'એ પણ મૂળભૂત પરિસ્થિતિમાં ખાસ કશો પલટો આણ્યો નહીં. સત્તા જૂના ફોજી જૂથના હાથમાં જ રહી. હકીકતે તો, અગાઉના વડા પ્રધાન અને સરસેનાપતિ થાનોમ કિત્તિકાચોન હવે નવ સભ્યોવાળી 'ક્રાન્તિકારી સમિતિ'ના ચૅરમૅન બન્યા હતા. સેનાપતિ જનરલ પ્રપાસ નાયબ વડા પ્રધાન હતા તે હવે ફોજી વહીવટના અધ્યક્ષ બન્યા હતા. ૮૦,૦૦૦ પોલીસના વડા જનરલ પ્રાસેર્ત રુચરવોંગ જે અગાઉ આરોગ્ય ખાતાના પ્રધાન હતા તેને બદલે હવે નાગરિક વહીવટના અધ્યક્ષ બન્યા હતા. ટૂંકમાં, તમામ ફેરફારો મૂળની જ પરિસ્થિતિ સાચવનારા હતા.

આ 'કૂ' પછી એટલું સ્પષ્ટ થઈ રહ્યું હતું કે હવે ચીન સાથે નવો સંબંધ બાંધવાની બાબતમાં વડા પ્રધાન અને ફોજી વર્તુળો પણ નાછૂટકે અનુકૂળ વલણ લેતા થયા હતા. એટલું જ નહીં, થાઈલૅન્ડના એક જમાનાના (૧૯૪૭ સુધી) વડા પ્રધાન અને પીઢ નેતા પ્રિદિ ફાનોમયોન્ગ (જેઓ નવેમ્બર, ૧૯૪૭ના બળવા પછી ચીનમાં જઈ વસ્યા હતા, અને હાલ ૧૯૭૧થી પૅરિસમાં છે.) સાથે પણ ગુપ્ત રીતે સંપર્ક સાધવામાં આવ્યો હતો. ઉપરાંત, પોતાના દેશમાંની ચીની પ્રજા (૩૦ લાખ: કુલ વસ્તીના ૧૦ ટકા) સાથે પણ હવે નવેસરથી સંબંધ વિકસાવવો પડશે, એટલું

તો સમજાયું હતું. આમ, એક બાજુ નવી નીતિ અને નવા અભિગમની વિચારણા ઘૂંટાઈ રહી હતી; બીજી બાજુ ઈશાનના બળવાખોરો સામે વધુ કઠોર પગલાં ભરવાનું શરૂ કરી દેવાયું હતું. તેમને સંપૂર્ણ દબાવી દેવા નેપામ (ઉગ્ર અગ્નિવર્ષાયુક્ત) બૉમ્બનો ઉપયોગ શરૂ કરાયો. છતાં, 'આંતરિક શાંતિ'ની સ્થાપના અંગે કોઈ જ આશા દેખાતી નહોતી.

નામ પૂરતી લોકશાહીનું માળખું પણ ખતમ કરીને પૂર્ણ ફોજી સરમુખત્યાર સત્તા સ્થાપન કરવાથી એક પણ સમસ્યા હલ કરવામાં સરળતા થઈ નથી — થવાની કોઈ વકી પણ નથી, એ ગવાહી આપી તાજેતરના યુવા પ્રસ્ફોટે અને એના પરિણામરૂપે સેન્યાની આગેવાની હેઠળ રચાયેલી નાગરિક સરકારે (ઑક્ટોબર ૧૪, ૧૯૭૩).

નોંધપાત્ર હકીકત તો એ છે કે રાજા ભૂમિબોલે આ યુવા વિદ્રોહીઓની તરફેણમાં દરમ્યાનગીરી કરી અને સરસેનાપતિ ક્રિસ સિવારાએ પણ 'આપણાં જ સંતાનો' સામે સખત થવાની અનિચ્છા દર્શાવી.

યુવા વિદ્રોહીઓની વિચારસરણીનો ખ્યાલ એ બાબત પરથી આવી શકે છે કે થાનોમ કિત્તિકાચોન અને એના સાથીઓ એમને 'ફાસીવાદી-સામ્યવાદી' તત્ત્વો સાથે સરખાવવા જોગ લાગ્યા હતા. આ યુવજનો રાજ્યકર્તા અગ્રવર્ગી પરિવારોમાંથી જ આવે છે. સંખ્યાની દૃષ્ટિએ ઘણો નાનો એવો આ યુવા સમુદાય રાજકીય રીતે સર્વાધિક જાગ્રત, સર્વાધિક સુશિક્ષિત અને સર્વાધિક બુદ્ધિસમ્પન્ન છે. ઑક્ટોબર આંદોલન દરમ્યાન એમની તાત્કાલિક માગણીઓ બંધારણીય સરકારની પુનઃસ્થાપનાની અને છ મહિનાની મુદતમાં લિખિત બંધારણ માટેની હતી. એમની પાયાની ને લાંબા ગાળાની માગણી જેની રાજકીય પ્રક્રિયાઓમાં પ્રજા અસરકારક રીતે સહયોગી બની શકે તેવી લોકશાહીની છે.

અલબત્ત, સેન્યા સરકારમાં ફોજી તત્ત્વોને પણ સ્થાન આપવું પડ્યું છે. પણ એમને અપાયેલું સ્થાન ગૌણ છે. અન્ય ફોજી હકૂમતોમાં નાગરિક તત્ત્વોનો સમાવેશ નાદછૂટકે જ થતો હોય છે. અહીં એથી ઊંધું છે. એ જ પ્રમાણે, પાડોશી ફોજી હકૂમતોથી વિપરીત, અહીં રાજાશાહી ઉપસ્થિત છે અને લોકશાહીની તરફેણમાં સક્રિય છે.

જોકે, અત્યારે તો, પરિસ્થિતિ પ્રવાહી છે. એક બાજુથી લશ્કરવાદીઓ તાઈવાનમાં આશરો લઈ રહેલા ચારુસેથિયનના સમ્પર્કમાં છે; બીજી બાજુ, નવી ચૂંટણીમાં સરકાર રચવાની હદે યશસ્વી થવાની ગણતરીએ ઉદારમતવાદી બળો બેંક ઑફ થાઈલૅન્ડના માજી ગવર્નર અને વર્ષો સુધી કેમ્બ્રિજમાં રહી ચૂકેલા ડૉ. ઉંગપાખોર્નની આસપાસ એકત્ર થઈ રહ્યાં છે.

ડિસેમ્બર ૫, ૧૯૭૩



હો ચી-મિન્હ
(ઈ. સ. ૧૮૯૦–૧૯૬૯)

૯ : વિયેટનામ

પૂર્વભૂમિકા

તિબેટની તળભૂમિ પાસેથી નીકળીને ચીન, થાઈલૅન્ડ, લાઓસ અને કમ્બોડિયાની ભૂમિને ફળદ્રુપ બનાવતી મેકોંગ નદી આખરે વિયેટનામની દક્ષિણે સાઈગોન પાસે ત્રિકોણપ્રદેશ રચીને દક્ષિણ ચીની સમુદ્રમાં મળે છે. તેવી જ બીજી રેડ નદી ચીનમાંથી નીકળી હેનોઈ પાસે ત્રિકોણ પ્રદેશ રચીને ઉત્તરમાં ટોન્કિનના અખાતમાં મળે છે. આ બે નદીઓની આસપાસના રસાળ પ્રદેશમાં વિયેટનામની સમૃદ્ધિ પથરાયેલી છે. અગ્નિ એશિયાના છેડે આવેલા 'S' આકારના આ પ્રદેશની ઉત્તરે ચીન, પશ્ચિમમાં લાઓસ અને કમ્બોડિયા તથા સમુદ્ર દ્વારા વિખૂટા પડેલા મલયેશિયા, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ આવેલાં છે.

રસાળ ભૂમિ, મબલક ડાંગર અને અગ્નિ એશિયામાં પ્રવેશ માટેના ચાવીરૂપ સ્થાનને કારણે વિયેટનામ હમેશાં ચીની સામ્રાજ્યવાદી મહેચ્છાઓનું ભોગ બનતું રહ્યું છે. વાસ્તવમાં અગ્નિ એશિયાના બીજા કોઈ પણ રાજ્ય કરતાં વિયેટનામ ચીનની સવિશેષ અસર નીચે રહ્યું છે. ત્યાં ધર્મ, ભાષા, વિચારો, રાજ્યપદ્ધતિ, સમાજ અને વહીવટ — દરેક ક્ષેત્રે ચીનની પ્રગાઢ અસર જણાય છે. નકશા ઉપર નજર કરતાં ચીનનો મોટા નાળચા જેવો ભૂમિપ્રદેશ અને તેની સાથે સંકળાયેલું નળી જેવું વિયેટનામ દેખાય છે. ચીની વિસ્તારવાદીઓએ હમેશાં આ નાળચા દ્વારા બીજી બાજુ બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો છે અને વિયેટનામીઓએ તેમને રોકયા છે. આમ વિયેટનામીઓએ પોતાની અને અગ્નિ એશિયાની રક્ષા કરી છે. આમ છતાં ચીનની અનેક પદ્ધતિઓ તેમણે અપનાવી છે. વિયેટનામી પ્રજાની આ સિદ્ધિ અંગે ફ્રેન્ચ વિદ્વાન ચૈગ્નુએ કહ્યું છે, 'એમની પાસેથી મૌલિકતાની અપેક્ષા ન રાખતા. પણ એમની અનુકરણપટુતા વિશે મનમાં કયારેય શંકા પણ ન લાવતા.' અનુકરણવૃત્તિ છતાં પોતાનું આગવું વ્યક્તિત્વ ટકાવી રાખવાની આ પ્રજાની નેમ પણ દાદ માગી લે છે. ચીન અને ફ્રાન્સના આધિપત્યના સમયમાં અને વચગાળાની અંધાધૂંધીમાં પણ તેમણે પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખ્યું છે તે ભૂલવા જેવું નથી. આમ, બીજી પ્રજાઓની જીવનરીતિમાંથી ઘણું અપનાવવા છતાં તેમની સામેના પ્રતિકાર માટે ઝનૂની સંગ્રામ ખેલતા રહેવાની વિયેટનામી પ્રજાની ગુંજાયશ બાબત કોઈને પણ વસવસો રહે તેવી કશી પણ શકયતા તેમણે રહેવા દીધી નથી.

આજે ઉત્તર અને દક્ષિણ વિયેટનામને ૧૭મી અક્ષાંશ રેખા દ્વારા અલગ કરવામાં આવ્યાં છે. આમ, બે અલગ રાષ્ટ્રો અને રાજકીય પદ્ધતિઓ અમલમાં આવ્યાં છે. પરંતુ વિયેટનામી એકતાનો ઇતિહાસ લાંબો છે. ઈ. સ. પૂર્વે ૨૦૮માં સ્થપાયેલા નામ-વિયેટ રાજ્યથી આજ સુધીમાં અનેક વાર વિયેટનામે એકતા માટે અને ખાસ કરીને ચીની આધિપત્યને ફગાવી દેવા સતત સંગ્રામો ખેલ્યા

છે. ઈ. સ. પૂર્વે ૧૧૧થી ઈ. સ. ૯૩૯ સુધી તે ચીનના એક પ્રાંત જેવું હતું. તેને અન-નામ (સંતુષ્ટ દક્ષિણ) એવા નામે ઓળખવામાં આવતું. વર્તમાન વિયેટનામનું અભિધાન તો ૧૮૦૨માં સ્વીકારવામાં આવ્યું હતું. પરંતુ ફ્રેન્ચોએ તેને ફરી અન્નામ, ટોન્કિન (પૂર્વની રાજધાની) અને કોચીન ચાયના (કેચીએમ ઉપરથી અપભ્રંશ કોચીન અને હિંદના કોચીનથી અલગ પાડવા માટે કોચીન ચાયના) એવા ત્રણ પ્રદેશોમાં વિભક્ત કરી નાખ્યું હતું (ઈ. સ. ૧૮૫૮).

ઈશુના પહેલા સહસ્રાબ્દ દરમિયાન વિયેટનામે અનુભવેલા ચીની શાસનની અસર તેના આર્થિક, સામાજિક અને રાજકીય જીવન ઉપર ઘણી ઊંડી પડી છે. એ આખા યુગ દરમ્યાન ચીનના જેવી જ વહીવટી પદ્ધતિ અહીં અપનાવવામાં આવી. આ પદ્ધતિમાં રાજ્યના વહીવટી અધિકારીઓ પરીક્ષાપદ્ધતિ દ્વારા નક્કી કરવામાં આવતા હતા. અલબત્ત, સમગ્ર સત્તાનો સ્રોત રાજા હતો. પરંતુ તેમની આસપાસ અગ્નિ એશિયાનાં અન્ય રાષ્ટ્રો જેવો સામંતશાહી કુલીનવર્ગ ન હતો. આ રીતે જોતાં, ત્યાં સહુને સમાન તક હશે એવો ભાસ થાય છે. પરંતુ ત્યાં લશ્કરી તાકાત હંમેશાં નિર્ણાયક પરિબળ હોવાથી લશ્કરી વ્યવસ્થામાંથી એક અગ્રવર્ગ રચાયો હતો. આ વર્ગના હાથમાં જ પરીક્ષાપદ્ધતિ હોવાથી બીજાઓને તેમાં જવલ્લે જ પ્રવેશ મળતો. કન્ફ્યૂશિયસ દ્વારા ઘડાયેલી આ પરીક્ષાપદ્ધતિમાં અનેક વર્ષોની તૈયારી પછી, વિવિધ કક્ષાએ ઉત્તીર્ણ થયા બાદ, આગળ વધી શકાતું. આટલાં સમય-સગવડ અને વાતાવરણ ઉચ્ચવર્ગનાં સંતાનોને જ સુલભ હતાં. આમ છતાં રાષ્ટ્રનો શાસક વર્ગ અને રાષ્ટ્રનો બુદ્ધિજીવી વર્ગ એકસમાન હતા. પરિણામે આ બે વર્ગ વચ્ચેનો સત્તાસંઘર્ષ નિવારી શકાયો. બીજી બાજુ, આ કારણે શાસિત વર્ગ દૃઢ બન્યો અને તેમનાં હિતો જાળવવા આ પદ્ધતિ તેમને ઉપયોગી નીવડી. ઉપરાંત કન્ફ્યૂશિયસના સિદ્ધાંતોમાં રહેલી વફાદારી, આજ્ઞાધારકતા, વર્ગ-ગૌરવ, શ્રેણીરચના, વ્યવસ્થા જેવાં મૂલ્યો પ્રત્યેની નિષ્ઠાને કારણે શાસક વર્ગ રૂઢિચુસ્ત રહ્યો. બુદ્ધિજીવી વર્ગ જે સામાન્ય રીતે પરિવર્તનનો જ્યોતિર્ધર બને, તે જ ચીનની જેમ અહીં પણ સ્થાપિત વ્યવસ્થામાં પોતાનું હિત હોવાથી પરિવર્તન-વિરોધી બન્યો!

ડાંગરની ખેતી અને તેને માટે જરૂરી વ્યવસ્થિત સિંચાઈને કેન્દ્રમાં રાખી તેની આસપાસ રચાયેલું ગામડું તેમની જીવનવ્યવસ્થાનો પાયાનો એકમ છે. ગામ સામાજિક અને વહીવટી એકમ બની જાય છે. ઉત્તરમાં આ સ્થિતિ ચાલુ રહી, પરંતુ જેમ જેમ વિયેટ પ્રજા આગળ વધતી ગઈ તેમ તેમ નવાં ગામ સ્થપાતાં ગયાં. દક્ષિણને પોતાની કોઈ પ્રણાલિકા ન હતી અને તે સરહદી ગામો હતાં. આથી દક્ષિણનાં ગામોમાં કોઈ સામાજિક વહીવટી એકમ ઊંડાં મૂળ નાખી શકયો નથી. ઉપરાંત દક્ષિણમાં હિંદુ સંસ્કૃતિની અસર નીચે આવેલી ચંપા જાતિ સાથેના સંઘર્ષ અને આદાનપ્રદાનથી તેમની જીવનપદ્ધતિ ઉપર થોડી અસર પડી છે. વળી ખ્રિસ્તી ધર્મની અસર પણ આ વિસ્તાર ઉપર વિશેષ પડી છે.

આમ, વર્તમાન ઉત્તર અને દક્ષિણ વિયેટનામ વચ્ચે માત્ર રાજકીય વ્યવસ્થાના ભેદ ઉપરાંત બીજા ભેદ પણ છે, જે બંનેના સ્વરૂપને થોડુંક અલગ રૂપ બક્ષે છે. આગળ ફેલાતા રહેવાની વિયેટનામી પ્રજાની આ પદ્ધતિ તેમની સામ્રાજ્યવાદી લાલસા પણ સૂચવે છે. હિંદી-ચીનમાં પ્રભુત્વ સ્થાપવાની 'વિયેટ ખ્વાહેશ' સુવિદિત છે. લાઓસ અને કમ્બોડિયામાં પગદંડો જમાવવાના તેમના પ્રયાસો આજે પણ આ હકીકતની સાક્ષી રૂપ છે. ચી જેવા વિયેટનામી લેખકે પણ નોંધ્યું છે કે

વિયેટનામીઓ સામ્રાજ્યવાદી છે અને કમ્બાડિયા તેમના ધસારામાંથી બચ્યું તેનું મુખ્ય કારણ અગ્નિ એશિયાના આ વિસ્તારમાં ફ્રેન્ચોનું આગમન થયું તે હતું. ફ્રેન્ચો સાથેના સંઘર્ષને કારણે તેમની મહેચ્છા બર ન આવી. આજે ફરી વાર આ મહેચ્છા સામ્યવાદના અંચળા નીચે નવા રૂપે આગળ વધી રહી છે.

વિયેટનામી સામ્રાજ્યવાદની મહેચ્છા અને આગેકૂચના આ સમયે (સત્તરમી સદીથી) તેમના કમભાગ્યે પશ્ચિમી સત્તાઓનું આગમન થયું. આરંભમાં ફ્રેન્ચ, ખ્રિસ્તી મિશનરી પાદરીઓની પ્રવૃત્તિ પૂરતું તે મર્યાદિત હતું. શાસક બૌદ્ધિક (મૅન્ડરિન) વર્ગ તેમની પ્રવૃત્તિ બાબત સાશંક હતો. તેઓ જોઈ શકયા કે તેમની સત્તાના પાયામાં રહેલી અને કન્ફ્યૂશિયસના પ્રણાલિકાગત સિદ્ધાંતોમાંથી નીપજતી માન્યતાઓ ઉપર આ નવો ખ્રિસ્તી ધર્મ ઘા કરતો હતો. લગભગ ત્રણ લાખ લોકો આ ધર્મની અસર નીચે આવ્યા હતા. પરિણામે ઉત્તરના ત્રીન્હ અને દક્ષિણના ન્ગુયેન રાજવંશ અવારનવાર તેમને રંજાડવા લાગ્યા. આ સમયે 'તાય સોન' બળવાને નામે ઓળખાયેલો એક નવો ભય આ રાજવંશો સામે આવી પડયો. ત્રણ ભાઈઓએ શરૂ કરેલા આ બળવાને પરિણામે ન્ગુયેન રાજવંશ ભાગી છૂટયો, ત્રીન્હ અને ચીની સૈન્યોનો પણ પરાજય થયો અને વિયેટનામમાં એક નવી એકતા સર્જાઈ. આ સમયે ન્ગુયેન રાજવંશના કુમાર આન્હને ફ્રેન્ચ પાદરીઓનો ટેકો સાંપડયો. ફ્રેન્ચ સરકારે સીધી દરમિયાનગીરી ન કરી; પરંતુ પૉંડિચેરીમાંથી સ્વયંસેવકોની સીધી ભરતી કરવાની સવલત પાદરી બેહાઈનને પૂરી પાડી અને તેમની સહાયથી કેળવાયેલા સૈન્ય દ્વારા આન્હ ક્રમશ: સાઈગોન, હુએ અને છેવટે હેનોઈ જીતી શકયો. વિયેટનામના સમ્રાટ તરીકે તેણે ગીઆ લોન્ગ નામ ધારણ કરી ઈ.સ. ૧૮૦૨–૨૦ સુધી રાજય કર્યું. અલબત્ત તેના રાજયકાળનો મોટો ભાગ લશ્કરી પ્રવૃત્તિમાં અને શાંતિ તથા વ્યવસ્થા સ્થાપવામાં ગયો. તેણે રૂઢિગત વહીવટી તંત્ર અને દમનરાજય ચાલુ રાખ્યું. આધુનીકરણની કોઈ ભૂમિકા તેણે સર્જી નહીં. ભારે કરવેરા અને વેઠ ચાલુ રહ્યાં. આમ છતાં, ડાંગરની જમીનની ફેરવહેંચણી, કાયદા, તોલમાપ, જમીનની નોંધણી જેવાં કેટલાંક કામ થયાં.

૧૮૨૦–૪૧ દરમિયાન સત્તા ઉપર આવેલા મીન્હ માન્ગે પિતાનો ખ્રિસ્તી વિરોધી અને લશ્કરી વારસો જાળવી રાખ્યો. એક બળવા દરમિયાન તેમાં સંડોવાયેલા ખ્રિસ્તી પાદરીઓ પકડાતાં તેની ખ્રિસ્તી વિરોધી નીતિ વધુ કડક બની. ત્યાર પછી ૧૮૪૧–૪૭ દરમિયાન ગાદીનશીન થયેલા થિયુ ત્રીએ આગળની નીતિ ચાલુ રાખી. પરંતુ ૧૮૪૮–૮૩ દરમિયાન સમ્રાટ તુ દુકે તો હિંસક ઉપાયો યોજીને ખ્રિસ્તી થાણાં અને ધર્મપરિવર્તન કરનારાઓ ઉપર દમન વરસાવ્યું, જેમાં હજારોની જાનહાનિ થઈ. આ પછી ફ્રેન્ચ મિશનરીઓની સતામણી અને કતલ ચાલુ રહી. ફ્રેન્ચો હવે આ સહન કરી લેવા તૈયાર ન હતા. ૧૮૫૮માં ફ્રેન્ચ અને સ્પૅનિશ સૈન્યોએ વિયેટ-નામમાં પ્રવેશ કર્યો અને સાઈગોન કબજે કર્યું અને ૧૮૬૧માં કોચીન ચાયનાનો દક્ષિણ પ્રદેશ જીતી લીધો. અને, ૧૮૬૨ની સંધિથી ફ્રેન્ચોને દક્ષિણના ત્રણ પ્રાંતો મળ્યા. ૧૮૬૭માં સમગ્ર કોચીન ચાયના ઉપર તેમનું પ્રભુત્વ સ્થપાયું. આ પછી ફ્રેન્ચોએ ઉત્તરમાં, ૧૮૭૩માં હેનોઈ જીતી લીધું. વળી ૧૮૭૪માં સંધિ થઈ તે મુજબ ફ્રેન્ચોનું વર્ચસ પાકું થયું. પરંતુ આ દરમિયાન 'બ્લૅક ફ્લૅગ' જૂથે રાષ્ટ્રીય વિદ્રોહનો રાહ અપનાવ્યો હતો. તેને દબાવી દેવામાં સમ્રાટ તુને નિષ્ફળતા મળી. હવે

વ્યવસ્થા જાળવવી કપરી બની હતી. તેણે ચીની શહેનશાહ તરફ વફાદારી જાહેર કરીને ચીનની સહાય માગી. ચીની સૈન્યો આવતાં પહેલાં ફરી ફ્રેન્ચોએ હાઈફોન્ગ અને હેનોઈ જીતી લીધાં. અને સમગ્ર પ્રદેશ ફ્રેન્ચ સંરક્ષિત વિસ્તાર જાહેર કરાયો (ઈ. સ. ૧૮૮૩). અલબત્ત, ફ્રેન્ચો સામેનો છૂટોછવાયો પ્રતિકાર આ પછી અડધી સદી સુધી ચાલુ રહ્યો. ફ્રેન્ચોએ વિયેટનામના અન્નામ, કોચીન ચાયના અને ટોન્કિન એવા ત્રણ ભાગ પાડયા, જેમાંથી ટોન્કિન ઉપરનું ફ્રેન્ચ શાસન કાનૂની દૃષ્ટિએ આડકતરું હતું. ટોન્કિનમાં રાજાશાહી અને મૅન્ડરિન પદ્ધતિની સાથે સાથે ફ્રેન્ચ વહીવટ ગોઠવાયો, અન્નામમાં રાજા અને તેનો દરબાર ચાલુ રખાયા. માત્ર દક્ષિણ વિયેટનામ — કોચીન ચાયનાને સંપૂર્ણ સાંસ્થાનિક વહીવટ મળ્યો.

આ તફાવત એકંદરે કાનૂની હતો, બાકી વાસ્તવમાં સમગ્ર પ્રદેશ ઉપર ફ્રેન્ચોનો સંપૂર્ણ કાબૂ હતો. ફ્રેન્ચોનો સાંસ્થાનિક વહીવટ પણ કેન્દ્રીય હતો અને નિર્ણયની પ્રક્રિયા સ્વાભાવિક રીતે જ ઉપરથી નીચે તરફની હતી. વધુમાં સ્થાનિક પરિસ્થિતિથી અજાણ એવા પૅરિસમાં ઘડાતી અને વારંવાર બદલાતી નીતિના કારણે પણ ગૂંચવણમાં ઉમેરો થતો હતો. બીજી બાજુ સર્વ સત્તાધીશ હોવા છતાં ગવર્નરો સ્થાનિક વહીવટી અધિકારીઓની ચાલ આગળ વિવશ બની જતા. ઉપરાંત ૧૮૯૨થી ૧૯૩૦ના ગાળામાં ત્રેવીસ જેટલા ગવર્નરો બદલાતાં મોટા ભાગની વાસ્તવિક સત્તાઓ સ્થાનિક અધિકારીઓ જ ભોગવતા અને મનસ્વીપણે તંત્ર ચલાવતા હતા. તદુપરાંત પ્રાદેશિક અને વિભાગીય ફ્રેન્ચ અધિકારીઓ ગવર્નરની આડે આવતા, જ્યારે ટોન્કિનમાં રેસિડેન્ટ સર્વસત્તાધીશ જેવા હતા અને અન્નામમાં રાજાની આણ માત્ર નામની જ હતી. ફ્રેન્ચ અધિકારીઓ સમ્રાટને પણ દેશપાર કરી શકતા તેમ જ રાજાની ગુપ્ત સભા નષ્ટ થતાં અને તેની ન્યાય-સત્તાઓ છીનવાઈ જતાં તે માત્ર શોભાનો બની રહ્યો. આ ઉપરાંત ઠેરઠેર, નીચેની કક્ષાએ પણ, ફ્રેન્ચ અધિકારીઓ નિમાતા. સમગ્ર વહીવટી તંત્રમાં તેમની બોલબાલા હતી.

પશ્ચિમી શિક્ષણ, મૅન્ડરિન પદ્ધતિનો અંત, ફ્રેન્ચ અધિકારીઓના ભારે પગાર, વહીવટમાં સ્થાનિક જનતાને ખૂબ જ મર્યાદિત સ્થાન જેવાં કારણોથી પ્રણાલિકાગત વ્યવસ્થા પડી ભાંગી, વહીવટી ખર્ચા વધ્યા અને જનતામાં અસંતોષ અને પરાધીનતાની લાગણી વધુ તીવ્ર બની. ફ્રેન્ચ વેપારીઓ અને બૅંક પણ સમગ્ર રાજકારણ તેમના હિતને લક્ષમાં રાખીને ગોઠવાય તેવા દાવ અજમાવતાં હતાં. હકીકતમાં બૅંક ઑફ ઈન્ડોચાયના આખાયે સંસ્થાનની રાજકીય અને આર્થિક નીતિના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવતી હતી; અને ડાંગરનો વેપાર પણ ચીનાઓના હાથમાં હતો. વિયેટનામી વેપારીઓ વ્યાજખોરી અને જમીનની ભારે સાંથમાંથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. જમીનના ટુકડા નાના થતા જતા હતા અને સામાન્ય ખેડૂતને માથે દેવાનો બોજો ખડકાતો જતો હતો. આ સાથે ગામડાંના સામૂહિક જીવનની કેટલીક એકતા અને સ્વાયત્તતા અદૃશ્ય થઈ.

પાશ્ચાત્ય વ્યક્તિવાદી વિચારસરણી અને શહેરીકરણની પ્રક્રિયાએ પણ જીવનપદ્ધતિમાં ક્રાન્તિકારી ફેરફારો સર્જ્યા. ફ્રેન્ચ કાયદા, ફ્રેન્ચ વહીવટ અને વહીવટકર્તા, ફ્રેન્ચ શિક્ષણ, પાશ્ચાત્ય વિચારો, શહેરીકરણની પ્રક્રિયા, ભાંગતો ગ્રામસમાજ, વિશૃંખલ મજૂરવર્ગ, ખેતીની ઘટતી આવક આ બધાં પરંપરાગત વિયેટનામી સમાજ ઉપર ભારે આઘાત રૂપ નીવડ્યાં. નવો સમાજ હજી ઘડતરની પ્રક્રિયામાં હતો. એકંદર માનવી હજી પણ ગ્રામજીવન જીવતો હતો. પરંતુ ધીરે ધીરે નવો શિક્ષિત

વર્ગ આગળ આવી રહ્યો હતો. આ નવા વર્ગની અનુકરણશક્તિ અહીં પણ નોંધપાત્ર નીવડી છે. ફ્રેન્ચ તાલીમ પામેલા અનેક વિયેટનામીઓએ આસપાસના ફ્રેન્ચ હિંદી ચીનના પ્રદેશોમાં તેમ જ યુરોપમાં પણ સફળ કારકિર્દી બજાવી છે. પરંતુ મોટા ભાગના શિક્ષિત સમાજને નસીબે તો હતાશા અને સામાન્ય પગારની નોકરી જ હતી.

આ ઉપરાંત આપણે અગાઉ જોયું તેમ વિયેટનામી પ્રજા વિદેશીઓનું અનુકરણ કરવા તૈયાર છે; પરંતુ તેમના પ્રભુત્વ સામે પ્રતિકારની લડત આપવા પણ તત્પર રહે છે, — પછી તે ચીન હોય કે ફ્રાન્સ. ૧૯૧૬ સુધી તો ઉચ્ચ મૅન્ડરિન અધિકારીઓ અને શાહી કુટુંબ જ ફ્રેન્ચોનો સશસ્ત્ર પ્રતિકાર કરતાં હતાં. પરંતુ આ પ્રતિકારના નેતૃત્વ અને હેતુમાં હવે પરિવર્તન આવ્યું. પાશ્ચાત્ય કેળવણી પામેલો અગ્રવર્ગ પોતાના રાષ્ટ્રનું આધુનીકરણ અને ઉદ્યોગીકરણ કરવાની આવશ્યકતા બાબત પણ સભાન બન્યો હતો. આથી રાષ્ટ્રીય ચળવળની સાથે સામાજિક અને આર્થિક પરિવર્તનનાં લક્ષ્યો પણ સામેલ કરવામાં આવ્યાં. શરૂઆતમાં આ બુદ્ધિજીવી વર્ગની નેમ ફ્રેન્ચ શાસકોની સહાયથી સુધારા કરવાની હતી; પરંતુ તેમનો સાથ ન મળતાં આ વર્ગે ગુપ્ત — હિંસક મંડળો દ્વારા પગલાં લેવા માંડ્યાં. તેમનો બધો રોષ વિદેશી સત્તાધીશો ઉપર ઠલવાયો. આમાંનાં ઘણાં માર્ક્સવાદી ભૂગર્ભ મંડળો હતાં. પરંતુ વિયેટનામ ક્વોક દાન દાંગ (વિયેટનામી રાષ્ટ્રીય પક્ષ — વિરાપ) જે મુખ્ય અને વર્ચસ ધરાવતું જૂથ હતું તે આમાંથી બાકાત હતું. વિરાપ મુખ્યત્વે રાષ્ટ્રવાદી પક્ષ હતો. એ ચીનના કોમિંગ્ટાંગ ઢબની પ્રજાસત્તાક સરકાર સ્થાપવા માગતો હતો અને તે માટે ક્રાન્તિકારી પદ્ધતિની હિમાયત કરતો હતો.

૧૯૩૦માં ચીનની સરહદે રાખવામાં આવેલી એક વિયેટનામી ટુકડીએ બળવાનો ઝંડો ઉઠાવ્યો; અપેક્ષા હતી કે દેશભરમાંથી તેને ટેકો મળશે અને ઠેરઠેર તેનું અનુકરણ થશે. પરંતુ ફ્રેન્ચોને આની ગંધ આવી ગઈ હતી. અને તેમણે આ પ્રયાસ દબાવી દીધો. રાષ્ટ્રીય પક્ષને નષ્ટ કરી દેવામાં આવ્યો. આ પક્ષના નેતા ન્ગુયેન થાઈ હોકને ફાંસી અપાઈ. થોડાક બચ્યા તે ચીનમાં નાસી છૂટ્યા. ડૉક બાર્નેટ જેવા અભ્યાસીએ 'કૉમ્યુનિસ્ટ સ્ટ્રૅટેજી ઈન એશિયા'માં એવો પણ આક્ષેપ કર્યો છે કે સામ્યવાદીઓએ સરકારને આ સમગ્ર હિલચાલની અને અગાઉના ફાન આંદોલન વખતની પ્રવૃત્તિની અગાઉથી જાણ કરી દીધી હતી. પોતાના હરીફોને દૂર કરવાની તેમની આ કુટિલ ચાલબાજીના પરિણામે થયેલી સોદાબાજીથી ફ્રેન્ચોને તાત્કાલિક લાભ થયો, જ્યારે સામ્યવાદીઓને તેમના હરીફો દૂર થતાં મોકળું મેદાન મળ્યું. આ અરસામાં જ ત્રણ સામ્યવાદી જૂથોને એકત્ર કરીને આંતરરાષ્ટ્રીય કૉમ્યુનિસ્ટ સંસ્થા(કૉમિન્ટર્ન)ના આદેશથી 'હિંદી-ચીન સામ્યવાદી પક્ષ'ની રચના કરવામાં આવી. તેના નેતા હતા ન્ગુયેન આઈ-ક્વોક (ન્ગુયેન = રાષ્ટ્રભક્ત), જે પાછળથી વિશ્વભરમાં હો ચી-મિન્હ નામે જાણીતા થયા છે. રાષ્ટ્રવાદી પક્ષના બળવા પછી પોતાની પ્રતિષ્ઠા જમાવવા તેમણે સામૂહિક ખેડૂત આંદોલનો અને દેખાવો યોજીને પોતાના પાયા મજબૂત કરવા માંડ્યા. ખેડૂતના આ બળવાનો હેતુ રશિયા જેવી સોવિયેત સત્તા સ્થાપવાનો હતો. હા તીન્હ તથા હોની જન્મભૂમિ ઘે આનમાં આવી સત્તાની રચના કરવામાં આવી. પરંતુ ફ્રેન્ચ સરકાર આ ચલાવી લેવા તૈયાર ન હતી. વળતાં કડક પગલાં લેવાયાં. કેટલાયે સામ્યવાદી નેતાઓને ફાંસી અપાઈ અને હજારોને જેલમાં પૂરી દેવાયા. હો ચી-મિન્હ ૧૯૩૧માં હૉંગકૉંગમાં પકડાતાં કોમિન્ટર્ન સાથેના

સંબંધો તૂટી ગયા. આમ છતાં સામ્યવાદી પક્ષ રાષ્ટ્રવાદી પક્ષ માફક નષ્ટ ન થઈ ગયો. તે માત્ર ક્ષીણ થયો હતો. પક્ષની નેતાગીરી પણ ત્રૉત્સ્કીવાદી અને તેવાં બીજાં જૂથોની બનેલી હતી. ૧૯૩૮માં ફ્રાન્સની લોક-મોરચા સરકાર તૂટી પડતાં તેમને ભૂગર્ભમાં ચાલ્યા જવું પડ્યું.

બીજા વિશ્વયુદ્ધમાં જપાની આક્રમણ સામે લોહિયાળ પ્રતિકાર પછી ફ્રાન્સની વિકી (Vichy) સરકારે જપાન સાથે સમાધાન કર્યું. વિયેટનામ ઉપરનું ફ્રેન્ચ પ્રભુત્વ જપાને સ્વીકાર્યું અને તેના બદલામાં જપાનને આ પ્રદેશના આર્થિક સ્રોત અને લશ્કરી મથકો મળ્યાં. પરંતુ આ સમતુલા ૧૯૪૫ના માર્ચમાં પડી ભાંગી અને જપાનની પ્રેરણાથી સમ્રાટ બાઓ દાઈએ વિયેટનામને મુક્ત જાહેર કરી ત્રણે પ્રદેશો ઉપરના પોતાના સાર્વભૌમત્વ સંબંધમાં જપાનની સ્વીકૃતિ મેળવી. પરંતુ સ્થાનિક વહીવટ રાજાના, જપાનીઓના કે ફ્રેન્ચોના નહીં પણ બીજાં જ પરિબળોના હાથમાં જઈ રહ્યો હતો. યુદ્ધની શરૂઆતથી જ અનેક વિયેટનામી ક્રાન્તિકારી સંગઠનો હયાતીમાં આવ્યાં હતાં. તેમાં સામ્યવાદી નેતૃત્વ નીચેનો વિયેટનામી આઝાદી સંઘ ('વિયેટનામ દોક લાપ દોન્ગ મિન્હ હોઈ' = વિયેટમિન્હ) મુખ્ય હતો. તેના હરીફો કવોક દાન દાંગ જૂથના ચીનથી પાછા ફરેલા સભ્યો હતા. પરંતુ વિયેટમિન્હના પ્રયાસો ખૂબ જ સંગઠિત હતા અને તેમને જપાન વિરોધી યુદ્ધ દરમ્યાન મિત્ર રાજ્યો તરફથી સારી શસ્ત્રસહાય પણ મળી હતી. ૧૯૪૫માં જપાને શરણાગતિ સ્વીકારતાં હો ચી-મિન્હના નેતૃત્વ નીચે 'રાષ્ટ્રીય મુક્તિ સમિતિ' રચવામાં આવી. હેનોઈ કબજે કરી સમ્રાટ બાઓ દાઈને હાંકી કાઢવામાં આવ્યો અને વિયેટનામ લોકશાહી પ્રજાસત્તાક(વિલોપ્ર)ની કામચલાઉ સરકાર રચવામાં આવી. તેનો આશય ફ્રેન્ચો પાછા ફરે તે અગાઉ ઉત્તર અને મધ્ય વિયેટનામ ઉપર કાબૂ જમાવી લેવાનો હતો કે જેથી ફ્રેન્ચોએ તેમને સ્વીકૃતિ આપવી પડે. પરંતુ દક્ષિણ વિયેટનામમાં અનેક જૂથો હતાં અને તેમને એક કરવામાં તકલીફ હતી. આમ છતાં ત્યાં કામચલાઉ કારોબારી સમિતિ રચાઈ, તેમાં વિયેટમિન્હનું ખાસ પ્રભુત્વ ન હતું. બીજી બાજુ, પોટ્સડામ કરાર અનુસાર ૧૬ અક્ષાંશની ઉત્તરના વિયેટનામનો ફ્રેન્ચ સૈન્યો દ્વારા અને દક્ષિણના ભાગનો બ્રિટિશ સૈન્યો દ્વારા કબજો લેવાયો. બંનેનું મુખ્ય કામ માત્ર જપાની સૈનિકોની શરણાગતિ સ્વીકારવાનું હતું પરંતુ તેમણે સામ્યવાદી વિયેટમિન્હને નબળા પાડવાના હેતુથી તેના વિરોધી પક્ષો અને જૂથને સત્તા કબજે કરવા સહાય કરી. હોએ પોતાની કમજોરી જોઈ લઈને સામ્યવાદી પક્ષ વિખેરી નાખી માર્કસવાદી અભ્યાસ મંડળ રચ્યું અને નવી રાષ્ટ્રીય ધારાસભામાં પોતાના વિરોધી રાષ્ટ્રવાદી પક્ષોને લઈને (કવોક દાંગને ૫૦ અને દોંગ મિન્હને ૨૦ બેઠકો આપીને) સંયુક્ત મોરચા સરકાર રચી. અલબત્ત, સરકારમાં હો ચી-મિન્હના વિયેટમિન્હ જૂથનું વર્ચસ રહ્યું હતું. ચીની સૈન્યો જતાં હોએ રાષ્ટ્રવાદી જૂથોને દબાવી દીધાં અને ફ્રેન્ચ લશ્કરને દૂર કરવાના પ્રયાસો આરંભ્યા.

પણ તડજોડ માટેની વાટાઘાટો નિષ્ફળ જતાં અને ફ્રેન્ચો આગળ વધતા હોવાથી ૧૯૪૬ના ડિસેમ્બરની ૧૯મીએ હોએ ઓચિંતો હુમલો કર્યો. આ યુદ્ધ આઠ વર્ષ સુધી ચાલ્યું. યુદ્ધમાં ફ્રેન્ચ દળોને નગરોમાં રોકી દેવામાં આવ્યાં. તેમની પુરવઠા હરોળ ઉપર સતત હુમલા થયા અને ગ્રામ-વિસ્તારો ગેરીલાઓના હાથમાં ચાલ્યા ગયા. હો હવે રાષ્ટ્રીય નેતા અને મુક્તિદાતા ગણાવા લાગ્યો. વિયેટમિન્હ પ્રત્યે લોકોની મમતા વધી અને તેમના પ્રત્યેની સામ્યવાદી તરીકેની સૂગ દૂર થવા માંડી. ચીનમાં માઓ સત્તા ઉપર આવતાં (ઈ. સ. ૧૯૪૯) અહીંના આ ગેરીલાઓની તાકાતમાં વધારો

થયો. ગેરીલા લડતના નિષ્ણાત વો ન્ગુયેન જીઆપની કામગીરી વધુ ચમકવા લાગી અને માઓ ત્સે-તુંગે પણ પોતાના એક ખાસ જનરલ લો કવેઈ-પોને સહાય માટે મોકલી આપ્યા. અનાજ, દારૂગોળો, શસ્ત્રો, તાલીમ, દોરવણી અને જરૂર પડયે અફસરો મોકલીને ચીને સહાય આપવા માંડી. ઉપરાંત લાઓસની હદોનો પણ તેમણે લાભ લેવા માંડયો અને તેમાંથી છુપાઈને હુમલા શરૂ કર્યા. લાઓસની રાજધાની તરફ આગળ વધતા સામ્યવાદીઓને રોકવા ફ્રેન્ચોએ દિયેન બિયેન ફૂમાં છત્રીદળ ઉતાર્યું. ફ્રેન્ચ દળો ઠેરઠેર વીખરાઈ ગયાં હતાં. તેમની સંરક્ષણ હરોળ અસલામત હતી. ચારે બાજુ જંગલો હતાં, જેમાં ગેરીલાઓને હેરફેરની ફાવટ હતી. આમ ફ્રેન્ચ દળો આ દાવમાં ફસાયા અને ૧૯૫૪ના મેમાં તેમનું પતન થયું. પરાજયથી ચોંકી ઊઠેલા ફ્રાન્સે વિયેટમિન્હ સાથે જીનિવામાં કરાર કર્યા, તેમાં ફ્રેન્ચ સૈન્યો પાછાં ખેંચી લેવાનો, ૧૭મી સમાંતર રેખાને ઉત્તર અને દક્ષિણ વચ્ચેની વિભાજન-રેખા તરીકે સ્વીકારવાનો તથા આંતરરાષ્ટ્રીય યુદ્ધબંધી નિયંત્રણ પંચનોય સ્વીકાર કરવામાં આવ્યો અને ૧૯૫૬ સુધીમાં બંને પ્રદેશોને એકત્ર કરવા માટે લોકમત લેવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ આ લોકમત લઈ શકાયો નહીં અને બંને વિયેટનામ અલગ રહ્યાં.

બે વિયેટનામ : સતત સંઘર્ષ

બંને પક્ષે ભારે કરતાપૂર્વક લડાયેલા આઠ વર્ષના આ યુદ્ધ દરમિયાન સામ્યવાદીઓની લડત સામેના રાષ્ટ્રવાદી મોરચાને સંગઠિત કરવા તેમ જ સ્થાનિક પ્રજાની સહાનૂભૂતિ મેળવવા માટે રચાયેલ દક્ષિણ વિયેટનામની ભૂમિકા પણ સમજવા જેવી છે. દક્ષિણની આગવી વિશિષ્ટતાઓ, પ્રણાલિકાઓ અને સામ્યવાદ-વિરોધનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ. ફ્રેન્ચોએ ૧૯૪૯ના એપ્રિલમાં ફ્રેન્ચ યુનિયનની અંદર સ્વાયત્તતા ધરાવતી બાઓ દાઈની સરકારને સ્વીકૃતિ આપી, પરંતુ વિયેટનામી પ્રજામાં તેની કોઈ પ્રતિષ્ઠા ન હતી અને તેને ફ્રેન્ચોનો ટેકો લેવો પડયો હતો. પરિણામે સામાન્ય જનતાને મન હજી પણ સંસ્થાનવાદ વિરુદ્ધ રાષ્ટ્રવાદનો સંઘર્ષ ચાલુ જ હતો. એક બાજુ ૫૦ના આરંભમાં અમેરિકાએ દક્ષિણ વિયેટનામને સ્વીકૃતિ આપી, બીજી બાજુ ગેરીલાઓને ચીનની સહાય મળી ત્યારે ફ્રાન્સે અમેરિકાને હવાઈ હુમલા દ્વારા સહાય માટે વિનંતી કરી. શરૂમાં અમેરિકાએ આ માગને ફગાવી દીધી અને ફ્રાન્સ ઉપર લોકહિતને વ્યક્ત કરતી સરકાર રચવા દબાણ કર્યું.

પરિણામે ૧૯૫૪ના જનમાં એક કરાર દ્વારા દક્ષિણ વિયેટનામને વાસ્તવિક સ્વતંત્રતા બક્ષવાનું નક્કી કરવામાં આવ્યું તેમ જ સર્વસત્તાધીશ પ્રધાનમંડળ રચવામાં આવ્યું, જેના પ્રમુખપદે ન્ગો દિન્હ ઝિયેમ (Diem) હતા. આ સમયે ઉત્તરના લગભગ નવ લાખ જેટલા નિર્વાસિતો દક્ષિણમાં આવ્યા. પરિણામે વિભાજનથી નબળા પડેલા અર્થતંત્રને વધુ મોટો ફટકો પડયો. ઝિયેમ પાસે નામની જ વહીવટી અને લશ્કરી સત્તાઓ હતી. તેમાં વળી દક્ષિણમાંના ગ્રામવિસ્તારોમાં સામ્યવાદી પક્ષના અનુયાયીઓનો સારો એવો કાબૂ હતો અને તેઓ ૧૯૫૬ની ચૂંટણીઓની રાહ જોતા બેઠા હતા. વિરોધ પક્ષો આંતરિક મતભેદોમાં ગૂંચવાયેલા હતા. જ્યારે અમેરિકાએ ઝિયેમની સરકારને (ફ્રેન્ચોને વચ્ચે રાખ્યા વિના) સહાય આપવા માંડી ત્યારે ઝિયેમને પોતાની તરફ સૈન્યને વાળવાની તક મળી. પછીના એક વર્ષમાં ઝિયેમે કેટલીક નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી. વિવિધ જૂથોની વહીવટી સત્તા તથા સૈન્યનું પ્રભુત્વ તોડી તેણે સમગ્ર રાષ્ટ્રને એક છત્ર નીચે આણ્યું; અને બાઓ દાઈના રાજ્યપદના સ્થાનને ગૌણ બનાવી દીધું. સૈન્ય, પોલીસ અને નગરો ઉપર કબજો જમાવવા ઉપરાંત

તેણે રાષ્ટ્રના લોકમતનું પીઠબળ પણ પ્રાપ્ત કર્યું (બાઓ અને ઝિયેમ વચ્ચે પસંદગી કરવા માટેના લોકમતમાં ઝિયેમને ૯૮ ટકા મત મળ્યા હતા). ઉપરાંત, નિર્વાસિતોને ફરીથી વસાવવાનું ભગીરથ કાર્ય સિદ્ધ કર્યું અને અંતે રાજાને દૂર કરી પ્રજાસત્તાકની રચના જાહેર કરી, એ પણ કંઈ નાની-સૂની સિદ્ધિઓ ન હતી. બીજી બાજુ ગ્રામવિસ્તારો ઉપર કાબૂ મેળવવા માટે ઉત્તરની સહાયથી લડતા ગેરીલાઓ સામેનો સંઘર્ષ ચાલુ જ હતો. પરંતુ ઝિયેમના શાસન દરમિયાન ખ્રિસ્તીઓને અપાતું વધુ પડતું મહત્ત્વ, અંગત સંબંધીઓને અપાયેલા ઉચ્ચ હોદ્દા અને તેણે પોતે મેળવેલી સંપત્તિથી પ્રજામાં અસંતોષ જાગ્યો હતો. તે રાષ્ટ્રના એકીકરણ તેમ જ શાસનના વાજબીપણા બાબત પ્રજામાં શ્રદ્ધા જન્માવવામાં નિષ્ફળ ગયો હતો. તેમાં બૌદ્ધ ભિક્ખુઓનું આંદોલન તેના પતનનું કારણ બન્યું. ૧૯૬૩ના નવેમ્બરમાં થયેલા લશ્કરી બળવામાં ઝિયેમ અને તેના ભાઈ ન્હુએ જાન ગુમાવ્યા.

આ પછી તો ત્યાં નિયમિત રીતે સૈન્યપ્રેરિત રાજપલટા થતા રહ્યા છે. અમેરિકાએ એક કે બીજા લશ્કરી જૂથને ટેકો આપવાની નીતિ અખત્યાર કરવાથી સત્તાધીશો બદલાતા રહ્યા છે. લોકશાહી અમલ અને સુધારાઓ ન કરવામાં આવે તો આર્થિક મદદ બંધ કરવા સુધીનું કેનેડી-શાસનનું ઝિયેમ ઉપરનું દબાણ તથા જૉનસન-શાસન દરમિયાન લશ્કરી દૃષ્ટિએ ઉગ્ર પગલાંની. નીતિ અને તે મુજબ વર્તવા તૈયાર હોય તેવા સેનાધ્યક્ષોનો બળવો — આનાં કેટલાંક ઉદાહરણો છે.

બીજી બાજુ ૧૯૬૦ના નિષ્ફળ સૈનિક બળવા પછી રચાયેલો રાષ્ટ્રીય મુક્તિ મોરચો (સામ્યવાદી વર્ચસ નીચે વિયેટ કૉંગ) ખાસ કરીને ગ્રામવિસ્તારોમાં વર્ચસ જમાવતો હતો. સૈન્યમાં પણ હતાશા અને (રાજકીય નેતાઓની તકવાદી નીતિઓથી) અસંતોષ હતાં. વર્ષોથી ચાલતા આ યુદ્ધથી સામાન્ય જનતા થાકી ગઈ હતી. પરંતુ યુદ્ધનો ઝડપી અંત લાવવો, વધુ ઉગ્ર પગલાં દ્વારા ગેરીલાઓને ખતમ કરવા, કડક આર્થિક નીતિનો અમલ કરવો, રુશવતખોરી દૂર કરી સામાન્ય જનતાનું હિત સાધવું જેવાં સૂત્રો નીચે સૈન્યની એક કે બીજી પાંખ વચ્ચે સત્તા માટેની લડત ખેલાતી રહી. જનરલ કીમ દવાંગ વાન મિન્હ અને ત્રાન વાન દોન જેવા લશ્કરી અધિકારીઓનો નવેમ્બર ૧૯૬૩નો બળવો અને ત્યાર પછી તુરત જ જનરલ ખાન્હ ગુયેન અને ત્રાન વાન ખીએમનો બળવો એ રીતે નોંધપાત્ર છે. બંનેએ સત્તાધીશો ઉપર એવો આક્ષેપ કર્યો હતો કે તેઓ ફ્રાન્સ સાથે તડજોડ કરીને આ વિસ્તારને તટસ્થ પ્રદેશ બનાવવા માગે છે. ખાન્હે સૈન્યને ખુશ રાખવા તેમના પગારમાં ૨૦ ટકા જેટલો વધારો પણ કરી આપ્યો હતો. ૧૯૬૪ના અંતમાં એક વિફળ સૈનિક બળવો અને તે પછી નાગરિક શાસનનો દેખાવ કરવા ફાન સૂઉને પ્રમુખપદ અને ત્રાન વાન હુઆંગને વડા પ્રધાનપદ અને તેનું પતન — આ ઘટના સૈન્યની સત્તાના પ્રતીકરૂપ હતી. ૧૯૬૫ના ફેબ્રુઆરીમાં ખાન્હને ઉથલાવી દેતો એક વધુ સૈનિક બળવો થયો અને જનરલ થિયુ રાષ્ટ્રપતિ બન્યા અને માર્શલ કી વડા પ્રધાન. આમ, નામના નાગરિક શાસનનો પણ અંત આવ્યો. સામ્યવાદીઓ સાથે વધુ ઉગ્ર પ્રતિકારની નીતિ આચરવામાં આવી. ચૂંટણીઓ દ્વારા નવી વ્યવસ્થાને લોકમતનો ઢોળ ચડાવવાની ચાલ અજમાવવામાં આવી. પરંતુ ચૂંટણીમાં થિયુ અને કી વચ્ચેના મતભેદ ઉપર આવવા લાગ્યા. બંને રાષ્ટ્રપતિપદ ઝંખતા હતા. છેવટે થિયુ રાષ્ટ્રપતિ અને કી ઉપ-રાષ્ટ્રપતિ બન્યા, હુઆંગ વડા પ્રધાન બન્યા. ચૂંટણીમાં તેમનું જૂથ ૫૦ ટકા કરતાં ઓછા મતે સત્તા-સ્થાને આવ્યું તેમ જ ચૂંટણીના મતદાનમાં ગોલમાલ થઈ હોવાના આક્ષેપો પણ મુકાયા છે.



આતંકિત વિયેટનામ

સત્તાની ખેંચતાણના આ આખા ગાળા દરમ્યાન ગેરીલા અને ઉત્તર વિયેટનામ સામેનો સંઘર્ષ તો ચાલુ જ હતો. અમેરિકાની પ્રજામાં આ 'અનંત યુદ્ધ' સામે વિરોધ ઉગ્ર થતો જતો હતો. ઉત્તર વિયેટનામ સાથે કોઈ સમાધાન કરવાની જરૂર ઉપર ભાર મુકાવા લાગ્યો. આખરે ૧૯૬૭ના સપ્ટેમ્બરની ૨૯મીને રોજ અમેરિકાએ મંત્રણાની ઑફર કરી અને ઉત્તર વિયેટનામ ઉપરનો બૉમ્બ મારો બંધ કર્યો. આ વખતે ઉત્તર વિયેટનામને આશા હતી કે, દક્ષિણ વિયેટનામમાં સામ્યવાદી રાષ્ટ્રીય મોરચો (વિયેટ કૉંગ) જોરમાં હોઈ તેના બળવામાં સ્થાનિક પ્રજાનો સાથ સાંપડી રહેશે. સાઈગોન સરકાર પડી ભાંગશે. પરંતુ હુમલા પછી તેમની એ આશા ઠગારી નીવડી. આથી ૧૯૬૮માં જ્યારે અમેરિકાએ બીજી ઑફર કરી ત્યારે તે સ્વીકારી લીધી. દરમિયાન પૅરિસ ખાતે મંત્રણાઓ યોજવામાં આવી. શરૂઆતમાં દક્ષિણ વિયેટનામની અંદરના રાષ્ટ્રીય મોરચાનાં રાજ્યોને સામેલ કરવા બાબત મતભેદ પડ્યો હતો. પરંતુ છેવટે તેમનો તેમાં સમાવેશ કરાયો. મંત્રણા દરમિયાન પણ બંને પક્ષ પોતાના લક્ષમાંથી સહેજ પણ ચલિત થવા માગતા નથી તેના પુરાવા મળતા રહ્યા છે. મંત્રણા ચાલુ હતી તે દરમિયાન માર્ચ ૧૯૬૯માં ગેરીલાઓએ અનેક નગરો ઉપર હુમલા કર્યા, સાથે અમેરિકાએ પણ મર્યાદિત બૉમ્બમારો ચાલુ રાખ્યો; પરિણામે હજાર ઉપરાંત અમેરિકન સૈનિકો અને તેથી દશગણા ગેરીલા માર્યા ગયા. એક બાજુ સામ્યવાદી રાષ્ટ્રીય મુક્તિ મોરચાએ હુયાન તાન ખ્હાતના નેતૃત્વ નીચેની કામચલાઉ સરકાર જાહેર કરી, બીજી બાજુ અમેરિકા અને દક્ષિણ વિયેટનામની થિયુ સરકારે વળતા હુમલા અને બૉમ્બમારો કર્યા. આ છતાં, અમેરિકા તેનાં સૈન્યો પાછાં ખેંચી લેવા ઉત્સુક છે તેવી છાપ પાડવા પ્રમુખ નિક્સને ક્રમશ: અમેરિકી સૈનિકો પાછા ખેંચવાની જાહેરાત કરી. પરંતુ દક્ષિણ વિયેટનામ ઉત્તરના આક્રમણનો ભોગ ન બને તે માટે વિયેટનામી સૈનિકોને વધુ તાલીમ અને સહાય આપવાનું ચાલુ રાખ્યું. ઉપરાંત, પોતાના લાખના અમેરિકી સૈન્ય માંથી શરૂમાં માત્ર પચીસ હજાર સૈનિકો પાછા ખેંચી પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં રાખવાની અને જરૂર પડ્યે તેમને પાછા લાવી શકાય તે માટે હિંદી મહાસાગરમાં નૌકા કાફલો રાખવાની નીતિ અપનાવી. વધુમાં ઉત્તર તરફથી કેવું વલણ અપનાવાય છે અને શાંતિ તથા સમાધાન બાબત કેવો પ્રત્યાઘાત પડે છે તેના આધારે આગળ નિર્ણય લેવાનું જાહેર કર્યું.

આમાંથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે અમેરિકી પ્રજામતને લીધે તથા વધતા જતા આંતરિક દબાણને કારણે અમેરિકા દક્ષિણ વિયેટનામમાંથી મુક્ત થવા માગે છે, પરંતુ તેને નિરાધાર છોડી જવા તૈયાર નથી. ઉત્તર પાસે તે એવું સમાધાન કરાવવા માગે છે કે જેમાં દક્ષિણના અસ્તિત્વ અને સ્વાધીનતાનો સ્વીકાર થાય, એકબીજાની આંતરિક બાબતમાં દરમિયાનગીરી ન થાય અને શાંતિ માટેની કોઈક આંતરરાષ્ટ્રીય બાંયધરીઓ હોય. ઉત્તર વિયેટનામના નેતાઓના શબ્દોમાં કહીએ તો અમેરિકા આ વિસ્તારમાં પોતાની 'પૂતળાં' સરકાર જેવી થિયુ સરકારને કાયમ રાખવા માગે છે. બાલબત્તા, આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ નીચે ચૂંટણી થાય તેના એક માસ આગાઉ થિયુ રાજીનામું આપે એવી દરખાસ્ત અમેરિકાએ મૂકી હતી. વાસ્તવમાં, દક્ષિણ વિયેટનામમાં રવાયત્ત, સામ્યવાદી વર્ચસ્વ બહારની, લોકશાહી અને અખિલ એશિયામાં સામ્યવાદી વલણ વધતાં રોકે તેવી વ્યવસ્થા સ્થપાય તેમ અમેરિકા ઇચ્છે છે. જ્યારે ઉત્તર વિયેટનામ ત્યાં સામ્યવાદી વર્ચસ્વ જળવાય અથવા તેમના સાથીપક્ષો જેવા રાષ્ટ્રીય મુક્તિ મોરચા(વિયેટ કૉંગ)ની સરકાર માગે છે.

આ બાબત ચીન અને રશિયા વચ્ચે મતભેદો પડ્યા પછી એક નવું પરિમાણ અસ્તિત્વમાં આવ્યું છે. ચીનને રશિયાનો વિરોધ ભય છે. આથી પોતાની ઉત્તર સરહદો ઉપર તેને વધુ ધ્યાન

આપવાનું રહે છે. અમેરિકા સાથે હવે તે મેળ સાધવા ઉત્સુક છે. આ માટે જરૂર પડે તો દક્ષિણ વિયેટનામમાં કોઈક સમાધાન કરવા પણ તે તૈયાર છે. રશિયા આ વિસ્તારમાં ઉત્તર વિયેટનામની વધુ તરફદારી કરી રહ્યું છે. એ અહીં પોતાની વગ વધારવા માગે છે; જ્યારે ચીન આ વિસ્તારમાં રશિયાની વગ ન વધે, ઉત્તર વિયેટનામ સંતુષ્ટ રહે અને દક્ષિણ વિયેટનામનો પ્રશ્ન અમેરિકા સાથે મૈત્રીના ધોરણે ઊકલે તે પ્રકારની ચાલ ચાલવા માગે છે. છેલ્લાં વર્ષોમાં ચીન એશિયાનાં નાનાં રાષ્ટ્રોની આશંકા દૂર કરવા માટે પણ સૌમ્ય વલણ અપનાવતું હોય તેમ જણાય છે. સિલોનના માઓ-તરફી બળવા અંગેનું અને બ્રહ્મદેશની સરહદ ઉપરની સામ્યવાદી ચળવળ પ્રત્યેનું તેનું ઠંડું વલણ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

ખાસ કરીને ઉત્તરમાંથી નિર્વાસિત બનીને આવેલા વિયેટનામીઓ, સૈન્ય, દક્ષિણ વિયેટનામના જૂના સામંતશાહી પ્રકારનાં જૂથો અને ખ્રિસ્તીઓ તેમ જ મોટા ભાગના બૌદ્ધધર્મીઓ સામ્યવાદ વિરોધી છે. ઉપરાંત નગરોની પ્રજાનો ઘણો મોટો અંશ લોકશાહી-તરફી છે. ઉત્તર વિયેટનામની નેમ એવી જણાય છે કે આ સંજોગોમાં ચૂંટણીઓ ટાળીને દબાણ દ્વારા જો વિયેટકૉંગોને મહત્ત્વનું સ્થાન મળે તો ઠીક, નહીંતર અમેરિકન લોકમત અને આંતરરાષ્ટ્રીય પ્રચારયુદ્ધ દ્વારા અમેરિકાને થકવી દક્ષિણ વિયેટનામમાંથી દૂર કરી, ગેરીલા દ્વારા સ્થાનિક સરકારને નિર્બળ બનાવી સત્તા હાંસલ કરી, તે દ્વારા બંને વિયેટનામને એકત્ર કરવાં.

ફ્રેન્ચ દળોની વિદાય (મે ૧૯૫૫) સાથે અસ્તિત્વમાં આવેલા ઉત્તર વિયેટનામમાં સામ્યવાદી વ્યવસ્થા નીચે જે આમૂલ ફેરફારો કરવામાં આવ્યા છે, તે તરફ પણ નજર નાખી લઈએ.

ફ્રેન્ચ વિરોધી સંઘર્ષમાં મુખ્ય પરિબળ સામ્યવાદના સિદ્ધાંતો કરતાં 'સહુથી પ્રથમ મારું વતન' એવું હો ચી-મિન્હનું સૂત્ર હતું. નમ્ર અને ખંતીલા હો ચી-મિન્હે (એક ચીની મહિલા સાથેના તેમના લગ્નની અફવાને બાજુએ મૂકતાં) અપરિણીત જીવન, સાવ ઘસાઈ ગયેલો ડિસ્પોઝલનો ઝભ્ભો, રબરના ટાયરનાં ચંપલ અને સાવ ઓછી જરૂરિયાતો દ્વારા પ્રજાના દિલમાં સંત સમું સ્થાન મેળવ્યું હતું. બાકી કાવાદાવામાં તેઓ સ્તાલિન કે મૉકિયાવેલીના વારસદાર હતા. સામ્યવાદની ધ્યેયસિદ્ધિ માટે દગાખોરી, સાથીઓને પકડાવી દેવા, સમાધાન અને એકતાની વાતો દ્વારા વિરોધી-ઓને સાથે લઈ ક્રમશ: નામશેષ કરી દેવાની તેમની પદ્ધતિ વગેરેનાં અનેક ઉદાહરણો મોજૂદ છે. પ્રારંભમાં એકતાને નામે તેમણે ડેમોક્રેટિક અને સોશિયાલિસ્ટ પક્ષો સાથે હાથ મિલાવ્યા હતા. આજે આ પક્ષોનું નામ માત્ર રહ્યું છે.

જ્યૉર્જ ઑરવેલની 'પશુરાજ્ય' કિતાબની યાદ આપતાં 'શાહીવાદી વિરોધ', 'સામંતશાહી વિરોધ', 'સાંથ ઘટાડા', 'જમીન સુધારણા' અને 'ભૂલસુધાર' વગેરે આંદોલનો વિરોધી પરિબળોને નષ્ટ કરવાની સામ્યવાદી રસમના ઉત્તમ નમૂના છે. શાહીવાદ વિરોધી આંદોલનની નેમ, પ્રથમ દૃષ્ટિએ, ફ્રેન્ચો સામેની રાષ્ટ્રીયતાની લડત લાગે. પરંતુ હકીકતે પોતાના વિરોધી રાષ્ટ્રીય પક્ષો ઉપર જ જાસૂસીના અને ફ્રેન્ચોને સાથ આપવાના રાષ્ટ્રદ્રોહના આક્ષેપો મૂકી તેમને ખતમ કરવામાં આવ્યા. એ પછી, વિદેશી શાહીવાદ અને દેશની અંદરની સામંતશાહી એક જ વસ્તુ છે,-કારણ કે વિદેશીઓ અને આ લોકો મળીને રાષ્ટ્રની ૭૦ ટકા જમીન દબાવી બેઠા છે, તેવી દલીલ દ્વારા બંને વર્ગને એકસરખા દુશ્મન ગણવામાં આવ્યા. આ પછી સામંતશાહીના નાશની વાત કરીને મોટા જમીનદારો

સામે હલ્લા કરવામાં આવ્યો; બાદ, જમીનદારોને સામંતો ઠરાવવામાં આવ્યા. તે જ રીતે, ઉદ્યોગપતિઓ સામે બે તબક્કે કામ લેવાયું. પહેલાં તેમના બે ભાગ પાડયા : એક 'સ્થાનિક મૂડીપતિ', જેનામાં વિદેશીઓ સાથેની સ્પર્ધાને કારણે દેશપ્રેમ છે, અને બીજા વિદેશીઓના સહકારથી કામ કરતા 'કોમ્પ્રેડર'. પરંતુ ક્રમશ: બંને વર્ગને ખતમ કરવામાં આવ્યા. આ બધાં પગલાં જનતાને નામે લેવાયાં. ગ્રામસભા મળતી તેમાં સ્થાનિક નેતા હાજર રહેતા, નક્કી કરાયેલી વ્યક્તિ સામે આક્ષેપ મુકાતો. પ્રવચન થતું અને જનતાને તેમને સજા કરવા અનુરોધ થતો. લોકો ડરથી કે વેરવૃત્તિથી કે પોતાને લાભ થશે તેવી અપેક્ષાએ તેમાં સૂર પુરાવતા. ઘણી વાર તો આરોપી જાતે છૂટવા કે બીજાને પણ સાથે ડુબાડવા નામો આપે અને કાર્યવાહી આગળ ચાલે. લોક-અદાલતોની આવી કામગીરીનો ભારે ધાક હતો. વાસ્તવમાં તે સામ્યવાદી કાર્યકરોના ઇશારા ઉપર જ ચાલતી અને તેનું સૂત્ર જગતના પ્રચલિત ન્યાયસૂત્રથી વિરોધી હતું: 'એક દુશ્મનને જવા દેવો તેના કરતાં દશ નિર્દોષને ઠાર મારવા એ સારું.'

લોક-અદાલતની કામગીરીનો એક કિસ્સો 'સંસ્થાનવાદથી સામ્યવાદ'માં હોઆન્ગ વાન ચીએ નીચે મુજબ વર્ણવ્યો છે :

> . . . નિયંત્રણચર્ચાના પ્રસંગમાં . . . શિક્ષકે એક વિદ્યાર્થીને 'યોગ્ય' કહેવાય તે કરતાં એક ગુણ વધારે આપ્યો. આ શિક્ષક સામે નીચે પ્રમાણેનો આક્ષેપ ઘડાયો :
>
> પાયાની વાત : તમે યોગ્યતા કરતાં એક ગુણ વધારે આપ્યો. તારણ : (૧) એક વ્યક્તિ ઉપર કૃપા દાખવી તમે વર્ગમાં ભાગલા પડાવવા ધાર્યું. (૨) જ્યારે વર્ગમાં ભાગલા પડે છે ત્યારે વિદ્યાર્થીઓ અભ્યાસને બદલે અંદર અંદર લડવામાં વધારે વખત ગાળે છે. (૩) એટલે એમની પ્રગતિ અટકી જાય છે. (૪) આથી તેમના વાલી નારાજ થાય છે. (૫) એટલે એ લોકો આપણી શિક્ષણપદ્ધતિ ફ્રેન્ચ કરતાં ઊતરતી કક્ષાની છે એમ કહેતા થાય છે. (૬) એટલે એ લોકો કહેતા થશે કે જનતાની લોકશાહી કરતાં સાંસ્થાનિક અમલ સારો. (૭) એટલે એક વિદ્યાર્થીને યોગ્યતા કરતાં એક ગુણ વધારે આપીને તમે સંસ્થાનવાદનું સમર્થન કર્યું. ફૅંસલો : તમે ફ્રેન્ચ અને અમેરિકનોના પિઠ્ઠુ છો.
>
> શિક્ષકોની આવી નુકતેચીની લગભગ સામાન્ય હતી. એક પણ શિક્ષકને આવું સાંભળવું ન પડયું હોય એવી શાળા શોધી ન મળે.
>
> (અનુ. જયન્તિ દલાલ)

આ બધાં આંદોલનોનો હેતુ લોકોમાં એકાદ વર્ગ પ્રત્યે ઘૃણા પેદા કરવાનો, કોઈ નિષ્ફળતા માટે એકાદ વર્ગને જવાબદાર ગણીને સામ્યવાદની નિષ્ફળતાને ઢાંકવાનો અને હરીફ જૂથોને ખતમ કરવાનો હતો. ઉચ્ચ કક્ષાએ ઘણી વાર આ જુલમ સામે પ્રત્યાઘાત પડતા ત્યારે 'ભૂલસુધાર કાર્યક્રમ' નીચે લોકોમાં ફરી વિશ્વાસ પ્રગટાવવાની કોશિશ થતી. એકંદરે આ કાર્યક્રમો દ્વારા સમગ્ર જનતાને શાસનના હેતુઓ સાથે ભાગીદાર બનાવવામાં આવી. પ્રજામાં અનેરો જુસ્સો જાગ્યો જેથી ગેરીલા લડત લડવાની અને અમેરિકી બૉમ્બમારા સામે ટકી રહેવાની ક્ષમતા પ્રજામાં જાગી. વળી, આ કાર્યક્રમો હંમેશા પક્ષ દ્વારા ચલાવવામાં આવતા હતા. પક્ષના સ્થાનિક એકમો પાસે આથી

વિશેષ સત્તાઓ આવી અને લોકો ઉપરની તેમની પકડ મજબૂત બની. પક્ષના સંચાલન માટે લોકો પાસેથી તેઓ જે કર ભરતા તેના ઉપર વિશેષ સરચાર્જ લેવાતો અને પક્ષના ભંડોળમાં તે જમા કરવામાં આવતો. આમ, લોકો ઉપરનું કરભારણ સત્તાવાર આંકડા કરતાં વિશેષ હતું. પરંતુ રાષ્ટ્રભરમાં પક્ષ સમાંતર સરકારની જેમ પ્રસરી અને જામી ગયો હોઈ સમગ્ર રાષ્ટ્રને એકસૂત્રમાં સાંકળી રાખવાનું સરળ બન્યું.

સરકારની આવી અવનવી અને મૂળગામી ફેરફારોની પદ્ધતિ સામે પ્રતિકારની સૌથી વધુ ગંભીર લડત ખુદ હો ચી-મિન્હના જન્મપ્રાંત ઘે-આનમાં જ જણાઈ હતી. ઉપરાંત 'જમીન સુધારણા આંદોલન' વખતે જેલમાં ગયેલા પરંતુ 'ભૂલસુધાર આંદોલન'માં મુક્ત થઈ પાછા ફરેલા 'જૂના' સભ્યો અને 'નવા' સભ્યો વચ્ચે પણ સંઘર્ષ થયા હતા. અને અનેક સ્થળે ખુનામરકી થઈ હતી. તે જ રીતે હેનોઈના બુદ્ધિજીવી વર્ગ તરફથી કરવામાં આવેલી ટીકાઓ અને તેમના ઉપરની તવાઈ અને તેમને ગ્રામવિસ્તારોમાં વેઠે મોકલવાનું પગલું સામ્યવાદી પદ્ધતિની પ્રણાલી મુજબનું જ હતું.

હોના અવસાન (ઈ. સ. ૧૯૬૯) પછી નેતાગીરીનો પ્રશ્ન જટિલ થયો હતો. ચીન-તરફી અને રશિયા-તરફી લૉબીમાંથી કોણ નેતૃત્વ સંભાળે તે બાબત અટકળો થતી હતી. પરંતુ હેનોઈએ કોઈનો ખુલ્લો પક્ષ લેવાને બદલે ગમે તેવા પણ સમાધાન દ્વારા બંને જૂથોની એકતા જાળવી રાખી અને ચીનનો સહારો તથા રશિયાની સહાય મેળવવામાં સફળ રહ્યું. વાસ્તવમાં ચીન આજે હેનોઈને નાખુશ કરવા તૈયાર નથી, પરંતુ હેનોઈ તેના કહ્યામાં છે એવું પણ નથી. ઉત્તર વિયેટનામની સૌથી મોટી સિદ્ધિ તો એ છે કે આટલા લાંબા યુદ્ધમાં, સતત બૉમ્બમારા છતાં, તે ટકી રહ્યું – અને તે પણ વિશ્વની એક મહાસત્તા સામે. દક્ષિણ વિયેટનામમાં ગેરીલા લડતને જીવતી રાખવા તે સતત સહાય કરતું રહ્યું છે, તેમ જ લાઓસ અને કમ્બોડિયામાં પણ પરિસ્થિતિ સળગતી રાખવાની શક્તિ તેણે દાખવી છે. ઉત્તર વિયેટનામની આ સિદ્ધિ ખરેખર અભૂતપૂર્વ છે. અલબત્ત, તેને ચીન અને રશિયા જેવી મહાસત્તાઓનો ટેકો છે, દક્ષિણ વિયેટનામની સ્થાનિક પ્રજાના અમુક વર્ગો તરફથી સહાય મળી છે. આમ છતાં તેની એકતા અને ઝીંક ઝીલવાની તાકાતના મૂળમાં સરકાર, પક્ષ અને પ્રજાની એકતા છે. આ હકીકત પ્રજાના ખમીર બાબત ઘણું કહી જાય છે.

પૂર્તિ

૧૯૬૯માં હો ચી-મિન્હનું અવસાન થયા પછી ઉત્તર વિયેટનામે પોતાની સ્વતંત્ર અને દૃઢ નીતિ ચાલુ રાખી. ખાસ કરીને, પૅરિસમાં ચાલી રહેલી વાટાઘાટો દરમ્યાન, એક બાજુ તેણે વધુ સલૂકાઈભર્યું વલણ દાખવ્યું; તો બીજી બાજુ દક્ષિણ વિયેટનામમાં ૧૯૭૧ના સપ્ટેમ્બરમાં નવી ચૂંટણીની રમત રમીને પ્રે. ન્ગુયેન વાન થિયુએ પોતાનું સ્થાન ફરીથી પાકું કરી લીધું. એથી રોષે ભરાયેલા હેનોઈ(ઉત્તર વિયેટનામ)ના શાસકોએ એવો દમ ભિડાવ્યો કે થિયુ અમેરિકાનું પ્યાદું છે — તેણે પાંચ લાખના અમેરિકી સૈન્યને આમંત્રીને વિયેટનામી પ્રજાનો દ્રોહ કર્યો છે . . . જ્યાં સુધી એ સત્તામાં હશે ત્યાં સુધી શાંતિ અશક્ય છે. . . .

આ ઉપરાંત અમેરિકા સાથે મૈત્રી ગાંઠવા સારુ ચીન, ઉત્તર વિયેટનામને હોળીનું નાળિયેર બનાવવાની રમત રમશે એવી દહેશત ઊભી થતાં તેને પણ હેનોઈએ સ્પષ્ટ ચીમકી આપી દીધી.

વધુમાં તેણે એક નવો દાવ પણ નાખ્યો. ચીન અને અમેરિકાની વધતી જતી નિકટતા સામે એણે પોતાનું પલ્લું સધ્ધર બનાવવા ચીનના દુશ્મન ગણાતા ભારત સાથે એલચી-કક્ષાના સંબંધો બાંધીને ભારે હિંમતભર્યું સ્વતંત્ર નીતિનું પગલું ભર્યું.

આ દરમ્યાન દક્ષિણ વિયેટનામની પરિસ્થિતિ થાળે પાડવાને બદલે વધુ ને વધુ બગડી રહી હતી. ૧૯૭૧ના સપ્ટેમ્બરમાં પ્રે. થિયુએ પુનઃ ચૂંટણીનો દેખાવ કર્યો. કુલ ૮૭.૭ ટકા મતદાન થયું, તેમાં પોતાને ૯૧.૯૫ ટકા મત મળ્યા એવો ભવ્ય વિજયનો દાવો કર્યો. આ પછી, ખુદ દક્ષિણ વિયેટનામમાં તેના માઠા પ્રત્યાઘાતો ઊઠ્યા. સૌ કોઈ જાણી શકયું છે કે ભવ્ય વિજય નરી છેતરપિંડી છે. સૌથી પ્રથમ તો, ચૂંટણીમાં બીજો કોઈ હરીફ જ ઊભો રહેવા પામ્યો ન હતો. ઉપરાંત મતદાતાઓમાંના મોટા ભાગના માટે મતદાનનાં મથકો ઉપર જવાની પણ જરૂર રહી ન હતી. સરકારી અમલદારોએ ગામડાંઓમાં ફરીને મતદારોમાં અગાઉ વહેંચવામાં આવેલાં મતપત્રકો ઉઘરાવી લઈ તે મતપેટીઓમાં નાખેલાં. જે મતદારો વિરોધમાં મત નાખવા માગતા હોય તેમને મતપત્રક ફાડી નાખીને વિરોધ પ્રદર્શિત કરવાની છૂટ આપવામાં આવી હતી!

ખૂબી તો એ વાતની છે કે ચૂંટણી શરૂ થવાના એક અઠવાડિયા અગાઉ દક્ષિણ વિયેટનામની સેનેટની બેઠક મળી ત્યારે એવો નિર્ણય લેવાયો હતો કે સાચી ચૂંટણી યોજવી હોય તો પ્રમુખ અને સરકારે રાજીનામું આપી દઈને, સેનેટના સ્પીકર હસ્તક સત્તા સુપરત કરી દેવી જોઈએ. જોકે સેનેટની આ બેઠકમાં ૨૮ સભ્યો હાજર હતા, ૨૮ ગેરહાજર હતા અને ૩ સભ્યોએ આ ઠરાવનો વિરોધ કર્યો હતો.

આવી આ બોગસ ચૂંટણી દરમ્યાન પાટનગર સાઈગોનમાં, ભારે લશ્કરી બંદોબસ્ત છતાં, હુલ્લડો થયાં હતાં, જેમાં બાવન નાગરિકોએ જાન ગુમાવ્યા હતા. ઉપરાંત, ચૂંટણી પતી ગયા બાદ કેટલાક નિવૃત્ત સૈનિકો, વિદ્યાર્થીઓ, લડાયક બૌદ્ધો તથા ઉદ્દામ કૅથલિકોએ અને કેટલાક સશસ્ત્ર સૈનિકોએ પણ વિરોધ પ્રગટ કર્યો હતો.

આ આખા ગાળા દરમ્યાન અમેરિકાની નીતિ અત્યંત નામોશીભરી રહી હતી. સૌથી પ્રથમ તો, બનાવટી ચૂંટણી દ્વારા સત્તા પર ચાલુ રહેલા પૂતળા પ્રમુખ થિયુને પોતાના પૂરેપૂરા ટેકાની ખાતરી આપીને, નિકસને પોતાની હાંસી ઉડાવી હતી. એક બાજુ, નિકસને જાહેર કર્યા મુજબ પોતાની પાંચ લાખની સેનામાંથી અર્ધોઅર્ધ સૈન્ય પાછું ખેંચી લઈને શાંતિનો દેખાવ કર્યો હતો; બીજી બાજુ, લાઓસ અને કંબોડિયામાં પરિસ્થિતિ વધુ બગડી રહ્યાનું જણાવીને ૧૯૭૧ની નાતાલના દિવસોમાં અને ત્યાર બાદ વધુ ઝનૂની અને વધુ કાતિલ બૉમ્બમારો કરીને પોતાનો આ પ્રદેશમાંનો હકદાવો નવેસરથી પ્રગટ કર્યો હતો. આની પાછળ તેના શા હેતુ હતા? એક બાજુ પૅરિસમાં ચાલી રહેલી વાટાઘાટો ઉપર અસર પાડવી. બીજી બાજુ, મૈત્રી મંત્રણા અર્થે ચીનમાં જવા પૂર્વે પોતાના 'હાથ મજબૂત કરવા', અથવા ઉત્તર વિયેટનામ ઉપર પોતાની 'સ્વતંત્ર નીતિનો પ્રભાવ' પાડવો. આ ત્રણે હેતુઓ હાંસીપાત્ર હતા. સાચું રહસ્ય એવું માનવામાં આવે છે કે, પાકિસ્તાનના સરસેનાપતિએ શસ્ત્રો ધરી દઈને ભારતીય સૈન્ય સમક્ષ બાંગ્લા દેશમાં સંપૂર્ણ શરણાગતિ સ્વીકારતાં પૂર્વ એશિયામાંનો અમેરિકાનો એકમાત્ર આધાર ખતમ થઈ ગયો હતો; અને ભારત બળવાન સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે બહાર આવ્યું હતું. રશિયાનો પગપેસારો વધ્યો હતો. આ કારણે અગ્નિ



AGREEMENT ON ENDING THE WAR
AND
RESTORING PEACE IN VIET-NAM

The Parties participating in the Paris Conference on Viet-Nam,

With a view to ending the war and restoring peace in Viet-Nam on the basis of respect for the Vietnamese people's fundamental national rights and the South Vietnamese people's right to self-determination, and to contributing to the consolidation of peace in Asia and the world,

Have agreed on the following provisions and undertake to respect and to implement them:

FOR THE GOVERNMENT OF THE UNITED STATES OF AMERICA:

William P. Rogers
Secretary of State

FOR THE GOVERNMENT OF THE DEMOCRATIC REPUBLIC OF VIET-NAM:

Nguyen Duy Trinh
Minister for Foreign Affairs

FOR THE GOVERNMENT OF THE REPUBLIC OF VIET-NAM:

Tran Van Lam
Minister for Foreign Affairs

FOR THE PROVISIONAL REVOLUTIONARY GOVERNMENT OF THE REPUBLIC OF SOUTH VIET-NAM:

Nguyen Thi Binh
Minister for Foreign Affairs

પૅરિસ સમજૂતી પર હસ્તાક્ષર

એશિયામાંથી બહાર નીકળી જવાનું જોખમ અનેકગણું વધી ગયું હતું. આથી પ્રે. નિકસને શકય હોય ત્યાં સુધી — દક્ષિણ વિયેટનામમાં સ્થિર અને દૃઢ સરકાર સ્થપાય ત્યાં સુધી — અથવા બીજો આધાર ઉભો ન થાય ત્યાં સુધી પોતાની જૂની નીતિના જોર પર ટકી રહેવાનું મુનાસિબ માન્યું હતું.

૧૯૭૨ના વરસ દરમ્યાન પૅરિસ ખાતે શાંતિ-મંત્રણાઓનો, એ મંત્રણાઓમાં મડાગાંઠનો, અમેરિકી રાજદૂત કિસિન્જર ને ઉત્તર વિયેટનામી રાજદૂત થો વચ્ચે ગુપ્ત બેઠકોનો અને ઉત્તર વિયેટનામ પર અમેરિકી બૉમ્બમારાનો રવૈયો ચાલુ રહ્યો. પણ છેવટે ૧૯૭૩ના જાન્યુઆરીમાં કિસિન્જર–થોની વાટાઘાટો દરમ્યાન શાંતિ સમજૂતીનો એક માન્ય મુસદ્દો ઊપસી આવ્યો અને ૨૭મી જાન્યુઆરીએ તો અમેરિકા, ઉત્તર વિયેટનામ, દક્ષિણ વિયેટનામ અને દક્ષિણના કામચલાઉ ક્રાન્તિકારી શાસનના વિદેશપ્રધાનોના સહીસિક્કા સાથેના દસ્તાવેજો પણ તૈયાર થઈ ગયા.

એમાં ઠરાવ્યા પ્રમાણે યુદ્ધવિરામનો તત્કાળ આરંભ થતો હતો અને સાઠ દિવસના ગાળામાં દક્ષિણ વિયેટનામમાંથી અમેરિકાના તમામ લશ્કરી માણસોને પાછા બોલાવી લેવાના હતા, તમામ અમેરિકી યુદ્ધકેદીઓને છોડી મૂકવાના હતા અને અમેરિકા તથા તેના સાથીઓએ દક્ષિણ વિયેટનામમાંનાં પોતાનાં લશ્કરી થાણાંઓનું વિસર્જન કરી દેવાનું હતું.

વળી, દક્ષિણ વિયેટનામના આંતરિક મામલામાં દખલગીરી નહીં કરવાની અમેરિકી બાંયધરી ઉપરાંત પૅરિસ સમજૂતીએ દક્ષિણ વિયેટનામી પ્રજાના આત્મનિર્ણયના અધિકારનો પુરસ્કાર કરીને આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ ત્યાં મુક્ત ચૂંટણીઓ યોજી અને પોતાનું ભાવિ નક્કી કરવાની સોઈ ઊભી કરવા જણાવ્યું હતું.

દરમ્યાન, દક્ષિણ વિયેટનામમાં થિયુ સરકાર, કામચલાઉ ક્રાન્તિકારી સરકાર અને તટસ્થ નાગરિકો એ ત્રણે બળોનું બનેલું રાષ્ટ્રીય સમાધાન પંચ રચાય અને એ જ ચૂંટણી તથા આનુષંગિક બાબતો અંગે સર્વાનુમતે નિર્ણય લે એવું ઠરાવવામાં આવ્યું હતું.

પણ પૅરિસ સમજૂતી મર્યાદાઓ ને મુશ્કેલીઓ સાથે લઈને જ જન્મી હતી. દક્ષિણ વિયેટનામના સૂચિત રાષ્ટ્રીય સમાધાન પંચને ત્રિપક્ષી સર્વાનુમતિની અસંભવિત શરતનું બંદી બનાવી દેવામાં આવ્યું હતું, અને તેમાં ઉલ્લેખાયેલાં તટસ્થ બળોનો પ્રશ્ન પણ ગૂંચવાયેલો હતો. 'તટસ્થ'ની વ્યાખ્યા વિશે થિયુ સરકાર અને કામચલાઉ ક્રાન્તિકારી સરકાર વચ્ચે મતભેદ રહેવાનો જ. અધૂરામાં પૂરું, સમજૂતી થઈ એ અરસામાં બિનસામ્યવાદી છતાં થિયુ-વિરોધી રાજકારણીઓનો ઘણો મોટો સમૂહ જેલોમાં હતો (અને આજે પણ છે). એમને વિશે પૅરિસ સમજૂતી તદ્દન મૂગી હતી.

ત્યાર પછી, વળતે મહિને, યુદ્ધવિરામ સમજૂતીની અંતર્ગત ગોઠવણ અનુસાર, એના પર મંજૂરીની મહોર મારવા માટે આંતરરાષ્ટ્રીય પરિષદ પણ મળી ગઈ. એમાં મૂળ સહી કરનારા દેશો ઉપરાંત આંતરરાષ્ટ્રીય નિયંત્રણ પંચના સભ્યો (હંગેરી, પોલૅન્ડ, ઇન્ડોનેશિયા, કૅનેડા) અને સલામતી સમિતિના કાયમી સભ્યો તથા વિશ્વ-સંસ્થાના મહામંત્રી વાલ્ડહૅમ પણ સામેલ થયા હતા.

માર્ચ ૧૯૭૩ના અંત સુધીમાં અમેરિકી સૈનિકો ચાલ્યા ગયા. પણ તે સાથે એટલુંયે સ્પષ્ટ થઈ ચૂકયું હતું કે અમેરિકી લશ્કરની અનુપસ્થિતિ હોય તોપણ થિયુ સરકાર અને કામચલાઉ ક્રાન્તિકારી સરકાર વચ્ચેનો સંઘર્ષ તો ચાલુ જ રહેવાનો; પરિણામે શાંતિ ને સમજૂતીની શકયતાઓ

ઠેલાતી રહેવાની. ગ્રામવિસ્તારોમાં પથરાઈ પડેલી કામચલાઉ ક્રાન્તિકારી સરકાર સાથે, પોતાના છૂટા છૂટા નગરવિસ્તારોની સંપર્ક-અને-પુરવઠા-રેખા સાચવવા માટે થિયુનાં દળોની ટકરામણ અનિવાર્ય હતી અને છે.

તે સાથે યુદ્ધવિરામના પ્રથમ નેવું દિવસ અંગે ઉત્તર વિયેટનામી સરકારે બહાર પાડેલી 'સફેદ કિતાબ' મુજબ તો આટલા ટૂંકા ગાળા દરમ્યાન થિયુને પક્ષે યુદ્ધવિરામભંગના વીસ હજાર જેટલા કિસ્સા નોંધાયા હતા! વધુમાં, ગેરલશ્કરી પોલીસ કારવાઈ દ્વારા થિયુએ વીસ હજાર માણસોની ધરપકડ કરાવેલી અને પોલીસ સાથેની અથડામણમાં ચાર હજાર માણસો માર્યા ગયા હતા. થિયુ સરકારે નવેસરથી શરૂ કરેલી સિતમ છાવણીઓમાં સામ્યવાદ-તરફી ત્રણ લાખ નાગરિકોને ધકેલી દેવામાં આવ્યા હતા.

સામસામી આક્ષેપબાજીની અતિશયોક્તિ બાદ કરીએ તોપણ એટલું તો ચોક્કસ છે કે સાચા અર્થમાં શાંતિની કહેવાય એવી પરિસ્થિતિ તો દૂર જ ઠેલાતી રહી હતી. પરિણામે, મે-જૂન દરમ્યાન કિસિન્જર ને થો વચ્ચે ફરીથી મંત્રણાઓ યોજાઈ, જેમાં યુદ્ધવિરામનો બંદોબસ્ત ચુસ્ત કરવાનું નક્કી થયું.

તેમ છતાં યુદ્ધવિરામભંગના બનાવો એ આજે પણ વિયેટનામની રોજિંદી વાસ્તવિકતા છે. ઑક્ટોબર-નવેમ્બર દરમ્યાન પણ આવા બનાવો સતત ચાલુ રહ્યા છે અને તેમાં વિમાનો ને રણગાડીઓનો પ્રયોગ પણ થતો રહ્યો છે. યુદ્ધવિરામ સમજૂતી વખતે ઉત્તરના બે લાખ જેટલા સૈનિકો દક્ષિણ વિયેટનામી ક્ષેત્રમાં હતા. થિયુના દાવા પ્રમાણે એમાં બીજા સિત્તેર હજાર ઉમેરાયા છે! બીજી બાજુ, દક્ષિણ વિયેટનામમાં રાજકીય કેદીઓની સંખ્યા ઘટી નથી. એટલું જ નહીં પણ ત્યાંની સર્વોચ્ચ અદાલતે જેને કયારનીયે ગેરકાનૂની ઠરાવી છે તે સૈનિક અદાલત આજે પણ યથાવત્ કામ કરી રહી છે.

વિયેટનામમાં અમેરિકાની સીધી લશ્કરી સંડોવણી લુપ્તપ્રાય થઈ ગઈ હોવા છતાં સમગ્ર હિન્દી-ચીન વિસ્તાર માટે એમ કહી શકાય એવું નથી. યુદ્ધવિરામનો ભંગ પણ ચાલુ જ છે. આ સંજોગોમાં, બે વિયેટનામ નજીક આવી એક વિયેટનામ સર્જી શકે એવી જે શક્યતા પૅરિસ સમજૂતીએ નિર્દેશેલી તે કેવળ શુભેચ્છા જ બની રહે છે; અને ૧૭મી અક્ષાંશ રેખા કોઈ કાયમી વિભાજનરેખા નથી, માત્ર કામચલાઉ જોગવાઈ છે એવી ૧૯૫૪થી માંડીને ૧૯૭૩ લગીની બાંયધરીઓ વાસ્તવની કસોટીએ અર્થહીન બની રહે છે.

ડિસેમ્બર ૫, ૧૯૭૩

સોવિયેત
સંઘ
ગ્રીસ
તુર્કી
સીરિયા
ઈરાન
સાયપ્રસ
ઈરાક
ભૂમધ્ય સાગર
ઇઝરાયલ
જોર્ડન
લિબિયા
સં. અ. રા.
(ઈજિપ્ત)
સાઉદી અરેબિયા
લાલ
સાગર

પશ્ચિમ એશિયા

મુસ્તફા કમાલ પાશા
[પ્રમુખ : ઈ. સ. ૧૯૨૩–૩૮]

તુર્કી

કમાલ ગુર્સેલ
[પ્રમુખ : ઈ. સ. ૧૯૬૧–૬૬]

ઝગલૂલ પાશા
[વડાપ્રધાન : ઈ. સ. ૧૯૨૪–૨૬]

ઇજિપ્ત

ગમાલ અબ્દેલ નાસર
[પ્રમુખ : ઈ. સ. ૧૯૫૬–૬૦]

અબ્દુલ કરીમ કાસિમ
[પ્રમુખ : ઈ. સ. ૧૯૫૮–૬૩]

ઇરાક



અબ્દુલ સલમ અરીફ
[પ્રમુખ : ઈ. સ. ૧૯૬૩–૬૬]

પશ્ચિમ એશિયા

મધ્ય એશિયાનો આ વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ યુરોપથી પૂર્વમાં આવેલ હોવાથી તેના માટે મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) શબ્દ પણ વપરાય છે. જ્યારે ભારતના ભૌગોલિક સ્થાનની દૃષ્ટિએ તે પશ્ચિમમાં આવેલ હોવાથી તેને પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા) અને એશિયા ખંડની નૈર્ઋત્યે આવેલ હોવાથી તેને નૈર્ઋત્ય એશિયા (સાઉથ-વેસ્ટ એશિયા) તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણે પશ્ચિમ એશિયાના નામથી તેનો ઉલ્લેખ કરીશું. આ પ્રદેશમાં હાલમાં તુર્કી, ઈરાન, ઈરાક, ઈજિપ્ત, સીરિયા, સાઉદી અરબિયા, જૉર્ડન, લેબેનોન અને ઇઝરાયલ રાજ્યોનો સમાવેશ થાય છે. એકંદરે આ પ્રદેશને આરબ પ્રદેશ કહેવામાં કશું અજુગતું નથી.

સાતમી સદી સુધી પછાત ગણાતો આ વિસ્તાર હજરત મહંમદ પયગંબરે ઇસ્લામના પ્રચાર અને પ્રસારણ માટે જે પ્રયાસો મક્કા ખાતે કર્યા તેને લીધે ખૂબ જ જાણીતો બન્યો. તેમના વિચારોથી આસપાસના સમગ્ર વિસ્તારોમાં હલચલ મચી ગઈ. વિરોધનો વંટોળ ઉગ્ર બનતાં તેમને મક્કા છોડી મદીનામાં વસવાટ કરવો પડયો. મહંમદ સાહેબે હિજરત કરી ત્યારથી નવા વર્ષની શરૂઆત થઈ જે હિજરી સન તરીકે ઓળખાય છે. મદીનામાં તેમના અનુયાયીઓનું સંખ્યાબળ વધતાં તેમણે મક્કા પર આક્રમણ કરી તેને જીતી લીધું. સમય જતાં સમગ્ર આરબ પ્રજા મહંમદ પયગંબરની અનુયાયી બની ગઈ. આમ, ધાર્મિક ક્ષેત્રે વિજયી બન્યા પછી તેમણે રાજકીય ક્ષેત્રે કામગીરી શરૂ કરી; આરબ પ્રદેશમાં જે વિવિધ જાતિઓ રહેતી હતી તેમને એક કરી તેમ જ નાનાં રાજ્યો જીતી લઈ મજબૂત આરબ રાષ્ટ્રની સ્થાપના કરી.

ઈ. સ. ૬૩૨માં તેમના મૃત્યુ પછી તેમના પટ્ટશિષ્ય અને ઉત્તરાધિકારી અબુબકર ખલીફાએ આરબ સામ્રાજ્યનો વિસ્તાર વધારવાની કામગીરી હાથ ધરી. તે સમયે રોમ અને ઈરાનનાં સામ્રાજ્યો અંદરોઅંદર યુદ્ધો થવાથી નિર્બળ બની ચૂકયાં હતાં. ઈ. સ. ૬૩૪માં અબુબકરે પૂર્વી રોમન સામ્રાજ્યના લશ્કરને હરાવ્યું અને દમાસ્કસ, જેરૂસલેમ, સીરિયા, ઈરાક તથા એશિયા માઈનોરનો પ્રદેશ જીતી લીધો. ઈ. સ. ૬૩૭માં ઈરાનને જીતી વિજયી સૈન્ય છેક પૂર્વમાં ચીનની સીમા સુધી પહોંચી ગયું. આ જ પ્રમાણે પશ્ચિમમાં પણ ઈ. સ. ૬૪૬માં ઈજિપ્તને જીત્યા પછી ઉત્તર આફ્રિકા-

ના સમગ્ર વિસ્તારને પોતાની હકૂમત નીચે આણી ઈ. સ. ૭૧૧માં આરબ સેનાએ સ્પેન પર આક્રમણ કર્યું અને તેને પણ જીતી લીધું. આ જ પ્રમાણે પૂર્વમાં ઈ. સ. ૭૧૨માં આરબ સેનાએ ભારત પર આક્રમણ કરી સિંધ પ્રદેશ જીતી લીધો. આમ, પૂર્વમાં સિંધ અને ચીનની સરહદથી શરૂ કરીને પશ્ચિમમાં જિબ્રાલ્ટર સુધી આરબ સામ્રાજ્ય સ્થપાયું. આ પહેલાં આવડા મોટા આરબ સામ્રાજ્ય જેવું બીજું કોઈ સામ્રાજ્ય આ પ્રદેશમાં અસ્તિત્વમાં આવ્યું ન હતું. પરંતુ ખલીફાના પદ અંગે અંદરોઅંદર ઝઘડા થતાં આરબ સામ્રાજ્યની એકતા ને અખંડિતતા લાંબા સમય સુધી ટકી શકી નહીં.

આ પરિસ્થિતિનો લાભ તુર્ક પ્રજાએ લીધો. તેણે મધ્ય એશિયામાં આવેલ આરબ તથા મુસ્લિમ રાજ્યો પર આક્રમણ શરૂ કર્યું. નબળી બનેલી અરબી લશ્કરી તાકાત તેનો સામનો કરવામાં નિષ્ફળ ગઈ અને ઘણો વિસ્તાર તુર્ક પ્રજાની હકૂમત નીચે આવ્યો. ગજનીના રાજ્યને કેન્દ્રમાં રાખીને તુર્ક પ્રજાએ વિસ્તારો જીતવાનું શરૂ કર્યું. દસમી સદી દરમ્યાન લશ્કરની એક ટુકડીએ મધ્ય એશિયા, અફઘાનિસ્તાન, પશ્ચિમ ભારત વગેરે વિસ્તારોમાં પોતાનું શાસન સ્થાપ્યું. જ્યારે બીજી લશ્કરી ટુકડીઓએ ઈરાન તથા અન્ય આરબ રાજ્યો જીતી લીધાં. ત્યાંથી વિજયકૂચ પશ્ચિમમાં આગળ વધી. એશિયા માઈનોર પર આક્રમણ થયું અને કૉન્સ્ટન્ટિનોપલ જિતાયું. આ પ્રમાણે દસમી સદીના અંત ભાગમાં તુર્કોનું શાસન પશ્ચિમ એશિયાના લગભગ તમામ વિસ્તારોમાં પથરાઈ ચૂકયું હતું. પરંતુ ત્રણેક સદી પછી મોંગોલોનું આક્રમણ શરૂ થયું. ચંગીઝખાને ઈ. સ. ૧૨૧૪માં ચીન જીત્યું અને તે પછી ઈરાનથી તિબેટ સુધીનો વિસ્તાર ધરાવતા તુર્ક સામ્રાજ્યને પણ પોતાની સત્તા નીચે આણ્યું. આ પછી તેના પુત્રો તથા પ્રપૌત્રોએ વિસ્તારો જીતવાનું ચાલુ રાખ્યું. સમ્રાટ કુબ્લાઈ-ખાન પછી મોંગલ સામ્રાજ્ય વિવિધ વિભાગમાં વહેંચાઈ ગયું : (૧) ચીન તથા મોંગોલિયા, (૨) રશિયા, (૩) ઈરાક, (૪) તુર્કસ્તાન અને (૫) સાઇબીરિયા.

ચૌદમી સદીમાં ઈરાનનાં મોંગોલ રાજ્યમાં તૈમૂર લંગનું શાસન સ્થપાયું. તેણે વિસ્તારમાં વધારો કર્યો પરંતુ તેના મૃત્યુ પછી તેના શાસનની સત્તા નબળી પડતાં તેનો લાભ તુર્ક સરદાર ઉસમાને લીધો. આ તુર્કો ઉસમાનના નામ પરથી ઑટોમન તુર્કો તરીકે ઓળખાય છે. તે સમયે કૉન્સ્ટન્ટિનોપલની પૂર્વે આવેલું રોમન સામ્રાજ્ય ખૂબ જ નબળું પડી ગયું હોવાથી ઑટોમન તુર્કોએ ડાર્ડેનલ્સની સામુદ્રધુની પસાર કરી મેસિડોનિયા, સર્બિયા, બલ્ગેરિયા વગેરે જીતી લીધાં. આમ, પૂર્વ યુરોપ તથા એશિયા માઈનોરનો વિસ્તાર તેમના અંકુશ નીચે આવ્યો. ઈ. સ. ૧૪૫૩માં કૉન્સ્ટન્ટિનોપલ ઉપર પણ તેમણે વિજય મેળવ્યો. આ સાથે જ પૂર્વી રોમન સામ્રાજ્યનો અંત આવ્યો. આ પછી તુર્ક સામ્રાજ્યનો વિસ્તાર વધતો જ ગયો. સોળમી સદીમાં તુર્ક સુલતાને બગદાદ જીત્યું અને ખલીફાનો હોદ્દો ધારણ કર્યો. આ ઉપરાંત ઈજિપ્ત, ઉત્તર આફ્રિકાના વિસ્તારો તથા પૂર્વ યુરોપનાં બેલ્ગ્રેડ, બૂડાપેસ્ટ વગેરે રાજ્યો પણ જીત્યાં. આમ, ઑટોમન સામ્રાજ્ય ઘણું વિસ્તર્યું અને સોળમી સદીમાં તો તેણે એક મહાન સામ્રાજ્ય તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પરંતુ ઓગણીસમી સદીની શરૂઆતમાં ઑટોમન તુર્ક સામ્રાજ્યનાં વળતાં પાણી થઈ ગયાં હતાં. કેન્દ્રીય સત્તા નબળી પડતાં જે જે પ્રદેશો તેના અંકુશ નીચે હતા તેમનું વર્તન લગભગ સ્વતંત્ર બની ચૂકયું હતું. આ અરસામાં બ્રિટન, ફ્રાન્સ વગેરે યુરોપીય રાજ્યોએ આ વિસ્તારમાં પોતાનો પ્રભાવ વધારવાના પ્રયાસો પણ શરૂ કર્યા હતા.

૧૦ : તુર્કસ્તાન

ઑટોમન સામ્રાજ્ય સ્થપાયા પછી તુર્કસ્તાનનો વિસ્તાર સારા પ્રમાણમાં વધ્યો હતો. પણ ઓગણીસમી સદી દરમ્યાન સામ્રાજ્યનું શાસનતંત્ર તદ્દન ખખડી ગયું હતું. સુલતાનો મોટા ભાગનો સમય ભોગવિલાસમાં વિતાવતા હતા. વિવિધ હોદ્દાઓ માટે યોગ્યતાને ધ્યાનમાં લેવાને બદલે મોટા ભાગે લિલામ પદ્ધતિ અપનાવાતી. વહીવટી સરળતા માટે સામ્રાજ્યને અનેક સૂબાઓમાં વિભાજવામાં આવ્યું હતું. કેન્દ્રસ્થ સત્તા નબળી હોવાથી મોટા ભાગના સૂબા સ્વતંત્ર રીતે વર્તતા હતા. સામંત-શાહી અમલમાં હતી અને મોટા સામંતો પાસે લશ્કર હતું, જેનો ઉપયોગ સુલતાન વિરુદ્ધના ષડ્યંત્રમાં કરવામાં આવતો.

રાજકીય ક્ષેત્રની જેમ આર્થિક ક્ષેત્રે પણ તુર્ક સામ્રાજ્ય પછાત હતું. ખેતી એ મુખ્ય વ્યવસાય હતો. જાગીરદારો ખેડૂતોનું સારા પ્રમાણમાં શોષણ કરતા હતા. વ્યાપારી ક્ષેત્રે પણ વિકાસ થયો ન હતો. આ પ્રકારની પરિસ્થિતિ સામે પ્રત્યાઘાતો જાગવા શરૂ થઈ ચૂક્યા હતા. તુર્ક સુલતાન સલીમ ત્રીજા(ઈ. સ. ૧૭૮૯–૧૮૦૭)એ નવસુધારણા માટેના પ્રયત્નો શરૂ કર્યા. પરંતુ તેને જોઈએ તેવી સફળતા મળી નહીં. તેનો મુખ્ય ઉદ્દેશ સામંત પદ્ધતિનો અંત આણવાનો હોઈને તેનાં પગલાંનો સ્થાપિત હિતો તરફથી વિરોધ થયો. આ ઉપરાંત તે સૂબેદારો તથા અન્ય અમલદારોની સત્તા પણ મર્યાદિત કરવા માગતો હતો. આ કારણોસર તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યો અને છેવટે તેનું ખૂન કરવામાં આવ્યું.

આ પછી ૧૮૨૬માં મહંમદ બીજાએ નવા સુધારા દાખલ કર્યા. તેણે લશ્કરની પુનર્વ્યવસ્થા કરી. સૈનિકોને તાલીમ આપવા પશ્ચિમ યુરોપમાંથી સેનાપતિઓને નિમંત્ર્યા. વધુમાં પ્રધાનમંડળની બેઠકોની અનિયમિતતાને દૂર કરી. તેનાં આ પગલાં ક્રાન્તિકારી લેખાય છે. પરંતુ તેય આ દિશામાં આગળ વધી શક્યો નહીં; કેમ કે તે અરસામાં જ ઇજિપ્તના સૂબા મહંમદઅલીએ સુલતાન સામે બળવો પોકાર્યો. સામ્રાજ્યના સૂબેદારો પરિવર્તનના વિરોધી હોવાથી, મહંમદ બીજો વધુ ક્રાન્તિકારી પગલાં લઈ શક્યો નહીં. આ સમય દરમ્યાન સામ્રાજ્યના પૂર્વ યુરોપના વિસ્તારમાં રાષ્ટ્રીયતાની ભાવનાએ વેગ પકડ્યો. ૧૮૨૬થી ૧૮૨૯ના ગાળામાં સાઇબીરિયા, ગ્રીસ અને રુમાનિયા સ્વતંત્ર બન્યાં. આ પવન પશ્ચિમ એશિયાના અન્ય વિસ્તારમાં પણ ફેલાયો.

તરુણ તુર્કોએ ૧૮૭૬માં બાદશાહ અબ્દુલ અઝીઝ(ઈ. સ. ૧૮૬૧–૧૮૭૬)ને ગાદી પરથી ઉઠાડી મૂકી બંધારણીય શાસન માટેનો ફતવો જાહેર કર્યો. આ તરુણ તુર્કો આ પૂર્વે વિદેશમાં રહીને અને વતનમાં ગુપ્ત રીતે પોતાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા.

સુલતાન અબ્દુલ હમીદ બીજાના શાસનમાં તરુણ તુર્કોની માગણી પ્રમાણે નવું બંધારણ રચાયું, જેમાં પ્રધાનમંડળ પ્રતિનિધિસભાને જવાબદાર છે તેમ સ્વીકારીને સંસદીય શાસનપ્રથા અપનાવવામાં આવી. પરંતુ આ પ્રયોગ વધુ ચાલ્યો નહીં. અબ્દુલ હમીદ બીજાએ પુનઃ નિરંકુશ શાસન શરૂ કર્યું. પ્રગતિશીલો સામે તેણે ઉગ્ર પગલાં લેતાં ૧૯૦૬માં ક્રાન્તિ થઈ. લશ્કરે પણ ક્રાન્તિને ટેકો આપતાં સુલતાને નમતું જોખ્યું અને તરુણ તુર્કોની સંમતિ પછી નવું પ્રધાનમંડળ રચી સંસદની ચૂંટણીની જાહેરાત કરી. પરંતુ આ પછીય, સુલતાને નિરંકુશપણે સત્તાનો ઉપયોગ કરતાં તરુણ તુર્કોની નીચે ક્રાન્તિકારીઓએ કૉન્સ્ટન્ટિનોપલ જીત્યું; સંસદે સુલતાનને પદભ્રષ્ટ કર્યો અને તેના ભાઈ મહંમદ પાંચમાને ગાદી સોંપી. આમ, તુર્કસ્તાનમાં તરુણ તુર્કોએ ક્રાન્તિની બાગડોર પોતાના હાથમાં લઈને ક્રાન્તિ સફળ બનાવી.

ઓગણીસમી સદીમાં પશ્ચિમમાં થયેલી ઔદ્યોગિક ક્રાન્તિને લીધે બ્રિટન, ફ્રાન્સ વગેરે સત્તાઓએ સંસ્થાનવાદની નીતિ અપનાવી. જર્મનીએ પણ સંસ્થાનો મેળવવાનું શરૂ કર્યું. ગળાકાપ હરીફાઈ પ્રથમ વિશ્વયુદ્ધ(ઈ. સ. ૧૯૧૪–૧૯૧૮)માં પરિણમી. તુર્ક સામ્રાજ્યનો અંત આવ્યો અને તેનો નવો રાજકીય નકશો પૅરિસ શાંતિ પરિષદમાં તૈયાર કરવામાં આવ્યો, જેમાં સેવ્રે સંધિ અનુસાર તેના બિનતુર્ક પ્રદેશો ગ્રીસ તથા ઇટાલીને સોંપવાની શરત હતી.

યુદ્ધ સમયે સુલતાન મહંમદ છઠ્ઠાનું શાસન હતું. તેણે સ્વીકારેલી આ શરણાગતિ રાષ્ટ્રવાદીઓને મંજૂર ન હતી. કમાલ પાશા(ઈ. સ. ૧૮૮૧–૧૯૩૮)એ રાષ્ટ્રીય ચળવળનું સુકાન સંભાળ્યું અને ૧૯૧૯ના સપ્ટેમ્બરમાં અખિલ તુર્ક કૉંગ્રેસની સ્થાપના કર્યા પછી સ્વતંત્ર સરકારની રચનાની જાહેરાત કરી. કૉંગ્રેસનું ધ્યેય ગુમાવેલા પ્રદેશો પાછા મેળવવાનું હતું. પરિણામે તેમણે ગ્રીસ તથા ઇટાલી સામે યુદ્ધ જાહેર કરી તેમને પરાજય આપ્યો. બ્રિટન અને ફ્રાન્સે કમાલ પાશા સાથે સુલેહ કરી. ૧૯૨૩ના ઑક્ટોબરમાં કમાલ પાશાએ પ્રજાસત્તાકની સ્થાપનાની જાહેરાત કરી. લોકમત દ્વારા તેમને પ્રથમ રાષ્ટ્રપતિપદે સ્થાપવામાં આવ્યા. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ક્રાન્તિકારી પગલાં લઈને તુર્કીના નવનિર્માણનો કાર્યક્રમ હાથ ધર્યો. સુલતાન મહંમદ જે ખલીફનો મજહબી હોદ્દો ધરાવતો હતો તે પદને જ ૧૯૨૪ના માર્ચમાં નાબૂદ કરીને રાજ્યને સંપ્રદાયથી અલગ પાડવામાં આવ્યું. તત્કાળ લોકશાહી બંધારણ અપનાવવામાં આવ્યું અને કમાલ પાશાએ પોતાના પક્ષની પુનઃરચના કરી એને રિપબ્લિકન પીપલ્સ પાર્ટી એવું નામ આપ્યું. રાષ્ટ્રીય સભામાં આ પક્ષે બહુમતી મેળવી.

કમાલ પાશાએ જે કાર્યક્રમ રજૂ કર્યો તે તુર્કસ્તાનની ક્રાન્તિના પાયારૂપ બન્યો. તેમણે રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક તથા કાનૂની ક્ષેત્રે મૂળભૂત ફેરફારો આણ્યા. સૌથી પ્રથમ તેમણે ઇસ્લામી રાજ્યને બદલે બિનસાંપ્રદાયિક રાજ્યની ઘોષણા કરી. વળી, રાજકીય ક્ષેત્રે લોકશાહીના માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો અને ધાર્મિક આદેશો તથા ધાર્મિક સંસ્થાઓ સાથેનો રાજ્યનો સંબંધ નાબૂદ કરવામાં આવ્યો જેથી કરીને બિનસાંપ્રદાયિક વાતાવરણમાં પશ્ચિમી શિક્ષણનું પ્રસારણ થઈ શકે. આર્થિક તંત્ર ઉપર રાજ્યનિયંત્રણનો સિદ્ધાંત અમલી બનાવ્યો અને ૧૯૩૪થી પંચવર્ષીય યોજનાનો આરંભ કરી દીધો. બંધારણમાં જ વ્યક્તિવિકાસ માટે જરૂરી હકોની બાંયધરી આપવામાં આવી. સામાજિક ક્ષેત્રે બહુપત્નીપ્રથાને તેમ જ પરદાપદ્ધતિને નાબૂદ કરવામાં આવી. ૧૯૩૪માં સ્ત્રીવર્ગને મતાધિકાર પણ આપવામાં આવ્યો. મુસ્લિમ કૅલેન્ડરને બદલે યુરોપીય જૉર્જિયન કૅલેન્ડર

અપનાવાયું. અરબી લિપિને ગેરકાનૂની ઠરાવી રોમન લિપિનો સ્વીકાર કરવામાં આવ્યો. શુક્રવારને બદલે રવિવારને રજાના દિવસ તરીકે જાહેર કરાયો. પશ્ચિમી ઢબે અટકનો સ્વીકાર થયો. પરિણામે મુસ્તફા કમાલ કમાલ આતા તુર્ક તરીકે ઓળખાવા લાગ્યા. પ્રદેશોના નામોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો (દા. ત., કૉન્સ્ટન્ટિનોપલનું ઇસ્તંબૂલ, અંગોરાનું અંકારા વગેરે). શિક્ષણને સાંપ્રદાયિક સંસ્થાઓથી અલગ કરવામાં આવ્યું તેમ જ પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવાયું. ૧૯૨૬માં મુસ્લિમ કાનૂની પદ્ધતિને દૂર કરવામાં આવી અને પશ્ચિમની કાનૂની પદ્ધતિઓનો અંગીકાર કરવામાં આવ્યો — દા. ત. દીવાની કાનૂન માટે સ્વિટ્ઝર્લૅન્ડની, ફોજદારી કાનૂન માટે ઇટાલીની તથા વ્યાપારી કાનૂન માટે જર્મનીની પદ્ધતિને અનુસરવામાં આવી.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કમાલ પાશાએ તમામ રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપવાની નીતિ અખત્યાર કરી. ૧૯૨૧ના માર્ચમાં રશિયા સાથેની સંધિ દ્વારા પ્રાદેશિક સમજૂતી સાધવામાં આવી. ૧૯૨૫માં બંને વચ્ચે તટસ્થતા અંગે સંધિ થઈ. આમ છતાં રશિયાના પ્રભાવ નીચે તુર્કી ન આવે તેની પણ કમાલ પાશાએ કાળજી રાખી. આ ગાળામાં સામ્યવાદી હિલચાલ વધતાં જૂન ૧૯૨૯માં સામ્યવાદી પ્રચાર પર પ્રતિબંધ મૂકી એણે એવી સ્પષ્ટતા કરી કે પોતે રશિયા સાથે અમુક મર્યાદામાં જ મિત્રતા રાખવા ઇચ્છે છે. જૂન ૧૯૨૬માં બ્રિટન સાથે સંધિ કરી મૈત્રીભર્યા સંબંધ સ્થાપ્યા. ૧૯૨૮ના મે મહિનામાં ઇટાલી સાથે બિનઆક્રમણ કરાર કર્યા. જ્યારે જૂન ૧૯૨૮માં પર્શિયા સાથે મૈત્રી સંધિ કરી. ૧૯૩૨ના જુલાઈમાં રાષ્ટ્રસંઘનું સભ્યપદ મેળવ્યું અને ૧૯૩૩ના એપ્રિલમાં ગ્રીસ સાથે બિનઆક્રમણ કરાર કર્યો, જે પાછળથી બાલ્કન સમજૂતીમાં પરિણમ્યો. એમાં તુર્કી, ગ્રીસ, રુમાનિયા અને યુગોસ્લાવિયા જોડાયાં.

૧૯૩૮માં કમાલ પાશાનું અવસાન થયું. ૧૯૨૩થી ૧૯૩૮ના દોઢ દાયકા દરમ્યાન ૧૯૨૭, ૧૯૩૧ અને ૧૯૩૫માં તેઓ પ્રમુખપદે ફરી ફરી ચૂંટાયા હતા. જોકે એમનું શાસન પ્રજાસત્તાક છતાં મહદંશે એકાધિકારી શાસકના જેવું બની રહ્યું હતું. બીજો કોઈ રાજકીય પક્ષ પણ આ દરમ્યાન અસ્તિત્વ ધરાવતો ન હતો. કમાલ પાશાના અવસાન બાદ આ અગાઉ વડા પ્રધાન તરીકે રહી ચૂકેલા એમના સાથી ઇસ્મત (જન્મ : ઈ. સ. ૧૮૮૪) પ્રમુખપદે આવ્યા.

૧૯૩૯થી ૧૯૪૫ના બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તુર્કીએ લાંબા સમય સુધી તટસ્થ નીતિ અપનાવી. પરંતુ અંતમાં ૧૯૪૫ના ફેબ્રુઆરીમાં તેણે મિત્રરાજ્યોને પક્ષે રહીને જર્મની અને જપાન સામે યુદ્ધ જાહેર કર્યું. ૧૯૪૫ પછી રશિયા સાથેના સંબંધો બગડતાં તુર્કીએ અમેરિકા-બ્રિટનની મિત્રતા બાંધી અને રશિયા-વિરોધી વલણ અપનાવ્યું. યુદ્ધ પૂરું થતાં જ આંતરિક ક્ષેત્રે પ્રથમ વખત (જાન્યુ. ૧૯૪૬) 'ડેમોક્રેટિક પાર્ટી' નામનો વિરોધ પક્ષ અસ્તિત્વમાં આવ્યો અને ૧૯૫૦ના મેમાં પ્રથમ વાર સંપૂર્ણ મુક્ત ચૂંટણીઓ યોજાઈ. અનેક પક્ષોએ તેમાં ભાગ લીધો, જેમાં ડેમોક્રેટિક પાર્ટીનો વિજય થયો. આમ કમાલ પાશાની રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના ૩૦ વર્ષના એકાધિકારી શાસનનો અસ્ત થયો, અને તુર્કીમાં લોકશાહી પ્રથાને મોકળાશ મળી. ૧૯૫૪ના મેમાં ફરીથી ચૂંટણીઓ યોજાઈ જેમાં ડેમોક્રેટિક પાર્ટીએ પુનઃ વિજય મેળવ્યો. તેમ છતાં પક્ષમાં ભંગાણ પડ્યું અને 'ફ્રીડમ પાર્ટી' અસ્તિત્વમાં આવી. ડેમોક્રેટિક પાર્ટી સામેનો અસંતોષ વધતો જતો હતો. પરિણામે ૧૯૫૭ના ઑક્ટોબરમાં થયેલ ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીને બહુમતી ન મળી.

આ પછી આંતરિક મતભેદોના કારણે રાજકારણ ઉગ્ર બની રહ્યું હતું, પરિસ્થિતિ વીફરી રહી હતી ત્યારે લશ્કરના એક ભાગના તથા નાગરિકોના ટેકાથી ૧૯૬૦ના મેની ૨૭મીએ જનરલ ગુર્સેલે લશ્કરી 'કૂ' દ્વારા સત્તા પ્રાપ્ત કરી, પ્રમુખપદ ધારણ કર્યું. પ્રધાનોની અને ડેમોક્રેટિક પાર્ટીના ધારાસભ્યોની ધરપકડ કરવામાં આવી અને માજી વડા પ્રધાન મેન્ડરિઝને તો ફાંસી આપવામાં આવી. બીજી બાજુ કામચલાઉ પાર્લમેન્ટ ભરીને નવી બંધારણ સમિતિએ ઘડેલા બંધારણનો રેફરન્ડમ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો. તેની ધ્યાન ખેંચતી જોગવાઈઓ આ પ્રમાણે છે :

૧. તુર્કીને પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું (લશ્કરી શાસને આ જાતની જાહેરાત કરી એ નોંધપાત્ર ઘટના ગણાય).

૨. તુર્કી પ્રજાસત્તાકને રાષ્ટ્રીય, લોકશાહીયુક્ત, બિનસાંપ્રદાયિક અને સમાજવાદી જાહેર કરવામાં આવ્યું. તેની રચના માનવ અધિકારો અને કાયદાના શાસન પર થયેલી છે, તેમ જણાવાયું. આમ, સામાજિક ન્યાયની ભાવનાનો સ્વીકાર થયો.

૩. રાષ્ટ્રીય સાર્વભૌમત્વનો સિદ્ધાંત સ્વીકારાયો તથા એવી સ્પષ્ટતા કરવામાં આવી કે આ સાર્વભૌમત્વ કોઈ પણ વ્યક્તિ, વ્યક્તિઓના સમૂહ કે વર્ગને આપી શકાશે નહીં. (આમ, તુર્કીમાં સરમુખત્યારશાહી કે શ્રમજીવી વર્ગના શાસનની શક્યતાને નકારવામાં આવી. લશ્કરી શાસનને હાથે આ જોગવાઈ ઘણી જ ક્રાન્તિકારી લેખાય.)

૪. પ્રમુખ પોતાની સત્તાનો દુરુપયોગ ન કરે તે હેતુસર એવું ઠરાવવામાં આવ્યું કે તે ધારાસભાની સંયુક્ત બેઠક દ્વારા ચૂંટાય અને સાત વર્ષની તેની સમય-મર્યાદા પૂરી થયા પછી તે ફરીથી ઉમેદવારી નોંધાવી શકે નહીં. વડા પ્રધાનની પસંદગી પ્રમુખ કરે, પરંતુ ધારાસભાના પ્રથમ ગૃહની સંમતિ મળ્યા પછી જ તે હોદ્દો ધારણ કરી શકે.

૫. ધારાસભા પણ સત્તાનો દુરુપયોગ ન કરે તે માટે બંધારણીય અદાલતની રચના કરવામાં આવી અને તેને બંધારણની ભાવનાથી વિરોધી કાયદાને ગેરબંધારણીય જાહેર કરવાની સત્તા સોંપવામાં આવી.

૬. સામ્યવાદી અને જહાલ પક્ષોને ગેરકાનૂની જાહેર કરવામાં આવ્યા.

૧૯૬૧ના ઑક્ટોબરની ૧૫મીએ આ નવા બંધારણ પ્રમાણેની પ્રથમ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. પરિણામોએ બતાવી આપ્યું કે મે ૧૯૬૦ની ક્રાન્તિ પછી અર્ધલશ્કરી શાસને જે વહીવટ ચલાવ્યો તે પ્રત્યે તથા મેન્ડરિઝ તથા તેના છ સાથીઓ સામે લીધેલ પગલાં અંગે પ્રજાનો વિરોધ હતો. કોઈ પક્ષને બહુમતી ન મળતાં મિશ્ર સરકાર રચાઈ. નિવૃત્ત લશ્કરી જનરલ દ્વારા ૧૯૫૫માં રચાયેલી તથા ડેમોક્રેટિક પાર્ટીના સામાન્ય સભ્યોનો ટેકો ધરાવતી જસ્ટિસ પાર્ટીને સ્થાન મળ્યું. પણ આંતરિક સંઘર્ષના કારણે માત્ર છ મહિનામાં જ તેનું પતન થયું. આ સરકારના અલ્પ શાસનકાળ દરમ્યાન અસંતોષની માત્રા વધતાં '૬૨ના ફેબ્રુઆરીમાં અને '૬૩ના મેમાં વળી લશ્કરી વિદ્રોહ થયા. પરંતુ બંને નિષ્ફળ ગયા.

પૂર્તિ

૧૯૬૬ના મેમાં તબિયત બગડતાં ગુર્સેલ નિવૃત્ત થયા. ગુર્સેલના શાસનકાળ દરમ્યાન અને તે પછી તુર્કસ્તાનના રાજકારણને દિશા ને મરોડ આપવાની બાબતમાં લશ્કરની ભૂમિકા નિર્ણાયક રહી છે તેમ કહી શકાય. એક બાજુ, લશ્કર લોકશાહી રાહે સો ટકા નાગરિક સરકારની સ્થાપના માટે ઉત્સુક છે; બીજી બાજુ, નાગરિક સરકાર પૂરતી પકડ ન રાખી શકે એ સંજોગોમાં ફાલતી અંધાધૂંધીને ડામવાના ખ્યાલે સરકારી કામકાજમાં દખલ કરવા પણ લશ્કર એટલું જ ઉત્સુક છે.

૧૯૬૫ અને ૧૯૬૯ની સામાન્ય ચૂંટણીઓ પછી જસ્ટિસ પાર્ટીના નેતા દિમિરલે લશ્કરના સમર્થનથી સત્તાનાં સૂત્રો સંભાળ્યાં હતાં. પણ ૧૯૭૦ સુધીમાં તો વિદ્યાર્થી રમખાણો ને ડાબેરી-જમણેરી હિંસક અથડામણો લગભગ રોજિંદી બની ગઈ; અને ૧૯૭૧ના આરંભે તો પૅલેસ્ટાઈનના આરબ છાપામારો પાસેથી તાલીમ પામેલાં ડાબેરી યુવક સંગઠનોએ બૉમ્બમારા, બૅંક-લૂંટ, રાજદ્વારી વ્યક્તિઓનાં અપહરણનો દોર ચલાવી આતંક ને અરાજકતાનું વાતાવરણ ઊભું કરી દીધું. આ સંજોગોમાં, ૧૯૭૧ના માર્ચમાં, લશ્કરે સરકારને આખરીનામું આપ્યું કે કડક પગલાં ભરી શકે એવી રાષ્ટ્રીય સરકાર નહીં રચો તો લશ્કરને સંપૂર્ણ કબજો લેવાની ફરજ પડશે. તત્કાળ દિમિરલે રાજીનામું આપ્યું અને નિહાત એરિમે વિવિધ પક્ષોના સમર્થનથી સેનામાન્ય સરકાર રચી. નવી સરકારે બંધારણીય સુધારા દ્વારા કારોબારી સત્તાને મજબૂત કરી અને રાજકીય સ્થિરતા ન જોખમાય તે હેતુસર કેટલીક સ્વાધીનતાઓ પર પણ અંકુશો મૂક્યા.

તે પછીનાં બે વરસ દરમ્યાન, લશ્કરે સ્પષ્ટ કર્યું કે ઘટતી કાનૂની જોગવાઈઓ (સામ્યવાદીઓ સામે વધુ ઉગ્ર પગલાં, વિદ્યાર્થી-આતંક અને શહેરી છાપામારો સામે સખત નિયમન, જમીનમાલિકી પરત્વે ટોચમર્યાદા દાખલ કરી વધારાની જમીનની ભૂમિહીનોને વહેંચણી વગેરે) થાય તો પોતે સત્તા પરથી હટી જઈ સંપૂર્ણ નાગરિક સરકારનો માર્ગ મોકળો કરશે. આ પ્રકારના કાનૂનો પસાર થયા એટલે લશ્કરે ઑક્ટોબર '૭૩માં નવી ચૂંટણીનું એલાન કર્યું.

આ ચૂંટણીમાં દિમિરલની જસ્ટિસ પાર્ટીને બદલે કમાલ આતા તુર્કે સ્થાપેલી રિપબ્લિકન પીપલ્સ પાર્ટીને અન્ય પક્ષોના સહકારથી બહુમતી સાંપડી. એનો આગેવાન એકંવિટ હજુ સ્થિર સરકારને માટે પ્રયત્નશીલ છે. વળી, તે રાજકારણ અને લશ્કર વચ્ચેની સંપૂર્ણ અલગતા સિદ્ધ કરી શકે છે કે કેમ એ પણ જોવાનું રહે છે.

નવેમ્બર ૧૫, ૧૯૭૩

રીઝાશાહ પહેલવી

મૉર્ગન શુસ્તર

મહંમદ પહેલવી

'શ્વેત ક્રાન્તિ'ના પ્રણેતા સામે 'લાલ વિરોધ'

ઈરાનના વર્તમાન શાહ મહંમદ પહેલવીની રાજકીય કિન્નાખોરી સામે ખુરખાધારી ઈરાની સામ્યવાદીઓના લંડનમાં દેખાવો

૧૧ : ઈરાન

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીની શરૂઆતમાં ઈરાનમાં પશ્ચિમી રાજ્યોનો પ્રભાવ સ્થપાતાં ઈરાની પ્રજા પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કમાં આવી. અલબત્ત ઓગણીસમી સદીના આરંભે જ (૧૮૧૦થી ૧૮૧૫ના ગાળામાં) પશ્ચિમી જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજો જે રીતે વિસ્તરી રહી હતી તેનાથી આકર્ષાઈને ઘણા ઈરાની યુવાનો વિજ્ઞાનના અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા હતા. ૧૮૧૨માં તબ્રિઝ ખાતે તથા ૧૮૨૩માં તહેરાન ખાતે છાપખાનાં પણ શરૂ થયાં. ૧૮૫૨માં સરકારે વિજ્ઞાન ભવનની સ્થાપના કરી, જેમાં વિજ્ઞાન ઉપરાંત ફ્રેન્ચ, રશિયન તથા અંગ્રેજી ભાષાના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હતી. આ શિક્ષણ માટે યુરોપમાંથી શિક્ષકો બોલાવવામાં આવ્યા હતા. ૧૮૫૮માં ૪૨ વિદ્યાર્થીઓને યુરોપનાં વિશ્વવિદ્યાલયોમાં વધુ શિક્ષણ માટે મોકલ્યા.

આ પગલાથી ઈરાનના બુદ્ધિજીવીઓ, વિદ્યાર્થીઓ, વ્યાપારીઓ તથા ધાર્મિક વડાઓના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતાં પશ્ચિમમાં માનવઅધિકારો, આત્મનિર્ણયનો હક તથા પ્રજાકીય શાસનના જે ખ્યાલો પ્રવર્તતા હતા તેમનાથી તેઓ પરિચિત બન્યા. ઈરાનમાં પ્રવર્તતી પરિસ્થિતિનો તેમને સાચો ખ્યાલ આવ્યો. રાષ્ટ્રવાદ તથા નવનિર્માણના વિચારો દૃઢ બનવા લાગ્યા. આ ઉપરાંત, ઈરાનના દરબારમાં પ્રવર્તતી લાંચરુશવતની બદી, શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં શાહની નિષ્ફળતા, પડોશી રશિયા અને બ્રિટનની વધતી જતી લશ્કરી તેમ જ રાજકીય ભીંસ, ધાર્મિક મિલકતની જપ્તી વગેરે કારણોસર પ્રજા પરિવર્તન ઇચ્છવા લાગી. શિયા સંપ્રદાયના વડાના આદેશાનુસાર પાટનગરમાં દેખાવો યોજાયા. વ્યાપારીઓએ વ્યાપાર બંધ કરી હડતાળ પાડી. પરિણામે આર્થિક જીવન ખોરવાઈ ગયું. શાહના લશ્કરથી ડરીને દસેક હજાર જેટલા ઈરાનીઓએ બ્રિટિશ એલચીના નિવાસસ્થાનમાં આશ્રય લીધો. એલચીની દરમ્યાનગીરી પછી શાહને બંધારણસભા બોલાવવાની ફરજ પડી અને એક વર્ષ પછી ૧૯૦૫ના ડિસેમ્બરમાં ઈરાનમાં પ્રથમ બંધારણ અમલમાં આવ્યું. તે અનુસાર આપખુદ કવાજરવંશી શાહોના શાસનમાં પણ સુધારણા થવા પામી. ખાસ તો રાષ્ટ્રીય મજલિસ(લોકસભા)ની સ્થાપના થઈ. આવા ક્રાન્તિકારી બનાવ પછી પણ રાજકીય જીવનમાં ખાસ ફેર પડ્યો નહીં. બંધારણ પ્રમાણે રચાયેલ મજલિસમાં એક બાજુ મુખ્યત્વે કરીને ઉમરાવો, વ્યાપારીઓ તથા ધાર્મિક વડાઓનું જ પ્રતિનિધિત્વ હતું; બીજી બાજુ શાહ મહંમદઅલી બંધારણનો કટ્ટર વિરોધી હતો અને તેને તોડી નાખવા સક્રિય રીતે કાવાદાવા કરતો હતો. આમ, શાહ અને મજલિસ વચ્ચે ઘર્ષણ શરૂ થયું. શાહની સત્તાને મજલિસે પડકારતાં ૧૯૦૮માં તેણે મજલિસના મકાન પર બૉમ્બવર્ષા કરાવી. આ પગલાએ ૧૯૦૯ની રક્તવિહીન ક્રાન્તિને જન્મ આપ્યો, જેની શરૂઆત તબ્રિઝ મુકામે થઈ. ૧૯૦૯ની ૧૬મી જુલાઈએ ક્રાન્તિકારીઓએ તહેરાનમાં પ્રવેશ કર્યો. શાહે શરૂમાં રશિયન દૂતાવાસમાં આશરો લીધો. પરંતુ અંતે તેને ઈરાન છોડવું પડ્યું.

જોકે આ પછી રાજકુમાર સુલતાન અહમદશાહ ગાદીનશીન થયો અને બંધારણીય સરકારની પુનઃસ્થાપના કરવામાં આવી. પરંતુ તે રાજ્યની બાબતોમાં રસ લેતો નહીં હોવાથી મવાળ અને ઉદ્દામ ક્રાન્તિકારીઓનાં જૂથો સક્રિય બન્યાં. રાજ્યની નાણાકીય સ્થિતિ પણ ઝડપથી બગડતાં અને ૧૯૦૭માં બ્રિટન અને રશિયાએ ઈરાનમાં પોતાના પ્રભાવના વિભાજન અંગે કરેલી સમજૂતી વિરુદ્ધ રાષ્ટ્રવાદ ઉગ્ર બનતાં, રાજકીય ચિત્ર ધૂંધળું બન્યું. રાષ્ટ્રવાદીઓએ આર્થિક પરિસ્થિતિને સુધારવા અમેરિકન અર્થશાસ્ત્રી મૉર્ગન શુસ્તર હસ્તક વિશાળ સત્તાઓ સોંપી. રશિયાએ આ પગલાનો વિરોધ કર્યો. મૉર્ગનને દૂર કરવાની તથા ભવિષ્યમાં રશિયા તથા બ્રિટનની મંજૂરી પછી જ નિષ્ણાતો નીમવા તેવી માગણી સાથેનું આખરીનામું આપ્યું. પરંતુ તેનો અસ્વીકાર થતાં રશિયન દરમ્યાનગીરીથી સરકારનું પતન થયું. નવી સરકાર રશિયાની ઇચ્છાનુસાર રચાઈ અને તેણે આખરીનામાનો સ્વીકાર કર્યો. રાષ્ટ્રીય નેતાઓની ધરપકડ કરવામાં આવી અને મજલિસની બેઠકને ૧૯૧૪ સુધી બોલાવવામાં આવી નહીં. આ વર્ષે અહમદશાહના રાજ્યાભિષેક માટે મજલિસની ચૂંટણી યોજાઈ. એમાં ડેમોક્રેટિક પક્ષને ભારે બહુમતી મળી.

આ અરસામાં જ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું. રાષ્ટ્રવાદીઓએ રશિયા તથા બ્રિટનના પ્રભાવમાંથી મુક્ત થવા આ તક ઝડપી અને તેઓ જર્મની તરફ ઢળ્યા. તેની સામે રશિયા તથા બ્રિટને ઈરાન પર આક્રમણ કરી તેનો મોટો ભાગ જીતી લીધો. પરંતુ ૧૯૧૭માં રશિયામાં ક્રાન્તિ થતાં ત્યાંની ક્રાન્તિકારી સરકારે યુદ્ધમાંથી ખસી જવાનો નિર્ણય લીધો. તેણે ઈરાનમાં રશિયાના વિશેષાધિકારો પણ જતા કર્યા. આ તકનો લાભ લઈ બ્રિટને ઉત્તર ઈરાનના વિસ્તારને જીતી લીધો તથા સમગ્ર ઈરાનને પોતાના પ્રભુત્વ નીચે લાવવાના પ્રયત્નો શરૂ કર્યા. આ પગલાંથી રાષ્ટ્રવાદીઓ ઉશ્કેરાયા. રાષ્ટ્રવાદી કુચિકખાનના નેતૃત્વ નીચે સેનાએ ઉત્તર ઈરાનમાં બ્રિટિશ લશ્કરનો મુકાબલો કર્યો. ૧૯૧૯માં યુદ્ધ પૂરું થતાં ઈરાનને બ્રિટન સાથે સંધિ કરવી પડી અને વળી તે તેના પ્રભુત્વ નીચે આવ્યું.

રીઝાખાનનો યુગ

પ્રથમ વિશ્વયુદ્ધ પછીના બે દસકાના ગાળાને રીઝાખાનના યુગ તરીકે ઓળખવામાં આવે છે. રીઝાખાન ઉત્તર ઈરાનની સેનાનો કર્નલ હતો અને રશિયન લશ્કર સાથેના સંપર્કના કારણે સૈન્યસંચાલનમાં તેણે સારી કુશળતા મેળવી હતી. ૧૯૨૧ના ફેબ્રુઆરીમાં તેણે તહેરાન કબજે કર્યું. રાષ્ટ્રીય નેતા ઝિયાઉદ્દીનને તેણે નવી સરકારમાં વડો પ્રધાન બનાવ્યો; પોતે સરસેનાપતિનો હોદ્દો ધારણ કર્યો. અલબત્ત, રાજાશાહી પ્રથા તો ચાલુ રાખવામાં આવી; પણ સત્તાનો દોર આ બંનેના હાથમાં રહ્યો. આ ઝિયાઉદ્દીન સરકારે રશિયા સાથે સંધિ-કરાર કર્યા. તે પછી સોવિયેત સરકારે પોતાના તમામ વિશેષાધિકારોનો ત્યાગ કર્યો. સાથોસાથ અગાઉનાં તમામ કરજને માફ કર્યાં. વધુમાં ઈરાનમાંની રશિયન બૅંકની મૂડી ઈરાનને સોંપી તથા કાસ્પિયન સમુદ્રના દક્ષિણ ભાગમાં રશિયન માલિકીના દ્વીપો પણ સોંપ્યા. આ સંધિનું સ્વરૂપ લશ્કરી કરારનું હોવાથી ૧૯૧૯માં બ્રિટન સાથે જે સંધિ કરી હતી તેનો ઈરાને અંત આણ્યો.

ઝિયાઉદ્દીન પ્રગતિશીલ વિચાર ધરાવતો હોવાથી તેણે સામાજિક ન્યાયની સ્થાપના માટેનાં પગલાં ભર્યાં. તેણે સૌ પ્રથમ તો જાગીરોનું રાષ્ટ્રીયકરણ કર્યું અને સરકાર હસ્તક આવેલી જમીન

ભૂમિહીન ખેડૂતો વચ્ચે વહેંચી દીધી. આ પગલું આવશ્યક હોવા છતાં પણ કસમયનું નીવડ્યું. જાગીરદારોએ ઝિયાઉદ્દીન સામે જબરજસ્ત વિરોધ કર્યો અને તેને ઈરાન છોડવું પડ્યું. આ પ્રસંગ-માંથી પાઠ શીખીને મજલિસે ૧૯૨૫ના ઑક્ટોબરમાં શાહને ઉઠાડી મૂકીને રીઝાખાનને રાજાની ગાદીએ બેસાડ્યો. એણે પોતાને રીઝાશાહ પહેલવી તરીકે ઓળખાવ્યો.

રીઝાખાને જે કામગીરી બજાવી તેને અનુલક્ષીને તેને ઈરાનના કમાલ પાશા તરીકે ઓળખવામાં આવે છે. તેણે ઉદ્યોગીકરણની નીતિ અમલમાં મૂકીને આર્થિક વિકાસની કામગીરી હાથ ધરી. આ માટે તેણે અમેરિકન નિષ્ણાતોની સેવા લીધી. ટ્રાન્સ-ઈરાનિયન રેલવેની રચના કરીને ઉત્તર-દક્ષિણ સાંકળવામાં આવ્યાં. લશ્કરને ખૂબ જ સરસ રીતે સંગઠિત તથા શસ્ત્રોથી સુસજ્જ બનાવવામાં આવ્યું. ધર્મગુરુઓની સત્તાને મર્યાદિત કરી તથા લશ્કરની મદદથી ભટકતી ટોળીઓને સ્થાયી જીવન જીવવાની ફરજ પાડી. પ્રજાને ભવ્ય ભૂતકાળનો ખ્યાલ આપી તેને નવો દૃષ્ટિકોણ આપ્યો. શિક્ષણ તથા સામા-જિક ક્ષેત્રે પણ તેણે મહત્ત્વનાં પગલાં લીધાં. શિક્ષણનો વ્યાપ વધે તે માટે મોટી સંખ્યામાં શાળા તથા કૉલેજોની સ્થાપના કરી અને પશ્ચિમી પદ્ધતિ મુજબ શિક્ષણ આપવાનું શરૂ કર્યું. સામાજિક ક્ષેત્રે પણ સ્ત્રીઓ માટે બુરખા પદ્ધતિ દૂર કરી અને સ્ત્રીઓ તથા પુરુષો પશ્ચિમી પોશાક પહેરે તે માટે પ્રયત્નો કર્યા. રોમન લિપિનો ત્યાગ કરી ફારસી લિપિનો પુરસ્કાર કર્યો. બીજી બાજુ, રાજકીય પક્ષપદ્ધતિ હજુ વિકાસ પામી ન હતી અને રાજકારણ ખટપટ તથા લાંચરુશવતથી ભરપૂર હતું. એના ઉપાય તરીકે તેણે બંધારણ દ્વારા વધુમાં વધુ નિરંકુશ સત્તા પોતાને હસ્તક લીધી. હવે તે પોતાના વિરોધીઓને સહન કરી શકતો નહીં. ઘણી વખત તો વિરોધીઓની કતલ કરવામાં આવતી. વાણીસ્વાતંત્ર્યનું કે અખબારી સ્વાતંત્ર્યનું નામનિશાન ન હતું. ટૂંકમાં, રીઝાખાનનું શાસન નિરંકુશ આપખુદશાહી બન્યું.

જોકે રાષ્ટ્રીય સ્વાધીનતાની દૃષ્ટિએ તે ઈરાનની ખાડીની આસપાસ આવેલ ટ્રીપો પરના બ્રિટનના આધિપત્યનો અંત લાવવા માગતો હતો અને ત્યાં ઈરાનનું પ્રભુત્વ સ્થાપવા ઇચ્છતો હતો. આ ઉપરાંત ઈરાનનાં તેલક્ષેત્રો પર બ્રિટનનો જે અધિકાર હતો તેને તે મર્યાદિત કરવા માગતો હતો. તેલની આવકનો મોટો ભાગ ઈરાનમાં જ રહે તેવી તેની માગણી હતી. આ બધાં કારણોસર બ્રિટન સાથેનો ઈરાનનો સંઘર્ષ ઉગ્ર બન્યો હતો. પરિણામે બ્રિટનનો મુકાબલો થઈ શકે તેવા શક્તિશાળી રાજ્યની મિત્રતાની જરૂરિયાત ઊભી થતાં રીઝાખાને જર્મની સાથે ગાઢ સંબંધો સ્થાપવાની શરૂઆત કરી. ઘણા જર્મન નિષ્ણાતોને તેણે બોલાવ્યા તેમ જ જર્મની પાસેથી વિકાસ માટે આર્થિક સહાય પણ મેળવી. આમ, ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે ઈરાન જર્મનીના પ્રભાવ નીચે આવી ચૂકયું હતું. યુદ્ધમાં ઈરાન-જર્મનીના સંબંધને ધ્યાનમાં લઈ ઉત્તર તરફથી રશિયાએ અને દક્ષિણ તરફથી બ્રિટને ઈરાન પર આક્રમણ કર્યું. ઈરાની લશ્કરનો પરાજય થતાં ૧૯૪૧માં રીઝાખાનને સત્તાત્યાગ કરવો પડ્યો. ૧૯૪૪માં તે મૃત્યુ પામ્યો. તે પછી તેનો પુત્ર મહંમદ રીઝા પહેલવી ઈરાનનો રાજા બન્યો. ઈરાને જર્મની તથા ઇટાલી સાથેના સંબંધો તોડી નાખ્યા અને તે 'મિત્રરાજ્યો' સાથે જોડાયું.

યુદ્ધ દરમ્યાન ઈરાનમાં ફુગાવાનું વિષચક્ર શરૂ થયું હતું. ૧૯૩૯ના જે ભાવ હતા તેમાં ૧૦૦ ટકા જેટલો વધારો થઈ ગયો હતો. પરિસ્થિતિ અત્યંત વિકટ હતી. ઉપરાંત, યુદ્ધના અંતિમ ગાળા

દરમ્યાન ૧૯૪૩માં તહેરાન પરિષદમાં રૂઝવેલ્ટ, સ્તાલિન તથા ચર્ચિલે એવી બાંયધરી આપેલી કે ઈરાન સ્વતંત્ર રહેશે. અને તેની પ્રાદેશિક એકતા જળવાઈ રહેશે. તે બાંયધરી યુદ્ધ પૂરું થતાં નષ્ટ થઈ. ૧૯૪૫ના ડિસેમ્બરમાં સોવિયેત રશિયાની સક્રિય સહાયથી સોવિયેત રશિયાને હસ્તક મુકાયેલા ઈરાનના આઝરબૈજાન પ્રદેશમાં ક્રાન્તિ થઈ. કૉમિન્ટર્ન(આંતરરાષ્ટ્રીય કૉમ્યુનિસ્ટ સંગઠન)-ના એજન્ટ જાફર રિશવરીના નેતૃત્વ નીચે 'આઝરબૌજાન ડેમોક્રેટિક પાર્ટી' રચવામાં આવી અને 'સ્વાયત્ત પ્રજાસત્તાક' આઝરબૈજાનની જાહેરાત કરવામાં આવી. ઈરાનની સરકારના અમલદારોને પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી. કરવેરા ઉઘરાવવા અશક્ય બન્યા અને સરકારી અમલદારોના આદેશોને બદલે પક્ષના નેતાઓના આદેશોનો અમલ થવા લાગ્યો. આ બંડને દબાવી દેવા તહેરાનથી લશ્કર મોકલવામાં આવતાં સોવિયેત લશ્કરની ટુકડીઓએ તેનો માર્ગ રોક્યો. સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં ફરિયાદ કરવામાં આવી. આ અરસામાં ૧૯૪૫ના ડિસેમ્બરમાં અમેરિકન લશ્કર અને ૧૯૪૬ના ફેબ્રુઆરીમાં બ્રિટિશ લશ્કર ઈરાનમાંથી પાછું ખેંચાઈ ગયું; જ્યારે માર્ચમાં રશિયાએ વધારે સૈનિકોને ઈરાનમાં દાખલ કર્યા. વડા પ્રધાન અહમદ કવામ અલ-સલ્તનેહે પરિસ્થિતિની પરવશતા સમજીને સમાધાનનો માર્ગ લીધો. રશિયાએ લશ્કરને પાછું ખેંચવાની જાહેરાત કરી અને તેના બદલામાં વડા પ્રધાને સ્વાયત્ત આઝરબૈજાનનો સ્વીકાર કર્યો તથા ઉત્તર ઈરાનમાં તેલ સંશોધન માટે સોવિયેત-ઈરાની તેલ કંપની સ્થાપવાનો અને તેમાં સોવિયેત રશિયાની ૫૧ ટકા ભાગીદારીનો સ્વીકાર કર્યો. આ પછી સમગ્ર દેશમાં ચૂંટણીઓ કરવાની જાહેરાત કરવામાં આવી. પણ સામ્યવાદીઓના કબજામાં ઓઝરબૈજાન હોય ત્યાં સુધી ચૂંટણીઓ શક્ય નહીં હોવાથી ઈરાની સૈન્યે આઝરબૈજાનમાં પ્રવેશ કર્યો. સામ્યવાદી શાસનનો અંત આવ્યો. ઈરાનના તુદેહ (સામ્યવાદી) પક્ષને ફેબ્રુઆરી ૧૯૪૯માં ગેરકાનૂની જાહેર કરવામાં આવ્યો.

મોસાદ્દીકનું શાસન

૧૯૫૧ની ૨૮મી એપ્રિલે નૅશનલ ફ્રન્ટ પાર્ટીનું નેતૃત્વ સંભાળતા મોહંમદ મોસાદ્દીકે વડા પ્રધાનનું પદ સંભાળ્યું. ૧૯૫૧ના માર્ચમાં તેલઉદ્યોગના રાષ્ટ્રીયકરણનો ઠરાવ મજલિસે પસાર કર્યો. મોસાદ્દીકની સરકારે તેના અમલ અંગેનાં પગલાં લીધાં. આનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે બે દસકાથી વિવિધ વર્ગો વચ્ચે જે અંતર પ્રવર્તતું હતું તે ઓછું થયું અને એકતાની ભાવના બળવત્તર બની. ઈરાન અને બ્રિટન વચ્ચે સમજૂતી માટે બ્રિટને તથા અમેરિકાએ પાંચેક દરખાસ્તો રજૂ કરી. પરંતુ તે અંગેની સમજૂતી સધાઈ નહીં. આમ, આ ગાળા દરમ્યાન ઈરાનમાં તેલના રાજકારણે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

રાષ્ટ્રીયકરણ પછી રૉયલ્ટી ન મળતાં, વિદેશી હૂંડિયામણની અછત વરતાતાં, અને આવી આવક માટેનું બીજું કોઈ સાધન નહીં હોવાથી, મુશ્કેલીઓ શરૂ થઈ. રાષ્ટ્રવાદીઓમાં નિરાશા ફેલાવા લાગી. લશ્કરમાં પુરવઠાની અછત વરતાવા લાગી અને શ્રીમંત જમીનદારો, જેઓ રૉયલ્ટીની આવકનો ઉપયોગ સરકારી તંત્રમાં અયોગ્ય રીતે કરી પોતાનો પ્રભાવ રાખતા હતા, તેઓ પણ આ સંબંધે મુશ્કેલીઓ પડતાં બીજી રસમો અપનાવવા તરફ વળ્યા. પાર્લમેન્ટમાં મોસાદ્દીક સામે વિવિધ પ્રકારના આક્ષેપો થવા લાગ્યા. ૧૯૫૨ના જુલાઈમાં કટોકટી સર્જાઈ. એ વર્ષે જે નવી પાર્લમેન્ટ મળી તેમાં વડા પ્રધાનપદ ધારણ કરતાં પહેલાં મોસાદ્દીકે સરકારી, આર્થિક અને સામાજિક સુધારા

માટે વટહુકમો દ્વારા શાસન ચલાવવાની સંપૂર્ણ સત્તા માગી. પરંતુ તેનો સખત વિરોધ થતાં તેણે રાજીનામું આપ્યું અને શાહે અહમદ કવામને વડો પ્રધાન બનાવ્યો. પરિણામે ચાર દિવસ માટે હિંસક તોફાનો ફાટી નીકળ્યાં, જેનું નેતૃત્વ મોસાદ્દીક તથા તુદેહ પક્ષે સંભાળ્યું હતું. (તુદેહ પક્ષ ગેરકાનૂની હોવા છતાં મોસાદ્દીકના શાસન દરમ્યાન એણે ઉઘાડે છોગ કામ કરવા માંડયું હતું.) આંતરવિગ્રહ ભભૂકી ન ઊઠે તેટલા માટે શાહે મોસાદ્દીકને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું. ઑગસ્ટમાં તેણે યુદ્ધપ્રધાનનો હોદ્દો સ્વીકાર્યો અને તેને નિરંકુશ સત્તા આપવામાં આવી. પરંતુ તેના પક્ષમાં મતભેદ ઉગ્ર બનવા લાગ્યા. ૧૯૫૩માં તેની અમર્યાદિત સત્તામાં એક વર્ષનો વધારો થતાં તેણે કડક પગલાં લેવાનું શરૂ કર્યું : દા. ત., અખબારો પર કડક અંકુશ, સરકારી કર્મચારીઓના હડતાળના અધિકાર પર અંકુશ. આથી ધૂંધવાઈ ઊઠીને ફેબ્રુઆરીમાં પ્રજાએ તેનો વિરોધ કર્યો. દેખાવકારોએ મોસાદ્દીકના ઘર પર આક્રમણ કર્યું. તેને અમેરિકી ઑફિસમાં આશરો લેવો પડયો. આ પછી રાજકીય ચિત્ર ધૂંધવાનું જ ગયું. મજલિસના વિસર્જન માટે મોસાદ્દીકે લોકપૃચ્છા(રેફરન્ડમ)નો રાહ લીધો અને વિસર્જનની તરફેણમાં ૯૯.૯૩ ટકા મતદાન થતાં ઑગસ્ટમાં તેણે આ નિર્ણયની જાહેરાત કરી.

પરંતુ મોસાદ્દીકે ઈરાનનાં તમામ સામાજિક અને રાજકીય જૂથો, રાષ્ટ્રવાદીઓ, લશ્કર, જમીનદારો, ધાર્મિક જૂથો તથા શાહનો ટેકો ગુમાવ્યો હતો. માત્ર તહેરાનના નાના વેપારીઓ તથા સામ્યવાદીઓનો તેને સાથ હતો. ઈરાનીઓની આશા હતી કે મોસાદ્દીક અમેરિકા તરફથી સહાય મેળવવામાં સફળ થશે. પણ તે આશા ઠગારી નીવડી. પ્રમુખ આઈઝનહોવરે મોસાદ્દીકને જણાવ્યું કે બ્રિટન સાથે તેલ અંગે સમજૂતી નહીં સધાય ત્યાં સુધી સહાય મળશે નહીં. થોડા સમય પછી, મોસાદ્દીક તુદેહ પક્ષ સાથે વધુ સંકળાયેલ છે તેવા કારણસર અમેરિકાએ અપાતી મદદ પણ રોકી. ૧૯૫૩ના ઑગસ્ટમાં મજલિસનું વિસર્જન કરવાની સત્તાનો ઉપયોગ કરવા બદલ મોસાદ્દીકને શાહે દૂર કર્યો અને તેના હરીફ લશ્કરી જનરલ ફઝુલ્લાહ ઝાહેદીની વડા પ્રધાન તરીકે નિમણૂક કરી. પણ મોસાદ્દીકે હોદ્દાનો ત્યાગ કરવાની ના પાડી. પોતાના સૈન્યની મદદથી તે હોદ્દા પર ચાલુ રહ્યો. શાહને અને ઝાહેદીને ઈરાન છોડી બગદાદ અને રોમ નાસી જવું પડયું. પરંતુ, લશ્કરનો સાથ મોસાદ્દીકને નહીં હોઈ તેના વિરોધમાં દેખાવો થયા. શાહ તથા ઝાહેદીના ટેકેદારો તથા મોસાદ્દીક અને તેના ટેકેદારો વચ્ચે ધમસાણ થયું. શાહ ઈરાન પાછા ફર્યા. મોસાદ્દીકની ધરપકડ થઈ. ઝાહેદીએ સરકાર રચી અને અમેરિકાએ 'કટોકટીની નીતિ' અનુસાર તરત જ આર્થિક સહાય મોકલી. નવી સરકારે સામ્યવાદીઓ તથા વિરોધીઓ સામે કડક હાથે કામ લીધું. અમેરિકાએ જે આર્થિક સહાય મોકલી હતી તે સાથે સમાધાનની શરત પણ લાદવામાં આવી હતી. પરિણામે ૧૯૫૪ના ઑગસ્ટમાં 'ઑઈલ કૉન્સૉર્ટિયમ' સાથે ઈરાને સમજૂતીના સહીસિક્કા કર્યા : ૫૦ ટકા નફો ઈરાનને મળે અને રાષ્ટ્રીયકરણના વળતરરૂપે દસ વર્ષ સુધી ઈરાન દર વર્ષે ૭ કરોડ ડૉલર અમેરિકાને આપે.... આમ, એક અતિ ગૂંચવાયેલી સમસ્યા હલ થઈ.

મોસાદ્દીકના પતન પછી ૧૯૫૩ના ડિસેમ્બરમાં શાહે મજલિસને બરખાસ્ત કરી અને નવી ચૂંટણીઓની જાહેરાત કરી. ઝાહેદીના તથા શાહના ટેકેદારોને બહુમતી મળતાં ઝાહેદીએ ફરી સરકાર રચી. ૧૯૫૫માં ઝાહેદી નિવૃત્ત થતાં શાહે હુસેન અલ્લાને વડા પ્રધાન તરીકે નીમ્યા. ૧૯૫૬ની ચૂંટણી પછી હુસેન અલ્લાએ સરકાર રચી. પરંતુ અદાલતોના પ્રધાનનો હોદ્દો સંભાળવા ૧૯૫૭માં

તેણે વડા પ્રધાનપદનો ત્યાગ કર્યો. તેથી શાહે મનોચેહર એઘબાલને વડો પ્રધાન બનાવ્યો. તેણે સુધારા દ્વારા બંધારણમાં ફેરફાર કર્યા. તેણે નવા અસ્તિત્વમાં આવેલ રાજકીય પક્ષ માર્ડમનો મુકાબલો કરવા તથા પોતાની નીતિના સમર્થન માટે નૅશનલ પાર્ટીની રચના કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઈરાનનું વલણ મોટે ભાગે બ્રિટન અને અમેરિકા તરફી રહ્યું. ૧૯૫૫ના નવેમ્બરમાં ઈરાન 'બગદાદ કરાર'માં જોડાયું. રશિયાએ આ પગલાનો વિરોધ કર્યો. તેથી ૧૯૫૬ના ફેબ્રુઆરીમાં શાહ મહમ્મદ રઝાએ સોવિયેત યુનિયનની મુલાકાત લીધી. આ જ વર્ષે સપ્તવર્ષીય યોજના શરૂ થઈ. ૧૯૬૦માં કૃષિક્ષેત્રે સુધારો કરવા ઈરાનના શાહે આ તંત્ર પોતાના હસ્તક લીધું.

ક્રાંતિ

૧૯૬૩ના જાન્યુઆરીમાં, નવી મજલિસની ચૂંટણી (સપ્ટેમ્બર ૧૯૬૩) અને જૂની મજલિસના વિસર્જનના વચગાળામાં, શાહે આર્થિક-સામાજિક પરિવર્તન માટે 'શ્વેત ક્રાન્તિ' સૂચવતો મુસદ્દો લોકપૃચ્છા અર્થે રજૂ કર્યો. પ્રજાએ ૯૮ ટકા બહુમતીથી એનું સમર્થન કર્યું. આર્થિક-સામાજિક પરિવર્તનનાં આ પગલાં સામે, સ્વાભાવિક જ, ભૂમિપતિઓ અને રૂઢિચુસ્તોનો વિરોધ હતો. પરિણામે તહેરાન વગેરે વિસ્તારોમાં રમખાણો ફાટી નીકળ્યાં. સત્તાવાર વર્તુળોના જણાવ્યા મુજબ આ તોફાનો પાછળ નાસરનો હાથ હોવા સંભવ હતો. જોકે સુધારા જારી રહ્યા અને સપ્ટેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં મહિલાઓએ પ્રથમ વાર મતદાન કર્યું.

૧૯૬૫નું વર્ષ પણ સુધારાવિરોધી હિંસક તોફાનોનું હતું. વર્ષની શરૂઆતમાં જ ઝનૂની તત્ત્વોએ તત્કાલીન વડા પ્રધાન મન્સૂરનું ખૂન કર્યું. એપ્રિલમાં તો તુદેહની પેકિંગ પાંખના સમર્થકોએ ખુદ શાહનો જાન લેવાની કોશિશ કરી.

પણ શાહની રાહબરી — બલ્કે, પકડ — હેઠળ 'શ્વેત ક્રાન્તિ'ની પ્રક્રિયા ચાલુ રહી. જમીનના બેહદ મોટા એકમોની તેમના પર કામ કરતા ખેડૂતોમાં ફાળવણી; વન્ય સંપત્તિનું રાષ્ટ્રીયકરણ, રાજ્યસંચાલિત કારખાનાંમાં કામદારોને હિસ્સો, ચૂંટણી કાયદામાં સુધારો, મહિલા મતાધિકાર, લશ્કરમાં ભરતી કરાયેલા જુવાનોને શૈક્ષણિક રીતે સજ્જ કરી તેમના દ્વારા ગ્રામવિસ્તારોમાં નિરક્ષરતાનિવારણ આ બધું ૧૯૬૩થી થઈ ચૂકયું હતું. હવે ૧૯૬૬–૬૭ના ગાળામાં એમાં થોડા નવા મુદ્દા ઉમેરાયા : આરોગ્ય અને વિકાસ અર્થે ખાસ ટુકડીઓની રચના, કાનૂની કારવાઈની જટિલતા અને દીર્ઘસૂત્રતા દૂર કરવા માટે ગ્રામ અદાલતો અને લવાદ સમિતિઓનું આયોજન, જળસંપત્તિનું રાષ્ટ્રીયકરણ, સારાં ઘર પૂરાં પાડવા સારુ બાંધકામ યોજના, વધુ કાર્યક્ષમ સનંદી સેવા ઊભી કરવા માટે જરૂરી વહીવટી ને શૈક્ષણિક સુધારા.

૧૯૬૭ના ઑગસ્ટમાં યોજાયેલી ચૂંટણીઓમાં આ સુધારાનો મુદ્દો મુખ્ય હતો. આત્યંતિક ડાબેરી-જમણેરી બળોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. ચૂંટણીમાં 'નવીન ઈરાન' પક્ષની જીત થઈ. એ જ વર્ષે ઑક્ટોબરમાં, પોતાના શાસનની સ્થિરતા અને સમૃદ્ધિ વ્યક્ત કરવા, શાહે 'ખાસ તાજપોશી' યોજી. નાનાં નાનાં છમકલાં અને ડાબેરી ચળવળો છતાં ઈરાન માટે આ તાજપોશી પછીનો ગાળો એકંદરે આંતરિક શાંતિ અને આર્થિક વિકાસના સાતત્યનો પુરવાર થયો છે; અને એણે લોકશાહી અંશોવાળી બંધારણીય રાજાશાહીને દૃઢાવી છે.

૧૨ : ઇરાક

ઇરાક (મૂળ : મેસોપોટેમિયા) તુર્ક સામ્રાજ્યનો ભાગ હતું ત્યારે દાઉદ પાશા(ઈ. સ. ૧૮૧૮–૧૮૩૨)ની સૂબેદારી પછીના સમયમાં નવજાગૃતિ તથા રાષ્ટ્રીયતાની ભાવના વિકસી. આ સૂબાએ શિક્ષણસંસ્થાઓ અને મુદ્રણાલયની સ્થાપના કરી. તે પછી મહંમદ રશીદ પાશાએ સિંચાઈ યોજના દાખલ કરી, જ્યારે મિદ્હાત્ત પાશાએ અખબારપત્ર તથા મ્યુનિસિપલ સંસ્થાઓ શરૂ કરીને સ્થાનિક સ્વશાસનના ક્ષેત્રમાં પહેલ કરી. આ પગલાંથી પ્રજામાં નવજાગૃતિ તથા સ્વાતંત્ર્યની ભાવના વિકાસ પામી. ઇરાકને તુર્ક શાસનમાંથી મુક્ત કરવા માટે રાષ્ટ્રીય સંસ્થા રચાઈ, જેમાં નોંધપાત્ર બીના એ છે કે સૈનિકો પણ જોડાયા હતા. તુર્ક સેનાના આરબ અફસર અઝીઝ અલી અલ મિસ્રીએ સૈન્ય-માંથી છૂટા થઈ ૧૯૧૪માં અલ-અહદ નામની સંસ્થા સ્થાપી. તેમાં અસંખ્ય સૈનિકો તથા અફસરો જોડાયા અને તેની શાખાઓ જુદા જુદા વિસ્તારોમાં અસ્તિત્વમાં આવી.

આ તબક્કે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું. યુદ્ધ પછી ઑટોમન સામ્રાજ્યની જે નવી વ્યવસ્થા થઈ તે મુજબ ઇરાકમાં બ્રિટિશ હકૂમતની સ્થાપના થઈ. આ પછી સ્વરાજ્ય માટેની માગણી ઉગ્ર બની અને બ્રિટન વિરોધી લાગણી જોર પકડવા લાગી. ૧૯૨૦માં સીરિયામાં ફ્રાન્સ વિરુદ્ધ બળવો થતાં ત્યાંના રાષ્ટ્રવાદી નેતાઓ સાથે ઇરાકના રાષ્ટ્રવાદી નેતાઓનો ગાઢ સંપર્ક બંધાયો. આ પછી રાષ્ટ્રીય જુવાળમાં વધારો થતાં રાષ્ટ્રની અંદર સદીઓથી ચાલ્યો આવતો શિયા અને સુન્નીઓ વચ્ચેનો ધાર્મિક સંઘર્ષ પણ એ સમય દરમ્યાન બાજુએ ઠેલાઈ ગયો. શિયા સંપ્રદાયના ત્રણ ધાર્મિક નગરોના ધર્મગુરુઓએ રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લઈ ધાર્મિક તત્ત્વ ઉમેર્યું. આ ઉપરાંત બ્રિટિશ શાસન દ્વારા ઉઘરાવાતા કરવેરા પ્રત્યે અણગમો ધરાવતા જમીનદારોએ તથા પશ્ચિમી વહીવટી પદ્ધતિઓના વિરોધી-ઓએ અને બ્રિટિશ શાસન સ્થપાતાં જે અમલદારોએ પોતાના હોદ્દા ગુમાવ્યા હતા તેમણેય એ ચળવળને ટેકો આપ્યો.

૧૯૨૧માં વિદ્રોહ ફાટી નીકળ્યો. પરંતુ તેને દબાવી દેવામાં આવ્યો. બ્રિટિશ હાઈકમિશનર પર્સીએ જે વહીવટી વ્યવસ્થા રચી તે પ્રજાને સંતોષ આપી શકી નહીં; કેમ કે જેમાં પ્રજા માત્ર દેખાવ પૂરતો જ ભાગ લઈ શકે તેવી એ યોજના હતી. તેના બાહ્ય દેખાવ પરથી એમ લાગે કે શાસનમાં પ્રજા મહત્ત્વનો ભાગ ભજવે છે. રાજાશાહીની સ્થાપનાનો નિર્ણય લેવાયો અને લોકમત દ્વારા નિર્ણય લઈને પ્રજાને સ્વીકાર્ય એવા ફૈઝલની રાજા તરીકે વરણી કરવામાં આવી. રાષ્ટ્રીય સભાના સભ્યો પ્રજા દ્વારા ચૂંટાય એવી અને રાજાનેસહાય કરવા ઇરાકી ઓના બનેલ પ્રધાનમંડળની જોગવાઈ કરવામાં આવી. પણ સત્તાનો દોર બ્રિટનના હાથમાં જ હતો. આ પછીનો સમય રાજકીય અસ્થિર-

તાનો હતો. ૧૯૨૭માં બ્રિટને ઈરાકની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો. પરંતુ છેક ૧૯૩૨માં તે સાર્વભૌમ રાજ્ય તરીકે માન્ય થયું અને લીગ ઑફ નેશન્સનું સભ્ય બન્યું.

જનરલ સિદ્દીકીની યોજના પ્રમાણે લશ્કરને આધુનિક બનાવવાનાં પગલાં ન લેવાતાં, તેણે ૧૯૩૬માં બગદાદ પર કૂચ કરી; વાયુસેનાનો ઉપયોગ કરીને રાજધાની કબજે કરી. પ્રજાએ પણ તેને ટેકો આપ્યો અને લશ્કરી વિપ્લવ (કૂ દે તા) સફળ થયો. જનરલ સિદ્દીકીની લશ્કરી સરમુખત્યારશાહી સ્થપાઈ. સિદ્દીકીએ કરેલી જાહેરાતો ધ્યાન ખેંચે છે : નાગરિક સ્વતંત્રતાઓની ખાતરી, મજદૂર સંગઠનોને તેમની પ્રવૃત્તિઓ માટે સ્વતંત્રતા, સામાજિક અને આર્થિક સુધારા અને મજબૂત લશ્કર. પરંતુ અગાઉની સરકારોની માફક આ તંત્ર પણ અસરકારક બની શકયું નહીં. પ્રજામાં અને લશ્કરી અફસરોમાં અસંતોષ ઉગ્ર બનતાં ૧૯૩૭માં જનરલ સિદ્દીકીનું ખૂન કરવામાં આવ્યું. આમ ઉદારવાદી સુધારાઓ કરવાના પ્રામાણિક હેતુથી શરૂ થયેલ વિપ્લવ છેવટે બિનલશ્કરી વિપ્લવમાં પરિણમ્યો. સામાજિક અને આર્થિક ફેરફારો માટે જરૂરી એવાં ઉદારવાદી પરિબળો અસ્તિત્વમાં નહીં હોવાને કારણે તથા કચડાયેલાં વિવિધ જૂથો વેરવિખેર હતાં તેથી તેઓ અસરકારક રાજકીય વિરોધ જૂથ રચી શકયાં નહીં.

૧૯૩૮ના ડિસેમ્બરમાં વળી લશ્કરી વિપ્લવ થયો. જનરલ નૂરી-અલ-સઈદે સત્તા હાથ ધરી. તેનું વલણ બ્રિટન તરફી હતું. લોકશાહી સિદ્ધાંતોનાં ગુણગાન ગાવા છતાં તેના પુરોગામીની માફક તેણે પણ પોલીસ શાસન ચલાવ્યું અને દમનકારી પગલાં લીધાં. તેણે અખબાર પરનાં નિયંત્રણો દૂર કરવાની તથા લોકશાહી ઢબે ચૂંટણી તથા સંસદીય કાર્યવાહી અપનાવવાની ખાતરી આપી હતી પણ સંસદ પર પહેલાંની માફક રૂઢિચુસ્ત જમીનદારો તથા શેખોનું પ્રભુત્વ રહ્યું. મુલકી વહીવટી તંત્રમાં સગાંવાદ અને લાંચરુશવતનું પ્રમાણ ચાલુ રહ્યું. આ પદ્ધતિમાં ફેરફાર કરવાને બદલે નૂરીએ જમીનદારો અને શેખો સાથે જોડાણો સાધ્યાં. બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં તેણે જર્મની સાથેના સંબંધો તોડી નાખ્યા, અને પ્રજાના વિરોધની અવગણના કરી બ્રિટનને ટેકો આપ્યો. ઘણા રાષ્ટ્રવાદીઓને જર્મનીના વિજયમાં બ્રિટનની ધૂંસરી ફગાવી દેવાની તક દેખાતી હતી. યુદ્ધ શરૂ થતાં નૂરીએ કટોકટી ધારા પસાર કરીને કહેવાતી લોકશાહી પ્રથાનો ત્યાગ કર્યો. લગભગ સરમુખત્યારી સત્તાઓ વાપરવા છતાં તે પ્રજાના અસંતોષને દબાવી શકયો નહીં. રાજકીય અને લશ્કરી પાંખો વચ્ચેના વ્યક્તિગત મતભેદોને કારણે એક પછી એક સરકારોનું પતન થવા લાગ્યું. ૧૯૪૦માં વડા પ્રધાન નૂરીનું પતન થતાં બ્રિટન વિરોધી નેશનલ બ્રધરહુડ તરીકે ઓળખાતા જૂથના નેતા રશીદઅલી જીઆની વડા પ્રધાન બન્યા.

મુલકી અને લશ્કરી ઉગ્ર રાષ્ટ્રવાદીઓની બનેલી રશીદની સરકાર બ્રિટનથી મુક્તિ મેળવવા જર્મનીનો વિજય ઇચ્છતી હતી. ૧૯૪૦માં ફ્રાન્સનું પતન થતાં, બ્રિટને વધુ લશ્કરી થાણાં સ્થાપવાનું નક્કી કરતાં, રશીદે ઈરાકને તટસ્થ રાખવાનો આગ્રહ જાળવી રાખ્યો અને રાષ્ટ્રીય સંરક્ષણ (નેશનલ ડિફેન્સ) સરકાર રચી. તેણે યુદ્ધમાં તટસ્થતાની નીતિ જાહેર કરી. ૧૯૪૧માં ધરી રાજ્યો પાસેથી ઈરાકને લશ્કરી મદદ મળવાની તૈયારી જણાતાં બ્રિટિશ લશ્કરે રશીદઅલીની સરકારને કચડી નાખવા આક્રમણ કર્યું. ધરી રાજ્યોએ આપેલી મદદની ખાતરીનું પાલન ન થતાં રશીદ સરકારને બ્રિટિશ લશ્કરે ઉથલાવી નાખી. અબ્દલ ઇલ્લાહ ઈરાક આવ્યો. અને વળી નૂરી-અલ-સઈદની વડા પ્રધાન તરીકે નિમણૂક થઈ. આમ પુનઃ બ્રિટિશ પ્રભાવ શરૂ થયો.

૧૯૪૧માં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારથી ૧૯૫૮ની ક્રાન્તિ થઈ ત્યાં સુધીના સમય દરમ્યાન નૂરીએ એક યા બીજી રીતે સરકાર પર પોતાનું પ્રભુત્વ ચાલુ રાખ્યું. ૧૯૪૬માં અબ્દલ ઈલ્લાહ દ્વારા લોકશાહીની પુન: સ્થાપનાની જાહેરાત થતાં પાંચ રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા. ઇન્ડિપેન્ડન્સ, લિબરલ, નેશનલ ડેમોક્રેટિક, નેશનલ યુનિયન અને પીપલ્સ પાર્ટી. આ પૂર્વે સામ્યવાદી પક્ષને ગેરકાયદે જાહેર કર્યો હોવાથી તે ભૂગર્ભમાં ચાલ્યો ગયો હતો. અને ૧૯૫૮ સુધી ભૂગર્ભમાં જ રહ્યો. બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીનો પરાજય થતાં નાઝીવાદ પ્રત્યેનું આકર્ષણ ઘટતાં મુખ્ય પક્ષોએ સમાજવાદી વલણ અખત્યાર કર્યું. આ પક્ષોની અસર તોડવા નૂરીએ ૧૯૪૯માં રૂઢિચુસ્ત વલણવાળી કૉન્સ્ટિટ્યૂશનલ યુનિયન પાર્ટીની સ્થાપના કરી. આમ, આ દસકામાં પક્ષપદ્ધતિ વિકાસ પામી.

૧૯૪૮માં આરબ રાજ્યોએ યહૂદીઓ સામેના ટ્રેપમાં પૅલેસ્ટાઇન સામે યુદ્ધ જાહેર કર્યું. તેમાં તેમનો પરાજય થતાં અને ઇરાકી લશ્કરે કંગાળ દેખાવ કરતાં ઇરાકમાં તેના રાજકીય અને આર્થિક પ્રત્યાઘાતો પડ્યા. ઇરાકમાં રહેતા યહૂદીઓ અને આરબો વચ્ચે તંગદિલી ફેલાતાં ૧૯૪૯માં એટલો પ્રચંડ વિસ્ફોટ થયો કે ૧,૩૦,૦૦૦ યહૂદીઓમાંથી મોટા ભાગના (લગભગ ૧,૨૫,૦૦૦) ઇઝરાયલ ચાલ્યા ગયા. વહીવટી તંત્ર, વ્યાપાર, ધંધારોજગાર, આયાતનિકાસ વગેરે ક્ષેત્રો સાથે મુખ્યત્વે કરીને યહૂદીઓ સંકળાયેલા હોવાથી તેમના જવાથી ઇરાક આર્થિક ક્ષેત્રે મોટી મુશ્કેલીમાં મુકાયું. પરિસ્થિતિનો લાભ લઈ નૂરીએ માર્શલ લૉની જાહેરાત કરી.

નૂરીએ બ્રિટન સાથેનો સંબંધ વધારવા ૧૯૫૫માં પશ્ચિમી રાજ્યો સાથે લશ્કરી જોડાણ કર્યું અને ઇરાક બગદાદ કરારનું સભ્ય બન્યું. ૧૯૫૮માં થનારી ક્રાન્તિના સંદર્ભમાં આ બનાવ ઘણો જ મહત્ત્વનો છે; કેમ કે આ પગલાથી રાષ્ટ્રવાદીઓ તથા યુવાનો નૂરીને, ફૈઝલ બીજાને, બ્રિટનને તથા અમેરિકાને ધિક્કારવા લાગ્યા. આમ નૂરીના વહીવટ દરમ્યાન પ્રવર્તતા આંતરિક રાજકારણથી તથા તેણે અપનાવેલ બ્રિટિશ-તરફી વિદેશી નીતિને કારણે પ્રજા તંગ આવી ગઈ હતી.

અધૂરામાં પૂરું પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઇરાકી પ્રજાના જીવનધોરણમાં ભાગ્યે જ સુધારો થયો હતો. ખેડાણલાયક જમીન વણખેડાયેલી રહી હતી અને ૧૯૫૧ના કાયદા દ્વારા જમીન વગરના ખેડૂતોને જમીન આપવાનું જાહેર કર્યા પછી ૧૯૫૮ સુધી આ દિશામાં નક્કર પગલાં લેવાયાં ન હતાં. પ્રજાની આર્થિક અને સામાજિક જરૂરિયાતો પ્રત્યે આંખમીંચામણાં જ કરવામાં આવ્યાં હતાં. ઇરાકમાં આ પરિસ્થિતિ હતી ત્યારે બીજી બાજુ ઇજિપ્તમાં જમીનસુધારણા અંગે જે પગલાં લેવાયાં તેનાથી ઇરાકના જમીનવિહોણા ખેડૂતોના અસંતોષની માત્રામાં પારાવાર વધારો થયો. દક્ષિણ ઇરાકમાં પરિસ્થિતિ એટલી બધી ખરાબ બની કે હજારો લોકો પાટનગર બગદાદમાં આવીને વસ્યા. તેને લીધે પણ મુશ્કેલીઓમાં અપાર વધારો થયો.

ક્રાન્તિની હારમાળા

૧૯૫૮

ઇરાક જે મુશ્કેલીઓ અનુભવી રહ્યું હતું તેમાં આર્થિક મુશ્કેલીએ ઊંટની કમર તોડનાર છેલ્લા તણખલાની કામગીરી બજાવી. લશ્કરના સેનાપતિ અબ્દુલ કરીમ કાસિમના નેતૃત્વ નીચે લશ્કરે

ક્રાન્તિની આગેવાની સંભાળી. ૧૪મી જુલાઈ, ૧૯૫૮ના રોજ ક્રાન્તિ થઈ. પ્રજાનો સંપૂર્ણ ટેકો મળતાં તેને સરળતાથી સફળતા મળી. રાજા ફૈઝલ બીજાની, તેના કાકા અબ્દલ ઈલ્લાહની અને વડા પ્રધાન નૂરીની કતલ કરવામાં આવી. રાજાશાહીનો અંત આણી પ્રજાસત્તાકની જાહેરાત કરાઈ.

રાજાશાહીનો અંત આવતાં, તાજેતરમાં કરવામાં આવેલ ઈરાક-જૉર્ડનના સમવાયતંત્રનો પણ કાસિમે અંત આણ્યો. વળી બગદાદ કરારનો ત્યાગ કરીને સોવિયેત રશિયા તથા સામ્યવાદી ચીન સાથે રાજદ્વારી સંબંધોની સ્થાપના કરી. આમ લશ્કરી ક્રાન્તિ પછીનાં ત્વરિત પગલાં દ્વારા ક્રાન્તિકારીઓ સમાજવાદ તરફ ઢળ્યા અને રશિયા તથા ચીનના પ્રભાવની શરૂઆત થઈ. બીજી બાજુ આ જ અરસામાં, જમીનસુધારા અંગે કાયદો જાહેર કરવામાં આવ્યો. તે દ્વારા જમીન પરની વ્યક્તિગત માલિકી પર નિયંત્રણ મુકાયું. એક વ્યક્તિ સિંચાઈવાળી જમીન ૨૫૦ એકર સુધી જ્યારે સિંચાઈ વગરની જમીન ૫૦૦ એકર સુધી ધરાવી શકે. જમીનદારો પાસેથી વધારાની જમીન લઈ લેવાઈ તથા તેના વળતર રૂપે ૨૦ વર્ષના ગાળાનાં ૩ ટકા વ્યાજવાળાં સરકારી બૉન્ડ આપવામાં આવ્યાં.

આ અરસામાં બાથ સમાજવાદી તથા ઈન્ડિપેન્ડન્સ પક્ષોએ આરબ પ્રજાસત્તાકના પ્રમુખ નાસરના બૃહદ આરબ (પાન-અરેબિક) વલણને અપનાવતાં તેમને ગેરકાયદે ઠરાવવામાં આવ્યા અને આ પક્ષો ભૂગર્ભમાં ચાલ્યા ગયા. આ તકનો લાભ લઈ અત્યાર સુધી ભૂગર્ભમાં રહેલા સામ્યવાદી પક્ષે કાસિમ-તરફી નીતિ અપનાવી સરકારી તંત્રમાં તથા બીજાં ક્ષેત્રોમાં સારા પ્રમાણમાં પગપેસારો કર્યો. કાસિમે પણ બીજાં રાજકીય જૂથોની અસર નાબૂદ કરવા સામ્યવાદી પક્ષની સારા પ્રમાણમાં મદદ લીધી. આમ, સામ્યવાદી પક્ષ ખૂબ જ મજબૂત બન્યો તથા તેનો પ્રભાવ વધ્યો.

૧૯૫૯ના માર્ચમાં કર્નલ અબુલ વહબ શવ્વાફે વિદ્રોહની નેતાગીરી સંભાળી, કાસિમની ટોળાંશાહી સરમુખત્યારીનો અંત લાવવા તથા ૧૪ જુલાઈ(૧૯૫૮)ની ક્રાન્તિને આગળ ધપાવવા મોસુલ ખાતે પરિષદ બોલાવીને ખુલ્લે આમ પડકાર કર્યો. પરંતુ કાસિમના લશ્કરે સામ્યવાદી પ્રભુત્વવાળા 'પીપલ્સ રેઝિસ્ટન્સ ફોર્સ'ની સહાયથી વિદ્રોહને કચડી નાખ્યો. નવમી માર્ચે શવ્વાફની કતલ કરવામાં આવી તથા ઘણા અફસરોની ધરપકડ કરવામાં આવી. આ ઘટના પાછળ રાષ્ટ્રીય, પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય સંઘર્ષો જવાબદાર હતા. ૧૯૫૮ની ક્રાન્તિ પછી બાથ, ઈસ્તિકલાલ (આઝાદી) તથા નેશનલ ડેમોક્રેટિક પાર્ટી અને સામ્યવાદી પક્ષ વચ્ચે સંઘર્ષ શરૂ થયો હતો. તેમાં કાસિમને સામ્યવાદી પક્ષની સહાય લેવી પડી હોવાથી એ પક્ષ આગળ પડતું સ્થાન ધરાવતો થયો હતો. બીજી બાજુ આરબ પ્રદેશના રાજકારણમાં નાસર અને કાસિમ વચ્ચે નેતૃત્વ વચ્ચેની હરીફાઈ ઉગ્ર બની હતી, જેમાં પોર્ટ સૈયદ ખાતે નાસરે ૧૯૫૮ના ઉજી ડિસેમ્બરે કરેલા સામ્યવાદી વિરોધી પ્રવચનથી મૉસ્કોએ જાહેરમાં કાસિમને ટેકો આપ્યો હતો. આ પરિસ્થિતિમાં કર્નલ શવ્વાફના વિદ્રોહને સામ્યવાદીઓની સહાયથી કચડી નાખવાનું શકય બન્યું હતું.

આ બનાવ પછી સામ્યવાદીઓની હિંમત વધી હતી. ૧૯૫૮ની ક્રાન્તિની વાર્ષિક ઉજવણી દરમ્યાન કિરકુક ખાતે સામ્યવાદીઓએ કાયદો પોતાના હાથમાં લઈને હિંસા દ્વારા પોતાના વિરોધી તુર્કમાનોને દબાવી દેવાનું શરૂ કર્યું. તુર્કમાન પ્રજા અને આરબ પ્રજા વચ્ચે પ્રણાલીગત દુશ્મનાવટ ચાલી આવતી હતી. તુર્કમાન પ્રજા સામ્યવાદી વિરોધી હોવાથી સામ્યવાદીઓએ આરબોને તુર્કમાન વિરુદ્ધ ઉશ્કેર્યા.

કાસિમે આ બનાવની પૂરી તપાસ કરી. સામ્યવાદીઓના વર્ચસવાળા વિદ્યાર્થી સંઘ પાસેથી દસ્તાવેજો અને નકશા પકડાતાં તેણે સામ્યવાદી પક્ષને પોતાના સત્તા પક્ષમાંથી દૂર કર્યો. આ પછી સામ્યવાદી પક્ષની સત્તા તથા પ્રભાવને કાસિમે મર્યાદિત રાખવાની તકેદારી સેવી. ૧૯૬૦ની ૧ જાન્યુઆરીએ 'લૉ ઑફ ઍસોસિયેશન ઍન્ડ પાર્ટીઝ' દ્વારા તેણે રાજકીય પક્ષોની રચના અંગે જાહેરાત કરીને મહત્ત્વનું પગલું ભર્યું. તેની કલમ ૭ મુજબ, પક્ષોએ શાંતિમય લોકશાહી સાધનોનો ઉપયોગ કરવો. કલમ ૧૦ મુજબ, પક્ષની ચૂંટણીઓ મુક્ત વાતાવરણમાં થવી જોઈએ. કલમ ૩૧ મુજબ, લશ્કરના સૈનિકો, ન્યાયાધીશો, વિદેશનીતિ સાથે સંકળાયેલ અધિકારીઓ, વહીવટી એકમોના વડાઓ તથા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ રાજકીય પક્ષના સભ્ય બની શકે નહીં. આ ઉપરાંત સામ્યવાદી પક્ષને અનુલક્ષીને એવી પણ મનાઈ ફરમાવવામાં આવી કે કોઈ પણ પક્ષ ઇરાકની બહાર આવેલ કોઈ પણ જૂથ સાથે ખાસ પરવાનગી સિવાય સંકળાયેલ હોવો જોઈએ નહીં, તેમ જ બહારથી આર્થિક સહાય મેળવતો હોવો જોઈએ નહીં. આમ પક્ષો સંબંધે જોગવાઈ કરીને કાસિમે લોકશાહીની દિશામાં રાષ્ટ્રીય હિતમાં પગલું માંડ્યું. આ પછી એક બીજી રાષ્ટ્રીય ગૂંચ પણ ઊભી થઈ હતી. ઇરાકમાં વસતી કુર્દ પ્રજા સાથે વર્ષોથી સંઘર્ષ ચાલતો હતો. આ પ્રજા પોતાના પ્રદેશની સ્વાયત્તતા માટે વરસોથી લડતી હતી. એના નેતાએ રશિયામાં આશ્રય મેળવ્યો હતો. ૧૯૫૮ની ક્રાન્તિ બાદ આ નેતા મુલ્લા મુસ્તફા બરઝાનીને ઇરાક આવવાની પરવાનગી મળતાં તેણે ઇરાક આવીને 'કુર્દિશ ડેમોક્રેટિક પક્ષ'ની પુનઃરચના કરી હતી. ૧૯૫૯ની ઉપરની ઘટના પછી આ પક્ષને માન્યતા આપવામાં આવી. પછી કાસિમ અને તેની વચ્ચેના મતભેદ ઉગ્ર બનતાં ૧૯૬૧ના માર્ચમાં વળી કુર્દ પ્રજાએ વિપ્લવ કર્યો. તેને કચડી નાખવા હવાઈ દળનો ઉપયોગ કરવામાં આવ્યો અને વિપ્લવને નિષ્ફળ બનાવાયો. પરંતુ કાસિમે લીધેલ લશ્કરી પગલાથી લશ્કરના કુર્દિશ સૈનિકોની તથા સરકારી નોકરી કરતા કુર્દિશોની લાગણી દુભાઈ તેમ જ અન્ય લઘુમતીઓ પોતાના ભાવિ વિશે ચિંતિત બની.

૧૯૫૮ની ક્રાન્તિએ જે અપેક્ષાઓ સર્જી હતી તે સાકાર થઈ શકી નહીં. લોકશાહી શાસન સ્થાપવાની ખાતરી અમલમાં મૂકી શકાઈ નહીં. કાસિમે રાજકીય પક્ષને અસરકારક બનવા દીધા નહીં. લઘુમતીઓને સંતોષ આપ્યો નહીં, ક્રાન્તિમાં જે લશ્કરી સાથીઓએ સહાય કરી હતી તેમનેય એક પછી એક ફગાવી દીધા. અબ્દુલ સલમ અરીફ કે જેણે ક્રાન્તિમાં પાટનગર બગદાદ કબજે કર્યું હતું તેની સાથે પણ મતભેદ ઉગ્ર બનતાં તેની ધરપકડ કરવામાં આવી. આર્થિક ક્ષેત્રે પણ જરૂરી પગલાં લઈ શકાયાં ન હતાં. દા. ત., ૯૦ લાખ એકર કરતાં વધુ જમીન ખેડૂતોને વહેંચી આપવાની ખાતરી આપવામાં આવી હતી. પણ જૂન ૧૯૬૧ સુધીમાં તેના ૧૦ ટકા કરતાં પણ ઓછી જમીનની વહેંચણી થઈ હતી. સમગ્ર દેશના વિકાસ માટે શરૂ થયેલી સહકારી સંસ્થાઓ, ખેતી વિસ્તૃતીકરણ સેવાઓ, ગૃહનિર્માણ સંસ્થાઓ વગેરેએ પણ સંતોષજનક પ્રગતિ કરી ન હતી. વિશાળ સિંચાઈ યોજનાઓની કામગીરી પણ મંદ પડી ગઈ હતી.

આમ, ક્રાન્તિ પછી રાજકીય તથા આર્થિક ક્ષેત્રે ખાસ પ્રગતિ થઈ ન હતી. આ ઉપરાંત મોસુલ, કિરકુક તથા કુર્દ વિપ્લવો પછી બાથ સમાજવાદીઓ, નાસરવાદીઓ તથા કાસિમ વિરોધીઓનું જૂથ સક્રિય બન્યું. કિરકુકના બનાવ પછી સામ્યવાદી પક્ષ પર નિયંત્રણ મુકાતાં તે પણ કાસિમ વિરોધી બન્યો હતો.

પરિણામે, ૧૯૬૩ની ૮મી ફેબ્રુઆરીના રોજ બાથ સમાજવાદીઓના નેતૃત્વ નીચે ક્રાન્તિ થઈ અને રેવોલ્યૂશનરી કમાન્ડ કાઉન્સિલે સત્તા હાથ ધરી. કાસિમની ધરપકડ કરવામાં આવી. બાથ નેતા અરીફ અબ્દુલ સલમ પ્રમુખ બન્યો. કાઉન્સિલે '૫૮ની ક્રાન્તિના માર્ગે આગળ વધવાની અને (૧) રાષ્ટ્રીય એકતાની તથા (૨) સરકારમાં પ્રજાની ભાગીદારીના ધ્યેયને સિદ્ધ કરવાની ખાતરી ઉચ્ચારી. નવી સરકાર લોકશાહી સ્વતંત્રતાઓ, કાયદાની સર્વોપરિતા, રાષ્ટ્રીય ઐક્ય તથા આરબ-કુર્દ વચ્ચે ભ્રાતૃભાવના સ્થાપવા સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવ્યું. ૧૯૫૮ની ક્રાન્તિ પછી બાથિસ્ટ પક્ષ તથા સામ્યવાદી પક્ષ વચ્ચે કટ્ટર દુશ્મનાવટ શરૂ થઈ હોવાથી ૧૯૬૩ની ક્રાન્તિ પછી સામ્યવાદીઓનું નામનિશાન મિટાવવા પગલાં લીધાં. સામ્યવાદીઓએ સશસ્ત્ર સામનો કર્યો પણ તેમનો પરાજય થયો. સામ્યવાદીઓની વીણી વીણીને ધરપકડ કરવામાં આવી તથા તેમને ગોળીએ દેવામાં આવ્યા. ૧૯૬૩ની ૯મી માર્ચે લશ્કરી અદાલતના ચુકાદા મુજબ કાસિમને પણ મૃત્યુદંડ દેવાયો.

૧૯૬૩ના એપ્રિલમાં ઇરાક, સીરિયા તથા ઇજિપ્ત વચ્ચે જોડાણ થયું. બાથ પક્ષનું શાસન દીર્ઘજીવી બન્યું નહીં. અરીફે સરકારને દૂર કરી સત્તા પોતાને હસ્તક લઈ લશ્કરી સરમુખત્યારશાહી સ્થાપી. ૧૯૬૪ની ૨૯મી એપ્રિલે નવા બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો. તે દ્વારા ઇરાકને લોકશાહી, સમાજવાદી પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું. ૧૯૬૬માં કુર્દ પ્રજાએ સ્વાયત્તતા માટે કરેલ બંડને દબાવી દઈ સમાધાન કર્યું.

૧૯૬૬માં પ્રમુખ અબ્દુલ સલમ અરીફનું વિમાની અકસ્માતમાં મૃત્યુ થતાં એમના ભાઈ જનરલ અબ્દુલ રહેમાન અરીફે પ્રમુખનો હોદ્દો ધારણ કર્યો. આ સમયે વડા પ્રધાન તરીકે અબ્દુલ રહેમાન બઝ્ઝ (Bazzaz) હતા. ૧૯૫૮ની ક્રાન્તિ પછી જે વડા પ્રધાનો બન્યા તેમાં આ એક જ બિનલશ્કરી વડા પ્રધાન હતા. તેમણે કુર્દિશ સમસ્યાને હલ કરવામાં સારો ફાળો આપ્યો. કુર્દિશ નેતાગીરી સાથે જે સમજૂતી સધાઈ તેની ધ્યાન ખેંચતી બાબતો આ પ્રમાણે છે: (૧) ઇરાકી પ્રજાસત્તાકમાં કુર્દિસ્તાનને ખાસ રાજકીય દરજ્જો આપવો. આ માગણીનો સ્વીકાર એટલે ઇરાક દ્વારા કુર્દિશ રાષ્ટ્રવાદનો સ્વીકાર. (૨) કુર્દિશ વિસ્તારમાં આ ભાષાનો સત્તાવાર સહભાષા તરીકે સ્વીકાર. (૩) અગત્યના રાજકીય અને વહીવટી ક્ષેત્રે કુર્દ પ્રજાની નિમણૂક કરવી. (૪) જ્યારે પાર્લમેન્ટની ચૂંટણી થાય ત્યારે કુર્દોને તેમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ મળે, વગેરે.

બઝ્ઝના આ પ્રયાસથી છંછેડાયેલ ભૂતપૂર્વ ઇરાકી વડા પ્રધાન રઝોકે ૧૯૬૬માં વિપ્લવનું નેતૃત્વ સંભાળ્યું પણ તેમાં નિષ્ફળતા સાંપડી. પકડાયેલ વિપ્લવવાદીઓએ કબૂલ્યું કે તેમનો હેતુ બઝ્ઝને સત્તા પરથી દૂર કરવાનો હતો. કુર્દિશ નેતાગીરી સાથેની સમજૂતી પર સહીસિક્કા થયા ત્યારે બઝ્ઝ-વિરોધી પત્રિકાઓ વહેંચાઈ જેમાં તેના ખૂનની ધમકી આપવામાં આવી હતી. આમ અમુક વર્ગના ઉગ્ર વિરોધ વચ્ચે એક ખૂબ જ સંકુલ સમસ્યાના ઉકેલની દિશામાં સારી પ્રગતિ કરવામાં આવી.

ઇરાકના રાજકારણની મુખ્ય ખાસિયત રાજકીય અસ્થિરતાને ગણવામાં આવે છે. વડા પ્રધાન બઝ્ઝે કુર્દિશ સમસ્યાનો અંત આણ્યો, દેશમાં સામાન્ય ચૂંટણીઓ યોજવાની ખાતરી આપી, ઇરાકની કથળેલ આર્થિક સ્થિતિને સુધારવા પ્રયાસો હાથ ધર્યા તેમ જ રશિયાનો પ્રવાસ કરી ત્યાંથી લશ્કરી

મદદની ખાતરી પણ મેળવી. પરંતુ લશ્કરી નેતાગીરી માટે બઝ્ઝની પ્રગતિ તથા લોકપ્રિયતા સહ્ય ન બની અને તેને રાજીનામું આપવાની ફરજ પડી. તેનું સ્થાન જનરલ તાલેબે લીધું. ૧૯૫૮ની ક્રાન્તિ પછી જનરલ તાલેબ છઠ્ઠા વડા પ્રધાન હતા, અને તેણે રચેલ પ્રધાનમંડળનો ક્રમાંક દસમો હતો. છૂટાછવાયા વિપ્લવો લગભગ રોજિંદા બન્યા હતા.

૧૯૬૮

આવી પરિસ્થિતિમાં ૧૯૬૮માં જુલાઈમાં વિપ્લવ થયો અને પ્રમુખ અરીફને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા. આ વિપ્લવની નેતાગીરી કર્નેલ અબ્દેલ રહેમાન દાઉદે લીધી હતી. ઈરાકમાં આરબ ક્રાન્તિકારી ચળવળ (અરબ રેવોલ્યૂશનરી મૂવમેન્ટ — એ. આર. એમ.) નામની સંસ્થા કેટલાય સમયથી સ્થાપવામાં આવી હતી. જેમાં યુવાન અફસરોનો સમાવેશ થતો હતો. તેઓ પૂરેપૂરા બાથિસ્ટ-તરફી તેમ જ નાસર-તરફી ન હતા અને સમાજવાદમાં તો માનતા જ ન હતા. દાઉદ આ સંસ્થાનો એક અગત્યનો નેતા હતો. તેવી જ રીતે કર્નલ અબ્દલે રઝાક નયેફ પણ આ સંસ્થાનો મહત્ત્વનો નેતા હતો અને તેણે વિપ્લવની સંપૂર્ણ યોજના તૈયાર કરી હતી. પ્રમુખે વિરોધ ન કરતાં સરળતાથી સત્તાપલટો થયો. બાથિસ્ટ નેતા લેફ્ટનન્ટ જનરલ અહમદ હસન અલ બકર પ્રમુખ બન્યા અને નયેફે વડા પ્રધાનનો હોદ્દો ધારણ કર્યો. વિપ્લવ માટે અરીફે ફ્રાન્સની મુલાકાત લઈ ઈરાક-ફ્રેન્ચ તેલ કરાર કર્યો તેને કારણભૂત ગણવામાં આવે છે. નવી સરકાર જે બાથિસ્ટ તથા એ.આર.એમ. નેતાગીરીની બનેલી સંયુક્ત સરકાર હતી તેણે પણ અગાઉની સરકારો માફક ત્રણ બાબતો અંગે ખાતરી આપી : (૧) જેમ બને તેમ જલદી ચૂંટણીઓ યોજીને લોકશાહી સંસદીય સરકારની સ્થાપના, (૨) કુર્દિશ સમસ્યાનો શાંતિમય ઉકેલ અને (૩) ઝડપી આર્થિક સુધારા. આ ક્રાન્તિ રક્તવિહીન હોવાથી તેને 'શ્વેત ક્રાન્તિ' તરીકે ઓળખવામાં આવે છે.

બકરના પ્રમુખપદે નવી સરકાર રચાયા પછી અઠવાડિયામાં જ રાજકીય કટોકટી સર્જાઈ. પ્રમુખે પોતાના હરીફ સંરક્ષણ પ્રધાન દાઉદને જૉર્ડન મોકલીને વડા પ્રધાન નયેફને સત્તા પરથી દૂર કર્યા અને સત્તાની ભાગીદારીમાંથી એ. આર. એમ.ને દૂર કરી. બકરે એકસાથે પ્રમુખ, સંરક્ષણ પ્રધાન અને સેનાપતિના હોદ્દા ધારણ કર્યા. આમ, સત્તામાં કોઈની ભાગીદારી નહીં સ્વીકારીને બાથિસ્ટ પરંપરાને તેણે જાળવી રાખી.

જેવી રીતે બકરે સત્તાનાં સૂત્રો ધારણ કર્યાં હતાં તેવી જ રીતે તેને સત્તા પરથી ફગાવી દેવાનો પ્રયાસ ૨૦ જાન્યુઆરી, ૧૯૭૦ને રોજ થયો, પણ તેમાં સફળતા મળી નહીં. લગભગ સો જેટલા લશ્કરી અધિકારીઓ તથા નાગરિકો આ વિપ્લવ સાથે સંકળાયેલા હતા. બગદાદમાં થયેલ જાહેરાત પ્રમાણે આ વિપ્લવની પાછળ ઇઝરાયલ, ઈરાક તથા સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ ઑફ અમેરિકાનો દોરીસંચાર હતો. વિપ્લવનું સંચાલન નિવૃત્ત બ્રિગેડિયર જનરલ રશીદ મોશેન તથા નિવૃત્ત કર્નલ મહદી સમરઈએ કર્યું હતું.

ઈરાકી પ્રજાએ વિપ્લવના ષડ્યંત્ર અંગે સરકારે કરેલ ખુલાસાને સ્વીકાર્યો તેમ જ પ્રમુખ બકરની સરકારને પોતાનો ટેકો જાહેર કર્યો.

વિપ્લવવાદીઓ સામે કડક હાથે કામ લીધા પછી પ્રમુખ બકરે કુર્દિશ સમસ્યાને હલ કરવાની કામગીરી હાથ ધરી, જેથી કરીને ઈરાન ઈરાકને જે રીતે હેરાન કરતું આવ્યું હતું તેનો અંત

આવે. પરિણામે ૧૧ મુદ્દાની સમજૂતી સધાઈ જેમાંની મુખ્ય બાબતો આ પ્રમાણે છે: કુર્દિશ ભાષાને રાષ્ટ્રીય ભાષાનું સ્થાન અપાશે અને કુર્દિશ વિસ્તારમાં તેનો સત્તાવાર ભાષા તરીકે સ્વીકાર કરવામાં આવશે. સરકારી નોકરીમાં આરબ તથા કર્દો વચ્ચે ભેદભાવભર્યું વલણ અખત્યાર કરવામાં આવશે નહીં. કુર્દિશ વિસ્તારમાં શાળાઓ તથા કૉલેજો સ્થાપીને જ્ઞાનનું વિસ્તરણ કરવામાં આવશે. જે કુર્દિશ લશ્કરી અને મુલકી અફસરોને હોદ્દાઓ પરથી દૂર કરવામાં આવ્યા હતા તેમને પાછા લેવામાં આવશે, ઈરાકી પ્રજાસત્તાકના ઉપપ્રમુખપદે કુર્દિશને નીમવામાં આવશે, કુર્દિશ વિસ્તારના આર્થિક તથા ઔદ્યોગિક વિકાસ માટે પ્રયાસો કરવામાં આવશે, વચગાળાના બંધારણમાં ફેરફાર કરવામાં આવશે અને તે દ્વારા એવું સ્પષ્ટ કરવામાં આવશે કે ઈરાક આરબ તથા કુર્દી એમ બે મુખ્ય રાષ્ટ્રીયતા ધરાવતો દેશ છે, કુર્દીને ધારાકીય સંસ્થાઓમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ મળશે વગેરે.

આ મહત્ત્વનું પગલું ભરવા ઉપરાંત પ્રમુખ બાથ પક્ષને ડાબેરીઓ પ્રત્યેના તેના વલણને બદલવા સમજાવી શકયા. લેનિન શાંતિ પારિતોષિક વિજેતા અઝીઝ શરીફને પ્રધાનમંડળમાં સ્થાન આપીને તેમણે બાથ પક્ષ સિવાયના બીજાઓનો સહકાર મેળવવાની દિશામાં પગલું ભર્યું છે. આ ઉપરાંત તેલ ઉદ્યોગ ક્ષેત્રે પણ તેમણે રચનાત્મક પ્રોજેકટો હાથ ધર્યા. આ માટે સોવિયેત રશિયા સાથે કરાર કર્યો. એવી જ રીતે ગંધક ઉત્પાદન વધારવા પોલેન્ડ સાથે કરાર કર્યા. વધુમાં એણે સમાજવાદી ઢબનું આયોજન સ્વીકાર્યું અને આ અંગે સમાજવાદી રાષ્ટ્રોની સહાય પણ લેવાની શરૂ કરી.

૧૯૭૩ના વરસમાં બાથ પક્ષ અને ઈરાકી સામ્યવાદી પક્ષ વચ્ચે ઘનિષ્ઠ સંબંધો બાંધતી સમજૂતીએ આકાર લીધો છે.

૧૩ : ઇજિપ્ત

અઢારમી સદી દરમ્યાન ઇજિપ્ત (અને સુદાન) તુર્ક-ઑટોમન સુલતાનોને તાબે હતું. તુર્કી સત્તાનો સૂબો (ખેદીવ) વંશપરંપરાગત શાસન કરતો હતો. ઈ. સ. ૧૭૯૮–૧૮૦૨નાં વરસો દરમ્યાન તે ફ્રેન્ચોને આધીન રહ્યું. આ અરસામાં બ્રિટને પોતાનો પગપેસારો શરૂ કર્યો હતો અને સુએઝની નહેર ઉપર પોતાની પકડ જમાવવાની પેરવી ચાલુ હતી. ૧૮૭૬માં ઇજિપ્તની સરકારમાં નાણા-ખાતાનો પ્રધાન બ્રિટિશ હતો અને જાહેર બાંધકામ ખાતાનો પ્રધાન ફ્રેન્ચ હતો. આમ ઇજિપ્તના આર્થિક તંત્ર — આવક અને જાવક તથા ફોજની અંદર પણ બંનેની પકડ હતી. આની સામે ઇજિપ્તમાં રાષ્ટ્રવાદે માથું ઊંચું કર્યું. જમાલ-અલ-દીન અફઘાનીએ પશ્ચિમની ગુલામીમાંથી મુક્ત થવા જરૂર પડે તો હિંસક વિદ્રોહ કરવાનીય હાકલ કરી. તેને તત્કાલ દેશનિકાલ કરવામાં આવ્યો. તે પછી તરત, લશ્કરમાંની વિદેશી પકડને ફગાવી દેવા ઇજિપ્તવાસી ફોજી અમલદારોએ બળવો પોકાર્યો. ૧૮૮૨ના આરંભમાં રાષ્ટ્રવાદના દબાણને વશ થઈને ફોજની અંદરના રાષ્ટ્રીય આગેવાન કર્નલ અહમદ ઉરાબીને યુદ્ધપ્રધાન તરીકે સ્વીકારવાની ખેદીવ(તુર્કીના સૂબા)ને ફરજ પડી હતી. આથી ભડકી ઊઠેલા બ્રિટને પાટનગર ઍલેકઝાન્ડ્રિયા ઉપર બૉમ્બમારો કરીને, ઉરાબીના સૈન્યને હરાવીને, રાજાને પોતાના હાથમાં રાખી ઇજિપ્તના સૈન્યને વિખેરી નાખી, પોતાના અમલદારો નીચે નવા સૈન્યની રચના કરી (સપ્ટેમ્બર ૧૮૮૨). આ પછી બ્રિટિશ અને ફ્રેન્ચ કાબૂ ઉત્તરોત્તર વધતો રહ્યો.

આ વધતા જતા વિદેશી પ્રભુત્વને કારણે રાષ્ટ્રીયતાની સળગેલી ચિનગારી બુઝાવાને બદલે પ્રદીપ્ત થઈ. 'ઇજિપ્ત ઇજિપ્તવાસીઓ માટે' એ ખ્યાલ દિવસે દિવસે જોર પકડતો ગયો. રાષ્ટ્ર-વાદીઓએ પૅરિસને કેન્દ્ર બનાવી રાષ્ટ્રીય આંદોલનની લડત ચાલુ રાખી. ફ્રાન્સ બ્રિટનનું હરીફ હોવાથી બ્રિટનનો પ્રભાવ તોડવા તેણે રાષ્ટ્રવાદીઓને પ્રોત્સાહન આપ્યું. રાષ્ટ્રવાદીઓની નેતાગીરી મુસ્તફા કમાલ પાશાના હાથમાં આવી. તેમણે ૧૮૯૫ના અરસામાં 'અલ-હિઝબ અલ-વતની' નામનો પક્ષ સ્થાપ્યો. ૧૯૦૫માં જપાન જેવા એક પૂર્વના દેશે યુરોપીય લેખાતા રશિયાને પરાજય આપતાં ઇજિપ્તના રાષ્ટ્રવાદીઓના ઉત્સાહમાં ઓર વધારો થયો. વીસમી સદીની શરૂઆતમાં રાષ્ટ્રવાદીઓનું નેતૃત્વ ઝગલૂલ પાશાએ સંભાળ્યું. તેમણે બ્રિટને સ્થાપેલ સ્વશાસનની સંસ્થાઓનો વહીવટ સંભાળવા માટેના પ્રયત્નો શરૂ કર્યા.

પ્રથમ વિશ્વયુદ્ધને ટાંકણે બ્રિટિશ હાઈકમિશનર તરીકે લૉર્ડ કિચનર હતો. તેણે ઇજિપ્તનો તુર્ક સામ્રાજ્ય સાથેનો સંબંધ તોડી નાખી ઇજિપ્તને બ્રિટનનો સંરક્ષિત પ્રદેશ બનાવ્યો. ઇજિપ્તના લશ્કરને જર્મની તથા તુર્કી સામે યુદ્ધે મોકલ્યું. કિચનરના આ પગલાથી રાષ્ટ્રવાદીઓ છંછેડાયા. નિરંકુશ તાનાશાહીનો અંત લાવી લોકશાહી તથા રાષ્ટ્રીયતાની સ્થાપના કરવાના હેતુથી રાષ્ટ્રવાદીઓએ

ઝગલૂલ પાશાના નેતૃત્વ નીચે 'વફદ' નામના રાષ્ટ્રીય પક્ષની સ્થાપના કરી. પક્ષે સશસ્ત્ર સભ્યોની ટુકડીઓ રચી બ્રિટિશરો પર હુમલા શરૂ કર્યા.

બ્રિટિશ છત્રછાયામાં : વફદ વિ૦ ઇત્તિહાદ

યુદ્ધ પૂરું થતાં વફદ પક્ષે ધાર્યું જ મહત્ત્વનું સ્થાન ધારણ કર્યું. રાષ્ટ્રસંઘે તુર્ક સામ્રાજ્યના વિસ્તારન પુનઃરચના કરી તેમાં ઇજિપ્તને બ્રિટનના છત્ર નીચે મૂક્યું. ઝગલૂલ પાશાના નેતૃત્વ નીચેના પ્રતિનિધિમંડળે આત્મનિર્ણયના હકની માગણી કરી, પણ તેનો અસ્વીકાર થયો. ઝગલૂલ પાશાએ પૅરિસની શાંતિ પરિષદમાં ઇજિપ્તના સ્વાતંત્ર્યની માગણી માટે પ્રતિનિધિમંડળ લઈ જવાની માગણી કરી. પણ તેનોય સ્વીકાર ન થતાં વડા પ્રધાને રાજીનામું આપ્યું. પરિણામે હડતાળો તથા તોફાનો શરૂ થયાં. તેથી ઝગલૂલ પાશા અને તેના ત્રણ સાથીઓની ધરપકડ કરી તેમને માલ્ટા ખાતે મોકલી આપવામાં આવ્યા. આ પગલાથી રાષ્ટ્રવાદીઓ વધુ ઉગ્ર બન્યા અને ૧૯૧૯માં વિદ્રોહ ફાટી નીકળ્યો. રેલવે, તાર, ટેલિફોન વગેરે સંદેશા અને વાહનવ્યવહારનાં સાધનોને નુકસાન કરી ઇજિપ્તને સમગ્ર દેશથી અલગ પાડવામાં આવ્યું. આથી બ્રિટિશ સરકાર અસરકારક નહીં બની શકતાં પ્રાંતીય 'પ્રજાસત્તાક સરકારો' રચવામાં આવી. ગામડાંએ પણ પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી. છૂટીછવાઈ બ્રિટિશ લશ્કરી ટુકડીઓ તથા કેટલાક યુરોપીય વસાહતીઓની કતલ કરવામાં આવી. ત્રણેક અઠવાડિયાં પછી વિદ્રોહને દબાવી દેવામાં આવ્યો.

નવા બ્રિટિશ હાઈકમિશનરે ઝગલૂલ પાશા તથા બીજા ત્રણ સાથીઓને મુક્ત કર્યા અને ઝગલૂલ પાશાને પૅરિસ શાંતિ પરિષદમાં પ્રતિનિધિમંડળ લઈને જવાની રજા મળી. તેમણે ઇજિપ્તના સ્વાતંત્ર્યની માગણી રજૂ કરી, પરંતુ સફળતા મળી નહીં. બ્રિટિશ સરકારે ઇજિપ્તમાં સ્વશાસનની શક્યતા માટે નીમેલા મિલ્નર પંચે સ્વતંત્ર ઇજિપ્તનો, તેની બંધારણીય રાજાશાહીનો તથા પ્રતિનિધિ-સંસ્થાઓનો તેમ જ બ્રિટનનો પોતાનાં હિતોના રક્ષણનો હક ચાલુ રહે તેવી ભલામણો કરી; વધુમાં ઇજિપ્ત પર પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આક્રમણ થાય કે બીજું રાજ્ય દરમ્યાનગીરી કરે તો ઇજિપ્તના સંરક્ષણની, ઇજિપ્તમાંનાં વિદેશી હિતોના, લઘુમતીઓના તથા સુદાનના રક્ષણની સંપૂર્ણ જવાબદારી બ્રિટનની રહેશે; સુએઝ નહેરમાં બ્રિટિશ હિતો માટે બ્રિટિશ સૈન્ય રહેશે, તેવી ભલામણો પણ કરી. ઇજિપ્તવાસીઓને અસ્વીકાર્ય એવી આ વ્યવસ્થાની ૧૯૨૨માં એકપક્ષી જાહેરાત કરવામાં આવી.

૧૯૨૪ની શરૂઆતમાં બંધારણ અનુસાર યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં વફદ પક્ષને બહુમતી મળતાં તેણે સરકાર રચી. ઝગલૂલ પાશા વડા પ્રધાન બન્યા. આ સમયે બ્રિટનમાં મજૂર પક્ષની સરકાર હતી, જેના ઘણા સભ્યોએ વફદે વ્યક્ત કરેલી એષણાઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. ઝગલૂલને મંત્રણા માટે લંડન બોલાવાયા. તેમણે સંપૂર્ણ સ્વતંત્રતા સ્વીકારવી, તમામ બ્રિટિશ સૈન્યને પાછું ખેંચી લેવું, સુદાન ઇજિપ્તને સોંપી દેવું વગેરે માગણીઓ રજૂ કરી. આ માગણીઓ સ્વીકારવી બ્રિટન માટે શક્ય ન હતું. પરિણામે મંત્રણા નિષ્ફળ ગઈ. આ બનાવે રાષ્ટ્રવાદીઓને બંધારણીય માર્ગને બદલે હિંસક પદ્ધતિ અખત્યાર કરવા પ્રેર્યા. બ્રિટિશ સૈનિકો પર હુમલાઓ શરૂ થતાં બ્રિટને અલ્ટિમેટમ (આખરીનામું) બહાર પાડ્યું : (૧) સુદાનમાંથી તમામ ઇજિપ્તવાસી અમલ-

દારોને પાછા બોલાવી લેવા. (૨) સુદાનના ગઝીરા પ્રાંતમાં કપાસ માટે રોકટોક વગર નાઈલનાં પાણીનો ઉપયોગ કરવા દેવો અને (૩) દંડ પેટે ૫,૦૦,૦૦૦ પાઉંડ ઈજિપ્તે બ્રિટનને આપવા. આ આખરીનામાને ફગાવી દેવામાં આવ્યું. વફદ નેતાઓની ધરપકડ થઈ. વફદ સરકારનું પતન થયું અને રાજા ફૌદે રાજકારણમાં સક્રિય ભાગ લેવો શરૂ કર્યો. બંધારણની જોગવાઈ મુજબ સંસદને બરખાસ્ત કરી અને નવા સ્થપાયેલા 'ઇત્તિહાદ પક્ષ' — જે રાજાના મિત્રોનો બનેલ હતો — દ્વારા શાસન ચલાવ્યું. આ શાસન ખૂબ જ અપ્રિય થઈ પડયું. લિબરલ પાર્ટીએ વફદ પક્ષ સાથે જોડાણ કર્યું. આ પછી ૧૯૨૬માં બ્રિટિશ હાઈકમિશનરે ચૂંટણીઓ યોજવા રાજા પર દબાણ કર્યું. સામાન્ય ચૂંટણીઓમાં વફદ પક્ષે ૭૦ ટકા કરતાં વધુ બેઠકો મેળવી. પરંતુ વફદ પક્ષે અગાઉ હિંસક વલણ અખત્યાર કર્યું હતું તેથી બ્રિટને ઝગલૂલ વડા પ્રધાન બને તેનો વિરોધ કર્યો. આથી મિશ્ર સરકાર રચાઈ. તેમાં લિબરલ નેતાએ વડા પ્રધાનપદ ધારણ કર્યું અને પ્રધાનમંડળમાં ૩ વફદ પક્ષના, ૬ લિબરલ પક્ષના અને એક અપક્ષ સભ્યને સ્થાન આપવામાં આવ્યું. ઝગલૂલ સભાગૃહના અધ્યક્ષ (સ્પીકર) બન્યા. ૧૯૨૭માં ઝગલૂલ પાશાનું અવસાન થયું અને મુસ્તફા અન-નહાસે વફદ પક્ષનું નેતૃત્વ સંભાળ્યું. ૧૯૨૯ની ચૂંટણીઓમાં વફદ પક્ષને બહુમતી મળતાં નહાસ વડા પ્રધાન બન્યા. તેમણે બે ખરડા રજૂ કર્યા જેમાં રાજા સંસદની ગેરહાજરીમાં શાસન ન કરી શકે તેવી જોગવાઈ હતી. રાજાએ સંમતિ ન આપતાં તેણે રાજીનામું આપ્યું અને રાજાએ લિબરલ પક્ષના નેતા સિદ્દીકી-ને વડો પ્રધાન બનાવ્યો. નહાસે સરકાર સામે અસહકારની ચળવળ શરૂ કરી. પ્રજાને કરવેરા નહીં ભરવા જણાવ્યું. પરિણામે સમગ્ર દેશમાં વ્યાપક પ્રમાણમાં અવ્યવસ્થા સ્થપાતાં વડા પ્રધાન સિદ્દીકીએ સંસદનું વિસર્જન કર્યું. વફદ અખબારો પર પ્રતિબંધ મૂકયો તથા વફદને વાર્ષિક બેઠકો ભરવાની મનાઈ ફરમાવી. આ પગલાંથી છંછેડાઈને તેના જ ઇત્તિહાદ પક્ષના ઘણા સભ્યો આંદોલનમાં જોડાયા. ૧૯૩૧માં ચૂંટણીઓ થઈ જેમાં તેના પક્ષને સરકાર રચવા માટે જરૂરી બેઠકો મળી. પરંતુ ૧૯૩૩માં નાદુરસ્ત તબિયતને કારણે તેણે રાજીનામું આપ્યું.

૧૯૩૫માં ઇટાલીએ ઑબિસીનિયા પર આક્રમણ કરી તેને જીતી લીધું. ઇટાલીનો આફ્રિકામાં પગપેસારો થતાં બ્રિટન ચિંતાતુર બન્યું તેથી ૧૯૩૬માં ઈજિપ્તના તમામ પક્ષોના બનેલ પ્રતિનિધિ-મંડળ સાથે મંત્રણાઓ શરૂ કરી અને સમજૂતી સાધી. ૧૯૩૭માં ઈજિપ્તને રાષ્ટ્રસંઘનું સભ્ય બના-વવામાં આવ્યું. આમ તેને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ સ્વતંત્ર રાજ્યનું સ્થાન મળ્યું. ૧૯૩૬માં રાજા ફૌદનું અવસાન થતાં ફારૂક ગાદીનશીન થયો. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં ફારૂકે તટસ્થ-નીતિ અપનાવી પણ પાછળથી મિત્રરાજ્યોની ધરીમાં જોડાયું. ૧૯૪૪માં જર્મની નબળું પડતાં અને ઉત્તર આફ્રિકાના વિસ્તારમાં યુદ્ધ બંધ થતાં ફારૂકે સત્તાનો નિરંકુશ ઉપયોગ શરૂ કર્યો. તેણે વફદ સરકારને સત્તા પરથી દૂર કરી; કેમ કે તે રાજાની સત્તાઓ પર અંકુશ લાવવા માગતી હતી. બાદ નવી ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી. ૧૯૪૫ની ચૂંટણીઓમાં સાદિસ્તપક્ષે બહુમતી મેળવી. ૧૯૩૮માં વફદ પક્ષમાંથી અલગ થઈ આ પક્ષ અસ્તિત્વમાં આવ્યો હતો. તેના નેતા અહમદ મહર વડા પ્રધાન બન્યા. તેણે જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું, પરંતુ ટૂંક સમયમાં જ યુદ્ધ બંધ થયું.

યુદ્ધ પછી ઈજિપ્તે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ ૧૯૩૬માં કરેલી બ્રિટન સાથેની સંધિનો અસ્વીકાર કર્યો તથા સુદાન પરના પોતાના દાવાની માગણી કરી. પણ સુદાની રાષ્ટ્રવાદીઓએ સ્વતંત્ર સુદાન-ની માગણી કરતાં ઈજિપ્તના દાવાનો અસ્વીકાર થયો.

યુદ્ધ દરમ્યાન પૅલેસ્ટાઈનમાં યહૂદીઓના રાજ્યની માગણીએ જોર પકડતાં ૧૯૪૭ના નવેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ પૅલેસ્ટાઈનના ભાગલાને મંજૂરી આપી. તે અનુસાર ૧૯૪૮ના ૧૫ મેના દિને સ્વતંત્ર ઇઝરાયલ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આરબ રાજ્યોને ઇઝરાયલ આંખના કણાની માફક ખૂંચ્યું. તેને ભૂંસી નાખવાના આક્રમણમાં ઇજિપ્તે આગેવાની લીધી પરંતુ તેની નામોશીભરી હાર થઈ. આ સમય દરમ્યાન કર્નલ ગમાલ અબ્દુલ નાસરે 'ફ્રી ઑફિસર્સ ઑર્ગેનિઝેશન'ની સ્થાપના કરી. તે સંસ્થા એવું મંતવ્ય ધરાવતી હતી કે ઇજિપ્તની અવદશા માટે રાજા ફારૂક જવાબદાર છે. આમ રાજાશાહીના અંતની શરૂઆતનાં બી રોપાયાં. બ્રિટનના લશ્કરને પાછું ખેંચી લેવાની મંત્રણાઓ નિષ્ફળ જતાં વફદ પક્ષના નેતા અને વડા પ્રધાન નહાસે ૧૯૩૬ની બ્રિટન સાથેની સંધિનો અંત આણ્યો તથા બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ અને તુર્કીએ રચેલ મધ્ય પૂર્વ સંરક્ષણ સંગઠન(મિડલ ઈસ્ટ ડિફેન્સ ઑર્ગેનિઝેશન)માં જોડાવાની ના પાડી. બ્રિટન ઇજિપ્ત છોડી જાય તે માટે ગેરીલા પદ્ધતિએ હુમલા શરૂ કર્યા. છેવટે ઇસ્માલિયા ખાતે બન્ને પક્ષે સંઘર્ષ થતાં ૪૦ ઇજિપ્તવાસીઓ મૃત્યુ પામ્યા. ધૂંધવાઈ રહેલ પ્રજાના મિજાજે માઝા મૂકી અને ૧૯૫૨ની ૨૬ જાન્યુઆરીએ હિંસક તોફાનો ફાટી નીકળ્યાં. રાજા ફારૂકે આ તકનો લાભ લઈ વફદ સરકારને દૂર કરી સંસદને મુલતવી રાખી. છ મહિના સુધી લઘુમતી સરકારો દ્વારા શાસન ચાલ્યા પછી લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો.

ક્રાન્તિ : નાસરનું નેતૃત્વ

આ બધાં પરિબળો ઉપરાંત સરકારી તંત્રમાં પ્રવર્તતી લાંચરુશવતની બદીથી તથા આર્થિક કટોકટીથી વાજ આવી જઈને ૯૦ જેટલા લશ્કરી અફસરોએ નાસર તથા જનરલ નગીબની આગેવાની નીચે ૧૯૫૨ની ૨૩ જુલાઈના રોજ વિદ્રોહ કરી સત્તા કબજે કરી. રેવોલ્યૂશનરી કમાન્ડ કાઉન્સિલે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં. રાજા ફારૂકને ઇજિપ્ત છોડી નાસી જવું પડ્યું. નગીબે મિલિટરી ગવર્નર ઉપરાંત વડા પ્રધાન અને સરસેનાપતિના હોદ્દાઓ પણ સંભાળ્યા. નાસરે નાયબ વડા પ્રધાનનું પદ ધારણ કર્યું.

૧૯૫૩ના જૂનમાં ઇજિપ્ત પ્રજાસત્તાક તરીકે જાહેર થયું. નગીબ અને નાસર વચ્ચે ક્રાન્તિ પછીના વલણ પરત્વે મતભેદો જાગ્યા. નગીબ સંસદીય સરકાર વાંછતા હતા, જ્યારે નાસર અને અન્ય અધિકારીઓ એના કરતાં આર્થિક-સામાજિક સુધારાને અગ્રતા આપતા હતા. છેવટે નાસરે નગીબને હોદ્દા પરથી દૂર કરી વડા પ્રધાન તરીકે સત્તા સંભાળી (એપ્રિલ ૧૯૫૪).

રેવોલ્યૂશનરી કમાન્ડ કાઉન્સિલમાં નાસરનું પ્રભુત્વ હોવાથી સત્તાનો દોર તેને હસ્તક રહ્યો. આ સમયે તેણે સુએઝ નહેર અંગે બ્રિટન સાથે સમજૂતી કરી. તે મુજબ વીસ મહિનામાં બ્રિટને પોતાની સેના ખેંચી લેવાની હતી. આ ગાળામાં મુસ્લિમ બ્રધરહુડ સંસ્થાએ નાસર વિરોધી પ્રવૃત્તિઓ શરૂ કરી. ઍલેક્ઝાન્ડ્રિયામાં નાસર પર હુમલો થયો. આ ષડ્યંત્રમાં નગીબનો હાથ હોવાનું સાબિત થતાં તેની ધરપકડ કરી તેને નજરકેદમાં રાખવામાં આવ્યો. આમ, પોતાના રાજકીય હરીફને દૂર કરી નાસરે સંપૂર્ણ સત્તા હાથ ધરી. આ પછી તેણે આર્થિક ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં લીધાં :

(૧) કોઈ ૨૦૦ એકરથી વધુ જમીન રાખી શકે નહીં. આ ટોચમર્યાદા ઉપરની જમીન રાજ્ય લઈ લે. પાછળથી આ જોગવાઈમાં ફેરફાર કરી ૧૦૦ એકરની ટોચમર્યાદા મૂકી. વળતર અંગે એવી

સ્પષ્ટતા કરવામાં આવી કે જમીનની વાર્ષિક આકારણી થતી હોય તેના કરતાં ૭૦ ગણી વધુ રકમ સરકારી બૉન્ડના સ્વરૂપે મળશે. આ પ્રમાણે મેળવેલી વધારાની જમીન ઉપરાંત વગર વળતરે લઈ લેવામાં આવેલ શાહી જમીન જમીનવિહોણાં કુટુંબને ૩થી ૫ એકરના ટુકડામાં આપવામાં આવી. આમ જમીનદારી પ્રથાનો અંત આણ્યો.

(૨) મજદૂરો માટે ઓછામાં ઓછા વેતનનો આંક નક્કી કર્યો જેથી તેમનું શોષણ અટકયું.

(૩) ૧૯૫૬ પછીના પરદેશીઓની ખાસ કરીને બ્રિટિશ, ફ્રેન્ચ અને યહૂદીઓની મિલકત જપ્ત કરવામાં આવી અને તેની વ્યવસ્થા માટે વ્યવસ્થા તંત્રની રચના કરવામાં આવી.

(૪) ૧૯૬૨ના જુલાઈ સુધીમાં રાષ્ટ્રીય આવકને બમણી કરતું લક્ષ્ય જાહેર કરવામાં આવ્યું. તે સંદર્ભમાં ૮૨ ટકા વ્યાપાર તથા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. સૂતર અને કાપડ વણાટ, લોખંડ, પોલાદ, ખાતર, વહાણ બાંધકામ પર સરકારનો અંકુશ મૂકવામાં આવ્યો. તમામ બૅંકો, વીમા કંપનીઓ તથા પ્રજોપયોગી સેવાઓ સરકાર હસ્તક લઈ લીધી. ખાનગી ક્ષેત્રને સારી રીતે મર્યાદિત કરવામાં આવ્યું અને તેના પર સરકારી અંકુશ રાખ્યો.

(૫) પગાર ધોરણની ટોચમર્યાદા નક્કી કરી. વાર્ષિક પગારની ટોચ ૫,૦૦૦ ઇજિપ્શિયન પાઉન્ડ નક્કી કરી.

(૬) જેમની આવક ૧૦,૦૦૦ ઇજિપ્શિયન પાઉન્ડથી વધુ હોય તેમના પર ૯૦ ટકા કર નાખવામાં આવ્યો.

(૭) તમામ કૉર્પોરેશનો જે નફો કરે તેના ૨૫ ટકા કામદારોના બોનસ, ઘર, નિશાળો, આરોગ્ય વગેરે માટે અનામત રાખવાની ફરજ પાડી.

(૮) તમામ કૉર્પોરેશનના બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં મજદૂરોને પ્રતિનિધિત્વ આપ્યું.

(૯) વધારે લોકોને કામ મળે તે માટે કામના કલાકો નક્કી કર્યા જે મુજબ રોજના વધુમાં વધુ સાત કલાક અને અઠવાડિયાના ૪૨ કલાક નક્કી કર્યા. આ પગલા દ્વારા મજદૂરોનું શોષણ અટકાવ્યું તથા બેરોજગારોને કામ આપ્યું. એવું પણ નિયંત્રણ મૂકયું કે કોઈ પણ વ્યક્તિ એક કરતાં વધુ જગાએ નોકરી કરી શકે નહીં.

આ પ્રમાણે આર્થિક ક્ષેત્રે નાસરે જે પગલાં લીધાં તે દ્વારા ઇજિપ્તે સમાજવાદની દિશામાં પ્રયાણ કર્યું. તેને લીધે આમૂલ પરિવર્તનો થયાં.

ખેત-ઉત્પાદન વધારવા ઍલેકઝાન્ડ્રિયા અને કૅરોની વચ્ચે આવેલ રણ-પ્રદેશને ખેતી લાયક બનાવવાની યોજના હાથ ધરી અને ૧૯૫૬માં અસ્વાન બંધ દ્વારા વિરાટ ભૂમિ-સિંચનની યોજના જાહેર કરી. આ માટે આર્થિક મદદની અમેરિકાએ ખાતરી આપી હતી, પણ પાછળથી ઇનકાર કરતાં નાસરે તરત જ સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું. તેથી ૧૯૫૬ના ઑકટોબરની ૨૯ તારીખે ઇઝરાયલ અને ૩૧મી તારીખે બ્રિટન અને ફ્રાન્સે ઇજિપ્ત પર આક્રમણ કર્યું. પરિણામે નાસરે નહેરને બહારનાં રાષ્ટ્રો માટે બંધ કરી દીધી. ૬ઠ્ઠી નવેમ્બરના રોજ સમાધાન થયું અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું સૈન્ય ગોઠવાયું (૨૨–૧૨–'૫૬). રશિયાએ આર્થિક સહાય કરતાં અસ્વાન બંધનું કામ શરૂ કર્યું.

આમ નાસરનાં રાજદ્વારી અને આર્થિક પગલાંમાં રશિયાએ જે સાથ આપ્યો તેનાથી છેવટે ઇજિપ્ત રૂસ-તરફી બન્યું.

સુએઝ નહેરના પ્રસંગ પછી નાસરની પ્રતિષ્ઠા અને પ્રતિભામાં ભારે વધારો થયો. આ ગાળામાં બૃહદ આરબ એકતાના સ્વપ્નને સાકાર કરવાનાં પગલાં લેવાં શરૂ કર્યાં. ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં સીરિયા સાથે જોડાણ કર્યું અને સંયુક્ત આરબ પ્રજાસત્તાક(યુનાઇટેડ આરબ રિપબ્લિક)ની સ્થાપના થઈ. સમગ્ર આરબ જગતમાં તેથી હલચલ ઉત્પન્ન થઈ. પરંતુ આંતરિક વૈમનસ્યના કારણે આ જોડાણ દીર્ઘજીવી બન્યું નહીં અને ૨૮–૯–૧૯૬૧ના રોજ સીરિયા તેમાંથી નીકળી જતાં તેનો અંત આવ્યો. આમ છતાં પણ નાસરે આ દિશામાં પ્રયત્નો ચાલુ રાખ્યા અને પરિણામે ૧૯૬૩ની ૧૭ એપ્રિલના રોજ આરબ સોશિયાલિસ્ટ યુનિયન નામનું સમવાયતંત્ર અસ્તિત્વમાં આવ્યું. તેમાં ઇજિપ્ત, સીરિયા અને ઇરાક જોડાયાં. જોકે આંતરિક વૈમનસ્ય તો ચાલુ જ રહ્યું. પરંતુ આ પગલાથી નાસરની કીર્તિ સોળે કળાએ ખીલી.

૧૯૬૫ના માર્ચમાં થયેલ ચૂંટણીમાં પ્રમુખ નાસરને છ વર્ષ માટે ફરીથી ચૂંટવામાં આવ્યા. આ ગાળા દરમ્યાન ઇઝરાયલ અને આરબ રાજ્યો વચ્ચે અથડામણો ચાલુ જ હતી. છેવટે ૧૯૬૭ના જૂનમાં ઇઝરાયલે અચાનક આક્રમણ કરીને ભવ્ય વિજય મેળવ્યો. આરબ રાષ્ટ્રોની અને ખાસ કરીને નાસરની પ્રતિષ્ઠાનો ભંગ થયો. નાસર માટે આ પરાજયનો ઘા અત્યંત કારમો હતો. અંતે ૧૯૭૦ના ઑક્ટોબરની ૨૮મી તારીખે તેમનું અવસાન થયું.

આ પ્રમાણે ૧૯૫૨માં થયેલ લશ્કરી ક્રાન્તિ પછી દેશને સમાજવાદના માર્ગે લઈ જવાનો કાર્યક્રમ અપનાવાયો, પરંતુ લોકશાહીનો વિકાસ થઈ શક્યો નહીં.

નાસરયુગ પછીનો ગાળો

નાસરના અવસાન પછી આઠ સભ્યોની બનેલી પ્રેસિડન્સી કમિટીએ ઉપપ્રમુખ અન્વર સાદતની પ્રમુખ તરીકે સર્વાનુમતિથી વરણી કરી. આ બનાવ એક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો છે; કેમ કે ભારતમાં નેહરુના છેલ્લા સમય દરમ્યાન, નેહરુ પછી કોણ? અને નેહરુ પછી શું? —એવા પ્રશ્નો વ્યાપક રીતે ચર્ચાઈ રહ્યા હતા તેવી જ પરિસ્થિતિ ઇજિપ્તમાં પણ પ્રવર્તતી હતી. ૧૯૫૨-ના જુલાઈમાં થયેલ ક્રાન્તિમાં સાદતે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. નાસરના પ્રથમ પ્રધાનમંડળમાં તેમને સ્થાન મળ્યું હતું. ૧૯૫૭થી ૬૧ સુધી નૅશનલ યુનિયનના પ્રમુખનો હોદ્દો સંભાળ્યો, ૧૯૬૪-માં રાષ્ટ્રીય સભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા અને ૧૯૬૮માં ઉપપ્રમુખના બે હોદ્દામાંથી એક હોદ્દો ધારણ કર્યો. ટૂંકમાં, નાસર પછી સત્તાસ્થાને કોણ આવશે તે પ્રશ્ન આશ્ચર્યજનક સરળતાથી ઉકલ્યો, એટલું જ નહીં પણ આ પ્રક્રિયા જરા પણ ખેંચતાણ સિવાય સરળતાથી પતી ગઈ. અલી સાબ્રી તથા હુસેન સૈફી જેવા સત્તાકાંક્ષી સાથીઓ વડા પ્રધાનપદ માટેનો દાવો જોરશોરથી કરી રહ્યા હોવાથી બિન-ચર્ચાસ્પદ વ્યક્તિ તરીકે જાણીતા મહમૂદ ફવઝીની વડા પ્રધાન તરીકે નિમણૂક કરી, સાબ્રીને ઉપપ્રમુખ બનાવી, અબુલ નૂરને આરબ સોશિયાલિસ્ટ યુનિયન પક્ષનું નેતૃત્વ સોંપ્યું. સાબ્રી તથા સૈફીએ પરિસ્થિતિને પામી જઈને નમતું જોખ્યું. આમ, પોતાના હરીફ સાથીઓને એક યા બીજી રીતે સંતોષવામાં આવ્યા. પરિણામે શરૂમાં એવી છાપ ઊપસી કે ઇજિપ્ત પર સામૂહિક નેતાગીરી દ્વારા શાસન ચલાવવામાં આવશે.

સાદતે સૌ પ્રથમ તો ૧૯૭૧ના માર્ચમાં ઇઝરાયલ સાથેની યુદ્ધ-તહકૂબીનો અંત આવતો હતો તે પહેલાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પગલાં લેવાનું શરૂ કર્યું. ઘરઆંગણાના પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેણે પોતાનું સ્થાન મજબૂત કર્યું જ્યારે ઉપપ્રમુખ સાબ્રીને મૉસ્કો, સૈફીને બેલ્ગ્રેડ, વિદેશપ્રધાન મોહંમદ રીઆદને લંડન તથા વૉશિંગ્ટનની મુલાકાતે અને હૈયાકલને યુરોપનાં રાજ્યોમાં મોકલીને પોતાની પરિસ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કર્યો તથા વિશ્વમત કેળવવાનું કામ હાથ ધર્યું. ઇઝરાયલ જો સિનાઈ વિસ્તારમાંથી એલ એરિશ સુધી પોતાના સૈન્યને પાછું હઠાવી લે તો સાદતે સુએઝ નહેર ફરીથી શરૂ કરવાની દરખાસ્ત પણ રજૂ કરી. બીજી બાજુ તેમણે માર્ચમાં સોવિયેત રશિયાની મુલાકાત પણ લીધી અને સોવિયેત રશિયા તરફથી મદદની ખાતરી મેળવી.

આ સમય દરમ્યાન ખૂબ જ મહત્ત્વનો બનાવ બન્યો. ઉપપ્રમુખ અલી સાબ્રીને બીજી મે, ૧૯૭૧ના રોજ હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા તેમ જ તેમની ધરપકડ કરવામાં આવી. સાદત અને સાબ્રી વચ્ચેના સંબંધો શરૂથી જ સારા ન હતા. આ પગલું ભર્યા પછીના બીજા દિવસે અમેરિકાના વિદેશમંત્રી વિલિયમ રૉજર્સે કૅરોની મુલાકાત લીધી, તે પરથી એવો વિચાર પણ રજૂ થયો કે અમેરિકા સાથેના સંબંધ સુધારવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું. વધુમાં ૧૯૭૦ના મે મહિનામાં નાસરે ઇજિપ્ત, સુદાન તથા લિબયાના સમૂહતંત્રની રચના માટે જે પગલાં લીધાં હતાં તેનો પણ સાબ્રી વિરોધ કરતા હતા. તેમણે સાદત સામૂહિક નેતાગીરીની અવગણના કરે છે તેમ જ સંયુક્ત રીતે નિર્ણયો લેવાનો બદલે સ્વતંત્ર રીતે નિર્ણય લે છે તેવા આક્ષેપો કર્યા. ટૂંકમાં, સમૂહતંત્રની રચના અને અમેરિકા સાથેના સબંધોના પ્રશ્ન પર મતભેદો ઉગ્ર બન્યા તેમ જ જાહેરમાં વ્યક્ત થવા લાગ્યા. સાબ્રીને હોદ્દા પરથી દૂર કર્યા પછી અને વિલિયમ રૉજર્સને વળાવ્યા પછી સાદત રેડિયો સ્ટેશન પર ગયા તો ત્યાં સાબ્રીના સાથી અને ગૃહપ્રધાન ગોમાના ટેકેદારોએ રેડિયો સ્ટેશન ઘેરી લીધું હતું. પ્રમુખ સાદત પાછા ફર્યા અને પ્રમુખીય બાબતો અંગેના સલાહકાર સમી શરફને બોલાવીને ગોમાને હોદ્દા પરથી દૂર કરવાની જાણ કરી, પરંતુ સામેથી શરફે પોતાનું રાજીનામું રજૂ કર્યું. આ ટાંકણે જ ગોમા, યુદ્ધપ્રધાન મોહંમદ ફવઝી, રાષ્ટ્રીય સભાના અધ્યક્ષ લબીબ શુકર, માહિતી પ્રધાન ફેયક તેમ જ બીજા પ્રધાનોનાં સામૂહિક રાજીનામાં પ્રમુખ સાદતને મળ્યાં. આમ, પ્રમુખ પર દબાણ લાવવાનો પ્રયાસ થયો. જો પ્રમુખે કડક હાથે કામ લીધું ન હોત તો કદાચ વિપ્લવ પણ થયો હોત. સાદતે તમામ રાજીનામાં સ્વીકારી લીધાં તથા તમામને નજરકેદ કર્યા. ૧૪ મેના રોજ વાયુ પ્રવચન દ્વારા પ્રજાને બનાવની જાણ કરી અને વિપ્લવની શક્યતાનો ખ્યાલ આપ્યો. અને તરત જ આરબ સોશિયાલિસ્ટ યુનિયનમાં જેઓ સાબ્રી-તરફી હતા તેમને, લશ્કરના ઘણા અમલદારોને તથા સરકારી અધિકારીઓને પણ હોદ્દા પરથી દૂર કર્યા. સમગ્ર દેશમાં સાદત-વિરોધીઓની ધરપકડ શરૂ થઈ.

સાદતે નવા પ્રધાનમંડળની રચના કરી. મહંમદ ફવઝીને વડા પ્રધાનપદે નિયુક્ત કરવામાં આવ્યા. આ પ્રમાણે સાદતે કડક હાથે ઝડપી પગલાં લઈને પોતાના વ્યક્તિત્વની નવી જ છાપ ઊભી કરી. આમ દેશની માફક આરબ જગતમાં પણ સાદતના શક્તિશાળી વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યો.

પ્રમુખ સાદતે વધુ છ મહિના માટે ઇઝરાયલ સાથે યુદ્ધ-તહકૂબીની દરખાસ્ત રજૂ કરી તેમ જ ૧૯૭૧ના અંત સુધીમાં પ્રશ્નને હલ કરવાની હૈયાધારણ પોતાના સૈનિકોને આપી. તત્કાલીન

અમેરિકી વિદેશમંત્રી વિલિયમ રૉજર્સે પણ છ મુદ્દાની શાંતિ દરખાસ્ત રજૂ કરી, જેનો ઇઝરાયલ તથા ઇજિપ્તે અસ્વીકાર કર્યો. ૧૯૭૧નું વર્ષ પૂરું થવા ટાંકણે ભારત-પાકિસ્તાન વચ્ચે જે યુદ્ધ થયું તેને કારણરૂપ ગણીને સાદતે પોતાનું વચન પાળવાની અશક્તિ દર્શાવી. આને લીધે વિદ્યાર્થીઓએ સરકાર-વિરોધી દેખાવો કર્યા અને પ્રમુખ પાસેથી સ્પષ્ટતા માગી.

આમ, આરબ-ઇઝરાયલ પ્રશ્ન અણઉકલ્યો જ રહ્યો; એટલું જ નહીં પણ ૧૯૭૩ના ઉત્તરાર્ધ(ઑક્ટોબર ૧૬–૨૨)માં ઇઝરાયલ સામેના સંઘર્ષે ફરી એક વાર ઉગ્ર યુદ્ધનું રૂપ લીધું. જોકે છેવટે રશિયા-અમેરિકાના દબાણ હેઠળ, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ઔપચારિક પ્રસ્તાવ પ્રમાણે, આરબ દેશો અને ઇઝરાયલે યુદ્ધવિરામનો સ્વીકાર કર્યો અને આ લખાણ છપાવા જઈ રહ્યું છે ત્યારે (ડિસેમ્બર '૭૩) જીનિવામાં એ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદમાં તખતો ગોઠવાઈ રહ્યો છે.

યુ. એ. આર. (યુનિયન ઑફ આરબ રિપબ્લિક્સ)

૧૯૭૦ના મે મહિનામાં ઇજિપ્તના પ્રમુખ નાસર, સુદાનના પ્રમુખ ગફર નુમેરી તથા લિબયાના પ્રમુખ ગદાફી ત્રીજી વાર મળ્યા. સૌ પ્રથમ તેમની મુલાકાત ૧૯૬૯ના ડિસેમ્બરમાં યોજાઈ હતી અને બીજી બેઠક ૧૯૭૦ના ફેબ્રુઆરીમાં કૅરો ખાતે મળી હતી. આ સમૂહતંત્રમાં સીરિયાએ જોડાવાની પણ તૈયારી બતાવી. આ ચાર રાજ્યોના નેતાઓ વચ્ચે બે વર્ષ સુધી મંત્રણાઓ ચાલી અને સૌ પ્રથમ ઇજિપ્ત, લિબયા તથા સીરિયાના બનેલા આરબ પ્રજાસત્તાકની જાહેરાત કરવામાં આવી. સાથોસાથ આ પ્રમાણેની સ્પષ્ટતાઓ પણ કરવામાં આવી :

૧. નવાં રાજ્યોમાં પ્રમુખીય પરિષદ (પ્રેસિડેન્શિયલ કાઉન્સિલ) રચવામાં આવશે, જેમાં ત્રણેય ઘટક રાજ્યોના પ્રમુખોનો સમાવેશ થશે અને તે સર્વોચ્ચ સાર્વભૌમ સત્તા ગણાશે.

૨. તે સામૂહિક સંરક્ષણ, વિદેશી બાબતો તથા આર્થિક નીતિઓનું ઘડતર કરશે તેમ જ યુદ્ધ તથા શાંતિના પ્રશ્નો અંગે નિર્ણય લેશે.

૩. રાષ્ટ્રીય સલામતીની સંયુક્ત જવાબદારી તે અદા કરશે તથા પ્રાદેશિક અખંડિતતા તથા સાર્વભૌમત્વના રક્ષણ માટે જરૂર જણાય તો પરિષદના વડા એક દેશમાંથી બીજા દેશમાં લશ્કરની હેરફેર કરવાની સત્તા ધરાવશે.

૪. સંયુક્ત આરબ પ્રજાસત્તાક માટે એક જ બંધારણ રહેશે, જેને પ્રજાએ અને તેના દ્વારા ચૂંટાયેલી રાષ્ટ્રીય પાર્લમેન્ટે મંજૂર કરવાનું રહેશે.

૫. રાષ્ટ્રીય પાર્લમેન્ટમાં ઘટક રાજ્યોને સમાન પ્રતિનિધિત્વ મળશે એટલે કે વસ્તીને ધ્યાનમાં લીધા સિવાય સરખી સંખ્યામાં બેઠકો ફાળવવામાં આવશે.

૬. આરબ પ્રજાસત્તાકમાં જોડાયા પહેલાં સભ્ય રાજ્યોએ બીજાં રાજ્યો સાથે જે આંતર-રાષ્ટ્રીય સંધિઓ કે સમજૂતીઓ કરી હશે તે ચાલુ રહેશે. એટલું જ નહીં પણ નવી રાજકીય વ્યવસ્થામાં જોડાયા પછી પણ દરેક સભ્ય રાજ્ય અલગ રીતે બીજાં રાજ્યો સાથે સંધિ-કરાર કે સમજૂતી કરવા સ્વતંત્ર ગણાશે.

૭. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ તેઓ તેમની અલગ બેઠક જાળવી રાખશે.

જ્યારે કૅરો ખાતે મંત્રણાઓ ચાલતી હતી ત્યારે સુદાને ચર્ચામાંથી ખસી જવાની આશ્ચર્ય-જનક જાહેરાત કરી. તેનું કોઈ કારણ આપવામાં આવ્યું નહીં પરંતુ પોતે પાછળથી જોડાશે તેમ

જણાવ્યું. આની પાછળ લિબયાના પ્રમુખ ગદાફી તથા સુદાન વચ્ચે પાયાના તફાવતો અસ્તિત્વ ધરાવતા હતા તેવો વિચાર રજૂ થયો છે.

૧૯૭૧ના ઑગસ્ટમાં ઇજિપ્ત, સીરિયા અને લિબયાના બનેલ સંયુક્ત આરબ પ્રજાસત્તાક-ની જાહેરાત કરવામાં આવી. જોકે ૧૯૬૧માં ઇજિપ્ત અને સીરિયાએ રચેલ પ્રજાસત્તાકને પ્રજાએ જેવો ઉમળકાભર્યો આવકાર આપ્યો હતો તેવો ઉત્સાહ આ પ્રસંગે જોવા મળતો ન હતો. પાંચ મહિ-નાની ચર્ચાવિચારણા પછી બંધારણ તૈયાર કરવામાં આવ્યું. જેમાં સર્વોચ્ચ પરિષદ (સુપ્રીમ કાઉન્સિલ)-ની જોગવાઈ કરવામાં આવી, એમાં ઘટક રાજ્યોના વડાઓનો સમાવેશ થાય છે. તેમાંથી એકને ચૅર-મૅન તરીકે ચૂંટવામાં આવશે. આ ઉપરાંત સમવાયી સભા તથા પ્રધાનમંડળની રચના સંબંધે સ્પ-ષ્ટતા કરવામાં આવી. સમવાયતંત્ર માટે એક ધ્વજ, એક જ લશ્કરી ઉપરી તથા એક જ વિદેશનીતિ રહેશે તેમ જણાવાયું. સર્વોચ્ચ પરિષદ સર્વાનુમતિથી નિર્ણય લેશે — જોકે કૅરોને વિટો સત્તા ખરી!

આ સમવાયતંત્રની રચના થતાંની સાથે જ ઘર્ષણ અને ખેંચતાણ શરૂ થયાં. પ્રમુખ સાદતને આ વ્યવસ્થાનો વિરોધ કરનારાઓ સામે કડક હાથે કામ લેવાની ફરજ પડી જેનો ખ્યાલ અગાઉ આપણે મેળવ્યો છે. સીરિયામાં જનરલ હફીઝ આસદે બાથિસ્ટોને દૂર કરવા પડ્યા જેમાં પ્રમુખ નૂરેદ્દીન અતાંસીનો પણ સમાવેશ થાય છે. જ્યારે લિબયામાં ગદાફીએ પોતાના પ્રધાનમંડળ-ના ઘણા સાથીઓ જેઓ આ પગલાનો વિરોધ કરતા હતા તેમને બરતરફ કર્યા. આ જ પ્રમાણે આરબ જગતમાં પણ નવા સમવાયતંત્રની રચના સંબંધે સારા પ્રત્યાઘાતો પડ્યા નથી. સુદાન જેણે શરૂથી સક્રિય ભાગ લીધો હતો તેણે છેલ્લી ઘડીએ જોડાવાની ના પાડી. પ્રજાસત્તાકની રચના પછી ઇજિપ્ત તથા લિબયા સાથેના સુદાનના સંબંધો સારી રીતે વણસતા રહ્યા.

અધૂરામાં પૂરું, ઇઝરાયલ સાથેના છેલ્લા યુદ્ધે પણ આરબ દેશોના યુનિયનની હિલચાલને ધક્કો પહોંચાડ્યો છે. ઇજિપ્તે સ્વીકારેલા યુદ્ધવિરામ સામે લિબયાના ગદાફીએ સ્પષ્ટ નાપસંદગી જાહેર કરી છે. યુદ્ધવિરામ પછી અલ્જિયર્સમાં મળેલી આરબ શિખર પરિષદ (નવેમ્બર ૧૯૭૩) પ્રસંગે લિબયાની ગેરહાજરી પણ આ સંદર્ભમાં સૂચક છે.

કોના વતી કોણ લડે છે?

લિબયાના ગદાફીએ ઑક્ટોબર '૭૩ના પશ્ચિમ એશિયાઈ યુદ્ધને 'સંચાલિત' કહીને ઉતારી પાડયું તે સૂચક લેખાવું જોઈએ. બીજા કેટલાક રાજદ્વારી નિરીક્ષકોનું પણ એમ માનવું છે કે આ યુદ્ધ પશ્ચિમની બે સવાઈ મહાસત્તાઓ(અમેરિકા અને રશિયા)ની જરૂરત અનુસારનું હતું!

૧૯૭૩ના આરંભમાં તહેરાન ખાતે અમેરિકાના એશિયાઈ રાજદૂતોની એક ખાસ બેઠક યોજાઈ હતી. પ્રમુખ નિકસનના પશ્ચિમ એશિયાઈ કિસિન્જર સમા જોસેફ સિસ્કોએ આ બેઠકમાં અગ્રભૂમિકા ભજવી હતી. અમેરિકી રાજદૂતોમાં પ્રવર્તતી લાગણી એ હતી કે રશિયા-અમેરિકાનાં હિતોની દૃષ્ટિએ લાભદાયક કહી શકાય એ પ્રકારની સ્થાયી શાન્તિ પશ્ચિમ એશિયામાં શકય બને એ માટે ઈજિપ્ત-ઇઝરાયલ સમજૂતી અનિવાર્ય છે; આ પહેલાંનાં યુદ્ધોમાં સતત નામોશીને કારણે સ્વમાનભંગ થયેલા ઈજિપ્તને કંઈકે યશ મળે તો જ તેના ઇઝરાયલ સાથેના માનભર્યા સમાધાનની ભૂમિકા ઊભી થઈ શકે. . . .

—એટલે કે ફરી એક વાર જંગ છેડાય અને એમાં ઈજિપ્તને ફતેહ મળે એ જરૂરી હતું.

આ વ્યૂહને બર લાવવાની જવાબદારી ફ્રાન્સ, ઈટાલી, બ્રિટન અને કેટલાક સ્કેન્ડિનેવિયાઈ દેશોએ ઉપાડી. એમણે પ્રમુખ સાદતને ઠસાવ્યું કે બ્રેઝનેવે અમેરિકાની મુલાકાત લીધી તે દરમ્યાન સધાયેલી સોવિયેત-અમેરિકી સમજૂતીની ચોથી કલમનો લાભ ઉઠાવવો જોઈએ. (પ્રસ્તુત કલમમાં એ મતલબનું જણાવાયું છે કે કયારેય પરિસ્થિતિ અતિ ઉગ્ર બને ત્યારે રશિયા અને અમેરિકા પરસ્પર સલાહમસલત કરશે અને એને થાળે પાડવા ઘટતું કરશે.)

બીજી બાજુ સાઉદી અરેબિયાના શાહ ફૈઝલે સાદતને સમાચાર આપ્યા કે ઈજિપ્તના આક્રમણનો ઇઝરાયલી ઉત્તર મર્યાદિત જ હશે એવી હૈયાધારણ નિકસન-કિસિન્જરે આપી છે. એટલે સાદતે બાર દિવસના યુદ્ધની યોજના બનાવી. યુદ્ધ છેડાયું પણ ખરું, અને આરંભના તબક્કામાં અમેરિકી પ્રભાવ તળેના ઇઝરાયલી સહકારથી ઈજિપ્તને સફળતા પણ મળી.

પણ આ પૂર્વનિર્ધારિત વિજયે ઈજિપ્તનાં દળોને ઓર પાનો ચડાવ્યો અને હવે એને નક્કી મુદતમાં રોકવાનું સાદતના હાથ બહાર હતું. હવે અચરજ અને ગભરાટનો વારો ગોલ્ડા મીર ને મોશે દયાનનો હતો: યુદ્ધ શરૂ થવાનું હતું અને ઈજિપ્ત જીતવાનું હતું એ તો નક્કી હતું—પણ એ લંબાવાનું નહોતું એનું શું?

અલ્જીરિયાના બોમેદીનને મૉસ્કો બોલાવીને બ્રેઝનેવ-કોસિગિને કહી દીધું કે હવે ઈજિપ્ત યુદ્ધવિરામ નહીં કરે તો એને રૂસી હથિયારો મળતાં બંધ થઈ જશે—અને ઇઝરાયલને પણ અમેરિકા આવી જ શરત લાગુ પાડશે.

પરિણામે કિસિન્જર અને દોબ્રિનિન (અમેરિકા ખાતેના રૂસી એલચી) બંનેએ સાથે મળીને ઘડી કાઢેલા યુદ્ધવિરામના મુદ્દા મહંદશે સ્વીકારવા સિવાય ઈજિપ્ત-ઇઝરાયલનો આરો ન હતો.

અને સલામતી સમિતિએ રૂસી-અમેરિકી દોરવણી હેઠળ યુદ્ધવિરામ પ્રસ્તાવ પસાર કરતાં ઈજિપ્ત-ઇઝરાયલી સ્થાયી સમજૂતી માટેની આંતરરાષ્ટ્રીય પરિષદનો તખતો પણ ગોઠવાયો.

('ફાર ઈસ્ટર્ન ઇકૉનૉમિક રિવ્યૂ' પરથી)



આફ્રિકા

(અંગ્રેજી આંકડા સ્વાતંત્ર્યપ્રાપ્તિનું વર્ષ સૂચવે છે.)

ફ્રાન્સ
મોરોક્કો
ટ્યુનિશિયા
અલ્જીરિયા
લિબયા
સહરા(સ્પેન)
મૉરિટાનિયા
માલી
નાઈજર


ઝામ્બિયા
સૅલિસ્બરી
રોડિશિયા
બૉત્સ્વાના
મોઝામ્બિક
દ.આફ્રિકા

૧૪ : આફ્રિકી વ્યક્તિત્વ

નિગ્રિટ્યૂડ

યુરોપીય સંસ્કૃતિના સર્વદેશીય આક્રમણ સામે પોતાનું સમગ્ર વ્યક્તિત્વ ખોઈ બેસવાના ભયથી પ્રેરાઈને, યુરોપીય સંસ્કૃતિમાં બીજા નંબરનું સ્થાન પામવાને બદલે પોતાના આફ્રિકીપણાને, પોતાના શ્યામપણાને આશ્લેષવાના ખ્યાલમાંથી જન્મ્યા છે 'નિગ્રિટ્યૂડ' અને આફ્રિકી વ્યક્તિત્વના ખ્યાલો. તેનો અર્થ છે નૂતન આફ્રિકી સંસ્કારોનો ઉદય અને ભૂતકાળ ને વર્તમાનનો સુયોગ્ય સમન્વય.

નિગ્રિટ્યૂડ એ ફ્રેન્ચ શબ્દ છે અને તેનો અર્થ થાય છે શ્યામપણું. નિગ્રિટ્યૂડના ખ્યાલનો પિતા છે એઈમ ચેઝારે ઑફ્ માર્ટિનિક. તે લખે છે: 'શ્યામ આફ્રિકા આપણી વેસ્ટ ઈન્ડીઝ સંસ્કૃતિની માતા છે અને તે જ આપણી શક્તિ અને આશાઓનું પુનર્નિર્માણ કરશે; યુરોપ તો નહીં જ. યુરોપ તો આપણા અળગાપણાને પરિપૂર્ણ કરી શકે.... માત્ર આફ્રિકા જ વેસ્ટ ઈન્ડીઝને પુનર્જીવિત કરી શકશે, નવેસરથી વ્યક્તિમત્તા બક્ષી શકશે.'

આફ્રિકી વ્યક્તિત્વના ખ્યાલનો પ્રથમ નોંધાયેલ ઉપયોગ વેસ્ટ ઈન્ડીઝમાં જન્મેલા એડવર્ડ બ્લાઈડને ૧૮૭૪માં કર્યો હતો. ૧૯૦૨માં પ્રથમ સ્વાયત્ત 'નેટિવ આફ્રિકન ચર્ચ ઑફ્ વેસ્ટ આફ્રિકા'-ની સ્થાપના કરતી વેળાએ એક બૉપ્ટિસ્ટ યોરુબા મજોલા એગ્બેબેએ કહ્યું હતું : 'આફ્રિકા અલગ વ્યક્તિત્વ માટે મથામણ કરી રહ્યું છે. હું નિગ્રો છું અને પૂરેપૂરો નિગ્રો છું. હું નખશિખ શ્યામ છું અને મને મારી રૂપાળી શ્યામ ચામડીનું અભિમાન છે.'

આ બંને ખ્યાલોની પાછળ કેટલીક ગૂઢ માન્યતાઓ સમાનપણે રહેલી છે. નિગ્રો પ્રજા કેટલાંક મૂલ્યોની વાહક પ્રજા છે. આ મૂલ્યોનો આગ્રહ તેમની મુક્તિના ખ્યાલ સાથે સંકળાયેલો છે. આ મુક્તિ એટલે માત્ર સાંસ્થાનિક શાસનમાંથી જ મુક્તિ એટલું જ નહીં પરંતુ તમામ પ્રકારના જાતીય રંગભેદ અને જુલમમાંથી મુક્તિ. વિશ્વની નિગ્રો પ્રજાઓ સહિયારો વારસો ધરાવે છે અને તેમનું ભાવિ પણ સહિયારું જ છે. સાર્ત્રે આ ખ્યાલને ક્રાન્તિકારી ઝોક આપી કહ્યું છે: નિગ્રો પ્રજા એ વિશ્વની મહેનતકશ પ્રજા છે. તેણે જ સમસ્ત માનવજાત અને ગોરી પ્રજાઓ માટે યાતનાઓ વેઠી છે અને યાતનાઓ દ્વારા જ તેઓ સ્વાતંત્ર્ય મેળવી શકશે. ગોરી પ્રજાઓ તો માત્ર ટેકનિક જ જાણે છે અને વસ્તુની સપાટીને જ સ્પર્શે છે. તેની અંદરના તત્ત્વથી અને જીવનથી તે અજ્ઞાત છે, નિગ્રિટ્યૂડ એ સહાનુભૂતિ દ્વારા પ્રાપ્ત થતી સમજ છે. આ ભાવના ગોરા લોકોની જાતિવાદની ભાવનાની વિરુદ્ધનો જાતિવાદ છે અને તે વિશ્વના તમામ વર્ણોની કચડાયેલી પ્રજાઓ સાથે પોતાની એકતા સ્થાપિત કરવા માગે છે.

નિગ્રિટ્યૂડના ખ્યાલને સમૃદ્ધ કરવા માટે અને આફ્રિકાના વ્યક્તિત્વને આકાર આપવા માટે આફ્રિકાના રાષ્ટ્રવાદી સંસ્કારસ્વામીઓએ આફ્રિકાની સંસ્કૃતિ અને સમૃદ્ધિઓને સ્થાપિત કરવાના પ્રયાસો પણ કર્યા છે. તેઓ કહે છે કે ઈજિપ્તની નાઈલ સંસ્કૃતિ એ આફ્રિકી સંસ્કૃતિનું પુરાણ-ઘર છે. ઈજિપ્તની સંસ્કૃતિ નિગ્રો સંસ્કૃતિ પણ હતી. સુદાનમાં જે સંસ્કૃતિઓના અવશેષો મળી આવ્યા છે તેમાં પણ તેમણે પોતાનો ઈતિહાસ જોયો છે. યુરોપિયનોએ આફ્રિકામાં પ્રવેશ કર્યો ત્યારે તેમનો સામનો કરનારાઓને તેમણે આફ્રિકી સ્વાતંત્ર્યના તારણહારો માન્યા છે. આમ તેઓ પોતાનો ઈતિહાસ ખોળીને ગોઠવવા માગે છે. તેઓ જાણે છે કે પૂર્વજો વિના રાષ્ટ્ર ન સર્જાઈ શકે અને ભૂતકાળની સિદ્ધિઓ એ તો વર્તમાનની ક્ષમતાનો પુરાવો છે.

આફ્રિકી પ્રજાઓને પોતાના વર્તમાનમાં ઘણું ગૌરવ લેવા જેવું લાગ્યું છે. તેમણે સોનું, કાંસું, હાથીદાંતની બનાવટો અને રૂપપ્રદ (પ્લાસ્ટિક) કળાઓની સારી એવી સિદ્ધિઓ મેળવી છે. તેમનાં નૃત્ય અને સંગીતે તથા લય અને તાલે યુરોપીય સંગીતને નવી જીવનશક્તિ પ્રદાન કરી છે. તેમના સમાજ કે કોમ વિશેના ખ્યાલમાં માત્ર જીવંત સભ્યો જ નહીં પરંતુ મૃત અને અજાતોનોય સમાવેશ થાય છે. તેમ જ તેમનું સ્ત્રીઓ પ્રત્યેનું તથા જાતીયતા પ્રત્યેનું વલણ વધુ બુદ્ધિયુક્ત રહ્યુ છે. તેમના સમાજમાં બાળકોને હરહંમેશ આનંદ અને વૃદ્ધોને નિતાન્ત આદર મળ્યા જ કર્યો છે. તેમણે શિક્ષણને એક જીવનભર ચાલતી પ્રક્રિયા લેખી છે. તે માત્ર બાલ્યાવસ્થા પૂરતી મર્યાદિત નથી. તેમણે ભિન્ન ભિન્ન હિતો અને ઈચ્છાઓને અભિવ્યક્ત અને સુસંગત કરવા માટેની સૂક્ષ્મ રાજ્ય-વ્યવસ્થા પણ ઉપજાવી છે. આફ્રિકી આગેવાન સેંઘોરના શબ્દોમાં કહીએ તો તેમની મોટામાં મોટી સિદ્ધિ છે જીવન જીવવાની કળાની. તે વ્યક્ત થઈ છે તેમના લોકશાહી સામાજિક માળખામાં, તેમના ધર્મમાં, તેમના જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રત્યેના વલણમાં અને તેમનાં કામ, તેમની કળાઓ અને તેમના લયમાં. ટૂંકમાં, આફ્રિકા એક સ્વપ્નદેશ છે. એક ખોવાઈ ગયેલું સ્વર્ગ છે. લાંબા સમયથી ભુલાઈ ગયેલા આફ્રિકી સંસ્કારો જેમાંથી મળેલા છે તે વલણો અને લાક્ષણિકતાઓને તેઓ પોતાનામાં શોધવા માગે છે.

હેમાઇટ　　મસાઈ　　પશ્ચિમ આફ્રિકી

બીજા વિશ્વયુદ્ધ સુધી આ નિગ્રિટ્યૂડના ખ્યાલની પાછળ બે પ્રકારના ભાવો રહ્યા છે—એક તરફ ગોરી ચામડી પ્રત્યેની બળજળતી વેરભાવના અને બીજી તરફ ન્યાય માટેની તાલાવેલી. આ બન્ને ભાવોને આફ્રિકાના અનેક કવિઓએ પોતપોતાની રીતે ગાયા છે. આફ્રિકી કવિ ડેવિડ ડિયોપ લખે છે:

ગોરાએ હણ્યા મારા પિતાને.
મારા પિતા હતા સ્વાભિમાની.
ગોરાએ ફસાવી મારી માને.
મારી મા હતી રૂપાળી.
ગોરાએ બાળી મૂક્યો મારા ભાઈને મધ્યાહ્નના સૂર્ય નીચે.
તેના હતા હાથ લાલ કાળા લોહીથી
અને એક વિજેતાને અવાજે તેણે કહ્યું:
'એઈ છોકરા, ખુરશી, નૅપ્કિન અને એક જામ.'

બીજી તરફ ન્યાય માટેની અધીરાઈને વ્યક્ત કરે છે અંગોલાનો કવિ નેટો:

મારી મા!
તેં મને શીખવ્યું રાહ જોવાનું અને આશા રાખવાનું.
તું જે શીખી હતી તે જ દુખિયારા દિવસોમાં.
પરંતુ, મારામાં તો જિન્દગાનીએ હણી નાખી છે એ ગૂઢ આશાને.
હું નથી તે જે રાહ જુએ છે,
પરંતુ છું તે જેની રાહ જોવાઈ રહી છે.
અને, અમે છીએ આશા
તારાં ભૂલકાંઓ

પિગ્મી　　બાન્ટુ　　બુશમેન

પરવારી ચૂકેલાં એ શ્રદ્ધા માટે કે જે
પાંખે
જીવનને. . . .
તારા પુત્રો
શોધી રહ્યા છે જિન્દગાની. . . .

આ બંને ખ્યાલોએ અનેક કવિઓને પ્રેરણા આપી છે. અને તેમના કવિને સ્વાધીનતાની દિશામાં દડમજલ કૂચ કરી રહેલા અનેક આફ્રિકી સંગઠકો, કર્મઠ પુરુષો અને રાજકારણીઓને પ્રેરણા અને જુસ્સો પૂરાં પાડયાં છે. બીજી તરફ આ અભિવ્યક્તિ દ્વારા વિશ્વની શ્યામ નહીં તેવી પ્રજાઓને સોંસરવી ચેતવણી પણ આપી છે.

આ ખ્યાલોએ આફ્રિકી પ્રજાને એમ માનતી કરી દીધી છે કે તેમનું પુનર્જાગરણ શરૂ થઈ તેમનું પૌરુષ પુરબહારમાં ખીલી રહ્યું છે. પૉલ નાઈજરે ગાયું છે તેમ—

એક નવો લય સોંસરો વીંધી જાશે વિશ્વને,
એક અજાણ્યો રંગ સ્થિર થાશે મેઘધનુષે.

સર્વ-આફ્રિકીવાદ

સર્વ-આફ્રિકીવાદ (પાન-આફ્રિકનિઝમ) એટલે તમામ આફ્રિકી પ્રજાઓનો, અંતે એક જ રાજ્ય હેઠળ સંગઠિત થવાનો ખ્યાલ. એ ખ્યાલ મૂળ તો અમેરિકી નિગ્રો લોકો પાસેથી આવ્યો છે. વેસ્ટ ઇન્ડીઝના બૅરિસ્ટર એચ. સિલ્વિસ્ટર વિલિયમ્સે ૧૯૦૦ની સાલમાં લંડનમાં એક પાન-આફ્રિકન કૉંગ્રેસ બોલાવી હતી અને તેમાં તેમણે પ્રથમ વાર આ શબ્દનો પ્રયોગ કર્યો હતો. એ જ પરિષદમાં આ આંદોલનના બીજા નેતા ડૉ. ડબલ્યુ. ઈ. દુબોઈએ આ સુવિખ્યાત વિધાન કર્યું હતું: 'વીસમી સદીનો પ્રશ્ન એ વર્ણરેખા(કલરલાઈન)નો પ્રશ્ન છે.' આ આંદોલનનું નેતૃત્વ ૧૯૦૦થી માંડીને ૧૯૩૯ સુધી દુબોઈ પાસે રહ્યું અને તેને અમેરિકાના તથા વેસ્ટ ઇન્ડીઝના નિગ્રો લોકોનો ટેકો મળતો રહ્યો. દુબોઈએ વિવિધ પાન-આફ્રિકન કૉંગ્રેસનું સંગઠન કર્યું — ૧૯૧૯માં પૅરિસમાં, ૧૯૨૧માં લંડનમાં, ૧૯૨૩માં લિસ્બનમાં અને ૧૯૨૭માં ન્યૂયૉર્કમાં. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેનું નેતૃત્વ વેસ્ટ ઇન્ડીઝ જૂથના જૉર્જ પેડમોરના હાથમાં ગયું. ૧૯૪૫માં તેમનું એક વધુ અધિવેશન મૅન્ચેસ્ટર ખાતે મળ્યું. આ અધિવેશનની નોંધપાત્ર ઘટના એ હતી કે તેમાં ગાંધીજીના સત્યાગ્રહની ચર્ચા કરવામાં આવી હતી અને તેને નિ:શસ્ત્ર શાસિત પ્રજાઓની ઇચ્છાઓનો વિદેશી શાસકો આદર કરે તે માટેના એકમાત્ર અસરકારક સાધન તરીકે મંજૂર કરવામાં આવ્યો હતો. ૧૯૫૮માં ઘાનાના પ્રમુખ ડૉ. નક્રુમાએ પાન-આફ્રિકન કૉંગ્રેસ પ્રથમ વાર આફ્રિકામાં બોલાવી અને તેનું ત્યાં પ્રતિષ્ઠાન કર્યું.

આ આંદોલન પાછળ રહેલા વિચારોને તેના એક આગેવાન જૉર્જ પેડમોરે પોતાના પુસ્તક 'પાન-આફ્રિકનિઝમ ઑફ કૉમ્યુનિઝમ'માં સુસ્પષ્ટ રીતે પેશ કર્યા છે. તેઓ લખે છે:

'રાષ્ટ્રીય સ્વાધીનતા, માનવગૌરવ અને સામાજિક પુનરુદ્ધાર માટેના સંઘર્ષમાં સર્વ-આફ્રિકીવાદ, એક તરફ સામ્યવાદ અને બીજી તરફ આદિમ જાતિવાદ(ટ્રાઈબલિઝમ)નો વિચારધારાકીય વિકલ્પ

પૂરો પાડે છે. તે શ્વેત ઉદ્‌ગ્રામવાદ અને શ્યામ પ્રદેશવાદ બંનેને ઇનકારે છે. પરિપૂર્ણ સમાનતા અને માનવ વ્યક્તિત્વ માટેના આદરના પાયા પર જનજાતિઓના સહઅસ્તિત્વ ઉપર તે ઊભો છે. સર્વ-આફ્રિકીવાદ વર્ગ, જાતિ અને ધર્મના સંકુચિત વાડાઓથી ઉપર ઊઠીને જુએ છે. બીજા શબ્દોમાં કહીએ તો તે સૌને માટે સમાન તક અર્થે ખડો છે. તે ઇચ્છે છે કે પ્રત્યેક પ્રતિભાને તેની ગુણવત્તાને આધારે પુરસ્કૃત કરવામાં આવે. તેનું દર્શન રાષ્ટ્ર-રાજ્ય(નેશન-સ્ટેટ)ની સરહદોને આંબી જાય છે; તેનું ભાવિ છે પ્રાદેશિક સ્વશાસિત દેશોના સમવાયતંત્રનો છેવટે સંયુક્ત રાજ્યોમાં સમન્વય. આવા એ કૉમનવેલ્થમાં ગમે તે જાતિ, આદિમતા, વર્ણ કે માન્યતા હોવા છતાં સૌ સમાન અને સ્વતંત્ર હશે. પ્રાદેશિક સમવાયતંત્રમાં આવેલા તમામ રાષ્ટ્રીય એકમો આફ્રિકી સંઘના સહિયારા હિત સિવાયની તમામ બાબતોમાં સ્વયંશાસિત હશે. આ અમારું દર્શન છે આવતી કાલના આફ્રિકાનું — આ અમારું ધ્યેય છે સર્વ-આફ્રિકીવાદનું.'

આફ્રિકા ખંડના સમર્થ અભ્યાસી કૉલિન લેગમના શબ્દોમાં કહીએ તો સર્વ-આફ્રિકીવાદ શ્યામ પ્રજાઓની આધ્યાત્મિક એકતા અને અનન્યતામાંની શ્રદ્ધા છે. આફ્રિકામાં તેમના આત્મ-નિર્ણયના અધિકારનો તથા દુનિયાના બીજા ભાગોમાં સમાનતાને નાતે આદર પામવાના અધિકારનો એમાં સ્વીકાર છે. એનો બીજો અર્થ છે: 'ગોરાપણાની સામે શ્યામપણાનો ગૌરવપૂર્ણ સ્વીકાર. આફ્રિકી ભૂતકાળની મહાન ગૌરવકથા તરીકે શ્યામપણાને જોવું. આવા વર્ણવાળી અન્ય પ્રજાઓ સાથેની સાંકળ તરીકે તેને જોવું, તેનાથી કમકમીને ભાગી ન છૂટવું — પરંતુ તેને આલિંગવું.'

આફ્રિકાથી ઇતર મુલકોમાં ફંગોળાઈ ગયેલી શ્યામ પ્રજાઓને મન સર્વ-આફ્રિકીવાદ એ વતનવિહોણાપણાની ભાવનાને દૂર કરવા માટેનું પ્રતીક છે. ૧૮૯૬માં ડૉ. અલ્બર્ટ યૉર્ન કહ્યું હતું તેમ 'આફ્રિકા એ જ દુનિયાનો એવો ખૂણો છે, જ્યાં આપણને હરહંમેશ પ્રજા તરીકે આદર મળ્યા કરશે.' પ્રજાકીય જાગૃતિનાં પરિબળોએ આટલાન્ટિક ત્રિકોણ સર્જ્યો છે. વેસ્ટ ઇન્ડીઝ, યુનાઇટેડ સ્ટેટ્સ અને આફ્રિકા એ તેનાં ત્રણ બિંદુઓ છે. એમાંથી સર્જાયો છે સર્વ-આફ્રિકીવાદ. તેમાં માન-નારાઓને મન સમગ્ર આફ્રિકાની ધરતી એક અને અવિભાજ્ય છે. તમામ નદીઓ, પહાડો અને દેશો કશીયે કૃત્રિમ સરહદો વિના એકમેકમાં ગૂંથાઈ જાય છે. સમગ્ર આફ્રિકા એ એક એકમ છે.

આમ, આફ્રિકા બહાર જીવતી મૂળ આફ્રિકી પ્રજાઓએય પોતાની મુક્તિ માટે પ્રેરણાસ્થાન તરીકે આફ્રિકા તરફ નજર માંડી રાખી અને તેમાંથી વિશ્વ સમસ્તની શ્યામ પ્રજાની એકતાનો, ગૌરવનો, સમાનતાનો ખ્યાલ સર્વ-આફ્રિકીવાદ તરીકે અસ્તિત્વમાં આવ્યો છે.

ઘાનાની રાજધાની આક્રામાં ૧૯૫૮માં મુક્ત આફ્રિકી દેશોની પ્રથમ પરિષદ ભરાઈ. તેમાં આઠ દેશોએ હાજરી આપી. તે દેશો હતા ઘાના, લાઇબેરિયા, ઇજિપ્ત, ટ્યુનિસિયા, લિબયા, મોરોક્કો, સુદાન અને ઇથિયોપિયા.

તેની બીજી પરિષદ ૧૯૬૦માં ઇથિયોપિયાની રાજધાની એડીસઅબાબામાં ભરાઈ. આ તબક્કે તેમાં તડ પડી અને સંખ્યાબંધ જૂથો રચાયાં, પ્રતિસ્પર્ધી સંગઠનો ઊભાં થયાં. ૧૯૬૦માં જ બાર ફ્રેન્ચભાષી રાજ્યોનું એક બ્રેઝવિલે જૂથ રચાયું અને તેમણે 'યુનિયન ઑફ આફ્રિકા ઍન્ડ મલાગાસી'-ની રચના કરી. ૧૯૬૧ના જાન્યુઆરીમાં તેના હરીફ જૂથ તરીકે કાસાબ્લાન્કા જૂથની રચના થઈ. તેના સભ્યો હતા ઘાના, ગીની, માલી, યુ.એ.આર., લિબયા અને અલ્જીરિયાની કામચલાઉ સરકાર.

૧૯૬૧ના મે માસમાં આ બંને જૂથો વચ્ચે સમાધાન કરવાના હેતુથી લાઈબેરિયામાં એક જૂથની રચના કરવામાં આવી. તેમાં બ્રેઝવિલે જૂથના બાર સભ્યો ઉપરાંત, લાઇબેરિયા, નાઈજીરિયા, સોમાલિયા, સિએરાલિયોન, ટોગોલૅન્ડ, ઇથિયોપિયા અને લિબયા જોડાયા. ટયુનિસિયા નિરીક્ષક તરીકે હાજર રહ્યું. સમાધાન માટે લાગોસ ખાતે ભરાયેલી પરિષદ નિષ્ફળ નીવડી.

૧૯૬૩ના મેમાં સર્વ-આફ્રિકીવાદની પ્રેરણાએ પોતાનું રાજકીય ધ્યેય સિદ્ધ કર્યું અને એડીસ-અબાબામાં 'ઑર્ગેનિઝેશન ઑફ આફ્રિકન યુનિટી'ની સ્થાપના કરી. આ સંસ્થાની તકલાદી એકતા માંડ જળવાઈ રહી છે અને અવારનવાર તેના આશ્રયે આફ્રિકી રાજ્યોના વડાઓની બેઠકો મળી છે. આમ સર્વ-આફ્રિકીવાદના ખ્યાલને સંસ્થાકીય સ્વરૂપ આપવાના પ્રયાસો મૂર્તિમંત થયા છે. જોકે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ આફ્રિકાનું ધ્યેય તો સિદ્ધિથી ઘણું દૂર છે.

આફ્રિકી દૃષ્ટિબિંદુ

યુરોપીય પ્રજાઓનું આફ્રિકી પ્રજાઓ ઉપરનું આક્રમણ સર્વાશ્લેષી હતું. યુરોપિયનોએ તેમની જમીનો અને ખનિજસંપત્તિ તો ધરાર પડાવી લીધાં. પરંતુ તેમનો 'ઉદ્ધાર' કરવા માટે ખ્રિસ્તી ધર્મનાં મૂલ્યો ઉપરાંત પશ્ચિમમાં રિનેસાંસ પછી પ્રતિષ્ઠિત થયેલા ઔદ્યોગિક સમાજનાં મૂલ્યોનો અને માન્યતાઓનો પ્રસાર પણ ભરપટ્ટે કર્યો. તેઓ કાળા યુરોપિયનો પેદા કરવા માગતા હતા. પરંતુ યુરોપના સંપર્કમાં આવતાંવેંત આફ્રિકી કાળી પ્રજાઓમાં સ્વાધીનતાની ઝંખના જાગી અને સ્વત્વની ખોજ શરૂ થઈ. શ્યામ પ્રજાઓનું 'પોતાપણું' એટલે શું તેને વિશે તેઓ વધુ ને વધુ સભાન બનતા ગયા. રાજકીય સ્વાધીનતા મેળવવાની સાથોસાથ પોતાના સ્વત્વની પ્રતિષ્ઠા માટે સક્રિય બન્યા.

આ આફ્રિકી દૃષ્ટિબિંદુ એટલે શું? તેનો લગભગ કાવ્યમય ખ્યાલ ન્યાસાલૅન્ડના ડૉ. હુન્ડુઝુ ચીસીઝાએ આપ્યો છે. એમની રજૂઆતના મહત્ત્વના મુદ્દા આમ સારવી શકાય:

(ક) અમે નથી પૂર્વના કે નથી પશ્ચિમના. મૂળભૂત રીતે અમે છીએ નિરીક્ષકો, તલસ્પર્શી નિરીક્ષકો. બુદ્ધિની પ્રક્રિયા કરતાં હૈયાસૂઝ ઉપર અમે વધુ આધાર રાખીએ છીએ. અમે ન તો ગૂઢવાદમાં ઉત્કૃષ્ટ છીએ કે ન તો વિજ્ઞાન અને યંત્રવિદ્યામાં. અમારી ઉત્કૃષ્ટતા છે માનવસંબંધો વિકસાવવામાં. . . . અનંત કાળથી અમે કદી દાવો નથી કર્યો કે અમે સત્યના હાર્દ સુધી પહોંચ્યા છીએ. બીજી સંસ્કૃતિઓમાંથી પણ ઘણું શીખવાનું છે. અને તેથી અમે અમારી માન્યતાઓ બીજી પ્રજાઓ ઉપર ઝીંકતા નથી.

(ખ) પશ્ચિમમાં એવી વૃત્તિ જોવા મળે છે કે માણસ કામ કરવા માટે જીવે છે. અમે માનીએ છીએ કે માણસ જીવવા માટે કામ કરે છે. પરિણામે અમે નિરાંતને ઘણી ઊંચી પસંદગી આપીએ છીએ. જીવન, સત્ય અને સૌંદર્યની ઉપાસના કરતાં, વિશેષ તો, સુખની સાધના માટે છે. આથી અમે એકાન્તિકવાદ, વ્યક્તિવાદ, નકારાત્મક લાગણીઓ અને તંગદિલીને ઇનકારીને સુખની સાધના કરીએ છીએ. અમે સમૂહજીવન ઉપર ભાર મૂકીને વિધાયક લાગણીઓને પ્રોત્સાહન આપીને, નિરાંત-થી જીવવાની ટેવ પાડીને અને ઇચ્છાઓને મર્યાદિત કરીને પણ પ્રસન્નતા સાધીએ છીએ. અમે અમારું જીવન વર્તમાનમાં જીવીએ છીએ. અમારે માટે ભૂતકાળ એ ન તો અભિમાનનું સાધન છે, ન તો કડવાશનું.

(ગ) પરિવર્તન ઇચ્છવાની અમને જે ટેવ પડેલી છે તેના વડે અમારી ધર્મ તરફની વૃત્તિ નિર્ધારિત થયેલી છે. અમે ધાર્મિક શ્રદ્ધાને ત્યાં સુધી વળગી રહીએ છીએ, જ્યાં સુધી એ એક જ શ્રદ્ધાથી અમે પરિચિત હોઈએ. 'ધર્મ તો માત્ર એક જ છે, પરંતુ તેનાં સ્વરૂપો જુદાં જુદાં છે.' ઇકબાલ કહે છે તેમ 'દીવા ઘણા છે, પરંતુ પ્રકાશ એક જ છે.'

(ઘ) અમે ગાઢ અને મજબૂત કૌટુમ્બિક સંબંધોમાં માનીએ છીએ. અમે વિશ્વબ્રાતૃત્વની વાત પણ કરીએ છીએ પરંતુ પ્રેમ શૂન્યમાંથી જન્મતો નથી. તેનું મૂળ છે કૌટુમ્બિક પ્રેમ. માનવ-જાતની એકાત્મતા કૌટુમ્બિક પ્રેમની કેળવણી ઉપર આધાર રાખે છે.

(ઙ) સત્તારૂઢ લોકો જ્યારે વિકાસના ઉપયોગી ખ્યાલો પેદા કરી શકતા નથી ત્યારે તેઓ યુદ્ધનો આશ્રય લે છે. સાંસ્થાનિક સત્તાઓએ જ્યારથી આફ્રિકામાં રાષ્ટ્રવાદી સરકારોની સ્થાપના કરી છે ત્યારથી વિવિધ આદિમ જાતિઓ વચ્ચેનાં યુદ્ધોએ વિદાય લીધી છે. આ જ પ્રમાણે આગળ વધીને અમારી રાષ્ટ્રીય સરકારો તેમની યોજનાઓ પૂરી કરશે તે પ્રક્રિયા દરમિયાન જ અમે આંતરરાષ્ટ્રીય સરકાર રચીશું.

(ચ) અમે 'હું' અને 'મારું' બંનેને તિરસ્કારીએ છીએ અને 'આપણા' ઉપર ભાર મૂકીએ છીએ. અમારે માટે વ્યક્તિવાદ પરાયો છે અને તે નજરે પડે તેટલા માત્રથી પણ અમે ત્રાસી ઊઠીએ છીએ.

(છ) સામૂહિક પ્રવૃત્તિઓ માટેનો પ્રેમ એ પણ અમારી એક લાક્ષણિકતા છે. અમારે ત્યાં બધું જ સમૂહમાં થાય છે. બીજી વ્યક્તિઓ માટેનો સહજ પ્રેમ અમારા સમાજમાં અનંતકાળથી અસ્તિત્વ ધરાવે છે.

(જ) અમે જાણીતા છીએ અમારી વિનોદવૃત્તિ માટે અને ખિન્નતા પ્રત્યેની નાપસંદગી માટે. અમારું જીવનતત્ત્વ છે વિનોદ. આથી તો આફ્રિકા 'હાસ્યની ભૂમિ' કહેવાય છે. હાસ્ય તંગદિલી હળવી કરે છે. જેઓ સહેલાઈથી હસી શકે છે તેઓ પ્રસન્નતાથી જીવી શકે છે. આથી જ અમે કોઈ પણ પ્રકારના ઉશ્કેરાટ વગર જીવીએ છીએ. આથી જ અમે અમારી ભૂમિ ઉપરનાં વિદેશીઓનાં ગાંડપણભર્યાં ટોળાંઓને સહી લઈએ છીએ. આ ગાડાંઘેલાં ટોળાંઓને તો તેમનો સમાજ પણ ન સહી લે. જેઓ અંદરખાનેથી સ્વાર્થી, વ્યક્તિવાદી અને કૃતઘ્ની હોય તેમના ઉપર પણ અમે અમારો પ્રેમ વેડફીએ છીએ.

(ઝ) ઉદારતા, દયા અને ક્ષમાવૃત્તિ દાખવવામાં અમે આનંદ માણીએ છીએ એવી અમારી આબરૂ છે. અમે સાંકડા મનના બનીને સમૃદ્ધ થવા માગતા નથી. અમારા પૂર્વજોએ હજારો એકર જમીન જ્યારે વિદેશીઓને આપી ત્યારે અમે રુશવતખોરી કે મૂર્ખાઈથી નહીં પણ અમારી લગભગ ટેવગત ઉદારતાથી પ્રેરાયા હતા. આ ઉદારતા કેવળ અમારી પ્રજા પૂરતી જ મર્યાદિત રહી ન હતી. વિદેશીઓની અમે કઈ સેવા કરી નથી? પરંતુ બદલામાં અમને મળ્યાં છે તિરસ્કાર, દુર્વ્યવહાર અને હાંસી. જોકે ઈશ્વર જાણે છે કે અમારી ઉદારતા હીનભાવમાંથી નથી જન્મી. ઈશ્વર જાણે છે કે અમે મૂર્ખ છીએ માટે ઉદાર નથી. તેનો અમને આદેશ છે કે અભિમાનની લત ન લગાડશો, ઉદારતાની લત ભલે લાગે.

(ન) અમારી બીજી વિશેષતા છે સંગીત અને નૃત્ય માટેનો અમારો પ્રેમ. આ છે અમારા જીવનનો આનંદ. અમારાં ગળાં ઊભરાય છે સંગીતથી. અમારા પગોમાં છલકાય છે નૃત્ય. અમારાં શરીરો ડોલે છે લયથી. બીજી પ્રજાઓ અને અમારી વચ્ચે ફરક એ છે કે અમે જે કાંઈ કરીએ છીએ તે બધામાં સભાનપણે લય કેળવીએ છીએ.

(ટ) અમારી માન્યતાઓ બીજી પ્રજાઓ ઉપર ઠોકી બેસાડવાનો અમને સખત અણગમો છે. યુરોપની પ્રજાઓ એમ માનતી આવી છે કે તેમને જ સત્ય લાધી ગયું હોઈ પોતે આફ્રિકી પ્રજા પાસેથી કશું પામવાપણું છે જ નહીં. પરંતુ આ પ્રકારની વિચારણા પ્રગતિને રૂંધે છે. મનુષ્યની પ્રગતિ તો વિચારોના એકધારા સમન્વયમાંથી અને જીવનપ્રણાલીના સંમિશ્રાણમાંથી થાય છે, માન્યતાઓના આદાનપ્રદાનમાંથી થાય છે. અને સૌથી વધુ તો એમ માનવાની તૈયારીમાંથી થાય છે કે હજુ સર્વોત્કૃષ્ટ આવવાનું જ છે, બનવાનું જ છે. જેઓ પોતાના વિચારો વિશે, પોતાની માન્યતાઓ વિશે આગ્રહી નથી તેઓ એટલું જાણે છે કે જે મન ખુલ્લું રાખે છે તેને જ્ઞાન અને ડહાપણના ખજાનાની ચાવી મળી આવે છે.

ધાર્મિક પરિબળો

યુરોપિયનોના આગમન પહેલાં આફ્રિકાની ધાર્મિક માન્યતાઓમાં આધિભૌતિકતા, બ્રહ્માંડરચના અને નૈતિક તેમ જ રાજકીય સિદ્ધાંતો અને માન્યતાઓ એ બધું એકરૂપ હતું. ધર્મની ભાષા એ જ રાજકારણની ભાષા હતી. આથી આવી ધર્મપરાયણ અને નિરક્ષર પ્રજાને જગાડવી હોય ત્યારે તે માટેનાં કોઈ પણ આંદોલનોમાં નવા ખ્યાલો મૂકવા માટે ધાર્મિક પ્રતીકો અને ભાષા વાપરવાં પડે; પ્રતીકો, પ્રતિમાઓ અને વિધિઓનું જ વધુ મહત્ત્વ રહે. બીજું, આફ્રિકામાં રાજકીય ઘૂસણખોરી થઈ તેના મૂળમાં દેવળોએ પ્રજામાં ઊંડે લગી પ્રવેશ કર્યો તે હતું. આથી ખ્રિસ્તી માન્યતાઓ, પ્રણાલિકાઓ, પરિભાષા વગેરેનો સ્વીકાર થયો. બાઇબલ સંદર્ભગ્રંથ બન્યો અને તેથી પ્રજામાં જ્યારે બેદિલી પેદા થઈ ત્યારે તેની અભિવ્યક્તિ પણ ખ્રિસ્તી સૂત્રોમાં, ઉદ્‌ઘોષોમાં થઈ. ત્રીજું, જ્યૂઇશ ક્રિશ્ચન માન્યતાઓ સાંસ્થાનિક આફ્રિકાને અનુકૂળ હતી. આફ્રિકી લોકો પોતાને પીડિત પ્રજા, અને 'વરાયેલી પ્રજા' માનતા હતા. પોતાને બાઇબલમાં ઉલ્લેખાયેલા 'ઇઝરાયલ'નાં સંતાનો માનતા હતા. બાઇબલમાં કહ્યા પ્રમાણે અત્યારે તો તેઓ વેરાનમાં ભટકતા હતા, પરંતુ તેમને તારણહાર મળવાનો જ હતો અને એ તેમને વરભૂમિ તરફ લઈ જવાનો હતો એવી ઊંડી અંત:પ્રતીતિ હતી. ચોથું, યુરોપવાસીઓની સિદ્ધ થયેલી યંત્રવિદ્યાકીય અને લશ્કરી તાકાતની ઉત્કૃષ્ટતાની સામે આફ્રિકી પ્રજાઓ ધર્મ દ્વારા પોતાની નૈતિક તાકાતની ઉત્કૃષ્ટતા આગળ કરતી હતી અને માનતી-મનાવતી હતી કે અંતિમ વિજય નૈતિક તાકાતનો જ થવાનો છે. દક્ષિણ આફ્રિકામાં સ્થપાયેલાં બાન્ટુ પ્રજાનાં અલગ દેવળો તો એમ માનતાં હતાં કે 'સ્વર્ગ તો માત્ર શ્યામ પ્રજાઓ માટે જ છે.'

ગોરા સાંસ્થાનિકો તરફથી થતા જોરજુલમ અને દમન, આદિમજાતીય સમાજોનું વિઘટન, વ્યાપારી મૂલ્યોના ચોમેરથી થતા આક્રમણ સામેના રોષ આદિને કારણે આફ્રિકી પ્રજાઓ ગોરી પ્રજાઓના વિવિધ સંપ્રદાયોનાં દેવળોમાંથી પ્રેરણા મેળવ્યા છતાં, તેમનાથી અલગ પડીને પોતાનાં આગવાં દેવળો સ્થાપવાને પ્રેરાઈ હતી. આ અલગ દેવળોની માગણી પ્રજાકીય જાગૃતિ સાથે સંકળાયેલી હોઈને પોર્ટુગાલે તો પોતાના વિસ્તારોમાં પ્રૉટેસ્ટન્ટ દેવળોને પ્રવેશવા જ નહોતાં દીધાં.

સંસ્થાનવાદીઓની ધર્મબુદ્ધિ !

તે માનતું કે કોઈ વ્યક્તિને એમ કહેવું કે તે બાઇબલનો અર્થ કરવાને મુક્ત છે એનો અર્થ જ એ છે કે તેને બાગી બનવાની અણછાજતી છૂટ આપવી. પ્રૉટેસ્ટન્ટ દેવળો રાષ્ટ્રવાદના અગ્રદૂત રહ્યાં છે એ ધારણાને ઇતિહાસે પૂરું સમર્થન આપ્યું છે.

ઓગણીસમી સદીના અંતભાગમાં દક્ષિણ આફ્રિકામાં જે અલગતાવાદી દેવળો ઊભાં થયાં તે 'ઇથિયોપિયન' દેવળો તરીકે ઓળખાય છે. બાઇબલના ૬૮મા સામમાં એવો ઉલ્લેખ આવે છે કે ઇથિયોપિયા વહેલું વહેલું ઈશ્વર પ્રત્યે પોતાના હાથ લંબાવશે. ઇથિયોપિયાનો પ્રાણાલિકાગત અર્થ 'કાળી ચામડીવાળા લોકો' અને સવિશેષે આફ્રિકાવાસીઓ એવો થતો રહ્યો છે. ઓગણીસમી સદીના પ્રારંભથી જ્યારે અમેરિકામાં ગુલામીવિરોધી ચળવળ ચાલતી હતી ત્યારથી એ દેશ આફ્રિકાના

સ્વાતંત્ર્ય સાથે સંકળાયેલો છે. બાઈબલના સમર્થને તેને આફ્રિકી મુક્તિનું પ્રતીક બનાવ્યો છે. આ બધું ઓછું હોય તેમ યુરોપીય સત્તાઓએ આફ્રિકાનું ખંડવિભાજન કર્યું ત્યારે ઈથિયોપિયાએ ૧૮૯૬માં આડોવા ખાતે ઈટાલીના સૈન્યને પરાસ્ત કર્યું અને આફ્રિકાવાસીઓની નજરમાં આફ્રિકાના એકમાત્ર સ્વાધીન રાષ્ટ્ર તરીકેનું સ્થાન હાંસલ કર્યું. વાસ્તવમાં ત્યાં ખૂબ જૂની રાજાશાહી હતી. ઘણા યુરોપીય દેશો કરતાં પણ જૂનું રાષ્ટ્રીય ખ્રિસ્તી દેવળ હતું. સ્થાનિક લેખિત ભાષા અને લિપિ હતી. પોતાનું આગવું સર્જનાત્મક અને ધાર્મિક સાહિત્ય પણ હતું. આથી જ્યારે અન્ય દેશો અને પ્રજાઓ ગુલામીમાં સપડાયાં ત્યારે સ્વાધીન ઈથિયોપિયાની પ્રતિષ્ઠા ખૂબ ઊંચી ગઈ. અન્યત્ર જે દેવળો છૂટાં પડ્યાં તે બધાંએ અહીંના રાષ્ટ્રીય દેવળ સાથે સંબંધ સ્થાપવાનો પ્રયાસ કર્યો. આમ ઈથિયોપિયા અજેય આફ્રિકી પ્રજાનું જીવંત દૃષ્ટાંત બની ગયું અને ભવિષ્યના મુક્ત આફ્રિકાનો ખ્યાલ કે નમૂનો પણ બની રહ્યું; જ્યારે 'ઈથિયોપિયનિઝમ' આપણી સદીમાં પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયના આફ્રિકી પુનર્નિવેદન સમું બની રહ્યું. તેમાં સત્તાની સાથે ધર્મગ્રંથનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવ્યું. વ્યક્તિગત અર્થઘટનનો અધિકાર સ્વીકારાયો. નૈતિક અને સામાજિક રૂઢિચુસ્તતાની સામે વિરોધ કરવામાં આવ્યો અને રાષ્ટ્રીય દેવળોની માગ બુલંદ કરવામાં આવી.

બીજી તરફ આવાં અલગતાવાદી દેવળો ઝિયોનિસ્ટનાં હતાં. તેઓ પયગંબર કે અવતાર પર ભાર મૂકતાં હતાં; સાહજિકતા, સંવેગવાદ અને કર્મકાંડને અગત્ય આપતાં હતાં. તેમનું સંગઠન અસ્થિર અને ઢીલું હતું. તેઓ કબૂલાતો, સ્વપ્નાં, દોરાધાગા, પવિત્ર કપડાં, જાત્રા, શુદ્ધીકરણ, નૃત્ય અને ચમત્કારોમાં માનતા. દેવળની પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ ભજવતી. તેઓ યુરોપીય શિક્ષણ અને સારવાર પદ્ધતિનો વિરોધ કરતા. ધર્મમાં માનનારાઓ સમાજની પરિપૂર્ણ પુનઃરચના વિશે આશાવાદી હતા તેમ જ ઉદ્દામ રાષ્ટ્રવાદ સાથે સંકળાયેલા હતા.

અલગ દેવળો માટેનું એકમાત્ર બહારનું પ્રેરક બળ રહ્યું છે અમેરિકામાં જન્મેલું ગાર્વે આંદોલન. તેમાં ઈથિયોપિયનિઝમ અને ઝિયોનિઝમ એ બંનેનાં તત્ત્વો ગૂંથાયેલાં છે. જમૈકાના નિગ્રો મારકયુઝ ગાર્વેએ ૧૯૧૪માં યુનિવર્સલ નિગ્રો ઈમ્પ્રૂવમેન્ટ ઍસોસિયેશનની સ્થાપના કરી હતી અને પોતાની જાતે જ પોતાને 'આફ્રિકાના કામચલાઉ પ્રમુખ' તરીકે બારોબાર નિયુક્તિ આપી હતી, ઉમરાવોનો વર્ગ ઊભો કર્યો હતો, આફ્રિકી ઑર્થોડૉક્સ ચર્ચની સ્થાપના કરી હતી, 'આફ્રિકન વર્લ્ડ' નામક સામયિક પ્રકાશિત કર્યું હતું અને આફ્રિકી અને બિનઆફ્રિકીઓનાં સંમેલનો પણ બોલાવ્યાં હતાં. આફ્રિકાના સ્વાતંત્ર્ય માટે સ્વતંત્ર દેવળો એ જ એક અગત્યનું સાધન છે એમ સમજાવવામાં તે સફળ થયો હતો; અને પ્રથમ વિશ્વયુદ્ધ પછીના ભારે બેચેનીના ગાળામાં બ્રિટિશ અને ફ્રેન્ચ પશ્ચિમ આફ્રિકા, કેમેરૂન અને દક્ષિણ આફ્રિકામાં તેની ખાસ અસર જોવા મળી હતી.

આ અલગતાવાદી દેવળોની માગણી અને સાક્ષાત્કારની પાછળ એ માન્યતા રહેલી છે કે રાષ્ટ્રીય દેવળો જ રાષ્ટ્રવાદની ભાવના જન્માવી શકે. આ દેવળોએ તેમનામાં ભ્રાતૃભાવ પૂરો પાડ્યો છે, તેમને માનવગૌરવ અર્પ્યું છે, શક્તિશાળી સ્ત્રીપુરુષોને સત્તા અને નેતૃત્વનું સ્થાન આપ્યું છે, શહેરોની ગંદકી અને ભીંસમાં પીડાતી પ્રજાને ઊર્ધ્વીકરણની ભાવના પૂરી પાડી છે. આમ દેવળોએ યુરોપીય ભૌતિક સત્તા સામે વિરોધની કે વિદ્રોહની ભાવનાને આધ્યાત્મિક કે ધાર્મિક કક્ષાએ લઈ જઈને આફ્રિકી નેતૃત્વ હેઠળ, આફ્રિકી સમાજની પુનઃરચનાનું ધ્યેય રાખ્યું છે. જ્યાં સંસ્થાનવાદ

ખૂબ માતેલો ને વકરેલો હોય એવા દક્ષિણ આફ્રિકા જેવાં સંસ્થાનોમાં 'મુક્તિ' માટેનું 'એકમાત્ર' ક્ષેત્ર દેવળોએ પૂરું પાડયું છે, અને પ્રજાની વિદ્રોહની ભાવનાને સંવાહિત કરી છે.

કેટલીક વિભૂતિઓએ અને અવતારી મનાયેલી વ્યક્તિઓએ પણ આફ્રિકી પ્રજાહૃદયોને પ્રેરણા પૂરી પાડી છે. તેમણે નિરાશા, વ્યથા અને યાતનાઓમાં પડેલી પ્રજાઓને સધિયારો આપ્યો છે: 'વર્તમાન દુ:ખોનો અંત નક્કી જ છે. અત્યારનું શયતાની શાસન ટકી શકે જ નહીં અને સુવર્ણયુગ આવવાનો છે.' બાઇબલ કે કુરાનમાંથી પ્રેરણા મેળવનારા આવા પયગંબરોએ પ્રજાના દિમાગને એટલી હદે જાગ્રત કર્યું છે કે જેથી પરિવર્તન સંભવિત જણાય છે. અહીં તેમણે નવી સામાજિક-રાજકીય રચના અને નવી વૈશ્વિક રચનાનો મેળ બેસાડીને અનેક ભાવોદ્રેકો દ્વારા યુરોપીય સત્તાને પડકારી છે. એકંદરે ખ્રિસ્તી ધર્મે, ઇસ્લામે અને સ્થાનિક ધર્મોએ પણ પ્રજાની 'મુક્તિ' માટેની ભાવનાની અભિવ્યક્તિ માટેની તકો પૂરી પાડી છે અને સ્વાધીનતા આંદોલનને પોતાની આગવી રીતે પુષ્ટ કર્યું છે.

પોર્ટુગીઝ સૈનિક.
આફ્રિકી હબસીની નજરે

વાસ્કો દા ગામા
[ઈ. સ. ૧૪૬૯–૧૫૨૪]



પોર્ટુગીઝ ગવર્નરે નઝિંદા(એક આફ્રિકી રાજરાણી)ને વાટાઘાટો માટે નિમંત્રી તો ખરી, પણ આસન આપવાનોય વિવેક ન દાખવ્યો ત્યારે રાણીએ પોતાની દાસી પર આસન લઈ ગૌરવ જાળવ્યું વાટાઘાટ વેળાએ હાજર રહેલા એક યુરોપિયને એ દૃશ્યને અહીં રેખા આપી છે.

૧૫ : આફ્રિકા – પૂર્વરંગ

પોતાની યંત્રવિદ્યાકીય પ્રગતિથી મગરૂર થઈને યુરોપવાસીઓ એમ માનતા-મનાવતા આવ્યા હતા કે આફ્રિકા ખંડ એ અંધારો ખંડ છે. ત્યાંની પ્રજાઓને કોઈ 'ઇતિહાસ' નથી; તેઓ પથ્થર-યુગમાં જીવે છે; કારણ કે તેમણે નથી શોધ્યું ચક્ર કે નથી વિકસાવી લિપિ. બૌદ્ધિક દૃષ્ટિએ તેઓ બાળક જેવા છે. આ બધી વાયકાઓને વૈજ્ઞાનિકતાના વાઘા પહેરાવવાના ભરપૂર પ્રયાસો છતાં તે તથ્યહીન પુરવાર થઈ ચૂકી છે. એટલું તો સ્થાપિત થઈ ચૂકયું છે કે તેમના શ્યામ વર્ણ, ગૂંચળા-વાળા વાળ, ખોપરીના આકાર અને મુખાકૃતિને તેમની શક્તિઓ કે સિદ્ધિ પ્રાપ્ત કરવાની ક્ષમતા સાથે કશો વિપરીત સંબંધ નથી.

ઇજિપ્તની સંસ્કૃતિ જો પુરાણતમ મનાતી હોય તો તેની ભૂગોળ તો આફ્રિકાની જ. નાઈલ નદીના કાંઠે ઇસ્લામના આગમનથી હજારો વર્ષો પૂર્વે વિકસેલી સંસ્કૃતિ એ માત્ર ગૌરવર્ણી પ્રજાઓની જ સંસ્કૃતિ ન હતી. એ જ નાઈલકાંઠે, તેની સહેજ નીચે વિકસી હતી એક કુશ સંસ્કૃતિ અને બીજી મેરોઈ સંસ્કૃતિ; અને મેરોઈ પ્રજાના નિવાસનો પ્રદેશ તે તે જમાનાનો સૌથી મોટો લોહ-ઉત્પાદક વિસ્તાર; પૂર્વ કિનારે સુદાનમાં અને પશ્ચિમમાં નાઇજર નદીને કાંઠે વિકસેલી સંસ્કૃતિઓ અને રાજ્યો વિશેનાં સંશોધનોનો તો હજુ હવે પ્રારંભ થયો છે. આફ્રિકાને પશ્ચિમ કાંઠે, ઘાના, બોર્નુ, સોંઘાઈ, માલી અને કનેમ જેવાં અનેક રાજ્યો કે સામ્રાજ્યોના અસ્તિત્વ વિશે હવે તો પૂરતા પુરાવાઓ મળી આવ્યા છે. આરબ પ્રજાઓ ઉપરાંત ભારતીય અને મલય પ્રજાઓ પણ વ્યાપારી હેતુસર પૂર્વ કાંઠાની આફ્રિકી પ્રજાઓના સંપર્કમાં હતી. બ્રિટિશ પ્રજાને જ્યારે રોમનો સંસ્કાર આપી રહ્યા હતા ત્યારે આફ્રિકાની અસ્કૂમ પ્રજા ભારત સાથે શાંતિપૂર્વક વ્યાપાર કરતી હતી.

સમસ્ત આફ્રિકા પોતાનો આગવો વિકાસ સાધીને ભિન્ન ભિન્ન કક્ષાએ જીવતું હતું. ઓગણીસમી સદીના અંત સુધીમાં ત્યાંની મોટા ભાગની પ્રજાઓએ યુરોપના જેવું ઘણું સિદ્ધ નહોતું કર્યું. આમ છતાં તેમણે પોતાની આગવી ભાષાઓ, સમાજવ્યવસ્થાઓ, ધર્મો અને આર્થિક વ્યવહારો અવશ્ય વિકસાવ્યાં હતાં. તેનાં વિવિધ સ્વરૂપો અહીં સંક્ષેપમાં જોઈશું.

ઓગણીસમી અને વીસમી સદીમાં પશ્ચિમ આફ્રિકામાં અશાન્ટી, દેહોમે, યોરુબા, કોંગો તથા બુશોંગ જેવાં રાજ્યો અસ્તિત્વમાં હતાં. રાજા રાજ્ય ને ધર્મનો વડો અને ન્યાયનું પ્રતીક ગણાતો હતો. પ્રાદેશિક વહીવટ માટે તે પરસ્પર સ્વીકૃત એવા અધિકારીઓ તરીકે પોતાનાં કુટુંબીજનો કે સામન્તોને નીમતો. અધિકારીઓ મહેસૂલ ઉઘરાવી, પોતાની જવાબદારી અનુસાર રાજા સાથે વહેંચણી કરી લેતા. રાજાની મનસ્વિતાને રોકવા વિવિધ સમિતિઓ રચાતી. જે ઝઘડા ન્યાયતંત્રથી ન ઊકલતા તે દેવવાણી(ઑરેકલ્સ)થી ઉકેલાતા. રાજ્યનાં ઘણાં કાર્યો, પોતાની આગવી વ્યવસ્થા અને નિયમોને આધારે રચાયેલાં.

એકંદરે, આફ્રિકી સમાજો રાજ્યવિહીન હતા — કહો કે રાજ્યનું અસ્તિત્વ પ્રતીકાત્મક હતું. રાજકીય પ્રશ્નોનો ઉકેલ સમાજવ્યવસ્થા દ્વારા લાવવામાં આવતો હતો. આપણને અનુભવ છે તેવાં બધાં જ રાજ્યો આખરે એક-કેન્દ્રી છે. આફ્રિકી સમાજ દ્વિ-કેન્દ્રી વ્યવસ્થા અનુસાર ગોઠવાયેલો છે. અત્યારે પણ આપણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રશ્નોના કે મતભેદોના ઉકેલ માટે સત્તાની સમતુલાના સિદ્ધાંતનો જ સ્વીકાર કરીએ છીએ. આફ્રિકી પ્રજાઓ 'સંયમ અને સમતુલા' દ્વારા પોતાના પ્રશ્નો ઉકેલે છે. વ્યક્તિઓ વચ્ચેના ઝઘડા પ્રથમ તો ભાઈઓ કે પિતરાઈઓને વચમાં લાવીને ઉકેલવામાં આવે છે. અતિ દૂરનાં એવાં જૂથો વચ્ચે જો ઝઘડો ઊભો થયો હોય તો તેમાં સગપણના નાતે ઘણાં મોટાં જૂથો સંડોવાય છે. આથી ઝઘડો થતો રોકાઈ જાય છે, મર્યાદિત બની જાય છે અથવા સમાધાન કે સન્ધિ થવા પામે છે. સમાધાન કરાવનાર 'બહારના માણસો' બંને જૂથના સંબંધી હોઈને તેમ જ ઝઘડાઓ સમાન અને સમતોલ જૂથો વચ્ચેના હોઈને તેના ઉકેલ માટે કોઈ વહીવટી તંત્રની જરૂર પડતી નથી. ભૂવા, માતાઓ અને રમતગમતના મુકાબલાઓ પણ પ્રશ્નો ઉકેલી આપે છે. ટૂંકમાં, તેમની સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા આપણી આંતરરાષ્ટ્રીય કાનૂની વ્યવસ્થાને મળતી આવે છે. સમાજવ્યવસ્થા જ રાજ્યના બળપ્રયોગના કાર્યને પાર પાડી આપે છે.

આફ્રિકાના મોટા ભાગના મૂળ ધર્મો એકેશ્વરવાદી છે અને તેઓ તે ઈશ્વરને જ વિશ્વ અને માનવકુલનો સ્રષ્ટા માને છે. ઈશ્વર અને મનુષ્યની વચ્ચે દેવો, પૂર્વજો અને જીવાત્માઓનું પણ સ્થાન છે. ધર્મમાં વિધિઓ અને કર્મકાંડોનું ભારે મહત્ત્વ છે અને તેમાં થયેલી ભૂલચૂક માંદગી કે પાકની નિષ્ફળતા લાવે છે એમ પણ મનાય છે. આરોગ્ય, કલ્યાણ અને બલિદાનોનો છૂટથી ઉપયોગ થાય છે. આફ્રિકી પ્રજાઓમાં જીવન એ જ સર્વોત્તમ મૂલ્ય હોઈ, જીવનતત્ત્વના પ્રભવસ્થાન સમા દૈવી તત્ત્વ સાથે અનુસંધાન કરવા માટે, સંબંધ સ્થાપિત કરવા માટે જીવનનું બલિદાન આપવામાં આવે છે.

આફ્રિકામાંનું ઇથિયોપિયા સદીઓથી એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે. અન્યત્ર પણ એ ધર્મની અસર છે. આફ્રિકાના આગેવાનો અને બૌદ્ધિકો પાદરીઓના હાથે શિક્ષણ પામ્યા હોઈ તેઓમાંના ઘણા ખ્રિસ્તી ધર્મ પાળે છે. જોકે ઉત્તર આફ્રિકામાં અને અમુક અંશે પૂર્વ આફ્રિકામાં ઇસ્લામનો પણ ફેલાવો થયો છે. ઉત્તરનાં અલ્જીરિયા, મોરોક્કો અને ટયુનિસિયા જેવા દેશો પોતાને ઇસ્લામી રાષ્ટ્ર કહેવડાવે છે. ઇસ્લામનો સ્વીકાર કરવામાં આફ્રિકાવાસીઓને પોતાના સંસ્કારોમાં અત્યંત નજીવા ફેરફારો જરૂરી બનતા હોઈને, ઇસ્લામ અને ઈસાઈ ધર્મ વચ્ચે મુકાબલો થવાની ભારે સંભાવનાઓ રહેલી છે.

સંબંધો, સંસ્થાઓ, ભાવો અને ચિંતનની બાબતમાં પોતાની તત્કાલીન સામાજિક આવશ્યકતાઓની દૃષ્ટિએ ઊતરતો ન જણાતો આફ્રિકા ખંડ ભૌતિક સમૃદ્ધિમાં જરૂર પાછળ છે. માથાદીઠ આવક, સરેરાશ આયુષ્ય, શિક્ષણનું પ્રમાણ અને ઉત્પાદકતા એ બધું જ નીચું અને ઓછું છે. અર્થતંત્ર અને નિકાસો ખેતીવાડીની પ્રાથમિક પેદાશો ઉપર જ આધાર રાખે છે અને વાહનવ્યવહાર પણ નિકાસલક્ષી આવશ્યકતા અનુસાર જ વિકસેલો છે. આખાયે આફ્રિકાનો ઔદ્યોગિક પાયો અત્યંત મર્યાદિત છે અને વિશ્વની ઔદ્યોગિક પેદાશોમાં તેનું પ્રદાન માંડ બે ટકા જેટલું છે. વળી, બહારના, પણ આફ્રિકામાં સ્થિર થયેલા, ગોરા અને ઘઉંવર્ણા લોકો નાણાતંત્ર, બજારો, ઔદ્યોગિક માલિકી અને સંચાલન ઉપર આધિપત્ય ધરાવે છે.

આમ છતાં પૃથ્વીના કુલ ભૂપૃષ્ઠના લગભગ પચીસ ટકા જેટલી જમીન ધરાવનાર આફ્રિકા ખંડ વિશ્વની કુલ વસ્તીના નવ ટકા જેટલી એટલે કે લગભગ ત્રીસ કરોડની વસ્તી ધરાવે છે. અત્યારે ત્યાંની પ્રજા પારાવાર ગરીબીમાં સબડી રહી છે એ સાચું, પરંતુ આ ખંડ ઉત્પાદન માટેની અફાટ સંભાવનાઓ ધરાવે છે. પશ્ચિમ યુરોપની સરખામણીમાં તે ત્રણગણી ખેડાણપાત્ર જમીન ધરાવે છે, બમણું પશુધન ધરાવે છે, ગોચરનું પશુદીઠ પ્રમાણ સાતગણું છે. વિશ્વના ખનીજના દસ ટકા અહીંથી આવે છે અને વિશ્વની ઉપયોગમાં લઈ શકાય તેવી જળવિદ્યુત શક્તિના બત્રીસ ટકા તેની પાસે છે. વિશ્વના કુલ યુરેનિયમના જથ્થામાંથી બાર ટકા અને થોરિયમના સાઠ ટકા ધરાવે છે. વિશ્વનાં અઢાર મુખ્ય ખનીજોમાંથી દસની બાબતમાં તેનું ઉત્પાદન કુલ ઉત્પાદનના ૨૨થી ૯૫ ટકાની વચ્ચેનું છે.

આમ છતાં આફ્રિકા તેના સાંસ્થાનિક વારસાને સહેલાઈથી ફગાવી દઈ શકે તેમ નથી. તેની પ્રણાલિકાગત સમાજવ્યવસ્થા તૂટી રહી છે. સાડાપાંચ ટકાને દરે શહેરીકરણ આગળ ધપી રહ્યું છે; શહેર અને ગામડાં વચ્ચેનું અંતર તીવ્રતર બની રહ્યું છે. આખા આફ્રિકાની આવક માત્ર ૧·૬ ટકાને દરે વધી રહી છે—પરંતુ તેય બધા વિસ્તારોમાં નહીં. બીજી તરફ રાજકીય જાગૃતિ વધી છે અને આ ખંડ પણ અપેક્ષાઓની ક્રાન્તિથી મુક્ત રહ્યો નથી. આમ આસમાને ચડી રહેલી અસમાનતાઓ, અફાટ સંભાવના અને છતાં કઠોર વાસ્તવિકતાઓ વચ્ચે જીવતા આ ખંડમાં અનેકવિધ પ્રયોગો અને પરિવર્તનોનો સ્ફોટક સંભાર પડેલો છે.

ખંડવિભાજન

યુરોપમાં જ્ઞાન અને માહિતીનો સંપત્તિ અને સત્તા માટે વિનિયોગ શરૂ થયો ત્યારથી નવજાગૃતિની શરૂઆત થઈ. પરિણામે રાજકુમારો અને વ્યાપારીઓ ભૌગોલિક શોધખોળ માટેની સંસ્થાઓ સ્થાપવા તરફ વળ્યા. ઈ.સ. ૧૪૦૭માં પોર્ટુગલના પ્રિન્સ હેન્રીએ જિબ્રાલ્ટરને સામે કિનારે અકાદમીની સ્થાપના કરી અને તેને આ ખંડની શોધખોળનું કામ સોંપ્યું. ૧૪૪૧માં તો તે આફ્રિકાવાસીઓને ગુલામ બનાવી તેમનો ધીખતો વેપાર કરતો દેશ બની ગયું. ૧૪૯૮માં વાસ્કો દા ગામા આફ્રિકાની પરિક્રમા કરીને તેને પૂર્વ કિનારે ગયો હતો. આ પછી તો અન્ય યુરોપીય સત્તાઓએ પશ્ચિમ કિનારા ઉપરના વિષુવવૃત્તીય આફ્રિકામાં પોતાની કોઠીઓ નાખવાના પ્રયાસો શરૂ કર્યા.

આ પછીનો લગભગ ત્રણ સદીનો ગાળો એ આફ્રિકી પ્રજાને ગુલામ તરીકે પકડી તેમનો વ્યાપાર કરવાનો ગાળો કહી શકાય. આખા યુરોપમાં ગુલામોનો ધીકતો વ્યાપાર ચાલ્યો અને અમેરિકા ખંડની સંપત્તિને હાથવગી કરવા આવા ગુલામોના શ્રમનો ભરપટ્ટે ઉપયોગ કરવામાં આવ્યો. આ વ્યાપારના પ્રલોભનથી વિષુવવૃત્તીય આફ્રિકામાં અશાન્ટી, યોરુબા અને કોંગોના આફ્રિકીઓનાં પોતાનાં રાજ્યો ઊભાં થયાં. તેમણે પાડોશી જાતિઓના માણસોને પકડ્યા અને યુરોપને ગુલામ તરીકે વેચ્યા. બદલામાં યુરોપમાંથી શસ્ત્રો અને દારૂગોળો પ્રાપ્ત કરીને તેમણે પોતાની આ પ્રવૃત્તિને ધીકતી રાખી.

જ્યારે અમેરિકા ખંડ પૂરો શોધાઈ ચૂક્યો અને ઔદ્યોગિક ક્રાન્તિને કારણે માનવશ્રમની અગાઉના જેટલી જરૂર રહી નહીં ત્યારે ગુલામી-નાબૂદીના આંદોલનને વેગ મળ્યો. યુરોપીય પાદરીઓ આ પ્રથાની વિરુદ્ધ હોવા છતાં તેમણે ઝાઝું કશુંય ન કર્યું. જૉન હૉકિન્સ નામનો મોટો ગુલામ



← પ્રિન્સ હેન્રી
(ઈ. સ. ૧૩૯૪–૧૪૬૦)

ડેવિડ લિવિંગસ્ટન →
(ઈ. સ. ૧૮૧૩–૧૮૭૩)

TO BE SOLD, on board the Ship *Bance-Iſland*, on tueſday the 6th of *May* next, at *Aſhley-Ferry*; a choice cergo of about 250 fine healthy

NEGROES,

juſt arrived from the Windward & Rice Coaſt. —The utmoſt care has already been taken, and ſhall be continued, to keep them free from the leaſt danger of being infected with the SMALL-POX, no boat having been on board, and all other communication with people from *Charles-Town* prevented.

Auſtin, Laurens, & Appleby.

N. B. Full one Half of the above Negroes have had the SMALL-POX in their own Country.

↑
ગુલામોની લે-વેચ
જાહેરાત અને સોદો



← વિલિયમ વિલ્બરફોર્સ
(ઈ. સ. ૧૭૫૯–૧૮૩૩)

પકડનાર 'સર' કહેવાયો હતો. તેના કૌટુમ્બિક પ્રતીક તરીકે 'બેડીમાં જકડાયેલા ગુલામ'નું ચિત્ર હતું! બીજી તરફ વિલિયમ વિલ્બરફોર્સ જેવા ઉદ્દામ સુધારકોએ આ પ્રથાની નાબૂદી માટે જેહાદ ચલાવી. ઓગણીસમી સદીના પ્રારંભમાં તો આ પ્રથા આફ્રિકાના પશ્ચિમ કિનારેથી નાબૂદ થવા લાગી.

૧૫૯૫માં ડચ લોકોએ વ્યાપાર માટે આફ્રિકાનો કિનારો ફંફોળવા માંડયો હતો. રાણી ઈલિઝબેથે ૧૫૮૮માં આરંભ કર્યો ત્યારથી બ્રિટિશરોએ પણ વ્યાપાર અર્થે સંખ્યાબંધ કંપનીઓ સ્થાપી હતી. ડેનિશ પ્રજાએ ૧૬૭૦માં આફ્રિકાના કાંઠા ઉપર કિલ્લાઓ બાંધ્યા હતા અને ૧૮૧૦માં તો પોતાના તમામ હક-દાવા દશ હજાર બ્રિટિશ પાઉન્ડમાં વેચી દીધા હતા. યુરોપીય પ્રજાઓનાં આ આક્રમણોએ બુશમેન, હોટેન્ટોટ અને બાન્ટુ જેવી અનેક આદિવાસી આફ્રિકી જાતિઓને માથે અનેક લોહિયાળ યુદ્ધો લાદ્યાં હતાં અને તેમને આફ્રિકાના અંદરના ભાગમાં ધકેલી દીધી હતી.

પોતાના જ પ્રશ્નોમાં અને અમેરિકાને કબજે કરવામાં ગૂંથાયેલી યુરોપીય પ્રજાઓ ઠેઠ ૧૮૧૫ સુધી આફ્રિકાના કાંઠા ઉપર જ ફરતી રહી. ત્યાર બાદનાં વર્ષોમાં ગુલામોને બદલે ચા, કૉફી, કોકો અને શણ જેવી ચીજોનો વ્યાપાર વધવા લાગ્યો. આફ્રિકાના અંદરના ભાગો વિશે સંશોધન માટે ફરી વાર રસ જાગ્રત થયો. આવા સંશોધકો-પાદરીઓમાંથી ડેવિડ લિવિંગ્સ્ટનનું નામ સૌથી આગળ પડતું છે અને આફ્રિકી પ્રજા પ્રત્યેની નિરપેક્ષ સેવા માટે તે ચિરસ્મરણીય રહેશે. આ પછીનાં સો વર્ષમાં તો યુરોપીય સરકારો મુખ્ય રાજકીય પરિબળ બની ગઈ હતી.

૧૮૬૯માં ભારત અને પૂર્વ એશિયા તરફ જવાનો સુએઝની નહેરનો ટૂંકો જળમાર્ગ ખુલ્લો મુકાયો અને ૧૮૭૦માં દક્ષિણ આફ્રિકામાં હીરાની ખાણો મળી આવી. બ્રિટને ૧૮૮૨માં ઈજિપ્ત જીતી લીધું અને દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજ વસાહતીઓનાં ટોળેટોળાં ઊતરવા લાગ્યાં.

ઓગણીસમી સદીમાં યુરોપની છ મહાસત્તાઓ પૈકી રશિયાને પોતાનો પ્રદેશ પૂર્વ તરફ વધારવામાં રસ હતો, આફ્રિકામાં નહીં. ઑસ્ટ્રિયાને બાલ્કન દ્વીપકલ્પમાં રસ હતો. જર્મની ૧૮૭૧ સુધી અને ઇટાલી ૧૮૭૦ સુધી એક રાષ્ટ્ર બની શકયાં ન હતાં. આ સદીના પ્રારંભકાળે ફ્રાન્સ તેની ક્રાન્તિ અને આંતરિક બાબતોમાં ગૂંથાયેલું હતું; પરંતુ ૧૮૭૦માં તેને યુરોપમાં પ્રશિયાને હાથે હાર મળી ત્યાર બાદ પોતાનું ગૌરવ ફરી પ્રાપ્ત કરવા તે પૂરી શક્તિથી આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવા તરફ વળ્યું. બ્રિટન ધારત તો ૧૮૭૦ પહેલાં આફ્રિકામાં પોતે ઇચ્છે તેટલો પ્રદેશ સર કરી શકે તેમ હતું. પરંતુ તે ઔદ્યોગિક ક્રાન્તિમાં સૌથી આગળ હોઈને પોતાનો તૈયાર માલ દુનિયાભરનાં બજારોમાં બે-રોકટોક વેચી શકતું હતું અને કાચો માલ તથા અનાજ ખરીદી શકતું હતું. અને આથી જ તે આંતરરાષ્ટ્રીય મુક્ત બજારમાં માનતું હતું. આમ છતાં એ પણ નોંધવું જોઈએ કે પ્રદેશો કબજે કરવા માટેની પડાપડીની શરૂઆત પણ બ્રિટને જ કરી હતી.

યુરોપીય સત્તાઓ વચ્ચેની પડાપડીમાંથી ટકરામણ અને યુદ્ધો થાય તે નિવારવા લાંબી પૂર્વ-તૈયારી બાદ ૧૮૮૫માં બર્લિન કૉન્ફરન્સ બોલાવવામાં આવી. એક બાજુ જ્યારે તેની તૈયારીઓ ચાલતી હતી ત્યારે બીજી બાજુ એ જ યુરોપીય સત્તાઓએ વધુમાં વધુ પ્રદેશો પોતાના 'રક્ષણ' હેઠળ આણ્યા. બર્લિન પરિષદમાં ગુલામોના વ્યાપારની બંધી કરવા અંગે, મુક્ત વ્યાપાર અંગે અને વિવિધ પ્રદેશોના અસરકારક અંકુશો અંગે ઉચ્ચ આશયો વ્યક્ત કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યા. આ કરારથી એવું ઠર્યું કે આફ્રિકી પ્રદેશ ઉપર દાવો કરનાર સત્તાએ પોતાનો વાસ્તવિક અંકુશ

પુરવાર કરવો પડશે. દાવો મંજૂર થાય પણ જો તે પ્રદેશ ઉપર અસરકારક અંકુશ ન ગોઠવવામાં આવે તો તે દાવો રદ થવાને પાત્ર થશે. આ નિર્ણયોએ દરિયાકાંઠે વાવટો ફરકાવી સંતોષ માનનારી યુરોપીય સત્તાઓને આફ્રિકા ખંડને વહેંચી લેવા માટે ભારે ચાલના પૂરી પાડી.

ઓગણીસમી સદીના અંત સુધીમાં તો અમેરિકન નિગ્રોએ સ્થાપેલા નાનકડા લાઈબેરિયા અને ખ્રિસ્તી શાસક હેઠળના ઇથિયોપિયાને બાદ કરતાં આખો આફ્રિકા ખંડ યુરોપીય સત્તાઓ વચ્ચે વહેંચાઈ ગયો. કબજો સ્થાપિત થતો ગયો તેમ તેમ તેમની વચ્ચેની તંગદિલી હળવી થતી ગઈ. આ આખીયે પ્રક્રિયા દરમિયાન આફ્રિકી પ્રજાઓને જંગલી, ઘાતકી, પછાત અને માનવભક્ષી ગણાવીને સગવડભરી રીતે અવગણવામાં આવી.

યુરોપીય સત્તાઓએ ભાવિ સલામતી માટે સંસ્થાનો સ્થાપ્યાં હતાં. પરંતુ તેમણે રચેલી સ્થાનિક સરકારો મુઠ્ઠીભર માણસોની બનેલી અને આર્થિક રીતે નબળી હતી. આ સરકારો ચલાવવા નાણાં ફાજલ પાડવા યુરોપીય સત્તાઓ તૈયાર ન હતી, બલ્કે, એ તો સ્થાનિક સરકારો નાણાકીય રીતે આત્મનિર્ભર થાય તેમ ઇચ્છતી હતી. આ માટે જ્યારે સ્થાનિક લોકો પાસેથી કર ઉઘરાવવાની શરૂઆત કરવામાં આવી ત્યારે પ્રતિકારનો પ્રારંભ થયો. ગંભીર પ્રતિકાર થતાં શાસક દેશમાંથી લશ્કરી અને નાણાકીય સહાય મળતી. કરવેરાની આવક વધારવા માટે માર્ગ અને સંદેશાવ્યવહાર અને રોકડિયા પાકોને ઉત્તેજન આપવામાં આવ્યું. આથી સંસ્થાનોના અંદરના ભાગોમાં પણ મુલકી શાસન સ્થાપી શકાયું. સ્થાનિક સરકારની આવક વધારવા આયાત-નિકાસ ઉપર જકાતો નાખવામાં આવી, રોકડિયા પાક ઉગાડવા મોટાં ખેતરોને ઉત્તેજન આપવામાં આવ્યું, જમીન અને ખાણના પરવાના વેચવામાં આવ્યા અને જ્યાં જ્યાં યુરોપીય પ્રજાઓને રસ પડ્યો ત્યાં ત્યાં આફ્રિકી પ્રજાઓને સારી જમીન ઉપરથી હડસેલીને નબળી જમીન ઉપર ધકેલી દેવામાં આવી. વિદેશી શાસનમાંથી સૌથી મોટું દૂષણ એ ઊભું થયું કે પહેલાં જે વૈતરું માત્ર સ્ત્રીઓને ને ગુલામોને કરવું પડતું હતું તે તમામ પુખ્ત આફ્રિકીઓને માથે લદાયું. તેમને સ્થાનિક સરકારો, ખાનગી કંપનીઓ અને પેઢીઓનાં કામે જોતરી દેવામાં આવ્યા.

આફ્રિકામાં જ્યાં જ્યાં વિદેશી મિશનરીઓ સક્રિય હતા ત્યાં ત્યાં, શિક્ષણ પામીને અપેક્ષાઓ ને આકાંક્ષાઓથી પ્રેરાયેલો શિક્ષિત વર્ગ ઊભો થયો. આથી પ્રજામાં સરકાર-તરફી શિક્ષિત વર્ગ અને સરકાર-વિરોધી અન્ય વર્ગો વચ્ચે ઝઘડા પણ થયા. પરંતુ ૧૯૨૦ સુધીમાં તો તે બધું શમી ગયું અને સ્થાનિક મુલકી તંત્ર પાકે પાયે સ્થપાઈ ચૂકયું. શાસક દેશો તરફથી તેમને આર્થિક અનુદાનની જરૂર ન રહી. યુરોપવાસી જેવાં અને જેટલાં શૈક્ષણિક ધોરણો સિદ્ધ કરીને આફ્રિકી શિક્ષિતોએ સ્વત્વની ખોજનો પ્રારંભ કર્યો. સાથોસાથ સ્થાનિક સરકારો આફ્રિકી પ્રજાઓની ખરેખરી માલિક બની ચૂકી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધમાં એકમેક સામે લડીને નબળી પડેલી, આત્મવિશ્વાસ ગુમાવી ચૂકેલી અને પોતાની સર્વોત્કૃષ્ટતાનો દાવો હારી ચૂકેલી યુરોપીય પ્રજાઓને પોતાનાં સંસ્થાનો ટકાવવા અને ભોગવવા નવાં ધ્યેયો અને તત્ત્વજ્ઞાનની જરૂર જણાઈ. જર્મનીનાં સંસ્થાનો અંદરોઅંદર વહેંચી લેવા સારુ વિજેતા રાષ્ટ્રોને કોઈ પરોપકારિતાના આભાસની જરૂર હતી. તેમણે નવી સ્થાપેલ વિશ્વસંસ્થા — રાષ્ટ્રસંઘ વતી 'એ સેક્રેડ ટ્રસ્ટ ઑફ સિવિલિઝેશન' તરીકે આ પ્રદેશો સંભાળી લીધા. 'આધુનિક

દુનિયાની કષ્ટદાયી સ્થિતિમાં આ પ્રદેશો પોતાના પગ પર ઊભા રહેતા થઈ શકે ત્યાં સુધી' તેમણે પોતાનો કબજો ચાલુ રાખવાનો હતો અને આ વિસ્તારોને 'અનામત' વિસ્તારો તરીકે ન જાળવી રાખતાં તેમની આર્થિક સંભાવનાઓનો તેઓ પૂરેપૂરો લાભ લેવા માગતા હતા.

બીજી તરફ ૧૮૮૦થી ૧૯૩૦ સુધીમાં પાંચ કરોડ જેટલા અલ્પ કારીગીરી-કસબ ધરાવતા યુરોપના વધારાના કામદારો આફ્રિકામાં વસવાટ માટે આવ્યા અને મહદ અંશે દક્ષિણ આફ્રિકા અને અલ્જીરિયામાં સ્થિર થયા. બધા દેશોમાં આફ્રિકી શ્રમ તો સુલભ હતો જ. આથી જ્યાં જ્યાં યુરોપીય શ્રમનો જમાવ થયો ત્યાં ત્યાં આફ્રિકી કામદારોને શહેરોમાં સ્થિર ન થવા દેવામાં આવ્યા. તેમને શહેરોમાં ગંદાં ધોલકાંઓમાં પૂરી રાખવામાં આવ્યા, અને તેમનાં કુટુમ્બીજનોને કંગાળ ગામડાંઓમાં. ૧૯૩૦ની મંદીએ યુરોપીય સત્તાઓની આર્થિક નાદારી છતી કરી, આથી તેમણે સૌએ વ્યાપાર વધારવાની દૃષ્ટિએ આફ્રિકાના આર્થિક વિકાસનો પ્રારંભ કર્યો.

બીજા વિશ્વયુદ્ધે તો આફ્રિકાનું મહત્ત્વ એકદમ વધારી દીધું. લશ્કરી મહત્ત્વની ચીજો માટે પડાપડી થઈ. ખાણઉદ્યોગમાં તેજી આવી. સ્થિર ભાવોએ ખરીદી માટે ખેતપેદાશોનાં બોર્ડો રચાયાં. ભારે નિકાસો વડે આફ્રિકી દેશો મબલક વિદેશી ચલણ કમાયા. તેમાંથી સ્થાનિક વિકાસ માટે આગવા કાર્યક્રમોનો પ્રારંભ થયો. યુરોપીય ખાનગી મૂડી મોટા પાયા ઉપર આફ્રિકામાં પ્રવેશવા લાગી. શાસક સત્તાવાળાઓએ પોતાની જરૂરિયાત સંતોષવા મહત્ત્વાકાંક્ષી વિકાસ-કાર્યક્રમો શરૂ કર્યા.

આટલાન્ટિક ખતપત્રની જાહેરાત અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સ્થાપનાને કારણે યુરોપીય સત્તાઓને આફ્રિકી સંસ્થાનોને વિકસાવવાની પોતાની નૈતિક જવાબદારીનો ખ્યાલ આવ્યો. યુદ્ધોત્તર પુનર્નિર્માણ માટે વ્યાપક વિદેશવ્યાપારની જરૂર હોઈને આફ્રિકામાં ખૂબ મોટા પાયા ઉપર જાહેર અને ખાનગી એમ બંને ક્ષેત્રમાં નાણાંનું રોકાણ થયું. પરંતુ સહાયક લોન રૂપે આવેલાં આ નાણાં નફા, વ્યાજ, પગારો અને ભથ્થાં રૂપે પાછાં ખેંચાઈ ગયાં. વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, મિશનરીઓ અને વહીવટી અધિકારીઓ ઉપરાંત હવે વિદેશી શિક્ષકો, પ્રાધ્યાપકો, શ્રમસંગઠકો, સરવેયરો, આયોજકો અને સલાહકારોને તેમના પોતાના સમૃદ્ધ દેશના ધોરણે મળતા પગારો ચૂકવવામાં આર્થિક સહાય ખર્ચાઈ ગઈ. આવા વિદેશી નિષ્ણાતોના આગમને આફ્રિકી પ્રજાઓને પોતાના નબળા જીવનધોરણ વિશે વધુ સભાન બનાવી. શૈક્ષણિક અને સામાજિક સુધારણાના કાર્યક્રમોએ પણ તેમના મન ઉપર ઊંડી અસર પાડી.

૧૯૪૦થી ૫૦ના દાયકામાં આફ્રિકા અડધી સદીની સ્થગિતતામાંથી બહાર નીકળી ગયું. ગામડે ગામડે પહોંચેલાં વાહન અને સંદેશાવ્યવહારે સામાજિક ગતિશીલતા વધારી દીધી. જનજાતિઓનાં રૂઢિગત તંત્રો નબળાં બનતાં ગયાં. આખાયે ખંડના ચહેરા ઉપર અને પ્રજાના દૃષ્ટિબિંદુમાં અભૂતપૂર્વ ઝડપથી ફેરફારો થયા. આ બધું છતાંય પશ્ચિમ યુરોપની પ્રજાની ત્રણસો પાઉન્ડની માથાદીઠ આવકની સામે ટાંગાનિકાની સત્તર, નયાસાલેન્ડની સાત, ગોલ્ડ કોસ્ટની પંચોતેર અને દક્ષિણ આફ્રિકાની એકસો પંદર પાઉન્ડ હતી.

આ બધાં પરિવર્તનો ટૂંક સમયમાં યુરોપીય પ્રજાઓના આધિપત્યને અને આર્થિક શોષણને પડકારવાનાં હતાં. કમાનમાંથી તીર છૂટી ચૂક્યું હતું.

બ્રિટનની સંસ્થાનનીતિ

બ્રિટનના અલિખિત બંધારણની માફક તેની સંસ્થાનનીતિ પણ પ્રણાલિકા ઉપર આધારિત રહી છે. વખતોવખત ઊભા થયેલા પ્રશ્નોને ઉકેલવા થયેલાં સમાધાનો કે લેવાયેલા નિર્ણયોમાંથી તારવી શકાય એવી એ સંસ્થાનનીતિને અનુભવવાદી કે વ્યવહારવાદી ગણાવી શકાય. બીજા વિશ્વ-યુદ્ધ બાદ ઘાના માટે નિમાયેલ વૉટસન પંચના હેવાલમાં યુદ્ધોત્તર નીતિની રૂપરેખા જોવા મળે છે: 'દેશના બંધારણ અને સરકારને નવેસરથી એવી રીતે ઘડવાં જોઈએ કે જેથી પ્રત્યેક શક્તિશાળી આફ્રિકાવાસીને દેશનું શાસન ચલાવવા માટે સહાયભૂત થવાની તક મળી રહે, જેથી તેમને માત્ર રાજકીય અનુભવ જ નહીં પરંતુ ખુદ રાજકીય સત્તાનો પણ અનુભવ થાય. અમે એવા દૃઢ મતના છીએ કે આથી સહેજ પણ ઓછું એવું કશુંક માત્ર અશાન્તિને જ ઉત્તેજન આપશે.' સૂચિત નીતિનાં મુખ્ય તત્ત્વો આ હતાં: પ્રણાલિકાગત લેજિસ્લેટિવ કાઉન્સિલને બદલે લોકશાહી રીતે ચૂંટાયેલી સંસદ, પુરુષો પૂરતો સાર્વત્રિક મતાધિકાર, પ્રધાનમંડળ પદ્ધતિ, ઉચ્ચ શિક્ષણ અને જાહેર વહીવટનું આફ્રિકીકરણ, સાંસ્થાનિક કચેરી હસ્તકની જાહેર સેવાઓનું રાષ્ટ્રીય સરકારોને હસ્તાન્તરણ, દેશી મુખી-ઓ કે પરંપરાગત વડાઓને બદલે સ્થાનિક સત્તાની રચના અને પૂર્ણ સ્વાતંત્ર્યને અંતિમ ધ્યેય માનીને 'કૉમનવેલ્થ'ના માળખામાં રહીને ક્રમિક બંધારણીય સુધારણા. આમ આફ્રિકી વડાઓને આપેલો ટેકો પાછો ખેંચી લઈ, નવા ભણેલા બૌદ્ધિકોનો ટેકો લઈને બ્રિટન આ આફ્રિકી દેશોને આત્મશાસન આપવા છતાં, કૉમનવેલ્થને નામે પોતાની આસપાસ ફરતા રાખવા માગતું હતું.

પશ્ચિમ આફ્રિકામાં ગોરા વસાહતીઓની ગેરહાજરીને કારણે તથા સંગઠિત રાષ્ટ્રવાદી દબાણને કારણે 'કૉમનવેલ્થમાં રહીને આત્મશાસન'ની નીતિ અપનાવવામાં આવી. સુદાનમાં આવા જ સંજોગો ઉપરાંત, સુદાનના દબાણને કારણે સત્તાના ધીરા સંક્રમણ અને પૂર્ણ સ્વાધીનતાની નીતિ અપનાવાઈ. યુગાન્ડામાં રાષ્ટ્રવાદી ચળવળ તેની કિશોરાવસ્થામાં હતી તેમ જ ગોરા અને એશિયાઈ વસાહતી-ઓની પૂર્વભૂમિકા પણ હતી, તેથી કામચલાઉ અને ખચકાટભર્યાં પગલાંવાળી 'પૂર્વ આફ્રિકી નીતિ' અપનાવાઈ. કેન્યા અને સેન્ટ્રલ આફ્રિકન ફેડરેશનમાં યુરોપીય હિતો પૂરતાં શક્તિશાળી હતાં અને પોતાના જ નેતૃત્વના સ્વીકારના આગ્રહી હતાં તેથી તેમ જ આફ્રિકી રાષ્ટ્રવાદ હજુ અપરિપક્વ સ્થિતિમાં હતો એટલે ત્યાં વાલીપણાની નીતિ અનુસરવામાં આવી.

પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં આફ્રિકી વધુમતી હોવા છતાં ગોરી અને એશિયાઈ લઘુમતી-ઓનું પ્રમાણ મોટું હતું ત્યાં તેની નીતિની ભીતરની વિસંગતતાઓ બહાર આવી. 'પાર્ટનરશિપ' અને 'બહુજાતીય રાજ્ય' જેવા એડમન્ડ બર્કના જમાનાના ખ્યાલો રજૂ થયા ખરા, પરંતુ તે પોકળ લાગવા લાગ્યા. પ્રતિનિધિસભાઓ વ્યક્તિઓનું નહીં પરંતુ વિવિધ હિતજૂથોનું પ્રતિનિધિત્વ કરવા લાગી. સંખ્યા નહીં પરંતુ મિલકત અને શૈક્ષણિક લાયકાતને પ્રતિનિધિત્વનો પાયો બનાવાઈ. આ રીતે આફ્રિકી પ્રજાજનોનો પ્રતિનિધિત્વનો અધિકાર છીનવાયો. આ જ મુદ્દો પૂર્વ આફ્રિકાના સ્વાધીનતા સંગ્રામના કેન્દ્રમાં રહ્યો છે. દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ રોડેશિયાની ક્રાન્તિની અપૂર્ણતા પાછળ પ્રત્યેક વ્યક્તિને વ્યક્તિ તરીકે સમાનપણે નહીં સ્વીકારવાનું મનોવલણ એ જ પાયાનો મુદ્દો છે. ઉચ્ચ આશયો અને શિથિલ ને અપ્રામાણિક આચારો વચ્ચેની વિસંગતતામાંથી આફ્રિકી વિદ્રોહ જાગેલો છે. આવી નીતિઓને પરિણામે જ સંસ્થાનોમાં એવું લોકમાનસ સર્જાયું હતું કે આફ્રિકાવાસીઓ અને તેમના આગેવાનો માટે સત્તાપ્રાપ્તિનો માર્ગ બંદીખાનામાં થઈને જ પસાર થાય છે.

ફ્રાન્સની સંસ્થાનનીતિ

સ્વાધીનતા, સમાનતા અને બન્ધુતાના નામે ક્રાન્તિ કરનાર, પોતાની સંસ્કૃતિ વૈશ્વિક અને મુક્ત છે અને તે વ્યક્તિનું મૂલ્યાંકન જાતિ, વંશ કે રાષ્ટ્રીયતાને આધારે નહીં પરંતુ માત્ર ગુણવત્તા અને બુદ્ધિમત્તાને આધારે જ કરે છે એવું માનનાર – મનાવનાર ફ્રાન્સે પણ આફ્રિકામાં સંસ્થાનો સ્થાપ્યાં હતાં. પોતાનાં આ કાર્યોને બુદ્ધિગમ્ય મનાવવા તેને ભારે મથામણ કરવી પડી હતી.

તેની સંસ્થાનનીતિનું એક સ્વરૂપ હતું 'તાદાત્મ્યની નીતિ' (પૉલિસી ઑફ આઇડેન્ટિટી). સંસ્થાનોમાં ફ્રાન્સના જેવી જ સંસ્થાઓ રચી તેણે ફ્રેન્ચ ભાષામાં મફત અને બિનસાંપ્રદાયિક શિક્ષણ આપ્યું. આફ્રિકી વસ્તી અને ગોરાઓ બન્ને ફ્રાન્સની નૅશનલ ઍસેમ્બ્લીમાં પોતાના પ્રતિનિધિઓ મોકલતા હતા. પરંતુ સંસ્થાનોની સંખ્યા વધતાં તેણે બીજું સ્વરૂપ વિકસાવ્યું. તે હતું વાલીપણાની નીતિ (પૉલિસી ઑફ પૅટર્નલિઝમ). આથી મોટા ભાગના આફ્રિકનો ફ્રાન્સના નાગરિકો નહીં પરંતુ શાસિતો કે રૈયત બન્યા. અલાયદા શાસનતંત્ર હેઠળ તેમને પરંપરાગત કાનૂનોને આધીન બનાવી દેવામાં આવ્યા. ટીકા કરવાનાં, મંડળો રચવાનાં કે આંદોલનો કરવાનાં સ્વાતંત્ર્યો જતાં રહ્યાં. નાનકડા ગુના માટે જાહેર કે ખાનગી સજા થવા લાગી.

૧૯૪૪માં ભરાયેલી બ્રાઝવિલે પરિષદમાં ઉપરની બે નીતિઓના અસ્વસ્થ સમાધાન જેવી 'નવી સંસ્થાનનીતિ' અપનાવવામાં આવી. સંસ્થાનોમાં નવા પક્ષોની સ્થાપના થઈ હતી અને ફ્રાન્સમાં ડાબેરીઓનો પ્રભાવ પણ વધ્યો હતો એટલે સમાન અધિકારો, કાનૂની વ્યવસ્થા, પ્રતિનિધિત્વ, શિક્ષણ અને જીવનધોરણ સ્થાપવાના હેતુવાળી — એક અર્થમાં તાદાત્મ્યની — નીતિ વળી પાછી અપનાવવામાં આવી. આથી આફ્રિકનો રાજકીય પક્ષો અને મજૂર સંગઠનોના પ્રભાવ હેઠળ આવ્યા અને રાષ્ટ્રવાદની સાથોસાથ સામ્યવાદ, અસ્તિત્વવાદ અને દ ગોલવાદના વિચારો પણ ફેલાયા.

સમાનતાના આ ન્યાયને આધારે તો ફ્રાન્સની નૅશનલ ઍસેમ્બ્લીમાં આફ્રિકી સંસ્થાનોના ૩૯૦ ડેપ્યુટીઓ બેસવા જોઈએ પરંતુ વાસ્તવમાં તેમની સંખ્યા ૨૯ની જ રહી! આફ્રિકનોને તમામ સ્તરે પ્રતિનિધિત્વ જરૂર મળ્યું, પણ જે તે સ્તરે જવાબદાર તંત્રો ન હતાં. વિવિધ ક્ષેત્રોમાં આ આફ્રિકીકરણની પ્રક્રિયા પણ અત્યંત ધીમી રહી. આર્થિક સમાનતાનો સિદ્ધાન્ત સ્વીકારાવા છતાં ફ્રેન્ચ વસાહતીઓ અને આફ્રિકીઓનાં જીવનધોરણ વચ્ચે મોટું અંતર ચાલુ જ રહ્યું.

આના પ્રત્યાઘાત રૂપે રાષ્ટ્રવાદી પરિબળો ત્રિગુણિત શક્તિથી અને રોષથી ગતિશીલ બન્યાં. પ્રજાનું આર્થિક શોષણ ચાલુ રહેવા ઉપરાંત વારસાગત સંસ્કારો અને માન્યતાઓ પણ છીનવાઈ જતાં લાગ્યાં ત્યારે તેમાંથી બળજળતો ઉદ્દામ રાષ્ટ્રવાદ ફાટી નીકળ્યો. અને અલ્જીરિયામાં સશસ્ત્ર યુદ્ધ લડાયું. પોતાના 'ચડિયાતા' સંસ્કારો અને સંસ્કૃતિની નિકાસ કરવાની ફ્રેન્ચ નીતિ નિષ્ફળ નીવડી. સંસ્થાનોને ટકાવી રાખવાની નીતિમાં ફ્રાન્સને કડવામાં કડવો ઘૂંટડો ગળવાની ફરજ પડી.

બેલ્જિયમની નીતિ

ભૌતિક સિદ્ધિ, કરકસર, જાતમદદ, કૌટુમ્બિક શિષ્ટાચાર, આરામપ્રિયતા, એકપત્નીત્વ અને મિલકતનાં મૂલ્યોને વરેલા ભદ્ર નગરજનોના દેશ બેલ્જિયમે પોતાના કૉંગોવાસીઓને 'સભ્ય' અને 'સુસંસ્કૃત' બનાવવાની નીતિનો અમલ કર્યો છે. આ રીતે સુસંસ્કૃત થનારા આફ્રિકીઓને માટે ગોરા લોકો જેટલા અધિકારો પ્રાપ્ત કરવાનું સૈદ્ધાન્તિક રીતે શક્ય હતું — વ્યવહારમાં નહીં.

૧૮૮૫માં બેલ્જિયમના રાજા લિયોપોલ્ડના પ્રયાસથી તેમના આફ્રિકી સંસ્થાન કૉંગોની સ્થાપના થઈ. તેમાં ગોરી અને કાળી એ બંને પ્રજાઓ માટે કાનૂન અને વ્યવસ્થા, સામાજિક અને આર્થિક નિયમો અને દીવાની તથા દંડશાસ્ત્રીય કાનૂનોની અલગ અલગ દુનિયા રચવામાં આવી. ઉપરાંત બેલ્જિયમ કૉંગોનું તંત્ર આત્યંતિક કેન્દ્રીકરણના ધોરણે ચાલતું હતું. પ્રાન્તોનું શાસન પાટનગર લિયોપોલ્ડવિલથી ચાલે, લિયોપોલ્ડવિલનું બ્રસેલ્સથી. બ્રસેલ્સનું તંત્ર ત્યાંના સાંસ્થાનિક ખાતાના ધીર રાજપુરુષોની સલાહસૂચના પ્રમાણે દોરવાય. યુદ્ધોત્તર ગાળામાં સંખ્યાબંધ ગોરા વસાહતીઓ કૉંગો આવીને વસ્યા. તેમણે આત્મશાસનની માગ કરી, તો બીજી તરફ કૉંગોના આફ્રિકીઓએ પ્રતિનિધિત્વ માટે.

સંસ્થાનો કમાઉ હોવાં જોઈએ એ અપેક્ષાને કારણે રોકડિયા પાકો અને ખાણોનું અર્થતંત્ર વિકસાવવામાં આવ્યું. આ માટે મોટી મોટી કંપનીઓને ઇજારા આપવામાં આવ્યા. તેમણે ખાણોનો જંગી વિકાસ કરીને કૉંગોની રાષ્ટ્રીય આવકમાં મોટો ફાળો આપ્યો અને તેથી જ તેમનો સરકારની નીતિ ઉપરનો પ્રભાવ વધતો ગયો. એ જ કંપનીઓએ કામદારો પ્રત્યે માબાપવાદી નીતિ અપનાવી ખોરાકથી માંડીને મનોરંજન સુધીની સામાજિક સલામતી પૂરી પાડી. આથી આખા આફ્રિકામાં ઔદ્યોગિક કામદારોની સૌથી મોટી સંખ્યા અને ૨૫ ટકાથી વધુ શહેરી વસ્તી કૉંગોમાં છે. તેમ જ તેમને સમાજકલ્યાણનું સૌથી વધુ સંગઠિત માળખું ભેટ મળ્યું છે.

તેમની નીતિનું ત્રીજું નિર્ણાયક પરિબળ છે કૅથલિક મિશનો. તેમણે ૧૯૦૬થી ૧૯૪૬ સુધી સરકારી ગ્રાન્ટ મેળવીને શિક્ષણ, ધર્મોપદેશ, સમાજકલ્યાણકાર્ય અને સ્થાનિક ભાષાનાં સામયિકો ઉપર કાબૂ ધરાવીને લોકોના દિમાગ ઉપર પણ સારું એવું પ્રભુત્વ જમાવ્યું હતું; જોકે તેમનું શિક્ષણતંત્ર તો સાંસ્થાનિક અર્થવ્યવસ્થાને અનુરૂપ એવાં વ્યવહારકાર્ય કરતા અને આનુષંગિક સેવાઓ આપતા માણસો તૈયાર કરવા પૂરતું જ મર્યાદિત રહ્યું છે. એકંદરે શિક્ષણ, સમાજકલ્યાણ અને ઊંચા જીવનધોરણથી નવાજીને સંસ્થાન ટકાવવાની માબાપવાદી નીતિ પણ શાસિત પ્રજાને સંતોષી શકી નથી. 'ફૂટબૉલ મૅચ' અને 'બાઇસિકલ'થી પ્રજાને ખુશ રાખવા પ્રયાસ કરનારા શાસકોને પ્રતીતિ થઈ ચૂકી છે કે માત્ર આર્થિક કે સામાજિક સ્થિતિમાં સુધારો એ રાજકીય અને આર્થિક સ્વાધીનતા અને સમાનતાનો વિકલ્પ નથી.

પોર્ટુગીઝ નીતિ

આખા યુરોપમાં ઓછામાં ઓછી માથાદીઠ આવક અને અક્ષરજ્ઞાનનું પ્રમાણ ધરાવનાર પોર્ટુગલ પોતાના કરતાં વીસ ગણા પ્રદેશમાં પથરાયેલાં અને પોતાના કરતાં ૨૯ લાખ જેટલી વધુ અને કુલ્લે ૧ કરોડ ૧૦ લાખની વસ્તીવાળાં ત્રણ સંસ્થાનો ધરાવે છે : અંગોલા, મોઝામ્બિક અને ગીની. જૂનામાં જૂના સમયથી (ઠેઠ ઈ. સ. ૧૫૦૦થી) સંસ્થાન સ્થાપનાર આ દેશ માને છે કે સંખ્યાબંધ યુદ્ધો તથા અસંખ્ય લશ્કરી, રાજદ્વારી અને માનવતાવાદી હુમલા વચ્ચે પણ જો પોતે પાંચસો વર્ષ ટકી શક્યો તો હજુ બીજાં પાંચસો વર્ષ તો આફ્રિકામાં સહેજે ટકી શકાશે. સાંસ્થાનિક સત્તા છોડનાર દેશ તરીકે તેઓ કદાચ છેલ્લા હશે.

તેઓ સંસ્થાનોને પોર્ટુગલના દરિયાપારના પ્રાન્તો માને છે અને આફ્રિકાની 'નાદાન' પ્રજાને વિકસાવીને અનેક જનજાતિઓનો સમન્વય કરીને એક મિશ્રપ્રજા ઊભી કરવા માગે છે. તેઓ સૌને

'ઉત્તમ પોર્ટુગીઝ' બનાવવા માગે છે. એ પણ સાચું છે કે પોર્ટુગીઝ વસાહતીઓ શહેરોમાં વસતા આફ્રિકીઓ સાથે ખૂબ છૂટથી હળ્યામળ્યા છે અને મિશ્રપ્રજા પણ સર્જાઈ છે. પરંતુ આવા 'સુધારેલા' આફ્રિકીને જ નાગરિકત્વ આપવાની નીતિને કારણે અંગોલામાં માત્ર ૦૭૫ ટકાને અને મોઝામ્બિકમાં માત્ર ૮૦ ટકાને જ તે પ્રાપ્ત થયું છે.

હકીકતમાં તો પોર્ટુગલ પોતાના ઘર આંગણે કંગાળ અર્થતંત્રને ટકાવવા અને પોતાની વધારાની વસ્તીને સંસ્થાનોમાં સ્થાયી કરી ત્યાં સ્થિર કૃષિસમાજ રચવાની અને પ્રતિવર્ષ લગભગ દશ હજાર ગોરા વસાહતીઓને ત્યાં વસાવવાની અને તેમને આર્થિક સહાય આપવાની નીતિને અનુસરી રહ્યું છે. વહીવટી અમલદારથી માંડીને મજૂરી સુધ્ધાં ગોરા વસાહતીઓ જ કરે છે. જ્યારે આફ્રિકીઓ પાસે પહેલાં ગુલામ તરીકે, ઓગણીસમી સદીથી ધર્મસુધારણા અને સાંસ્કૃતિક સંપર્કને નામે અને હવે વીસમી સદીમાં શ્રમનું ગૌરવ શીખવવાને બહાને ફરજિયાત શ્રમ કરાવાઈ રહ્યો છે. પોતે વરસના છ મહિના કામ કરે છે એવું પુરવાર ન કરી શકે એવા ૧૬થી ૬૦ વર્ષના કોઈ પણ આફ્રિકીને સરકાર જાહેર બાંધકામમાં જોતરી શકે છે. લાંચ લઈને આ શ્રમ ખાનગી માલિકોને પણ વેચાય છે. આવો 'કરારી' શ્રમ એ પોર્ટુગીઝ નીતિનું સૌથી કદરૂપું અને ભીષણ અંગ છે. આ વૈતરામાંથી બચવા હજારો આફ્રિકીઓ આસપાસના દેશોમાં મોટી સંખ્યામાં છટકી જાય છે. તેમની શૈક્ષણિક, સામાજિક, આરોગ્યવિષયક કે આર્થિક હાલતમાં કશો જ ફરક પડ્યો નથી. રાજકીય જાગૃતિને વિરોધને નામે દાબી દેવા માટે સરકાર કડકમાં કડક ત્રાસ અને દમનનાં પગલાં લે છે. વિશ્વમત વિરુદ્ધમાં જઈ રહ્યો હોવા છતાં પોર્ટુગીઝ નીતિમાં ફેરફારનાં કોઈ ચિહ્નો નજરે પડતાં નથી.



દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષ : ગુલામી પ્રથાનો નવો આવિષ્કાર

૧૬ : દક્ષિણ આફ્રિકા — રંગદ્વેષી શાહીવાદ

ભારત આવવા નીકળેલા વાસ્કો દા ગામાને આફ્રિકા ખંડનો દક્ષિણનો છેડો ભલે 'ભલી આશાની ભૂશિર' (કેઇપ ઑફ ગુડ હોપ) લાગ્યો હોય; પરંતુ, આજે પાંચસો વર્ષે, આ જ પ્રદેશ માનવ-જાતિના અનાદર, દમન અને શોષણનું એક અતિ બિહામણું કૅન્સર બની ગયો છે, ઓગણીસમી સદીમાં વકરેલા શાહીવાદનો એક નગ્નાતિનગ્ન અવશેષ બની રહ્યો છે. માનવજાતિને લલાટે લખાયું જ હોય તો, કદાચ અહીંથી જ ત્રીજા વિશ્વયુદ્ધનો પ્રારંભ થાય. આટલી બધી વિસ્ફોટક સંભાવના-ઓ ધરાવનારો યા તો ધરબી રાખનારો આ દેશ છે. વળી, યુરોપની ગોરી પ્રજાઓની જોહુકમી, શોષણખોરી અને પાશવી વર્તાવની સામે, હજુ વીસમી સદીના ઉત્તરાર્ધમાં ચાલી રહેલો આ સંઘર્ષ કમકમાં ઉપજાવે તેવો હોવા છતાંય માનવજાતિની સ્વાતંત્ર્ય અને સમાનતા માટેની અદમ્ય અને અથાગ ખેવનાને વ્યક્ત તો કરે જ છે.

દક્ષિણ આફ્રિકા એ આફ્રિકાના દક્ષિણ છેડે આવેલો, વસાહતી ગોરાઓના આધિપત્યવાળો 'સ્વતંત્ર' દેશ છે. ગ્રેટ બ્રિટન કરતાં ચાર ગણો મોટો અને ૧૨ લાખ ચોરસ કિ. મી.નો વિસ્તાર ધરાવતો આ દેશ આફ્રિકાના જૂનામાં જૂના અને વિશાળ દેશો પૈકીનો એક છે. આર્થિક દૃષ્ટિએ અને શિક્ષણની બાબતમાં તે સૌથી આગળ વધેલો છે. તે ઔદ્યોગિક ક્રાન્તિમાં કટોકટીભર્યાં વર્ષો પાર કરી ગયેલો છે. લશ્કરી દૃષ્ટિએય આફ્રિકાનો એ સૌથી વધુ તાકાતવાન દેશ છે.

સૌથી વધુ આફ્રિકી અને ગોરી વસ્તી ધરાવનારો દેશ પણ એ જ છે. ૧૯૭૦માં થયેલી વસ્તીગણતરી પ્રમાણે આશરે ૨·૧૫ લાખની કુલ વસ્તીમાંથી બે મહત્ત્વનાં પ્રજાજૂથો — આફ્રિકી અને ગોરાઓ — ની સંખ્યા અનુક્રમે ૧ કરોડ ૫૦ લાખ અને ૩૮ લાખની છે. તે ઉપરાંત હિંદીઓ અને રંગીન પ્રજાઓ પણ ખરી. આમ, અનેક પ્રજાઓના મિલનસ્થાન સમો આ દેશ નવી દુનિયાને સહજીવનનો નમૂનો પૂરો પાડવાની ક્ષમતા ધરાવતો હોવા છતાં અત્યારે તો ગોરી અને શ્યામ પ્રજાઓના તીવ્રતમ સંઘર્ષનું સમરાંગણ બની રહ્યો છે.

દક્ષિણ આફ્રિકામાં લગભગ ૧ કરોડ અને ૫૦ લાખ જેટલા મૂળ આફ્રિકાવાસીઓ કે શ્યામ પ્રજાઓ છે. દર ત્રણમાંથી બે દક્ષિણ આફ્રિકી શ્યામ છે. આ શ્યામ વસ્તી મુખ્ય ચાર ભાષાકીય જૂથોમાં વહેંચાયેલી છે: ગુની (ઝૂલુ અને હોસા), સાંધો (બાસુટો અને બાશુઆના), વેન્ડા અને ટોંગા. આ પ્રત્યેક ભાષાને પોતાના આગવા જનજાતીય વિસ્તારો પણ છે. યુરોપમાંથી વિવિધ પ્રજા-ઓનાં જે ટોળાં આ ભૂમિ પર આવ્યાં તેમની સાથે આ પ્રજાઓ લડતી રહી. તેઓ સંગઠિત બનીને ગોરી પ્રજાઓનો મુકાબલો કરવાનું વિચારી ન શકી. પરિણામે ગોરાઓ જેને 'કાફરા યુદ્ધો' કહે છે તેમાં તેઓ એક પછી એક હારતી રહી છે. છેલ્લું યાદગાર યુદ્ધ ૧૮૩૮માં ઝૂલુ જનજાતિએ ખેલ્યું

અને ગુમાવ્યું. હજુ પણ આ ગોરી પ્રજા આ વિજયને દર ૧૬મી ડિસેમ્બરે ઊજવે છે. છેલ્લાં પચાસ વર્ષમાં તો આવો કોઈ મુકાબલો થયો નથી.

યુરોપથી આવેલી ગોરી પ્રજાઓ એકમેકની સાથે લડીઝઘડીને પણ સમાધાન પર આવી શકી હોઈ, આ વિશાળ શ્યામ પ્રજા ઉપર આધિપત્ય ભોગવે છે. લશ્કરી તાકાત ગુમાવી બેઠેલી, રાજ્યતંત્રમાંથી બહાર હડસેલી મુકાયેલી, ભૂમિવિહોણી અને ઔદ્યોગિક સમાજ માટે કોઈ પણ પ્રકારની તાલીમવિહોણી શ્યામ પ્રજા અત્યંત કંગાળ અને કષ્ટદાયી જીવન ગુજારે છે. તેમાંની ત્રીજા ભાગની વસ્તી તેમને માટે અલગ રખાયેલા 'અનામત વિસ્તારો'માં ગરીબાઈભર્યું અને પરંપરાગત જીવન ગુજારે છે. કહેવાતા 'અનામત વિસ્તારો' ખૂબ નાના હોઈ, અને તેમાં રહેતી વસ્તીનું પ્રમાણ ખૂબ હોઈ, તેમના માટે પોતાનો નિભાવ કરવાનું મુશ્કેલ રહે છે. આથી અહીંના પુરુષો આસપાસનાં નગરોમાં, ખાણોમાં અને ખેતરોમાં દહાડિયા તરીકે મજૂરી કરવા જાય છે. તેમનામાંના ઘણા (શાળાજીવનનો અનુભવ લઈ ચૂકયા હોવા છતાં અને ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હોવા છતાં) પરંપરાગત પ્રકારનું જીવન ગુજારે છે. બીજો એકતૃતીયાંશ ભાગ ગોરા લોકોનાં ખેતરો ઉપર મજૂર તરીકે સ્થાયી થયેલો છે. છેલ્લો ત્રીજો ભાગ બે-ત્રણ પેઢીથી શહેરોમાં વસે છે. ત્યાં ઘરકામ કે મજૂરી કરે છે. તેને જનજાતીય જીવનનો અનુભવ નથી અને પશ્ચિમની રહેણીકરણીની અસર હેઠળ આવેલો છે.

૧૯૫૬ સુધીમાં લગભગ દશ લાખ આફ્રિકનો શાળાએ જતા થયા હતા. પરંતુ તેમને તેમની માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે છે. સમગ્ર રાષ્ટ્રનો વ્યવહાર અંગ્રેજી અને આફ્રિકન ભાષામાં ચાલતો હોવાથી, તેમને માટે આર્થિક પ્રવૃત્તિઓમાં અને વ્યવસાયોમાં ભાગ લેવાનું વધુ ને વધુ મુશ્કેલ બની રહ્યું છે. તેમને માટે અલગ શિક્ષણતંત્ર ઊભું કરવામાં આવ્યું ત્યારે ૩૦૦૦ શ્યામ વિદ્યાર્થીઓ સ્નાતક થઈ ચૂકયા હતા અને ૧૬૦૦ જેટલા સ્નાતક કક્ષાએ ભણતા હતા. જોકે, પ્રત્યેક ગોરા બાળકના શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચ કરતાં માત્ર આઠમા ભાગ જેટલો ખર્ચ શ્યામ બાળકો માટે કરવામાં આવતો હતો અને આ ગાળો છેલ્લા દાયકામાં તો વધવા પામ્યો છે. દેશના શિક્ષણ પાછળ ખર્ચાતી રકમમાંથી માત્ર છ ટકા જેટલી રકમ તેમની પાછળ ખર્ચાતી હતી. આમ અપૂરતા શિક્ષણને કારણે શ્યામ પ્રજા દેશમાં ઊભી થઈ રહેલી આર્થિક તકોનો લાભ લઈ શકતી નથી. તેઓ ઉપર કાનૂની મર્યાદાઓ તો છે જ, પરંતુ સાથોસાથ આ શૈક્ષણિક મર્યાદાઓ પણ આડે આવે છે. તેમને રોજગારીમાં તથા આવકમાં એમ બન્ને રીતે નુકસાન થાય છે.

૪૦ ટકા જેટલી ગોરી વસ્તીને તો રાજ્ય પોતે જ રોજગારી પૂરી પાડે છે. દેશની કુલ વસ્તીના ૧૭·૫ ટકા જેટલી ગોરી વસ્તી દેશની કુલ આવકના ૭૩ ટકા કમાય છે જ્યારે ૭૦ ટકા જેટલા આફ્રિકનો માત્ર ૧૮·૮ ટકા આવક મેળવે છે! શ્યામ પ્રજાની સરેરાશ માથાદીઠ આવક, ગોરા લોકોની સરેરાશ માથાદીઠ આવકના માત્ર છ ટકા જેટલી છે.

બીજી રીતે જોઈએ તો અનામત વિસ્તારમાં રહેતા આફ્રિકનોની સરેરાશ કુટુમ્બદીઠ વાર્ષિક આવક ૪૩ પાઉન્ડની હતી; ખેતરો પર કામ કરનારાઓની ૮૩ પાઉન્ડ, તો કારખાનાં-ખાણોમાં મજૂરી કરનારાઓની ૯૦ પાઉન્ડ હતી. દક્ષિણ આફ્રિકા ઉદ્યોગોમાં આગળ પડતો દેશ બન્યો હોવા છતાં કારખાનાંમાં તાલીમ પામેલા કામદારોમાંથી માત્ર ૧૧ ટકા જ બિનગોરાઓ છે અને તેમાંથી ૧૦ ટકા શ્યામ લોકો છે. અર્ધતાલીમબદ્ધ કામદારોમાંથી ૭૦ ટકા બિનગોરાઓ છે, જેમાંથી

૪૦ ટકા શ્યામ લોકો છે. જ્યારે બિનતાલીમી કામદારોમાંથી માત્ર ૧ ટકો ગોરાઓ છે, ૧૪ ટકા ભારતીય અથવા મિશ્રજાતિના છે અને ૮૫ ટકા શ્યામ લોકો છે. વ્યવસાયોમાં તો શ્યામ પ્રજાની સંખ્યા ખૂબ નજીવી અને આંગળીને વેઢે ગણાય તેટલી રહી છે. કારખાનામાં ગોરાઓનો સરેરાશ વાર્ષિક પગાર ૪૫૦ પાઉન્ડનો રહ્યો છે, જ્યારે બિનગોરાઓનો ૧૧૦ પાઉન્ડ. આમ, દક્ષિણ આફ્રિકાની ધરતીના આ મૂળ નિવાસીઓ પોતાની જ ભૂમિમાં નિમ્નતમ કક્ષાનું જીવન ગાળતા રહ્યા છે.

ઈ. સ. ૧૬૫૨ની છઠ્ઠી એપ્રિલે ડચ ગોરાઓનું પહેલું વસાહતી જૂથ કેપ્ટપના કિનારે ઊતર્યું. તેનું ધ્યેય યુરોપથી ભારત જતાં જહાજોને ખાધાખોરાકીનો સામાન પૂરો પાડવાનું હતું. સૌ પ્રથમ તો તેઓ અહીંની શ્યામ પ્રજાઓ જોડે લડ્યા. તેમને તેમની જમીન પરથી હાંકી કાઢીને તેમનાં ઢોરઢાંખર પણ પડાવી લીધાં; અને કાયમને માટે ઠરીઠામ થયા. પોતાના મૂળ વતનની સરકાર, તેના સાંસ્થાનિક અમલદારો તથા પાદરીઓ એ બધાંનો વિરોધ કરીને તેઓ પોતાની આગવી રીતે અહીં જીવવા લાગ્યા. તેઓ મોટે ભાગે ખેડૂતો હતા. ખેડૂતો ડચ ભાષામાં 'બોઅર' તરીકે ઓળખાતા હોઈ આ ડચ વસાહતીઓ પણ બોઅર કહેવાવા લાગ્યા. તેમણે પોતાના દેશની ડચ સરકાર સામે બળવો પોકાર્યો અને સત્તરમી અને અઢારમી સદીમાં સ્વતંત્ર બોઅર રાષ્ટ્રને વિકસાવ્યું. તેઓ પોતાની જાતને ડચને બદલે 'આફ્રિકનર' ગણાવવા લાગ્યા. વીસમી સદીની શરૂઆતમાં તેઓ અંગ્રેજ વસાહતીઓ સામે પણ લડ્યા; તેમાં થોડા સમય માટે પોતાનું આગવું રાષ્ટ્રત્વ ગુમાવ્યું.

દક્ષિણ આફ્રિકામાં, આ દરમ્યાન, તેમણે શ્યામ પ્રજાઓની મજૂરી પર આધારિત એક સામન્તશાહી સંસ્કૃતિ વિકસાવી હતી. તેમાં ગોરાઓ આદેશ આપવા, હુકમ કરવા અને ધણિયામા બનવા સરજાયા હતા અને શ્યામ લોકો હુકમ ઝીલવા, વૈતરું કરવા અને હાળી બનવા નિર્માયેલા હતા. શ્રમ કરવો એ 'કાફરા'નું (કાળાનું) કામ મનાયું. તેમણે જ્યારે ટ્રાન્સવાલનું પ્રજાસત્તાક રચ્યું ત્યારે તેના બંધારણમાં સ્પષ્ટ જાહેર કર્યું કે ગોરાઓ અને કાળાઓ વચ્ચે કોઈ પણ પ્રકારની સમાનતાની છૂટ દેવળમાં અને રાજ્યમાં ન આપવા માટે પ્રજા કૃતનિશ્ચય છે. તેમણે પોતાની આગવી 'આફ્રિકાન્સ' ભાષા અને 'તોખાર' સાહિત્ય વિકસાવ્યાં. 'આફ્રિકનર' જાતનું આગવું પશુધન પણ એમણે વિકસાવ્યું. પોતાની જીવનપ્રણાલી અને રહેણીકરણીનું તમામ પરિબળો સામે આ ડચ વસાહતીઓએ મક્કમતાથી રક્ષણ કર્યું.

પરંતુ, વીસમી સદીના પ્રારંભમાં અંગ્રેજ લોકોને હાથે હાર્યા ત્યારે તેઓ માત્ર લશ્કરી કે રાજકીય દૃષ્ટિએ જ પાછા ન પડ્યા, તેમની સમગ્ર જીવનપ્રણાલી હચમચી ઊઠી. તેઓ શહેરોને તિરસ્કારથી જોતા હતા. ખાણોને 'અંગ્રેજી' માનતા હતા અને વ્યાપારધંધાને 'વિદેશી' ગણાવતા હતા. બીજી બાજુ, તેમની વસ્તી વધતાં જમીનનું માથાવાર પ્રમાણ ઘટતું ગયું અને 'ગરીબ ગોરાઓ'ની એક નવી પેઢી પેદા થઈ. વીસમી સદીના પ્રારંભથી માંડીને ૧૯૩૦ સુધી 'કંગાલ કાળી પ્રજા'ને બદલે 'ગરીબ ગોરા'ઓનો પ્રશ્ન સૌનું ધ્યાન ખેંચતો રહ્યો. કાળી પ્રજા આ 'અવનત ગોરા'ની હરીફ ગણાવા લાગી. આથી, 'ગોરા ગરીબવાદ'માંથી અનેક સામાજિક પ્રશ્નો ઊભા થયા. કાળી પ્રજાને ભોગે તેમને અનેક વિશેષાધિકારો પણ આપવામાં આવ્યા. તેઓ પોતાનાં ખેતરો છોડીછોડીને નગરોમાં આવવા લાગ્યા. પરંતુ તેઓ અંગ્રેજો અને યહૂદીઓ સાથે વ્યાપાર-ધંધા કે ઉદ્યોગમાં હરીફાઈ

ન કરી શકયા. તેઓ પોતાની જાતને પોતે અપનાવેલી ભૂમિમાં અજનબી અનુભવવા લાગ્યા. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યાં સુધી ખાણો, વ્યાપાર, બૅંકિંગ, વાણિજ્ય, વ્યવસાયો અને દફ્તરી સ્થાનો, તાલીમબદ્ધ કામો — એ બધું જ બિન-આફ્રિકન ગોરાઓના હાથમાં હતું. બ્રિટિશરોના હાથે પરાજય પામ્યા પછી સામાજિક અને આર્થિક મુશ્કેલીઓ અને પછાતપણાનાં નવાં તત્ત્વો ઉમેરાયાં. બીજી ગોરી પ્રજાઓની સરખામણીમાં પોતાનું ઊતરતાપણું તેમને ખૂબ સાલ્યું. કદાચ તેમાંથી જ તેમની એક જાતિ તરીકે કે પ્રજા તરીકે ચડિયાતાપણાની ભાવના વધુ દૃઢીભૂત થઈ. દુર્ભાગ્યે, તેમણે પોતાનો તિરસ્કાર અને ઘૃણા પોતાની ગુલામી કરનાર કાળી આફ્રિકી પ્રજા સામે વાળ્યાં.

૧૯૨૦ પછી તેમણે ખૂબ મોટા પાયા પર આધુનિક શિક્ષણસેવાનો પ્રારંભ કર્યો અને ટૂંક સમયમાં જીવનનાં તમામ ક્ષેત્રોમાં સુશિક્ષિત અને કુશળ આગેવાનો પેદા કર્યા. રાજકારણ, ધર્મ, રોજગારી, ધંધો કે મજૂરસંઘો એ બધાં ક્ષેત્રોમાં તેઓ બે કારણોસર સિદ્ધિ મેળવવા માટે પ્રેરાયા હતા. ગોરાઓ માટે અનામત કે સલામત રખાયેલાં તમામ આર્થિક ક્ષેત્રોમાં તેઓ કાળા લોકોને પ્રવેશતા રોકવા માગતા હતા. બીજું તેઓ પોતે અંગ્રેજો કરતાં ચડિયાતા છે એવું પણ સિદ્ધ કરવા માગતા હતા. દક્ષિણ આફ્રિકાની ગોરી વસ્તીના ૫૬ ટકા જેટલા અને કુલ વસ્તીના ૧૨ ટકા જેટલા આ આફ્રિકનર તેના રાજકીય જીવન ઉપર આધિપત્ય ભોગવે છે. તેમનો આગવો આફ્રિકનર રાષ્ટ્રવાદ એ કાળી પ્રજાઓ માટે માનવ અધિકારો, સ્વાધીનતા, સમાનતા અને સ્વશાસન સિદ્ધ કરવા આડે મોટામાં મોટો અંતરાય છે. અહીં એ નોંધવું ઠીક થઈ પડશે કે 'આફ્રિકનર' પ્રજામાં માત્ર ડચ જ નહીં પરંતુ ફ્રેન્ચ અને જર્મન જેવા પ્રજાતંતુઓ પણ ભળેલા છે અને એકરૂપ બની ગયેલા છે.

દક્ષિણ આફ્રિકામાં વસનારું ત્રીજું મોટું જૂથ હતું બ્રિટિશ કંપનીનું, જે ૧૮૨૦માં અહીં આવ્યું હતું. તેઓ ૧૮૨૦ના વસાહતીઓ તરીકે ઓળખાતા હતા. તેમના આગમનથી ૧૮૩૮થી આફ્રિકનર લોકોએ કિનારાથી ઉત્તરની બાજુએ ખસવાની શરૂઆત કરી. બોઅર લોકોએ ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટની સ્થાપના કરી. અંગ્રેજ લોકો લગભગ એકસો ચાળીસ વર્ષ કંપનીના રાજ્યમાં (ઈ. સ. ૧૯૬૦ સુધી) જીવ્યા. બાદ અંગ્રેજ સરકારનું રાજ્ય સ્થપાતાં રસ્તા નેં પુલો બંધાયા. કાયદાનો વિસ્તાર કરવામાં આવ્યો. યુનિવર્સિટીની સ્થાપના થઈ. ૧૮૫૪માં અંગ્રેજોનાં સંસ્થાનને પ્રતિનિધિ સરકાર આપવામાં આવી, અને અઢાર વર્ષ બાદ જવાબદાર સરકાર. આફ્રિકનર લોકોનાં સંસ્થાન ટ્રાન્સવાલમાં સોનું મળી આવતાં તેઓ વધુ શક્તિશાળી બન્યા. તેમણે અંગ્રેજોના રાજ્ય પર હુમલો કર્યો. આ બોઅર યુદ્ધમાં તેઓ હાર્યા. આ પરાજયને કારણે વહીવટ અંગ્રેજોના હાથમાં ગયો. તેમાંથી અત્યારનું 'યુનિયન ઑફ સાઉથ આફ્રિકા' અસ્તિત્વમાં આવ્યું. પરંતુ તેમાં આફ્રિકનરોનું પ્રભુત્વ જામ્યું.

દક્ષિણ આફ્રિકા આવેલા અંગ્રેજો કોઈ વિશિષ્ટ હેતુ સિદ્ધ કરવા માટે આવ્યા ન હતા. વળી ન તો તેઓ તેમની આગવી જીવનપ્રણાલી જાળવવા કે વિસ્તારવા આતુર હતા કે ન તો તેઓ પોતાના માતૃદેશ બ્રિટન પ્રત્યે ઝાઝા લાગણીસભર હતા. તેમનામાંના મોટા ભાગના, બ્રિટનના આ સંસ્થાન તરફના વલણ માટે આફ્રિકનરની માફક રોષની લાગણી ધરાવતા હતા. તેમની અને બોઅર લોકો વચ્ચે યુદ્ધ થયું તેમાં પણ સ્થાનિક કરતાં દરિયાપારનાં કારણો જ વિશેષ જવાબદાર હતાં.

નવા ખાણમાલિકોનો એમાં મોટો ફાળો હતો. જો આવું આર્થિક હિત સંડોવાયું ન હોત તો દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોએ ભાગ્યે જ શસ્ત્રો ઉગામ્યાં હોત. અહીં રહેતા અંગ્રેજોને રાજકારણમાં ભાગ્યે જ કશો રસ હતો. તેમને પોતાનાં કામ, કુટુંબ અને રમતગમતમાં જ રસ હતો. હા, એમનું કાળી પ્રજા પ્રત્યેનું વલણ આફ્રિકનર કરતાં જુદું હતું. તેઓ સામાજિક ક્ષેત્રમાં રંગભેદની નીતિમાં માનતા હોવા છતાં આર્થિક ક્ષેત્રમાં કાળા લોકોને સાથે લેવામાં માનનારા સમન્વયવાદી હતા. અલબત્ત, રાજકીય અધિકારો આપવા બાબત તેમનું વલણ રૂઢિચુસ્ત હતું. આમ, તેમનો દૃષ્ટિકોણ વ્યવહારુ હતો. જોકે, એકંદરે તેઓ બિન-અંગ્રેજ ગોરાઓની વધુ નજીક હતા એ નક્કી.

ગોરી-કાળી પ્રજાઓના સહવાસમાંથી 'રંગીન' તરીકે ઓળખાતી જે મિશ્ર પ્રજા જન્મી તેની સંખ્યા અત્યારે ૧૯ લાખ જેટલી થવા જાય છે. ખૂબ પ્રારંભમાં આવેલા વસાહતીઓ અને તેમણે વૈતરા માટે રાખેલી હૉટેન્ટૉટ, મલય અને બુશમૅન જેવી કાળી પ્રજાઓ વચ્ચેના મુક્ત સહચારથી પેદા થયેલી આ પ્રજા છે. આ વસ્તી મોટે ભાગે ખેતરોમાં કેન્દ્રિત થયેલી છે. તેઓ પોતાની જાતને કાળાઓ કરતાં ઊંચી માને છે અને ગોરાઓ જોડે સમાનતા પામવા માટે ઝંખ્યા કરે છે. સામાજિક રીતે તેઓ બંનેમાંથી એકે સમાજનો ભાગ નથી. રંગભેદની નીતિ દ્વારા તેમને ગોરા લોકોથી અલગ પાડવામાં આવ્યા ત્યાં સુધી ગોરા લોકો સાથેના સમન્વયની પ્રક્રિયા સ્વાભાવિક ક્રમમાં ચાલતી હતી. તેમનું રાજકારણ ભાગલાવાદી અને રૂઢિચુસ્ત રહ્યું છે. આથી તેઓ રાજકીય રીતે નબળા રહ્યા છે. ૧૯૬૬માં તેમનો મતાધિકાર પણ છીનવાઈ ગયો છે. તેમની સાથે કરવામાં આવતા વ્યવહારે આફ્રિકનર આગેવાનોમાં ઘણી વાર અસંતોષ પેદા કર્યો છે.

સૌથી નાની બિનગોરી પ્રજા તે ભારતીયો. ઠેઠ ૧૮૭૦થી તેઓ અહીં વસે છે. મુખ્યત્વે નાતાલ પ્રાન્તમાં વસેલા, ૫·૬૧ લાખની વસ્તી ધરાવતા આ ભારતીયો બગીચા, ખાંડનાં ખેતરો, ઉદ્યોગો અને વ્યાપારમાં રોકાયેલા છે. તેમના વડવાઓને અહીં મજૂરી કરવા માટે ભરતી કરવામાં આવેલા. તેઓ મોટા વ્યાપારીઓ અને મિલકતદારો હોવાનું મનાય છે. પરંતુ મોટા ભાગના તો હટાણું કરીને 'કમાવાની' આશામાં મથામણ કરતા હોય છે. અહીં વસેલી આ પ્રજાને હવે પોતાનો કોઈ બીજો દેશ રહ્યો ન હોવા છતાં તેમને બધાને 'પરદેશી' ગણવામાં આવે છે. અને તેથી તેમના ભાવિના પ્રશ્નને અત્યંત તીવ્ર સ્વરૂપ ધારણ કરેલું છે. આ પ્રજાને કોઈ રાજકીય અધિકારો તો છે જ નહીં અને અન્ય અધિકારો પણ ખૂબ નજીવા છે. કાળી પ્રજા સાથે રંગભેદની નીતિ આચરવામાં આવી તે પહેલાંથી તેમના પ્રત્યે દમનકારી ભેદભાવ વર્તાતો આવ્યો છે. અહીં જ મહાત્મા ગાંધીએ હિંદીઓના સ્વમાનના રક્ષણ કાજે સત્યાગ્રહના પ્રયોગો કર્યા હતા અને આશ્રમો સ્થાપ્યા હતા. તેમનાં આંદોલનોની મોટી અસર આફ્રિકાની કાળી પ્રજાનાં આંદોલનો પર રહી હતી. પરંતુ હવે સમગ્ર સ્થિતિ બદલાઈ ચૂકી છે. હિન્દીઓની હાલત દિન-બ-દિન વણસતી રહી છે અને કાળી પ્રજા પોતાના ગૌરવના રક્ષણ કાજે અહિંસક આંદોલનમાંથી ઝડપભેર ગેરીલા યુદ્ધ તરફ જઈ રહી છે.

આફ્રિકાના મૂળ વસાહતીઓ (આફ્રિકનરો) અને અંગ્રેજ વસાહતીઓ વચ્ચે કાળી પ્રજાઓની સાથેના વ્યવહારની બાબતમાં મતભેદ ઊભો થયો હતો. આફ્રિકનરો કાળી પ્રજાને જંગલી અને પશુ તરીકે જોતા અને એમ માનતા કે તે સખત મજૂરી કરવા જ સર્જાયેલી છે. તેને સ્વતંત્ર રાખવામાં આવશે તો તે ભારે ઉપદ્રવરૂપ પુરવાર થશે. આથી તેને લઘુતમ અધિકારો આપવા જોઈએ. અંગ્રેજો

તેમને ન્યાયપૂર્વક રાખવા માગતા હતા અને વધુ સારા જીવન માટે અધિકારો અને તકો મળે તેમ ઇચ્છતા હતા, માનવ તરીકે તેમને સમાન દરજ્જો આપવા માગતા હતા. આથી એ બે ગોરાં જૂથો વચ્ચે મતભેદ વધતો જ ગયો અને તેણે છેવટે સંઘર્ષનું સ્વરૂપ લીધું.

૧૮૬૮માં હીરાની ખાણો મળી આવી. તે વિસ્તાર ઑરેન્જ ફ્રી સ્ટેટમાં આવતો હતો. છતાં કોઈ જૂની સંધિને નામે બ્રિટિશરોએ તે કબજે કરી લીધો; અને બીજી બાજુ, ઝૂલુ લોકોના હુમલા સામે રક્ષણ કરવાને બહાને ટ્રાન્સવાલનો પણ કબજો લીધો. પરંતુ ઝૂલુ લોકોનો પરાજય થતાં, આફ્રિકનરોએ બ્રિટિશરોને હાંકી કાઢ્યા અને પોતાની સ્વાધીનતા પાછી પ્રાપ્ત કરી. ત્રીજો બનાવ એ બન્યો કે આફ્રિકનર રાજ્ય ટ્રાન્સવાલમાં સોનાની ખાણો મળી આવી. આથી ત્યાં જોહાનિસ-બર્ગ ખાતેની વસ્તીમાં ઝડપભેર વધારો થવા લાગ્યો. આ પ્રજાસત્તાકના પ્રમુખ પૉલ ક્રૂગરને આથી ભય જણાયો અને તેણે નવા આગંતુકોને કોઈ પણ પ્રકારના અધિકારો આપવાની ના પાડી. એની સામે કેપ સંસ્થાનમાં પ્રમુખ તરીકે આવેલ સિસિલ જૉન રોડ્ઝે, અધિકારવિહોણા નવાતંગુકોનો પક્ષ લઈ તેમના આગેવાન જેમિસન દ્વારા દરોડો પાડવાનું કાવતરું ગોઠવ્યું. પરંતુ ટ્રાન્સવાલ કબજે કરવાની આ આખી યોજના નિષ્ફળ ગઈ અને આફ્રિકનરો તથા બ્રિટનના સંબંધો વધુ ખરાબ થયા.

ટ્રાન્સવાલ પ્રજાસત્તાકમાં સોનું મળી આવવાથી તે સમૃદ્ધ બન્યું હતું અને તે બ્રિટિશ હુમલાથી ચેતીને હવે શસ્ત્રસરંજામ ખરીદી રહ્યું હતું. બીજી બાજુએ યુરોપમાં જર્મની એક શક્તિશાળી રાષ્ટ્ર બની રહ્યું હતું અને તે દક્ષિણ આફ્રિકાની સરહદ પર જ પોતાનું સંસ્થાન વિકસાવી રહ્યું હતું. કોઈ પણ કારણસર બ્રિટન અને જર્મની વચ્ચે યુદ્ધ થાય તો જર્મની ટ્રાન્સવાલ સાથે ભળી જાય, એને બીજા આફ્રિકનરોનો ટેકો મળે; અને પરિણામે બ્રિટનને કેપ કૉલોની ગુમાવી દેવું પડે. આવા પારસ્પરિક ભયમાંથી બ્રિટન અને બોઅર પ્રજા વચ્ચે (ટ્રાન્સવાલ) યુદ્ધ ફાટી નીકળ્યું. આ યુદ્ધ ત્રણ વર્ષ ચાલ્યું અને બ્રિટન તેમાં જીત્યું. પરંતુ આથી આફ્રિકનર કે બોઅર લોકોના મનમાં અંગ્રેજ વસાહતીઓ પ્રત્યે ભારે રોષ અને અવિશ્વાસની લાગણી કાયમને માટે ઘર કરી ગઈ. હજુ આજે સિત્તેર વર્ષ બાદ પણ તેઓ બ્રિટનને તેના આ દગા માટે માફ કરવા તૈયાર નથી. આ યુદ્ધને કારણે બ્રિટિશરોએ બોઅર લોકોનાં સ્ત્રી-બાળકોને મોટા કૅમ્પોમાં ખસેડ્યાં. ત્યાં રોગચાળાને કારણે ૨૬,૦૦૦ સ્ત્રી-બાળકો મરણ પામ્યાં. આ એક અક્ષમ્ય બેજવાબદારી હતી. ૧૯૦૨માં આ યુદ્ધનો અંત આવ્યો. ૧૯૦૫માં આ પ્રજાસત્તાકોને વળી પાછી જવાબદાર સરકાર આપવામાં આવી અને તેઓ વહીવટમાં ભાગ લેવા લાગ્યાં. યુદ્ધ બાદ ગઈગુજરી ભૂલી જવાનું વાતાવરણ ફેલાયું. એક રાષ્ટ્રીય સંમેલન બોલાવવામાં આવ્યું. તેમણે મંજૂર કરેલા બંધારણ અનુસાર ૧૯૧૦માં 'યુનિયન ઑફ સાઉથ આફ્રિકા'નું વિશાળ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આ નવા બંધારણમાં અગાઉનાં બોઅર પ્રજાસત્તાકોમાં બિનગોરાઓને કોઈ રાજકીય અધિકારો મળ્યા નહીં. પરંતુ કેપ અને નાતાલમાં તેમને મતદાનનો અધિકાર મળ્યો. પોતાને વિજય મળ્યો હોવા છતાં અંગ્રેજોએ માત્ર નર્યા વિશ્વાસની ભાવનાથી, પોતે લઘુમતીમાં આવી જતા હોવા છતાં, સંઘમાં જોડાવાનું સ્વીકાર્યું. પ્રથમ વડો પ્રધાન આફ્રિકનર બોથા બન્યો. તેણે અને સ્મટ્સે આ વિશ્વાસ ડગે એવું કશું કર્યું નહીં. બીજા વિશ્વ-યુદ્ધના ટૂંકા ગાળા સિવાય કોઈ અંગ્રેજ આ યુનિયનનો વડો પ્રધાન બન્યો નથી. છતાં, અંગ્રેજ લોકોની સાથે હળીમળીને તથા શિક્ષણના પ્રચાર પછીય ગ્રામવિસ્તારના બોઅર લોકોનો બિનગોરી પ્રજા પ્રત્યેનો ભાવ બદલાશે એવી આશા પણ ફળીભૂત થઈ નથી.

યુનિયન અસ્તિત્વમાં આવતાં બે જ વર્ષમાં જનરલ હર્ઝોગે એવો મુદ્દો ઉઠાવ્યો કે ડચ ભાષાને સત્તાવાર ભાષા તરીકે સ્વીકારવાની બાબતમાં યુનિયન યોગ્ય ઝડપે આગળ વધતું નથી. તેની આ રજૂઆતને કારણે તેને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી અને તેણે ઉદ્દામ આફ્રિકનરોના સહકારથી એક નવી નૅશનલિસ્ટ પાર્ટીની સ્થાપના કરી.

આ નવું બંધારણ, નવો સંઘ અને નવું રાષ્ટ્ર એ બધી તો ગોરા લોકોની બીજા ગોરા લોકો સાથેની સમજૂતી હતી. હિન્દી તેમ જ કાળી પ્રજાઓને તો એમાં સાવ અવગણવામાં જ આવી હતી. ગોરાના આ નવા રાજ્યથી કાળી પ્રજાના આગેવાનો ચોંકી ઊઠ્યા. તે વખતના આફ્રિકનોના એક વકીલ આગેવાન ડૉ. પિક્ષલે કલઝાકાએ ૧૯૧૧ની સાલમાં એક લેખમાં જણાવ્યું કે 'જન-જાતિવાદના રાક્ષસને, હૌસા અને ફૂંગો વચ્ચેના દંગલોની વિચિત્રતાઓને, ઝૂલુ અને ટોંગા તથા બાસુટો અને બીજી તમામ જાતિઓ વચ્ચેની દુશ્મનાવટને દફનાવી દેવી જોઈએ. આપણે એક પ્રજા છીએ.' અન્ય આગેવાનોએ આ આહ્વાનને સ્વીકારી લીધું અને ૧૯૧૨ની ૮મી જાન્યુઆરી-ના રોજ એક નોંધપાત્ર અને ઐતિહાસિક પરિષદ મળી. તેમાં તમામ જનજાતિઓના તથા બૌદ્ધિકો, કામદારો અને કિસાનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા. એકમેકને શંકાની નજરે જોનારાઓ એક જ મંચ ઉપર એકઠા થયા. તેમાંથી 'આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ ઑફ્ સાઉથ આફ્રિકા'નો જન્મ થયો. તે દિવસે જ ખરેખરા આફ્રિકન રાષ્ટ્રનો જન્મ થયો એમ કહી શકાય.

ગોરી લઘુમતી સરકારે ૧૯૧૩માં એક જમીનધારો પસાર કર્યો અને દેશની ૮૭ ટકા જમીન ગોરાઓ માટે અનામત રાખી, જ્યારે બાકીની ૧૩ ટકા જમીન ૮૦ ટકા બિનગોરી વસ્તીને માટે ફાજલ પાડવામાં આવી. આનું એક જ પરિણામ આવે કે બિનગોરી પ્રજાઓને પોતાની જમીનને અભાવે ગોરા લોકોનાં ખેતરો, ખાણો અને કારખાનાંઓમાં કામ કરવા જવું પડે. આથી આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે ૧૯૧૩–૧૪માં, આ ભેદભાવભર્યા કાયદાને રદ કરવાનું સમજાવવા એક પ્રતિનિધિમંડળ મોકલાવ્યું. બ્રિટિશ સરકારે ત્યારે ચાલી રહેલા વિશ્વયુદ્ધનું બહાનું કાઢી મદદ કરવાની ના પાડી. યુદ્ધને અંતે ૧૯૧૯માં બીજું પ્રતિનિધિમંડળ મોકલવામાં આવ્યું ત્યારે બ્રિટિશ સરકારે તેની રજૂઆત નકારી કાઢી અને દક્ષિણ આફ્રિકાની સરકાર સાથે સીધી વાટાઘાટો કરવા જણાવ્યું.

પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન બોથાએ બ્રિટનને શક્ય એટલી મદદ કરી. પરંતુ રીઢા પ્રજાસત્તાકવાદીઓએ જર્મનીની મદદથી વળી પાછો સ્વતંત્ર પ્રજા-સત્તાકો સ્થાપવા માટે બળવો કર્યો. બોથાએ તે દાબી દીધો. આથી તેને આફ્રિકનરનો ટેકો ગુમાવવો પડ્યો અને જનરલ હર્ઝોગની નૅશનલિસ્ટ પાર્ટી વધુ મજબૂત બની.

યુદ્ધ પૂરું થયું તેવામાં જનરલ બોથા અવસાન પામ્યો. તેનું સ્થાન જનરલ સ્મટ્સે લીધું. તેના શાસન દરમિયાન આવેલી યુદ્ધોત્તર મંદીએ તેને અપ્રિય બનાવ્યો. નૅશનલિસ્ટ પાર્ટી અને લેબર પાર્ટીના જોડાણે ૧૯૨૪માં તેને સત્તા પરથી દૂર કર્યો. પરંતુ યુદ્ધ પછી આફ્રિકામાં ઉદ્યોગી-કરણની પ્રક્રિયા પણ વેગ પકડી રહી હતી. હજારો કામદારો શહેરોમાં રોજી માટે આવી રહ્યા હતા. કૅમેન્ટ કડાલીની આગેવાની હેઠળ મજૂર પ્રવૃત્તિ આગળ વધી રહી હતી. ઇન્ડસ્ટ્રિયલ ઍન્ડ કમર્શિયલ યુનિયનની સ્થાપના કરવામાં આવી. તેના આશ્રયે કામદારોએ યોજેલી હડતાળોને લશ્કરની

અને પોલીસની સહાયથી કડક હાથે દાબી દેવામાં આવી. કામદારો પર કરવામાં આવતા આ સિતમ સામે કામદારોને ટેકો આપવા આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે પણ ઘણી ચળવળો ચલાવી.

નૅશનલિસ્ટ પાર્ટી અને લેબર પાર્ટીની મિશ્ર સરકારે પાંચ વર્ષ (ઈ. સ. ૧૯૨૪થી ૧૯૨૯) શાસન કર્યું. તે ગાળામાં આર્થિક સમૃદ્ધિ પ્રમાણમાં વધી હતી. તેમણે ગોરી સ્ત્રીઓ માટે મતાધિકાર વિસ્તાર્યો હતો. આમ, નૅશનલિસ્ટ પાર્ટી માટે સત્તા ઉપર આવવાની સારી સંભાવનાઓ છતાં, તેણે બોઅર લોકોના મનમાં કાળા લોકો પ્રત્યેના ઊંડે ઊંડે પડેલા પૂર્વગ્રહને છંછેડ્યો. કાળા લોકોની સસ્તી મજૂરીની હરીફાઈનો તથા લાંબે ગાળે કાળી વસ્તી ગોરી પ્રજાને સંખ્યામાં ગળી જશે તેનો, 'કાળો ભય' સામે ધરવામાં આવ્યો. તે પક્ષે સારા એવા મત મેળવ્યા ખરા; પરંતુ તેણે બિનગોરા લોકોના મનમાં ગોરા લોકો માટે ભારે તિરસ્કારની લાગણી જન્માવી અને ઉશ્કેરી.

૧૯૨૯માં તે પક્ષ સત્તા પર આવ્યો અને વિશ્વમંદી આવી. નિકાસ કરનાર ખેડૂતો પાયમાલ થયા. આખો દેશ આર્થિક રીતે ભયાનક સ્થિતિમાં મુકાઈ ગયો. નૅશનલિસ્ટ પાર્ટીમાં ભાગલા પડ્યા અને તેમનું એક જૂથ સત્તાવાર વિરોધ પક્ષ (યુનાઈટેડ પાર્ટી) સાથે જોડાઈ ગયું. તે પછી થયેલી ચૂંટણીમાં પણ યુનાઈટેડ પાર્ટી જ સત્તા પર આવી. આ પક્ષનું સાત વર્ષનું શાસન દક્ષિણ આફ્રિકા માટે ખૂબ ફળદાયી નીવડ્યું. સોનાની નવી ખાણો ખૂલી, સોનાના ભાવો બમણા થયા; આમ વિદેશી વિનિમયની કમાણીથી દેશ અભૂતપૂર્વ ઝડપે આગળ વધવા લાગ્યો.

મંદીને કારણે થયેલી કાળા કામદારોની હકાલપટ્ટીને રોકવા તથા વધુ સારી કામગીરીની સ્થિતિ પ્રાપ્ત કરવા ઇન્ડસ્ટ્રી ઍન્ડ કૉમર્સ યુનિયને પોતાનું આંદોલન ચાલુ રાખ્યું અને માલિકોને ઠેકાણે લાવવા અદાલતોનો આશ્રય લેવામાં આવ્યો. તમામ પ્રાંતોમાં ટ્રેનમાં મુસાફરી કરવાનો તથા ફૂટપાથ પર ચાલવાનો અધિકાર મેળવવા માટે આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે સવિનય કાનૂનભંગનું આંદોલન ચલાવ્યું. કાળા લોકોને માટે પાસ રાખવાની ફરજ પાડતા કાયદા સામે જોરદાર દેખાવો યોજવામાં આવ્યા. આ દેખાવો દરમ્યાન ત્રણ આગેવાનોનાં પોલીસે ખૂન પણ કરાવ્યાં. ૨૦૦ આફ્રિકનોને ડરબન શહેરમાંથી હદપાર કરવામાં આવ્યા.

ઈ. સ. ૧૯૦૯માં દક્ષિણ આફ્રિકાનું બંધારણ ઘડાયું ત્યારે કેપ પ્રાંતમાં કાળા લોકોને મર્યાદિત પ્રમાણમાં મતાધિકાર આપવામાં આવ્યો હતો અને તેમનાં નામ સહિયારી યાદીમાં રહેતાં હતાં. કાળા લોકોનો આ મતાધિકાર ૧૯૩૫માં લઈ લેવામાં આવ્યો ત્યારે દક્ષિણ આફ્રિકાના ઇતિહાસનું મોટામાં મોટું આંદોલન ચલાવવામાં આવ્યું. દક્ષિણ આફ્રિકન કૉંગ્રેસે આ કટોકટીનો સામનો કરવા તમામ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સંસ્થાઓનું સંમેલન બોલાવ્યું. પરંતુ તેમાંથી શરૂ કરાયેલા આંદોલનને વ્યાપક પ્રજાકીય ટેકો ન મળતાં આફ્રિકનોએ મતાધિકાર ગુમાવ્યો.

વિશ્વમંદીને કારણે યુરોપમાં ઝંઝાવાત જાગ્યો. જર્મનીમાં હિટલર સત્તા પર આવ્યો. અને ૧૯૩૯માં તો યુદ્ધ ફાટી નીકળ્યું. દક્ષિણ આફ્રિકાએ કેવો માર્ગ લેવો તે પ્રશ્ન પાર્લમેન્ટમાં રજૂ કરવામાં આવ્યો. દક્ષિણ આફ્રિકાના વસાહતી ગોરી સરકારના વડા જનરલ સ્મટ્સે બ્રિટનનો પક્ષ લેવાની હિમાયત કરી. જ્યારે હર્ઝોગ અને વિરોધ પક્ષના ડૉ. મલાને તટસ્થ રહેવાની વાત મૂકી. દક્ષિણ આફ્રિકા બ્રિટનને પક્ષે ગયું. પરંતુ સ્મટ્સ અને હર્ઝોગની આફ્રિકા માટેની અત્યંત ફળદાયી મિત્રાચારી તૂટી. જર્મની જીતતું ગયું તેમ તેમ વિરોધપક્ષ ખુલ્લેખુલ્લા નાઝી જર્મનીની તરફદારી કરવા લાગ્યો. પણ સ્મટ્સે ધીરજ અને સહિષ્ણુતા વાપરીને દેશને કટોકટીમાંથી અને ઉપદ્રવમાંથી

બચાવી લીધો. તેની હિંમત અને ડહાપણે દેશને બીજી વાર વિભાજન કે આંતરયુદ્ધથી બચાવ્યો. છતાં યુદ્ધ પૂરું થતાં જે ચૂંટણી થઈ તેમાં બ્રિટનમાં વિન્સ્ટન ચર્ચિલની માફક દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સનો પણ પરાજય થયો. આ ચૂંટણીમાં પણ નેશનલિસ્ટ પાર્ટીએ આફ્રિકનરના મતો મેળવવા વળી પાછો 'કાળા ભય'નો પ્રચાર કર્યો અને પરિસ્થિતિને પહોંચી વળવાના ઉપાયોનો પણ નિર્દેશ કર્યો. ૧૯૪૮ની આ ચૂંટણી પછી દક્ષિણ આફ્રિકા વધુ ને વધુ ઘેરી કટોકટી તરફ આગળ ધસ્યું. બિનગોરી પ્રજાઓને માથે વધુ ગંભીર સંઘર્ષ લાદવામાં આવ્યો.

રંગભેદ : નીતિ અને અમલ

૧૯૪૮ની ચૂંટણી ટાણે નેશનલિસ્ટ પાર્ટીએ એક પત્રિકા બહાર પાડી હતી. તેમાં તેમણે સૌ પ્રથમ વાર રંગદ્વેષની નીતિ જાહેર કરી :

> આ નીતિ દેશની ગોરી વસ્તીનું પ્રજાકીય સત્ત્વ જાળવી રાખવાના અને બચાવવાના કાર્યને પાર પાડવાનો પ્રયત્ન કરે છે. આ જ પ્રમાણે તે અન્ય સ્થાનિક લોકોનું સ્વત્વ જાળવી રાખવા અને બચાવવા માગે છે. હા, તેમનો વિકાસ એક અલાયદા પ્રજાકીય જૂથ તરીકે કરવામાં આવશે અને તેમને આત્મશાસિત રાષ્ટ્રીય એકમો તરીકે વિકસવાની તકો આપવામાં આવશે. આ નીતિ દ્વારા દેશની વિવિધ પ્રજાઓમાં પરસ્પર આદર અને રાષ્ટ્રીય ચેતનાની ભાવનાને ઠસાવવા માટે ભરચક પ્રયાસો કરવામાં આવશે.

આ નીતિ પાર પાડવા માટે નીચેના સિદ્ધાંતો પણ રજૂ કરવામાં આવ્યા :

> સામાન્ય શબ્દોમાં કહીએ તો અમારી નીતિ સૌથી અગત્યનાં જે પ્રજાકીય જૂથો અને ઉપજૂથો છે તેમને તેમના પોતાના વિસ્તારમાં અલગ પાડવાની છે. તેમના વિસ્તારમાં તેમને આત્મનિર્ભર જૂથ તરીકે વિકસવામાં મદદ કરવામાં આવશે.
>
> અમે બાન્ટુ (કાળી પ્રજાઓ) અને ગોરાઓને પ્રાદેશિક રીતે અલગ પાડવાના સામાન્ય સિદ્ધાંતને અનુમોદન આપીએ છીએ. . . .
>
> શહેરી વિસ્તારોમાંના બાન્ટુ લોકોને યાત્રી-નાગરિકો ગણવા જોઈએ અને તેમને ગોરા લોકોના સમકક્ષ રાજકીય કે સામાજિક અધિકારો ન મળવા જોઈએ. તેમને તેમના પ્રણાલિકાગત જનજાતીય જીવનમાંથી મુક્ત કરવાના તમામ પ્રયાસો બંધ કરવા જોઈએ.
>
> ગોરા વિસ્તારોમાં ગોરા કામદારોનાં હિતો અને રોજીની સંભાવનાઓને સુરક્ષિત રાખવામાં આવશે.

આ નીતિની રજૂઆત કરતાં જણાવવામાં આવ્યું હતું કે –

> આપણે બે ભિન્ન માર્ગોમાંથી કોઈ પણ એકને પસંદ કરવાનો છે : કાં તો એકાત્મતા, જે લાંબે ગાળે ગોરી પ્રજા માટે રાષ્ટ્રીય આત્મહત્યા બની રહેશે; કે પછી રંગભેદની નીતિ . . . .

આ નીતિમાં દક્ષિણ આફ્રિકાના ભાગલા પાડીને બાન્ટુ લોકોને સ્વતંત્ર રાષ્ટ્રો રચવા દેવાની વાત તો ન જ હતી; તમામ કાળા લોકોને ગોરા વિસ્તારોમાંથી હાંકી કાઢવાની વાત પણ ન હતી. આ નીતિને તેના આત્યંતિક સ્વરૂપમાં અમલમાં મૂકવાની વાત સાબ્રા(સાઉથ આફ્રિકન બ્યૂરો ઑફ રેશિયલ રિલેશન્સ)એ કરી હતી અને ત્યાંના ડચ રિફૉર્મ્ડ ચર્ચે તેને ટેકો પણ આપ્યો હતો.

પણ ૧૯૪૮થી વડા પ્રધાન બનેલા ડૉ. મલાને એવું વલણ લીધું કે સંપૂર્ણ પ્રાદેશિક રંગભેદની નીતિ અનુસરી શકાય તો તો આદર્શરૂપ ગણાય; પરંતુ દક્ષિણ આફ્રિકાનું આખું આર્થિક માળખું ખૂબ મોટા પ્રમાણમાં સ્થાનિક શ્રમ પર અવલંબિત હોઈને વર્તમાન સંજોગોમાં સંપૂર્ણપણે પ્રદેશાધારિત રંગભેદ અવ્યવહારુ છે. આથી નૅશનલિસ્ટ પાર્ટીમાં મતભેદ પડ્યો.

પરિસ્થિતિનો ઉકેલ લાવવા ડૉ. મલાનની નીતિના વિરોધી ડૉ. વેરવુડને નેટિવ લોકોની બાબતોના મંત્રી બનાવવામાં આવ્યા. બાન્ટુ લોકોનો તેમના પોતાના જ વિસ્તારમાં વિકાસ કરવા માટે એફ. આર. ટૉમિલસની અધ્યક્ષતામાં સામાજિક-આર્થિક વિકાસ માટેનું એક પંચ નીમવામાં આવ્યું. પંચે ૧૯૫૬માં પોતાનો સત્તર ભાગનો હેવાલ બહાર પાડ્યો. એણે એક મોટી ચેતવણી એ આપી કે વસ્તીવધારાનો અત્યારનો દર ચાલુ રહેશે તો આવતાં પચાસ વર્ષમાં ગોરાઓ કુલ વસ્તીના પાંચમા ભાગને બદલે સાતમો ભાગ બની જશે અને વળી કાળી પ્રજાઓ તેમના અનામત વિસ્તારોમાં સમાઈ શકશે નહીં, ત્યારે એક કરોડ જેટલી સંખ્યા ગોરા શહેરી વિસ્તારોમાં આવશે. આમ, આફ્રિકા દિવસે દિવસે વધુ ને વધુ કાળું બની રહ્યું છે. આ ભયના ઉપાય તરીકે તેણે બાન્ટુ લોકોના અનામત વિસ્તારોમાં દસ વર્ષમાં વિકાસકાર્યો માટે દસ કરોડ પાઉન્ડની રકમ ખર્ચવાની હિમાયત કરી. પાર્લમેન્ટે માત્ર ૩૧ લાખની રકમ મંજૂર રાખી. કાળા લોકોના શ્રમ ઉપર જ આખું આર્થિક અને સામાજિક જીવન અવલંબિત હોઈને કાળી અને ગોરી પ્રજાને ભિન્ન ભિન્ન વિસ્તારોમાં રાખવાની નીતિ અમલી બનાવી શકાઈ નહીં. તે દિશામાં નજરે ચડે એવી શરૂઆત પણ ન થઈ શકી. રંગભેદની નીતિમાં મળેલી નિષ્ફળતાને કારણે જ, બીજા વિશ્વયુદ્ધ પછી દક્ષિણ આફ્રિકા રાષ્ટ્ર તરીકે આર્થિક ક્ષેત્રમાં ખૂબ આગળ વધી શક્યું.

૧૯૫૯ બાદ નૅશનલિસ્ટ પાર્ટીની સરકારે કાળા લોકોને ગોરા લોકોની વસ્તી અને વિસ્તારમાંથી કાયદા દ્વારા હાંકી કાઢવાની નકારાત્મક નીતિને બદલે, આત્મશાસિત બાન્ટુ વિસ્તારોને તેમની પોતાની આકાંક્ષા અને શક્તિ અનુસાર આપમેળે વિકસવા દઈને, કાળી પ્રજાઓને તેમાં આકર્ષવાની નીતિ અપનાવી. તેઓ પોતાની ઇચ્છા અનુસાર, પોતાનું આગવું સામાજિક અને સાંસ્કારિક વ્યક્તિત્વ જાળવીને પોતાનો વિકાસ સાધી શકે; તેમનામાં સ્વાતંત્ર્ય અને સ્વાશ્રયની ભાવના પેદા થાય; તેઓ આત્મશાસન કરતાં શીખે; છેવટે ત્યાં સંઘ સરકારનો પ્રતિનિધિ કમિશનર-જનરલ માત્ર સલાહસૂચના આપવા પૂરતો રહે. અંતે, આ વિવિધ બાન્ટુ વિસ્તારો અને યુરોપીય એકમો બ્રિટિશ તરાહ પ્રમાણેના દક્ષિણ આફ્રિકન કૉમનવેલ્થમાં સંગઠિત થાય.

આવો આદર્શ રજૂ કરવા છતાં જે અનામત વિસ્તારો ઊભા કરવામાં આવ્યા છે તેમાં આત્મશાસનની કોઈ તક આપવામાં આવી નથી અને ગોરી સરકાર ત્યાંના તંત્ર ઉપર ભારે અંકુશ ધરાવે છે. વળી આ અનામત બાન્ટુ વિસ્તારોમાં મજૂરો કરતાં વધારે ઉગ્ર એવા ખેડૂતોની બગાવતનો સામનો સરકારને કરવો પડ્યો છે. આફ્રિકનરો તો હજુ પણ એમ જ માને છે કે બે પ્રજાઓને જુદા જુદા વિસ્તારોમાં રાખવી એ જ એક માર્ગ છે અને તે અંતે સાચો પુરવાર થવાનો છે. ૧૯૫૮માં વડા પ્રધાન બનેલા ડૉ. વેરવુડે પાર્લમેન્ટમાં એક વાર કહ્યું હતું : 'અમે એવા દક્ષિણ આફ્રિકાનું સર્જન કરવા માગીએ છીએ જેમાં બાન્ટુ અને ગોરા લોકો પોતાનું ચડિયાતાપણું સિદ્ધ કરવા માટે સતત ઝઘડ્યા કરવાને બદલે એકમેકની નજીક સારા પડોશીઓ તરીકે રહે.'

ભય, પૂર્વગ્રહ અને ખોટા આત્મગૌરવથી પ્રેરાયેલી સામંતશાહીને પણ શરમાવે તેવી આ રંગભેદની નીતિને અમલમાં મૂકવા માટે નેશનલિસ્ટ સરકારે ૧૯૪૮થી આજદિન સુધી જે કાયદા પસાર કર્યા છે તે અમાનુષી અને જુલમી તો છે જ, પરંતુ ગોરી પ્રજાઓની અહંમન્યતા ટકાવી રાખવાના મરણિયા પ્રયાસોનું ભદ્દામાં ભદ્દું સ્વરૂપ પણ વ્યક્ત કરે છે. આ કાયદા સમગ્ર માનવજાતિના અંતઃકરણને એક પડકારરૂપ છે એટલું જ નહીં પરંતુ રંગદ્વેષને કારણે એક વધુ વિશ્વયુદ્ધ ફાટી નીકળે એવી ક્રૂર સંભાવના ધરાવે છે.

— ૧૯૪૮માં નેશનલિસ્ટ પાર્ટીએ સંસદમાંનું ભારતીય લોકોનું પ્રતિનિધિત્વ છીનવી લીધું.

— ૧૯૪૯માં સંખ્યાબંધ કાયદા પસાર કરીને રંગભેદ આગળ વધારવામાં આવ્યો. આંતરિક બાબતોના પ્રધાનને નાગરિકત્વ પાછું ખેંચી લેવાની સત્તા આપતો, ગોરાઓ અને બિનગોરાઓનાં લગ્નને ગેરકાયદે ઠેરવતો, હિન્દીઓને નાતાલ અને ટ્રાન્સવાલના શહેરી વિસ્તારોમાં તથા કેપ પ્રાંતમાં પ્રવેશવાની બંધી ફરમાવતો, સ્થળાંતર કરી શહેરમાં આવતા મજૂરોને બેકારીના સમયે મળી શકતા કાયદેસરના લાભોમાંથી બાકાત રાખતા એવા એવા અનેક કાયદા પસાર કર્યા. આ કાયદાનો હેતુ બિન-ગોરાઓને શહેરમાં પ્રવેશતા રોકવાનો હતો.

— ૧૯૫૦માં 'પૉપ્યુલેશન રજિસ્ટ્રેશન ઍક્ટ' (વસ્તીનોંધણીનો કાનૂન) પસાર કરી તમામ વસ્તીને યુરોપિયન, કલર્ડ અને આફ્રિકન એમ ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવી. દરેકને તેની જાતિ દર્શાવતું ઓળખપત્ર આપવામાં આવ્યું. આ ઓળખપત્ર જે-તે વ્યક્તિનું ભાવિ નક્કી કરતું. આ જ વર્ષમાં પસાર થયેલા 'ગ્રૂપ એરિયાઝ ઍક્ટ' (જૂથ-વિસ્તાર કાનૂન) પ્રમાણે શહેરો અને ગામડાંમાંના વિસ્તારને જાતિ પ્રમાણે વહેંચી નાખવામાં આવ્યા. પરિણામે તમામ જાતિના લોકોને પોતાનાં જૂનાં ઘરબાર છોડીને નવા વિસ્તારોમાં રહેવા જવું પડ્યું. આ કાનૂનથી એક દાયકામાં કેપટાઉન શહેરમાં જ ૭,૭૩૧ ગોરાઓને, ૯૪,૧૪૮ રંગીન (એશિયાઈ સિવાયની બિનગોરી) પ્રજાને અને ૪૧૫૮ એશિયનોને અસર પહોંચી. જ્યારે ડરબનમાં ૧,૦૦૦ ગોરાઓ, ૭૫,૦૦૦ ભારતીયો, ૮,૫૦૦ રંગીન લોકોને અને ૯૧,૦૦૦ આફ્રિકનોને પોતાના નિવાસ બદલવા પડ્યા.

— ૧૯૫૧માં મતદારોની સહિયારી યાદીમાંથી રંગીન લોકોનાં નામો દૂર કરવામાં આવ્યાં. ઉપરાંત કોઈ પણ આફ્રિકીને પૂર્વ-પરવાનગી સિવાય બીજા આફ્રિકીને ત્યાં જવાની મનાઈ કરવામાં આવી. આમ કરવાનો હેતુ શહેરોમાં આવી રહેલા આફ્રિકીઓને કોઈને પણ ત્યાં ઊતરતાં રોકવાનો હતો.

— ૧૯૫૨માં ૫૦ વર્ષની નીચેના ગુનેગારને ધરફોડી કે લૂંટના ગુના માટે જેલ ઉપરાંત ૧૦ ફટકા સુધીની સજા ફરમાવવામાં આવી. આ કાનૂન અનુસાર દર વર્ષે ૧૭,૦૦૦ આફ્રિકીઓ ૧૨,૦૦૦ ફટકા સહે છે.

— બીજા એક કાનૂન અનુસાર દરેક આફ્રિકીને ઓળખપત્ર ઉપરાંત એક રેફરન્સ બુક આપવામાં આવી. તે પોથી તેણે હંમેશાં પોતાની પાસે રાખવી જ પડે. તેમ ન કરે તો તેની ધરપકડ કરવામાં આવે. આ કાનૂન આફ્રિકન સ્ત્રીઓને પણ લાગુ પાડવામાં આવ્યો.

ઉપરાંત, બીજા એક વધુ કાયદાથી પાસ લઈને સ્થાયી નિવાસ કરનારા સિવાયના આફ્રિકીને શહેરી વિસ્તારમાં બેતેર કલાકથી વધુ સમય રહેવાની બંધી કરવામાં આવી. તે કોઈ પણ જાતનું કામ 'રોજગાર બ્યૂરો' મારફત જ પ્રાપ્ત કરી શકે. જો તે આમ ન કરે તો તેની હાજરી અનિચ્છનીય ગણીને તેને શહેર બહાર કાઢી મૂકવામાં આવે. આ કાયદાને લઈને પત્ની, પતિ અને સંતાનોને એકબીજાથી અલગ પડવાની ફરજ પડી. વળી, આ અને આવા કોઈ નાનામોટા ટેકનિકલ ગુના માટે આફ્રિકીઓને ખાનગી ખેડૂતોનાં ખેતરોમાં મજૂરી કરવા મોકલી આપવામાં આવતા. ગામડાના ગોરા જમીનમાલિકો મજૂરોને યોગ્ય વેતન અને કામકાજની યોગ્ય શરતો પૂરી પાડવા તૈયાર ન હતા. તેથી તેમને માટે સરકારે પોલીસ સાથે ભળી

જઈને આવા 'ગુનેગારો'નો સસ્તો શ્રમ મેળવવાનું ષડ્યંત્ર રચ્યું હતું. આ ષડ્યંત્રનો વિરોધ કરવા આફ્રિકન નેશનલ કૉંગ્રેસે આંદોલન ચલાવ્યું તે 'બટાકા બૉયકૉટ' તરીકે ઓળખાય છે. એ ખૂબ સફળ થયું અને ઝડપભેર આખા દેશમાં ફેલાયું. પરિણામે સરકારને તપાસ માટે એક પંચ પણ નીમવું પડ્યું. ઓછેવત્તે અંશે આ પ્રથા હજુ આજે પણ ચાલુ છે. આ કાયદા અનુસાર સરકાર વર્ષે ત્રણથી માંડીને પાંચ લાખ લોકોને 'ગુનેગાર' ઠેરવતી હતી. બીજા એક કાયદાથી આફ્રિકીને નોકરીએ રાખનારાને માથે અઢી શિલિંગનો સર્વિસ ટૅક્સ પણ નાખવામાં આવ્યો હતો.

— ૧૯૫૩ની સાલમાં હિન્દીઓને પોતાના દેશમાંથી ખાસ પરવાનગી વિના પોતાની પત્ની અને બાળકોને દક્ષિણ આફ્રિકા લઈ આવવાની બંધી ફરમાવવામાં આવી. કોઈ પણ વ્યક્તિને કોઈ પણ મકાન કે કોઈ પણ વાહન કોઈ પણ કોમના અલાયદા વપરાશ માટે અનામત રાખવાનો અધિકાર આપવામાં આવ્યો. આથી સૌ કોમોને સમાન સગવડ આપવાના સિદ્ધાંતને તિલાંજલિ આપવામાં આવી. વધુ એક કાયદાથી આફ્રિકી કામદારો માટે હડતાળની બંધી ફરમાવવામાં આવી.

— ૧૯૫૫માં કોઈ પણ આફ્રિકાવાસીને યોગ્ય પાસપોર્ટ કે પરવાનગી સિવાય વિદેશ જવાની મનાઈ ફરમાવવામાં આવી. આમ કરવાનો હેતુ પરદેશમાં થતા સરકાર વિરોધી પ્રચારને રોકવાનો હતો. બીજા એક કાયદાથી પોલીસને વૉરંટ વિના કોઈ પણ મકાનમાં પ્રવેશવાનો અને તપાસ કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

શહેરોમાંના ગોરા લોકો પોતાના મકાનની અગાસીઓ આફ્રિકી નોકરોને રહેવા ભાડે આપતા હતા. આથી પાંચથી વધુ આફ્રિકીઓને એકસાથે રહેવા ન દેવાનો કાયદો કરવામાં આવ્યો. આથી એકલા જોહાનિસબર્ગમાં ૨૦,૦૦૦ આફ્રિકીઓને શહેર બહાર જવું પડે તેમ હતું. બોટ ક્લબ જેવાં બસોમાં અને ટ્રામમાં રંગભેદનો અમલ કરવામાં આવ્યો.

— ૧૯૫૬માં મજૂર સંઘોને જાતિ પ્રમાણે વિભાજિત કરવામાં આવ્યા અને જાતિને આધારે કામ-ધંધા અનામત રાખવામાં આવ્યા.

— ૧૯૫૭માં ગોરાઓના વિસ્તારોમાં આવેલાં દેવળોમાં પ્રાર્થનામાં કાળાઓને જોડાવાનો નિષેધ કરવામાં આવ્યો. ક્રિશ્ચયન કાઉન્સિલ ઑફ સાઉથ આફ્રિકાએ આ કાનૂનનો વિરોધ કર્યો છતાં તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું. જોકે આ કાનૂન દેવળો ઉપર સખ્તાઈપૂર્વક લાગુ પાડવામાં નથી આવ્યો.

બીજા એક કાયદાથી 'ગેરલાયક' ગણવામાં આવેલ કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ જાહેર સિનેમા, રેસ્ટોરાં, હોટેલ, વીશી કે ક્લબમાં પ્રવેશી ન શકે એમ જાહેર કરાયું. ગોરા અને બિનગોરા વચ્ચેના દેહસંબંધને ગુનો ગણવામાં આવ્યો અને એવો ગુનો કરનારને સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી.

— ૧૯૫૯માં એક કાયદાથી બાન્ટુ ઇન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશનની રચના કરવામાં આવી. તેનો હેતુ બાન્ટુ વિસ્તારોનો વિકાસ કરવાનો હતો. પરંતુ અપૂરતાં નાણાકીય સાધનોને કારણે અને તેનો વહીવટ માત્ર ગોરાઓને જ સોંપ્યો હતો તેથી તેની ધારી ફળદાયી અસર પડી શકી નહીં.

આફ્રિકીઓ પર જેલમાં થતો જુલમ છુપાવવા માટે કેદખાના કે કેદીનો ફોટો કે સ્કેચ કે તેને લગતો લેખ પ્રકાશિત કરવાની મનાઈ કરવામાં આવી. વળી, આ માહિતીની સચ્ચાઈ વિશે ખાતરી કરવાની જવાબદારી પ્રકાશકો ઉપર નાખવામાં આવતાં આવી માહિતીનું પ્રકાશન આપોઆપ રૂંધાયું. બીજા એક કાયદાથી બિનગોરા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની અલગ સંસ્થાઓ ઊભી કરવામાં આવી– અને તે પણ જાતિ પ્રમાણે. ફોર્ટહેર નામની એક ખુલ્લી સંસ્થાને કેવળ બાન્ટુઓ માટેની સંસ્થા બનાવી દેવામાં આવી.

— ૧૯૬૦ના કાનૂન અનુસાર કારખાનાંઓ પાસે કામદારોની જાતિ પ્રમાણે પ્રવેશદ્વારો, શૌચાલયો, દવાખાનાં, સંરક્ષક પોશાકો અને કામકાજનું સ્થળ વગેરે અલાયદાં રખાવવાની સત્તા સરકારને આપવામાં આવી. રંગભેદના ધોરણે જમવા માટેની, આરામ માટેની, ધોવા માટેની, શૌચ માટેની અલગ વ્યવસ્થા રાખવાની ફરજ પાડવાની સત્તા તો સરકારને હતી જ.

— ૧૯૬૧માં એક કાયદા દ્વારા કટોકટી કે અવ્યવસ્થા દરમિયાન સરકારના અમલદારોના કોઈ પણ કૃત્ય માટે નાણાકીય વળતર માગવાનો અધિકાર રદ કરવામાં આવ્યો.

— ૧૯૬૨માં ભીંત પર સૂત્રો લખવા માટે વધારાની છ માસની સજા લાદવામાં આવી. દેશમાં વધી રહેલી ભાંગફોડને પહોંચી વળવા માટે ઓછામાં ઓછાં પાંચ વર્ષથી માંડીને દેહાંત દંડ સુધીની સજા નક્કી કરવામાં આવી.

ગોરાકાળાના તમામ સંબંધોને આવરી લેતા આ બધા કાયદાની કડકાઈ આફ્રિકીઓનાં વધી રહેલાં અસંતોષ, ગરીબી અને યાતનાઓમાંથી આકાર લઈ રહેલી બગાવતોનાં અનેક સ્વરૂપોને ન ડામી શકી. દિવસે દિવસે દક્ષિણ આફ્રિકી સ્થિતિ બદતર બનતી રહી.

૧૯૧૨માં દર બાવીસ વ્યક્તિઓમાંથી એક વ્યક્તિને અદાલત સમક્ષ લાવવી પડતી હતી. ૧૯૬૦માં દર આઠ વ્યક્તિઓમાંથી એક અદાલતમાં પેશ કરાઈ. ૧૯૨૦ પછીના દાયકામાં ખૂનના ગુના માટે સરેરાશ ૨૫ માણસો દોષિત ઠરતા હતા, ૧૯૬૦માં ૪૦૩. ૧૯૫૭થી ૧૯૬૧ના ગાળામાં ૪૭૫ વ્યક્તિઓને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી હતી અને ૨૭૬ને તો ફાંસીને માંચડે લટકાવી દેવામાં આવ્યા હતા. ૧૯૬૩માં ૬૭,૬૩૬ વ્યક્તિઓ જેલમાં સબડતી હતી અને આ આંકડો દેશના ઈતિહાસમાં ઊંચામાં ઊંચો હતો.

પ્રજાની આવી દોજખ જેવી સ્થિતિનું મૂળભૂત કારણ એ હતું કે રંગભેદની નીતિને કારણે સમાજના તમામ વર્ગોમાં બિનસલામતીની ભાવના જન્મી હતી. બિનગોરા લોકોમાં ગરીબી તીવ્રતમ બની અને તેમાંથી ગુનાઓનું પ્રમાણ વધ્યું હતું. વળી, કાયદા એટલી બધી સંખ્યામાં અને એટલાં બધાં ક્ષેત્રોમાં લાગુ પાડવામાં આવ્યા હતા કે દક્ષિણ આફ્રિકાની સરકાર ઇચ્છે તેને તેની ચુંગાલમાં ફસાવતી હતી. કાયદો રાજ્યકર્તા નેશનલિસ્ટ પાર્ટીના હાથનું એક હથિયાર બની ગયો હતો.

સત્તારૂઢ નેશનલિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ તે જ વર્ષથી હિટલરને પણ શરમાવે એવા જાતિવાદી વિચારોનો મુકાબલો કરવા માટે અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા પ્રયાસો થતા રહ્યા છે. જાતિ-ભેદ પર આધારિત આ તાનાશાહીનો પ્રજાકીય પરિબળોએ વિવિધ રીતોએ મુકાબલો કર્યો છે.

નેશનલિસ્ટ પાર્ટીએ વિકસાવેલ રંગભેદની નીતિનો અનેક હેતુઓસર વિરોધ થઈ રહ્યો છે. એક તો એ પાર્ટીમાં જ એવું માનનારો વર્ગ ઊભો થયો છે કે જે જુદી જુદી જાતિઓને જે-તે વિસ્તારોમાં ભેગી રાખવાની એટલે કે કોમને અલગ પાડવાની વાતને સ્વીકારતો નથી. તે વર્ગને એમ લાગે છે કે ૧૯૪૮થી આ નીતિનો અમલ કરવા છતાં તેનાં કોઈ પરિણામો નજરે પડતાં નથી. જો આમ જ હોય તો તેને પકડી રાખવાનો શો અર્થ? તો વળી કેટલાક બૌદ્ધિકો, પાદરીઓ અને રાજકારણીઓએ આ પ્રથા નૈતિક ન હોવાના કારણસર વિરોધ કર્યો છે. (પ્રો. બી. બી. કોટ, પ્રો. વી. એલ. પિસ્ટોરિયસ, પ્રો. મરાયસ અને બાસન જેવા આફ્રિકનરોએ પણ આ નીતિનો વિરોધ કર્યો છે.)

દક્ષિણ આફ્રિકા : પ્રજાસત્તાકવાદી નેતૃત્વ

આલ્બર્ટ લુથુલી



રેવ. નદાબાનાગ્યિ સિથોલે

← હેલન સુઝમન



ઍલન પૅટન →



← રૉબર્ટ સોબુક્વે



નેલ્સન મૅન્ડેલા →

પહેલાં જનરલ સ્મટ્સની, હવે સર વિલિયર ગ્રાફની આગેવાની હેઠળ વિરોધપક્ષ તરીકે કામ કરતી યુનાઇટેડ પાર્ટી પણ આ નીતિનો વિરોધ કરે છે. આ પક્ષમાં મોટે ભાગે અંગ્રેજી ભાષા બોલનારું જૂથ છે. આ પક્ષ તમામ જાતિઓના આર્થિક સંગઠનમાં, આદાનપ્રદાનમાં માને છે, પરંતુ સામાજિક-રાજકીય એકતાને નકારે છે. તે દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક રહે તેનો વિરોધ કરે છે અને તે બ્રિટિશ કૉમનવેલ્થમાં રહે તેમ ઇચ્છે છે. વળી તે ગોરી પ્રજાની ઉત્કૃષ્ટતા અને આધિપત્યમાં પણ માને છે. દક્ષિણ આફ્રિકાની સમૃદ્ધિ ટકાવવાની અને વધારવાની દૃષ્ટિથી, બિનગોરા લોકોને આર્થિક ક્ષેત્રમાં વધુ ને વધુ ભળવા દઈને ઉત્પાદન વધારવામાં અને બજાર વિસ્તારવામાં તેમનો ઉપયોગ કરવામાં તે માને છે. અલબત્ત, એમાં લોકશાહીનાં કે માનવીય મૂલ્યોનો સ્વીકાર કેટલા અંશે હશે એ નક્કી કરવું મુશ્કેલ છે.

યુનાઇટેડ પાર્ટીનાં વિનીતવાદી વલણોને કારણે ૧૯૫૯માં એક પ્રોગ્રેસિવ પાર્ટી અસ્તિત્વમાં આવી હતી. જોકે તેને ૧૯૬૩ની ચૂંટણીમાં માત્ર એક જ બેઠક મળી. તેને વિનીતવાદી વિચારક ડૉનલ્ડ મોલ્ટેનો અને ઍંગ્લો-અમેરિકન કૉર્પોરેશનના પ્રમુખ હેરી ઓપનહેમરનો ટેકો છે. આ પક્ષ પશ્ચિમી સંસ્કૃતિનાં મૂલ્યોનો વિસ્તાર કરવા માગે છે, મૂળભૂત માનવ અધિકારોનું રક્ષણ કરવા માગે છે, કશાયે ભેદભાવ વિના માનવ ગૌરવનું જતન કરવા તાકે છે. તે મૂળભૂત અધિકારોવાળા અપરિવર્તનીય બંધારણની હિમાયત કરે છે.

રંગભેદની નીતિનો વિરોધ કરવા, તેનો ભોગ બનેલાઓને રક્ષણ આપવા અને સમાજમાં સર્વત્ર ઉદારમતવાદી વિચારો ફેલાવવા, ઉદ્દામ મહિલાઓનું 'બ્લૅક ઍંશ' નામનું એક બિનરાજકીય સંગઠન પણ કામ કરે છે. તે શિક્ષણ, દેખાવો અને વિરોધો દ્વારા ગોરા લોકોના અંત:કરણને જાગ્રત કરવાના પ્રયાસ કરે છે.

૧૯૫૩માં સુવિખ્યાત દક્ષિણ આફ્રિકી વિચારક લેખક ઍલન પૉટનની આગેવાની હેઠળ સ્થપાયેલ લિબરલ પાર્ટીને તમામ જાતિઓના લોકોનો ટેકો છે. તે તમામ લોકોની લોકશાહી સરકાર સ્થાપવા માટે સાર્વત્રિક મતાધિકારની હિમાયત કરે છે. તે પણ મૂળભૂત અધિકારોવાળા બંધારણની હિમાયત કરે છે. આ પક્ષને, સરકારી કાયદા અનુસાર વિખેરી નાખવાની ફરજ પડી હતી.

દક્ષિણ આફ્રિકામાં સામ્યવાદી પક્ષને ગેરકાયદે જાહેર કર્યા બાદ 'કૉંગ્રેસ ઑફ ડેમોક્રેટ' નામની ગોરાઓની સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. તેઓ ગોરી પ્રજાની સર્વોચ્ચતાને ઇનકારે છે અને જીવનનાં તમામ ક્ષેત્રોમાં તમામ કોમના લોકોને એક સરખી તક મળે એવા લોકશાહી પાયા પર નવા આફ્રિકાનું સર્જન કરવા માગે છે. આ સંસ્થાને પણ ગેરકાનૂની જાહેર કરવામાં આવી હતી.

આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે તે આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ બિનગોરી પ્રજાઓનું જૂનામાં જૂનું (૧૯૧૨માં સ્થપાયેલું) સંગઠન છે. તે જનજાતિવાદનો વિરોધ કરે છે, અને આફ્રિકી પ્રજાની દૃષ્ટિ કેળવવા પ્રયત્નશીલ છે. તેની નીતિ શરૂમાં સુધારાવાદી અને સમાધાનકારી હતી; પરંતુ રંગભેદના અમલને કારણે તે વધુ ને વધુ જહાલ સ્વરૂપ ધારણ કરી રહી છે. તે તમામ પ્રજાઓના સહજીવન અને સહકાર પર આધારિત બહુ-પ્રજાકીય સમાજ રચવામાં માને છે. તેણે નવા લોકશાહી સમાજમાં ગોરાઓના સમાન અધિકારોને ઇનકાર્યા નથી. દક્ષિણ આફ્રિકામાં સામ્યવાદી પક્ષ પ્રતિબંધિત થયા પછી કેટલાંક તત્ત્વો આ સંસ્થામાં ભળ્યાં છે અને તેણે તમામ લોકશાહી બળોનો ટેકો મેળવવાના

દક્ષિણ આફ્રિકા : સંસ્થાનવાદી નેતૃત્વ



સ્ટીફન્સ ક્રુગર

જનરલ બોથા



માર્ટિન સ્ટેઇન



જનરલ સ્મટ્સ



ડેનિયલ મલાન

બેરી હર્ઝોગ

બાલથાઝાર વૉર્સ્ટર

હૅન્ડ્રિક વેરવુડ



હૅરી ઓપનહેમર

હેતુસર 'કૉંગ્રેસ ઑલાયન્સ'માં જોડાવાનું પસંદ કર્યું છે. આમ છતાં તેનું નેતૃત્વ સ્વ. આલ્બર્ટ લુથુલી, નેલ્સન મૅન્ડેલા અને ઑલિવર ટોમ્બો જેવા સામ્યવાદ-વિરોધીઓના હાથમાં રહ્યું છે. ૧૯૬૦માં શાર્પવિલે ખાતે વ્યાપક તોફાનો થયા બાદ આ સંસ્થાને પણ પ્રતિબંધિત કરવામાં આવી છે. તેના આગેવાનો કાં તો પરદેશ ચાલ્યા ગયા છે, કે પછી નવા રચાયેલા 'યુનાઇટેડ ફ્રન્ટ'માં જોડાઈ ગયા છે.

૧૯૫૯માં 'આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ'માંથી છૂટા પડીને એક જહાલ જૂથે 'ધ પાન-આફ્રિકનિસ્ટ કૉંગ્રેસ'ની રચના કરી છે. ૧૯૫૯ના ડિસેમ્બરમાં તેની પહેલી જ બેઠકમાં તેણે 'ગૌરવ આંદોલન'-(સ્ટેટસ કૅમ્પેઇન)ની શરૂઆત કરી. તેમની માગણી એ હતી કે દુકાનોમાં આફ્રિકીઓ સાથે શિષ્ટાચારભર્યો વર્તાવ કરવામાં આવે. તેણે સરકારના 'પાસ-કાનૂનો'ની સામે 'નિર્ણયાત્મક અને આખરી પગલા' તરીકે આંદોલનની શરૂઆત કરી. તેમનું સૂત્ર હતું 'જમીન નહીં, બચાવ નહીં, દંડ નહીં'. ગોરી સરકારના કાનૂનનો ભંગ કરીને તેઓ જેલો ભરવા માગતા હતા. ૧૯૬૦ના માર્ચમાં આ સંગઠનના આગેવાન રૉબર્ટ સોબુકવેએ સરકારે લોકોને આપેલા પાસ ઘેર મૂકી દેવાનું અને તેમ કરીને કાનૂનભંગ માટે ધરપકડ વહોરવાનું એલાન આપ્યું. ૧૯૬૩ સુધીમાં આફ્રિકીઓ માટે 'મુક્તિ અને સ્વાધીનતા' પ્રાપ્ત કરવાના આંદોલનનું આ પ્રથમ સોપાન હતું. આ આંદોલન શરૂ થતાં તેમાં યોજાયેલ દેખાવોમાં શાર્પવિલે ખાતે પોલીસે ટોળાં ઉપર ગોળીબાર કર્યા. તેમાં ૮૦ જેટલા આફ્રિકીઓ માર્યા ગયા અને ૩૬૦ ઘવાયા. રાજ્યે દેશભરમાં કટોકટીની પરિસ્થિતિની જાહેરાત કરી.

પાન-આફ્રિકન કૉંગ્રેસ અન્ય જાતિનાં જૂથો સાથેના સહકારને નકારે છે. આ આંદોલનના આગેવાન સોબુકવેએ જણાવ્યું છે: 'અમે આફ્રિકી પ્રજાને એ હકીકત બાબતમાં સભાન બનાવવા માગીએ છીએ કે તેમણે પોતે જ પોતાની આઝાદી સિદ્ધ કરવાની છે. અદાલતના ખટલાથી અને "સહાનુભૂતિભર્યા" ગોરાઓ દ્વારા ચાલતી વાટાઘાટોને બદલે અથાક અને મક્કમ સંઘર્ષ ચલાવવા માટે પોતાની જાત ઉપર જ આધાર રાખવાનો છે . . . ટૂંકમાં અમે એકલા જ આગળ વધવા માગીએ છીએ.'

૧૯૬૦માં સોબુકવેને ત્રણ વર્ષની સજા કરવામાં આવી અને તેના સંગઠનને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું. તેના આગેવાનો દેશ બહાર ચાલી ગયા છે. વીસમી સદીના પ્રારંભમાં, દક્ષિણ આફ્રિકી સમાજના એક સમાન ભાગીદાર તરીકે હિન્દી લોકો માટે આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરાવવાના હેતુસર મહાત્મા ગાંધીએ અહિંસક પ્રતિકારનાં જે આંદોલનો ચલાવ્યાં તેમાંથી જન્મ પામેલી આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ પણ રંગભેદની નીતિ સામેની લડતમાં જોડાયેલી છે. પ્રારંભમાં તેનું નેતૃત્વ કેટલાક સમૃદ્ધ વ્યાપારીઓ પાસે હતું. પરંતુ ૧૯૪૬માં ઇન્ડિયન પૅસિંગ ઑકટ પસાર કરવામાં આવ્યો ત્યારથી તેનું નેતૃત્વ જહાલ લોકોના હાથમાં ગયું છે. વર્ષો સુધી તેની આગેવાની કરનાર ડૉ. યુસુફ દાદુ સામ્યવાદી પક્ષના અગ્રણી સભ્ય રહ્યા છે. તેમના ઘણા સહકાર્યકરો ડાબેરી છે. ૧૯૬૬માં દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન વેરવુડના ખૂન બાદ નૅશનલિસ્ટ પાર્ટીના ડૉ. વૉર્સ્ટરે સત્તા હાથ ધરી છે. ૧૯૬૬માં થયેલી ચૂંટણીમાં આ પક્ષને ગોરા લોકોના ૫૮ ટકા મતો અને ૧૬૬ માંથી ૧૨૬ જેટલી બેઠકો મળી હતી. આફ્રિકનર રાષ્ટ્રવાદની એક પાંખ સમી આ પાર્ટી રાજ્ય ઉપર પૂરેપૂરો અંકુશ ધરાવે છે. કાબૂ રાખવા માટે તેણે જંગી સલામની દળ પણ ઊભું કર્યું છે. ૧૯૪૮માં

ત્યાં પોલીસોની સંખ્યા ૨૦,૧૮૮ની હતી તે ૧૯૬૯માં ૩૦,૪૩૭ની થઈ હતી, જ્યારે સંરક્ષણ ખર્ચ ૧૯૫૯માં ૪ કરોડ રેન્ડ હતું તે ૧૯૭૧માં ૩૨ કરોડ રેન્ડ જેટલું થયું છે. પ્રત્યેક ગોરાને એક વર્ષની લશ્કરી તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજીભાષી ગોરાઓ, આ આફ્રિકનર રાષ્ટ્રવાદ કરતાં વધુ ઉદાર વલણ જરૂર ધરાવે છે; પરંતુ તેઓ પણ દક્ષિણ આફ્રિકાના અસ્તિત્વને ટકાવી રાખવાની બાબતમાં તો સાથે જ છે. શ્યામ આફ્રિકીઓ અને મિશ્ર આફ્રિકીઓ સંગઠિત થઈ રહ્યા હોઈને નેશનલિસ્ટ પાર્ટીમાં પણ વિચારભેદ ઊભા થયેલા છે. વડા પ્રધાન ડૉ. વૉર્સ્ટર પ્રબુદ્ધ કહી શકાય એવા જૂથનું પ્રતિનિધિત્વ કરે છે. આ જૂથ દૂરનાં ગોરાં રાષ્ટ્રો ઉપર મદાર બાંધવાને બદલે પોતાનાં પડોશી આફ્રિકી રાષ્ટ્રો સાથે 'સંવાદ' શરૂ કરવામાં માને છે. આફ્રિકી દેશો સાથેના પોતાના સંબંધો, વિદેશી સહાય, વ્યાપાર-ઉદ્યોગ અને રાજદ્વારી પ્રયાસો દ્વારા વધુ દૃઢ બનાવવામાં માને છે. સંરક્ષણ મંત્રી પી. ડબલ્યુ. બોથા અને બાન્ટુ વિકાસના મંત્રી એમ. સી. બોથા વચ્ચેના મતભેદો પણ બહાર આવેલા છે. તેઓ જુદા જુદા અવાજથી બોલે છે. ડૉ. એડ્રીસની આગેવાની હેઠળનું અંતિમવાદી જૂથ તો એમ માને છે કે બધા કાયદાઓ નિષ્ફળ ગયા હોઈ હવે શ્યામ પ્રજા સાથે લડી લેવું જોઈએ.

ડૉ. વૉર્સ્ટરે આસપાસનાં નવાં સ્વાધીન રાષ્ટ્રો સાથે સંબંધો બાંધવાની શરૂઆત કરી હતી અને તે પ્રયાસો ચાલુ છે. તેના આ પ્રયાસોનો પડઘો 'આઇવરી કોસ્ટ'ના પ્રમુખ હોફેટ-બોઇગીએ પાડ્યો હતો અને તેણે દક્ષિણ આફ્રિકા ઉપર લશ્કરી આક્રમણને બદલે રાજદ્વારી આક્રમણની હિમાયત કરી હતી. તેની આ શરૂઆતને મલાગાસી પ્રજાસત્તાક, ગેબોન, દેહોમી અને મલાવીનું સમર્થન પણ મળ્યું હતું. મલાવીને દક્ષિણ આફ્રિકા સાથે જોડતો એક પુલ બંધાતાં, દક્ષિણ આફ્રિકાના એક અખબારે તો લખ્યું હતું કે 'ચાલો આપણે વધુ કિલ્લાઓ નહીં પણ સેતુઓ બાંધીએ.' આ પ્રયાસોથી શ્યામ આફ્રિકી રાષ્ટ્રોની એકતામાં ભંગ પડે તેવી સંભાવનાઓ પણ જણાતી હતી. પરંતુ દક્ષિણ આફ્રિકાના આ પ્રયાસો ઝાઝા સફળ થયા નહીં.

પરંતુ બીજી તરફ દક્ષિણ આફ્રિકાની ભીતરમાં જ ૧૯૭૨ના વર્ષમાં બે ચોંકાવનારા બનાવો બન્યા છે. આફ્રિકાની ટરફલોપ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ગોરા વિદ્યાર્થી આગેવાને જાતિભેદની નીતિ સામે વિરોધ પોકાર્યો તેને બરતરફ કરવામાં આવ્યો. તેની સાથે જોડાનાર વિદ્યાર્થીમંડળના ૩૨ સભ્યોને પણ બરતરફ કરાયા. આથી ૧,૧૦૦ વિદ્યાર્થીઓએ વૉક-આઉટ જાહેર કર્યો. આ બનાવના પડઘા ઝૂલુ લોકોની ફોર્ટહેર યુનિવર્સિટીમાં, ભારતીયોની ડરબન ખાતેની વેસ્ટવિલે યુનિવર્સિટીમાં અને રંગીન લોકોની વેસ્ટ કેપ યુનિવર્સિટીમાં પણ પડ્યા. કેપટાઉનમાં થયેલા દેખાવોમાં તો પોલીસોએ વિદ્યાર્થીઓ સામે ઘાતકી ઉપાયો અજમાવ્યા. ત્યાર બાદ ૧૯૭૩ના જાન્યુઆરીમાં એક ચાની પેઢીમાં હડતાળ પડી. આમ તો આફ્રિકીઓને મજૂરસંઘ રચવાનો અને હડતાળ પાડવાનો મૂળભૂત અધિકાર છે જ નહીં. છતાં પેટિયા પૂરતા પગારો મેળવતા આફ્રિકીઓ ત્રાસેલા હોઈને આ હડતાળમાં જોડાયા. સો જેટલી પેઢીઓ અને ગોદીના લગભગ ૪૦,૦૦૦ જેટલા કામદારોએ તેમાં ભાગ લીધો. છેલ્લાં વર્ષોમાં દક્ષિણ આફ્રિકામાં હડતાળોમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે. વિદ્યાર્થીઓ અને કામદારોની આ બેચેની અત્યંત સૂચક છે. સરકારે રચેલાં બાન્ટુસ્તાનોમાં એકત્રિત થયેલા શ્યામ લોકો પણ પોતાના સંજોગોનો ઉપયોગ કરી વધુ ને વધુ સંગઠિત થઈ રહ્યા છે અને સ્વાયત્તતા માગી રહ્યા છે.

આ દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારની તાનાશાહીનો મુકાબલો કરવા માટે અનેક સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં છે. તેઓ જેવાં શક્તિશાળી બન્યાં કે તરત જ તેમને ગેરકાયદે જાહેર કરીને વિખેરી નાખવામાં આવ્યાં છે. પ્રજાની મૂંઝવણો, ફરિયાદો અને યાતનાઓને વાચા આપવાના, અભિવ્યક્ત કરવાના શાંત, અહિંસક અને બંધારણીય માર્ગો એક પછી એક બંધ થતા ગયા છે. બિનગોરી પ્રજાઓની એક રાષ્ટ્ર તરીકેની સ્વાધીનતા તો સદીઓથી એક સ્વપ્નું જ બની ગઈ છે; પરંતુ તેમની વ્યક્તિમત્તાને પણ હણવાને, કચડી નાખવાને ચોમેરથી હુમલા થઈ રહ્યા છે.

સંઘર્ષનું સિંહાવલોકન

રાષ્ટ્રીય તેમ જ વ્યક્તિગત સ્વાતંત્ર્ય મેળવવા માટે આફ્રિકી પ્રજાએ જે સંઘર્ષ ચલાવ્યો છે તેનું પણ સિંહાવલોકન કરી લઈએ.

ડચ વસાહતીઓ સામે તો આફ્રિકી પ્રજા સદીઓ સુધી લડતી રહી, પરંતુ વધુ આધુનિક શસ્ત્રોવાળી અને વધુ દાવપેચ જાણનારી અંગ્રેજ વસાહતી સત્તાએ જનજાતિઓનો ૧૯૦૬નો સશસ્ત્ર પ્રતિકાર મજબૂત હાથે દાબી દીધો. ૧૯૧૦માં દક્ષિણ આફ્રિકા 'સ્વાધીન' બન્યું—પરંતુ માત્ર ગોરી પ્રજાઓ માટે. આફ્રિકીઓ અને એશિયાવાસીઓને ન તો રાજકાજમાં કોઈ હિસ્સો મળ્યો કે ન તો તેમના માનવ અધિકારો સલામત રહ્યા. આ પરિસ્થિતિથી ચોંકી ઊઠીને આફ્રિકાની તમામ જાતિઓએ અને એશિયાવાસીઓએ ૧૯૧૨માં આફ્રિકી નેશનલ કૉંગ્રેસ ઑફ સાઉથ આફ્રિકાનું નિર્માણ કર્યું. સાચા આફ્રિકી રાષ્ટ્રનું પણ તે દિવસે જ નિર્માણ થયું.

૧૯૪૮માં ડૉ. મલાનની નાઝી-તરફી નેશનલિસ્ટ પાર્ટી સત્તા પર આવી અને તેણે જાતિને ધોરણે પ્રજાઓને એકમેકથી સંપૂર્ણ અલગ પાડવાની નીતિ અપનાવી. આ કાનૂનો આપણે વિગતવાર જોઈ ગયા છીએ. તે બધાનો વિરોધ કરવા માટે સવિનય કાનૂન ભંગ, હડતાળો, બહિષ્કારો, અસહકાર અને અન્યાયી કાનૂનોના છડેચોક ભંગના કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ બધા પાછળનો ઉદ્દેશ પ્રજાના તમામ વર્ગોને આવરી લેતું જન આંદોલન ઊભું કરીને તેમાંથી 'રાષ્ટ્રીય મુક્તિ આંદોલન' ઊભું કરવાનો હતો.

દરમિયાનમાં આફ્રિકી લોકો, હિન્દી લોકો, રંગીન લોકો અને ઉદ્દામવાદી ગોરાઓનાં તમામ લોકશાહી પરિબળોને સંગઠિત કરવાનો ૧૯૪૦થી સેવાતો ખ્યાલ ૧૯૪૭માં મૂર્તિમંત બન્યો. આફ્રિકન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ ડૉ. જી. એમ. ક્ષુમા અને ટ્રાન્સવાલ અને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના આગેવાન ડૉ. દાદુ અને ડૉ. જી. એ. નાઇકર વચ્ચે પરસ્પર સહકારના એક કરાર પર સહીસિક્કા થયા. ૧૯૫૦માં જ્યારે સરકારે વાણીસ્વાતંત્ર્યને છીનવી લેવા પ્રયાસ કર્યો અને કૉંગ્રેસના કેટલાક આગેવાનો સામે બંધી ફરમાવી ત્યારે આ સંસ્થાઓએ સંયુક્ત પગલું લીધું અને સામાન્ય હડતાળનું એલાન આપ્યું. એ જ વર્ષે પહેલી મેએ કામદાર દિનની ઉજવણી વખતે પોલીસના ગોળીબારમાં માર્યા ગયેલાઓને અંજલિ આપવા ૨૬મી જૂને રાષ્ટ્રીય શોકદિન પાળવા માટે સામાન્ય હડતાળ પાડવામાં આવી.

૧૯૫૧ના ડિસેમ્બરમાં આફ્રિકન નેશનલ કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન બ્લૂમફોન્ટીન ખાતે મળ્યું અને તેમાં રંગભેદના કાનૂનનો પ્રતિકાર કરવા માટે જંગી આંદોલન શરૂ કરવાનો નિર્ધાર

કરવામાં આવ્યો. ૧૯૫૨ની ૨૬મી જૂને એ. જે. લુથુલી, વૉલ્ટર, સીસુલુ, વાન, કેબી, નેલ્સન મૅન્ડેલા અને ઓ. આર. ટોમ્બોની આગેવાની હેઠળ આંદોલનનો પ્રારંભ થયો. ૧૯૫૩માં તે ચાલુ રહ્યું. લગભગ ૮,૦૦૦ જેટલા સ્વયંસેવકો જેલમાં ગયા.

૧૯૫૪માં આફ્રિકન લોકોને માટે ઊતરતી કક્ષાનું, માત્ર કારીગરો બનાવતું શિક્ષણ આપવા લાગુ પાડવામાં આવેલા બાન્ટુ એજ્યુકેશન ઍક્ટનો વિરોધ કરવા બાન્ટુ લોકો (તમામ કાળી જાતિઓ) માટેની ખાસ શાળાઓનો વાલીઓ અને શિક્ષકોએ બહિષ્કાર પોકાર્યો.

અગાઉ જણાવેલી બે સંસ્થાઓની સાથે હવે આફ્રિકન પીપલ્સ ઑર્ગેનિઝેશન નામનું મિશ્ર પ્રજાઓનું સંગઠન પણ જોડાયું. પ્રગતિશીલ ગોરાઓ પણ તેમાં જોડાયા અને તેણે કૉંગ્રેસ ઑફ ડેમોક્રેટ્સની રચના કરી. સૌ જાતિઓને સમાન ધોરણે આવકારતું 'સાઉથ આફ્રિકન કૉંગ્રેસ ઑફ ટ્રેડ યુનિયન્સ' નામક મજૂર સંગઠન પણ તેમાં સક્રિયપણે સામેલ થયું.

આમ જાતિવાદ વિરોધી એવી તમામ સંસ્થાઓ, તમામ જનજાતિઓનાં, એશિયાવાસીઓનાં અને મિશ્ર પ્રજાઓનાં સંગઠનો તથા મજૂર સંગઠનો વગેરે ભેગાં મળ્યાં અને તેમણે ૧૯૫૫ના જૂનની ૨૬મીએ મળેલી ઐતિહાસિક 'પીપલ્સ કૉંગ્રેસ'માં ભારે આંદોલન બાદ એક જોશીલું 'સ્વાતંત્ર્યનું ખતપત્ર' તૈયાર કર્યું. જોહાનિસબર્ગ પાસેના ક્લિપટાઉન નામના ગામડામાં મળેલ, ત્રણ હજાર પ્રતિનિધિઓની હાજરીવાળી આ કૉંગ્રેસે આ ખતપત્રને સંમતિ આપી. ખતપત્રમાં માગણી કરવામાં આવી હતી કે :

૧. પ્રજા પોતે શાસન કરશે;
૨. તમામ રાષ્ટ્રીય જૂથોને સમાન અધિકારો રહેશે;
૩. પ્રજા રાષ્ટ્રની સંપત્તિની ભાગીદાર બનશે;
૪. જે જમીન ઉપર જેઓ પસીનો પાડતા હશે તેમની વચ્ચે તે વહેંચવામાં આવશે.
૫. કાનૂન સમક્ષ સૌ કોઈ સમાન હશે;
૬. સૌ કોઈ સમાન માનવ અધિકારો ભોગવશે;
૭. સૌને કામ અને સલામતી મળશે;
૮. જ્ઞાન અને સંસ્કારનાં દ્વાર સૌને માટે ખુલ્લાં હશે;
૯. સૌને આવાસ, સુરક્ષા અને આરામ મળશે. સર્વત્ર શાંતિ અને મિત્રાચારી પ્રવર્તશે.

દરમ્યાન, ૧૯૫૬માં ૧૫૬ જેટલા આગેવાનોની ધરપકડ કરીને તેમના ઉપર આ ખતપત્રને આધારે ગંભીર દેશદ્રોહનું તહોમતનામું મૂકવામાં આવ્યું ! ૧૯૫૭માં આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે પ્રિટોરિયામાં બસ ભાડામાં થયેલા વધારા સામે બહિષ્કાર આંદોલન ચલાવ્યું.

૧૯૫૯માં આફ્રિકન નૅશનલ કૉંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશને દરેક બિનગોરાએ પોતાની પાસે પાસ રાખવાના કાયદા સામે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાનો નિર્ધાર કર્યો. ૩૧મી માર્ચ ૧૯૬૦ના દિવસે પાસ-વિરોધી આંદોલન શરૂ થાય તેના ૧૦ દિવસ અગાઉથી પાન-આફ્રિકન કૉંગ્રેસે સવિનય પ્રતિકારનો પ્રારંભ કરી દીધો. પોલીસે શાર્પવિલે ખાતે નિર્દય ગોળીબાર કર્યો. પાન-આફ્રિકન કૉંગ્રેસ તો વેરવિખેર થઈ ગઈ. આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે ૧૯૬૦ની ૨૮મી માર્ચે શોકદિન પાળવાનું જાહેર કર્યું અને પાસની સામૂહિક હોળી કરવાનો આદેશ આપ્યો. આ આંદોલનથી ચોંકી ઊઠેલી ગોરી



ઓળખપત્રોની હોળી (ઉપર) : જુલમી જોહુકમીનો વિરોધ (નીચે)

સરકારે આફ્રિકન નૅશનલ કૉંગ્રેસને ગેરકાયદે જાહેર કરી. સંસ્થાએ આ હુકમ સ્વીકારવાની ના પાડી અને ગેરકાયદે ભૂગર્ભ સંગઠન તરીકે સંઘર્ષ ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો. આ સંસ્થાનું બહારનું તંત્ર એના કાર્યકારી પ્રમુખ ઑલિવર ટોમ્બો સંભાળે છે અને આફ્રિકામાં તથા અન્ય દેશોમાં અનુકૂળ લોકમત ઊભો કરવાનું કાર્ય કરે છે. નક્રુમાએ બોલાવેલી ઑલ આફ્રિકન પીપલ્સ કૉંગ્રેસ અને કૅરોથી ચાલતી આફ્રો-એશિયન સૉલિડારિટી કૉંગ્રેસમાં આ સંસ્થાએ આગળ પડતો ભાગ ભજવ્યો છે. યુરોપ, સામ્યવાદી દેશો, એશિયા, લૅટિન અમેરિકા અને યુનોમાં આ સંસ્થાએ દક્ષિણ આફ્રિકાની પ્રજાનો અવાજ બુલંદ બનાવ્યો છે અને રંગભેદ સામે ઉગ્ર લોકમત કેળવ્યો છે. જોકે આ સંગઠન હજુ સ્પષ્ટપણે માને છે કે દક્ષિણ આફ્રિકામાં સ્વાતંત્ર્ય અને લોકશાહી માટેના તેમના સંઘર્ષનો પાયો દક્ષિણ આફ્રિકાની અંદર જ પડેલો છે. દેશની અંદર સ્વાધીનતા આંદોલનને પ્રજ્વલિત રાખવા ૧૯૬૧ના ડિસેમ્બરમાં 'રાષ્ટ્રનો ભાલો' (એમ. કે.) નામની ભૂગર્ભ ક્રાન્તિકારી સંસ્થાની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી. આ સંસ્થાએ ૧૬મી ડિસેમ્બરે પોતાની જાહેરાત કરી ગુપ્ત પત્રિકાઓ વહેંચી અને સરકારી મકાનોમાં બૉમ્બના વિસ્ફોટ કર્યા. ક્રાન્તિકારીઓ અને ગોરા સરકારી તંત્ર વચ્ચે સંતાકૂકડી ચાલી. આ આંદોલન જારી રહ્યું.

પ્રિટોરિયાના ખેતીવાડી ખાતાના પ્રધાનના દફ્તરમાં ધડાકા થયા; વીજળીના થાંભલા તોડી પાડવામાં આવ્યા; નાતાલ શહેરમાં નૅશનલિસ્ટ પાર્ટીના અખબારની ઑફિસમાં પણ ધડાકા થયા. ગોરી હુકમશાહીએ ભાંગફોડ માટે દેહાંતદંડની સજા કરવાના અધિકારો હાથમાં લીધા. બેન્જામિન ટચુરોક, ઍન્ડ્રુ મસેન્ડો, ઝવાન્ડીલે, ડીંગજી, ઇન્દ્રસ નાયડુ અને લલ્લુ છીબા વગેરે સંખ્યાબંધ ક્રાન્તિકારીઓને કારાગારમાં ધકેલી દીધા. અટકાયતમાં તેમના પર ભારે ત્રાસ ગુજારવામાં આવ્યો. ઇલેક્ટ્રિક શૉક અને એકાંતવાસનો પણ આશ્રય લેવાયો. આ સંગઠન પૂરું સજ્જ ન હોવાના કારણે તેમ જ દગાબાજીને કારણે રિવોનિયામાં આવેલું તેનું વડું મથક પકડાઈ ગયું અને તેના સૂત્રધારોની ધરપકડ કરાઈ. ગોરા ન્યાયમંત્રી વૉર્સ્ટરે જાહેરાત કરી કે ભૂગર્ભ સંગઠન હવે સાફ થઈ ગયું છે. કમનસીબે તે ભ્રમમાં હતો.

હવે આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે પોતાના સ્વયંસેવકોને મિત્રદેશોમાં ગેરીલા યુદ્ધની તાલીમ માટે મોકલવા માંડયા. તેઓ પાછા ફરે ત્યાં સુધીમાં દક્ષિણ આફ્રિકામાં સશસ્ત્ર સંઘર્ષ માટેનું વાતાવરણ તૈયાર કરાઈ રહ્યું હતું. પરંતુ ફરીવાર અગ્રણીઓ પકડાઈ ગયા. બહારના અને અંદરના ક્રાન્તિવીરોનો સંપર્ક તૂટી ગયો. વળી, દક્ષિણ આફ્રિકાની પડોશમાં પોર્ટુગલના અધમતમ સંસ્થાનવાદમાં સબડતું અંગોલા અને ગોરી લઘુમતીએ કબજે કરેલું દક્ષિણ રોડિશિયા હોઈને સશસ્ત્ર કામગીરી પ્રમાણમાં મુશ્કેલ બની.

આ સંજોગોમાં દક્ષિણ રોડિશિયામાં કામ કરતી આવી જ આફ્રિકી પ્રજાની ભૂગર્ભ સંસ્થા 'ઝાપુ' સાથે ૧૯૬૭માં જોડાણ કરવામાં આવ્યું અને તેમની મદદથી દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ કરવાનું યોજી શકાયું.

સૌ પ્રથમ દક્ષિણ રોડિશિયામાં તાલીમબદ્ધ 'લુથુલી ટુકડી' સક્રિય બની. અને તે પહાડી માર્ગે દક્ષિણ આફ્રિકામાં ઊતરી આવી. સ્વાતંત્ર્યના ખતપત્રમાં આલેખાયેલાં ધ્યેયને સિદ્ધ કરવાના હેતુથી પ્રેરાયેલી આ ટુકડી અદમ્ય ઉત્સાહથી તરવરતી હતી અને શસ્ત્રોથી સુસજ્જ હતી. તેણે સરકારી

દક્ષિણ આફ્રિકાને પરેશાન કરે એવી બીજી ઘટના એ બની છે કે વિશ્વભરમાંથી સોનાના ચલણને દૂર કરવામાં આવ્યું હોઈ તેની માગ ઘટતાં દક્ષિણ આફ્રિકી અર્થતંત્રી આત્મનિર્ભરતાને પણ અસર પહોંચી રહી છે. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ રાષ્ટ્રસંઘે વાલીપણા હેઠળ સોંપેલ નિમ્બિયા ઉપરના તેના અધિકારો પણ પડકારાઈ રહ્યા છે. જો આ વિસ્તાર મુક્ત થાય તો તેની દક્ષિણ આફ્રિકાના અર્થતંત્ર પર ભારે વિપરીત અસર પડવાની છે.

આ સંજોગોમાં કેટલાક અભ્યાસીઓ તો એમ પણ માને છે કે જો ગોરી સરકાર, બિનગોરી પ્રજાઓને અર્થતંત્રમાં વધુ ને વધુ સંકલિત અને સુગ્રથિત નહીં કરતી જાય અને તેમને વધુ ને વધુ સારી તકો નહીં આપતી જાય તો એક તરફ તાલીમબદ્ધ શ્રમને અભાવે અને બીજી તરફ વિકસતાં જતાં બજારોને અભાવે તેનો વિકાસ રૂંધાઈ જશે. બીજી તરફ બિનગોરા લોકોને તીવ્રપણે એ ભાન થતું જાય છે કે વધતી જતી રાષ્ટ્રીય સંપત્તિમાંથી પોતાને સમાન તો નહીં પરંતુ ન્યાયી કે વાજબી હિસ્સો પણ મળતો નથી. આવી દેખીતી સમૃદ્ધિ વચ્ચે પણ શોષણ અને ગરીબીમાં તથા સામાજિક-રાજકીય અનાદર અને ઘૃણા વચ્ચે સબડતા રહેવાનું એમના માટે અસંભવ બનતું ગયું છે. શાન્તિમય અને બંધારણીય માર્ગે સુધારણા થવાની તમામ શકયતાઓ અને આશાઓ નષ્ટ થતી જતી હોઈને તેઓ વધુ ને વધુ પ્રમાણમાં હિંસક માર્ગો તરફ જઈ રહ્યા છે. તે માટે જરૂરી તાલીમ પણ લઈ રહ્યા છે. બિનગોરાઓને અમુક અનામત વિસ્તારોમાં ધકેલતા રહેવાની નીતિ છતાં, ગોરા-ઓનાં શહેરોમાં પણ તેમનું પ્રમાણ વધી રહ્યું છે. આથી અનેક પ્રકારના કાયદાઓનો ભંગ થઈ રહ્યો છે. ૧૯૬૯ના એક જ વર્ષમાં ૨૮·૪૮ લાખ લોકોએ જાતિભેદના વિવિધ કાયદાઓનો ભંગ કર્યો હતો. તેમાંથી ૨૦·૧૬ લાખ લોકો ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. બીજા ૧·૭૦ લાખ લોકો ઉપર ફોજદારી ગુનાઓ સર કામ ચલાવવામાં આવ્યું હતું. ૬૫૬૪ જેટલાં ખૂનોના આરોપમાં ૧૫૩ ગોરાઓ અને ૬૪૧૧ કાળાઓ સંડોવાયેલા હતા. જેલમાં કેદીઓની રોજની સરેરાશ સંખ્યા ૯૦,૫૫૫ જેટલી રહી હતી. આ સંખ્યા ફ્રાન્સની સંખ્યા કરતાં છગણી અને બ્રિટનની સંખ્યા કરતાં પાંચ ગણી હતી. એ જ વર્ષમાં હુમલો કરવા માટે પોલીસો સામે ૫૫૩૭ ફરિયાદો નોંધાવવામાં આવી હતી અને તેમાંથી ૯૫·૮ ટકા અદાલતમાં ગઈ હતી. પોલીસે પોતાની ફરજ બજાવતાં બજાવતાં ૫૦ જણને મારી નાખ્યા હતા અને ૧૩૭ જણને ઘાયલ કર્યા હતા. ૧૯૬૭ના એક જ વર્ષમાં ત્યાં ૨૦૦ જણને ફાંસીના માંચડે ચડાવવામાં આવ્યા હતા અને આ આંકડો દુનિયાભરના આંકડાના ૪૦ ટકા જેટલો થાય છે. દક્ષિણ આફ્રિકાના મારાઓ એટલા બધા અનુભવી પુરવાર થયા હતા કે મલાવીના ડૉ. બાન્દાએ પોતાને ત્યાં આઠ સ્વાતંત્ર્યસેનાનીઓને ફાંસીએ ચડાવવા તેમને ખાસ આમંત્રણ આપ્યું હતું.

દક્ષિણ આફ્રિકા એક તરફ પોર્ટુગલ અને દક્ષિણ રોડિશિયાની લઘુમતી ગોરી સરકાર સાથે સહકાર કરીને નિમ્બિયા ઉપર પોતાનો કાબૂ ચાલુ રાખીને શસ્ત્રસજ્જ થઈ રહ્યું છે, તો બીજી તરફ આફ્રિકાનાં અન્ય સ્વાધીન રાષ્ટ્રો વધુ ને વધુ ઉગ્ર અને સજ્જ બની રહ્યાં છે, અને ગેરીલા પ્રવૃત્તિને પૂરી સહાય કરી રહેલાં છે. દક્ષિણ આફ્રિકાની ભીતરમાં પણ વિદ્યાર્થીઓ-કામદારો અને શ્યામ પ્રજાજનોનો અસંતોષ ઉગ્રતર બની રહ્યો છે. તેનું અર્થતંત્ર પણ શ્રમના પુરવઠાને અભાવે સંકડામણ અનુભવી રહ્યું છે.

'ભલી આશાની ભૂશિર' સમું દક્ષિણ આફ્રિકા, ગોરી અને બિનગોરી પ્રજાઓ વચ્ચેના મહા-સંગ્રામનું કારણ બનીને 'નર્કદ્વાર' તો નહીં બની રહે ને?

૧૭ : અલ્જીરિયા – સશસ્ત્ર સંગ્રામનો રાહ

આફ્રિકા ખંડના ઉત્તરના છેડે અને મધ્ય સમુદ્રના દક્ષિણના કાંઠે આવેલો આ દેશ ૨૨ લાખ ચોરસ કિ. મી.નો વિસ્તાર અને ૧·૨ કરોડની જનસંખ્યા ધરાવે છે. તેની ૮૫ ટકા જમીન રણ-પ્રદેશની છે અને બાકીના વિસ્તારમાંથી પ્રાપ્ત ખેતપેદાશો પર તે દેશ ટકયો છે. તેના કિનારા ઉપરની આબોહવા યુરોપીય પ્રજાઓને માફક આવતી હોઈ તેના કાંઠે કાંઠે જ તેની મોટા ભાગની વસ્તી વસે છે. તેના રણપ્રદેશમાંથી ખનિજ તેલ અને કુદરતી ગૅસ મળી આવતાં તેના ઔદ્યોગિક વિકાસની સંભાવનાઓમાં મોટો વધારો થયેલો છે. અહીંનો મુખ્ય ધર્મ ઇસ્લામ છે.

આ રાષ્ટ્રની ગુલામીનો પ્રારંભ ૧૮૩૦માં થયો. નેપોલિયનના કાળ દરમિયાન યુદ્ધોમાં પરાજયથી નિરાશ થયેલાં સૈન્યોને જુસ્સો અને સંતોષ પૂરો પાડવા માટે તથા અન્ય યુરોપીય સત્તાઓની માફક પોતાનું આગવું સંસ્થાન સ્થાપવાના ઇરાદાથી, ફ્રેન્ચ સરકારે અલ્જીરિયાના કિનારે પોતાનું સૈન્ય ઉતાર્યું અને ત્યાંની ભૂમિ ઉપર પગદંડો જમાવ્યો. તે વખતના ફ્રેન્ચ સંરક્ષણ મંત્રીએ સૈન્યને જણાવેલું કે 'અલ્જીરિયાને જાળવી રાખો, વહીવટી તંત્ર સ્થાપો અને વસાહતો સ્થાપવા ઉત્તેજન આપો.' આમ કરીને તેઓ રાષ્ટ્ર તરીકેની ફ્રાન્સની ભવ્યતા અને તેનો પ્રભાવ પુન:સ્થાપિત કરવા માગતા હતા. લશ્કરી હાકેમો આ જીતેલો પ્રદેશ જાળવી રાખવા માગતા હતા, જ્યારે ફ્રેન્ચ પ્રજા આ પ્રદેશના ભાવિ કે વર્તમાન પ્રત્યે લાપરવા હતી. એ સાચું કે લશ્કરી હાકેમોને સ્થાનિક ઇસ્લામી પ્રજાના ધર્મ, સંસ્કારો અને રિવાજોમાં દખલ ન કરવાની સૂચના આપવામાં આવી હતી. ફ્રેન્ચ સત્તાના આક્રમણને અલ્જીરિયાની પ્રજાએ મૂગે મોઢે સહી નહોતું લીધું. તેણે લગભગ ત્રીસ વર્ષ સુધી ફ્રેન્ચોનો પ્રતિકાર કરવાનું ચાલુ રાખ્યું હતું. ઠેઠ ૧૮૫૧માં, એક ઇતિહાસકાર નોંધે છે તેમ, ત્રણસો ગામડાંઓ જલાવી દેવામાં આવ્યાં હતાં અને હજારો સ્ત્રીપુરુષોની હત્યા કરવામાં આવી હતી. ફ્રાન્સના આ સંસ્થાનની શતાબ્દીનો ઇતિહાસ આલેખનાર બર્નાડે તો નોંધ્યું છે કે આટલા લાંબા સંઘર્ષ બાદ, છેવટે, અલ્જીરિયાની પ્રજા 'ભરવાડ વગરનાં ઘેટાં' કે 'માનવધૂળ' બની ગઈ. આ બે પ્રજાના સંબંધો વિજેતા અને પરાજિતો વચ્ચેના હોય તેવા જ રહ્યા.

ફ્રેન્ચ લોકોએ રાજ્ય સ્થિર કર્યા બાદ ત્યાં વસાહતો સ્થાપવાનો પ્રારંભ કર્યો અને અલ્જીરિયન જમીનમાલિકોને હઠાવી દઈને સારી જમીનો પોતાને કબજે કરી. જમીનવિહોણા થયેલા કિસાનો અને જમીનમાલિકો હવે ખેતમજૂરો તરીકે ગોરાઓની વસાહતોમાં જીવવા લાગ્યા. પૂરતી વસ્તીને અભાવે ફ્રાન્સમાંથી સાંસ્થાનિકો ન મળ્યા ત્યારે સ્પેન, ઇટાલી, સિસિલી અને માલ્ટાની અતિવસ્તીવાળી અને ગરીબ પ્રજાઓને વસાહતો સ્થાપવા આકર્ષવામાં આવી. આ ગોરી છતાં બિન-ફ્રેન્ચ વસ્તી ફ્રેન્ચ વહીવટી તંત્રના પ્રભાવને કારણે ફ્રેન્ચભાષી થઈ. ૧૮૯૫માં તેમનાં બાળકોને

ફ્રેન્ચ ગણવામાં આવ્યાં અને તેઓ સૌ પોતાને હવે ગોરા અલ્જીરિયન જ ગણવા લાગ્યા. ફ્રેન્ચ લોકોનો મુકાબલો કરનાર સ્થાનિક આગેવાન અબ્દુલ કાદિરે ૧૮૪૭માં શરણાગતિ સ્વીકાર્યા પછી વસાહતીઓમાં સલામતીની ભાવના વધુ દૃઢ બની હતી. ફ્રાન્સમાં ઘરઆંગણે થયેલી ક્રાન્તિ (ઈ. સ. ૧૮૪૮) બાદ તરત અલ્જીરિયામાં નવો ગવર્નર-જનરલ નીમવામાં આવ્યો હતો અને અલ્જીરિયાને ફ્રેન્ચ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

'સ્વાધીનતા, સમાનતા અને બંધુતા' માટેની ક્રાન્તિ કરનાર ફ્રેન્ચ પ્રજાએ અલ્જીરિયામાં આ સૂત્રોનો અર્થ પોતાનો સાંસ્થાનિક કાબૂ ચાલુ રાખીને અલ્જીરિયાવાસીઓને 'કેળવીને ફ્રેન્ચ બનાવવા' એવો કર્યો. આમ, અલ્જીરિયન પ્રજાના મનમાં જરાયે સમાધાન થયું નહીં અને ફ્રેન્ચ સમાજશાસ્ત્રીઓ કહે છે તેવા 'દરિદ્રોના રાષ્ટ્ર'નું નિર્માણ થયું. આ પછીનાં ચાળીસ વર્ષ પ્રમાણમાં શાન્તિથી ગુજર્યાં. સ્થાનિક પ્રજાને એવું લાગ્યું કે લશ્કરી તાકાતથી અને ઇસ્લામને નામે ફ્રેન્ચોનો સામનો થઈ થકે તેમ નથી. બીજી તરફ ફ્રેન્ચ લોકોએ ત્યાં રસ્તાઓ અને રેલમાર્ગો બાંધવા માંડયા. મૂડીરોકાણ કરવા માંડયું અને આધુનિક ઢબના શિક્ષણનો પણ પ્રારંભ કર્યો. ફ્રેન્ચ લોકોના સંપર્કને કારણે અલ્જીરિયન મૂળ પ્રજામાં પણ નવી ચેતનાનો, નવા વિચારોનો પ્રારંભ થવા લાગ્યો.

પ્રથમ વિશ્વયુદ્ધ થયું ત્યારે હજારો અલ્જીરિયાવાસીઓ યુરોપિયન પ્રજાઓ અને સૈનિકોના સંપર્કમાં આવ્યા. તેઓ યુરોપમાં સૈનિક તરીકે લડવા માટે પણ ગયા. યુદ્ધ પત્યા બાદ સિત્તેર હજાર અલ્જીરિયાવાસીઓ ફ્રાન્સમાં જ રહ્યા. યુદ્ધોત્તર યુરોપમાં વિશ્વમંદીને કારણે ચિંતનનો જે ઉદ્રેક થયો તે તેમને પણ સ્પર્શી ગયો. તેઓ રશિયાની ક્રાન્તિની વાત સાંભળવા લાગ્યા. રાષ્ટ્રસંઘની કાર્યવાહીમાંથી આત્મનિર્ણયના અધિકારનો પ્રેરક વિચાર ગુંજવા લાગ્યો. યુરોપમાં ચર્ચાતા વિનીત-વાદ અને સમાજવાદના ખ્યાલો પણ તેમને સ્પર્શી ગયા. આ બધા વિચારપ્રવાહોએ અલ્જીરિયન સમાજમાં આમૂલ પરિવર્તન આણવા માટેનો તખ્તો ગોઠવ્યો.

બીજી તરફ અલ્જીરિયામાં વસતી આરબ અને બર્બર પ્રજા આ ગાળા દરમ્યાન વધુ નજીક આવી. તેઓ પોતાના સહિયારા ધર્મ અને સંસ્કારને નાતે વધુ સંગઠિત બની. જે ગોરા વસાહતીઓ યુરોપમાંથી આવ્યા હતા તેમાંથી માત્ર અડધા જ — એટલે કે ચાર લાખ જેટલા જ — ફ્રેન્ચ હતા, જ્યારે બાકીના બિનફ્રેન્ચ વસાહતીઓ હતા. તેઓ ફ્રેન્ચભાષી જરૂર બન્યા હતા; પરંતુ હવે તેઓ 'ફ્રેન્ચ' બનવા માગતા હતા. તેઓ અલ્જીરિયન-યુરોપિયન રાષ્ટ્રવાદના હિમાયતી બન્યા. ૧૯૬૧માં જ્યારે લોકમત લેવામા આવ્યો ત્યારે આ બિનફ્રેન્ચ ગોરા વસાહતીઓએ ફ્રાન્સ સાથે જોડાયેલા રહેવાની વિરુદ્ધમાં મત આપ્યો હતો. તેઓ અલ્જીરિયાની ભૂમિ ઉપર ગોરા લોકોનું રાષ્ટ્ર ઊભું કરવાની ખ્વાહિશ ધરાવતા હતા.

રાષ્ટ્રવાદનો ઉદય

અબ્દુલ કાદિરના પૌત્ર અમીર-ખાલીદે ૧૯૨૧માં અલ્જીરિયન પ્રજાને રાષ્ટ્રીય સ્વાધીનતા પુનઃ પ્રાપ્ત કરવા માટેનું આહ્વાન આપ્યું હતું. તેમાંથી કોઈ આંદોલન પેદા ન થયું, પરંતુ અનુ-ગામીઓને ભરપૂર પ્રેરણા જરૂર મળી. ત્યાર બાદ અલ્જીરિયન રાષ્ટ્રવાદની જાગૃતિમાં ત્રણ પ્રવાહોએ ફાળો આપ્યો.

અલ્જીરિયા, મોરોક્કો અને ટયુનિસિયાની ગરીબ વસ્તી ફ્રાન્સની તળભૂમિ પર કામધંધાની શોધમાં ગઈ હતી. આ ત્રણે પ્રજામાંથી આવેલા કામદારો અને બીજી તરફ વિદ્યાર્થીઓ એકમેકના પરિચયમાં આવવા લાગ્યા. તેમાંથી ૧૯૨૦ પછીના દાયકામાં ઉત્તર આફ્રિકાના મુસ્લિમ કામદારોનું 'નૉર્થ આફ્રિકન સ્ટાર' નામનું સંગઠન અસ્તિત્વમાં આવ્યું. તેને આત્યંતિક વામપક્ષી વિચારોમાંથી પ્રેરણા મળી હતી, પરંતુ તેનું ધ્યેય ઉત્તર આફ્રિકાના કામદારોનું રક્ષણ કરવાનું હતું. તેનું નેતૃત્વ કામદારોના પયંગબર ગણાતા મિસાલી હજજે લીધું. આ સંગઠને રાષ્ટ્રવાદી આંદોલનનું સ્વરૂપ પકડયું અને ૧૯૩૬માં તેમાંથી 'પાર્ટી પૉપ્યુલર અલ્જીરિયા'નો જન્મ થયો. યુરોપની ધરતી ઉપર 'ઇસ્લામિક અલ્જીરિયન રાષ્ટ્ર'ની રચના કરવાનો ખ્યાલ પ્રથમ વાર ઉદય પામ્યો.

ફ્રાન્સના એક શતાબ્દીના સંપર્કથી અલ્જીરિયન બૌદ્ધિકોનો પણ એક નવો વર્ગ ઊભો થયો હતો. તેઓ એમ ઇચ્છતા હતા કે કંગાલિયતમાં જીવતી આમપ્રજાને પોતાની માફક ફ્રેન્ચ સંસ્કૃતિના સંસ્કારોનો લાભ મળે. તેઓ અલ્જીરિયાવાસીઓમાંથી સમન્વય દ્વારા ફ્રેન્ચ નાગરિકો પેદા કરવા ઝંખતા હતા. આ સમન્વયી આંદોલનનો આગેવાન હતો ફરહાત અબ્બાસ. એક ઇલકાબધારી સૈયદનો ૧૮૯૯માં જન્મેલ આ પુત્ર ફાર્મસીનો સ્નાતક હતો. ૧૯૨૮માં તેણે 'નૉર્થ આફ્રિકન સ્ટુડન્ટ્સ યુનિયન'ના પ્રમુખ તરીકે કામગીરી બજાવી. ૧૯૩૩થી '૩૬માં તે સેતીફ નગરપાલિકાનો સભ્ય બન્યો. છેવટે એ નાણા ખાતાના નાયબ વડાને સ્થાને પહોંચ્યો. તેની આ પ્રગતિ સ્થાનિક લોકોને લાયકાત પ્રાપ્ત કર્યા બાદ સ્થાનિક વહીવટમાં ભાગીદાર બનાવવાની ફ્રેન્ચ લોકોની રસમને આભારી હતી. તે કહે છે કે "આ ભૂમિ પર જીવતા ૬૦ લાખ અલ્જીરિયા-વાસીઓ ૧૦૦ વર્ષથી તો 'ફ્રેન્ચ' છે. છતાં તેઓ ઘોલકાંઓમાં રહે છે. તેમના પગ ઉઘાડા છે અને ઘણી વાર તેમની પાસે રોટલો પણ હોતો નથી." બીજા વિશ્વયુદ્ધ પહેલાં ફ્રાન્સમાં જ્યારે પૉપ્યુલર ફ્રન્ટ સત્તા પર આવ્યો ત્યારે તેણે બંધારણીય સુધારાની એક યોજના દાખલ કરેલી. આ સુધારા અનુસાર લગભગ હજાર મુસલમાનોને ફ્રેન્ચ લોકો જેવો મતાધિકાર મળેલો. આની અલ્જીરિયન આમપ્રજા ઉપર કોઈ અસર પડી નહીં. છતાં ત્યાંના યુરોપિયન મેયરોએ સામૂહિક રાજીનામાંની ધમકી આપી અને અબ્બાસ પર 'રાષ્ટ્રવાદી' હોવાનો આક્ષેપ મૂકયો. આના જવાબમાં તેણે તિરસ્કારપૂર્વક કહેલું કે 'હું એક ફ્રેન્ચ જ છું; અલ્જીરિયન રાષ્ટ્રનું નામનિશાન તો તેનાં કબ્રસ્તાનોમાં પણ મળતું નથી.'

અલ્જીરિયાની રાષ્ટ્રીય જાગૃતિમાં ફાળો આપનાર ત્રીજી વ્યક્તિ હતી બર્બર કુટુંબનો શેખ અબ્દુલ હમીદ બેન બેરીસ. તે ધર્મપુરુષ હતો અને અરબી ભાષાનો જાણકાર હતો. ૧૯૩૫માં તેણે 'ઑસોસિયેશન ઑફ અલ્જીરિયન ઉલેમા'ની સ્થાપના કરી. તે શુદ્ધ ઇસ્લામની સ્થાપના કરીને અરબી ભાષાને પુનર્જીવિત કરવા માગતો હતો. તેની આ સંસ્થાએ અરબી ભાષામાં શિક્ષણ આપવાનું શરૂ કર્યું. સરકાર પોતે આધુનિક શિક્ષણની પૂરતી સગવડ આપી શકતી ન હોઈને આ પ્રવૃત્તિ વિશે મના કરી શકી નહીં. આ શાળામાં પહેલો પાઠ હતો : 'મારો ધર્મ છે ઇસ્લામ, મારી ભાષા છે અરબી; અને મારો દેશ છે અલ્જીરિયા.' વળી શેખ અબ્દુલ હમીદ કહેતો કે 'ભૂતકાળ અને વર્તમાનકાળ તપાસતાં અમને માલૂમ પડયું છે કે એક મુસ્લિમ અલ્જીરિયન રાષ્ટ્ર રચાયું છે અને એ અસ્તિત્વ ધરાવે છે. વળી એમ પણ કહેવું પડશે કે આ અલ્જીરિયન રાષ્ટ્ર તે ફ્રાન્સ નથી, ફ્રાન્સ થઈ શકે જ નહીં — અને તે બીજું ફ્રાન્સ થવા માગતું પણ નથી.'

આ ત્રણે વિચારપ્રવાહો વચ્ચે કોઈ સંકલન ન હતું. પરંતુ સમયના વહેવા સાથે તેઓ ત્રણે ઓતપ્રોત થઈ ગયા. તેમાંથી એક પ્રચંડ રાષ્ટ્રીય અસ્મિતાનું નિર્માણ થયું; તેની સામે જે કંઈ આવ્યું તે બધું જ ધરાશાયી બન્યું.

બીજા વિશ્વયુદ્ધ અને એની સાથે આવેલા ફેરફારોએ પરિપકવ થયેલાં પરિવર્તનોને ખૂબ ઝડપી બનાવ્યાં. ફરી વાર હજારો અલ્જીરિયાવાસીઓએ ફ્રેન્ચ લશ્કરમાં સેવાઓ આપી અને ફ્રેન્ચ લશ્કરનો કારમો પરાજય નજરોનજર નિહાળ્યો. બ્રિટિશ અને અમેરિકન સૈનિકો અલ્જીરિયામાં આવ્યા તેથી અલ્જીરિયાવાસીઓની અલગતા તૂટી અને તેમનામાં અનેક નવા વિચારપ્રવાહો વહેતા થયા. રેડિયો દ્વારા અભણ ખેડૂતો અને સ્ત્રીઓના મનમાં અલ્જીરિયાનું એક નવું જ ચિત્ર ઊપસ્યું. વિદેશનાં સંખ્યાબંધ રેડિયો મથકો પોતાના પ્રસારણ દ્વારા આરબ લોકોની સહાનુભૂતિ માટે હરીફાઈ કરવા લાગ્યાં. મિત્રદેશોએ આટલાંટિક કરારનાં ગુણગાન ગાયાં અને આક્રમણકારો સામે પ્રતિકારની હિમાયત કરી. અનેક રેડિયો મથકોએ અરબી ભાષામાં પ્રસરણ શરૂ કર્યું અને આરબ પ્રજાઓના ભૂત-કાળને જીવંત કર્યો. લેબેનોન અને સીરિયામાં ફ્રેન્ચ શાસકોની દેખરેખ યા વાલીપણાનો અન્ત આવ્યાના સમાચાર પણ પ્રજાને કાને પડયા; આરબ લીગની સ્થાપના થયાના સમાચાર તેમણે જાણ્યા. ફ્રાન્સ સાથેનો પત્રવ્યવહાર અને સંદેશવ્યવહાર યુદ્ધને કારણે ખોરવાઈ ગયો અને અલ્જીરિયાની પ્રજાને પોતાના ફ્રાન્સ ઉપરના અવલંબનનો ખ્યાલ આવ્યો. તેઓ પોતાની કંગાલિયત વિશે પણ વધુ સભાન બન્યા.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અલ્જીરિયન પ્રજાની જાગી રહેલી નવી આકાંક્ષાઓને રાજકીય અભિવ્યક્તિ મળતી જ રહી હતી. ૧૯૪૧માં ફરહાત અબ્બાસે ખેતીવાડીમાં આમૂલ સુધારણાની અને 'કૃષિ ફંડ' ઊભું કરવાની માગણી કરી હતી, જે નકારાઈ હતી. ૧૯૪૩માં તેણે તથા અન્ય કેટલાક વગદાર અલ્જીરિયન આગેવાનોએ ખાસ ખાતરીઓ આપતા નવા બંધારણની માગણી કરી. એ માગણીના મુખ્ય મુદ્દા આ હતા: ૧. જાતિ અને ધર્મના બાધ વિના અલ્જીરિયાના બધા જ વતનીઓ માટે સંપૂર્ણ સમાનતા અને સ્વતંત્રતા; ૨. અલ્જીરિયન સુધારણા દ્વારા સામંતશાહીની નાબૂદી; ૩. અરબી અને ફ્રેન્ચ ભાષાઓની સમકક્ષતા; ૪. સંઘરચનાની અને અખબારી સ્વતંત્રતા; ૫. તમામ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ; ૬. દેવળ અને રાજ્યની એકમેકથી અલગતા અને બધા જ અલ્જીરિયનો માટે બંદગીની સ્વતંત્રતા. ફ્રાન્સની સરકારે આ જાહેરનામાને અવગણ્યું. તેના વિરોધમાં અબ્બાસે અલ્જીરિયન નાણા સમિતિમાં હાજર રહેવાની ના પાડી.

૧૯૪૪માં અબ્બાસે કામદાર આગેવાન મિસાલી હજજની આગેવાની હેઠળ રચાયેલી 'પાર્ટી પૉપ્યુલર અલ્જીરિયન' (પી.પી.એ.) સાથે સહકાર કર્યો અને 'આમીસ એત દ લા લિબર્ટી' નામક મુખપત્રનો પ્રારંભ કર્યો. ૧૯૪૫માં આ અખબારના પાંચ લાખ જેટલા વાચકો હતા. મિસાલીના ઉદ્દામવાદી અનુયાયીઓને અબ્બાસની સમન્વયવાદી નેતાગીરી મોળી લાગી. ૧૯૪૫માં તેના પક્ષનું જે અધિવેશન ભરાયું તેમાં મિસાલી હજજે પોતાને 'અલ્જીરિયન પ્રજાના બિનહરીફ નેતા' તરીકે જાહેર કર્યો તેમ જ અલ્જીરિયા સમવાયી રાષ્ટ્ર તરીકે ફ્રાન્સ સાથે સંલગ્ન રહેશે એવી પણ જાહેરાત કરી. આ માગણીઓ અને અપેક્ષાઓના જવાબમાં દ ગોલે ઉત્તર આફ્રિકાના મુસલમાનોની વફાદારી-ની ભાવનાની કદર કરી અને કેટલીક કક્ષાના અલ્જીરિયનો પૂરતું મતાધિકારનું વિસ્તરણ પણ કર્યું.

ક્રાન્તિનું બીજ રોપાય છે

યુરોપ જ્યારે બીજા વિશ્વયુદ્ધના વિજયની ઉજવણી કરી રહ્યું હતું ત્યારે અલ્જીરિયામાં સેતીફ નામક નગરમાં અલ્જીરિયન રાષ્ટ્રવાદના પ્રતીકરૂપ લીલા અને સફેદ વર્ણવાળા રાષ્ટ્રીય ધ્વજો ફરકાવતા યુવાનો ઉપર પોલીસે ગોળીબાર કર્યા. આથી પ્રજાનો રોષ ભભૂકી ઊઠ્યો અને જે હુલ્લડ ફાટી નીકળ્યું તેમાં તા. ૮થી ૧૧મી મેના ગાળામાં ૧૦૮ જેટલા યુરોપિયનોને મારી નાખવામાં આવ્યા. આ હત્યાનો બદલો લેવા માટે પોતાને 'કોલોન' તરીકે ઓળખાવતા ગોરા વસાહતીઓ અને ફ્રેન્ચ લશ્કરની ત્રણે પાંખોએ અલ્જીરિયાવાસીઓ ઉપર જંગલિયતભર્યો સિતમ ગુજર્યો. સત્તાવાર જાહેર થયેલા આંકડા મુજબ આશરે ૧૫,૦૦૦ અને 'પીપલ્સ પાર્ટી ઑફ અલ્જીરિયા'ના અંદાજ મુજબ ૪૫,૦૦૦ અલ્જીરિયાવાસીઓ આ હત્યાકાંડમાં હોમાયા.

આ બનાવને કારણે મિસાલી હજ્જને ફ્રેન્ચ કૉંગોમાં દેશનિકાલ કરવામાં આવ્યો. પરંતુ તેના પી.પી.એ.નો ચારે કોર જોશભેર વિસ્તાર થતો જ ગયો. ફરહાત અબ્બાસની લોકપ્રિયતામાં પણ વધારો થતો ગયો. તેણે અલ્જીરિયામાં આધુનિકતાનો પ્રચાર કરવા માટે અને ફ્રાન્સ સાથે ઝડપભેર સમાધાન પર આવવા માટે 'યુનિયન ડેમોક્રેટિક દ મેનિફેસ્ટ અલ્જીરિયન' (યુ.ડી.એમ.એ.) નામક સંસ્થાની રચના કરી. તેણે બુદ્ધિજીવી અને મધ્યમ વર્ગમાં સારી લોકચાહના પ્રાપ્ત કરી. ૧૯૪૬માં યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં આ પક્ષે ભારે સફળતા પ્રાપ્ત કરી. બીજી તરફ પી.પી.એ.ના ઉદ્દામવાદીઓએ ૧૯૪૬ના ઑક્ટોબરમાં 'મૂવમેન્ટ યુવર ટ્રાયમ્ફ દ લિબર્તીસ ડેમોક્રેતિક' (એમ.એલ.ટી.ડી.) નામનું સંગઠન ઊભું કર્યું. તેણે ૧૯૪૬ની ચૂંટણીમાં ભાગ ન લીધો; પરંતુ તેમાંથી જ, આઠ વર્ષ બાદ, ક્રાન્તિનાં મંડાણ થયાં.

૧૯૪૬માં ફ્રેન્ચ ધારાસભામાં ચૂંટાયેલા યુ.ડી.એમ.એ.ના સભ્યોએ અલ્જીરિયન પ્રજાસત્તાક માટેનું એક નમૂનારૂપ બંધારણ રજૂ કર્યું. આ દરખાસ્ત ચર્ચા પર પણ લેવામાં ન આવી. વિકલ્પે ખૂબ નાની વધુમતી વડે અલ્જીરિયા માટેનો કાયદો પસાર કરવામાં આવ્યો. તે અનુસાર ૧૨૦ સભ્યોની એક અલ્જીરિયન ઍસેમ્બ્લી સ્થાપવામાં આવી. અલ્જીરિયનોને તમામ હોદ્દા માટે લાયક ગણવામાં આવ્યા. તમામ કક્ષાએ અરબી ભાષા શીખવવાનું સ્વીકારવામાં આવ્યું. અલ્જીરિયાવાસીઓના વિસ્તારોના વહીવટ માટે ચૂંટાયેલી કાઉન્સિલની રચના કરવામાં આવી. ઍસેમ્બ્લીને વ્યાપક નાણાકીય અધિકારો આપવામાં આવ્યાં. પરંતુ આ સુધારાઓ વ્યવહારમાં અમલી ન બન્યા. તેમ કરવા માટે કશાં જ પગલાં ભરવામાં ન આવ્યાં. જોકે, આ સુધારાને પરિણામે અલ્જીરિયાવાસીઓને કોઈ પણ જાતની વિધિ વગર ફ્રાન્સમાં કામ મેળવવાનો અધિકાર મળ્યો હતો. પરિણામે, ખૂબ ટૂંકા ગાળામાં સાડાત્રણ લાખ અલ્જીરિયાવાસીઓ ફ્રાન્સમાં સ્થાયી થઈ શકયા.

નવા કાયદા હેઠળ જે ચૂંટણીઓ થઈ તેમાં યુ.ડી.એમ.એ.એ પોતાની બેઠકો ગુમાવી અને એમ.એલ.ટી.ડી. મુખ્ય વર્ચસ ધરાવતો રાષ્ટ્રીય પક્ષ બની ગયો. ૧૯૪૮ પછીનાં વરસો દરમ્યાન ઉપરછલ્લી શાન્તિ સ્થપાઈ. ૧૯૫૨ની ચૂંટણીઓમાં ભારે છેતરપિંડી કરવામાં આવી. ચૂંટણી અધિકારીને મારવા બદલ ફરહાત અબ્બાસ પર કામ ચલાવવામાં આવ્યું. સાવ નજીવા આ કેસમાં બચાવ પક્ષે એક યુરોપિયન, એક મુસલમાન અને એક યહૂદી વકીલ ઊભા રહ્યા. તેમણે વહીવટી તંત્રના વર્તાવની

ખૂબ કડક ટીકા કરી. એ જ વર્ષમાં મિસાલી હજ્જના પક્ષના કામચલાઉ આગેવાન તરીકે અહમદ મેઝેરનાએ ઇજિપ્તની મુલાકાત લીધી. બીજો મુલાકાતી હતો ઑસોસિયેશન ઑફ ઉલેમાનો બ્રાહીમી. આ મુલાકાતોએ ભાવિ ફેરફારો માટેનો પાયો નાખ્યો. સામેથી, અલ્જીરિયન રાષ્ટ્રવાદના આંદોલનને વિઘટિત કરવાના વ્યર્થ પ્રયાસો પણ કરવામાં આવ્યા. એમ.એલ.ટી.ડી.ના નેતા તરીકે હજુ પણ મિસાલી હજ્જ સ્વીકારાયેલો હતો, છતાં તેમાં જૂથો ઊભાં થયાં હતાં. ત્રણ જૂથો પૈકીનું એક નાનું જૂથ ખૂબ ઉત્સાહી હતું અને દૃઢતાપૂર્વક માનતું હતું કે અલ્જીરિયાની સ્વાધીનતાનો એકમાત્ર માર્ગ ઝડપભેર હિંસાનો જ છે. આ જૂથના સભ્યોએ ક્રાન્તિ કરવા માટે 'ઑર્ગેનિઝેશન સિક્રેટ' નામની ગુપ્ત સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાએ શસ્ત્રો અને નાણાં ભેગાં કરવાનું કામ કર્યું, પોસ્ટ ઑફિસ ઉપર હુમલો કરીને મોટી રકમ પ્રાપ્ત કરી. આ કામ પાર પાડનાર આગેવાન હતો બેન બેલા. તેણે ફ્રેન્ચ લશ્કરમાં સુવર્ણ પદક પણ મેળવેલો હતો.

આ પછી તો ક્રાન્તિનો જુવાળ ઊંચો ચડ્યો. એમ.એલ.ટી.ડી.ના આશરે એક હજાર યુવાનોએ ૧૯૫૪ના નવેમ્બરની પહેલી તારીખે વહેલી સવારે ૭૦ જેટલાં સ્થળોએ એકી સાથે ધડાકાઓ કરીને ક્રાન્તિની ધજા ફરકાવી. પોલીસ સ્ટેશન, ગૅરેજો અને કુદરતી ગૅસનાં મથકો મળીને કુલ ૧૨ જેટલાં નિશાનો ઉપર હુમલા કર્યા. આ બનાવ ત્યાર પૂરતો નિષ્ફળ ગયો ગણાય. પરંતુ ત્યારથી અલ્જીરિયાની સશસ્ત્ર ક્રાન્તિનો પ્રારંભ થઈ ચૂક્યો. લગભગ તમામ રાષ્ટ્રીય પત્રોએ આ હુમલા સામે ભય વ્યક્ત કર્યો. ફરહાત અબ્બાસે કહ્યું કે 'હિંસા કોઈ પણ બાબતનો ઉકેલ નહીં લાવે એ વિશે સહમત થવાનું અમે ચાલુ જ રાખીશું.' એમ.એલ.ટી ડી.ના મુખપત્રમાંય એવી ચેતવણી અપાઈ કે 'અલ્જીરિયામાં લશ્કરનો ઉપયોગ થાય તે માટેનો આ ભયંકર પ્રયત્ન છે.' અલ્જીરિયાના સામ્યવાદી પક્ષે પણ એવો જ ભય વ્યક્ત કર્યો, પરંતુ આ પછી માત્ર અઢાર મહિનાના ટૂંકા ગાળામાં 'ફ્રન્ટ ઑફ નૅશનલ લિબરેશન' (એફ.એલ.એન.) અસ્તિત્વમાં આવ્યો. મિસાલી હજ્જ સિવાયના લગભગ બધા જ નેતાઓ તેમાં જોડાઈ ગયા. ૧૯૫૫માં કૅરોની મુલાકાત દરમ્યાન ફરહાત અબ્બાસે પોતે પણ તેમાં જોડાતા હોવાની જાહેરાત કરી. એમ.એલ.ટી.ડી.તો ચોવીસ વર્ષનો યુવાન મહામંત્રી યુસુફ બેન ખેડા તેમાં જોડાય તે પહેલાં જ તેને પકડી લેવામાં આવ્યો અને તેને માથે સાડા પાંચ વર્ષનો કારાવાસ ઝીંકવામાં આવ્યો.

પરંતુ, ૧૯૫૬ના ઉનાળા સુધીમાં તો એફ.એલ.એન. વીસ હજાર ગેરીલાઓનું સૈન્ય ઊભું કરી શક્યું અને એણે અલ્જીરિયાના અંદરના ગ્રામવિસ્તારો પણ કબજે કર્યા. ત્યાં તેમને અખૂટ માનવબળ મળતું જ રહ્યું. તેમણે ભૂગર્ભતંત્ર સ્થાપ્યું અને કર વસૂલ કરવા લાગ્યા. ફ્રેન્ચો સાથે સહકાર કરનારાઓનો દંડ પણ કરવા લાગ્યા. જોકે ત્રાસ ફેલાવીને અલ્જિયર્સ નગરને અવ્યવસ્થિત કરવાના તેમના પ્રયાસો સફળ ન થયા. વળી ક્રાન્તિની ફેલાઈ રહેલી આગને ઠારી દેવા સ્થાનિક ગોરા વસાહતીઓ અને ફ્રેન્ચ લશ્કર એ બન્ને વધુ મક્કમ અને આક્રમક બન્યાં. ૧૯૫૬થી માંડીને ૧૯૫૮ સુધીમાં અબ્બાસે યુરોપ, લૅટિન અમેરિકા અને આરબ રાજ્યોની મુલાકાત લઈને પોતાના સ્વાધીનતાસંગ્રામ માટે ટેકો મેળવવાના પ્રયાસો કર્યા. ટેન્જિયર ખાતે મળેલી એક પરિષદને અંતે તેણે જાહેર કર્યું કે, 'અમે કરોડ ગુલામો બનવા કરતાં એક કરોડ લશ્કરી જવાનો બનવાનું વધુ પસંદ કરીશું.'

૧૯૫૭માં મોરોક્કોના સુલતાને એફ.એલ.એન.ના પાંચ આગેવાનોને પોતાને ત્યાં મંત્રણા માટે આમંત્ર્યા.

અલ્જીરિયાના પલટાઈ રહેલા સંજોગોથી અને ખુદ ફ્રાંસમાં રાજકારણની જે અસ્થિરતા આવી હતી તેથી ત્યાંનું ચોથું પ્રજાસત્તાક તંત્ર તૂટી પડયું અને દ ગોલને ફ્રેન્ચ સરકારની સત્તાનો દોર પોતાના હાથમાં લેવો પડયો. અલ્જીરિયામાં રહેતા ગોરા લોકો પણ આવું ઇચ્છતા હતા. ફ્રાંસની આ મજબૂત સરકાર જ અલ્જીરિયાને બચાવી શકશે એવી તકલાદી આશા તેઓ સેવતા હતા. આ ગાળામાં ફ્રાંસને લગભગ પાંચ લાખ જેટલા સૈનિકો અલ્જીરિયામાં કેન્દ્રિત કરવા પડયા. વળી ૧૯૫૬માં ઉત્તર આફ્રિકાનાં બીજાં બે સંસ્થાન — મોરોક્કો અને ટયુનિસિયા — ને સ્વાધીનતા પ્રાપ્ત થઈ ચૂકી હતી. આ બંને દેશો સાથે આવેલી અલ્જીરિયાની સરહદ પર સૈનિકો ગોઠવીને અલ્જીરિયાના ગેરીલા સૈનિકોને અલગ પાડી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. સામેથી આ બેઉ નવસ્વાધીન રાષ્ટ્રોની તળભૂમિ ઉપર એફ.એલ.એન.ના ત્રાસથી ચાલીસ હજાર ગેરીલાઓને સલામતીનો લાભ મળ્યો. ફ્રાંસ તેમની સામે કશાં પગલાં ભરી શકયું નહીં. એટલું જ નહીં, ૧૯૫૭માં મોરોક્કોના સુલતાને એફ.એલ.એન.ના પાંચ આગેવાનોને પોતાને ત્યાં મંત્રણા માટે બોલાવ્યા. આ વખતે વિમાન દ્વારા ઉઠાવી જવાનો પ્રયાસ અલ્જીરિયાના ગોરા વસાહતીઓએ કર્યો. આની કોઈ અસર સ્વાધીનતાસંગ્રામ ઉપર ન પડી. પૅરિસ ખાતે ઉપરાછાપરી બદલાતાં જતાં પ્રધાનમંડળોએ તો વાટાઘાટોનું વલણ ચાલુ રાખ્યું. આથી તો અલ્જીરિયામાંના યુરોપિયન વસાહતીઓ અને લશ્કરી અમલદારોના મનમાં ફ્રાંસની સરકાર સામે ભારે રોષની લાગણી જન્મી. ૧૯૫૮માં તેમણે તેની નીતિ સામે વિરોધ પોકાર્યો અને 'કમિટીઝ ફૉર પબ્લિક સેફ્ટી'ની રચના કરી. અલ્જીરિયાનું અંતિમ ધ્યેય ફ્રાંસ સાથે ભળી જવાનું છે એમ પણ તેમણે જાહેર કર્યું. લશ્કરી અમલદારોની સહાયથી, ફ્રાંસની તળભૂમિ પરની અસ્થિરતાના રાજકારણને લઈને તેઓ જનરલ દ ગોલને સત્તા પર લાવવામાં સફળ થયા. સત્તા હાથ ધરતાં જ દ ગોલે તમામ અલ્જીરિયાવાસીઓને ફ્રેન્ચ નાગરિકત્વના તમામ અધિકારો બક્ષ્યા, 'કૉન્સ્ટન્ટાઈન પ્લાન' નામની વિશાળ વિકાસ યોજનાનો પણ પ્રારંભ કર્યો. તેમાં શાળાઓ અને દવાખાનાં તેમ જ ઉદ્યોગો શરૂ કરવાનાં હતાં; જાહેર સેવામાં અલ્જીરિયાવાસીઓને પ્રવેશ આપવાનો હતો. (૧૯૫૪માં કુલ ૨૫૦૦ સરકારી કર્મચારીઓમાંથી માત્ર ૧૮૩ જ અલ્જીરિયાવાસીઓ હતા — જેઓ મોટે ભાગે તો સફાઈ કામદાર કે હમાલનું કામ કરતા હતા!) જોકે અલ્જીરિયાના ફ્રાંસ સાથેના સંયોજન વિશેનું દ ગોલનું વલણ સંદિગ્ધ હતું.

બીજી તરફ એફ.એલ.એન.એ ૧૯૫૮ની ૧૨મી સપ્ટેમ્બરે ટયુનિસિયાની રાજધાની ટયુનિસ ખાતે અલ્જીરિયાની કામચલાઉ સરકાર રચાયાની જાહેરાત કરી. ફરહાત અબ્બાસને તેનો પ્રમુખ ચૂંટવામાં આવ્યો.

આ રીતે અલ્જીરિયાના સ્વાધીનતા આંદોલનની વધી રહેલી તાકાત અને ફ્રાંસની પોતાની આંતરિક મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને દ ગોલે ૧૯૫૯ના સપ્ટેમ્બરમાં યુનોની જનરલ ઍસેમ્બ્લી સમક્ષ વ્યાખ્યાન આપતાં અલ્જીરિયાના 'આત્મનિર્ણય'ના અધિકારનો સ્વીકાર કર્યો. આ જાહેરાતને ગોરા વસાહતીઓ આવકારી શકયા નહીં. તેમણે ફ્રાંસની સરકાર સામે શસ્ત્રો ઉગામ્યાં. અલ્જીરિયામાં ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું. તેઓ હવે પોતાના હાથમાં સત્તા કબજે કરવા માગતા હતા, પરંતુ કોલોનના

આ પ્રયાસને ફ્રેન્ચ લશ્કરનો ટેકો ન મળતાં આ બળવો માત્ર નવ જ દિવસમાં ભાંગી પડ્યો. આ બનાવ બાદ અલ્જીરિયાની સ્વાધીનતા અંગે વાટાઘાટો કરવાનું દ ગોલનું વલણ વધુ મજબૂત બન્યું. આથી વધુ તંગ આવી જઈને ગોરા વસાહતીઓએ ૧૯૬૧ના એપ્રિલની ૨૧મીએ એક ત્રીજી વારની બગાવત કરી અને ફ્રાંસમાં લશ્કર ઉતારીને ત્યાંની સત્તા હાથ ધરવાનો પ્રયાસ કર્યો. આ યોજના ચાર ફ્રેન્ચ જનરલોએ ઘડી કાઢી હતી — અને તેમાં બે તો અલ્જીરિયામાંના કમાન્ડર-ઈન-ચીફ હતા. આ વખતે પણ દ ગોલની મક્કમતાને કારણે તથા ફ્રેન્ચ લશ્કરના બહોળા ટેકાના અભાવને લઈને આ ગૃહયુદ્ધ પણ ત્રણ જ દિવસમાં ભાંગી પડ્યું. આમ, દ ગોલની નીતિને અમલી બનતી રોકવાના સશસ્ત્ર અને મરણિયા પ્રયાસો નાકામયાબ નીવડ્યા.

બરાબર આ જ ગાળામાં અલ્જીરિયામાં પ્રજાકીય સભાનતા ખૂબ ઝડપથી વધી રહી હતી. ૧૯૬૦ના ડિસેમ્બરમાં અલ્જીરિયનોનાં વિશાળ ટોળાંએ સ્વાધીન અલ્જીરિયાના ધ્વજો ફરકાવ્યા અને 'અબ્બાસને સત્તા સોંપો'નાં સૂત્રો પોકાર્યાં. આ દિવસોમાં જ મોરોક્કોના રાજા મહંમદ પાંચમાના અવસાન સમયે ભેગા થયેલા રાજપુરુષોએ વળી પાછી વાટાઘાટો શરૂ કરવા માટેની ભૂમિકા સજી. ૧૫મી માર્ચ ૧૯૬૨ના રોજ ફ્રાંસના પ્રધાનમંડળની સમિતિએ વાટાઘાટો શરૂ કરી. પરંતુ ફ્રેન્ચ સરકારે ખનિજતેલ-વાયુથી સમૃદ્ધ એવા સહરાના રણના વિસ્તાર ઉપર અલ્જીરિયાનું સાર્વભૌમત્વ સ્વીકારવાની ના પાડતાં આ વાટાઘાટો ફરી એક વાર ભાંગી પડી.

૧૯૬૦ના ઑગસ્ટમાં એફ.એલ.એન.ની કામચલાઉ સરકારની 'સંસદ'ની બેઠક ટ્રિપોલી ખાતે મળી. તેનો સૌથી મોટો નિર્ણય એ કે ફરહાતને પ્રમુખસ્થાનેથી દૂર કરવામાં આવ્યો, અને સાથો-સાથ તેની નીતિઓને પણ. તેને સ્થાને કામચલાઉ સરકારના વડા તરીકે યુસુફ બેન ખેડાની નિયુક્તિ કરવામાં આવી. બેન ખેડાએ પણ અબ્બાસની માફક ફાર્મસીનો અભ્યાસ કર્યો હતો. વીસ વર્ષની વયે તે મિસાલી હજ્જની પી.પી.એ.માં જોડાયો હતો. જ્યારે એમ.એલ.ટી.ડી.ની સ્થાપના કરવામાં આવી ત્યારે તે એફ.એલ.એન.માં જોડાઈ ગયો હતો. સ્વાધીનતા સેનાનીઓના કબજા હેઠળના ગ્રામવિસ્તારોમાં તેણે ઉત્તમ નેતાગીરી પૂરી પાડી. આમ છતાં જ્યારે ફ્રેન્ચોની લશ્કરી ભીંસ વધી અને અલ્જીરિયનો ઉપર માહિતી મેળવવા માટે ભારે ત્રાસ ગુજારવામાં આવ્યો ત્યારે આ બેન ખેડા ટ્યુનિસિયા જતો રહ્યો હતો. મિસાલી હજ્જને કેદ પકડવામાં આવ્યાના અને પાછળથી તેણે આત્મહત્યા કર્યાના સમાચાર બહાર વહેતા કરવામાં આવ્યા. ૧૯૬૧ની વાટાઘાટો નિષ્ફળ નીવડતાં બેન ખેડા અબ્બાસનું સ્થાન લઈ શક્યો. અલ્જીરિયન ક્રાન્તિ ઉપર ખેડાના જૂથે પૂરેપૂરો કાબૂ મેળવ્યો. તેમણે ક્રાન્તિના સામાજિક હેતુઓ ઉપર ખુલ્લેખુલ્લો ભાર મૂકવા માંડ્યો.

અલ્જીરિયામાં યુરોપિયન વસાહતીઓએ ફ્રાંસના વલણનો વિરોધ ચાલુ રાખ્યો અને 'ઑર્ગેનિઝેશન આર્મી સિક્રેટ'(ઓ.એ.એસ.)ની ગુપ્ત ત્રાસવાદી સંસ્થાની રચના કરી. આને પરિણામે ૧૯૬૨ના પ્રારંભમાં હિંસાત્મક તોફાનો ફાટી નીકળ્યાં તે ઠેઠ માર્ચ મહિના સુધી વધતાં જ રહ્યાં. તેમાં ૨૨૮ માણસો માર્યા ગયા, ૪૯૦ જેટલા ઘાયલ થયા. તેમાંના મોટા ભાગના અલ્જીરિયનો હતા એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. આ બનાવોને લક્ષમાં લઈને ૧૯૬૨ની પાંચમી ફેબ્રુઆરીએ દ ગોલે વાયુપ્રવચનમાં 'અલ્જીરિયા આત્મનિર્ણય દ્વારા સર્વોપરી અને સ્વતંત્ર રાષ્ટ્ર બની શકશે' એવાં વાતનું પુનરુચ્ચારણ કર્યું અને યુદ્ધના અંતનો માર્ગ ખુલ્લો કર્યો. ૧૨મી માર્ચે યુદ્ધવિરામના

કરાર ઉપર સહીઓ કરવામાં આવી અને બીજે દિવસે તે અમલી બન્યો. તેમાં એ પણ નક્કી કરાયું કે અલ્જીરિયાની સ્વાધીનતાનો સ્વીકાર કરવામાં આવે અને તેનો નિર્ણય લેવા માટે લોકમત લેવામાં આવે. કામચલાઉ વહીવટી તંત્ર આ કામ પાર પાડે. અલ્જીરિયાને ફ્રાંસ તરફથી મળતી સહાય ચાલુ રહે. ગોરા વસાહતીઓ પોતાનું ભાવિ નક્કી કરે. ત્રણ વર્ષમાં તેઓ કાં તો ફ્રેન્ચ અથવા તો અલ્જીરિયન રાષ્ટ્રીયતાનો સ્વીકાર કરે. જેઓ ફ્રેન્ચ નાગરિકત્વ સ્વીકારે તેઓ વિદેશી લઘુમતી તરીકે અલ્જીરિયામાં રહી શકે. આ જ દિવસે અલ્જીરિયન સ્વાધીનતાસંગ્રામના એક આગેવાન બેન બેલાને સાડા પાંચ વર્ષના કારાવાસ બાદ મુક્ત કરવામાં આવ્યો.

૧૯૧૯માં જન્મેલ મહંમદ બેન બેલા એક વ્યાપારીનો પુત્ર હતો. તે સૈન્યમાં દાખલ થઈને બીજા વિશ્વયુદ્ધમાં ફ્રાંસ વતી ફ્રાંસ-ઇટાલીના મોરચે લડ્યો હતો. ૧૯૪૬માં તે એમ.એલ.ટી.ડી.ની ટિકિટ ઉપર ઓરાન નગરની મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયો હતો. ૧૯૪૮થી પી.પી.એ.ની લશ્કરી પાંખ સમા ઑર્ગેનિઝેશન સિક્રેટમાં જોડાયો હતો. અને તેના ઉપર પોતાનો કાબૂ જમાવ્યો હતો. તેના માર્ગદર્શન હેઠળ ૧૮૦૦ ગેરીલાઓનું સૈન્ય હતું. એક પોસ્ટ-ઑફિસ લૂંટી એકત્રીસ લાખ ફ્રાંક જેટલી રકમ તેણે પ્રાપ્ત કરી હતી. ૧૯૫૪માં ફાટી નીકળેલા બળવાનું આયોજન કરનારી નવ જણની સમિતિનો પણ તે સભ્ય હતો. હથિયારો ભેગાં કરી અલ્જીરિયામાં લાવવા માટે એ આખા દેશમાં સુવિખ્યાત થયો અને ગેરીલા સૈન્યનો તે 'હીરો' બન્યો હતો. મોરોક્કોથી ટ્યુનિસ જતાં ઉઠાવી જવાયેલા નેતાઓમાં તે પણ એક હતો. તેને સાડાપાંચ વર્ષની સજા કરી. ફ્રાંસની જેલમાં રાખવામાં આવ્યો હતો. ૧૯૬૦માં તેને અલ્જીરિયાની કામચલાઉ સરકારનો ઉપ-પ્રમુખ નીમવામાં આવ્યો હતો. ફ્રેન્ચ કારાવાસમાંથી મુક્ત થતાં તે રબાત ગયો અને બેન ખેડા સાથે જોડાઈ ગયો.

યુદ્ધવિરામ છતાં લગભગ છ મહિના સુધી શાંતિ સ્થપાઈ નહીં. ફ્રેન્ચ સત્તાવાળાઓએ જોહેન્ડ, સલોં અને ઓરાન એ ફ્રેન્ચ જનરલોને પકડ્યા. તેઓ અલ્જીરિયાના ગોરા લોકોની ત્રાસવાદી પ્રવૃત્તિઓના સૂત્રધારો હતા. ૧૯૬૨ની પહેલી જુલાઈએ લોકમત લેવામાં આવ્યો. તેમાં ૬૦,૦૦,૦૦૦ લોકોએ સ્વાધીનતાની તરફેણમાં મત આપ્યા, અને ૧૬,૦૦૦ જેટલાએ વિરુદ્ધમાં. આમ ૯૧·૨ ટકા મતદાન થયું. તેમાંથી ૯૯·૭ ટકાએ અલ્જીરિયાની સ્વાધીનતાની તરફદારી કરી. અલ્જીરિયન પ્રજાએ અનેક વર્ષોથી સેવેલી સ્વાધીન રાષ્ટ્ર થવાની આકાંક્ષાને મૂર્ત રૂપ મળ્યું. બીજી જુલાઈએ બેન ખેડાની આગેવાની હેઠળ અલ્જીરિયાની કામચલાઉ સરકારે અલ્જિયર્સ શહેરમાં પ્રવેશ કર્યો. ત્રણ ત્રણ દિવસ અને રાત સુધી હર્ષઘેલાં ટોળાંઓએ સ્વાધીનતાપ્રાપ્તિના આ ઉત્સવને હર્ષોલ્લાસપૂર્વક ઊજવ્યો.

અલ્જીરિયાની આ ક્રાન્તિના ખપ્પરમાં હોમાયેલો બલિ પણ કંઈ ઓછો ન હતો. ૧૯૫૪થી ૧૯૬૧ના લગભગ સાત વર્ષના ગાળામાં આશરે ૧૭,૨૫૦ ગોરા લશ્કરી અમલદારો અને સૈનિકો મરાયા હતા અને ૫૧,૮૦૦ ગોરા સૈનિકો ઘવાયા હતા; ત્યારે ૧,૪૧,૦૦૦ જેટલા અલ્જીરિયન સૈનિકોએ પોતાના જાનની આહુતિ આપી હતી. અલ્જીરિયાની સ્વાતંત્ર્યજંગ માટેની સંસ્થા એફ્. એલ.એન.ના અંદાજ મુજબ અઢી લાખ જેટલા ક્રાન્તિવીરો તો વીરગતિ પામ્યા હતા; જ્યારે સાડા સાત લાખ જેટલા પ્રજાજનો કેન્દ્રિત છાવણીઓમાં અને વ્યૂહાત્મક સ્થાનોમાં સ્થળાંતર કરતાં મોતને

ભેટયા હતા. કોડીબંધ ગામડાંઓનો નાશ કરવામાં આવ્યો હતો. વીસ લાખ જેટલા ગ્રામવાસીઓને પોતાનાં ઘરબાર છોડાવીને સરકારી ફરમાન અનુસાર નવાં સ્થળોએ વસાવવામાં આવ્યા હતા; જ્યારે ત્રણ લાખ જેટલા અલ્જીરિયાવાસીઓ દેશની સરહદ બહાર નિર્વાસિતો તરીકે જીવતા હતા. સમસ્ત રાષ્ટ્રમાંથી ભાગ્યે જ કોઈ કુટુંબ એવું રહ્યું હશે કે જેનું કોઈ ને કોઈ સભ્ય કાં તો જેલમાં ન ગયું હોય અથવા તો ફ્રેન્ચ લશ્કરના ત્રાસનું ભોગ ન બન્યું હોય. આમ, પ્રત્યેક પરિવારે આપેલા બલિદાન વડે અલ્જીરિયન આઝાદીની બુનિયાદ નંખાઈ હતી.

દેશમાં ફેલાઈ રહેલી અનિશ્ચિતતાને કારણે અહીં વસતા નવ લાખમાંથી આઠ લાખ જેટલા યુરોપિયનો પોતાના ઉચ્ચ હોદ્દા અને સ્થાનો છોડીને અલ્જીરિયા ત્યજી ગયા. આથી વહીવટી તંત્ર અને કારખાનાં ચલાવવામાં એક પ્રકારનો શૂન્યાવકાશ પેદા થયો. આઝાદી આવી; પરંતુ તે તેની સાથે અનેક પ્રશ્નો લેતી આવી. સૌથી મોટી વાત તો એ બની કે આઝાદી હાથવેંતમાં હતી ત્યારથી જ મુક્તિસંગ્રામના આગેવાનો વચ્ચેના મતભેદો બહાર આવ્યા. બેન ખેડા સ્વાધીનતા બાદ ફ્રાંસ સાથેના જોડાણની તરફદારી કરતો હતો, જ્યારે બેન બેલાનું વલણ ઈજિપ્ત અને અન્ય આરબ રાજ્યો સાથે વધુ ગાઢ સંબંધો બાંધવાની તરફેણમાં હતું. આ મતભેદ સત્તા હસ્તગત કરવાની કમનસીબ હોડમાં પરિણમ્યો. કામચલાઉ સરકારના વડા કર્નલ બોમેદીનને સત્તા હસ્તગત કરવાનું કાવતરું કરવાના આરોપસર પદભ્રષ્ટ કરવામાં આવ્યો. આઝાદીની ઉજવણી વખતે ઈજિપ્તની રાજધાનીમાં રહેતા બેન બેલાએ ૧૦મી જુલાઈએ મોરોક્કોમાં થઈ અલ્જીરિયામાં પ્રવેશ કર્યો. તેણે બોમેદીન અને ફરહાત અબ્બાસ સાથે લેમશેન નગર ખાતે એક વડું મથક સ્થાપ્યું. આમ અલ્જીરિયામાં બેન ખેડા અને બેન બેલાની બે સરકારો અસ્તિત્વમાં આવી. અલ્જીરિયા વળી પાછું આંતરવિગ્રહની અણી ઉપર આવીને ઊભું રહી ગયું. બેન બેલાએ શાણપણ દાખવ્યું. લશ્કરી તાકાત તેમ જ લોકમતને માન આપીને આંતરિક મુકાબલાનો અંત આણ્યો. ૨૦મી સપ્ટેમ્બરે સામાન્ય ચૂંટણીઓ થઈ. ૨૬મી સપ્ટેમ્બરે બંધારણીય સમિતિએ બેન બેલાને વડા પ્રધાનપદે અને ફરહાત અબ્બાસને પ્રમુખ સ્થાને ચૂંટી કાઢ્યા. નવા પ્રધાનમંડળમાં બેન ખેડાના કોઈ ટેકેદારો ન હતા. કર્નલ બોમેદીનને લશ્કરી વડો બનાવવામાં આવ્યો. મહમદ કાબિર એ પક્ષનો મહામંત્રી બન્યો. બેલા, બોમેદીન અને કાબિરની ત્રિપુટીની આગેવાની હેઠળ એક-પક્ષ-પદ્ધતિવાળી સરકાર અસ્તિત્વમાં આવી. બેન બેલાની હિંમત, સાદાઈભર્યું જીવન, જવાબદારી ઉપાડવાની તૈયારી અને નિર્ધાર તેમ જ વ્યક્તિ તરીકેનું આકર્ષણ મોટી અસ્કયામતરૂપ પુરવાર થયાં. વિદેશનીતિમાં પણ એણે ક્રાન્તિકારી ઉદ્દેશોને ટેકો આપ્યો તેથી પ્રગતિશીલ વર્તુળોમાં પણ તેની પ્રતિષ્ઠા વધી. પરંતુ બેન બેલાનું શાસન લાંબો વખત ચાલી શકયું નહીં; તેના જ સેનાપતિ કર્નલ બોમેદીને જૂન ૧૯૬૫માં તેની પાસેથી સત્તા આંચકી લીધી.

ક્રાન્તિ – કે માત્ર સત્તાપરિવર્તન?

ભારે બલિદાનો દ્વારા મેળવેલી સ્વાધીનતા બાદ અલ્જીરિયામાં ખરેખર ક્રાન્તિ આવી ખરી? પ્રજા જે સુખ અને શાંતિની આશા રાખતી હતી તે તેમને પ્રાપ્ત થયાં? શું બન્યું તે સમજવા માટે આપણે ક્રાન્તિની પ્રક્રિયા પર નજર નાખવી પડશે.

સ્વાધીનતા મળી, છતાં અલ્જીરિયાને વિકાસ માટે જ નહીં પરંતુ ખુદ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વિદેશી અને તેમાંય ફ્રેન્ચ સાધનો ઉપર આધાર રાખવો પડ્યો! તેને ઘરઆંગણે તાલીમ પામેલા વહીવટદારોની અને ટેકનિકલ માણસોની ભારે તંગી હતી. એટલે આર્થિક તેમ જ વ્યૂહાત્મક કારણોસર તેનું ફ્રાંસ ઉપરનું અવલંબન ચાલુ રહ્યું.

રાજકીય મોરચા પર નજર નાખીએ તો એફ.એલ.એન. એ કોઈ સુવ્યવસ્થિત મજબૂત પક્ષ ન હતો, એક 'આંદોલન' હતું. વળી તેના આશ્રયે જે લશ્કર તૈયાર કરવામાં આવ્યું હતું તે (એ.એલ.એન.) રાજકીય પ્રભાવ પાડવા માટે રાજકારણીઓ સાથે હરીફાઈ કરતું રહ્યું હતું. આ પરિસ્થિતિમાં વધુ ગૂંચવાડો ઊભો થયો હતો. અલ્જીરિયન ક્રાન્તિના આગેવાનો વચ્ચે વ્યક્તિત્વના કલહો તો હતા જ, પરંતુ વિચારસરણીને લગતા મતભેદો પણ હતા. મતભેદના ત્રણ વિષયો હતા— લોકશાહી, સમાજવાદ અને સ્વાધીન અલ્જીરિયામાં લશ્કરનું સ્થાન તથા તેની કામગીરી. બેન ખેડા એમ માનતો હતો કે સ્વાધીનતા બાદ મુક્તિસૈનિકોએ તેમની લશ્કર તરીકેની સ્વાભાવિક અને સામાન્ય ફરજો સંભાળી લેવી જોઈએ અને મુલકી સત્તાના હાથ નીચે કામ કરવું જોઈએ. બીજી બાજુ, બેન બેલાની આગેવાની અને કર્નલ બોમેદીનના ટેકાવાળું જૂથ એવું દૃષ્ટિબિંદુ ધરાવતું હતું કે મુક્તિસેનાએ તેની રાજકીય અને ક્રાન્તિકારી કામગીરી બજાવવાનું ચાલુ રાખવું જોઈએ; દેશમાં આર્થિક અને સામાજિક ક્રાન્તિ લાવવામાં તેણે અગ્રદૂતનો ભાગ ભજવવો જોઈએ.

આઝાદી આવી ત્યારે બેન ખેડાએ આ જ કારણસર બોમેદીનને મુક્તિસેનાના સેનાપતિપદેથી દૂર કર્યો હતો અને બોમેદીનના લશ્કરની મદદથી જ બેન બેલા, બેન ખેડાનું સ્થાન ઝૂંટવી શક્યો હતો. આમ, નેતૃત્વની હરીફાઈમાં લશ્કરના જોરે બોમેદીન નિર્ણાયક ભાગ ભજવી શક્યો હતો. એટલું જ નહીં પણ તેણે રાજકીય આગેવાનોને એકમેકની સામે રમાડ્યા અને કદીયે એક થવા દીધા નહીં. તેમની વચ્ચે સમાધાનની સંભાવનાઓ ઊભી થઈ કે તરત તેને નિષ્ફળ બનાવવા તેણે પોતાના લશ્કરનો અસરકારક ઉપયોગ કર્યો. તેણે જ બેન બેલાને સત્તારૂઢ કરીને પોતાને આધીન રાખ્યો હતો. તો, સત્તારૂઢ થયા બાદ બેન બેલાએ એફ.એલ.એન.એ ટ્રિપોલી ખાતે સ્વીકારેલા એક-પક્ષ-પ્રથાના સિદ્ધાંતનો ચુસ્તતાથી અમલ કર્યો. ૧૯૬૨માં અલ્જીરિયાના સામ્યવાદી પક્ષને, પીપલ્સ પાર્ટીને અને પાર્ટી ઑફ સોશિયાલિસ્ટ રેવોલ્યૂશનને દબાવી દેવામાં આવ્યાં હતાં. અલ્જીરિયાના મજૂર સંઘ યુ.જી.ટી.એ.ને અંકુશમાં લેવામાં આવ્યું હતું, વિદ્યાર્થી સંઘ યુ.જી.ઈ.એ. ઉપર કાબૂ જમાવવાના પ્રયાસો કરાયા હતા.

બેન બેલાએ આવી નીતિને કારણે એક પછી એક પોતાના રાજકીય ટેકેદારો ગુમાવ્યા. એફ. અલ. એન.ના મહામંત્રી મહંમદ કાદિરે રાજીનામું આપ્યું અને તે વિદેશ ચાલ્યો ગયો. ફરહાત અબ્બાસેય પ્રમુખસ્થાનેથી રાજીનામું આપ્યું અને એક લાંબા નિવેદનમાં જાહેર કર્યું કે 'ધડાઈ રહેલું બંધારણ સરમુખત્યારશાહી સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.' આમ, સ્વાધીન અલ્જીરિયામાં ફરહાત અબ્બાસને એક બાગી બનવું પડ્યું. પરંતુ બેન બેલા જેમ જેમ નબળો પડતો ગયો તેમ તેમ બોમેદીને વધુ ને વધુ સત્તા હસ્તગત કરવા માંડી. ૧૯૬૩માં તે સંરક્ષણ મંત્રી ઉપરાંત નાયબ વડો પ્રધાન બન્યો. પોતાના હાથ નીચે કેળવાયેલા લશ્કરના એકમોને આધારે તેણે સમગ્ર લશ્કરી તંત્રનું પુનઃસંગઠન કર્યું.

બેન બેલાને પોતાની ભૂલોનો ખ્યાલ આવી રહ્યો હતો અને તેથી તેણે પોતાનું સ્થાન મજબૂત કરવા, અલગ પડી ગયેલા રાજકારણીઓ સાથે સમાધાન કરીને સમજૂતી સાધવાના પ્રયાસોનો આરંભ કર્યો. 'ફ્રંટ ઑફ સોશિયાલિસ્ટ ફોર્સીઝ'(એફ.એફ.એસ.)ના ઔત એહમદ સાથે સમજૂતી સાધવાના પ્રયાસો કર્યા. તેના નિવૃત્ત પ્રમુખ અબ્બાસને જેલમાંથી મુક્ત કરવાનું પણ તે વિચારતો હતો. તે સમજતો હતો કે આ બધા રાજકારણીઓ સમાધાન પર આવે તો પોતાનું લશ્કર ઉપરનું અવલંબન ઘટે અને સત્તા ટકાવવાનો વૈકલ્પિક પાયો મળી જાય.

બેન બેલાએ એફ.એફ.એસ. સાથે તો સમાધાન સાધી પણ લીધું હતું અને બીજી તરફ તેણે અલ્જીરિયામાં આફ્રો-એશિયન કૉન્ફરન્સ બોલાવી હતી. આ પરિષદ જો સફળતાપૂર્વક પાર પડે તો બેન બેલાની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં પણ મોટો વધારો થાય તેમ હતો. આમ પોતાની દૃષ્ટિએ પરિસ્થિતિ હાથ બહાર જતી રોકવા માટે ૧૯૬૫ના જૂનની ઓગણીસમીએ જ્યારે આફ્રો-એશિયન પરિષદ મળવાની હતી તેની પૂર્વસંધ્યાએ જ આણધાર્યો બળવો થયો. બેન બેલાને કેદ કરવામાં આવ્યો. કર્નલ બોમેદીને સત્તા પોતાના હસ્તક સંભાળી લીધી. આ તખ્તપલટો ઘણા વર્ગોને ન ગમ્યો. તેના વિરોધમાં કામદારો અને વિદ્યાર્થીઓના છૂટાછવાયા વિરોધી દેખાવો થયા તેને કડક હાથે દાબી દેવામાં આવ્યા. પરંતુ સમાજના લઘુમતી બુદ્ધિજીવીઓએ કર્નલ બોમેદીનના આ વ્યવહાર પ્રત્યે જરૂર વિરોધ દર્શાવ્યો.

૧૯૬૭માં બોમેદીનના લશ્કરના જ ચીફ ઑફ સ્ટાફ ઝબીરીએ બળવો કરવાનો પ્રયાસ કર્યો તે સિવાય, આરબ દેશોમાં અલ્જીરિયા એ સૌથી વધુ સ્થિર આરબ રાષ્ટ્ર રહ્યું છે અને તેના રાજ્યનું સ્વરૂપ લશ્કરી સરમુખત્યારશાહીનું જ રહ્યું છે. ત્યાં સ્થાનિક કક્ષાએ ચૂંટણીઓ યોજીને દૃઢ વિકેન્દ્રિત તંત્ર જરૂર ઊભું કરવામાં આવ્યું છે, પરંતુ તેની ટોચ ઉપર નથી કોઈ પાર્લમેન્ટ કે નથી કોઈ સ્વરૂપની પ્રતિનિધિસભા. બોમેદીનના લશ્કરના 'ઉજદા જૂથ'ના હાથમાં જ સમગ્ર સત્તા કેન્દ્રિત થયેલી છે. રાષ્ટ્રીય મુક્તિ મોરચા (એફ. એલ. એન.) નામનો એક જ પક્ષ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તે પણ પ્રજામત ઘડવાના અને તેને વાચા આપવાના સાધનને બદલે નર્યા એક સરકારી ખાતા જેવો બની ગયો છે. શિક્ષણ પામીને જે નવી પેઢી બહાર આવી રહી છે તેની સાથે કામ કરવાનું વધુ ને વધુ મુશ્કેલ બની રહ્યું છે.

બોમેદીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક ઉદ્દામ, પ્રગતિશીલ અને સમાજવાદી રાજ્યકર્તા તરીકેની આભા ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે; પૅલેસ્ટાઈન, વિયેટનામ, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ રોડિશિયાની બાબતમાં અત્યંત ઉદ્દામ વલણ દાખવ્યું છે; અનેક દેશોના મુક્તિસૈનિકોને આશ્રય આપ્યો છે. હવાઈ ચાંચિયાઓનું તો અલ્જીરિયા સ્વર્ગ રહ્યું છે.

આમ છતાં બોમેદીનની નીતિ મહદ અંશે અંતર્મુખી છે. તે દેશના આર્થિક વિકાસ માટેના આયોજન પાછળ પોતાનો મહત્તમ સમય ગાળે છે. આ માટે તે વ્યવહારુ અને સાવચેતીભરી નીતિ અનુસરી રહ્યો છે. તેણે સમાજવાદનો અને ક્રાન્તિનો અર્થ અલ્જીરિયામાં કૃષિક્રાન્તિ સિદ્ધ કરવી અને માત્ર ફ્રાંસ ઉપરના આર્થિક અવલંબનનો અંત આણવો એવો કર્યો છે. અત્યારે એક તરફ તેના ફ્રાંસ સાથેના સંબંધો તૂટી જવાની અણી પર છે. તેણે અલ્જીરિયામાં ખનિજ તેલ અને ગૅસ પેદા કરતી કંપનીનું આંશિક રાષ્ટ્રીયકરણ કર્યું છે. તેથી ફ્રાન્સે પોતાના ટેકનિશિયનો પાછા બોલાવી

લીધા છે. ૫,૦૦૦ જેટલા શિક્ષકોનેય ફ્રાન્સ પાછા બોલાવી લેવાતાં શિક્ષણક્ષેત્રમાં અંધાધૂંધી ફેલાવાનો ભય ઊભો થયો છે.

પરંતુ બીજી તરફ તેણે આર્થિક આત્મનિર્ભરતા માટે રૂ. ૨૦૦ કરોડ પાઉન્ડની ૧૯૭૦થી ૧૯૭૩ સુધીની એક ચતુર્વર્ષીય યોજનાનો પ્રારંભ કર્યો છે. તેમાંની ૪૮ ટકા જેટલી મૂડી ઉદ્યોગ-વિકાસ પાછળ ખર્ચાવાની છે. તે પૈકી ત્રીજા ભાગની રકમ માત્ર ખનિજ તેલ અને કુદરતી વાયુના ઉદ્યોગના વિકાસ પાછળ જશે. આ માટે તેણે અમેરિકાની એક કંપની સાથે પેટ્રોલ-ગૅસ પૂરા પાડવાના વીસ વર્ષના કરારો પણ કર્યા છે. પશ્ચિમ જર્મની અને બ્રિટન સાથેના પોતાના વ્યાપારી સંબંધોને પણ તે મજબૂત બનાવી રહ્યો છે. વિકાસકાર્યને વેગ મળે તે માટે તમામ પ્રકારની હડતાળોને ગેરકાયદે જાહેર કરાઈ છે. મજૂર સંઘોને રબર સ્ટૅમ્પ બનાવી દેવામાં આવ્યા છે. મોજ-શોખની ચીજોની સંપૂર્ણ આયાતબંધી કરીને સાદગીનું વાતાવરણ ઊભું કરવા પ્રયાસ થઈ રહ્યો છે. વિરોધ અને ટીકાઓને નાપસંદ કરવામાં આવે છે. ખરેખર તો વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્ય અસ્તિત્વ જ ધરાવતાં નથી. દેખાવોમાં કોઈને રસ લેવા દેવામાં આવતો નથી.

અલ્જીરિયામાં આયોજનને ખેતીના પ્રમાણમાં ઓછું મહત્ત્વ આપવામાં આવ્યું છે. રાસા-યણિક ખાતરો અને તાલીમબદ્ધ માણસો વડે આ ઓછપ પૂરી કરી શકાશે એવી ગણતરી રખાઈ છે. પછાત વિસ્તારોના વિકાસ માટે વિશિષ્ટ કાર્યક્રમો પણ ઘડવામાં આવ્યા છે. આ હેતુસર શિક્ષણના વિસ્તાર ઉપર સારો એવો ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ શિક્ષણના વધારા સામે રોજગારીની તકોમાં તેટલા જ વધારાનો અભાવ તંગદિલી સર્જે તેવો પૂરો સંભવ ખરો. બોમેદીનની લશ્કરી સરમુખત્યારશાહી તેને કેવી રીતે પહોંચી વળે તે જ મોટો પ્રશ્ન છે.

બંદૂકના નાળચામાંથી ખરી સત્તા અને ક્રાન્તિ પેદા થાય છે એવું સાંભળીએ છીએ ત્યારે હજારો દેશભક્તોનાં બલિદાન આપ્યા છતાં, લશ્કરી ક્રાન્તિ કરવામાં આવી છતાં, અલ્જીરિયન પ્રજા હજુ સાચા અર્થમાં સ્વાધીનતા ભોગવી શકતી નથી એ હકીકત શું સૂચવે છે? પ્રજાનાં નાગરિક સ્વાતંત્ર્યો પણ છીનવાઈ ગયાં છે. પોતાની લાગણીઓ અને પ્રત્યાઘાતોને વ્યક્ત કરવાનાં કોઈ તંત્રો કે અંગો અસ્તિત્વ ધરાવતાં નથી. શાન્તિપૂર્વક રાજ્યકર્તાઓ બદલવાનો તો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. અને સખત પરિશ્રમ અને વિકાસ માટે પેટે પાટા બાંધવાનો કાર્યક્રમ પણ અપનાવવો જ પડે છે. સાદગીનું વાતાવરણ સ્વીકારવું પડે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉદ્દામવાદ બતાવવા છતાં આર્થિક વિકાસ સાધવા માટે અનેક વ્યવહારુ સમાધાનો કરવાં પડે છે. લોહિયાળ ક્રાન્તિ કે લશ્કરી તાકાત આર્થિક વિકાસના પ્રશ્નો ચપટી વગાડતામાં ઉકેલી શકતી નથી. સંપત્તિ અને આવકની સમાન વહેંચણી પણ તે સિદ્ધ કરી શકતી નથી. આટલું ઓછું હોય તેમ નાગરિક સ્વાતંત્ર્યો તો એક દૂરનું સ્વપ્ન બની રહે છે. લશ્કર પોતે જ એક સ્થાપિત હિત બનીને પ્રજાજીવન ઉપર સકંજો જમાવીને બેસી જઈ શકે છે. આમ લોહિયાળ ક્રાન્તિ કે સરમુખત્યારશાહી એ પ્રજાકીય ઉત્કર્ષની ગુરુચાવી નથી એટલું તો અલ્જીરિયા જરૂર સૂચવે છે.





ઘાના

પ્રતીક અને પતાકા



૧૮ : ઘાના — અંધારણીય ક્રાન્તિ છતાં

આફ્રિકા ખંડના પશ્ચિમ કિનારે આવેલા ૨૩,૮૩૦ ચો. કિ.મી.નો વિસ્તાર ધરાવતા આ નાનકડા રાજ્યની વસ્તી લગભગ ૮૦ લાખ જેટલી છે. તે બ્રિટિશ સંસ્થાન હતું ત્યારે તેના કિનારે મળી આવતી સોનાની રજકણોને કારણે 'ગોલ્ડ કોસ્ટ' તરીકે તે ઓળખાતું હતું. ૧૯૫૭ની છઠ્ઠી માર્ચે જ્યારે આ પ્રદેશે આઝાદી પ્રાપ્ત કરી ત્યારે તેણે પોતાનું નામ બદલીને ઘાના રાખ્યું. મૂળે ઘાના એ પશ્ચિમ સુદાનમાં આવેલું શ્યામ પ્રજાનું એક સમૃદ્ધ ઐતિહાસિક રાષ્ટ્ર હતું. આ ઐતિહાસિક રાજ્ય-ની સાથેનો આજના ઘાનાના સ્થળકાળનો કે જનજાતીય સંબંધ સ્થાપિત કરવો મુશ્કેલ છે, પરંતુ નામ રાખવામાં એ ભવ્ય ભૂતકાળને સજીવન કરવાની આકાંક્ષાઓનું પ્રતિબિંબ ખસૂસ નિહાળી શકાય છે.

૧૪૭૧માં પોર્ટુગીઝોએ આફ્રિકાને પશ્ચિમ કિનારે પોતાનું વહાણ નાંગર્યું તે જ અરસામાં આફ્રિકા ખંડના અંતરાળમાંથી વિવિધ જનજાતિઓ ઉત્તરમાંથી દક્ષિણના દરિયાકાંઠા તરફ નીચે ઊતરી રહી હતી. તેમાંથી ફ્રેન્ટી ભાષા બોલતી અકાન જનજાતિ ખૂબ આગળ પડતી હતી. આ અકાન પ્રજા અને પોર્ટુગીઝો વચ્ચે શરૂઆતમાં સોનાનો અને હાથીદાંતનો વેપાર ચાલ્યો, અને ત્યાર બાદ ગુલામોનો. આ અમાનવીય છતાં આકર્ષક વ્યાપારમાંથી પોર્ટુગીઝ વ્યાપારીઓ અને અકાનો સમૃદ્ધ બન્યા અને તેમનું સમૃદ્ધ રાજ્ય પણ વિકાસ પામ્યું. આ વ્યાપાર પોર્ટુગીઝો પાસેથી ફ્રેન્ચો, ડચો અને છેવટે અંગ્રેજો પાસે ગયો. બીજી તરફ વિવિધ આફ્રિકી જનજાતિઓમાંથી 'અશાન્ટી' જાતિએ યુદ્ધ, ધર્મ અને સામાજિક સંબંધો દ્વારા અન્ય જાતિઓ ઉપર સરસાઈ પ્રાપ્ત કરી તથા પોતાનું રાજ્ય સ્થાપ્યું. ઘાનાને કિનારે, જોકે, બ્રિટિશ સત્તા સ્થિર થઈ તે પૂર્વે અશાન્ટી પ્રજા અને બ્રિટિશરો વચ્ચે અનેક નાનીમોટી લડાઈ થઈ. તેમાંથી મોટા ભાગની તો અશાન્ટીઓ જીત્યા. પરંતુ, ૧૮૭૪માં થયેલી નિર્ણાયક લડાઈમાં તેમનો પરાજય થયો. તેમની રાજધાની કુમાસી બાળી મૂકવામાં આવી. ૧૮૯૬માં અશાન્ટીના રાજાને દેશનિકાલ કરવામાં આવ્યો અને ૧૯૦૨માં અશાન્ટી બ્રિટિશ સંસ્થાન બન્યું. આ જ વખતે ઉત્તરની અન્ય જાતિઓ પણ બ્રિટિશરોને હાથે પરાજય પામી અને તેમનાં સંસ્થાનનો એક ભાગ બની ગઈ. ૧૯૧૯માં જર્મનીનો વિશ્વયુદ્ધમાં પરાજય થવાથી આફ્રિકા-માં આવેલા તેના સંસ્થાન ટોગોલૅન્ડના બ્રિટન અને ફ્રાન્સે બે ભાગ પાડ્યા અને રક્ષિત પ્રદેશ તરીકે તેનો વહીવટ સંભાળી લીધો. આ વિસ્તાર પણ અગાઉ જિતાયેલા પ્રદેશની નજીકનો જ હોઈ તેમાંથી એક મોટા વહીવટી એકમનું — 'ગોલ્ડ કોસ્ટ'નું — માળખું રચાયું.

બ્રિટિશરોએ આ પ્રદેશનો વહીવટ ચલાવવા માટે ત્યાં જે જનજાતિઓ હતી તેમના વડાઓનો ઉપયોગ કર્યો. જે પરંપરાગત સત્તામાળખું હતું તે જાળવી રાખ્યું. આમ બહુજનસમાજ તો પહેલાંની

માફક પરંપરાગત વડાઓની મહેરબાની હેઠળ જ જીવતો રહ્યો. આ સંસ્થાન સાથે સોના અને કોકોનો ધીખતો વ્યાપાર ચાલુ રહ્યો તેથી બ્રિટિશરો અને આ વડાઓ બંને સમૃદ્ધ બન્યા. પરંતુ વ્યાપારધંધાના ઉત્તરોત્તર વિકાસને કારણે નવા વર્ગો અસ્તિત્વમાં આવવા લાગ્યા. મજૂર સંઘો, વ્યાપારી મંડળો, વ્યવસાયી સંઘો, યુવક મંડળો અને રાજકીય પક્ષોએ પરંપરાગત જનજાતિઓ સાથે સ્પર્ધા કરવા માંડી. કોકોની ખેતીમાંથી સમૃદ્ધ થયેલા અશાન્ટી ખેડૂતો, પરંપરાગત વડાઓની સત્તા સ્વીકારવા તૈયાર ન હતા. તેમ જ તેમને પરોક્ષ શાસનમાં પણ રસ ન હતો.

૧૯૨૪માં અશાન્ટી જનજાતિનો વડો પરદેશથી પાછો ફર્યો અને ૧૯૩૫માં અશાન્ટી પ્રજાની 'કૉન્ફેડરસી કાઉન્સિલ ઑફ ચીફ્સ'ની પુનઃરચના કરવામાં આવી. ધાનામાં રાષ્ટ્રીય કક્ષાએ ધારાસભા અને કારોબારી સમિતિ કામ કરતી હતી. ધારાસભામાં બિનસત્તાવાર આફ્રિકનોની વધુમતી હતી. પરંતુ આ બધા સભ્યો વડાઓના જૂથમાંથી નિયુક્ત કરવામાં આવ્યા હતા. રાજ્ય ચલાવવા માટે નવાં તંત્રો, સ્વરૂપો અને સંસ્થાઓ ઊભાં કરવામાં આવ્યાં હતાં; પરંતુ તેની અંદરના સંચાલક માણસો તો પરંપરાગત સત્તામાળખામાંથી પસંદ કરવામાં આવ્યા હતા. સમાજમાં પેદા થયેલા નવા વર્ગોને એમાં કોઈ સ્થાન ન હતું.

આથી જ્યારે બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે ભેગા થયેલાઓના અસંતોષને વ્યક્ત કરવા માટે નવાં સંગઠનો જન્મ્યાં. ૧૯૪૭માં 'અશાન્ટી યૂથ ઑસોસિયેશન' અસ્તિત્વમાં આવ્યું. ઉપરાંત એ જ વર્ષમાં રાષ્ટ્રવાદી જાગૃતિના સંકેત રૂપ 'યુનાઇટેડ ગોલ્ડ કોસ્ટ કન્વેન્શન' (યુ.જી.સી.સી.) નામક સંસ્થાની રચના થઈ. તેનું તાત્કાલિક ધ્યેય લેજિસ્લેટિવ કાઉન્સિલમાં જનજાતિઓના વડાઓને સ્થાને શિક્ષણ પામેલા સામાન્ય માણસોને મૂકવાનું હતું.

યુદ્ધોત્તર કાળમાં અસંતોષનાં બીજાં પણ કારણો ઊભાં થયાં હતાં અને તે બધાંને હવે રાજકીય દિશા અપાઈ રહી હતી. ભાવો વધી રહ્યા હતા, નોકરીઓ મળવી મુશ્કેલ બની હતી. સાધારણ વ્યાપારી વર્ગને યુદ્ધકાળનાં નિયંત્રણો ગમતાં ન હતાં, કારણ કે તેનાથી તો મોટી વ્યાપારી કંપની-ઓને જ લાભ થયો હતો. કોકોના છોડમાં રોગ લાગુ પડ્યો હોઈ રોગવાળા છોડ કાપી નાખવાની ફરજ પાડવામાં આવતી હોવાથી ખેડૂતોમાં પણ અસંતોષ વ્યાપ્યો હતો. ગામડાંમાં રહેતા શિક્ષકો, કારકુનો, કર્મચારીઓ તથા નાના વેપારીઓ ભારત અને બ્રહ્મદેશ સ્વાધીન બની રહ્યાના સમાચારો વાંચી રહ્યા હતા. વળી જે ઘાનાવાસીઓ યુદ્ધમાં જઈ આવ્યા હતા તેમનામાં પણ રાષ્ટ્રવાદના વિચારો બદ્ધમૂળ થયા હતા. આમ દેશમાં રાષ્ટ્રવાદી આંદોલન ફાટી નીકળવા માટે પૂરતું વાતાવરણ તૈયાર થયું હતું.

છતાં, આ રાષ્ટ્રવાદી આંદોલન વેગ નહોતું પકડી શક્યું તેનાં પણ કેટલાંક કારણો હતાં. સૌ પ્રથમ તો આ પ્રદેશની પ્રજા વિવિધ જનજાતિઓમાં વહેંચાયેલી હોવાથી તેઓમાં એક-રાષ્ટ્રની ભાવના હજુ વિકસી નહોતી. તેમની વચ્ચે સમાન ભાષા ન હતી. અંગ્રેજીનો ઉપયોગ મુઠ્ઠીભર ભણેલા લોકો કરતા હતા. ૧૮૦૫માં સ્થાપવામાં આવેલી લેજિસ્લેટિવ કાઉન્સિલને ઠેઠ ૧૯૪૬માં વિસ્તારવામાં આવી ત્યારે જ અશાન્ટીઓ પ્રતિનિધિત્વ પામ્યા. તેમાં દક્ષિણ ટોગોલૅન્ડને ૧૯૪૯ સુધી અને ઉત્તર ટોગોલૅન્ડને ઠેઠ ૧૯૫૦ સુધી સ્થાન નહોતું મળ્યું. આથી વિવિધ વિસ્તારોની જનજાતિઓની સ્થાનિક વફાદારીની ભાવના વધુ મજબૂત ન હતી. જે પ્રદેશમાંથી કોકો, ઇમારતી લાકડાં, બૉક્સાઇટ

અને સોનું બહાર આવતાં હતાં ત્યાં અશાન્ટી વિસ્તારમાં પરંપરાગત લાગણીઓ ખૂબ જ તીવ્ર હતી અને એથી સાંસ્થાનિક સત્તા તેમને લગીરે છંછેડવા માગતી ન હતી. સત્તાને કે તંત્રને કેન્દ્રિત કરવાના તમામ પ્રયાસોનો વિરોધ થયો હતો. આવા કેન્દ્રિત તંત્રને અભાવે રાષ્ટ્રવાદની ભાવના પણ મજબૂત બનતી ન હતી.

૧૯૪૭ના ઑગસ્ટમાં ઘાનાના બૌદ્ધિકોના એક જૂથે લેજિસ્લેટિવ કાઉન્સિલના એક સભ્ય ડૉ. જોસેફ ડંકાહના અધ્યક્ષપદે 'યુનાઇટેડ ગોલ્ડ કોસ્ટ કન્વેન્શન'ની સ્થાપના કરી હતી. તેનું ધ્યેય બંધારણીય સુધારા કરવાનું હતું. સ્વાધીનતા બાદ પ્રધાનમંડળના અગત્યના સભ્ય બનનાર એકો એડ્જાઈએ પણ તેની સ્થાપનામાં પ્રભાવશાળી ભાગ ભજવ્યો. જ્યારે તેને આ સંસ્થાનું મહામંત્રી પદ સ્વીકારવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે આ સ્થાન માટે કવામ નક્રુમાનું નામ સૂચવ્યું. આ સૂચનને માથે ચડાવી નક્રુમા ૧૯૪૭ના નવેમ્બરમાં ઇંગ્લંડથી ઘાના આવવા નીકળ્યો.

ઘાનાની ક્રાન્તિમાં અને ખુદ આફ્રિકા ખંડની જાગૃતિમાં નક્રુમા(ઈ. સ. ૧૯૦૯–૧૯૭૨)નું પ્રદાન મહત્ત્વનું છે અને ઘાનાનો સ્વાધીનતાસંગ્રામ પણ તેની આસપાસ જ વણાયેલો છે. એટલે તેનું પૂર્વજીવન પણ જાણી લેવું એ ઘાનાના વિકાસને સમજવામાં ભારે મદદરૂપ થશે.

નક્રુમાનો જન્મ અકાન (અશાન્ટી, ફેન્ટી, સાન્વી આદિ જનજાતિઓનું સમૂહનામ) કુટુમ્બમાં સોની પિતાને ત્યાં થયો હતો. જર્મન રોમન્ કૅથલિક પાદરી જૉર્જ ફ્રિશરે તેને ભારે મદદ કરી. તેની માતા તથા તે પોતે રોમન કૅથલિક સંપ્રદાયમાં દીક્ષિત થયાં. મિશનની શાળામાં અભ્યાસ કરી તે ૧૯૨૬માં સરકારી ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ માટે દાખલ થયો. ૧૯૩૦માં સ્નાતક થયા પછી જુદી જુદી શાળાઓમાં શિક્ષણકાર્ય કરી, પોતાના કાકાની સહાયથી તે ૧૯૩૫માં યુનાઇટેડ સ્ટેટ્સ ગયો. દરમ્યાનમાં, પાછળથી નાઇજીરિયાના ગવર્નર-જનરલ બનેલ ડૉ. નામદી આઝીકીવેના તંત્રીપણા હેઠળ પ્રગટ થતા અખબાર 'આફ્રિકન મૉર્નિંગ પોસ્ટ'માં નામદીના લેખો વાંચીને તેનામાં ઉત્કટ રાષ્ટ્રવાદ જન્મવા પામ્યો હતો. ૧૯૩૯માં તે અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર સાથે લિંકન યુનિવર્સિટીમાંથી ફરી વાર સ્નાતક થયો. નક્રુમાએ પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાંથી શિક્ષણ અને તત્ત્વજ્ઞાન સાથે અનુસ્નાતક પદવી મેળવી; સાથોસાથ તે અમેરિકા — કેનેડાના આફ્રિકી વિદ્યાર્થી સંઘનો પ્રમુખ ચૂંટાયો. અહીં તેણે નિગ્રો આગેવાન માર્કયુઝ ગાર્વેનાં લખાણો વાંચ્યાં અને તેને પ્રતીતિ થઈ કે 'નિગ્રો પ્રજાનો ઉદ્ધાર મુક્ત અને સ્વતંત્ર આફ્રિકા દ્વારા જ થવાનો છે.' ૧૯૪૫માં કાયદાનો અભ્યાસ કરવા તથા પીએચ.ડી.નો મહાનિબંધ પૂરો કરવા તે લંડન આવ્યો. અહીં તે રાજકારણમાં વધુ ગૂંચવાતો ગયો.

મૅન્ચેસ્ટરમાં પાંચમી પાન-આફ્રિકન કૉન્ફરન્સ ભરાઈ તેમાં પ્રજાકીય પક્ષો અને 'વિધાયક પગલાં' દ્વારા આફ્રિકા માટે સ્વાધીનતા પ્રાપ્ત કરવાની યોજનાઓ ઘડવામાં આવી. આ કૉન્ફરન્સ પછી જે વર્કિંગ કમિટી નીમવામાં આવી તેનો એ મહામંત્રી ચૂંટાયો.

ઘાના પાછા ફરી યુ.જી.સી.સી.નું મહામંત્રીપદ સ્વીકાર્યા બાદ નક્રુમા એક વ્યાપક પ્રજાકીય પક્ષ બનાવવાના કાર્યમાં લાગી ગયો. હવે પછી ઘાનાની ક્રાન્તિ અને નક્રુમાનું જીવન એકમેકની સાથે ઓતપ્રોત થઈને આગળ વધ્યાં.

યુદ્ધોત્તર કાળમાં આયાત કરેલા માલસામાનના ભાવવધારા સામે વિદેશી અને સીરિયન વ્યાપારીઓના બહિષ્કારનો એક કાર્યક્રમ યોજાયો હતો. એ જ વખતે નિવૃત્ત સૈનિકોએ પોતાની મુશ્કેલીઓ નિવારવા માટે એક વિરોધ કૂચનું આયોજન કર્યું હતું. આ બંને બનાવોમાંથી વ્યાપક અને ગંભીર તોફાનો ફાટી નીકળ્યાં. તેમાં ૨૯ ધાનાવાસીઓએ જીવ ગુમાવ્યા અને ૨૩૭ જેટલા ઘવાયા. આ વિરોધી તોફાનો માટે યુ.જી.સી.સી.ને જવાબદાર ગણવામાં આવ્યું અને તેના બાર આગેવાનોની ધરપકડ કરાઈ. નક્રુમા પણ પકડાયો. આ તોફાનોની તપાસ કરવા નિમાયેલ વૉટસન કમિશનની ભલામણ અનુસાર નવું બંધારણ સૂચવવા માટે કોસી કમિશનની રચના કરવામાં આવી.

દરમ્યાન તેના સાથીદારો સાથેના મતભેદો તીવ્ર બન્યા. તેને પક્ષના મંત્રી-સ્થાનેથી ઉતારીને ખજાનચી બનાવવામાં આવ્યો. ૧૯૪૮માં તેણે રાષ્ટ્રીય આંદોલનના મુખપત્ર સમું 'આક્રા ઈવનિંગ ન્યૂસ' નામનું દૈનિક બહાર પાડયું. વળી 'કમિટી ઑન યૂથ ઑર્ગેનિઝેશન' (સી.વાય.ઓ.) નામની એક યુવક સમિતિની રચના કરી. અને ટૂંક સમયમાં તે લોકપ્રિય આંદોલનમાં પરિણમી. અન્તે આ નવું સંગઠન તેની માતૃસંસ્થા યુ.જી.સી.સી.થી જુદું પડયું અને ૧૯૪૯માં જૂનની ૧૨મીએ એક નવા જ રાજકીય સંગઠન 'કન્વેન્શન પીપલ્સ પાર્ટી'(સી.પી.પી.)ની રચના કરવામાં આવી. તેનો છ મુદ્દાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :

૧. ગોલ્ડ કોસ્ટના જનજાતિના વડાઓ અને પ્રજા માટે પૂરેપૂરું આત્મશાસન તત્કાલ સિદ્ધ કરવા તમામ બંધારણીય સાધનો દ્વારા અવિરતપણે સંઘર્ષ ચલાવવો;
૨. તમામ પ્રકારના દમનને દૂર કરવા માટે અને લોકશાહી સરકારની સ્થાપના કરવા માટે શક્તિશાળી અને સભાન એવા રાજકીય અગ્રદૂતની કામગીરી બજાવવી;
૩. અશાન્ટી, ઉત્તરના પ્રદેશો અને ટ્રાન્સવૉલ્ટના વડાઓ અને આમપ્રજા વચ્ચે સંપૂર્ણ એકતા સિદ્ધ કરવી અને જાળવી રાખવી;
૪. દેશમાં રોજગારીની વધુ સારી શરતોની સ્થાપના થાય તે માટે મજૂર સંઘોના આંદોલનના હિતમાં કામ કરવું;
૫. આમપ્રજાને મુક્ત પ્રજા તરીકે જીવવાનો અને આત્મશાસન કરવાનો અધિકાર મળે તેવા બહેતર ગોલ્ડ કોસ્ટની યોગ્ય પુનઃરચના કરવા માટે મથવું;
૬. એક અને આત્મશાસિત પશ્ચિમ આફ્રિકાની સિદ્ધિ માટે શક્ય એવા કોઈ પણ માર્ગે સહાય કરવી અને સવલત પૂરી પાડવી.

નવા બંધારણની દરખાસ્તોવાળો કોસી કમિશનનો હેવાલ બહાર આવતાં યુ.જી.સી.સી. સિવાયનાં તમામ સંગઠનોની એક 'લોકપ્રતિનિધિસભા' બોલાવી સી.પી.પી.એ કોસી હેવાલને નામંજૂર કર્યો; સંપૂર્ણ સ્વાયત્તતાના દરજ્જાની માગણી કરી અને 'વિધાયક પગલાં' ભરવાની ધમકી પણ આપી. આથી ૧૯૫૦ના જાન્યુઆરીમાં તોફાનો ફાટી નીકળ્યાં. કટોકટીની જાહેરાત કરવામાં આવી અને નક્રુમા સહિતના તમામ આગેવાનોની ધરપકડ કરવામાં આવી. આમ છતાં સી.પી.પી.ની રાજકીય પ્રવૃત્તિઓ તો ચાલુ જ રહી. આક્રા, કુમાસી અને કેપ કોસ્ટની મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં તેને જંગી બહુમતી પ્રાપ્ત થઈ. ૧૯૫૧માં દેશભરમાં સામાન્ય ચૂંટણી થઈ તેમાં આમના ગૃહની કુલ ૮૦ બેઠકોમાંથી, ચૂંટણી દ્વારા ભરાતી ૩૮ બેઠકોમાંની ૩૪ બેઠકો સી.પી.પી.ને મળી. નક્રુમા પોતે અટકાયતમાં

હોવા છતાં, ૨૩,૧૨૨ના કુલ મતદાનમાંથી ૨૨,૭૮૦ મતો પ્રાપ્ત કરીને ચૂંટાઈ આવ્યો. તેને અટકાયતમાંથી મુક્ત કરવામાં આવ્યો અને તે બહુમતીના નેતા તરીકે ચૂંટાયો. ૧૯૫૨માં તેના હોદ્દાને વડા પ્રધાનનો હોદ્દો જાહેર કરવામાં આવ્યો. આ ગાળામાં થયેલી સ્થાનિક ચૂંટણીઓમાં સી.પી.પી.ને ૯૦ ટકા બેઠકો મળી. આ પ્રક્રિયાની સાથોસાથ આત્મશાસન માટેની માગણી તો ચાલુ જ રહી.

૧૯૫૩માં સી.પી.પી.એ નક્રુમાને પોતાના પક્ષના આજીવન પ્રમુખસ્થાને સ્થાપ્યો અને એ જ વર્ષની ૧૧મી જુલાઈએ ઘાનાની ધારાસભાએ સ્વતંત્રતા માટેનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો.

૧૯૫૪ના જૂનમાં નવી ચૂંટણીઓ યોજાઈ. તેમાં સી.પી.પી.ને કુલ ૧૦૪ બેઠકોમાંથી ૭૨ બેઠકો મળી. 'નૉર્ધર્ન પીપલ્સ પાર્ટી' નામના એક નવા પક્ષને ૧૨ અને અપક્ષોને ૨૦ બેઠકો મળી. આ જ વર્ષના ઑગસ્ટમાં ઘાનાની મુખ્ય નિકાસ કોકોના આંતરિક ભાવોને સ્થિર કરવા માટે સરકારે તેની કિંમત ૬૦ રતલના ૭૨ શિલિંગ કરી. આ કિંમત દુનિયાનાં બજારોમાં ચાલતા ભાવો કરતાં નીચી હતી. આ કારણે કોકો પકવતા અશાન્ટી પ્રજાના વિસ્તારમાં એક 'નૅશનલ લિબરેશન મૂવમેન્ટ' નામનું સંગઠન અસ્તિત્વમાં આવ્યું. આ સંગઠને ઘાનામાં સમવાયી સ્વરૂપની સરકાર રચવાની માગણી કરી. નક્રુમાએ ભાવિ સરકારનું સ્વરૂપ નક્કી કરવા એક પ્રવર સમિતિની રચના કરી. પરંતુ વિરોધ પક્ષોએ તેનો બહિષ્કાર કર્યો, સમિતિએ સમવાયી સ્વરૂપની વિરુદ્ધમાં હેવાલ રજૂ કર્યો. પરંતુ બ્રિટનના સાંસ્થાનિક મંત્રીએ સાફ જણાવી દીધું કે સત્તા કયાં સોંપવી તે વિશે નવી ચૂંટણીઓ કોઈ ચોક્કસ માર્ગદર્શન ન આપે ત્યાં સુધી સ્વતંત્રતા આપવામાં નહીં આવે. ત્યાર બાદ બ્રિટિશ સરકારે બૉર્ન નામક બંધારણીય સલાહકારની નિમણૂંક કરી. તેણે પ્રાદેશિક વિધાનસભાઓની અને જનજાતિના વડાઓના બનેલા ઉપલા ગૃહની હિમાયત કરી.

૧૯૫૬ના જુલાઈમાં નવી ચૂંટણીઓ યોજવામાં આવી અને સી.પી.પી.ને ૧૦૪માંથી ૭૨ બેઠકો મળી. આમપ્રજાનો તેને ટેકો છે એવું સાબિત થઈ ચૂક્યું. તાત્કાલિક સ્વાધીનતા માટેનો ઠરાવ ચર્ચવા જ્યારે ધારાસભા મળી ત્યારે વિરોધ પક્ષોએ તેનો બહિષ્કાર કર્યો અને તેમના આગેવાન ડૉ. બુશિયા, સ્વાધીનતાની જાહેરાત લંબાવવાનું બ્રિટનને સમજાવવા લંડન ગયા. આમ છતાં બ્રિટિશ ટોગોલૅન્ડ સહિતના ઘાનાને છઠ્ઠી માર્ચ, ૧૯૫૭ના રોજ સ્વતંત્રતા આપવાની બ્રિટિશ સરકારે જાહેરાત કરતાં ઘાના આફ્રિકાની શ્યામ પ્રજાઓમાંથી સૌ પ્રથમ આઝાદી મેળવનાર રાષ્ટ્ર બન્યું.

સ્વતંત્રતા પછી

ઘાનાને સ્વાધીનતા મળી તે જ દિવસે પ્રકાશિત કરવામાં આવેલ પોતાની આત્મકથામાં નક્રુમાએ પોતાનાં રાજકીય ધ્યેયો સ્પષ્ટ કરતાં જણાવ્યું કે :

> નવસ્વાધીન રાષ્ટ્રો માટે મૂડીવાદ એ વધુ પડતી જટિલ પ્રણાલી છે. આથી સમાજવાદી સમાજની જરૂર છે. પરંતુ સામાજિક ન્યાય અને લોકશાહી બંધારણ પર રચાયેલી પ્રણાલીને પણ સ્વાધીનતા પછીના ગાળામાં સર્વાધિકારી સ્વરૂપનાં કટોકટીનાં પગલાં ભરવાની જરૂર પડે. શિસ્ત વગર સ્વાતંત્ર્ય જીવતું ન રહી શકે. કોઈ પણ સંજોગોમાં કોઈ પણ સત્તારૂઢ પક્ષ વફાદાર, પ્રામાણિક અને પરિશ્રમી પ્રજાના તથા જવાબદાર મુલકી તંત્રના ટેકા ઉપર જ નભી શકે. સંરક્ષણ માટે સશસ્ત્રદળોને પણ સંગઠિત કરવાં જોઈએ.

સ્વાધીન રાષ્ટ્રના વડા પ્રધાન બન્યા બાદ તેણે કેટલાંક 'શિસ્ત' સ્થાપનારાં પગલાં ભર્યાં પણ ખરાં. સી.પી.પી.ની સરકારે જાહેર હિત માટે ભયજનક હોય તેને હદપાર કરવાની સત્તા પ્રાપ્ત કરી. ૧૯૫૮ અને ૫૯માં અટકાયતી ધારો પસાર કરીને કોઈ પણ વ્યક્તિને કેસ ચલાવ્યા સિવાય પાંચ વર્ષ અટકાયતમાં રાખવાનો અધિકાર પણ હાંસલ કર્યો. ૧૯૫૯માં ગેરલાયકાત ધારો પસાર કરી, લાગ-લગાટ બાવીસ બેઠકોમાં ગેરહાજર રહેનાર ધારાસભ્યને ગેરલાયક ગણવામાં આવ્યો. અને આ કાયદાનો પ્રથમ ભોગ વિદેશમાં વ્યાખ્યાન પ્રવાસે ગયેલા વિરોધ પક્ષના નેતા ડૉ. બુશિયા બન્યા.

નક્રુમાને માત્ર ઘાનાની રાજકીય સ્વાધીનતામાં રસ ન હતો; પરંતુ તેનું સ્વપ્ન તો આફ્રિકાની સાંસ્થાનિક સરકારોએ પાડેલા કૃત્રિમ ટુકડાઓને ફગાવી દઈને આખાયે આફ્રિકા ખંડનું એક સહિયારું રાજ્ય સ્થાપવાનું હતું. તો જ આફ્રિકાનાં ઘાના સહિતનાં તમામ રાજ્યો માત્ર રાજકીય જ નહીં પણ આર્થિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતા ભોગવી શકે. પોતાના આ વિશાળતર ધ્યેયની સિદ્ધિ માટે તેણે એ જ વર્ષના અંતમાં બિનસરકારી કક્ષાએ 'ઑલ આફ્રિકા પીપલ્સ કૉન્ફરન્સ' બોલાવી. આ પછી પોતાનાં પાડોશી રાજ્યો ગીની અને માલી સ્વાધીન થયાં તેમની સાથે રાજકીય જોડાણ સાધી વિશાળતર રાજકીય એકમ સર્જવાનો પ્રારંભ કર્યો, કૉંગોમાં બેલ્જિયમના શાસનનો અન્ત આવતાં ત્યાં ફાટી નીકળેલા આંતરિક યુદ્ધમાં તેણે પેટ્રિસ લુમુમ્બાને સમર્થન આપ્યું તેમ જ આવી સ્થિતિમાં મુકાનાર કોઈ પણ દેશને સહાય કરવા માટે દશ આફ્રિકન દેશોના એક સંયુક્ત હાઈ-કમાન્ડની રચના કરી. બાદ કાસાબ્લાન્કા ખાતે ૧૯૬૧માં મળેલી પરિષદમાં હાજરી આપીને અલ્જીરિયાના સ્વાધીનતાસંગ્રામને ટેકો આપ્યો. ૧૯૬૧માં કૉમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદમાં હાજરી આપી અને કૉમનવેલ્થમાં ફરી પાછા દાખલ થવાના દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન વેરવુડના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. ૧૯૬૧માં તેણે રશિયા અને સામ્યવાદી જૂથના યુરોપીય દેશો તથા ચીનની મુલાકાત લીધી. એ જ વર્ષના સપ્ટેમ્બરમાં તેણે બેલગ્રેડમાં ભરાયેલ તટસ્થ દેશોની પરિષદમાં હાજરી આપી.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આટલી બધી હિમતભરી નીતિ તે અનુસરી શક્યો; કારણ કે ઘરઆંગણે તેની લોકપ્રિયતા પહેલાંની માફક જ ચાલુ રહી હતી. ૧૯૬૦ના એપ્રિલમાં તેણે રાષ્ટ્ર સમક્ષ પ્રજા-સત્તાક બંધારણ રજૂ કર્યું ત્યારે તેને અભૂતપૂર્વ ટેકો મળ્યો હતો. તેના હરીફ ડૉ. ડંકાહને હરાવીને લગભગ ૯૦ ટકા જેટલા મતો મેળવીને તે પ્રમુખસ્થાને ચૂંટાઈ આવ્યો હતો.

આમ નક્રુમાની વ્યક્તિગત લોકપ્રિયતાની છત્રછાયામાં સી.પી.પી. ઘાનામાં સત્તા ભોગવવા લાગી. પરંતુ વાસ્તવમાં તો આ પક્ષ અનેક હિતોનાં અસ્થિર સમાધાનો પર ચાલ્યા કરતો હતો. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં આવાં હિત-જૂથો વચ્ચેનો વિવાદ અનિયંત્રિત બનતો ત્યારે તેને પોતાના હાથમાં વધુ ને વધુ સત્તા હાથ ધરવાનાં પગલાં લેવાં પડતાં. ધીમે ધીમે કરતાં, સરકારમાં અને તેના પક્ષમાં અનેક પ્રકારની બદીઓ ફૂલીફાલી. આ બધું રોકવા માટે તેણે પોતાના પક્ષ (પી.સી.સી.)ની તમામ સત્તાઓ પક્ષના મુખ્ય મંત્રી અને ચૅરમૅન તરીકે પોતાના હાથમાં લીધી; અને પક્ષ ઉપર પોતાના વ્યક્તિગત અંકુશને વધુ દૃઢ બનાવ્યો.

દેશમાં પેદા થયેલી 'નાણાકીય કટોકટી'ને જુઠ્ઠો પ્રચાર જણાવીને તેને રોકવા અનેક પગલાં લીધાં. તે પૈકી ફરજિયાત બચતના પગલાએ તેની સામે વિરોધનો વંટોળ ઊભો કર્યો. ચાર હજાર

જેટલા બંદરના અને રેલવેના કામદારો હડતાળ ઉપર ગયા. ઘાનામાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી અને આ હડતાળને 'પ્રતિક્રાન્તિ'નો પ્રારંભ ગણીને કડક હાથે દાબી દેવાનો સી.પી.પી.એ સરકારને અનુરોધ કર્યો. રશિયામાં રજા ગાળવા ગયેલા નક્રુમાએ ઘાના પાછા ફરી કટોકટી ઉઠાવી લીધી અને કામદારોને હડતાળ સંકેલી લેવાની અપીલ કરી. કામદારોએ તેમ કર્યું પણ ખરું. બીજી બાજુ, નક્રુમાએ ઘાનાના લશ્કરના 'સુપ્રીમ કમાન્ડર' તરીકેનો હોદ્દો પણ પોતાના હાથમાં લઈ લીધો.

સપ્ટેમ્બરમાં તેણે ચાર પ્રધાનો સહિતના પોતાની સરકારના છ સભ્યોને તેમના વિવિધ વ્યાપારી સંબંધોને કારણે રાજીનામું આપવાની ફરજ પાડી; રાજ્ય સામેના ગુનાઓના કેસ ચલાવવા વડી અદાલતની એક ખાસ બેન્ચ સ્થાપવાનું બિલ પણ રજૂ કર્યું. ડૉ. ડંકાહ સહિતના વિરોધ પક્ષના નેતાઓની અટકાયતી ધારા હેઠળ ધરપકડ કરી. તેના આ અનુદાર પગલાની ટીકા કરતાં બ્રિટિશ અખબાર 'ગાર્ડિયને' લખેલું : "સાંસ્થાનિક દિવસોમાં નક્રુમાનો ઉપદેશ એવો હતો કે 'તું રાજકીય સત્તા પહેલી હાથ કર'. તે તેની પાછળ પડ્યો અને તે હાથ પણ કરી. હવે તેણે તે પોતાની જાત માટે રાખી મૂકી છે."

ઘાનાની પ્રજાની સ્થિતિ સુધારવા નિકાસ અને ખેતી ઉપર આધારિત સાંસ્થાનિક અર્થતંત્રને સ્થાને આત્મનિર્ભર અને સ્વતંત્ર અર્થતંત્ર ઊભું કરવા માટે, વિકાસ માળખું ઊભું કરવાનું અને ઉદ્યોગીકરણનો પાયો નાખવાનું ધ્યેય રાખવામાં આવ્યું. ઉદ્યોગીકરણને માટે પશ્ચિમી જૂથ અને રશિયા-તરફી જૂથ એમ બંને પ્રકારના દેશો પાસેથી વિદેશી સહાય મેળવવામાં આવી; વૉલ્ટા નદીના બંધની અને ટેમા બંદર જેવી વિશાળકાય યોજનાઓ પાર પાડવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા. ઉદ્યોગીકરણનો પ્રારંભ કરવાની જવાબદારી સરકારે પોતાને શિરે લીધી. દેશના કેટલાક નફાકારક ઉદ્યોગો પર ખાનગી ઈજારા કાબૂ ન ધરાવે તેમ જ તેઓ ખતરનાક હદે વિદેશી મૂડી ઉપર આધાર ન રાખે તેની જવાબદારી પણ રાજ્યની ગણાઈ. આમ 'ઘાનાની વિશિષ્ટ છાપવાળા સમાજવાદ'ની વાત આગળ ધરવામાં આવી. આ માટે જરૂરી બચત કરવાની જવાબદારી પ્રજાની જ હોઈ શકે એમ પણ કહેવામાં આવ્યું.

કમનસીબી એ હતી કે દેશના ઉદ્યોગીકરણની નીતિ ૧૯૬૨ના ફેબ્રુઆરીમાં જાહેર કરનાર ઉદ્યોગ મંત્રી ક્રોબ્રો એડૂસીને જ એપ્રિલમાં પદભ્રષ્ટ કરવામાં આવ્યો. તેનું ૧૯,૦૦૦થી ૩૦,૦૦૦ પાઉન્ડની કિંમતનું ગણાતું મકાન 'અશાન્ટી હાઉસ' જપ્ત કરવામાં આવ્યું. તેના પરનો મુખ્ય આરોપ એ હતો કે, લંડનમાં એની પત્નીએ ૩૦૦૦ પાઉન્ડની કિંમતે એક સોને મઢેલા પલંગની ખરીદી કરી હતી. આ પછી તરત પબ્લિક પ્રૉપર્ટી અને કરપ્ટ પ્રેક્ટિસ બિલ પસાર કરવામાં આવ્યું, તેમાં ગુનેગાર માટે પંદર વર્ષની કેદ અને સખત ઉત્પાદક શ્રમની જોગવાઈ કરવામાં આવી.

સી.પી.પી.એ નક્રુમાની સમાજવાદી અર્થતંત્ર રચવા માટેની દરખાસ્ત બહાલ રાખી (મે ૧૯૬૨). તે દરખાસ્તો 'પ્રોગ્રામ ફૉર વર્ક ઍન્ડ હેપિનેસ' (શ્રમ અને સુખ માટેના કાર્યક્રમ) નામક પુસ્તિકામાં સમાવી લેવાઈ. તેમાં બૅંકિંગ, વીમા કંપની અને ભારે રસાયણ ઉદ્યોગોમાં રાજ્ય તરફથી રોકાણ કરવાનું સ્વીકારવામાં આવ્યું હતું. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આપણા આર્થિક વિકાસનું મૂળભૂત ધ્યેય દેશને વિદેશી અંકુશ અને આધિપત્યમાંથી મુક્ત કરવાનું છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે રાજ્ય 'વ્યાપારના જથ્થાબંધ અને છૂટક ક્ષેત્રમાં ભાગ લે તે જરૂરી છે.' આ ધ્યેય અનુસાર

કેટલીક મોટી વિદેશી વ્યાપારી પેઢીઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આમ આર્થિક ક્ષેત્રે સમાજવાદનું ધ્યેય આગળ ધરીને વધુ ને વધુ સત્તા રાજ્યને હસ્તક લેવામાં આવી રહી હતી. દેશમાં આવતી વિદેશી સહાય પણ રાજ્ય હસ્તક જ હતી. સમાજવાદી વિચારસરણીને નામે બધી જવાબદારીઓ રાજ્ય હસ્તક આવી પડી હતી. તે પાર પાડવા માટેનાં પગલાં અંગે વિવિધ જૂથો તરફથી વિરોધ થતો હતો. પ્રમુખે પોતે જ 'પક્ષમાંના સમાજવાદી સભ્યો' અને 'પક્ષમાંના મૂડીવાદી સભ્યો' ઉપરની આક્ષેપબાજીને ઉત્તેજન આપ્યું હતું. અન્તે, પક્ષમાં ફૂટ પડી અને તેના ત્રણ અનુભવી પ્રધાનોને રાજીનામાં આપવાની ફરજ પડી. આ દરમ્યાન નક્રુમા પક્ષ અને રાજ્યનો સર્વેસર્વા બની ગયો હતો.

ઘાનામાં સત્તારૂઢ પક્ષનું વિરોધ પક્ષ સામેનું વલણ પ્રારંભથી જ બિનલોકશાહી રહ્યું હતું. એટલું જ નહીં ૧૯૬૦માં જે નવું બંધારણ ૯૦ ટકા બહુમતીથી અમલમાં લાવવામાં આવ્યું તેમાં આ વલણને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું. એકગૃહી ધારાસભામાંથી સક્રિય એવા પ્રમુખ પ્રધાન-મંડળને નીમે, પણ પ્રમુખ ધારાગૃહની બહાર. 'વિરોધ પક્ષ' શબ્દ રદ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષના ઘણા નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. આથી નવું બંધારણ અમલમાં આવ્યું ત્યારે વિરોધ પક્ષે એક અસરકારક બંધારણીય પરિબળ તરીકેનું સ્થાન ગુમાવી દીધું હતું. હકીકતમાં, એકપક્ષી રાજ્ય સ્થાપવામાં આવ્યું હતું. તેના બચાવમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે નવું બંધારણ 'આફ્રિકી વ્યક્તિત્વ'નું પ્રતિબિંબ પાડે છે. પક્ષમાં કામદારો, સહકારી મંડળો અને ખેડૂતોનાં સંગઠનો ઊભાં કરી તેમના ઉપર કાબૂ જમાવીને પક્ષની કારોબારીમાં સત્તા કેન્દ્રિત કરવામાં આવી હતી. ટૂંકમાં, પક્ષની અંદર પણ સત્તાનું એકહથ્થુ કેન્દ્રીકરણ થઈ ચૂક્યું હતું.

અંતે વિરોધ ગુપ્ત રોષમાં પરિણમ્યો અને ત્રાસવાદ અને ખુનામરકીના રાજકારણનો પ્રારંભ થયો. ૧૯૬૨ના ઑગસ્ટમાં નક્રુમાનો જાન લેવાનો સૌ પ્રથમ પ્રયાસ થયો. આ જ મહિનાના અન્ત-માં અટકાયતી ધારા હેઠળ વિદેશ પ્રધાન, માહિતી પ્રસારણ પ્રધાન અને સી.પી.પી.ના કાર્યવાહક મંત્રી-ની ધરપકડો કરવામાં આવી. આ ત્રણે ૧૯૫૭માં બળવો પોકારનાર 'ગા' જનજાતિના હતા અને તેમની ઉપર પ્રમુખના ખૂનના પ્રયાસનો વહેમ હોવાનું કહેવાતું હતું. જાણે કે આનો જવાબ ન આપવામાં આવતો હોય તેમ સપ્ટેમ્બરના આરંભમાં પાર્લમેન્ટે નક્રુમાને આજીવન પ્રમુખ બનાવવાનું બિલ પસાર કર્યું. જોકે પ્રમુખે એ ન સ્વીકાર્યું. ઘાનાને એકપક્ષીય રાજ્ય બનાવવાનું બિલ પસાર કરવામાં આવ્યું. ૨૦મી સપ્ટેમ્બર — પ્રમુખનો જન્મદિવસ ઊજવવા નીકળેલા મશાલ સરઘસમાં બૉમ્બ પડ્યા. ત્રણ માણસો મરાયા અને ૧૦૦ જેટલા ઘવાયા. પરિણામે આક્રામાં ઘેરઘેર ઝડતી લેવામાં આવી; કર્ફ્યુ દાખલ કરવામાં આવ્યો; અખબારો પર નિયંત્રણો દાખલ કરવામાં આવ્યાં.

નક્રુમાના ખૂનની પેરવી અંગે જેલમાં નાખેલ ત્રણ સાથીઓને જ્યારે અદાલતે નિર્દોષ ગણી છોડી મૂક્યા ત્યારે નક્રુમાએ વડા ન્યાયમૂર્તિને જ બરતરફ કર્યા. પાર્લમેન્ટે કાયદામાં સુધારો કરીને પ્રમુખને સર્વોચ્ચ અદાલતના નિર્ણયો રદબાતલ કરવાની સત્તા આપી! અને પ્રમુખે એ ત્રિપુટી ઉપર ફરીથી ખાસ અદાલતમાં કામ ચલાવડાવ્યું. ત્યાં તેમને દેહાંતદંડની સજા કરાઈ; અને પ્રમુખે ઉદાર બની તેમને જન્મટીપમાં ફેરવી! આ બન્યું તેના ચાર દિવસ અગાઉ વિરોધ પક્ષના નેતા યુ.જી.સી.સી.ના સ્થાપક ડૉ. ડંકાહનું કારાવાસ દરમ્યાન અવસાન થયાના સમાચાર આવ્યા હતા.

છેલ્લે, ૧૯૬૪ના જાન્યુઆરીમાં બંધારણમાં બે સુધારાઓ ઉપર લોકમત લેવામાં આવ્યો. એક સુધારાથી પ્રમુખ પોતાને વાજબી લાગે તે કારણસર કોઈ પણ સમયે વડી અદાલતના ન્યાયમૂર્તિઓને બરતરફ કરી શકે એવો અધિકાર આપવામાં આવ્યો. બીજા સુધારાથી એવી જોગવાઈ કરવામાં આવી કે 'ઘાનામાં એક જ રાષ્ટ્રીય પક્ષ હશે અને તે હશે કન્વેન્શન પીપલ્સ પાર્ટી'. આ બંને સુધારાની તરફેણમાં ૨૭,૭૩,૦૦૦ મત મળ્યા —વિરોધમાં માત્ર ૨,૪૫૨ !

આમ, નક્રુમા પાકે પાયે સત્તારૂઢ હતો ત્યારે, ૧૯૬૬ની ૨૪મી ફેબ્રુઆરીએ કર્નલ કોટાકાએ જાહેર કર્યું કે પોલીસ અને લશ્કરે સત્તાનાં સૂત્રો સંભાળી લીધાં છે, બંધારણ રદ કરવામાં આવ્યું છે, પ્રમુખ નક્રુમાને બરતરફ કરવામાં આવ્યા છે (પ્રમુખ તે વખતે પેકિંગની મુલાકાતે ગયેલા હતા). સી.પી.પી. પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને તેના આગેવાનોને પકડી લેવામાં આવ્યા. લશ્કરી અમલદારો અને પોલીસ અફસરોની 'નૅશનલ લિબરેશન કાઉન્સિલ'(એન.એલ.સી.)ની રચના કરવામાં આવી. લૅફ્ટનન્ટ જનરલ અંક્રાહને ચૅરમૅન અને રાજ્યનો વડો બનાવવામાં આવ્યો અને પોલીસ કમિશનર જે. ડબ્લ્યુ. કે. હાર્તેને ઉપપ્રમુખ બનાવાયો. નાગરિકો, વ્યવસાયીઓ અને સી.પી.પી. વિરોધી માણસોની વિવિધ સલાહકાર સમિતિઓ રચવામાં આવી. વધારામાં સી.પી.પી.ના શાસનકાળ દરમ્યાન સરકારના તથા પક્ષના અગ્રણી સભ્યોની કાર્યવાહીની તપાસ કરવા માટે તપાસ પંચોની નિમણૂક કરવામાં આવી. આ પછી આ નૅશનલ લિબરેશન કાઉન્સિલને જ ઉથલાવવાનો પ્રયાસ કરનાર ત્રણ જુનિયર લશ્કરી અમલદારોને જાહેરમાં દેહાંતદંડ દેવામાં આવ્યો (એપ્રિલ ૧૯૬૭).

૧૯૬૭માં લોકશાહી બંધારણ ઘડવા માટે એક ખાસ પંચ નીમવામાં આવ્યું. આ પંચે સૂચવ્યા મુજબના બંધારણમાં રાષ્ટ્રીય ધારાસભા, બિન-કારોબારી પ્રમુખ અને સ્વતંત્ર ન્યાયતંત્રની જોગવાઈ હતી. ૧૯૬૯ના જૂનમાં લોકશાહીયુક્ત રાજકારણ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો ત્યારે જે ચૂંટણી થઈ તેમાં ૫૬ વર્ષના સમાજશાસ્ત્રી ડૉ. બુશિયાની આગેવાની હેઠળની પ્રોગ્રેસિવ પાર્ટી ૧૪૦માંથી ૧૦૫ બેઠકો જીતી ગઈ. પાર્લમેન્ટમાં સત્તા પ્રાપ્ત કરી. ૧૯૫૯ સુધી વિરોધ પક્ષની કામગીરી બજાવી, ત્યાર બાદ સાત વર્ષનો દેશવટો ભોગવી ચૂકેલા ડૉ. બુશિયા હવે ઘાનાના વડા પ્રધાન બન્યા. આમ, ૧૯૬૯ની ૩૦મી સપ્ટેમ્બરે લશ્કર-પોલીસ રાજ્યનો અંત આવ્યો અને નાગરિક શાસનની પુનઃસ્થાપના થઈ.

પરંતુ ડૉ. બુશિયાને મળેલા ઘાનાને માથે વિદેશી દેવાનો એટલો બોજ હતો કે વિદેશી ચલણની કમાણીના પચીસ ટકા તો દેવું ચૂકવવામાં જતા હતા. તિજોરી ખાલી હતી. ઘાનાની મુખ્ય નિકાસ કોકોનો ભાવ ૧૯૫૭માં ૨૪૭ પાઉન્ડ હતો તે ૧૯૬૫માં ૧૦૦ પાઉન્ડ થઈ ગયો. તેથી તેની વિદેશી ચલણની કમાણીમાં ૫૦ ટકાનો ઘટાડો થયો હતો. દેશના શ્રમદળના ચોવીસ લાખમાંથી છ લાખ જેટલા લોકો બેકાર હતા. લાંચરુશવતનો તો વ્યાપક મુકાબલો કરવાનો હતો જ. અને આટલા બધા વિપરીત પ્રશ્નોનો ઉકેલ ડૉ. બુશિયાએ લોકશાહી માર્ગે લાવવાનો હતો. નક્રુમાની સરમુખત્યારશાહીમાંથી પેદા થયેલાં દૂષણોનો લોકશાહી માર્ગે અન્ત આણવાનો હતો.

પદભ્રષ્ટ થઈને પડોશી રાષ્ટ્ર ગીનીમાં દેશવટો ભોગવી રહેલા ડૉ. નક્રુમા ગમે ત્યારે પાછા ફરશે અને સત્તા કબજે કરશે એવો ભય ડૉ. બુશિયા અને લશ્કરી આગેવાનોને સતત સતાવ્યા કરતો હતો. આર્થિક પરિસ્થિતિ પણ વિપરીત હતી જ. આથી જ્યારે કામદારોની સભામાં પીપલ્સ

પ્રોગ્રેસિવ પાર્ટીએ નક્રુમાના બે હજાર જેટલા ફોટા વહેંચ્યા અને વિદ્યાર્થી મંડળની નૅશનલ કાઉન્સિલે નક્રુમાને માફી આપી દેશમાં પાછા ફરવા દેવા જોઈએ એ મતલબનો ઠરાવ કર્યો ત્યારે ડૉ. બુશિયાએ નક્રુમાને પાછા લાવવાનો પ્રચાર કરવા સામે તેમ જ નક્રુમાવાદના પુરસ્કાર માટે પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરતો કાયદો બહુમતીના જોરે પસાર કરવાનું એક ભૂલભરેલું પગલું ભર્યું. જે સરમુખત્યારશાહી વલણોનો પોતે વિરોધ કરતો હતો તેના જેવાં જ વલણો ધરાવતું પગલું ભરી તેણે લોકશાહીના પુરસ્કર્તા તરીકેની પોતાની છાપ નબળી બનાવી. અધૂરામાં પૂરું તેણે દક્ષિણ આફ્રિકાના ગોરા શાસન સામે જેહાદમાં જોડાવાનું ચાલુ રાખવાને બદલે તેની સાથે 'સંવાદ' કરવાની હિમાયત કરી, પ્રિટોરિયા જવાની પણ તૈયારી બતાવી, એ તેની બીજી મોટી ભૂલ હતી. આ ઉપરાંત આર્થિક ક્ષેત્રે તેણે ભરેલાં પગલાં પણ તેની વિરુદ્ધમાં ગયાં. તેણે કરેલા ઘાનાના ચલણના ૪૮·૮ ટકા જેટલા અવમૂલ્યને રાષ્ટ્રીય ગૌરવને હતપ્રભ કર્યું. વળી, ભાવવધારાને પહોંચી વળવા સરકારી નોકરોના પગારમાં ઘટાડો કરાયો અને ભથ્થાં પણ સ્થગિત કરવામાં આવ્યાં, એટલે વહીવટી તંત્ર પણ ડૉ. બુશિયાનું વિરોધી બન્યું. યુનિવર્સિટીમાં ભણનારાઓ માટે ફી દાખલ કરાતાં વિદ્યાર્થીઓ પણ કોપ્યા. મહત્ત્વાકાંક્ષી માણસોના બનેલા લશ્કરને એમ લાગ્યું કે પોતાની અગત્ય ઘટી રહી છે. વળી લાંચરુશવત, ભ્રષ્ટાચાર અને મિલકત જમાવવાના પરંપરાગત આક્ષેપો પણ થયા. કામદારોના પગાર સ્થગિત કરી તેમના સંગઠન ટ્રેડ યુનિયન કૉંગ્રેસને પણ બરખાસ્ત કરાતાં બુશિયાની અપ્રિયતા વધી. તેથી જ્યારે એ આંખની સારવાર માટે લંડન ગયા હતા ત્યારે લશ્કરે બળવો કરીને તેમને પદભ્રષ્ટ કર્યા. કર્નલ આચમપૉંગે સત્તાનાં સૂત્રો સંભાળી લીધાં. એક વાર સમાજવાદી સર્વસત્તાધીશના હાથમાંથી, તો બીજી વાર લોકશાહી આગેવાનોના હાથમાંથી લશ્કરે સત્તા સંભાળી લીધી. ઘાના ફરી વાર લશ્કરી શાસન હેઠળ જતું રહ્યું.

ઘાનાને શાન્તિમય અને બંધારણીય માર્ગે સ્વાધીનતા પ્રાપ્ત થઈ હતી; ઉપરાંત, બ્રિટિશરોના લાંબા શાસનને કારણે લોકશાહી રીતરસમો અને સંસ્થાઓનો પણ વિકાસ થયો હતો. એટલે લોકશાહી માર્ગે રાષ્ટ્ર-ઘડતરનું અને આર્થિક વિકાસનું કાર્ય ચાલી શકે તેવી પૂરી સંભાવના હતી. નક્રુમા જેવી આકર્ષક અને પ્રેરક આગેવાની પણ હતી. છતાં ચૂંટણી, ધારાસભા, લોકમત અને અદાલતો રૂપી સંસ્થાઓનું માત્ર ખોખું રહ્યું અને અસંમતિ, વિવાદ તથા લોકમતની કેળવણી દ્વારા સત્તાપલટા લગીની મોકળાશ બક્ષતું લોકશાહીનું પ્રાણતત્ત્વ નષ્ટપ્રાય બની રહ્યું. આફ્રિકાની ક્રાન્તિ આગળ વધારવામાં, તે માટે વિશ્વમત કેળવવામાં ઘાનાનાં સાધન અને સંપત્તિ ભરપટ્ટે વપરાયાં. પરંતુ સાથોસાથ ઘરઆંગણાની સ્વતંત્રતા વધુ ને વધુ પ્રમાણમાં લોપ થતી ગઈ.

આઝાદી મેળવી આપનાર એક રાષ્ટ્રનાયક તરીકે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ સક્રિય કામગીરી બજાવનાર અને સર્વ-આફ્રિકાવાદનો નાદ ગુંજતો કરનાર એક ચતુર રાજપુરુષ તરીકે, સમાજવાદનો ખ્યાલ આગળ વધારનાર એક તારણહાર તરીકે નક્રુમાને પ્રજા તરફથી ભરપૂર પ્રેમ અને આદર મળ્યાં. તેણે પ્રજા પાસેથી જે કંઈ સત્તા, સુધારા અને અધિકારો માગ્યા તે બધું જ પ્રજાએ આપ્યું. પરંતુ તેણે તે બધાંનો ઉપયોગ રાષ્ટ્ર-ઘડતરમાં કરવાને બદલે પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠા અને તેમાંય આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા વધારવામાં જ કર્યો. તેણે ઊભો કરેલો પક્ષ એ વિવિધ હિતજૂથોના સમુચ્ચય જેવો હોઈને તેણે એક સમાધાનકાર તરીકે કામગીરી બજાવ્યા કરી. પરંતુ પક્ષમાં સમાજવાદને

વરેલા નિષ્ઠાવાન કાર્યકરોના અભાવને કારણે અને પ્રજાને પણ સમાજવાદનાં મૂલ્યો પ્રત્યે અભિમુખ ન કરવાને કારણે સમાજવાદનું સૂત્ર સત્તાના કેન્દ્રીકરણનું અને ઈજારાશાહી ઊભી કરવાનું સાધન માત્ર બની રહ્યું. રાષ્ટ્રનિર્માણના પ્રશ્નો અવગણવામાં આવ્યા. વાસ્તવિકતા એટલી હદ સુધી વણસી કે આદર્શોનો જુસ્સો ટકી શકયો નહીં. નક્રુમા પાસેથી લશ્કરને સત્તા હસ્તગત કરતાં વાર ન લાગી. ડૉ. બુશિયાને શિરે જ્યારે લોકશાહીને સાકાર કરવાની જવાબદારી આવી ત્યારે, આર્થિક પરિસ્થિતિ એટલી હદે કથળેલી હતી કે તેઓ તેને પહોંચી વળી શકયા નહીં. સત્તાનો સ્વાદ ચાખી ગયેલ લશ્કરે વળી પાછી સત્તા હાથ કરી લીધી. આમ, રાજ્ય અને સમાજના અસ્તિત્વ માટે જરૂરી એવી નરી નગ્ન સત્તાશાહી રહી; પરંતુ લોકશાહી અને સમાજવાદના આદર્શો હોમાઈ ગયા. પ્રજાની સામેલગીરી અને પ્રજાનું ઘડતર જ આદર્શોને મૂર્તિમંત બનાવી શકે છે. અને માત્ર સત્તા એ કામ કરી શકતી નથી, આવો બોધપાઠ ઘાના પણ પૂરો પાડે છે. સત્તાપ્રાપ્તિ એ પ્રજા-ઘડતરનો વિકલ્પ નથી, ઇતિ પણ નથી.



ડાબેથી : ફરહાત અબ્બાસ, નક્રુમા, રાજા મહમ્મદ, નાસર, સેકુ તોરે,

આફ્રિકી નેતૃત્વ

નક્રુમા (ઘાના)

જોમો કેન્યાટા (કેન્યા)

જનરલ ઓગુકુ (નાઇજીરિયા)

← કેનેથ કૉંડા (ઝામ્બિયા)

ન્યેરેરે (ટાંગાનિકા) →

ડૉ. બુશિયા (ઘાના)

પેટ્રિસ લુમુમ્બા (કૉંગો)

કર્નલ મોબુટુ (કૉંગો)

ઉત્તર આફ્રિકી રાજ્યોની તરાહ

ઈશાનમાં આવેલા ઇથિયોપિયામાં સમ્રાટ હેલ સેલાસીની રૂઢિચુસ્ત રાજાશાહીનું શાસન છે. ત્યાંની સરકારમાં પણ મજબૂત પ્રણાલિકાગત તત્ત્વો દેખા દે છે. આમ છતાં દેશને અદ્યતનતાને માર્ગે લઈ જવાના પ્રયાસો થઈ રહ્યા છે. સત્તાપલટાના અનેક પ્રયાસો છતાં ત્યાં સમ્રાટનું આધિપત્ય ટકી રહ્યું છે. હવે આ રાષ્ટ્રને સામંતશાહી રાષ્ટ્ર તો કહી શકાય એમ નથી જ. બીજા સ્વાધીન રહી શકેલા રાષ્ટ્ર લાઇબેરિયાની સ્થાપના આફ્રિકાના નિગ્રો લોકોએ અમેરિકાની રબર કંપનીઓનાં નાણાંની સહાયથી કરેલી. વળી અમેરિકાથી આવેલા નિગ્રો લોકોએ રબરની પેદાશ પર આધારિત અર્થતંત્ર પણ વિકસાવેલું. તેમણે આફ્રિકાની સ્થાનિક જનજાતિઓના શ્રમનો પણ ઉપયોગ કરેલો. પરંતુ લાઇબેરિયા હવે કાળા વસાહતીઓની લઘુમતીનું રાજ્ય રહ્યું નથી. ત્યાં પણ પ્રમુખ ટબમૅનની આગેવાની હેઠળ, સત્તાની સમતુલા દેશની અંદરના ભાગમાં વસતી જનજાતિઓની તરફેણમાં નમાવવાના પ્રયાસો શરૂ થઈ ચૂકેલા છે.

ફ્રેન્ચ સંસ્થાન ટ્યુનિસિયાને કોઈ મોટી ઊથલપાથલ વિના સ્વાધીનતા મળી છે, પરંતુ ત્યાંનું અર્થતંત્ર કોઈ ચોક્કસ દિશા પકડી શક્યું નથી. તેની રાષ્ટ્રીય આર્થિક યોજના પણ, ખાનગી કંપનીઓનાં કારખાનાંઓના વિકાસની યોજનાઓ માટે નાણાકીય સાધનરૂપ બની રહી છે. બીજી તરફ બીજા ફ્રેન્ચ સંસ્થાન મોરોક્કોમાં વામપક્ષી વિદેશનીતિ અપનાવવા છતાં આંતરિક ક્ષેત્રે સ્થગિતતા પ્રવર્તે છે. ત્યાંની જમીનમાલિકીમાં કોઈ મૂળભૂત ફેરફારો કરવામાં નથી આવ્યા. ફ્રાન્સમાંથી આવતી મૂડીનો પ્રવાહ ઓછો થઈ ગયો છે, પરંતુ તેનું સ્થાન ઘરઆંગણાના વ્યાપારીઓ કે ઉદ્યોગપતિઓ લઈ શકયા નથી. આ દેશે તેની ક્રાન્તિની પરિપૂર્તિ માટે હજુ ઘણો લાંબો માર્ગ કાપવાનો છે. (આ બે દેશની સરખામણીમાં ફ્રેન્ચ લોકોના ત્રીજા આરબ સંસ્થાન અલ્જીરિયામાં થયેલી ક્રાન્તિ વિશે અગાઉ સ્વતંત્ર પ્રકરણ આપેલું જ છે.)

સહરાની દક્ષિણે આવેલાં આફ્રિકન રાજ્યોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : દિશાવિહોણાં રાષ્ટ્રો, પ્રતિબદ્ધ રાષ્ટ્રો અને હજુ સ્વાધીનતાવિહોણાં રાષ્ટ્રો.

દિશાવિહોણાં રાષ્ટ્રો : આ રાષ્ટ્રો બહારથી સ્થિરતા ધરાવતાં દેખાય છે, પરંતુ તેમના ભીતરમાં રાજકીય અને આર્થિક વિષમતા પેદા થઈ રહી છે. તેઓ કોઈ નિશ્ચિત દીર્ઘકાલીન ધ્યેય સાથે આગળ વધી રહ્યાં છે કે કેમ તે શંકાસ્પદ છે. દા. ત., મૂળ ફ્રેન્ચ લોકોનું સંસ્થાન આઇવરી કોસ્ટ એવો એક દેશ છે. ત્યાં બહાર દેખાતી સમૃદ્ધિની પાછળ સામાજિક સ્થગિતતા ખદબદી રહેલી છે. આફ્રિકી બગીચામાલિકો આફ્રિકી શ્રમિકોનું ભારે શોષણ કરી રહ્યા છે. તેમનું અર્થતંત્ર ફ્રાન્સના બજાર ઉપર ભારે અવલંબન રાખે છે. આથી પરિસ્થિતિને યથાવત્ રાખવાના વ્યર્થ પ્રયાસો થયા કર્યા છે.

આવો જ બીજો દેશ છે નાઇજીરિયા. ફળદ્રુપ જમીન, વિશાળ ખનિજસંપત્તિ, પરંપરાગત ડહાપણ અને સમૃદ્ધ ઇતિહાસ ધરાવતો આ દેશ સૌથી વધુ વસ્તી પણ નભાવે છે. ત્યાં અનેક જનજાતિઓ છે અને છતાં તેનું સમવાયતંત્ર અસ્તિત્વમાં આવ્યું એ જ મોટી સિદ્ધિ છે. ૧૯૫૦ પછીનાં વર્ષોમાં આફ્રિકી આગેવાન નામદી ઓઝીકીવેએ જે પુરુષાર્થ કર્યા તેનાથી ત્યાં રાષ્ટ્રવાદ વિકાસ પામ્યો અને કોઈ પણ પ્રકારની વિચારસરણીમાં સંડોવાતા પહેલાં તેને સ્વાધીનતા મળી.

ત્યાંની સરકાર પ્રણાલિકાગત અને રૂઢિચુસ્ત પરિબળોના હાથમાં ગઈ. તેણે સંસદીય લોકશાહી સ્વીકારી છે, છતાં તેનું સામાજિક માળખું બદલાયું નથી. ૧૯૬૩થી ત્યાં અનિશ્ચિતતાનું વાતાવરણ ફેલાયેલું છે. જાહેર બાબતોમાં ગંભીર પ્રકારની અવ્યવસ્થા પ્રવર્તે છે અને દેશનું સામાજિક અને નૈતિક અધ:પતન થયેલું છે. આથી દેશે ગુમાવેલી દિશાસૂઝને કારણે વિઘટનકારી પરિબળો સક્રિય બન્યાં અને તેનો એક ઘટક બાયફ્રા સમવાયમાંથી છૂટો પણ પડી ગયો. ત્યાર બાદ તેને પુન: સમવાયમાં લાવવા થયેલું ભીષણ દમન, તે વિસ્તારને નંખાયેલો લશ્કરી ઘેરો અને તેમાંથી સર્જાયેલો વ્યાપક માનવસર્જિત ભૂખમરો — એ બધાંએ ભારે કરુણતા સર્જી છે. ત્યાં આર્થિક વિકાસ માટે સંખ્યાબંધ રાજ્યસંચાલિત સંસ્થાઓ ઊભી થયેલી છે. પરંતુ આ સંસ્થાઓ દ્વારા ખાનગી સાહસને વિકાસ કરવા માટે ઉત્તેજન આપવું કે જાહેર માલિકીનો વિસ્તાર કરતા જવું તે વિશે કોઈ ચોક્કસ નીતિ અપનાવાઈ નથી. ત્યાં જે મધ્યમ વર્ગ ઊભો થયો છે તે પરિવર્તનની જવાબદારી ઉપાડી લઈને દેશને આગળ લઈ જાય તેવાં ચિહ્નો પણ નજરે ચડતાં નથી. ઊલટું તે તો પશ્ચિમી જીવનપ્રણાલી-નો ભોગ બનીને તેનો એજન્ટ બની ગયો છે. તે પોતાનું જ હિત સાધવામાં તલ્લીન બન્યો છે. આ વર્ગે બલિદાનની ભાવના અને સેવાવૃત્તિના વાતાવરણને તોડી નાખીને વ્યક્તિગત સ્વાર્થ અને અંગત કારકિર્દીનો મહિમા વધારી મૂક્યો છે. આમ, મધ્યમવર્ગના વિકાસ દ્વારા કલ્યાણ રાજ્ય સ્થાપવાની ઇચ્છા કેટલે અંશે સફળ થશે એ કહેવું મુશ્કેલ છે.

આફ્રિકાને પૂર્વ કિનારે આવેલા યુગાન્ડામાં પણ મિલ્ટન ઓબોટેની આગેવાની હેઠળ આવા જ પ્રયાસો થઈ રહ્યા છે. સરકાર ત્યાંના પરંપરાગત વડાઓ ઉપર કાબૂ રાખી શકી છે. અહીંના ખેડૂતો પણ ભારે મહેનતુ છે. રાજ્યના પ્રયાસો દ્વારા શિક્ષણ અને આરોગ્ય જેવી સેવાઓ પણ વધારાઈ રહી છે. કેટલાક ઉદ્યોગો પણ પ્રારંભાયા છે. આમ છતાં કેવો સમાજ રચવો છે તે વિશેનું કોઈ સ્પષ્ટ ચિત્ર તેમની પાસે હોય તેવું જણાતું નથી.

પ્રતિબદ્ધ દેશો : આફ્રિકાના કેટલાક દેશો પોતાને વારસામાં મળેલા માળખા કરતાં મૂળભૂત રીતે તદ્દન જુદું એવું માળખું સર્જીને સમાજવાદ તરફ આગળ વધવા માગે છે. એક તરફ રાજ્ય-મૂડીવાદનો ઉપયોગ કરીને તેઓ સહકારી ક્ષેત્ર વિકસાવવા માગે છે, તો બીજી તરફ સમાજમાં નવેસરથી વ્યાપક ધોરણે રાજ્યને દૃઢ કરવા ચાહે છે. તેઓ વિકાસ દ્વારા કોઈ માનીતા એવા મધ્યમવર્ગનું સર્જન કરવા માગતા નથી, પરંતુ આર્થિક લોકશાહી સ્થાપવા માટે થઈને જનતાને વિકાસકાર્યમાં સક્રિયપણે સામેલ કરવા માગે છે. ઘાનામાં નક્રુમાએ તથા ન્યાસાલૅન્ડમાં ચિસીઝાએ આ જ દિશામાં પ્રયાસો આદર્યા છે. ટાંગાનિકાના ન્યેરેરેએ પણ એક-પક્ષનું રાજ્ય સ્થાપીને, દેશની રાજકીય એકતાનો લાભ લઈને સમાજવાદનું ધ્યેય સિદ્ધ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

પશ્ચિમ આફ્રિકાના ગીની અને માલીમાં પણ આવું જ વાતાવરણ ફેલાયેલું છે. તેમની એવી શ્રદ્ધા છે કે સમાજવાદને માર્ગે જ, ખૂબ ટૂંકા સમયમાં લોકોને વધુ સારું જીવન બક્ષી શકાશે. પરંતુ જ્યાં સુધી ખેતીમાં ક્રાન્તિ ન થાય અને પાયાનું ઉદ્યોગીકરણ ન થાય ત્યાં સુધી સમાજ-વાદની તેમ જ સામાજિક તથા આર્થિક પુનર્નિર્માણની વાતો ખાલી ખોખાં જેવી છે (ઘાના અંગે તો આપણે એક સ્વતંત્ર પ્રકરણમાં વિગતવાર વિચારણા કરી ગયા છીએ જ).

૧૯૫૮માં ગીનીને સ્વાધીનતા મળી ત્યારે ત્યાં ગંભીર ગ્રામ ગરીબી હતી. વધારામાં તેના શાસક દેશ ફ્રાન્સ સાથેના સંબંધો પૂરેપૂરા કપાઈ ગયા હતા. આ વિપરીત સંજોગોનો દેશે સેકુ

તોરેની આગેવાની હેઠળ લાભ લીધો અને અનેક ઉદ્દામ પગલાં ભર્યાં. તેણે ઘાના અને સોવિયેત યુનિયન સાથે સંબંધો સ્થાપ્યા. તેણે લીધેલાં સમાજવાદી પગલાં ઘણાં દૃઢ હતાં; છતાં વધારે પડતી ઝડપ કરવાને કારણે, આર્થિક તેમ જ માનવીય સાધનો અનેક ક્ષેત્રોમાં વહેંચાઈ જવાને કારણે, તેને મુશ્કેલીઓ અનુભવવી પડી. ગીનીએ ઉદ્યોગોમાં જાહેર ક્ષેત્રનું આધિપત્ય સ્વીકાર્યું છે અને સાથોસાથ સહકારી ક્ષેત્રમાં સહકારી મંડળીઓને ઉત્તેજન આપ્યું છે.

માલીને પણ આઝાદી મળી ત્યારે તમામ અસરકારક લોકમત રાષ્ટ્રવાદી આંદોલનની તરફેણમાં હતો. તેના આગેવાન કીટાને ખાતરી છે કે મુક્ત સાહસનો માર્ગ પોતાના દેશ માટે ગરીબીનો અને આર્થિક રીતે ઊતરતાપણાનો માર્ગ છે. આથી તે સમાજવાદ અને તટસ્થતાવાદનો હિમાયતી રહ્યો છે. તેણે ફ્રાન્સ, પશ્ચિમ યુરોપ તેમ જ પૂર્વ યુરોપ એમ બધાં પાસેથી આર્થિક સહાય મેળવી છે. તેણે જાહેર સેવાઓમાં રાજ્ય મૂડીવાદનો પાયો સ્વીકાર્યો છે, ખેતીમાં રાજ્યના ટેકાથી સહકારી મંડળીઓ વિકસાવી છે, શાખ અને વિદેશ વ્યાપારનું રાષ્ટ્રીયકરણ કર્યું છે. આમ આવાં સંખ્યાબંધ રાષ્ટ્રો રાજ્યક્રાન્તિ બાદ ચોક્કસ સમાજવાદી સમાજરચનાને સાકાર કરવા આર્થિક ક્રાન્તિની દિશામાં એક પછી એક પગલાંઓ ભરી રહ્યાં છે.

સ્વાધીનતાવિહોણાં રાષ્ટ્રો : ૧૯૬૩ના મેમાં એડીસઅબાબા ખાતે આફ્રિકન દેશોના વડાઓની જે શિખર પરિષદ મળી હતી તેણે જાહેર કર્યું હતું કે આફ્રિકા ખંડ ઉપરનાં અને મધ્યનાં મુક્ત રાષ્ટ્રો અને દક્ષિણનાં સાંસ્થાનિક રાષ્ટ્રો વચ્ચે વહેંચાયેલો છે. આ દક્ષિણ પ્રદેશ એટલે, પ્રથમ તો, પોર્ટુગીઝોનાં સંસ્થાનો મોઝામ્બિક અને અંગોલા. ત્યાંની પોર્ટુગીઝ સરકાર ઠેઠ ૧૯૬૧થી પ્રજાકીય જાગૃતિના જુવાળને હત્યાકાંડ અને બૉમ્બમારાથી દાબી દેવા પ્રયાસ કરી રહી છે. ૧૯૬૮માં નિવૃત્ત થયેલા પોર્ટુગીઝ સરમુખત્યાર સાલાઝારની સરકારે, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ રોડિશિયાની સરકારો સાથે મળીને પોતાનું લઘુમતી શાસન ટકાવવા પ્રવૃત્તિ કરી હતી. આ સમજૂતીને આફ્રિકન દેશો 'અપવિત્ર જોડાણ' તરીકે વર્ણવે છે. સાંસ્થાનિક સત્તાઓ અહીં ગોરી લઘુમતીનું આધિપત્ય ટકાવી રાખવા માગે છે. આ સરકારો પોતાની જરૂરિયાતો કરતાં અનેકગણું વધારે લશ્કરી બળ ઊભું કરી રહી છે. આંતરિક સલામતીના બહાના હેઠળ આક્રમક શસ્ત્રો ભેગાં કરી રહી છે. ગોરી વસ્તીને મોટા પાયા પર લશ્કરી તાલીમ અપાઈ રહી છે. સ્ત્રીઓને પિસ્તોલ ચલાવવાની તાલીમ આપતા વર્ગો યોજાઈ રહ્યા છે. ભડકાવનારો પ્રચાર પણ ચારે કોર ચાલી રહ્યો છે. દક્ષિણ આફ્રિકાની સરકારે તો પરમાણુ શસ્ત્રો મેળવવા માટેની ઇચ્છા પણ વ્યક્ત કરી છે. દક્ષિણ છેડે આવેલાં આ સંસ્થાનો સજ્જ થઈ રહ્યાં છે. બીજી તરફ સ્વાધીન આફ્રિકી રાષ્ટ્રો પણ અધીરાઈ અને ઉગ્રતાની લાગણી અનુભવી રહ્યાં છે. આ દેશોની કાળી આફ્રિકી પ્રજાને બિનશરતી રાષ્ટ્રીય સ્વાધીનતા મળે અને લઘુમતીનું શાસન સ્થપાય તે માટે તેઓ સૌ પ્રતિજ્ઞાબદ્ધ છે.

આમ, આફ્રિકા ખંડ માટેની તેની ખંડીય સ્વાધીનતા માટેની ક્રાન્તિનો છેલ્લો અધ્યાય હજુ લખાવાનો બાકી છે. આ ક્રાન્તિ કેટલી હિંસક હશે અથવા તો તેમાં કેટલું લોહી રેડાશે તેનો આધાર વિશ્વની મહાસત્તાઓ આ પ્રશ્ન વિશે કેવું વલણ લે છે તેના ઉપર, તેમ જ તેઓ રંગદ્વેષના પૂર્વગ્રહથી કેટલા ઊંચે ઊઠી શકે છે, તેના ઉપર રહેલો છે.


ANTI-IMPERIALIST UNITED AFRICA.

૧૯ : આફ્રિકી ક્રાન્તિ—દિશાઓ, સ્વરૂપો

ઇજિપ્તને મધ્યપૂર્વમાં ગણી લઈએ તો ઇથિયોપિયા અને લાઇબેરિયા સિવાયનાં તમામ આફ્રિકી રાષ્ટ્રો યુરોપીય સત્તાઓના આધિપત્ય હેઠળ આવ્યાં. આફ્રિકા ખંડ ઉપરનું ૧૮૮૫માં પરિપૂર્ણ બનેલું વિદેશી શાસન બીજા વિશ્વયુદ્ધ બાદ ઠેઠ ૧૯૫૦ સુધી ચાલ્યું. ત્યાર બાદ રાજકીય સ્વાધીનતા માટેની ક્રાન્તિનો પ્રારંભ થયો અને અત્યારે તો લગભગ સમસ્ત આફ્રિકા સ્વાધીન બની ચૂકયું છે. આફ્રિકી ક્રાન્તિનાં કેટલાંક વિશિષ્ટ સ્વરૂપો આપણે આગળ જોયાં. આમ છતાં હજુ આજે પણ આફ્રિકા ખંડને દક્ષિણ છેડે આવેલાં ચારેક રાજ્યો રાજકીય સ્વાધીનતા પામ્યાં નથી. દક્ષિણ આફ્રિકામાં ગોરી લઘુમતીએ વિશાળ કાળી બહુમતી ઉપર હિટલરશાહી શાસન સ્થાપ્યું છે. એ જ દક્ષિણ આફ્રિકાનું લઘુમતી શાસન તેને રક્ષિત પ્રદેશ તરીકે મળેલ નૈર્ઋત્ય આફ્રિકા ઉપરથી પોતાનું આધિપત્ય છોડવા તૈયાર નથી. પૂર્વ કિનારે આવેલા દક્ષિણ રોડિશિયામાં પણ ગોરી લઘુમતીએ પોતાનું સ્વાયત્ત રાજ્ય સ્થાપ્યું છે. આ જ પ્રદેશને અડીને આવેલાં પોર્ટુગીઝ શાસન હેઠળના બે વિસ્તારો અંગોલા અને મોઝામ્બિકને હજુ રાજકીય સ્વાધીનતા પણ પ્રાપ્ત થઈ નથી. સમસ્ત ખંડ આઝાદ થઈ ચૂકયો છે ત્યારે, દક્ષિણ છેડે આવેલાં આ ચાર રાજ્યો પરસ્પર સંતલસ કરીને, ગોરી લઘુમતીનું શાસન ટકાવી રાખવાને કટિબદ્ધ થયાં છે. આ ચારે પ્રદેશોમાં ગુલામીમાં સબડતી કાળી આફ્રિકી લઘુમતી, રાજકીય અધિકારો, સમાન મતાધિકાર અને બહુમતીના શાસનના સિદ્ધાંતને મૂર્તિમંત કરવા ઝંખી રહી છે. આફ્રિકાનાં સ્વાધીન થયેલાં રાષ્ટ્રો આ ગોરી લઘુમતીના શાસનને દૂર કરવા માટેના શાંતિમય ઉપાયો અને માર્ગોમાંથી ઝડપભેર પોતાની શ્રદ્ધા ગુમાવી રહ્યાં છે. યુનો દ્વારા, દક્ષિણ રોડિશિયાની ગોરી લઘુમતીની સાન ઠેકાણે લાવવા આર્થિક નાકાબંધી કરવાના પ્રયાસો સફળ થયા નથી. યુનોમાં થયેલી ચર્ચા, નિમાયેલા પંચોના હેવાલો અને ઠપકા તેમ જ તિરસ્કારના સંખ્યાબંધ ઠરાવોની ત્યાંની દમનકારી સત્તા ઉપર કોઈ અસર થઈ નથી. ઊલટું, આ દક્ષિણવર્તી રાજ્યો પોતાના જુલમી શાસનને ટકાવી રાખવા માટે આખરી મુકાબલા માટે શસ્ત્રસજ્જ થઈ રહ્યાં છે. સ્વાધીન રાષ્ટ્રોની સરકારો અને ગોરી લઘુમતીના શાસનવાળાં ચાર રાજ્યો વચ્ચેની ટકરામણની ઘડીઓ વધુ ને વધુ નજીક આવી રહી છે. કેટલાક અભ્યાસીઓ તો એમ પણ માને છે કે આફ્રિકાની વસાહતી ગોરી પ્રજા અને મૂળ નિવાસી કાળી પ્રજા વચ્ચેનું યુદ્ધ અહીં જ શરૂ થવાનું છે. બીજા કેટલાક અભ્યાસીઓ અહીં ત્રીજા વિશ્વયુદ્ધની ચિનગારી પડેલી પણ જુએ છે. અત્યાર સુધી સાંસ્થાનિક શાસનના શીતાગારમાં પડી રહેલો આફ્રિકા ખંડ વૈશ્વિક હોનારતની જ્વાળાઓ પ્રગટાવી શકે તેમ પણ છે.

આ ચાર વિસ્તારની ગોરી પ્રજાઓ પોતાની ગુરુતાગ્રંથિ છોડી દે અને આફ્રિકી તેમ જ એશિયાઈ પ્રજાઓને સમાનતાને નાતે સ્વીકારે તો એશિયા, આફ્રિકા અને યુરોપની પ્રજાઓના

સહિયારા પુરુષાર્થથી એક આદર્શ વૈશ્વિક સમાજની રચનાની સંભાવનાઓ રહેલી છે. આફ્રિકા ખંડ કયે માર્ગે જશે તેનો આધાર, ગોરી પ્રજાઓ પોતાની ઘમંડી, સંકુચિત ગુરુતાગ્રંથિને ભૂલી જઈને, નવજાગ્રત એશિયા અને આફ્રિકાની પ્રજાની શક્તિ, બુદ્ધિ અને પ્રતિભાને સમાનતાને નાતે સ્વીકારે, તેમાં રહેલો છે.

સામાજિક–રાજકીય પુનઃરચના

યુરોપની ગોરી પ્રજાઓએ રાજકીય સત્તા જમાવી અને સાથોસાથ આર્થિક શોષણ પણ કર્યું, આટલું ઓછું હોય તેમ દેવળો અને પાદરીઓ દ્વારા તેમ જ શિક્ષણસંસ્થાઓ દ્વારા તેમની રહેણી-કરણી, માન્યતાઓ અને જીવનદર્શન ઉપર પણ ઊંડા પ્રહારો કર્યા; તેમના સમસ્ત સામાજિક માળખાને અને જીવનને મૂળમાંથી હચમચાવી નાખ્યાં. આથી આફ્રિકી રાષ્ટ્રો સમક્ષનો, રાજકીય ક્રાન્તિ પછીનો, પ્રાણપ્રશ્ન કોઈ હોય તો તે સામાજિક પુનઃરચનાનો.

આફ્રિકાની રાજકીય સ્વાધીનતા માટેની ક્રાન્તિની આગેવાની મોટે ભાગે વિદેશોમાં શિક્ષણ લઈને અથવા વસવાટ કરીને આવેલા આગેવાનોએ લીધી હતી. ઘણાં રાષ્ટ્રોમાં આઝાદી બાદ સત્તાનાં સૂત્રો પણ તેમણે જ સંભાળ્યાં હતાં. પરંતુ રાજકીય ક્રાન્તિમાં તેમને જે વિચારો અને માન્યતાઓ ખપ લાગ્યાં તે બધાં સામાજિક પુનર્નિર્માણમાં કદાચ એટલાં ઉપયોગી કે ઉપકારક ન પણ નીવડે.

આફ્રિકન પ્રજાની ગરીબી ફેડવા માટે આર્થિક વિકાસ કરવો અનિવાર્ય છે. આર્થિક વિકાસ માટે, મોટા પાયા પરનું ઉત્પાદન, યાંત્રિકીકરણ અને શહેરીકરણ પણ એટલાં જ અનિવાર્ય બનવાનાં. પરંતુ આફ્રિકી પ્રજા માટે યાંત્રિકીકરણ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા સંસ્થાનવાદના આખરી સ્વરૂપ સાથે સંકળાયેલી છે. આ પરિવર્તને આફ્રિકામાં જે અનેક સામાજિક પ્રશ્નો સર્જ્યા છે તેને તેઓ સહેજ પણ ભૂલી શકે તેમ નથી. વ્યાપારી અને ઔદ્યોગિક નગરોની સાંસ્થાનિક સર-કારોએ કરેલા બિનઆયોજિત વિકાસે પ્રજાના સામાજિક માળખાને ચૂંથી નાખ્યું છે. ગામડાંની ગરીબીથી બેહાલ થઈને રોજી મેળવવાની આશાએ ખૂબ મોટી વસ્તીએ શહેરોમાં સ્થળાંતર કર્યું છે. માબાપની આમન્યામાંથી નાસી છૂટેલા છોકરાઓ અને ત્યજી દેવાયેલાં બાળકોએ રખડેલ અને ગુનાહિત બાળગુનેગારોનો વર્ગ ઊભો કર્યો છે. તેઓ અનેક અસામાજિક અને કાનૂન-વિરોધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે. શહેરોમાં આવેલાઓની સારું જીવન પામવાની ઝંખના પૂરી થતી નથી અને તેઓ બેકારોનાં ટોળાંમાં ધકેલાઈ જાય છે. આફ્રિકામાં શહેરી બેકારીએ ગંભીર સ્વરૂપ ધારણ કરેલું છે. ગામડેથી આવેલા અટૂલા યુવાનોની દૈહિક વાસનાને સંતોષવા માટે શહેરોમાં, લગ્નસંબંધથી નહીં બંધાયેલી 'મુક્ત' સ્ત્રીઓનો વર્ગ પણ પેદા થયો છે. કામચલાઉ સંબંધોને આધારે આ સ્ત્રીઓ પ્રમાણ-માં ઠાઠમાઠભર્યું જીવન ગુજારી શકતી હોય છે.

પોતાની નવી યુવાન પેઢીને શહેરોમાં ગુમાવીને આફ્રિકાનાં ગામડાં શરીરશ્રમ અને બૌદ્ધિક સંપન્નતાની દૃષ્ટિએ ગરીબ બનતાં જાય છે. યોગ્ય નેતૃત્વ વિના તેમનું જીવન વધુ ને વધુ પાયમાલ થતું જાય છે. શિક્ષણ કે આરોગ્યની પૂરતી સગવડવિહોણી અને સ્થિર આવકની ખાતરી વિનાની ગ્રામપ્રજા ખેતીવાડી કે પશુપાલનમાંથી પોતાનો રોટલો રળતી હોય છે. આ ગ્રામજનો વર્ષનો મોટો ભાગ ફરજિયાત બેકારી ભોગવતા હોય છે. પરંપરાગત રીતે જિવાતું જીવન જીવવાનું અને સામાજિક

માળખાને ટકાવવાનું વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. નવી પેઢીમાં પ્રવેશેલો વ્યક્તિવાદ તેમને સ્વાર્થી લાગે છે; અને આર્થિક હરીફાઈનો ખ્યાલ તેમના જીવનમાં વણાયેલી સહકારની ભાવનાના મૂળમાં ઘા કરનારો લાગે છે. નાણું એ આર્થિક સગવડને બદલે પોતાના જીવનને છિન્નભિન્ન કરનારું શેતાની બળ લાગે છે. શહેરોમાં દેખાતી વસ્તુ મેળવવાની પડાપડી અને વસ્તુવાદમાં તેમને મોટો અભિશાપ વર્તાય છે. જોકે, આ સમસ્ત પરિવર્તન વિદેશી શાસનનો એક ભાગ હતું એમ તેઓ માનતા રહ્યા હતા; પરંતુ હવેની રાષ્ટ્રીય સરકારો પણ આ જ રાહ પર જઈ રહી છે એનું તેમને દુ:ખ વર્તાય છે.

બીજી તરફ શહેરોમાં યુરોપમાંથી આવેલું શિક્ષણ, વિચારો, યંત્રો, ઉત્પાદન-પદ્ધતિઓ અને સંસ્થાઓ તેમને 'આધુનિક' બનાવવાનો તકાદો કરે છે. દુનિયાભરમાંથી આવતાં અખબારો, સામયિકો, ચલચિત્રો, પુસ્તકો અને નિષ્ણાતો તેમને આધુનિક થવા આકર્ષે છે. આમ આફ્રિકી માનસની સામાજિક દ્વિધા એ છે કે પોતાના સમાજના માળખામાં તથા જીવનદર્શનમાં રહેલાં ઉમદા તત્ત્વોને કેવી રીતે જાળવી રાખવાં? સાથોસાથ, વધુ સારું, સમૃદ્ધ એવું આર્થિક જીવન કેવી રીતે સિદ્ધ કરવું? આર્થિક વિકાસ અને સામાજિક સ્થિરતા વચ્ચે કેવી રીતે સુમેળ સાધવો?

સંપત્તિની આરાધના કરવા પાછળ પડેલા સમાજમાં સંપત્તિ ધરાવનાર વધુ આદરપાત્ર બને છે. પ્રામાણિકતા અને નીતિમત્તાના ખ્યાલ જરીપુરાણા લાગે છે. પ્રજાકીય કે જાહેર નીતિમત્તા એ શ્રદ્ધા અને માન્યતાઓના ભંગારથી છવાયેલો એક મરુપ્રદેશ બની રહે છે. પ્રત્યેક વ્યક્તિ કે પરિવાર પોતાના પડોશી કરતાં વધુ સમૃદ્ધ બનવા માગે છે. એ સુખસગવડનો આનંદ તેઓ ત્યારે જ માણી શકે છે જ્યારે તેના પડોશીઓ તેનાથી વંચિત હોય. આવા ગ્રહિષ્ણુ સમાજનાં લક્ષણો આફ્રિકી દેશોમાં પણ દેખા દેવા લાગ્યાં છે. પ્રજાના મનમાં ઈર્ષા, વૈમનસ્ય અને અજંપાની લાગણી પેદા થવા લાગી છે.

આફ્રિકાના પરંપરાગત સમાજમાં ગરીબ અને તવંગર બંને સલામત હતા. કોઈ પણ વ્યક્તિને સંપત્તિના અભાવને કારણે ખાવાપીવાની બાબતમાં કે આગતાસ્વાગતાની બાબતમાં ભૂખે નહોતું સબડવું પડતું. દરેક વ્યક્તિ સમાજની સંપત્તિ ઉપર હકપૂર્વક આધાર રાખી શકતી. સમાજજીવનનાં આ ઉમદા પાસાંને જાળવી રાખવા માટે 'આફ્રિકી સમાજવાદ'નો એક આગવો જ ખ્યાલ વિકસ્યો છે, તેના સ્વરૂપને આપણે આગળ જોઈશું.

પુરાણા આફ્રિકી સમાજમાં રાજકીય પ્રશ્નોનો ઉકેલ સામાજિક રીતે લાવવામાં આવતો હતો. સામાજિક માળખું જ સત્તાકારણને જોગવતું હતું. આ કારણસર વિદેશી સત્તાઓએ પોતાનું રાજકીય આધિપત્ય સ્થાપ્યું ત્યારે કેટલેક ઠેકાણે પરંપરાગત આફ્રિકી મુખીઓ કે વડાઓને હાથ પર લઈને શાસન ચલાવવાનો પ્રયાસ કર્યો. એ સાચું છે કે ટ્યુનિસિયા ને મોરોક્કો જેવા દેશોમાં તથા દક્ષિણ આફ્રિકામાં લુથુલી જેવા મુખીઓએ રાજકીય ક્રાન્તિ માટેની આગેવાની લીધી અને તેઓ રાષ્ટ્રીયતાના પ્રતીક બન્યા. પરંતુ મોટા ભાગના મુખીઓ તો વિદેશી છત્રછાયા હેઠળ ફૂલીફાલીને 'છોટે સરમુખત્યાર' બની બેઠા હતા. ઉપરાંત નવા સમાજની રચનામાં તેઓ અંતરાયરૂપ પુરવાર થયા હતા. આ પરંપરાગત સત્તામાળખાને ઉથલાવી નાખીને લોકશાહી ધોરણે આફ્રિકી સમાજોની રચના કેમ કરવી તે પ્રશ્નનો ઉકેલ રાજકીય અને આર્થિક ક્ષેત્રે મહત્ત્વનો છે જે અન્યત્ર તપાસીશું.

આફ્રિકાના સામાજિક પછાતપણાને ઝડપભેર દૂર કરવા આડે આવતા અંતરાયોમાં મૂળભૂત કારણ છે વિદેશી સત્તાઓ દ્વારા દોરાયેલી કૃત્રિમ રાષ્ટ્રીય સરહદો. યુરોપનાં એલચી ખાતાંઓમાં દોરાયેલી આ સરહદોને કારણે વિવિધ જનજાતિઓ જુદા જુદા દેશોની સીમાઓમાં અકુદરતી રીતે વહેંચાઈ ગઈ છે. બીજી તરફ, વિવિધ જનજાતિઓને એક જ રાષ્ટ્રની સીમામાં સાથે જીવવાનું આવ્યું છે. એક જ દેશની ભૂમિ પર સર્જાયેલી આ જનજાતિઓ માટે પરસ્પરના સહકારથી સામૂહિક વિકાસ માટેનો નવો પાયો શોધી કાઢવાનું આફ્રિકી નેતૃત્વ માટે અનિવાર્ય બન્યું છે. આફ્રિકી પ્રજાઓના પોતાના શાસક દેશો સાથેના સંબંધો જેટલા ગાઢ બન્યા છે, તેનાથી દસમા ભાગ જેટલા સંબંધો પણ પરસ્પરની જનજાતિ સાથે નથી રહ્યા. પડોશી આફ્રિકી રાષ્ટ્રો વચ્ચેના સંબંધો પણ ખૂબ આછાપાતળા રહ્યા છે. આથી જો વિવિધ જનજાતિઓને પ્રામાણિક અને વિધાયક નેતૃત્વ નહીં મળે તો વિવિધ દેશોની અંદર વિઘટન થવાની અને વિવિધ દેશો વચ્ચે સંઘર્ષ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. નાઇજીરિયામાં, બાયફ્રાએ અલગ થવાનો નિર્ણય લીધો અને કૉંગોની સ્વાધીનતા ટાણે કટાંગાએ અલગ થવાનો પ્રયાસ કર્યો એ આ ભયના જ ઇશારા છે. આફ્રિકામાં જ અન્યત્ર આવું નહીં બને એવો કોઈ સધિયારો નથી.

આમ આફ્રિકી રાષ્ટ્રોનું પુનર્નિમાણ અનેક આશાઓ તેમ જ અનેક ભયસ્થાનોથી છવાયેલું છે. જોકે, રાજકીય અને આર્થિક વિચારસરણી વિકસાવીને તેનો ઉકેલ લાવવાનો પુરુષાર્થ પણ ચાલી રહ્યો છે.

આફ્રિકી ક્રાન્તિનો નવો પડકાર છે વિવિધ રાષ્ટ્રોમાં પોતાને ઇષ્ટ રાજકીય સંસ્થાઓ અને સત્તામાળખાંઓ વિકસાવવાનો. તેમને રાજકીય સંસ્થાઓનું જે માળખું વારસામાં મળેલું છે તે તો શાસક દેશોની આર્થિક સત્તા અને શોષણખોરી ટકાવી રાખવાના સાધનરૂપે ઘડાયેલું હતું. વસાહતી ગોરી સરકારના તંત્રની નીતિ પણ મોટે ભાગે 'ભાગલા પાડો અને રાજ્ય કરો'ની હતી. આખા સત્તામાળખામાં અવિશ્વાસનું અને પ્રજાની ઇચ્છાઓને અવગણવાનું વલણ જોવાનું મળતું હતું. પણ હવે વ્યક્તિની સ્વતંત્રતા અને ગૌરવને જાળવવા માટે તેઓ પોતાના દેશની સંપત્તિ અને તાકાત વધારવા માગે છે. આ હેતુની સિદ્ધિ માટે તમામ વર્ગોને વિકાસયાત્રામાં સામેલ કરવા માગે છે. તેઓ સાથોસાથ સત્તારૂઢોની કાર્યવાહી અને વર્તાવ ઉપર પણ સતત અંકુશ રાખવા ચાહે છે. આ કારણસર આફ્રિકી રાષ્ટ્રોનું ૧૯૫૦ પછીનું રાજકારણ કોઈ ઉજળિયાત કે પરંપરાગત લઘુમતીના રસનો અને કાબૂનો વિષય મટીને અત્યંત લાગણીસભર અને ઉત્તેજનાથી ભરેલું એક વ્યાપક આંદોલન બનેલું છે.

આ સંજોગોમાં તેમને વારસાગત મળેલ રાજકીય સંસ્થાઓ અને તંત્રો યથાવત્ જળવાઈ રહેશે તેવી કોઈ ખાતરી જણાતી નથી. તે બધાં જ પરિવર્તન પામી રહ્યાં છે અને નવાં સ્વરૂપો વિકસાવાઈ રહ્યાં છે. આ દિશામાં નજરે પડતું એક મોટું વલણ છે એક-પક્ષ-પદ્ધતિ અથવા તો એક જ પક્ષ દ્વારા રાજ્યવહીવટનું સંચાલન. યુરોપમાં વિકસેલી લોહશાહીમાં બે કે તેથી વધુ પક્ષો લોકશાહીના અસ્તિત્વ અને સંવર્ધન માટે આવશ્યક ગણાય છે, જ્યારે આફ્રિકામાં એકપક્ષીય પદ્ધતિનું નવું સ્વરૂપ આકાર લઈ રહ્યું છે.

જોકે આ પદ્ધતિ પાછળનું ચિંતન સાવ સગવડિયું નથી. એના હિમાયતીઓ કહે છે કે આફ્રિકાની મૂળભૂત સમસ્યા 'સત્તાના પ્રશ્ન'ને હલ કરવાની છે. બ્રિટન અને ફ્રાન્સે આફ્રિકામાંનાં

પોતાનાં સંસ્થાનોમાં પ્રાતિનિધિક સંસ્થાઓ સ્થાપી, પરંતુ તેમને વિકસાવવાની પૂર્વભૂમિકા ત્યાં હાજર ન હતી. આફ્રિકી રાષ્ટ્રોમાં વિશિષ્ટ વર્ગહિતો અસ્તિત્વમાં ન આવ્યાં હોવાને કારણે ત્યાંનો સમાજ વર્ગોમાં વહેંચાયેલો શ્રેણીબદ્ધ સમાજ બન્યો ન હતો. વિવિધ વર્ગીય હિતોની ગેરહાજરીને લીધે યુરોપના જેવા પક્ષો પણ અસ્તિત્વમાં નથી આવ્યા. આફ્રિકામાં વર્ગસંઘર્ષનો સિદ્ધાન્ત લાગુ પાડવા માટે આફ્રિકીઓનો જ બનેલો ભદ્ર લોકોનો વર્ગ શોધી કાઢવાના સામ્યવાદીઓના પ્રયાસો પણ સફળ નથી થયા. જો સમાજમાં આ હિતવિરોધો ઊભા ન થયા હોય તો તેના ઉપર આધારિત વિવિધ પક્ષોની પણ શી જરૂર?

ટાન્ઝાનિયાના પ્રમુખ ન્યેરેરે લખે છે કે, "યુરોપ અને અમેરિકાના વર્તમાન સમાજો સામાજિક અને આર્થિક રીતે વિભાજિત થયેલા છે અને તેથી ત્યાં પક્ષો અસ્તિત્વમાં આવેલા છે. રાજકીય સત્તાનો ઈજારો ભોગવતાં કુલીનશાહી અને મૂડીવાદી જૂથોને પડકારવા માટે વિરોધ પક્ષ અસ્તિત્વમાં આવે છે. પરંતુ આફ્રિકાના રાજકીય પક્ષોની રચના તો વિદેશી શાસકોને પડકારવા થઈ હતી. આ પક્ષો કંઈ 'રાજકીય પક્ષો' કે જૂથો ન હતા પરંતુ એક રાષ્ટ્રવાદી આંદોલનરૂપ હતા. શરૂઆતથી જ તેઓ સમગ્ર રાષ્ટ્રનાં હિતોનું અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરતા હતા. બ્રિટનના રાજકારણના પક્ષોનો અમારે મન કશો અર્થ નથી. હવે સાંસ્થાનિકોએ વિદાય લીધી હોઈ, શાસકો-શાસિતો વચ્ચે કોઈ ભેદ રહ્યો નથી. કોઈ વિભાગીય જૂથ રાજકીય સત્તા ઉપર આધિપત્ય જમાવતું નથી. પરિણામે પરસ્પર વિરોધી એવા પક્ષોનો ઉદય થવાની કોઈ જરૂરિયાત જ રહી નથી."

કેટલાક આફ્રિકીઓ તો વિરોધ પક્ષોની કામગીરીને જ શંકાની નજરે જુએ છે. તેમનો ભય એ છે કે વિરોધ પક્ષો મોટે ભાગે ભિન્ન ભિન્ન જનજાતિઓના આધાર પર રચાયેલા હોય છે. વિરોધ પક્ષો તેમની સંકુચિત પરંપરાગત લાગણીઓને (અને મર્મસ્થાનોને) બહેકાવે છે, લોકશાહીના વિશેષાધિકારોનો દુરુપયોગ કરીને બેજવાબદારીથી વર્તે છે, આંદોલનો દ્વારા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઊભા કરીને તથા સતત તંગદિલી ફેલાવીને સરકારને તેની પ્રજા પ્રત્યેની વિધાયક જવાબદારીઓ અદા કરવા દેતા નથી. આથી આફ્રિકામાં વિરોધ પક્ષો રચવા કે ચલાવવા એ તદ્દન ભિન્ન એવા યુરોપીય સમાજોના માળખાનું આંધળું અનુકરણ કરવા બરાબર છે. આવા પક્ષોને તો લોકો રાષ્ટ્ર-વિરોધી ગણે અને તેમાંથી કદાચ રાષ્ટ્રવ્યાપી હિંસા પણ ફાટી નીકળે; અને કદાચ વિરોધ પક્ષો સારામાં સારું સ્વરૂપ ધારણ કરે તોય તેમાંથી વિવિધ જૂથોની અરસપરસની ચાલબાજીઓ પેદા થાય. પ્રજામાં પડેલી વિવિધતાઓ અને ભિન્નતાઓને બહેકાવી ચડાવીને આગળ ધરવામાં આવે! આ ભેદોને 'લોકશાહીના રક્ષણ'ને નામે નક્કર વાસ્તવિકતા તરીકે રજૂ કર્યા કરવામાં આવે તો પરિણામે પ્રજાના એકીકરણ અને સંગઠનનું કાર્ય સતત જોખમાયા કરે.

વિરોધ પક્ષોના વિકાસ વિરુદ્ધની બીજી દલીલ એ છે કે લોકશાહીમાં વિરોધનું કાર્ય એ એક સૂક્ષ્મ અને ઝીણવટભર્યો એવો નવરાશનો ઉદ્યમ છે. આ વૈભવમાં રાચવાનું આફ્રિકી રાષ્ટ્રોને પાલવી શકે નહીં. તેમને તો ખૂબ ટૂંકા ગાળામાં ખૂબ લાંબી મજલ કાપીને અત્યંત ગંભીર અને વિશાળ એવાં ધ્યેયો પાર પાડવાનાં છે. દક્ષિણ આફ્રિકામાં અને દક્ષિણ રોડિશિયામાં બહુ-પક્ષ પદ્ધતિ કયાં નથી? આમ છતાં ત્યાં લોકશાહી ચરિતાર્થ થયેલી કહી શકાય ખરી?

એક-પક્ષ-પ્રથાનું સમર્થન આફ્રિકાની પરંપરાગત રાજ્યવ્યવસ્થાને આધારે પણ કરવામાં આવ્યું છે. જનજાતીય લોકશાહીને નમૂના તરીકે દર્શાવીને તેઓ કહે છે કે અમારા પૂર્વજો એક વૃક્ષ નીચે

એકત્રિત થતા અને સંમત થવાય ત્યાં સુધી ચર્ચાઓ જારી રાખતા. જેઓ સંમત ન થઈ શકતા તેઓ ખભે ભાલા લઈને ચાલી નીકળતા અને જુદા સમાજની રચના કરતા. આ વ્યવસ્થામાં સંસ્થા-ની અંતર્ગત વિરોધ માટેની પણ જોગવાઈ હતી. વળી અસંમત થવાની લોકશાહી પણ ત્યાં હતી જ. આ દલીલ પણ સાવ વજૂદ વિનાની નથી.

આ રીતે તેઓ પ્રજાની રચનાત્મક શક્તિઓ અને પહેલવૃત્તિને સંગઠિત અને સંવાહિત કરવાની દૃષ્ટિથી એક-પક્ષ-પદ્ધતિને વધુ ઉપકારક માને છે. ખુદ યુરોપમાં લોકશાહીનાં એકસરખાં સ્વરૂપો વિકસ્યાં નથી; યુરોપથી સર્વથા ભિન્ન ભૂમિકાવાળા આફ્રિકામાં લોકશાહીનાં આગવાં સ્વરૂપો વિકસવાનાં જ. એક-પક્ષ-પદ્ધતિ હેઠળ પણ લોકશાહી કેટલી કામ કરી શકે છે તેનું સિદ્ધાન્તને આધારે નહીં, પરંતુ વ્યવહારો કેવા વિકસે છે તેને આધારે મૂલ્યાંકન કરવું રહ્યું.

આફ્રિકી પ્રજાની પરંપરાગત રાજ્યવ્યવસ્થા, તેમની આગવી પ્રતિભા અને ભાવિ સમાજ વિશેની અપેક્ષાઓ, તેમ જ તે બધાંમાંથી પેદા થતી અનિવાર્યતાઓને આધારે રાજ્યતંત્ર અને લોક-શાહીનાં જે નવાં સ્વરૂપો વિકસવાનાં, તેમનું બ્રિટન કે અમેરિકાના લોકશાહીના નમૂનાના આધારે મૂલ્યાંકન થાય તો લોકશાહી જોખમાવાની ચિંતા પણ રહે જ. આખરે તો પ્રજાઓએ પોતાની પરંપરાઓ અને ભાવિ જરૂરિયાતોને સંતોષવા માટે જ રાજ્યતંત્રો વિકસાવવાનાં હોય છે. લોકશાહીનું પણ કોઈ નવું સ્વરૂપ વિકસી જ ન શકે એમ માની લેવું એ વિકાસમાન પ્રજાઓની કલ્પનાશક્તિ અને પ્રતિભામાં અશ્રદ્ધા રાખવા જેવું બની રહે. લોકશાહીની મૂળભૂત શ્રદ્ધા જો લોકોમાં હોય તો મૂલ્યાંકન કરનારાઓએ લોકોમાં શ્રદ્ધા રાખવી રહી.

સાંસ્થાનિક અર્થતંત્રમાંથી સમાજવાદ તરફ

આફ્રિકી સમાજવાદ

રાજકીય ક્રાન્તિથી શરૂ થયેલી પ્રક્રિયા જ્યારે આર્થિક ક્રાન્તિ થાય ત્યારે પરિપૂર્ણ બને છે. આફ્રિકી દેશોમાં આર્થિક ક્રાન્તિ એટલે તો સમસ્ત પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવું અને અર્થતંત્રમાં યાંત્રિક અને ઔદ્યોગિક તાકાત પેદા કરીને, દેશને સંરક્ષણ અને ઉદ્યોગોની બાબતમાં આત્મનિર્ભર બનાવવો તે. રાજકીય સ્વાધીનતા જો ક્રાન્તિનો પાયો હોય તો આર્થિક સમૃદ્ધિ એ એની ઇમારત ગણાય, અને સાંસ્કૃતિક વિકાસ એની ચરમ સીમા.

આફ્રિકાનાં રાષ્ટ્રોનું સંસ્થાનવાદ હેઠળ મહત્તમ આર્થિક શોષણ થયું. ત્યાંની ખનિજસંપત્તિને તેમ જ ખેતપેદાશોને વિદેશી વ્યાપારી કંપનીઓ દ્વારા, વિદેશી વાહનવ્યવહાર મારફત અને વિદેશી નાણા-સંસ્થાઓની સહાય વડે બહાર ખેંચી જવામાં આવી. રાષ્ટ્રને હિસાબી ચોપડે ઉત્પાદનનો અને રાષ્ટ્રીય આવકનો આંક વધતો જણાયો, પરંતુ તેથી કોઈ તંદુરસ્ત સ્થાયી વિકાસ થવા પામ્યો નહીં. ઊલટું ગુલામી પ્રથા, કરાર પદ્ધતિ અને ફરજિયાત શ્રમ દ્વારા આફ્રિકી શ્રમને એટલો નિચોવવામાં આવ્યો કે જેથી તેમનું આરોગ્ય અને આયુષ્ય બંને નબળાં પડ્યાં. સમસ્ત ખંડ પારાવાર ગરીબીમાં ડૂબતો ગયો. આફ્રિકી રાષ્ટ્રો પોતાને ત્યાંનો ખેતીનો અને ખાણોનો કાચો માલ નિકાસ કરતાં ગયાં અને બદલામાં તેમને આંગણે તૈયાર માલસામાન ઊંચી કિંમતે ઠલવાતો ગયો. સાંસ્થાનિક સત્તા સાથેનો તેમનો વિદેશવ્યાપાર અને નાણાવ્યવહાર પણ ગાઢ બનતો જ ગયો. પરિણામતઃ સાંસ્થાનિક અર્થતંત્રનું વિકૃત સ્વરૂપ સર્વત્ર જોવા મળ્યું.

હવે સ્વાધીન આફ્રિકી રાષ્ટ્રો સમક્ષનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે, સાંસ્થાનિક અર્થકારણમાંથી રાષ્ટ્રીય અર્થકારણનું કેવી રીતે નિર્માણ કરવું? આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં શાસક રાષ્ટ્રો ઉપરનું અવલંબન કેવી રીતે દૂર કરવું? પોતાના ચલણતંત્રનું શાસક રાષ્ટ્રના ચલણ સાથેનું જોડાણ કેવી રીતે ઘટાડવું? સવિશેષ તો, પોતાની પ્રજાઓની પારાવાર ગરીબી કેવી રીતે દૂર કરવી?

આ પ્રશ્નોના ઉકેલ અર્થે આફ્રિકા માટે આર્થિક ક્રાન્તિ અનિવાર્ય બની છે. તેનું સ્વરૂપ મોટા ભાગના દેશોમાં લગભગ એકસરખું જ રહ્યું છે. સૌ પ્રથમ તો તેઓ અર્થતંત્રનું વિવિધીકરણ કરવા માગે છે. પોતાના સમગ્ર અર્થતંત્રનું બેચાર પેદાશો કે ખનિજ પેદાશો ઉપરનું અવલંબન દૂર કરવા ધારે છે. ઘરઆંગણાના કાચા માલનો ઉપયોગ કરવા માટે દેશમાં ઉદ્યોગીકરણ સાધી રાષ્ટ્રીય ઉત્પાદન ને રોજગારી વધારવા તથા નિકાસોનું વિવિધીકરણ કરવા ઇચ્છે છે, અને આયાત પાછળ થતું હૂંડિયામણનું ખર્ચ ઘટાડવા ચાહે છે. લગભગ તમામ દેશો યોજનાબદ્ધ રીતે ઉદ્યોગીકરણને માર્ગે ધપી રહ્યા છે.

પરંતુ ઉદ્યોગીકરણ એ સમસ્ત આર્થિક માળખામાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા છે. વાહન-વ્યવહાર અને સંદેશાવ્યવહાર, ચાલકશક્તિ અને નાણાકીય શાખનું વિકાસપ્રેરક માળખું વગેરે ઊભાં કરાયાં હોય તો જ તે સફળ થઈ શકે. આ બધાંને ચલાવવા માટે તાલીમબદ્ધ અને શિક્ષિત માનવશક્તિ તૈયાર કરવામાં આવે એ પણ જરૂરી છે. વિકાસની આ પ્રક્રિયા બહુદેશીય અને સર્વગ્રાહી હોઈને તે માટેના પ્રયાસો અને આયોજન રાષ્ટ્રીય કક્ષાએ જ થઈ શકે. ઉપરાંત, આફ્રિકામાં વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓનો વર્ગ પણ પૂરતો વિકાસ પામેલો નથી. આથી રાજ્યને આર્થિક વિકાસના ખૂબ અગત્યના સાધન તરીકે સ્વીકારવામાં આવ્યું છે અને તમામ રાજ્યો આ જવાબદારી ઉઠાવી રહ્યાં છે.

આર્થિક વિકાસ માટેનાં સાધનો અપૂરતાં હોઈને તથા ઉદ્યોગીકરણ માટે જરૂરી યંત્રસામગ્રી અને ઓજારો વિદેશમાંથી આયાત કરવાં પડતાં હોઈને તમામ આફ્રિકી દેશોને વિદેશી સહાયની તાતી જરૂર છે, છતાં તેઓ તેના પ્રત્યે શંકાની નજરે જુએ છે. આ માટેનાં કારણો અન્યત્ર ચર્ચ્યા છે. પરંતુ હકીકત એ છે કે તેઓ તમામ સમૃદ્ધ દેશો પાસેથી આર્થિક સહાય મેળવીને પોતાની આબાદી વધારવા માગે છે.

ગરીબીનું નિવારણ અને માનવશક્તિનો વિકાસ એ બંને એકમેકની સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોઈ આફ્રિકાનાં નવાં સ્વાધીન રાષ્ટ્રો અક્ષરજ્ઞાન અને ટેકનિકલ શિક્ષણનો ઝડપભેર પ્રસાર કરી રહ્યાં છે. તેઓ પ્રજાનું આરોગ્ય, આયુષ્ય અને પરિણામત: તેમની કાર્યક્ષમતા સુધરે તે માટે પ્રયત્નશીલ છે. શિક્ષણના ઝડપી પ્રસાર અને સંદેશવ્યવહારના ત્વરિત વિસ્તરણથી અસંતુષ્ટ શિક્ષિતોની સંખ્યા ઝડપભેર વધી રહી છે. તેમની અપેક્ષાઓનો વિસ્ફોટ થયો છે. બીજી તરફ તેટલી જ ઝડપે દેશની આવક અને રોજગારી વધારવાનું આસાન નથી. ઉદ્યોગીકરણ એ સુદીર્ઘ પ્રક્રિયા છે. વળી, આફ્રિકાને વિકાસ માટે જે ઇતિહાસગાળો મળ્યો છે તે ઝાઝો અનુકૂળ કહી શકાય તેવો નથી. સમૃદ્ધ દેશો પોતાની સમૃદ્ધિ ટકાવવા માટે આપસઆપસમાં સમજૂતી સાધી રહ્યા છે. અધૂરામાં પૂરું, માત્ર આફ્રિકાના જ નહીં પરંતુ એશિયા અને લૅટિન અમેરિકાના દેશો પણ તત્કાલ અને એકી સાથે વિકાસ સાધવા પ્રયાસ કરી રહ્યા છે. આ તમામ દેશોના ઝડપી વિકાસ માટે જરૂરી એવી વિદેશી સહાય મળી રહેશે કે કેમ તે શંકાસ્પદ છે.

રાજકીય ક્રાન્તિ બાદ આફ્રિકી પ્રજાઓની આર્થિક ક્રાન્તિ માટેની અધીરાઈ સ્વાભાવિક રીતે જ તીવ્રતમ બની છે. પરંતુ તે સિદ્ધ કરવા માટે સારો એવો સમય વીતવાનો છે. પરિણામે આફ્રિકી રાષ્ટ્રોનાં રાજકીય અને સામાજિક માળખાંઓ ઉપર ભારે ભીંસ આવવાની છે. સંખ્યાબંધ રાષ્ટ્રોમાં રાજકીય માળખાં તૂટી પડ્યાં છે અને લશ્કરોએ સત્તા હાંસલ કરી છે. સરમુખત્યારશાહી શાસનો પણ સ્થપાયાં છે. એક-પક્ષ-પદ્ધતિની પણ હિમાયત થઈ છે. આમ આર્થિક ક્રાન્તિએ રાજકીય અને સામાજિક માળખાને અને તેના સ્વરૂપને ઘેરી અસર પહોંચાડી છે. લગભગ બધા જ દેશોમાં ચિંતા પ્રેરે તેવી અસ્થિરતા પણ પેદા થઈ છે.

આ સંજોગોમાં એક નવો વિચારપ્રવાહ પણ આકાર લઈ રહ્યો છે. આફ્રિકાના દેશોની સીમાઓ મનસ્વી રીતે નક્કી થઈ હતી અને ત્યાંના સંદેશ-અને-વાહનવ્યવહારનો વિકાસ વિદેશી સત્તાઓના લાભાર્થે જ થયો હતો. ઘણાં રાજ્યોનાં કદ પણ ખૂબ નાનાં છે અને આથી તેમને 'હાથ-રૂમાલ રાજ્યો' કહેવામાં આવે છે. આથી કેટલાક અભ્યાસીઓ એવી હિમાયત કરે છે કે આફ્રિકાના દેશોએ પોતાના આર્થિક વિકાસ માટે, પ્રાદેશિક ધોરણે તેમ જ ખંડીય ધોરણે ભેગા મળીને આયોજન કરવું જોઈએ. તો તેઓ અરસપરસનો વ્યાપાર વધારી શકે, વિદેશી ચલણની ચુકવણી સુગમ બનાવી શકે; એકમેકના માલસામાન ઉપર નાખેલી જકાતો ઘટાડી શકે. ઉદ્યોગો સ્થાપવા માટે પ્રત્યેક દેશનાં સાધનો અને બજારને ગણતરીમાં લઈ શકાય અને ઉદ્યોગીકરણનું સહિયારું આયોજન પણ કરી શકાય. ઉદ્યોગો, યંત્રવિદ્યા, માનવશક્તિ અને વિજ્ઞાનના આયોજન માટે વિવિધ દેશોની યોજનાઓનું સંકલન અને સંવાદીકરણ પણ કરી શકાય. સૌને લાભદાયી એવા આ કામ માટે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા તરફથી આફ્રિકી આર્થિક પંચ માર્ગદર્શન આપી રહ્યું છે. સમગ્ર આફ્રિકા માટેનું આયોજન એ કદાચ દૂરગામી ધ્યેય લાગે; પરંતુ નજીક નજીક આવેલાં રાષ્ટ્રો, વાસ્તવિકતાના આધાર પર મર્યાદિત પ્રમાણમાં પણ સહકાર સાધી શકે. આર્થિક ક્ષેત્રે આંતરરાજ્ય-સંગઠન તો જ સફળ થાય જો રાજ્યોની અંદરની સરકારો અને તંત્રો પોતે સ્થિર થયેલાં હોય. આમ આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે આફ્રિકી રાષ્ટ્રોમાં સંગઠિત અને મજબૂત રાજ્યતંત્રો એ એક તરફ પૂર્વશરત છે, તો બીજી તરફ આર્થિક પ્રશ્નો ઉકેલવા જતાં ભલભલી સરકારો ઊથલી પણ પડી છે. આમ છતાં, આર્થિક ક્રાન્તિ પાર પાડવાના હેતુસર રાજકીય સંગઠન મજબૂત બનાવવા આફ્રિકી આગેવાનોએ જે મૌલિક ચિંતન કર્યું છે તે છે 'આફ્રિકી સમાજવાદ'.

આફ્રિકી રાષ્ટ્રોને બરાબર ખબર છે કે રાજકીય સ્વાધીનતા કે ક્રાન્તિ એ આપોઆપ સામાજિક કે આર્થિક પુનર્નિર્માણની ખાતરી નથી આપતી. આજથી સો વરસ પહેલાં સ્વાધીન થયેલાં દક્ષિણ અમેરિકાનાં મોટા ભાગનાં રાજ્યો હજુ પણ ગરીબીમાં સબડે છે. તેમનાં સામાજિક માળખાંમાં અંધાધૂંધી છે. તેઓ ધનિકશાહી ભ્રષ્ટાચારથી સડી ગયેલાં છે અને સરમુખત્યારી હેઠળ કચડાઈ રહ્યાં છે. એટલે રાજકીય ક્રાન્તિ બાદ આર્થિક ક્રાન્તિ કરવી એ એટલી જ અનિવાર્ય છે.

આફ્રિકામાં સાંસ્થાનિક અર્થતંત્રના અવશેષો દૂર કરવા હોય તો સૌ પ્રથમ તો રાષ્ટ્રીય ઉત્પાદન વધારવા માટે પ્રયાસો કરવા જોઈએ. આ કામ આફ્રિકામાં ખાનગી સાહસ દ્વારા થઈ શકે એમ છે જ નહીં. સૌ પ્રથમ તો આફ્રિકી રાષ્ટ્રોમાં પોતાનો આગવો વ્યાપારી અને ઉદ્યોગપતિનો વર્ગ વિકાસ પામેલો જ નથી. જે કંઈ મુઠ્ઠીભર લોકો છે તે માત્ર હાટડી ચલાવનારાઓ છે. ભૂતકાળમાં

તેમને જે આર્થિક સાધનો સહાય માટે અપાયાં છે તેનો તેમણે દુર્વ્યય કર્યો છે. આવો વર્ગ વિકસાવવામાં સારો એવો સમય જાય એમ છે, જે કોઈ રાષ્ટ્રને પાલવે તેમ નથી. વળી, આફ્રિકાના આર્થિક અને સામાજિક જીવનને ભૂતકાળમાં વિદેશી ખાનગી વ્યાપારી હિતોએ જ પાયમાલ કર્યું છે. પેટિયું આપીને આફ્રિકાના શ્રમને રોળ્યો છે. આથી વિદેશી ખાનગી સાહસોને આફ્રિકામાં વિકસવા દેવાનું ભાગ્યે જ કોઈ રાષ્ટ્ર પસંદ કરે. આમ, ઓગણીસમી સદીનો મુક્તસાહસવાદ કે 'વ્યક્તિગત' પહેલવૃત્તિને આધારે આર્થિક પ્રગતિનો ખ્યાલ આફ્રિકામાં તો ટકી શકે એમ છે જ નહીં.

બીજી બાજુ, ઘણા આફ્રિકી આગેવાનો ૧૯૪૦થી ૧૯૬૦ના ગાળા દરમ્યાન યુરોપમાં રહ્યા હતા અને સમાજવાદી વિચારો અને આંદોલનોની તેમના ઉપર ઊંડી અસર પડી હતી. ૧૯૪૫માં માન્ચેસ્ટર ખાતે 'પાન-આફ્રિકન મૂવમેન્ટ'ની જે પરિષદ મળી તેમાં મૂડીની ઈજારાશાહીને અને ખાનગી સંપત્તિના આધિપત્યને તિરસ્કારવામાં આવ્યું હતું. આર્થિક લોકશાહીને જ સાચી લોકશાહી ગણવામાં આવી હતી. ઘાનાનો નક્રુમા, ગીનીનો સેકુ તોરે, માલીનો મોદિબો કેઇટા, ટાન્ઝાનિયાનો ન્યેરેરે સમાજવાદના વિચારોથી સવિશેષ પ્રભાવિત હતા. તેમણે 'માર્ક્સવાદી સમાજવાદ'ની સામે 'આફ્રિકી સમાજવાદ'નો ખ્યાલ રજૂ કર્યો. આ ખ્યાલમાં, સંસ્થાનવાદના આખરી તબક્કામાં વિકસેલાં નગરોમાં માતેલા 'નાણાકીય સમાજ'ના ખ્યાલને પડકારવામાં આવ્યો. આ વિચારનો સૌથી આગળ પડતો પ્રણેતા છે જુલિયસ ન્યેરેરે. તેનું ચિંતન નીચે પ્રમાણે છે :

> પરંપરાગત આફ્રિકી સમાજમાં સૌ કોઈ કામદારો છે. જીવનનિર્વાહ માટે પરિશ્રમ કર્યા સિવાય બીજો કોઈ માર્ગ જ ન હતો. આ સમાજની મોટી સમજવાદી સિદ્ધિ હતી સૌ કોઈને સલામતીની ખાતરી, સૌને સાર્વત્રિક આદરસત્કાર. બાળકો અને અશક્તોને બાદ કરતાં-સૌ કોઈ સમાજ માટે સંપત્તિ પેદા કરવામાં ફાળો આપતું. શોષણ તો તેમાં શક્ય જ ન હતું. રખડેલપણું ભારે એબ ગણાતી હતી. સ્વાહિલી ભાષામાં તો કહેવત છે કે 'તમારા મહેમાનોને બે દિવસ મહેમાન તરીકે રાખો અને ત્રીજે દિવસે તેના હાથમાં હળ પકડાવો'. આ કહેવત પ્રજાની શ્રમભાવનાની દ્યોતક છે. આવા શ્રમનિષ્ઠ સમાજમાં આર્થિક ક્રાન્તિ મુશ્કેલ ન બનવી જોઈએ. આ ભાવનાનો રાષ્ટ્રીય પુનર્નિર્માણ માટે વિનિયોગ થવો જોઈએ.
>
> વળી સમાજવાદ એ કોઈ જાહેર માલિકી ઉપર આધારિત એવું સામાજિક માળખું નથી, અથવા તો સમાજરચનાનું કોઈ વિશિષ્ટ સ્વરૂપ નથી. એ તો છે એક માનસિક વલણ. આફ્રિકી સમાજવાદ એટલે કુટુંબભાવનાનો વિસ્તાર -- 'ઉજમ્મા'. સાચો આફ્રિકી સમાજવાદ સૌ જાતિના લોકોને પોતાના ગણે છે. વળી આફ્રિકી સમાજમાં સહકારી ઉત્પાદનનું તત્ત્વ તો મોજૂદ છે જ. તેનો ઉપયોગ પણ સમાજવાદને સિદ્ધ કરવામાં કરી શકાય. યુરોપીય સમાજવાદની નબળાઈ એ છે કે તે મનુષ્ય વચ્ચેના સંઘર્ષને અનિવાર્ય ગણે છે. તેમાં, આવો સંઘર્ષ જ નવી સમાજરચના કરી શકે એમ મનાયું છે. આફ્રિકી સમાજમાં ન તો આવા વર્ગો અસ્તિત્વમાં આવ્યા છે કે ન તો આવો વર્ગ સંઘર્ષ જરૂરી છે. આફ્રિકી સમાજવાદ તો સારા પાડોશીપણાની ભાવના ઉપર આધાર રાખે છે.

આફ્રિકામાં સમાજવાદ ઉપર ભાર મૂકવાનું કારણ એ છે કે લગભગ મોટા ભાગનાં રાજ્યોએ કેન્દ્રીય આયોજન દ્વારા વિકાસનું ધ્યેય સ્વીકાર્યું છે. તેઓ સાંસ્થાનિક અર્થતંત્ર અને પશ્ચિમના મુક્ત

સાહસના વ્યક્તિવાદી અર્થતંત્રને એકરૂપ માને છે. આથી તેના વિકલ્પ તરીકે તેઓ આર્થિક આયોજનને અનુસરવા માગે છે. તે દ્વારા અર્થતંત્રને પોતાની ઇચ્છિત દિશામાં વાળવા માગે છે. આમ, સમાજવાદનો અર્થ દરેક રાષ્ટ્રનો પોતાની જરૂરિયાત મુજબનું સામાજિક ન્યાયયુક્ત અર્થતંત્ર ઘડવાનો અધિકાર એવો થાય છે. આમ કરવામાં સ્વાભાવિક રીતે જ અવિકસિત રાષ્ટ્રોમાં રાજ્યની કાર્યવાહી આગળ પડતી રહેતી હોવાથી, આ વ્યવસ્થાને તેઓ સમાજવાદ તરીકે ઓળખાવે છે.

આમ આફ્રિકી સમાજવાદ એ, તાત્ત્વિક રીતે તો, મૂડીવાદના તબક્કામાં પ્રવેશ્યા વિના આફ્રિકાના પરંપરાગત સમાજમાં પડેલા, સામાજિકતાનાં ઉમદા તત્ત્વોને આધારે રાજ્યના કર્તૃત્વ દ્વારા આર્થિક વિકાસની ફાળ ભરવાનો એક વિશિષ્ટ પ્રયાસ છે. આફ્રિકાવાસીઓને માર્કર્સવાદના વિચારો પણ મૂડીવાદના વિચારો જેટલા જ પરાયા, વિદેશી અને સાંસ્થાનિક લાગે છે. આથી સમાજવાદના વિચારને આધારે ભાવિ સમાજરચનાનું ઘડતર કરવાની બાબતમાં પણ તેઓ પોતાનું સ્વત્વ પ્રગટ કરવા તાકે છે.

આફ્રિકી અર્થકારણ અને રાજકારણમાં જે નવી તરાહ વિકસી રહી છે તેને કેટલાક અભ્યાસીઓ પ્રજાવાદ (પૉપ્યુલિઝમ) તરીકે ઓળખાવે છે. આ તરાહમાં આટલાં સર્વસામાન્ય વલણો દેખા દઈ રહ્યાં છે : (૧) પ્રજાનાં તમામ જૂથોના પ્રતિનિધિરૂપ એવા એક જ પક્ષનું શાસન. આ દ્વારા તેઓ પ્રજાને પરંપરાગત જનજાતીય અને પ્રાદેશિક વફાદારીથી ઉપર ઉઠાવીને રાજકીય રીતે સંગઠિત કરવા માગે છે, સમગ્ર રાજ્ય પ્રત્યેની વફાદારી દૃઢ કરવા માગે છે. (૨) સાંસ્થાનિક અર્થતંત્રમાંથી બહાર આવીને એક રાષ્ટ્રીય અર્થપ્રણાલીનું અને સામાજિક પ્રણાલીનું સર્જન. આ નવી સમાજરચનામાં સહકારી ક્ષેત્રનું તેમ જ જાહેર ક્ષેત્રનું આધિપત્ય હશે. તેઓ રાજ્યોને શિક્ષણ અને આરોગ્ય જેવી સામાજિક સેવાઓથી સજ્જ કરીને, પ્રજાની ગરીબી નિવારવા માગે છે તેમ જ તેને વધુ ઉત્પાદનક્ષમ પણ બનાવવા ચાહે છે. (૩) પાડોશી રાષ્ટ્રો સાથે મિત્રાચારીભર્યા સંબંધો. આ માટે તેઓ 'યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ આફ્રિકા'નું સ્વપ્ન સિદ્ધ કરવા ઝંખે છે. આ ધ્યેય કદાચ પ્રારંભમાં મર્યાદિત હેતુઓવાળાં, પ્રાદેશિક અને કાર્યસાધક એવાં નાનાં નાનાં સંગઠનો દ્વારા સિદ્ધ થઈ શકે. પરંતુ તેમની સૌની એ અચળ શ્રદ્ધા છે કે આખાયે ખંડની એકતા એ કંઈ માત્ર દિવાસ્વપ્ન નથી. એ જ એક એવું ધ્યેય છે જે દ્વારા તેઓ સંગઠિત થઈ શકે તેમ છે, જે તેમને ભાવિ માટે માર્ગદર્શન આપી શકે તેમ છે.

તટસ્થતાવાદ અને નવસંસ્થાનવાદ

આફ્રિકાના મોટા ભાગના દેશો સ્વાધીન થયા તે સમયગાળો વૈશ્વિક ઠંડા યુદ્ધથી ઘેરાયેલો હતો. સમસ્ત વિશ્વ મુક્ત અને સામ્યવાદી દેશોમાં વિભાજિત થયેલું હતું અને અમેરિકા અને રશિયાની આગેવાની હેઠળ શીત યુદ્ધ ચાલતું હતું. આફ્રિકી રાષ્ટ્રો આ બેમાંથી એકે જૂથમાં જોડાવા માગતાં ન હતાં. આમ કરવામાં તેમને મહામહેનતે મળેલી આઝાદી જોખમાઈ જવાનો ભય જણાતો હતો. આથી તેમણે તટસ્થતાની નીતિ અપનાવી. એનો અર્થ એ થતો હતો કે જે કોઈ વિચારસરણી સાથે તેમના હૃદયનો કે બુદ્ધિનો — બલ્કે જરૂરિયાતનો મેળ બેસતો ન હોય તેની સાથે તેઓ જોડાવા માગતાં ન હતાં. તેઓ વિવિધ રાષ્ટ્રો સાથે કેવા અને કેટલા સંબંધો રાખવા તે 'પસંદ કરવાની

સ્વતંત્રતા' પણ માણવા માગતાં હતાં. માત્ર શાન્તિકાળમાં જ નહીં પરંતુ બિનઆફ્રિકી દેશો વચ્ચેના યુદ્ધકાળમાં પણ તેઓ તટસ્થતા જાળવવા માગતાં હતાં. આ તટસ્થતાવાદી નીતિએ તેમના આર્થિક વિકાસ માટે જરૂરી એવો નિરાંતનો સમયગાળો પણ મેળવી આપ્યો છે. તેઓ યુદ્ધની માઠી અસર-માંથી પણ બચી શકયાં છે. બંને જૂથોથી અલગ રહેવાને કારણે તેમને બંને તરફથી આર્થિક સહાય પણ મળી શકી છે અને તે ઝડપી આર્થિક વિકાસ માટે અત્યંત ઉપકારક પુરવાર થઈ છે. તેઓ કોઈ પણ એક દેશના અવલંબનમાંથી મુક્ત થઈ શકયાં છે.

તટસ્થતાવાદે તેમને દુનિયામાં વિકસી રહેલા નવસંસ્થાનવાદ સામે પણ રક્ષણ આપ્યું છે. રાજકીય સ્વાધીનતા આપી દેવા છતાં, યુરોપીય સત્તાઓનો આફ્રિકામાંનો રસ ઘટયો નથી. તેમના આર્થિક સંબંધો અને વ્યવહારો તો ઊંડા પ્રવેશેલા છે જ. હવે તેમણે આર્થિક સહાયને નામે નવે-સરથી પગપેસારો કરવાનો પ્રયાસ કર્યો છે. ખાનગી કે સરકારી વિદેશી સહાય સાથે પ્રવેશતા આર્થિક ઉપરાંત રાજકીય દોરીસંચારથી આફ્રિકી દેશો સંચિત છે. વિદેશી કંપનીઓ તેમ જ વિદેશી સરકારી સહાયને કારણે, ખેતી, ઉદ્યોગ અને વાહનવ્યવહાર જરૂર વિકસ્યાં છે. પરંતુ આ 'વિકાસ'ને કારણે દેશનું ધન બહાર તણાઈ જાય છે. આવા 'વિકાસ' કરતાં તો આફ્રિકા પછાત રહ્યું હોત તો તેને કદાચ ઓછું નુકસાન થયું હોત, એમ પણ ઘણા માને છે. બેઉ કારણોસર આફ્રિકી આગેવાનો આ નવસંસ્થાનવાદ પરત્વે સજાગ અને સાશંક છે.

વળી યુરોપીય સત્તાઓ પોતાના પ્રભાવ હેઠળનાં રાષ્ટ્રોનાં પ્રાદેશિક જૂથો બનાવીને તે દ્વારા પોતાના પ્રયાસો ચાલુ રાખવાના પ્રયાસો કરી રહી છે. નબળાં રાષ્ટ્રોને આપસઆપસમાં ટકરાવીને તેમને નબળાં રાખવાની નીતિ પણ તેઓ ચૂકતી નથી. આ બંને પ્રકારના પ્રયાસોથીય આફ્રિકી નેતાઓ સાવચેત છે. તેઓ યુરોપની સાંસ્થાનિક સત્તાઓની કે સામ્યવાદી સત્તાઓની, જૂની કે નવી જાતની પકડમાં સપડાયા વિના પોતપોતાના રાષ્ટ્રનો અને સમગ્ર આફ્રિકા ખંડનો વિકાસ કરવાને ઝંખે છે. આફ્રિકામાં આવી રહેલા આર્થિક પરિવર્તનને સમજવામાં આ આંતરરાષ્ટ્રીય પરિમાણ જરાયે ઓછી અગત્ય ધરાવતું નથી.

પ્રભુ, મેં તમારી ધવલ શીતને સ્વીકારી છે,
જે નિમક કરતાંયે વધારે તીવ્રતાથી બાળે છે.

કાળો રંગ જે ગઈ કાલ સુધી અવહેલનાનું નિમિત્ત હતો, તે આજે રાષ્ટ્રીયતા અને જાતિ-અભિમાનનું કારણ બનવા લાગ્યો છે. સેનેગલના કવિ-રાજપુરુષ લિયોપોલ્ડ સેંગોરની આ પંક્તિઓમાં કાળા માનવીને હાથે સર્જાતા સાહિત્યના ધવલ રંગનો ઉલ્લેખ કેવો તીવ્ર બનીને આવે છે!



મધ્યપૂર્વ : સ્તાલિનની મુરાદ

ટપકાંવાળા પ્રદેશો પ્રભાવ-અને-વર્ચસ્-ક્ષેત્રે રૂસના વિસ્તારવાદી ઇરાદાઓ સૂચવે છે

ચીનની પ્રદેશભૂખ

મંચુ સામ્રાજ્યના ખંડિયા પ્રદેશો : ૧૯૫૪માં સામ્યવાદી ચીને જેમને 'વિદેશી સત્તાઓ હસ્તક ચાલ્યા ગયેલા' તરીકે ઓળખાવેલા



1 તાશકંદ–રશિયાને (૧૮૬૪) 2 લડાખ – બ્રિટનને (૧૮૯૬) 3 નેપાળ –બ્રિટનને (૧૮૯૮) 4 સિક્કિમ–બ્રિટનને (૧૮૮૯) 5 ભુતાન – બ્રિટનને (૧૮૬૫) 6 નેફા, આસામ–બ્રિટનને (૧૮૨૦ પછી) 7 બ્રહ્મદેશ– બ્રિટનને (૧૮૮૬) 8 આંદામાન–બ્રિટનને 9 મલાયા – બ્રિટનને (૧૮૯૫) 10 થાઇલેન્ડ – ફ્રેન્ચ ને બ્રિટિશ દબાણ હેઠળ ગુમાવ્યું (૧૯૦૪) 11 હિન્દી–ચીન – ફ્રાન્સને (૧૮૮૫) 12 તાઇવાન– જપાનને (૧૮૯૫) 13 સુલુ આર્કિપેલાગો – બ્રિટનને 14 બ્રહ્મદેશ-ચીન સીમા વિસ્તાર– બ્રિટનને (૧૮૮૬ પછી) 15 ર્યૂકયુ– જપાનને (૧૮૭૯) 16 કોરિયા–જપાનને(૧૮૯૫-૧૯૧૦) 17 આમૂરનદી– રશિયાને 18 મેરિટાઇમ પ્રાન્ત– રશિયાને (૧૮૬૦) 19

૨૦ : સામ્યવાદ—નવું પરિબળ

૧. ભૂમિકા

ઈ. સ. ૧૯૧૭માં લેનિનની સરદારી હેઠળ ઝારશાહી રશિયામાં બૉલ્શેવિક પાર્ટીએ સત્તા કબજે કરી એ ઘટના જગતના ઇતિહાસમાં અપૂર્વ હતી. જેમાં શ્રમજીવીઓએ—કામદારો, કિસાનો તથા સૈનિકોની પંચાયતોએ, અપરંપાર સાહસો, યાતનાઓ અને કુરબાનીઓને અંતે રાજ્યસત્તા હસ્તગત કરી હોય એવી આ પહેલી જ ક્રાન્તિ હતી. લેનિનની મહાનતા એ હતી કે તેનો પક્ષ ગેરકાનૂની હોઈ, તે અને તેના અનેક સાથી—નેતાઓ વર્ષો સુધી રશિયાની બહાર હોવા છતાં, તેણે ગુપ્ત રીતે અને છતાં શિસ્તબદ્ધ રીતે ક્રાન્તિનું એકધારું સંચાલન કર્યું હતું.

લેનિનની વિલક્ષણતા એ હતી કે રાજ્યસત્તા હાથમાં આવતાં જ તેણે ઝારયુગી સામ્રાજ્યમાં જકડી રાખવામાં આવેલા પ્રદેશોને આત્મનિર્ણયનો અધિકાર સુપરત કર્યો અને હકીકતે લેટવિયા, લિથુઆનિયા અને ઈસ્ટોનિયા તથા ફિનલૅન્ડના પ્રદેશોએ રૂસથી જુદા પડવાનો નિર્ણય લીધો. લેનિનની લાક્ષણિકતા એ હતી કે જે વિવિધ જાતિ-પ્રજાઓ સોવિયેત રશિયામાં હસ્તી ધરાવતી હતી તેમને તેમની ભાષા, સંસ્કારિતા, ઐતિહાસિક-ચૈતસિક ભૂમિકા અનુસાર સ્વાયત્ત રાજ્યો તરીકેનો દરજ્જો આપ્યો; એ સૌને સોવિયેત સંઘના સમાન સ્વાયત્ત ઘટકો તરીકે અધિકૃત સ્વાતંત્ર્ય બક્ષ્યું.

આ સર્વપ્રથમ શ્રમજીવી સોવિયેત સંઘનાં અરમાન પણ અપૂર્વ હતાં. તેણે પોતાના પ્રદેશની અંદરનાં જમીનદારી-સામન્તી-રજવાડી-મધ્યયુગી પરિબળોને નિર્મૂળ કરીને, દેશની અંદરના મૂડીવાદી ઔદ્યોગિક શોષણને નાબૂદ કરીને, તમામ પ્રજાજનોનો રોટી, રોજી અને રહેઠાણનો અધિકાર હોવાનું જાહેર કર્યું; તેમ જ સદીઓનાં અજ્ઞાન અને પછાતપણામાંથી મુક્ત બની પ્રજા સ્વમાનભર્યું માનવીય જીવન ભોગવી શકે એ માટેની રાજ્યની જવાબદારીનો સ્વીકાર કર્યો. આ હેતુ બર લાવવા તેણે ઉત્પાદન, વાહનવ્યવહાર અને વિતરણનાં મુખ્ય સાધનો ઉપરની ખાનગી માલિકી રાજ્યહસ્તક લઈ રાષ્ટ્રીય આયોજનનો નવતર પંથ અપનાવ્યો તથા આ ભગીરથ કાર્ય પાર પાડવા સારુ સામ્યવાદી સરમુખત્યારી શાસન અમલમાં આણ્યું.

જગતના આ સર્વપ્રથમ અવનવા પ્રયોગ પાછળ ઓગણીસમી સદીમાં એક અપૂર્વ ક્રાન્તિકારી ચિંતક તરીકે ખ્યાતનામ બનેલા કાર્લ માર્કર્સની સામ્યવાદી વિચારધારાની પ્રેરણા હતી. આ વિચારધારા અનુસાર ઔદ્યોગિક રીતે આગળ વધેલાં મૂડીવાદી રાષ્ટ્રોમાં શહેરી કામદાર વર્ગ,—જેને કશુંય ગુમાવવાનું નથી, સિવાય કે બેડીઓ, તે—સમસ્ત શ્રમજીવી ક્રાન્તિનું નેતૃત્વ લઈને ઔદ્યોગિક રીતે

વિકસિત દેશોમાં શ્રમજીવી ક્રાન્તિનાં મંડાણ કરશે. ત્યાર બાદ, મૂડીવાદ નાબૂદ કરીને સમાજવાદની (એટલે કે શોષણરહિત સમાજમાં શ્રમ પ્રમાણે વેતનની પ્રથમ કક્ષાની) સ્થાપના કરાશે. તેના જોરે, અઢળક ઉત્પાદનના આધારે, સામ્યવાદની (એટલે કે શક્તિ મુજબ શ્રમ અને આવશ્યકતા અનુસાર ઉપભોગની) કક્ષાએ સમાજને પહોંચાડશે. આ કક્ષાએ વર્ગોની નાબૂદી થતાં, રાજ્ય જેવા દમનશીલ સાધનની જરૂરિયાત ઓસરી જતાં, રાજ્ય પણ વિલય પામશે. ટૂંકમાં, સામ્યવાદી સમાજ શોષણરહિત, વર્ગવિહીન, રાજ્યવિહીન હશે. એમાં દરેક વ્યક્તિનો શ્રેષ્ઠતમ વિકાસ શક્ય બનશે. બલ્કે, ઇતિહાસમાં પ્રથમ વાર વિશાળ માનવસમાજ સાચા અર્થમાં મુક્ત અને સંસ્કારસંપન્ન બન્યો હશે.

વળી, આવો સમાજ કેવળ પોતાને ત્યાં જ સીમિત ન બની રહે અને વિશ્વભરમાં એનો પ્રસાર થાય તે માટે સોવિયેત રશિયાએ મદદરૂપ બનવું જોઈએ એવી આંતરરાષ્ટ્રીય બિરાદરીની ભાવના પણ લેનિને સેવી હતી. પરિણામે, રૂસી ક્રાન્તિ પૂર્વે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પશ્ચિમી શાહીવાદીઓ યથેચ્છ વ્યવહાર કરી રહ્યા હતા તેમની સામે હવે એક નવું પ્રતિકારક બળ પેદા થયું હતું; નવો ન્યાય-વિકલ્પ પૂરો પાડવાની તક ઊભી થઈ હતી. શોષિત-દલિત પ્રજાઓને હૈયે નૂતન ધ્યેયનિષ્ઠ સાથી-મિત્ર-રાહબર મળવાની અપેક્ષા પાંગરી હતી. એકંદરે, આવી વિશ્વબંધુતા જ વિશ્વશાન્તિની બાંયધરી આપી શકશે એવી શ્રદ્ધા જન્મી હતી.

આમ, ઇતિહાસમાં પ્રથમ વાર એક ભવ્ય માનવીય આદર્શ મૂર્તિમંત બનવાની શક્યતા પેદા કરનારી આ ક્રાન્તિએ એક બાજુ દુનિયાના શોષકો અને શાસકોમાં ભય અને હાઉ પેદા કર્યા; બીજી બાજુ, આ ક્રાન્તિની પ્રક્રિયાનાં વર્ષો (ખાસ કરીને ૧૯૦૩–૧૭) દરમ્યાન લેનિને અને અન્ય બૉલ્શેવિક નેતાઓએ જે નીતિરીતિઓ અખત્યાર કરી હતી એનાથી વાકેફ રહેલાઓના ચિત્તમાં — બૉલ્શેવિક આદર્શોની ભવ્યતા અને તેને માટેના પુરુષાર્થ પરત્વે સદ્‌ભાવ હોવા છતાં — અનેક પ્રકારે આશંકાઓ જાગી હતી. પરંતુ, વિશ્વની વિરાટ પ્રજાઓ કે જે સદીઓ થયાં, એક યા બીજા પ્રકારની ગુલામી, શોષણ અને દમનમાં દીનતાનું જીવન જીવી રહી હતી તેમના વિવિધ જાગ્રત સ્તરોમાં આ ક્રાન્તિએ અજબ અરમાનો જગાવી દીધાં હતાં — ખાસ કરીને એશિયાઈ પ્રજાઓના દિલમાં તો રાષ્ટ્રીય ચેતનાની આગબૂઝ ચિનગારી સમી ચમત્કારિક હલચલ ઊભી કરી દીધી હતી. . .

લેનિને આ આંતરરાષ્ટ્રીય ઉદ્રેકને આકાર આપવા 'સામ્યવાદી આંતરરાષ્ટ્રીય'(કૉમ્યુનિસ્ટ ઇન્ટરનૅશનલ : કૉમિન્ટર્ન)ની સ્થાપના કરી. ૧૯૧૯–૨૦થી તો આંતરરાષ્ટ્રીય સામ્યવાદી આંદોલનની વડવાઈઓ ફેલાવા લાગી. ૧૯૨૦માં મળેલી તેની બીજી બેઠકમાં હાજરી આપવા પશ્ચિમી સંસ્થાનવાદીઓની ભીંસમાં પડેલા કેટલાક દેશોમાંથી (ભારતના એમ.એન. રૉય સહિત) વિરલ ક્રાન્તિકારીઓ ભારે સાહસ ખેડીને છેક રશિયા સુધી જઈ પહોંચ્યા હતા. ૧૯૨૦થી ૧૯૨૪ સુધીની એની બેઠકો દરમ્યાનની ચર્ચાવિચારણામાં એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ હતી કે માર્કસે પ્રબોધેલી અને લેનિને વાંછેલી ઔદ્યોગિક કામદાર ક્રાન્તિની શક્યતા લાંબા ભાવિ સુધી તો નહીંવત્ બની છે. હવે તો, પશ્ચિમી સંસ્થાનોમાં સબડતી પ્રજાઓએ રાષ્ટ્રીય સ્વાધીનતા હાંસલ કરીને સમાજવાદની મજલ કાપતાં કાપતાં પશ્ચિમી રાષ્ટ્રોના શ્રમજીવીઓને નવેસરથી પ્રોત્સાહિત કરવાની વિશેષ શક્યતા છે. સ્વાધીનતા-તાના આ સંગ્રામોમાં કામદાર-કિસાનોનું નેતૃત્વ અથવા નિર્ણાયક હિસ્સો હોવો જરૂરી છે.

આંતરરાષ્ટ્રીય ક્રાન્તિચિંતનના ક્ષેત્રે આ એક નવો જ વળાંક હતો. આ દરમ્યાન, દુનિયાના અનેક દેશોમાં સામ્યવાદી જૂથો ઊભાં થઈ ચૂકયાં હતાં (આ જૂથો પાછળથી વ્યવસ્થિત પક્ષરૂપે સંગઠિત બન્યાં). અનેક દેશોમાં સામ્યવાદી પક્ષોએ રાષ્ટ્રીય મુક્તિના સંગ્રામમાં અગ્રણી ફાળો આપવાય માંડયો હતો; એમને કૉમિન્ટર્ન તરફથી માર્ગદર્શન અપાતું રહ્યું હતું.

ત્રીસીનાં વરસો દરમ્યાન મૂડીવાદી દેશોમાં ભયંકર આર્થિક કટોકટી આવી પડી. એનાથી સાંસ્થાનિક દેશો પર જબરજસ્ત ફટકો પડયો. ફાસીવાદ ને નાઝીવાદે માથું ઊંચકયું અને ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. સંસ્થાનવાદી સત્તાઓ યુદ્ધમાં સપડાતાં સાંસ્થાનિક પ્રજાઓની મુક્તિની એક નવી તક ઊભી થઈ. આ એક આખા દાયકા દરમ્યાન વિશ્વભરના બૌદ્ધિકો અને મધ્યમવર્ગોમાં માર્કસ્વાદી વિચારધારાનો પવન પુરજોશથી ફૂંકાતો રહ્યો. સાંસ્થાનિક દેશોમાં પણ એનો વ્યાપક પ્રભાવ પડયો. રશિયામાં સ્તાલિનના લોખંડી શાસન નીચે થઈ રહેલા પ્રયોગોની કેટલીક ક્ષતિઓ જાહેરમાં આવી હોવા છતાં, એકંદરે, યુગયુગનાં શોષણ, ગરીબી, બેકારી અને પછાતપણામાંથી બહાર આવવા માટેના એક નૂતન પુરુષાર્થ લેખે સહુ પ્રગતિશીલો માર્ગદર્શન માટે હજી સોવિયેત તરફ આંખ માંડી રહ્યા હતા.

આ સ્વાભાવિક હતું. પરંતુ ૧૯૩૪ પછી સ્તાલિને એના દેશમાં ભયંકર અત્યાચારી અમલ શરૂ કર્યો હતો અને યુદ્ધ પૂરું થયા બાદ અગાઉનાં વર્ષોથીય વધુ ઘાતકી રાહ અખત્યાર કર્યો હતો. સોવિયેતના આંતરિક શાસન અંગેના આ પ્રકારના જે કંઈ સમાચારો આ ગાળામાં પ્રગટ થયા તેણે અસંખ્ય બૌદ્ધિકો અને અગ્રણીઓની શ્રદ્ધા પર ભારે ઘા કર્યો. સૌથી ભયાનક તો એ બન્યું કે સોવિયેત રશિયાએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, કૉમિન્ટર્નના નામે, સાંસ્થાનિક પ્રજાઓની રાષ્ટ્રીય સ્વાધીનતાની લડતો અંગે દૂષિત દોરવણી આપી. એ દોરવણીમાં અનેક ક્ષતિઓ હતી એ તો ઠીક; પરંતુ તેની પાછળ બદદાનત રહેલી હતી. આ માર્ગદર્શન એ પ્રજાઓનાં રાષ્ટ્રીય હિતોને અનુરૂપ થવાને બદલે, અનેક વેળાએ તેનાથી સાવ વિરુદ્ધ હતું. એનું કારણ એક જ હતું : સોવિયેત શાસકોને હૈયે આંતરરાષ્ટ્રીય બિરાદરીને બદલે નૂતન આંતરરાષ્ટ્રીય સંસ્થાનવાદનો અભરખો જોર કરી રહ્યો હતો. એટલે એમણે પોતાના વિસ્તારવાદી વ્યૂહના સોગઠા તરીકે જે તે દેશના સામ્યવાદી પક્ષનો સીધો ઉપયોગ કરીને તે દેશની રાષ્ટ્રીય જાગૃતિ અને લડતોનો પોતાના સત્તાપ્રભાવના વિસ્તાર માટે ઉપયોગ કરવા માંડયો. એટલું જ નહીં પણ સાંસ્થાનિક દેશોનાં મધ્યયુગી અને આપખુદ પરિબળો — શાસકો, પક્ષો, જૂથો, વ્યક્તિઓ, સૈન્યોનો — ઉપયોગ સામ-દામ-દંડ-ભેદ દ્વારા કરીને એમણે પોતાની વિસ્તારલાલસા પોષી.

પશ્ચિમી સામ્રાજ્યવાદીઓની હીન કારવાઈઓથી ત્રાસી ઊઠેલી પ્રજાઓ પોતાની રાષ્ટ્રીય મુક્તિ અને મુક્તિ બાદ પ્રગતિ-આબાદી માટે જે મહાન આદર્શ (માર્કસ્વાદ) અને ભવ્ય પ્રયોગ (સોવિયેત રશિયા) પ્રતિ શ્રદ્ધાથી ઝુકેલી, એમને માટે આ આખો વ્યવહાર આઘાતજનક બની રહ્યો. પશ્ચિમી સત્તાઓ સામેનો ન્યાયી ધ્યેયનિષ્ઠ વિકલ્પ મિથ્યા 'મિથ' પુરવાર થયો.

અહીં આ કરુણ ઇતિહાસનાં કેટલાંક પાસાં રજૂ કર્યાં છે.

૨. વ્યૂહ

'સ્તાલિને ઈરાન અને તુર્કી સાથેના સંબંધો બગાડ્યા હતા. હવે અમે (નવા નેતાઓ) અન્ય દેશોના પૂર્ણ સાર્વભૌમત્વના સન્માનની લેનિન-નીતિ તરફ પાછા ફરીએ છીએ.'

— ૧૯૫૫ના આરંભમાં વડા પ્રધાન બુલ્ગાનિને ઈરાન અને તુર્કીના પ્રતિનિધિઓ સમક્ષ ઉપર મુજબ આશ્વાસન ઉચ્ચાર્યું હતું. ખ્રુશ્ચૉફે પણ બગડેલા સંબંધોમાં પોતાના દેશની ક્ષતિઓનો એકરાર કર્યો હતો.

સ્તાલિન-યુગની આ ક્ષતિઓ શું કોઈ છૂટુંછવાયું સ્ખલન હતું? ના, એ તો એક સળંગ વિદેશનીતિની એક અતૂટ કડી હતી. . . .

૧૯૩૯માં હિટલરે યુરોપમાં યુદ્ધનો આરંભ કર્યો કે તરત જ સ્તાલિનને હૈયે પોતાના દેશની સરહદોની સલામતી અંગે અગાઉ કરતાંય વધારે ચિંતા જાગી. એણે કાળા સમુદ્ર અને ભૂમધ્ય સુધીની ભૂશિરોમાં વિશિષ્ટ હકો અને અધિકારો માટે તુર્કી પર દબાણ આણ્યું, પરંતુ કંઈ ઊપજ્યું નહીં. આથી ૧૯૪૦ના નવેમ્બરમાં મોલોતોવે જર્મની જઈ હિટલર અને રિબેનટ્રોપ સાથે જ કરાર કર્યા, જેમાંના કેટલાક ગુપ્ત કરાર હતા. તે મુજબ રશિયા ઈરાનના અખાત અને અરબી સમુદ્ર તરફ પોતાનો પ્રભાવ વિસ્તારે અને હિટલર યુરોપ પરની પકડ આગળ વધારે એવી સંમતિ સધાઈ હતી. બાદ, બાટુમ અને બાકુની દક્ષિણે ઈરાક, ઈરાન, તુર્કીનો અમુક ભાગ તથા સીરિયા ઉપરાંત લેબેનોન, જૉર્ડન અને સાઉદી અરેબિયા પોતાના વર્ચસ નીચે આવી શકે, અને બોસ્પોરસ તથા ડાર્ડેનલ્સમાં પોતાનાં ફોજી મથકો ઊભાં કરી શકે તેવી વધારાની માગણી સ્તાલિને પેશ કરી હતી. પરંતુ યુદ્ધનો રાહ બદલાયો. હિટલરે પોતે જ રશિયાને શિકાર બનાવ્યું. વિજય બાદ (૧૯૪૫) સ્તાલિનની હિમત ઘણી વધી ગઈ હતી. અગાઉના કરતાં વધુ લાલસા જાગી હતી. હવે એ સારી પેઠે અમલી બનાવવાની શકયતા પણ તેને દેખાઈ હતી. વિજેતા તરીકે તેણે તુર્કી, ઈરાન તથા અમુક પ્રદેશો ઉપર પ્રભાવ-અધિકારનો તથા કેટલાક પ્રદેશોમાં ફોજી અને વ્યાપારી મથકો માટેનો હકદાવો કર્યો. આ પ્રદેશો એટલે સાડા ચાર કરોડની વસ્તીવાળા પ્રદેશો!

સ્તાલિનની માગણી ભલે પૂરી સંતોષાઈ ન હોય. પરંતુ, પોતાના ઉપરનું આક્રમણ ટાળવાના હેતુથી સ્તાલિને હિટલર સાથે સમાધાન કરીને ઈસ્ટોનિયા, લેટવિયા, લિથુઆનિયા તો કબજે કરી લીધાં હતાં જ (૧૯૪૦); યુદ્ધ દરમ્યાન અને બાદ બાલ્કનના બીજા પ્રદેશો ઉપર રીતસર કબજો અને પૂર્ણ પ્રભાવ જમાવ્યો હતો, જેની વસ્તી ૨ કરોડ ૪૦ લાખ જેટલી તો હતી જ.

તુર્કી હસ્તકની કાળા સમુદ્રની ભૂશિરો સોવિયેત અને તુર્કીની સહિયારી માલિકીની બને એવી માગણી તેણે કરી (૧૯૪૦માં હિટલર સાથેના છૂપા કરારમાં આ વાત સ્વીકારાઈ હતી).

રશિયાના કૉકેસસને અડોઅડ આવેલું તુર્કી, જે ઘણા પ્રયાસો છતાં દબાયું ન હતું એને દબાવવાનો નવો અવસર સ્તાલિનને દેખાયો. તેના કાર્સ અને આર્દહાન પ્રદેશ (અગાઉ ઝારશાહી રશિયાના તાબે, ૧૮૭૮માં તુર્કીને તાબે, બાદ ઝારને તાબે, વળી પ્રથમ વિશ્વયુદ્ધ બાદ તુર્કીને તાબે) તેણે પાછા માગ્યા. એ જ રીતે, કાળા સમુદ્રના કિનારાથી ઈરાક–ઈરાન તરફનો પ્રદેશ પુરાણા જમાનામાં જૉર્જિયાને તાબે હતો તેય પાછો મેળવવાનો તુક્કો ઉપાડ્યો. તુર્કીના આઠ પ્રદેશો (તુર્કીનો પાંચમો ભાગ) ઉપરની આ માગણીને જૉર્જિયન પ્રજાને નામે સોવિયેત રાજ્યના અધિકૃત પત્ર 'પ્રાવદા'એ આગળ ધરી. તે જ રીતે આર્મીનિયા(સોવિયેત પ્રદેશ)ને પૂર્વ તુર્કીનો પ્રદેશ સોંપી

દેવાનીય જેહાદ ઉપાડી. ટૂંકમાં, તુર્કી છિન્ન-વિભિન્ન થઈ જતું હતું — ખંડિત તુર્કીએ સોવિયેતની તાબેદારીમાં જીવવું પડે! સામ્યવાદી રૂસના સામ્રાજ્યના સ્વપ્નદ્રષ્ટાની આ બધી મહેચ્છાઓ હતી.

પશ્ચિમી સત્તાઓ સામે પોતાનો આ કેસ રજૂ કરતાં મોલોતોવે કહ્યું: 'સોવિયેત સંઘને છાજે એવો વાજબી ભાગ મળવો જોઈએ . . .' અમેરિકાના પ્રતિનિધિ જૉન ફોસ્ટર ડલેસે સામો સવાલ પૂછ્યો (એપ્રિલ ૧૯૪૯): 'સોવિયેત સંઘે યુદ્ધ દરમ્યાન જે પ્રદેશો કબજામાં લઈ લીધા છે એને અંગે તમે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા પાસે કેસ કયારે રજૂ કરનાર છો?'

— બન્નેએ ખંધું મૌન જાળવ્યું!

કાસ્પિયન સમુદ્રની છેક દક્ષિણે આવેલા ઈરાન પર તો સોવિયેત શાસકોએ વિશેષ અધિકાર લેખ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેના ઉત્તર પ્રદેશમાં પહોંચી ગયેલી સોવિયેત સેનાએ ૧૯૪૨-ના જાન્યુઆરીમાં જ પાછા ફરી જવાનું હતું. પરંતુ સોવિયેતની દાનત એટલો પ્રદેશ ઓહિયાં કરી જવાની હોઈને કરારનો અમલ ન થયો. એટલું જ નહીં, જાફર પિશેવરી નામના સામ્યવાદી આગેવાને એ પ્રદેશ કબજે કરી લઈને સોવિયેતની સુરક્ષા નીચે 'તબ્રીઝ'માં સરકાર પણ સ્થાપી દીધી, અને સોવિયેતે ઈરાનને તેનાં સૈન્ય ઉત્તરમાં મોકલતાં રોકયું. આ કટોકટીનો લાભ લઈને ઈરાનના બીજા ઉત્તરી પ્રદેશ કુર્દિસ્તાનમાં એક નવી સોવિયેત-પરસ્ત સરકારની સ્થાપના થઈ ગઈ. આમ, તુર્કી અને ઈરાન વચ્ચે સોવિયેતે ફાચર મારી દીધી. અંતે, ભારે દબાણ નીચે પાછા ફરતાં ફરતાંય સ્તાલિને આ પ્રદેશની અંદર સોવિયેત-ઈરાની ઑઈલ કંપની સહિયારી ભાગીદારીમાં ઊભી કરવાનું ઈરાની શાહ પાસે કબૂલ કરાવી લીધું (જોકે પાછળથી ઈરાને એ વચન ફોક કર્યું).

ગમે તેમ પણ આ આખો વ્યૂહ ધાર્યા મુજબ પાર ન પડયો. બ્રિટિશ અને અમેરિકી સત્તા-ઓએ બિલકુલ જ મચક ન આપી. બીજી બાજુ ૧૯૫૨માં તુર્કી અને ગ્રીસ પશ્ચિમી છત્રછાયા સમા આટલાંટિક કરારમાં જોડાઈ ગયાં; અને સ્તાલિનની દાદાગીરીથી ત્રાસેલા સામ્યવાદી યુગોસ્લા-વિયાએ પણ સામ્યવાદના આ બે દુશ્મનો (તુર્કી અને ઈરાન) સાથે મળીને નવું જોડાણ સાધ્યું (૧૯૫૩માં બાલ્કન સન્ધિ, ૧૯૫૪માં બાલ્કન એલાયન્સ).

૧૯૫૧થી ૧૯૫૪નાં આ વરસો દરમ્યાન સોવિયેત નેતાઓ અને અખબારોએ તેમની વિસ્તાર-વાદી નીતિને આગળ ધપાવવામાં સરહદ ઉપરના બાલ્કન અને ભૂમધ્યના પ્રદેશોને હૈયે જીવલેણ ભય પેદા કરી દીધો હતો. પરિણામે ઊલટું જ બન્યું. સામ્યવાદના દુશ્મનોને ભાવતું'તું ને વૈદે કહ્યા જેવું થયું. બ્રિટનની આગેવાનીમાં ૧૯૫૫માં 'બગદાદ કરાર' થયો, જેમાં તુર્કી, ઈરાન, ઈરાક અને પાકિસ્તાન જોડાયાં.

આપણે જોઈ ગયા કે ખ્રુશ્ચૉફે વ્યક્ત કરેલી 'ક્ષતિ' સ્તાલિનની સામ્રાજ્યશાહી વિસ્તારવાદી નીતિ સાથે સળંગ જોડાયેલી હતી. એટલું જ નહીં, યુદ્ધ દરમ્યાન (૧૯૪૦) તેણે સામ્યવાદના સૌથી વધુ કટ્ટર દુશ્મન ગણાતા નાઝીવાદી હિટલર સાથે ગુપ્ત કરારો કરીને પોતાની પ્રદેશભૂખ પોષી હતી અને યુદ્ધ બાદ પશ્ચિમી શાહીવાદી ગણાતી સત્તાઓ સાથે સમજૂતી કરીને એ ભૂખ સંતોષી હતી. પરંતુ આ પછી મોલોતોવ અને ખ્રુશ્ચૉફની નીતિ કેવી રહી તે જોઈએ.

સોવિયેતના નવા શાસકોએ તુર્કીને પોતાના શુદ્ધ ઈરાદાની ખોળાધરી ફરી ફરીને આપી. પરંતુ તેમાંય દિલચોરી હતી. ૧૯૩૬ના મોન્ટ્રેયુકસ કન્વેન્શન અનુસારની ભૂશિરો વિશેની શરતોના પાલન

અંગે તેમણે કશી સ્પષ્ટતા કરી ન હતી. એમને તો કોઈ પણ રીતે તુર્કીને 'નાટો'ના પશ્ચિમી સંઘમાંથી છોડાવી 'સોવિયેત-તુર્કી-ઍલાયન્સ' દ્વારા પશ્ચિમ સામેના પોતાના હથિયાર તરીકે વાપરવું હતું. પરંતુ આ પ્રકારનું દબાણ વધે તે પૂર્વે તો અમેરિકી અને બ્રિટિશ યુદ્ધજહાજો તુર્કીના જળ-વિસ્તારમાં ફરતાં થઈ ગયાં. સોવિયેતે ધૂંવાંપૂવાં થઈને કડક વિરોધ નોંધાવીને વળી પાછું તુર્કીને છંછેડયું. તુર્કીએ બીજાના સાર્વભૌમત્વમાં દખલ ન કરવા સોવિયેતને પરખાવી દીધું.

આ પછી બલ્ગેરિયા અને રુમાનિયા સોવિયેતની છત્રછાયામાં દાખલ થઈ જતાં તુર્કી વધુ ભયભીત બન્યું અને પશ્ચિમની પાંખમાં વધુ ભરાઈ બેઠું. પશ્ચિમનાં ફોજી મથકો પોતાને ત્યાં સ્થપાવા દઈને તેણે 'સલામતી'નો શ્વાસ ખેંચ્યો. અલબત્ત, સોવિયેતે એ પછી નમતું જોખીને તુર્કી સાથે સમાધાનભર્યા કરાર કર્યા અને બાલ્કન એલાયન્સનો અંત આવ્યો.

આ અરસામાં યુગોસ્લાવિયાને પોતાની છાવણીમાં પાછું ખેંચવા પડોશી સોવિયેતનાં દળો યુગોસ્લાવિયાની સરહદે સશસ્ત્ર અથડામણો ઊભી કરતાં રહ્યાં. ત્યારે ટીટોએ છંછેડાઈને કશા સંકોચ વિના જાહેર કર્યું કે—

> અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને બીજા પશ્ચિમી દેશો સાથેનો અમારો સંબંધ બદલાશે નહીં. . . . સોવિયેત સંઘ ગમે તેટલી વાતો કરે પણ એની નેમ છોડી દેશે એવું હું માની શકતો નથી કેમ કે — જે મહાન દેશે બીજા વિશ્વયુદ્ધથી સંપૂર્ણ શાહીવાદી રાહ અપનાવી લીધો છે એ કંઈ સહેલાઈથી છોડી શકશે નહીં — જ્યાં લગી એ દેશ બળને જ આખરી નિર્ણાયક પરિબળ માને છે ત્યાં લગી તો નહીં જ.

આ બધા છતાં, સોવિયેત રશિયાના શાસકો પોતાનો વ્યૂહ પાર પાડવા કૃતનિશ્ચય હતા. લેનિને ૧૯૧૭ની ક્રાન્તિ બાદ 'સામ્યવાદી આંતરરાષ્ટ્રીય' (કૉમ્યુનિસ્ટ ઇન્ટરનૅશનલ) સંસ્થા ઊભી કરી હતી. દુનિયાના પછાત ગણાતા એશિયા અને આફ્રિકાના દેશોમાં પણ તેની શાખાઓ પેદા થઈ ગઈ હતી. સ્તાલિનના મૃત્યુ બાદ તેના ઉત્તરાધિકારી શાસકોએ જે-તે દેશને પોતાના વર્ચસ નીચે આણવા તે-તે દેશના સ્થાનિક અને પડોશી સામ્યવાદી પક્ષોને પોતાનું મુખ્ય સાધન બનાવ્યું. આ ઉપરાંત તેમનું બીજું સાધન તે આર્થિક સહાય (એઇડ), અને ત્રીજું સાધન તે વ્યાપારી સહયોગ (ટ્રેડ).

પ્રથમ આપણે એ જોઈએ કે બહારની એક સત્તા (સોવિયેત રશિયા) મહાસત્તા બનવા માટે પોતાના 'વફાદારો' દ્વારા સ્વતંત્ર રાષ્ટ્રોના આંતરિક વ્યવહારમાં કેવી ઊથલપાથલો પેદા કરતી રહી છે; અને પરિણામે, તે તે દેશની સ્થિરતા અને સ્વતંત્રતા — સાર્વભૌમત્વ સુધ્ધાં — કેવી રીતે અને કેટલી હદે ભયમાં મુકાયાં છે.

ઈરાન

ઈરાન માટે તો બહુબળિયા સોવિયેતનો પડોશ જ ભારે ભયરૂપ હતો. સ્તાલિનના મૃત્યુ પણ એને કળ વળી ન હતી. અલબત્ત, ઈરાનના રાષ્ટ્રીય નેતા મોહમ્મદ મોસાદ્દીકે
દરમ્યાન પણ ભારે હિંમત-હોશિયારીથી સોવિયેતના દાવ પાછા પાડ્યા હતા.
તેણે વડા પ્રધાનના હોદ્દા પરથી બ્રિટિશ દમન સામે મોરચો માંડ્યો હતો. એનો

સામ્યવાદીઓએ અને સોવિયેત રશિયાએ ઉઠાવ્યો હતો. વળી મોસાદ્દીકનો સાથી વિદેશમંત્રી હુસેન ફતેમી પોતે સત્તાના સિંહાસને ચડવાની ગણતરીએ સામ્યવાદ અને રશિયા તરફ ઢળ્યો હતો. તેણે લશ્કર અને પોલીસમાં અનેક સામ્યવાદીઓને ઊંચાં સ્થાનો પર નીમ્યા હતા. આથી સોવિયેત રશિયા સીધી સામ્યવાદી સરકાર રચવાનું સમાણું જોઈ રહ્યું હતું. ત્યાં વળી એંગ્લો-ઈરાનિયન ઑઈલ કંપની સામેની લડતે જબરો આકાર લીધો હતો. બ્રિટન નબળું પડયું હતું. બીજી બાજુ, સામ્યવાદી પક્ષ રાષ્ટ્રવાદી આંદોલનનો અગ્રણી બની રહ્યો હતો.

૧૯૫૩માં સોવિયેત સાથેનો પચીસ વર્ષનો મત્સ્યોદ્યોગ અંગેનો કરાર પૂરો થતો હતો. રાષ્ટ્રવાદીઓમાંથી એક સૂર એવોય ઊઠ્યો કે 'બ્રિટિશ હિતો' નહીં તેમ 'રૂસી હિતો' પણ નહીં. સોવિયેત સરકારના અધિકૃત પત્ર 'પ્રાવદા'એ ટીકા કરતાં સુફિયાણી વાતો કરી: 'બદનામ બ્રિટિશરો સાથે સોવિયેતની સરખામણી જ કેમ થઈ શકે? પેલા તો શાહીવાદીઓ છે, અમારી સાથેના સંબંધો જુદા જ પ્રકારના હોઈ શકે . . .'

આ જોરદાર શબ્દોની પાછળ પૂરી ગણતરી હતી: ઈરાની સામ્યવાદીઓ સત્તા કબજે કરી શકે એવી સ્થિતિમાં છે. તેમનું સંગઠન ભૂગર્ભ હોવા છતાં તેમાં ભારે શિસ્તબદ્ધ ૧૫થી ૨૦ હજાર સભ્યો છે. અનેક વૃત્તપત્રો તેઓ પ્રગટ કરી રહ્યા છે. 'લોકશાહી' યુવાનો અને 'લોકશાહી' મહિલા-ઓનાં સંગઠનો દ્વારા જાહેર પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે. ટ્રેડ યુનિયનો શક્તિશાળી બન્યાં છે. એટલું જ નહીં, સરકારી અને લશ્કરી અમલદારોમાં, પોલીસ, જેલો અને કોર્ટોમાં સુધ્ધાં ખાસી એવી ઘૂસણખોરી થઈ ચૂકી છે; અને શસ્ત્રોમાંય નાનાં નાનાં કારખાનાં પણ ગુપ્ત રીતે કામ આપતાં થયાં છે. વળી, ૧૯૪૯–૫૦માં છટકી ગયેલા અડધોએક ડઝન આગેવાનો તો મૉસ્કોમાં રહીને જ સંચા-લન કરે છે. તેમની ગુપ્ત આવજા ચાલુ છે. વળી, 'ઈરાન-સોવિયેત સાંસ્કૃતિક સમાજ' વચલી કડી તરીકે આબાદ કામ કરી રહ્યો છે. એટલું જ નહીં, સોવિયેત રાજદૂતની કચેરી (ઍમ્બસી) પોતે જ આ ગુપ્ત કારવાઈમાં કડી તરીકે કામ આપે છે. તેની દ્વારા દર મહિને એક લાખ ડૉલર જેવી ગંજાવર રકમ અને બીજી જરૂરી સહાય અપાઈ રહી છે. આમ, સોવિયેતના નકશા અનુસાર ક્રાન્તિ આગળ વધી રહી છે ત્યારે નમતું જોખવાની શી જરૂર?

૧૯૫૩ના ઉનાળામાં ક્રાન્તિની પહેલી જ્વાળા દેખાઈ, પરંતુ એ તો રાષ્ટ્રવાદી નેતા મોસાદ્દીકે પશ્ચિમી સત્તાઓ અને ઈરાનના શાહ સામે કરેલી બૂઝ્વા (મૂડીવાદી) ક્રાન્તિ હતી. છતાં સામ્યવાદી-ઓએ એને સાથ આપ્યો. રાષ્ટ્રવાદીઓ અને સામ્યવાદીઓ એક મોરચે થયા. એમની પાછળ રશિયા હતું. સામે મોરચે રાજાશાહી અને વફાદાર દરબારો – અમલદારો હતા, પાછળ અમેરિકા હતું. પરંતુ, રાષ્ટ્રવાદીઓ અને સામ્યવાદીઓની નેમ જુદી છે, એ જોનારા સમજનારા મોસાદ્દીકે સામ્યવાદીઓ સામે ફૂંફાડો માર્યો, પોલીસની મદદ લઈ તેમને દબાવવા પ્રયાસ કર્યો. પરંતુ એના હાથ હેઠા પડયા. પગ નીચેથી ધરતી ખસી જતી દેખાઈ. સામ્યવાદીઓનો સિતારો ઊંચો ચડતો દેખાયો. ક્રાન્તિ પાકી ગયેલી જણાઈ. તેમણે કશી જ ભાંગફોડ ન થાય, લાંબો આંતરવિગ્રહ ન ચાલે, એ હેતુથી મોસાદ્દીકનો તત્કાળ ઉપયોગ કરી લેવાની (તત્કાલ પ્રમુખપદે સ્થાપીને પાછળથી પક્ષના મહામંત્રી ડૉ. રદમનેશને એ સ્થાને લાવવાની) નીતિ અખત્યાર કરી. બધું તૈયાર હતું: ક્રાન્તિ બારણે ઊભી હતી!

ત્યારે, સોવિયેત રૂસમાં જ દ્વિધા પેદા થઈ. માલેન્કોવ-ખ્રુશ્ચૉફ શાસન હજી નવુંસવું હતું. એમનું પોતાનું રાષ્ટ્રીય હિત આંતરરાષ્ટ્રીય સંબંધો સલૂકાઈભર્યા બનાવવામાં હતું. હજી હમણાં તુર્કી સાથે જેમતેમ સમાધાન કર્યું હતું. ત્યાં તેના સાખપડોશી ઈરાનમાં ધડાકો કરીને એને ચોંકાવી—ગભરાવી મૂકવું યોગ્ય ન હતું. પશ્ચિમ સાથેય નવા સંબંધો શરૂ કર્યા હતા ત્યાં આ ધડાકાથી દીવાસળી ચાંપવી ન હતી! આથી નિર્ણાયક ઘડીએ પૂરતાં શસ્ત્રો પૂરાં પાડવામાં ઢીલ કરી. . . . બીજી બાજુ, અમેરિકાએ પરિસ્થિતિ કળી જઈને સોવિયેતને જંગની ધમકી આપી દીધી. ઘડીમાં બધું શાંત પડી ગયું. પરંતુ હૈયાફૂટા અમેરિકી પ્રમુખ આઈઝનહોવરે મોસાદ્દીકના સામ્યવાદી વલણને દાઢમાં રાખીને કશી મદદ કરવાનો ઇનકાર કર્યો (જૂન ૨૬, ૧૯૫૩). પ્રજાની હતાશામાંથી અમેરિકા વિરોધી રોષ ફાટી નીકળ્યો. સોવિયેત-ઈરાન વેપારી કરારને આવકાર મળ્યો. માલેન્કોવે '૩૫ વરસ થયાં સોવિયેત સંઘ અને ઈરાન પરસ્પરની મૈત્રી માટે ઝૂરે છે,' કહીને દંભ કર્યો અને ઉમેર્યું કે 'હાલમાં સરહદોના સવાલો અને નાણાકીય દાવા અંગે વાટાઘાટો થઈ રહી છે. સોવિયેતનો હેતુ એક જ હતો: ઈરાન પશ્ચિમ સાથેના બધા સંબંધો કાપી નાખે . . .'

ઈરાનનો શાહ આ બધી ઘટનાઓથી ગભરાઈ ગયો અને મોસાદ્દીકથી તંગ આવી ગયો. એણે મોસાદ્દીકને હઠાવી જનરલ ફઝલોલ્લાહ ઝહેદીના હાથમાં સત્તા સોંપી; પરંતુ મોસાદ્દીક માથાનો નીકળ્યો. શાહને નમવું પડ્યું, ઈરાન છોડીને ભાગવું પડ્યું. વિદેશ પ્રધાન ફતેમીએ શાહને દગાખોર જાહેર કર્યો. કાવતરાના મૂળમાં અમેરિકા છે એવો પવન વાયો અને પાછી જ્વાળા ભભૂકી ઊઠી! વળી પાછી સોવિયેત તરફી ક્રાન્તિ માટે ભૂમિકા ઊભી થઈ . . . 'પ્રાવદા'એ એમાં બળતણ ઉમેર્યું: 'અમેરિકી કાવતરાંખોરોને—અમેરિકી જાસૂસોને —હાંકી કાઢો . . . જનતા અમર રહો' . . . (ઑગસ્ટ ૧૯, ૧૯૫૩).

સોવિયેત સમયસર પૂરતા પ્રમાણમાં વહારે ધાશે કે કેમ એ ભયે સામ્યવાદી સંગઠન (તુદેહ) દ્વિધામાં હતું. એક આખો દિવસ ઈરાનની પાટનગરી વિદ્રોહીઓની હથેળીમાં રહી. તુદેહના હાથમાં લગામ રહી, પરંતુ હજી મૉસ્કોથી સત્તા કબજે કરવાનો આદેશ આવ્યો ન હતો,—અને આવ્યો ત્યારે 'મનાઈ'નો જ હુકમ હતો.

જ્વાળ ઓસરવા માંડ્યો ને જનરલ ઝહેદીએ લશ્કર અને સામ્યવાદનાં વિરોધી જૂથોના જોરે ક્રાન્તિ દબાવી દીધી. મોસાદ્દીકને જેલમાં નાખ્યો. ફતેમીને ફાંસીએ લટકાવ્યો. શાહ રોમથી પાછો આવ્યો. અમેરિકાની મદદ અને બ્રિટનની ઓથમાં જનરલ ઝહેદીએ શાસન સંભાળ્યું.

સોવિયેત રૂસની સત્તાએ ક્રાન્તિને કચડી નાખનાર જનરલ ઝહેદીની શાહપરસ્ત સરકાર સાથે હાથ મિલાવ્યા—વેપારી કરાર કરીને ક્રાન્તિની રાખને ઠંડા પાણીએ રગદોળી (સપ્ટેમ્બર ૧૯૫૩)! ૧૯૫૪ના અંતે સોવિયેતે થોડીક ભૂમિના બદલામાં ઈરાનને અબજો રૂપિયાનું સોનું (અમેરિકી સાડા બાર ટન) અને સાડી છયાસી કરોડ રૂપિયાનો માલ આપીને ઈરાનને રીઝવી લીધું.

૧૯૫૫ના ઑક્ટોબરમાં ઈરાનના શાહે સોવિયેતને બરાબર લપડાક મારી. ઈરાનની સેનેટમાં તેણે જાહેર કર્યું: 'ઈરાનની તટસ્થતા વંધ્ય છે અને જોખમી છે . . . માટે ઈરાને બગદાદ કરારમાં જોડાવાનો નિર્ણય કર્યો છે.' સોવિયેતે ઈરાનની સરકાર પરના પત્રમાં અમેરિકા સામે ગુસ્સો ઠાલવીને મન વાળ્યું.

સીરિયા : લેબેનોન

ફ્રેન્ચોને હસ્તક પડેલું સીરિયા ૧૯૪૬માં બીજા વિશ્વયુદ્ધના અંતે મુક્ત થયું. માર્ક્સવાદના માનવીય આદર્શોથી આકર્ષાયેલ સ્વપ્નદૃષ્ટાઓએ માર્કર્સ, જિસસ અને મહમ્મદના આદર્શોની મૂળભૂત એકતાની ભાવનાનો પુરસ્કાર કરતું અખબાર શરૂ કર્યું. તેમાં વર્ગવિહીન સમાજનું સ્વપ્ન સાકાર કરવાની ખેવના હતી. એ સૌ જમીનની સાર્વજનિક માલિકી તથા શ્રમજીવીઓના અધિકારોના કાર્યક્રમના હામી હતા. જોકે તેઓ માર્કર્સ અને રશિયાની ટીકા પણ કરતા.

આ વિકાસની પાછળ લોકજાગૃતિનો ઇતિહાસ હતો. ૧૯૨૩માં મે દિનની ઉજવણી દ્વારા આદર્શવાદી જૂથો ઇસ્કન્દર અલરિયાશી અને યુસુફ ઇબ્રાહીમ યઝબાકની સરદારી નીચે આગળ આવી ચૂક્યાં હતાં. ત્યાં ઇજિપ્તના ટ્રેડ યુનિયન (બૉલ્શેવિક) નેતા ફૌદ-અશ-શિયાલી સાથે એમનો સંપર્ક થયો. લેબેનોનમાં સામ્યવાદી સંગઠનનો પાયો નંખાયો (ત્યારે એ પ્રદેશ સીરિયાનો ભાગ હતો). ૧૯૨૫ સુધીમાં તેણે ટ્રેડ યુનિયનો દ્વારા કામદારો ઉપર પકડ જમાવી લીધી અને જુદાં જુદાં સામ્યવાદી જૂથોનું 'સીરિયા-લેબેનોન કૉમ્યુનિસ્ટ પાર્ટી' રૂપે એકીકરણ થયું. ફ્રેન્ચ શાસકો અને ફ્રેન્ચ ઉદ્યોગ-કારખાનાંના માલિકો માટે આ પાયાનો પડકાર હતો. ત્યાં વળી, ફ્રેન્ચોના શાસન સામે જ બંડ જાગ્યું. સામ્યવાદીઓ તેમાં ખુલ્લી રીતે સંડોવાયા ન હતા. પણ ફ્રેન્ચોએ તેમના પક્ષને ગેરકાયદે જાહેર કરી નેતાઓને પકડી લીધા. ૧૯૨૮માં વળી પાછા ગેરકાનૂની રીતે સંગઠિત બનેલા આ પક્ષે મૉસ્કોસંચાલિત આંતરરાષ્ટ્રીય કૉમ્યુનિસ્ટ આંદોલન (કૉમિન્ટર્ન) સાથે જોડાણ કરીને એક નવી જ પરિસ્થિતિ પેદા કરી. આખા અરબ પ્રદેશના સામ્યવાદી આંદોલનની બાગડોર હવે તેની પાસે આવી. (તેમાંથી 'પાન-અરબ'—બૃહદ અરબનું ઉગ્ર રાષ્ટ્રવાદી સૂત્ર જોર કરવાનું હતું.) તેની રાહબરીમાં સ્થાનિક સામ્યવાદી આંદોલને 'કામદાર-કિસાન-સરકાર'ની સ્થાપનાનો અને તે માટે મધ્યમ વર્ગ સહિતનાં તમામ જૂથોનો સાથ લેવાનો નિર્ધાર જાહેર કર્યો. પરંતુ ૧૯૩૨–૩૩નાં વરસોમાં એક તરવરિયા તેજસ્વી યુવાન નેતા ખલિદ બકદાશે નેતૃત્વ હાથમાં લીધું અને ફ્રેન્ચો સામે રાષ્ટ્રીય આઝાદી માટે લડી રહેલા 'નૅશનલ બ્લૉક'ની રાષ્ટ્રીય નેતાગીરીને હડધૂતી કાઢી, ધર્મનિય ધુત્કારી નાખીને આખા સમાજને આઘાત આપવાની હિંમત કરી. આ એકાંતિક વલણ, અલબત્ત, પક્ષને પ્રજાના વિશાળ સ્તરથી અલગ પાડી દે એવું હતું. પરંતુ ૧૯૩૬માં હિટલરના આક્રમક નાઝીવાદના ઉદય સામે ફ્રાન્સમાં બ્લુમ્વ્ર્વા નેતા બ્લુમ સાથે ત્યાંના સામ્યવાદી પક્ષે સહકાર કરીને 'પૉપ્યુલર ફ્રન્ટ—સરકાર'ની સ્થાપના કરી. પરિણામે સીરિયા-લેબેનોનમાંના ફ્રેન્ચ વહીવટદારોનું સામ્યવાદીઓ પ્રત્યેનું વલણ કૂંળું બન્યું, અને સામ્યવાદીઓએ પણ તેમની ચાલ એકાએક બદલી નાખી. સંસ્થાનવાદી ફ્રાન્સને ૧૭૮૯ના ક્રાન્તિકારી ફ્રાન્સ તરીકે બિરદાવવા માંડયું ! 'ફાસીવાદ વિરોધી લીગ' ઊભી કરી (૧૯૩૮), એમાં અરબ દુનિયાના ખ્યાતનામ અગ્રણીઓને —બૌદ્ધિકોને —આગળ બેસાડીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી. આ તકનો લાભ લઈ પક્ષ ગ્રામ-વિસ્તારમાં પહોંચી ગયો. પક્ષની સભ્ય સંખ્યા ૨૦૦(૧૯૩૬)માંથી ૨,૦૦૦ જેટલી થઈ ચૂકી (૧૯૩૯). દુર્ભાગ્યની વાત તો એ બની કે સામ્યવાદીઓની મોટી સંખ્યા છતાં ફ્રેન્ચ પાર્લમેન્ટે સીરિયા-લેબેનોનની સ્વાધીનતાનો ઇનકાર કર્યો અને ઍલેક્ઝાન્ડ્રિયાનો પ્રદેશ તુર્કીને સુપરત કરી દીધો. આ પગલાંના વિરોધમાં જ્યારે રાષ્ટ્રીય લાગણી ફ્રેન્ચો સામે પ્રજ્વળી ઊઠી ત્યારેય સ્થાનિક સામ્યવાદીઓ તો સહકારનું ગાણું જ

ગાતા રહ્યા! વાત સાફ હતી: સોવિયેતની નીતિમાં ફેર ન થાય ત્યાં સુધી ફ્રેન્ચ સામ્યવાદી પક્ષથી ચૂં કે ચાં ન થઈ શકે, અને ત્યાં સુધી સ્થાનિક પક્ષો એ જ ગાણું ગાયા કરવું રહ્યું!

૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ આવી પડયું. ફ્રાન્સ પર હિટલરી પંજો ઉગામાયો. પૂર્વ આરબ વિસ્તારમાં સામ્યવાદીઓનું સંગઠન સૌથી વધુ જોરદાર હતું જ. તેણે ફ્રેન્ચ સૈન્યમાં જોડાઈને ફ્રાન્સની વહારે ધાવા બીડું ઝડપ્યું. પરંતુ ફ્રાન્સની સરકારે 'ઉદાર ઑફર'નો ઇનકાર કર્યો, એટલું જ નહીં, સીરિયા-લેબેનોનના સામ્યવાદી પક્ષને જ ગેરકાયદે જાહેર કર્યો. એવામાં ફ્રાન્સનું પતન થયું અને નાઝી-મળતિયાની વિચી-સરકાર સત્તામાં આવી (જૂન ૧૯૪૦) . . . આ પછી, બ્રિટિશ દરમ્યાનગીરી બાદ, એક બાજુ સીરિયા અને લેબેનોનની સ્વતંત્રતાની જાહેરાત થઈ (૧૯૪૧), બીજી બાજુ બંને પ્રજાસત્તાકોના પ્રમુખ તરીકે ફ્રેન્ચોની નિમણૂક ઠોકી બેસાડાઈ.

પ્રજાકીય ચૂંટણી કે પૂર્ણ સ્વતંત્રતાની વાત જ ન હતી. ખૂબીની વાત તો એ છે કે જ્યારે સ્થાનિક રાષ્ટ્રવાદીઓ આ અપમાન સાંખી લેવા તૈયાર ન થયા ત્યારે ફ્રેન્ચોએ સામ્યવાદી પક્ષને પોતાનું સાધન બનાવીને નાઝી સામેના યુદ્ધ મોરચે મિત્રરાજ્યોના સહકારમાં તેમને ભાગીદાર બનાવ્યા. આ પછી હિટલરે ગુપ્ત સંધિ તોડીને રશિયા ઉપર આક્રમણ કર્યું. એ દિવસથી સામ્યવાદીઓને મન ફાસીવાદ સામેનું યુદ્ધ ખરેખર ધર્મયુદ્ધ બની ગયું. અને એમ થતાં જ, સામ્યવાદી પક્ષ કાનૂની બની ગયો, કેદીઓ મુક્ત થયા. યથેચ્છ કામગીરીની તક મળી. અખબારો દ્વારા પ્રચાર ધમધમી ઊઠયો.

જોકે હજી સીરિયા-લેબેનોન ઉપરનો વહીવટ તો ફ્રેન્ચ જનરલ હસ્તક જ હતો. રાષ્ટ્રવાદીઓ પોતાના હાથમાં સત્તા — સ્વતંત્રતા આવે તે માટે અધીરા હતા, ત્યારે સામ્યવાદીઓ યુદ્ધના અંત સુધી એ સવાલ ટાળવા માગતા હતા. એ દિવસોમાં એમની સૌથી મહાન નેમ 'નાઝીઓના નિકંદન'ની હતી. રાષ્ટ્રીય સ્વાધીનતા પણ એની આગળ ગૌણ હતી. ૧૯૪૩માં ફ્રેન્ચોએ ચૂંટણીની યોજના સ્વીકારી કે તરત સામ્યવાદીઓએ એ તક ઝડપી લીધી. 'રાષ્ટ્રીય એકતા'નું સૂત્ર આગળ ધર્યું. બીજી બાજુ રશિયનો અદ્‌ભુત પરાક્રમથી નાઝીઓ પર વિજય મેળવી રહ્યા હતા. અરબ દેશોમાંના સામ્યવાદીઓની હિમત વધી રહી હતી (૧૯૪૩). તેમણે 'સંયુક્ત રાષ્ટ્રીય મોરચો' ઊભો કર્યો અને જાહેર કર્યું:

> સમાજવાદની સ્થાપનાનો સવાલ જ દેશ આગળ નથી; સૌ માગે છે તે લોકશાહી સુધારા જ મુખ્ય કાર્યક્રમ છે. અમારા કાર્યક્રમમાં રાષ્ટ્રીય મૂડી કે ઉદ્યોગો જપ્ત કરવાની વાત જ નથી, ઊલટા અમે તો ઇચ્છીએ છીએ કે એય પ્રગતિ પામે અને આબાદ બને . . . અમે જમીનદારોનેય ખાતરી આપીએ છીએ કે અમે એમની એસ્ટેટો અને જમીનો છીનવી લેવા માગતા નથી; છીનવી લઈશું પણ નહીં. અમે તો ઊલટા તેમને અદ્યતન સાધનોથી ખેતી માટે મદદ કરવા માગીએ છીએ . . . કામદારો, મજૂરો અને ખેડૂતોની સ્થિતિ સુધરે, ગરીબી ટળે એવા કાનૂની સુધારા માટે માગણી કરીએ છીએ. અમે વેપારીઓનેય ખાતરી આપીએ છીએ કે તેમનો વેપાર પડાવી લેવાનું કદી પણ નહીં કહીએ — એ ગમે તેટલા મોટા હશે તોય . . . અમે તો બેફામ નફાનો વિરોધ કરીએ છીએ . . . અમારી

આ આર્થિક અને સામાજિક નેમ છે અને તે અત્યંત 'મૉડરેટ' છે, સ્થાનિક છે. ('કૉમ્યુનિઝમ ઈન ધ આરબ ઈસ્ટ', પૃ. ૨૪–૨૫)

અલબત્ત, સામ્યવાદીઓની નેમ જાણનારા સૌ કોઈ કહેશે કે આ ખોળાધરી ખંધી છે, એ છેતરપિંડી છે . . . પરંતુ એનોય ખ્યાલ કરીને ત્યાંના સામ્યવાદીઓએ સામેથી એવી ખોળાધરી આપી કે આ 'ટ્રિક' નથી. જો 'ટ્રિક' હોત તો અમે લાખો માણસોને સાક્ષીમાં રાખીને જાહેરમાં આવું બોલત જ શું કામ? ખેર . . . આ બાંયધરી છતાં સામ્યવાદીઓ ચૂંટણીમાં હાર્યા. જોકે મતદાન જોતાં તેમની અસર ઘટી ન હતી. ૧૯૪૪ના અંતમાં તેમનાં ૫૦ સંગઠનો હતાં, જેમાં ૭,૦૦૦ સભ્યો હતા. તેમની પ્રતિષ્ઠા વધી હતી, તેમની કૉંગ્રેસના અધિવેશનમાં ખ્યાતનામ લેખકો-બૌદ્ધિકો સામેલ હતા.

૧૯૪૪માં સીરિયા અને લેબેનોન અલગ સ્વતંત્ર રાષ્ટ્રો બન્યાં. એ પછીય ફ્રાન્સની પકડ અને દખલ ચાલુ રહી. તેની સામે લેબેનોનના રાષ્ટ્રવાદીઓએ માથું ઊંચું કર્યું અને ફ્રેન્ચોએ લેબેનોનના પ્રમુખ અને વડા પ્રધાનને ગિરફતાર કર્યા, ત્યારેય ત્યાંના સામ્યવાદીઓ ફ્રાન્સ સાથેની કડી તોડી નાખવાની રાષ્ટ્રવાદીઓની માગણીને ઉતાવળની કહી ટીકા કરી રહ્યા હતા.

આમ, યુદ્ધનાં વરસોમાં સામ્યવાદીઓએ સોવિયેતના હિતમાં પોતાના વતનની વાત વિસારી દીધી હતી અને ફ્રેન્ચ સામ્રાજ્યવાદના રક્ષક બનીને મેળવેલી તકોનો પૂરો લાભ ઉઠાવી રહ્યા હતા. ૧૯૪૫ સુધીમાં સીરિયામાં પક્ષની તાકાત ૧૯૪૧માં ૧,૦૦૦ની હતી તેની ૧૦,૦૦૦ થઈ હતી. લેબેનોનમાં તાકાત ૧,૫૦૦માંથી ૧૫,૦૦૦ની થઈ હતી.

યુદ્ધ પૂરું થયું હતું. રશિયા વિજયી બન્યું હતું. હવે, સ્વતંત્ર બનેલા પોતાના વતનમાં ફ્રેન્ચોના સહકારની જરૂર રહી ન હતી. આથી સ્થાનિક સામ્યવાદીઓ માટે એક મોટી ગૂંચ ઊકલી ગઈ. હવે તેમણે સોવિયેત-પરસ્તીનો ડાઘ પણ ધોઈ નાખવાનો હતો. તેમણે જાહેર કરવા માંડયું કે અમારા મનમાં વૉશિંગ્ટન, લંડન કે મૉસ્કો એકેની વફાદારી નથી. અમારી નીતિ સીરિયા અને અરબ હિતની જ હોવાની છે. આમ, રાષ્ટ્રીય પ્રવાહ સાથે તેમણે એકરૂપતા દાખવી. પરંતુ ધર્મની બાબતમાં તેમણે મૌન સેવ્યું. બીજી બાજુ, યુદ્ધ પૂરું થયા પછી સોવિયેતે 'બે છાવણી'ના સૂત્ર સાથે 'શીત યુદ્ધ'ની શરૂઆત કરી, તેને અનુસરી સ્થાનિક સામ્યવાદીઓએ પણ 'અમેરિકી-બ્રિટિશ છાવણી' સામેની જેહાદ આરંભી દીધી અને 'પૉપ્યુલર સીરિયન પક્ષ'ને હિટલરી ફાસીવાદી તરીકે તથા 'મુસ્લિમ બ્રધર્સ'ને અમેરિકી શાહીવાદી તથા સોવિયેત વિરોધી ગણાવીને પોતાના હરીફોને પાછા પાડવા કમર કસી. સોવિયેત પુરસ્કૃત 'શાંતિ આંદોલન'ને તેમણે મુખ્ય સાધન બનાવ્યું.

બીજા વિશ્વયુદ્ધ બાદ ઈઝરાયલ રાજ્યનું સર્જન થયું. તેમાં મહાસત્તા તરીકે સોવિયેતે પણ સંમતિ આપી તેથી અરબ વિસ્તારમાં સામ્યવાદીઓ સામે ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી. સીરિયા-લેબેનોનના સામ્યવાદી પક્ષોને ગેરકાયદે ઠરાવ્યા. પરંતુ, અરબ-ઈઝરાયલ યુદ્ધ(૧૯૪૮)માં અરબોનો પરાજય થતાં તેમની શરમનો પાર રહ્યો નહીં. ધૂંધળી બનેલી પરિસ્થિતિમાં એક પછી બીજા ફોજી સેનાપતિઓએ એકબીજાની સત્તાને ઉથલાવીને પરિસ્થિતિને વધારે પ્રવાહી બનાવી. જોકે બધાં જ સેનાપતિ-શાસનો સામ્યવાદીઓ માટે તો આકરી તાવણી સમાં બની ગયાં હતાં. પરંતુ 'શાંતિ

આંદોલન' (૧૯૪૯–૫૦) તેમને માટે સારું સાધન બની રહ્યું. તેને ધાર્મિક આગેવાનોથી માંડી સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રના નેતાઓનો સાથ મળી રહ્યો. પરંતુ સોવિયેતે નીતિ ફેરવી, તેની સાથે સ્થાનિક પક્ષે પણ પોતાના દેશને મળેલી સ્વતંત્રતાને બોગસ ગણાવી; અને મૂડીવાદી-બૂર્ઝ્વા વર્ગ કદી પણ સાચો ક્રાન્તિકારી બની શકે નહીં, એમ કહી સામ્યવાદી નેતા બકદાશે (૧૯૩૨માં ૧૯ વર્ષની વયે નેતૃત્વ લઈને ટકાવી રાખનાર) રાષ્ટ્રીય લોકશાહી ક્રાન્તિ કરવાની જવાબદારી પણ સાચા કામદારોના સામ્યવાદી પક્ષને શિરે જ હોઈ શકે એવું પ્રતિપાદિત કર્યું. જોકે, આ છતાં, વ્યવહારમાં તો અગાઉની જેમ જ્યારે જેવા સંજોગો ઊભા થયા તે રીતે જ એ પક્ષ વર્ત્યો.

૧૯૫૩માં સ્તાલિનનું અવસાન થયા બાદ સોવિયેતમાં 'ઉદાર નીતિ'નો આરંભ થયો કે જે મુજબ અન્ય દેશોના સામ્યવાદી પક્ષોની જેમ, સીરિયા-લેબેનોનમાં પણ, વળી, રાષ્ટ્રીય બૂર્ઝ્વા સહિતના વિશાળ પાયા પરના સંયુક્ત મોરચાનો વ્યૂહ અપનાવાયો. ૧૯૫૪ની ચૂંટણીમાં ભાગ લેતાં સામ્યવાદીઓએ જાહેર કર્યું કે રશિયા જેવો સમાજવાદ અંતિમ ધ્યેય છે. હાલ તુરત તો રાષ્ટ્રીય લોકશાહી સરકાર મુખ્ય જરૂરિયાત છે. આમ કહી, પોતે જેને વર્ષો સુધી દુશ્મન ગણાવી હતી તે સંસ્થા 'મુસ્લિમ બ્રધર્સ' સાથેય સહકારનું સૂચન કરી દીધું. એવામાં તુર્કી-ઇરાકી કરાર થયો (ફેબ્રુઆરી ૧૯૫૪) અને એમાં જોડાઈ જવા સીરિયા-લેબેનોન ઉપર પશ્ચિમી સત્તાઓનું દબાણ આવ્યું. આની સામેના વ્યૂહ તરીકે સોવિયેતે 'સહાય અને સંરક્ષણ'નો ઉદાર હાથ લંબાવ્યો. આથી રશિયાની અને સ્થાનિક સામ્યવાદીઓની વાહવાહ વધી ગઈ. વિદ્યાર્થીઓ અને બૌદ્ધિકોનું ઉદ્દામ સંગઠન બાથ પણ તેમના તરફ ઢળ્યું.

સ્વતંત્રતા બાદ દેશે કૃષિક્ષેત્રે સારી પ્રગતિ કરી હતી અને દિવસે દિવસે પ્રગતિ સધાઈ રહી હતી. આમ છતાં, પ્રજાના દિલમાં અસંતોષ હતો. દેશને કોઈ દિશા પ્રાપ્ત થઈ ન હતી. કોઈ સ્પષ્ટ ધ્યેય સાંપડ્યું ન હતું. રાજકીય ફલશ્રુતિ દેખાતી ન હતી. પ્રજાની આ અધીરાઈ અને અસંતોષની મનોદશામાં ઉદ્દામવાદીઓએ ઉસ્તાદીપૂર્વક પ્રચારકાર્ય ચલાવ્યું. હવે કેવળ સામ્યવાદીઓ જ નહીં, બાથિસ્ટો અને ઇતર જૂથો ઉદ્દામ માર્ગે – સમાજવાદના રાહે જવા તલપતાં હતાં. સામ્યવાદીઓએ એક બાજુ હરીફ જૂથોના આંતરિક સંઘર્ષનો લાભ ઉઠાવ્યો. બીજી બાજુ બાથનો સહારો લીધો. બાથ પાર્ટીએ આ દરમ્યાન લશ્કરમાં અને સત્તામાં પોતાના પેંતરા પાકા કરી લીધા હતા. આમ, સીરિયામાં ઉદ્દામોનું જોર વધી રહ્યું હતું. એ કારણે પોતાની તાકાત વધારવા ઇજિપ્ત-સીરિયાના જોડાણની સિફારસ તેમને અનુકૂળ થઈ પડી. પરંતુ તુર્કી-ઇરાક જોડાણ પછી સીરિયાને તેમાં ઘસડવા પશ્ચિમી સત્તાઓનું દબાણ વધતાં, સીરિયા માગે તે મદદ આપવા સોવિયેતે તૈયારી બતાવી. . . .

વરસના અંત પહેલાં તો સીરિયામાંના સોવિયેત ડિપ્લોમૅટિક મિશનને રાજદૂત-આવાસ સુધીનું ઊંચું પદ મળી ગયું. સામ્યવાદી ચેકોસ્લોવાકિયાએ ઇજિપ્તને શસ્ત્રો આપ્યાં. રશિયાય સીરિયાને ગુપ્ત રીતે મિગ-૧૫ ઑરક્રાફ્ટ, ટૅન્કો વગેરે આપી રહ્યું હતું જ. થોડા જ સમયમાં સાંસ્કૃતિક, વ્યાપારી, ટ્રેડ યુનિયન અને વિદ્યાર્થી પ્રતિનિધિમંડળોની આવજા વધી ગઈ. ૧૯૫૬ના જૂનમાં સોવિયેતના વિદેશ મંત્રીએ દમાસ્કસ(સીરિયા)માં પગ મૂક્યો; અને સીરિયાએ સામ્યવાદી ચીનને

(ત્યારે ચીન-સોવિયેતની બિરાદરી હોઈને) માન્યતા આપી. સીરિયાના સામ્યવાદી પક્ષે આને 'નક્કર તટસ્થતા' (પૉઝિટિવ ન્યુટ્રાલિટી) તરીકે બિરદાવી!

૧૯૫૬માં સુએઝની હોળી સળગતાં, સીરિયાના કર્નલ સરાજે ભૂમધ્ય સુધી વિસ્તરેલ ઇરાકી તેલક્ષેત્રોને જોડતી બ્રિટિશ પાઇપ લાઇન કાપી નાખીને જબરજસ્ત મોટું સાહસ ખેડયું. પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર જાય તે પહેલાં સોવિયેતે સીરિયાની પડખે ઊભા રહી બ્રિટન, ફ્રાન્સ અને ઇઝરાયલને ધમકી આપી પરિસ્થિતિમાં પલટો આણ્યો. સીરિયાને ખાતરી થઈ કે આપત્કાળે સાથે આવી ઊભો રહે એવો મર્દ મિત્ર સોવિયેત સંઘ હયાત છે.

આ દરમ્યાન બ્રિટન-અમેરિકી જૂથને હાથે ઇરાક દ્વારા કાવતરું રંધાઈ રહ્યાના આણસારા થતાં કર્નલ સરાજે ચીલઝડપે એ દબાવી દીધું (નવેમ્બર ૧૯૫૬). સામ્યવાદીઓ અને ઉદ્દામોનો સિતારો ઊંચો ચડયો. પ્રધાનમંડળમાં એમની અસર વધી અને 'ઇરાકી કાવતરા કેસ'ની કારવાઈ સામ્યવાદ-તરફી કર્નલ અફીક બીઝરીના પ્રમુખપદે નિમાયેલ પંચને સુપરત થઈ. આ પછી ૧૯૫૭માં સીરિયાની સરકારે પશ્ચિમ-તરફી કૉન્ઝર્વેટિવ ગણાતા સરસેનાપતિ જનરલ નિઝામ અદ-દીનને ખસેડીને બીઝરીને સૈન્યની લગામ સોંપી. સામ્યવાદીઓને સત્તાગ્રહણની ઘડીઓ નજીક દેખાઈ પશ્ચિમી સત્તાઓ ભડકી ઊઠી. આઇઝનહોવરે મધ્યપૂર્વના જે દેશો અને પ્રદેશો અંદરના અને બહારના સામ્યવાદ સામે ઝૂઝવા તૈયાર હોય તેમને અમેરિકા સહાય અને સંરક્ષણ આપશે એવી નીતિ જાહેર કરી. અમેરિકાની દાનત એવી ખરી કે સુએઝમાં બ્રિટન અને ફ્રેન્ચની હાર થતાં ખાલી પડેલો અવકાશ સોવિયેત પૂરી દે એ પહેલાં પોતે જઈ પહોંચવું અને સોવિયેત જૂથમાં ધસડાઈ રહેલાં ઇજિપ્ત અને સીરિયા ઉપર દબાણ લાવવું. પરંતુ, પરિણામ ઊલટું જ આવ્યું.

'આઇઝનહોવર સિદ્ધાન્ત' પ્રગટ થતાં જ સોવિયેતે સીરિયાને ભરપૂર શસ્ત્રો અને નાણાંથી નવાજી દીધું. થોડાક સમયમાં સીરિયાના પ્રમુખ મૉસ્કો પહોંચ્યા ત્યારે સહાયનો બીજો મોટો હપતો એમના હાથમાં ધરી દીધો. એ પછી ચેકોસ્લોવાકિયાએ સીરિયાની પહેલી ઑઈલ રિફાઇનરી બાંધી આપવાનો કરાર કર્યો (માર્ચ ૧૯૫૭). વળી, સોવિયેતની કરોડો પાઉન્ડની સહાય માત્ર અઢી ટકા વ્યાજે અને કશી રાજદ્વારી શરત વિના, સાર્વભૌમત્વ અને સમાનતાના ધોરણે, પહોંચતી કરી. 'શાંતિ આંદોલન'ના મહાનુભાવોએ તો એને સીરિયાના સાર્વભૌમત્વ અને સ્વાતંત્ર્ય માટેના આજ પૂર્વના તમામ પ્રયાસોમાંની સૌથી મહાન સિદ્ધિ તરીકે બિરદાવી. સામેથી આઇઝનહોવરે 'સિદ્ધાન્ત' જાહેર કરીને શાંત બેસી રહેવાને બદલે અમેરિકી વિમાની કાફલો પશ્ચિમ યુરોપમાંથી ખસેડીને આ વિસ્તારમાં અડાના ખાતે ખડકયો; 'છઠ્ઠો જહાજી કાફલો' ભૂમધ્યના પૂર્વ છેડે ખડો થઈ ગયો; તથા સીરિયા સામે તેના પડોશીઓ સામૂહિક રીતે પગલું ભરવા તૈયાર છે કે કેમ તે બાબત તપાસ આદરી.

સીરિયા ઢીલું પડયું. પરંતુ સોવિયેતે પાછી પાની કરવાને બદલે તુર્કીને ચીમકી આપી. તેનું પોતાનું નૌકાદળ સીરિયાના એક પશ્ચિમી બંદર લટકીઆમાં જઈ પહોંચ્યું. ખ્રુશ્ચૉફે ઉચ્ચાર્યું: 'રાઈ-ફલ ફૂટશે તો સામે રૉકેટો છૂટશે.' સીરિયાને વળી ખાતરી થઈ કે સોવિયેત દગો દે એમ નથી. પરંતુ કર્નલ સરાજ અને બાથિસ્ટોએ ભેગા મળી નવો જ રસ્તો કાઢયો. સોવિયેત અને અમેરિકા બેઉને ટાળ્યાં. ઇજિપ્તને વચમાં પડવા આમંત્રણ આપ્યું. ઇજિપ્તે લટકીઆમાં પોતાની ફોજ ઉતારી (ઑક્ટોબર ૧૯૫૭). ઇજિપ્ત સીરિયા સાથેના કરાર(ઑક્ટોબર ૧૯૫૫)થી તેના રક્ષણ

માટે બંધાયેલું હતું, એ બહાનું પૂરતું હતું. પરંતુ એની ખરી દાનત ભૂમધ્યમાં સોવિયેતના વધી રહેલા પ્રભાવ સામે આડ બાંધવાની હતી. હકીકતે, આ પગલાથી સામ્યવાદીઓ સિવાયના સૌ (બાથ સમાજવાદીઓ અને અરબ રાષ્ટ્રવાદીઓ સહિત) શાંતિ પામ્યા. મહાસત્તાઓ પણ મૂંગી થઈ ગઈ.

આ પછી બંને દેશોના જોડાણનો જે નિર્ણય ખેંચાયા કર્યો હતો તે અમલી બન્યો. સીરિયા અને ઈજિપ્તની ભેગી પાર્લમેન્ટ મળી. તેણે બંનેના સમવાયી સંઘનો ઠરાવ કર્યો (નવેમ્બર ૧૯૫૮). સંયુક્ત અરબ રિપબ્લિકનો જન્મ થયો (ફેબ્રુઆરી ૧, ૧૯૫૯). તાકડે આ જોડાણ ન તો સીરિયાના સામ્યવાદીઓને પસંદ હતું, ન તો સોવિયેતને. સીરિયા છૂટું રહે, નિર્બળ રહે તો સામ્યવાદીઓ માટે પોતાનો ફાળો પોતાની રીતે આપવાનું જેટલું સહેલું બને એટલું ઈજિપ્ત સાથે જોડાયા પછી મુશ્કેલ. વળી, નાસર ગમે તેટલો પશ્ચિમી સત્તાનો વિરોધી હોય, પ્રગતિશીલ હોય, પણ તે બૃહદ-અરબવાદ દ્વારા પોતાની આણ વધારવા માગે છે તે મુરાદ છોડી દઈને એ સોવિયેતની પકડમાં જવા તૈયાર ન હોય ત્યાં સુધી સીરિયા ઉપર નાસરનું વર્ચસ જામે એ સામ્યવાદીઓને પોતાના હિતમાં નહોતું લાગતું. જોકે, સંઘનો વિરોધ કરવાનું પણ ફાવે એમ ન હતું. સીરિયાના ઉદ્દામો (બાથિસ્ટ સહિત) વિના સામ્યવાદીઓનું એકલાનું બળ ઝાઝું ન હતું.

નાસરે પણ અગાઉથી શરત કરી હતી તે અનુસાર જોડાણ થતાં સીરિયાના તમામ પક્ષોએ વિખેરાઈ જવું રહ્યું. બાથ પક્ષ રાજી હતો, કેમ કે એ રીતે એક છેડે સામ્યવાદી અને બીજે છેડે પશ્ચિમ-પરસ્ત જમણેરી પક્ષો વીખરાઈ જતા હતા. સામ્યવાદીઓએ પહેલેથી આ શરતનો વિરોધ કરેલો. સીરિયાની પાર્લમેન્ટ મળે તે પહેલાં પક્ષની મધ્યસ્થ સમિતિના આઠ સભ્યો સાથે બકદાશ મસલત માટે મૉસ્કો ઊપડી ગયો હતો. બીજી બાજુ, નાસરે પહેલાં તો સામ્યવાદી જનરલ બીઝરીને સંયુક્ત સેનાનો સેનાપતિ બનાવ્યો હતો; પરંતુ પાછળથી એને ખસેડીને આર્થિક આયોજન ખાતામાં મૂકી દીધો હતો. આથીય સામ્યવાદીઓનો આણગમો વધ્યો હતો. 'મે દિન'ની જાહેર ઉજવણી ઉપર પ્રતિબંધ મુકાતાં આણગમો રોષમાં ફેરવાઈ ગયો. ધરપકડો થઈ. બકદાશે ખુલ્લી રીતે 'સંયુક્ત અરબ પ્રજાસત્તાક' સામે રોષ ઠાલવ્યો. ઈરાકમાંના સામ્યવાદીઓએ લાગ જોઈને, બંડનો રાહ લીધો (જુલાઈ ૧૪, ૧૯૫૮). એ પછી સીરિયાના સામ્યવાદીઓનેય ખાતરી થઈ ગઈ હતી કે હવે ગમે તે બહાને રણમેદાનમાં ખુલ્લા આવ્યા વિના છૂટકો નથી. નાસર ચેતી ગયો. એણે ભારે ખેલાડીની કુનેહથી સીરિયાના સામ્યવાદીઓને શાહીવાદ અને યહૂદીવાદના સાગરીતો જાહેર કરીને નેતાઓની ધરપકડો કરી, બંધારણ મુજબ 'ગેરકાનૂની પક્ષ'ને અપાયેલી છૂટછાટો પાછી ખેંચી લીધી. વળી પાછો સામ્યવાદી પક્ષ ભૂગર્ભમાં ચાલ્યો ગયો. તેણે નાસર સામે તહોમત મૂકયું :

> અરબ રાષ્ટ્રીય મુક્તિસંગ્રામની જો કોઈ સૌથી મહાન જીત હોય તો તે ઈરાકની મુક્તિ અને ઈરાકી પ્રજાસત્તાક છે. નાસર તો વિશ્વપ્રત્યાઘાતના રાહે જઈ રહ્યો છે. તે ઈરાકી પ્રજાસત્તાકની સામે સીરિયાનો મુખ્ય મથક તરીકે ઉપયોગ કરી રહ્યો છે. ઈજિપ્ત અને સીરિયાની પ્રજાની ઇચ્છા અને હિતથી વિરુદ્ધ વર્તી રહ્યો છે – 'નક્કર તટસ્થતાવાદ'ના મુખ્ય સિદ્ધાન્તનીય વિરુદ્ધ.

આ પછી સામ્યવાદી પક્ષમાં મોટું ભંગાણ પડયું. જુદો ચોકો સ્થાપનારાઓએ પક્ષની આંતરિક આપખુદી ઉપરાંત રાજકીય રાષ્ટ્રીય નીતિ અંગે ટીકા કરતાં જણાવ્યું કે પક્ષ વિદેશી (સોવિયેત) ટેકા ઉપર આધાર રાખે છે. તેને વિદેશી (સોવિયેત) નાણાંની ગુપ્ત સહાય મળતી રહી છે. વિવિધ

ક્ષેત્રોનાં સંગઠનનો ઉપયોગ પક્ષ પોતાના હિત માટે જ કરે છે. અરબ એકતાનોય તે વિરોધી છે. શાંતિ, તટસ્થતા અને રાષ્ટ્રવાદનાં સૂત્રો દાંભિક રીતે ઉચ્ચારાતાં રહ્યાં છે.

અલબત્ત, અધિકૃત સામ્યવાદી પક્ષે એ લોકોને દગાખોરો, જાસૂસો, કુત્તાઓ કહીને ધુત્કાર્યા. આ પછી ઇજિપ્તથી સીરિયાને છૂટું પાડવાની પક્ષની નીતિ જોર પકડતી ગઈ (૧૯૫૯ અંત). ૧૯૬૧ના સપ્ટેમ્બરમાં દેશમાં વિદ્રોહ જાગ્યો. સીરિયા સંઘમાંથી છૂટું થયું. સામ્યવાદીઓ માટે નવી તક આવી ઊભી. જોકે સંઘનું વિભાજન કરનારા વિદ્રોહમાં મુખ્ય ફાળો અસંતુષ્ટ ફોજી અમલદારો અને રૂઢિચુસ્ત રાજકારણીઓનો હતો. એમને તો નાસરની નીતિ પણ વધારે ઉદ્દામ લાગતી હતી. પરંતુ સામ્યવાદીઓને તો પ્રત્યાઘાતીઓના હાથેય ભંગાણ થયું તેનો સંતોષ હતો. સોવિયેતે પણ ગુણદોષ જોયા વિના ફોજી અમલદારોની સરકારને માન્યતા આપી, પરંતુ ચીન-પરસ્ત બની રહેલા બાથિસ્ટોએ ફોજી સરકારને ઉથલાવી પાડી (માર્ચ ૧૯૬૩). પરિસ્થિતિ ઉગ્ર બની ગઈ. ગભરાયેલા આગેવાનોએ નાસર અને સોવિયેત સાથે પુનઃ સંબંધો સ્થાપવાનો માર્ગ પ્રમાણ્યો. મૉસ્કોને તો પેકિંગવિરોધી આ વ્યૂહ અનુકૂળ હતો; કેમ કે એ રસ્તે પશ્ચિમી અસર અને બૃહદ-અરબવાદનોય સામનો થઈ શકે. સ્થાનિક સામ્યવાદી પક્ષ માટે તો નવો અવસર પાકયો. તેમણે નાસરની સ્તુતિનો જાપ શરૂ કરી દીધો . . . સાથોસાથ પેકિંગપરસ્ત નહીં એવા બાથિસ્ટોને પણ સાથે રાખ્યા. જાણે ૧૯૫૫–૫૭ના દિવસો ફરી તાજા થઈ રહ્યા હતા. બકદાશ લાંબા સમયે નિર્વાસિત અવસ્થામાંથી વતન પાછો આવ્યો. (બહાર રહીનેય તેણે સામ્યવાદી પક્ષની રાહબરી એકધારી ચાલુ રાખી હતી.) સીરિયાએ સોવિયેત સાથે વળી પાછી ગાંઠ બાંધી; વળી પાછા સોવિયેતે ભારે ઉદાર હાથે મહોબતનો બદલો વાળ્યો. સામ્યવાદીઓને વળી પાછી કળ વળી. તેની વહારે નિર્વાસિત સામ્યવાદીઓની જમાત આવી લાગી. ચૂંટણી યોજાતાં પક્ષે એમાં ઝંપલાવ્યું અને ત્રણેક પ્રદેશમાં સારું પરિણામ પ્રાપ્ત કર્યું (૧૯૬૩ અંત). પરંતુ ચીન-રૂસ ઘર્ષણ વધી જતાં તેના છાંટા અહીં પણ ઊડયા (૧૯૬૪). પેકિંગ-પરસ્ત જૂથે જમણેરી પ્રત્યાઘાતી તથા અગાઉના ફાસીવાદ-તરફી (પાર્ટી પૉપ્યુલર સીરિયા) તત્ત્વોનોય લાભ ઉઠાવ્યો હોવાનો આક્ષેપ મૉસ્કો-પરસ્તોએ કર્યો. સામે એવા જ પ્રતિ-આરોપો થયા (હકીકતે, પક્ષ જ્યારે અખંડ હતો ત્યારે તેણે આવા અનેક તકવાદી ખેલો ખેલ્યા હતા એ આપણે જોઈ ગયા છીએ). છેવટે, મૉસ્કો-પરસ્ત સામ્યવાદી પક્ષોએ નાસર સાથે સમાધાનનો રાહ અપનાવ્યો, ત્યારે ચીન-પરસ્તોએ નાસર-વિરોધી સીરિયામાં સત્તા-સ્થાને આવેલા બાથિસ્ટોનો લાભ લેવા માંડયો. ૧૯૬૫–૬૬ સુધીમાં આ ઘર્ષણે જે આકાર લીધો છે એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આખો મામલો સૈદ્ધાન્તિક અથવા સ્થાનિક કાર્યક્રમ અને કાર્ય-રીતિના ભેદ કરતાં વિશેષતઃ વિદેશી સામ્યવાદી સત્તાઓ (રશિયા-ચીન) પ્રત્યેની વફાદારીને કારણે વીફરેલો રહ્યો છે.

ઇજિપ્ત

ઇજિપ્તમાં ૧૯૨૦માં ક્રાન્તિકારી બૌદ્ધિકોનું એક જૂથ ઊભું થયું હતું. તેમણે ઇજિપ્ત સમાજવાદી પક્ષ(સોશિયાલિસ્ટ પાર્ટી)ની સ્થાપના કરેલી. આ દિશામાં કામ આગળ વધી રહ્યું હતું. પરંતુ ધીમી ગતિથી અકળાઈ જઈને તેમાંના જ એક હુસ્ની અલ-ઉરબીએ બૉલ્શેવિક ક્રાન્તિથી પ્રેરાઈને સામ્યવાદી પક્ષની સ્થાપના કરી દીધી. આ પક્ષ ૧૯૨૩માં આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન

(કૉમિન્ટર્ન) સાથે જોડાઈ ગયો. એને કારણે એનું રાજકારણ પણ મૉસ્કોની સાંકળે ગૂંથાઈ ગયું. તેણે તે અનુસાર રાષ્ટ્રીય મૂડીવાદીઓને સંસ્થાનવાદી શાસકોના ટેકેદારો અને મળતિયા તરીકે જાહેર કર્યા. ૧૯૧૯માં ઝગલૂલ પાશાની નેતાગીરીમાં બ્રિટિશ સત્તાને નમાવીને વિજયી નીવડેલી રાષ્ટ્રીય ક્રાન્તિનીય તેમણે હાંસી ઉડાવી, અને કારખાનાના પ્રોલિતારિયત — શહેરી કામદારો —ના નેતૃત્વ નીચે ક્રાન્તિનું સૂત્ર રટવા માંડયું. બે વરસના અનુભવ પછી ઝગલૂલ પાશાના વફદ પક્ષનો અસાધારણ પ્રભાવ જોયા બાદ, તેણે થોડુંક રાષ્ટ્રીય વલણ અપનાવ્યું અને કામદારોનાં તથા ઉત્પાદકો અને ગ્રાહકોનાં સંગઠનો રચીને તેમની તત્કાલ માગણીઓ માટે આંદોલન શરૂ કર્યું. ખેડૂતો ઉપરના બોજા હળવા કરાવવાય મથ્યા. ઉપરાંત સુદાનનું ઇજિપ્ત સાથે જોડાણ કરવાની રાષ્ટ્રીય માગને પણ ટેકો આપ્યો. આમ સુધારણાવાદી રાષ્ટ્રીય કાર્યક્રમ ઉપરાંત તેમણે ધનિક ખેડૂતોની જમીનની ટોચમર્યાદા સૂચવીને વધારાની જમીન ખેતમજૂરોને વહેંચી આપવાનો અને સુએઝ નહેરના રાષ્ટ્રીયકરણનો ખાસ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. જોકે, એમની મૂળ નેમ તો જમીન અને ઉત્પાદનનાં તમામ સાધનોના રાષ્ટ્રીયકરણની છે, એવી સ્પષ્ટતા પણ કરી. વળી ઔદ્યોગિક વિકાસના અભાવે કામદારોની મોટી સંખ્યા અને પકવતાનોય અભાવ હોવા છતાં સામ્યવાદી પક્ષ તો મુખ્યત: કામદારોનો જ હોવો જોઈએ એવું પોપટિયા સૂત્ર પણ રટયા કર્યું: આનું પરિણામ પ્રગતિને રૂંધનારું બન્યું. બીજી બાજુ, વિદેશી મૂડીવાળાં કારખાનાંનો લાભ ઇજિપ્તના વિકાસને તત્કાલ જરૂરી ગણાવીને ઝગલૂલ પાશાએ હડતાલોને ડામી દીધી; અને રાષ્ટ્રીય મજૂર સંઘની સ્થાપના કરી. આ પછી ૧૯૨૪થી સામ્યવાદીઓ અને રાષ્ટ્રીય નેતાગીરી વચ્ચેનો તનાવ વધી ગયો.

સ્તાલિને, આ અરસામાં (૧૯૨૫) ચીન અને ઇજિપ્તની રાષ્ટ્રીય નેતાગીરી હજી શાહીવાદ સાથે ભળી નથી ગઈ એમ જણાવીને એવા દેશોમાં કામદારો અને મધ્યમવર્ગીઓનો મોરચો ખડો કરવાની દોરવણી આપી. આ પછી વળી નીતિ પલટાઈ (૧૯૨૮): ચીન અને ઇજિપ્તનો રાષ્ટ્રીય મૂડીવાદ પણ, ૧૯૨૫થી શાહીવાદી છાવણીમાં ચાલ્યા ગયેલા ભારતના મૂડીવાદ જેવો જ બની ગયો હોવાનું નિદાન કર્યું. આ પછી ૧૯૨૯થી વૈશ્વિક આર્થિક મંદીનાં વાદળ ઘેરાયાં. ઇજિપ્તના સામ્યવાદીઓએ માની લીધું કે રશિયામાં જેમ કેરેન્સ્કી સરકારને ઉથલાવી પાડીને લેનિને સામ્યવાદી સત્તા સ્થાપી હતી તેમ અહીં ઝગલૂલ પાશાના અનુગામી નહાસની સરકાર ઉખાડી શકાશે અને ક્રાન્તિકારી સૈન્ય ઊભું કરીને ક્રાન્તિકારી સત્તા સ્થાપી શકાશે.

આ દિવાસ્વપ્ન જ રહ્યું: વરસો સુધી સામ્યવાદીઓની સ્થિતિમાં બહુ ફેર પડયો નહીં. ૧૯૩૬માં બ્રિટન સાથે ઇજિપ્તના કરાર થયા. તેમાં ઇજિપ્તની સ્વતંત્રતાનો માત્ર દેખાવ હતો. એ પછી બ્રિટિશ વિરોધી અને વફદ પક્ષ વિરોધી જુવાળ ઊછળ્યો અને સામ્યવાદીઓને અનુકૂળ તક ઊભી થયેલી દેખાઈ. ત્યાં તો ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ જતાં બ્રિટન, રાજાશાહી અને વફદ પક્ષ એકમોરચે ઊભાં રહી ગયાં. આ ત્રણે સામે પ્રજામાં ભારે રોષ વ્યાપ્યો. યુદ્ધ દરમ્યાન 'મુસ્લિમ બ્રધર્સ' (અંતિમ જમણેરી) અને 'યંગ ઇજિપ્ત' (ફાસિસ્ટ વલણ) પક્ષોની અસર વધી. સામ્યવાદીઓએ ભારે તકવાદી વ્યૂહ એક પછી એક ખેલ્યા. તેમનાં ત્રણે જૂથો ['ઇજિપ્ત રાષ્ટ્રીય મુક્તિ આંદોલન' (એમ.ઈ.એલ.એન.), 'ઈસ્કા' ('તણખો') અને 'લોકમુક્તિ'] એ રશિયા ઉપર નાઝીઓનું આક્રમણ થતાં વિશ્વયુદ્ધને 'લોકયુદ્ધ' તરીકે જાહેર કર્યું.

આ વરસો દરમ્યાન સામ્યવાદીઓએ સરકારી કચેરીઓ, અખબારો, વફદ પક્ષ અને ટ્રેડ યુનિયનોમાં સારો પગપેસારો કરી લીધો. ૧૯૪૪ સુધીમાં ૨૧૦ ટ્રેડ યુનિયનોમાં એક લાખ ઉપરાંત સભ્યસંખ્યા થઈ ચૂકી.

યુદ્ધ પૂરું થતાં બ્રિટિશ-અમેરિકી સૈન્યોએ રોકેલા ત્રણ લાખ મજૂરો બેકાર બન્યા. નવો મધ્યમ વર્ગ અને નવો કામદાર સમૂહ ભારે મુશ્કેલીઓમાં હતો. રાજકીય અસ્થિરતા ચાલુ હતી. નવો વ્યવસાયી મૂડીવાદ હવે બ્રિટનને સંપૂર્ણ વિદાય આપવા અધીરો બન્યો હતો. વધતા જતા વ્યાપક અજંપાના આ એક વરસ(૧૯૪૫)માં સામ્યવાદીઓએ દાવો કર્યા મુજબ તેમના હસ્તક એક લાખ પંદર હજારની સભ્યસંખ્યા ધરાવતાં ૪૬૫ ટ્રેડ યુનિયનો હતાં. વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં અસર નીચે આવ્યા હતા. સામ્યવાદી નેતા મુસ્તફા મૂસાની નેતાગીરીના આ પ્રતાપ હતા. સામ્યવાદીઓ સત્તા સાથેના ઘર્ષણ માટે હવે તૈયાર હતા. ૧૯૪૬ના ફેબ્રુઆરીમાં ઈસ્માઈલ સિદકીની સરકારે કામદાર હડતાળને દાબી દેવાનો પ્રયાસ કરતાં ભડકો થયો. કામદારો અને વિદ્યાર્થીઓની શહાદત પછી સામ્યવાદી પક્ષ રાજકારણી ક્ષેત્રે એક ગણનાપાત્ર બળ તરીકે આગળ આવ્યો. સરકારે ધરપકડનું સત્ર શરૂ કર્યું. ૧૯૪૮(મે)માં મામલો વધુ વીફર્યો. માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. આ વચગાળા દરમ્યાન સામ્યવાદીઓની મુખ્ય આંતરિક તિરાડો સંધાઈ ગઈ હતી; અને નવો પક્ષ 'લોકશાહી રાષ્ટ્રીય મુક્તિ આંદોલન'(એમ.ડી.એલ.એન.)ના નામે સુસંગઠિત રૂપે બહાર આવ્યો હતો.

૧૯૪૮માં ઈઝરાયલ સાથેના યુદ્ધના પરાજય પછી ૧૯૪૯ના અધવચ્ચે વળી વફદ પક્ષને સત્તાનાં સૂત્રો ધારણ કરવા આમંત્રણ મળ્યું. એ પછીની ચૂંટણીમાં વફદ પક્ષને જંગી બહુમતી સાંપડી. તેણે રાજકીય વાતાવરણ બદલી નાખ્યું. માર્શલ લૉ રદ કર્યો. સામ્યવાદીઓ સહિત રાજદ્વારી કેદીઓને જેલમુક્ત કર્યા. નહાસના આ ઉદાર વલણનો સાવચેતીથી લાભ લેવા સામ્યવાદીઓએ વિશાળ પાયા પર 'શાંતિ આંદોલન' (મૉસ્કોપ્રયોજિત) શરૂ કર્યું, એમાં સુપ્રતિષ્ઠિત વ્યક્તિઓ — મૉસ્કોમાંના અગાઉના રાજદૂત મુહમદ કામિલ બિહારી પાશા તથા વિવિધ ક્ષેત્રોના નેતાઓનો સહકાર મળ્યો. હવે સંયુક્ત મોરચાની ભૂમિકા ઊભી થયેલી જણાતાં તેનો અમલ શરૂ કર્યો.

વડા પ્રધાન નહાસે બ્રિટિશ સાથેના કરાર(૧૯૩૬)નો અંત આણ્યો. પરંતુ સુએઝમાંથી બ્રિટિશ સૈન્ય વિદાય લે તો મધ્યપૂર્વ માટે 'સંયુક્ત ફોજી કમાન્ડ'ની દરખાસ્ત બ્રિટન અને અમેરિકાએ રજૂ કરી. ઈજિપ્તની સરકારને એ તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું લાગ્યું. પ્રજાજનોએ એ વલણને વધાવી લીધું. બ્રિટને પોતાનું સૈન્ય સુએઝમાં ચાલુ રાખ્યું. આ પછી નહાસની સરકાર બ્રિટિશ સાથે સમાધાન કરી લેશે એવો ભય જાહેર કરીને સામ્યવાદીઓએ 'મુસ્લિમ બ્રધર્સ' જેવા જમણેરી અને હુસેનના ફાસિસ્ટ-તરફી સામ્યવાદી પક્ષ સાથે સંયુક્ત મોરચો રચી 'સીધાં પગલાં'નું એલાન કર્યું (૧૯૫૧–૫૨). સામ્યવાદીઓ માટે આ 'ઈજિપ્તીકરણ'નું આંદોલન યશકલગી સમું બની ગયું. આ પછી તેમણે 'શુદ્ધ પ્રોલિતારિયત પાર્ટી'ના સંગઠનની સૈદ્ધાન્તિક વાત પડતી મૂકીને વ્યવહારુ શબ્દોમાં 'કામદારો, કિસાનો, વિદ્યાર્થીઓ, બૌદ્ધિકો, (મધ્યમવર્ગી) વ્યવસાયીઓ અને સૈનિકોના પક્ષ' તરીકે પોતાને ઓળખાવવાનું શરૂ કર્યું. લશ્કરમાંનું 'ફ્રી ઑફિસર્સ મૂવમેન્ટ' નામક સંગઠન પણ સંયુક્ત મોરચાનો ભાગ બન્યું. આ વખતે સામ્યવાદીઓની સભ્યસંખ્યા વધીને ૫૦૦૦ની થઈ હતી; અને કંઈ નહીં તો, ૧૯૪૭ કરતાં ત્રણગણું પીઠબળ તેમની પાછળ હોવાનું મનાતું હતું.

પ્રજાનો બ્રિટિશ-વિરોધ વિદેશી માલમિલકતોના નાશ (આગ, ભાંગફોડ) તરફ વળ્યો. જોકે સામ્યવાદીઓએ એની જવાબદારી 'ઉશ્કેરણીખોર જાસૂસો' ઉપર નાખી. પરંતુ આ પછી નાગરિક સરકારની ઇમારત ગબડતી દેખાઈ અને જ્યારે લોકોની નજરે ઉદ્દામતમ સામ્યવાદીઓ અને મવાળતમ 'મુસ્લિમ બ્રધર્સ' બે જ ગાદીના વારસરૂપ દેખાયા ત્યારે સૌની ધારણા ખોટી પાડીને ફોજી અમલદારો નાસર-નગીબની સરદારીમાં ફ્રી ઑફિસર્સ આંદોલને તક ઝડપી લીધી. રેવોલ્યૂશનરી કમાન્ડ કાઉન્સિલ(આર.સી.સી.)ના નામે સત્તા કબજે કરી લીધી અને રાજાશાહીને પાણીચું આપ્યું (જુલાઈ ૨૩, ૧૯૫૨).

આ 'જલાઈ વિદ્રોહ'થી તત્કાલ ડઘાઈ ગયેલા સામ્યવાદીઓએ આશ્વાસન લીધું કે તેમાં પોતાના હમદર્દ લેફ્ટ. કર્નલ યુસુફ સાદિક અને મેજર ખાલિદ મુહીદ્દીનનો આગળ પડતો હિસ્સો હતો. વળી રાજાશાહીના પતનથી પણ તેઓ પ્રસન્ન હતા. પરંતુ, એવામાં જ કાફ્ર દવ્ર નગરમાં કામદારોએ તેમની માગણી ન સંતોષાતાં મકાનોને આગ લગાડી, કારખાનાંનો કબજો લીધો. પોલીસ સાથેની અથડામણમાં નવ મરણ પામ્યા; બસો ગિરફતાર થયા. નવી ફોજી સરકારે માર્શલ લૉ જાહેર કરી બે આગેવાનોને કારખાનાના ચોગાનમાં જ ફાંસીએ લટકાવ્યા. તેમનાં કેટલાંક અખબારો પર પ્રતિબંધ લગાવ્યો. સામ્યવાદીઓના ગુસ્સાનો અને બળાપાનો હવે પાર ન રહ્યો. આ પછી નવી સરકારે 'મુસ્લિમ બ્રધર્સ' ઉપર પણ પ્રતિબંધ મૂકયો. સામ્યવાદીઓએ એક બાજુ 'મુસ્લિમ બ્રધર્સ' તરફ હમદર્દી દાખવી, બીજી બાજુ નાસર-નગીબની સરકારને ફાસિસ્ટ ડિકટેટરશિપ તથા બ્રિટિશ-અમેરિકી ઠેકેદાર તરીકે ઉતારી પાડી (જાન્યુઆરી ૧૯૫૪).

આ પછી નાસર અને નગીબ વચ્ચેનો આણબનાવ વધતાં સામ્યવાદીઓએ 'પાર્લમેન્ટરી ડેમોક્રસી'ની તરફદારી જાહેર કરનારા નગીબને ટેકો આપ્યો; નાસરે નગીબ, કર્નલ યુસુફ સાદિક તથા ખાલિદ જેવા સામ્યવાદી પ્રતિનિધિને 'ક્રાન્તિકારી કાઉન્સિલ'માંથી હાંકી કાઢયા. સામ્યવાદીઓને નાસર માટે ખાતરી થઈ ગઈ કે એ શાહીવાદનો મળતિયો છે. પરંતુ, ૧૯૫૫(એપ્રિલ)માં બાન્ડુંગ પરિષદમાં આફ્રિકા-એશિયાના બિનજોડાણી નેતાગણ — પં. નેહરુ, ચાઉ એન-લાઈ તથા માર્શલ ટીટો — ની ઓથે નાસર પણ નામના કમાઈ ગયો. ત્યાર બાદ તેણે પશ્ચિમનાં શસ્ત્રોનો ઇનકાર કરીને ચેકોસ્લોવાકિયા પાસેથી શસ્ત્રો મેળવીને સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કરીને સોવિયેત સંઘના ભરોસાદાર મિત્ર તરીકેની કીર્તિ પણ કમાઈ લીધી. ઇજિપ્તના સામ્યવાદીઓ માટે ઊંધે માથે લટકયા વિના હવે આરો ન હતો.

નાસરે દેશની અંદર સામ્યવાદીઓના વિરોધનો અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સોવિયેત દોસ્તીનો એમ બેવડો બુરખો ધારણ કરી લીધો હતો. સુએઝ નહેરના રાષ્ટ્રીયકરણના એક મહિના પૂર્વે તેણે ૪૦ સામ્યવાદીઓને લાંબાં વરસોની સજા ફટકારી દીધી હતી. આમ છતાં સુએઝ નહેરના રાષ્ટ્રીયકરણની ઘટના એટલી મોટી હતી કે એ પછી પશ્ચિમી સત્તાઓનો નાસર ઉપરનો ભરોસો ભૂંસાઈ ગયો. બીજી બાજુ 'મૂડીવાદી-રાષ્ટ્રવાદી' નેતા આટલી હિંમત કરી શકે એ કલ્પના બહારની ઘટના પછી સોવિયેત રૂસ પણ અંજાઈ ગયું, તો ઘરના સામ્યવાદી 'વામનો'ની વાત જ શી! સાથોસાથ પશ્ચિમી સત્તાઓએ એવું માની લીધું કે નાસરનું તેમની વિરુદ્ધનું દરેક પગલું સોવિયેતના લાભનું હોવાનું; સોવિયેતે એમ માન્યું કે જ્યાં પશ્ચિમનો અડ્ડો લાંબા વરસોથી જામીને પડયો હતો,

ત્યાં જ હવે તે ઘેરાઈ ગયું છે અને સ્થાનિક સામ્યવાદીઓને થયું કે રાષ્ટ્રીય મુક્તિયુદ્ધ હવે પૂરું થવામાં છે. સમાજવાદી તબક્કા માટે હવે પક્ષે કમર કસવાની છે. આથી તેમણે નાસરને સંપૂર્ણ ટેકો આપવાની નીતિ તત્કાલ અપનાવી. નાસરેય બંધારણ માટેની જાહેરાત કરી (જાન્યુ-આરી ૧૯૫૬) તેની સાથે કેસ ચલાવ્યા વિના પૂરી રાખેલા સામ્યવાદી સુધ્ધાંને મુક્ત કર્યા. તેમાંના કેટલાકને સાંસ્કૃતિક-શૈક્ષણિક ક્ષેત્રે રોકી લીધા. ચીનને માન્યતા આપી; સામ્યવાદી દેશો સાથેના આર્થિક-સાંસ્કૃતિક સંબંધો પાકા કર્યા. સામ્યવાદીઓએ નાસરની વાહવાહ કરી.

આ બધી ઘટનાઓથી ચોંકી ઊઠીને બ્રિટન, ફ્રાન્સ અને ઇઝરાયલે ઇજિપ્ત પર આક્રમણ કર્યું (ઑક્ટોબર ૧૯૫૬). તેની સામે આખો દેશ એકદેહ બનીને નાસરની સાથે ઊભો રહી ગયો; ભારે વીરતાથી ઝૂઝ્યો. સોવિયેતે પશ્ચિમી સત્તાઓને ભાવિ જોખમથી સાબદી કરી, વારી. આક્રમકો સમજી ગયા, પાછા વળ્યા. આ ઐતિહાસિક ઘટનાએ નાસરને અને સાથોસાથ સામ્યવાદીઓને અભૂતપૂર્વ પ્રતિષ્ઠા અપાવી.

૧૯૫૮ની સાલ નવા જ પ્રસ્ફોટની બની ગઈ. સામ્યવાદીઓને નાસરની બૃહદ અરબનીતિ તથા તેની સાથેનું પોતાનું 'સહઅસ્તિત્વ' પોતાના જ ભાવિ માટે જોખમરૂપ જણાયું. નાસરની સીરિયા અને ઇજિપ્તના જોડાણની નીતિમાં સીરિયામાંના સામ્યવાદીઓને અળગા પાડવાનો વ્યૂહ દેખાયો. બલ્કે, ઇજિપ્ત અને સીરિયાના સામ્યવાદીઓની નજર કાસમે કરેલી ઇરાકની '૧૪ જુલાઈ (૧૯૫૮)ની ક્રાન્તિ' તરફ ઠરેલી હતી. નાસર સ્થાનિક સામ્યવાદીઓની આ મુરાદ અગાઉથી કળી ગયો હતો. તેણે એમને સત્તાના ક્ષેત્રેથી દૂર રાખ્યા અને પોર્ટ સૈયદ જાહેરનામા દ્વારા અરબ પ્રદેશોના સામ્યવાદીઓને 'અરબ ઐક્યના દુશ્મનો' અને 'યહૂદીઓના મિત્રો' તરીકે ઓળખાવીને કારાવાસમાં ગોંધી દીધા (ડિસેમ્બર ૧૯૫૮). બાદ ઇરાકના મોસલ નગરમાં ત્યાંના શાસક કાસમ વિરુદ્ધ થયેલા ફોજી વિદ્રોહ પાછળ નાસરનો હાથ હતો એવું બોલનારા-લખનારા (અત્યાર સુધી નભાવી રાખેલા) સૌને પૂરી દીધા (૧૯૫૯). અને છેલ્લે સીરિયાના સામ્યવાદી પક્ષમાંના ભંગાણના ભીતરી સમાચારો જાણ્યા પછી ઇજિપ્તના સામ્યવાદી મહામંત્રી(આબુ સૈફ યુસુફ)નેય જેલભેગો કરી દીધો (ડિસેમ્બર ૧૯૬૧).

નોંધવા જેવી હકીકત એ છે કે, સુએઝની ઘટનાએ (૧૯૫૬) સોવિયેતને અરબ પ્રદેશમાં પ્રવેશવાનો અપૂર્વ મોકો આપ્યો હતો. એ હેતુ પાર પડતાં, તેણે નાસર ઉપરનો મુખ્ય આધાર ઓછો કરીને ઇરાકના કાસમને ચડાવવાનો વ્યૂહ શરૂ કરી દીધો હતો—બંનેને હાથ પર રાખીને લેવાય એટલો લાભ લેવાની ગણતરીએ જ. આ કારણે અવારનવાર નાસર અને સોવિયેત વચ્ચે ચકમક ઝરી હતી (૧૯૫૯ અને ૧૯૬૧). ખ્રુશ્ચૉફે નાસરને શાહીવાદી જબાનમાં સામ્યવાદ વિરુદ્ધ બોલનારા ગરમ મગજના જુવાન તરીકે ઉતારી પાડ્યો હતો. સામે એવા જ તોછડા શબ્દોમાં નાસરે જવાબ વાળ્યો હતો.

૧૯૬૨ સુધીમાં બન્ને પક્ષે વાસ્તવતાનું દર્શન થયું હશે. એક બાજુ ઇરાકમાંની કિરકુક કતલની ઘટના (જુલાઈ ૧૯૫૯) પછી તેને 'અરબી સોવિયેત' બનાવવાનું સામ્યવાદીઓનું સ્વપ્ન ઓગળી ગયું હતું; તો બીજી બાજુ, સપ્ટેમ્બર ૧૯૬૧માં સીરિયા જે રીતે 'અરબ સંઘ'માંથી નીકળી ગયું એ પછી નાસરનું બૃહદ અરબ રાષ્ટ્રવાદનું સ્વપ્ન સંકોડાયું હતું. જોકે ૧૯૬૧ના

જુલાઈમાં નાસરે અનેક ઔદ્યોગિક અને વ્યાપારી ઘટકોનું રાષ્ટ્રીયકરણ કરવાનો કાયદો જાહેર કર્યો ત્યારે ત્યાંના સામ્યવાદીઓને વળી એમ થયું હતું કે જાણ્યે-અજાણ્યે, ઇચ્છા-અનિચ્છાએ, નાસર 'બિન-મૂડીવાદી' રાહે ઇજિપ્તના અર્થતંત્રનો વિકાસ કરવા કટિબદ્ધ છે. એ પછી નાસરે પ્રગટ કરેલ 'ચાર્ટર' (૧૯૬૨) અને તેને અંગેના 'કાનૂનો' પછી, સામ્યવાદીઓએ એમ માન્યું કે નાસર તેના સિદ્ધાન્ત કરતાં વહેવારમાં વધુ મક્કમ છે. સોવિયેતે પણ 'ચાર્ટર'માંનાં બિન-માર્કર્સવાદી લક્ષણો (દા. ત., ધર્મ અંગેનું કૂણું વલણ, ખાનગી મિલકત, વર્ગવિગ્રહ અને કામદારવર્ગી સરમુખત્યારીનો ઇનકાર વગેરે) જોયાં છતાં, તેને 'શાહીવાદ વિરોધી ક્રાન્તિની પૂર્ણાહુતિ' અને 'સમાજવાદી ક્રાન્તિનો આરંભ' ગણાવી નાસરની ખુશામત કરેલી. વળી નાસરની સત્તાનાં મૂળ ઊંડાં આમપ્રજામાં નથી એવી ટીકા કરીને, સમાજવાદની ઊણપો દર્શાવ્યા પછીય, 'નાસરવાદની ગતિશીલતા'ને બિરદાવેલી.

નાસર એની રમતમાં હતો. ૧૯૬૩માં સામ્યવાદીઓને મોટા પાયા પર જેલમુક્ત કર્યા પછી, તેમને પોતાના 'અરબ સોશિયાલિસ્ટ યુનિયન'(એ.એસ.યુ.)માં જોડાવા આમંત્રણ આપ્યું. બને કે, ૧૯૬૨ના 'ચાર્ટર' અને જુલાઈ-કાનૂનોથી ખળભળી ઊઠેલા મિલકતધારી વર્ગોની સામે આંખ બતાવવા આ પગલું તેણે ભર્યું હોય; અથવા ખ્રુશ્ચૉફની ઇજિપ્ત-યાત્રા (૧૯૬૪) પૂર્વેની આ ભૂમિકા હોય. ગમે તેમ પણ બંને બાજુ 'હૂંફ' દેખાડાઈ રહી હતી. ૧૯૬૫ના એપ્રિલમાં સામ્યવાદી નેતાગીરીએ પોતાનો પક્ષ વિખેરી નાખીને સામ્યવાદી આંદોલનના ઇતિહાસમાં અપૂર્વ પગલું ભરીને સૌને નાસરના નેતૃત્વવાળા સંઘમાં જોડાઈ જવાનો આદેશ આપ્યો. તેમને મતે, તે એકલો જ 'ક્રાન્તિનું કાર્ય પાર પાડવા કુશળ પક્ષ' હતો!

આ છતાં, સામ્યવાદીઓ કંઈ સાવ વીખરાઈ ગયા ન હતા. દરેક ક્ષેત્રે પોતાના અગ્રણીઓને ખાસ કામગીરી સુપરત થઈ હતી. અને નાસરેય તેમને પોતાના પક્ષમાં અમુક મહત્ત્વનાં સ્થાન આપ્યાં હતાં—શિક્ષણ, તાલીમ, પ્રચારના ક્ષેત્રે સવિશેષ.

ઇરાક

પૂર્વ ભૂમધ્યના અન્ય અરબ પ્રદેશો કરતાં ઇરાકની પરિસ્થિતિ જુદી હતી. તે પ્રદેશ યુરોપીય રાજકીય-બૌદ્ધિક અસર નીચે ઓછો આવ્યો હતો, પ્રમાણમાં વધુ પછાત હતો. સ્વતંત્ર વર્ગ તરીકે બુદ્ધિજીવીઓનો વિકાસ થયો ન હતો. બ્રિટિશોના શાસન (પાછળથી મૅન્ડેટરી) દરમ્યાન ત્યાંનાં સામંતી અને રજવાડી તત્ત્વોને ઉત્તેજન મળ્યું હતું. આથી ત્યાંનું રાજકારણ વ્યક્તિઓની તાકાત અને મનસ્વિતા પર નિર્ભર રહ્યું હતું. આ સંજોગોમાં ઇરાકમાં સીરિયા-લેબેનોનની સરખામણીએ સામ્યવાદની અસર ઘણી મોડી પહોંચી. છેક ૧૯૩૪માં વ્યવસ્થિત સામ્યવાદી પક્ષની સ્થાપના થઈ. તેનો નેતા યુસુફ સલમાન યુસુફ (ઉર્ફે ફહદ) હતો. જોકે આ દરમ્યાન ખાસ ઉલ્લેખ કરવા જેવું એક ઉદ્દામ બિન-સામ્યવાદી અલ-અહેલી જૂથ ઊભું થઈ રહ્યું હતું. અલબત્ત, તેમાં બિનસામ્યવાદી માર્ક્સવાદી અબ્દુલ કાદર ઇસ્માઈલ એક છેડે, અને બીજે છેડે ઉદ્દામ ઉદારમતવાદી અબુ તિમ્મન, તો વચ્ચે ફેબિયન-લૉસ્કી-પંથી મુહમ્મદ હદીદ જેવા બૌદ્ધિકો હતા. પાછળથી રાષ્ટ્રીય લોકશાહી પક્ષ રૂપે આ જૂથ આકાર પામ્યું હતું. ૧૯૩૬માં થયેલા 'બક્ર સિદકી વિપ્લવ'માં આ જૂથનો મુખ્ય ફાળો હતો. પરંતુ ફોજી અમલદારોના હાથ મજબૂત બનતાં આ જૂથ વેરવિખેર બની ગયું હતું.

સામ્યવાદી નેતા ફહદ બે વરસ સોવિયેતમાં વિતાવીને પાછો આવ્યો ત્યાર પછી ઇરાકી સામ્યવાદી પક્ષની તેણે પુનઃરચના કરી. પરંતુ એથી વિખવાદ પેદા થતાં પક્ષમાં ભાગલા પડ્યા. હરીફ 'ઇરાકી સામ્યવાદી લીગ' અસ્તિત્વમાં આવી, જોકે ફહદની નેતાગીરીવાળા પક્ષને સોવિયેતનો ટેકો ચાલુ રહ્યો. પરંતુ સિદકી-સુલેમાન શાસને ઉદ્દામોના ટેકાથી સત્તામાં આવ્યા બાદ, પાર્લમેન્ટમાં કાયદો પસાર કરીને ખાસ કરીને સામ્યવાદીઓ ઉપર તવાઈ ઉતારી.

યુદ્ધનાં વરસો દરમ્યાન (૧૯૪૧) બૃહદ-આરબવાદ(પાન-અરબિઝમ)તરફી રશીદઅલી અલ-જિલાનીએ લશ્કરની મદદથી સત્તા કબજે કરી. એનું વલણ બ્રિટિશ-ફ્રેન્ચ સંસ્થાનવાદીઓ સામે નાઝી-ફાસિસ્ટ જર્મનધરીનો ઉપયોગ કરી લેવાનું હતું. આથી બ્રિટને એનું પતન આણ્યું. પરંતુ, સામ્યવાદીઓનું વલણ રશીદ જિલાનીની તરફેણમાં હતું; કેમ કે આ અરસામાં રશિયાએ હિટલર સાથે દોસ્તી કરી હતી. જોકે થોડા જ સમયમાં હિટલરે રશિયા પર આક્રમણ કર્યું. એ પછી રશીદ જિલાનીના શાસનનો અંત આવ્યો અને ઇરાકી સામ્યવાદીઓએ રૂસી-બ્રિટિશ ધરી-તરફી વલણ અપનાવ્યું. એમણે વિદ્યાર્થીઓ, કામદારો, બૌદ્ધિકોમાં ફાસીવાદ વિરોધી ઝુંબેશ જગાવી. હિટલર સામેના યુદ્ધમાં સોવિયેતનો વિજય થતાં સ્થાનિક સામ્યવાદીઓ માટેય નવો અવસર પેદા થયો. ખાસ કરીને કામદારો અને વિદ્યાર્થીઓમાંની તેમની પ્રવૃત્તિએ ઊંડાં મૂળિયાં નાખ્યાં. સર્વસાધારણ વાતાવરણમાં પણ સામાજિક ન્યાયની ભાવના જોર કરી રહી. પરંતુ, અંતે તો બ્રિટિશ સાથેનો (૧૯૩૦ના કરાર મુજબનો) સંબંધ ફેરવાય નહીં, આંતરિક અને વિદેશી નીતિ ઉપરની બ્રિટિશની પકડ તોડવામાં આવે નહીં ત્યાં સુધી કશું થાળે પડે એમ ન હતું.

૧૯૪૬માં સુવૈદી સરકારે પક્ષો રચવા ઉપરના પ્રતિબંધો હળવા કર્યા કે તરત જ જે પાંચ પક્ષો ઊભા થયા તેમાંના ચાર તો બ્રિટિશ બંધનમાંથી ઇરાકની મુક્તિ ઝંખનારા હતા. ઇસ્તિકલાલ પક્ષ જેવો સાવ જમણેરી રાષ્ટ્રીય પક્ષ પણ આ બાબતમાં બીજા રાષ્ટ્રીય પક્ષોની સાથે જ હતો. જોકે, સામ્યવાદી પક્ષ હજી પ્રતિબંધિત રહ્યો. પરંતુ તેણે અન્ય પક્ષો અને જૂથોના સહકારમાં કામ ચાલુ રાખ્યું. ઉપરાંત, 'ઍન્ટિઝિયોનિસ્ટ' (યહૂદી વિરોધી) લીગ (પક્ષ નહીં) કાઢીને તેની દ્વારા પોતાનું કામ આગળ ધપાવ્યું. વિવિધ પક્ષોને અપાયેલી આ તક પણ કટ્ટર જુનવાણી નેતાઓને જોખમ રૂપ લાગી. . . . સુવૈદીની જગાએ આવેલ અર્શદ-અલ-ઉમરીએ વળી પક્ષો વિખેરી નાખ્યા અને અખબારોને બંધ કરી દીધાં. ઇઝરાયલી રાજ્યની સ્થાપના થતાં રઝળી ગયેલ પૅલેસ્ટાઈન પ્રજાજનોની હમદર્દીમાં સામ્યવાદી લીગ તરફથી શાંત દેખાવો યોજાયા. તેની સામેય નવા શાસને પગલાં ભર્યાં — લીગ ઉપર બંધી ફરમાવી. આ બધાં કારણે નવા શાસન સામે જાગેલા અસંતોષમાં આર્થિક હડતાલોએ તેલ રેડ્યું. સામ્યવાદીઓ આ હડતાલો પાછળના મુખ્ય ચાલકબળ હતા. સરકારે તેમના આગેવાનોની ધરપકડ કરી. એકથી પંદર વરસની લાંબી સજા ફરમાવી કાશ ટાળ્યાનો સંતોષ લીધો (જાન્યુઆરી ૧૯૪૭). આ પછી બીજા પક્ષો અને આગેવાનો ઉપર પણ તવાઈ ઊતરી. પરંતુ પરિણામ અણધાર્યું આવ્યું. જે ઉદ્દામ જૂથો અંદર અંદર લડતાં હતાં તેમની એકતા ગંઠાઈ. યહૂદી જુવાન સાસુન દલાલ આ વિસ્તૃત મંચનો નેતા બન્યો (૧૯૪૭ અંત).

આ અરસામાં વડા પ્રધાન સલિલ જબરે ગુપ્ત રીતે બ્રિટિશ સરકાર સાથે નવો કરાર કર્યો. ૧૯૩૦ના કરાર કરતાં એ ઘણે દરજ્જે બહેતર હતો. પરંતુ, એક તો, તે ગુપ્ત રીતે થયો હતો;

અને બીજું એ કે તેમાં ઇરાકની સલામતી જ અંગ્રેજ-ઇરાકીસંયુક્ત સંરક્ષણ બોર્ડને હસ્તક સોંપાઈ હતી. તેના વિરોધમાં દસ દિવસ સુધી અદમ્ય આંદોલનોનો વંટોળ ઊમટ્યો. હિંસક રમખાણો થયાં. સલિલ જબરની સરકારનું પતન થયું. બ્રિટિશ સાથેના કરાર રદ થયા (જાન્યુઆરી ૧૯૪૮). આ વિદ્રોહમાં વિદ્યાર્થીઓએ મોટો ભાગ ભજવ્યો હતો — અલબત્ત, સામ્યવાદી અસરમાં. સેંકડો સામ્યવાદીઓને જેલમાં ગોંધી દેવામાં આવ્યા અને તેમના ફહદ, સિદ્દિક વગેરે ચાર નેતાઓને ફાંસીએ લટકાવવામાં આવ્યા (ફેબ્રુઆરી ૧૯૪૯). પરંતુ, વળી પ્રત્યાઘાત અણધાર્યો ઊઠ્યો. મવાળમાં મવાળ પક્ષો પણ ધૂંધવાઈ ઊઠ્યા. રાજકીય વાતાવરણ અનુકૂળ થતાં સામ્યવાદીઓએ ગુપ્ત રીતે કામગીરી આગળ ધપાવી જ. ૧૯૩૦-કરારની સમૂળી નાબૂદી અને મધ્યપૂર્વના ફોજી જોડાણની પશ્ચિમી દરખાસ્ત—આ બે મુદ્દા ઉપર 'શાંતિ આંદોલન' શરૂ કર્યું. વિદ્યાર્થીઓ, બૌદ્ધિકો અને ધાર્મિક પુરુષોને સાથે લીધા.

૧૯૫૨(ઑક્ટોબર)માં તો તેમણે શાસક જૂથ ઉપર સીધી ચૂંટણી સ્વીકારવા દબાણ કર્યું. આ મુદ્દા પર વળી જનતા સળવળી ઊઠી. વિદ્યાર્થીઓની કેટલીક ફરિયાદો ઉપર શરૂ થયેલ હડતાળ વ્યાપક બની. આ લડત ઉમરી-સરકાર અને પશ્ચિમી હિતો સામેની બની ગઈ. એક મહિનાને અંતે માર્શલ લૉનું શાસન સ્થપાયું. લડતને કચડી નાખવામાં આવી. વળી, બધાં રાજકીય પક્ષો-જૂથો ઉપર દમન ગુજર્યું ને 300 નેતાઓને જેલભેગા કર્યા. એ પછી સીધી ચૂંટણી માન્ય કરતો નવો ચૂંટણી કાયદો થયો. જોકે તેના અમલમાં કશો કસ ન રહ્યો.

ફરી પાછા વિરોધ પક્ષોએ એકત્ર થઈ 'રાષ્ટ્રીય મંચ' રચ્યો (૧૯૫૪) — પશ્ચિમી જોડાણ સામે અને તેના મળતિયા ઇરાકી શાસકો સામે. આમ એક બાજુ એકધારું દમન ચાલુ હતું. બીજી બાજુ નૂરી-અલ-સૈદની બ્રિટિશ-પરસ્ત નીતિ છતાં તે ૧૯૩૮થી ૧૯૫૮ની સાલ સુધી (૧૯૩૯–૪૦ના અપવાદ સિવાય) વડા પ્રધાનના સ્થાન પર સ્થાયી રહી શક્યો હતો. જોકે, ૧૯૫૫માં એને માટેય હવે મુસીબત વધી હતી. બ્રિટને ઊભા કરેલા લશ્કરી જોડાણ-કરાર(બગદાદ)માં ઇરાક જોડાઈ જતાં પશ્ચિમી સત્તા સામેનો મોરચો વિદ્રોહમાં ફેરવાઈ ગયો હતો. તેમાં વળી આર્થિક કટોકટીએ દાવાનળ પેટાવ્યો. લશ્કરી સેનાપતિ અબ્દુલ કરીમ કાસમે ભારે દૃઢતા સાથે સત્તા કબજે કરી. રાજા અને વડા પ્રધાનની કતલ કરી. રાજાશાહી અને બ્રિટિશશાહીનો અંત આણ્યો. કાસમને સામ્યવાદીઓએ રચેલા 'રાષ્ટ્રીય મંચ'નું પીઠબળ મળી ગયું — બલ્કે, કાસમને પોતાના હસ્તક એક સાધન મળી ગયું. (કદાચ કાસમ અને સામ્યવાદીઓ વચ્ચે અગાઉથી સંપર્ક હશે!)

કાસમે ભારે હિંમતભેર કદમ ઉપાડ્યાં. વર્ષોથી જેલોમાં સબડતા હજારો રાજદ્વારી કેદીઓ — મુખ્યત: સામ્યવાદીઓ મુક્ત થયા. ભૂગર્ભમાં ગયેલા ખુલ્લી પ્રવૃત્તિમાં લાગી ગયા. ૧૯૩૪થી લગભગ ગેરકાનૂની રહેલા સામ્યવાદી પક્ષને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ. તેમાં અખબારો અને સંગઠનો દ્વારા સર્વક્ષેત્રી સુધારાની ચળવળ શરૂ થઈ ગઈ. કાસમ કાબેલ હતો. એને સામ્યવાદીઓની જરૂર હતી, પણ એમનું ચડી વાગે એવી નહીં. તેમના કારણે ઘરમાં કે બહાર તે કશો પ્રત્યાઘાત પેદા કરવા માગતો ન હતો. હકીકતે, તેના પ્રધાનમંડળમાં સામ્યવાદી વલણવાળો એક જ પ્રધાન હતો (ઇબ્રાહીમ કુબ્બા). બીજી બાજુ ઇસ્તિકલાલ, બાથ, રાષ્ટ્રીય લોકશાહી પક્ષ (એન.ડી.પી.) વગેરેના એક એક પ્રતિનિધિ લેવાયા હતા. પરંતુ સામ્યવાદીઓને ધરપત હતી. તેઓ એમની રીતે લશ્કર અને સરકારી અમલદારોમાં પોતાના મળતિયા ઊભા કરી રહ્યા હતા.

કાસમ પણ એનો દાવ હોશિયારીથી ખેલી રહ્યો હતો. તે સીધો મૉસ્કોના સંપર્કમાં રહ્યો અને સત્તાનાં સૂત્રો બરાબર હાથમાં આવતાં ખ્રુશ્ચૉફની મુલાકાતે જઈ પહોંચ્યો; બીજી બાજુ, બ્રિટિશ રાજદૂતના સંપર્કમાંય રહ્યો. પરિસ્થિતિનો તાગ લેતાં એને સમજાઈ ગયું કે પોતાનો જ નાયબ વડો પ્રધાન તથા નાયબ સરસેનાપતિ અબ્દ અસ-સલામ અરીફ કટ્ટર દુશ્મન બનવાનો છે.

કાસમે પોતાના દુશ્મનોનું કાસળ કાઢવા 'પીપલ્સ કોર્ટ' (સ્પેશિયલ સુપ્રીમ મિલિટરી કોર્ટ) રચી. તેમાં સામ્યવાદ-તરફી અમીન પ્રૉસિક્યૂટર-જનરલ નિમાતાં એ કોર્ટ સામ્યવાદીઓના 'ક્રાન્તિ-કારી ન્યાય'નું નાટક બની રહી . . . તે જ રીતે, 'પીપલ્સ રેઝિસ્ટન્સ ફોર્સ' મૂળે તો શાસનના વિરોધીઓ ઉપર ચાંપતી નજર રાખવા રચાયેલું તે પણ જતે દિવસે સામ્યવાદીઓના પ્રભાવ નીચે આવી ગયું.

જોકે સામ્યવાદીઓને મન ૧૯૫૮ની જુલાઈ ક્રાન્તિ 'બૂર્ઝ્વા ક્રાન્તિ' હતી; તેમાંથી હવે 'સમાજવાદી ક્રાન્તિ' પેદા કરવાની જવાબદારી તેમની પોતાની હતી . . . આથી તેઓ જ્યાં કયાંય હાથ મરાય ત્યાં મારતા હતા. તેમણે કુર્દિશ નેતા મુલ્લા મુસ્તફા બરઝાની (જે તેર વરસ સોવિયેતમાં રહીને કાસમના આમંત્રણે પાછો આવ્યો હતો) સાથે બિરાદરી બાંધી. કુર્દિશોને ભય આરબોનો હતો — ખાસ કરીને ઈજિપ્તના બૃહદ અરબી નાસર અને બાથિસ્ટોનો. એમને સામ્ય-વાદીઓની દોસ્તી લાભદાયી લાગી.

આમ સામ્યવાદીઓને પોતાના પગ થોડા સ્થિર થયેલા જણાતા હતા. ત્યાં કાસમે અરીફ ઉપર કાવતરું કર્યાનો આરોપ મૂકીને તેને નાયબ સેનાપતિપદ અને નાયબ વડા પ્રધાનપદ બંને સ્થાનેથી હઠાવ્યો (સપ્ટેમ્બર ૧૯૫૮); અરીફ અરબ નાસર સાથે સારા સંબંધો રાખવાનો અને તેલ ઉદ્યોગોનું રાષ્ટ્રીય-કરણ કરવાનો આગ્રહી હતો. બંને વાત કાસમને ગોઠતી ન હતી; અને સામ્યવાદીઓને પણ ગોઠતી ન હતી . . . આ કારણે જ બાથિસ્ટો અને ઇસ્તિકલાલ (પક્ષ) પણ કાસમની નજરમાં ઊણા ઊતર્યા. પરંતુ એ જ કારણે તેને સામ્યવાદીઓનો ટેકો અનિવાર્ય થઈ પડ્યો. આ ઘડી પાકતાં જ સામ્યવાદીઓએ ખુલ્લંખુલ્લા કાસમની નીતિના ટેકામાં અને તેના દુશ્મનોના વિરોધમાં રસ્તાઓ ગજવવા માંડ્યા. એમણે નાસર કાસમ (કેરો-બગદાદ) ધર્ષણને સૈદ્ધાન્તિક વિચારધારાનું રૂપ આપ્યું : 'નાસર કેન્દ્રસ્થ આરબ સંઘ સ્થાપવા માગે છે, જ્યારે કાસમ સ્વાયત્ત અરબ રાષ્ટ્રો; નાસર 'તટસ્થતા'નો હિમાયતી છે, જ્યારે કાસમ સામ્યવાદી રાજ્યો સાથેની ઘનિષ્ઠ મૈત્રીનો. સાચા રાષ્ટ્રવાદનો પુરસ્કર્તા નાસર નહીં, કાસમ છે . . .' વગેરે.

સામ્યવાદના વિરોધીઓ માનતા હતા કે સામ્યવાદીઓ માટે તો રાષ્ટ્રવાદ અને સ્વાયત્તતા અરબ રાષ્ટ્રવાદના નિકંદન સુધી પહોંચવા માટેનું સૂત્ર છે. કાસમને આ બધું ભાવતું હતું ને વેંદે કહ્યું એના જેવું હતું. એ સોવિયેત અને સામ્યવાદી દેશો સાથે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો વધારવા માગતા હતો, પરંતુ સત્તાજૂથોમાં ફસાઈ ગયા વગર. એ કહેતો : "અમે સૌના 'મિત્ર' (ફ્રેન્ડ) છીએ, 'સાથી' (એલાઈ) કોઈના નહીં." સ્થાનિક સામ્યવાદીઓને આ વલણ સંતોષ-કારક લાગતું ન હતું, પરંતુ ઘરઆંગણેની સુધારણાના કાર્યક્રમોમાં તેઓ પૂરતા રચ્યાપચ્યા હતા. કૃષિ સુધારણાના કાર્યક્રમના અમલ દરમ્યાન તેઓ ગરીબ ખેડૂતોના ગાઢ સંપર્કમાં આવ્યા — જોકે, તેમનું મુખ્ય બળ હજી શહેરોમાં હતું. પરંતુ હવે એનું લક્ષ્ય લશ્કર, સરકારી વહીવટ અને શૈક્ષણિક

સંસ્થાઓમાં પગપેસારો કરવાનું હતું; શિક્ષકો, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને કામદારોને મુખ્ય આધાર બનાવવાનું હતું. એકંદરે સામ્યવાદીઓ અને સોવિયેત જ દેશના અદ્યતન વિકાસની દાયણ બની શકે એવો વિશ્વાસ તેઓ જન્માવી રહ્યા હતા.

બીજી બાજુ કાસમ અને સામ્યવાદીઓ સામેનો મોરચો પણ ઊભો થઈ રહ્યો હતો. ફોજ-માંના અધિકારીઓએ મોસલ રેડિયો ઉપરથી એકાએક જાહેર કર્યું કે 'કાસમની ટોળાંશાહી સરમુખ-ત્યારીને ખતમ કરો. અને ૧૪મી જુલાઈની ક્રાન્તિના મૂળ ધ્યેય તરફ પાછા વળો.' પરંતુ, કાસમના વફાદાર સૈન્યે અને સામ્યવાદીઓના પીપલ્સ રેઝિસ્ટન્સ ફોર્સે બંડ કચડી નાખ્યું (માર્ચ ૧૯૫૯). (આ મોસલ બંડ પાછળ નાસરનો હાથ છે એવું પાછળથી મનાયેલું.)

સોવિયેતે ખુલ્લી રીતે કાસમને ટેકો આપ્યો. આથી છંછેડાયેલા નાસરે 'ટાયરન્ટ' કાસમને ઉથલાવી પાડવા ઉશ્કેરણી કરી. આ બંડ દબાવાઈ જતાં, સામ્યવાદીઓના હાથ મજબૂત બન્યા. પરંતુ ઈરાકમાં જ મહદવી જેવાએ 'પીપલ્સ કોર્ટ'માં અરબ-તરફી વલણ લીધું. સામ્યવાદીઓએ અધીરા થઈ 'ક્રાન્તિના તમામ દુશ્મનોને ખતમ કરો'ના સૂત્ર સાથે કાસમની ઢીલી ઢચુપચુ નીતિની ટીકા કરી.

વાસ્તવમાં સામ્યવાદીઓ ઢીલા અને ઢચુપચુ કાસમને ખસેડીને જાતે જ સત્તાની લગામ હાથ ધરવાની તૈયારીમાં પડ્યા. ફોજી કમિટીઓ દ્વારા સામ્યવાદીઓએ પોતાના વિરોધીઓને ભયભીત કરવાની કારવાઈ શરૂ કરી દીધી. 'પ્રજાસત્તાક સંરક્ષણ સમિતિ' દ્વારા સરકારી અમલદારો અને ઉદ્યોગોમાં કામગીરી આગળ ધપાવી. 'કિસાન લીગ' દ્વારા ગ્રામ વિસ્તારોમાં, અને 'જાગૃતિ ટુકડીઓ' દ્વારા શહેરી વિસ્તારોમાં ધાકનું વાતાવરણ પ્રસારી દીધું : ક્રાન્તિના વિરોધીને જ નહીં, ઢીલા-ઢચુપચુનેય પાઠ શીખવવાનો હતો. ત્રણ દિવસ લગી બગદાદને સ્થગિત કરી દઈને એમણે પોતાની શક્તિનો પરચોય બતાવ્યો (૯થી ૧૧ માર્ચ).

બીજું કંઈ નહીં તો સામ્યવાદીઓની આ ઉદ્દંડતાએ કાસમની સત્તામાં તિરાડ પાડવાનું કામ તો કર્યું જ. ગભરાઈને બાથ અને ઈસ્તિકલાલ ભૂગર્ભમાં જતા રહ્યા; રાષ્ટ્રીય લોકશાહી પક્ષ હાંફળો થઈ ઊઠ્યો. સામ્યવાદીઓને પોતાના શાસનનાં વધામણાં સંભળાયાં. કાસમે સમય વરતી સામ્યવાદીઓએ કરેલી માગણીઓમાંથી અરધીપરધી સ્વીકારી લીધી; મોસલના કાવતરાખોરોને 'પીપલ્સ કોર્ટ' (એટલે કે સામ્યવાદીઓ) હસ્તક સોંપી દીધા; બગદાદ કરારમાંથી ઈરાક નીકળી ગયાની રીતસર જાહેરાત કરી (જુલાઈ ક્રાન્તિથી એ અમલમાં તો હતી જ); આઈઝનહોવરે મધ્ય-પૂર્વમાં 'સામ્યવાદથી રક્ષણ'નો સિદ્ધાન્ત રજૂ કર્યો હતો તેને ફગાવી દીધો. આ બધા છતાં, ભાષા એવી વાપરી કે બગદાદ કરારના અન્ય સભ્યોનો સાથ-સહકાર, જરૂર પડતાં મળી રહે. . . . થોડા વખતમાં બ્રિટિશરો વિમાની મથક (હબ્બનિયા) છોડી ચાલ્યા ગયા. કાસમે સ્ટર્લિંગ વિસ્તારમાંથી પોતે નીકળી ગયાની જાહેરાત કરી.

સ્થાનિક સામ્યવાદીઓ પોતાના ખુલ્લા સંગઠન તરીકે જેનો ઉપયોગ કરતા હતા તે 'પાર્ટિઝન્સ ઑફ પીસ'ની બીજી કૉંગ્રેસ બોલાવી. અન્ય આરબ દેશોના સામ્યવાદી નેતાઓ અને પ્રગતિશીલોને આમંત્ર્યા. ખુદ કાસમે એનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યાં જાહેરાત થઈ : 'આ સંગઠન કંઈ

શાંતિ માટે જ નથી. આ તો દેશદાઝની વિશાળ લડતો માટે છે. . . . પ્રજાસત્તાકના રક્ષણ માટે છે.' છેલ્લે દિવસે દસ લાખ નાગરિકોનું સરઘસ કાઢવું. તેમાં કર્નલ મહદવી અગ્રણી હતા. નિદર્શનનો મિજાજ અને દબદબો કાસમનેય આંજી દે એવો હતો.

આ પછી સામ્યવાદીઓ સત્તાની ભાગીદારી માટે સીધું દબાણ ન આણે તો જ નવાઈ. તેમણે કહ્યું: 'આજની કક્ષા સરકારમાં સામ્યવાદી પક્ષની ભાગીદારીની અનિવાર્યતા ચીંધે છે.' પરંતુ વ્યવહારુ દૃષ્ટિએ તેમણે સંયુક્ત રાષ્ટ્રીય મોરચાની સરકાર રચવાની દરખાસ્ત કરી. પરંતુ સામ્યવાદીઓએ ધાકધમકીનું જે સૂત્ર ચલાવ્યું હતું અને કિસાનો, મજૂરો, મહિલાઓ, વિદ્યાર્થીઓનો જે રાજકીય ઉપયોગ કર્યો હતો, તેનાથી ચેતી ગયેલાઓએ (મુખ્યત: રાષ્ટ્રીય લોકશાહી પક્ષે) આ રમતમાં ન ફસાવા પ્રજાને ચેતવણી આપી. ખરેખર તો, કાસમ પણ સામ્યવાદીઓના દબાણ બહાર રહેવા માગતો હતો જ; આથી એણે જમણેરી પક્ષોના જે આગેવાનો જેલમાં હતા એમને ઈદના તહેવાર નિમિત્તે છોડયા. બીજી બાજુ જાહેર રીતે સામ્યવાદીઓને ઠપકો આપતાં કહ્યું કે 'પીપલ્સ રેઝિસ્ટન્સ ફોર્સ' (પી.આર.એફ.) રાજ્યની ફોજને મદદરૂપ થવા માટે હતું, મધ્યયુગી ખાનગી લશ્કર બનવા માટે નહીં. — 'બીજા ઉપર ધાક-દબાણથી કામ લેવા માટે' 'પાર્ટિઝન્સ ઑફ પીસ'ની તેણે ટીકા કરી અને 'જેઓ કહે છે કે આ દેશમાં સામંતશાહી જીવે છે, તે જુઠ્ઠા છે,' એમ પણ કહી નાખ્યું.

અલબત્ત, કાસમની વાણી સોંસરી હતી, પરંતુ વચ્ચે વચ્ચે સમજાવટ, પટામણીનીય હતી, ઉશ્કેરણીની નહીં; કેમ કે સામ્યવાદીઓ સાથે કશી અથડામણ વહોરવા એ રાજી ન હતો. આથી જ્યારે સામ્યવાદીઓ પણ ઠંડા પડયા ત્યારે એણે સામ્યવાદના હમદર્દ બે પ્રધાનોને પ્રધાનમંડળમાં સ્થાન આપીને તેમને વધારે ઠંડા પાડવાનોય કીમિયો અજમાવ્યો.

એક બાજુ જ્યારે જુલાઈ ક્રાન્તિની પહેલી સાલગીરી ઊજવાઈ રહી હતી ત્યારે (૧૯૫૯) કિરકુકમાંના સામ્યવાદીઓ પોતાના દુશ્મનોની કતલ કરીને તે દિવસ ઊજવી રહ્યા હતા. તેઓ આરબોને તુર્કમાનો સામે ઉશ્કેરી રહ્યા હતા. તેઓ તુર્કમાનોને ધિક્કારતા હતા. કાસમે તેમને જેલમાંથી છોડયા અને તેઓ સાલગીરીમાં હોંશે હોંશે ભાગ લઈ રહ્યા હતા. સામ્યવાદીઓથી એ સહ્યું ન ગયું. એકતાળીસ સ્ત્રીઓ-બાળકોનેય જીવતાં દાટયાં. અનેકની કતલ કરી. બાથિસ્ટોની માન્યતા મુજબ આ કંઈ છૂટોછવાયો કિસ્સો ન હતો. દેશભરમાં દુશ્મનોની હસ્તી નાબૂદ કરવાના કાંડનું આ એક પ્રકરણ હતું. સામ્યવાદીઓએ બચાવમાં જણાવ્યું કે સ્વ-બચાવ અર્થે જ આમ કરવું પડેલું. કાસમે આકરો ફટકો મારતાં કહ્યું, 'એમાં ક્રૂરતા અને અંધ ઝનૂન સિવાય કશું ન હતું. એ કૃત્ય સંપૂર્ણ ધિક્કારપાત્ર છે. . . . સરકાર પાસે પ્રજાનું રક્ષણ કરવા પૂરતું બળ છે, કોઈએ એ ભાર માથે લેવાની જરૂર નથી. . . .' અને સામ્યવાદીઓને પોતાનું ઘર સાફ કરવા ઈશારો કર્યો.

આ પછી, સામ્યવાદી પક્ષે એક આખી સાલ દરમ્યાનની પોતાની કારવાઈની કડક ટીકા કરી, વ્યૂહાત્મક પીછેહઠ કરી લીધી. સામ્યવાદીઓની આ પીછેહઠનો લાભ લઈ કાસમે નવો ફટકો વીંઝયો: સામ્યવાદી પક્ષમાંના તકવાદીઓને ફોડીને પાર્ટીમાં ભંગાણ પાડી તેને નબળી બનાવી.

આ પછી કાસમે સામ્યવાદના જે હમદર્દો સત્તાસ્થાનમાં ચાલુ હતા એમની સફાઈ શરૂ કરી (ફેબ્રુઆરી ૧૯૬૦). પ્રધાનમંડળથી શરૂ કરીને એક પણ એવું સરકારી કે લશ્કરી ખાતું નહીં હોય જ્યાં

સામ્યવાદીઓનાં નાનાં જૂથ હજી મૂગાં મૂગાં ટકી ન રહ્યાં હોય. એ સૌને વીણી વીણીને કાઢ્યાં. કિસાનો, કામદારો અને શિક્ષકોના સંઘમાંથીય પૂર્વયોજિત ચૂંટણીઓ દ્વારા હકાલપટી કરી. જે સંઘો અનુકૂળ થાય એવું ન લાગ્યું તેમના ઉપર (વિદ્યાર્થી અને સ્ત્રીઓના સંઘો) પ્રતિબંધ મૂક્યા. કોઈકે (તમાકુ કામદારોના સંઘે) માથું ઊંચું કર્યું, અને પોલીસ સાથે અથડામણો કરી ત્યારે એમને કચડી નાખ્યા. સામ્યવાદીઓનાં અખબારો ઉપર પણ તવાઈ ઊતરી ચૂકી. હવે, કાસમનો સાથ-સહકાર અશકય જણાતાં વળી તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિનો આશ્રય લીધો.

૩ : સહાય

સોવિયેત સહાય

સોવિયેત રશિયાએ પશ્ચિમ એશિયાનાં નવોદિત રાષ્ટ્રોમાં પોતાના વફાદાર સ્થાનિક સામ્યવાદી પક્ષો દ્વારા સીધી રીતે, અને જરૂર પડતાં લશ્કરી તાકાત દ્વારા કેવી ભયંકર ઊથલપાથલો પેદા કરી છે તે ઠીક ઠીક વિગતે જોઈ ગયા. હવે, શસ્ત્રોની તથા નાણાંની સહાય દ્વારા તેણે કેવી કામગીરી બજાવી છે તે જોઈએ. સ્તાલિનના અવસાન બાદ તેના ઉત્તરાધિકારીઓએ ખાસ કરીને બાન્ડુંગ પરિષદ (૧૯૫૫) પછી સોવિયેતની નવી વિદેશનીતિનું જે ઘડતર કર્યું તેના એક ભાગ રૂપે આ આખો વ્યવહાર ચકાસવો જોઈએ. તેના મુખ્ય હેતુઓ આ પ્રકારે ગણાવી શકાય :

(૧) (અ) પશ્ચિમી સત્તાઓની અસરવાળા પ્રદેશોને તેમાંથી ખસેડી તટસ્થ બનાવવા; (બ) આ પ્રદેશોને પોતાની અસરમાં આણવા; (ક) પોતાના ઉપર અધિકતર આધાર રાખતા કરવા;

(૨) (અ) ઉદ્દામ સરકારોને પોતાની તરફ વધુ ખેંચવી; (બ) પોતાના સીધા કાબૂ નીચે લાવવી;

(૩) ચીની અસર હોય ત્યાં દૂર કરી પોતાના પ્રભાવ નીચે લાવવી.

(૪) રાજકીય પકડ આવે તે અનુસાર ત્યાં પોતાનાં દરિયાઈ તથા હવાઈ ઉતરાણ, ડૉકયાર્ડ, ઉડ્યન જેવા અધિકારો સ્થાપિત કરી તે મથકોનો ઉપયોગ પોતાના આંતરરાષ્ટ્રીય વ્યૂહ અનુસાર કરવો.

ઉપરના હેતુઓ પાર પાડવાની પદ્ધતિ તપાસીએ તો તે આવી જણાય છે: (૧) શસ્ત્રો (અને નાણાં) ઉદાર શરતે આપવાં: વ્યાજ નહીં જેવું: બદલામાં તે દેશના ચલણ દ્વારા ભરપાઈ કરવાની સગવડ; અથવા તે દેશ આપી શકે તે માલ; (૨) આપેલાં શસ્ત્રો અમુક શરતે સ્વરક્ષણ માટે જ આપ્યાં હોય, છતાં તેનો ઉપયોગ બીજી ત્રીજી રીતે થાય તો મહદંશે આંખમીંચામણાં; (૩) જ્યાં સીધી મદદ આપવાથી પશ્ચિમ સાથેના અગર બીજા સંબંધો બગડવાનો સંભવ હોય ત્યાં વૉર્સો-જૂથના ઉપગ્રહીય દેશો દ્વારા વેચાણ કરવું. આ મુખ્ય ઉદ્દેશો અને તેની પદ્ધતિઓના પ્રકાશમાં અહીં આપણે પશ્ચિમ એશિયા અને આફ્રિકાના દેશોમાં વિશેષે કરીને શસ્ત્ર-સહાયનો રૂસી વ્યવહાર તપાસશું.

સોવિયેત રશિયાએ આ અંગેના આંકડા જાહેર કરવાનું મોટે ભાગે ટાળ્યું છે. પરંતુ ઘણા બધા હેવાલો પછી જે અંદાજ મળે છે તે મુજબ, ૧૯૫૫થી ૧૯૬૮નાં ૧૪ વર્ષમાં મુખ્યત: સોવિયેત

રશિયા અને ચેકોસ્લોવાકિયાએ એકંદર વાર્ષિક ૫૦ કરોડ (૧૪ વર્ષમાં કુલ ૭૦૦ કરોડ) ડૉલરનાં શસ્ત્રો એશિયાઈ અને આફ્રિકી દેશોમાં વેચ્યાં છે (અમેરિકાએ આ દરમ્યાન આનાથી આશરે ચારગણાં શસ્ત્રો આ પ્રદેશોને વેચાતાં અને વિનામૂલ્ય આપેલાં છે). રશિયાએ સૌથી વધુ કોઈ દેશને આપ્યાં હોય તો ઈજિપ્તને — કુલના લગભગ ત્રીજા ભાગનાં (૨૫૦ કરોડ ડૉલરનાં).

રશિયાએ એક બાજુ શસ્ત્રો આપવામાં ઉદારતા રાખી છે; બીજી બાજુ તેણે એક ગણતરી પણ રાખેલી છે. આપણે જાણીએ છીએ કે અમેરિકા-રશિયા વચ્ચેની શસ્ત્ર-ઉત્પાદન હરીફાઈના કારણે કેવળ જથ્થો જ વધતો ગયો છે એવું નથી. પરંતુ, દર બેત્રણ વરસે આગળનાં શસ્ત્રો અલ્પ-ઉપયોગિતાવાળાં બની ગયાં છે, એટલે એ જૂનાં શસ્ત્રો બીજા દેશોમાં ઠાલવવાની જરૂર પણ બંને મહાસત્તાઓ માટે સતત રહી છે. સોવિયેતે મોટા ભાગનાં શસ્ત્રો આ કક્ષાનાં આપ્યાં છે. એનો અર્થ એવો નથી કે અપાયેલાં શસ્ત્રો નકામાં છે, નિરુપયોગી છે. પરંતુ, જે દેશને માથે જેવા પ્રકારનો ભય હોય તે પ્રકારે તેની સરસાઈ માટે અમુક કક્ષાનાં જરૂરી લાગે, અથવા તો 'પ્રેસ્ટિજ વેલ્યુ' તરીકે તેને જે પ્રકારનાં જોઈતાં હોય, તેવાં શસ્ત્રો મેળવવામાં ઘણી મુશ્કેલી રહી છે. આ મુદ્દા પર અમેરિકા તો ઘણા દેશો સાથેના સંબંધો બગાડવા સુધી ગયું છે, ત્યારે રશિયા મોટે ભાગે એનેય અનુકૂળ રહ્યું છે.

ઈજિપ્તનું દૃષ્ટાંત બધી રીતે વિલક્ષણ છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે નાસરે 'રેવોલ્યૂશનરી કમાન્ડ કાઉન્સિલ'ના નામે સત્તા પ્રાપ્ત કરી, રાજાશાહીની નાબૂદી કરી અને પ્રજાસત્તાકની સ્થાપના કરી ત્યારે તેણે સોવિયેત અને સામ્યવાદીઓને હૈયે જે અપેક્ષાઓ ઊભી કરી હતી એ ભાગ્યે જ પૂરી કરી. એણે બધા પ્રકારના દાવ ખેલ્યા: ઉદ્દામવાદી આભાથી શરૂ કરી, સામ્યવાદીઓની નિકટતાના દેખાવથી આગળ વધીને ઉદ્દામો અને સામ્યવાદીઓનાં દમન અને કતલના રસ્તા લીધા. સોવિયેત રશિયા સાથેય દોસ્તી અને દુશ્મનીના દાવ ખેલ્યા. જોકે પશ્ચિમી સંસ્થાનવાદીઓની સામે એકધારો તે ઝૂઝ્યો અને ઈઝરાયલની નાબૂદી કરવાની પ્રતિજ્ઞા એણે એકધારી રટયે રાખી. બૃહદ્ અરબવાદ(પાન-અરબિઝમ)ની ધૂનમાં એણે કાસમ જેવાની દુશ્મનીય વહોરી લીધી. ઈઝરાયલ સાથેના યુદ્ધમાં નામોશીભરી હાર છતાં રાષ્ટ્રની અંદર એનું સ્થાન આગળ રાખી શક્યો. અને એના આંતરિક અને બાહ્ય દુશ્મનોના ભારે ધમપછાડા છતાં તેણે કુશળ નટવિદ્યા ખેલીને પૂરો દોઢ દાયકો (૧૯૫૪–૧૯૭૦) એકચક્રી શાસન ભોગવ્યું હતું.

આ પ્રકારની નાસરની પાર્શ્વભૂમિકા દરમ્યાન સોવિયેત રૂસનું તેના પ્રત્યેનું વલણ અને વર્તન પણ એવું જ નટખટ-વિદ્યા-પારંગતનું જોવા મળે છે. અમેરિકા તથા બ્રિટને શસ્ત્રો અને નાણાંની સહાય માટે લંબાવેલો હાથ નાસરે પાછો ઠેલ્યો, એ પછી રશિયાએ એને ચસવા ન દેવા માટે ઓછાં માથાં નથી પછાડ્યાં. સહાયનો કરાર તો થવાનો હતો સપ્ટેમ્બર(૧૯૫૫)માં, તે પહેલાં જૂનમાં જહાજો ભરીને શસ્ત્રો ઠાલવ્યાં. સૌથી પહેલો પુરવઠો પણ ૨૦ કરોડ ડૉલરથી વધુ રકમનો હતો. એમાં ૧૫૦ મિગ વિમાનો હતાં, ૪૦ બૉમ્બરો હતાં, ૩૦૦ ટી-ટૅન્કો હતી અને ડિસ્ટ્રૉયર્સ તથા અન્ય સબમરીનો હતી.

નાસરની મુરાદ ઈઝરાયલ સામેના 'સંરક્ષણ'ને નામે ઈઝરાયલને એક વાર 'ચૂપ' કરી દઈને નિરાંત પામવાની હતી. સોવિયેતે તો શાંતિદૂત બનીને વિશ્વશાંતિની ઝુંબેશ ઉપાડી હતી. પરંતુ

રશિયાનાં અદ્યતન શસ્ત્રોની હાજરીને કારણે (તેનો ઉપયોગ થાય તે પહેલાં જ) મધ્યપૂર્વની સમતુલા પલટાઈ જતાં, ઇઝરાયલે પોતાનું નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા લઈ બેઠેલા નાસરની નવી તાકાતથી ભડકી ઊઠીને, સામો ઘા કર્યો અને અરબ પ્રદેશની શાંતિ યુદ્ધમાં પલટાઈ ગઈ! આ યુદ્ધમાં તેમણે અરબોના અરધોઅરધ શસ્ત્રસરંજામનો નાશ કરીને, થોડીક ભૂમિ પણ દબાવી દઈને, અરબ દેશોની લાજ લૂંટી લીધી.

સોવિયેતે વિનાશ ભરપાઈ કરી આપ્યો. ઉપરથી ૧૯૬૩માં નવાં ઊંચી ગ્રેડનાં ૧૦૦ કરોડ ડૉલરનાં શસ્ત્રો આપી વળી પાછો નાસરને સજ્જ કર્યો. હવે એને ઇઝરાયલ સાથે સમાધાન કરવાનીય ગરજ ન રહી. ૧૯૬૭માં વળી એણે યુદ્ધ નોતર્યું. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને એણે આગ્રહ કર્યો કે ગાઝામાંનાં તમારાં શાંતિદળો (૩,૪૦૦ સૈનિકો) પાછાં ખેંચી લો . . . અને દુર્ભાગ્યે રાષ્ટ્રસંસ્થા એ આગ્રહને વશ થઈ. નાસરે અકાબાના અખાતને આંતરીને ઇઝરાયલને ઉશ્કેર્યું. પોતાનાં અદ્યતન સાધનો તથા સીરિયાની ૪૦૦ સોવિયેત ટૅન્કો, અને ૧૦૦ એમ.જી. વિમાનો સહિત નાસરે ઝંપલાવ્યું. બંને બાજુની ગણતાં ૩,૦૦૦ ટૅન્કો રણમેદાનમાં ઊતરી પડી. વળી પાછો અરબોનો પરાજય થયો. માત્ર છ દિવસના યુદ્ધમાં પારાવાર ખુવારી ને નુકસાની થઈ. (૧૪૪ કલાકમાં જ સોવિયેતે આપેલ ૭૧૬ વિમાનો અને ૧,૨૦૦ ટૅન્કોમાંથી ૩૫૬ વિમાનો અને ૭૦૦ ટૅન્કોના ભુક્કા બોલી ગયા હતા. એકંદરે ૧૫,૦૦૦ સૈનિકો માટેનો શસ્ત્ર-પુરવઠો નાશ પામ્યો હતો. સીરિયાએ પણ અરધો-અરધ શસ્ત્રસરંજામ ગુમાવ્યો હતો.) સ્વાભાવિક રીતે જ સોવિયેત રશિયા આથી નારાજ થયું. આ છતાં, તેણે જ વળી ઈજિપ્ત અને સીરિયા બંનેને શસ્ત્ર-પુરવઠો આપી પાછાં તરબતર કરી દીધાં. નોંધપાત્ર હકીકત તો એ છે કે પોતાનાં સાથી સામ્યવાદી રાષ્ટ્રોને જે શસ્ત્રો આપ્યાં નથી એવાં અવ્વલ શસ્ત્રો આ દેશોને આપ્યાં. પોતાના વફાદાર સ્થાનિક સામ્યવાદીઓની કતલ કરનારા ત્યાંના આપખુદ ફૌજી સરમુખત્યારો નાસર અને કાસમને તેણે રીઝવ્યા, બલિષ્ઠ બનાવ્યા; અને વફાદાર સામ્યવાદી પક્ષોનેય દુ:ખી કર્યા. પરિણામે, નથી સામ્યવાદી આદર્શોની પુષ્ટિ થઈ; નથી એ પ્રદેશમાં શાંતિ સ્થપાઈ. બંને દૃષ્ટિએ ઊલટું જ બન્યું છે. સોવિયેત એની ગણતરીએ ચાલતું હતું: (૧) પશ્ચિમી પકડમાંથી આ દેશોને સંપૂર્ણત: બહાર ખેંચી કાઢવાના હતા; (૨) ૧૯૫૬માં બ્રિટને વિદાય લેતાં ખાલી પડેલો અવકાશ પોતે જ પૂરવો હતો; (૩) આખા અરબ પ્રદેશ ઉપર પકડ જમાવવા ઈજિપ્ત, ઈરાક અને સીરિયાને પોતાના હાથા બનાવી રાખવાની જરૂર હતી; (૪) એક વાર જે ઢળે એને ખેંચી પાડવાની નેમ પાર પાડવાનીય ઉતાવળ હતી. આવી ખંધી રમતમાં સોવિયેતને ઠીક ઠીક સફળતા મળી ગણાય.

બીજા પ્રકારનું દૃષ્ટાંત ઈરાનનું છે. આપણે જોઈ ગયા તેમ, ઈરાન પશ્ચિમી જૂથનું એક મુખ્ય અને મહત્ત્વનું સભ્ય રહ્યું છે. એક રીતે જોઈએ તો, ઝારના વખતથી એના પ્રદેશ ઉપર રશિયાની દાઢ રહી છે. વળી, ૧૯૪૧–૪૬ દરમ્યાન સોવિયેત સેનાએ નાઝીઓ સામેના સંગ્રામ દરમ્યાન ઉત્તર ઈરાનમાં પોતાનું મથક રાખેલું.

(૧૯૪૪માં રશિયા અને સ્થાનિક સામ્યવાદી પક્ષ બંનેનો કટ્ટર વિરોધી) લક્ષાધિપતિ-જમીનદાર મોહમ્મદ મોસાદ્દીક ૧૯૫૧–૫૪માં સત્તામાં આવ્યો, અને તેણે બ્રિટિશ-વિરોધી તથા સોવિયેત-તરફી નીતિ અખત્યાર કરી ત્યારે તેને સોવિયેતે અને સામ્યવાદીઓએ તત્કાલ ઉપયોગ કરવા પૂરતો વધાવી





અરબ દેશોને સોવિયેત રશિયાની સહાય

↓

આર્થિક સહાય



(જુઓ પૃ. ૨૭૮–૨૮૩)

વિશ્વ : ૧૯૬૭


મુખ્ય ધર્મજૂથો
† ખ્રિસ્તી □ બૌદ્ધ
✡ યહૂદી △ હિન્દુ
☽ મુસ્લિમ ○ અન્ય
મુખ્ય રાજકીય જૂથો
અમેરિકાના સાથીઓ
સામ્યવાદી દેશો
તટસ્થ દેશો

લીધો. સ્થાનિક સામ્યવાદી આંદોલનનું વર્ચસ વધ્યું અને તુદેહ પક્ષ સત્તા લેવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યારે દર મહિને એને એક લાખ ડૉલર(!)ની મદદ કરી. પરંતુ, ક્રાન્તિ થઈ નહીં. ઊલટો શાહ પાછો આવ્યો ને સત્તાનો સૂત્રધાર બન્યો (૧૯૫૩). અમેરિકાએ એને નાણાં અને શસ્ત્રોથી નવાજ્યો. ઈરાન 'સેન્ટો'નું અગ્રણી સભ્ય બન્યું (૧૯૫૫). અમેરિકાએ ૧૪૦ કરોડ ડૉલરની ગજબની શસ્ત્રસહાય કરી (૧૯૬૬).

આ બધા છતાં, ઈરાનને અમેરિકાથી સહેજ વાંકું પડતાં (એણે માગેલાં મૉડર્ન જેટ વિમાનો આપવાનો અમેરિકાએ ઇનકાર કર્યો. નાણાંની ચુકવણી અંગે કડકાઈ કરી ત્યારે) શાહે મૉસ્કો તરફ દોટ મૂકી ૧૧ કરોડ ડૉલરની શસ્ત્ર-સહાયનો કરાર કર્યો (૧૯૬૭), મૉડર્ન ઉદ્યોગો માટે ૭૦ કરોડ ડૉલરની આર્થિક સહાય લીધી. એ પછીના વરસે એથીય વધુ દિલ્લગી થતાં મૉસ્કોએ બંને ક્ષેત્રે વધુ ઉદાર હાથ લંબાવ્યો. પરંતુ, ખૂબીની વાત તો એ છે કે આ રીતે અમેરિકાને દબાવીને, શાહે ૬૦ કરોડ ડૉલરનાં અદ્યતન શસ્ત્રો તેની પાસેથીય પડાવ્યાં!

આ ઉપરાંત, સોવિયેતની શસ્ત્ર-સહાયનાં અન્ય પાસાં પર નજર નાખી લઈએ.

પશ્ચિમની અસર તોડવા માટેનાં ખાસ દૃષ્ટાંતો જોઈએ. અફઘાનિસ્તાનને સેન્ટો, સીઆટો સામે ઊભું કરવા, અને નહીં તો છેવટે, બફર રાજ્ય બની રહે એ હેતુએ ૧૯૫૧થી ૬૦ દરમ્યાન ૧૦ કરોડ ડૉલરનાં ઉત્તમ મિગ વિમાનો આપેલાં. તે જ રીતે, ૧૯૫૪માં સોવિયેતે શસ્ત્રો આપવાનો આરંભ કર્યો ત્યારે, અરબ વિસ્તારમાં પશ્ચિમની અસર કાપવા સીરિયાને શસ્ત્રો આપેલાં. આફ્રિકામાં બ્રિટિશ અસર તોડવા ઘાનાને તૈયાર કરેલું; અને મોરોક્કોને ૧૯૬૧ અને ૧૯૬૭માં રશિયાએ બહુ જ ઊંચી કક્ષાનાં મિગ વિમાનો અને ટી-ટૅન્કો આપેલી.

આ ઉપરાંત કૉંગો, મોઝામ્બિક અને અંગોલાના ગેરીલાઓને સાધીને પશ્ચિમ-પરસ્ત ગણાતી સ્વાધીન સરકારોને તોડવાય પ્રયાસ કરેલો. કેન્યામાં કેન્યાટા અને ઓડિન્ગા વચ્ચેના વિખવાદનો લાભ લેવાનો પ્રયાસ પણ કરેલો. જોકે એમાં રશિયાએ પશ્ચિમની અસર તોડવા ઉપરાંત ચીનની અસર તોડવાની ગણતરી પણ રાખેલી.

પોતાને અનુકૂળ મથકો સ્થાપીને ત્યાંથી અન્ય પ્રદેશોમાંની કામગીરી આગળ ધપાવવા માટેના કેટલાક પ્રયાસો ધ્યાન ખેંચે છે: દા. ત., મૉસ્કો અને હવાના વચ્ચે કડીરૂપ કોનક્રી(ગીની)નો તેણે ઉપયોગ કર્યો. તેને પોતાના ઉતરાણનું મથક બનાવ્યું. તે જ રીતે ખાર્ટૂમ (સુદાન) અને સાના(યેમન)માં 'લૅન્ડિંગ રાઇટ્સ' પ્રાપ્ત કર્યા. ઈજિપ્તના પોર્ટ સૈયદ તથા ઍલેકઝાન્ડ્રિયા અને મેર્સા અલ કેબિર (અલ્જીરિયા) ખાતે 'ડૉકિંગ રાઇટ્સ' મેળવ્યા તથા અફ્રિકાના બે એક ડઝન દેશ ઉપરથી ઉડ્યન કરવાના હક પ્રાપ્ત કર્યા.

સહાયને નામે કરેલાં આંતરિક કાવતરાંના કિસ્સા પણ નોંધીએ. દા. ત., ૧૯૬૧માં દ ગોલે ગીનીને ફ્રાન્સ તરફથી અપાતી મદદ બંધ કરી; અને અમેરિકાએ ફ્રાન્સને માઠું લાગે એ ભયે મદદ આપવાનો વિચાર માંડી વાળ્યો. આથી, લાચાર બનેલા ગીનીના પ્રમુખ સેકુ તોરેએ સોવિયત અને અન્ય સામ્યવાદી દેશો પાસે હાથ પસાર્યો. બસ આની જ રાહ જોઈ બેઠેલા સામ્યવાદીઓએ ઢગલાબંધ નિષ્ણાતો અને ટેકનિશિયનોને ત્યાં રવાના કર્યા અને સોવિયેત રાજદૂત દાનિલ

સોલોદે એનો લાભ લઈ ફ્રેન્ચ સામ્યવાદીઓ સાથે ભળીને 'સાચા સમાજવાદ' માટે કાવતરું શરૂ કર્યું, જે પકડાઈ ગયું. આને આગલે વરસે ૧૯૬૦માં સોવિયેત અને ચેકોસ્લોવાકિયાના બસો જેટલા મુત્સદ્દી રાજદ્વારીઓએ કૉંગોમાં આવો જ પ્રયાસ વધુ સિફ્તથી કરેલો. તેમણે પોતાના ગુપ્ત રેડિયો-ટ્રાન્સમીટર દ્વારા 'સેબોટાજ' (ભાંગફોડ) માટેનું ભૂગર્ભ પડ્યંત્ર તૈયાર કર્યું: જાસૂસી જાળ પાટનગર સુધી પાથરી દીધી. અંતે લુમુમ્બા જેવા સામ્યવાદ-તરફી વડા પ્રધાન પાસેથી જ અનેક મહત્ત્વના રૂસી ગુપ્ત દસ્તાવેજો નીકળ્યા હતા.

શસ્ત્રો સીધાં આપવાનું જોખમ જણાતાં મોટા ભાગે રશિયાએ ચેકોસ્લોવાકિયાનો ઉપયોગ કરેલો. જોકે ચેકોસ્લોવાકિયા પોતે જ શસ્ત્ર-ઉત્પાદનનું મોટું મથક હોઈ તેણે (સોવિયેતની સૂચના અનુસાર) શસ્ત્રો વેચેલાં અથવા રશિયાએ પોતાની બનાવટનાં શસ્ત્રોય તેની દ્વારા બહાર મોકલેલાં. ગ્વાટેમાલાને, સીરિયાને અને ફ્રેન્ચ અસર તોડવા અલ્જીરિયાના વિદ્રોહી એફ.એલ.એન.ને ચેકોસ્લોવાકિયા દ્વારા ભરપટ્ટે શસ્ત્રો આપેલાં—આ પ્રદેશમાં ઇજિપ્ત પછી બીજા નંબરે! એટલું જ નહીં પણ ઘાના અને સુદાન જેવાં રાષ્ટ્રોનો ઉપયોગ પણ શસ્ત્રો મોકલવાના એજન્ટો તરીકે કરેલો.

રશિયાની એક બીજી આબરૂ પણ જાણવા જેવી છે. દુનિયામાં અમેરિકાની ખ્યાતિ ગુપ્ત રીતે 'શસ્ત્ર-ધુસાડખોર' (ગન-રનર) તરીકેની વરસોથી ચાલતી આવી છે. સોવિયેતે એમાંય હરીફાઈ આદરી છે. અંદાજ એવો છે કે એણે જેટલાં શસ્ત્રોની ધુસાડખોરી કરી હશે તેના માત્ર ૮ ટકા જ હકીકતો જાહેર થઈ છે. (૯૨ ટકા હજી ગુપ્ત!) ૧૯૬૧નો એક કિસ્સો છે, ત્યારે તેણે મધ્ય-પૂર્વથી કેમેરુનમાં જહાજો ભરીને 'બદામો' રવાના કરેલી. તે બ્રિટિશ અને અમેરિકી વેપારી જહાજો હતાં. ઝુરીચથી જિબ્રાલ્ટર થઈ લાસ પલમાસ(કેનરી આઇલેન્ડ)ને રસ્તે માલ પહોંચી ગયો હતો. જોકે અંતે એ 'બદામો' પકડાઈ ત્યારે 'શસ્ત્રો'માં ફેરવાઈ ગઈ હતી! ૧૯૬૨માં ક્યૂબામાં મિસાઈલ રવાના કરાતાં દુનિયાને મહાયુદ્ધને આરે ધકેલી દેનારી ઘટના સર્વવિદિત છે. ૧૯૬૬માં બલ્ગેરિયાથી 'બિનજકાતી ખોરાક' તરીકે ૧,૫૦૦ ઑટોમેટિક શસ્ત્રો ઇથોપિયામાંની ખાદ્ય પદાર્થોની બલ્ગેરિયાઈ પેઢી ઉપર રવાના કર્યાં હતાં, તેનોય ભંડો ફૂટી ગયો હતો . . .

આ બધાનું તારતમ્ય શું કાઢશું? સાવ ટૂંકામાં કહી દેવું હોય તો એટલું જ કહીએ કે 'નૂતન સંસ્થાનવાદી' (નિયો-કૉલોનિયાલિસ્ટ) ગણાતા અમેરિકાને વિદેશનીતિ-વ્યૂહની બાબતમાં કશા સિદ્ધાંત કે આદર્શની, સભ્યતા કે શાંતિની નથી પડી, તે જ રીતે પોતાને મહાન સામ્યવાદી ગણાવતા અને ગાજતા સોવિયેત રશિયાને પછાત દેશો, નવોદિત સ્વતંત્ર રાષ્ટ્રો સાથેના વ્યવહારમાં કોઈ કશા સિદ્ધાંત કે આદર્શની નથી પડી. બલ્કે, આજે તો સ્પષ્ટ દેખાય છે કે બંને સવાઈ મહાસત્તાઓ(અમેરિકા અને રશિયા)માં સિંહાસને બેઠેલા શાસકોએ પોતાના દેશની અંદર પોતાની સત્તા ટકી રહે અને દુનિયાના દેશો ઉપર પોતાનું વર્ચસ વધે—એ દેશો પોતાના ઓશિયાળા બની રહે—એવા સ્વાર્થી હેતુ સિવાય કશું જ લક્ષમાં લીધું નથી. રાષ્ટ્ર સ્વતંત્ર થયા પછી તેને મૂડીવાદી, સમાજવાદી કે સામ્યવાદી યા ચોથું જ કોઈ રૂપ આપવું એ ત્યાંની પ્રજાની ખુશીની વાત છે. પરંતુ સ્વતંત્ર રાજ્ય અને સાંસ્થાનિક ગુલામી વચ્ચેનો ભેદ જ સ્વીકાર્યા વિના સ્વતંત્ર રાષ્ટ્રોની આંતરિક સરકારોને બહાર-ની રાજ્યસત્તાના બળે (પછી તે પશ્ચિમી હોય કે સામ્યવાદી) ઉથલાવી પાડવા મથવું અને તેમાં પોતાના 'વફાદાર' સામ્યવાદીઓનો હાથા તરીકે ઉપયોગ કરવો એ બીજી જ વાત છે. તે જ રીતે

સ્વતંત્ર રાષ્ટ્રોના આંતરિક પક્ષો આંતરરાષ્ટ્રીય બાબતોમાં ગમે તે નિર્ણય લે, બદલે, એ એક વાત છે. પરંતુ, પશ્ચિમી મૂડીવાદી સત્તાઓ સામેનાં સાધન બનવા માગતાં ન હોય (કોઈ પણ કારણે) તેમને તેમની જાણ વિના અને કાવતરાં દ્વારા સાધન બનાવવાં એ બીજી વાત છે. હકીકતે તો, આ આખી કારવાઈ સ્વતંત્ર રાષ્ટ્રના સાર્વભૌમત્વના ઇનકાર બરાબર છે, અને આફ્રિકી રાષ્ટ્રોની એકતાના હેતુમાં જ સુરંગ મૂકનારી છે. વળી, સામ્યવાદી રશિયાએ તો દુનિયાના સામ્યવાદી પક્ષોને અને પોતાના ભાંડુ — સામ્યવાદી રાષ્ટ્રોનેય પોતાના હાથા બનાવીને, તેમના ભોગે પોતાના સામ્રાજ્ય-વિસ્તારની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા જે પ્રકારે ઝાવાં નાખ્યાં છે તે જોયા પછી, આપણે સામ્યવાદી સોવિયેત સંઘને 'સવાયું સંસ્થાનવાદી' કહી શકીએ.

ચીની સહાય

હવે આપણે સામ્યવાદી ચીનના વિદેશ-વ્યૂહ તરફ નજર નાખી લઈએ. તેણે આફ્રિકાનાં સ્વતંત્ર રાષ્ટ્રોમાં જે ઊથલપાથલો મચાવી છે તે ખાસ જોઈએ.

ચીની સામ્યવાદીઓએ ભવ્ય આદર્શો સેવ્યા હતા અને તેના નેતાઓએ એકધારા અઢી દાયકા દરમ્યાન (૧૯૨૩–૧૯૪૯) કઠોર સંઘર્ષો અને અદ્‌ભુત કુરબાનીઓ દ્વારા અંતે સત્તા હાંસલ કરી હતી. એ સંસ્થાનવાદના સકંજામાં સપડાયેલા કોઈ પણ દેશને માટે પ્રેરક બને એટલી ભવ્ય હતી. ૧૯૫૪માં તેણે ભારત સાથે પંચશીલના કરાર કર્યા અને બીજે જ વરસે બાન્ડુંગમાં મળેલી એશિયાઈ-આફ્રિકી રાષ્ટ્રોની પરિષદમાં ચાઉ એન-લાઈએ પછાત નવોદિત દેશોની મુક્તિ અને આબાદી માટેની લડતો પ્રત્યે ભલી આકાંક્ષાઓ પ્રગટ કરી. એ પછી તો ચીન-એશિયા-આફ્રિકાની દલિત-શોષિત પ્રજાઓના પ્રખર રાહબર તરીકે સામ્યવાદી ચીન સ્વીકારાવા પણ લાગ્યું હતું.

જોકે ચીને સ્વાધીનતા પ્રાપ્ત કરી એની સાથે જ એણે પોતાના ઘરની જે પ્રકારે સફાઈ કરવા માંડી, એના જે થોડાક સમાચાર પણ બહાર આવ્યા, તે મૂંઝવનારા અને ચિંતા કરાવનારા તો હતા જ. ખાસ કરીને તિબેટ અંગે તેણે એવી જાહેરાત કરી કે સ્વાધીનતા પ્રાપ્ત થયા પછીય તિબેટને શાહીવાદી આક્રમકોથી તત્કાલ મુક્ત કરવાનું બાકી છે. આ નિવેદને સૌને ચોંકાવી મૂક્યા. હકીકતે છેક ૧૯૩૧માં માઓએ ભાવિ સામ્યવાદી ચીની સરકાર સ્થપાતાં ચીનમાંની વિવિધ પ્રજા-જાતિઓની રાષ્ટ્રીયતાઓને સંપૂર્ણત: સ્વાયત્ત શાસન પ્રાપ્ત થશે એવો સધિયારો આપ્યો હતો. પરંતુ વાસ્તવમાં પોતાના હસ્તક સત્તા આવતાં જ માઓએ મુક્તિ સૈન્યો રવાના કર્યાં. એના જોરે તિબેટી પ્રદેશમાંથી તિબેટી પ્રજાની હકાલપટ્ટી અને કતલ કરીને, અને હાન જાતિ(ચીનની બહુમતી જાતિ)ને ત્યાં મોટા પાયા પર વસાવી દઈને, તિબેટી સ્વાયત્તતાને મૂળમાંથી જ ડાંભી દીધી. સિન્કિયાંગ આદિ અન્ય બિન-હાન પ્રજાઓને તે જ રીતે જેર કરવામાં આવી.

આ દરમ્યાન ભાઈ-ભાઈના સંબંધો દ્વારા 'એશિયાઈ એકતા અને આબાદી'નું ભાવિ સ્વપ્ન જોઈ રહેલા પં. નેહરુના ભારત ઉપર ચીનનું કામણ ચાલુ જ હતું; વિદેશી સંસ્થાનવાદીઓના અધમ અમલ નીચે પેઢીઓથી પાયમાલ થયેલી એશિયા અને આફ્રિકાની અનેક પ્રજાઓની ક્રાન્તિકારી માઓ માટેની શ્રદ્ધાભક્તિ હજી અવિચલિત હતી. અને એની વિદેશનીતિ પંચશીલ — શાંતિ, સ્વાધીનતા સમાનતા, સહયોગ અને સહઅસ્તિત્વ—ની નીતિ તરીકે બિરદાવાઈ રહી હતી. આફ્રિકામાં માઓની આ નીતિનું વાસ્તવિક રૂપ જોઈ લઈએ. ૧૯૪૯માં ચીનમાં સામ્યવાદી સત્તાની સ્થાપના થઈ તે

પછી ૧૯૫૫ સુધી – બાન્ડુંગ પરિષદ સુધી ચીને આફ્રિકા તરફ લક્ષ આપ્યું ન હતું. બાન્ડુંગ પછીના ૧૯૫૫થી ૧૯૫૯ સુધીના પહેલા તબક્કા દરમ્યાન બેઉ સામ્યવાદી સત્તા — ચીન અને રશિયા–વચ્ચેના સંબંધો સારા હતા. એક રીતે કહીએ તો રશિયાની પડખે રહીને ચીન આફ્રિકી દેશોના સંપર્કમાં આવતું હતું. આ વરસોમાં તે પોતાના વિકાસની ભારે મથામણમાં હતું. બીજા દેશોને સીધી સહાય કરવાનું તેનું ગજું પણ ટૂંકું હતું. મોરોક્કો અને ટ્યુનિસિયામાં ભરાયેલાં વ્યાપારી પ્રદર્શનોમાં તેણે હિસ્સો લીધો (૧૯૫૭); ઘાનાના સ્વાતંત્ર્ય દિને ચીનના નાયબ વડા પ્રધાને તેના મહોત્સવમાં ભાગ લીધો (૧૯૫૮); એ જ વરસે ઇજિપ્તમાં 'ન્યૂ ચાઇના ન્યૂસ એજન્સી' સ્થાપી. પરંતુ, અલ્જીરિયાનો સ્વ-શાસનનો અધિકાર દ ગોલે માન્ય કર્યો, ખ્રુશ્ચૉફ સહિત સૌ સામ્યવાદી નેતાઓએ તેનું સમર્થન કર્યું, ત્યારે અલ્જીરિયાના સામ્યવાદી પક્ષે એની શરતોનો વિરોધ કર્યો; અને વિશ્વના સામ્યવાદી પક્ષોમાંથી એકલા ચીને જ એ વિરોધને ટેકો આપ્યો. આ એક જ ઘટનાએ ચીનની આંતરરાષ્ટ્રીય ક્રાન્તિકારી તરીકેની ઇમેજ, કમ સે કમ, આફ્રિકાના દેશોમાં ઊભી કરી (૧૯૫૯).

આ પછી પરિસ્થિતિનું દબાણ તેને ધકેલી રહ્યું. ૧૯૬૦ના એક વર્ષમાં સોળ આફ્રિકી સંસ્થાનો મુક્ત બન્યાં. એ પછી ૧૯૬૫ સુધીમાં બીજાં તેર ઉમેરાયાં. બીજી બાજુ ચીનનું સોવિયેત રૂસ સાથેનું ઘર્ષણ પણ આ તબક્કામાં વધ્યું. આથી તેણે વિસ્તારની નીતિ અપનાવી. ચાઉ અને ચેન ચી(વિદેશ પ્રધાન)ના પ્રવાસ દરમ્યાન (૧૯૬૪–૬૫) ચીને સાત આફ્રિકી રાજ્યોને ૧૯૦૧ લાખ ડૉલરની સહાયનાં વચનો આપ્યાં.

આ ફળદાયી બનેલા પ્રવાસ દરમ્યાન ચાઉએ ચતુરાઈપૂર્વક જાહેર કર્યું: 'આફ્રિકી દેશોનું સાર્વભૌમત્વ તમામ દેશોએ સન્માનવું જોઈએ. તેના ઉપરના કોઈ પણ દિશાનાં આક્રમણ અથવા દખલગીરીનો સામનો થવો જોઈએ.'

આ રૂડી વાણી ઉચ્ચારનાર ચાઉ એન-લાઈની કારવાઈઓના કેટલાક મહત્ત્વના નમૂના જોઈએ.

કૉંગો

૧૯૬૦ના જૂનમાં બેલ્જિયમ હસ્તકના કૉંગોની સ્વતંત્રતા જાહેર થઈ. લિયોપોલ્ડવિલેમાં સ્વાતંત્ર્યસંગ્રામના મુખ્ય પક્ષોની સરકાર કાસાવુબુના પ્રમુખપદે અને લુમુમ્બાના વડા પ્રધાનપદે અસ્તિત્વમાં આવી. પરંતુ કૉંગોના વિવિધ પ્રાન્તોમાં અંધાધૂંધી જાગી. ખુદ લિયોપોલ્ડવિલેના સૈનિકોએ બેલ્જિયન નાગરિકો ઉપર કેર વર્તાવ્યો. કટાંગામાં બેલ્જિયમપરસ્ત શોમ્બેએ પોતાના સ્વતંત્ર રાજ્યની જાહેરાત કરી; બાદ, દક્ષિણ કાસાઈમાં જાગેલા બળવાને દબાવી દેતાં ત્યાંની બાલુબા જાતિના હજારેક માણસોની કતલ લુમુમ્બાના સૈનિકોએ કરી: વીફરી રહેલી પરિસ્થિતિને ઠેકાણે પાડવા કર્નલ મોબુટુએ લિઓપોલ્ડવિલેમાંની સરકાર પર કબજો મેળવ્યો. તેણે ગિરફતાર કરેલા લુમુમ્બાની હત્યા થઈ. પ્રે. કાસાવુબુએ પલાયન કર્યું. લુમુમ્બાના સાથી નાયબ વડા પ્રધાન ગિઝેન્ગાએ સ્ટેન્લેવિલે પ્રાંતમાં 'કેન્દ્ર સરકાર'ની જાહેરાત કરી.

આ દરમ્યાન સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનાં સૈન્યો શાન્તિ અને વ્યવસ્થા સ્થાપવા મથી રહ્યાં હતાં. તો બીજી બાજુ, શોમ્બે અને મોબુટુની પાછળ પશ્ચિમી સત્તાઓ હતી. લુમુમ્બા અને ગિઝેન્ગાની પાછળ સામ્યવાદી રૂસ, ચીન તથા અરબ પ્રજાસત્તાક, ઘાના અને ગિયાના ઊભાં હતાં.

આખરે યુનોની અથાગ ધીરજ, કુનેહ અને જહેમતના પરિણામે માંડ માંડ મામલો થાળે પડી રહ્યો હતો. આફ્રિકાના ઉદ્દામવાદી દેશો સુધ્ધાંએ હવે સિરિલ અદૌલાની સરકારને કેન્દ્ર સરકાર તરીકે માન્યતા આપી (૧૯૬૪). ગિઝેન્ગાની સરકાર તેમાં ભળી ગઈ. ત્યારે, ચીન નવી હોળી સળગાવી રહ્યું હતું.

લિયોપોલ્ડવિલેમાંની લુમુમ્બાની સરકાર પર તવાઈ ઊતરી ત્યારે તેના સાથી અનુયાયીઓ નૅશનલ લિબરેશન કમિટી (સી.એન.એલ.) સ્થાપીને પોતાની લડત આગળ ચલાવી રહ્યા હતા. બીજી બાજુ, કૉંગોના જ એક અંગરૂપ, પરંતુ ફ્રેન્ચોને તાબે પડેલા કૉંગો(બ્રાઝેવિલે)નેય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ચૂકી હતી (૧૯૬૦); અને ત્યાં ફ્રેન્ચ-તરફી પ્રમુખ ફુલબર્ટ યોઉલોને ઉઠાડી મૂકી આલ્ફાન્ઝો માસામ્બા-દેબાત સત્તા પર આવ્યો હતો (ઑગસ્ટ ૧૯૬૩). આ ઘટના 'ત્રણ દિવસની ભવ્ય ક્રાન્તિ' તરીકે ગવાઈ હતી. આ અરસામાં ફ્રેન્ચોએ અગાઉ રાષ્ટ્રવાદી ચીન(ફૉર્મોસા)ને માન્યતા આપેલી તે તેમણે સામ્યવાદી ચીનને ટ્રાન્સ્ફર કરી. એ તકનો લાભ લઈ માસામ્બાએ પણ સામ્યવાદી ચીનને માન્યતા જાહેર કરી. માઓ માટે હવે પૂરી તક પાકી ગઈ. મૂળ કૉંગોની બામ્બુડા જાતિ(ટોળી)ના મુલેલેને તેણે પોતાનો હાથો બનાવ્યો. આ મુલેલે લુમુમ્બાની સરકારમાં શિક્ષણ પ્રધાન હતો; અને લુમુમ્બાને ઉથલાવીને ચીન-તરફી નાયબ વડા પ્રધાન ગિઝેન્ગાને સત્તામાં આણવા મથ્યો હતો. મુલેલેએ વરસો સુધી ચીનમાં રહીને ગેરીલા તાલીમ લીધી હતી. (તેમાં પછાત ટોળી જાતિઓને વશ કરવા વહેમો અને જાદુઈ તરકીબોનો ઉપયોગ કરવાની તાલીમનો પણ સમાવેશ થતો હતો.)

આ મુલેલેએ કિવુલુ પ્રાંતમાં ગેરીલા તાલીમ કેન્દ્ર શરૂ કર્યું (સપ્ટેમ્બર, ૧૯૬૩) અને તેની પોતાની જાતિ બામ્બુડા તથા ગિઝેન્ગાની જાતિ બાપેન્ડા તથા લુમુમ્બાની જાતિ બાટેટેલાને ગિઝેન્ગાની સરકાર રચવાના નામે ઉશ્કેરી. (અગાઉ તેણે ગિઝેન્ગાને સ્ટેન્લેવિલેમાં સરકાર રચવામાં મદદ કરેલી.) જે કોઈ તેમની વિરુદ્ધમાં થયા તે સૌની હત્યા કરવામાં આવી. શાળાઓ, ખ્રિસ્તી મિશન, સરકારી ઑફિસો અને ઔદ્યોગિક કેન્દ્રો — તમામના નાશની હાકલ કરી. તેમાં કામ કરનારાઓની ઘણાની હત્યા કરી. આથી પણ વધુ ઉગ્ર આક્રમણ ગેસ્ટન સૌમિયાલોટ નામના એક ભૂગર્ભવાસી ક્રાન્તિકારે, સી.એન.એલ.ના સહકારમાં, લિયોપોલ્ડવિલેની કેન્દ્ર સરકાર ઉપર ઝીંકયું.

ચીને બિલકુલ જ વિલંબ વિના બ્રાઝેવિલેમાં પોતાના રાજદૂતની કચેરી ખોલીને નવા સંબંધ પર મેખ મારી (જૂન ૧૯૬૪). બીજે જ મહિને તેણે ૨૫૨ લાખ ડૉલરની લોન આપી. માસામ્બાએ પેકિંગ દોડી પહોંચી જઈ અનુક્રમે મૈત્રી, ટેકનિકલ સહકાર, સાંસ્કૃતિક તથા જહાજી પરિવર્તન એમ ચાર કરારો કર્યા; પોતાની રાજદૂત કચેરી પેકિંગમાં ખોલી. બીજે વરસે ચીની નાયબ વિદેશ પ્રધાને બ્રાઝેવિલેનો આંટો માર્યો અને ૧૯૬૭માં વડા પ્રધાન એમ્બ્રોઈસે નોમાઝાલેએ ચીની ક્રાન્તિની ઉજવણીમાં પેકિંગ જઈ ભાગ લીધો.

આમ, માસામ્બાએ ચીની સંબંધને પાકે પાયે મૂકી દીધો હતો. પરંતુ તે ઓછો પડયો હશે. તેને ઉથલાવીને મેજર મારિયેન ન્ગાઉલી સત્તામાં આવ્યો. એ સવાયો માસામ્બા પુરવાર થયો. એણે તો જાહેર કર્યું કે પોતે માર્ક્સવાદી વિચારધારાને સ્વીકારનારો છે અને કેવળ વિદેશસંબંધોમાં નહીં, ગૃહનીતિમાંય એ સિદ્ધાન્તોનું પાલન કરવા માગે છે. ૧૯૬૯માં તેણે 'કૉંગો રિપબ્લિક'ને ચીનના રાહે 'કૉંગો પીપલ્સ રિપબ્લિક'ના નામે અધિકૃતપણે જાહેર કર્યું.

ચીને ખુશ થઈને ૧૯૭૦માં નવી લોન આપી (કાપડની મિલ, હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર પ્લાન્ટ, શિપયાર્ડ, સ્ટેટ ફાર્મ વગેરે માટે), અનેક ક્ષેત્રે ટેકનિકલ સહાય આપી: તબીબોની ટીમને પેકિંગમાં તાલીમ માટે મોકલી આપી.

જોકે, બ્રાઝેવિલેની આ કોંગો સરકાર માટે કેવળ નાણાંનો સવાલ ન હતો. ફ્રેન્ચોનું છત્ર હતું ત્યારેય તેને ફ્રેન્ચ સરકાર તથા પશ્ચિમી દેશો તરફથી નાણાં મળતાં રહ્યાં હતાં. પૂર્ણ સ્વતંત્રતા મળ્યા પછીય તેને મદદ મળતી રહી હતી. પરંતુ, હવે, સ્વતંત્રતાની ખુમારી હતી. ફ્રેન્ચની ગરજ ઉપર રહેવા કરતાં, પોતાને બીજા આપનાર છે, અને પોતે ઉદ્દામ દેશોની મૈત્રી સાધી શકયું છે એ બતાવવાની — પોતાની 'ઇમેજ' ઊભી કરવાની — એને વિશેષ તાલાવેલી હતી.

વળી, તેને રાજકીય-ફોજી મદદની જરૂર પણ હતી; કેમ કે બાજુના જ કોંગો પ્રદેશોમાં (હવેનું નામ 'ઝૈર પ્રજાસત્તાક') અંધાધૂંધી ચાલી હતી. ત્યાંની પ્રે. મોબુટુની સરકાર કટ્ટર સામ્યવાદ વિરોધી હતી. ત્યાંથી બંડખોરોને મદદ મળતી હતી. ૧૯૬૮થી ૧૯૭૦નાં બે વરસમાં ચાર વાર બંડો થયાં પણ હતાં. આમ, એને સલામતીનો ભય હતો. જોકે, પડોશના દેશો અને ખુદ મોબુટુની સરકાર સાથેય તેણે સંબંધો સુધાર્યા હતા. ઘરની અંદરના પક્ષોનેય સહકારમાં લીધા હતા. પરંતુ, અંદર અને બહારનાં જોખમ સામે સજ્જ રહેવા માટે તેને શસ્ત્રોની ખાસી જરૂર હતી. ફ્રેન્ચ પાસેથી લઈને દબાવા કરતાં ચીન શું ખોટું છે? આમેય પોતે ભલે અમલમાં બહુ ન કરી શકે, પરંતુ વિચારોમાં તો માર્કર્સવાદી છે જ, અને ચીનના કાર્યક્રમોની પ્રશંસક પણ છે. આથી ચીન તરફથી શસ્ત્રો મળે એમાં એ રાજી હતી.

સવાલ તો ચીન માટે હતો. માર્કર્સવાદી સૂત્રો બોલીને અને થોડાક ફૂંફાડા મારીને ઉદ્દામ દેખાડો કરનારા ઉપર પેકિંગ વારી જાય એવું ન હતું. અને ત્યાંના રાજકર્તા ગમે તેટલો દાવો કરે તોય એ કોઈ પાકા સમાજવાદી — સામ્યવાદી નથી એનીય ચીનને સમજ ન હોય એ શકય નથી. પરંતુ ૧૯૬૩–૬૪ના પ્રવાસના અનુભવ પછી ચાઉ એન-લાઈએ બધાં સૂત્રો મુખપાઠ પૂરતાં રાખીને પોતાનો પગ કયાં, કેટલો, કેવી રીતે ઠરે એમ છે તેની જ કસોટીએ પોતાનો વ્યૂહ રચ્યો હતો. તેમાં આખા આફ્રિકામાં ટાન્ઝાનિયા પછી આ જ એવું બીજું રાષ્ટ્ર હતું (જોકે સાવ ટચૂકડું; જેના પર કશો લાંબો આધાર ન રખાય તેવું), જ્યાં પગ મૂકીને આગળ વધવાની શકયતા દેખાતી હતી. આથી એણે પણ વ્યવહારુ નીતિ જ અખત્યાર કરી હતી.

ટાન્ઝાનિયા

આફ્રિકામાં સામ્યવાદી ચીન માટે જો કોઈ સૌથી મોટો આધારસ્તંભ હોય તો તે પ્રે. જુલિયસ ન્યેરેરેનું ટાન્ઝાનિયા (મૂળ ટાંગાનિકા અને ઝાંઝીબાર: અનુક્રમે ૧૯૬૧ અને ૧૯૬૩માં સ્વતંત્ર રાજ્યો બન્યાં, એ પછી ૧૯૬૪માં સંયુકત થયાં.)

આ બેઉ દેશોએ પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત થતાં રાજદૂત કચેરી સ્થાપીને ચીન સાથે સંબંધો જોડેલા. આરંભમાં ચીને તેનાં ક્રાન્તિકારી સૂત્રો દ્વારા તેમને આકર્ષેલા. ૧૯૬૪ પછી પરસ્પરના પ્રતિનિધિઓની આવજા વધી. ચાઉ એન-લાઈએ ટાન્ઝાનિયાની મુલાકાત લીધી (૧૯૬૫) અને પ્રે. જુલિયસ ન્યેરેરેએ ચીનના બે પ્રવાસો ખેડ્યા (૧૯૬૫, ૧૯૬૮). મૈત્રી કરારો થયા. આર્થિક-ટેકનિકલ અને ફોજી સહાય મળી.

પ્રે. ન્યેરેરેએ અગાઉનાં વરસોમાં રૂસી સામ્યવાદી રીતરસમ અંગે કરેલી કઠોર ટીકા આપણે જોઈ ગયા છીએ. પરંતુ, તે આફ્રિકી સમાજવાદનું આગવું ઘડતર કરવા આતુર હતો. ચીનની ક્રાન્તિ અને તેના મૉડેલ તથા તેના ઝડપી વિકાસના કાર્યક્રમે તેને આકર્ષ્યો હતો. આથી તે એ દિશામાં પ્રયોગ કરવા ઉત્સુક હતો. ચીનેય આ તક ઝડપી લીધી. ચીન અને ટાન્ઝાનિયાનો સંબંધ વધારે સલૂકાઈભર્યો બની રહ્યો છે, ઊંડા પાણીમાં પ્રવેશી ચૂકયો છે. હકીકતે, ટાન્ઝાનિયાએ બ્રિટનના રોડિશિયા સાથેના સંબંધને કારણે ૧૯૬૫માં બ્રિટનનો સંબંધ તોડી નાખ્યો હતો ત્યારથી એ ખાલી પડેલી જગ્યા પૂરવા ચીન અધીરું હતું. ૧૯૭૦ સુધીનાં પાંચ વર્ષ દરમ્યાન તેણે ૨,૧૦૦ લાખ ડૉલરની સહાય કરી છે. આફ્રિકી દેશોને આપેલી સહાયનો આ ત્રીજો ભાગ હતો, અને ચીને વિદેશોને આપેલી તમામ રકમનો છઠ્ઠો ભાગ હતો. ખાસ નોંધવા જેવું તો એ છે કે ટાન્ઝાનિયા સાથેના સંબંધમાં ચીને અતિ ઉદાર અને લવચીક વલણ જારી રાખ્યું છે. એકંદરે, એની શરતો પણ રશિયા કરતાં વધુ ઉદાર રહી છે (વ્યાજ વિનાનું ધિરાણ તથા વધુ લાંબી મુદતના હપતા). અમેરિકા કરતાં રશિયાની શરતો વધુ ઉદાર હતી!—અને રશિયા કરતાં ચીનની વધુ ઉદાર! નવા મુલ્લાનો ઉત્સાહ ઘણો વધારે જ હોય.)

આ સહાયમાં એક સૌથી મોટી સહાય તે ટાન-ઝામ (ટાન્ઝાનિયા ઝામ્બિયા) રેલવેની છે. ટાન્ઝાનિયા માટે પોતાની સલામતીની દૃષ્ટિએ અને ઝામ્બિયા સાથેના આર્થિક વિકાસની જરૂરિયાતની દૃષ્ટિએ તેની આ ઘણી જ તાત્કાલિક અને મહત્ત્વની યોજના હતી. પરંતુ વર્લ્ડ બૅન્ક, સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થા અને સોવિયેત સંઘ પાસે ફરી ફરી રજૂ કરેલી માગણી પાછી ઠેલાતી રહી હતી, જે ચીને પૂરી કરી છે.

આમેય, પોતાની આસપાસના પ્રદેશોમાં રુઆન્ડા-બુરુન્ડી તથા કૉંગોમાં અંધાધૂંધી પ્રવર્તી રહી છે. વળી, પ્રે. ન્યેરેરે આફ્રિકામાં ચીટકી રહેલા ગોરા-સામ્રાજ્યવાદ સામેના સ્થાનિક પ્રજાઓના સંગ્રામો માટેય હમદર્દી ધરાવતો રહ્યો છે. મોઝામ્બિકની પ્રજાએ પોર્ટુગાલ સામે ગેરીલા લડત દ્વારા માથું ઊંચકયું તેની સાથે જ પોર્ટુગાલ, રોડિશિયા અને દક્ષિણ આફ્રિકી ગોરી સત્તાઓએ જે ઉપાડો લીધો હતો તેના પરથી પ્રે. ન્યેરેરે એમ માનતો થયો છે કે પોતાની સુરક્ષિતતા માટેય વધુ સજ્જતા અનિવાર્ય છે. આમાં પણ ચીન તેની વહારે ધાયું હતું. તેણે ટાન્ઝાનિયાના ફોજી અમલદારોને તાલીમ આપી; શસ્ત્રો, ટેન્કો, પેટ્રોલ, બોટ તથા ટ્રકો આપી છે.

રુઆન્ડા-બુરુન્ડી (ઉરુન્ડી)

કૉંગોની ક્રાન્તિકારી કામગીરી દરમ્યાન જેનો ઉપયોગ થયો હતો તે રુઆન્ડા-બુરુન્ડીનો પ્રદેશ ક્રાન્તિકારીઓ માટે નવી સ્વતંત્ર તકરૂપ હતો. અગાઉ ત્યાં તુત્સી(વાતુત્સી)ટોળીના રાજાઓ રાજ કરતા હતા. તે ઓગણીસમી સદીમાં ૧૮૮૫થી બેલ્જિયમના તાબે પડયા હતા. ૧૯૬૨માં તે બંને સ્વતંત્ર બન્યાં હતાં. પરંતુ તે પૂર્વે બેલ્જિયન સત્તાની ચડવાગીમાં ત્યાંની ૮૫ ટકા વસ્તી ધરાવતા બાહુતુઓએ વાતુત્સીની લઘુમતી ટોળીના રાજાને ગેરીલા બંડ દ્વારા ઉથલાવી પાડયો અને પ્રજાસત્તાક-ની સ્થાપના કરી.

આ દિવસોમાં ચીનની ન્યૂસ એજન્સીનો પ્રતિનિધિ કાઓ લિયાન્ગ ઝાંઝીબાર(દારેસલામ)માં હતો. હકીકતે તે ચીની વિદેશ ખાતાનો જાસૂસ હતો. એણે બુરુન્ડીમાં તુત્સી ટોળીના નિર્વાસિતોનો

સંપર્ક સાધ્યો, તેમને ગેરીલા લડાઈની તાલીમ આપી. ચીની ક્રાન્તિકારીઓ માટે આબાદ અવસર ઊભો થયો. તેમણે આ ટોળીઓનો ઉપયોગ પ્રજાસત્તાક સામે કર્યો. અપેક્ષા તો એ હતી કે ચીની ક્રાન્તિકારીઓ (પદભ્રષ્ટ થયેલ રાજા સહિતની) સામંતી ટોળીઓ કરતાં પ્રજાસત્તાકને વધુ પસંદગી આપશે. પરંતુ, આફ્રિકાનાં બધાં સ્વતંત્ર રાજ્યોમાં કદાચ આ એક રાજ્યે પોતાના બંધારણમાં જ સામ્યવાદીઓ સામે પ્રતિબંધ મૂકેલો હતો. આથી એના ઉપર તો વેર વાળવું જ રહ્યું! અંતે, બેલ્જિયમની મદદ લઈને પ્રજાસત્તાકે ગેરીલા 'વંદા'ઓ(કોકોચિઝ)ના બાર હલ્લાઓને મારી હઠાવ્યા. આ દરમ્યાન તુત્સી ઉપર જે વળતા અત્યાચારો ગુજારવામાં આવ્યા તે અમાનુષી હતા: ૨૫૦૦ની કતલ કરી; બાળકો અને સ્ત્રીઓ ઉપર ભીષણ અનાચારો!

આ પછી પણ ચીનની 'ક્રાન્તિકારી' મુરાદ પૂરી થઈ નહીં. એને તો કૉંગો અને રુઆન્ડામાંની પોતાની કારવાઈ આગળ ધપાવવા માટે બુરુન્ડીના મથકનો ઉપયોગ કરવો હતો. ૧૯૬૩માં બુરુન્ડી અને ચીન વચ્ચે રાજનૈતિક સંબંધો શરૂ થયા. ૧૯૬૪માં તો રાજદૂત મંડળ આવી પહોંચ્યું. એના હાથા તરીકે કાઓ લિયાન્ગ ખપમાં આવ્યો. એણે ભેટો વગેરેથી લલચાવીને મહત્ત્વના અમલદારોનો સંપર્ક સાધી લીધો. અલબત્ત, આ દેશનો કૉંગો અને રુઆન્ડા અંગેની કામગીરી માટેના મથક તરીકે ઉપયોગ કરવા ઉપરાંત તેને (બુરુન્ડીને) ગળી જવાનો લોભ જાગ્યો. ધીરજ ન રહી. જેની સાથે મિત્ર તરીકેનો દેખાવ રાખેલો એ વડા પ્રધાન ન્યામોયાની સામે જ ત્યાંની પાર્લમેન્ટમાં અવિશ્વાસનો ઠરાવ પસાર થયો (ડિસેમ્બર ૧૯૬૪); અને એની જગાએ જે નવો વડા પ્રધાન આવ્યો તેનું થોડા જ દિવસમાં ખૂન થયું. આ પછી બુરુન્ડીની સરકાર ચોંકી ઊઠી. અંતે, ચીન રાજદૂતની કચેરીને ક્રાન્તિકારી અધીરાઈના ભોગ બની ત્યાંથી હડસેલાઈ જવું પડ્યું.

કેમેરુન

કેમેરુન પ્રજાસત્તાકની ઇચ્છા વિરુદ્ધ ત્યાંથી નિર્વાસિત બનેલા કેમેરુન નાગરિકોને ચીનમાં ફોજી ગેરીલા તાલીમ વર્ષો થયાં અપાતી રહી હતી. ૧૯૬૦થી આ કારવાઈ ચાલુ થઈ. ખાસ કરીને વિવિધ શસ્ત્ર અને લશ્કરી તાલીમ, જાસૂસી તાલીમ ઉપરાંત રાજકીય વિરોધીઓનાં દળોમાં કેમ ઘૂસી જવું અને તેમાં સુરંગ કેમ મૂકવી એની તાલીમ વિગતે અપાતી રહી છે, અને જ્યારે તેમને વિદાય આપવામાં આવી ત્યારે સાહિત્ય — દસ્તાવેજો, નકશા આદિ સામગ્રી સાથે કામગીરી સુપરત થતી રહી. પરંતુ કેમેરુનની પ્રથમ છ તાલીમબાજોની ટુકડી કાવતરાં કરતાં પકડાઈ ગઈ. સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં તેને અંગે ફરિયાદ પણ નોંધાવવામાં આવી (ડિસેમ્બર ૧૯૬૧). ખૂબી તો એ છે કે જે સંસ્થા 'યુનિયન ઑફ પૉપ્યુલેશન કેમેરુન' (યુ.પી.સી.) દ્વારા ચીને કામગીરી બજાવેલી (ને જેનો એકરાર ખુદ માઓએ બડાશ મારતાં કરેલો) તે સંસ્થાની અંદર પણ ભંગાણ પાડીને, પોતાનું વર્ચસ જમાવવા પ્રયાસ કરેલો.

થોડાંક વધુ ચોંકાવનારાં દૃષ્ટાંતો ઉપર પણ નજર નાખી લઈએ. મલાવીમાંના ચીની રાજદૂતે એક પ્રધાનને જો ચીનને માન્યતા આપવામાં આવે તો ચીન ૧૮૦ લાખ પાઉન્ડની મદદ આપશે એવી ઑફર કરી. એથી ઉત્સાહિત બની કેટલાક પ્રધાનોએ આડખીલી રૂપ લાગતા ત્યાંના પ્રમુખ ડૉ. બાન્દાના ખૂનની કારવાઈ પણ કરી. ચેતી ગયેલા પ્રમુખે સંડોવાયેલા પ્રધાનોને અને ચીની રાજદૂત મંડળીને ઘરભેગા કર્યા (સપ્ટેમ્બર, ૧૯૬૪) (બ્રિયાન ક્રોઝિયર, : ધ સ્ટ્રગલ ફૉર ધ થર્ડ વર્લ્ડ).

બીજું દૃષ્ટાંત: પ્રે. ન્યેરેરે બહુ સ્વસ્થ અને કુશળ રાજપુરુષ ગણાય છે. તેમણે પોતાના સૈન્યને ચીની નિષ્ણાતો તાલીમ આપે એવી વ્યવસ્થા ગોઠવી. સાથે સાથે તેમણે કેનેડા, બ્રિટન અને જર્મનીના લશ્કરી નિષ્ણાતોનેય આમંત્ર્યા . . . આમ, જ્યાંથી ઉત્તમ તાલીમ મળી શકે ત્યાંથી મેળવવાની યોજના કરી. પરંતુ, આ બધામાં ચીનનો અનુભવ કડવો થયો. એણે આ દેશની અંદરના વસવાટ દરમ્યાન પોતાના પગ પસારીને રાજ્યશાસનમાં જ ગાબડાં પાડવાના ખેંતરા ઉઠાવ્યા. પરિણામે ન્યેરેરેએ પોતે એમને પાણીચું આપ્યું . . .

નાઈજેરની ડિઓરી હમાણી સરકારને ચીન-પરસ્ત સવાબા પાર્ટી દ્વારા ઉથલાવવાનું કાવતરું નિષ્ફળ નીવડયું (૧૯૬૪ અંત). ૧૯૬૬ના આરંભમાં સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક તથા અપર વૉલ્ટા, નાઈજીરિયા અને ઘાનામાં લશ્કરી શાસન સ્થપાયાં, તે પણ ઘણે અંશે ચીન વિરુદ્ધની જ ઘટના હતી. હવે, ચીનની અસર નીચે કહી શકાય તેવાં, બહુ બહુ તો, ગીની, માલી, કૉંગો (બ્રાઝેવિલે) અને ટાન્ઝાનિયા જ રહ્યાં હતાં.

ચીનને માટે આ બીજી વારનો પાઠ હતો. પરંતુ એમાંથી એ કંઈ શીખીને આગળ ચાલે ત્યાં તો ચીનના આંતરિક સંજોગો પણ કપરા બન્યા હતા: સાંસ્કૃતિક ક્રાન્તિએ ભારે ઉશ્કેરણીનું વાતાવરણ પેદા કર્યું હતું. ચીને પોતાના રાજદૂતોને પાછા બોલાવી લીધા. આફ્રિકાને અપાતી આર્થિક સહાય ૧૯૬૪માં ૧૯૫ લાખ ડૉલરે પહોંચી હતી, તે ૧૯૬૫માં માત્ર ૧૫ લાખ ડૉલર ઉપર આવી ગઈ; ૧૯૬૬–૬૭માં એથીય ઓછી. ચીનમાં તાલીમ આપવા ખાસ આમંત્રવામાં આવેલા વિદેશી 'વિદ્યાર્થીઓ'ને પાછા મોકલી દેવાયા.

આ દરમ્યાન એક વિચિત્ર દેખાય તેવું પરિણામ એ આવ્યું કે આફ્રિકાના દેશોને ચુપચાપ રીતે આર્થિક અને ઔદ્યોગિક વિકાસ માટે નાણાંની સહાય કરી રહેલું ચાંગ કાઈ-શેકનું રાષ્ટ્રવાદી ચીન (ફૉર્મોસા/તાઈવાન) સામ્યવાદી ચીન કરતાં ઘણું આગળ વધી ગયું. ૧૯૬૫ની મધ્યમાં સામ્યવાદી ચીન અને રાષ્ટ્રવાદી ચીન અનુક્રમે અઢાર અને પંદર આફ્રિકી દેશો સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા હતા–૧૯૬૭માં આ સંબંધો અનુક્રમે પંદર અને ઓગણીસ દેશો સાથેના થઈ ગયા!

૧૯૬૭ પછી ચીનની આંતરિક સ્થિતિ થાળે પડતી ગઈ અને આફ્રિકા સાથેના ચીનના સંબંધો-માં નવી નીતિનાં પગરણ થયાં. આ નવી નીતિનું એક લક્ષણ એ હતું કે પોર્ટુગાલ, દક્ષિણ આફ્રિકા, અને રોડિશિયામાં જ્યાં રંગદ્વેષનો સંઘર્ષ ચાલતો હતો ત્યાં ચીને પગપેસારો શરૂ કરી દીધો. ત્યાં ઘણાં વરસોથી સ્થાનિક સામ્યવાદી પક્ષો કામ કરતા થઈ ગયા હતા, સારો વિકાસ પામ્યા હતા. આનો સૌથી વધુ લાભ ઝામ્બિયાના પ્રમુખ કૉન્ડાએ ભારે સિફતથી લીધો. ટાન્-ઝામ રેલવે માટે ચીન પાસેથી અસાધારણ મોટી રકમ (૬,૨૫૦ લાખ ડૉલર: બે હપતે) મેળવી. અલબત્ત, આ પછી ચીન આખા આફ્રિકામાં 'દાનેશ્વરી' તરીકે નવો દેખાવ કરતું થઈ શકયું. ઘણાં રાજ્યો પાછલો ભૂતકાળ ભૂલી, થોડુંક જોખમ ખેડીનેય, આવો લાભ લેવા લલચાયાં.

એવા કિસ્સાય બન્યા છે જેમાં સ્વતંત્ર આફ્રિકી સરકારે પોતે ચીનના હાથા બનવામાં જાણીને આગળ પડતો ભાગ ભજવ્યો હોય. નક્રુમાના શાસન દરમ્યાન ચીન અને ઘાના વચ્ચેના સંબંધો આ પ્રકારના જણાયા છે. ૧૯૬૪ના ઑગસ્ટમાં બંને દેશો વચ્ચે એવા કરાર થયા કે ચીનનું ફોજી મિશન ઘાનામાં બે વરસ રહે; અને આ મિશનનું ખર્ચ ઘાના આપે.

આ વ્યૂહ અનુસાર ચીની ગેરીલા નિષ્ણાતોએ ઘાનામાં એક સમગ્ર આફ્રિકી તાલીમ કેન્દ્ર શરૂ કર્યું. ત્યાં કેમેરુન, રુવાન્ડા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા, નાઇજીરિયા, નાઇજર, ટોગો, ગિની, બેઉ કોંગો, આઈવરી કોસ્ટ અને બીજાં અનેક સ્વતંત્ર આફ્રિકી રાજ્યોમાંથી ગુપ્ત રીતે તાલીમીઓને એકત્ર કરીને તૈયાર કરવામાં આવ્યા. આ તૈયાર થયેલાઓ આફ્રિકામાંનાં પોતાનાં અગર બીજાં સ્વતંત્ર રાષ્ટ્રોમાં ચીની દોરવણી અનુસાર 'ગેરીલા ક્રાન્તિ'નું સંચાલન કરવા પહોંચી જાય તેવી યોજના હતી. તે મુજબ, તાલીમબાજ ભાંગફોડિયાઓને નાગરિક પ્રવાસી તરીકે જુદાં જુદાં વિમાનોમાં આફ્રિકી દેશોમાં સીધા રવાના કરવામાં આવે; તેઓ વિમાની મથકે ઊતરતાં જ તેનો કબજો લઈ લે; અને દરમ્યાનમાં ચીન-ઘાનાની યોજના મુજબ નવી કૂમક આવી પહોંચે, જે તરત એ પ્રદેશનો કબજો લઈ ક્રાન્તિનો પંથ મોકળો કરી આપે!

પરંતુ, આ અતિ ઉત્સાહી, અતિ સાહસિક કામગીરીઓ નિષ્ફળ નીવડી. ખુદા નકુમાની જ સરકાર ઊથલી પડી.

ચીનની આફ્રિકી નીતિનું સ્વરૂપ જોતાં તેના ત્રણ તબક્કા જોવા મળે છે: ૧૯૫૫થી ૧૯૬૦-ના પહેલા તબક્કામાં સંપર્કની મથામણ હતી. બીજા તબક્કા(૧૯૬૧–૬૫)માં વિસ્તારની પ્રવૃત્તિ હતી — પરંતુ, ચીન માટે, હવે પછી, ખરાખરીની સમસ્યા એ હતી કે મોટા ભાગના આફ્રિકી દેશોની સરકારો સામે ગેરીલાઓનાં ગુપ્ત દળોને અંદરથી સુરંગ મૂકવા ઉશ્કેરીને ક્રાન્તિનો વ્યૂહ આગળ ધપાવીને, ઘણા બધા દેશોની સરકારોની દુશ્મની વહોરી લેવી? કે પછી નવોદિત રાષ્ટ્રોને તેમના વિકાસમાં તેમની રીતે ઊભા થવામાં સહાય કરીને 'ક્રાન્તિનીતિ'ને મ્યાન કરવી? સોવિયેત રશિયાએ આ બીજી નીતિ મોટે ભાગે અખત્યાર કરી હતી. ત્યારે ચીન પહેલી નીતિનું પુરસ્કર્તા હતું. પરંતુ, અનુભવના આધારે પોતે કશા ચોક્કસ નિર્ણય ઉપર આવે તે પહેલાં તો ચીનમાં જ વાવાઝોડું આવી પડ્યું . . .

ચીનમાં જાગેલી મહાન 'સાંસ્કૃતિક ક્રાન્તિ'(૧૯૬૬–૬૮)ના વાતાવરણના પ્રભાવમાં ચીને તેની વિદેશનીતિ પણ કડક બનાવી. ખાસ પસંદગીનું ધોરણ સ્વીકાર્યું. આનું સીધું પરિણામ એ આવ્યું કે નિકટ આવેલા દેશો પણ દૂર ગયા અને ઘાના તથા ટયુનિસિયામાં સત્તાપલટો થતાં એ સંબંધો સમૂળા ખતમ થયા. કુલ અઢાર દેશો સાથે સંબંધ હતો (૧૯૬૪–૬૫), તે ૧૯૬૯માં માત્ર તેર પૂરતો રહ્યો હતો. પરંતુ, વળી ચીની સાંસ્કૃતિક ક્રાન્તિનો જુવાળ ચીનમાં ઓસરવા લાગ્યો, અને વિદેશસંબંધમાં તે મુજબ ઉદારતા અને વ્યવહારુતા આવતાં, ૧૯૭૦ના ઑક્ટોબર સુધીમાં સંબંધિત આફ્રિકી રાષ્ટ્રોની સંખ્યા વીસ સુધી પહોંચી ગઈ છે.

એકંદરે ચીન આફ્રિકામાં ધીમા પરંતુ દૃઢ પગલે આગળ વધી રહ્યું છે. અલબત્ત, આદર્શોની બાબતમાં તેય પોથીમાંનાં રીંગણાંની હાલતમાં છે. જોકે, રશિયાની સરખામણીએ હજી તે પોતાની 'ઇમેજ' વધુ ક્રાન્તિકારી હોવાનો દેખાડો કરી રહ્યું છે, એ માઓ અને ચાઉની વિલક્ષણતા છે. તો બીજી બાજુ આફ્રિકી રાષ્ટ્રોની પારાવાર ગરજનું આ લક્ષણ ગણાવી શકાય. એ રીતે જોતાં, શું પશ્ચિમી દેશો, શું રશિયા કે શું ચીન સૌ ગરજુ પછાત દેશોની અવદશા અને આંતરિક કમજોરીને વટાવી ખાઈ સત્તા-વિસ્તારનો વ્યૂહ જ ખેલી રહ્યા છે. એક એક-સંસ્થાનવાદ હશે તો બીજો સવાઈ-સંસ્થાન-વાદ હશે; પરંતુ, આજે તો એકનો વિકલ્પ બીજો કોઈ હોઈ શકે એવું દેખાતું નથી . . . આ જ તો પછાત નવોદિત દેશોની વાસ્તવિક કરુણતા છે . . .

આફ્રિકી ક્રાન્તિ

[ચાઉ અને કેન્યાટા]

૧૯૬૪–૬૫ના આફ્રિકાના પ્રવાસો દરમ્યાન ચાઉ એન-લાઈનું સૂત્ર-રટણ :

'આફ્રિકા ક્રાન્તિ માટે પાકી ગયું છે.' (૧૯૬૪)

'આફ્રિકામાં જ નહીં, એશિયા અને લૅટિન અમેરિકામાંય ક્રાન્તિ માટે સાનુકૂળ સંજોગો પ્રવર્તે છે.' (૧૯૬૫)

હકીકત અને કસોટી

૧૯૬૪–૬૫ અગાઉ આફ્રિકાના ઘણા મોટા ભાગના દેશો (દ. આફ્રિકા, રોડિશિયા તથા સ્પેન અને પોર્ટુગાલની કેટલીક વસાહતો સિવાયના બધા) સ્વતંત્ર થઈ ગયા હતા. આ જોતાં ચાઉને કઈ ક્રાન્તિની વાત અભિપ્રેત હતી ?

ચાઉના મતે સ્વતંત્ર બનેલાં રાષ્ટ્રો સાચા અર્થમાં સ્વતંત્ર ન હતા. એને મન માર્ક્સ–માઓ–પ્રણીત સામ્યવાદી ક્રાન્તિ સાચી સ્વતંત્રતા હતી.

આ કસોટીએ આફ્રિકામાં નક્રુમા, સેકુ તોરે કે ન્યેરેરે સાચા સમાજવાદી ન હતા. માટે –

મોટા ભાગની 'સ્વતંત્ર' સરકારો ઉથલાવી પાડીને માઓ–સામ્યવાદ–પરસ્ત સત્તાઓ સ્થાપવાની હતી...આ એમની ક્રાન્તિ !

પ્રે. કેન્યાટાનો પડકાર

ચાઉની ક્રાન્તિકારી જાહેરાત(૧૯૬૫)ના પ્રત્યાઘાતમાં પ્રે. કેન્યાટાનું નિવેદન : 'કેન્યા સરકાર એ સ્પષ્ટ જાણવા માગે છે કે કયા સ્વરૂપની ક્રાન્તિ ચાઉ એન-લાઈના મનમાં છે. પણ કેન્યા સરકાર તમામ પ્રકારની ક્રાન્તિઓ–પછી તેનો ઉગમ ગમે ત્યાંથી હોય, અથવા તે દેશની અંદરથી કે બહારથી પ્રેરિત થયેલી હોય–દૂર રાખવાનો ઇરાદો સેવે છે.'

('ધ સ્ટ્રગલ ફૉર ધ થર્ડ વર્લ્ડ', પૃ. ૫૫)

આફ્રિકા : પાકી ગયેલી ક્રાન્તિ

[રશી–ચીની ઝૂંટાઝૂંટ]

રશિયા અને ચીન બંનેએ આફ્રિકામાં 'પાકી ગયેલી ક્રાન્તિ'નો લાભ ઉઠાવવા અંદર અંદર ઝૂંટાઝૂંટ (સ્ક્રૅમ્બલ) શરૂ કરી દીધી હતી. બંને વચ્ચે ૧૯૬૩ પછી તીવ્ર હરીફાઈ શરૂ થઈ ગઈ હતી.

રશિયા ચીનને અંધ સાહસખોર, ભંગાણવાદી, આક્રમણખોર, વિસ્તારવાદી અને ફાસિસ્ટ તરીકે ઓળખાવીને આફ્રિકી રાજપુરુષોને તેનાથી ચેતવતું હતું. તો, ચીન રશિયાને ક્રાન્તિનું દગાખોર, સામ્રાજ્યવાદી મળતિયું, સુધારવાદી, પશ્ચિમવાદી અને રંગદ્વેષવાદી તરીકે ઓળખાવીને આફ્રિકી પ્રજા સાથેની આત્મીયતા પ્રગટ કરતું હતું :

> 'આપણે રંગીન પ્રજાઓ (કલર્ડ પીપલ્સ) છીએ...ક્રેનેડી અને ખ્રુશ્ચૉફ ગોરા છે. તમારી લડતમાં લોહીની સગાઈએ ભાંડું (બ્લડ બ્રધર્સ) છીએ. માત્ર અમે જ તમારી સમસ્યાઓ સમજી શકીએ એમ છીએ.'

જોકે બંને સત્તાઓ વ્યવહારમાં તો પોતપોતાનાં રાષ્ટ્રીય હિતો અને રાષ્ટ્રીય પ્રતિષ્ઠા(ઇમેજ)ની દૃષ્ટિએ જ વર્તતી હતી. અક્ષબત્ત, શબ્દોની અને સૂત્રોની લડાઇ ચાલુ હતી : પરંતુ બંનેનું મુખ્ય સાધન ગુપ્ત કાવતરાંનું હતું એ વિષે શંકા નથી.

રશિયા અને ચીનના ઝૂંટાઝૂંટના વ્યવહારથી આફ્રિકાના પ્રગતિશીલ નેતાઓ પણ ત્રાસી ઊઠ્યા હતા.

૧૯૬૩ના ફેબ્રુઆરીમાં ટાંગાનિકામાં મળેલી આફ્રો-એશિયન સૉલિડરિટી કૉન્ફરન્સમાં પ્રે. ન્યેરેરેએ રશિયા–ચીન વચ્ચેની હરીફાઈને આફ્રિકા માટેની બીજી ઝૂંટાઝૂંટ (પહેલી તે યુરોપીય દેશોએ કરેલી શાહીવાદી) તરીકે ઓળખાવી હતી.

મલાવી(અગાઉ ન્યાસાલૅન્ડ)ના પ્રમુખ ડૉ. હેસ્ટિંગ્સ બાન્દાએ ૧૯૬૪ના સપ્ટેમ્બરમાં જાહેર કર્યું હતું કે 'આફ્રિકામાં વળી પાછી બીજી ઝૂંટાઝૂંટ શરૂ થઈ ગઈ છે. તે તેના શરીર માટે છે તેનાથી અધિક તેના આત્માની છે...જોકે તેમની પોતાની પ્રજાને પૂરતું ખાવા મળતું નથી, પણ આફ્રિકી રાજકારણીઓને ભ્રષ્ટ કરવા માટે તેમને બંને જ નાણાં મળી રહે છે...'

૧૯૬૪ના માર્ચમાં અલ્જીરિયામાં મળેલી આફ્રો-એશિયન પીપલ્સ સૉલિડરિટી ઑર્ગેનિઝેશનની બેઠકમાં કેન્યાના પ્રતિનિધિ:

"અમે માર્કસ-અને-લેનિનવાદી નથી. અમારામાંના ઘણાએ 'દાસ કેપિટલ'ની એક લીટી પણ વાંચી નથી. અમે સેન્ડવિચ ખાતા હોઈએ છીએ ત્યારે સોવિયેત સંઘવાળા અમને માર્કર્સ-લેનિનના નામે એક વાત કહે છે, અને અમે ચા પીતા હોઈએ ત્યારે ચીનવાળા મને એમની વાતની સત્યતા સમજાવે છે...અમે તો વાજ આવી ગયા છીએ..."

૧૯૬૫માં ચાઉ એન-લાઈના આફ્રિકાના બીજા પ્રવાસ દરમ્યાન ટાન્ઝાનિયાના યજમાન પ્રે. જુલિયસ ન્યેરેરેએ ઉચ્ચારેલ ચીમકી:

'અમારી સરકાર અથવા અમારી પ્રજાને અંદરથી વણસાડવાની (સબવર્ઝિવ) પ્રવૃત્તિ સામે અમે અમારી ચાંપતી નજર લગીરે નીચી નહીં પડવા દઈએ.'

('ધ સ્ટ્રગલ ફૉર ધ થર્ડ વર્લ્ડ', પૃ. ૪૪)

અલબત્ત, આ વાત કેવળ ચીનને ઉદ્દેશીને ન હતી; રશિયા અને પશ્ચિમી સરકારો સહિત સૌ નવ-સામ્રાજ્યવાદીઓને ઉદ્દેશીને હતી. પરંતુ એનો ડંખ સમજવા માટે પ્રે. ન્યેરેરેનું જ અવતરણ પૂરતું છે:

'સમાજવાદી દેશો પોતે જ જે ગુનાઓ આચરી રહેલ છે એ મૂડીવાદી દેશો અગાઉ જે આચરતા હતા તેનાથી જુદા નથી.'

('ધ ડ્રેગન્સ ઇમ્બ્રેસ', પૃ. ૬૬)

પ્રે. ન્યેરેરેનો આરંભનો આ અનુભવ પાછળથી બદલાયો હતો કે ચીન ફેરવાયું હતું? કે બન્ને? કદાચ સમય?

સંસ્થાનવાદ-વિરોધી નવતર સંસ્થાનવાદ

કટ્ટર સંસ્થાનવાદ-વિરોધી અને કટ્ટર રંગદ્વેષ-વિરોધી તરીકે દુનિયાભરમાં પોતાનું ઢોલ પીટનારી બેઉ સામ્યવાદી સત્તા (રશિયા અને ચીન) જે હકીકત છુપાવવા મથી રહી હતી તે આ છે:

— સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ દક્ષિણ આફ્રિકા સાથે કશો રાજકીય અને આર્થિક વ્યવહાર ન કરવાનો ઠરાવ કર્યો છે. પરંતુ રશિયાએ દ. આફ્રિકી બંદરો અને વિમાની મથકો ઉપરના પ્રતિબંધનો ભંગ કર્યો છે અને ચીને ઉત્તરોત્તર આયાત-નિકાસ વધારતા રહીને આર્થિક પ્રતિબંધને ઠેબે ચઢાવ્યો છે. (૧૯૬૬માં એની આયાત ૨૦ લાખ પાઉન્ડની અને નિકાસ ૫ લાખ પાઉન્ડની હતી.)

ચીને પોતાના આ વ્યાપારની હકીકતોને છુપાવવા દક્ષિણ આફ્રિકાની અંદરની કેટલીક ખાનગી કંપનીઓ દ્વારા કામ પતાવ્યું છે. પરંતુ આફ્રિકી અખબારોએ તથા કેન્યાના ઉદ્યોગ-પ્રધાન ડૉ. કીઆનોએ અને હૉંગકૉંગના 'ચાઈના-મેઈલે' આ વાત ખુલ્લી પાડી છે. એટલું જ નહીં ખુદ 'સાઉથ આફ્રિકન ચેમ્બર ઑફ કૉમર્સ'ના ચેરમેન એલ. એમ. બેરેરે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે હૉંગકૉંગમાં દક્ષિણ આફ્રિકાના ટ્રેડ કમિશનરની કાયમી ઑફિસ છે, તેની દ્વારા આ વ્યાપાર-વ્યવહાર ચલાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાના હેવાલમાં પણ આનો ઉલ્લેખ થયેલો છે.

જૂના-નવા સંસ્થાનવાદ

જૂના-નવા (યુરોપીય અને અમેરિકી) સંસ્થાનવાદીઓ સામે આટલા આક્ષેપો થતા રહ્યા છે: (૧) લશ્કર દ્વારા વિદેશી મુલકોનો રાજકીય કબજો રાખવો; (૨) વિદેશી મુલકોનું પોતાના હિતમાં સીધું શોષણ કરવું અગર તેમને પોતાના ઓશિયાળા રાખવા; (૩) શસ્ત્રો દ્વારા વિદેશોમાં રાજકીય ઉથલપાથલો કરવી; (૪) આર્થિક સહાય દ્વારા વિદેશી અર્થતંત્ર ઉપર પ્રભુત્વ રાખવું; (૫) વ્યાપારી સહયોગ દ્વારા વિદેશોનું શોષણ કરવું, ઓશિયાળા બનાવવા; (૬) રાજકીય, ફોજી અને આર્થિક દબાણ દ્વારા વિદેશોમાં પોતાના હસ્તક વ્યૂહાત્મક ફોજી, વ્યાપારી અને ઇતર થાણાં-મથકો રાખવાં...

સોવિયેત રશિયા પણ આવી એકેએક ગુનાહિત પ્રવૃત્તિ માટે જવાબદાર રહ્યું છે.

દ્વિધ્રુવી જગત ?



બ્રેઝનેવ-નિક્સન : સવાઈ મહાસત્તાઓ વચ્ચે ગુફ્તગો
(૧૯૭૩)



જવાહરલાલ નેહરુ
બિનજોડાણવાદ



નિકિતા ખ્રુશ્ચોફ
શાન્તિમય સહઅસ્તિત્વ



ચાર્લ્સ દ ગોલ
સ્વતંત્ર યુરોપનો ફ્રેન્ચ આવિષ્કાર

ધ્રુવ
બે કે બહુ ?

માઓ ત્સે-તુંગ
સામ્યવાદી છાવણીમાં ભંગાણ

૨૧ : ઉપસંહાર

દુનિયાના અર્વાચીન ઇતિહાસની જો કોઈ મહત્ત્વની અને ગંભીર ઘટના હોય તો તે નિ:શંક સામ્રાજ્યવાદનો ઉદય અને તેનો લોપ છે. આમ કહેવાનો અર્થ એવો નથી કે મધ્યયુગમાં કે પ્રાચીન ઇતિહાસમાં સામ્રાજ્યોનો તોટો હતો. ઈરાન, ગ્રીસ તથા રોમનાં સામ્રાજ્યો દુનિયાના ઇતિહાસનાં ઘણાં પાનાં રોકે છે. સાયરસ, સિકંદર અને જુલિયસ સીઝરનાં પરાક્રમોની ગાથાઓ ચિરસમય યાદ રહેવાની છે.

પરંતુ અર્વાચીન જગતનાં સામ્રાજ્યોની સરખામણીમાં પ્રાચીન સામ્રાજ્યો વામણાં અને નિસ્તેજ લાગે છે. આજના જગતનાં સામ્રાજ્યો વિશ્વભરમાં વ્યાપ્યાં છે. હજી ગઈકાલ સુધી દુનિયાના કુલ પ્રદેશનો અડધો-અડધ ભાગ સામ્રાજ્યોથી છવાયેલો હતો અને તેમાં વસતા લોકોની સંખ્યા અબજ સુધી પહોંચેલી હતી. બ્રિટનમાં વસતા પ્રત્યેક માનવી દીઠ દસ કાળા, પીળા અને ઘઉંવર્ણા લોકો તેનાં સંસ્થાનોમાં વસતા હતા. ફ્રાન્સનું સામ્રાજ્ય તેના પોતાના કુલ પ્રદેશથી દસગણું વિશાળ હતું. ઇટાલી તેનાં સંસ્થાનોનો માત્ર છઠ્ઠો ભાગ હતું અને તેથી પણ વિશેષ પોર્ટુગલ ત્રેવીસમો અને બેલ્જિયમ આઠમો ભાગ હતું. તેમનાં વિશ્વવ્યાપી સામ્રાજ્ય અને સંસ્થાનોની સરખામણીમાં યુરોપના આ દેશો ઠિંગુજી જેવા લાગતા હતા. પણ સામ્રાજ્યવાદનો વિસ્તાર વધારવાની લાલસામાંથી કોઈ મુક્ત ન હતા. ફ્રાન્સના ત્રીજા પ્રજાસત્તાકે (૧૮૭૧–૧૯૩૯) એકસો ત્રીસ લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર તેના સામ્રાજ્યમાં ઉમેર્યો. ઈટાલીએ છવ્વીસ લાખ ચોરસ કિલોમીટરનો પ્રદેશ કબજે કર્યો. ગોરા લોકોનો કાર્યભાર ઉપાડવા હંમેશના માટે ઇંગ્લાંડે ઉત્સુકતા બતાવી હતી અને સામ્રાજ્યવાદના વિસ્તારમાં તે અગ્રગણ્ય રહ્યું હતું. બિસ્માર્કના નેતૃત્વ નીચે જર્મનીએ સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા વિશે સંયમ જાળવ્યો હતો; પણ તેની વિદાય પછી જર્મનીએ પણ તે સ્પર્ધામાં ઝંપલાવ્યું અને આફ્રિકા અને ઈસ્ટ ઇન્ડીઝમાં છવ્વીસ લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર તેના નેજા નીચે આણ્યો. ઑસ્ટ્રિયા-હંગેરીએ બાલ્કન પ્રદેશમાં સંસ્થાનવાદી પગપેસારો કર્યો. રશિયાના ઝારે પોતાના વિશાળ પ્રદેશથી સંતોષ ન માનતાં મધ્ય એશિયા, ઈરાન, મંચુરિયા અને મોંગોલિયા વગેરે ઉપર તેની આંખ ઠેરવી.

યુરોપીય દેશોથી પાછા ન પડનાર જપાને કોરિયા, ફૉર્મોસા, મંચુરિયા, શાન્ટુંગ તથા પાસિફિકમાંના જર્મન ટાપુઓ પ્રત્યે આક્રમક વલણ અપનાવ્યું તથા તેનો સામ્રાજ્યવાદી નેજો ફરકાવ્યો.

જપાનને બાદ કરતાં સામ્રાજ્યવાદનો ફેલાવો યુરોપીય રાજ્યોનું વિસ્તૃતીકરણ હતું. ઔદ્યોગિક ક્રાન્તિના કારણે બળવત્તર બનેલો યુરોપીય રાષ્ટ્રવાદ તેની શક્તિનો પ્રસાર ઇચ્છતો હતો. અને એશિયા-આફ્રિકાના વિશાળ પ્રદેશોનું આકર્ષણ તેને માટે મોટું આહ્વાન બન્યું. સામ્રાજ્યવાદનો

વિસ્તાર વધતાં યુરોપીય રાજકારણ-અર્થકારણનો વ્યાપ સમગ્ર દુનિયાને ઘેરી વળ્યો. યુરોપ દુનિયાના રાજકારણનું મુખ્ય સંચાલક બળ બન્યું. યુરોપીય રાજકારણ તથા તેની મુત્સદ્દીગીરી દુનિયાના રાજકારણ માટે નિર્ણાયક બન્યાં. યુરોપીય સામ્રાજ્યવાદની ક્ષિતિજો વિસ્તરતાં દુનિયાનું રાજકારણ પૂરા અર્થમાં વિશ્વ-રાજકારણ બન્યું.

પશ્ચિમના પૂર્વ ઉપરના આ આધિપત્યની શરૂઆત ૧૪૯૮માં જ્યારે વાસ્કો દા ગામાએ ભારતના દક્ષિણ કિનારે પગ મૂકયો ત્યારથી થઈ એમ કહી શકાય. વાસ્કો દા ગામાની આ સિદ્ધિ સાથે યુરોપનું બસો વર્ષનું સ્વપ્ન સાકાર બન્યું તથા પંચોતેર વર્ષનો પુરુષાર્થ સફળ બન્યો. ૧૪૯૮થી માંડીને ૧૯૪૭માં ભારત સ્વતંત્ર બન્યું ત્યાં સુધીનો સાડાચારસો વર્ષનો ગાળો ભારત અને એશિયા જ નહીં પરંતુ સારીયે દુનિયા માટેનો એક અદ્વિતીય સમય હતો. એશિયાઈ દેશો ઉપર યુરોપનો પ્રભાવ વધતાં પ્રાદેશિક સત્તા ઉપર દરિયાઈ સત્તાનું આધિપત્ય સ્થપાયું તેમ જ ખેતી અને આંતરિક વેપાર ઉપર નભતા પ્રદેશો ઉપર વેપારી અર્થકારણનો દોર આવ્યો.

૧૫૦૦થી ૧૮૦૦નાં ત્રણસો વર્ષ દરમિયાન યુરોપનાં મોટા ભાગનાં રાષ્ટ્રો — પોર્ટુગલ, હૉલેન્ડ, ઇંગ્લંડ, ફ્રાન્સ, સ્પેન — સમ્રાજ્યવાદી સ્પર્ધામાં પ્રવેશ્યાં અને દરિયાઈ માર્ગે એશિયાના લગભગ બધા જ પ્રદેશો ઉપર ઊતરી આવ્યાં. ૧૮૦૦ની આસપાસ ઔદ્યોગિક તેમ જ ફ્રેન્ચ ક્રાન્તિઓના પરિણામે યુરોપના આર્થિક તેમ જ રાજકીય જીવનમાં ભરતી આવી અને તેનાં પૂર સામ્રાજ્યવાદના સ્વરૂપે બધે ફરી વળ્યાં.

પશ્ચિમની આ વિસ્તારવાદી નીતિ પાછળ કયાં બળો કામ કરી રહ્યાં હતાં? એશિયાઈ પ્રજાઓની સરખામણીમાં યુરોપીય લોકો વધારે ખમીરવંતા હતા એમ કહેવું સરળ છે, પણ પ્રજાઓનો ઇતિહાસ અનેક પલટાઓનો સાક્ષી છે. દુનિયાના લગભગ બધા જ મહાન ધર્મોનો ઉગમ એશિયામાં થયો છે. પ્રાચીન ઇતિહાસ એશિયાઈ પ્રજાઓની ઉજ્જવળ સિદ્ધિઓની પૂરતી સાક્ષી પૂરે છે. ઈ.સ. ૪૦૦થી ૧૪૦૦ સુધી યુરોપીય પ્રજાઓની સ્થિતિ બીજી પ્રજાઓથી ચડિયાતી હતી તેમ કહેવા માટે કોઈ કારણ નથી. અર્વાચીન સમયનો પશ્ચિમનો સામ્રાજ્યવાદ એ જો આગેકૂચ કરતી યુરોપીય સભ્યતાની અભિવ્યક્તિ હોય તો તેની શરૂઆત યુરોપમાં શરૂ થયેલી પુનઃજાગૃતિ તથા ધર્મસુધારણાની ચળવળ હતાં. ધર્મનો પ્રશ્ન થાળે પડતાં યુરોપમાં ધર્મની અગત્ય ઘટી અને તેને સ્થાને રાષ્ટ્રવાદ પ્રવેશ્યો. યુરોપનો રાષ્ટ્રવાદ રાજવીની આસપાસ ગૂંથાયેલો હતો અને તેના કેન્દ્ર તરીકે લાંબો સમય રાજવી રહ્યો. પરંતુ તેની પાછળ ઊગતા મધ્યમ વર્ગનું પીઠબળ હતું. બળવાન બનતા જતા, મહત્ત્વાકાંક્ષી મધ્યમ વર્ગને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના વેપારમાં પશ્ચિમ એશિયાનું માધ્યમ કઠવા લાગ્યું. પૂર્વનાં અને ખાસ તો ભારતનાં કરિયાણાં મેળવવાની તેમની લાલસામાંથી દરિયાઈ માર્ગ શોધવા માટેની ઉત્સુકતા જાગી. આ માર્ગ એક વાર શોધાયા પછી તેની પાછળ પાછળ અન્ય દેશોના સાહસિકોની કતાર લાગી અને જોતજોતામાં એશિયાના ખૂણેખાંચરે યુરોપીય નાવિકો પહોંચી ગયા. યુરોપીય વહાણવટાની કુશળતા અને સરસાઈના કારણે એશિયાઈ દેશોના નાવિકો યુરોપના નાવિકોની બરાબરી કરી શકયા નહીં. દરિયાઈ સફરો અને ભૌગોલિક શોધખોળોને પરિણામે દુનિયાને આવરી લેતા વેપારવાણિજ્યના સંબંધો વિકસ્યા. નવાં સાહસો દ્વારા મધ્યમ વર્ગ વધુ આબાદ બન્યો અને તેને પરિણામે મૂડીવાદી અર્થરચના અસ્તિત્વમાં આવી. રાષ્ટ્રવાદનો ઢાંચો આ અર્થરચનાને પૂરો ઉપકારક નીવડયો.

પશ્ચિમની સત્તાઓએ સ્થાપેલાં સંસ્થાનોમાં અઢારમી સદીની અધવચ મોટા પ્રમાણમાં પરિવર્તનો થયાં. ૧૭૬૩થી ૧૮૨૩ સુધીના ગાળામાં ફ્રાન્સના બ્રિટન સાથેના યુદ્ધના પરિણામે તેણે તેનાં સંસ્થાનો ખોયાં. પણ બ્રિટન ફ્રાન્સની દશામાંથી મુક્ત રહી શકયું નહીં. ૧૭૭૬માં તેનાં અમેરિકી સંસ્થાનોએ બળવો પોકાર્યો અને બ્રિટનને વિદાય લેવી પડી. ૧૮૧૦–૧૮૨૫નાં વર્ષો દરમિયાન સ્પેનને દક્ષિણ અમેરિકામાંથી જવું પડયું અને ૧૮૨૨માં બ્રાઝિલ પોર્ટુગલથી છૂટું પડી ગયું. સામ્રાજ્યવાદી અને વિસ્તારવાદી નીતિ આ વર્ષો દરમિયાન કંઈક શિથિલ બની. પણ આ પરિસ્થિતિ લાંબો સમય ટકી નહીં. ૧૮૭૦ પછીના સમયમાં યુરોપીય રાજ્યો વચ્ચે ફરીને સામ્રાજ્ય સ્થાપવાની તીવ્ર હરીફાઈ શરૂ થઈ, જેને પરિણામે એશિયાના રહ્યાસહ્યા પ્રદેશોમાં અને અત્યાર સુધી અંધારા ખંડ તરીકે ગણાતા આફ્રિકામાં યુરોપીય દેશોએ જોરશોરથી પગપેસારો કર્યો. ૧૮૭૦થી માંડી પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધીનો સમય યોગ્ય રીતે જ 'સામ્રાજ્યવાદી યુગ' તરીકે જાણીતો થયો છે. ૧૮૭૦થી ૧૯૧૪ સુધીમાં આફ્રિકાના પ્રત્યેક પ્રદેશમાં યુરોપીય રાજ્યોએ તેમનો સામ્રાજ્યવાદી અંકુશ જમાવી દીધો.

અન્ય વિસ્તારોની માફક આફ્રિકામાં પણ બ્રિટનનું સામ્રાજ્ય સૌથી વિશાળ રહ્યું. માત્ર આફ્રિકામાં જ તેનો સામ્રાજ્યવાદી પ્રદેશ પાંસઠ લાખ ચોરસ કિલોમીટર જેટલો થયો. એમાં પાંચ કરોડ જેટલી વસ્તી હતી. બ્રિટનના સામ્રાજ્યમાં હતાં ઈજિપ્ત, સુદાન, બ્રિટિશ સોમાલીલૅન્ડ, યુગાન્ડા, કેન્યા, રોડિશિયા, નાઈજીરિયા, ગોલ્ડ કોસ્ટ, સિયેરા લિયોન, ઝામ્બિયા તથા ઝાંઝીબાર. ફ્રાન્સનું સામ્રાજ્ય મુખ્યત્વે સહરા અને તેની આસપાસના પ્રદેશોમાં ઊભું થયું. તેમાં સમાવિષ્ટ હતાં મોરોક્કો, અલ્જીરિયા, ટયુનિસિયા, ફ્રેન્ચ ઈકવેટોરિયલ આફ્રિકા, ફ્રેન્ચ સોમાલીલૅન્ડ તથા મહાસાગરમાં આવેલો માડાગાસ્કરનો ટાપુ. આ ઉપરાંત ૧૮૮૫ના અરસામાં ફ્રાન્સે હિન્દી-ચીનમાંનાં અનામ, લાઓસ, ટોન્કિન તથા કમ્બોડિયા ચારેય કબજે કર્યાં. ફ્રાન્સના અંકુશમાં હવે બધું મળીને અઠ્ઠોતેર લાખ ચોરસ કિલોમીટર જેટલું અને બ્રિટનથી બીજા નંબરનું મોટું સામ્રાજ્ય આવ્યું.

ફ્રાન્સની બરાબરી કરવામાં ઉત્સુક રહેલું જર્મની તેનાથી પાછું પડે તેમ ન હતું. આફ્રિકામાં તેણે ટોગોલૅન્ડ, નૈર્ઋત્ય આફ્રિકા, કેમેરુન તથા જર્મન પૂર્વ આફ્રિકાનો કબજો લીધો. આ ઉપરાંત એશિયામાં તેણે ન્યૂ ગીનીનો થોડો ભાગ, ચીનમાં કીઆચાઉ તથા શાન્ટુંગ દ્વીપકલ્પ અને પાસિફિકમાંના કેટલાક ટાપુઓ ઉપર સ્વામિત્વ સ્થાપ્યું.

ઈટાલીએ ઈરિટ્રિયા, (ઈટાલિયન) સોમાલીલૅન્ડ તથા લિબયા ઉપર અંકુશ મેળવ્યો અને અન્ય યુરોપીય રાજ્યોની હરોળમાં રહેવાનો પ્રયાસ કર્યો. ઑબિસીનિયા ઉપર તે વિજય ન મેળવી શકયું, પણ ૧૯૩૬માં ફરીને પ્રયત્ન કરીને તેણે છેવટે ઑબિસીનિયાને ઈટાલીના સામ્રાજ્યનો ભાગ બનાવ્યું.

મોઝામ્બિક, અંગોલા (જે આજે પણ સ્વતંત્ર નથી અને સંસ્થાનો તરીકે સબડે છે) તથા પોર્ટુગીઝ ગીની ઉપર પોર્ટુગલનો તથા આફ્રિકાની મધ્યમાં આવેલા બેલ્જિયન કૉંગોના વિશાળ પ્રદેશ ઉપર બેલ્જિયમનો અંકુશ નંખાયો. સ્પેનના સામ્રાજ્યમાં કેનેરી ટાપુઓ, રિયો ડી ઓરો, રિયો મુની તથા સ્પૅનિશ મોરોક્કોનો સમાવેશ થયો.

સામ્રાજ્યવાદી હરીફાઈમાં ઝંપલાવવામાં જપાન તથા રશિયા બાકાત રહ્યાં નહીં. જપાને ચીનના ભોગે ફૉર્મોસા તથા રયકુ ટાપુઓ મેળવ્યા. ૧૯૦૫માં રશિયાને હરાવીને તેણે પૉર્ટ આર્થર,

લિયોતુંગ દ્વીપકલ્પ, સખાલીનનો દક્ષિણ ભાગ તથા દક્ષિણ મંચુરિયા ઉપર કબજો મેળવ્યો. ૧૯૧૦માં કોરિયા તેની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાનું ભોગ બન્યું. દરમિયાન ઈરાન, મંચુરિયા તથા મોંગોલિયા ઉપર રશિયાની પ્રદેશભૂખના ઓળા પથરાયા.

કોઈ પણ એક યુરોપીય દેશના સામ્રાજ્યવાદનો ભોગ ન બનનાર ચીનની દશા બીજાં સંસ્થાનો-ની સરખામણીમાં જરાયે સારી ન હતી. લગભગ બધા જ યુરોપીય દેશોએ ચીનના જુદા જુદા પ્રદેશોમાં પોતાનાં વગવર્તુળો સ્થાપ્યાં અને તે સર્વમાં તેમની સત્તા અબાધિત બની. વધુમાં ચીનના કોઈ કાયદાકાનૂન આ સામ્રાજ્યવાદી દેશોના નાગરિકોને લાગુ પાડી શકાય નહીં એમ ચીન પાસે કબુલાવીને આ દેશોએ ચીનની સરકારની રહીસહી સત્તા પણ આંચકી લીધી. પોતાના દેશમાં પોતાની હકૂમત ન ચાલે એવી દયાજનક સ્થિતિમાં ચીનની સરકારને મુકાવું પડયું. સંસ્થાન ન હોવા છતાં ચીન સંસ્થાનના દરજ્જામાં મુકાયું.

બળવાન બનેલી સામ્રાજ્યવાદી વિસ્તારભૂખમાંથી અમેરિકા પણ બાકાત રહ્યું નહીં. ૧૮૯૯માં સ્પેન સાથેની સફળ લડાઈ પછી અમેરિકાએ ફિલિપિન્સ મેળવ્યું અને ત્યાર પછી ઉત્તરોત્તર પોર્ટો રીકો, (પનામા) નહેર વિસ્તાર અને કેરીબિયનમાં પોતાની સત્તા જમાવી. દક્ષિણ અમેરિકા ઉપરની તેની આર્થિક ભીંસ વધી અને ડોમિનિકન પ્રજાસત્તાક, નિકારાગુઆ અને હાયટીમાં તેણે સફળ હસ્ત-ક્ષેપ કર્યો. ચીન અંગે 'ખુલ્લાંદ્વાર'ની નીતિ અપનાવીને અમેરિકા અન્ય સામ્રાજ્યવાદી દેશોની હરોળમાં રહ્યું. ચીન ઉપર પ્રભાવક સ્થાન ભોગવનાર દેશોમાં જપાન અગ્રેસર રહ્યું. ૧૮૯૫માં તેણે ચીનને હરાવ્યું અને ત્યાર પછી યુરોપીય રાજ્યોને શરમાવે તેવી નિર્લજ્જ સામ્રાજ્યવાદી નીતિ અપનાવી.

૧૮૭૦–૧૯૧૪ના યુગની વિસ્તારવાદી નીતિના પરિણામે જે સામ્રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં તેના લીધે દુનિયાનો અડધો અડધ પ્રદેશ અને માનવજાતિનો ત્રીજો ભાગ સામ્રાજ્યવાદની એડી નીચે આવ્યો. સંસ્થાનોની કુલ વસ્તી યુરોપીય વસ્તીથી બમણી હતી અને તેનો પ્રદેશ યુરોપીય પ્રદેશથી વીસગણો મોટો હતો!

સામ્રાજ્યવાદને પડકાર

ત્રીજી દુનિયાનો ઉદય

૧૯૧૪–૧૯૧૮નું પ્રથમ વિશ્વયુદ્ધ સામ્રાજ્યવાદી સ્પર્ધાનું પરિણામ હતું — પણ સામ્રાજ્ય-વાદને માટે તે વિઘાતક પુરવાર થયું. ગોરાં રાષ્ટ્રોનો અંદર અંદરનો વિખવાદ યુદ્ધમાં છતો થયો અને તે સૌને સાધનસંપત્તિનો વિનાશ તથા માનવસંહાર સહન કરવો પડયો. અજેય અને સર્વ-સત્તાધીશ ગણાતા યુરોપની કીર્તિને આ યુદ્ધે ઝાંખપ લગાડી. યુરોપનો આત્મવિશ્વાસ ડગી ગયો. તેની નિર્બળતા ખુલ્લી પડી અને સામ્રાજ્યવાદના પાયા ઢીલા થયા. સ્પેન્ગ્લરનો 'પશ્ચિમની પડતી'-નો ખ્યાલ જર્મની ઉપરાંત સમગ્ર યુરોપને લાગુ પડતો જણાયો.

સૈદ્ધાન્તિક દૃષ્ટિએ પ્રથમ વિશ્વયુદ્ધ લોકશાહીનો પુરસ્કાર કરવા તથા યુદ્ધને હમેશના માટે તિલાંજલિ આપવા લડાયું હતું. રાષ્ટ્રીય આત્મનિર્ણયનો સિદ્ધાન્ત તેમાં મોખરે રહ્યો હતો. જોકે તેને કાર્યાન્વિત કરવામાં મુખ્યત્વે યુરોપના દેશોને જ ખ્યાલમાં રાખવામાં આવ્યા હતા. સંસ્થાનોનાં

સ્વાતંત્ર્ય કે રાષ્ટ્રવાદને ગણનામાં લેવાનો દિવસ હજી દૂર હતો. રાષ્ટ્રસંઘના બંધારણમાં સંસ્થાનોને સ્વાતંત્ર્ય બક્ષવાની કે સમાન ભૂમિકા ઉપર મૂકવાની કોઈ દરખાસ્ત ન હતી. પરંતુ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમીના પૂર્વાર્ધની વચ્ચે મોટો તફાવત હતો, અને તેનાં ઘણાં કારણો હતાં.

વીસમી સદીની શરૂઆતથી અને વિશેષ કરીને પ્રથમ વિશ્વયુદ્ધ પછી એશિયાઈ-આફ્રિકી રાષ્ટ્રોમાં નવા પ્રાણનો સંચાર થયો. મોરોક્કોથી પશ્ચિમ એશિયા અને ચીન સુધીના મુલકોમાં રાષ્ટ્રવાદનો નવો પવન ફૂંકાયો. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચેનો સમય સામ્રાજ્યવાદ માટે કપરો હતો. ઊગતા રાષ્ટ્રવાદને છૂટછાટો આપ્યા સિવાય તે ટકી શકે તેમ ન હતો. મોરોક્કો, ઇજિપ્ત, સીરિયા, તુર્કી, ઈરાન, અફઘાનિસ્તાન, ચીન, ભારત તેમ જ બ્રહ્મદેશ, ઇન્ડોનેશિયા, લંકા — બધે જ રાષ્ટ્રવાદી ચળવળો પ્રબળ બની. ૧૯૨૯–૩૦ની આર્થિક મંદીને કારણે સામ્રાજ્યવાદનાં વિરોધી બળોને ઉત્તેજન મળ્યું અને રાષ્ટ્રવાદ પ્રબળ બન્યો. ૧૯૧૭ની રૂસી ક્રાન્તિએ પણ પ્રબળ બનતા રાષ્ટ્રવાદને વેગ આપ્યો.

સામ્રાજ્યવાદ માટેની સૌથી ગંભીર કટોકટી બીજા વિશ્વયુદ્ધને કારણે ઊભી થઈ. એશિયા-આફ્રિકામાં પથરાયેલા સામ્રાજ્યવાદને આ યુદ્ધે મરણતોલ ફટકો માર્યો, જેમાંથી તે કદી ઊગરી શકે તેમ ન હતો. આ યુદ્ધને કારણે સંસ્થાનવાદ પ્રત્યે ઉગ્ર રોષ અને તિરસ્કારની લાગણી જન્મી. એશિયા અને પાસિફિકમાં જપાને મેળવેલા વિજયોના લીધે તેમ જ સિંગાપોર, બ્રહ્મદેશ અને હિન્દી-ચીનના નામોશીભર્યા પતનના કારણે સામ્રાજ્યવાદના સામર્થ્ય અને સત્તાની ગુલબાંગો પોકળ અને અર્થહીન બની. અગ્નિ એશિયામાં જપાનના આધિપત્યની સ્થાપના અને તેના વિસર્જન વચ્ચેનો ગાળો આ દેશોની સ્વાયત્તતા માટે જુદો જ અનુભવ હતો, જે તેઓ ભૂલી શકે તેમ નહોતાં. ભારતમાં કૉંગ્રેસની 'હિન્દ છોડો' ચળવળ એશિયામાં બની રહેલા આ બનાવોનો જ પડઘો પાડતી હતી.

બીજા વિશ્વયુદ્ધને કારણે સામ્રાજ્યવાદી દેશો બેહાલ બન્યા અને કેટલાકનું સ્વતંત્ર અસ્તિત્વ જ થોડા વખત માટે ભૂંસાઈ ગયું. હૉલેન્ડ અને ફ્રાન્સ હિટલર સામે ટકી શકયાં નહીં. ઇંગ્લાંડને તેની સ્વતંત્ર હસ્તી ટકાવી રાખવા માટે ભારે કિંમત ચૂકવવી પડી. વિજયી બનેલાં મિત્રરાજ્યો વચ્ચે સામ્રાજ્યવાદ વિશે કોઈ સુસંગત વિચાર કે યોજના ન હતાં. ફ્રાન્સ, બ્રિટન તથા હૉલેન્ડ તેમનાં સામ્રાજ્ય ટકાવી રાખવા ઇચ્છતાં હતાં, પણ તેમની નીતિરીતિમાં ફરક હતો. રશિયાનું વલણ પ્રથમથી જ સામ્રાજ્યવાદ-વિરોધી હતું, જ્યારે અમેરિકા સંસ્થાનો પ્રત્યે ઉદાર વલણ અપનાવવાની તરફેણમાં હોવા છતાં તે અંગે આગ્રહી વલણ અપનાવી શકયું નહીં. આમ છતાં ૧૯૪૫માં શરૂ કરવામાં આવેલ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ખતપત્રમાં સામ્રાજ્યવાદ સામે ઊભા થયેલા પ્રચંડ અભિપ્રાયનો પડઘો પડયો.

ખતપત્રના પ્રાસ્તાવિકમાં 'નાનાંમોટાં રાષ્ટ્રોના સમાન અધિકાર'નો નિર્દેશ કરવામાં આવ્યો. 'બધા લોકોની આર્થિક, સામાજિક પ્રગતિને પ્રોત્સાહન આપવાનો' ઉલ્લેખ પણ તેમાં થયો. છેલ્લે, 'જાતિ, ભાષા, ધર્મ કે વર્ણના ભેદભાવ સિવાય સર્વના માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યને ઉત્તેજન આપવાનો' સિદ્ધાન્ત પણ સ્વીકારવામાં આવ્યો. આ ઉપરાંત ખતપત્રની પપમી કલમમાં કહેવામાં આવ્યું કે (૧) આર્થિક-સામાજિક પ્રગતિ તથા વિકાસ, (૨) સહકાર દ્વારા પ્રશ્નોનો ઉકેલ તથા (૩) ભેદભાવ સિવાય સૌ કોઈના અધિકારના રક્ષણની દિશામાં રાષ્ટ્રસંસ્થા સક્રિય રહેશે.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ખતપત્રનાં ઓગણીસ પ્રકરણોમાંથી ત્રણ સંસ્થાનવાદ તથા પરતંત્ર લોકોને લગતાં રાખવામાં આવ્યાં તે આ અંગે સંસ્થાની જવાબદારી અને તેની અગત્યનાં દ્યોતક છે. પ્રકરણ બારમું તથા તેરમું વાલી સમિતિ તથા વાલીપણા અંગે રાખવામાં આવ્યાં. અગિયારમું પ્રકરણ પરતંત્રતા ભોગવતા પ્રદેશોના વિકાસ તથા હિત માટેની સંસ્થાની જાગૃતિ દર્શાવે છે. ટૂંકમાં, રાષ્ટ્રસંઘમાં માત્ર યુરોપ પૂરતો મર્યાદિત રહેલો આત્મનિર્ણયનો સિદ્ધાન્ત સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ખતપત્રમાં સૌ કોઈ માટે ખુલ્લો થયો.

૧૯૪૫થી ૧૯૫૦ના ગાળામાં ભારત, પાકિસ્તાન, સિલોન, બર્મા, ફિલિપિન્સ, ઈન્ડોનેશિયા જૉર્ડન, સીરિયા, લેબેનોન તથા ઇઝરાયલ સ્વતંત્ર હસ્તી ધરાવતાં થયાં. ૧૯૫૪માં હિન્દી-ચીનનાં ચારેય રાજ્યો — કમ્બોડિયા, લાઓસ તથા ઉત્તર તેમ જ દક્ષિણ વિયેટનામ — સ્વતંત્ર બન્યાં. ૧૯૫૭માં મલાયા તથા ઘાના સ્વાતંત્ર્યના ઉંબર વટી ગયાં. આફ્રિકાના ભાગલા પાડવા માટે ૧૮૮૪માં બર્લિન પરિષદ મળી હતી. પોણી સદી પછી, એટલે કે ૧૯૫૮માં, સ્વતંત્ર ઘાનાએ સમગ્ર આફ્રિકાના લોકોની પરિષદ બોલાવી. પશ્ચિમના આધિપત્યના દિવસો આથમી ગયાનો આથી મોટો પુરાવો બીજો શો હોઈ શકે? એકંદરે જોતાં ૧૯૪૫થી ૧૯૫૫નો દસકો એશિયાઈ સ્વાતંત્ર્યસિદ્ધિનો હતો, તો ૧૯૫૫ પછીના દસકામાં આફ્રિકાનાં મોટા ભાગનાં રાષ્ટ્રોએ સ્વાતંત્ર્યનો ધ્વજ લહેરાવ્યો.

૧૯૪૫માં આફ્રિકાનાં માત્ર ચાર જ રાષ્ટ્રો — ઈજિપ્ત, લાઈબીરિયા, ઑબિસીનિયા તથા દક્ષિણ આફ્રિકા — સ્વતંત્ર હતાં. ૧૯૬૫–૬૬ સુધીમાં બેએક અપવાદ સિવાય સમગ્ર આફ્રિકાને સ્વાતંત્ર્યપ્રાપ્તિ થઈ. ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સભ્યસંખ્યા એકાવનની હતી તે ૧૯૭૨–૭૩માં ૧૩૬ની થઈ. આમ એકંદરે ૮૫ જેટલા દેશોએ છેલ્લા ત્રણ દાયકામાં સ્વતંત્ર બનીને સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં પ્રવેશ મેળવ્યો છે. આમાંનાં મોટા ભાગનાં રાજ્યો એશિયા તથા આફ્રિકાનાં સંસ્થાનો હતાં. સ્વાતંત્ર્યપ્રાપ્તિની આ કૂચકદમમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનો ફાળો નજીવો નથી. ૧૯૬૦ના ડિસેમ્બરની ૧૪મી તારીખે તેની સામાન્ય સભાએ સંસ્થાનોને સ્વાતંત્ર્ય આપવાની ઘોષણા કરતો ઠરાવ મોટી બહુમતીથી પસાર કર્યો હતો. તાજા સ્વતંત્ર થયેલા દેશોનો અવાજ જેમ જેમ રાષ્ટ્રસંસ્થામાં સંભળાતો ગયો તેમ તેમ તે આ અંગે પ્રગતિશીલ વિચારો અને લોકઅભિપ્રાયનું વાહન બની અને સામ્રાજ્યવાદી દેશો ઉપર દબાણ લાવી શકી.

આમ સામ્રાજ્યવાદના યુગનો અંત આવ્યો અને નવાં સ્વતંત્ર રાષ્ટ્રોનાં પગરણ થયાં. સામ્રાજ્યવાદના દિવસો આથમ્યાને હજી થોડો વખત જ થયો છે. પશ્ચિમના સ્વામિત્વના આ દિવસોનું મૂલ્યાંકન કરવામાં બન્ને પક્ષે અતિશયોક્તિનો ભય રહે છે. સંસ્થાનો મેળવવામાં પોતાના માલ-સામાન માટે બજાર તથા કાચો માલ સોંઘા મૂલે મેળવવાની સામ્રાજ્યવાદી દેશોની વૃત્તિની કોઈ ના પાડી શકે તેમ નથી, સંસ્થાનોનું વ્યવસ્થિત રીતે થયેલું શોષણ એ પણ એટલી જ નિર્વિવાદ હકીકત છે. પશ્ચિમના દેશો સમર્થ હતા તેથી તે બધી વાતે ઉત્કૃષ્ટ હતા એ જાતનો પશ્ચિમનો પ્રચાર પણ આજે કોઈ સ્વીકારી શકે તેમ નથી. પૂર્વની સભ્યતા અને સંસ્કૃતિને પશ્ચિમની ભેટ ગણાવવી તે પણ એટલું જ ગેરવાજબી છે. સંસ્કૃતિના ફેલાવા માટે સામ્રાજ્યવાદ એક સાધન માત્ર હતું એ માન્યતા પણ ટકી શકે તેમ નથી.

આમ છતાં, સામ્રાજ્યવાદ દ્વારા દુનિયાના જુદા જુદા અને દૂર દૂરના પ્રદેશો યુરોપીય સંસ્કૃતિ, શિક્ષણ અને ઔદ્યોગિક સભ્યતાના સંસર્ગમાં આવ્યા. અઢારમી અને ઓગણીસમી સદીમાં યુરોપમાં જે ઝડપી વિકાસ થઈ રહ્યો હતો તેનાં આંતરિક નહીં તો બાહ્ય ઉપકરણોનો ફેલાવો હવે શક્ય અને સરળ બન્યો. રેલવે, તાર, ટપાલ, બૅંક, યુરોપીય શિક્ષણ વગેરેનો ફેલાવો થયો તે સંસ્થાનોના હિત ખાતર કરવામાં આવ્યો તેમ ન હતું. સામ્રાજ્યવાદી સત્તાઓને પોતાના લાભ ખાતર, પોતાની હસ્તી ટકાવી રાખવા માટે આ સર્વ જરૂરી હતાં. આ સર્વનો આડકતરો લાભ સંસ્થાનોને મળ્યો. યુરોપીય રાજ્યવહીવટનો ફેલાવો થતાં સંસ્થાનોના વહીવટમાં સૌને માટે સમાન વ્યવહારનાં પગરણ થયાં, જેને પરિણામે નિકૃષ્ટમાં નિકૃષ્ટને પણ સ્થાન મળ્યું. કેટલાંક સામાજિક, ધાર્મિક અને આર્થિક અનિષ્ટો પણ દૂર થયાં. સામાન્ય વ્યક્તિનું ગૌરવ, કુદરત ઉપર મનુષ્યનું સ્વામિત્વ, વ્યાધિનિવારણ તથા સમગ્ર સમાજના હિતમાં માનવસમાજને વ્યવસ્થિત કરવાની આવડત — આ બધું પશ્ચિમ દ્વારા સુલભ બન્યું. આજના માનવજીવનમાં જો દુનિયાની સંસ્કૃતિ જેવું ઠીક પ્રમાણમાં વિકસ્યું હોય તો તેની શરૂઆત સામ્રાજ્યવાદના બે સદીના પ્રસારને આભારી છે.

પરંતુ સ્વશાસનનું સ્થાન સુશાસન લઈ શકતું નથી. પશ્ચિમ સાથેના સંપર્કને લીધે જાગૃતિ આવી અને સ્વાતંત્ર્ય માટેની ભૂખ ઊભી થઈ. પશ્ચિમના વિચારોના રંગે રંગાયેલો અગ્રવર્ગ નવા રાષ્ટ્રવાદનો સેનાની બન્યો. ઉપરછલ્લી દૃષ્ટિએ અપરિવર્તનશીલ રહેલાં સંસ્થાનો ધીમે પણ ચોક્કસ રીતે બદલાઈ રહ્યાં હતાં. નાણાકીય અર્થતંત્ર, નવી હલચલ, સરકારની ભૂમિકાએ થઈ રહેલા નવા પ્રયોગોમાંથી સમાજનું અને રાષ્ટ્રનું નવું વ્યક્તિત્વ વિકસી રહ્યું હતું. સંસ્થાનવાદ વિશે અભિપ્રાય આપતાં લૂથી જણાવે છે : 'યુરોપે સાધેલું દુનિયાનું સંસ્થાનીકરણ નર્યા ગુનાઓની કે માત્ર ફાયદા-ઓની હારમાળા ન હતી. તે ખરેખર તો નવી દુનિયાનો જન્મ હતો. પહેલાંનાં સંસ્થાનોના કોઈ લોકો તેને ઉપકારવશ થઈને યાદ કરતા નથી, કારણ કે તે પરદેશી શાસન હતું. પરંતુ ઘડિયાળને પાછી મૂકવા કોઈ ઇચ્છતું નથી એ હકીકત જ સંસ્થાનવાદના ઐતિહાસિક સંદર્ભને યોગ્ય ઠેરવી શકે છે' ('એન્કાઉન્ટર'— નવે. ૧૯૫૭). સંસ્થાનો અને સામ્રાજ્યવાદી દેશો વચ્ચેના સંબંધોમાં એકી સાથે વિરોધી વલણો હતાં. એક તરફ સંસ્થાનો પશ્ચિમના આધિપત્યને તિરસ્કારતાં હતાં, તો બીજી તરફ પશ્ચિમથી પ્રભાવિત થઈને તેનાં કેટલાંક તત્ત્વો પોતાનાં કરવા ઇચ્છતાં હતાં. પૂર્વના રાષ્ટ્રવાદના કાઠામાં પણ આ વિરોધી તત્ત્વો રહેલાં છે. એશિયા અને આફ્રિકાનો રાષ્ટ્રવાદ નકારાત્મક રીતે એક તરફ પશ્ચિમવિરોધી હતો; તો બીજી તરફ વિધેયાત્મક રીતે પશ્ચિમની લશ્કરી પદ્ધતિઓ, રાજકીય સંસ્થાઓ, આર્થિક વ્યવસ્થા અને વૈજ્ઞાનિક-તકનિકી સભ્યતાને અપનાવવાનો જાગ્રત પુરુષાર્થ પણ હતો. આમ થાય તે સ્વાભાવિક હતું; કારણ કે એશિયા-આફ્રિકાનો રાષ્ટ્રવાદ પશ્ચિમ સાથેના સમાગમ પછી ઊભી થયેલી ઘટના હતી. જૂનો, પરંપરાગત સમાગમ છિન્નભિન્ન થતાં તેની જગાએ પશ્ચિમના પ્રદાન તરીકે તેમ જ પશ્ચિમના પડકારની સામે નવો મધ્યમ વર્ગ ઊભો થયો. આ વર્ગ નવા રાષ્ટ્રવાદનો પુરસ્કર્તા, તેનું પ્રતીક તથા તેનો વાહક હતો.

સમાન વારસા સાથે એકમેકની સાથે સંલગ્ન થતા, એકરૂપ થતા લોકસમુદાયની નિષ્ઠાનું સૌથી પ્રબળ અને સર્વોચ્ચ અધિષ્ઠાન રાષ્ટ્ર બન્યું. રાષ્ટ્રના વિકાસમાં ભૂમિની જરૂર છે તેટલી જ કે તેથી વધારે જરૂર ભાવનાની છે; કારણ કે રાષ્ટ્રીય ભાવના જ નવાં સ્વતંત્ર બનેલાં રાજ્યોને

સ્વીકાર્ય બનાવે છે. એશિયા અને આફ્રિકાના રાષ્ટ્રવાદના વિકાસમાં જે નિષ્ઠા ગઈકાલ સુધી જ્ઞાતિ, ધર્મ, જાતિ જેવાં સંકુચિત ક્ષેત્રો પૂરતી મર્યાદિત હતી તે વિશાળ ભૂમિવિસ્તારને આવરી લેતી થઈ. પરંતુ તેથી રાષ્ટ્રભાવનાનો વિકાસ સરળ થયો એમ નથી. બધી જગાએ એકસરખી રાષ્ટ્રીય એકતાનું નિર્માણ વર્તમાન યુગનો એક કૂટપ્રશ્ન છે. એશિયા-આફ્રિકાના લોકો પશ્ચિમના પ્રભાવ નીચે આવ્યા એ એક સમાન ઘટના બાદ કરતાં તેમની ઐતિહાસિક પાર્શ્વભૂમિકા સમાન નથી. સંસ્થાનવાદના સમયમાં તેમનો કેટલો કે કેવો વિકાસ થયો છે તેના ઉપર તેમના ભવિષ્યનો આધાર રહ્યો છે. જે તે સામ્રાજ્યવાદી દેશની નીતિ તેમાં ઘણે અંશે નિર્ણાયક રહી છે. સાધારણ રીતે બ્રિટનને તાબે રહેલા પ્રદેશોમાં સ્વરાજ્યની સંસ્થાઓનો અને નીતિરીતિઓનો વિકાસ થઈ શકયો છે. પરંતુ આવા અપવાદો બાદ કરતાં મોટા ભાગે પ્રજા પછાત રહી છે અને સ્વાતંત્ર્યનાં પગરણ થતાં તે માટેની જરૂરી પૂર્વતૈયારીથી વંચિત રહી છે. ઉદાહરણ તરીકે, ૧૯૫૦ની વસ્તીગણતરી અનુસાર ૯૯ ટકા આફ્રિકી લોકો નિરક્ષર હતા; પોર્ટુગલના તાબે રહેલા મોઝામ્બિકમાં એક જ આફ્રિકાવાસી પાસે યુનિવર્સિટીની ઉપાધિ હતી!

૧૯૪૫ પછીનાં નવોદિત રાષ્ટ્રોમાં એકી સાથે બે પ્રક્રિયાઓ ચાલતી જોવા મળે છે. એક છે રાષ્ટ્રઘડતરની, જે દ્વારા રાષ્ટ્ર લોકનિષ્ઠાનું કેન્દ્ર અને વાહન બને છે તથા લોકમાનસમાં પ્રતિષ્ઠિત થાય છે. આ પ્રક્રિયા દ્વારા સંકુચિતતામાંથી વિશાળતાનો સંદર્ભ પ્રગટે છે. બીજી એટલી જ અગત્યની પ્રક્રિયા એ રાજ્યઘડતરની છે, જેમાં રાજ્યની સંસ્થાઓ તથા સરકાર સમગ્ર રાષ્ટ્રદેહમાં તેનું આધિપત્ય અને પ્રભાવ પ્રસ્થાપિત કરે છે. આ બંને પ્રક્રિયા દ્વારા રાષ્ટ્ર-રાજ્યનું નિર્માણ થાય છે.

નવોદિત રાષ્ટ્રો વિશે એક છાપ એવી છે કે તેઓ રાષ્ટ્ર તરીકે તો કયારનાંય અસ્તિત્વ ધરાવતાં હતાં અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ થતાં રાજ્ય તરીકે સ્વીકારાયાં. આ છાપ પ્રત્યક્ષ વ્યવહારમાં તેમ જ અનુભવની દૃષ્ટિએ સાચી નથી. મોટા ભાગનાં આ રાષ્ટ્રો એક રાષ્ટ્ર તરીકે પૂરો વિકાસ પામ્યાં ન હતાં. તેમનું રાષ્ટ્રત્વ પાંગળું, છીછરું તથા નિર્બળ રહ્યું હતું. બલકે, તેમના રાષ્ટ્રત્વના ઘડતરમાં રાજ્ય પોતે જ મોટો અને અગ્રેસર ભાગ ભજવી રહ્યું છે. રુડોલ્ફ રોકરે તેમના 'નૅશનલિઝમ ઍન્ડ કલ્ચર' એ ગ્રંથમાં કંઈક અતિશયોક્તિપૂર્વક જણાવ્યું છે કે, 'રાષ્ટ્ર એ રાજ્યનું કારણ નહિ પણ પરિણામ છે. રાજ્ય રાષ્ટ્રનું નિર્માણ કરે છે—રાષ્ટ્ર રાજ્યનું નહીં.' રાષ્ટ્રની એકત્વની સાધના દુર્ઘટ છે. તેમાં પણ એશિયા-આફ્રિકામાં રાષ્ટ્રો સામેના પડકારોનો સામનો કરવામાં ઘણી શક્તિ ખરચાય છે. તેમણે બે વિરોધી આકર્ષણો વચ્ચે સમતોલન સાધવાનું છે. એક તરફ તેઓ ઇતિહાસ તથા પરંપરા સાથે સાતત્ય જાળવવા મથે છે, જેથી કરીને તેઓનું સાંસ્કૃતિક-સામાજિક વ્યક્તિત્વ ટકી રહે; તો બીજી તરફ સમયને અનુકૂળ પરિવર્તન સાધીને સમર્થ બનવાની તાલાવેલી પણ એટલી જ તીવ્ર જોવા મળે છે. સામ્રાજ્યવાદી આધિપત્યના સમયમાં તેનો વિરોધ કરવાનું અને તેની સામે લડત આપવાનું કામ કંઈક સરળ હતું તેમ જ તેમાં સૌનો સહકાર મેળવવો પણ મુશ્કેલ ન હતો. પરંતુ આજ તેમનો રાષ્ટ્રવાદ માત્ર નકારાત્મક ભૂમિકા ઉપર ટકી શકે તેમ નથી. તેમની સામેની જવાબદારી અનેકવિધ અને દુષ્કર છે તેની પ્રતીતિ આજે સારા પ્રમાણમાં થઈ રહી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ સાથે લોકજાગૃતિ અનિવાર્ય રીતે સંકળાયેલી છે અને જાગૃતિની સાથે સાથે રાષ્ટ્રીય પ્રશ્નોની જટિલતા પણ વધી છે.

એશિયાઈ-આફ્રિકી રાષ્ટ્રો સામેના પ્રશ્નો ગંભીર બન્યા છે તેનાં ઘણાં કારણો છે. સૌ પ્રથમ તો પશ્ચિમના વિકસિત દેશો સાથે તેમની સરખામણી કરવાનું આજના આંતરરાષ્ટ્રીયતા તરફ વધતા સમાજ માટે સરળ અને અનિવાર્ય બન્યું છે. આવી સરખામણીઓમાં નવોદિત રાષ્ટ્રો ઝાંખાં, પછાત અને અપરિપકવ લાગે તો તેમાં નવાઈ નથી. બીજું, પશ્ચિમના વિકાસ પામેલા દેશોને પ્રગતિ માટે જે લાંબો સમયગાળો મળ્યો છે તે આજે આ રાષ્ટ્રોને મળી શકે તેમ નથી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની સ્પર્ધા બે અસમાન સમૂહો વચ્ચે ચાલી રહી છે અને તેમની વચ્ચેનો તફાવત ઝડપથી વધતો રહ્યો છે. આ તફાવત તેઓ કયારે દૂર કરી શકશે તે આજના યુગની એક મોટી અને ગંભીર સમસ્યા છે. પશ્ચિમના ઊગતા મધ્યમ વર્ગને ઈ. સ. ૧૩૫૦થી ૧૭૫૦ સુધીનો લાંબો સમય મળ્યો હતો. નવાં રાષ્ટ્રોમાંથી કેટલાંકમાં તો આવો વર્ગ હજી હવે ઊભો થઈ રહ્યો છે. બ્રિટનની ઔદ્યોગિક ક્રાન્તિ ગમે તેટલી પ્રભાવક હોવા છતાં સહેજે એક સદીથી લાંબા સમય સુધી ચાલી હતી. વળી આ વર્ષો દરમિયાન લોકજાગૃતિની માત્રા ઓછી હોવાથી ગરીબ અને પછાત વર્ગનું શોષણ કરવામાં તેમને કોઈ અંતરાય આવ્યો ન હતો.

પશ્ચિમના વિકાસ પામેલા દેશોની એ ખુશનસીબી હતી કે તેમની સામેનાં પ્રશ્નો મહદંશે એક પછી એક ઊભા થયા હતા અને તે કારણે તેઓ તેમનો સામનો કંઈક આસાનીથી કરી શકયા હતા. ઉદાહરણ તરીકે, ઈંગ્લાંડે આર્થિક પ્રગતિ સાધી ત્યાર પછી જ તેના રાજકીય વિકાસનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. ઈંગ્લાંડની લોકશાહીનો વિકાસ ધીમી ગતિએ એક સદી (૧૮૩૨થી ૧૯૨૮) સુધી ચાલ્યો હતો. નવોદિત રાષ્ટ્રો સામેના બધા જ પ્રશ્નો — આર્થિક, સામાજિક-સાંસ્કૃતિક, રાજકીય — એકી સાથે ઊભા થયા છે. નવાં રાષ્ટ્રો તેમની ઓછી શક્તિ, અનુભવ અને કાર્યક્ષમતા સાથે એકી સાથે બધા જ મોરચા ઉપર પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે, અને તેમ કરવામાં મુશ્કેલી-ઓ અનુભવી રહ્યા છે. ટૂંકા સમયમાં ઘણા પ્રશ્નોને આટોપી લેવાની જરૂરિયાતના કારણે તેમના પ્રશ્નો દુર્ઘટ અને સંકુલ બન્યા છે. જેને માટે વિકસિત દેશોને સદીઓનો સમય મળ્યો તે આ દેશોને દસકાઓમાં પતાવવાની આવશ્યકતા રહી છે. વળી, આ દેશોમાં આધુનિકીકરણની પ્રક્રિયા ચાલતી હોવાને કારણે સમાજમાં જે ફેરફારો થઈ રહ્યા છે તે વિવિધ પ્રશ્નો ઊભા કરે છે. એ બધાનો ઝડપી અને કાર્યક્ષમ ઉકેલ હમેશાં સરળ હોતો નથી.

સામ્રાજ્યવાદનો સામનો કરવામાં 'આપણે' અને 'તેઓ' વચ્ચેનો સંઘર્ષ હતો. પરંતુ હવે 'આપણે'માં સમાજના બધા સ્તરના લોકોને સમાવવાનો પ્રશ્ન નવાં રાષ્ટ્રો સમક્ષ ઉપસ્થિત થયો છે. કાર્લ માનહાઈમ જણાવે છે તેમ રાષ્ટ્રવાદમાં સમૂળું લોકશાહીકરણ અભિપ્રેત છે. રાજ્ય એ માત્ર શાસક અને શાસિતમાં પરિમિત ન રહેતાં સમગ્ર રાષ્ટ્રનું — લોકસમસ્તનું — વાહન બને છે. રાષ્ટ્રવાદ લોકોની લોકશાહી એષણાઓનું પ્રતીક બને છે.

એશિયા-આફ્રિકાનાં નવાં રાષ્ટ્રો સમક્ષ રાજકીય સ્વાતંત્ર્ય હાંસલ કર્યા પછીનો મોટો સવાલ આર્થિક પ્રગતિનો છે. પશ્ચિમના વિકસિત દેશોની સાથે હરોળમાં ઊભા રહેવાના તેમના મનોરથ તેઓ સહેલાઈથી સિદ્ધ કરી શકે તેમ નથી. વિકસિત દેશો તરફથી મળતી આર્થિક અને ટેકનિકલ સહાય તેમને અમુક અંશે જ મદદરૂપ થઈ શકી છે. તેમનો આર્થિક વિકાસનો દર બેથી અઢી ટકા કરતાં વિશેષ રહેવા પામ્યો નથી, જ્યારે તેમના વસ્તીવધારાનો દર ઓછો નથી. દરમિયાન, વિકસિત દેશો

પોતાનો વિકાસ સાધી રહ્યા છે અને બંને વચ્ચેનો તફાવત વધુ ને વધુ મોટો થતો રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ સૂચવેલા 'વિકાસ દસકા' દરમિયાન આ પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી છે. તેમના અને વિકસિત દેશો વચ્ચેના વેપાર-વાણિજ્યના સંબંધોમાં પણ વિકસિત દેશોએ લાદેલાં નિયંત્રણો અને જકાતનાં ધોરણો તેમને માટે પ્રતિકૂળ રહ્યાં છે. નવાં રાષ્ટ્રો સ્વાવલંબી બને તે માટે ભાગ્યે જ કોઈ વિકસિત રાષ્ટ્રે રસ બતાવ્યો છે. વિકસિત દેશોની આર્થિક દરમિયાનગીરીથી આ રાષ્ટ્રો હજી મુક્ત બન્યાં નથી. પરિણામે સંસ્થાનવાદ નાબૂદ થયા છતાં તે નવા સ્વરૂપે દેખા દેતો બંધ થયો નથી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સંબંધો હજી પણ સંપૂર્ણ રીતે સમાનતાના ધોરણ ઉપર ચાલતા નથી. ગોરા-કાળા વચ્ચેનો ભેદ, વિકસિત-અલ્પવિકસિત વચ્ચેનો તફાવત, ખેતીપ્રધાન અને ઉદ્યોગપ્રધાન દેશો વચ્ચેનું અંતર — આ અને આવા પ્રશ્નો વણઊકલ્યા રહ્યા છે.

ત્રીજી દુનિયાનાં નવાં રાષ્ટ્રોએ લોકશાહી મૂલ્યો અને બંધારણો ઝંખ્યાં હતાં અને કેટલાંકે તેની શરૂઆત પણ કરી હતી. પરંતુ આંતરિક તેમ જ આંતરરાષ્ટ્રીય એમ ઉભય કક્ષાએ ઊભા થયેલા પ્રશ્નોના સંયુક્ત ભારણ તળે તેમનાંમાંનાં ઘણાંએ લોકશાહીને તિલાંજલિ આપી છે.

તેમની વિદેશનીતિની શરૂઆતમાં તેમને અમેરિકા-રશિયા વચ્ચે ચાલેલા ઠંડા યુદ્ધની પરિસ્થિતિનો મુકાબલો કરવો પડ્યો હતો. પૂર્વ અને પશ્ચિમ બંને તરફથી તેમની ઉપર ખેંચાણ હતાં અને તેમાંથી સ્વતંત્ર અને સ્વમાનભર્યો રસ્તો કાઢવા તેમણે બિનજોડાણની નીતિ અપનાવી હતી. આ નીતિના પુરસ્કર્તા જવાહરલાલ નેહરુ હતા. ૧૯૪૫ પછીના આંતરરાષ્ટ્રીય રાજકારણમાં બિનજોડાણની નીતિએ નવો ચીલો પાડ્યો હતો. એ ચીલે ચાલવા માટે મોટા ભાગનાં નવાં રાષ્ટ્રો તૈયાર થયાં તે હકીકત એ નીતિની સાર્થકતા પુરવાર કરે છે. નવાં રાષ્ટ્રોની એષણાઓ અને અરમાનોની અભિવ્યક્તિના સાધન તરીકે આ નીતિ ઠીક પ્રમાણમાં સફળ થઈ છે. આ નીતિએ ઠંડા યુદ્ધની વિફલતા પુરવાર કરી તથા તે તેમના માટે અપ્રસ્તુત હતું તેમ પણ બતાવી આપ્યું. બિનજોડાણની નીતિએ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને બળ પૂરું પાડ્યું તથા પૂર્વ-પશ્ચિમ વચ્ચે અટવાતા પ્રશ્નોને તટસ્થ ભાવે જોવાની તથા મૂલવવાની અતિ ઉપયોગી ભૂમિકા પૂરી પાડી. ઠંડું યુદ્ધ પૂર્વ-પશ્ચિમ વચ્ચે લડાતું હતું અને તેને રાજકીય, લશ્કરી, આર્થિક પરિમાણો હતાં. બે અને માત્ર બે છાવણીઓમાં વહેંચાઈ જતા જગતને આ નીતિએ ત્રીજો રસ્તો બતાવ્યો. નવાં રાષ્ટ્રોના આર્થિક-સામાજિક વિકાસના પ્રશ્નને પ્રાધાન્ય આપવાનો પ્રયાસ કર્યો અને જગતના પ્રશ્નોને પૂર્વ-પશ્ચિમના બની જતા અટકાવીને ઉત્તર-દક્ષિણના, એટલે કે વિકસિત-અવિકસિત દેશો વચ્ચેના, બનાવ્યા. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સભ્યસંખ્યા વધતાં એશિયાઈ-આફ્રિકી જૂથ ઊભું થયું. આ જૂથની શરૂઆત ૧૯૫૫માં બાન્ડુંગ ખાતે મળેલી એશિયાઈ-આફ્રિકી પરિષદથી થઈ અને ઉત્તરોત્તર તેની સભ્યસંખ્યા વધતી રહી. એશિયા, આફ્રિકા તથા દક્ષિણ અમેરિકાના પછાત અને અલ્પવિકસિત દેશોનું એક વિશાળ જૂથ વિકાસ અને આર્થિક સહયોગની ભૂમિકા ઉપર ઊભું થયું છે અને તેમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું માધ્યમ અભિપ્રેત છે. પરંતુ વિકસિત દેશો તરફથી જોઈતો સહકાર મળ્યો નથી. વિકાસ પામેલા દેશો તેમની કુલ રાષ્ટ્રીય આવકના એક ટકા જેટલી રકમ અલ્પવિકસિત દેશોને સહાયરૂપે આપે એવું સૂચન સંયુક્ત રાષ્ટ્રસંસ્થા તરફથી કરવામાં આવ્યું હતું. પરંતુ તે સૂચનનો સંપૂર્ણ અનાદર કરવામાં આવ્યો છે.

સામ્રાજ્યવાદનો લોપ થયો છે અને ગઈ કાલનાં સંસ્થાનોએ સ્વતંત્ર રાષ્ટ્રો તરીકે તેમનું સ્થાન મેળવ્યું છે. પોર્ટુગલની સત્તા નીચે રહેલાં મોઝામ્બિક અને અંગોલા જેવાં સંસ્થાનોને બાદ કરતાં

આજે સામ્રાજ્યવાદનો યુગ આથમી ગયો છે. તેમ છતાં આર્થિક વિકાસની સાધનામાં આ નવાં રાષ્ટ્રો જોઈતી પ્રગતિ સાધી શકયાં નથી.

આજના આંતરરાષ્ટ્રીય રાજકારણનો સૌથી પ્રબળ અને પ્રધાન ઘટક તે રાષ્ટ્ર છે. આજના જીવનની વધતી જતી આંતરરાષ્ટ્રીયતા તથા સામ્યવાદ, સમાજવાદ અને લોકશાહી જેવી સમર્થ વિચાર-સરણીઓ ભલે રાષ્ટ્રની સીમાઓને અતિક્રમી શકતી હોય, પરંતુ લોકનિષ્ઠાના અધિષ્ઠાન તરીકે જેટલી મહત્તા રાષ્ટ્રની છે તેટલી બીજા કશાની નથી. ભૌગોલિક દૃષ્ટિએ રશિયાથી નજીક તથા એક જ વિચારસરણી ધરાવતા પૂર્વ યુરોપના દેશોમાં રાષ્ટ્રવાદની ભાવના કેટલી પ્રબળ છે તેનો દાખલો હંગેરી, પોલેન્ડ તથા ચેકોસ્લોવાકિયાએ પૂરો પાડયો છે. બીજા વિશ્વયુદ્ધ પછીની સૌથી મહત્ત્વની બીનાઓ-માંની એક તે સામ્રાજ્યવાદનો મૃત્યુઘંટ અને રાષ્ટ્રવાદનું ઉત્થાન. માનવજીવનના ઈતિહાસમાં આજે જેટલાં સ્વતંત્ર રાષ્ટ્રો છે તેટલાં આ પહેલાં કદી ન હતાં અને તે સૌ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના સભ્યપદ દ્વારા તેમનો અવાજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉઠાવી શકે છે. પરંતુ તેમની તથા વિકસિત અને સમર્થ દેશો વચ્ચેની સમાનતા ઔપચારિક અને સૈદ્ધાંતિક રહેવા પામી છે. સાચી સમાનતા માટે નવાં રાષ્ટ્રોએ હજી ઘણી લાંબી મજલ કાપવાની છે.

બીજા વિશ્વયુદ્ધ પછીનો સમય તે પહેલાંના સમય કરતાં ઘણી દૃષ્ટિએ જુદો અને અભૂતપૂર્વ ગણાવી શકાય તેવો રહ્યો છે. આ સમયના મુખ્ય પ્રવાહોનું આલેખન કરવું હોય તો કહી શકાય કે —

(૧) સામ્રાજ્યવાદ નામશેષ થતાં તેને સ્થાને એશિયા-આફ્રિકાનાં નવાં રાષ્ટ્રોમાં સ્વાતંત્ર્યનું પગરણ થયું છે.

(૨) અમેરિકા અને રશિયાનો અતિશય સમર્થ સત્તાઓ તરીકેનો ઉદય થયો છે અને તેમની બંને વચ્ચેની સ્પર્ધાના પરિણામે ઠંડું યુદ્ધ લાંબો સમય ચાલ્યું છે.

(૩) વિજ્ઞાન અને યંત્રવિદ્યામાં સધાયેલી અપ્રતિમ પ્રગતિના કારણે દુનિયા નાની બની છે; દેશ-દેશ અને લોકો વચ્ચેનો સંપર્ક ઝડપી અને ઘનિષ્ઠ બન્યો છે અને મનુષ્યનું કુદરત ઉપરનું સ્વામિત્વ ખૂબ આગળ વધ્યું છે.

(૪) વધતી જતી આંતરરાષ્ટ્રીયતાની અભિવ્યક્તિ તરીકે તેમ જ યુદ્ધના અનિષ્ટને દેશવટો દેવા સારુ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી છે, જેની સભ્યસંખ્યા એકાવન(૧૯૪૫)થી વધીને એકસો છત્રીસ (૧૯૭૩) થઈ છે. દુનિયાનાં બધાં જ નાનાં-મોટાં સ્વતંત્ર રાષ્ટ્રો આપવાદ સિવાય તેના સભ્ય છે. અને આ અર્થમાં તે પૂરી આંતરરાષ્ટ્રીય બની છે.

(૫) માહિતી, જ્ઞાન અને પરિવર્તન ઝડપી તથા વ્યાપક બન્યાં છે. દુનિયામાં પહેલી જ વાર અડધાથી વિશેષ લોકો અક્ષરજ્ઞાન ધરાવતા થયા છે. પહેલાં જેટલું જ્ઞાન વધતાં એક સદી થતી તેટલું આજે એક દસકામાં વધતું જોવા મળે છે.

(૬) સ્વાતંત્ર્ય અને માનવ-અધિકારનો વિસ્તાર તથા તે અંગેની સભાનતા વધ્યાં છે. લોકજાગૃતિમાં તથા લોકોની અપેક્ષાઓમાં ભરતીનાં પૂર આવ્યાં છે. વ્યાપક બનેલી માગણીઓને સંતોષ આપવાનું ભગીરથ કાર્ય સમાજ સમક્ષ ઊભું થયું છે.

(૭) છેલ્લે, આણુશસ્ત્રોનો વિકાસ અને ફેલાવો થતાં તથા શસ્ત્રોની સંહારક શક્તિમાં ઉત્તરોત્તર વધારો થતાં યુદ્ધ અને શાન્તિના પ્રશ્નની ગંભીરતા અનેકગણી વધી ગઈ છે. સામૂહિક આપઘાત કે સામૂહિક સહઅસ્તિત્વ સિવાય બીજો કોઈ વિકલ્પ માનવી સમક્ષ રહ્યો નથી.

૧૯૪૫ પછીની દુનિયાને વિવિધ રીતે વર્ણવી શકાય. કોઈકની દૃષ્ટિએ તે 'આણુયુગ' છે, તો બીજાની દૃષ્ટિએ તે 'જેટનો જમાનો' છે. 'અપેક્ષાઓનો ભરતી-યુગ', 'સામાન્ય માનવીનો યુગ,' 'સામૂહિક રાજકારણનો યુગ' કે 'અવકાશનો યુગ'—આ અને આવાં વર્ણનોને કોઈ ને કોઈ દૃષ્ટિએ ન્યાય્ય ઠેરવી શકાય.

૧૯૪૫થી આજ દિન સુધીનાં વર્ષોનું કોઈ એક પ્રધાન લક્ષણ ગણાવવાનું હોય તો તે ઠંડા યુદ્ધમાંથી પરસ્પર સહઅસ્તિત્વ અને સહકાર તરફનું પ્રયાણ હતું. ૧૯૪૫ પછી તુરતનાં જ વર્ષોમાં જે સંઘર્ષ, તંગદિલી તથા તનાવની સ્થિતિ હતી તેના પ્રમાણમાં આજનું વાતાવરણ કંઈક હળવું તથા શાન્તિમય જણાય છે. આજની પરિસ્થિતિએ પહોંચતાં પહેલાં દુનિયાને ઘણી વિષમતાઓ અને કટોકટીઓમાંથી પસાર થવું પડયું.

આ કટોકટીઓની શરૂઆત ૧૯૪૭થી થઈ. એની પૂર્વભૂમિકા યુદ્ધ પછીનાં વર્ષોનું દ્વિધ્રુવી રાજકારણ છે, રશિયા અને અમેરિકા વચ્ચેની સ્પર્ધા અને વિસંવાદ આંતરરાષ્ટ્રીય રાજકારણના પ્રત્યેક સ્તર અને ક્ષેત્રમાં પ્રસર્યા અને એમણે દુનિયાને બે લશ્કરી છાવણીઓમાં વહેંચી દીધી. આ પરિસ્થિતિનો જોટો માનવજીવનના ઇતિહાસમાં પૂર્વે કોઈ વખત જોવા મળ્યો નથી. એથેન્સ અને સ્પાર્ટા કે રોમ અને કાર્થેજના સંઘર્ષો આ પરિસ્થિતિની સરખામણીમાં મર્યાદિત લઘુયુદ્ધો જેવા લાગે છે. ૧૯૪૭થી ૧૯૫૦નાં વર્ષો દરમિયાન દ્વિધ્રુવી રાજકારણના ઢાંચાએ દૃઢ સ્વરૂપ લીધું, બન્ને મહાન સત્તાઓ એકમેકની સામે કટિબદ્ધ થઈ, અને હવે પછીનાં વર્ષો માટેની પૂર્વતૈયારીઓ થઈ છે. ટ્રુમૅન સિદ્ધાન્ત, માર્શલ યોજના, ચેકોસ્લોવાકિયામાં સામ્યવાદી સરકારનું સત્તાગ્રહણ, ઉત્તર આટલાન્ટિક લશ્કરી કરાર તથા ઉત્તર-દક્ષિણ અમેરિકાનાં રાજ્યો વચ્ચેના લશ્કરી કરારો આ વર્ષોનાં અગત્યનાં સીમાચિહ્નો હતાં. દુરાગ્રહનાં અને પરસ્પરના ઉગ્ર સામનાની પૂર્વતૈયારીઓનાં આ વર્ષો પછીનો તબક્કો ૧૯૫૦થી ૧૯૫૪ સુધી ચાલ્યો છે. કોરિયાનું યુદ્ધ ઠંડા યુદ્ધ તેમ જ દ્વિધ્રુવી રાજકારણની પરાકાષ્ઠાનું સૂચક હતું. દરમિયાન બીજા બે અગત્યના બનાવો દ્વિધ્રુવી રાજકારણને એક ડગલું આગળ લઈ ગયા. ૧૯૪૯ના ઑકટોબરમાં ચીનમાં સામ્યવાદી શાસનની શરૂઆત થઈ, તો બીજી તરફ રશિયાએ તેનો પ્રથમ આણુબૉમ્બ ૧૯૪૯ના સપ્ટેમ્બરમાં ફોડયો હતો. આમ, ચીનના સહારે તથા વધેલી લશ્કરી તાકાતના જોરે રશિયાનું વલણ બિનસમાધાનકારી બન્યું. અમેરિકાએ ફિલિપિન્સ (૧૯૫૫), ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ (૧૯૫૧), જપાન (૧૯૫૩), દક્ષિણ કોરિયા (૧૯૫૩), રાષ્ટ્રવાદી ચીન (૧૯૫૪) તથા પાકિસ્તાન (૧૯૫૪) સાથે લશ્કરી કરારો કરીને દ્વિધ્રુવી રાજકારણને પરસ્પરના લશ્કરી સામનામાં પલટી નાખ્યું. રશિયાએ ચીન સાથે પરસ્પર સહકારના કરાર કર્યા તથા પૂર્વ યુરોપમાં તેની સ્થિતિને મજબૂત કરી. કોરિયાની માફક હિન્દી-ચીનમાં રાષ્ટ્રવાદી લશ્કરો સાથે ફ્રાન્સનાં દળો છેવટના મુકાબલા માટેની લડાઈમાં સંડોવાયાં. ઠંડું યુદ્ધ તથા દ્વિધ્રુવી રાજકારણ તેની સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યું.

૧૯૫૪માં કોરિયાનું તથા હિન્દી-ચીનનું યુદ્ધ સમાપ્ત થયું અને જીનિવામાં શાન્તિ પરિષદ મળી. ૧૯૫૫માં રશિયા, અમેરિકા, બ્રિટન તથા ફ્રાન્સના વડાઓની એક પરિષદ જીનિવામાં મળી.

આ બનાવોથી વાતાવરણ હળવું થયું, તંગદિલી ઘટી અને દ્વિધ્રુવી રાજકારણમાં પરિવર્તનની શરૂઆત થઈ. સ્વાતંત્ર્યપ્રાપ્ત નવાં રાષ્ટ્રોની સંખ્યા હવે વધી હતી અને તેઓ બિનજોડાણની નીતિને વરેલાં હતાં. આ રાષ્ટ્રો હવે સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં જોડાયાં અને તેમનો નિર્બળ પણ સ્વતંત્ર અવાજ રજૂ કરતાં થયાં. ૧૯૫૫ની બાન્ડુંગ પરિષદે એશિયાઈ-આફ્રિકી જૂથને જન્મ આપ્યો અને તેનાથી નાનાં રાષ્ટ્રોને બળ મળ્યું. મહાન સત્તાઓની અપરિમિત સત્તા સામે આ રીતે નવાં પરિબળો કામ કરતાં થયાં. ૧૯૫૬ની સુએઝની કટોકટીએ પશ્ચિમના જૂથને વિભાજિત કર્યું, તો હંગેરી-પોલેન્ડના રાષ્ટ્રીય બળવાઓએ રશિયાના આધિપત્યને પડકાર્યું. સામ્યવાદી દેશો ઉપરનું રશિયાનું એકહથ્થુ શાસન હવે તૂટવા લાગ્યું હતું. હવે તેમાં ચીનનો અને પાછળથી આલ્બેનિયાનો ઉમેરો થયો. પશ્ચિમના દેશોમાં ફ્રાન્સે અમેરિકાના પ્રભુત્વ સામે પડકાર ફેંકયો. આમ, બન્ને મહાન સત્તાઓને પોતપોતાના સમૂહમાં વિસંવાદનો અનુભવ થવા લાગ્યો. સત્તા ઉપર આવ્યા પછી ખ્રુશ્ચૉફે ૧૯૫૮માં રશિયાની નવી વિદેશનીતિમાં સમાધાનકારી, હળવું વલણ અપનાવ્યું અને સ્પર્ધાત્મક સહઅસ્તિત્વનો પુરસ્કાર કર્યો.

રશિયાએ ૧૯૫૪માં હાઇડ્રોજન બૉમ્બનો સફળ અખતરો કર્યો અને ૧૯૫૭માં અવકાશમાં સ્પુટનિક તરતો મૂકયો. આર્થિક તેમ જ યંત્રવિદ્યાના ક્ષેત્રે હજી પણ અમેરિકા રશિયાથી ઘણું આગળ હતું. પરંતુ આણ્વશસ્ત્રોના વિકાસમાં અને લશ્કરી શક્તિમાં તે હવે અમેરિકાની સમકક્ષ થયું. આ પરિસ્થિતિમાં બન્ને મહાન સત્તાઓ વચ્ચેનું યુદ્ધ સર્વનાશમાં પરિણમશે તેની પ્રતીતિ સૌ કોઈને થઈ. ૧૯૬૨માં ક્યૂબાની 'મિસાઈલ કટોકટી' વેળાએ રશિયા અને અમેરિકા આવા યુદ્ધની લગોલગ પહોંચી ગયાં અને છેલ્લી ઘડીના સમાધાન દ્વારા તેઓએ પોતાને તથા વિશ્વને બચાવી લીધાં.

પ્રવર્તમાન વિશ્વ-રાજકારણ

દ્વિધ્રુવી છતાં –

એડલાઈ સ્ટીવન્સન તેમના એક વક્તવ્યમાં જણાવે છે તેમ ૧૯૪૫ પછીનાં વર્ષોમાં કોરિયાના યુદ્ધે વિચારસરણી તથા ઠંડા યુદ્ધની ભૂમિકાએ લડાયેલા યુદ્ધનો દાખલો પૂરો પાડયો, સુએઝ અંગેના યુદ્ધે સંસ્થાનવાદી વિચારસરણીના આધારે લડાયેલા સંગ્રામનો અનુભવ કરાવ્યો, તો છેલ્લે ક્યૂબાની કટોકટીએ આણ્વયુદ્ધ કેવા પ્રકારનું હોઈ શકે તેની ઝાંખી કરાવી. આ ત્રણેય ઘટનાઓએ યુદ્ધની નિરર્થકતા પુરવાર કરી. ૧૯૬૨ પછીનાં વર્ષોમાં ઠંડું યુદ્ધ હળવું બન્યું. દ્વિધ્રુવી રાજકારણમાં પરિવર્તન આવ્યું તથા શાન્તિમય સહઅસ્તિત્વનો વ્યાપક સ્વીકાર થયો. ૧૯૬૨ પછી વૉશિંગ્ટન તથા મૉસ્કો વચ્ચે અસ્ખલિત સંવહન કરતી ટેલિફોન લાઈન નંખાઈ, જે 'હૉટ લાઈન' તરીકે ખ્યાતિ પામી. સરતચૂકથી કે ભૂલથી પણ બન્ને સત્તાઓ યુદ્ધમાં ધકેલાઈ ન જાય તેની તકેદારી રાખવા માટેનો આ ઉપાય હતો. એક વાર 'યુદ્ધ નહીં'ની સ્થિતિ આવ્યા પછી બન્ને દેશો વચ્ચે સહકારની ભૂમિકા વિસ્તૃત થવા લાગી અને આંતરરાષ્ટ્રીય રાજકારણ 'દ્વિધ્રુવી' સ્થિતિમાંથી 'બહુ-કેન્દ્રી' બનવા લાગ્યું. પરંતુ આનો અર્થ એવો ન હતો કે મહાન સત્તાઓની સત્તાનું વિસર્જન થયું હતું. ૧૯૬૨ની કટોકટી પછી તેમની લશ્કરી તાકાતમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો.

લશ્કરી દૃષ્ટિએ આજે પણ આ બન્ને સત્તાઓનાં સામર્થ્યની નજીક કોઈ આવી શકે તેમ નથી. પરિવર્તન થયું હોય તો એટલું જ કે તેમની બન્નેની વચ્ચે વિગ્રહની શક્યતા નહીંવત્ છે; જોકે તેમની વચ્ચેની સ્પર્ધા દૂર થઈ નથી. લશ્કરી દૃષ્ટિએ આજે પણ દુનિયા દ્વિધ્રુવી છે. તે બહુ-કેન્દ્રીય બની હોય તો રાજકીય દૃષ્ટિએ મુત્સદ્દીગીરીના ક્ષેત્રે અને આંતરરાષ્ટ્રીય સંબંધોની ભૂમિકાએ.

૧૯૬૩માં કરવામાં આવેલી આણ્વિક અખતરાબંધીની સંધિ તથા ત્યાર બાદ આણ્વિ-બિનપ્રસરણની સંધિ બન્ને મહાન સત્તાઓ વચ્ચે વધતા જતા સહકારની દ્યોતક હોવા સાથે તેમના પ્રભાવની પણ સાબિતી પૂરી પાડતી હતી. ચીન તથા ફ્રાન્સ જેવાં રાજ્યોએ આ બન્ને સંધિઓને ઉવેખી છે અને પાંચ આણ્વિસત્તાઓમાં પોતાનું સ્થાન મેળવી લીધું છે. ભારત પહેલી સંધિમાં જોડાયું છે, પરંતુ બીજી સંધિમાં સહી કરવાની તેણે નાપસંદગી બતાવી છે. આવા અપવાદો બાદ કરતાં મોટા ભાગનાં રાજ્યો આ સંધિમાં જોડાયાં છે. નવી આણ્વિસત્તાઓ અસ્તિત્વમાં ન આવે તે બીજી સંધિનો મુખ્ય હેતુ છે; પરંતુ આણ્વિસત્તાઓ તો પોતે પોતાના સંરક્ષણમાં યથેચ્છ વધારો કરી શકે છે. આ પ્રકારની દેખીતી અસમાનતાનો બીજાં રાજ્યો પાસે સ્વીકાર કરાવવાની મહાન સત્તાઓની નીતિ તેમાં જોઈ શકાય છે.

અમેરિકા અને રશિયા વચ્ચે મર્યાદિત સમજૂતી, વધતો જતો સહકાર અને 'પરસ્પર યુદ્ધ નહીં'ની સ્થિતિના કારણે તેઓ બન્ને દુનિયાના રાજકારણ ઉપર સંયુક્ત શાસન ચલાવવા શક્તિમાન બન્યાં છે. દુનિયાના કોઈ પણ ભાગમાં યુદ્ધ કે યુદ્ધના જેવી પરિસ્થિતિ થતાં તેઓની દરમિયાન-ગીરી અનિવાર્ય રીતે થતી જોવા મળે છે અને વણસતી પરિસ્થિતિના ઉકેલની નહીં તો તેને મર્યાદિત કરવાની પદ્ધતિ અપનાવાય છે. આ પ્રકારની નીતિ પ્રાદેશિક સત્તાઓને કે નાનાં રાજ્યોને હમેશાં આવકારદાયક જણાતી નથી. તેમ છતાં તેમની ઉપર શસ્ત્રો માટે આધાર રાખતી અને બીજી રીતે નિર્બળ ગણાતી સત્તાઓ માટે પોતાની સ્વાયત્ત નીતિ અનુસરવાનું અશક્ય નહીં તો મુશ્કેલ બન્યું. તાજેતરનું આરબ-ઇઝરાયલ યુદ્ધ કે ભારત-પાક સંઘર્ષ (૧૯૬૫) આના દાખલા છે. સમગ્ર દુનિયાની શાન્તિ કે રક્ષણ માટે એકાકી જવાબદારી લેવાની અમેરિકાની નીતિ વિયેટનામ યુદ્ધ પછી ત્યજી દેવામાં આવી છે તે નિર્વિવાદ છે.

પ્રવર્તમાન રાજકારણના મુખ્ય પ્રવાહોને અંકિત કરવા હોય તો તે નીચે પ્રમાણે વર્ણવી શકાય :

(૧) રશિયા અને અમેરિકા વચ્ચે સહકાર વધી રહ્યો છે. બન્ને વચ્ચે મૂળભૂત બાબતો અંગે સમાન દૃષ્ટિ અને સાધારણ રીતે સમાન નીતિનો જન્મ થયો છે. [જેમ કે, રશિયા અને ભારત વચ્ચે વધતા સહચાર સામે અમેરિકાએ વાંધો લીધો નથી. આ પ્રક્રિયા તાશકંદની સંધિ(૧૯૬૬)ના દિવસોથી શરૂ થઈ છે.] બન્ને વચ્ચેના આવા સંબંધો આંતરરાષ્ટ્રીય રાજકારણની મૂળભૂત તરાહ તથા તેનો ઢાંચો નક્કી કરે છે.

(૨) રશિયા-અમેરિકાનું સંયુક્ત પ્રભુત્વ એક મહાન સત્તા બનવાની મુરાદ સેવતું ચીન સહે-લાઈથી બરદાસ્ત કરી શકતું નથી. ૧૯૬૪થી આણ્વિસત્તા બન્યા પછી ચીનની મહત્ત્વાકાંક્ષા વધી છે. ૧૯૫૯–૬૦થી તેની અને રશિયા વચ્ચે ચાલેલો વિખવાદ લોહિયાળ સંઘર્ષમાં પરિણમ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં સ્થાન મેળવ્યા પછી અને આર્થિક-રાજકીય સ્વાયત્તતા હાંસલ કરીને ચીન આવતી કાલની શક્તિશાળી સત્તા બનવા માટે તૈયાર થયું છે. ૧૯૭૧ પછી તેની અને અમેરિકા

વચ્ચે સંબંધોની શરૂઆત થઈ છે. આથી દ્વિધ્રુવી રાજકારણ કાલે રાજકીય ત્રિકોણ બને તેવી સંભાવના છે. જોકે બે મહાન સત્તાઓને આંબવાની શક્તિ ચીન નજીકના ભવિષ્યમાં મેળવી શકે તેમ નથી.

(૩) પશ્ચિમ યુરોપ એક બનીને અગત્યના ઘટક તરીકે તેનો પ્રભાવ વિકસાવી રહ્યું છે. અમેરિકાથી સ્વતંત્ર રીતે રશિયા સાથે સારા સંબંધો બાંધવામાં પણ પશ્ચિમ યુરોપ ઉત્સુક રહ્યું છે. પશ્ચિમ જર્મનીના વિલી બ્રાન્ટે રશિયા, પોલેન્ડ તથા પૂર્વ જર્મની સાથે સારા સંબંધો વિકસાવ્યા છે. પૂર્વ યુરોપના દેશો પણ રશિયા ઉપર ઓછો આધાર રાખવા ઇચ્છે છે; અને અન્ય દેશોય પોતાના સ્વતંત્ર સંબંધો પશ્ચિમ સાથે વિકસાવવા ઇચ્છે છે.

(૪) અદ્‌ભુત આર્થિક વિકાસ (વાર્ષિક ૧૦ ટકાના દરે) સાધીને જપાને એક આર્થિક સત્તા તરીકેનું તેનું સ્થાન મેળવ્યું છે. ચીન સાથે સંબંધો બાંધ્યા છતાં તેણે રશિયા સાથે પણ આર્થિક સહયોગનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં છે.

દ્વિધ્રુવી રાજકારણ દુનિયાને બે વિભાગો કે છાવણીઓમાં વહેંચતું હતું. આજની દુનિયા વધુ સંકુલ બની છે અને તેની સત્તાનાં કેન્દ્રો વધ્યાં છે. રાજકારણ મહાસત્તાઓની ધારણા પ્રમાણે એકહથ્થુ રાહે ચાલે તેવો સમય હવે રહ્યો નથી. આણ્વયુદ્ધની શકયતા નહીંવત્ થતાં ઓછી સત્તા ધરાવતાં કેન્દ્રો પણ એક પ્રકારની સ્વાયત્તતા અનુભવતાં થયાં છે. પ્રાદેશિક ધોરણે કે રાષ્ટ્રીય કક્ષાએ થોડી છૂટ લેવાની મનોવૃત્તિને ઉત્તેજન મળ્યું છે. પણ રાજકારણની મૂળભૂત ભાત ઉપર મહાન સત્તાઓની નજર છે, તેમની દેખરેખ અને સંભાળ છે.

વિજ્ઞાન અને યંત્રવિદ્યાના અદ્‌ભુત વિકાસમાં આજે આ બન્ને મહાન સત્તાઓ એકમેકની સમકક્ષ અને એકમેકનો સહયોગ સાધવા તૈયાર થઈ છે. બન્ને સાથે બિનજોડાણની નીતિ અનુસરનાર જવાહરલાલ નેહરુને આ બન્ને સત્તાઓના વિકાસ અને ભવિષ્યનો અંદાજ હતો અને તેઓ એકમેકની નજીક આવશે એવી તેમની ભવિષ્યવાણી ઠીક પ્રમાણમાં સાચી પડી છે. આર્થિક અને રાજકીય ક્ષેત્રે ભિન્ન નીતિ અનુસરવા છતાં આ બન્ને પ્રથાઓ એકમેકની વિશિષ્ટતાઓ અપનાવતી દેખાય છે. આમ થવાનું મુખ્ય કારણ વિકાસ અને યંત્રવિદ્યાનો વધતો જતો પ્રભાવ છે. રાજકીય-આર્થિક વિચારસરણીઓની મર્યાદાઓ વિજ્ઞાનને જકડી શકતી નથી. વિજ્ઞાનનો સિદ્ધાંત કે તેનો યંત્રવિદ્યામાં સધાતો અનુવાદ આ પ્રકારની સંકુચિતતાથી પર છે.

સામીપ્ય

વિજ્ઞાન તથા યંત્રવિદ્યાઓનો બહોળો પ્રચાર અને ઉપયોગ થતાં તેને માટેનાં વ્યવસ્થાતંત્રો સંકુલ અને જટિલ બને છે અને વિશિષ્ટ જ્ઞાન તથા અનુભવ ધરાવતા નિષ્ણાતોની જરૂર ઊભી થાય છે. આવા નિષ્ણાતો તેમના સંચાલનમાં નફો મેળવવાના હેતુને પ્રાધાન્ય આપી શકતા નથી. તેમનો અગ્રતાનુક્રમ જુદા પ્રકારનો હોય છે. વૈજ્ઞાનિક વિકાસ અને આધુનિકીકરણ તેમને માટે વિશેષ અગત્યનાં બની રહે છે. આ જાતનાં વ્યવસ્થાકેન્દ્રો વ્યાપક સ્વરૂપનાં બનતાં તેમના સંચાલન માટેના સિદ્ધાન્તો જૂના ઢાંચામાં રહી શકતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો મોટાં કારખાનાંના માલિકો, તેમની મર્યાદિત દૃષ્ટિએ તેનું સંચાલન કરવામાં મુશ્કેલી અનુભવે છે અને નિષ્ણાતો ઉપર નિર્ણયો તથા નીતિ છોડે છે. આ પ્રકારની રચના મુક્ત બજારનાં પરિબળો સાથે બંધબેસતી આવતી

નથી અને નિયમન અનિવાર્ય બને છે. નફાના સિદ્ધાન્તને તથા મુકત અર્થતંત્રને વિદાય આપ્યા સિવાય આજનાં સંકુલ વ્યવસ્થાતંત્રો ચાલી શકે તેમ નથી. આ જાતના વિચારો અને પ્રક્રિયાઓ આજે અમેરિકામાં જોવા મળે છે. ગાલબ્રેથ જેવા નિષ્ણાત અને દૃષ્ટિવાન અર્થશાસ્ત્રીઓએ તેના વિશે ધ્યાન ખેંચ્યું છે. વિજ્ઞાનના જમાનામાં અગત્યના નિર્ણયો લેવા બાબત નિષ્ણાતોનો આશરો લીધા સિવાય છૂટકો નથી અને તેઓની વિચારભૂમિકા જૂની પ્રણાલીઓથી જુદી છે. અમેરિકા કરતાં ભિન્ન અર્થરચના ધરાવતા રશિયામાં વૈજ્ઞાનિક-ઔદ્યોગિક કેન્દ્રીકરણ વધતાં ઘણી બાબતોમાં તેની અને અમેરિકા વચ્ચેનું સામ્ય વધતું જાય છે.

વિજ્ઞાન-યંત્રવિદ્યાના યુગમાં સામાજિક-આર્થિક જીવન જટિલ બને છે અને તેના નિયમનનું કામ વધે છે. આ કાર્યનો વ્યાપ જેમ વધે છે તેમ સરકારની જવાબદારીઓ પણ વધે છે. અમેરિકામાં સરકારનો ફાળો વધતો રહ્યો છે. સરકારના કામમાં વધુ ને વધુ લોકો નોકરીઓ મેળવે છે. ઉ. ત., ૧૯૨૯માં સરકારમાં કામ કરતા લોકોની સંખ્યા કુલ રોજગારના ૬·૯ ટકા હતી, ૧૯૬૦માં તે ૧૫·૩ ટકા અને ૧૯૬૩માં ૧૬·૩ ટકા થઈ હતી. સરકારની વધતી જતી પ્રવૃત્તિ અને તેના દ્વારા થતું સમાજનું નિયમન — આ વિશિષ્ટતા કંઈક અંશે અમેરિકા અને રશિયાને એકમેકની નજીક લાવી મૂકે છે.

હવેના જીવનમાં આયોજન અનિવાર્ય બન્યું છે. જેમ આયોજનનો વ્યાપ વધે છે તેમ સરકારનું કાર્યક્ષેત્ર વિકસતું રહ્યું છે. આ પરિસ્થિતિ પણ આ બન્ને પ્રથાઓને એકમેકની સાથે સામ્ય ધરાવતી બનાવે છે.

આણ્વિજ્ઞાન તથા અવકાશના સંશોધનના ગહન વિષયોમાં ખાનગી વ્યક્તિ કે કોઈ ઉદ્યોગ લાંબો સમય કામ કરી શકે તેમ નથી. આવા વિષયો પાછળ જે મૂડી, સમય અને નિષ્ણાતોની જરૂર છે તે માત્ર સરકારો જ કરી શકે છે. સંશોધન અને વિકાસ આપમેળે જ સરકારનો વિષય બન્યાં છે અને તે દૃષ્ટિએ બન્ને મહાન સત્તાઓ એક જ દિશા પકડી રહી છે.

થોડા વખતમાં ઘણી પ્રગતિ સાધવાની અને આયોજિત વિકાસ સાધવાની રશિયાની નીતિ બધાં ક્ષેત્રમાં કામયાબ નીવડી નથી. ખેતીના ક્ષેત્રમાં આજે પણ રશિયા અમેરિકાથી ખૂબ પછાત રહ્યું છે. વપરાશની ચીજો બનાવવામાં તેમજ કૉમ્પ્યુટર જેવાં સંકુલ યંત્રો બનાવવામાં પણ તેને અમેરિકા પાસેથી ઘણું મેળવવાનું રહે છે. આથી રશિયાના અર્થકારણમાં કામદારોને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત લિબરમેન જેવા અર્થશાસ્ત્રીઓ સ્વીકારતા થયા છે. તેમ કરવામાં નફા જેવું કોઈક તત્ત્વ ઉમેરાય તેનો સૈદ્ધાન્તિક સ્વીકાર પણ થઈ રહ્યો છે. આમ, એક બાજુ અમેરિકા રશિયા તરફ તો બીજી બાજુ રશિયા અમેરિકાની નજીક જઈ રહ્યું હોય તેવો ચોક્કસ નિર્દેશ મળે છે.

છેલ્લી અને કદાચ સૌથી અગત્યની વાત એ છે કે બન્ને સમાજો 'કલ્યાણરાજ્ય'ની ભાવનાના પંથે આગળ વધી રહ્યા છે. બેરોજગારી, દવાદારૂ, વૃદ્ધોની સંભાળ વગેરે ક્ષેત્રોમાં આજે રશિયા તો ખરું જ, પરંતુ અમેરિકાની સરકાર પણ વધુ ને વધુ જવાબદારીઓ ઉપાડી રહી છે. નફાના હેતુને ગૌણ કરીને જાહેર સેવાના હેતુને અમેરિકાના અર્થકારણમાં કંઈક પ્રાધાન્ય મળતું જોવા મળે છે.

૧૯૭૧-૭૨-૭૩નાં વર્ષોમાં બન્ને સરકારો એકમેકની નજીક આવી છે, પરસ્પરનો અવિશ્વાસ ઓછો થતો જાય છે. એકબીજાનાં ક્ષેત્રોમાં — ખાસ કરીને કૅન્સર અને હૃદયરોગો અંગે,

અવકાશનાં સંશોધનોમાં અને એકમેકને સ્પર્શતા બીજા વિષયોમાં પણ સહયોગ કરવાનો તેમનો નિર્ણય એક નવી દુનિયાના સર્જનની શકયતા તરફ આંગળી ચીંધે છે.

એકમેકનો સર્વનાશ કરી શકતાં શસ્ત્રાસ્ત્ર બનાવવાં અંગે પણ તેઓ સમજૂતી સાધી શકયાં છે અને મહાસાગરોના અવગાહનના ક્ષેત્રે પણ એકમેકને પૂરક બનવા તેઓ તૈયાર થયા છે. પરસ્પર યુદ્ધ નહિ કરવાની તેમની બાંયધરી ભલે નકારાત્મક હોય, તેની ભીતરમાં આવતી કાલની દુનિયાના સર્જન માટેનાં વિધેયાત્મક તત્ત્વો રહેલાં છે. રશિયા અને અમેરિકા તેમનું સંયુક્ત વજન શાન્તિ અને સહકારના પલ્લામાં નાખે તો તેની અસરો ખૂબ ગાઢ અને વ્યાપક બને તેમ છે. સારા નસીબે સંયુકત રાષ્ટ્રસંસ્થા જેવી સંસ્થા આ પ્રકારના નવા ઉપક્રમને સહારો અને સહકાર આપે તેમ છે.

આવતી કાલની દુનિયાનો નકશો વિચારવામાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થા કેન્દ્રમાં રહેશે અને રહેવી જોઈએ. બધાં જ રાષ્ટ્રોનું તે વાહન અને કેન્દ્ર છે; બધાંનો તે આશરો છે. તેનું ભવિષ્ય ગમે તે હોય આવતી કાલની વિશ્વસરકારનું બીજ જો કયાંય હોય તો તે આ સંસ્થામાં છે. આ સંસ્થામાંથી વિશ્વસરકાર આપોઆપ ઊભી થશે તેવો સરળ આશાવાદ અસ્થાને છે; પરંતુ રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે વહેંચાયેલી આજની દુનિયામાં યુદ્ધ અનિવાર્ય છે અને તે પરિસ્થિતિ કાયમ માટે રહેવાની છે એવો ઘોર નિરાશાવાદ પણ એટલો જ અપ્રસ્તુત છે. આપણો આશાવાદ વાસ્તવિક ભૂમિકા ઉપર ઊભો રહેવો જોઈએ. આજના જગતમાંથી યુદ્ધને ધીમે ધીમે દૂર કરવાની, તેની માત્રા હળવી કરવાની, તેની ભયંકરતા મર્યાદિત કરવાની પ્રક્રિયાને વેગ નહિ જ મળી શકે તેમ માનવાને કોઈ કારણ નથી. આજના જગતમાં ઘણા પ્રવાહો એકમેકની સાથે ગૂંથાતા અને એકમેક ઉપર આઘાત-પ્રત્યાઘાત કરતા જણાય છે. તે બધામાં માણસજાતના અસ્તિત્વને, તેના અભ્યુદયને અને તેના કલ્યાણને નજરમાં રાખવામાં આવે તો આવતી કાલની દુનિયા ધીમે ધીમે ચોક્કસ પગલે નવું સ્વરૂપ ધારણ કરીને વધુ શાન્તિમય જીવન માટેની ભૂમિકા પૂરી પાડી શકે. સંયુકત રાષ્ટ્રસંસ્થા જીવંત રહી છે. તેની આસપાસ ગૂંથાતું આંતરરાષ્ટ્રીય જીવન વધુ ઘનિષ્ટ બનતાં રાષ્ટ્રવાદ પણ નવાં અનુકૂલનો સાધવા તૈયાર નહીં થાય?

સાર્વભૌમ રાજ્યોની જગતસભા સમી પેલી સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને, યુદ્ધનાં ઉપકરણોએ શાંતિનાં ઉપકરણોને છેક છેવાડે નાખી દીધાં છે તેવા યુગમાં, અમારી અંતિમ અને સર્વશ્રેષ્ઠ અભિલાષા રૂપે, ટેકો આપવાની અમારી પ્રતિજ્ઞાનું અમે પુનરુચ્ચારણ કરીએ છીએ. કેવળ આક્ષેપ-વચનોની સંગમભૂમિ બની રહેવામાંથી અમારે તેને ઉગારવી છે—નવાં અને દુર્બળ રાષ્ટ્રને ઢાલ બની રહેવાની તેની શકિત અમારે વધારવી છે – અને તેના આદેશોના પાલનનો વિસ્તાર વધે એવું અમારે કરવું છે.

છેવટે જે રાષ્ટ્રો અમારાં વિરોધીઓ બનવા ચાહતાં હોય તેમને વચન નહીં પણ વિનંતી ધરીએ છીએ કે વિજ્ઞાને છુટ્ટાં મૂકેલાં સર્વનાશનાં ભયંકર બળો સુનિયોજિત અથવા આકસ્મિક આત્મનાશમાં આખી માનવજાતને ઘેરી વળે તે પહેલાં, ચાલો, બંને પક્ષો સાથે મળીને શાંતિની ફરી એક વાર ખોજ કરીએ.

અમારી દુર્બળતાથી અમે તમને લલચાવીશું નહીં. કેમકે અમારું શસ્ત્રબળ નિ:સંશય પર્યાપ્ત બન્યું હશે ત્યારે જ તેનો ઉપયોગ કદાપિ નહીં કરવો પડે તે વિશે અમે નિ:સંશય નિશ્ચિત બની શકીશું.

પણ બંને પક્ષો અદ્યતન શસ્ત્રાસ્ત્રોના આકરા ખરચાથી બેવડ વળી ગયા છે—સર્વનાશક આણુના અવિરામ પ્રસરણથી બંને વાસ્તવિક રીતે ચોંકી ઊઠેલાં છે, અને છતાં મનુષ્યજાતિની છેક છેલ્લી યુદ્ધને ખાળી રહેલા પારસ્પરિક ભયની અનિશ્ચિત સમતુલાને ડગાવવા માટે બંને હોડમાં ઊતર્યા છે તેવી અત્યારની આપણી પરિસ્થિતિમાંથી રાષ્ટ્રોની મહાન અને પ્રચંડ એવી બે છાવણીઓ આશ્વાસન મેળવી શકે એમ નથી.

તો, ચાલો, નવેસર શ્રીગણેશ કરીએ—સાથે બંને પક્ષે યાદ રાખીએ કે નાગરતા એ દુર્બળતાની નિશાની નથી અને નિષ્ઠા પણ ચકાસણીને આધીન છે. આપણે કયારેય પણ ભયના માર્યા મંત્રણા-ઓ ન કરીએ; પણ ત્યારે મંત્રણાઓનો ભય પણ ન સેવીએ.

કયા પ્રશ્નો આપણને વિખૂટા પાડે છે તે શોધવાનો પરિશ્રમ કરવાને બદલે કયા પ્રશ્નો આપણને સાંધે છે તે બંને પક્ષો એકઠા મળીને શોધીએ.

પ્રમુખપદ સંભાળતાં જૉન એફ. કેનેડીએ કરેલા પ્રારંભિક પ્રવચનનો એક અંશ, જાન્યુઆરી ૨૦, ૧૯૬૧.

અનુ. **યશવન્ત શુકલ**

પુરવણી

અરબ–ઇઝરાયલ સમસ્યા

હિબ્રૂ (યહૂદી) ટોળીઓએ આજથી આશરે ત્રણ હજાર વર્ષ પૂર્વે ઇજિપ્તનો ત્યાગ કરીને પયગંબર મૂસાની રાહબરીમાં સિનાઈનો રણપ્રદેશ વીંધી જૂડિયાના સુક્કા પહાડી પ્રદેશમાં વસવાટ કર્યો. ત્યાં જેરુસલેમ નગરી ઊભી કરી. પરંતુ એ ભૂમિ પરથી સૌ પ્રથમ ઍસીરિયન રાજાઓએ અને ત્યાર બાદ રોમનોએ તેમની નગરીનો નાશ કરીને હિબ્રૂ પ્રજાને હાંકી કાઢી (ઈ. સ. ૭૦). યહૂદી પ્રજા ભટકતી બની અને એ પ્રજાનું મૂળ વતન રોમનોના હાથમાથી અરબ સમ્રાટોના હાથમાં પડ્યું એ પછી તુર્કી સામ્રાજ્ય-નો ભાગ બન્યું.

આ સમયખંડ દરમ્યાન બાઇઝેન્ટાઇન તુર્ક શાસન દરમ્યાન (ઈ. સ. ૬૯૫–૬૩૬) આ પ્રદેશમાં યહૂદી પ્રજા લઘુમતી બની ગઈ અને ખ્રિસ્તીઓની બહુમતી થઈ. અરબ શાસન (ઈ.સ. ૬૩૬–૧૦૭૨) નીચે યહૂદી પ્રજામાંથી કેટલાકે મુસ્લિમ ધર્મ અપનાવ્યો અને મુખ્ય ભાષા અરબી બની. બીજી અરબ વસ્તી પણ આવીને વસી. ઑટોમન તુર્કોના લાંબા શાસન (ઈ. સ. ૧૫૧૬–૧૯૧૭) દરમ્યાન એ પ્રદેશ અસ્થિરતા અને અંધાધૂંધીમાં અટવાતો રહ્યો.

ઇઝરાયલ રાજ્યનો જન્મ થયો ૧૪ મે, ૧૯૪૮ના દિને. સદીઓ સુધી જર્મની, પૂર્વ યુરોપ, રશિયા, સ્પેન, ફ્રાન્સ સહિત અનેક યુરોપીય રાષ્ટ્રોમાં યહૂદીઓ ઉપર ઝળૂંબતા રહેલા અત્યાચારી ઓથારનો અંત આવ્યો હોય, અને જાણે પોતાનું બે હજાર વર્ષનું સ્વપ્ન સાકાર બનતું હોય, એવો સંતોષ સદાની એ નિર્વાસિત યહૂદી પ્રજાને થયો. પોતાની આદિ ધર્મભૂમિમાં પોતાના સ્વતંત્ર રાષ્ટ્રની સ્થાપના એ પ્રજા માટે કેવળ માનસિક નહીં, આધ્યાત્મિક ઘટના હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ રાષ્ટ્રસંઘના ઠરાવ અનુસાર ટ્રાન્સજૉર્ડન સહિત પૅલેસ્ટાઇનનો મૅન્ડેટરી વહીવટ બ્રિટનના હસ્તક સુપરત થયો (ઈ. સ. ૧૯૨૨). એ વખતે જ એવું સૂચવવામાં આવ્યું કે ત્યાંની મૂળ વસ્તીને પ્રતિકૂળ ન થાય તે રીતે યહૂદી આગંતુકોને સગવડ આપવી. તે માટે પડતર જમીન અને રાજ્ય હસ્તકની જમીન ઉપર એમના ઘનિષ્ઠ વસવાટને ઉત્તેજન આપવું. એ રીતે અન્ય અરબ પ્રજાની સાથે યહૂદીઓ પોતાના વતન તરીકેનો લાભ લઈ શકશે અને ભવિષ્યમાં બ્રિટન દ્વારા પૅલેસ્ટાઇનની સ્વતંત્રતા માન્ય થતાં, સ્વતંત્ર પૅલેસ્ટાઇનમાં યહૂદીઓને ઘનિષ્ઠ વસવાટનો લાભ મળશે.

એક વાર આ વિચાર સ્વીકારાયો કે તરત જુદા જુદા દેશોમાંથી યહૂદીઓ પૅલેસ્ટાઇનમાં આવી વસવા લાગ્યા. પરિણામે, ત્યાંના મૂળ અરબ મુસ્લિમો ઉપર આર્થિક તથા સામાજિક દબાણ વધવા માંડ્યું. સ્થાનિક હિતો સાથે ઘર્ષણ શરૂ થયું. ૧૯૨૯માં હુલ્લડો પણ થયાં. આ પછી આગંતુક યહૂદીઓની સંખ્યા અને સ્થાનિક જમીનોની ખરીદી વગેરે ઉપર નિયંત્રણો મુકાયાં. એની સામે યહૂદીઓનો રોષ પ્રગટતાં બ્રિટિશ સત્તાએ આંખ આડા કાન કર્યા.

વરસો જતાં એક નાનકડી પટ્ટી જેટલા પ્રદેશમાં દસ લાખ અરબો અને ચાર લાખ યહૂદીઓ વસતા થઈ ગયા એ બેઉ પ્રજાઓ વચ્ચેનું વૈમનસ્ય એટલી હદે વકર્યું કે બંને પ્રજાઓ એકસાથે એક રાષ્ટ્રના

છત્ર નીચે શાંતિથી રહે એવી શક્યતા જ ઓછી દેખાવા લાગી. આથી પૅલેસ્ટાઇનના બે ટુકડા કરીને પાંચમો ભાગ યહૂદી રાષ્ટ્ર માટે કાઢી આપવો અને ટ્રાન્સજૉર્ડન પ્રદેશ સહિતનું અરબ રાષ્ટ્ર બનાવવું એવું સૂચન થયું (૧૯૩૭). યહૂદીઓ અને અરબો બંનેએ એનો ઇનકાર કર્યો.

એક બાજુ, પાંચ વર્ષમાં ૭૫,૦૦૦થી વધુ સંખ્યાને પ્રવેશ ન આપવાનો નિર્ણય લેવાયો; છતાં દર વરસે ૨૦–૨૫ હજારની સંખ્યામાં યહૂદીઓ આવતા થયા. આથી અરબો અકળાઈ ઊઠ્યા. એમને પોતાનો રાષ્ટ્રવાદ ભયમાં મુકાતો લાગ્યો. બીજી બાજુ, યહૂદીઓને નવી જમીનો વેચાણ આપવા ઉપર પ્રતિબંધ મુકાયો, એથી તેઓ ગુસ્સે થયા. પરંતુ એ અરસામાં હિટલરે યહૂદીઓની કતલ શરૂ કરી ત્યારે દુનિયા આખીમાં હાહાકાર મચી ગયો. યહૂદીઓના સ્વતંત્ર વતનની લાગણી સર્વત્ર જોર કરી રહી. એનો લાભ યહૂદી આંતરરાષ્ટ્રીય સંગઠને ઉઠાવ્યો. એક બાજુ તેમની ઘણી મોટી સંખ્યા પૅલેસ્ટાઇનમાં પહોંચી ગઈ. બીજી બાજુ હિટલરે યુદ્ધ દરમ્યાન પૅલેસ્ટાઇનના અરબોને પોતાની સાથે લઈને, યહૂદીઓની સંપૂર્ણ નાબૂદીનો વ્યૂહ રચ્યો. આ પછી તો યહૂદી-અરબ પ્રશ્ન વચ્ચે ભીષણ વૈર-ઝેર ઘોળાયાં.

યુદ્ધ પૂરું થયું. હિટલરનું જ નિકંદન નીકળી ગયું. ફરીથી અરબ અને યહૂદી એ બે સમકક્ષ અને સ્વાયત્ત ઘટકવાળા પૅલેસ્ટાઇન સમવાયતંત્રનો વિચાર આગળ આવ્યો. પરંતુ, ઇઝરાયલ કે અરબ એકેને સંતોષ થાય એવું બન્યું નહીં. અંતે, પૅલેસ્ટાઇનના ભાગલા દ્વારા બે જુદાં રાજ્યોનો નિર્ણય લેવાયો (૧૯૪૭). પૅલેસ્ટાઇનના અરબો તથા સર્વસાધારણ રીતે તમામ અરબ પ્રજા માટે આ નિર્ણય કારી ઘા સમો નીવડ્યો. પરંતુ, અમેરિકા અને રશિયાએ યોજનાને ટેકો આપ્યો અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં એ ઠરાવ બહુમતીથી પસાર પણ થયો. આમ, એક રીતે નિરાકરણ થઈ ગયાનો આભાસ પેદા થયો. પરંતુ, જેમ જેમ પૅલેસ્ટાઇનમાં યહૂદી ધાડાં ઊતરી આવતાં રહ્યાં, જમીનો ખરીદી પોતાના વસવાટો વધારતા થયા, તેમ તેમ યહૂદીઓના આંતરરાષ્ટ્રીય સંગઠનની જોહાકી પણ વધતી ગઈ અને પૅલેસ્ટાઇનવાસી અરબો ઉપરની ભીંસ વધતી ગઈ.

બીજી બાજુ, અરબોએ તો આરંભથી જ પૅલેસ્ટાઇનમાં યહૂદીઓના સુગઠિત વસવાટના વિચાર સામે જ અણગમો પ્રકટ કરેલો. બેઉનાં સમાન સ્વાયત્ત રાષ્ટ્રોનું સમવાયતંત્ર બને તેવી દરખાસ્ત પણ તેમને સ્વીકાર્ય ન હતી. પૅલેસ્ટાઇનના ભાગલા પાડીને એક હિસ્સો યહૂદીઓના સ્વતંત્ર રાષ્ટ્ર માટે કાઢી આપવાની યોજના તો તેમને માટે અસહ્ય જ બની હતી. આથી મે, ૧૯૪૮માં ઇઝરાયલના સ્વતંત્ર રાષ્ટ્રનો નિર્ણય થતાં જ લેબેનોન તથા ટ્રાન્સજૉર્ડનનાં સૈન્ય દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિશાઓથી નવજાત ઇઝરાયલ રાષ્ટ્ર ઉપર તૂટી પડ્યાં. આ પ્રથમ સંગ્રામમાં ૪૦,૦૦૦ અરબ સૈનિકો સામે લગભગ દોઢું (૬૦,૦૦૦ જેટલું) સૈન્ય ઇઝરાયલે રણમેદાનમાં ઉતાર્યું. અરબોને પરાજય મળ્યો. મૂળ આંતરરાષ્ટ્રીય પ્રદેશ તરીકે માન્ય થયેલ ભૂમિ પર ઇઝરાયલે કબજો મેળવ્યો. બીજી બાજુ ટ્રાન્સજૉર્ડને બાકીનો ભાગ (જેરુસલેમ નગર સહિત) કબજે કરી લઈ જૉર્ડન નામ ધારણ કર્યું. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ બંનેને કબજાનો પ્રદેશ ખાલી કરી દેવા ફરમાવ્યું, પરંતુ બંનેએ આંખ આડા કાન કર્યા.

આ યુદ્ધ પછી અરબોથી ઘેરાયેલા અને ધવાયેલા ઇઝરાયલીઓ વધુ ખુન્નસે ભરાયા. યુદ્ધના ભય નીચે જીવતા રાષ્ટ્રે નાગરિકોને પાકી તાલીમ આપી સંયુક્ત શક્તિ અને જોસ્સો પેદા કર્યો ત્યારે અરબોએ ઇઝરાયલને પાઠ શીખવવા વેપારી સંબંધ સમૂળો કાપી નાખ્યો. સુએઝની નહેર — જેનું સૌના ઉપયોગ માટે આંતરરાષ્ટ્રીય સ્થાન સ્વીકારાયેલું હતું — તેને ઇઝરાયલી વહાણોની આવજા માટે પ્રતિબંધિત કરી. ઇઝરાયલ લગભગ ઘેરાની સ્થિતિમાં મુકાઈ ગયું.

૧૯૫૫ પછી તો અરબોએ ફેદાઇનો(પૅલેસ્ટાઇનવાસી અરબ ગેરીલાઓ)ને ઉશ્કેરીને, મદદ કરીને, ઇઝરાયલની શાંતિ હરામ કરી દીધી. એવામાં ઇજિપ્તમાં નાસર સત્તામાં આવ્યો (૧૯૫૬). એ એના પુરોગામીઓથીય વધુ કટ્ટર યહૂદીદ્વેષી નીકળ્યો. એણે તો યહૂદી ઇઝરાયલી સરકારને નેસ્તનાબૂદ કરીને, પૅલેસ્ટાઇનમાંથી નિર્વાસિત થયેલા અરબોને પાછા ત્યાં વસાવીને જ જંપવાનો નિર્ધાર વારંવાર જાહેર કર્યો.

સમય પાકયે પોતાનું સૈન્ય લોહીની નજમ પરથી પૅલેસ્ટાઇનમાં પ્રવેશ કરશે એવુંય કહી નાખીને ઇઝરાયલને ઉશ્કેરી મૂકયું. આ હેતુ બર લાવવા રશિયાએ ભરપૂર શસ્ત્રો, વિમાનો, ટૅંકો ને જહાજો આપ્યાં. આટલું પૂરતું ન હોય તેમ જૉર્ડન અને સીરિયાનાં સૈન્યો ઇજિપ્ત હસ્તકના સંયુક્ત કમાન્ડ નીચે મુકાઈ ગયાં. ભડકી ઊઠેલા ઇઝરાયલે એ જ અઠવાડિયે હલ્લો ઝીંકયો (ઑકટોબર ૨૯, ૧૯૫૬). તેનાં સૈન્યોએ સિનાઈમાંના ગેરીલા મથકને સાફ કરી નાખીને, ઇજિપ્ત તરફથી આવી રહેલા આકમણને ખાળી દીધું, તથા આગલે વરસે ઇજિપ્તે લાદેલો અકાબાના અખાત ઉપરનો ઘેરો હઠાવી દીધો. જોકે ફ્રાન્સ અને બ્રિટન એની પડખે ઊભાં હતાં.

અમેરિકા અને રશિયાના દબાણ આગળ યુદ્ધ બંધ પડયું. ઇઝરાયલે કબજે કરેલા પ્રદેશ પાછા આપ્યા, તે એ ગણતરીએ કે હવે ઇજિપ્ત સુએઝ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેશે, ગેરીલાઓના હુમલા બંધ પડશે. પરંતુ એવું કશું બન્યું નહીં અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનાં રાહતદળો શાંતિ જાળવવા બંનેની સરહદો પર તથા અકાબાના અખાતમાં જઈ પહોંચ્યાં. આ પછી એક દાયકો પ્રમાણમાં શાંતિનો વીત્યો. ઇઝરાયલ સુએઝનો અને અકાબાના અખાતનો ઉપયોગ કરતું રહ્યું. ગેરીલા હલ્લાઓ પણ ઘણે અંશે ઠંડા પડયા, સરહદોય ઠંડી રહી. જોકે, સીરિયા સૌથી વધુ કટ્ટર રહ્યું. ઉત્તરની સરહદો તેણે ગરમ રાખી.

નાસરનેય ઇજિપ્તના બધ્ધે પરાજયોનું આળ દૂર કરવું જ હતું. 'અમે અરબો વધુ સંગઠિત થઈને, તક મળતાં, ઇઝરાયલનું કાસળ કાઢી નાખશું જ...' (૧૯૬૪) 'અમે યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છીએ. આ વખતે શાંતિની દરખાસ્તો અમે લખાવીએ તેવી લખાશે' (૧૯૬૫). સીરિયા, ઇરાક અને જૉર્ડને આમાં સૂર પુરાવ્યો. ૧૯૫૭થી '૬૬ દરમ્યાન સીરિયાની સરહદે અવારનવાર ગંભીર અથડામણો થતી રહી. ૧૯૬૪માં કૈરો પરિષદમાં ઇઝરાયલની નહેરો માટે અપાતાં જૉર્ડન નદીનાં પાણી બંધ કરાવવાની વિચારણા થઈ. સમસ્ત આરબ રાષ્ટ્રોનાં સંયુક્ત સૈન્યની શકયતા વિચારાઈ. ૧૯૬૭ની સાલ આવતાં તો 'ઇઝરાયલે ઉત્તરમાં એની ફૈલને ખસેડવા માંડી છે' એવા આક્ષેપો સીરિયા અને રશિયાએ શરૂ કર્યા, અને નાસરે ૯૦,૦૦૦ની સેના સિનાઈ તરફ રવાના કરીને, સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના 'રાહત સૈન્ય'નું સ્થાન લઈ લીધું. આ અગાઉ ઇઝરાયલ ઉપર સુએઝ નહેરનો પ્રતિબંધ પાછો લદાઈ ચૂકયો હતો; ઇજિપ્તે હવે અકાબાના અખાત ઉપર પણ બંધી મૂકી. ઇરાક અને જૉર્ડને વળી ઇજિપ્ત સાથે ફૌજ જોડાણો કર્યાં. ઇરાકના પ્રે. અરીફે જાહેર કર્યું, 'ઇઝરાયલનું અસ્તિત્વ એક ભૂલ છે, જે હવે સુધારી લેવી રહી. ૧૯૪૮થી જે કલંક (બેઉ યુદ્ધોમાં પરાજય) લાગ્યું છે તે ધોઈ નાખવાની ઘડી આવી લાગી છે. . . નકશા પરથી ઇઝરાયલને ભૂંસી નાખવાનું અમારું ધ્યેય સ્પષ્ટ છે.' ઇઝરાયલે આ વાણીશૂરાઓને છ જ દિવસ(તા. ૫થી ૧૧ જૂન)ના યુદ્ધમાં દસ લાખ અરબ વસ્તીવાળો લગભગ ૩૯૦૦૦ હજાર ચોરસ કિ.મી.નો એટલે કે ૧૯૬૭ પૂર્વેના પ્રદેશ કરતાં બમણો નવો પ્રદેશ કબજે કરી લઈને ફરી એક વાર પરચો બતાવ્યો. વળી, બંનેને બંધનકર્તા શરતો સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ જાહેર કરી : (૧) ઇઝરાયલી સૈન્યોએ નવો જીતેલો પ્રદેશ ખાલી કરી આપવો. (૨) અરબોએ સુએઝ અને અકાબાના આંતરરાષ્ટ્રીય જલમાર્ગના મુક્ત વપરાશની ઇઝરાયલને બાંયધરી આપવી; (૩) નિર્વાસિતોની બાબતમાં ન્યાયી સમાધાન કરવું; (૪) સરહદોની સલામતી-ની અને સ્વતંત્રતાની પરસ્પર બાંયધરી આપવી.

પરંતુ, કશું બન્યું નહીં. ત્રીજી વાર માર ખાઈ ગયેલાં અરબ રાષ્ટ્રોએ પૅલેસ્ટાઇન ગેરીલાઓને ઉશ્કેરવાનું ચાલુ રાખ્યું. સાથેસાથે વળી રશિયા પાસેથી અદ્યતન શસ્ત્રસામગ્રી મેળવીને, અગાઉ કરતાં વધુ અરબ એકતા અને વધુ નિશ્ચયબળ સાથે, આકમણ કર્યું (ઑકટોબર ૧૯૭૩). ફરી પાછી મહા-સત્તાઓ વચ્ચે પડી. ફરી પાછા યુદ્ધ-તહકૂબી થઈ. હજી વાટાઘાટો ચાલે છે (ડિસેમ્બર ૧૯૭૩). પરિણામ આવે તે... જોકે, આ છેલ્લા યુદ્ધમાં અરબોએ સારી એકતા અને સારી હિંમત તથા સારી સૈન્યશકિત દાખવી છે.

*

અરબ–ઇઝરાયલની મૂળ સમસ્યા ખૂબ જ પેચીદી છે :

(૧) સદીઓ થયાં બે-વતન બનેલા અને અનેક દેશોમાં હત્યાનો ભોગ બનેલા યહૂદીઓની એક સ્વતંત્ર વતન(રાષ્ટ્ર)ની લાગણી નકારી શકાય એમ નથી. જોકે ઇઝરાયલ રાષ્ટ્રના નિર્માણ પછી આખી દુનિયાના ૨૫ ટકા યહૂદીઓ જ ત્યાં જઈ વસ્યા છે, એ હકીકત બતાવે છે કે 'પવિત્ર ભૂમિ' અને રાષ્ટ્રીય વતનની ભાવના કરતાં ઇતર હિતોએ વધુ નિર્ણાયક ભાગ ભજવ્યો છે.

(૨) જે પ્રદેશમાં યહૂદીઓનું નવું વતન ઊભું થયું છે એ મુખ્યત: આરબ મુસ્લિમ પ્રદેશ છે. યહૂદીઓ અને મુસ્લિમો વચ્ચે સદીઓથી તંગદિલી ચાલતી આવેલી હોઈ, પોતાની વચ્ચોવચ યહૂદી રાષ્ટ્ર ઊભું ન થવા દેવા અરબોએ થાય એટલા પ્રયાસો કર્યા છે અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની બેઉ મહાસત્તાની સંમતિ તથા બહુમતીથી એ રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું હોવા છતાં તેને નામશેષ કરવાના સતત પ્રયાસો અરબોએ કર્યા છે. એક પચીસીમાં જ ચાર ચાર યુદ્ધના ભોગ ઇઝરાયલને બનવું પડ્યું છે. એક વાત સ્પષ્ટ છે કે અરબો માટે પરાજયો છતાં તેમના અસ્તિત્વના નાશનો ભય ન હતો, ત્યારે ઇઝરાયલ માટે એક પણ મોટો પરાજય તેના સર્વનાશ અને સંપૂર્ણ ઉચ્છેદનો બની ગયો હોત. આથી જ તો એને માટે એક એક ધમકી અને યુદ્ધ જીવનમરણની હોડરૂપ બની ગયેલ.

(૩) આ છતાં ઉવેખી ન શકાય એવી એક હકીકત એ છે કે, યહૂદીઓના વતનનો જન્મ સૈકડો વર્ષથી ત્યાં વસતી મૂળ અરબ-મુસ્લિમ પ્રજાના વતન પૅલેસ્ટાઇનના અંગછેદન દ્વારા થયો છે. બે સ્વતંત્ર રાષ્ટ્રો જન્મવાનાં હતાં તે આમાંનો પાયો જ ખતમ થયો છે. 'અરબ–પૅલેસ્ટાઇન રાષ્ટ્ર'નું નામનિશાન નાબૂદ થયું છે. ઇતિહાસની આ કરુણતા ત્રણ કારણે વધુ ઘેરી બની છે :

(ક) ઇઝરાયલ રાજ્યની સ્થાપના પછી અરબોની દુશ્મનાવટને કારણે એ પ્રજાને અરબો સામે — પૅલેસ્ટાઇન અરબો — સામેય હથિયારો સજવા પડ્યાં, એ એક વાત છે. પરંતુ, જેમ અરબો કોઈ પણ ઉપાયે એમની ભૂમિ પર યહૂદીઓના સ્વતંત્ર રાજ્યને સહી લેવા જ તૈયાર નથી, તેમ બીજી બાજુ યહૂદીઓ પણ વરસો થયાં સમગ્ર પૅલેસ્ટાઇન પ્રદેશને પોતાના અધિકારની ભૂમિ માનીને જ ચાલ્યા છે. તેમણે બ્રિટિશ સરકાર સમક્ષ રજૂ કરેલા માગણીઓના ખરડામાં જ આ વાત સ્પષ્ટ છે: 'અખંડ અને સંપૂર્ણ યહૂદી રાજ્ય' તેમને મળવું જોઈએ. પૅલેસ્ટાઇનમાંના યહૂદી આગંતુકો અંગેનો પૂરો કાબૂ 'જ્યૂઇશ એજન્સી'ને હસ્તક જ હોવો જોઈએ (મે ૧૯૪૫). સ્વતંત્ર રાજ્ય સ્થપાયા પછીય તેના પ્રથમ વડા પ્રધાન બેન ગુરિયને ૧૯૫૩માં સ્પષ્ટ કર્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ જે ઠરાવ કરેલો છે (પૅલેસ્ટાઇનના અમુક વિસ્તાર પૂરતા ઇઝરાયલ રાજ્યની સ્થાપના અંગે) તે 'સ્ટેટસ કો' ચલાવી લેવા તેઓ તૈયાર નથી. 'અમે તો ગતિશીલ રાજ્ય સ્થાપ્યું છે; વિસ્તાર એ તો તેનો દૃઢ આશય છે.' બીજા નેતાએ (મિનેહેમ બેગિને) પણ આ જેમ જાહેર કરી જ હતી (૧૯૫૫). જોકે આ મુરાદને સૌથી પ્રથમ, છેક ૧૯૨૧માં ઝિયોનિસ્ટ કમિશનના એક મહત્ત્વના સભ્ય ડૉ. એડરે વાચા આપેલી: 'પૅલેસ્ટાઇન એક જ રાષ્ટ્રનું વતન હોઈ શકે, અને તે યહૂદી જ. યહૂદી પ્રજાની બહુમતી થતાં અરબ ભાગીદારી કે સમાનતા નહીં — યહૂદી પ્રભુત્વ જ હોઈ શકે.'

(ખ) પૅલેસ્ટાઇનની જે દસ-બાર લાખની પ્રજા નિર્વાસિત બની છે, એ મુખ્યત: અરબ પ્રજા છે. એ અરબ પ્રજાને બીજા અરબ દેશો પોતાની અંદર સહેલાઈથી સમાવી લઈ શક્યા હોત. પરંતુ અરબ દેશો આ નિર્વાસિતોને 'નિર્વાસિત' અવસ્થામાં રાખીને, ઇઝરાયલ સામેના દ્વંદ્વયુદ્ધનું લાકડું સળગતું રાખવા મથતા રહ્યા છે. પોતાના ભાંડુઓનું આ પ્રકારનું શોષણ અરબ પ્રજાઓનું માનસ પ્રગટ કરે છે

(ગ) સૌથી વધુ આશ્ચર્ય તો એ વાતનું છે કે આ નિર્વાસિત અરબો પણ 'નિર્વાસિત' રહીને, એક ને એક દિવસ પોતાના મૂળ વતનમાંથી યહૂદીઓને નેસ્તનાબૂદ કરીને, પોતાના એકાકી વતનમાં પાછા ફરવાના સ્વપ્નમાં પૂરી પચીસીથી જીવી રહ્યા છે. (જોકે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા તરફથી તેમાંના મોટા ભાગનાની માંડ માંડ ભરણપોષણની વ્યવસ્થા થઈ છે, પરંતુ અંતે તો એ ઓછી દીનતા નથી.)

(ઘ) આરંભથી બ્રિટિશ સત્તા પોતાના સ્વાર્થ–હિતની રમત રમી રહી હતી. યહૂદીઓ અને અરબો વચ્ચે ઘર્ષણ વધે તથા અરબોની એકતા ન સધાય એ બંને પ્રકારના વ્યૂહ તેણે ખેલ્યા છે. . . આરંભે યહૂદીની દયાનો દેખાવ કર્યો, પછી અરબનો પક્ષ લીધો; વળી ઇઝરાયલને ચડાવ્યું. વધુમાં, અમેરિકા અને રૂસ એ બે મહાસત્તાઓ પોતપોતાના પક્ષે (અમેરિકા ઇઝરાયલના પક્ષે અને રશિયા અરબોના પક્ષે) પોતાનું વર્ચસ ટકાવી રાખવાના દાવ ખેલતી રહી છે. આમ, મહાસત્તાઓએ ઇરાદાપૂર્વક ચરુ ઊકળતો જ રાખ્યો છે, જેનો સૌથી મોટો ભોગ પૅલેસ્ટાઇનના અરબો બન્યા છે.

ઇતિહાસની એ એક કરુણતા છે કે એક પ્રશ્નનું નવનિર્માણ બીજા એક પ્રશ્નના નિર્મૂલનમાં પરિણમ્યું છે.



થિયોડોર હર્ઝલ
યહૂદી રાષ્ટ્રવાદના પ્રણેતા
[ઈ. સ. ૧૮૬૦–૧૯૦૪]



ગોલ્ડા મીર
[ઇઝરાયલનાં વડાં પ્રધાન :
ઈ. સ. ૧૯૬૯–]

મોશે દયાન
[ઇઝરાયલના સરક્ષણ પ્રધાન :
ઈ. સ. ૧૯૬૬–]

અલ ગદ્દાફી
[લિબિયાના પ્રમુખ :
ઈ. સ. ૧૯૬૯–]

અનવર સાદત
[ઇજિપ્તના પ્રમુખ : ઈ. સ.
૧૯૭૦–]



યાસર અરાફત
[પૅલેસ્ટાઇન લિબરેશન ઑર્ગે-
નિઝેશનના પ્રમુખ : ઈ. સ.
૧૯૬૯–]



સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ૧૯૪૭ના ઠરાવ પ્રમાણે સૂચિત યહૂદ્દી, અરબ અને આંતરરાષ્ટ્રીય નવગઠન

જેરુસલેમને જૉર્ડન અને ઇઝરાયલ વચ્ચે વહેંચી આપતી વિભાજનરેખા



અરબ–ઇઝરાયલ વિગ્રહ
૧૯૬૭, ૧૯૭૩ →

ઇઝરાયલ

[મે ૧૪, ૧૯૪૮ ના રોજ સ્થપાયેલ રાષ્ટ્ર-રાજ્ય વિશે મહત્ત્વની માહિતી]

અરબ વસ્તીનો ઘટાડો : ૧૯૩૯થી ૧૯૪૮

૧૯૩૯માં વસ્તી ૯,૫૦,૦૦૦
૧૯૪૮માં વસ્તી ૧,૨૬,૦૦૦
} દસ વરસમાં ઘટાડો : ૮,૨૪,૦૦૦

*

૧૯૪૮-૪૯થી ૧૯૬૬ : અરબ મુસ્લિમ નિર્વાસિતો

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા એજન્સી દ્વારા
ભરણ પોષણ પામનારા નિર્વાસિતો : ૧૩,૦૦,૦૦૦

*

નિર્વાસિતોની છાવણીઓ : (૧૯૬૮)

	સંખ્યા
વેસ્ટ બૅંક (જૉર્ડન)[૧]	૫,૯૭,૦૦૦
ગાઝા પટ્ટી[૨]	૩,૫૬,૦૦૦
પૂર્વ જેરુસેલમ (અરબ)[૩]	૬૮,૦૦૦
સિનાઈ[૪]	૬૫,૦૦૦
ગોલન પહાડી[૫]	૬૪,૦૦૦
	૧૧,૫૦,૦૦૦

કુલ આશરે ૪૯૦૦૦ ચો. કિ. મી.

૧. ૧૯૪૮ના યુદ્ધમાં જૉર્ડન હસ્તક; ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝ.
૨. ,, ,, ઇજિપ્ત હસ્તક; ૧૯૫૬ના યુદ્ધમાં ઇઝ.
૩. ,, ,, જૉર્ડન હસ્તક; ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝ.
૪. ,, ,, ઇજિપ્ત હસ્તક; ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝ.
૫. સીરિયાનો પ્રદેશ : ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝ.

*

યહૂદીઓનો વધારો (૫૦ વરસમાં)

૧૯૨૨ : યહૂદી વસ્તી ૮૦,૦૦૦
૧૯૭૧ : ,, ૨૬,૩૬,૬૦૦
} પચાસ વરસમાં વધારો : ૨૫,૫૬,૬૦૦

૧૯૨૨થી ૧૯૩૯	૩,૭૦,૦૦૦	
૧૯૩૯થી ૧૯૪૮	૩,૦૮,૭૦૦	(પહેલું ઇઝરાયલ-આરબ યુદ્ધ)
૧૯૪૮થી ૧૯૫૧	૬,૪૫,૩૦૦	
૧૯૫૧થી ૧૯૫૬	૨,૬૩,૭૦૦	(બીજું ઇઝરાયલ-આરબ યુદ્ધ)
૧૯૫૬થી ૧૯૬૦	૨,૪૩,૮૦૦	

૧૯૬૦થી ૧૯૬૭	૪,૭૨,૪૦૦ (ત્રીજું ઇઝરાયલ-આરબ યુદ્ધ)
૧૯૬૭થી ૧૯૭૧	૨,૫૩,૦૦૦

કુદરતી વાર્ષિક વસ્તી-વધારો બે સવાબે ટકા ગણતાં ૧૯૨૨થી ૧૯૭૧માં (૫૦ વરસે) **આશરે બે જ લાખ સંખ્યા વધે. તે જોતાં આગંતુકો ૨૩,૨૫,૦૦૦થી વધુ.** (મુખ્યતઃ જર્મની, રશિયા, પૂર્વ યુરોપ, ઇરાક, યેમન, લિબિયામાંથી)

*

યહૂદી સંગઠનો

વર્લ્ડ ઝિયોનિસ્ટ ઑર્ગેનિઝેશન (સ્થાપના-૧૮૯૬)
સ્થાપક : થિયોડોર હર્ઝલ: યહૂદી રાજ્યનો વિચાર આપનાર
પ્રો. ચેઇમ વેઈઝમાન (ઈ.સ. ૧૮૭૪-૧૯૫૨): ઇઝરાયલના પ્રથમ પ્રમુખ.
(જ્યૂઇશ એજન્સી ફૉર ઇઝરાયલ: ઉપરની સંસ્થાની વહીવટી પાંખ: ભાવિ સરકારનો ગર્ભ)

*

યહૂદી સંગઠન દ્વારા ૧૯૪૮થી ૧૯૭૨નું ખર્ચ

	(લાખ ડૉલર)
—આગંતુકોની વસવાટ-વ્યવસ્થા	૯,૦૨૧
—સ્વાસ્થ્ય	૯૨૪
—શિક્ષણ	૪,૮૪૯
—યુવાનોને તાલીમ	૧,૬૬૭
—આગંતુકોને મકાન	૪,૫૪૦
—ખેતી-સહાય	૯,૭૨૨
—વિદેશ-સંપર્ક	૧,૬૦૫
—પરચુરણ પ્રવૃત્તિ	૩,૬૬૧

*

યહૂદીઓનાં સશસ્ત્ર તાલીમબદ્ધ લડાયક દળો :

—હગાના : (સ્થાપના ૧૯૨૦) ૧૯૩૬-૩૯ નવા વસવાટોનું મુખ્ય સંરક્ષકદળ
—આતંકવાદી સંગઠનો : ઈગુન ઝ્વેઇ લુમિ તથા સ્ટર્ન ગ્રૂપ

(૧) પૅલેસ્ટાઇન નૅશનલ લિબરેશન મૂવમેન્ટ (સ્થાપના ઈ. સ. ૧૯૪૮) : આ ગેરીલા સૈનિકોનું સંગઠન 'ફેદાઇન' (આત્મસમર્પણી) તરીકે ઓળખાય છે. મે ૧૯૪૮માં પૅલેસ્ટાઇનમાં સ્વતંત્ર ઇઝરાયલ રાષ્ટ્રના જન્મ સાથે જાગેલા યુદ્ધમાં અરબોના થયેલા પરાજય પછી નિર્વાસિત બનેલાઓનાં ગેરીલા દળોમાનું મુખ્ય અને હજી સુધી પ્રભાવશાળી રહેલું દળ. **મુખ્યઃ અલ ફતાહ**

એક બાજુ, ઇઝરાયલી રાજ્ય સામે સ્વતંત્ર પૅલેસ્ટાઇન રાષ્ટ્ર માટેની લડત. બીજી બાજુ, અરબ દેશોમાંના જેઓ સ્વતંત્ર પૅલેસ્ટાઇન રાષ્ટ્રની સ્થાપના માટે ઉત્સાહી ન હતા, એમની (નાસર, રાજા હુસેનની) સામેય સંઘર્ષ.

જૉર્ડન નિર્વાસિતો(કુલ નિર્વાસિતોના ૬૦ ટકા)નું મુખ્ય મથક; ૧૯૫૯માં જ્યાતિ; ૧૯૬૧માં ગેરીલા કમાન્ડોનો કાર્યારંભ; ૧૯૬૫થી અરબ રાજ્યોથી સ્વતંત્ર રીતે પૅલેસ્ટાઇન સ્વતંત્ર રાષ્ટ્રની લડત; ૧૯૬૭ વિશાળ ધોરણે ગેરીલા પ્રવૃત્તિ; વેસ્ટ બૅંક (મૂળ મૅન્ડેટરી પ્રદેશ) ગેરીલાઓના કબજામાં.

(૨) પૅલેસ્ટાઇન આર્મ્ડ સ્ટ્રગલ (સી.એ.પી.એસ.) : ૨૦ જૂથોનું સંગઠન (૧૯૬૯)

—આશરે ૮૦૦૦ ગેરીલા

—વિમાની ઉઠાંતરી માટે પ્રખ્યાત

(૩) પૉપ્યુલર ફ્રન્ટ ફૉર ધ લિબરેશન ઑફ પૅલેસ્ટાઇન (પી.એફ.એસ.પી.) : આ દળ બે જૂથોમાં વહેંચાઈ ગયું. (અ) જમણેરી જૂથ : જૅજ હબાશના નેતૃત્વ નીચે : એશિયાટિક માર્ક્સિસ્ટ તરીકે પોતાને ઓળખાવે છે : ચારથી પાંચ હજાર ગેરીલાના વ્યવસ્થિત સંગઠન તરીકે પ્રખ્યાત છે. (બ) ડાબેરી જૂથ : અહમદ જિબ્રિલની ઉદ્દામ નેતાગીરી નીચે. ચે ગુવેરા, કાસ્ટ્રો, માઓ, ગિયાપ(કચૂબા, ચીન અને વિયેટનામ)ના ક્રાન્તિકારી આંતરરાષ્ટ્રીય ગેરીલા અનુભવો અને સિદ્ધાંતોને અનુસરનારું ક્રાન્તિકારી દળ.

(૪) પૅલેસ્ટાઇન લિબરેશન ઑર્ગેનિઝેશન (પી.એલ.ઓ., સ્થાપના ૧૯૬૪) : આરંભમાં પૅલેસ્ટાઇન સમસ્યાના ઉકેલમાં બીજા અરબ દેશો દ્વારા પ્રયાસ. ૧૯૬૫થી પૅલેસ્ટાઇન રાષ્ટ્રીય અસ્મિતા માટેનું સ્વતંત્ર આંદોલન. **નેતા : શુકૈરી**

*

ઇઝરાયલી લોકશાહી (૧૯૬૪ની ચૂંટણી બાદ)

	મુખ્ય પક્ષો	પાર્લમેન્ટની બેઠકો	પ્રધાન-મંડળમાં	
૧	લેબર એલાઇનમેન્ટ			
	—ઇઝરાયલ લેબર પાર્ટી	૫૬	૧૩	ત્રિપક્ષી
	—યુનાઇટેડ વર્કર્સ પાર્ટી			જોડાણી
૨	ગહલ પાર્ટી (મૂળ લિબરલ : ૧૯૭૦થી ઉદ્દામ)	૨૬	૩	શાસન
૩	નૅશનલ રીલિજિયસ પાર્ટી	૧૨	૩	
૪	સામ્યવાદી પક્ષો (બે પક્ષો)	૩ + ૧ = ૪	—	
૫	ઇતર પક્ષો–જૂથો	૨૨		
		૧૨૦		

૧૯૭૩ના અંતમાં યોજાયેલી રાષ્ટ્રીય ચૂંટણીમાં વર્તમાન વડાં પ્રધાન ગોલ્ડા મીરના જૂથના પક્ષોને બહુમતી મળી છે. એમના જૂથમાંના સમાજવાદી પક્ષોએ ૫૧ તથા અત્યાર સુધીની સર્વ સંયુક્ત સરકારો સાથે સંકળાતી રહેલ નૅશનલ રીલિજિયસ પાર્ટીએ ૧૦ બેઠકો મેળવતાં ૧૨૦ સભ્યોની પાર્લમેન્ટમાં એમની બહુમતી નિશ્ચિત છે. સામે પક્ષે, જમણેરી વિરોધ પક્ષોના જૂથને ૩૯ બેઠકો મળી છે.

[બહુપક્ષ પ્રથા; મુક્ત ચૂંટણી; વાણી–પ્રચાર–પ્રેસ સ્વાતંત્ર્ય]

પાર્લમેન્ટ	પ્રમુખ	વડા પ્રધાન
(૧) ૧૯૪૯–૫૧	વેઇઝમાન (૧૯૪૮–૫૨)	બેન–ગુરિયન (૧૯૪૮–૫૩)
(૨) ૧૯૫૧–૫૫	બેન–ઝ્વી (૧૯૫૨–૬૩)	શારેટ (૧૯૫૩–૫૫) ↓ બેન–ગુરિયન (૧૯૫૫–૬૩)
(૩) ૧૯૫૫–૫૯		
(૪) ૧૯૫૯–૬૧		

(૫) ૧૯૬૧–૬૫ શેઝાર (૧૯૬૩–૭૩) ↓
(૬) ૧૯૬૫–૬૯ એશકોલ
(૧૯૬૩–૬૯)
(૭) ૧૯૬૯–૭૩ ગોલ્ડા મીર
(૧૯૬૯–)
(૮) ૧૯૭૩–

*

ઇઝરાયલ રાષ્ટ્રના સામાજિક પાયા

* **પહેલો પ્રકાર : કિબુત્ઝ :** સમાનતા અને સામૂહિક મિલકત પર આધારિત સહજીવન, દરેક કિબુત્ઝમાં થોડાક ડઝનથી માંડી બે હજાર સુધી વસ્તી.
માર્ક્સ પ્રબોધિત આદર્શ : શક્તિ મુજબ કામ, જરૂર મુજબ ઉપભોગ.
૧૯૦૯ : પ્રથમ કિબુત્ઝ (દગાનિયા)
૧૯૭૧માં ૨૩૧ ,, (જનસંખ્યા ૯૩,૦૦૦ : કુલ વસ્તીના માત્ર ૨·૮ ટકા)
મુખ્યતઃ ખેતી * પૂરક : ઔદ્યોગિક : કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના ૫ ટકા ઉત્પાદન
કુલ રાષ્ટ્રીય નફાના ૧૨ ટકા હિસ્સો
સિદ્ધાન્ત
— સામૂહિક મિલકત
— સામૂહિક શ્રમ } (આંતરિક વ્યવહારમાં નાણાં નહીં)
— સામૂહિક રસોઈ–ભોજન
— સામૂહિક બાળઉછેર અને શિક્ષણ (માબાપથી વિખૂટાં નહીં : કુટુંબને મહત્ત્વનું સ્થાન)
[મોટા ભાગના રહેવાસીઓ સમાજવાદી પક્ષોમાં; થોડાક મઝદૂર–ધાર્મિક પક્ષમાં]

* **બીજો પ્રકાર મોશાવ :** (સહકારી ગ્રામ)
મુખ્ય વસ્તી — આફ્રિકા–એશિયાના આગંતુકોની.
કુલ સંખ્યા ૩૪૭ * વસ્તી ૧,૨૩,૬૦૦ (કુલના ૪·૪ ટકા)

* **ત્રીજો પ્રકાર :** (નગર વિસ્તાર) વસ્તી આશરે ૮૨·૫ ટકા
(ખાસ કરીને છેલ્લાં ૨૫ વરસ દરમ્યાનનો વિકાસ)
રાષ્ટ્રીય આર્થિક વિકાસનો દર વાર્ષિક ૯થી ૧૦ ટકા

ઇઝરાયલી રાષ્ટ્રનિર્માતા
(ઈ. સ. ૧૮૮૬–૧૯૭૪)

બેન–ગુરિયન

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી

થોડી મુદતની એક કાનૂની કામગીરી માટે તરુણ બૅરિસ્ટર મો. ક. ગાંધીએ દક્ષિણ આફ્રિકાની ધરતી પર પગ મૂક્યો. સ્વાનુભવે કરીને એમને ત્યાં વસતી હિન્દી કોમની અપમાનજનક અવદશા સમજાઈ અને અન્યાયના પ્રતિકાર અર્થે એ પૂરાં વીસ વરસ સારુ રહી પડ્યા. ૧૮૯૪માં, જાતિભેદના ધોરણે હિન્દીઓને મતાધિકારથી વંચિત રાખવાની કોશિશ થઈ રહી હતી ત્યારે, એમના નાગરિક અધિકારોની રક્ષાર્થે ગાંધીએ નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી. ૧૯૦૬માં હિન્દી જનોના અધિકારો પર તરાપ મારવાની સરકારી કોશિશ સામે એમણે છેડેલા વિરોધ આંદોલનમાંથી સત્યાગ્રહનાં અભિનવ શસ્ત્ર અને શાસ્ત્ર પ્રગટ્યાં. અહિંસક પ્રતિકારની આ શૈલી 'પૅસિવ રિઝિસ્ટન્સ' કરતાં જુદી ચીજ હતી. પ્રતિકારને પરિણામે હિન્દીઓને કેટલીક છૂટછાટ મળી — આ છૂટછાટો મૂળભૂત નહોતી, પણ ન્યાય માટે લડી શકાય છે અને અધિકારો મેળવી શકાય છે એ પ્રતીતિનું પોતાનું જ મૂલ્ય એ દિવસોમાં ઘણું બધું હતું. નાતાલના હિન્દી ખાણિયાઓને ટ્રાન્સવાલમાં ગેરકાયદે પ્રવેશ કરાવવાની ચળવળ પણ એમણે છેડી, અને એમાં પણ કેટલેક અંશે સફળતા મેળવી. ૧૯૧૪માં એ ભારત પાછા ફર્યા ત્યારે જનરલ સ્મટ્સે લખ્યું : 'સંતે આપણી વચ્ચેથી વિદાય લીધી છે — ઈચ્છું કે હંમેશને માટે!'

એશિયાઈ પ્રજાજનોના નેતાઓ તથા બ્રિટન, ભારત અને પાકિસ્તાનની સરકારોના પ્રતિનિધિઓને પ્રમુખ ઈદી અમીને ખાણા માટે નોતર્યા અને એ સમારંભમાં જ એશિયાઈ વસ્તીને હાંકી કાઢવાની નીતિ સ્પષ્ટ કરી.



આફ્રિકા, હિન્દીઓ અને નવો જાતિવાદ

વિકાસના અગ્રણીઓ : પૂર્વ આફ્રિકાના વિકાસમાં હિંદીઓના ફાળાની વિન્સ્ટન ચર્ચિલે પણ નોંધ લીધી છે. 'માય આફ્રિકન જર્ની'માં એમણે લખ્યું છે : 'બીજા કોઈ પણ મનુષ્યો કરતાં વધારે તો હિંદી વેપારીઓએ જ જ્યાં ગોરા માણસ જવાનો વિચાર ન કરે કે જ્યાં ગોરા લોકો પેટ પૂરતું કમાઈ પણ ન શકે એવી જાતજાતની જગ્યાઓમાં, પ્રદેશોમાં દૂર જઈને સાવ પ્રારંભમાં વેપાર વિકસાવ્યો અને સૌથી પહેલાં સંદેશાવ્યવહારનાં ટાંચાં સાધનો નિર્માણ કર્યાં. જે એક મહત્ત્વની રેલવે ઉપર બીજી બધી વસ્તુનો આધાર છે તે રેલવે હિંદી મજૂરોએ બાંધી છે. આજ સુધીં વેપાર અને ઔદ્યોગિક સાહસ માટે સુલભ બનતી મૂડીનો મોટો ભાગ હિન્દી શરાફો પૂરો પાડે છે.' જ્યાં હિંદના મૂળ વતનીઓએ માત્ર જાહેર વિશ્વાસની સલામતી નીચે વસાહત સ્થાપી હતી એવા વિસ્તારોમાંથી તેમને જાણીબૂજીને હાંકી કાઢવાની નીતિ અમલમાં મૂકવાનું, માનવી-માનવી વચ્ચેના પ્રામાણિક વ્યવહાર માટે અંશમાત્ર પણ આદર ધરાવતી કોઈ સરકાર માટે શકય છે ખરું?

એવી સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે યુગાન્ડા અથવા પૂર્વ આફ્રિકાના અત્યારના એશિયાઈ લોકો ઓગણીસમી સદીના છેલ્લા દસકામાં મોમ્બાસા-કમ્પાલા રેલવે લાઈન બાંધવા માટે પૂર્વ આફ્રિકા ગયેલા મજૂરોના વંશજો છે. પરંતુ એ માન્યતા સાચી નથી. કેન્યા-યુગાન્ડા રેલવેનું નિર્માણ એ ભારતીય મજૂરોની સિદ્ધિ છે. એમણે ભારે કપરા સંજોગોની સામે થઈને એ રેલવે બાંધી હતી. કુલ ૩૨,૦૦૦ હિન્દી મજૂરો એમાં રોકાયા હતા અને આફ્રિકીઓની સંખ્યા કદી ૨,૬૦૦થી વધુ ન હતી. આ રેલવે બાંધનારા લગભગ ૩૦,૦૦૦ મજૂરોમાંથી પૂર્વ આફ્રિકાની આબોહવા સ્વીકારી લેનાર ૬૦૦ને બાદ કરતાં બાકીના બધા ભારત પાછા ફર્યા હતા. જૉર્જ ડેલ્ફે કહ્યું છે : 'કેન્યા-યુગાન્ડા રેલવે પૂર્વ આફ્રિકાના વિકાસનો પાયો હતો અને હિન્દી મજૂરો ન હોત તો તે ઘણાં વર્ષ સુધી બાંધી શકાત નહીં. એટલે એ નવા સમાજમાં ભારતનો હિસ્સો ઘણી સંગીન હકીકત પર રચાયેલો હતો. રેલવે બંધાઈ રહ્યા પછી પણ રેલગાડીઓ ચાલુ રાખી હોય તો તે હિન્દી ડ્રાઈવરોએ, સિગ્નલ-મૅનોએ અને સ્ટેશન માસ્તરોએ.'

બધા એશિયનો વેપારમાં રોકાયેલા છે એવું પણ નથી. એ લોકો સામાન્ય રીતે મધ્યમ કક્ષાની જગ્યાઓ સંભાળે છે. વાણિજ્યમાં અને ખાનગી ઉદ્યોગમાં એશિયનોનો વધારે પડતો ભરાવો (આર્થિક રીતે સક્રિય માણસોના ૮૦ ટકાથીયે વધારે) થવાનું કારણ જમીન ધરાવવા પર નિયંત્રણો અને સિવિલ સર્વિસમાં પગાર અંગે રખાતો જાતિ-ભેદભાવ અને બઢતીના માર્ગમાં મુકાતી અડચણો છે. ૧૯૬૪–૭૦ની માનવશક્તિ યોજનામાં એમ કહેવામાં આવ્યું હતું કે 'એ' અને 'બી' ગ્રેડના (વ્યવસાયી અને અર્ધ-વ્યવસાયી) નોકરિયાતોમાંથી ૧૬ ટકા જ એશિયનો હતા, આફ્રિકનો ૨૬ ટકા

હતા અને યુરોપિયનો ૧૫ ટકા હતા, ત્યારે કૌશલવાળા કામદારો અને કારકુનોના ગ્રેડમાં એશિયનો ૪૦ ટકા જગ્યાઓ પર હતા. કૌશલ વિનાની નોકરીમાં એશિયનોનું પ્રમાણ નજીવું છે.

આમ છતાં, માનવશક્તિની યોજના એમ બતાવે તો છે જ કે એશિયનો માત્ર નાના વેપારી નથી. એ કરતાં ઘણું વિશેષ છે. મોટા ભાગના ડૉકટરો અને વકીલો, ઘણાયે ઇજનેરો, શિક્ષકો ડ્રાફ્ટ્સમેનો, ઇલેકિટ્રશિયનો, ઘણા ઉચ્ચ સરકારી અમલદારો, હિસાબનીસો, કારકુનો, નામું લખનારા, વ્યાપાર સંચાલકો અને ખાનગી વિભાગના કારખાનદારો એશિયનો છે.

સામે નહીં પણ સાથે : એક બીજી ખોટી માન્યતા એ છે કે આફ્રિકાવાસીઓની આકાંક્ષાઓને હિન્દીઓએ ટેકો આપ્યો નહોતો. પૂર્વ આફ્રિકામાં હિન્દીઓના રાજકીય પ્રદાનની ગણતરી કરતી વખતે થોડીક હકીકતો લક્ષમાં લેવી જોઈએ. પૂર્વ આફ્રિકાની વસ્તીમાં હિન્દીઓ ૨ ટકાથી વધુ નહોતા. તે ઉપરાંત હિન્દીઓની અતિશય મોટી સંખ્યા વેપારમાં પડેલી હતી અને દેશની રાજકીય બાબતોમાં ભાગ્યે જ રસ લેતી હતી. તેમ છતાં, હિન્દીઓ આફ્રિકી રાષ્ટ્રવાદને ટેકો આપતા હતા અને થોડાક સુમાહિતગાર ભારતીય નેતાઓએ આફ્રિકી પ્રજાની ફરિયાદોને ટેકો આપ્યો હતો અને આફ્રિકીઓ માટે ન્યાયની માગણી કરી હતી. કેન્યાના ન્યાય અને બંધારણીય બાબતોના ભૂતપૂર્વ પ્રધાન ટૉમ બોયાએ લખ્યું છે: 'કેન્યાના હિન્દીઓની અત્યંત મોટી બહુમતીએ આફ્રિકીઓના વલણને ટેકો આપ્યો હતો અને મુક્તિ તથા લોકશાસનની લડાઈમાં મિત્રો અને સાથીઓ તરીકે નેહરુ અને ગાંધીના ધોરણને તેઓ વળગી રહેવા ઇચ્છતા હતા.'

છેક ૧૯૨૧માં આફ્રિકી નેતા હેરી થુકુની ઝૂંપડી અને મૂંડકા વેરા (પૉલ ટૅક્સ) સામેની રાજકીય ચળવળમાં હિન્દી નેતાઓએ ટેકો આપ્યો હતો. હિન્દી નેતા અને 'ઈસ્ટ આફ્રિકન ક્રૉનિકલ'ના તંત્રી એમ. એ. દેસાઈએ થુકુની પ્રવૃત્તિમાં સહાય આપી હતી. હિન્દીઓએ જોમો કેન્યાટાને પણ કેન્યાનું પ્રથમ સ્વતંત્ર સ્થાનિક ભાષાનું વર્તમાનપત્ર 'મુઈગુથુઈના' છાપવામાં સહાય કરી હતી. ઈશરદાસ, બી. કે. વર્મા અને ઉચ્છરંગરાય ઓઝા જેવા હિન્દી નેતાઓએ લેજિસ્લેટિવ કાઉન્સિલની અંદર અને બહાર આફ્રિકી માગણીઓને ટેકો આપ્યો હતો. ૧૯૩૬માં પૂર્વ આફ્રિકાના લેબર ટ્રેડ યુનિયનનું (મજૂર મંડળનું) સંગઠન કરનાર મખનસિંગ હતા. આફ્રિકન નેતા એફ. ડબલ્યુ. ઓડેડેએ ૧૯૪૬ના જુલાઈની ચોથીએ ઍસેમ્બ્લીમાં સ્વીકાર્યું હતું: 'મેં કદીયે ધાર્યું નહોતું કે હું કોઈ વાર પણ આજની જેમ ભારતીય લોકોને પક્ષે રહીશ, પણ સંજોગોએ મને એમ કરવાની ફરજ પાડી છે. મારે કહેવું પડશે કે આ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ભારતીય સભ્યો આફ્રિકન લોકોને વધુ સહાયરૂપ છે; કારણ કે તેઓ આફ્રિકી આકાંક્ષાઓ વિશે મન્થન કરે છે.'

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી પહેલા ભારતીય હાઈકમિશનર એ. બી. પંત ૧૯૪૮માં નૈરોબી આવ્યા. એમણે આફ્રિકી રાષ્ટ્રવાદીઓની માગણીઓને સક્રિય ટેકો આપ્યો અને ભારતીય તથા આફ્રિકી નેતાઓના સહકાર્યને ઉત્તેજન આપ્યું. આપ્પા પંત આફ્રિકનોની સ્વતંત્રતાના પ્રખર હિમાયતી હતા. દીવાન ચમનલાલ અને બીજા હિન્દી ધારાશાસ્ત્રીઓએ કાપેન્ગ્વીઆ ખાતેના ખટલામાં જોમો કેન્યાટાના બચાવમાં ભાગ લીધેલો. એની સામે કેન્યાની બ્રિટિશ સરકારે જબરો વાંધો ઉઠાવેલો.

ટાંગાનિકામાં હિન્દીઓએ છેક વીસીના દાયકામાં, જ્યારે ત્યાંના આફ્રિકીઓ પોતાના અધિકારો માટે લડવા સંગઠિત ન હતા ત્યારે તેમનાં હિતોની હિમાયત કરેલી. હિન્દીઓએ સ્પષ્ટ રીતે

કહ્યું કે 'પૂર્વ આફ્રિકા કંઈ ગોરા લોકોનો દેશ નથી.' અને 'જ્યારે સ્થાનિક લોકોનાં અને બહારના લોકોનાં હિતો વચ્ચે સંઘર્ષ થાય ત્યારે સ્થાનિક લોકોનાં હિતો સર્વોપરી ગણાવાં જોઈએ.' આફ્રિકી વેપારીઓને છૂટછાટ આપવાથી સૌથી વધારે અસર હિન્દીઓ પર જ થાય એમ હતું છતાં હિન્દીઓએ છૂટછાટ સામે વાંધો નહોતો લીધો. ડૉ. બી. ટી. જી. ચિઝેરો લખે છે કે હિન્દીઓના પ્રત્યાઘાતો મોટે ભાગે આફ્રિકીઓને મળતા આવતા હતા અને હિન્દીઓ આફ્રિકી હેતુ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા.

યુગાન્ડામાં હિન્દીઓએ સહિયારી મતદારયાદીની હિમાયત કરી હતી. યુગાન્ડાના હિન્દીઓના પ્રતિનિધિ વી. પી. મેઢે ૧૯૨૯માં કલોઝર યુનિયન ઑફ ઈસ્ટ આફ્રિકાની સંયુક્ત સમિતિને આપેલી યાદીમાં કહ્યું હતું : 'અમે ભલામણ કરીએ છીએ કે ચૂંટણીની પદ્ધતિ સહિયારી યાદીને ધોરણે જ દાખલ કરવી જોઈએ.' પૂર્વ આફ્રિકા ગયેલા સર મહારાજસિંહ પ્રતિનિધિમંડળે ૧૯૪૬માં એવો અહેવાલ આપ્યો હતો કે રાજકીય વિવાદોમાં આફ્રિકીઓ અને હિન્દીઓ એક જ પક્ષે રહેલા જણાયા છે.

૧૯૫૮માં યુગાન્ડાની સરકારે નીમેલી બંધારણીય સમિતિની કાર્યસૂચિમાં એક કાર્ય લઘુમતીઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવાના માર્ગો શોધી કાઢવાનું હતું. હિન્દીઓએ એ સ્પષ્ટ કરી દીધું કે અમારે તો એટલું જ જોઈએ છે કે અમને યુગાન્ડાના સંપૂર્ણ નાગરિકો ગણવામાં આવે અને આફ્રિકી નાગરિકો જેવા જ અધિકારો અમને મળે. એમણે બીજા કોઈ વિશેષાધિકારો અથવા બંધારણીય સલામતીઓનો જાહેર રીતે ઇનકાર કર્યો હતો.

પછીનાં વર્ષોમાં આફ્રિકી રાષ્ટ્રવાદની ચળવળ સાથે એકરૂપ થવા ઇચ્છતાં નવાં એશિયાઈ રાજકીય સંગઠનો ઊભાં થયાં. ૧૯૬૦માં ચમનસિંહની આગેવાની નીચે કેન્યા ફ્રીડમ પાર્ટી શરૂ થઈ અને તેણે 'કાનુ' પક્ષને ટેકો આપ્યો. દારેસલામના એશિયન ઍસોસિયેશને 'ટાનુ' પક્ષને ટેકો આપ્યો. યુગાન્ડામાં હિન્દીઓના યુગાન્ડા ઍકશન ગ્રૂપે મિલ્ટન ઓબોટેની નેતાગીરીવાળી યુગાન્ડા પીપલ્સ કૉંગ્રેસને ટેકો આપ્યો. આફ્રિકીઓના હેતુને હિન્દીઓ ટેકો આપતા હતા તોપણ ઘણી આફ્રિકી સંસ્થાઓ હિન્દીઓને સભ્ય તરીકે દાખલ કરતી નહોતી. ટાન્ઝાનિયાના પ્રજાસત્તાકના પ્રમુખ ડૉ. જુલિયસ ન્યેરેરેએ ૧૯૫૭માં હિન્દીઓ વિશે લખેલું : 'ટાંગાનિકામાં એક વસ્તુ ખાસ નોંધપાત્ર અને અદ્વિતીય છે અને તે એ કે આ સંસ્થા (ધી એશિયન ઍસોસિયેશન) જે એના સભ્યપદની બાબતમાં આપણી પોતાની સંસ્થા ટાનુના જેવી એક ચોક્કસ જાતિની છે તે લગભગ આપણા જ સિદ્ધાંતોની હિમાયત કરે છે. એ ટાંગાનિકામાં સત્વર સાર્વત્રિક પુખ્ત મતાધિકાર દાખલ થાય એમ ઇચ્છે છે. તે આપણો દેશ ભવિષ્યમાં લોકશાહી રાજ્ય બને તે વિશે કોઈ પણ ભય હોય તો તે નિર્મૂળ થાય તેમ ઇચ્છે છે.'

દક્ષિણ રોડિશિયા ૧૯૨૩માં જે માર્ગે ગયું તે માર્ગે કેન્યાને જતું કોઈએ બચાવ્યું હોય તો તે એશિયનોએ વહેલી શરૂ કરેલી રાજકીય પ્રવૃત્તિએ. કેન્યા ગોરાઓનો દેશ છે એવા યુરોપિયન વસાહતીઓના દાવાનો એશિયનોએ દૃઢ પ્રતિકાર કર્યો હતો અને એશિયનોનો આ પુરુષાર્થ કેન્યા માટે જ નહીં પણ સમગ્ર પૂર્વ આફ્રિકા માટે અતિશય મહત્ત્વનો હતો. જૉર્જ બેનેટ પૂછે છે: 'વસાહતીઓ હવે કેન્યાને એક લાક્ષણિક બ્રિટિશ સંસ્થાન બનાવવામાં સફળ થશે?' અને જવાબ

આપે છે: 'આ નેમ પૂરી પાડવામાં તેમને હિન્દીઓનો પડકાર ઝીલવાનો હતો. અમ કહી શકાય કે હિન્દીઓની સ્પર્ધાએ જ યુરોપિયનોને દક્ષિણના પ્રદેશો જેવી સ્થિતિ કેન્યામાં પણ જમાવતા અટકાવ્યા.'

બિનગોરો જાતિવાદ: પૂર્વ આફ્રિકાના દેશો — ટાન્ઝાનિયા (૧૯૬૧), યુગાન્ડા (૧૯૬૨) અને કેન્યા (૧૯૬૩) — સ્વતંત્ર થયા પછી આ રાજ્યો એમની પોતાની આર્થિક અને રાજકીય નીતિ વિકસાવી રહ્યાં છે. રાષ્ટ્રવાદી પરિબળોના ઉત્થાનને લીધે પૂર્વ આફ્રિકાના લોકો અને ત્યાં વસતા હિન્દીઓ વચ્ચેના સંબંધો પર અસર થઈ. પૂર્વ આફ્રિકાના દેશોમાં વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગોનું આફ્રિકીકરણ એ કંઈ નવી વાત નથી. ૧૯૬૮નો કેન્યા સરકારનો ટ્રેડ લાઈસન્સિંગ ઍક્ટ અને કેન્યાની બિનનાગરિકો માટે કામના પરવાનાની પદ્ધતિ તથા યુગાન્ડામાં ૧૯૭૦ના જાન્યુઆરીની ૧લીએ અમલમાં આવેલા ટ્રેડ લાઈસન્સિંગ ઍક્ટ એ બધાં એક જ દિશાનાં પગલાં હતાં.

યુગાન્ડામાંથી બ્રિટિશ પાસપોર્ટ ધરાવનારા ૬૦,૦૦૦ એશિયનોને અને ૪,૦૦૦ ભારતીય નાગરિકોને ૯૦ દિવસમાં દેશપાર કરતો પ્રમુખ ઈદી અમીનનો ૧૯૭૨ના ઑગસ્ટની પાંચમીનો હુકમ જગતના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે.

પ્રમુખ અમીન કહે છે કે મને 'ઈશ્વરે સ્વપ્નમાં' કહ્યું હતું કે મારે ત્રણ મહિનામાં બ્રિટિશ એશિયનોને હાંકી કાઢવા જોઈએ. પછી તો તેણે યુગાન્ડાના નાગરિકો હોય તેવા એશિયનો સહિત તમામ એશિયનોને કાઢી મૂકવાની ધમકી આપી હતી. પરંતુ છેવટે એમના ઈશ્વરે થોડો વિચાર બદલ્યો અને અમીને પોતાના હુકમમાં ફેરફાર કર્યો. દેખીતી રીતે જ આ ઈશ્વર આફ્રિકીઓના પક્ષપાતી છે અને જાતિવાદી જણાય છે. આ સંદર્ભમાં એક-બે બાબતો સ્પષ્ટ છે: જાતિવાદ એ ગોરાઓનું જ દૂષણ નથી. યુગાન્ડાનું પગલું પૂરેપૂરો જાતિ-ભેદભાવ દર્શાવે છે. આ પગલું તથા અન્ય આફ્રિકી દેશોની નીતિઓ આફ્રો-એશિયન એકતાના દાવાની પોકળતા પુરવાર કરે છે. એ એક કરુણ પણ સાચી વાત છે કે હબસીઓ અને ભારતીયો સામે ભેદભાવ રાખનાર દક્ષિણ આફ્રિકાએ પણ ત્યાં વસતા તમામ ભારતીયની હકાલપટ્ટી કરી નથી. અલબત્ત, ત્યાં ભારતીયો પર કડક અંકુશો છે અને તેમને અમુક જ વિસ્તારોમાં રહેવું પડે છે એ ખરું.

જનરલ અમીને પોતાનું ધાર્યું કર્યું. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા પણ કંઈ કરી શકી નહીં. બીજું કોઈ પણ કંઈ કરી શકયું નહીં. કેટલાંક આફ્રિકી રાજ્યોના વડાઓએ જનરલ અમીનના હુકમની સખત ટીકા કરી. ટાંગાનિકાના પ્રમુખ ન્યેરેરેએ તરત જ પ્રમુખ અમીન ઉપર જાતિવાદનો આક્ષેપ મૂકયો. ઝામ્બિયાના પ્રમુખ કૉન્ડાએ એશિયનોની હકાલપટ્ટીને 'ત્રાસદાયક, ધિક્કારપાત્ર અને શરમજનક' ગણાવી કહ્યું: 'યુગાન્ડામાં જે બની રહ્યું છે તે આફ્રિકા માટે જ નહીં પણ સમસ્ત દુનિયા માટે કરુણ છે. આપણે એટલી જ આશા રાખી શકીએ કે બીજે કયાંય આવું ન બને.' એક વાત ચોક્કસ છે કે આ બધાં પગલાં જાતિવાદી ભેદભાવ પર આધારિત છે — પછી એ જાતિવાદ ગોરો હોય, કાળો હોય કે ઘઉંવર્ણો હોય.*

---

* શ્રી ગગનવિહારી મહેતાના એક વ્યાખ્યાનમાંથી, થોડીક શાબ્દિક છૂટછાટ સાથે.

નવમુક્ત રાષ્ટ્રો

ઑસ્ટ્રેલિયાઈ 'વાલીપણા'માંથી નવમુકત

પાપુઆ – ન્યૂગિની

[સ્વાતંત્ર્ય દિન : ડિસેમ્બર ૧, ૧૯૭૩]

પ્રદેશ : દક્ષિણ પૅસિફિક વિસ્તારમાં, ઑસ્ટ્રેલિયાની ઉત્તરે. ૨૨૨ના હજાર ચોરસ કિલોમીટર. છવ્વીસ લાખની વસ્તી.

પૂર્વરંગ : મે ૧૯૨૧થી ઑસ્ટ્રેલિયાના વાલીપણા હેઠળ. પોર્ટુગીઝ અપવાદ બાદ કરતાં સાંસ્થાનિક પ્રકારની સત્તાની ગુલામ પ્રજા તરફની બેજવાબદારી ને બેદરકારીનું અનન્ય, અક્ષમ્ય ઉદાહરણ.–૧૯૬૫ સુધી એકે સ્નાતક નહીં; ૧૯૬૦માં માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ ફક્ત પાંચસો !

–૫૨ વરસના ગોરા શાસન દરમ્યાન પાકી સડક ફક્ત સવા બસો કિલોમીટરની.

–દેશની દ્વિતૃતીયાંશ સમ્પત્તિ પર કેવળ ૨૯ હજાર ઑસ્ટ્રેલિયનોનો અધિકાર.

હવે પછી : વડા પ્રધાન માઈકેલ સોમેયરના શબ્દોમાં—

આઝાદી મળતાં શિથિલ થવું નહીં પાલવે. કશું પણ નજર બહાર ગયું તો અનિચ્છનીય પરિણામ આવી શકે. ધારો કે, બધીયે ઔદ્યોગિક પેઢીઓ અમારે હસ્તક લઈ લઈએ, ઑસ્ટ્રેલિયનોને સમૂળગા ખસેડી મૂકીએ, તો અમે બીજું કોંગો જ બની જઈએ ને ?

પોર્ટુગીઝ પકડમાંથી નવમુકત આફ્રિકી રાષ્ટ્ર

ગિની બસાઉ

[સ્વાતંત્ર્ય દિન : સપ્ટેમ્બર ૨૪, ૧૯૭૩]

પ્રદેશ : આફ્રિકાને પશ્ચિમ કાંઠે, સેનેગલની દક્ષિણે, છત્રીસ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર.

સંઘર્ષની તવારીખ : આફ્રિકન પાર્ટી ફૉર ઇન્ડિપેન્ડન્સ ઑફ ગિની બસાઉ ઍન્ડ કેપ વર્ડ (પી.એ.આઈ.જી.સી.)ની ૧૯૫૬માં સ્થાપના. નેતા : લિસ્બનમાં શિક્ષાપ્રાપ્ત કૃષિવિદ અમિલ્કર કબરાલ. ૧૯૫૯માં પિજગિતી બંદરના ગોદી કામદારોની હડતાળ ટાંકણે પોર્ટુગીઝ હાકેમો દ્વારા ભીષણ સંહાર. નેતાઓ જેલમાં. બે'ક વરસ લગી પક્ષ અને પ્રવૃત્તિ વેરવિખેર.

દરમ્યાન ચીનની ક્રાન્તિ અને માઓની કાર્યરીતિના સઘન અભ્યાસને આધારે અમિલ્કર કબરાલ દ્વારા ગ્રામવિસ્તારોમાં પ્રવૃત્તિઓનો પ્રારંભ. મુખ્યત્વે ગેરીલા પદ્ધતિનો આશ્રય.

૧૯૬૫થી સફળતાની શરૂઆત. પાંચેક વરસમાં લગભગ દ્વિતૃતીયાંશ પ્રદેશ મુક્ત. મુક્ત વિસ્તારમાં ત્રિસ્તરીય આયોજન : લોકસૈનિક, ગેરીલાઓ અને વ્યવસાયી સૈનિક. દરેક ગામમાં ગ્રામસમિતિ. સમિતિની મહત્ત્વની જવાબદારી : અન્ન-ઉત્પાદન બાબત તકેદારી; મુક્તિસૈનિકો માટેનાં ખાસ સામૂહિક ખેતરોની જાળવણી. વ્યવસાયી સૈનિકોથી વિપરીત, લોકસૈનિકો ગણવેશ વિનાના — કેવળ રાઇફલધારી; એમનું કાર્યક્ષેત્ર પોતાનું ગામ જ.

એપ્રિલ ૧૯૭૨. મુક્ત વિસ્તારની મુલાકાતે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું પ્રતિનિધિમંડળ. એનો અહેવાલ : નવ નવ વર્ષના સશસ્ત્ર સંગ્રામને અંતે હવે આફ્રિકન પાર્ટીનો આ વિસ્તારો પર ચોખ્ખો અંકુશ; પોર્ટુગીઝ પ્રયાસો છતાં એ સ્થાનિક હિતોને રક્ષવા સમર્થ.

જાન્યુઆરી ૨૦, ૧૯૭૩. પોર્ટુગીઝ મળતિયાને હાથે અમિલ્કર કબરાલનું ખૂન.

સ્વાતંત્ર્યોત્તર સંવિધાન : ૫૮ કલમો. વરિષ્ઠ સત્તામંડળ તરીકે ૧૨૦ સભ્યોની રાષ્ટ્રીય ધારાસભા. ત્રણ વરસની મુદત. પ્રતિવર્ષ એક બેઠક અનિવાર્ય. પંદર વર્ષની વયનાં સર્વ સ્ત્રીપુરુષને મતાધિકાર. ગુપ્ત મતદાન, સીધી ચૂંટણી.

હોદ્દેદારો : લૂઈ કબરાલ (અમિલ્કર કબરાલનો ભાઈ) — પ્રમુખ; ફ્રાન્સિસ્કો મેન્ડેઝ — વડા પ્રધાન.

પોર્ટુગીઝ સંસ્થાનવાદીઓને હાથે

મોઝામ્બિકમાં સામૂહિક કત્લેઆમ

ડિસેમ્બર ૧૯૭૦ : સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની પોર્ટુગીઝ સંસ્થાનોની આંતરિક પરિસ્થિતિવિષયક સમિતિ સમક્ષ એક માજી લશ્કરી અધિકારીની રજૂઆત : પોર્ટુગીઝ લશ્કર જે દેશીઓને પકડે તેમને જીવતા દાટે છે, વીજળિક યંત્રણાનો ભોગ બનાવે છે અને માર્યા ગયેલાઓનાં હાથ, પગ, નાક કે કાન કાપી-સૂકવી એને વિજયપદ્મરૂપે સંધરે છે. . . .

જાન્યુઆરી ૧૯૭૧ : ગિની બસાઉના મુક્ત વિસ્તારોમાં પોર્ટુગીઝ સેના દ્વારા નેપામ બૉમ્બનો ઉપયોગ. પંદરનાં મરણ, તેર ઘાયલ. એમાંથી મોટા ભાગનાં સ્ત્રીબાળકો. બાર ગામ ભસ્મીભૂત.

માર્ચ ૧૯૭૧ : ત્રણ બાળકો સહિતના પંદર મોઝામ્બિકવાસીઓની પોર્ટુગીઝ સૈનિકોના હાથે બર્બર રીતે કતલ.

મે ૧૯૭૧ : મોઝામ્બિકનાં પાંચ ગામોમાં છવ્વીસ ખેડૂતો ખતમ. નજરે જોનાર પાદરીના અહેવાલ પ્રમાણે કોકના માથામાં ગોળી, કોકની છાતીમાં ઘા, કોકનો શિરચ્છેદ, તો બીજાનો વળી અંગવિચ્છેદ.

ઑગસ્ટ–સપ્ટેમ્બર ૧૯૭૧ : પોર્ટુગીઝ સૈનિકોને સમર્થન રૂપે રોડિશિયાઈ સૈનિકોને હાથે ત્રણ બાળકો સહિત નવ આફ્રિકીઓની કતલ. તદુપરાંત, છ પુખ્ત માણસો અને બે બાળકો એમનાં ઝૂંપડાંમાં જ આગનો ભોગ.

● ૧૯૭૧ના એક જ વરસ દરમ્યાન મોઝામ્બિકના એક વિસ્તારમાંથી પચીસ હજારની વસ્તીને સિતમ છાવણીઓમાં ધકેલી દેવાઈ હતી !

ફેબ્રુઆરી ૧૯૭૨ : એક ગામના સોળ રહેવાસીઓને ઝૂંપડાંમાં પૂરી દઈ બારીઓમાંથી હાથબૉમ્બ ફેંકી ખાતમો.

એપ્રિલ ૧૯૭૨ : 'સગર્ભા સ્ત્રીઓને ખલાસ ન કરીએ તો તેઓ વધુ ને વધુ મુક્તિસૈનિકો જણ્યા કરશે' એ ધોપવાક્ય સાથે એક ગામડામાં ત્રણ સગર્ભાઓની કતલ.

દેશનિકાલ કરાયેલ પાદરી આલ્ફોન્ઝો દ કોસ્ટાની જાહેરાત પ્રમાણે મોઝામ્બિકના એકમાત્ર ટેટે પ્રાન્તમાં ૬ મે ૧૯૭૧થી માર્ચ ૧૯૭૨ દરમ્યાન પોર્ટુગીઝોએ ૪૭૨ દેશીઓની કતલ કરી હતી.

સપ્ટેમ્બર ૧૯૭૨ : પચીસ ગ્રામજનોની કતલ.

ડિસેમ્બર ૧૯૭૨ : એક જ દિવસે એકસાથે ચારસો મોઝામ્બિકવાસીઓની કતલ. 'લંડન ટાઇમ્સ'માં ફાધર હેસ્ટિંગ્સ દ્વારા પર્દાફાશ.

એક અન્ય પોર્ટુગીઝ સંસ્થાન અંગોલામાં જાન્યુઆરી–જૂન ૧૯૭૩ના છ જ મહિના દરમ્યાન પોર્ટુગીઝ સૈન્યે આદરેલા ઝેરીકરણને કારણે ચાર હજાર આબાલવૃદ્ધો ખલાસ થઈ ગયાનું નોંધાયું છે.

જનજાતીય વફાદારીઓ વિરુદ્ધ સમવાયી એકતાની સમસ્યા

બિયાફ્રા-નાઇજીરિયા સંઘર્ષ

ભૂમિકા : આફ્રિકા ખંડમાં સર્વાધિક વસ્તી ધરાવતું નાઇજીરિયા (બ્રિટિશ પ્રોટેક્ટોરેટ મટીને) સ્વતંત્ર સમવાયતંત્ર (ઑક્ટોબર ૧, ૧૯૬૦).

વિવિધ જનજાતિઓથી ઊભરાતા નાઇજીરિયાની મુખ્ય જનજાતિઓ ત્રણ : ઉત્તરમાં હૉસા મુસ્લિમો, પૂર્વમાં ઇબો અને પશ્ચિમમાં યોરુબા.

નાઇજીરિયાના સ્વાતંત્ર્યોત્તર રાજકારણનું નિર્ણાયક પરિબળ : જુદા જુદા વિસ્તારોમાં આધિક્ય ધરાવતી જનજાતિઓ વચ્ચે પરસ્પર શંકા અને અવિશ્વાસ.

પશ્ચિમી યોરુબાઓની લાગણી કે સંઘ સરકાર પર હૉસા (ઉત્તર) અને ઇબો(પૂર્વ)નું આધિપત્ય. તેથી સંઘ સરકાર અને યોરુબાઓ વચ્ચે તનાવ (૧૯૬૨–૬૫).

પૂર્વપ્રેરિત લશ્કરી કૂમાં સંઘ સરકારના તથા ઉત્તર અને પશ્ચિમ ઘટકોના વડા પ્રધાનોની હત્યા (જાન્યુઆરી ૧૯૬૬). જનરલ ઇરોન્સી (ઇબો) દ્વારા બગાવત અંકુશિત. અને સમવાયતંત્રને બદલે એકતંત્ર ઘોષિત (મે ૧૯૬૬). આ જાહેરાતને પરિણામે ઉત્તરના હૉસાઓમાં ભારે ઉશ્કેરાટ અને આશંકા. ઉત્તરમાં વસતા હજારો ઇબોની હૉસાઓને હાથે કતલ અને બચેલાઓને ભાગી જવાની ફરજ. ઉત્તર-પ્રેરિત લશ્કરી કારવાઈ દરમ્યાન ઇરોન્સીની હત્યા (જુલાઈ ૧૯૬૬). ઇરોન્સીને સ્થાને ઉત્તરનો કર્નલ ગોવોન.

કેન્દ્રીય વડા ગોવોન અને પૂર્વીય વડા કર્નલ ઓજુકવુ વચ્ચે તંગદિલી વધતાં ઓજુકવુની જાહેરાત કે પોતાના વિસ્તારમાંથી બધીયે સમવાયી કામગીરીઓ હવેથી પૂર્વીય ઇબો સરકાર હસ્તક (એપ્રિલ ૧૯૬૭).

વળતા પગલા તરીકે સંઘ સરકાર દ્વારા નવા બંધારણની જાહેરાત: પૂર્વવિસ્તાર ત્રણ રાજ્યોમાં વિભાજિત (મે ૧૯૬૭). આમ બને તો ઈબો પ્રજા તેલસમૃદ્ધ સાગરતટથી વંચિત!

ક્ષણજીવી સ્વાતંત્ર્ય: ઓજુકવુની જાહેરાત: બિયાફ્રા (પૂર્વ વિસ્તાર) સ્વતંત્ર ગણરાજ્ય (મે ૩૦, ૧૯૬૭). પૂર્વ વિસ્તારની બહાર વસતા ઈબો લોકોનેય આ ઈબો રાજ્યમાં જોડાવા નિમંત્રણ. આંતરવિગ્રહની પરિસ્થિતિ.

સમવાયી અને બિયાફ્રી દળો વચ્ચે જંગ (જુલાઈ ૧૯૬૭). મધ્ય-પશ્ચિમના લશ્કરી બળવાખોરો સાથે બિયાફ્રી દળોનો સંપ. મધ્ય-પશ્ચિમી રાજધાની બેનિન પર કબજો. પશ્ચિમ વિસ્તારમાં પણ આગેકૂચ (ઑગસ્ટ ૧૯૬૭). દરમ્યાન ટાન્ઝાનિયા, આઈવરી કોસ્ટ અને ઘાના દ્વારા બિયાફ્રાને માન્યતા. પણ હવે બિયાફ્રા પૂર્વમાં જ અવરુદ્ધ (જાન્યુઆરી ૧૯૬૮). બિયાફ્રા પાસે ઉત્તરોત્તર ઘટેલો વિસ્તાર (ઑક્ટોબર ૧૯૬૮).

બિયાફ્રાની પ્રતિકારશક્તિ ક્ષીણ થતાં જનરલ ઓજુકવુ પરદેશ રવાના (જાન્યુઆરી ૧૨, ૧૯૭૦). બિયાફ્રાના લશ્કર દ્વારા શરણાગતિનો સ્વીકાર, સંઘ સત્તાની પુનઃ પ્રતિષ્ઠા (જાન્યુઆરી ૧૩, ૧૯૭૦).

છેવટે ઓજુકવુને આઈવરી કોસ્ટમાં મળેલો આશ્રય.

વિયેતનામી દોઝખ

વિયેટનામ યુદ્ધ: ખર્ચ ને ખુવારીનો એક અંદાજ

- દક્ષિણ વિયેટનામમાં નાગરિક મૃત્યુ — ૧૫ લાખ ૫૦ હજાર
  —સૈનિક મૃત્યુ — ૧૮ લાખ ૮૦ હજાર
- અમેરિકી સૈનિક મૃત્યુ — ૫૬ હજાર
  —ઘાયલ સૈનિકો — ૧ લાખ ૫૩ હજાર
  —અમેરિકા તરફી ઈતરદેશીય સૈનિક મૃત્યુ — ૫ હજાર
- ઉત્તર વિયેટનામના અને રાષ્ટ્રીય મુક્તિ મોરચાના સૈનિક મૃત્યુ — ૯ લાખ ૨૮ હજાર
- વિયેટનામ યુદ્ધમાં અમેરિકી બૉમ્બગોળા — ૭૦ લાખ ટન
  (સામે પક્ષે, બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકી બૉમ્બગોળા ફક્ત ૨૦ લાખ ટન!)
- વિયેટનામ યુદ્ધના અકદર ખર્ચ — રૂ. ૯૮ હજાર કરોડ

માયલાઈ કત્લેઆમ

૧૯૬૮ના માર્ચની ૧૬મીએ એક વિયેટનામી ગામ માયલાઈની નિ:શસ્ત્ર નાગરિક વસ્તી પર અમેરિકી લશ્કરી ડિવિઝનની સી કમ્પનીની પ્લટૂને ચલાવેલી હલાલબાજી અમેરિકી-વિયેટનામી યુદ્ધનાં અનેક વિરૂપ પાસાંઓમાંના એકને પ્રગટ કરતું કરપીણ પ્રકરણ છે.

લગભગ દોઢ વર્ષ લગી અમેરિકાથી ને જગત આખાથી ગુપ્ત રખાયેલી આ બીના આમ હતી: વિયેટકૉંગ ગેરીલાઓના મજબૂત મથક મનાતા માયલાઈ પર સી કમ્પનીની પ્લટૂન ધસી ગઈ ત્યારે એને અંદેશો તો એવો હતો કે દુશ્મન તરફથી કડીતોડ મુકાબલો થશે. પણ ગામમાં ભટકાયાં તે તો સ્ત્રીબાળકો ને વૃદ્ધજનો. એ સહુને ટોળાંબંધ ભેગાં કરાયાં, એક બાજુ ગામ જલાવાયું; અને બીજી બાજુ એ બધાં જથ્થાબંધને ધોરણે ગોળીએ દેવાતાં ગયાં. એમનો જુમલો કેવળ ૩૦૦નો હતો! પ્લટૂન લૅફ્ટનન્ટ કૅલી પર મોડે મોડે, નવેમ્બર ૧૯૬૯માં લશ્કરી અદાલતે કામ ચલાવ્યું ત્યારે એણે કહ્યું: 'અપરાધની કોઈ લાગણી મને અંગત રીતે થતી નથી.'

વકીલ સાથેની કૅલીની ઊલટતપાસનો એક અંશ:

તેઓ (સૈનિકો) શું કરતા હતા?
—ગામમાંથી પસાર થઈ રહ્યા હતા.
શું તેઓ ગોળીબાર ચલાવી રહ્યા હતા?
—હા, સાહેબ.
એ ગોળીબાર કોના પર ચલાવાઈ રહ્યો હતો?
—શત્રુ પર, સાહેબ.
એ બધા પુરુષો હતા?
—હું જાણતો નથી; પણ માનું છું કે એમ જ હશે, સાહેબ.
તમે જોયેલું નહીં?
—હું વહેરોઆંતરો નહોતો કરતો.
તમે સ્ત્રીઓ છે એવું નહીં જોયેલું?
—મને ખ્યાલ નથી, સાહેબ.
તમે બાળકોને નહીં દીઠેલાં?
—મને ખ્યાલ નથી, સાહેબ.
તમને વહેરોઆંતરો નહોતો એમ કહેવા પાછળની તમારી મતલબ?
—સાહેબ, ગ્રામપ્રજામાં માણસ અને માણસ વચ્ચે મેં કોઈ ભેદભાવ કરેલો નહીં. એ બધા જ દુશ્મનો હતા, અને એમનો ખાતમો કરવાનું નિર્માયેલું હતું, સાહેબ.

કેટકેટલી કત્લેઆમ?—એ જ દિવસે અને આ જ રીતે પડોશના માય ખે ૪માં અંદાજે ૮૦થી ૧૦૦ વૃદ્ધજનો ને સ્ત્રીબાળકોને અમેરિકી લશ્કરી ટુકડીએ હલાલ કરેલાં. પણ માય ખે ૪ની ઘટનાએ ખાસ ધ્યાન ખેંચ્યું નથી તેની ચર્ચા કરતાં નિરીક્ષકોએ બે કારણો તારવ્યાં છે: એક તો, આવી ઘટનાઓ પર માયલાઈના બનાવની જેમ જ લાંબા ગાળા લગી પડદો રહેતો હોય છે. બીજું, માય ખે ૪—પ્રકારના બનાવો વિયેટનામના યુદ્ધકાંડ દરમ્યાન અસાધારણ ન હોય એવો સંભવ ઘણો મોટો છે.

કમ્બોડિયા

નૈર્ઋત્ય હિન્દી-ચીન વિસ્તારમાં આવેલું, અંદાજે ૩,૯૨,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલું, ૫ લાખ વિયેટનામીઓ તથા ૪ લાખ ચીનાઓ સહિત આશરે ૭૧ લાખની વસ્તી ધરાવતું રાજ્ય.

પૂર્વરંગ : ૧૮૬૩થી ફ્રેન્ચ હકૂમતનું સંરક્ષિત રાજ્ય (પ્રોટેક્ટોરેટ). ધાર્મિક-સાંસ્કૃતિક ક્ષેત્રે ફ્રેન્ચ પ્રભાવ સામે કમ્બોડિયાવાસીઓની નાપસંદગી. પરિણામે ફ્રેન્ચ હકૂમત તરફથી કમ્બોડિયાઈ કલાકેન્દ્ર અને બુદ્ધિસ્ટ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના (૧૯૩૦).

પ્રોટેક્ટોરેટ દરમ્યાન સિહનૂક રાજગાદીએ (૧૯૪૧). બીજા વિશ્વયુદ્ધમાં સમગ્ર હિન્દી-ચીન વિસ્તાર પર જપાનની પકડ. મિત્રરાજ્યો સમક્ષ પોતાની શરણાગતિની પળે જપાન તરફથી સિહનૂકને કમ્બોડિયાની સ્વાધીનતાની ઘોષણા કરવાની છૂટ (૧૯૪૫).

ચૂંટાયેલ ધારાસભા અને પુખ્તવય મતાધિકારનો પુરસ્કાર કરતું બંધારણ દાખલ (૧૯૪૭). યુદ્ધોત્તર કાળની સિહનૂક-ફ્રાન્સ સમજૂતીને અન્વયે કમ્બોડિયા ફ્રેન્ચ યુનિયનની અંતર્ગત સ્વાયત્ત રાજાશાહી રાજ્ય (૧૯૪૯–૧૯૫૪).

સ્વાતંત્ર્ય અને તે પછી : કમ્બોડિયાની સ્વાધીનતાની ઘોષણા(નવેમ્બર ૧૯૫૩)ને જીનિવા ખાતેની વાટાઘાટોમાં ફ્રાન્સ અને એના આધિપત્ય હેઠળનાં લાઓસ, કમ્બોડિયા, વિયેટનામ વચ્ચેના સંઘર્ષનો અંત આવતાં માન્યતા (૧૯૫૪).

પિતા-માતાની તરફેણમાં રાજસિંહાસન ત્યજી પ્રિન્સ સિહનૂક રાજકારણમાં સક્રિય (માર્ચ ૧૯૫૫). એની દોરવણી હેઠળ પૉપ્યુલર સોશિયાલિસ્ટ કૉમ્યુનિટી પાર્ટીની સ્થાપના. મુખ્ય માગ : સંસદીય રાજાશાહી, મજબૂત કેન્દ્રીય સત્તા. ચૂંટણીમાં રાષ્ટ્રીય ધારાસભાની સર્વ બેઠકો આ પક્ષને (પછીથી ૧૯૫૮–૧૯૬૨–૧૯૬૬માં પણ એમ જ)!

એપ્રિલ ૧૯૬૦માં પિતાનું અવસાન થતાં સિહનૂક રાજ્યના વડાપદે.

જમણેરી કૂ : તબીબી કારણસરની વિદેશયાત્રા દરમ્યાન, માર્શલ લૉન નૉલની આગેવાની હેઠળના જમણેરી કૂથી સિહનુક પદભ્રષ્ટ (માર્ચ ૧૯૭૦). લૉન નૉલ વડા પ્રધાન, રિપબ્લિકની જાહેરાત.

ચૂંટાયેલ પ્રમુખપદની જોગવાઈવાળું નવું બંધારણ અમલી બને તે પૂર્વે જ લૉન નૉલ દ્વારા સંપૂર્ણ સત્તાગ્રહણ (માર્ચ ૧૯૭૨).

દરમ્યાન, પેકિંગમાં સિહનૂકના નેતૃત્વ નીચે કમ્બોડિયાની પ્રવાસી સરકારની સ્થાપના (સપ્ટેમ્બર ૧૯૭૦). એને સોળ બિનજોડાણી અને ચીન વ. સાત સામ્યવાદી દેશોની માન્યતા પ્રાપ્ત. રૂસ વ. તરફથી કમ્બોડિયાના કાયદેસરના વડા તરીકે સિહનૂકનો સ્વીકાર — પણ તે સાથે લૉન નૉલની સરકાર જોડે રાજદ્વારી સંબંધ જારી.

કમ્બોડિયામાં અમેરિકી આર્થિક ને લશ્કરી સંડોવણીમાં ૧૯૭૦થી સતત વધારો : પ્રતિવર્ષ ચાલીસ કરોડ ડૉલર (સિહનૂકના સમયમાં : પ્રતિવર્ષ ફકત અઢી કરોડ ડૉલર).

લૉન નૉલ અને સિહનૂકના સમર્થકો વચ્ચે આંતરવિગ્રહની પરિસ્થિતિ અદ્યાપિ ચાલુ. ઉત્તર-દક્ષિણ વિયેટનામી દળો પણ એમાં સામેલ.

વ્યક્તિ-સૂચિ

એગ્બેબે, યોરુબા મહેલા (બેંરિ.) ૧૬૩
અઝીઝ, અબ્દુલ બાદશાહ ૧૩૩
અતાંસી, નૂરેદ્દીન ૧૬૧
અદૌલા, સિરિલ ૨૮૫
અફઘાની, જમાલ-અલ-દીન ૧૫૩
અફાઈ વોન્ગ, નાઈબુન્ગ ૧૦૬-૦૭
અબુબકર, ખલીફા ૧૩૧
અબ્બાસ, ફરહાત ૨૧૩-૧૭, ૨૨૦-૨૨
અરીફ, જનરલ અબ્દુલ સલમ ૧૪૯-૫૧, ૨૭૫
અલરિયાશી, ઈસ્કન્દર ૨૬૧
અલી, શાસ્ત્રોમિદહેલે ૯૦-૯૧
અહમદશાહ, સુલતાન ૧૪૦
અંકાહ, લેફ્. જનરલ ૨૩૩

આઇઝનહોવર ૨૪, ૩૮, ૫૮, ૧૪૩, ૨૬૦, ૨૬૫
આ(એ)ઝીકીવે, ડૉ. નામદી ૨૨૭, ૨૩૭
આચમપોંગ, કર્નલ ૨૩૪
અસ્સદ, હફીઝ ૧૬૧

ઇમેન્યૂલ વિક્ટર, રાજા ૨૪
ઇલિઝાબેથ, રાણી ૧૭૯
ઇલ્લાહ, અબ્દુલ ૧૪૬-૪૭
ઇસ્મત ૧૩૫
ઇસ્માઈલ, અબ્દુલ કાદર ૨૭૨

ઉન્ટુંગ, લેફ્. કર્નલ ૯૭
ઉમરી અશંદ-અલ ૨૭૩
ઉરબી હુસ્ની અલ ૨૬૭
ઉસ્માન, તુર્ક સરદાર ૧૩૨
ઉંગપાખોર્ન, ડૉ. ૧૧૨

એધબાલ, મનોચહર ૧૪૪
એડનૉર, કોનરાડ ૩૩, ૪૫
એડૂસી, કોથ્રો ૨૩૧
એડ્જાઈ, એકો ૨૨૭
એડ્રીસ, ડૉ. ૨૦૩
એરહાર્ડ ૪૫
એરિમ, નિહાત ૧૩૭
એહમદ, ઐત ૨૨૨

ઓત્તમ, ભિખ્ખુ ૭૩
ઓપનહેમર, હેરી ૨૦૦
ઓબોટે, મિલ્ટન ૨૩૮
ઑરવેલ, જ્યૉર્જ ૧૨૪
ઓરાન ૨૧૯

કેડાલી, કેમેન્ટ ૧૯૨
કન્ફ્યુશિયસ ૧૧૫
કલઝાકા, ડૉ. પિક્ષલે ૧૯૨
કાદર, જનોસ ૪૦
કાદિર, અબ્દુલ ૨૧૨
કાદિર, મહંમદ ૨૨૦-૨૧
કાસ(સિ)મ, અબ્દુલ કરીમ ૧૪૭, ૧૫૦, ૨૭૧, ૨૭૪-૭૯
કાસાવુબુ ૪૨, ૨૮૪
કિઆનો ૨૯૪
કિચનર, લૉર્ડ ૧૫૩
કિત્તિકાચોન, જનરલ થાનોમ ૧૦૮-૧૨
કિસિન્જર ૧૨૯-૩૦, ૧૬૨
કી, માર્શલ ૧૨૧
કીટા ૨૩૯
કુચિકખાન ૧૪૦
કુબ્બા, ઇબ્રાહીમ ૨૭૪
કુબ્લાઈખાન ૧૩૨
કેનેડી ૪૪, ૪૫, ૫૪, ૫૮, ૨૯૨, ૩૧૨
કેન્યાટા ૨૯૧
કેબી ૨૦૫
કેરેન્સ્કી ૮, ૨૬૮
કેર્દફેલ, જનરલ સૈયદ ૧૧૧
કેલોગ ૭
કેસ્ટ્રો ૫૪
કૈસર ૧૦
કોટ, પ્રો. બી. બી. ૧૯૮

કૉન્ડા ૨૮૯
કૉમાન, ડૉ. થાનાત, ૧૦૯–૧૦
કૉસિજિન ૩૭, ૫૦, ૧૬૨, ૨૨૮
કૂગર, પૉલ ૧૯૧
કવોક, ન્ગુયેન આઈ (હો ચી-મિન્હ) ૧૧૮
ક્ષુમા, ડૉ. જી. એમ. ૨૦૪

ખાલીદ, અમીર ૨૧૨
ખીએમ, ત્રાન વાન ૧૨૧
ખ્રુશ્ચૉફ, નિકિતા ૩૭, ૩૯, ૪૨, ૪૪, ૪૫, ૫૩–૫૫, ૫૭–૫૮, ૨૫૬–૫૭, ૨૬૦, ૨૭૧–૭૨, ૨૭૫, ૨૮૪, ૨૯૨, ૩૦૭

ગદ્દાફી ૧૬૦, ૧૬૨
ગામા, વાસ્કો દ, ૧૭૭, ૧૮૬, ૨૯૬
ગાર્વે, મારકૂચ્ઝ ૨૨૭
ગાલોન, થુયાનક્રા (સાન, સાયા) ૭૧
ગાંધીજી ૪૯–૫૦, ૧૬૬, ૨૦૨
ગિઝેન્ગા ૨૮૪–૮૫
ગુન્ટર ૯૯
ગુયેન, જનરલ ખાન્હ ૧૨૭
ગુર્સેલ, જનરલ ૧૩૬–૩૭
ગોમા ૧૫૯
ગોમુલ્કા ૩૨, ૩૯, ૫૨
ગ્યી, સર જોસેફ ૭૧
ગ્રાફ, સર વિલિયર ૨૦૦

ચકી (રામ રાન્ન પહેલો) ૧૦૩
ચર્ચિલ, વિન્સ્ટન ૨૨, ૨૫–૨૬, ૩૫, ૧૪૨, ૧૯૪
ચર્નિક ૫૨
ચંધીઝખાન ૮, ૧૩૨
ચારુસેથિયન, જનરલ ૧૦૯, ૧૧૧
ચાંગ કાઈ-શેક ૯, ૨૪, ૭૯, ૧૧૦, ૨૮૯
ચિત, સાયા ૭૪
ચી, હોચ્માન્ગ વાન ૧૨૫
ચાસીઝા, ડૉ. હુન્હુઝુ ૧૬૮, ૨૩૮
ચેન પો-ટા ૫૫
ચેમ્બરલેન ૧૪–૧૫

છીબા, લલ્લુ ૨૦૭

જબર સલીલ ૨૭૩–૭૪
જયકલ, લિયાન્સ ૧૧૦
જિયાઉદ્દીન ૧૪૦–૪૧
જિસસ ૨૬૧
જીઆપ, વો ન્ગુયેન ૧૨૦
જીલાની, રશીદઅલી ૧૪૬, ૨૭૩
જુઆન્ડા ૯૨–૯૩
જેમિસન ૧૯૧
જોન્સન ૫૮, ૧૦૯
જોન્ગો, જનરલ ૮૭
જોહેન્ડ ૨૧૯

ઝવાન્ડીલે ૨૦૭
ઝાહેદી, જનરલ ફઝલોલ્લાહ ૧૪૩, ૨૬૦
ઝિયેમ, ન્ગો દિન્હ ૧૨૦–૨૧
ઝુકોવ, માર્શલ ૩૭

ટબમેન ૨૩૭
ટીટો, માર્શલ ૩૦, ૩૨, ૩૮–૩૯, ૫૨, ૨૫૮, ૨૭૦
ટૉમિલ્સન, એફ. આર. ૧૯૫
ટૉમ્બો, ઓલિવર ૨૦૨, ૨૦૫, ૨૦૭
ટ્યુરોક, બેન્જામિન ૨૦૭
ટ્રુમાન ૩૦

ડલેસ, જૉન ફોસ્ટર ૨૫૭
ડંકાહ, ડૉ. જોસેફ ૨૨૭, ૨૩૦–૩૨
ડીંગજી ૨૦૭
ડૉલ્ફિયુસ ૧૫
ડ્રમાન્ડ, સર એરિક ૬

તાલેબ, જનરલ ૧૫૧
તિમ્મન, અબુ ૨૭૨
તીન્હ, હા ૧૧૮
તુન, થાન ૭૪
તૈમૂર, લંગ ૧૩૨
ત્રોત્સ્કી ૯–૧૦
ત્શોમ્બે ૪૨, ૨૮૪
થાં, ઉ (કો) ૪૨, ૬૦, ૭૨
થામરોન્ગ, લુઆંગ ૧૦૭
થિયુ, જનરલ ૧૨૧, ૧૨૩, ૧૨૬–૨૭, ૧૨૯–૩૦
થેઈન, સો ૭૧
થો ૧૨૯–૩૦

દ ગોલ ૨૨, ૪૨–૪૪, ૪૭, ૪૯, ૨૧૪, ૨૧૭–૧૮ ૨૮૪

દયાન, મોશે ૧૬૨
દલાલ, સાસુન ૨૭૩
દાઈ, બાઓ ૧૧૯–૨૧
દાઉદ ૧૫૧
દાદુ, ડૉ. યુસુફ ૨૦૨, ૨૦૪
દિમિરલ ૧૩૭
દીન, જનરલ નિઝામ અદ ૨૬૫
દીન્દેલ, માર્શલ ૮૬
દુક, તુ ૧૧૬
દુબોઈ, ડબલ્યુ. ઈ. ૧૬૬
દુબ્ચેક ૪૯–૫૨
દેત, બોવોર ૧૦૫
દેબાત, આલ્ફાન્ઝો માસામ્બા ૨૮૫
દોન, ત્રાન વાન ૧૨૧
દોબ્રિનિન ૧૬૨

નકુમા, ક્વામ ૧૬૬, ૨૦૭, ૨૨૭–૩૪, ૨૪૯, ૨૮૯–૯૧
નગીબ ૧૫૬, ૨૭૦
નયેફ, જનરલ અબ્દેલ રઝાક ૧૫૧
નહાસ, મુસ્તફા અલ– ૧૫૫–૫૬, ૨૬૮–૬૯
નાઈકર, ડૉ. જી. એ. ૨૦૪
નાઈજર, પૉલ ૧૬૬
નાજ, ઈમ્રે ૩૨, ૩૯–૪૦
નાયડુ, ઈન્દ્રસ ૨૦૭
નારાયણ, જયપ્રકાશ ૭૭
નાસર, કર્નલ ગમાલ અબ્દુલ ૩૯, ૪૦, ૧૪૮, ૧૫૬–૫૮, ૧૬૦, ૨૬૬, ૨૬૭, ૨૭૦–૭૨, ૨૭૫–૭૬, ૨૭૯–૮૦
નાસ્તીર ૯૦, ૯૨
નાસુશેન ૯૨–૯૩, ૯૭–૯૮
નિકોલસ, ઝાર ૮
નિક્સન ૫૫, ૧૧૧, ૧૨૩, ૧૨૭, ૧૨૯, ૧૬૨, ૨૯૩
નિત્શે ૭૩
નુ, (કો) ઉ ૭૨–૭૩, ૭૫, ૭૮–૮૧
નુમેરી, ગફર ૧૬૦
નૂર, અબુલ ૧૫૮
નેપોલિયન ૮૬, ૨૧૧
નેહરુ, જવાહરલાલ ૩૯, ૭૯, ૯૧, ૨૭૦, ૨૮૩,-૩૦૪
નોલ, લોન જનરલ ૧૧૧
ન્ગાઉલી, મારિયેન મેજર ૨૮૫
ન્યામોયા ૨૮૮
ન્યેરેરે, પ્રેસિ. જુલિયસ, ૨૩૮, ૨૪૫, ૨૪૯, ૨૮૬, ૨૮૭, ૨૮૯, ૨૯૧
ન્હુ (ગ્વિયેમનો ભાઈ) ૧૨૧

પર્સી ૧૪૫
પહેલવી, મહમદ રિઝાખાન (શાહ) ૧૪૧, ૧૪૪, ૨૫૯–૬૦
પહેલવી, રિઝાખાન (શાહ) ૧૪૦–૪૧
પામદત્ત ૭૩
પાલચ, જૉન ૫૧
પાશા, કમાલ ૧૩૪–૩૫
પાશા, ઝગલૂલ ૧૫૩–૫૫, ૨૬૮
પાશા, દાઉદ ૧૪૫
પિ(રિ)શવરી જનરૂ ૧૪૨, ૨૫૭
પે, ઉ-ખા ૭૧–૭૨
પેટન, એલન ૨૦૦
પેડમોર, જૉર્જ ૧૬૬
પે, હા ૭૪
પૉ, લો કવેઈ ૧૨૦
પ્રપાસ, જનરલ ૧૧૧
પ્રમોજ, મોમરાજ વોન્ગ સેની ૧૧૦
પ્રયોજન, સેની ૧૦૬
પ્રિસ્ટોરિયસ, પ્રો. વી. એલ. ૧૬૮

ફતેમી, હુસેન ૨૫૯–૬૦
ફવઝી મહમૂદ ૧૫૮–૫૯
ફાઓ ૧૦૭–૦૮
ફાનો મયોન્ગ, પ્રિદી ૧૦૬–૦૭, ૧૧૧
ફારૂક, રાજા ૧૫૫–૫૬
ફિશર, જૉર્જ ૨૨૭
ફેન, સિયન મેકસ્ટેઈન ૫૭
ફેયક ૧૫૯
ફૈઝલ, રાજા (ઇજિપ્ત) ૧૪૫, ૧૪૮
ફૈઝલ, શાહ (અરેબિયા) ૧૬૨
ફૌદ, રાજા ૧૫૫
ફ્રાન્કો, ફ્રાન્સિસ ૧૪, ૧૮, ૫૩

બકદાશ, ખલિદ ૨૬૬, ૨૬૬–૬૭
બકર, અહમદ હસન-અલ-જનરલ ૧૫૬
બગઝ, અબ્દુલ રહેમાન ૧૫૦

બરઝાની મુસ્તફા, મુલ્લા ૧૪૯, ૨૭૫
બર્ક, એડમંડ ૧૮૨
બર્નાર્ડ ૨૧૧
બાનોમયોન્ગ, પ્રિદી ૧૦૫
બાન્દા, ડૉ. હેસ્ટિંગ્સ, ૨૮૮, ૨૯૨
બાસન ૧૯૮
બિઝરી, અફીક, કર્નલ ૨૬૫–૬૬
બિસ્માર્ક ૨૯૫
બિહારી, મુહમદ કામિલ ૨૬૯
બુલ્ગાનિન ૩૭, ૨૫૬
બુશિયા, ડૉ. ૨૨૯–૩૦, ૨૩૩–૩૫, ૨૩૮
બેન બેડા, યુસુફ ૬૧૬, ૨૧૮–૨૧
બેન બેરિસ, અબ્દુલ હમીદ શેખ ૨૧૩
બેન બેલા, મહંમદ ૨૧૬, ૨૧૯–૨૨
બેનિસ ૩૨
બેરિયા, લેવેન્ટાઈન ૩૭–૩૮
બેરેરે, એલ. એમ. ૨૯૩
બેહાઈન, પાદરી (ગીઆલોન્ગ) ૧૧૬
બોથા, એમ. સી. ૧૯૧–૯૨, ૨૦૩
બોથા, બી. ડબલ્યુ. ૨૦૩
બોમેદીન, કર્નલ ૧૬૨, ૨૨૦–૨૨
બોર્ન ૨૨૯
બ્રાન્ટ, વીલી ૪૫
બ્રાહિલી ૨૧૭
બ્રિયાંડ ૭
બ્રેઝનેવ ૩૭, ૫૦, ૫૮, ૧૬૨
બ્લાઈડન, એડવર્ડ ૧૬૩
બ્લુમ ૨૬૧

ભૂમિબોલ, રાજા ૧૧૨

મન્સૂર ૧૪૪
મરાયસ, પ્રો. ૧૯૮
મલાન, ડૉ. ડેનિયલ ૧૯૩, ૧૯૫
મસારિક, જોન ૩૨
મસેન્ડો, એન્ડ્રયુ ૨૦૭
મહદવી ૨૭૬–૭૭
મહમદ, હજરત પયંગમ્બર ૧૩૧, ૨૬૧
મહમદ, બીજો ૧૩૩
— પાંચમો ૧૩૪
— પાંચમો (અલ્જીરિયા) ૨૧૮
—છઠ્ઠો ૧૩૪
મહમદઅલી, સૂબો (ઇજિપ્ત) ૧૩૩
મહર, અહમદ ૧૫૫
મહેતા, અશોક ૭૭
માઉન્ગ (ને વીન) ૭૪
માઉન્ગ લે ૭૨
માઉન્ટબેટન, લોર્ડ ૨૪
માઓ ત્સે-તુંગ ૨૪, ૫૩, ૫૫, ૧૧૯–૨૦, ૧૨૪, ૨૮૩, ૨૮૫, ૨૯૦–૯૧
માનોપકર્ણ, પ્યા ૧૦૫
માન્ગ, મીન્હ ૧૧૬
માર્ક્સ, કાર્લ ૨૫૪, ૨૬૧, ૨૯૧–૯૨
માર્ટિનિક, એઈમ સેઝારે ઑફ– ૧૬૩
માર્શલ ૩૦–૩૨
માલેન્કોવ ૩૭, ૩૯, ૨૬૦
મિદાત્ત પાશા ૧૪૫
મિન્હ, ફીમદવાગ વાન ૧૨૧
મિન્હ, હો-ચી (ન્ગુયેન આઈ-ક્વોક) ૫૭, ૧૧૮–૧૯, ૧૨૪, ૧૨૬–૨૭
મિસ્રી, અઝીઝ અલી અલ – ૧૪૫
મીર, ગોલ્ડા ૧૬૨
મુલુલે ૨૮૫
મુસોલિની ૮, ૧૪, ૧૬–૧૭, ૨૨, ૨૪
મુહીદ્દીન, ખાલિદ, મેજર ૨૭૮
મૂસા, મુસ્તફા ૨૬૯
મૂસો ૮૯
મેકઆર્થર ૨૪
મેકલિલન ૪૭
મેકિયાવેલી ૧૨૪
મેકેરિયાસ, કાર્ડિનલ ૫૬
મેઝિની ૧૭
મેઝેરના, અહમદ ૨૧૬
મેન્ડેલા, નેલ્સન ૨૦૨, ૨૦૫, ૨૦૮
મેન્ડેરિઝ ૧૩૬
મો, ડૉ. બા ૭૨–૭૫, ૮૧
મોગ્યો, બા ૭૪–૭૫
મોન્ટગોમરી, જનરલ ૨૧
મોબુ તુ(ટુ) ૪૨, ૨૮૪, ૨૮૬
મોલોતોવ ૨૫૬–૫૭
મોલ્ટે, ડોનલ્ડ ૨૦૦

મોક્ષેન, જનરલ રશીદ ૧૫૧
મોસાદ્દીક, મોહંમદ ૧૪૨–૪૩, ૨૫૮–૬૦

યઝબાક, યુસુફ ઇબ્રાહીમ ૨૬૧
યુસુફ, અબુ સૈફ ૨૭૧
યુસુફ, યુસુફ સુલેમાન (ફહદ) ૨૭૨–૭૪
યોઉલો, કુલબર્ટ ૨૮૫
યોર્ન, ડૉ. અલ્બર્ટ ૧૬૭

રઝોક ૧૫૨
રદમનેશ, ડૉ. ૨૫૯
રફલ્સ, ગવર્નર ૮૬
રશીદ, મહમદ (પાશા) ૧૪૫
રાકોસી ૩૯–૪૦
રામ રાન્ન – પહેલા ૧૦૩
– બીજા ૧૦૩
– ત્રીજા ૧૦૩
– ચોથા ૧૦૩–૦૪
– પાંચમા ૧૦૩–૦૪
– છઠ્ઠા ૧૦૩–૦૪
– સાતમા ૧૦૪–૦૬
– નવમા ૧૦૩
રાસ્પુતિન, ગ્રેગરી ૮
રિબેનટ્રોપ ૨૫૬
રિવેરા, પ્રાઈમો દી' ૧૮
રિ(પિ)શવરી, જનર ૧૪૨, ૨૫૭
રીઆદ, મોહંમદ ૧૫૯
રુચરવોંગ, જનરલ પ્રાસેર્ત ૧૧૧
– રૂઝવેલ્ટ ૨૫–૨૬, ૧૪૨
રોજર્સ, વિલિયમ ૧૫૯–૬૦
રોડઝ, સિસિલ જાન ૧૯૧
રોબર્ટસન ૨૭
રોમેલ ૨૩
રોય, એમ. એન. ૭૩, ૨૫૪

લાઈ, ચાઉ એન- ૩૭, ૫૪–૫૫, ૯૧, ૨૭૦, ૨૮૪, ૨૮૬, ૨૯૦–૯૧
લિન પિયાઓ ૫૫
લિયાન્ગ, કાઓ ૨૮૭–૮૮
લિયોપોલ્ડ, રાજા ૧૮૪
લિવિંગ્સ્ટન, ડેવિડ ૧૭૯
લુથુલી, આલ્બર્ટ ૨૦૨, ૨૦૫, ૨૦૮, ૨૪૩
લુમુમ્બા, પેટ્રિસ ૪૨, ૨૩૦, ૨૮૨, ૨૮૪–૮૫
લેગમ, કૉલિન ૧૬૭
લેનિન ૯–૧૦, ૨૫૩–૫૪, ૨૫૬, ૨૫૮, ૨૬૮, ૨૯૨
લોન્ગ, પાદરી ગીઆ (બેહાઈન) ૧૧૬
લ્યુડેન ડોર્ફ ૩

વાન ૨૦૫
વિલિયમ્સ, એચ. સિલ્વિસ્ટર ૧૬૬
વિલોપા ૯૧
વિલ્બરફોર્સ, વિલિયમ ૧૭૯
વિલ્સન, પ્રેસિ. ૪૮
વિશઝિન્સ્કી, કાર્ડિનલ ૫૦
વીન, ને (માઉન્ગ) ૭૨–૭૬, ૭૮–૮૧
વેરવુડ, હેન્ડ્રિક ૧૯૫, ૨૦૨
વોટસન કમિશન (પંચ) ૧૮૨, ૨૮
વોલ્ટર ૨૦૫
વોર્ટર, ડૉ. બાલ્થાઝાર ૨૦૨–૦૩, ૨૦૮

શરફ, સમી ૧૫૯
શરીફ, અઝીર્સ ૧૫૨
શવ્વાફ, કર્નલ અબુલ વહબ ૧૪૮
શહરીર ૮૭, ૮૯
શિયાલી ફૌદ–અશ ૨૬૧
શુકર, લણીણ ૧૫૯
શુમેન ૩૧
શુસ્તર, મોર્ગન ૧૪૦
શૉ, બર્નાર્ડ ૭૩
શ્વે, સાયા ૭૪

સઈદ (સૈદ) જનરલ નૂરી અલ ૧૪૬–૪૮
સમરઈ, કર્નલ મહદ્દી ૧૫૧
સરાજ, કર્નલ ૨૬૫
સરીકુદ્દીન ૮૯
સર્લો ૨૧૯
સલીમ ત્રીજો ૧૩૩
સલ્તનેહ, અહમદ કવામ અલ- ૧૪૨–૪૩
સાદત, અન્વર ૧૫૮–૬૨
સાદક, લેફ. કર્નલ યુસુફ ૨૭૦
સાન, અઉન્ગ ૭૨, ૭૪–૭૮
સાન, સાયા ૭૧–૭૩
સાબ્રી, અલી ૧૫૮–૫૯
સારિત ૧૦૭–૦૮

સાલાઝાર ૨૩૯
સિથોલે, રેવ. નદાણાનાચ્યિ ૧૯૯
સિદ્દીકી, ઇસ્માઈલ ૨૬૯, ૨૭૩
સિદ્દીકી, જનરલ (ઇરાક) ૧૪૬–૨૭૪
સિદ્દીકી (ઇજિપ્ત) ૧૫૫
સિવારા ક્રિસ, સેનાપતિ ૧૧૨
સિસ્કો, ન્લેસેફ ૧૬૨
સીસુલુ ૨૦૫
સુ, ઊ ૭૧
સુકર્ણો ૮૭–૧૦૦
સુગમન, હેલન ૧૯૯
સુઝુકી ૭૪–૭૫
સુલતાન, ન્લોગનકાર્તાના ૯૮
સુલેમાન ૨૭૩
સુહાર્તો, જનરલ ૯૭–૯૯
સૂઉ, ફાન ૧૨૧
સેઈન, બા ૭૨–૭૪
સેકુ તોરે ૨૪૯, ૨૮૧, ૨૯૧
સેન, સુન યાત - ૯
સેન્યા ૧૧૨
સેલાસી, હેલ ૧૮, ૨૩૭
સેંગો(ઘો)ર, લિયોપોલ્ડ ૨૪૯–૫૨
સૈફી, હુસેન ૧૫૮, ૧૫૯, ૨૬૯
સો, ઉ ૭૨–૭૪, ૭૬–૭૭
સો, થાકિન ૭૪
સોન્ગ્રામ, ક્રિષ્ણન ૧૦૬–૦૮
સોબુકવે, રોબર્ટ ૨૦૨
સ્ટીલવેલ ૨૪
સ્ટીવન્સન, એડલાઈ ૩૦૭
સ્ટેઈન, માર્ટિન ૨૦૦
સ્ટ્રેચી ૭૩
સ્તાલિન, ૧૦, ૨૫–૨૭, ૩૨, ૩૭, ૩૯, ૫૩, ૭૩ ૧૨૪, ૧૪૨, ૨૫૬–૫૮, ૨૬૪, ૨૬૮
સ્મટ્સ, જનરલ ૧૯૧–૯૪, ૨૦૦
સ્વેનગ્રેઈન ૭૯
સ્વોબોદા ૪૯–૫૧

હજ્જ, મિસાલી ૨૧૩–૧૬, ૨૧૮
હદીદ, મુહમ્મદ ૨૭૨
મમીદ, અબ્દુલ સુલતાન ૧૩૪
હર્ઝોગ, બેરી ૧૯૨–૯૩
હાટા ૮૭–૯૦, ૯૨
હાર્તો, જે. ડબલ્યુ. કે. ૨૩૩
હિટલર, એડોલ્ફ ૮, ૧૦, ૧૨, ૧૪–૧૬, ૧૯, ૨૧–૨૩, ૨૫, ૩૦ ૧૯૩–૧૯૮, ૨૫૬–૫૭, ૨૬૧–૬૨, ૨૭૩, ૨૯૯
હુઆંગ, ત્રાનવાન ૧૨૧
હુસેન, અલ્લા ૧૪૩
હેઈન, બા ૭૪–૭૫
હેન્રી, પ્રિન્સ (પોર્ટુગલ) ૧૭૭
હેમરશૂલ્ડ, દાગ ૩૮, ૪૨
હયાકલ ૧૫૯
હોક, ન્યૂગેન થાઈ ૧૧૮
હોકિન્સ, જોન ૧૭૭
હોફેટ બોઈગી ૨૦૩
હ્લાઇંગ, ઉ ચિત ૭૧, ૭૩

જ્ઞાનગંગોત્રી

માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [વિશ્વ ઇતિહાસ સોપાન]
વિશ્વ દર્શન [ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ]
ભારત દર્શન [આદ્યયુગથી અદ્યતન વિકાસ]
ગુજરાત દર્શન [સાહિત્ય અને સમાજ]
સાહિત્ય દર્શન [વિશ્વ સાહિત્ય : ભારતીય સાહિત્ય]
લલિતકલા દર્શન [વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય]

વિજ્ઞાન શાખા

બ્રહ્માંડ દર્શન
પૃથ્વી દર્શન
સ્વાસ્થ્ય દર્શન
રસાયણ દર્શન
ગણિત દર્શન
કૃષિ દર્શન
ઇજનેરી દર્શન
જીવ દર્શન
વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ ૩૦ ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૫૦૦ [વિદેશ રૂ. ૬૦૦] : છૂટક રૂ. ૩૦

: પ્રાપ્તિસ્થાન :
બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ

વિશ્વ દર્શન – ૧
[ક્રાન્તિ]

મને ખ્યાલ છે ત્યાં સુધી આ પ્રકારનું ક્રાન્તિઓનું સમગ્ર દર્શન ગુજરાતી ભાષામાં આ પ્રથમ જ છે. સમાજઘડતરનાં પરિબળોને સમજવા માટે આવું સમગ્ર દર્શન આવશ્યક છે... ક્રાન્તિઓના સિલસિલાબંધ ઇતિહાસના આલેખન માટે જે અભ્યાસ, શ્રમ અને વિશદતા જોઈએ–ખાસ કરીને એમનાં (સહાનુભૂતિપૂર્વકનાં છતાં તટસ્થ) મૂલ્યાંકન માટે, તે પણ આ દર્શનમાં દેખાય છે. આ પ્રકારના એક અધિકારયુક્ત અને વિશિષ્ટ પુસ્તક માટે અભિનંદન ઘટે છે.

ઉત્સવ પરીખ

સ્વરાજ્ય દર્શન
[રાજકારણ]

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો પાંચમો ગ્રંથ 'સ્વરાજ્ય દર્શન' મનનશીલ કલમથી લખાયેલો છે. તેમાં સ્વરાજ્યશાસ્ત્રનાં લગભગ બધાં પાસાં લઈને ન્યાય આપવા માટે પૂરી કાળજી રાખવામાં આવી છે અને તે બધાં પાછળ ઊંડો અભ્યાસ પડેલો છે, તે વાંચનારને જાણાયા વગર રહેશે નહીં. મારો સંપર્ક રાજકારણ સાથે માત્ર આંદોલનાત્મક રહ્યો નથી. તેનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરવાની પૂરતી તક પણ મળી છે. મારે કહેવું જોઈએ કે મને પણ કેટલીય નવી વસ્તુ આ પુસ્તકમાંથી જાણવા-સમજવા મળી છે.... સ્વભાષામાં લખાયેલાં આ જાતનાં પુસ્તકો લોકશાહીને માટે અનિવાર્ય છે.

ઉ. ન. ઢેબર